भावप्रकाश मध्योत्तरखंड

शुद्ध गुजराती भाषांतर.

गूजरात विद्यापीठ ग्रंथालय
[गुजराती कॉपीराइट विभाग]
अनुक्रमांक १२०५४ वर्गांक
पुस्तकनु नाम गुजरातनो नाथ
विषय ८९२.६

श्रीमद "भावमिश्र" प्रणीत

भावप्रकाश

मध्यखंड तथा उत्तरखंड

(આયુર્વેદીય સુપ્રસિદ્ધ ચિકિત્સા ગ્રંથ)

મૂળશ્લોક સહિત શુદ્ધ ગુજરાતી ભાષાંતર.

પ્રસિદ્ધકર્તા.

પંડિત રવિશંકર જયેષ્ઠારામ,

ધરમપુર સંસ્થાનાધીશ મહારાણાશ્રીના રાજગુરૂ.

પુસ્તક મળવાનું ઠેકાણું.

પંડિત નારાયણ મૂળજી બુકસેલર,

કાલબાદેવી રોડ, ઝવેરબાગ—મુંબઈ નં. ૨

તત્ત્વવિવેચક-પ્રેસ.

શાકે ૧૮૪૫. સને ૧૯૨૩.

આ પુસ્તક પ્રસિદ્ધ કર્તાની રજા સિવાય છાપવું છપાવવું નહી.

ગુજરાત વિદ્યાપીઠ ગ્રંથાલય
અમદાવાદ
ગુજરાતી કૉપીરાઈટ સંગ્રહ
૧૨૦૯૪

Printed by Yeshwant Kashinath Padwal at the "Tatva Vivechaka Press," NO 3544, Parel Road, Byculla, Bombay, and Published by Pandit Narayen Muljee, at Kalbadevi Road, Javerbag No 347, Bombay

પંડિત નારાયણ મૂળજી પુસ્તકાલયમાં વેચાતાં પુસ્તકો.

પુસ્તકો.	કીંમત
૧ ગોસ્વામી શ્રી તુલસીદાસજીકૃત રામાયણ શુદ્ધ ગુજરાતી ભાષાંતર સાથે સુંદર બાઇન્ડીંગ	૮—૮—૦
૧ પૌરાણકર્મદર્પણ જેમા પૌરાણોક્ત ષોડશ સંસ્કાર, વ્રતોદ્યાપનો, શાંતિપ્રયોગો, નારાયણ બળી અને અન્ત્યેષ્ટી પ્રયોગો તથા લગ્ન, જનોઇ, તથા શ્રાવણી વીગેરે સંપૂર્ણ વિષયોથી ભરપૂર—પુરોહિતોને અત્યંત ઉપયોગી આના જેવો સર્વમાન્ય અને સર્વોત્કૃષ્ટ બીજો એકે ગ્રંથ નથી.	૭—૮—૦
૩ શ્રી શિવપુરાણ (મ્હોટું) બ્રહ્મવિદ્યાના ઉપદેશરૂપ શિવગીતાસાથે ચોવીસ હજાર (૨૪૦૦૦) શ્લોકોનું શુદ્ધ ગુજરાતી ભાષાંતર, સુંદર પુઠા અને ચિત્રો સાથે. ..	૬—૮—૦
૪ શાંતિ કમલાકર (જેમા સર્વશાંતિના પ્રયોગો છે).	૫—૦—૦
૫ મંત્રરાજ (મૂળ સંસ્કૃત)	૫—૦—૦
૬ જ્યોતિષ રહસ્ય (શુદ્ધ ગુજરાતી ભાષાંતર સાથે)	૫—૦—૦
૭ સંસ્કાર ભાસ્કર (પાના)	૪—૦—૦
૮ વિશ્વનાથી અંત્યેષ્ટી	૩—૮—૦
૯ ગ્રહલાઘવ ગુજરાતી ટીકા સાથે	૩—૦—૦
૧૦ મુહૂર્ત માર્તંડ „ „ -	૩—૦—૦
૧૧ બૃહત્સંહિતા, વારાહી સંહિતા ગુ. ટી. સાથે	૩—૦—૦
૧૨ જ્યોતિર્વિદાભરણ „ „	૨—૮—૦
૧૩ શ્રી રૂદ્રાભિષેકાનુષ્ઠાન પદ્ધતિ (સભાષ્ય) આમા પંચવક્ત્ર પૂજા પ્રયોગ, ન્યાસ, ભૂશુધ્ધાદિ, આર્તિ, મંત્રપુષ્પાંજલિ, આશીર્વાદાત્મક મંત્ર ચાનસપૂંજા વીગેરે ...	૨—૦—૦
૧૪ શ્રી હોમાત્મક મહારૂદ્ર પદ્ધતિ	૨—૦—૦
૧૫ બૃહજ્જાતક ગુજરાતી ટીકા સાથે	૨—૦—૦
૧૬ શંકરાચાર્યકૃત પંચરત્ન તથા દ્વિરત્ન ગુ. ટી. સાથે	૧—૪—૦
૧૭ શ્રી દેવકીનંદન સંહિતા આમાં સામાન્ય ધર્મ અને ભક્તિનું રહસ્ય ઉત્તમ પ્રકારે વર્ણવેલું છે	૧—૮—૦
૧૮ બ્રહ્મનિત્યકર્મ યજુર્વેદીય માધ્યદિની શાખાઓમાટે નિત્યકર્મ અને પુણ્યાહવાચન, માતૃકા, નાંદી, ગ્રહશાંતિ વિગેરે. પરિશિષ્ટ પ્રકરણો સાથેનો સંગ્રહ, પ્રયોગ કરાવનારાને પણ અતિ ઉપયોગી છે	૧—૮—૦

૧૯ બાળબોધ જ્યોતિષસાર સંગ્રહ અને ગ્રહગોચર સાથે. વિદ્યાર્થીઓને ભણવામા સરળ અને સર્વોત્તમ પુસ્તક છે ... ૧-૦-૦

૨૦ લઘુસાયનગ્રહ સાધન ગુજરાતી ટીકા સાથે .. ૧-૦-૦

૨૧ ભુજબલજ્ઞાન ગૂ ટી. સાથે ૧-૦-૦

૨૨ જૈમિનીસૂત્ર ,, ,, ... ૧-૦-૦

૨૩ વિશ્વકર્મા પ્રકાશ હીંદી ટીકા સાથે .. ૧-૪-૦

૨૪ બુદ્ધિ બઢાનેકા ઉપાય (વૈદ્યોને ઉપયોગી) ૧-૦-૦

૨૫ યુવતિ સૌભાગ્યરત્ન ગૂ ટી સાથે (સ્ત્રીઓને વાચવા લાયક અને સંગ્રહવાલાયક) ૦-૧૨-૦

૨૬ વાયુશાસ્ત્ર ગૂ ટી ૦-૧૨-૦

૨૭ ષટ્પંચાશિકા ગૂ ટી. ૦-૮-૦

૨૮ વૃક્ષાયુર્વેદ ,, ,, ... ૦-૮-૦

૨૯ સત્યનારાયણ કથા મૂળ. ગૂ ટી પૂજાસાથે ... ૦-૬-૦

૩૦ શુકલ યજુર્વેદી રૂદ્રી પાના. સ્વરસાથે ૦-૬-૦

૩૧ ત્રિકાલ સંધ્યા ૦-૨-૦

૩૨ શિવમહિમ્નઃસ્તોત્ર આરતી સાથે ૦-૧-૬

૩૩ સામવેદી સંધ્યા પુરૂષસૂક્તને ગોભિલસૂત્ર સાથે ૦-૨-૦

૩૪ લઘુપારાશરી ગૂ ટી સાથે ૦-૪-૦

૩૫ લઘુતિથિચિંતામણી ,, ... ૦-૬-૦

૩૬ કેશવીજાતક ગૂ ટી સાથે .. ૦-૮-૦

અષ્ટાંગ હૃદય (વાગભટ્ટ) ગૂ. ટી. સાથે સંપૂર્ણ થોડાજ વખતમા બહાર પડશે.
પ્રથમથી કી રૂ ૧૦ પાછળથી રૂ ૧૫

આ સિવાયના તમામ જાતનાં પુસ્તકો અમારે ત્યાંથી મળશે.

લખો—પંડિત નારાયણ મૂળજી બુકસેલર.

કાલબાદેવીરોડ—ઝવેરબાગ.

મુંબઈ નં. ૨.

भावप्रकाश भाषांतरनी अनुक्रमणिका.

મધ્યખંડ—ભાગ પહેલો.

અતિસારનો અધિકાર.

ભાગ ૨ જો.

અર્શનો અધિકાર.

રક્તપિત્તનો અધિકાર.

અમ્લપિત્ત તથા શ્લેષ્મ પિત્તનો અધિકાર.

ક્ષયરોગનો અધિકાર.

ઉધરસનો અધિકાર.

હેડકીનો અધિકાર.

શ્વાસનો અધિકાર.

સ્વરભેદનો* અધિકાર.

અરોચકનો* અધિકાર.

ઉલટીનો અધિકાર.

તરસનો અધિકાર.

* સાદ બેસીજવા વિષે.

* અરૂચી

મૂર્છાનો અધિકાર.

મદાત્યયનો અધિકાર.

દાહનો અધિકાર.

ઉન્માદનો અધિકાર.

અપસ્માર (વાઇ) નો અધિકાર.

વાત વ્યાધિનો અધિકાર.

ઉરૂસ્તંભનો અધિકાર

આમવાતનો અધિકાર.

પિત્તવ્યાધિઓનો અધિકાર.

શ્લેષ્મવ્યાધિઓનો અધિકાર

વાતરક્તનો અધિકાર

भावप्रकाश भाषांतरनी अनुक्रमणिका.

મધ્યખંડ—ભાગ ત્રીજો.

શૂળનો આધિકાર.

ઉદાવર્ત્તનો તથા આનાહનો અધિકાર.

ગુલ્મનો અધિકાર.

—•—

*પ્લીહ તથા §યકૃતનો અધિકાર.

—•—

‡હૃદ્રોગનો અધિકાર.

* બરલ § જમણા પડખાની ગાંઠ ‡ છાતીના દરદ.

મૂત્રકૃચ્છ્રનુ લક્ષણ.

મૂત્રાઘાતનો અધિકાર.

અશ્મરી (પથરી) નો અધિકાર.

પ્રમેહનો અધિકાર

મેદની વૃદ્ધિનો અધિકાર.

કાર્શ્યનો અધિકાર.

પસીના તથા દુર્ગંધપણા આદિ મેદસંબંધી રોગોનો અધિકાર.

ઉદરના રોગોનો અધિકાર.

સોથનો અધિકાર.

વૃદ્ધિનો તથા બદનો અધિકાર.

ગલગંડ, ગંડમાલા, ગ્રંથી તથાઅર્બુદનો અધિકાર.

શ્લીપદનો અધિકાર.

વિદ્રધિનો અધિકાર

વ્રણના સોજાનો તથા દાઝેલાનો અધિકાર.



भावप्रकाश भाषांतरनी अनुक्रमणिका.

મધ્યખંડ—ભાગ ચોથો.

નાડી *વ્રણનો અધિકાર.

ભગંદરનો અધિકાર.

ઉપદંશનો અધિકાર.

લિંગના *અર્શનો અધિકાર.

†શૂકદોષનો અધિકાર.

* ભરનીગળ.

* લિંગના મસા

† લિંગને વધારવા જતા.

કોઢનો અધિકાર.

શીતપીત્ત, ઉદર્દ કોઠ તથા ઉત્કોઠનો અધિકાર.

વિસર્પનો અધિકાર

સ્નાયુ (વાળા)નો અધિકાર

વિસ્ફોટકનો અધિકાર.

ફિરંગ રોગનો અધિકાર.

મસૂરિકાનો અધિકાર

શીતલાનો અધિકાર.

ક્ષુદ્ર રોગોનો અધિકાર.

શિરોરોગનો અધિકાર.

નેત્રના રોગોનો અધિકાર.

કાળા ડોળાના રોગોવિષે.

ધોળા ડોળાના રોગોવિષે.

પાંપણના રોગો વિષે.

પાંપણના વાળોના રોગોવિષે.

સાંધાઓના રોગો વિષે.

સામાન્ય અંજન.

કાનના રોગોનો અધિકાર.

નાકના રોગોનો અધિકાર.

મુખના રોગોનો અધિકાર.

દાંતોના મૂળોના રોગોવિષે.

દાંતનાં રોગોવિષે.

જીભના રોગોવિષે.

તાળવાના રોગોવિષે.

ગળાના રોગોવિષે.

સમસ્ત મુખ રોગોવિષે.,

ઝેરનો અધિકાર

સ્થાવર ઝેરોનાં સામાન્ય કાર્યો

સ્ત્રીઓના રોગોનો અધિકાર.

પ્રદરનો અધિકાર.

સોમરોગનો અધિકાર.

યોનીના રોગોનો અધિકાર.

બાળકના રોગોનો અધિકાર.

इति श्री भावप्रकाश मध्यखंडनी अनुक्रमणिका समाप्त.

भावप्रकाश उत्तरखंडनी अनुक्रमणिका.

इति श्री भावप्रकाश उत्तरखंडनी अनुक्रमणिका समाप्त.

॥ श्रीगणेशाय नमः ॥

॥ अथ भाव प्रकाशस्य मध्यखंड ॥

भाग १ लो.

१ જ્વરનો અધિકાર.

यतः समस्तरोगाणां ज्वरो राजेति विश्रुतः । अतो ज्वराधिकारोऽत्र प्रथमं लिख्यते मया ॥

રોગ માત્રનો રાજા જ્વર કહેવાય છે, માટે અહીં હું પ્રથમ જ્વરનો અધિકાર લખું છું.

જ્વરની ઉત્પત્તિ.

दक्षापमानसंक्रुद्धरुद्रनिःश्वाससम्भवः ।
ज्वरोऽष्टधा पृथग्द्वन्द्वसङ्घातागन्तुजःस्मृतः॥
सुश्रुतः ।

अस्यायमर्थः । दक्षकर्तृको योऽपमानस्तेन संक्रुद्धो यो रुद्रस्तस्य यो निःश्वासस्तस्मात्सम्भव उत्पत्तिर्यस्य स ज्वरः । क्रुद्धरुद्रनि श्वाससमूतत्वेन ज्वर. स्वभावात्पैत्तिक इति बोध्यते । यत उक्तं चरकेण । क्रोधात्पित्तमित्यादि तेन सर्वज्वरेषु पित्तोपशमकारिणी चिकित्सा कर्तव्या अत एव वाग्भटः ।

उष्मा पित्तादृते नास्ति ज्वरो नास्त्यूष्मणा विना । तस्मात्पित्तविरुद्धानि त्यजेत्पित्ताधिकेऽधिकम् ॥

अधिकमिति । रुद्रसम्भूतत्वेन ज्वरस्य देवतात्मकत्वात्पूजार्हत्वं चोपदर्शितम् अत एव वैदेह ।

ज्वरः संपूजनैर्वापि सहसैवोपशाम्यतीति ॥

સુશ્રુત કહે છે કે—દક્ષ પ્રજાપતિએ કરેલા અપમાનથી ક્રોધ પામેલા મહાદેવના નિઃશ્વાસમાંથી પૃથક્, દ્વંદ્વજ, સંઘાત અને આગંતુજ વિગેરે આઠ પ્રકારનો જ્વર ઉત્પન્ન થયો છે. ક્રોધ પામેલા રૂદ્રના નિઃશ્વાસથી જ્વર ઉત્પન્ન થયેલો હોવાને લીધે તે સ્વાભાવિક રીતેજ પિત્તવાળો છે. કારણ કે ‘ક્રોધથી પિત્ત થાય છે’ ઇત્યાદિ વચનોથી ચરક પણ એમજ કહે છે. માટે સઘળા જ્વરોમાં જેથી પિત્તનો ઉપશમ થાય એવી ચિકિત્સા કરવી. વાગ્ભટે પણ કહ્યું છે કે ‘પિત્ત વિના ઉનાપણું હોતું નથી અને ઉનાશ વિના જ્વર હોતો નથી, એટલા માટે તેમાં પિત્ત વિરૂદ્ધ પદાર્થોનો ત્યાગ કરવો અને કાંઈક વિશેષ પણ કરવું. (વિશેષ એટલે જ્વર રૂદ્રથી ઉત્પન્ન થયેલો હોવાને લીધે તે દેવતા રૂપ છે માટે તે પૂજવા યોગ્ય છે) વૈદેહ પણ કહ્યું છે કે સારી રીતે પૂજન કરવાથી પણ જ્વર તુરત શાંત થાય છે.

જ્વરની મૂર્તિ.

रुद्रकोपाग्निसम्भूतः सर्वभूतप्रतापनः । त्रिपाद्भस्मप्रहरणस्त्रिशिराःसुमहोदरः ॥ वैयाघ्रचर्मवसनः कपिलो माल्यविग्रहः । पिङ्गेक्षणो ह्रस्वजङ्घो बीभत्सो बलवान्महान् ॥ पुरुषो लोकनाशार्थमसौ ज्वर इति स्थितः । तैस्तैर्नामभिरन्येषां सत्त्वानां परिकीर्त्यते ॥ जन्मादौ निधने चैव प्रायो विशति देहिनाम् । ऋते देवमनुष्याभ्यां नान्यो विषहते हि, तम् ॥ सुश्रुतेन ।

રુદ્રના કોપ રૂપી અગ્નિથી ઉત્પન્ન થયેલો અને પ્રાણી માત્રને તાપ આપનારો જ્વર ત્રણ પગવાળો, ભસ્મ રૂપી શસ્ત્રવાળો, ત્રણ મસ્તકવાળો, બહુ મોટા પેટવાળો, વાઘના ચર્મ રૂપી વસ્ત્રવાળો, કપિલવર્ણ વાળો, માળા પેહેરનારો, પીંગળી આંખોવાળો, ટુંકી જઘાઓવાળો, બીભત્સ દેખાવ વાળો અને અત્યત બળવાન છે. આ જ્વર નામનો પુરૂષ પ્રાણીઓના નાશને માટે સજ્જ રહે છે. મનુષ્ય શિવાય બીજા પ્રાણીઓનો જ્વર (તાવ) બીજા નામોથી કહેવાય છે. જન્મ તથા મરણના સમયમાં તે દેહધારીઓના દેહમાં પ્રવેશ કરે છે. અને દેવતાઓ તથા મનુષ્યો વિના બીજાં પ્રાણીઓથી તે સહન કરી શકાતો નથી. (સુશ્રુત)

જ્વરની (સંખ્યા) સંપ્રાપ્તિ.

ज्वरोऽष्टधेति अष्टत्व विवृणोति । पृथगिति वातिक पैत्तिक. श्लैष्मिकश्चेति त्रय. । द्वन्द्वजाश्च त्रयः वातपैत्तिकः वातश्लैष्मिकः पित्तश्लैष्मिकश्चेति । सघातजः सान्निपातिक एकः ।

द्व्युल्बणैकोल्बणैः षट् स्युर्हीनमध्याधिकैश्च षट्। समश्चैको विकारास्ते सन्निपातास्त्रयोदश

त्रयोदश सन्निपाता उक्तास्ते यथा । वातोल्बण । पित्तोल्बणः । कफोल्बण । वातपित्तोल्बणः । वातश्लेष्मोल्बण । पित्तश्लेष्मोल्बण । एव षट् । अधिकवातो मध्यपित्तो हीनकफ. । अधिकवातो मध्यकफो हीनपित्त । अधिकपित्तो मध्यवातो हीनकफः । अधिकपित्तो मध्यकफो हीनवात. । अधिककफो मध्यवातो हीनपित्तः । अधिककफो मध्यपित्तो हीनवातश्चेति षट् । त्र्युल्बण एकः एव त्रयोदश ॥ अत्र तु त्रिदोषजत्वेन साम्यात्सान्निपातिक एक एव गणित. आगन्तुज इति । अत्रागन्तुशब्देनाभिघातादयो हेतव उच्यन्ते । कुत्रचिद्व्याश्रय कार्यकारणयोरभेदोपचारात आगन्तुजा अभिघाताद्यनेककारणयोगादनेके भवन्ति । तथाप्यागन्तुजत्वेन साम्यादागन्तुजोऽप्यत्रैक एव गणित । नन्वागन्तुजेऽपि ज्वरे वातादिलक्षणदर्शनादागन्तुजः कथं दोषजाद्भिन्न. । उच्यते । उत्तरकाल दोषोत्पत्ते । तथा च चरके । आगन्तुजो हि व्यथापूर्वं जायते पश्चाद्भिन्नैर्दोषैरनुबध्यत इति ।

૧ વાતિક એટલે વાયુથી થયેલો, ૨ પૈત્તિક એટલે પિત્તથી થયેલો, ૩ શ્લેષ્મિક એટલે કફથી થએલો, ૪ વાયુ તથા પિત્તથી થયેલો, ૫ વાયુ તથા કફથી થયેલો, ૬ પિત્ત તથા કફથી થયેલો, ૭ સન્નિપાત એટલે વાયુ પિત્ત કફ ત્રણે દોષથી થયેલો અને ૮ આગંતુજ એટલે વ્યથા વિગેરેથી થયેલો. એ રીતે જ્વરના આઠ પ્રકાર છે.

ચરકે નીચે પ્રમાણે સન્નિપાતના તેર ભેદ કહેલા છે.

૩ એકોલ્વણ—વાતિક, પૈતિક, શ્લૈષ્મિક.

૩ દ્વયુલ્વણ—વાતપૈત્તિક, વાત શ્લૈષ્મિક, પિત્ત શ્લૈષ્મિક.

૬ હીન મધ્યમાધિક-અધિક, મધ્ય, હીન.

વાત, પિત્ત, કફ.
વાત, કફ, પિત્ત,
પિત્ત, વાત, કફ
પિત્ત, કફ, વાત.
કફ, વાત પિત્ત.
કફ, પિત્ત, વાત.

૧ ત્ર્યુલ્વણ—ત્રણે દોષોથી સમાન

એ રીતે તેર પ્રકારના સન્નિપાત કહેલા છે, પણ અહીં સર્વમાં ત્રણે દોષોથી ઉત્પન્ન થયેલપણારૂપ સમતાને લીધે સન્નિપાતને એકજ ગણેલો છે. એજ રીતે આગંતુજ જ્વરો પ્રહાર વાગવા આદિ ઘણાં કારણોને લીધે ઘણા પ્રકારના થાય છે, તો પણ નવાં કારણોરૂપ સમતાને લીધે તેને એકજ ગણેલો છે. વળી આગંતુજ જ્વરમાં પણ વાયુ વગેરે દોષો જોવામાં આવે છે ત્યારે તેને જુદો કેમ ગણ્યો ? એમ કોઇ શકા કરે તો તેનુ સમાધાન એ કે—આગતુજ જ્વરમા દોષોની ઉત્પત્તિ પાછળથી થાય છે માટે તેને બીજા જ્વરોથી ભિન્ન ગણેલો છે.

દુરનાં તથા પાસેનાં કારણો.

मिथ्याहारविहाराभ्यां दोषा ह्यामाशयाश्रयाः । बहिर्निरस्य कोष्ठाग्निं ज्वरदाः स्यू रसानुगाः ॥

मिथ्याहारविहाराभ्यां अनुचिताहारचेष्टाभ्यां हेतुभूताभ्यां दोषा वातपित्तकफाः आमाशयाश्रयाः आमाशयं गता रसानुगाः रसदूषकाः बहिर्निरस्य कोष्ठाग्निं कोष्ठगताग्नेरूष्माणं । नतु समस्तमग्निं तदा दोषपाकासम्भवः स्यात् । बहिः प्रक्षिप्य ज्वरदाः स्युर्ज्वरकारिणो भवेयुरित्यर्थः ।

અયોગ્ય આહાર વિહારથી આમાશયમાં રહેલા દોષો બહાર નીકળી રસને દુષિત કરીને કોઠાના અગ્નિને ફેલાવીને જ્વરને ઉત્પન્ન કરે છે. (એ કોઠાના અગ્નિને બહાર કાઢે છે એમ કહ્યું છે પણ તે અગ્નિની ઉનાશનેજ બહાર કાઢે છે. જો અગ્નિ બહાર નીકળી જાય તો પછી દોષો પાકે નહીં.)

જ્વરનું સામાન્ય તથા વિશેષ પૂર્વરૂપ.

श्रमोऽरतिर्विवर्णत्वं वैरस्यं नयनप्लवः । इच्छा द्वेषो मुहुश्चापि शीतवातातपादिषु ॥ जृम्भाऽङ्गमर्दो गुरुता रोमहर्षोऽरुचिस्तमः । अप्रहर्षश्च शीतं च भवन्त्युत्पत्स्यति ज्वरे ॥ सामान्यतो विशेषात्तु जृम्भात्यर्थं समीरणात् । पित्तान्नयनयोर्दाहः कफान्नान्नाभिनन्दनम् ॥

श्रमो व्यापारं विनैव अरतिरस्वस्थचित्तत्वम् विवर्णत्वं म्लानगात्रता । वैरस्यं मुखस्याऽप्रकृतरसता । नयनप्लवः नयनयोरश्रुपूर्णत्वम् । शीतवातातपादिषु मुहुरिच्छाद्वेषौ । आदिशब्दाज्ज्वलने जले च । यत उक्तं चरकेण ।

ज्वलनातपवाय्वम्बुभक्तिद्वेषावनिश्चिताविति॥

शयनादिष्वित्यन्ये अङ्गमर्दोऽङ्गमोटनम् । गुरुता गात्रस्य । रोमहर्षः रोमाञ्चता । अरुचि-

भोज्ये, तमः तमोमग्नस्येवाज्ञानम् । अप्रहर्ष हर्षाभावः । शीत लगाति चकाराद्बलहानिः । उपदेशद्वेषादयोऽपि भवन्ति ।. तृतीयश्लोकस्थम् सामान्यत इति पूर्वश्लोकाभ्यां सम्बन्धनीय । तेन सामान्यतो ज्वर उत्पत्स्यति भविष्यति श्रमादय' पूर्वमेव भवन्तीत्यर्थ. । उत्पत्स्यतीत्यात्मनेपदिनोऽपि शतृभाव आर्षत्वात् विशेषात्तु उच्यते । समीरणात् ज्वरे उत्पत्स्यति अतिशयेन जृम्भा भवति । पित्तज्वरे उत्पत्स्यति अत्यर्थ नयनयोर्दाहो भवति । कफज्वरे उत्पत्स्यति अत्यर्थ नान्नाभिनन्दनम् अन्नाकाङ्क्षा न भवति । जृम्भादयोऽपि श्रमादिपूर्वा भवन्ति । यत. । सामान्यधर्मोक्रान्तो विशिष्टो धर्मो भवति ।

જ્વર ઉત્પન્ન થવાનો હોય ત્યારે થાક, અણુગમો, વિવર્ણતા, વિરસતા, આખમાં આંસુ, વારવાર ટાઢ તડકો તથા પવનઆદિની ઇચ્છા તથા દ્વેષ, બગાસાં, અંગભંગ, શરીરમાં ભારેપણું, રૂવાંટા ઉભાં થવાં, અરૂચિ તમર, હર્ષનો અભાવ, અને ટાઢ એટલાં વાનાં થાય છે. એ સામાન્ય પૂર્વરૂપો કહ્યાં. વિશેષ પૂર્વરૂપોમાં—વાયુથી ઉત્પન્ન થનારા જ્વરમાં બહુ બગાસાં, પિત્તજ્વરમાં નેત્રોમાં દાહ અને કફજ્વરમાં અન્ન ઉપર અરૂચિ થાય છે. ચરક કહે છે કે—અગ્નિ, તડકો, પવન અને જળ એમા વારંવાર ઇચ્છા અને અભાવ થયા કરે છે. બીજા વૈદ્યો પણ કહે છે કે ઠંડી, વાયુ, તડકો અને શયન વગેરે ઉપર વારવાર ઇચ્છા—દ્વેષ થયા કરે છે.

દ્વંદ્વજનું પૂર્વરૂપ.

रूपैरन्यतराभ्यां तु संसृष्टैर्द्वन्द्वजं विदुः ।

अन्यतराभ्या जृम्भानेत्रदाहाभ्याम् जृम्भान्नारुचिभ्या नेत्रदाहान्नारुचिभ्या वा ससृष्टे रूपैः श्रमादिभिः द्वन्द्वजं द्विदोषज पूर्वरूप विदुः ।

બબ્બે વિશેષ પૂર્વરૂપો સાથે હોય તો દ્વંદ્વજ કહેવાય છે. એટલે જો બગાસાં આવતાં હોય તથા આખોમાં દાહ થતો હોય તો વાયુ તથા પિત્તથી તાવ આવવાનો સમજવો, બગાસા તથા અન્નની અરૂચિ હોય તો વાયુ તથા કફથી તાવ આવવાનો જાણવો અને આંખોમા બળતરા તથા અન્નપર અરૂચિ હોય તો પિત્ત તથા કફથી તાવ આવવાનો છે એમ સમજવું.

ત્રણે દોષથી થતા જ્વરનું પૂર્વરૂપ.

सर्वलिङ्गसमवायः सर्वदोषप्रकोपने ॥

सर्वदोषप्रकोपने सर्वलिङ्गसमवाय । अतिशयितजृम्भानेत्रदाहान्नारुचिसहिताना श्रमादीना समवायो भवति

ત્રણે દોષથી ઉત્પન્ન થયેલા જ્વરને ત્રિદોષ (સન્નિપાત) કહે છે. તેમાં અત્યંત બગાસા, નેત્રોમાં બળતરા, અન્નઉપર અરૂચિ અને તેની સાથે થાક વિગેરે સઘળાં સામાન્ય પૂર્વરૂપો થાય છે.

જ્વરનું સામાન્ય લક્ષણ.

स्वेदावरोधः सन्तापः सर्वाङ्गग्रहणं तथा ।
युगपद्यत्र रोगे तु स ज्वरो व्यपदिश्यते ॥

स्वेदावरोध प्रस्वेदानिर्गम. ननु पित्तज्वरे स्वेदनिर्गमादेतल्लक्षणं व्यभिचरति । तत्रोत्सर्गापवादभावादिति जैजटकार्तिककुंडादयः । अन्ये तु स्विद्यते उत्स्विद्यते अनेनेति स्वेद' अग्निः तस्यावरोधो दोषैराच्छन्नता ॥ ताप इति वक्तव्ये सन्ता-

पामिधानं देहेन्द्रियमनसां सन्तापबोधनार्थम् । यत उक्तं चरकेण ज्वरविशेषणम् । देहेन्द्रियमनस्तापीति । तत्र देहसन्तापो देहोष्णता । इन्द्रियसन्ताप इन्द्रियवैकृत्यम् । यत उक्तम् ।

इन्द्रियाणां तु वैकृत्यं यत्र सन्तापलक्षणम् । वैचित्त्यमरतिर्ग्लानिर्मनःसन्तापलक्षणम् इति ॥

सर्वाङ्गग्रहणम् । सर्वेषामङ्गानां वेदनया ग्रहणं सर्वाण्यङ्गानि स्तम्भनगृहीतानीव भवन्ति । युगपदिति । मिलितमेतल्लक्षणम् । प्रत्येकस्य व्यभिचारात् यथा स्वेदावरोध कुष्ठपूर्वरूपे । तथा सन्तापो दाहव्याधौ । तथा सर्वाङ्गग्रहणं सर्वाङ्गरोगाख्यवातव्याधौ ॥

પરસેવો ન થાય, સંતાપ થાય અને સર્વ અંગ ઝલાઈ જાય એ રીતે સામટાં લક્ષણો થાય તેને જ્વર કહે છે. જો કે પિત્તજ્વરમાં પસીનો નીકળે છે તોપણ તે જ્વરમાં આ લક્ષણ લાગુ પડતું નથી એમ નહિ સમજવું કારણ કે સ્વેદનો અવરોધ એ સામાન્ય લક્ષણ છે. અને પિત્ત જ્વરના વિશેષ લક્ષણમાં તેનો અપવાદ છે એમ જેજટ કાર્તિક અને કુંડ આદિ વૈદ્યો કહે છે બીજાઓ તો દોષોનું ઢંકાઈ જવું એવો અર્થ કરી તેને સામાન્ય લક્ષણ ગણે છે. સંતાપ એટલે દેહ, ઇંદ્રિયો ને મન એ ત્રણેને જ્વર સંતાપ ઉપજાવે છે એમ ચરક કહે છે. એકલો સ્વેદનો અવરોધ કોઢના પૂર્વ રૂપમાં થાય છે, એકલો સંતાપ દાહના રોગમાં થાય છે, અને એકલું અંગોનું ઝલાઈ જવું સર્વાંગરોગ નામે વાત વ્યાધિમાં થાય છે, માટે એ ત્રણે લક્ષણો જેમા સામટાં થાય તેને જ્વર કહે છે.

પરસેવો નહી થવાનું કારણ.

रुणद्धि चाप्यपां धातून् यस्मात्तस्माज्ज्वरातुरः । भवत्यत्युष्णगात्रश्च स्विद्यते न च सर्वशः ॥

यस्मात् ज्वरोऽपा धातून् रसधातून् रुणद्धि तस्माद्धेतोर्ज्वरातुरोऽत्युष्णगात्रो भवति सर्वशः स्विद्यते च न ॥

રસધાતુને જ્વર રોકી દેછે તેથી રોગીનુ શરીર બહુ ગરમ થઈ જાય છે તેથી પરસેવો થતો નથી.

જ્વરની સામાન્ય ચિકિત્સા.

अंशांशं यत्र दोषाणां विवेक्तुं नैव शक्नुयात् । साधारणीं क्रियां तत्र विदधीत चिकित्सकः ॥ सामान्यतो ज्वरी पूर्वं निर्वाते निलये वसेत् । निर्वातमायुषो वृद्धिमारोग्यं कुरुते यतः ॥

व्यजनानिलस्तु वर्ज्यत एव यतः

व्यजनस्यानिलस्तृष्णास्वेदमूर्च्छाश्रमापहः । तालवृन्तभवो वातस्त्रिदोषशमनो मतः वंशव्यजनजः सोष्णो रक्तपित्तप्रकोपनः । चामरो वस्त्रसम्भूतो मायूरो वेत्रजस्तथा ॥ एते दोषजिता वाताः स्निग्धा हृद्याः सुपूजिताः । नवज्वरो भवेद्यत्नाद्गुरूष्णवसनावृतः ॥ यवर्तुपक्वपानीयं पिबेत् किञ्चिन्निवारयन् । विनापि भेषजैर्व्याधिः पथ्यादेव निवर्तते ॥ नतु पथ्यविहीनस्य भेषजानां शतैरपि ॥

જ્યાં દોષોના અશાંશ સમજી શકાય નહિ ત્યાં વૈદ્યે સાધારણ ક્રિયા કરવી. સાધારણ રીતે પ્રથમ તો જ્વરવાળાએ વાયુ વગરના સ્થાનમાં રહેવુ, કેમકે વાયુ વગરના સ્થાનથી આયુષ્ય વધે છે અને આરોગ્ય આપે છે. તો પણ વીંજણાનો વાયુ, તરશ, પરસેવો, મૂર્છા, અને શ્રમને હરનારો છે તાડના પખાથી ત્રણે દોષોનુ શમન થાય છે. વાંસનો પંખો ગરમ છે તથા રક્તપિત્તને પ્રકોપાવનાર છે. ચામર, વસ્રનો પખો, મોર પીંછનો પંખો તથા નેતરનો પખો, એ વાયુના દોષને જીતે છે તથા સ્નિગ્ધ, મનને ગમે એવો, અને વખાણવા યોગ્ય છે. નવા જ્વરવાળાએ યત્નથી ગરમ કપડાં પ્હેરી રાખવાં, તથા ઋતુ અનુસાર પકાવેલ પાણી પણ થોડું પીવું થોડુ પથ્ય પાળવાથી ઔષધ વગર પણ વ્યાધિ મટે છે, અને પથ્ય ન પાળવાથી સેંકડો ઉપાયો પણ નકામા છે.

જ્વરવાળાએ ત્યાગ કરવાની વસ્તુઓ.

परिषेकान् प्रदेहांश्च स्नेहान् संशोधनानि च । दिवा स्वापं व्यवायश्च व्यायामं शिशिरं जलम् ॥ क्रोधमवातभोज्यांश्च वर्जयेत्तरुणज्वरी ।

परिषेक' स्नानादि ॥ प्रदेहोऽनुलेपनाभ्यङ्गादि । स्नेहान् । पाने । निषिद्धान् ।

સુશ્રુત કહે છે "સ્નાન વગેરે, લેપો, સ્નેહો, સશોધનો, દિવસે શયન, મૈથુન, કસરત, શીતળ જળ, ક્રોધ, પવન, અને ભોજન, એટલાનો ત્યાગ તરૂણ જ્વરવાળાએ કરવો જોઇએ."

ત્યાગ ન કરે તો દોષ થાય છે.

शोषं छर्दिं मदं मूर्छा भ्रमं तृष्णामरोचकम् । प्राप्नोत्युपद्रवानेतान् परिषेकादिसेवनात् ॥

आदिशब्देन प्रदेहादयो गृह्यन्ते । हारीतेन प्रत्येक दूषणमुक्तम् ।

व्यायामाज्ज्वरसंवृद्धिर्व्यवायात् स्तम्भमूर्छनम् । मृतिश्च स्नेहपानात्तु मूर्छाच्छर्दिमदोऽरुचिः ॥ गुर्वन्नभोजनात् स्वप्नाद्विष्टम्भो दोषकोपनम् अग्निसादः खरत्वं च स्रोतसां नामवर्त्तनम् ॥

मृतिरिति व्यवायादित्यत्र सम्प्रध्यते । स्वप्नात दिवास्वापात् ।

શોષ, ઉલટી, મદ, મૂર્છા, ભ્રમ, તરશ, અરૂચિ, એ ઉપદ્રવો જ્વરમાં સ્નાન લેપનાદિ કરવાથી થાય છે. "કસરતથી જ્વર વધે છે; મૈથુનથી સ્તંભ અને મૂર્છા આવે છે તથા મરણ પણ થાય છે, સ્નેહપાનથી મૂર્છા, ઉલટી, મદ, અને અરૂચિ થાય છે, ભારે અન્ન જમવાથી તથા દિવસે સૂવાથી બંધકોષ અને દોષોનો કોપ થાય છે, તથા અગ્નિમાંદ્ય, ખરસટતા, અને નાડીઓમા રસાદિનો પ્રવાહ અટકી જાય છે" એમ હારીત કહે છે.

ત્યાગ કરવાની બીજી બાબતો.

सज्वरो ज्वरमुक्तो वा विदाहीनि गुरूणि च । असात्म्यान्नानि पानानि विरुद्धान्यशनानि च ॥ व्यायाममतिचेष्टां वाऽभ्यङ्गस्नानं च वर्जयेत् । तेन ज्वरः शमं याति शान्तश्च न पुनर्भवेत् ॥

જ્વરવાળાઓ તથા જ્વરથી મુક્ત થયેલાઓ પણ વિદાહિ, ભારે, તથા વિરૂદ્ધ અન્નપાનો છોડી દેવાં. વિરૂદ્ધ ભોજનો, કસરત, બહુ હર ફર, અભ્યંગ, અને સ્નાન કરવાં નહિ એથી જ્વર શાંત થાય છે અને પાછો આવતો નથી.

લાંઘણ કરવા વિષે.

आमाशयस्था हत्वाग्निं सामो मार्गान् पिधापयत् । विदधाति ज्वरं दोषस्तस्माल्लङ्घनमाचरेत् ॥ यथा । ज्वरादौ लङ्घनं प्रोक्तं ज्वरमध्ये तु पाचनम् । ज्वरान्ते भेषजं दद्याज्ज्वरमुक्ते विरेचनम् ॥ त्रिविध त्रिविधे दोषे तत्समीक्ष्य प्रयोजयेत् । दोषेऽल्पे लङ्घनं पथ्यं मध्ये लङ्घनपाचनम् ॥ प्रभूते शोधनं तच्च मूलादुन्मूलयेन्मलान् ॥ चक्रदत्तश्च । तरुणं तु ज्वरं पूर्वं लङ्घनेन क्षयं नयेत् ॥ आमदोषप्रलिङ्गं वा लङ्घयेत्तं यथाविधि ॥ [अन्यच्च] वातः पचति सप्ताहात्पित्तं तु दशभिर्दिनैः ॥ श्लेष्मी द्वादशभिर्घस्रैः पच्यते वरुणावर ॥ लङ्घनं लङ्घनीयस्तु कुर्याद्दोषानुरूपतः ॥ त्रिरात्रमेकरात्रं चाऽहोरात्रमथवा ज्वरे ॥ निर्वातसेवनात् स्वेदाल्लङ्घनादुष्णवारिणः । पानादामज्वरे क्षीणे पश्चादौषधमाचरेत् ॥ आत्रेयेणोक्तम् । ज्वरादौ लङ्घनं कुर्यात् ज्वरमध्ये तु पाचनम् । ज्वरान्ते रेचनं दद्यात् कोष्ठशुद्धौ पथ्यमन्नम् ॥ दोषशेषस्य पाकार्थमग्नेः सन्धुक्षणाय च । लङ्घितश्चाप्यदोषश्चेत् यवागूपानमाचरेत् । शालिषष्टिकशाल्यानां यूषं वा मस्तमाचरेत् । पञ्चकोलेन संसिद्धा यवागूं मध्यलङ्घने ॥ अत्यर्थं लङ्घितः दृष्ट्वा तस्य सन्तर्पणं हितम् । द्राक्षाद्राडिमखर्जूरप्रियालैः सपरूषकैः ॥ तर्पणार्हस्य कर्तव्यं तर्पणं ज्वरशान्तये ॥

अत्र लङ्घनशब्देनानशनमुच्यते ॥

यत आह सुश्रुतः ॥

आमलिप्तमितैर्दोषैर्यावत्तं कालमातुरः । तावत्त्वनशनं कुर्याच्चतः संसर्गमाचरेत् ॥

आमलिप्तमितैर्दोषैः सम्यक् संसर्गं औषधभादि प्रसङ्गम्

यत आह चरकः ।

चतुःप्रकारा संशुद्धिः पिपासा मारुतातपौ । पाचनान्युपवासश्च व्यायामश्चेति लङ्घनम् ॥

चतुःप्रकारा संशुद्धिर्वमनविरेचनानिरूहबस्तिशिरोविरेचनानि । तदनुपालन तस्य बृंहणाभावात् । अत्र लङ्घनं कर्षणमित्यर्थः ॥

तथा च सुश्रुतः ।

शरीरलाघवकरं यद्द्रव्यं कर्म वा पुनः । तल्लङ्घनमिति ज्ञेयं बृंहणं तु पृथक् ततः ॥

लङ्घनात्कर्षणादन्यत् शरीरं पोषकमित्यर्थः ॥

ननु आमलिप्तमितैर्दोषैरित्यादि पूर्वोक्तसुश्रुतवचनात्सामान्यतो ज्वरिणो यथाऽनशनरूपं लङ्घनं क्रियते । तथा चतुःप्रकारा संशुद्धिरित्यादि चरकवचनाद्वमनादिरूप लङ्घनं सर्वैर्ज्वरिभिः कथं न क्रियते ।, तत्रोच्यते वमनादिकमवस्थाविशेषेषु क्रियते न तु सर्वज्वरेषु ॥

तथा च सुश्रुतः ।

सोत्क्लेशे बलिने देयं वमनं श्लैष्मिकज्वरे । पित्तप्राये विरेकस्तु कार्यः प्रशिथिलाशये ॥

सक्जेऽनिलजे कार्यं सोदावर्ते निरूहणम् ।
कफाभिपन्ने शिरसि कार्यमूर्ध्वविरेचनम् ॥

[अपिच] सर्वज्वरिभिः पिपासानिग्रहश्च न कार्यः । यत आह हारीतः तृष्णा गरीयसी घोरा सद्यः प्राणविनाशिनी । तस्माद्देयं तृषार्त्ताय पानीयं प्राणधारणम् ॥

अतोऽवस्थाविशेष एव पिपासासहन ज्वरिभिः कार्यम् । सुश्रुतेन प्रवातसेवनस्य निषिद्धत्वात् । मारुतसेवनमप्यवस्थाविशेष एव युक्तम् ॥ आतपसेवनं चावस्थाविशेष एव युक्तम् ॥

लङ्घनाम्बुयवागूभिर्यदा दोषो न पच्यते ॥
तदा तु मुखवैरस्यतृष्णारोचकनाशनैः ।
ज्वरघ्नैः पाचनैर्हृद्यैः कषायैः समुपाचरेत् ॥

इत्यत्र लङ्घनपाचनयोः स्फुट एव भेद. । व्यायामोऽपि न कार्यस्तस्यातिनिषिद्धत्वात् । अवस्थाविशेषे पुन. पार्श्वपरिवर्त्तनादिरूप. सोऽपि कर्त्तव्यः ॥

ચરક તથા વાગ્ભટ કહે છે કે "આમાશયમાં રહેલ સામ (વાતાદિ દોષ,) અગ્નિને હણીને માર્ગોને રોકી દેછે, તેથી જ્વર થાય છે, માટે લંઘન કરવું જોઇએ, જ્વરના આરંભમા લઘન, જ્વરના મધ્યમાં પાચન, જ્વરના અંત ભાગમાં ઔષધ, અને જ્વર મટી ગયા પછી વિરેચન આપવુ. ત્રણે દોષોની વિવિધતા જોઇને પ્રયોગ કરવો, એટલે કે અલ્પ દોષમાં લંઘન, મધ્ય દોષ હોય તો લંઘન અને પાચન, અને દોષોના અત્યંતપણામાં શોધન યોગ્ય છે. શોધનથી મળો મૂળમાંથી ઉખડી જાય છે." ચક્રદત્ત કહે છે કે–"નવા જ્વરને પ્રથમ લંઘનથી ક્ષીણ કરી નાખવો. દોષ કાચા હોય કે સમજાતા ન હોય તો પણ (ખિવત્ લંઘન કરાવવું." અન્ય સ્થ કહ્યુ છે કે–" વાયુ સાત દિવસમાં પા છે, પિત્ત દસ દિવસમા પાકે છે, અ કફ બાર દિવસે પાકે છ." જ્વર હો ત્યારે દોષોને અનુસરીને ત્રણ રાત્રી, બે રાત્રી, કે એક રાત્રી દિવસ લાંઘણ કર વવી. વાયુનું સેવન નહિ કરવાથી, પ સેવાથી, લાંઘણથી, અને ગરમ પા પીવાથી, જ્વરમાં આમ ક્ષીણ થઇ જ પછી ઔષધ કરવાં. આત્રેયે કહ્યુ કે–" જ્વરના આરંભમાં લંઘન કર મધ્યમા પાચન, અને કોઠાની શુ(માટે અતમા બળના પ્રમાણમાં રેચ આપવું, તેથી બાકી રહેલા દોષો પા જાય છે અને અગ્નિ પ્રદીપ્ત થાય લંઘનથી દોષ ટળી જાય તો યવાગૂ પા અથવા ચોખા, સાઠી ચોખા અને મગ યૂષ પાવો. લંઘન કરાવતી વેળાએ ચકોલ (પીપર, પીપળમૂળ, ચવ ચિત્રક અને સુઠ) થી સિદ્ધ કરે યવાગૂ પાવી. લઘન અત્યત થઇ ચેલ હોય તો સંતર્પણ હિતકર દ્રાક્ષ, દાડમ, ખજૂર, રાયણ, અને ! લસાંથી સંતર્પણ કરવું; એથી જ્વર શાતિ થાય છે." સુશ્રુત કહે છે કે–" દો છેક શમી જાય ત્યાં સૂધી લંઘન કર અને પછી ઔષધ દેવું." ચરક કહે કે–" તરશ, પવન, તડકો, ચાર પ્રકાર સંશુદ્ધિ,[1] પાચન, ઉપવાસ અને વ્યાર

---

[1] વમન, વિરેચન, નિરૂહબસ્તિ, અ શિરોવિરેચન, એ ચાર સંશુદ્ધિ છે બસ્તિ અનુવાસનને ગણ્યુ નહિ, કેમ કે તે પોષણ આપ છે, અને આ તો કર્ષણ કરનાર છે.

મ, એ સર્વે લંઘનમાં ગણાય છે ” સુશ્રુત કહે છે કે—“ શરીરને હલકું કરનાર દ્રવ્ય અથવા કર્મ લંઘન કહેવાય છે, અને એથી ઉલટું તે બૃંહણ કહેવાય છે. (તો પણ આ પ્રકરણમાં લઘન એટલે ઉપવાસ સમજવો) રોગી બળવાન હોય, કફ જ્વર હોય, અને કફ ખડખડતો હોય તો વમન આપવું. કોઠો કઠણ હોય તથા પિત્તજ્વર હોય તો રેચ આપવો. વાતજ્વર તથા ઉદાવર્ત્ત વાળાને નિરૂહબસ્તિ દેવી. કફથી માથુ ભારે થયુ હોય તો ઉર્ધ્વ વિરેચન આપવું. સર્વ જ્વ-રમાં તરશ રોકવી તે પણ ઠીક નથી.’ કેમકે હારીત કહે છે કે—“ તરશ બહુ ઘોર અને પ્રાણનો નાશ કરનારી છે, માટે તરશ લાગે તો પ્રાણ ધારણ રૂપ પાણી આપવું.” લંઘન, ગરમ પાણી, અને યવાગૂથી પણ દોષો પાકે નહિ, તો તરશ અને અરૂચિ મટાડનારા, જ્વરનો નાશ કરનારા, પાચન અને ગમે એવા ક્વાથો આપવા.

લંઘનનું ફળ.

लङ्घनेन क्षयं नीते दोषे सन्धुक्षितेऽनले ।
विज्वरत्वं लघुत्वं च क्षुच्चैवास्योपजायते ॥
लङ्घनेन अनशने न दोषे प्रवृद्धे क्षयं नीते
ज्वरघ्नं दीपनं काङ्क्षारुचिलाघवकारकम् ॥

यत आह । आहारं पचति शिखी दोषानाहा-रवर्जितः पचतीति ॥ सन्धुक्षितेऽनले आच्छादक दोषे क्षीणेऽग्नौ प्रदीप्ते यथोक्तसम्प्राप्तिसामग्रीवि घटनात् विज्वरत्वं शरीरस्य गौरवाभावेन लघुत्वम् क्षुत् बुभुक्षा च जायते इत्यर्थः ॥

अन्यच्चाह सुश्रुतः ।

अनवस्थितदोषाग्नेर्लङ्घनं दोषपाचनम् ।
ज्वरघ्नं दीपनं काङ्क्षारुचिलाघवकारकम् ॥

अनवस्थितदोषाग्नेः स्वस्थानादितस्ततो गतो दोषोऽग्निश्च यस्य तस्य ज्वरिण. कांक्षा अन्नाभि-लाष रुचिः लङ्घनेनामपाकान्मुखशोषादिनाशे मुखस्य यत्प्रकृतत्वं सैव रुचिः शोभा । रुचि स्त्री दीप्तौ शोभायामभिष्वंगाभिलाषयोरिति मेदि-नीकार. ॥

લઘનથી દોષનો ક્ષય થઇ અગ્નિ વધે છે તેથી જ્વર મટે છે, શરીર હલકું થાય છે, અને ભૂખ લાગે છે. ભોજન નહિ કરીને લાંઘણ કરવાથી વધેલા દોષ ક્ષીણ થાય છે, તેથી જ્વર મટે છે, ભૂખ લાગે છે, રૂચિ થાય છે, અને શરીર હલકુ થાય છે. સુશ્રુતે પણ કહેલું છે કે–‘ દોષ અને અગ્નિ અનવસ્થિત થાય ત્યારે લઘ નથી દોષો પાકી જાય છે, જ્વર મટે છે અગ્નિ દિપ્ત થાય છે. અને રૂચિ થાય છે, અને શરીરમાં હલકાઈ આવે છે (રૂચિ એ ટલે દીપ્તિ, શોભા, આસક્તિ અભિલાષા.)

યોગ્ય લંઘનનાં લક્ષણ.

वातमूत्रपुरीषाणां विसर्गे गात्रलाघवे ।
हृदयोद्गारकण्ठस्य शुद्धौ तन्द्राक्लमे गते ॥
स्वेदे जाते रुचौ चापि क्षुत्पिपासासहोदये ।
कृतं लङ्घनमादेश्यं निर्व्यथे चान्तरात्मनि ॥

हृदयस्य शुद्धिरनवरोधः । उद्गारशुद्धि सधूमा म्लोद्गाराभाव । कण्ठस्य शुद्धि. कफाद्यलिप्तत्व-म् । आस्यशुद्धिः मुखस्य प्रकृतरसत्वम् । तन्द्रा-क्लमे । तन्द्रा च क्लमश्च तस्मिंस्तन्द्रा निद्रा क्लमो-ऽत्र ग्लानिः । क्षुत्पिपासासहोदये । क्षुत्पिपासयो सह युगपदुदये । अन्तरात्मनि मनसि । एतानि

लक्षणानि मिलितान्येव सम्यक्कृतं लङ्घनं बोधयन्ति । नतु प्रत्येकम् ।

લંઘન બરાબર થયું હોય તો વાસર, મૂત્ર, અને મળત્યાગ યોગ્ય રીતે થાય, શરીર હલકું થાય, છાતી હલકી થાય, ઓડકાર તથા કંઠ અને મુખ શુદ્ધ થાય, તંદ્રા અને ગ્લાનિ મટે છે, પરસેવો થાય છે, રૂચિ થાય છે, ભૂખ તરશ લાગે અને મન વ્યથા રહિત થાયછે.

ઓછા લંઘનના લક્ષણ.

कफोत्क्लेशः सहृल्लासः ष्ठीवनं च मुहुर्मुहुः।
कण्ठस्य हृदयाशुद्धिस्तन्द्रा स्याद्धीनलङ्घने ॥

उपस्थितवमनत्वमिव कफोत्क्लेश. । कफस्य वमनायोपस्थितिर्हृल्लासः । ष्ठीवन हृदयात्कफनिर्गम ॥

કફના ઉછાળા થાય, હૃદય ભારે થાય, વારંવાર કફ નીકળ્યા કરે, કંઠ અને છાતી સાફ ન રહે અને ઊંઘના જેવું આલસ્ય થયા કરે. એ ઓછા લંઘનનાં લક્ષણ છે.

બહુ લંઘનનાં લક્ષણ.

पर्वभेदोऽङ्गमर्दश्च कासः शोषो मुखस्य च । क्षुत्प्रणाशोऽरुचिस्तृष्णा दौर्बल्यं श्रोत्रनेत्रयोः ॥ मनसः संभ्रमोऽभीक्ष्णमूर्ध्ववातास्तमो हृदि । देहाग्निबलहानिश्च लङ्घनेऽतिकृते भवेत् ॥

कर्णनेत्रयोः स्वविषयग्रहणासामर्थ्यम् । मनस सभ्रम. भ्रान्ति. । ऊर्ध्ववातः उद्गारबाहुल्यम् । हृदि तम अन्धकारप्रविष्टस्येव ज्ञानम् ॥

સાંધા તૂટે, અંગ મરડાયા કરે, ઉધરસ, મુખશોષ, ભૂખ ન લાગે, અરૂચિ, તરશ, કાન તથા આંખની દુર્બળતા, મનમા ભ્રમણ, વારંવાર ઓડકાર, હૃદયમાં અંધકાર દેહ તથા અગ્નિના બળની હાનિ, એ સં અત્યંત લંઘનથી થાય છે.

બળ જળવાય તેવું લંઘન.

बलाविरोधिना चैनं लङ्घनेनोपपादयेत्
बलाधिष्ठानमारोग्यं यदर्थोऽयं क्रियाक्रमः ।

अयमर्थः । एनं रोगिणं बलाविरोधिना अनतिबलक्षयकारिणा लङ्घनेन उपपादयेत् उपचरेत् । कुत इति चेत्तत्राह । यदर्थमस्मै आरोग्याय अयं क्रियाक्रमः । चिकित्सोपक्रमः । तर आरोग्यं बलाधिष्ठानं बलाश्रयमित्यर्थ ॥

શરીરનુ બળનાશ ન પામી જાય એવી રીતે લંઘન કરાવવું, કેમકે જેને માટે ચિકિત્સા કરાય છે તે આરોગ્યનો મુખ્ય આધાર બળ જ છે.

લંઘનનો નિષેધ.

तद्धिमारुततृष्णाक्षुन्मुखशोषभ्रमान्वितैः
कार्यं न गुर्विणीबालवृद्धदुर्बलभीरुभिः
न क्षयाध्वश्रमक्रोधकामशोषचिरज्वरी ॥

तत् अनशन । उल्वणमारुतयुक्तेन ज्वरिण न कार्यं मारुतोऽत्र निरामो बोद्धव्यः । सामे मारुते लङ्घनं कार्यमेव ॥

यत आह तन्त्रान्तरे ।

अवश्यमेव कुर्वीत ज्वरी सामे समीरणे ।
लङ्घनं ह्यामपाकार्थं न तदूर्ध्वं यथा कफे ॥

तदूर्ध्व आमपाकादूर्ध्वं अत एवोक्तम् ।

कफपित्तोद्भवौ धातू सहेते लङ्घनं बहु ।
आमक्षयादूर्ध्वमपि वायुर्न सहते क्षणम् ॥

आमक्षयादूर्ध्वमपि वायुर्न सहते क्षणम् । तथा मुखशोषभ्रमावपि निरामावेव विवक्षितौ सामयोस्तु तयोर्लंघनं कार्यमेव । गुर्विणीबालवृद्धादिभि-

निरामैरेव लंघनं न कार्यम् । सामैः पुनस्तैरपि लंघनं कार्यमेव । क्षयो धातुक्षयो राजयक्ष्मा च ॥

સુશ્રુત કહે છે કે—" વાત જ્વર વાળાને, તરસ્યાને, ભૂખ્યાને, મુખ શોષવાળાને, ભ્રમવાળાને, ગર્ભવતી તથા બાળકને, વૃદ્ધ તથા દુર્બળને, બ્હીકણને, ધાતુક્ષય વાળાને, ચાલવાથી થાકેલાને, ક્રોધ તથા કામવાળાને, શોષ વાળાને અને લાંબા કાળના જ્વર વાળાને લંઘન કરાવવું નહિ." તંત્રાંતરમાં પણ કહેલું છે કે " વાત જ્વરમાં પણ આમ વાત હોય તો લંઘન અવશ્ય કરવું. એમાં લંઘન આમ પકાવવા માટે છે, માટે કફની પેઠે વાયુમાં આમ પાક્યા પછી લંઘન કરાવવું નહિ. કફ તથા પિત્ત એ બે ધાતુઓ બહુ લંઘન સહન કરી શકે છે, પણ આમ પાક્યા પછી વાયુ, ક્ષણ માત્ર પણ લંઘન ખમી શકતો નથી." ભ્રમવાળો, મુખના શોષવાળો, ગર્ભવતી સ્ત્રી, બાળક અને વૃદ્ધ એઓ પણ જો આમ વગરનાં હોય તો લંઘન ન કરવું. પણ જો આમવાળાં હોય તો કરવું.

આમનું લક્ષણ.

आहारस्य रसः सारो यो न पक्वोऽग्निलाघवात् ॥ आमसंज्ञां स लभते बहुव्याधिसमाश्रयः ॥

तन्त्रान्तरे तु ।

आममन्नरसं केचित्केचित्तु मलसञ्चयम् । प्रथमां दोषदुष्टिं वा केचिदामं प्रचक्षते ॥ अविपक्वमसंसक्तं दुर्गन्धं बहुपिच्छिलम् । सादनं सर्वगात्राणामाम इत्यभिशब्दितम् । तेनामेन समायुक्ता दोषा दूष्याश्च तादृशाः। तदुद्भवा आमयाश्च सामा इति बुधैः स्मृताः ॥

આહારના રસનો સાર થોડા અગ્નિને લીધે પાકતો નથી તેને બહુ બહુ વ્યાધિઓ કરનાર આમ કહે છે. તંત્રાંતરમાં કહ્યું છે કે— " કેટલાક વૈદ્યો અન્નરસને, કેટલાક મળના સમૂહને, અને કેટલાક દોષોનું પ્રથમ બગડવું તેને આમ કહે છે." નહિ પાકેલ, પરસ્પર ચોંટે નહિ એવો, દુર્ગંધવાળો, બહુ ચીકણો, અને સર્વ ગાત્રોમાં પીડા કરનાર આમ કહેવાય છે. એ આમથી દૂષિત થયેલા દોષો તથા જેને તે થયેલ હોય તેને તથા તેથી ઉત્પન્ન થયેલા રોગોને વિદ્વાન્ વૈદ્યો સામ કહે છે.

સામ વાયુનું લક્ષણ.

वायुः सामो विबन्धाग्निसादस्तन्द्रान्त्रकूजनैः ॥ वेदनाशोथनिस्तोदैः क्रमशोऽङ्गानि पीडयेत् ॥ विचरेद्युगपच्चापि गृह्णाति कुपितो भृशम् । स्नेहाद्यैर्वृद्धिमायाति मेघे सूर्योदये निशि ॥

विचरेत युगपत् वायुरथवैककालं विचरेत् कुपितः सामो वायुः भृशमतिशयेन गृह्णात्यङ्गानीत्यर्थः ॥

સામવાયુ મળ બંધ કરે છે, અગ્નિને મંદ પાડે છે, ઘેન કરે છે, આંતરડાંમાં બોલે છે, વેદના તથા સોજા અને શૂળથી અંગને પીડા કરેછે. કુપિત સામ વાત આમ સહિત એકદમ (વારે વાર) આખા અંગમાં ફરી વળે છે, સર્વ અંગને એકદમ પકડી લેછે, અને સ્નિગ્ધ પદાર્થોથી તથા વર્ષાઋતુમાં અને સૂર્યોદય તથા રાત્રીમાં વધે છે.

નિરામ વાયુનું લક્ષણ.

निरामो विशदो रूक्षो निर्गन्धोऽत्यल्पवेदनः । विपरीतगुणै शान्तिं स्निग्धैर्याति विशेषतः ॥

આમ વગરનો વાયુ સ્વચ્છ, રૂક્ષ, દુર્ગંધ વગરનો, બહુ થોડી વેદના વાળો વિપરીત પદાર્થોથી શાંત થનારો, તથા સ્નિગ્ધ પદાર્થોથી વધારે શાંત થનારો છે.

સામ પિત્તનુ લક્ષણ.

पित्तं सामं भवेदम्लं दुर्गन्धं हरितं गुरु । अम्लिका कण्ठहृद्दाहकरं श्यामं तथा स्थिरम् ॥

अम्लिका अम्बिली तु चुकीति लोके ॥

સામ પિત્ત ખાટુ, દુર્ગંધવાળું, લીલું, ભારે, આંબલીની પેઠે કંઠ તથા હૃદયમાં દાહ કરનારૂ, શ્યામ, તથા સ્થિર હોય છે.

નિરામ પિત્તનું લક્ષણ

निरामं पित्तमाताम्रमत्युष्णं कटुकं सरम् । दुर्गन्धि रुचिकृद्वन्हिबलवर्धनमीरितम् ॥

આમ રહિત પિત્ત કંઇક રાતું, બહુ ગરમ, તીખું, સારક, દુર્ગંધવાળુ, રોચક, અને દીપન હોય છે.

સામ કફનુ લક્ષણ.

आविलस्तंतुलः स्त्यानः कंठदेशे च तिष्ठति ॥ सामो बलासो दुर्गन्धस्तृट्क्षुधोरुपघातकृत् ॥

स्त्यानः सहत ।

સામ કફ મેલો, તંતુવાળો, ઘાટો, કંઠ દેશમાં રહેનારો, દુર્ગંધવાળો અને ભૂખ તરસ નહિ લગાડનારો છે.

નિરામ કફનું લક્ષણ.

श्लेष्मा निरामो निर्गंधः फेनवांश्छेदवानपि ॥ भवेत्संपिंडितः पांडुरास्यवैरस्यनाशकृत् ॥

આમ વગરનો કફ દુર્ગંધ વગરનો, ફીણવાળો, કકડા કકડાવાળો, ગાંઠા જેવો, ધોળો, અને મુખની વિરસતા મટાડનારો હોય છે.

સામ વ્યાધિનું લક્ષણ તથા આમની ચિકિત્સા.

आलस्यतन्द्रा हृदयाविशुद्धिदोषाप्रवृत्त्याविलमूत्रताभिः । गुरूदरत्वारुचिसंयुक्ताभिरामान्वितं व्याधिमुदाहरन्ति ॥ आमक्षयेल्लङ्घनकोष्णपेयालघ्वन्नमूपौदन तिक्तयूषैः । विरूक्षणस्वेदनपाचनैश्च संशोधनैरूर्ध्वमधस्तथैव ॥

આળસ, ઘેન, હૃદયની અસ્વચ્છતા, મળબંધ, મૂત્રનું ડોળાપણું, પેટમા ભાર, અરુચિ, એથેની, એટલા આમ સહિત વ્યાધિનાં લક્ષણો વૈદ્યોએ કહેલાં છે. લંઘન, જરા ઊની પેયા, હલકાં અન્ન, દાળ ભાત, કડવા યુષો, રૂક્ષ ઉપાયો, સ્વેદન, પાચનવડે વમન આદિ ઉપરના શોધનોવડે તથા વિરેચનાદિ નીચેનાં સંશોધનો, વડે આમ મટેછે.

જવરમાં લંઘનમાં પણ પાણી પીવું.

तृषितो मोहमायाति मोहात्प्राणान्विमुञ्चति । अतः सर्वास्ववस्थासु न क्वचिद्वारि वर्जयेत् ॥ हारीतेनोक्तम् ॥ तृष्णा गरीयसी घोरा सद्यः प्राणविनाशिनी । तस्माद्देयं तृषार्ताय पानीयं प्राणधारणम् ।

अवश्यं पेयमपि जलं ज्वरी किञ्चिद्वारयन् पिबेत् ॥

यत आह सुश्रुत एव ॥ जीविनां जीवनं जीवो जगत्सर्वं तु तन्मयम् । अतोऽत्यन्तनिषेधेन न कचिद्वारि वारयेत् ॥

जीवनं जलं किञ्चित्तु वारयेदेव ॥

तथाच । ज्वरे नेत्रामये कुष्ठे मन्देऽग्नावुदरे तथा ॥ अरोचके प्रतिश्याये प्रसेके श्वयथौ क्षये । व्रणे च मधुमेहे च पानीयं मन्दमाचरेत् ॥

प्रसेके मुखप्रसेके । मन्दमाचरेत् अल्प पिबेत् ॥

यत आह । अतियोगेन सलिलं तृष्यतोऽपि प्रयोजितम् । प्रयाति श्लेष्मपित्तत्वं ज्वरितस्य विशेषतः ॥

“તૃષાથી મોહ થાય છે અને મોહથી પ્રાણ જાય છે, માટે સર્વ અવસ્થાઓમા પાણીનો ત્યાગ તો કરવોજ નહિ” એમ સુશ્રુત કહે છે હારીત પણ કહે છે કે–“તરસ મહા ઘોર અને એકદમ પ્રાણ હરનારી છે, એટલા માટે તરસ્યાને પ્રાણ આપનારૂં પાણી આપવું.” સુશ્રુત કહે છે કે–“જીવનારાઓનુ જીવન જીવ છે, અને સર્વ જગત્ તન્મય છે, એટલા માટે પાણીનો અત્યંત નિષેધ તો કદી પણ કરવો નહિજ” તો પણ જ્વર, નેત્રરોગ, કોઢ, મદાગ્નિ, ઉદર રોગ, અરૂચિ, સળેખમ, મુખમાં પાણી, સોજા, ક્ષય, વ્રણ, અને મધુ પ્રમેહ, એ રોગોમાં પાણી થોડું થોડું પીવું. તરસ્યાને પણ બહુ પાણી પીવાથી શ્લેષ્મપિત્ત થાય છે, અને જ્વરવાળાને તો વિશેષે કરીને શ્લેષ્મપિત્ત થાય છે.

નવા જ્વરમાં શીતળ જળ પીવું નહિ.

नवज्वरे प्रतिश्याये पार्श्वशूले गलग्रहे । सद्यः शुद्धौ तथाध्माने व्याधौ वातकफोद्भवे ॥ अरुचिग्रहणीगुल्मश्वासकासेषु विद्रधौ । हिक्कायां स्नेहपाने च शीतं वारि विवर्जयेत् ॥ [अन्यच्च स एव] सेव्यमानेन शीतेन ज्वरस्तोयेन वर्धते ॥

अत्र शीत जल अकथित निषिद्धम् । तथा सति कथितमायातम् ॥

સુશ્રુત કહે છે કે–“નવ જ્વર, સળેખમ, પડખાંનું શૂળ ગલગ્રહ શોધન પછી તુર્ત અને આફરો, તથા વાયુ અને કફના રોગોમા, અરૂચિ, ગ્રહણી, ગુલ્મ શ્વાસ, ઉધરસ, વિદ્રધી, હેડકી, અને સ્નેહ પાન પછી શીતળ જળ પીવુ નહિ શીતળ જળ પીવાથી જ્વર વધે છે.” માટે ઉકાળીને ટાઢું પાડેલું પાણી પીવું.

પાણી ઉકાળવાનો વિધિ તથા તેના ગુણો.

क्वाथ्यमानं तु निर्वेगं निष्फेनं निर्मलं च यत् । तत्तोयं कथितं ज्ञेयं दोषघ्नं पाचनं लघु ॥

निर्वेग शनै. । कथितस्य विधानमाह सुश्रुत ।

वातश्लेष्मज्वरार्ताय हितमुष्णाम्बु तृष्यते । दीपनं च कफच्छेदि वातपित्तानुलोमनम् ॥ तद्धि मार्दवकृद्दोषस्रोतसां शीतमन्यथा । वाग्भटश्च । तृष्णायां प्राप्तमुष्णाम्बु पिबेद्वातकफज्वरे । तत्कफं विलयं नीत्वा तृष्णामाशु निवर्त्तयेत् ॥ उदीर्य चाग्निं स्रोतांसि मृदूकृत्य विशोधयेत् । वातपित्तकफस्वेदशकृन्मूत्राणि सारयेत् ॥

પાણી ઉકળતાં ઉકળતાં ફીણ વગરનું તથા નિર્મળ થાય ત્યારે તે પાણી કવથિત જળ કહેવાય છે.

આ પાણી દોષહર, પાચન અને હલકું છે. સુશ્રુત કહે છે કે—"વાયુ, કફ, અને જ્વરવાળાને ઉનું પાણી હિતકારક છે. તે દીપન છે, કફને છેદે છે, તથા વાયુ અને પિત્તનું અનુલોમન કરે છે, તથા દોષો અને નાડીઓને કોમળ કરે છે. શીતળ જળમાં ઉલટા ગુણો છે." વાગ્ભટ કહે છે કે—"વાત કફ જ્વરમાં તૃષા લાગે તો ગરમ પાણી પીવું તે કફનો નાશ કરીને તૃષાને મટાડે છે. અગ્નિને વધારીને નાડીઓને કોમળ તથા વિશુદ્ધ કરે છે. વાત, પિત્ત, કફ, સ્વેદ, મૂત્ર, એની પ્રવૃત્તિ કરાવે છે."

ઉષ્ણોદકનું લક્ષણ તથા ગુણો.

क्वाथ्यमानं तु निर्वेगं निष्फेनं निर्मलं तथा । अर्धावशिष्टं यत्तोयं तदुष्णोदकमुच्यते ॥ ज्वरकासकफश्वासपित्तवातामभेदसाम् । नाशनं पाचनं चैव पथ्यमुष्णोदकं सदा ॥

પાણી ઉકાળીને વેગ વગરનું ફીણ વગરનું તથા નિર્મળ થાય, તથા અરધું બાકી રહે, ત્યારે તે જળ ઉષ્ણોદક કહેવાય છે. તે જ્વર, ઉધરસ, કફ, શ્વાસ, પિત્ત, વાયુ, આમ, મેદ, એનો નાશ કરીને પાચન કરે છે, તેથી હંમેશાં ઉષ્ણોદક પથ્ય છે.

ઋતુ પ્રમાણે પકવ જળના ભેદ.

त्रिपादशेषं सलिलं ग्रीष्मे शरदि शस्यते । अन्ये तु । निदाघे त्वर्धपादोनं पादहीनं तु शारदम् । हिमेऽर्धशेषं शिशिरे तथा वर्षावसन्तयोः । शिशिरे च वसन्ते च हिमे चार्धावशेषितम् ॥ अष्टमांशावशेषं तु वारि वर्षासु शस्यते । इति केचिद् बुधाः प्राहुर्जैज्जटागमदर्शनात् ॥ केचित्तु । वसुष्वंगेषु वेदेषु बाणेषु त्रिषु पक्षयोः । पञ्चु भागावशेषं स्यादम्बु वर्षादिषु क्रमात् ॥

अत्र दोषाणा यथोल्बणता हीनता वा तथा व्यवस्था कल्पनीया ॥

तत्पादहीनं पित्तघ्नमर्धहीनं तु वातनुत् । त्रिपादहीनं श्लेष्मघ्नं संग्राह्यग्निप्रदीपनम् ॥

त्रिपादहीनस्य तन्त्रान्तरे आरोग्याम्बुसंज्ञा ॥

ગ્રીષ્મ અને શરદ્‌માં પોણો ભાગ રહેલું પાણી સારૂં છે. બીજાઓ એમ પણ કહે છે કે ગ્રીષ્મમાં ચાર ભાગમાંથી દોઢ ભાગ બળેલું અને શરદ્‌માં એક ભાગ બળેલું પાણી સારૂં છે. હેમંત, શિશિર, વર્ષા, અને વસંતમાં અરધો અરધ બળેલુ પાણી હિતકર છે. જૈજ્જટાદિના મત પ્રમાણે વર્ષામાં આઠમે ભાગે રહેલુ પાણી સારૂ છે. કેટલાક વળી એમ કહે છે કે વર્ષાદિ ઋતુઓમા ક્રમસર[1] આઠમો ભાગ, છઠો ભાગ, ચોથો ભાગ, ત્રીજો ભાગ, અને બીજો ભાગ, એ રીતે રહેલ પાણી સરસ ગણાય છે. ચોથો ભાગ બળેલું પાણી પિત્તહર છે, અરધે ભાગે રહેલું પાણી વાત હર છે, અને ત્રીજે ભાગે રહેલું પાણી કફહર તથા ગ્રાહી અને દીપન છે. બીજા ગ્રંથમા બળતાં એક ભાગ રહેલા પાણીને "આરોગ્યાંબુ" કહેલું છે.

---

[1] વર્ષા, શરદ, હેમંત, શિશિર, વસંત, અને ગ્રીષ્મ, એ ક્રમે.

આરોગ્યાંબુ.

पादशेषं तु यत्तोयमारोग्याम्बु तदुच्यते । आरोग्याम्बु सदा पथ्यं कासश्वासकफापहम् ॥ सद्यो ज्वरहरं ग्राहिदीपनं पाचनं लघु । आनाहपाण्डुशूलार्शोगुल्मशोथोदरापहम् ॥

બળતાં ચોથો ભાગ માત્ર વધે તે પાણીને આરોગ્યાંબુ કહે છે. તે હમેશાં પથ્ય છે, અને ઉધરસ, શ્વાસ, તથા કફને હણે છે. તે જ્વરને એકદમ મટાડે છે, અને ગ્રાહી, દીપન, પાચન, તથા હલકું છે. પેટનો આફરો, પાંડુ, શૂળ, અર્શ, ગુલ્મ, સોજા, ઉદરરોગો, એમને હણે છે.

ઋતુઓમાં કિયા કિયા દેશનું જળ લેવુ

हेमन्ते शिशिरे चाम्बु सारसं वा तडागजम् ॥ वसन्तग्रीष्मयोः कौपं वाप्यं वा नैर्झरं हितम् ॥ नादेयं वारि नादेयं वसन्तग्रीष्मयोर्बुधैः । विषवत् पत्रपुष्पादि दुष्टनिर्झरयोगतः ॥ औद्भिदं चान्तरीक्षं वा कौपं वा प्रावृषि स्मृतम् । शस्तं शरदि नादेयं नीरमंशूदकं परम् ॥ दिवा रविकरैर्जुष्टं निशि शीतकरांशुभिः । ज्ञेयमंशूदकं नाम स्निग्धं दोषत्रयापहम् ॥ अनभिष्यन्दि निर्दोषं चान्तरीक्षजलोपमम् । बल्यं रसायनं मेध्यं शीतं लघु सुधासमम् ॥ अन्यच्च । शरद्यगस्तेरुदयादखिलं सलिलं हितम् । सुश्रुतः । कार्त्तिके मार्गशीर्षे च जलमात्रं प्रशस्यते ॥

હેમંત અને શિશિરમાં સરોવર કે તળાવનું પાણી લેવું વસંત અને ગ્રીષ્મમાં કૂવો, વાવ કે ઝરણાંનું જળ લેવું. ડાહ્યાઓએ વસંત અને ગ્રીષ્મમાં નદીનું જળ આપવું નહિ, કેમકે તે ઝેરી પુષ્પપત્ર તણાઈ આવવાથી ઝેરી હોય છે. વર્ષા રૂતુમાં પૃથ્વીમાંથી ઝરનારૂં આંતરિક્ષનું કે કુવાનું જળ ઠીકછે. શરદ રૂતુમા નદીનુ કે અશૂદક ઉત્તમ છે. દિવસે સૂર્યનાં કિરણોથી અને રાત્રે ચંદ્રના કિરણોથી શુદ્ધ થયેલું જળ અંશૂદક કહેવાય છે તે ત્રણે દોષોને હરનારૂં તથા સ્નિગ્ધ છે, તે કફહર, નિર્દોષ, આંતરિક્ષ જળના જેવુંજ, બળ આપનાર, રસાયન, બુદ્ધિ આપનાર, શીતળ, હલકુ, અને અમૃત સમાન છે. શરદમાં અગસ્ત્યના ઉદયથી સર્વ જળો હિતકર છે, એમ ઘણા કહે છે. વળી સુશ્રુત કહે છે કે—" કાર્તિક અને માર્ગશીર્ષમાં સર્વ જળો હિતકર છે. "

ઋતુ પ્રમાણે પકાવેલ જળને ટાઢું કરીને પીવા વિષે.

दाहातीसारपित्तास्रमूर्छामद्यविषार्त्तिषु ।
मूत्रकृच्छ्रे पाण्डुरोगे तृष्णाछर्दिभ्रमेषु च ॥
मद्यपानसमुद्भूते रोगे पित्तोत्थिते तथा ॥
सन्निपातसमुत्थेषु शृतं शीतं प्रशस्यते ॥

દાહ, અતિસાર, પિત્ત, રક્ત, મૂર્છા મદ, વિષ, મૂત્રકૃચ્છ્ર, પાડુરોગ તરસ, ઉલટી, ભ્રમ, મદ્યપાન તથા પિત્તના રોગો, અને સંનિપાતમાં પાણી પકાવીને ટાઢું કરેલું હિતકારી છે.

પકાવી ટાઢું કરેલુ જળ તથા તેના ગુણો.

शृताम्बु तत् त्रिदोषघ्नं यदन्तर्बाष्पशीतलम् ।
अकफमनभिष्यन्दि कृमिवृद्ज्वरहल्लघु ॥

धारापातेन विष्टम्भि दुर्जरं पवनाहृतम् । भिनत्ति श्लेष्मसंघातं मारुतं चापकर्षति ॥ अजीर्णं जरयत्याशु पीतमुष्णोदकं निशि ॥

अन्तर्बाष्पशीतलम् पिहितमेव शीतलम् ॥

સુશ્રુત કહે છે કે-"ઉકાળેલા પાણીની બાફ બરાબર ન નીકળે તેમ ઢાંકી રાખીને ટાઢું પાડેલું હોય તો તે ત્રણે દોષોને હણે છે. તે રૂક્ષ નથી, કફ કરતુ નથી, હલકુ છે, તથા કૃમિ, તૃષા અને જ્વરને હરે છે ધાર પાડીને ટાઢું કરેલું જળ વિષ્ટાને રોકે છે, તથા પવનથી ટાઢુ કરેલુ જળ પચતું નથી. રાત્રે ઉષ્ણોદક પીવાથી તે કફના જથ્થાને તોડે છે તથા વાયુને ઓછો કરી અજીર્ણ મટાડે છે."

પકાવેલ પાણીના બીજા ગુણો

दिवा शृतं पयो रात्रौ गुरुतामधिगच्छति । रात्रौ शृतं दिवा पीतं गुरुत्वमधिगच्छति । तत्तु पर्युषितं वह्निगुणोत्सृष्टं त्रिदोषकृत् ॥ गुर्वम्लपाकं विष्टम्भि सर्वरोगेषु निन्दितम् । शृतं शीतं पुनस्तप्तं तोयं विषसमं भवेत् ॥ निर्यूहोऽपितथा शीतः पुनस्तप्तो विषोपमः ॥

દિવસે ઉકાળેલુ પાણી રાત્રે ભારે થાય છે, અને રાત્રે ઉકાળેલ પાણી દિવસે ભારે લાગે છે રાત્રે ઉકાળેલ પાણી છેક ટાઢુ પડે તો તે ત્રિદોષ કરે છે. તે ભારે, પાકમાં ખાટું, વિષ્ટાને બધ કરનાર, અને સર્વ રોગોમાં નિંદિત છે ઉકાળેલ પાણી ટાઢું પડ્યા પછી પાછું ગરમ કરવાથી વિષતુલ્ય થાય છે. ક્વાથ પણ ટાઢો થયા પછી પાછો ગરમ કરવામાં આવે તો તે વિષતુલ્ય થાય છે.

રાત્રે કેવુ ગરમ પાણી પીવું.

अष्टमेनांशशेषेण चतुर्थेन द्विकेन वा । अथवा क्वथनेनैव सिद्धमुष्णोदकं वदेत् ॥

રાતે આઠમો ભાગ, ચોથો ભાગ, કે બીજો ભાગ બાકી રહેલ હોય તેમ ઉકાળેલ પાણી, અથવા માત્ર ક્વાથની પેઠે ખદ ખદેલું પાણી સિદ્ધ ઉષ્ણોદક કહેવાય છે.

ઉષ્ણોદકના ગુણો

श्लेष्मानिलाममेदोघ्नं दीपनं वस्तिशोधनम् । श्वासकासज्वरहरं पीतमुष्णोदकं निशि ॥

રાત્રે ઉષ્ણોદક પીવાથી કફ, વાયુ, આમ, મેદ, શ્વાસ, ઉધરસ, અને જ્વર મટે છે તે દીપન તથા બસ્તિને શુદ્ધ કરનાર છે.

ટાઢું પાડયા વગર ગરમજ પાણી રાત્રે પીવુ.

उष्णं तदग्निजननं लघ्वच्छं बस्तिशोधनम् । पार्श्वरुक् पीनसाध्मानं हिक्कानिलकफापहम् ॥ शस्तं तृट्श्वासशूलेषु सद्यःशुद्धौ नवज्वरे ॥

રાતે પીધેલું ગરમપાણી દીપન, હલકું, સ્વચ્છ બસ્તિ શોધન, તથા પડખાંના રોગો, પીનસ, આફરો, હેડકી, વાયુ, કફને હરે છે. તૃષા, શ્વાસ, શુળ, અને નવ જ્વરમાં બહુ લાભ કારક છે.

ટાઢું પાણી પીવા વિષે.

मूर्छापित्तोष्णदाहेषु विषे रक्ते मदात्यये । भ्रमश्रमपरीतेषु तमके श्वयथौ तथा ॥ धूमोद्गारेऽविदग्धेऽन्ने शोषे च मुखकण्ठयोः । ऊर्ध्वगे रक्तपित्ते च शीतलाम्बु प्रशस्यते ॥

शीतल जलम् आममेव नतु क्वथितम् क्वथित तु शीत दाहादिषु यदुक्तं तत्सज्वरेषु । विज्वरेषु तु दाहादिष्वाम शीत प्रशस्यत इति भेदः ॥

સુશ્રુત કહે છે કે—"મૂર્છા, પિત્ત, ગરમી, દાહ, વિષ, રક્ત, મદાત્યય, ભ્રમ, શ્રમ, તમકશ્વાસ, સોજા, ધૂમ, ઓડકાર, નહિ પચેલ અન્ન, અને મુખ તથા કંઠનો શોષ, રક્તપિત્ત, એ ઉપર શીતળ જળ હિતકારી થાય છે". ઉકાળીને ટાઢું પાડેલું પાણી જ્વર સહિત દાહાદિક ઉપર પાવું, જ્વર વગરના એકલા દાહ ઉપર તો કાચું ટાઢું પાણીજ પાવું.

પાણી પચવા વિષે.

आमं जलं पाकमुपैति यामं पक्कं पुनः शीतलमर्धयामम् । पक्कं कदुष्णं च ततोऽर्धकालं कालात्त्रयः पीतजलस्य पाके ।

કાચું જળ એક પ્રહરે પચે છે, ઉકાળી પછી ટાઢું કરેલું પાણી અરધે પ્રહરે પચે છે, અને ઉકાળીને જરા ગરમ હોય ત્યારે પીવાથી તે પાણી તેથી પણ અરધા વખતમાં પચે છે, એ રીતે પીધેલા પાણીને પચવાના એ ત્રણ કાળો છે.

જળને સંસ્કાર દેવા વિષે.

पित्तमद्यविषार्तेषु तिक्तकैः शृतशीतलम् ॥

जलं हितमिति शेष । तिक्तानि बहुलानि तेभ्यो निश्चित्य योगमाह सुश्रुत —

मुस्तपर्पटकोदीच्यछत्राख्योशीरचन्दनैः । शृतं शीतं जलं दद्यात्तृड्दाहज्वरशान्तये ॥

छत्राऽत्र धान्यक । यत आह निघण्टौ धन्वन्तरि —

कुस्तुम्बरूः स्वर्णिका च छत्रा धान्यं वितुन्नकम् ॥

इत्यादि तद्गुणाश्च—

धान्यकं दीपनं रुच्यं पाचनं स्वादुपाकि च। दोषत्रयतृषादाहश्वासकासज्वरप्रणुत् ॥

इत्यादि । चक्रदत्तवङ्गसेनवृन्दादयस्तुछत्रस्थाने नागर पठन्ति । " तद्यथा—मुस्तपर्पटकोशीरचन्दनोदीच्यनागरैः ।" नागर कटुकमपि नात्र पित्तजनकं मधुरपाकित्वादिति तेषामभिप्राय. । नागरं मुस्तकमिति केचित् कचिदेकदेशेन समुदायोऽवगम्यते । यथा भीमो भीमसेन इति । चन्दनैरित्यत्र सहार्थे तृतीया । तेन मुस्तादिभि षड्भिरामैरेव क्षुण्णैः सहित जल केवलजलमेव यथर्तुपक्कं पश्चात्तच्छीतलीकृत दद्यात् ॥ वङ्गसेनस्तु—

यदप्सु शृतशीतासु षडङ्गाख्यं प्रयुज्यते । कर्षमात्रं ततो द्रव्यं ग्राहयेत्प्रास्थिकेऽम्भसि॥

अस्यायमर्थ. । यद्धेतोरप्सु जले शृतशीतासु शृतासु केवलास्वेव यथर्तुपक्वासु शीतासु तासु शीतलीकृतासु षडङ्गादि द्रव्य प्रयुज्यते आममेव संक्षुद्य जले स्थाप्यते तत प्रक्षेप्यत्वात् कर्षमात्र द्रव्य समुचितं षडङ्गादि प्रास्थिकेऽम्भसि प्रस्थमात्रे कथितशीतले जले क्षेप्तुं ग्राहयेत् अतएव षडङ्गमभिधाय षडङ्गपानीयमिति वङ्गसेनादिभिरुक्तम् । अस्मिन् पक्षे चन्दन श्वेतमेव ग्राह्यम् नतु रक्त तत्कषायलेपयोरेव प्रयोक्तुमुक्तम् । यत आह—

कषायलेपयोः प्रायो युज्यते रक्तचन्दनमिति ।

षडङ्गपानीयमिद षडङ्गादे पाने तु विधातव्ये प्रक्रिया विहिता महावङ्गसेनेन ॥

कर्षमात्रं तथा द्रव्यं ग्राहयेत्प्रास्थिकेऽम्भसि । अर्धशृतं प्रयोक्तव्यं पाने पेयादिसंविधौ ॥

आदिशब्देन यूषयवागूविलेपीभक्तानि गृह्यन्ते पानप्रक्रियां शार्ङ्गधरोऽप्येतामेवाह ॥

क्षुण्णं द्रव्यं पलं साध्यं चतुःषष्टिपलेजले। अर्धशिष्टं तु तद्देयं पाने पेयादिसंविधौ॥

पानप्रयोग च षडङ्गमुक्तवान् । अस्मिन् पक्षे चन्दन रक्त ग्राह्यम् । कषायलेपयो प्रायो युज्यते रक्तचन्दनम् इति वचनात् । तथा रक्तचन्दनस्य गुणाः—

रक्तं हिमं स्वादु पाकं छर्दितृष्णास्रपित्तजित् । तिक्त नेत्रहितं वृष्य ज्वरव्रणविषापहम् ॥

पानस्यान्येऽपि योगाः सति यथा—

श्रीपर्णी चन्दनोशीरसमधूकपरूषकम् ।

श्रीपर्णीपरूषकयो. फलं ग्राह्य मधुकस्य तु पुष्पम् ।

पानं पित्तज्वरं हन्यात् शारिवाद्यं सशर्करम् । अन्यच्च हन्यात्सयष्टिमधुक तथैवोत्पलपूर्वकम् । पाने शृतं जलं किं वा सोत्पल शर्करायुतम् ॥

हन्यात्पित्तज्वरमिति शेष । उत्पलमत्रकमलमित्यादि ।

પિત્ત, મદ્ય, અને વિષની પીડા વાળાને પાણીમાં કડવા પદાર્થો નાંખી ઉકાળી ટાઢુ પાડીને પાવું તે હિતકર છે "મોથ, ખડસલિયો, વાળો, છત્રા એટલે ધાણા, કાળો વાળો, ચંદન, એથી પાણી પકાવીને ટાઢુ કરી તે તૃષા, દાહ, અને જ્વર શાંતી માટે પીવા આપવું એમ સુશ્રુત કહે છે ધન્વતરીએ કુસ્તુંબરૂ, સ્વર્ણિકા, છત્રા, ધાન્ય અને વિતુન્નક એટલાં ધાણાના નામ કહ્યાં છે ધાણા-દીપન, રોચક, પાચન, પાકમાં મધુર, અને ત્રિદોષહર છે, તથા તૃષા, દાહ, શ્વાસ, ઉધરસ, અને જ્વરને હણે છે. ચક્રદત્ત, વંગસેન, વૃન્દ, વિગેરે તો "છત્રા" શબ્દનો અર્થ "મોથ" કરે છે પણ મોથ પ્રથમ આવે છે તેથી "સૂંઠ" હોય એમ જણાય છે. "નાગર" શબ્દ સૂંઠ તથા મોથનો વાચક છે પણ મોથ એકવાર આવે છે અને સૂંઠ કરતાં અત્ર ધાણા વધારે વાજબી લાગે છે. વંગસેન કહે છે કે—"આ ષડંગ નામના પાનમા દ્રવ્યો એક તોલો અને પાણી ચોસઠ તોલા લેઇને પકાવવું ' આ પક્ષમા ચંદન એટલે ધોળી સુખડ સમજવી, પણ રતાંજલિ સમજવી નહી એક તોલો દ્રવ્ય ચોસઠ તોલા પાણીમા ઉકાળીને અરધુ પાણી બાકી રહે ત્યારે ટાઢુ પાડીને પીવુ, એમ વિધિ છે. પેયા, યવાગુ, વિલેપી અને ભક્ત બનાવવાનો પણ એજ વિધિ છે. શારંગધરે પણ કહેલુ છે કે—" ચાર તોલા ખાંડેલા દ્રવ્યને ૨૫૬ તોલા પાણીમા ઉકાળી અરધુ પાણી બાકી રહે તે પાવુ." આ પક્ષ લેવામાં આવે તો જળનો કવાથ થયો માટે તેમાં ધોળી સુખડ નહી નાખતા રતાંજલિ જ નાખવી. રતાંજલિ એટલે રક્તચંદન તે ટાઢુ, પાકમા મધુર, કડવુ, વૃષ્ય, જ્વરઘ્ન, વિષહર, અને વ્રણ મટાડનાર છે તે તૃષા, ઉલટી, રક્તદોષ, અને પિત્તને જીતે છે, તથા નેત્રને હિતકારી છે સીવણનુ ફળ, ચંદન, વાળો, મહુડા, અને ફાલસા તથા ઉપલસરીનુ પાન સાકર નાંખીને પીવાય છે, તે પિત્ત જ્વર મટાડે છે જેઠીમધ અને કમળ, અથવા કમળ અને સાકરનું પાન પણ પિત્ત જ્વર મટાડે છે.

દિવસે સૂવાનો નિષેધ.

दिवा स्वाप न कुर्वीत यतोऽसौ स्यात्क-

फावहः । ग्रीष्मवर्जेषु कालेषु दिवा स्वापो निषिध्यते । उचितो हि दिवा स्वापो नित्यं येषां शरीरिणाम् ॥ वातादयः प्रकुप्यन्ति तेषामस्वपतां दिवा ॥

દિવસે સૂવાથી કફ વધે છે માટે કદી પણ દિવસે સૂવું નહિ. ગ્રીષ્મ સિવાયના સમયોમા દિવસે સૂવું નહિ જ, પરતુ જે દેહધારીઓને દિવસે સુવાની ટેવ હોય તેઓ ન સૂવે તો તેમને વાતાદિ દોષો કોપ પામે છે માટે તેમણે તો સૂવુ જોઇએ.

કોણે દિવસે સૂવું.

व्यायामप्रमदाध्ववाहनरतान् क्लान्तानतीसारिणः शूलश्वासवमीतृषापरिगतान् हिक्कामरुत्पीडितान् । क्षीणान् क्षीणकफान् शिशून्मदहतान् वृद्धान् तथा जीर्णिनो रात्रौ जागरितान्नरान्निरशनान् कामं दिवा स्वापयेत् ॥

કસરત કરનાર, સ્ત્રીમાં આસક્ત પથ કરનાર, થાકેલા, અતિસાર વાળા, શૂળ વાળા, શ્વાસ તથા ઉલટીવાળા, તરસ્યા, હેડકી તથા વાયુથી પીડાતા, ક્ષીણ, ઓછા કફવાળા, બાળક, મદવાળા, વૃદ્ધો, અજીર્ણ વાળા, રાત્રે જાગનારા, તથા ઉપવાસીઓએ ઇચ્છા પ્રમાણે દિવસે સૂવું.

જ્વર પાકવાનો અવધિ.

वातिकः सप्तरात्रेण दशरात्रेण पैत्तिकः । श्लैष्मिकोद्वादशाहेन ज्वरः पाकमुपैति हि ॥

रसस्यामत्वेऽवधिमतिक्रम्यापि ज्वरस्तिष्ठति । यत आह सुश्रुत ॥

बहुदोषस्य मंदाग्नेः सप्तरात्रात्परं ज्वरे । लङ्घनाम्बु यवागूभिर्यदा दोषो न पच्यते ॥ तदा तं मुखवैरस्यतृष्णारोचकनाशनैः । कषायैः पाचनैर्हृद्यैर्ज्वरघ्नैः समुपाचरेदिति ॥

વાત જ્વર સાત રાત્રીએ, પિત્ત જ્વર દશ રાત્રીએ, અને કફ જ્વર બાર રાત્રીએ પાકે છે. રસ કાચો હોય તો જ્વર પોતાની અવધિ ઉપરાંત પણ રહે છે. કારણ કે સુશ્રુત કહે છે કે—" બહુ દોષવાળા અને મંદાગ્નિ વાળાને તો સાત રાત્રી ઉપરાંત પણ જ્વર પાકતો નથી. લંઘન, જળ, યવાગૂ, વગેરેથી પણ દોષનું પાચન થતું નથી, ત્યારે તેને મુખનું વિરસપણું, તરશ, અરુચિ, એનો નાશ કરનાર તથા પાચન, જ્વરઘ્ન અને પ્રિય લાગે એવા કવાથો આપવા."

જ્વરની અવધિ.

आसप्तरात्रात्तरुणं ज्वरमाहुर्मनीषिणः । द्वादशाहमभिव्याप्य मध्यं जीर्णं ततः परम् ॥

आसप्तरात्रादिति । अत्र रात्रिपदादय रात्रिशब्दो दिवसस्योपलक्षक: तेन सप्तमदिवसादर्वाग्ज्वरस्तरुण इत्यर्थ. । तन्त्रान्तरे ॥

ज्वरे व्यतीते षडहे जीर्ण इत्युच्यते बुधैरिति । द्वादशाहात्परं जीर्णमाहुरन्ये मनीषिणः ॥

अत एव जातूकर्ण्यः । जीर्णस्त्रयोदशे दिवस इति ।

વિદ્વાનો કહે છે કે—જ્વર સાત રાત્રી સૂધી તરુણ, બાર રાત્રી સૂધી મધ્યમ, અને તે પછી જીર્ણ કહેવાય છે. અહીં રાત એટલે એક રાત્રિ દિવસ સમજવો. તંત્રાન્તરમાં તો છ દિવસ પછી જ્વર જીર્ણ થાય છે એમ કહેલું છે, અને બીજા પંડિતોએ

બાર દિવસ પછી જીર્ણ કહેલ છે વળી જાતુકર્ણ એમ કહે છે કે જ્વર તેર દિવસે જીર્ણ થાય છે

ઔષધને। સમય

वातिके सप्तरात्रेण दशरात्रेण पैत्तिके ।
श्लैष्मिके द्वादशाहेन ज्वरे युञ्जीत भेषजम् ॥

सप्तरात्रेणत्यत्र रात्रिशब्दो दिवसस्योपलक्षकः अत एवोक्तम् ॥

पाययेदातुरं साऽममौषधं सप्तमे दिने । शमनेनाथवा दृष्ट्वा निरामं तमुपाचरेदिति ॥ शार्ङ्गधरेणोक्तम् । गुडूचीपिप्पलीमूलनागरैः पाचनं शृतम् । दद्याद् वातज्वरे पूर्णलिंगे सप्तमवासरे ॥ हारीतेनोक्तम् । एतां क्रियां प्रयुञ्जीत षड्रात्रे सप्तमेऽहनि । पिबेत्कषायसंयोगात्पेया ज्वरविनाशिनीम्।

एता क्रिया लङ्घनादिरूपा कषायसयोगात् कषायेण साधिता पेयामित्यर्थ । खरनादेनाप्युक्तम् ॥

इति षड्रात्रिकः प्रोक्तो नवज्वरहरो विधिः । ततः पर पाचनीय शमनीयं ज्वरे हितम् ॥

ततो ज्वरमध्ये करणीयमित्यर्थ. । वाग्भटश्च ॥

सप्ताहादौषधं केचिदाहुरन्ये दशाहतः
लघ्वन्ने भोजिते केचिद्देयमामोल्बणे न तु ॥

सप्ताहात्सप्ताहमारभ्येत्यर्थ । अत्र ल्यब्लोपे कर्मणि पचमी । अत्र चरकस्त्वेवमाह ॥

ज्वरितं षडहेऽतीते लघ्वन्नं प्रतिभोजितम् । पाचन पाययेद्ध्यो निरामं सप्तमेऽहनि ॥

सप्तमेऽहनि लघ्वन्न दत्वा । अष्टमे दिने कषाय पाययेदित्यर्थः । तथा च सुश्रुत ।

सप्तरात्रात्परं केचिन्मन्यन्ते देयमौषधमिति ॥

सप्तरात्रात्परम् अष्टमेऽहनीत्यर्थ । केचिन्नरकादय' । चक्रदत्तोऽपि ॥

सप्तरात्रेण पच्यन्ते सप्तधातुगता मलाः । निरामस्तु ततः प्रोक्तो ज्वरः प्रायोऽष्टमे दिने ॥

एव सति कषायदाने सप्तमाष्टमयोर्दिवसयोर्विकल्प । तत्रापि वयोबलादिदोषतो देशकालोचित कुर्यात् । भेषजमत्र च दोषपाक दृष्ट्वा दद्यादित्याह सुश्रुत ॥

पैत्तिके च ज्वरे देयमल्पकालसमुत्थिते । अचिरज्वरितस्यापि भैषज्यं दोषपाकतः ॥

अस्यायमर्थ । अल्पकालसमुत्थितेपैत्तिके ज्वरे। दोषपाक दृष्ट्वा भैषज्य देय न तु तत्र दशरात्रापेक्षा । तथा अचिरज्वरितस्यापि पैत्तिकेतरनवज्वरयुक्तस्यापि दोषपाक दृष्ट्वा भैषज्य देयमित्यर्थ ॥

વાત જ્વરમા સાત રાત્રી પછી, પિત્તમા દસ રાત્રી પછી, અને કફમાં બાર રાત્રી પછી ઔષધ દેવું. અપકવ જ્વરવાળાને સાતમે દિવસે દવા આપવી. આમ વગરને। જોવામા આવે તો શમનને। ઉપચાર કરવો. શારગધરે ગળો, પીપરીમૂળ, અને સુંઠને। કવાથ પાચન કહેલો છે, તે વાતજ્વર સંપૂર્ણ ચિન્હવાળો થયો હોય તો પૂરે સાતમે દિવસે આપવો. એજ દવા હારીતે પણ છ દિવસ પછી સાતમે દિવસે આપવાનુ કહેલું છે. તે જ્વરનાશક દવા છે. ખરનાદે પણ એજ જ્વર હર વિધિ છઠી રાત્રી પછી કરવાનું કહ્યું છે. ત્યાર પછી જ પાચનકારક અને શમનકારક દવા હિતકર છે એમ જણાવ્યુ છે. વાગ્ભટ કહે છે કે સાતમે

દિવસે હલકું અન્ન ખવરાવીને પછી દવા દેવી, અને કેટલાક દસમે દિવસે આપવાનું પણ કહે છે. કેટલાક તો હલકું અન્ન ખાવાનું જ કહે છે ચરક પણ કહે છે કે વૈદ્યે છ દિવસ ગયા પછી જ્વરવાળાને ભોજન દેવું, અને સાતમે દિવસે આમ મટયા પછી પાચન આપવું. સુશ્રુત પણ કહે છે કે સાતમે દિવસે ઔષધ આપવું. ચક્રદત્ત પણ કહે છે કે સાતે ધાતુઓના મળો સાત રાતે પચે છે તેથી આઠમા દિવસથી જ્વર વિશેષે કરીને આમ રહિત બને છે. આ રીતે મત ભેદ છે, સાતમે અથવા આઠમે દિવસે કાઢો આપવાનુ કહ્યુ છે. પરતુ અવસ્થા, બળ, અગ્નિ, દોષ, દેશ અને કાળનો વિચાર કરીને વર્તવુ. સુશ્રુત કહે છે કે "થોડા સમયમાં ઉત્પન્ન થયેલા પિત્તજ્વરમા દોષ પાકે એટલે ઔષધ આપવું, પણ તેમાં દશ રાત વીતી જવાની રાહ જોવી નહી. એવી જ રીતે થોડા સમયમા ઉત્પન્ન થયેલા વાત જ્વરમાં તથા કફ જ્વરમા પણ દોષ પાકે એટલે ઔષધ આપવું.

દોષ પાકયાનાં લક્ષણ

मृदौ ज्वरे लघौ देहे प्रचलेषु मलेषु च ।
पक्वं दोषं विजानीयाज्ज्वरे देयं तदौषधम् ॥

ज्वरे मृदौ स्वल्पीभूते । मलेषु वातपित्तकफमूत्रपुरीषेषु प्रचलेषु स्वमार्गसञ्चारिषु । पक्वं निरामम् । दोषप्रकृतिवैकृत्यादेकेषां पक्वलक्षणम् । दोषाणां दुष्टवातपित्तकफानां प्रकृति ज्वरस्य तदुपद्रवाणां चोत्पादनम् । तस्या वैकृत्यं वैपरीत्यं तस्माद्दोषपाकज्ञानम् ॥ केषाञ्चिन्मते ॥

क्षुत्क्षामत्वं लघुत्वं च गात्राणां ज्वरमार्दवम् । दोषप्रकृतिरुत्साहो निरामज्वरलक्षणम् ॥

दोषप्रकृति दोषाणां स्वमार्गसञ्चार: ॥

જ્વર હલકો પડે, દેહ હલકો થાય, વાત, પિત્ત, કફ, મળ અને મૂત્રનું ચલન થાય, ત્યારે દોષ પાકયા જાણીને જ્વરનું ઔષધ આપવું, આમ સુશ્રુત કહે છે. દુષ્ટ થયેલા વાત, પિત્ત અને કફ એનો જ્વરના ઉપદ્રવોને ઉત્પન્ન કરવાનો જે સ્વભાવ છે તે બદલાઇ ગયાથી દોષોનો પાક થયાનું જાણવું. કેટલાક કહે છે કે ક્ષુધાને લીધે હલકા પણુ થાય, હલકાઇ આવે, ગાત્રોમાં જ્વર હલકો પડે, દોષ પ્રકૃતિ ટળી ઉત્સાહ થાય, ત્યારે તે નિરામ જ્વરનુ લક્ષણ જાણવું.

તરુણ જ્વરમાં કવાથ ન દેવાય.

ज्ञेयः पञ्चविधः कालो भैषज्यग्रहणे नृणाम् । तत्रानुक्ते प्रभातं स्यात्कषायेषु विशेषतः ॥ मुख्यभैषज्यसम्बन्धो निषिद्धस्तरुणज्वरे । तोयपेयादिसंस्कारैस्त्वदोषं तत्र भेषजम् ॥

मुख्यभेषज क्वाथ: तस्य सम्बन्ध: पानम् । यत आह ॥

न कषायं प्रशंसन्ति नराणां तरुणे ज्वरे ।
कषायेणाकुलीभूता दोषा जेतुं सुदुस्तराः ॥

आकुलीभूताः प्रवृद्धा स्वमार्गं परित्यज्य इतस्ततो गताः । अत्र कषायशब्देन क्वाथो गृह्यते । उक्तश्च क्वाथस्य पर्यायाः ।

शृतं क्वाथः कषायश्च निर्यूहः स निगद्यत इति । तोयपेयादिसंस्कारैर्निर्दोषं तत्र भेषजमिति ॥

तत्र तरुणज्वरे भेषजम् मुख्यभेषजं क्वाथरूप

तोयपयादिसंस्कारे निर्दोषं न तु कल्पनमुद्दिश्य कषाय. प्रतिषिध्यत इति ॥ कल्पन तोयपेयय-वाग्वादिकम् । ननु । स्वरसश्च तथा कल्क' क्वाथश्च हिमफाण्टकौ ॥

ज्ञेया कषाया. पञ्चैते लघवः स्युर्यथोत्तरम् ॥ इति वचनात् स्वरसादयोऽपि कथ न निषिध्यते तत्राह ॥

यः कषायः कषायः स्यात्सवर्ज्यस्तरुण-ज्वरे इति ॥

चतुर्थभागावशेषणकरणे अष्टमभागशेषकरणे वा य कषायवर्ण कषायरसश्च स्यात् । स कषाय. क्वाथः तरुणज्वरे निषिद्धः । क्वाथस्य लक्षणमाह ।

पादशिष्टः कषायः स्याद्यः षोडशगुणां-भसा । कथितोऽतः षडंगादिर्नेनिषिद्धो नवज्वरे ॥

अत षडङ्गादिस्तरुणज्वरे न निषिद्ध । अपा-कादर्धपाकाच्चोक्तलक्षणाभावेन कषायत्वाभावात् । अथ तरुणज्वरे कषायस्य दोषमाह ॥

दोषा वृद्धाः कषायेण स्तम्भितास्तरुण-ज्वरे । स्तभ्यन्ते न विपच्यन्ते कुर्वन्ति विषमज्वरम् ॥

कषायेण स्ताम्भिता प्रवृत्तये निवारिता । यत आह । काषयरसगुणास्तु । कषाय. स्तम्भन शीतो रुक्ष पित्तकफापह. इत्यादि । स्तम्भ्यन्ते । आध्मान कुर्वन्ति न विपच्यन्ते । सुखेन न विप-च्यन्ते । दु'ख दत्वा विलम्बेन विपच्यन्ते इति यावत् । अन्यच्च

न च्यवंते न पच्यन्ते कषायैः स्तम्भि-ता मलाः । तिर्यग्विमार्गगा वा ते घोरं कुर्युर्नवज्वरम् ॥

માણસને દવા ખાવાના પાંચ સમયો કહેલા છે, જ્યાં ઔષધ દેવાનો સમય કહ્યો ન હોય ત્યા સવારનો સમય જાણવો, તેમા ક્વાથ તો વિશેષે કરીને સવારમાં જ દેવાય છે. પણ તરુણ જ્વરમાં તો ક્વાથ આપવો નહિ એમાં તો પાણી અને પેયા વગેરે સસ્કારોથી દોષ ટાળવા, એ જ દવા છે. તરુણ જ્વરમા માણ-સને ક્વાથ તો નહિ જ આપવો, કેમકે ક્વાથથી વૃદ્ધિ પામી કોપેલા દોષોને જીતવા બહુ કઠણ થઈ પડે છે. ક્વાથનાં શ્રૃત, કષાય, ક્વાથ, નિર્યૂહ, એ નામો છે. તરૂણ જ્વરમા જળ, પેયા કે યવાગૂ સિદ્ધ કરવાને કષાયનો ઉપયોગ કરવાને કશો બાધ નથી.

શંકા.

સ્વરસ, કલ્ક, ક્વાથ, હીમ અને ફાંટ એ પાંચે કષાય કહેવાયછે તે અનુક્રમે જ્વરમાં કષાય પીવાનો નિષેધ છે, તો એકલા ક્વાથનો નિષેધ કેમ કહેવાય, પાંચે કષાયનો કેમ નિષેધ નહી ?

સમાધાન.

પાણીને ચોથો અથવા આઠમો ભાગ બાકી રહે એવી રીતે ઉકાળવાથી જે ક્વાથ કષાય રંગનો ને તુરા સ્વાદનો થઇ જાય છે તેનો જ તરૂણ જ્વરમાં નિષેધ છે, પણ ષડગાદિ ક્વાથ તરૂણ જ્વરમાં દેવાને હરકત નથી, કેમકે બીલકુલ નહી ઉકાળવાથી અથવા અરધું ઉકાળ-વાથી ષડઆદિમાં કષાયનો ગુણ આવતો નથી. કષાય સ્તંભન કરનાર, શીતળ અને રૂક્ષ છે. તથા તે પિત અને કફને

હરનાર છે એટલે કષાયમા દોષોને અટકાવી રાખવાનો ગુણ છે. માટે જો તરૂણ જ્વરમા કષાય આપવામાં આવે તો વૃદ્ધિ પામેલા દોષોથી પેટનો આફરો ચઢે છે અને દોષો સુખે પાકતા નથી, પણ દુ:ખ દઈને વિલંબે પાકે છે વળી કહે છે કે–કષાયોએ અટકાવેલા મળો સ્થાનથી ભ્રષ્ટ થતા નથી અને પાકતા પણ નથી, પણ તેઓ ઊંચા કે આડે માર્ગે ચાલીને ભય ઉત્પન્ન કરે છે.

તરૂણ જ્વરમાં વમન કરાવાય નહિ

अनुपस्थितदोषाणां वमनं तरुणज्वरे ।
हृद्रोगं श्वासमानाहं मोहं च कुरुते भृशम् ॥

अयमर्थ । कफादि दोषोपस्थितो स्वयमेव चेद्भवति वमन न तद्दोषाय । अनुपस्थितदोषाणां तरुणज्वरे वमन यत्नकृतं हृद्रोगादीन् करोतीत्यर्थ । एतेन वचनेन तरुणज्वरे यत्नाद्वमनं निषिद्धम् । अवस्थाविशेषे तदपि कर्त्तव्यमित्याह ॥

सद्यो भुक्तस्य वा जातो ज्वरे सन्तर्पणोत्थिते । वमनं वमनार्हस्य शस्तमित्याह वाग्भटः ॥

वमन चेति विकल्पो लङ्घनापेक्षया । वमनार्हस्येत्यनेन गर्भिण्यतिकृशातिवृद्धादिनिषेध । अत्र वृद्धवाग्भट ॥

वमितं लङ्घयेत्प्राज्ञो लङ्घितं न तु वामयेत् । वमनं क्लेशबाहुल्याद्धन्याल्लङ्घनकर्षितम् ॥ न कार्यं गुर्विणीबालवृद्धदुर्बलभीरुभिः ॥

अनशनमिति शेष । अनेनानशनवचनेन गुर्विण्यादीनामनशननिषेध. ॥

કફાદિક દોષોને લીધે પોતાની મેળે ઉલટી થાય તો હરકત નથી, પણ તરૂણ જ્વરમા અનુપસ્થિત દોષો માટે વમન કરાવવામા આવે તો તેથી હૃદ્રોગ, શ્વાસ, પેઢુનો આફરો, અને બહુ મોહ થાય છે. આવી રીતે નિષેધ કર્યો છે. તોપણ તુરતના જમેલને સંતર્પણને લીધે જ્વર આવે તથા તે વમન કરાવવાને યોગ્ય હોય (એટલે ગર્ભવતી સ્ત્રી બહુ કૃશ કે બહુ વૃદ્ધ ન હોય તો તેને લંઘનને બદલે વમન આપવું જોઈયે, એમ વાગ્ભટ કહે છે. વમન કરાવ્યા પછી લંઘન કરાવાય છે, પણ લંઘન પછી વમન કરાવવું નહિ, કેમકે વમન બહુ ક્લેશ કરાવનાર હોવાથી લંઘનથી ક્ષીણ થયેલાને મારી નાંખે છે. ગર્ભવતી, બાળક, વૃદ્ધ, દુર્બળ, અને બ્હીકણને પણ વમન કરાવવુ નહિ. આ ઉપરથી ગર્ભવતીને લઘન કરાવવાનો પણ નિષેધ છે

પાચન તથા શમન વિષે

ज्वरे सामे पाचनं निरामे शमन पथ्यान्नमण्डादिक च दद्यात् । पाचनलक्षण पश्चात् गुणप्रस्तावे बोद्धव्यम् ॥

पाचनशमनयोः संप्रदानकालमाह

पाययेदातुरं सामं पाचनं सप्तमे दिने । शमनेनाथवा दृष्ट्वा निरामं तमुपाचरेत् ॥
अन्यच्च । कृशं चैवाल्पदोषं च शमनीयैरुपाचरेत् ॥ ननु । लालाप्रसेको हृल्लासो हृदयाशुद्ध्यरोचकौ । तन्द्रालस्याविपाकास्यवैरस्यं गुरुगात्रता ॥ क्षुन्नाशो बहुमूत्रत्वं स्तब्धता बलवान् ज्वरः । आमज्वरस्य लिङ्गानि न दद्यात्तत्र भेषजम् ॥ भेषजं

ह्यामदोषस्य भूयो जनयति ज्वरम् ॥

भूयो बाहुल्येन ॥

अन्यच्च ॥ पाययेद्दोषहरणं मोहादामज्वरे तु यः । स सुप्तं कृष्णसर्पं तु कराग्रेण परामृशेत् ॥

इति वचनादामज्वरे भेषजनिषेधात्कथ सामे ज्वरे पाचनं देयम् ? उच्यते निरुपद्रवे सामज्वरे पाचन देयम । सोपद्रवे तु सामे भेषज निषिद्धम् तथाच वाग्भटः ।

सप्ताहात्परतोऽदुष्टे सामे स्यात्पाचनं ज्वरे । निरामे शमनं स्तब्धे सामे नौषधमाचरेत् ॥

अदुष्टे निरुपद्रवे स्तब्धे सोपद्रवे ॥

આમવાળા રોગીને સાતમે દિવસે પાચન આપવું, અને આમવગરનાને શમન આપવું. બીજે કહેલુ છે કે કૃશ તથા અલ્પ દોષવાળાને શમન આપવું. એમ કહેલુ છે કે લાળ આવતી હોય, મોળ આવે, હૃદય અશુદ્ધ હોય, અરુચિ હોય, ઘેન, આળસ, અવિપાક, મુખમાં વિરસતા, ગાત્રો ભારે હોય, ભૂખ ન લાગતી હોય, બહુ મૂત્ર થતુ હોય, સ્તબ્ધતા હોય, અને જ્વર બળવાન્ હોય, તો એ આમ જ્વર કહેવાય છે, તેમાં દવા આપવી નહિ, કેમકે આમવાળાને દવાથી જ્વર બહુ વધે છે વળી કહ્યુ છે કે આમજ્વરમાં જે મોહથી દોષ હરણ ઔષધ પાય છે, તો તે સૂતેલો કાળો સર્પ જગાડે છે. આ ઉપરથી આમજ્વરમા ઔષધ ન આપવુ એ સિદ્ધ થાય છે, તેમ છતાં પાચન દેવાનુ કેમ કહ્યુ? એ શકાનુ સમાધાન એ કે જો આમજ્વર ઉપદ્રવ રહિત હોય તો પાચન આપવુ, નહી તો નહી. વાગ્ભટ કહે છે કે જો આમ દુષ્ટ ન હોય તો જ સાતમે દિવસે જ્વરમા પાચન દેવું, નિરામમા શમન દેવું, અને સામ સ્તબ્ધ હોય તો ઔષધ આપવુંજ નહિ.

સામાન્ય જ્વરમાં પાચન ક્વાથ.

નાગરાદિ ક્વાથ.

अथ सामान्यज्वरे पाचनकषायमाह सुश्रुतः

नागरं देवकाष्ठं च धामकं बृहतीद्वयम् । दद्यात्पाचनकं पूर्वं ज्वरितेभ्यो ज्वरापहम् ।

धामक रोहिष तदलाभादुशीरं दद्यात् । बृहतीद्वय बृहत्फला बृहती सूक्ष्मफला क्षुद्रा बृहती वेति कण्टकारीद्वयं दद्यात् कण्टकरीद्वय शुण्ठी धामक सुरदारु चेति शार्ङ्गधरेणोक्तत्वात् ॥ नागादिः क्वाथ ॥

સામાન્ય જ્વરમાં સુશ્રુતે નીચેનો નાગરાદિ ક્વાથ પાચન માટે આપવાનો કહેલો છે—"સૂંઠ, દેવદાર, રોહિષ, ઉભી ભોંપરીંગણી અને બેઠી ભોંયરીંગણી" એનો ક્વાથ પાચન છે, તે નવા જ્વરવાળાને આપવાથી તાવ જાય છે શારંગધરે પણ એજ પાચ ચીજોનો ક્વાથ આપવાનું કહેલું છે રોહીષ ન મળે તો તેને બદલે વાળો નાંખવો.

સર્વ જ્વરોમાં સામાન્ય સંશમનો.

सर्वज्वरेषु सामान्यतः संशमनीयान्याह सुश्रुतः ।

अथ संशमनीयानि कषायाणि निबोध मे । सर्वज्वरेषु देयानि यानि वैद्येन जानता ॥ हृवीकबिल्ववर्षाभूः पयः सोदकमेव च । पचेत् क्षीरावशेषं तत् पेयं सर्वज्वरापहम् ॥

वृश्चीक श्वेतपुनर्नवा वर्षाभु रक्तपुनर्नवा तथा च मदनपाल ।

पुनर्नवाः श्वेतमूलो वृश्चीको दीर्घपत्रकः।
पुनर्नवाऽपरा रक्ता वर्षाभू रक्तपुष्पकः ॥

સુશ્રુત કહેછે કે—"હવે સશમનીય ક્વાથો મારી પાસેથી સાભળો ધોળી સાટોડી, બીલી, રાતી સાટોડી, દૂધ અને પાણી, એને પકવતાં દૂધ માત્ર રહે તે સર્વ જ્વરોમાં જ્વર હરવા માટે પાવુ." "ધોળી સાટોડીનું મૂળ ધોળુ હોય છે અને તેને પુનર્નવા અને વૃશ્ચીક તથા દીર્ઘપત્રક કહે છે. બીજી રાતી સાટોડી હોય છે તેને વર્ષાભૂ તથા રક્તપુષ્પા પણ કહે છે " એમ મદનપાલમાં કહેલું છે.

દૂધ પકવવા વિષે.

पाकप्रकारमाह ।

क्षीरमष्टगुणं द्रव्यात् क्षीरान्नीरं चतुर्गुणम् । क्षीरावशेषं पातव्यं क्षीरपाके त्वयं विधिः ॥

द्रव्यात्पलपरिमितात् अन्यच्च ॥

उदकाद्द्विगुणं क्षीरं शिंशिपाशीरमेव च ।
तत् क्षीरशेषं क्वथितं पेयं सर्वज्वरापहम् ॥

દ્રવ્યથી દૂધ આઠ ગણુ, અને દૂધથી પાણી ચોગણું લેવુ બળતા દૂધ માત્ર રહે તે પાવું, એમ ક્ષીરપાકનો વિધિ છે બીજા એમ પણ કહે છે કે–પાણીથી બમણુ દૂધ, તથા તેમાં સીસમ અને વાળો નાંખી પકાવતાં દૂધ માત્ર રહે તે પીવાથી સર્વ જ્વરો મટી જાય છે.

ગુડુચ્યાદિ ક્વાથ.

गुडूची धान्यकारिष्टं पद्मकं रक्तचन्दनम् ।

एषा क्वाथः सुप्रसिद्धः सर्वज्वरहरः स्मृतः ।
दीपनो दाहहृल्लासतृष्णाछर्द्यरुचिर्हरेत् ।

ગળો, ધાણા, લીમડો, પદ્મક અને રતાંજળીનો ક્વાથ સર્વ જ્વરને હરનારો પ્રસિદ્ધ છે તે દીપન છે, તથા દાહ, મોળ, તરશ, ઉલટી અને અરુચિને હણે છે.

શોધન વિષે.

संशोधनं तरुणज्वरे निषिद्धम् तदाह सुश्रुतः-

छर्दिमूर्छामदश्वासभ्रमतृड्विषमज्वरान् ।
संशोधनस्य पानेन माप्नोति तरुणज्वरी ॥

निषिद्धमपि सशोधनमवस्थाविशेषे देयम् ।

यत आह—

रोगे शोधनसाध्ये तु यं विद्याद्दोषदुर्बलम् ।
तं समीक्ष्य भिषक्कुर्याद्दोषमप्यावनं मृदु ॥

शोधनसाध्यरोगमाह—

सद्योज्वरे विषेऽजीर्णे मन्देऽग्नावरुचौ तथा ।
स्तन्यरोगे च हृद्रोगे कासश्वासेषु वामयेत् ॥
जीर्णज्वरगरछर्दिगुल्मप्लीहोदरेषु च । शूले शोथे मूत्रघाते क्रिमिरोगे विरेचयेत् ॥

दोषदुर्बल दोषैरुपाचितैर्दुर्बल न तूपवासादिकृतम् । अत एव समीक्ष्येति । अन्यच्च ।

चले दोषे मृदौ कोष्ठे नेक्षेत् तत्र बलं नृणाम् । आव्यापद्दुर्बलस्यापि शोधनं हि तदा भवेत् ॥

कुतो बल नापेक्षणीयमित्याशङ्कायामाह । तदा तस्यामवस्थायां शोधने दुर्बलस्यापि दोषदुर्बलस्यापि अव्यापद्भवेत् । छर्द्यादिव्याधिकृन्न भवतीत्यर्थ. । बलवत पुरुषस्य पक्वस्य दोषस्य स्वस्थानास्थितस्य शोधनाविधाने दोषमाह सुश्रुतः ।

पक्कोऽप्यनिर्हृतो दोषो देहे तिष्ठन्महात्ययम् । विषमं वा ज्वरं कुर्याद्बलव्यापदमेव वा ॥

लङ्घनाम्बुपानपेयादिभि पक्कोपि दोषोऽनिर्हृत अधोमार्गेणानुत्सृष्ट महात्यय विषम ज्वर चातुर्थिक तस्यैव महात्ययत्वादिति गदाधर. । गम्भीरमिति कार्तिकः । महात्यय महाकष्ट वा बलव्यापद बलक्षयम् ।

તરુણ જ્વરમા શોધન દવા આપવાથી ઉલટી, મૂર્છા, મદ, શ્વાસ, ભ્રમ, તૃષા, અને વિષમજ્વર થાયછે, આમ છે તોપણ રોગી દોષોની વૃદ્ધિથી ઘણો પીડાતો હોય અને રોગ શોધન વિના મટે તેમ ન હોય તો વૈદ્યે ધીરેથી દોષોને સ્થાનભ્રષ્ટ કરવા જોઇએ. તુરતનો જ્વર, વિષ, અજીર્ણ, મહાગ્નિ, અરુચિ, સ્તનના રોગ, હૃદ્રોગ, ઉધરસ, અને શ્વાસમાં ઉલટી આપવી. જીર્ણજ્વર, વિષ, ઉલટી, ગોળો (ગુલ્મ), પ્લીહોદર, શૂળ, સોજા, મૂત્રાઘાત અને કૃમિરોગમા વિરેચન આપવુ દોષ ચલિત હોય, અને કોઠો મૃદુ હોય, તો નબળાઇ હોય તોપણ શોધન આપવું. કેમકે એવી સ્થિતિમાં વૃદ્ધિ પામેલા દોષવાળાને શોધન દવા દેવાથી ઉલટી વગેરે રોગ થતા નથી. બળવાન્ માણસના પાકેલા દોષ સ્વસ્થાને હોય તેનુ સશોધન ન કરે તો બીજા દરદ પેદા થાય છે. સુશ્રુત કહેછે કે-લઘનથી, જળ પીવાથી તથા પેયા વગેરેથી દોષ પાકેલા છતાં વિરેચન આપી કાઢી નાખવામાં ન આવે તો તે શરીરમા રહીને મહાત્યય, વિષમજ્વર અથવા બળનો ક્ષય કરેછે. મહાત્યય એટલે હાનિકારક ચાતુર્થિક-જ્વર (ગદાધર), ગભીર ઊંડો તાવ (કાર્તિક) અથવા મોટુ કષ્ટ.

સંશોધન-આરગ્વધાદિ ક્વાથ.

संशोधनमाह ।

आरग्वधग्रन्थिकमुस्ततिक्ताहरीतकीभिः क्वथितः कषाय । सामे सशूले कफवातपित्ते ज्वरे हितो दीपनपाचनश्च ॥

इति आरग्वधादि क्वाथ. । अन्यच्च ।

पथ्यारग्वधतिक्तात्रिवृदामलकैः शृतं तोयम् । पाचनसारकमुक्तं मुनिभिर्जीर्णज्वरे सामे ॥

इति आरोग्यपञ्चकद्वयम् ।

अनन्तां बालकं मुस्तं नागरं कटुरोहिणीम् । पिष्ट्वा सुखाम्बुना कल्कं पाययेदक्षसंमितम् ॥ कल्कः स्वल्पेन कालेन हन्यात्सर्वज्वरामयान् । विदध्यात्कोष्ठसंशुद्धिं दीपयेच्च हुताशनम् ॥

अनन्ता सारिवा । इति सारिवादिकल्क ॥

ગરમાળો, પીપળીમૂળ, મોથ, કડુ અને હરડેનો ક્વાથ આમસહિત શૂળ, કફ, વાત, પિત્ત જ્વરમાં હિતકર તથા દીપન અને પાચન છે.

આરોગ્ય પંચક ક્વાથ

હરડે, ગરમાળો, કડુ, નસોતર અને આમળાનો ક્વાથ આમસહિત જીર્ણજ્વરમાં મુનિઓએ પાચન અને સારક કહેલો છે

સારિવાદિ કલ્ક.

ઉપલસરી, વાળો, મોથ સૂંઠ, કડુ, એને ઉના પાણીમા વાટીને એક તોલા જેટલું પીવુ. આથી થોડા વખતમાજ સર્વ

જ્વરો નાશ પામે છે, કોઠો શુદ્ધ થાય છે અને અગ્નિનું દીપન થાય છે

સંશોધન તથા સશમન ન આપવા વિષે.

संशोधनं संशमनं च येषां निषिद्धं तानाह—

पीताम्बुर्लङ्घनक्षीणोऽजीर्णो भुक्तः पिपासितः । न पिबेदौषधं जन्तुः संशोधनमथेतरत् ॥

पीताम्बु पीततिक्ताम्बु भुक्तो भुक्तवानित्यर्थः । अत्राध्यवसितादित्वात्कर्त्तरि क्तप्रत्यय. । इतरत् सशमनम् ।

કડવાં પાણી પીધેલાએ, લઘનથી ક્ષીણ થયેલાએ, અજીર્ણવાળાએ, જમેલાએ અને તરશ્યાએ સશોધન કે શમન દવા પીવી નહિ.

સુદર્શન ચૂર્ણ

सुदर्शनचूर्णम् ।

त्रिफला रजनीयुग्मं कण्टकारीयुगं शटी । त्रिकटु ग्रन्थिकं मूर्वा गुडूची धन्वयासकः ॥ कटुका पर्पटो मुस्तं त्रायमाणा च वालकम् । निम्बः पुष्करमूलं च मधुयष्टी च वत्सकः ॥ यवानीन्द्रयवो भार्गी शिग्रुबीजं सुराष्ट्रजा । वचात्वक्पद्मकोशीरचन्दनातिविषाबलाः ॥ शालिपर्णी पृष्ठिपर्णी विडङ्गं तगरं तथा । चित्रकं देवकाष्ठं च चव्यं पत्रं पटोलकम् ॥ जीवकर्षभकौ चैव लवङ्गं वंशलोचनम् । पुण्डरीकं च काकोलीपत्रकं जातिपत्रकम् ॥ तालीसपत्रमेतानि समभागानि चूर्णयेत् । अर्धांशं सर्वचूर्णस्य किरातं प्रक्षिपेत्सुधीः ॥ एतत्सुदर्शनं नाम चूर्णं दोषत्रयापहम् । ज्वरांश्च निखिलान्हन्ति नात्र कार्या विचारणा ॥ दोषजागन्तुकांश्चापि धातुस्थान् विषमज्वरान् । सन्निपातोद्भवांश्चापि मानसानपि नाशयेत् ॥ शीतादीनपि दाहादीन्मेह तन्द्रां भ्रमं तृषाम् । कासं श्वासं च पाण्डुं च हृद्रोगं कामलामपि ॥ त्रिकपृष्ठकटीजानुपार्श्वशूलं निवारयेत् । शीताम्बुना पिबेदेतत्सर्वज्वरनिवृत्तये ॥ सुदर्शनं यथा चक्रं दानवानां विनाशनम् ॥ तथा ज्वराणां सर्वेषां चूर्णमेतत्प्रणाशनम् ॥

पुष्करमूलाभावे तु कुष्टमपि दद्यात् । भार्ग्यभावे कण्टकारीमूलम् । सौराष्ट्र्यभावे स्फटिका दद्यात् ॥ तगरालाभे कुष्ट देय जीवकर्षभयोरलाभे विदारीकन्दस्य भागद्वय दद्यात् । पुण्डरीक श्वेतकमल काकोल्यभावे अश्वगन्धामूल तालीसपत्रकाभावे स्वर्णताली प्रदीयत इति । अथवा कण्टकारी जटा देया ॥ इति सुदर्शनचूर्णम् ।

ત્રિફળાં, હળદર, દારુહળદર, ઉભી તથા બેઠી ભોરીંગણીઓ, કચૂરો, સૂંઠ, મરી, પીપર, પીલુડી, પીપરીમૂળ, ગળો, ધમાસો, કડુ, ખડસલિયો, મોથ, ત્રાયમાણુ, વાળો, લીમડો, એરડાનું મૂળ, જેઠીમધ, ઇંદ્રજવ, કડાછાલ, અજમો, ભારંગી, સરગવાના બીજ, સોરઠી માટી, વજ, તજ, પદ્મકાષ્ઠ, કાળોવાળો, સુખડ, અતિવિષની કળી, નાગબલા, મોટો સમરવો, નાનો સમેરવો, વાવડીંગ, તગર, ચિત્રક, દેવદાર, ચવક, તમાલપત્ર, પરવળ, જીવક, ઋષભક, લવીંગ, વંશલોચન, ધોળું કમળ, કાકોલીનાં પાંદડાં,

જાવંત્રી અને તાલીસપત્ર, એ સર્વ સમભાગે લેઇ ચૂર્ણ કરવું એ સર્વ ચૂર્ણનાથી અડધો-અરધ તેમાં કરિયાતું મેળવવું. આ સુદર્શન નામનું ચૂર્ણ સર્વ દોષોને હરનારૂં છે. તે સર્વ જવરોને હણે છે તેમા સંશયજ નથી. દોષજ, આંગતુજ ધાતુઓમા રહેલા, અને વિષમજવરો, સનિપાતજવરો, અને માનસજવરોનો પણ તે નાશ કરે છે. શીતાદિ, દાહાદિ, પ્રમેહ, તદ્રા, ભ્રમ, તૃષા, ઉધરસ, શ્વાસ, પાંડુરોગ, હૃદ્રોગ, કમળો, ત્રિકશૂળ, પૃષ્ઠશૂળ, કટિશૂળ, પાર્શ્વશળ, ગોઠણનુંશૂળ એ સર્વ મટાડે છે સર્વ જવરની નિવૃત્તિ અર્થે એ ચૂર્ણ ટાઢા પાણીમાં પીવું જેવી રીતે સુદર્શન ચક્ર દાનવોના વિનાશરૂપ છે તેવી રીતે આ ચૂર્ણ સર્વ જવરોના વિનાશરૂપ છે એરડાનુ મૂળ ન મળે તો તેને બદલે કઠ, ભારગીને બદલે ભોંરીંગણીનાં મૂળ, સોરઠી માટીને બદલે ફટકડી, તગર ન મળે તો કઠ, તાલીસપત્ર ન મળે તો સ્વર્ણતાલી અથવા ભોંયરીંગણીના મૂળ, જીવક તથા ઋષભકને બદલે વિદારીકદના બે ભાગ અને કાકોલીને બદલે આસોંદનુ મૂળ નાખવુ

લિંબાદિ ચૂર્ણ.

निम्बपत्रवरोव्योषजवानीलवणत्रयम् । क्षारो दिग्वह्विरामेषु त्रिनेत्रक्रमशोंऽशकान् ।। सर्वमेकीकृतं चूर्णं प्रत्यूषे भक्षयेन्नरः । एकाहिकं द्व्याहिकं च तथा त्रिदिवसज्वरम् ।। चातुर्थकं महाघोरं सततं सन्ततं तथा । धातुस्थं च त्रिदोषोत्थं ज्वरं हन्ति न संशयः ।।

લીમડાનાં પાન ૧૦ ભાગ, ત્રિફળા ૩ ભાગ, ત્રિકુટ ૩ ભાગ, અજમો ૫ ભાગ, સૈંધવ, સંચળ બિડલૂણ ૩ ભાગ, જવખાર ૨ ભાગ, આ સર્વનુ ચૂર્ણ પ્રાતઃકાળમા ખાવું એથી એકાતરો, તરિયો, રોજિયો, ચોથિયો, અને મહાઘોર સતત અને સતત જવરો, ધાતુગતજવરો. અને ત્રિદોષજવરો અવશ્ય હણાયછે, એમાં સશય નથી.

શટયાદિ કવાથ.

शटी निशाद्वयं दारु शुण्ठी पुष्करमूलकम् । एला गुडूची कटुका पर्पटश्च यवासकः ।। शृङ्गी किराततिक्तं च दशमूली तथैव च । क्वाथमेषां पिबेत् कोष्णं सिन्धुचूर्णयुतं नरः।। ज्वरान् सर्वान् द्रुतं हन्ति नात्र कार्या विचारणा । अनुभूतमिदम् ।

કચૂરો, હળદર, દારુહળદર, દેવદાર, સૂઠ એરડાનુ મૂળ, એળચી, ગળો, કડુ, ખડસલિયો, જવાસો કાકડાશીંગી, કરિયાતું, અને દશમૂળ, એઓનો કવાથ કરી થોડોક ઉનો રહે ત્યારે સૈંધવ નાંખીને પીવાથી સર્વ જવરો એકદમ હણાઇ જાય છે, તેમાં સશય નથી. આ કવાથનો અમે અનુભવ કરેલો છે

હરિતકયાદિ ગુટિ.

हरितकी त्रिवृद्दारकाणां पृथग्भवेत् । पलद्वयं कणा शुण्ठी गुडूची गोक्षुरी वरी ।। सहदेवी विडङ्गं च प्रत्येकं पलसम्मितम् । मधुना वटिकां कृत्वा खादेज्ज्वरमपोहति ।। कासं श्वासं मलस्तम्भं वह्निमान्द्यं नियच्छति । अनुभूतम् ।

હરડે, નસોતર, ને વરધારો, એ દરેક

આઠ આઠ તોલા, પીપર, સૂંઠ, ગળો, ગોખરૂ, શતાવરી, ખપાટ, અને વાવડીંગ, એ દરેક ચાર ચાર તોલા; એની મધમાં ગોળી વાળીને જ્વર મટાડવાને ખાવી. તેથી ઉધરસ, શ્વાસ, મલસ્તંભ, અગ્નિમાંદ્ય, એ સર્વ મટેછે. આ ગોળી અનુભવેલી છે.

લાક્ષાદિ તૈલ

लाक्षा दशाक्षा त्वरुणा षडक्षा सचन्दनं लोहितचन्दनं च ॥ त्वक्पत्रकं वारिसुरा समुस्ता प्रत्येकमेतानि पलोन्मितानि ॥ किराततिक्तास्त्रिवृता सतिक्ताऽमृताकणापर्पटकण्टकार्यः । विडङ्गविश्वामलकानि वासारसानिशात्रीरणसिन्दुवाराः ॥ एतानि देयानि पृथक्पलार्धमानानि सर्वाणि च भेषजानि । कल्कानमीषां विदधीत गव्यदुग्धेन वै सार्धतुलामितेन ॥ तैलं तिलानां तु तुलानुमानं तेनैव कल्केन शनैः पचेच्च । हन्याज्ज्वरांस्तैलमिदं समस्तान् कुर्यात् बलं वीर्यमतीव पुष्टिम् ॥ विमर्दनादाशु परिश्रमं भ्रमं श्रमं नयेत्संजनयेत् द्युतिं तनोः । तथा व्यथामस्थिसमुद्भवामपि प्रहृत्य निद्रां समुपार्जयेत्सुखम् ॥ अरुणा मञ्जिष्ठा । वारि वालम् । रसारास्ना इति लाक्षादि तैलम् ।

લાખ તોલા ૧૦, મજીઠ તોલા ૬, સુખડ અને રતાંજળી ચાર ચાર તોલા, તજ, તમાલપત્ર, વાળો, સુરામાંસી, મોથ, એ દરેક પણ ચાર ચાર તોલા, કરિયાતું, નસોતર, કડુ, ગળો, પીપર, ખડસલિયો, બેઠી ભોરીંગણી, વાવડીંગ, અતિવિષ, આમળાં, અરડૂસી, રાસ્ના, હળદર, વાળાનું મૂળ, નગડ, એ દરેક બે બે તોલા, આ સર્વ ઔષધોના કલ્ક સહિત ૬૦૦ તોલા ગાયના દૂધને ૪૦૦ તોલા તેલમાં પકવવુ એ તેલ સર્વ જ્વરોને હણેછે, તથા બળ, વીર્ય, અને અત્યંત પુષ્ટી આપેછે. શરીરે ચોળવાથી શ્રમ અને ભ્રમ ટળે છે, તથા શાંતિ મળીને શરીરની કાંતિ વધે છે. હાડકામાંની પીડા મટેછે, અને નિદ્રા આવીને સુખ મળેછે.

બીજું લાક્ષાદિ તૈલ.

लाक्षारससमं तैलं तैलान्मस्तु चतुर्गुणम् । अश्वगन्धनिशादारुकौन्तीकुष्ठाब्दचन्दनैः ॥ समूर्वारोहिणीरास्नाशताह्वमधुकैः समैः सिद्धं लाक्षादिकं नाम तैलमभ्यञ्जनादिना ॥ सर्वज्वरक्षयोन्मादश्वासापस्मारवातनुत् । यक्षराक्षसभूतघ्नं गर्भिणीनां च शस्यते ॥

मस्तु दधिजलम् । कौन्ती रेणुका चन्दनमत्र श्वेतमेव न तु रक्तम् । रोहिणी कटुका ; इति लाक्षादि ।

લાખના રસ જેટલુંજ તેલ, અને તેલથી ચોગણો મસ્તુ એટલે દહીંનુ પાણી લેવુ. પછી આસોંદ, હળદર, દેવદાર, મેંદીનાં બીજ, કઠ, મોથ, ચંદન, મોરવેલ, કડુ, રાસ્ના, શતાવરી, મહુડાં, એ સર્વ સમભાગે લેઇ તેલ પકવવું. એ તેલનો અભ્યંગ કરવાથી સર્વ જ્વરો, ક્ષય, ઉન્માદ, શ્વાસ, અપસ્માર, અને વાયુ મટેછે. યક્ષ રાક્ષસ, અને ભૂતને હણેછે, વળી આ તેલ ગર્ભિણી સ્ત્રીને પણ હિતકારી છે.

ત્રીજું લાક્ષાદિ તૈલ.

लाक्षा हरिद्रा मञ्जिष्ठा फेनिलं मधुकं

बला । लामज्जकं चन्दनं च चम्पकं नीलमुत्पलम् ।। प्रत्येकमेषां षण्मुष्टीः पक्त्वा तोये चतुर्गुणे । चतुर्भागावशेषे तु गर्भे चैतत्समावयेत् ।। रेणुका पद्मकं चैव वाजिगन्धा तथैव च । वेतसं चीरकं कुष्टं देवदारुनखं त्वचम् ।। शतपुष्पा पुण्डरीकं मांसी मधुकमेव च । एभिरक्षामितः कल्कैः कषायेणैव पेषितैः ।। मस्तुशुक्तारनालाना-माढकांशं समावयेत् । क्षीराढकसमायुक्तं तैलमस्थं विपाचयेत् ।। अभ्यङ्गात्तैलमेतद्धि क्षिप्रं दाहमपोहति । व्यपोहति तथा वातपित्त श्लेष्मभवज्वरम् ।। सप्रलापं सतृष्णं च तालुशोषभ्रमान्वितम् । ग्रहोपसृष्टा ये बाला रक्षः संदूषिताश्च ये ।। तेषां कष्टं प्रशमयेत्तैलं लाक्षादिकं महत् ।।

फेनिल बदरी । लामज्जकमुशीरवत्पीतछवितृणविशेष ।। लामज्जक यदा न स्यादुशीर दीयते तदा । चम्पकमित्यस्य स्थाने कुत्रापि गैरिकमिति पाठ. ।। नीलोत्पलस्यालाभे तु कुमुद देयमिष्यते । समावयेत्प्रक्षिपेदित्यर्थ. । चीरक ग्रन्थिपर्णस्य भेदो माटिउर इति नैपालदेशे भवति । तदलाभे ग्रन्थिपर्णं देयम् । पुण्डरीकं श्वेतकमलम् । मस्तु दधिजलम् । शुक्त सन्धानभेदः । आरनाल सोऽपि सन्धानभेद ।। इति महालाक्षादितैलम् ।।

લાખ, હળદર, મજીઠ, બોર, મહુડાં, નાગબલા, લામજ્જક, ચંદન, ચંપો અને નીલ કમળ, એ દરેક ૨૪ તોલા પ્રમાણે લેઈ કલ્ક કરી તેથી ચોગણા પાણીમાં પકવવાં. ચોથો ભાગ પાણી રહે એટલે તે પાણી ગાળીને રાખી મૂકવું પછી મેંદી, પદ્મકાષ્ઠ, આસોંદ, નેતર, તગર, કઠ, દેવદાર, નખલો, તજ, સૂવા, પુંડરીક (ધોળું કમળ), જટામાંસી, અને મહુડાં એ સર્વનાં ચૂર્ણો એક એક તોલો લેઈ તેને ઉપરના કવાથની ભાવના દેવી. પછી મસ્તુ, શુક્ત અને આરનાલ, એ ત્રણે ૨૫૬ તોલા લેઈ તેમાં વાટેલી દવા નાંખીને તેમાં ૨૫૬ તોલા દૂધ અને ૬૪ તોલા તેલ નાંખીને પકવવું. આથી સિદ્ધ થયેલુ તેલ શરીરે ચોળવાથી એકદમ દાહ મટી જાય છે વાત, પિત્ત, અને કફના જ્વરો પણ મટી જાય છે બકવા, તરશ, તાલુશોષ, અને ભ્રમ પણ મટી જાય છે. બાલગ્રહ તથા રાક્ષસની પીડાઓ પણ આ મહા લાક્ષાદિ તૈલથી મટી જાય છે. આમાં લામજ્જક ન મળે તો તેને બદલે વાળો, નીલકમળને બદલે પોયણી, ચીરકને બદલે તગર નાખવું

તરૂણ જ્વરના ઉપાયો.

ઉદક મંજરી રસ

अथ नवज्वरे रसाः ।

सूतो गन्धष्टङ्कणः सोषणश्च सर्वैस्तुल्या शर्करा मत्स्यपित्तैः । भूयो भूयो मर्दयेत्तत् त्रिरात्रं वल्लो देयः शृङ्गवेरद्रवेण । तोयं शीत व्यंजनैस्तक्रभक्त हृन्ताकाढ्यं पथ्यमेतत्प्रदिष्टम् । अह्नैवोग्रं हन्तिसद्योज्वरं तु पित्ताधिक्ये मूर्ध्नि तोयं च दद्यात् ।।

अस्य प्रक्रिया–पारद शुद्ध भाग १ गन्धक भाग १ टकण भाग १ मरिच भाग १ शर्करा भाग ४ रोहितमत्स्यपित्त भाग ४ प्रतिदिनं सर्वं दिनत्रय मर्दयेत् । रसमिमं रक्तिकात्र-

यमितमार्द्रकरसेन दद्यात् । ओदन तक्र वृन्ताकफल भोक्तु दद्यात् । व्यञ्जनार्थे शीतलमुपचारं कुर्यात् । उदकमञ्जरीरसो नवज्वरेषु सर्वेषु ॥ रसरत्नप्रदीपे ।

પારો, ગંધક, ટંકણ, મરી, એ દરેક એક એક ભાગ, સાકર અને માછલાંનાં પીત્તાં ચાર ચાર ભાગ, એ સર્વ ત્રણ રાત્રી સૂધી ખૂબ ખરલ કરવું આ રસ એક વાલ જેટલો આદાના રસમા આપવો. ઉપર ટાઢું પાણી પીવુ પંખો નાંખવો છાશ ભાત તથા રીંગણું ખાવાં તે પથ્ય છે. એથી ઉગ્ર તરૂણજ્વર તુરત એક દિવસમાં નાશ પામે છે. પિત્ત બહુ હોય તો માથે ટાઢું પાણી રેડવું આ રસ સઘળા તરૂણ જ્વરો ઉપર ચાલે છે. તે રસ રત્ન પ્રદીપ નામના ગ્રંથમાં કહેલો છે.

જ્વરધૂમકેતુ રસ

अद्यात्समं सूतसमुद्रफेनं हिङ्गूलगन्ध परिमृद्य यामम् । नवज्वरे वल्लयुगं त्रिघस्त्रमार्द्राम्भसाऽयं ज्वरधूमकेतुः ॥

अथ प्रक्रिया । पारद शुद्धगन्धक शुद्धहिङ्गूल शुद्ध समुद्रफेण समभाग सर्वयाममेकमार्द्रकरसेन समर्द्य रक्तिकाषट्कमितमार्द्रकरसेन दिनत्रय नवज्वरी भक्षयेत् । दिनत्रयान्नवज्वरो नश्येत् ॥ इति ज्वरधूमकेतु रसेन्द्रचिन्तामणौ ॥

પારો, સમુદ્રફેન, હિંગળોક, અને ગધક એ ચારે ચીજો શુદ્ધ અને સમભાગે લઇ એક પ્રહર સુધી આદાના રસમાં વાટવી. આ જ્વરધૂમકેતુ રસ બે વાલ જેટલો આદાના રસમાં તરૂણજ્વર ઉપર આપવો. આ રસ રસેંદ્ર ચિંતામણિ' ગ્રંથમાં કહેલો છે.

મહાજ્વરાંકુશ રસ

शुद्धसूतो विषं गन्धः प्रत्येकं शाणसंमितः । धूर्तबीजं त्रिशाणं स्यात् सर्वेभ्यो द्विगुणा भवेत् । हेमाह्वा कारयेदेषां सूक्ष्मं चूर्ण प्रयत्नतः ॥ जम्बीरजीरकैर्देयं चूर्ण गुञ्जाद्वयोन्मितम् । आर्द्रकस्य रसेनापि ज्वरं हन्ति त्रिदोषजम् । एकाहिकं द्व्याहिकं च त्र्याहिकं च चतुर्थकम् । विषमं च ज्वरं हन्यान्नवं जीर्णं च सर्वथा ॥ महाज्वराङ्कुशो नाम्ना रसोऽयं सर्वसंमतः ॥

प्रक्रिया । शुद्धपारद शुद्धगन्धकं शुद्धविष प्रत्येक टङ्क १ धत्तूरबीजटङ्क ३ चोकटङ्क १२ सर्वेषां चूर्णमतिसूक्ष्म कर्तव्यम । इति महाज्वराङ्कुशः सर्वज्वरेषु शार्ङ्गधरे. ॥

શુદ્ધ પારો, વછનાગ, ગધક, પ્રત્યેક (૨૪ રતિ) પા પા તોલો, ધંતુરાનાં બીજ પોણો તોલો; એ સર્વથી બમણી પીળી દારુડી; આ સર્વના સૂક્ષ્મ ચૂર્ણને બે રતી જેટલુ લીંબુ, જીરૂ, કે આદાના રસમા ખાવુ એથી ત્રિદોષ જ્વર, રોજીઓ, એકાંતરિઓ, તરિયો, ચોથિયો, વિષમજ્વર, નવો જ્વર, અને જીર્ણજ્વર અવશ્ય નાશ પામે છે આ મહાજ્વરાંકુશ નામનો રસ સર્વમાન્ય છે. તે શારગધર ગ્રથમાં કહેલો છે.

જ્વરઘ્ની વટિકા.

एको भागो रसाच्छुद्धाच्छैलेयः पिप्पली शिवा । आकारकरभो गन्धः कटुतैलेन शोधितः ॥ फलानि चेन्द्रवारुण्याश्चतुर्भागमिता अमी । एकत्र मर्दयेच्चूर्णमिन्द्रवारु-

नकारसैः । माषोन्मितां वटीं कृत्वा दद्या-त्सद्योज्वरे बुधः । छिन्ना रसानुपानेन ज्वरघ्नी वटिका मता ॥

शैलेय छर इति लोके । शिवा हरीतकी । आकारकरभ अकरकरा इति लोके । चतुर्भाग-मिता अमी शैलेयादय । षट् समुदिता भाग-चतुष्टयमिता । ज्वरघ्नी वटिका शार्ङ्गधरे ॥

એક ભાગ શુદ્ધ પારો તથા ચાર ચાર ભાગ છડછડફૂલ, પીપર, હરડે, અકલકરો, કરસીયાતેલથી શુદ્ધ કરેલો ગધક અને ચાર ભાગ ઇંદ્રવારુણીનાં ફળ મેળવીને તે સર્વને ઇંદ્રવારુણીના રસમાં વાટી એક એક માસાની ગોળીઓ કરી તરુણ જવરમાં ખાવી આ જવરઘ્ની વટિકા ઉપર ગળોના સ્વરસનું અનુપાન દેવું. (શારંગધર.)

બીજા પ્રકારની જવરઘ્ની વટિકા.

रसं गन्धं च दरदं जैपालं क्रमवर्धितम् । दन्तीरसेन संपिष्य वटी गुञ्जामिता भवे-त् ॥ प्रभाते सितया सार्धमशिता शीतवा-रेणा । एकेन दिवसेनैषा नवज्वरहरी भवेत् ॥ रसरत्नप्रदीपे ॥

પારો, ગંધક, હિંગળોક, અને નેપાળો એ દરેક અનુક્રમે એક, બે, ત્રણ, અને ચાર ભાગે લઈ તેઓને નેપાળાના મૂળના રસમા વાટીને એક રતીની ગોળી કરી પ્રભાતમાં સાકર સાથે ટાઢા પાણીમા ખાવી. તેથી તરુણ જવર એક દિવસમાં નાશ પામે છે.

નવજવરહરીવટી.

रसो गन्धो विषं शुण्ठी पिप्पली मरिचा-नि च । पथ्या विभीतकं धात्री दन्तीबीजं च शोधितम् ॥ चूर्णमेषां समांशानां द्रोण-पुष्पीरसै पुटेत् । वटीं माषनिभां कुर्याद्भ-क्षयेन्नूतने ज्वरे ॥

પારો, ગંધક, વછનાગ, સૂંઠ, પીપર, મરી, હરડાં, બેડા, આમળા, અને શુદ્ધ કરેલાં નેપાળાનાં બીજ, એ સર્વ સમભાગ ચૂર્ણને કૂબાના રસમા વાટીને એકેક માસાની ગોળી કરી તરૂણજવરમા ખાવાથી તે જવર નાશ પામે છે.

સર્વજવરચ્છેત્રીવટી

एकभागो रसो भागद्वयं शुद्धं च गन्ध-कम् । गरलस्य त्रयो भागा चतुर्भागा हि-मावती ॥ जैपालकः पञ्चभागो निम्बुद्रव-विमर्दितः कृमिघ्नप्रमिता वट्यः कार्याः सर्वज्वरच्छिदः ॥ शृङ्गवेरेण दातव्या व-टिकैका दिनेदिने । जीर्णे ज्वरे तथाऽजीर्णे सामे वा विषमे तथा ॥ ज्वरं सर्वं निह-न्त्यासौ दावो वनमिवानलः ॥

પારો ૧ ભાગ, શુદ્ધ ગધક ૨ ભાગ, વછનાગ ૩ ભાગ, પીળી દારુડી ૪ ભાગ, નેપાળો ૫ ભાગ, સર્વને લીંબુના રસમાં વાટીને વાવડીંગ જેવડી ગોળી કરીને સર્વ જવરોમા આપવી. દરરોજ એકેક ગોળી આદાના રસમાં આપવી તેથી જીર્ણજવર અજીર્ણ, આમ, વિષમજવર, અને સર્વ જવરોનો, જેમ અગ્નિ વનનો નાશ કરે છે તેમ નાશ કરે છે

(સામાન્ય જવરના ઉપાયો)

મહાજવરાંકુશ રસ.

अथ सामान्यज्वरे रसाः ।

शुद्धं सूतं विषं गन्धं धूर्तबीजं त्रिभिः स-

मम् । चतुर्णां द्विगुणं व्योषचूर्णं गुञ्जाद्वयोन्मितम् ॥ आर्द्रकस्य रसैः किंवा जम्बीरस्य रसैर्युतम् । महाज्वराङ्कुशो नाम्ना सर्वज्वरविनाशनः ॥ एकाहिकं द्व्याहिकं च त्र्याहिकं च चतुर्थकम् । विषमं वा त्रिदोषं वा ज्वरं हन्ति न संशयः

प्रक्रिया—शुद्धपारदटङ्क १ शुद्धविषटङ्क १ शुद्धगन्धकटङ्क १ धत्तूरबीजटङ्क ३ त्रिकटु प्रत्येकटङ्क ४ सर्वेषां चूर्णमतिसूक्ष्मं कर्त्तव्यम् । इति महाज्वराङ्कुश सर्वज्वरेषु ॥

શુદ્ધ પારો, વછનાગ, ગંધક, અને એ ત્રણેના જેટલાં ધતૂરાનાં બીજ એ ચારેથી બમણા સૂંઠ, મરી, પીપર, એ સર્વનું ચૂર્ણ કરી બે રતિ જેટલું આદુ કે લીંબુના રસમાં ખાવું આ મહાજ્વરાંકુશ નામનો રસ સર્વ જ્વરોનો નાશ કરનારો છે રોજિયો, એકાંતરિયો, તરિયો, ચોથિયો, વિષમજ્વર, અને ત્રિદોષ જ્વરને પણ તે બેશક હણે છે સર્વ જ્વરો ઉપર આ રસ ચાલે છે.

શ્વાસકુઠારરસ.

सूतं गन्धं विषं चैव टङ्कणं च मनःशिलाम् । एतानि टङ्कमात्राणि मरिचं त्वष्टटङ्ककम् कटुत्रयं टङ्कषट्कं खल्ले क्षिप्त्वा विचूर्णयेत् । रसः श्वासकुठारोऽयं सर्वज्वरहरः परः ॥

इति श्वासकुठारो रस । श्वासे सर्वज्वरे रसरत्नाकरे ॥

પારો, ગંધક, વછનાગ, ટંકણ, અને મનશીલ એક એક ટંક લેવાં; મરી આઠ ટંક અને ત્રિકટુ છ ટંક લેવાં, આના ચૂર્ણને શ્વાસકુઠાર રસ કહે છે, તે સર્વ જ્વરોને હણનારો છે. (રસ રત્નાકર)

જ્વરાંકુશરસ.

दारुमूखां शिखिग्रीवां रसकं च पृथक् पृथक् । टङ्कत्रयानुमानेन गृहीत्वा कनकद्रवैः ॥ मर्दयेत् त्रिदिनं कार्या वटी चणकमात्रया । मरिचैरेकविंशत्या सप्तभिस्तुलसीदलैः ॥ खादेद्वटीद्वयं पथ्यं दुग्धभक्तं सशर्करम् तरुणं विषमं जीर्णं हन्यात्सर्वज्वरं ध्रुवम् ॥

दारुमूखा दारुमुसी । शिखिग्रीवा तुत्थम् । रसक खपरिआ प्रत्येक स्यात् । टङ्क ३ धत्तुरपत्रस्य रसेन मर्दयेत् । इति ज्वराङ्कुश सर्वज्वरेषु ॥

દારૂમુખા, મોરથૂથૂ, અને ખાપરિયાને સમ ભાગે લેઇને ધતૂરાના રસમા ત્રણ દિવસ સુધી વાટીને ચણા જેવડી ગોળી કરવી. તે ગોળી એકવીસ મરીના દાણા તથા તુલસીનાં સાત પાન સાથે બે ગોળી ખાવી. દૂધ ભાત અને સાકર ખાવાં. એથી તરુણજ્વર, વિષમજ્વર, જીર્ણ જ્વર અને સર્વ જ્વરો નક્કી મટી જાય છે.

હુતાશનરસ.

नागरं कर्षमात्रं च टङ्कणं कर्षकद्वयम् मरिचं सार्धकर्षं स्याद्यावदग्धवराटकम् ॥ विषं कर्षचतुर्थांशं सर्वमेकत्र चूर्णयेत् । रसो हुताशनो नाम्ना खाद्यो गुञ्जामितो ज्वरे॥

સૂંઠ ૧ તોલો, ટંકણખાર ૨ તોલા, મરી ૧॥ તોલો, અને બાળેલી કોડી ૧॥ તોલો, અને ०॥ તોલો વછનાગ, એ સર્વનું ચૂર્ણ હુતાશનરસ કહેવાય છે, તે જ્વરમાં એક રતિ જેટલો ખાવો

જીર્ણજ્વરઘ્નીવટિકા.

शुद्धजैपालटङ्कं तु कटुकीं टङ्कद्वयोन्मितान्। गैरिकं टङ्कमेकं च कन्या नीरेण मर्द्दयेत् ॥ कलायसदृशी कार्या वटिकाता च भक्षयेत् शीतलेन जलेनैव वटी जीर्णज्वरापहा ॥

એક ટંક નેપાળો શુદ્ધ, બે ટંક કડું, ગેરૂ એક ટંક, એમને કુંવારના રસમા વાટીને વટાણા જેવડી ગોળી કરી ટાઢા પાણીમાં ખાવાથી જીર્ણ જ્વર મટે છે

રવિસુંદરરસ

द्विभागतालेन हतं च ताम्रं रसं च गन्धं च समीनमायु। विषं समं च द्विगुण च ताम्रं त्रिःसप्तवारेण दिवाकरांशौ ॥ विमर्द्य चारिष्टरसेन चूर्णं गुञ्जैकदत्तं सितया समेतम्। ज्वराङ्कुशोऽयं रविसुन्दराख्यो ज्वरान्निहन्त्यष्टविधान् समस्तान् ॥

अस्य प्रक्रिया। पाराटङ्क १ गन्धटङ्क १ विषटङ्क २ द्विगुणतालकहतताम्रटङ्क २ रोहूमत्स्यकैपित्तटङ्क १ सर्वमेकत्र चूर्णयित्वा निंबपत्ररसैर्भावयित्वा २१ उष्णे सशोष्य रक्तिकामात्र १ श्वेतशर्करया भक्षणीयम्। इति सर्वज्वरं रविसुन्दरो रस ॥

બેવડી હરતાળથી મારેલ ત્રાંબુ બે ભાગ અને પારો, ગંધક, મત્સ્યપિત્ત, અને વછનાગ એકેક ભાગ, એમના ચૂર્ણને લીમડાના પાનના રસની ભાવનાઓ દેઈને એકવીસવાર સૂર્યના તડકામા સૂકવવું તેમાથી એક રતિ ભાર ચૂર્ણ સાકર સાથે લેવુ આ રવિ સુંદર નામનો જ્વરાંકુશ આઠે પ્રકારના સર્વ જ્વરોને હણી નાખે છે

કજ્જલી

शुद्धं सूतं तथा गन्धं खल्वे तावद्विमर्द्दयेत् सूतं न दृश्यते यावत्किन्तु तत्कज्जलं भवेत् ॥ एषा कज्जलिका ख्याता बृंहणी वीर्यवर्धिनी। नानानुपानयोगेन सर्वव्याधिविनाशिनी ॥

શુદ્ધ પારો તથા ગંધક, સમાન લેઇને ખરલમાં વાટતા પારો ન દેખાય અને કાજળ જેવુ થઇ જાય તે કજ્જળી કહેવાય છે તે કજ્જલિકા પૌષ્ટિક અને વીર્ય વધારનારી છે નાના પ્રકારના અનુપાનોના યોગોથી તે સર્વ રોગને મટાડનારી છે (રસ રત્ન પ્રદીપ)

રસપર્પટી.

जपापत्ररसेनाथ वर्धमानरसेन च। भृङ्गराजरसेनापि काकमाच्या रसेन च ॥ रसं संशोधयेत्तेन तत्समं शोधयेद्बलिम्। भृङ्गराजरसैः पिष्ट्वा शोषयेदर्करश्मिभिः ॥ सप्तधा वा त्रिधा वापि पश्चाच्चूर्णं तु कारयेत्। चूर्णयित्वा समं तेन रसेन सह मर्द्दयेत् ॥ नष्टमूतं यदा चूर्णं भवेत्कज्जलसन्निभम्। निर्धूमबदराङ्गारे द्रवीकुर्यात्म-

यत्नतः ॥ तत्र तं महिषीविष्ठास्थापिते कदलीदले । निक्षिपेत्तदुपर्यन्यत्पत्रं दत्त्वा प्रपीडयेत् । शीतलं च ततः पत्रात्समुद्धृत्य विचूर्णयेत् । एवं सिद्धा भवेद्व्याधिघातिनी रसपर्पटी ज्वरादिव्याधिभिर्व्याप्तं विश्वं दृष्ट्वा पुरा हरः । चकार कृपया युक्तः सुधावद्रसपर्पटीम् । रक्तिकासंमिता तावद् भ्रष्टजीरकसंयुताम् । गुञ्जार्धभ्रष्टहिङ्ग्वाढ्यां भक्षयेद्रसपर्पटीम् । रोगानुरूपभैषज्यैरपि तां भक्षयेद् बुधः । पिबेत्तदनु पानीयं शीतलं चुलकत्रयम् ॥ प्रत्यहं तस्य चैकैका रक्तिकां वर्धयेद्भिषक् । नाधिकां दशगुञ्जातो भक्षयेत्तां कदाचन ॥ एकादशदिनारम्भात्तां तथैवापकर्षयेत् । एवमेता समश्नीयान्नरो विंशतिवासरान् ॥ शिवं गुरूंस्तथा विप्रान् पूजयित्वा प्रणम्य च । श्रद्धया भक्षयेदेतां क्षीरमांसरसाशनः॥ ज्वरं च ग्रहणीं वापि तथातीसारमेव च । कामलां पाण्डुरोगं च शूलप्लीहजलोदरम् । एवमादीन् गदान्हत्वा हृष्टः पुष्टश्च वीर्यवान् ॥ जीवेद्वर्षशतं साग्रं वलीपलितवर्जितः॥

જાસુદનાં પાન, ધોળા એરંડાનાં પાના ભાંગરો, પીલુડી, એમનાં પાનોનાં રસોથી પારાને શુદ્ધ કરવો. પછી ભાંગરાના રસમાં પારા જેટલાજ ગંધકને વાટીને તડકે સૂકવવો એમ સાત કે ત્રણવાર કરીને તેનુ ચૂર્ણ કરવું પછી તે બનેની ઉપર પ્રમાણે કજ્જલી કરવી. તેને ધૂમાડા વગરના બોરડીના અંગારામાં પ્રયત્નથી દ્રવરૂપ કરવું. તેને ભેંશના છાણ ઉપર કેળનુ પાન પાથરીને તે ઉપર નાંખી ઉપર બીજું કેળનુ પાન મૂકી દબાવવું, શીતળ થઇ જાય એટલે તે ચૂર્ણને લેઇ લેવું. એ રસ પર્પટી સિદ્ધ થઇ કહેવાય છે, અને તે સર્વ રોગોનો નાશ કરનારી છે. પૂર્વે જગતને જ્વર વગેરે રોગોથી ઘેરાયલું જોઇને કૃપાળુ-શંકરે આ રસ પર્પટી બનાવી છે એક રતિભાર આ રસ પર્પટીમાં અરધી અરધી રતિભાર શેકેલું જીરૂ તથા શેકેલી હિંગ મેળવીને તે ખાવી. તે તે રોગોને યોગ્ય અનુપાનોમાં પણ ખવાય છે અને ઉપર ટાઢું પાણી પીવું. વૈદ્યે હમેશાં આ રસ પર્પટીની એક એક રતિ વધારતાં જવી દશ રતિથી વધારે તો કદી પણ ખાવી નહિ જ. અગીયારમે દિવસેથી પાછી એક એક રતિ ઊતરતાં જવી. એ રીતે વીશ દિવસ સુધી તે ખાવી, શંકર, ગુરૂઓ, તથા વિપ્રોનું પૂજન કરીને પ્રણામ કરીને શ્રદ્ધાથી તે ખાવી અને ઉપર દૂધ તથા માંસરસ ખાવાં આ પર્પટી ખાવાથી જ્વર, સંગ્રહણી, અતિસાર, કમળો પાંડુરોગ, શૂળ બરલ, જળોદર એ વગેરે રોગો મટી જઈને હૃષ્ટપુષ્ટ તથા વીર્યવાન્ થઈ સો વર્ષ સુધી જીવે છે, અને વળિયાં પળિયાં મટી જાય છે.

જ્વરવાળાને અન્ન દેવાવિષે

अथ ज्वरिणोऽन्नदानसमयस्तत्र चरकः ।

क्षुत्सम्भवति पक्वेषु रसदोषमलेषु च । काले वा यदि वाऽकाले सोऽन्नकाल उदाहृतः ॥ अन्यच्च । आमे पाकं गते नृणां यदा भोजनलालसा । भवेत्काले ह्यकाले वा सोऽन्नकाल उदाहृतः ॥

तत्र कालमाह । ज्वरस्य पाकावस्थान्नदानकाल. । ज्वरस्य पाककालश्च

वातिकः सप्तरात्रेण दशरात्रेण पैत्तिकः।
श्लेष्मिको द्वादशाहेन ज्वरः पाकमुपैति हि॥

ज्वरस्य पाक उपशमः ज्वरपाकेनैव रसपाको दोषपाकोऽपि कथितो यथा ॥ दोषपाकं विना ज्वरपाको न भवति रसपाकं विना दोषपाकश्च न भवति । ननु यथा पैत्तिकज्वरो दशाहोरात्रेण पाकं याति ॥ एकादशादिनेऽन्नं दीयते । तथा श्लेष्मिको ज्वरो द्वादशाहोरात्रेण पाकं याति। त्रयोदशे दिवसेऽन्नं दीयते । तथा वातिकोऽपि ज्वरः सप्ताहोरात्रेण पाकं याति अष्टमे दिवसेऽन्नं कथं न दीयते । कथं सप्तम एव दिवसेऽन्नं दीयते इति । उच्यते ॥

कफपित्ते द्रवेधात् सहेते लङ्घनं बहु ।
आमक्षयादूर्ध्वमपि वायुर्न सहते क्षणम् ॥

इति वचनादामरसपाके जाते आहारलाभं विना वायुः क्षणमात्रमपि सोढुं न शक्नोति स आशुकारित्वात् क्षणादाक्षेपकादीन् विकारान् सञ्जनयति । अतो वातिके ज्वरे पाकदिनानामन्तिमे सप्तम एव दिनेऽन्नं दीयते ॥ तथा च धन्वन्तरिः ॥

ज्वराभिभूतः षडहे व्यतीते विपक्वदोषः कृतलङ्घनादिः । यो भेषजं खादति वैद्यवश्यो निःसंशयं हन्त्यचिरात्स रोगान् ॥

ज्वराभिभूतः वातज्वराभिभूतः विपक्वदोषः पक्वात्' कृतलङ्घनादिः । आदिशब्दात् कृतपक्वजलपाननिर्वातगृहवासगुरूष्णावसनधारणादि भेषजमित्यन्नस्याप्युपलक्षणम् । अतएवाह चरकः ॥

ज्वरितं षडहेऽतीते लघ्वन्नं प्रतिभोजितम्॥
पाचनं शमनीयं वा कषायं पाययेत्तु तम् इति ॥

ज्वरितं वातज्वरिणम् । षडहेऽतीत इत्युपलक्षणम् । पित्तज्वरिणं दशाहेऽतीते । लघ्वन्नं भोजितं ज्वरिणम् ॥

पाचनं शमनीयं वा कषायं पाययेत् पुनः।
श्लेष्मज्वरिणं द्वादशाहेऽतीते । स एव सर्वज्वरिणं दिनान्ते भोजयेल्लघु ॥

दिनान्ते अन्तशब्दोऽत्र मध्यवाची तेन त्रिधा विभक्तस्य दिवसस्य मध्यभागे पित्तस्य प्राधान्यसमये । उक्तं च वाग्भटेन ॥

ते व्यापिनोऽपि हृन्नाभ्योरधोमध्योर्ध्वसंश्रयाः । वयोऽहोरात्रभुक्तानां तेऽन्तमध्यादिगाः क्रमात् ॥

ते वातपित्तश्लेष्माण. पित्तकालोऽपि मध्याह्नादर्वाक् । यत आह ॥

याममध्ये न भोक्तव्यं यामयुग्मं न लङ्घयेत् । याममध्ये रसोत्पत्तिर्यामयुग्माद्बलक्षयः ॥

एतत्स्वल्पापरमिति चेत्तन्न यत आह ।

श्लेष्मक्षये प्रवृद्धोष्मा बलवाननलस्तदा ।
वेगापायेऽन्यथा तद्धि ज्वरवेगाभिवर्धनम्॥

तदा पित्तप्राधान्यसमये अन्यथा उक्तसमयादन्यथा वेगापाये जठराग्निवेगनाशे तद्भोजनं ज्वरवेगाभिवर्धनं भवतीत्यर्थ. ।

ચરક કહે છે કે-"રસ, દોષ, અને મળો પાકી જાય ત્યારે ભૂખ લાગે છે, માટે સમય હોય કે ન હોય, તોપણ ભૂખ લાગે ત્યારે અન્ન આપવું "બીજે પણ કહ્યું છે કે -"જ્યારે માણસને આમ પાકી જાય છે ત્યારે ભૂખ લાગે છે, માટે સમય હોય કે ન હોય તો પણ અન્ન આપવું." આ

ઉપરથી એમ સિદ્ધ થાય છે કે—જ્યારે જ્વર પાકી જાય ત્યારે અન્ન આપવું- વાત જ્વર સાત રાત્રિએ, પિત્તજ્વર દશ રાત્રિએ અને કફજ્વર બાર રાત્રિએ પાકે છે. પાક એટલે ઉપશમ. જ્વર પાકે ત્યારેજ રસ અને દોષ પાકે છે. કહ્યુ છે કે—રસ પાકયા વિના દોષ પાકતા નથી અને દોષ પાકયા વિના જ્વર પાકતો નથી.

અહીં એમ શકા થાય કે—જેમ પિત્ત જ્વર દશ દિવસે પાકેછે અને અગીઆરમા દિવસે અન્ન આપવામા આવેછે, કફજ્વર બાર દિવસે પાકેછે અને તેરમા દિવસે અન્ન અપાયછે તેમ વાતજ્વર સાત દિવસે પાકેછે તેમા આઠમે દિવસે અન્ન આપવું જોઇએ તેને બદલે સાતમે દિવસે અન્ન આપવામા આવેછે તેનુ કારણ શુ ? તેનું સમાધાન એ કે—કફ અને પિત્ત એ બે દ્રવ્ય રૂપ ધાતુ હોવાથી ઘણા દિવસ સુધી લઘન સહન કરી શકે છે, પણ વાયુ તો આમ પાકયા પછી એક ક્ષણ પણ લઘન સહન કરી શકતો નથી, તેથી જો અન્ન આપવામાં ન આવે તો શરીરને ક્ષીણ કરી વિકારો ઉત્પન્ન કરે છે માટે વાતજ્વરમા તે પાકવાના છેલ્લા દિવસેજ અન્ન આપવામા આવે છે. ધન્વતરી કહે છે કે—વાતજ્વરથી હારી ગયેલો માણસ વૈદ્યના કહેવા પ્રમાણે લંઘન કરે, ઉકાળેલુ પાણી પીએ, વાયુ વગરના ઘરમાં રહે અને ગરમ કપડાં પેહેરે તો વાયુ રૂપી દોષો પાકી જઇ છ દિવસ પછી અન્નનું અને ઔષધનુ ભક્ષણ કરે છે તેનો રોગ થોડા સમયમાં નાશ પામે છે. ચરક પણ કહે છે કે—વાતજ્વરવાળાને ૬ દિવસ પછી, પિત્તજ્વરવાળાને ૧૦ દિવસ પછી અને કફજ્વરવાળાને ૧૨ દિવસ વીત્યા પછી હલકુ અન્ન ખવરાવીને પાચન તથા શમન કવાથો આપવા અને અન્ન આપવું તે દિવસના ત્રણ ભાગ પાડી મધ્ય ભાગમા એટલે પિત્તના પ્રાધાન્ય સમયમાં આપવું. વાગ્ભટ કહે છે કે—દિવસનો મધ્ય ભાગ પિત્તપ્રાધાન્યનો સમય છે. વાત પિત્ત અને કફ સઘળા શરીરમાં વ્યાપી રહેલુ છે, તો પણ વાત, હૃદય તથા નાભિના નીચલા ભાગમાં, પિત્ત મધ્ય ભાગમાં અને કફ ઉપરના ભાગમા વિશેષ કરીને રહે છે. અને તેજ પ્રમાણે અવસ્થાના, દિવસના, રાતના તથા ભોજનના અંત ભાગમાં, મધ્યમાં તથા આદિમાં વાત આદિમાં વાત, પિત્ત અને કફ અનુક્રમે પ્રાધાન્ય રહે છે, પિત્તના પ્રધાનપણાનો સમય બપોરનો છે, તોપણ રોગીને બપોર પેહેલા અન્ન આપવુ કારણ કે દિવસના એક પોહોરની અદર જમવું નહિ, તેમ બે પોહોર વીતી જતા સુધી જમ્યા વગર રહેવુ નહિ. એક પોહોરની અદર જમવાથી રસ ઉત્પન્ન થાય છે અને બે પોહોર વીતતા સુધી ભૂખ્યા રહેવાથી બળક્ષીણ થાય છે.

શંકા.

ઉપરનું વંચન, મધ્યાન્હ પેહેલાં અન્ન આપવાને માટે નથી. પણ તેનો ભાવાર્થ એમ છે કે એક પોહોરમાં બે વાર જમવુ નહિ, અને લાગટ બે પોહોર જમ્યા વગર કાહવા નહી, એમ છે; તેમછતા બપોર પેહેલાંજ જમવું એમ કેમ કહ્યું?

સમાધાન.

દિવસનો પેહેલો પોહોર પૂરો થતાં કફનો ક્ષય થઇ અગ્નિ પ્રદીપ્ત થાય છે માટે જઠરાગ્નિ પ્રદીપ્ત થાય તે સમયે અન્ન જમવું જોઇએ, જઠરાગ્નિનો વેગ શાંત થયા પછી અન્ન જમ્યાથી જ્વરનો વેગ વધે છે. માટે ઉપર કહ્યુ છે તે બરાબર છે

વિષમજ્વરમાં અન્ન આપવાનો સમય

सर्वज्वरेषु सप्ताह मात्रावल्लघु भोजयेत्। वेगापायेऽन्यथा तद्धि ज्वरवेगाभिवर्धनम्॥

सर्वज्वरेषु सर्वविषमज्वरेषुवेगापाये ज्वरवेगापाये भोजयेत् । अन्यथा ज्वरवेगापाय विना तद्भोजने ज्वरवेगाभिवर्धन भवति ॥

ચરક કહે છે કે "સર્વ પ્રકારના વિષમજ્વરોમા જ્વરનો વેગ શાંત થઇ જાય ત્યારે ભોજન આપવું. વેગ મટયા વિના જમાડવાથી જ્વરનો વેગ વધે છે'

જમવાનું સ્થળ

आहारनिर्हारविहारयोगाः सदैव सद्भिर्विजने विधेयाः ॥ इति ॥

ડાહ્યા માણસે આહાર, વિહાર, અને મળમૂત્રનો ત્યાગ હમેશા નિર્જન સ્થાનમા કરવો જોઇએ

નિર્બળને ભોજન.

ज्वरे प्रमेहो भवति स्वल्पैरपि विचेष्टितैः। निषण्णं भोजयेच्चैनमलमूत्रोत्सर्गकारयेत् ।

निषण्ण यथास्थ नस्थितमेव न तु स्थानान्तर नीतम् ॥

સુશ્રુત કહે છે કે—"જ્વરમાં થોડી પણ હરફર કરવાથી પ્રમેહ થાય છે, એટલા માટે જયાં બેઠેલો હોય ત્યાજ જમાડવો અને મળમૂત્રનો ત્યાગ પણ ત્યાજ કરાવવો"

પ્રથમ કોળિયા વિષે.

यथा दोषोचितैर्द्रव्यैः कर्त्तव्यः कवलग्रहः । अरोचकास्यवैरस्यमलपूतिप्रसेकहृत् ॥ भृष्टजीरकचूर्णेन सिन्धुजन्मयुतेन च । जिह्वा दन्तान्मुखस्यान्तर्घृष्ट्वा कवलमाचरेत् । मुखे मलं विगन्धत्वं विरसत्वं च नश्यति । मनः प्रसन्नं भवति भोजनेऽतिरुचिर्भवेत् ॥

જ્વરવાળાએ પ્રથમ દોષોને ટાળે તેવા પદાર્થોના કોળિયા લેવા. તેથી અરુચિ, મુખની વિરસતા, મેલ, દુર્ગંધ, અને લાળ મટેછે શેકેલું જીરૂ તથા સૈંધવનુ ચૂર્ણ મુખની અદર ઘસીને પછી કોળિયો લેવો, એથી મુખમાનો મળ તથા દુર્ગંધ અને વિરસતા નાશ પામી જાય છે, મન પ્રસન્ન થાય છે, અને ભોજન પર રૂચિ થાય છે

હિતકર ભોજન વિષે.

ज्वरितो हितमश्नीयाद्यद्यप्यस्यारुचिर्भवेत् । अन्नकालेऽप्यज्ञान क्षीयते म्रियतेऽपि च ॥

अयमर्थ । यद्यपि ज्वरितस्य हिते भक्षेऽरुचिर्भवेत् तथापि ज्वरितो हितमेवाश्नीयादिति नियम. । यत आह सुश्रुतः ॥

गुर्वभिष्यन्दकाले च ज्वरी नाद्यात्कथञ्चन । न तु तस्याहितं भुक्तमायुषे वा सुखाय च ॥ आनद्धः स्तिमितैर्दोषैर्यावन्तं

कालमातुरः । तावत्कालं स लब्धभमश्नीयात्सुविरक्तवत् ॥

आनद्धः स्तिमितैर्दोषैः अपक्वैर्दोपैर्व्याप्त इत्यर्थः । ननु हिते वस्तुनि कथमरुचि स्यादत आह ॥

सातत्यात् स्वाद्वभावाच्च पथ्यं द्वेष्यत्वमागतमिति

सातत्यादेकस्यैवभक्ष्यस्य सर्वदोपयोगात् स्वाद्वभावात् भक्ष्यन्तरादपि विस्वादुत । पथ्यमप्रियं स्यात्तथापि तदेव पथ्यम् ॥

कल्पना विधिभिस्तैस्तैः प्रियत्वं गमयेत्पुनरिति ॥

अथ ज्वरितोऽन्नकालेऽश्नीयादेवेति द्वितीयो नियम । कुत इति चेत् हि यतो हेतो अभुञ्जान क्षीयते । पक्वदोषधातुर्भवती तत म्रियतेऽपि च ॥

જ્વરવાળાને હિતકારી ભોજન પર અરૂચિ હોયછે તો પણ તેણે હિતકારી ભોજન કરવું જોઇએ. ભૂખ લાગે છતાં જમે નહિ તો ક્ષીણતા થાયછે, અથવા તો મરણ થાય છે. સુશ્રુત કહેછે કે–" જ્વરવાળાએ ભારે કે કફકર અન્ન સમય વગર કદી ખાવુ નહિ, કેમકે તેમ કરવાથી આયુષ્યને નુકશાન થાયછે અને સુખ પણ મળતું નથી. અપકવ દોષોથી જ્યાં સુધી રોગ રહે ત્યાંસુધી રોગીની પેઠે બહુ થોડુ અને હલકું ખાવું જોઇએ.' એકનુ એક ભોજન ખાધા કરવાથી તે પથ્ય હોય તોપણ તેનાપર અરૂચિ થાય છે. જ્વરમાં પથ્ય ઉપર અપ્રીતિ થાય તો પણ પથ્યજ ખાવુ ઉચિત છે. પથ્ય પદાર્થો અપ્રિય લાગે તોપણ તે પ્રિય લાગે એવી ગોઠવણ કરવી. વળી જમવાના સમયે જમવું જોઇએ, તેમ નહિ કરવાથી રોગી ક્ષીણ થઇ જાય છે અને જઠરના અગ્નિથી દોષો તથા ધાતુઓ પાકવાથી મરી પણ જાય છે.

જ્વરવાળાને હિતકારી અન્નો.

रक्तशाल्यादयः शस्ताः पुराणाः षष्टिकैः सह । यवाग्वोदनलाजार्थे ज्वरितानां ज्वरापहाः ॥ मुद्गान्मसूरांश्चणकान् कुलत्थान् समकुष्टकान् यूषार्थे यूषसात्म्यानां ज्वरितानां प्रदापयेत् ॥ पटोलपत्रं वार्ताकुं कुलकं कारवेल्लकम् कर्कोटकं पर्पटकं गोजिह्वां बालमूलकम् ॥ पत्रं गुडूच्याः शाकार्थे ज्वरितानां ज्वरापहम् । लावान् कपिञ्जलानेणान् हरिणान् पृषतांच्छशान् ॥ कुराङ्गान् कालपुच्छांश्च तथैव मृगमातृकान् । मांसार्थे मांससात्म्यानां ज्वरितानां प्रदापयेत् ॥ सारसक्रौञ्चशिखिनस्तथा तित्तिरकुक्कुटाः । गुरूष्णत्वात्प्रशस्यंते केचिदेवं व्यवस्थिताः ॥

तित्तिर इत्यत्र कृष्णतित्तिर. ॥

ज्वरितानां प्रकोपं तु यदा याति समीरणः तदैतेऽपि हि शस्यन्ते । मात्राकालोपपादिताः ॥ निम्बुकं दाडिमं धात्रीफलमम्लं प्रकांक्षते । प्रदद्यादम्लसात्म्याय काञ्चिकं वा पुरातनम् ॥

एतेषां गुणनामानि पूर्वोक्तानि ॥

જ્વરવાળાને જ્વરહણનારાં યવાગૂ, ભાત, અને લાજામાટે જૂના રાતા ચોખા અને સાઠીચોખા સરસ છે. મગ, મસૂર,

ચણા, કળથી, અને મઠના યુષો બનાવીને જ્વરવાળાને આપવા. પરવળની ભાજી, રીંગણા, પરવળ, કારેલા, કંટોલાં, ખડસલિયાના પાન, ભોંપાથરી (ગળજીભી), અને ન્હાના મૂળા તથા ગળોનાં પાન, એ જ્વરવાળાને શાક તરીકે જ્વર મટાડનારા દેવાં. લાવાં, કપિંજલ, એણુ, હરિણ, પૃશત્, સસલાં કુરંગ, કાલપુચ્છ, તથા સર્વ જાતના મૃગનો, એમનાં માસો આ-સભક્ષક જ્વરવાળાને આપવાં. સારસ, ક્રૌંચ, મોર, તેતર, અને કૂકડાં, એ ભારે તથા ગરમ હોવાથી કદી પણ આપવાં યોગ્ય નથી. જ્વરવાળાને કદી વાતપ્રકોપ થાય, તો તેઓ પણ આપવાં યોગ્ય છે. લીંબુ, દાડમ, આમળાં, અથવા જૂની કાંજી આપવી.

(રોગીનાં અન્નો)

મંડ

तण्डुलानां सुसिद्धानां चतुर्दशगुणे जले । रसः सिक्थैर्विरहितो मण्ड इत्यभिधीयते ॥ शुण्ठीसैन्धवसंयुक्तो दीपनः पाचनश्च सः । अन्नस्य सम्यक्सिद्धयात्र ज्ञेया मण्डस्य सिद्धता ॥ पेयायूषयवागूना विलेपीभक्तयोरपि । मण्डो ग्राही लघुः शीतो दीपनो धातुसाम्यकृत् । ज्वरघ्नस्तर्पणो बल्यः पित्तश्लेष्मश्रमापहः ॥

ચૌદ ગણા પાણીમાં ચોખા કણી રહિત રંધાય તે રસને મંડ કહે છે. સૂંઠ અને સૈંધવ સહિત મંડ દીપન અને પાચન છે ચોખા છેક પાકી જાય ત્યારે મંડની સિદ્ધિ થઇ જાણવી. પેયા, યૂષ, યવાગૂ, વિલેપી, અને ભક્તમાં પણ એજ રીતે જાણવું મંડ ગ્રાહી, લઘુ, શીતળ, દીપન, ધાતુની સમતા કરનાર, જ્વરઘ્ન, તૃપ્તિ આપનાર, બળ આપનાર, પિત્ત તથા કફહર, અને શ્રમ મટાડનાર છે

પેયા

चतुर्दशगुणे नीरे रक्तशाल्यादिभिः कृता । द्रवाधिका स्वल्पसिक्था पेया प्रोक्ता भिषग्वरैः ॥ सातिलघ्वी ग्राहिणी च धातुपुष्टिविधायिनी । तृड्ज्वरानिलदौर्बल्यकुक्षिरोगविनाशिनी ॥ स्वेदाग्निजननी ज्ञेया वातवर्चोऽनुलोमनी । शुण्ठीसैन्धवसंयुक्ता दीपनी पाचनी च सा ॥ आमशूलहरी रुच्या स्याद्विबन्धविनाशिनी ॥

ચૌદ ગણા પાણીમાં રાતા ચોખા વગેરે પકવીને વધારે પાણી વાળી અને થોડી કણીઓ વાળી રાબ બનાવવામાં આવે તેને ઉત્તમ વૈદ્યો પેયા કહે છે તે બહુ જ હલકી, ગ્રાહી, ધાતુ પુષ્ટિ કરનારી, અને તૃષા, જ્વર, વાયુ, દુર્બળતા, પેટના રોગોને, મટાડનારી છે પરસેવો અને અગ્નિને વધારનારી, વાયુને તથા વિષ્ટાને યોગ્ય માર્ગે લાવનારી છે. સૂંઠ અને સૈંધવ સાથે તે પાચન અને દીપન છે. આમશૂળને હરનારી, રૂચિકારક, અને મળબંધનો નાશ કરનારી છે.

પ્રમથ્યા.

प्रमथ्या प्रोच्यते द्रव्यपलात्कल्कीकृता शृता । तोयेऽष्टगुणिते तस्या मानमाहु पलद्वयम् ॥

द्रव्य पाच्यद्रव्यं तस्याः पलद्वयशेषायाः ॥

गुणैः प्रमथ्या पेयावत्ततो लघ्वी विशेषतः ॥

ચાર તોલા દ્રવ્યની ચટણી કરી આઠ ગણા પાણીમાં કવાથ કરી, આઠ તોલા બાકી રહે તે આઠ તોલા પીવાય છે આ પ્રમથ્યાના ગુણો પેયાના જેવા જ છે. પણ વિશેષમાં હલકી વધારે છે.

યૂષ.

अष्टादशगुणे नीरे शिम्बीधान्यसृतो रसः। विरलाऽच्छो घनः किञ्चित्पेयातो यूष उच्यते उक्तः स एव निर्यूहो रुचिकृच्च विशेषतः

कल्कद्रव्यपलं शुण्ठी पिप्पली चार्धकार्षिकी। वारिप्रस्थेन विपचेत्तद्रवो यूष उच्यते ॥

अयमर्थः। यूषान्त पलमित तत्कल्की कृतम्॥ शुण्ठी पिप्पली च समुदितार्धकर्षमिता कल्कीकृता। उभयमपि प्रस्थमितेन वारिणा पचेत्। तद्रवो यूष ॥

यूषो बल्यो लघुः पाके रुच्य कण्ठ्यः कफापहः ॥

અઢાર ગણા પાણીમાં શીંગનાં ધાન્ય રાંધી કંઈક ઘાટો રસ થાય (જાડી દાળ) તેને યૂષ કહે છે તેને નિર્યૂહ પણ કહે છે, અને વિશેષે રોચક છે ચાર તોલા શીંગના ધાન્ય, સુઠ તથા પીપર અરધો અરધો તોલો, એમની જુદી જુદી ચટણી કરીને ચોસઠ તોલા પાણીમાં પકાવવું. એ રસ પણ યૂષ કહેવાય છે. તે બળ આપનાર, પાકમાં હલકો, રોચક-કંઠ શોધક, અને કફ હરનાર છે.

મગનો યૂષ.

मुद्रानां द्विपलं तोये भृतमर्धाढकोन्मिते। पादस्थं मर्दितं पूतं दाडिमस्य पलेन तत् ॥ युक्तं सैन्धवविश्वाह्वधान्यकैः पादकार्षिकैः। कणाजीरकयोश्चूर्णं शनकैरवचूर्णितम् ॥ संस्कृतोमुद्गयूषोऽयं पित्तश्लेष्महरो मतः ॥ मुद्गानामुत्तमो यूषो दीपनः शीतलो लघुः। वर्णोऽर्ध्वजत्रुतृड्दाहकफपित्तज्वरास्रजित् ॥

આઠ તોલા મગ ૧૨૮ તોલા પાણીમાં પકાવતાં ચોથો ભાગ પાણી રહે, એટલે કપડામા ચોળીને ગાળી લેવુ. તેમા ચાર તોલા દાડમનો રસ તથા પા પા તોલો સૈંધવ, ધાણા, અને સુંઠ નાખવાં. પછી તેમાં પીપર તથા જીરાનો વઘાર દેવો. આ મગનો યૂષ પિત્ત તથા કફને મટાડનારો છે. મગનો ઉત્તમ યૂષ દીપન, શીતળ હલકો છે, તથા ગળુ કંઠની ઉપરના ભાગના રોગો, તૃષા, દાહ, કફ, પિત્ત, જ્વર, અને રક્તદોષોને મટાડે છે.

મગ તથા આંબળાનો યૂષ.

मुद्गामलकयूषस्तु भेदी पित्तानिलापहः। तृड्दाहशमनः शीतो मूर्छाश्रममदापहः ॥

મગ તથા આમળાંનો યૂષ ભેદક, પિત્ત કફ હર, અને શીતળ છે. તે તૃષા, દાહ, મૂર્ચ્છા, શ્રમ, અને મદ મટાડે છે.

મસૂરનો યૂષ.

मसूरयूषः संग्राही बृंही स्वादुः प्रमेहनुत्॥

મસૂરનો યૂષ ગ્રાહી, પૌષ્ટિક મધુર, અને પ્રમેહ હરનાર છે.

યવાગૂ.

यवागू षड्गुणे तोये संसिद्धा घनसिक्थका पृथक् द्रवैस्तु विरलैः संयुक्ता ज्वरिणे हिता ॥ यवागूर्दीपनी लघ्वी तृष्णाघ्नी बस्तिशोधिनी ॥ श्रमग्लानिहरी पथ्या ज्वरे चैवातिसारिके ॥

છ ગણા પાણીમાં, ધાન્યને પકાવતાં ઘાટી કણીઓ તથા બહુ થોડું પાણી રહે, તે યવાગૂ કહેવાય છે. તે જ્વરવાળાને હિતકારી છે. યવાગૂ દીપન, હલકી, તૃષા મટાડનારી અને બસ્તિને શુદ્ધ કરનારી છે. તે શ્રમ અને ગ્લાનિને હરે છે અને જ્વર તથા અતિસારમાં પથ્ય છે.

વિલેપી.

चतुर्गुणाम्बुसंसिद्धा विलेपी घनसिक्थका ॥ पृथक् द्रवेण रहिता ख्याता शिथिलभक्तिका ॥

संसिद्धा अतीवसिद्धा विलेपी गिलहथी इति लोके ॥

विलेपी दीपनी बल्या हृद्या सङ्ग्राहिणी लघुः । व्रणाक्षिरोगिणां पथ्या तर्पणी तृड्ज्वरापहा ॥

કુટડા ચોખા ચોગણા પાણીમાંરાધવા તેને વિલેપી કહે છે તે દીપન બળ આપનાર, મનને ગમે એવી, ગ્રાહી, હલકી, વ્રણ અને નેત્ર રોગીઓને પથ્ય, તૃપ્તિ આપનાર, અને તૃષા તથા જ્વરને મટાડનારી છે.

ભક્ત.

जले चतुर्दशगुणेतण्डुलाना चतुष्पलम् । विपचेत् स्रावयेन्मण्डं तद्भक्तमधुरं लघु । चक्रदत्तस्तु । अन्नम्पञ्च गुणे तोये यवागूं षड्गुणे पचेत् ॥

तत्रान्न भक्त तथा च । भिस्साऽत्री भक्तमधोऽन्नमोदनोऽस्त्रीसदीदिविरित्यमर ।

भक्तं वह्निकरं पथ्यं तर्पणं मूत्रलं लघु । सुधौतं प्रस्नुतं चोष्णं विशदं गुणवत्तरम् ॥ अधौतमस्रुतं शीतं वृष्यंगुरु कफप्रदम् । अत्युष्णं बलहृद्भक्तं शीतं शुष्कञ्च दुर्जरम् । अतिक्लिन्नं ग्लानिकरं दुर्जरं तण्डुलान्वितम् ॥

अतिक्लिन्न सजल यत्पर्युषितम् ॥

भृष्टतण्डुलजं रुच्यं सुगन्धि कफहृल्लघु । वातास्थापितमन्दाग्निविरिक्तानां प्रशस्यते ॥

ચૌદ ગણા પાણીમાં સોળ તોલા ચોખા પકાવીને પાણી કાઢી નાખવાથી ભક્ત (ભક્ત) થાય છે, તે મધુર અને હલકો છે. ચક્રદત્ત તો અન્નને પાંચ ગણા પાણીમાં અને યવાગૂને છ ગણા પાણીમાં પકાવવાનું કહે છે. અહીં અન્ન એટલે ચોખા સમજવા. અમર કોશમા ભિસ્સા, ભક્ત, અધસ, અન્ન, ઓદન અને દીદિવિ એટલા ચોખાનાં નામ કહેલાં છે ભાત દીપન, પથ્ય, તૃપ્તિ આપનાર મૂત્રલ હલકો છે સારી રીતે ધોએલો, ઓસાવેલો ગરમ ભાત શોધક અને વધારે ગુણ વાળોછે નહિ ધોએલ તથા નહિ ઓસાવેલો, અને શીતળ ભાત વૃષ્ય, ભારે, અને કફકર છે. બહુ ગરમ ભાત

બળ હરનાર છે, અને શીતળ ભાત સૂકો અને માંડ પચે એવો છે. બહુ ઢીલો ભાત ગ્લાનિ કરનાર અને માંડ પચે એવો છે. શેકેલા ચોખાનો ભાત રોચક, સુગંધી, કફહર, અને હલકો છે. વાયુવાળા, નિરૂહ બસ્તિવાળા, મહાગ્નિવાળા, તથા રેચવાળાને તે હિતકારી છે.

રસૌદન.

मौसलं सक्थिजं मांसं तथानस्थिच तैत्तिरम् ॥ चतु पलोन्मितं सूक्ष्मखण्डितं क्षालित जले ॥ पिप्पलीपिप्पलीमूलशुण्ठीजीरकधान्यकैः । द्विशाणैः संयुते तोये काथ्यमर्द्धाढकोन्मिते ॥

पादस्थित जलं तत्र दर्व्या संकुट्टितं हरेत् तं रसमर्दितं हिङ्गुभृष्टसैन्धवजीरकैः । सम्यक् प्रधूपितं पथ्यं शुद्धाना शुद्धिकांक्षिणाम् ॥

रसौदनो गुरुर्वृष्यो बल्यो वातज्वरापहः॥

સાથળનું જાડુ માંસ તથા હાડકા વગરનું તેતરનુ માસ સોળ તોલા લેઈ ઝીણા ઝીણા કડકા કરી પાણીમા ધોઈ, પીપર, પીપરીમૂળ, સૂઠ, જીરૂં તથા ધાણા અરધો તોલો પાણીમા નાખી, તેમાં પેલું માંસ નાંખીને ૧૨૮ તોલા પાણીમા પકાવવુ. ચોથો ભાગ પાણી રહે એટલે માસને કડછીથી છૂંદીને રસ કાઢી લેવો. પછી તેને હિંગ, શેકેલ સૈંધવ, અને જીરાથી વધારી ભાતમાં ભેળવવું. એ ભાત રસૌદન કહેવાય છે. શુદ્ધ થયેલા અને શુદ્ધ થનાર માટે તે પથ્ય છે. રસૌદન ભારે, વૃષ્ય, બળ આપનાર, અને વાતજ્વર હણનાર છે.

ઔષધ મંડાદિ પ્રક્રિયા.

साध्यं चतुःपलं द्रव्यं चतुःषष्टिपलेऽम्बुनि ॥ तत्क्वाथेनार्द्धशिष्टेन मण्डपेयादि साधयेत् ॥ वृद्धवैद्याः पलन्द्रव्यं ग्रहयंत्याद्केऽम्भसि । भेषजस्यातिबाहुल्यात्कदाचिदरुचिर्भवेत् ॥ यैरन्नैरौषधैर्यैश्च कृता मण्डादयो बुधैः । विचार्य तद्गुणोनतांस्तद्गुणोनव निर्दिशेत् ॥

૨૫૬ તોલા પાણીમાં ૧૬ તોલા દ્રવ્ય પકાવીને ક્વાથ અરધો બાકી રહે એટલે તેમાં મંડ, પેયા, વગેરે બનાવવાં. વૃદ્ધ વૈદ્યો તો ૨૫૬ તોલા પાણીમાં ચાર તોલા જ દ્રવ્ય પકાવવાનું કહે છે, કેમકે દ્રવ્ય વધારે હોય તો વખતે રોગીને અરુચિ પેદા કરે છે. જે જે અન્નો અને જે જે ઔષધોનાં મંડાદિ બનાવવામાં આવે, તે તેનો વિચાર કરીને તેના ગુણો સમજી લેવા.

ઔષધ સિદ્ધ પેયા.

अन्नकाले हिता पेया यथास्व पाचनैः कृता।दीपनी पाचनी लघ्वी ज्वरार्त्तानांज्वरापहा ॥

यथास्वं पाचनैः कृता यथादोष पाचनैः कृता। यथा ।

પોતાને જેમ પાચન, થાય તે રીતે પેયા બનાવીને જમવામાં લેવાથી હિત કરે છે. તે દીપન, પાચન, હલકી, અને જ્વરને મટાડનારી છે.

જ્વરની પેયા

पञ्चमूल्याः कषायन्तु पाचनं वातिकज्वरे । सक्षौद्रं पैत्तिके मुस्तकटुकेन्द्रयवैः कृतम् ॥ पिप्पल्यादिकषायन्तु पाचनं कफजे ज्वरे । लघुना पञ्चमूलेन पिप्पल्या सह धान्यया ॥ महत्या पञ्चमूल्याथ व्याघ्री दुःस्पर्शगोक्षुरैः । सिद्धानि भिषगन्नानि प्रयुञ्जीत यथाक्रमम् ॥ वातपित्ते श्लेष्मपित्ते कफवाते त्रिदोषजे ॥

अयमर्थः । वातपित्तेषु लघुना पञ्चमूलेन सिद्धान्यन्नानि भिषक् प्रयुञ्जित ॥

शालिपर्णी पृष्टिपर्णी कण्टकारीद्वयं तथा । गोक्षुरः पञ्चमः प्रोक्तः पञ्चमूलमिदं लघु ॥

श्लेष्मपित्ते पिप्पल्या सह धान्यया । कफवाते महत्या पचमूल्या ॥

श्रीफलः सर्वतोभद्रा पाटला गणिकारिका । श्योनाकः पञ्चमः प्रोक्तं पञ्चमूलमिदं महत् ॥

त्रिदोषजे व्याघ्रीदुःस्पर्शगौक्षुरैः. व्याघ्री कटकारिका । दुःस्पर्शो यवासः ॥

વાતજ્વરમાં પચમૂલીનો ક્વાથ પાચન છે. મોથ, કડુ, અને ઇંદ્રજવનો ક્વાથ મધ નાંખી પિત્તજ્વરમાં પીવાય છે. કફજ્વરમા પિપ્પલ્યાદિનો ક્વાથ પાચન છે. લઘુ પચમૂળનો ક્વાથ વાતપિત્તજ્વરમા, પીપર અને ધાણાનો ક્વાથ કફ પિત્તજ્વરમા, અને બૃહત્પચમૂળનો ક્વાથ કફવાતજ્વરમાં, તથા ત્રિદોષજ્વરમાં ભોરીંગણી, જવાસો, અને ગોખરૂનો ક્વાથ, એ રીતે ક્વાથોમાં પકાવેલી પેયા વીગેરે આપવાં મોટો તથા નાનો સમેરવો, અને જાતની ભોરીંગણીઓ, તથા પાંચમો ગોખરૂ, એ લઘુપચમૂળ કહેવાય છે. બીલી, સીવણ, કાકચ, અરણી, અને ટેંટૂ, એ પાંચ બૃહત્પચમૂલ કહેવાય છે

જ્વરના ઉપદ્રવોમાં દેવાની પેયાઓ

पेयां वा रक्तशालीनां बस्तिपार्श्वशिरोरुजि । श्वदंष्ट्रकण्टकारीभ्या सिद्धां ज्वरहरीं पिबेत् विबद्धवर्चाः सयवां पिप्पल्यामलकैः शृताम् । सर्पिष्मतीं पिबेत्पेया ज्वरी दोषानुलोमिनीम् ॥ कासी श्वासी च हिक्की च पञ्चमूलीशृतां पिबेत् ।

यवोऽन्नाद्यं अत्र पचमूली बृहती लघ्वी च हिता तया शृता पेया पिबेदित्यर्थ ।

पेयां भेषजसंयोगाल्लघुत्वाचाग्निदीपनी । वातमूत्रपुरीषाणा दोषाणां वानुलोमिका ॥ स्वेदनाय च सोष्णत्वाद्द्रवत्वात्तृट्क्षयाय च ॥ आहारभावात्प्राणाय सरत्वाल्लाघवाय च ज्वरघ्नी हेतुसाम्यत्वात्तस्मात्तां पूर्वमाचरेत् ।

हेतुसाम्यत्वाद्धेतव वातपित्तकफास्तेषा साम्यत्वात् ॥

બસ્તિ, પડખાં, અને માથાના રોગોમાં પેયા રાતા ચોખાની આપવી. ગોખરૂ અને બેઠી ભોરીંગણીની પેયા જ્વર મટાડનારી છે. મળબંધ હોય તો યવ, પીપર, અને આમળાના ક્વાથમા ઘી સાથે પકાવેલી પેયા પીવી, તેથી જ્વરવાળાના દોષ અનુકૂળ ગતિ કરનારા થાય છે. ઉધરસ શ્વાસ, અને

હેડકીમાં પંચ મૂલીનો કવાથ પીવો. ઔષધોના સંયોગવાળી પેયા હલકી, દીપન, તથા વાયુ, મૂત્ર અને મળને સીધા ચલાવનારી છે. ગરમ હોવાથી સ્વેદ કરનારી છે અને દ્રવ રૂપ હોવાથી તૃષાનો નાશ કરનારી છે ખોરાક રૂપ હોવાથી જીવાડનારી, અને સારક હોવાથી હલકી છે હેતુને (વાત, પિત્ત અને કફને)સમ કરનારી હોવાથી જ્વરને હણનારી છે, એટલા માટે તે પ્રથમ પીવી

પંચ મુષ્ટિક યૂષ.

यवकोलकुलत्थानां मुद्गमूलकशुण्ठयोः । एकैकमुष्टिमादाय पचेदष्टगुणे जले ॥ पञ्चमुष्टिक इत्येष वात पित्तकफापहः । शूले प्रशस्यते गुल्मे कासे श्वासे क्षये ज्वरे ॥

इति पञ्चमुष्टिकयूष ॥

જવ, બોર, કળથી, મગ, મૂળા, અને સુન્ઠ, એ દરેક એકેક મૂઠી ભર લેઇને આઠ ગણા પાણીમા પકાવવા. આ પંચમુષ્ટિક યૂષ વાત, પિત્ત અને કફને હણનારો છે, શૂળ. ગુલ્મ, ઉધરસ, શ્વાસ, ક્ષય, અને જ્વરમા હિતકર છે.

મલમૂત્ર બંધનો ઉપાય

रुद्धमूत्रपूरीषस्य गुदे वर्त्ति निधापयेत् । पिप्पलीपिप्पलीमूलयवानीचव्यसाधिताम् । पाययेत्तु यवागू वा मारुताद्यनुलोमिनीम् ॥

મલમૂત્ર રોકાયાં હોય તો પીપર, પીપરી મૂળ અજમો, અને ચવકથી સિદ્ધ કરેલી યવાગૂ પાવી અથવા ગુદામાં વાટ ખોસવી, તેથી વાયુ સીધો ચાલે છે.

પેયા તથા યવાગૂનો અપવાદ.

मदात्यये मद्यनित्ये ग्रीष्मे पित्तकफोत्थिते । ऊर्ध्वगे रक्तपित्ते च यवागूर्न हिता ज्वरे ॥ दाहच्छर्द्यर्दितं क्षाम निरन्नं तृष्णयान्वितम् । घर्मार्त्तं मद्यपश्चापि तोयालोडितशक्तुकम् ॥ शर्करामधुसंयुक्तं पाययेल्लाजतर्पणम् ।

लाजतर्पणं लाजशक्तुरूपतर्पणम् ॥ तथाच ॥

दाहच्छर्द्यर्दितं क्षामं निरन्नं तृष्णयान्वितम् । घर्मार्त्तं मद्यपश्चापि तोयालोडितशक्तुकम् ॥ शर्करामधुसंयुक्त पाययेल्लाजतर्पणम् । ज्वरापहैः फलरसैर्युक्तमन्नं हितं क्वचित् ॥

મદાત્યય, મદ્ય પીવાની ટેવ, ઉનાળામાં, પિત્ત અને કફ કોપેલ હોય, રક્ત પિત્ત ઊંચુ ચઢયુ હોય, તેવા જ્વરવાળાને યવાગૂ હિતકર નથી. દાહ, ઊલટી, અર્દિત, દુર્બળતા, ભૂખ, તરશ, ગરમી, અને મદ્ય પીવાની ટેવ. એવા જ્વરવાળાને પેયા કે યવાગૂ નહિ પાતા ચોખાની ધાણીનો સાથવો સાકર તથા મધ સહિત પાણીમાં પાવો. અન્યાતરમા કહ્યુ છે કે દાહ, ઉલટી, દુર્બળતા, ભૂખ, તરશ, ગરમી, અને મદ્ય પીવાની ટેવવાળાને પાણીમા ચોખાની ધાણીનો સાથવો મધ તથા સાકર સહિત આપવો. કોઇવાર જ્વરમા ફળોના રસવાળુ અન્ન પણ હિતકારી થાય છે

સંતર્પણ સ્વરૂપ.

द्राक्षादाडिमखर्जूरमृदिताम्बु सशर्करम् । लाजचूर्णं समध्वाज्यं सन्तर्पणमुदाहृतम् ॥

लाजचूर्णं द्राक्षादि जलशर्करामध्वाज्यसहितं तर्पणमुक्तमित्यर्थ ॥

ધનવતરિએ કહેલુ છે કે–" ચોખાની ધાણીનો સાથવો, દ્રાક્ષ, દાડમ, ખજુર, એમને ચોળીને બનાવેલુ પાણી સાકર નાંખીને તથા ઘી અને મધ નાખીને પીવાથી તૃપ્તિ થાય છે.

ચોખાની ધાણીના ગુણો

लाजानां शक्तवः क्षौद्रसितायुक्ता विशेषत छर्घतीसारतृडदाहविषमूर्छाज्वरापहाः ॥

ચોખાની ધાણીનો સાથવો, વિશેષે કરીને મધ તથા સાકર સાથે લેવાથી ઉલટી, અતિસાર, તૃષા, દાહ, ઝેર, મૂર્છા અને જ્વર હણાય છે.

તર્પણનો પ્રકાર

तत्र तर्पणमेवादौ प्रदेयं लाजशक्तुभिः ।
ज्वरापहैः फलरसैर्युक्तं समधुशर्करम् ॥
द्राक्षादाडिमखर्जूरप्रियालैःसपरूषकैः ।
तर्पणार्हस्य दातव्यं तर्पणं ज्वरनाशनम् ॥

प्रियालमत्र पक्वफल न तन्मज्जागुरुत्वात् । तर्पणार्हस्य दाहच्छर्दितृषार्त्तस्य लघितस्य क्षीणस्येत्यर्थ

ચરકે કહેલું છે કે—જ્વર હરનારા ફળોના રસો મધ તથા સાકર સાથે લેઇ તે સહિત ચોખાની ધાણીનો સાથવો તૃપ્તિ માટે પ્રથમ દેવા, ચરકે જ્વરઘ્ન ફળો કહેલાં છે કે—દ્રાક્ષ, દાડમ, ખજૂર, રાયણ એ તૃપ્તિ આપનાર હોવાથી જ્વરના નાશ માટે આપવા

જ્વરો ઉપર હિતકારી પદાર્થો.

श्रमोपवासानिलजे हितं नित्यं रसौदनम् ॥

रसोऽत्र मासस्य रस । तेन सिक्त ओदनो रसौदनः । अनेन व्यञ्जनमित्यनेन समास ॥

मुद्गयूषौदनश्चैव हितः कफसमुत्थिते ।
स एव सितया युक्तः शीतः पित्तज्वरे हितः ॥

स एव मुद्गयूषौदन एव ॥

कृशोऽल्पदोषो यः क्षीणकफो जीर्णज्वरान्वितः विबन्धासृष्टदोषश्च रूक्षपित्तानिलज्वरी । पिपासार्त्तः सदाहश्च पयसा ससुखी भवेत् ॥ अन्यच्च अजादुग्धं गुडोपेतं पातव्यं ज्वरशान्तये । तदेव तु पयः पीतं तरुणे हन्ति मानवम् ॥

तरुणे ज्वरे । अन्यच्च ॥

जीर्णे ज्वरे कफे क्षीणे क्षीरं स्यादमृतोपमम् । तदेव तरुणे पीतं विषवद्धन्तिमानवम् ॥

શ્રમ, ઉપવાસ, અને વાયુના જ્વરમા હમેશાં રસૌદન હિતકારી છે કફ જ્વરમાં મગનો યૂષ અને ચોખા હિતકારી છે તેમાજ સાકર નાંખવાથી તે શીત હોવાથી વિષમજ્વરમા હિતકારી છે. દુબળા, અલ્પદોષવાળા, ઓછા કફવાળા, જીર્ણ જ્વરવાળા, મળ બધવાળા, દોષવાળા, રૂક્ષ, પિત્ત અને વાયુના જ્વરવાળા, તરસ્યા, દાહવાળા, એવાને દૂધ અપાય છે. બીજે કહેલુ છે કે-બકરીનુ દૂધ ગોળ સાથે જ્વરની શાંતિ માટે પાવુ, પણ તરુણ જ્વરમા તે પીવાથી માણુસ મરી જાય છે. વળી કહ્યુ છે કે— જીર્ણ જ્વરમા કફ ક્ષીણ થયા પછી દૂધ પીવાથી તે અમૃત તુલ્ય ગુણ કરે છે, પણ જો તરૂણ જ્વરમાં પીવામા આવે તો તે ઝેરની પેઠે માણુસને મારી નાંખે છે.

જ્વરવાળાના નિયમો.

न द्विरद्यान्न पूर्वाह्णे नाभिष्यन्दि कदा

चन। न तीक्ष्णान्नं गुरुप्रायं भुञ्जीत तरुणज्वरी ॥ न जातु तर्पयेत्प्राज्ञः सहसा ज्वरकर्षितम् तेन संशमितोऽप्यस्य पुनरेव भवेज्ज्वरः ॥

તરૂણ જ્વરવાળાએ બે વખત ન ખાવું, સહુવારમા ન ખાવું, અને કફ કરનારૂં, તીક્ષ્ણ કે ભારે અન્ન કદી પણ ખાવું નહિ. જ્વરથી નબળાઈ આવી હોય તેમા એકદમ વૈદ્યે તૃપ્તિ આપવી નહિ; એમ કરવાથી શમી ગયેલો જ્વર પાછો થાય છે

જ્વર મુક્તિનું પૂર્વરૂપ

दाहः स्वेदो भ्रमस्तृष्णा कम्पविड्भेद संज्ञताः। कूजनश्चातिवैगन्ध्यमाकृतिर्ज्वरमोक्षणे ॥

विड्भेदो मलप्रवृत्तिरत्र। सम्पदादिभ्यो भावे क्विप्। कूजन कुन्थन अतिवैगन्ध गात्रस्य। ज्वरमुक्तौ भविष्यत्यामे तल्लक्षणं भवति। ननु दोषक्षयं विना न व्याधिनिवृत्ति क्षीणाश्च दोषाः कथमेवंविध रूप करिष्यति। उच्यते। कश्चित् क्षीणोऽपि विनाशकाले स्वशक्तिं दर्शयति। यथा निर्वाणावस्थाया दीपो विशेषात्प्रज्वलति ॥ वाग्भटोऽप्याह ॥

धातून् प्रक्षोभयन् दोषो मोक्षकाले विलीयते। ततो नरः श्वसन् कूजन् वमन् स्विद्यन् चेष्टत इति ॥

न चेष्टतेऽचेष्ट स्यात् ॥

त्रिदोषजे ज्वरे सेवदन्तर्वेगे च धातुगे। लक्षणं मोक्षकाले स्यादन्यस्मिन् स्वेददर्शनम् ॥

एतद्दाहादिकं लक्षणं मोक्षकाले एतेष्वेव ज्वरेषु स्यात्। केषु त्रिदोषजे अन्तर्वेगे धातुगे ज्वरे च॥ अन्यस्मिन् स्वेदमात्रदर्शनं भवति ॥

દાહ, સ્વેદ, ભ્રમ તરશ, કંપ, અને વિષ્ટાનુ ભેદન, આંતરડામા ગુડગુડાટ, અને દુર્ગંધ, એટલાં જ્વરથી મુક્ત થયાનાં લક્ષણો છે.

શંકા.

દોષોનો ક્ષય થયા વગર રોગ મટતા નથી, માટે રોગ મટવાના સમયમાં ક્ષીણ થયેલા દોષો ઉપર કહ્યા પ્રમાણે દાહ વગેરે ભયંકર રૂપ કેમ પકડે છે?

સમાધાન.

કેટલાંક ક્ષીણ થયા છતાં પણ અંત સમયે પોતાનુ બળી દર્શાવે છે, જેમકે દીવો ગુલ થતી વખતે પણ વધારે પ્રકાશમાન થાય છે. વાગ્ભટ કહે છે કે—ધાતુઓને ક્ષોભ કરતો દોષ જ્યારે માણસને તજી જવાની તૈયારીમાં હોય છે ત્યારે તે વીખરાઇ જવા લાગે છે. તેથી તે વખતે માણસ હાંફે છે, કણકણે છે, ઉલટી કરે છે, પરસેવો થાય છે અને ચેષ્ટા વગરના થાય છે. ત્રિદોષજ્વર, ધાતુઓનાજ્વર તથા અંદર ઊંડાવેગવાળો જ્વર એ મટે છે ત્યારે પણ દાહાદિક લક્ષણો થાય છે. અને તે શિવાયના બીજા પ્રકારના જ્વરોમાં મરતી વખતે માત્ર પરસેવો જ થાય છે.

જ્વરથી મુકત થયાનાં લક્ષણો.

देहो लघुर्व्यपगतक्लममोहतापः पाको मुखे करणसौष्ठवमव्यथत्वम्। स्वेदक्षयः प्रकृति योगिमनोऽन्नलिप्साकण्डूश्च मूर्ध्नि विगतज्वरलक्षणानि ॥ सुश्रुतोऽप्याह। देहे लघुत्वं शिरसः कण्डूः पाको मुखस्य च। क्षवथुश्चान्नकांक्षा च ज्वरमुक्तस्य लक्षणम् ॥

દેહ હલકો થાય, ગ્લાનિ મટી જાય, મુખમાં પાક થાય, ઇદ્રિયોમા સૌંદર્ય આવે, પીડા ટળે, સ્વેદ મટે, મન સ્વાભાવિક બને, અન્નની ઇચ્છા થઈ જાય, અને માથામાં ચળ આવે, એ જ્વર ગયાના લક્ષણો છે સુશ્રુતે પણ કહ્યુ છે કે-"દેહમા હલકાઇ, માથામા ખરજ, મુખમા પાક, છીંક, અન્નની ઇચ્છા, એ જ્વરથી મુક્તના લક્ષણો છે"

જ્વર મુક્તિના નિયમો

व्यायामश्च व्यवायश्च स्नानं चंक्रमणानि च । ज्वरमुक्तो न सेवेत यावन्नो बलवान् भवेत् ॥ अन्यच्च । व्यायामश्च व्यवायश्च प्रवातं शिशिरं जलम् । ज्वरमुक्तो न सेवेत यावन्नो बलवान् भवेत् ॥ जन्तोर्ज्वरविमुक्तस्य स्नानं कुर्यात्पुनर्ज्वरम् । तस्माज्ज्वरविमुक्तोपि स्नान विषमिव त्यजेत् । बलवर्णाग्निवपुषा यावन्न प्रकृतिर्भवेत् । तावज्ज्वरेण मुक्तोऽपि वर्जनीयानि वर्जयेत् ।

જ્વરથી મુક્ત થયેલાને જ્યા સુધી બળ ન આવે ત્યા સુધી કસરત, મૈથુન, સ્નાન, તથા હરફર કરવા નહિ બીજે પણ કહેલુ છે કે કસરત, મૈથુન, વાયુ, ટાઢ, જળ, એટલા વાનાં જ્વરથી મુક્ત થયલાએ અંગમાં બળ આવતા સૂધી છોડી દેવા. પ્રાણી જ્વર મટ્યા પછી તુરત સ્નાન કરે છે, તો તેને જ્વર પાછો આવે છે માટે તેણે વિષની પેઠે સ્નાનનો ત્યાગ કરવો. પ્રથમના જેવા બળ, અગ્નિ, વર્ણ અને દેહ, વગેરે ન થાય ત્યાં સુધી જ્વર મટ્યો હોય તો પણ ઉપરની બાબતો છોડી દેવી જોઇએ.

વાત જ્વરનો અધિકાર.

વાત જ્વરની સંપ્રાપ્તિ.

तत्र वातज्वरस्य विप्रकृष्टसन्निकृष्टकारणकथनपूर्विका सप्राप्तिमाह ।

वातलाहारचेष्टाभ्यां वायुरामाशयाश्रयः । बहिर्निरस्य कोष्ठाग्निं ज्वरकृत्स्याद्रसानुगः ॥

વાયુ કરનારા આહાર તથા ચેષ્ટાથી આમાશયમા રહેલો વાયુ બહાર નીકળીને કોઠાના અગ્નિને કાઢીને રસને દૂષિત કરીને ઉત્પન્ન કરે છે

વાતજ્વરનું પૂર્વસ્વરૂપ

जृम्भीत्यर्थं समीरणादिति समीरणज्वरे उत्पत्स्यति इत्यर्थे जृम्भा स्यात् जृम्भा च श्रमादिपूर्विका भवति ।

વાતજ્વર ઉત્પન્ન થવાનો હોય ત્યારે શ્રમ વગેરે ઉત્પન્ન થઇને અત્યત બગાસા આવે છે

વાતજ્વરનું લક્ષણ.

वेपथुर्विषमो वेगः कण्ठौष्ठमुखशोषणम् । निद्रानाशः क्षवः स्तम्भो गात्राणा रौक्ष्यमेव च ॥ शिरोहृद्गात्ररुग्वक्त्रवैरस्यं बद्धविट्कता शूलाध्माने जृम्भणश्च भवंत्यनिलजे ज्वरे ॥

एतानि लक्षणानि प्रायो भावित्वेन सुश्रुते निर्दिष्टानि । चकारादन्यान्यपि चरकनिदानोक्तानि बोद्धव्यानि ॥ तान्येव श्लोकेन प्रदर्शयति ।

भवन्ति विविधा वातवदनोः स्याद्सुप्तता । पिण्डिकोद्वेष्टनं कर्णस्वनो वक्त्रकषायता ॥ गात्रसादो हनुस्तम्भो विश्लेषः स-

न्धिजाननोः । शुष्ककासो वमिर्लोमदन्तहर्षः श्रमभ्रमौ ॥ अरुणं मूत्रनेत्रादि तृद्मलापोष्णगात्रता ।

विषमो वेगः । शरीरोष्णतादिरूपो ज्वरवेगो विषमो भवतीत्यर्थं । क्षव स्तम्भ छिक्काया अभाव तथा च वाग्भटः ।

हर्षो रोमांचदन्तेषु वेपथुः क्षवथुग्रह इति

चरकोऽपि क्षवथूद्गारविनिग्रह इति ॥ शिरोहृद्गात्ररुक् । गात्रपदे प्रयुक्ते शिरोहृच्छब्दप्रयोग. तत्र तत्र विशेषेण वेदनो बाधनार्थः ॥

કંપ, વિષમ વેગ, કંઠશોષ, હોઠશોષ, મુખશોષ, નિદ્રાનો નાશ, છીંક બંધ, ગાત્રોમાં રૂક્ષતા, માથું તથા હૃદય અને અંત્રોમા પીડા, મુખમાં વિરસતા, મળબંધ, શૂળ, આફરો, અને બગાસાં, આટલાં લક્ષણો વાતજ્વરમા ઘણુ કરીને થાય છે (આ નિદાનો સુશ્રુતે કહેલા છે ચરકે વિશેષ કહેલ છે કે)-વિવિધ વાયુની વેદનાઓ થાયછે, નિદ્રાનો નાશ થાયછે. પીંડીઓમા કળતર, કાનમા અવાજ, મુખમાં તૂરાશ, અંગોમાં પીડા, ડાઢીમા પીડા, સાંધા તથા ગોઠણોમા પીડા ખાલી ઉધરસ, વમન, રૂવાટાં ઉભાં થવાં, દાંત અંબાઇ જવા, શ્રમ, ભ્રમ, મૂત્ર તથા નેત્રાદિનું રાતું થઇ જવું, તરશ, બકવા, અને ગાત્રોમા ગરમી, એ સર્વ થાયછે. (વાગ્ભટે કહ્યું છે કે)-રૂવાંટાંનુ ઉભુ થવું, દાંતનુ અંબાવું, છીંકનું બંધ થવું, અને ઓડકાર બંધ થવા, એટલાં લક્ષણો વાતજ્વરમાં થાય છે.

વાતજ્વરની ચિકિત્સા

आमाशयस्थो हत्वाग्निं सामो मार्गान् पिधापयन् विदधाति ज्वरं दोषस्तस्माल्लङ्घनमाचरेत् ॥

इति वचनात्सामान्यतो ज्वरितगात्रस्य यावदारोग्यदर्शनं लङ्घनाभिधानम् । वातज्वरिणो लङ्घनविधाने विशेषमाह चरक ।

ज्वरितं षडहेऽतीते लघ्वन्नं प्रतिभोजितम् । पाचनं शमनीयश्च कषायं पाययेद्भिषक् ॥ सुश्रुतोऽप्याह वातिके सप्तरात्रेण दशरात्रेण पैत्तिके । श्लैष्मिके द्वादशाहेन ज्वरे युञ्जीत भेषजम् ॥

नन्वन्न वै प्राणिनां प्राणा इति श्रुतिः । तदन्नं विना प्राणिभि. कथं स्थातव्यमित्याह ।

दोषाणामेव सा शक्तिर्लङ्घने या सहिष्णुता । न हि दोषक्षये कश्चित्सहते लङ्घनं महत् ॥ कफपित्ते द्रुवे धातू सहेते लङ्घनं बहु । आमक्षयादूर्ध्वमपि वायुर्न सहते क्षणम् ॥

દુષ્ટ થઇ ગયેલો દોષ આમાશયમાં જઇને અગ્નિને હણીને આમ માર્ગોને રોકે છે અને જ્વર ઉત્પન્ન કરે છે, માટે લંઘન કરવું જોઇએ. આ પ્રમાણે આરોગ્ય થતા સુધી બધા જ્વરવાળાએ લંઘન કરવું જોઇએ. હવે ચરક કહેછે કે "વાતજ્વરવાળાને છ દિવસ સુધી લંઘન કરાવી સાતમે દિવસે હલકું ભોજન આપવુ તથા વૈદ્ય તેને પાચન તથા શમન કષાય આપવો. સુશ્રુતે પણ કહ્યું છે કે—"વાતજ્વરમાં સાત રાત્રી પછી, પિત્તજ્વરમાં દશ રાત્રી પછી અને કફજ્વરમાં બાર રાત્રી પછી જ્વરની દવા આપવી. આ ઠેકાણે શંકા થાય કે "શ્રુતિમાં કહ્યા પ્રમાણે અન્નજ પ્રાણીઓને પ્રાણરૂપ છે,

માટે અન્ન વગર શી રીતે રહી શકે"? તેનું સમાધાન કે–લંઘન ખમી શકવાની શક્તિ દોષોની છે, દોષ ક્ષય થાય તો કદી પણ લંઘન ખમાય નહિ. કફ અને પિત્ત, એ બે ધાતુઓ દ્રવરૂપ હોવાથી વધારે લંઘન ખમી શકેછે, પરંતુ આમનો ક્ષય થયા પછી વાયુ ક્ષણભર પણ લંઘન ખમી શકતો નથી.

દશમૂલાદિ કવાથ

श्रीफलः सर्वतोभद्रा कामदूती च शोणकः। तर्कारी गोक्षुरः क्षुद्रा बृहती कलशी स्थिरा ॥ रास्ना कणा कणामूलं कुष्ठं शुण्ठी किरातकः । मुस्ता बला मृता बालं द्राक्षा यासः शताह्विका ॥ एष क्काथो निहन्त्येव प्रभंजनकृतं ज्वरम् । सोपद्रवं च योगोऽयं सर्वयोगवरः स्मृतः ॥

श्रीफलो बिल्व । सर्वतोभद्रा गम्भारी । कामदूती पाटला । शोणक सोनापाठा इति लोके । तर्कारी गणिकारी । कलशी पृश्निपर्णी स्थिरा शालिपर्णी बला सुगन्धबला द्राक्षा यासो यवासः । इति दशमूलादिक्काथः ॥

બીલી, શિવણ, કાંકચ, અરણી, અરલૂ, ગોખરૂ, બંને જાતની ભોંરીંગણીઓ, બને જાતના સમેરવાઓ, રાસ્ના, પીપર, પીપરમૂળ, કઠ સૂંઠ, કરિયાતું, મોથ, નાગબલા, ગળો, વાળો, દ્રાક્ષ, જવાસા, અને શતાવરી, એમનો કવાથ વાતજ્વરને ઉપદ્રવો સહિત હણેછે. આ પ્રયોગ સર્વ પ્રયોગમાં ઉત્તમ છે.

બૃહત્પંચમૂલી કવાથ.

सुश्रुतः । पञ्चमूली कषायन्तु पाचनं वातिके ज्वरे इति ॥

अत्र पञ्चमूली अत एव त्रिशाली ॥

श्रीपर्णीतर्कारीश्रीफलटुण्टूकपाटलामूलैः । पाचनमुचितं मारुतजनितज्वरहारिवारिणा कथितैः ॥

इति बृहत्पञ्चमूलीक्काथ ॥

સુશ્રુત કહેછે કે પંચમૂળીનો કવાથ વાતજ્વરમાં પાચન છે સીવણ, અરણી, બીલી, અરલૂ, પાડળ એ પાંચ મૂળોનો પાણીમાં કરેલો કવાથ વાતજ્વરમાં ઉત્તમ પાચન છે.

કિરાતાદિ કવાથ

किराताह्वामृतोदीच्यबृतीद्वयगोक्षुरैः । त्रिपर्णीकलशीबिल्वैः क्काथो वातज्वरापहः॥

उदीच्यं बालक त्रिपर्णी शालिपर्णी कलशी पृश्निपर्णी । इति किरातादिक्काथ ॥

કરિયાતું, ગળો, વાળો, બને જાતની ભોંયરીંગણીઓ, ગોખરૂ, બને જાતનો સમેરવો, અને બીલી, એમનો કવાથ વાતજ્વરને હરનારો છે

કાલિંગ કવાથ

गुडूची पिप्पलीमूलनागरैः पाचनं शृतम् । वातज्वरवता पेयं कालिङ्गं सप्तमेऽहनि॥

कालिङ्गं शतमिन्द्रयवन्तस्य शृतं । त्रिशाली ॥

ગળો, પીપરીમૂળ, સૂંઠ એનો કવાથ પાચન છે. વાતજ્વરવાળાએ એ કવાથમાં ઇંદ્રજવ નાંખીને સાતમે દિવસે પીવો.

વિશ્વાદિ કવાથ.

विश्वामृता ग्रन्थिकसिद्धतोयं मरुज्वरः स्यात् पिबत कुतोऽयम् । क्काथोऽथ कुस्तु-

म्बुरदेवदारुक्षुद्रौषधैः पाचनमत्र चारु ॥

विश्वा शुण्ठी क्वाथ· पाचनमिति वेदा प्रमाणामितिवत् ॥

સૂંઠ, ગળો, અને પીપરમૂળનો ક્વાથ વાતજ્વરમાં પીવામા આવે તો પછી શું જ કહેવુ? ધાણા, દેવદાર, ભોરીંગણી એ પણ વાતજ્વરમા સારૂં પાચન છે.

બૃહત્પંચમૂલ્યાદિ ક્વાથ

पञ्चमूली बला रास्ना कुलत्थैः सहपौष्करैः । क्वाथो हन्याच्छिरःकम्पं पर्वभेदं मरुज्ज्वरम् ॥

पञ्चमूली बिल्वादिः । बृहत्पञ्चमूल्यादिकाथ. ॥

પચમૂળી, નાગબલા, રાસ્ના, કળથી અને એરંડાનું મૂળ, એનો ક્વાથ માથાનો કપ, સાધાની પીડા, અને વાતજ્વરને હણે છે.

કણાદિ ક્વાથ.

कणारसो नामृतवल्लिविश्वानिदग्धिकासिन्धुकभूमिनिम्बैः । समुस्तकैराचरितः कषायो हिताशिनां हन्ति गदानिमांस्तु ॥ ज्वरं मरुद्दुष्टिसमुद्भवं तथा बलासजं चानलमन्दताञ्च । कण्ठावरोधं हृदयावरोधं स्वेदञ्च रोमाचहिमत्वमोहान् ॥

इति कणादिकाथ ॥

પીપર, લસણ, ગળો સુઠ, ભેઠી ભોરીંગણી, સૈંધવ, કરિયાતું, અને મોથનો ક્વાથ વાતજ્વર, કફજ્વર, અગ્નિની મંદતા, કઠનો અવરોધ, હૃદયનો અવરોધ, સ્વેદ, રોમાંચ, ટાઢ અને મોહ એટલા રોગનો નાશ કરેછે.

કલ્પતરૂ ક્વાથ.

शुद्धं सूतशुक्रमक्षतुलितं मारारिनारीरजस्तद्वत्तावदुमापतिस्फुटगलालङ्कारवस्तुस्मृतम् । तावत्स्येव मनःशिला च विमला तावत्तथा टङ्कणं । शुण्ठी द्वयक्षमिता कणा च मरिचं दिक्पालसंख्याक्षकम् ॥ विषादि वस्तूनि शिलोपरिष्टाद्विचूर्णयेद्वासासि शोधयेच्च । ततस्तु खल्वे रसगन्धकौ च चूर्णश्च तद्यामयुगं विमर्द्येम् ॥ कल्पतरुनामधेयो यथार्थनामा रसः श्रेष्ठः । समीरणश्लेष्मगदान्हरते च मात्रा स्मृतास्य गुञ्जैका ॥ आर्द्रकेण सममेष भक्षितो हन्ति वातकफसम्भवं ज्वरम् । श्वासकासमुखसेकशीतताचहिमान्द्यविसुचीश्च नाशयेत् ॥ नस्येनाश्वेव हरति शिरोऽर्तिं कफवातजाम् मोहं महान्तमपि च प्रलापं सवथुगृहम् । कल्पतरुरसः ॥

શુદ્ધ પારો ૧ તોલો, શુદ્ધ ગંધક ૧ તોલો, વછનાગ ૧ તોલો, મનશીળ ૧ તોલો, સોનામુખી ૧ તોલો, ટંકણ ખાર ૧ તોલો, સુઠ ૨ તોલા, મરી ૧૦ તોલા, પીપર ૨ તોલા, એ સર્વને પત્થરપર વાટીને પછી તે ચૂર્ણને બે પોહોર સુધી પારા તથા ગંધક સાથે ખરલ કરવું એ કલ્પતરૂ નામનો ઉત્તમ રસ થાય છે. તે કફ તથા વાયુનાં દરદોને હણેછે. તેની માત્રા એક રતિની છે. તે આદાના રસમાં ખાવાથી વાતજ્વર તથા કફજ્વર મટી જાય છે. શ્વાસ, ઉધરસ, લાળ, ટાઢ, અગ્નિમાંદ્ય, અને કોલેરાનો નાશ કરેછે. તેનું નસ્ય લેવાથી કફ અને વાયુથી થતું માથાનું

દરદ મટે છે. મોહ અને બહુ બકબકારો તથા છીંકનું બંધ થવું પણ મટાડે છે.

મહાજ્વરાંકુશ.

सामान्यज्वरचिकित्सोक्तो महाज्वराङ्कुश प्रदेयोऽत्र ॥

સામાન્ય જ્વરની ચિકિત્સામાં મહા જ્વરાંકુશ કહી ગયા છીએ. તે પણ વાતજ્વરમાં આપવો.

ત્રિપુરભૈરવ રસ

विषमहौषधमागधिकोषणद्युमणिरक्तकमार्द्रकमर्दितम् । क्रमविवर्द्धितमुद्दलितज्वरस्त्रिपुरभैरव एष रसो वरः ॥

द्युमणि मारित ताम्र तस्य भागाः पञ्च रक्तक हिङ्गुल तस्य भागा षट् । मात्रास्य रक्तिकार्द्धम् । त्रिपुरभैरवो रसः ॥

વછનાગ, સૂંઠ, પીપર, મરી, તામ્રભસ્મ, અને હિંગલોક, એ દરેક ક્રમસર એક, બે, ત્રણ, એમ અકેક તોલો વધુ વધુ ભાગ લેઇને ચૂર્ણ કરવું તે ઉત્તમ એવો ત્રિપુરભૈરવ રસ કહેવાય છે, તે સર્વ જ્વરનો નાશ કરે છે. એની માત્રા અરધી રતિભાર આપવી.

સ્વેદ-શેક.

वातश्लेष्मज्वरे स्वेदं जङ्घापार्श्वास्थिशूलिनि । पीनसश्वासबाधिर्ये कारयेत्तद्विधानवित् ॥ श्रोतसां मार्दवं कृत्वा नीत्वा पावकमाश्रयम् । हत्वा वातकफस्तम्भं स्वेदो ज्वरमपोहति ॥

વાતજ્વર તથા કફજ્વરમાં જંઘા, પડખાં, અને હાડકાંમાં શૂળ હોય, પીનસ શ્વાસ, બેહેરાપણું હોય; ત્યારે વિધિ પ્રમાણે સ્વેદ આપવો જોઇએ. કારણ કે સ્વેદ નાડીઓને કોમળ કરી, અગ્નિને સ્વસ્થાનમાં લઇ જઇને વાયુથી તથા કફથી થતો દુ:ખાવો દૂર કરીને જ્વરને હણે છે.

વાલુકા સ્વેદ

खर्परभृष्टपटस्थितकाञ्जिकसंसिक्तवालुकास्वेदः । शमयति वातकफामयमस्तकशूलाङ्गभङ्गादीन् ॥

कम्पे शिरोहृदयगात्रव्यथायाम् ऽभाया पादसुप्ततायाम् । पिण्डिकोद्वेष्टनेऽङ्गसादे हनुस्तम्भे च लोमहर्षे ॥ वालुकास्वेद ॥

રેતીને ઠીકરાની ઠીબમા શેકીને કપડામા રાખી કાજી છાટીને તેનો શેક કરવાથી વાયુ તથા કફના દરદો, માથાનુ શૂળ, અને કળતરને શમાવે છે. કંપ, માથુ દુ:ખવુ, છાતી તથા અંગોમાંની પીડા, બગાસાં, પગની જડતા, પીંડીઓનું કળતર, અંગભંગ, ડાઢીનુ દુ:ખવું, અને રૂવાટાં ઉભા થવા એ સર્વ ઉપર આ સ્વેદ કરવો જોઇએ.

કવલ

मातुलुङ्गफलकेशरोद्धृतः सिन्धुजन्ममरिचान्वितो मुखे । हन्ति वातकफरोगमास्यगं शोषमाशु जडतामरोचकम् ॥

इति कवलः कण्ठौष्ठमुखशोषे ॥

બીજોરાના ફળમાથી કેશરા કાઢી નાંખીને તેમા સૈંધવ તથા મરી મેળવીને મુખમા કોળિયો રાખવાથી મુખમાંના વાયુના તથા કફના રોગો, શોષ, અને જડતા તથા અરૂચિ એકદમ મટી જાય છે.

મુખશોષ તથા વિરસપણાની ચિકિત્સા

शर्करादाडिमाभ्याञ्च द्राक्षा दाडिमयोस्तथा । कल्कं विधारयेदास्ये शोषवैरस्यनाशनम् ॥ द्राक्षामलकयोः कल्कं सघृतं वदने क्षिपेत् । तेन घृष्ट्वा मुखस्यान्तः कुर्वीत प्रतिसारणम् ॥ तेन तालुगलान्तस्थः संशोषश्चैव शाम्यति । सुरसं जायते वक्त्रं रुचिर्भवति भोजने ॥

સાકર તથા દાડમ, અથવા દ્રાક્ષ અને દાડમનો કલ્ક મુખમાં રાખવાથી શોષ તથા વિરસતા મટી જાય છે દ્રાક્ષ અને આમળાનો કલ્ક ઘી સાથે મુખમાં રાખવો, મુખની અંદર ઘસવો, અને લાળ ઝરવવી, તેથી તાળવું, ગળું એમાંનો શોષ શમી જાય છે, મુખમા સ્વાદ થાયછે, અને ભોજનની રૂચિ થાયછે.

નિદ્રાનાશનું નિદાન.

नावनं लङ्घनं चिन्ता व्यायामः शोकभीरुषः । एभिरेव भवेन्निद्रानाशः श्लेष्मातिसंक्षयात् ॥

નસ્ય, લંઘન, ચિંતા, કસરત, શોક, ભય, અને કફના અત્યંત ક્ષયથી નિદ્રાનો નાશ થાય છે.

નિદ્રાનાશની ચિકિત્સા

भृष्टन्तु विजयाचूर्णं मधुना निशि भक्षयेत् । निद्रानाशेऽतिसारे च ग्रहण्यां पावकक्षये ॥ गुडं पिप्पलिमूलस्य चूर्णेनालोडितं लिहेत् । चिरादपि च सम्प्राप्तां निद्रामाप्नोति मानवः ॥ वायसजङ्घामूलं बद्धं वा शिरसि काकमाच्याश्च । विधृतं निद्राजनकं त्वङ्मूलं वा शृतं सगुडम् ॥

पीतमिति शेष ॥

मूलन्तु काकमाच्या बद्धं सूत्रेण मस्तके नियतम् । विदधाति नष्टनिद्रो निद्रामाश्वेव सिद्धमिदम् ॥ शीलयेन्मन्दनिद्रस्तु क्षीरमद्यरसान्दधि । अभ्यङ्गोद्वर्त्तनस्नानमूर्द्धकर्णाक्षितर्पणम् ॥

रसं मासरसम् ॥

कान्ताबाहुलताश्लेषो निर्वृतिः कृतकृत्यता ॥ मनोनुकूला विषयाःकामंनिद्रासुखप्रदाः । रसे शाके च सूपे च सर्पिर्यूषपयःसु च ॥ निद्रां संजनयत्याशु पलाण्डुरुपयोजितः ॥ रसे मासरसे ॥

ऐक्षवं पोतकीमाषसुरा मांसरसः पयः । गोधूमतिलमत्स्याश्च निद्रां कुर्वन्ति देहिनाम् । निद्रानाशे ॥

શેકેલી ભાંગનું ચૂર્ણ મધમાં રાત્રે ચાટવાથી નિદ્રાનાશ, અતિસાર, મરડો, અગ્નિમાંદ્ય, એ મટેછે ગોળ અને પીપળીમૂળનું ચૂર્ણ ચાટવાથી માણસને ઘણા કાળથી નિદ્રા જતી રહી હોય તે પણ પાછી આવેછે અઘેડીનું મૂળ માથે બાંધવાથી, અથવા પીલુડીનું મૂળ માથે ધારણ કરવાથી નિદ્રા આવે છે અથવા પીલુડીની છાલ કે મૂળનો ક્વાથ ગોળ સાથે પીવો. પીલુડીનું મૂળ સૂતરવડે માથે હમેશાં બાંધી રાખવાથી નિદ્રાનાશ મટી જઇને નિદ્રા આવેછે એ વાત સિદ્ધ છે. જેને નિદ્રા ઓછી હોય તેણે દૂધ, મદ્ય, માંસરસ, દહિ, તેલનો અભ્યંગ,

ખરડ, સ્નાન, અને મસ્તક કાન નેત્રાદિનાં તર્પણ કરવાં. સુદર સ્ત્રીની બાહુરૂપી લતાના આલિંગનથી સુખ તથા કૃતકૃત્યતા મળેછે. મનને ગમે તેવા વિષયો કામ, નિદ્રાને સુખ આપનારા છે માંસરસ, શાક, દાળ, ઘી, યૂષ, અને દૂધમાં, ડુગળી ખાવાથી નિદ્રા તરત આવેછે. શેરડી, પોથી અડદ, મદિરા, માસરસ, દૂધ, ઘઉં, તલ અને માછલાનો ઉપયોગ કરવાથી દેહધારીઓને નિદ્રા આવેછે.

દારૂષટ્કલેપ.

दारुहैमवतीकुष्ठशताह्वाहिङ्गुसैन्धवैः। लिम्पेत्कोष्णैरम्लपिष्टैः शूलाध्मानयुतोदरम् ॥

हैमवती श्वेतवचा । दारुषट्कलेप शूलाध्माने ॥

દેવદાર, ધોળીવજ, કઠ, શતાવરી, હિંગ, અને સૈંધવ, એમને ખટાઈમાં વાટીને જરા ઉંનુ કરીને લેપ કરવાથી શૂળ તથા આફરો વગેરે ઉદરરોગ મટી જાયછે

કાનના અવાજની ચિકિત્સા

कटुतैलं कणाहिङ्गुवचालशुनसाधितम् ॥ उष्णं विनिहितं हन्ति कर्णयोर्निःस्वनव्यथाम् । तैल कर्णस्वने

પીપર, હિંગ, વજ, અને લસણથી સિદ્ધ કરેલું સરસિયુ તેલ જરા ગરમ કરી કાનમાં ટીપા નાખવાથી કાનમા થતો અવાજ તથા પીડા મટી જાયછે.

સુકી ઉધરસની ચિકિત્સા.

कणा सुगन्धिवचया यवान्या च समन्विता ॥ ताम्बूलसहिता हन्ति शुष्ककासं मुखे धृता । इति शुष्ककासे ।

પીપર, સુગધીવજ, અજમો, અને નાગરવેલના પાન મુખમાં રાખવાથી સૂકી ઉધરસ મટી જાયછે.

વાતજવરનાં અન્નો.

श्रमोपवासाहि ज्वरे हितो नित्य रसौदनः । मुद्गामलकयूषस्य बद्धविट्काय दीयते ।

रसो मासरस ॥

पेयां वा रक्तशालीनां बस्तिपार्श्वशिरोरुजि । श्वदंष्ट्राकण्टकारीभ्यां सिद्धा ज्वरहरीं पिबेत् ॥ कासी श्वासी च हिक्की च पञ्चमूलीशृतां पिबेत् ॥

पेयामिति शेषः इति वातज्वराधिकार ।

શ્રમ, ઉપવાસ, અને વાતજવરમા હંમેશાં રસૌદન હિતકારી છે મગનો અથવા આમળાનો યૂષ બધમળને છોડેછે. અથવા રાતા ચોખાની પેયા મુત્રાશય તથા પડખા તથા માથાના દુખાવાને મટાડેછે ગોખરૂ અને ભોંરીંગણીથી સિદ્ધ કરેલી પેયા જવરને મટાડનારી છે. ઉધરસ, શ્વાસ, હેડકી હોય તો પચમૂલીનો કવાથ પીવો.

(પિત્ત જવરનો અધિકાર)

કારણો સહિત સપ્રાપ્તિ.

पित्तलाहारचेष्टाभ्यां पित्तमामाशयाश्रयम् । बहिर्निरस्य कोष्ठाग्निं ज्वरकृत्स्याद्रसानुगम् ॥

पितस्य पङ्गुत्वात्तेन कोष्टाग्नेरुष्मा बहिर्नेतुं न शक्यते । यत आह ॥

पित्तं पङ्गुः कफः पङ्गुः पङ्गवो मलधातवः ॥ वायुना यत्र नीयन्ते तत्र गच्छन्ति मेघवत् । इति ॥

ततोऽत्र पित्त वातसहायं बोद्धव्य । यत आह ।

द्रव्यमेकरसं नास्ति न रोगोऽप्येकदोषजः । एकस्तु कुपितो दोष इतरानपि कोपयेत् । इति

પિત્ત કરનારા આહાર તથા ચેષ્ટાઓથી આમાશયમાંનુ પિત્ત કોઠાના અગ્નિને બહાર કાઢીને રસને દૂષિત કરી જ્વર કરેછે. પિત્ત પાંગળુ છે, કફ પણ પાંગળો છે, મળો અને ધાતુઓ પણ પાગળા છે, તેમને વાયુ જ્યા લેઈ જાય છે ત્યાં મેઘની પેઠે તેઓ જાયછે. દ્રવ્ય એક જ રસ યુક્ત નથી, તેમ એક જ દોષવાળો રોગ હોતો નથી, પણ એક દોષ કોપેછે તો તે બીજાઓને પણ કોપાવે છે.

પિત્તજ્વરનાં લક્ષણો

वेगस्तीक्ष्णोऽतिसारश्च निद्राल्पत्वं तथा वमिः । कण्ठौष्ठमुखनासानां पाकः स्वेदश्च जायते । प्रलापो वक्त्रकटुता मूर्छा दाहो मदस्तृषा । पीतविण्मूत्रनेत्रत्वं पैत्तिके भ्रम एव च ॥

अतीसारः पित्तस्य तस्य सरत्वात्सद्रवमलप्रवृत्तिर्न त्वतिसारवत्तस्य ज्वरोपद्रवत्वात् । वमि. यदा पित्त कफस्य स्थान याति तदा बोद्धव्या । प्रलापोऽनर्थकं वच । मूर्छा रूपादेरज्ञानम् ॥ मद पूगकोद्रवधत्तूरभक्षणादिव मत्तता । भ्रमश्चक्रारूढस्येव ज्ञान चकाराद्रक्तकण्ठादयो बोद्धव्याः ॥

જ્વરનો વેગ તીક્ષ્ણ, અતિસાર, નિદ્રા ઓછી, પિત્ત કફના સ્થાનમાં જવાથી ઉલટી, કંઠ તથા હોઠ અને મુખ તથા નાકમા પાક, પરસેવો, બકબકાટ, મુખમાં તીખાશ, મૂર્છા, દાહ, સોપારી કોદરા અને ધંતુરો ખાધા જેવી કેફ, તરશ, વિષ્ઠા મૂત્ર અને નેત્રો પીળાં થાય, અને ભ્રમ, એ પિત્તજ્વરનાં લક્ષણો છે. પિત્તનો અતિસાર થાયછે, એટલે અતિસારના જેવો પાતળો ઝાડો થતો નથી, પણ પિત્ત દ્રવરૂપ હોવાથી દ્રવવાળાને મળ પડે છે, એમ સમજવું. કેમકે અતિસાર એ પણ એક જ્વરનોઉપદ્રવ કરનાર છે.

પિત્તજ્વરની ચિકિત્સાનો કાળ

आमाशयस्थो हत्वाग्निं सामो मार्गान् पिधापयन् । विदधाति ज्वरं दोषस्तस्माल्लंघनमाचरेत् ॥

इति वचनात्सामान्यतो ज्वरिमात्रस्य यावदारोग्यदर्शनं लङ्घनाभिधानम् । पित्तज्वरिणो लङ्घनविधाने विशेषमाह । सुश्रुत ॥

पैत्तिके दशरात्रेण ज्वरे युंजीतभेषजमिती ॥

दशरात्रेण लङ्घनवता व्यतीतेनेत्यर्थः । किं तद्भेषजम् तदाह ॥

આમાશયમાનો આમ અગ્નિને હણીને માર્ગો રોકી દેઇને જ્વરને પેદા કરેછે, એટલા માટે લંઘન કરવું જોઇએ. આ પ્રમાણે સર્વ જ્વરમાં લંઘન કરવું. તેમાં પિત્તજ્વરમાં દશ રાત્રી લંઘન કર્યા પછી ઔષધ આપવું, એમ સુશ્રુતનું કહેવું છે.

તિક્તાદિ ક્વાથ.

तिक्ता मुस्तायवैः पाठा कट्फलाभ्यां स-

होदकम् । पक्वं सशर्करं पीतं पाचनं पैत्तिके ज्वरे ॥

કડુ, મોથ, ઈંદ્રજવ, કાળીપાટ અને કાયફળ, એનો ક્વાથ સાકર નાંખીને પીવાથી તે પિત્તજવરમાં પાચન છે

પર્પટાદિ ક્વાથ.

पर्पटो वासकस्तिक्ता कैरातो धन्वयासकः। प्रियङ्गुश्च कृतः क्काथ एषां शर्करया युतः ॥ पिपासादाहपित्तास्रयुक्तं पित्तज्वरं हरेत् ।

ખડસલિયો, અરડૂસો કડુ, કરિયાતું, ધમાસો, કાંગ, એમનો ક્વાથ સાકર નાંખીને, પીવાથી તરશ, દાહ, પિત્ત, રક્ત, એ સર્વ સહિત પિત્તજવરને હણે છે.

દ્રાક્ષાદિ ક્વાથ.

द्राक्षा हरीतकी मुस्ताकटुकाकृतमालकः । पर्पटश्च कृतः क्वाथ एषा पित्तज्वरापहः ॥ मुखशोषप्रलापार्त्तिदाहमूर्छाभ्रमप्रणुत् । पिपासा रक्तपित्तानां शमनो भेदनो मतः ॥

દ્રાક્ષ, હરડે, મોથ, કડુ, ગરમાળો, ખરસલિયો, એમનો ક્વાથ પિત્તજવરને મટાડે છે. મુખશોષ, બકવા, પીડા, દાહ, મૂર્છા, અને ભ્રમ મટેછે રક્તપિત્ત તથા તરશ શમેછે. એ ક્વાથ ભેદન છે.

પટોલાદિ ક્વાથ.

पटोलयवधान्याकमधूकं मधुसंयुतम् । हन्ति पित्तज्वरं दाहं तृष्णाश्चातिप्रमाथिनीम्॥

પરવળ, ઈંદ્રજવ, ધાણા અને મહુડાંનો ક્વાથ મધસાથે પીવાથી પિત્તજવર, દાહ, અને તરશને તરત મટાડે છે.

ગુડુચ્યાદિ ક્વાથ

गुडूच्यामलकैर्युक्त केवलो वापि पर्पटः । पित्तज्वरं हरेत्तूर्णं दाहशोषभ्रमान्वितम् ॥

ગળો, આમળાં, અને ખડસલિયાનો અથવા એકલા ખડસલિયાનો ક્વાથ દાહ, શોષ, અને ભ્રમસહિત પિત્તજવરને મટાડી દે છે.

હ્રીબેરાદિ હિમ.

एकः पर्पटकः श्रेष्ठः पित्तज्वरविनाशनः । किं पुनर्यदि युञ्जीत चन्दनोशीरबालकैः ॥ ह्रीबेरचन्दनोशीरघनपर्पटसाधितम् । दद्यात्सुशीतलं वारितृट्छर्दिज्वरदाहनुत् ।

પિત્તજવરનો નાશ કરવામા એકલો ખડસલિયોજ ઉત્તમ છે, તેમાં જો ચદન, કાળોવાળો, અને વાળો મેળવવામા આવે, તો તો કહેવુંજ શુ ? ! કાળોવાળો, ચદન, વાળો, મોથ, અને ખડસલિયો, એનુ હિમ કરીને આપવાથી તૃષા, ઉલટી, જ્વર તથા દાહને હણેછે.

ભૂનિંબાદિ ક્વાથ.

भूनिम्बातिविषालोध्रमुस्तकेन्द्रयवामृता । वालकं धान्यकं बिल्वं कषायो माक्षिकान्वितः ॥ विड्भेदश्वासकासांश्च रक्तपित्तं ज्वरं हरेत् ॥

કરિયાતું, અતિવિષ, લોદર, મોથ, ઈંદ્રજવ, ગળો, વાળો, ધાણા, અને બીલી એનો ક્વાથ મધમાં નાંખીને પીવાથી વારેઘડીએ વિષ્ઠાનુ નીકળવુ, શ્વાસ, ઉધરસ, રક્તપિત્ત અને જ્વરને મટાડે છે.

મહાદ્રાક્ષાદિ કવાથ.

द्राक्षाचन्दनपद्मानि मुस्तातिक्तामृतापि च । धात्री बालमुशीरं च लोध्रेन्द्रयवपर्पटाः ॥ परूषकं प्रियङ्गुश्च यवासो वासकस्तथा । मधुकं कुलकश्चापि किरातो धान्यकं तथा ॥ एषां क्वाथो निहन्त्येव ज्वरं पित्तसमुत्थितम् । तृष्णां दाहं प्रलापञ्च रक्तपित्तं भ्रमं क्लमम् ॥ मूर्छां छर्दिं तथा शूलं मुखशोषमरोचकम् । कासं श्वासञ्च हृल्लासं नाशयेन्नात्र संशयः ॥

દ્રાક્ષ, ચંદન, કમળ, મોથ, કડુ, ગળો, આમળાં, વાળો, કાળોવાળો, લોદર, ઈંદ્રજવ, ખડસલિયો, ફાલસાં, કાંગ, જવાસો, અરડૂસો, મહુડાં, કડવાં પરવળ, કરિયાતુ, અને ધાણાનો કવાથ પિત્તજ્વરને હણેછે. તરશ, દાહ, પ્રલાપ, રક્તપિત્ત, ભ્રમ, ગ્લાનિ, મૂર્છા, ઉલટી, તથા શૂળને પણ તે મટાડેછે. મુખ શોષ, અરૂચિ, શ્વાસ, ઉધરસ, અને મોળ મટી જાયછે, તેમાં સંશય નથી.

ધાન્યાક હિમ.

ससितो निशि पर्युषितः प्रातर्धान्याकजक्वाथः । पीतः शमयत्यचिरादन्तर्दाहं ज्वरं पैत्तम् । धान्याकहिमम् ॥

રાત્રે પાણીમાં ધાણા પલાળી રાખીને સવારે સાકર નાખીને તે હિમ પીવાથી અતર્દાહ તથા પિત્તજ્વર તુરતજ નાશ પામી જાયછે.

અમૃતાહિમ.

अमृताया हिमः प्रातः ससितः पैत्तिकं ज्वरम् ॥

ગળોનું હિમ સવારમાં સાકર નાંખીને પીવાથી પિત્તજ્વર મટેછે.

વાસાહિમ.

वासायाश्च तथा कासरक्तपित्तज्वरान् जयेत् ॥

અરડૂસીનુ હિમ પણ ઉધરસ, રક્તપિત્ત તથા જ્વરને જીતે છે.

ગુડુચ્યાદિ કવાથ.

गुडूची भूमिनिम्बश्च बालं वीरणमूलकम् । लघु मुस्तं त्रिवृद्धात्री द्राक्षावासा च पर्पटः । एषां क्वाथो हरत्येव ज्वरं पित्तकृतं द्रुतम् । सोपद्रवमपि प्रातर्निपीतो मधुना सह । गुडूच्यादिक्वाथः ॥

ગળો, કરિયાતું, વાળો, કાળાવાળાનું મૂળ, ન્હાની મોથ, નસોતર, આમળા, દ્રાક્ષ, અરડૂસી, અને ખડસલિયો એમનો કવાથ પિત્તજ્વરને એકદમ હણેછે. પ્રાતઃકાળમાં મધ નાંખીને પીવાથી ઉપદ્રવો સહિત પિત્તજ્વરનો તે નાશ કરી નાંખેછે.

પ્રલેપ.

पलाशस्य बदर्या वा निम्बस्य मृदुपल्लवैः । अम्लपिष्टैः प्रलेपोऽयं हन्याद्दाहयुतं ज्वरम् ॥

ખાખરાના, બોરડીનાં અથવા લીમડાના કૂળા પાનોને ખટાઇમાં વાટીને શરીરે લેપ કરવાથી દાહ સહિત પિત્તજ્વર હણાઇ જાયછે.

શીતજલધારા.

उत्तानसुप्तस्य गभीरताम्रकांस्यादिपात्रे निहिते च नाभौ । शीताम्बुधारा बहुलाः पतन्ति निघ्नन्ति दाहं त्वरितं ज्वरञ्च ॥

પિત્તજ્વરવાળાને છતો સૂવાડીને નાભિ ઉપર ત્રાંબાનું કે કાંસાનું ઊંડુ વાસણ મુકી, તેમાં ટાઢા પાણીની ધાર પાડવાથી દાહ સહિત પિત્તજ્વર તુરત મટી જાયછે.

પથ્યાદિ અવલેહ.

पथ्यां तैलघृतक्षौद्रैर्लिहन् दाहज्वरापहान्। कासासृक्पित्तवीसर्पश्वासान्हन्ति वमीमपि ॥

तैलघृतक्षौद्रैरित्यत्र न समुच्चयस्तेन केवलेन क्षौद्रेणापि लिह्यात् ॥

તેલ, ઘી, અને મધમાં હરડે, ચાટવાથી દાહવાળો જ્વર મટેછે ઉધરસ, રક્તપિત્ત રતવા, શ્વાસ, અને ઉલટીને પણ તે હણેછે.

આર્દ્રવસ્ત્રાવગુંઠન.

काञ्जिकार्द्रपटेनावगुण्ठनं दाहनाशनम्। अथ गोतक्रसंस्विन्नं शीतलीकृतवाससा ॥

કાંજીમાં ભીંજવેલ કપડું ઓઢાડવાથી દાહનો નાશ થાયછે. ગાયની છાશથી ભીંજવીને ટાઢું કરેલું લૂગડું પણ ઓઢાડાય છે.

કવલ.

द्राक्षामलककल्केन कवलोऽत्र हितो मतः। पक्वदाडिमबीजैर्वा धानाकल्केन च क्वचित् ॥

इति कवल धानात्र धान्यकम्। इति कल्क ॥

દ્રાક્ષ અને આમળાંનો કલ્ક પણ પિત્તજ્વરમાં હિતકારી છે. પાકેલાં દાડમનાં બીજો અથવા ધાણાનો કલ્ક પણ ક્વચિત હિતકારી છે.

અન્નપાનો.

दाहकम्पार्दितं क्षामं निरन्नं तृष्णयान्वितम्। शर्करामधुसंयुक्तं पाययेल्लाजतर्पणम् ॥

लाजतर्पणम् लाजशक्तुरूप तर्पणम्। सन्तर्पणस्वरूपमुक्त सामान्यज्वरचिकित्सायाम ॥

मुद्गयूषौदनो देयः सितया पैत्तिके ज्वरे।

દાહ તથા કંપવાળા, દુબળા, ભૂખ્યા અને તરશ્યા, એવાને સાકર અથવા મધ નાખીને ચોખાની ધાણીનો સાથવો પાવો અને તૃપ્તિ આપવી. પિત્તજ્વરમાં મગના યૂષ સહિત ભાત સાકર સાથે આપવો.

બીજા ઉપચારો.

हर्म्ये शुभ्राभ्रसङ्काशे शशाङ्ककरशीतले। मलयोदकसंसिक्ते सुप्यात्पित्तज्वरी नरः ॥ हारावली चन्दनशीतलानां सुगन्धपुष्पाम्बरभूषितानाम्। नितम्बिनीनां सुपयोधराणामालिङ्गनान्याशुहरन्तिदाहम्॥आह्लादं चास्य विज्ञाय न स्त्रीरुपनयेत्पुनः। हितं च भोजयेदन्नं न प्रीतिसुरतं हितम् ॥ वाप्यः कमलहासिन्यो जलयन्त्रगृहाः शुभाः नार्यश्चन्दनदिग्धाङ्ग्यो दाहदैन्यहरा मताः ॥

इति पित्तज्वराधिकार. ॥

સ્વચ્છ આકાશવાળા, ચંદ્રની ચાંદની વાળા અને ચંદનનુ જળ છાટેલા મહેલમાં પિત્તજ્વરવાળાએ શયન કરવું. હાર પહેરેલી, ચંદનથી શીતળ બનેલી, અને સુગંધી પુષ્પો તથા વસ્ત્રોથી શણગારાયેલી સુંદર સ્તનવાળી સ્ત્રીઓને આલિંગન દેવાથી એકદમ દાહની શાંતિ થાયછે. રોગીને સ્ત્રીના આલિંગનથી

આનંદ થયેલો જણાયા પછી સ્ત્રીને ત્યાંથી ખસેડી લેવી. હિતકારી ભોજન જમવું, પણ સુરતની પ્રીતિ રોગીને હિતકારી નથી. પ્રફુલ્લિત કમળોવાળી વાવો, અને ફુવારાઓવાળા ઘરો સારાં છે. ચંદન ચોપડેલી નારીઓ દાહ અને દીનતાને હરનારી છે.

કફજ્વરનો અધિકાર.

કારણો સહિત સંપ્રાપ્તિ.

श्लेष्मलाहारचेष्टाभ्यां कफ आमाशयाश्रयः । बहिर्निरस्य कोष्ठाग्निं ज्वरकृत्स्याद्रसानुगः ॥

कफस्य कोष्ठाग्नितेजसो बहिर्नयने पङ्गुत्वादाशङ्कया जातायां पित्तस्यैव सिद्धान्तो बोद्धव्य ॥

કફ કરનારા આહાર અને ચેષ્ટાઓથી આમાશયમાં રહેલો કફ રસને કોપાવીને કોઠાના અગ્નિને બહાર કાઢી જ્વર ઉત્પન્ન કરે છે. કફ પાંગળો છે, તે કોઠાના અગ્નિને બહાર શી રીતે કાઢી શકે ? એનો ખુલાસો પિત્તજ્વરના અધિકારમાં આપેલો છે.

કફજ્વરનું પૂર્વરૂપ.

कफात्रान्नाभिनन्दनमिति कफज्वरे उत्पत्स्यति । अन्नानभिलाष स्यात्स च श्रमादिपूर्वको भवति ॥

કફજ્વર ઉત્પન્ન થવાનો હોય ત્યારે પ્રથમ થાક લાગીને અન્ન ઉપર અરૂચિ થાય છે.

કફજ્વરનાં લક્ષણો.

स्तैमित्यं स्तिमितो वेग आलस्यं मधुरास्यता । शुक्लमूत्रपुरीषत्वं स्तम्भस्तृप्तिरथापि वा ॥ गौरवं शीतमुत्क्लेदो रोमहर्षोऽतिनिद्रता । प्रतिश्यायोऽरुचिः कासः कफजेऽक्ष्णोश्च शुक्लता ॥

स्तैमित्यमङ्गानां आर्द्रपटावगुण्ठितत्वमिव । स्तिमितो वेग ज्वरस्य मन्दो वेग । आलस्यं समर्थस्यापि कर्मण्यनुत्साहः । स्तम्भः अङ्गाना अनम्रता । तृप्तिः अन्नानभिलाष. सत्यामपि भोजनेच्छायाम् गौरवं गात्राणाम् शति लगति उत्क्लेदः वमनोपस्थितिरिति च । अतिनिद्रता निद्राधिक्यं प्रतिश्यायो नासारोगविशेषः अरुचिः भोजनानिच्छा चकारात्पिडिका मुखप्रसेकच्छर्दिस्तन्द्रा हृदयोपलेप उष्णाभिलाषो वह्निर्मांद्यमिति । यत उक्तम् ।

प्रसेकः पिडिका शीतं छर्दिस्तन्द्रोष्णकामिता । कफेन लिप्तं हृदयं भवेदग्नेश्च मन्दता ॥

અંગોમાં ભીનાશ, જ્વરનો મંદ વેગ, આળસ, મુખમાં મીઠાશ, મૂત્રમળ શ્વેત, અવયવો સજ્જડ થવા, ગૌરવ, ટાઢ, પરસેવો, રૂવાટાં ઉભાં થવાં, બહુ નિદ્રા, સળેખમ, અરુચિ, ઉધરસ, અને આંખો ધોળી થવી, એ કફજ્વરમાં થાયછે. વળી મુખમાં પાણી, ટાઢ, ઉલટી, તંદ્રા, ગરમીની પ્રીતિ, હૃદય કફથી લિપ્ત, અને અગ્નિમંદ થાયછે.

ચિકિત્સા કરવાનો કાળ.

आमाशयस्थो हत्वाग्निं सामो मार्गान् पिधापयन् । विदधाति ज्वरं दोषस्तस्माल्लङ्घनमाचरेत् ॥

इति वचनात् सामान्यतो ज्वरिमात्रस्य यावदारोग्यदर्शनं लङ्घनाभिधानं श्लेष्मज्वरिणो लङ्घनविधाने विशेषमाह सुश्रुतः

श्लैष्मिके द्वादशाहेन ज्वरे भुंजीतभेषजमिति ।

द्वादशाहेन लङ्घनवता व्यतीतेनेत्यर्थ ॥ किं तद्भेषज तदाह ॥

આમાશયમાંનો આમ અગ્નિને હણીને માર્ગોને ઢાંકી દે છે તેથી જ્વર આવેછે, માટે લંઘન કરવું જોઈયે, એ સર્વ જ્વરોમાં સામાન્ય નિયમ છે. કફજ્વરમાં બાર દિવસ લંઘન કરાવીને પછી ઓસડ આપવું (સુશ્રુત)

ચિકિત્સા—પિપ્પલ્યાદિ ક્વાથ.

पिप्पल्यादिकषायन्तु कफजे परिपाचनम् ॥ पिप्पली पिप्पलीमूलं मरीचं गजपिप्पली । नागरं चित्रकं चव्यं रेणुकैलाज मोदिका ॥ सर्षपो हिङ्गु भार्गी च पाठेन्द्रयवजीरकाः महानिम्बश्च मूर्वा च विषा तिक्ता विडङ्गकम् ॥ पिप्पल्यादिगणो ह्येष कफमारुतनाशनः । गुल्मशूलज्वरहरो दीपनस्त्वामपाचनः ॥

पिपल्यादिक्वाथ. ॥

કફજ્વરમા પાચન કરનારો પિપ્પલ્યાદિ ક્વાથ છે. પીપર, પીપરીમૂળ, મરી, ગજપીપર, સૂંઠ, ચિત્રક, ચવક, મેંદી, એલચી, અજમોદ, સર્ષવ, હિંગ, ભારંગી, કાળીપાડ, ઇંદ્રજવ, જીરૂં, બકાન, લીમડો, મોરવેલ, અતિવિષ, કડુ, અને વાવડીંગ, એ પિપ્પલ્યાદિગણ કફ તથા વાયુનો નાશ કરનારો છે. ગુલ્મ, શૂળ, અને જ્વર હરેછે દીપન અને આમનુ પાચન કરનારો છે.

પિપ્પલ્યવલેહ

क्षौद्रोपकुल्यासंयोगः श्वासकासज्वरापहः । प्लीहानं हन्ति हिक्काश्च बालानामपि शस्यते ॥

મધ, અને પીપર ચાટવાથી શ્વાસ ઉધરસ, જ્વર, બરલ, અને હેડકી હણાય છે આ અવલેહ બાળકને માટે પણ ઠીક છે.

ચતુર્ભદ્રિકાવલેહ.

पिप्पलीं त्रिफला चापि समभागान् ज्वरी लिहन् । मधुना सर्पिषा चापि कासं श्वासी सुखी भवेत् ॥

પીપર અને ત્રિફળાને સમભાગે લેઈને જ્વરવાળાએ મધ અથવા ઘીમા ચાટવા તેથી ઉધરસ અને શ્વાસ યુક્ત કફ જ્વર વાળાને સુખ મળે છે.

બીજો પ્રકાર.

कट्फलं पौष्करं शृंगी कृष्णा च मधुना सह । श्वासकासज्वरहरो लेहोऽयं कफ नाशनः ॥

કાયફળ, એરંડાનુ મૂળ, કાકડાશીંગી અને પીપર મધમા ચાટવાથી ઉધરસ, શ્વાસ કફજ્વર, અને કફનો નાશ થાય છે.

અષ્ટાંગાવલેહ.

कट्फलं पौष्करं शृङ्गी यवानी कारवी तथा । कटुत्रयश्च सर्वाणि समभागानि चूर्णयेत् ॥ आर्द्रकस्वरसैर्लिह्यान्मधुना वा कफज्वरी । कासश्वासारुचिच्छर्दिहिक्काश्लेष्मानिलापहः ॥

કાયફળ એરંડાનુ મૂળ, કાકડાશીંગી અજમો, કાળીજીરી, અને સૂંઠ મરી ને પીપર સમભાગે લેઈ ચૂર્ણ કરવું કફજ્વર વાળાએ આદાના સ્વરસ અથવા મધમા તે ચાટવુ, તેથી ઉધરસ, શ્વાસ, અરુચિ, ઉલટી, હેડકી, કફ, અને વાયુ હણાય છે.

નિર્ગુંડી ક્વાથ.

सिन्दुवारदलक्काथं कणाढ्यं कफजेज्व-रे । जङ्घयोश्च वले क्षीणे कर्णे च पिहिते पिबेत् ॥

કફજ્વરમાં સાથળ નબળી પડી ગઈ હોય અને કાન બેહેરા થઈ ગયા હોય તો નગોડના પાનનો ક્વાથ પીપરનું ચૂર્ણ નાંખીને પીવો.

યવાન્યાદિ ક્વાથ

यवानी पिप्पली वासा तथा खसखस-वल्कलम् । एषां क्वाथं पिबेत्कासे श्वासे च कफजे ज्वरे ॥

અજમો, પીપર, અરડૂસી, અને ખસ-ખસનાં જીડવાંનો ક્વાથ ઉધરસ, શ્વાસ અને કફજ્વરને મટાડે છે.

વાસાદિ ક્વાથ.

वासा क्षुद्रा मृता क्वाथः क्षौद्रेण ज्वरका सहृत् ॥

અરડૂસી, ભોંરીંગણી, અને ગળોનો ક્વાથ મધ નાખી પીવાથી કફજ્વર તથા ઉધરસને મટાડે છે.

મરિચ્યાદિક ક્વાથ.

मरीचं पिप्पलीमूलं नागरं कारवी कणा ।
चित्रकं कट्फलं कुष्ठं सुगन्धिवचा शिवा ॥
कण्टकारी जटाशृङ्गी यवानी पिचुमन्दकः ।
एषां क्वाथो हरत्येव ज्वरं सोपद्रवं कफात् ॥

મરી, પીપરમૂળ, સૂઠ, કાળીજીરી, પીપર, ચિત્રક, કાયફળ, કઠ, સુગંધીવજ, હરડે, બેઠીભોંરીંગણી, જટામાંસી, કાકડાશીંગી, અજમો અને લીમડો એનો ક્વાથ ઉપદ્રવો સહિત કફજ્વરને હરેછે.

કલ્પતરૂ રસ.

कफवातव्याधिहरत्वाद्वाताधिकारोक्तकल्पतरुर-सो योज्य ॥

વાતજવરમાં કહેલો કલ્પતરૂ રસ વાયુ તથા કફનો નાશ કરનારો છે, માટે તે કફ-જવરમા પણ લેવો.

કવલ.

सिन्धुत्रिकटुराजीभिरार्द्रकेण कफे हितः ।

સૈંધવ, ત્રિકટુ અનેરાઇ, આદાના રસમાં ચાટવાથી કફજ્વરમા ફાયદો થાયછે.

અન્નપાનો.

मुद्गयूषौदनो देयो ज्वरे कफसमुत्थिते ।

કફજ્વરમાં મગના યૂષથી સીજવેલો ભાત ખવરાવવો.

(વાતપિત્તજ્વરનો અધિકાર.)

કારણો તથા સંપ્રાપ્તિ.

वातपित्तकरैर्वातपित्ते आमाशयाश्रये ।
बहिर्निरस्य कोष्ठाग्निं रसगे ज्वरकारिणी ॥

स्यातामिति शेष ॥

વાત તથા પિત્ત કરનારા પદાર્થો ખાવાથી આમાશયમાનો વાયુ તથા પિત્ત રસને દૂષિત કરીને કોઠાના અગ્નિને બહાર કાઢીને જવર ઉત્પન્ન કરેછે.

વાતપિત્તજવરનું પૂર્વરૂપ.

प्राग्रूपे वातपित्तस्य भवतो वातपैत्तिके ।

વાત તથા પિત્ત એ બન્નેથી ઉત્પન્ન થનારા જ્વરમાં વાતજ્વર તથા પિત્તજ્વર એ બંનેનાં પૂર્વરૂપ થાય છે.

વાતપિત્ત જ્વરનાં લક્ષણો.

तृष्णा मूर्छा भ्रमो दाहो निद्रानाशः शि-

रोरुजा । कण्ठास्यशोषो वमथू रोमहर्षोऽरु- चिस्तमः । पर्वभेदश्च जृम्भा च वातपित्त- ज्वराकृतिः ॥

पर्वभेद. पर्वाणि भिद्यन्त सन्धिषु व्यथा ॥

તરશ, મૂર્છા, ભ્રમ, દાહ, નિદ્રાનાશ, મા- થાનું દુ ખવું, ગળામાં તથા મુખમાં શોષ, ઉલટી, રૂવાટાં ઉભાં થવાં, અરૂચિ, તમર, સાંધાઓમાં કળતર, અને બગાસાં, એ વાત- પિત્તજ્વરનાં લક્ષણો છે.

ચિકિત્સા કરવાનો કાળ.

वातपित्तज्वरे देयमौषधं पञ्चमेऽहनि ।

વાતપિત્તજ્વરમાં પાંચમે દિવસે દવા આપવી.

ચિકિત્સા–કિરિતાદિ ક્વાથ.

किराततिक्तममृतां द्राक्षामामलकं शटीम् । निःक्वाथ्य सगुडं क्वाथं वातपित्तज्वरे पि- बेत् ॥ किरातादिक्वाथ ॥

કરિયાતું, ગળો, દ્રાક્ષ, આમળાં, અને કચૂરાનો ક્વાથ ગોળ નાંખીને વાતપિત્ત જ્વરમાં પીવો.

પંચભદ્ર ક્વાથ.

गुडूची पर्पटो मुस्तं किरातो विश्वभेषजम् । वातपित्तज्वरे देयं पञ्चभद्रमिदं शुभम् ॥

पञ्चभद्रक्वाथः ॥

ગળો, ખડસલિયો, મોથ, કરિયાતું અને સૂઠ, આ શુભ પચભદ્ર ક્વાથ વાતપિત્ત જ્વરમાં આપવો.

ત્રિફલાદિ ક્વાથ.

त्रिफला शाल्मली रास्ना राजवृक्षाट- रूषकैः । शृतमम्बु हरत्याशु वातपित्तभवं ज्वरम् ॥ त्रिफलादिक्वाथः ॥

ત્રિફળા, શેમળો, રાસ્ના, ગરમાળો, અને અરડૂસો, આનો ક્વાથ એકદમ વાતપિત્ત જ્વરને હરેછે.

મધુકાદિ હિમ

मधूकं सारिवा द्राक्षा मधुकं चन्दनोत्प लम् । काश्मरीफलकं लोध्रं त्रिफला पद्मके सरम् ॥ परूषकं मृणालञ्च क्षिपेत्संचूर्ण्य वारिणि । निशोषितं सिताक्षौद्रलाजयुक्त न्तु तत्पिबेत् ॥ वातपित्तज्वरं दाहं तृष्णा मूर्छारुचिभ्रमान । शमयेद्रक्तपित्तञ्च जीमू तमिव मारुतः ॥

अत्र मधुकादिमृणालान्त समुदितम् । पलद्वय परिमित संचूर्ण्य क्षिपेत् ॥ वारिणि षट्पलपरि मिते । मधुकादि हिमो दाहे ॥

મહુડાં, ઉપલસરી, દ્રાક્ષ, જેઠીમધ, ચંદન, કમળ, શીવણનાફળ લોદર ત્રિ ફળા, કમળકેશરા, ફાલસાં, કમળનું નાળ, આના ચૂર્ણને પાણીમાં રાત્રે પલાળી રાખી સવારે સાકર તથા મધ અને ચોખાની ધાણીનો સાથવો નાંખીને પીવું, તેથી વાત પિત્ત જ્વર, દાહ, તરશ, મૂર્છા, અરૂચિ, અને ભ્રમ મટેછે; અને જેમ પવન વાદળાંને વીખેરી નાંખેછે તેમ તે રક્તપિત્તને પણ શમાવે છે. ઉપર જે પદાર્થો કહ્યા તે બધા મળીને આઠ તોલા લેવા, તેનુ ચૂર્ણ ચોવીશ રૂપીઆ ભાર પાણીમાં રાતે પલાળી રાખવું.

અન્નપાનો.

मुद्गामलकयूषस्तु वातपित्तज्वरे हितः । महादाहे मदात्यये यूषश्चणकसम्भवः ॥

दाडिमामलकमुद्गसम्भवो यूष उक्तः ॥

કફ વાતહરા મુદ્ગાઃ કારવેલ્લાદયસ્તથા ।
પ્રાયેણ ન ચ તે દેયા વાતપિત્તોત્તરે જ્વરે ।
દત્તાસ્તુ જ્વરવિષ્ટમ્ભશૂલોદાવર્તકારિણ ॥

ઇતિ વાતપિત્તજ્વરાધિકાર. ॥

મગ અને આમળાંનો યૂષ વાતપિત્ત જ્વરમાં હિતકારી છે. મહાદાહની અંદર ચણાનો યૂષ આપવો. મગ કફ તથા વાત હરનાર છે, કારેલાં આદિ પણ એવાં જ છે, માટે તે વાતપિત્ત જ્વરમાં બહુ કરીને દેવાં નહિ જોઇયે. જો દેવાય છે, તો જ્વરમાં મળબંધ, શૂળ, અને ઉદાવર્ત રોગ કરેછે.

વાત કફજ્વરનો અધિકાર.

કારણો સહિત સંપ્રાપ્તિ.

વાતશ્લેષ્મકરૈર્વાતકફાવામાશયાશ્રયૌ
બહિર્નિરસ્ય કોષ્ઠાગ્નિં રસગો જ્વરકારિણૌ ॥

વાત તથા કફ કરનારા આહાર વિહારથી આમાશયમાના વાત તથા કફ રસને દૂષિત કરીને કોઠાના અગ્નિને બહાર કાઢીને જ્વર કરેછે.

વાત કફજ્વરનું પૂર્વરૂપ.

પ્રાગ્રૂપે વાતકફયોઃસ્યાતાં વાતકફજ્વરે ॥

વાતજ્વર તથા કફજ્વર બંનેનાં પૂર્વ રૂપો આમાં જણાયછે.

વાતકફ જ્વરનાં લક્ષણો.

સ્તૈમિત્યં પર્વણાં ભેદો નિદ્રા ગૌરવમેવ ચ । શિરોગ્રહઃ પ્રતિશ્યાયઃ કાસઃ સ્વેદાપ્રવર્ત્તનમ્ ॥ સન્તાપો મધ્યવેગશ્ચ વાતશ્લેષ્મજ્વરાકૃતિઃ ॥

સ્વેદાપ્રવર્તનં સ્વેદસ્ય આસમન્તદ્ભાવેન પ્રવૃતિઃ તથા ચ હારીતઃ ॥

શિરોગ્રહઃ સ્વેદભવશ્ચ કાસો જ્વરસ્ય લિઙ્ગં કફવાતજસ્યેતિ ॥

સ્વેદભવઃ સ્વેદોત્પત્તિ । નનુ સ્વેદઃ પિત્તસ્ય ધર્મઃ । અત એવ પિત્તજ્વરે કણ્ઠૌષ્ઠમુખનાસાના પાક. સ્વેદશ્ચ જાયત ઇત્યુક્તં । તસ્માત્કથ વાતશ્લેષ્મજ્વરે સ્વેદસ્યાતિપ્રવૃત્તિઃ । ઉચ્યતે । વિકૃતિવિષમસમવાયારબ્ધત્વાજ્ઞ દોષ ઇતિ કાર્તિકઃ । પ્રકૃતિસમસમવાયસ્ય વિકૃતિવિષમસમવાયસ્ય ચાયમર્થઃ । પ્રકૃત્યા હેતુભૂતયા સમઃ કારણાનુરૂપ સમવાયઃ કાર્યકારણભાવસમ્બન્ધઃ પ્રકૃતિસમવાયઃ । કારણાનુરૂપં કાર્યમિતિ યાવત્ । યથા પ્રકૃતૈર્યથાસ્થિતૈઃ શુક્લૈસ્તન્તુભિઃ સમવાયિકારણૈરારબ્ધઃ પટ શુક્લ એવ ભવતિ ॥ તથા પ્રકૃતેનકેવલેન વાતેન પિત્તેન કફેન સાતજનિતો જ્વરો વાતાદ્યચિતૈર્ધર્મૈર્વેપથુવેગાધિક્યસ્તૈમિત્યાદિભિર્યુક્તો ભવતિ । વિકૃતિવિષમસમવાયસ્તુ વિકૃત્યા હેતુભૂતયા વિષમઃ કારણાનનુરૂપ. સમવાયઃ કાર્યકારણભાવસમ્બન્ધ । યથા । સયોગાદ્વિકૃતાભ્યા હરિદ્રાચૂર્ણાભ્યાં હેતુભૂતાભ્યાં વિષમઃ કારણાનનુરૂપઃ સ્વેદ ઇતિ સિદ્ધાન્તઃ ॥

અંગમાં ભીનાશ, સાંધામાં તૂટ, નિદ્રા, શરીરનું ભારેપણું, માથું દુઃખવું, સળેખમ, ઉધરસ, પરસેવો, સંતાપ, અને જ્વરનો મધ્ય વેગ, એ વાત કફજ્વરનાં લક્ષણો છે. હારીત પણ કહે છે કે–"માથુ દુખવું, પરસેવો, અને ઉધરસ, એ વાત કફજ્વરનાં ચિહ્નો છે.

શંકા

પિત્તથી પરસેવો થાય છે. માટે પિત્તજ્વરમા કંઠ, હોઠ, મુખ, અને નાક, પાકી આવે છે અને પરસેવો થાય છે, એમ આગળ કહેલું છે, તેમ છતા વાત કફજ્વરમા પરસેવો થવો કેમ સંભવે ?

સમાધાન

કાર્તિક નામના ગ્રથકારે કહ્યુ છે કે— "વિકૃતિ વિષમ સમવાયને લીધે વાત કફ જ્વરમાં પરસેવો થાય છે." વૈદક શાસ્ત્રમાં પ્રકૃતિસમસમવાય અને વિકૃતિવિષમ સમવાય, એમ બે જાતના સમવાય એટલે કાર્ય કારણ ભાવ સબધ માનેલા છે જેમ શ્વેત તતુઓરૂપી સમવાયી કારણથી બનેલું વસ્ત્ર તે કારણ જેવુ જ ધોળુ હોય છે, તેવી રીતે કારણના સ્વભાવને અનુસરીને તેને મળતુંજ કાર્ય થાય તેને પ્રકૃતિસમસમવાય કહેછે. જેમકે એકલા વાયુથી થયેલો વાતજ્વર વાયુને મળતા કપ વગેરે સહિત હોય છે, એકલો પિત્તજ્વર પિત્તના ધર્મ તીવ્રતા આદિ સહિત હોય છે અને એકલા કફથી થયેલો કફજ્વર કફને મળતા ધર્મ ભીનાશપણા વગેરે યુક્ત હોય છે હવે જેમ સંયોગને લીધે વિકાર પામેલાં હળદર અને ચૂનો મળીને તે કારણોને નહી મળતું રાતારગરૂપી કાર્ય ઉત્પન્ન થાય છે, તેમ વિકૃતિને લીધે કારણોને નહિ મળતું કાર્ય ઉત્પન્ન થાય, એને વિકૃતિવિષમસમવાય કહે છે આ વિકૃતિવિષમસમવાય પ્રમાણે સયોગને લીધે વિકાર પામેલા વાત અને કફ એ બન્નેમાથી તેઓના સ્વભાવને મળતી ન આવે એવી પરસેવાની પ્રવૃત્તિ થાય છે.

ચિકિત્સા કાળ

वातश्लेष्मज्वरे देयमौषधं नवमेऽहनि ॥

વાત કફ જ્વરમા નવમે દિવસે ઔષધ દેવુ.

પંચકોલ

पिप्पलीपिप्पलीमूलचव्यचित्रकनागरैः ।
दीपनीयः स्मृतो वर्गोवातश्लेष्मज्वरापहः ॥
कोलमात्रोपयोगित्वात्पञ्चकोलमिदंस्मृतम् ।
तीक्ष्णोष्णं पाचनं श्रेष्ठं दीपनं कफदाहनुत् ॥
गुल्मप्लीहोदरानाह शूलघ्नं पित्तकोपनम् ॥

પીપર, પીપરી મૂળ, ચવક, ચિત્રક, અને સૂંઠ, એ દીપનીય વર્ગ કહેવાય છે, તે વાતકફજ્વરને હરનારો છે આ વર્ગ કોલ (બોર) જેટલી માત્રાથી ખવાય છે, માટે તે પચકોલ કહેવાય છે તે તીક્ષ્ણ, ઉષ્ણ, પાચન, શ્રેષ્ઠ, દીપન, કફ અને દાહને હરનાર છે. ગુલ્મ, બરલ, ઉદર રોગો, આનાહ, અને શૂળ એને હણેછે, તથા પિત્તને કોપાવે છે.

કિરાતાદિ ક્વાથ.

किरातविश्वासमुस्तवल्लिसिंहिकाव्याघ्रीकणामूलरसोनसिन्दुकैः । कृतः कषायो विनिहन्ति सत्वरं ज्वरं समीरात्सकफात्समुत्थितं ॥

કરિયાતું, સૂંઠ, ગળો, બંને જાતની ભોરીંગણીઓ, પીપરીમૂળ લસણ, અને નગડનો ક્વાથ વાતકફજ્વરને સત્વર હણી નાંખેછે.

બૃહત્ પિપ્પલ્યાદિ ગણુકવાથ.

पिप्पल्यादिगणक्वाथं पिबेद्वातकफज्वरी । नातः परं किञ्चिदस्ति ज्वरेभेषजमुत्तमम् ॥ पिप्पली पिप्पलीमूलं चव्यचित्रकनागरम् । वचा सातिविषा जाजी पाठा वत्सकरेणुका ॥ किराततिक्तको मूर्वा सर्षपा मारिचानि च । कट्फलं पुष्करं भार्गी विडङ्ग कर्कटाह्वयम् ॥ अर्कमूलं बृहत्सिंही श्रेयसी सदुरालभा ॥ दीप्यकश्चाजमोदा च शुकनासा सहिङ्गुका । एतानि समभागानि गण एकोऽष्टविंशति ॥ एषां क्वाथो निपीतः स्याद्वातश्लेष्मज्वरापह । हन्ति वातं तथा शीतं प्रस्वेदमतिवेपथुम् ॥ प्रलापश्चातिनिद्राश्च रोमहर्षारुची तथा महावातेऽपन्त्रे च शून्यत्वे सर्वगात्रजे ॥ पिप्पल्यादिमहाक्वाथो ज्वरे सर्वत्र पूजितः ॥

अत्र श्रेयसी रास्ना । वातश्लेष्मज्वरहरत्वात् ॥ इति बृहतपिप्पल्यादि क्वाथ ॥

વાતકફજવરવાળાએ પિપ્પલ્યાદિ ગણુનો ક્વાથ પીવો. જવરમાં એના જેવું બીજું કોઈ ઔષધ ઉત્તમ નથી. પીપર, પીપરમૂળ, ચવક, ચિત્રક, સૂંઠ, વજ, અતિવિષ, જીરૂં, કાળીપાડ, ઈંદ્રજવ, મેંદી, કરિયાતું, પીલુડી, સર્સવ, મરી કાયફળ, એરંડાનું મૂળ, ભારંગી, વાવડીંગ, કાકડાશીંગી, આકડાનુ મૂળ, ઉભી ભોંરીંગણી, રાસ્ના, ધમાસો, અજમો, અજમોદ, સીવણુ અને હીંગ, આ અઠ્ઠાવીશ પદાર્થો સમભાગે લેતાં ગુણુ થાય છે. એનો ક્વાથ પીવાથી વાતકફજ્વર મટે છે. વાયુ, શીત, સ્વેદ, કંપ, બકવા, અતિ નિદ્રા, રોમાંચ, અરૂચિ, મહાવાત, અપતંત્ર, સર્વ ગાત્રોની શૂન્યતા, એ હણેછે. પિપ્પલ્યાદિ મહા ક્વાથ સર્વ જ્વરમાં સર્વત્ર પૂજિત છે.

દશમૂલી કવાથ.

दशमूलीरसः पेयः कणाढ्यः कफवातजे । ज्वरे विपाके निद्रायां पार्श्वरुक्श्वासकासके ॥

વાતકફજવર, મુખપાક, નિદ્રા, પડખાંની પીડા, શ્વાસ, અને ઉધરસ ઉપર દશ મૂળીનો રસ પીપરનું ચૂર્ણ નાંખીને પીવો.

પિપ્પલી કવાથ.

पिप्पलीभिः शृतं तोयमनभिष्यन्ति दीपनम् । वातश्लेष्मज्वरं हन्ति सेवितं प्लीह नाशनम् ॥

પીપરનો ક્વાથ કફહર અને દીપન છે. તેના સેવનથી વાતકફજ્વર તથા બરલ મટે છે.

સુર્યશેખર રસ.

सूतकं टङ्कणं भृष्टं गन्धं शुद्धं समं समम् । द्विगुणं सूतकादेयं जैपालं तुषवर्जितम् ॥ सैन्धवं मरिचं चिञ्चा त्वक् क्षारः शर्करापि च । प्रत्येकं सूततुल्यं स्याज्जम्बीरैर्मर्दयेद्दिनम् ॥ सूर्यशेखरनामायं रसो गुञ्जाद्वयोन्मितः । भक्षितस्तप्ततोयेन वातश्लेष्मज्वरापहः ॥

सूर्यशेखरो रसो वातश्लेष्मज्वरे शीतज्वरे च रसप्रदीपे ।

પારો, શેકેલો ટંકણખાર, અને શુદ્ધ ગંધક સમાન લેઇ, પારાથી બમણો બીજ કાઢી નાંખેલ નેપાળો, તથા સૈંધવ, મરી, આંબલીની છાલનો ક્ષાર, અને સાકર, એ દરેક પારા જેટલાં લેવાં. એ સર્વને એક દિવસ લિંબુના રસની ભાવના દેવી. સૂર્યશેખર નામનો આ રસ બેરતિભાર ગરમ પાણીમાં ખાવાથી વાતકફજવર તથા શીતજવર હરાય છે.

ખરડ.

स्वेदोद्गमे भृष्टकुलत्थचूर्णनिपातनं शस्तमिति ब्रुवन्ति । जीर्णं शकृद्दोर्लवणस्य भाजनं संचूर्णितं स्वेदहरं सुधूलनात् ॥ मरिचं पिप्पली शुण्ठी पथ्या लोध्रश्च पौष्करम् । भूनिम्बः कटुका कुष्ठं कर्चूरो लिङ्गिका सटी ॥ एतानि समभागानि सूक्ष्मचूर्णानि कारयेत् । एतदुद्धूलनं श्रेष्ठं स्रोतोवत् स्वेदनिर्गमे ॥

लिङ्गिका पञ्चगुरिका इति लोके ॥

अत्र सटीगन्धपलाशी मरिचाद्युद्धूलनम् । भूनिम्बः कारवी तिक्ता वचा कट्फलजं रजः । एषामुद्धूलनं श्रेष्ठं सततं स्वेदसंस्रवे ॥

भूनिम्बाद्युद्धूलनम् । पूर्वोक्तो वालुकास्वेदोऽप्यत्र समुचित । यदुक्तम् ।

પરસેવો થતો હોય તો શેકેલી કળથીનો ખરડ કરવો સારો છે. ગાયનુ જૂનું છાણુનું અને લવણનુ વાસણમાં ચૂર્ણ કરી તેનો ખરડ કરવાથી પણ પસીનો મટે છે. મરી, પીપર, સૂંઠ, હરડે, લોદર, પુષ્કરમૂળ, કરિયાતું, કડુ, કઠ, કચૂરો, શિવલિંગી, કપૂરકાચલી, એમના સમભાગ ચૂર્ણનો ખરડ કરવો, વળી કરીયાતુ, કાળીજીરી, કડુ, વજ અને કાયફળની રજનો ખરડો કરવો. એ પરસેવ માટે બહુ ઉત્તમ ઉપાય છે.

વાલુકા સ્વેદ.

पीनसश्वासबाधिर्ये जङ्घापार्श्वास्थिशूलिनि । वातश्लेष्मज्वरे देयमौषध तद्विधानवत् ॥

પીનસ, શ્વાસ, બહેરાપણું, તથા જંઘા, પડખા, અને હાડકામાં શૂળ હોય, અને વાતતફજવર હોય, તેમાં આ સ્વેદ વિધિ પ્રમાણે આપવો.

કવલ.

मातुलुङ्गफलकेसरो धृतः सिन्धुजन्मम रिचान्वितो मुखे । हन्ति वातकफरोगमास्यगं शोषमाशु जडतामरोचकम् ॥

इति कवलः ॥

બીજોરાંના ફળના કેશરા, સૈંધવ, અને મરી મુખમાં રાખવાથી મુખમાંના વાતકફ રોગો, શોષ, જડતા, અરૂચિ એ મટે છે.

અન્નપાનો.

मद्दसा पञ्चमुल्यास्तं सम्यक सिद्धं चिकित्सकः । सप्तमे दिवसे दद्यात् ज्वरे वातबलासजे ॥

इति वातश्लेष्मज्वराधिकारः ॥

બૃહત્પંચમૂળના ક્વાથથી પકાવેલ અન્ન વૈદે વાતકફજવરમા સાતમે દિવસે આપવું.

इति वात कफ ज्वराधिकार संपूर्णम् ॥

(પિત્તકફજ્વરાધિકાર.)

કારણ તથા સંપ્રાપ્તિ.

पित्तश्लेष्मकरै पित्तकफावामाशयाश्रयौ ।
बहिर्निरस्य कोष्ठाग्निं रसगौ ज्वरकारिणौ॥

પિત્ત કફકર પદાર્થોથી કોપ પામીને આમાશયમાંના પિત્ત, કફ તથા રસને દૂષિત કરીને કોઠાના અગ્નિને બહાર કાઢીને જ્વર કરે છે

પિત્તકફજ્વરનું પૂર્વરૂપ.

प्राग्रूपे पित्तकफयोः स्यातां पित्तकफज्वरे॥

પિત્ત તથા કફ બંનેનાં લક્ષણો તેમા હોય છે.

પિત્ત કફ જ્વરનાં લક્ષણો.

लिप्ततिक्तास्यता तन्द्रा मोहः कासोऽरुचिस्तृषा । मुहुर्दाहो मुहुः शीतं पित्तश्लेष्मज्वराकृतिः ॥

आस्ये तिक्तत्व पित्तेन ल्सत्व कफेन तन्द्रा अर्द्धोन्मीलितनेत्रत्व । मोहो मूर्छा ॥

મુખ લીપાયલું તથા તીખુ, તંદ્રા, મોહ, ઉધરસ, અરૂચિ, તરશ, વારવાર દાહ, તથા વારવાર શીત, એ પિત્તકફ જ્વરના લક્ષણો છે.

ચિકિત્સાકાલ.

पित्तश्लेष्मज्वरे देयमौषधं दशमेऽहनि ॥

પિત્તકફજ્વરમા ઓષધ દશમે દિવસે આપવું.

ગુડુચ્યાદિ કવાથ.

गुडूचीनिम्बधान्याकं चन्दनं कटुरोहिणी । गुडूच्यादिरयं क्वाथो पाचनो दीपनः स्मृतः ॥ तृष्णादाहारुचिच्छर्दिपित्तश्लेष्मज्वरापहः

ગળો, લીમડો, ધાણા, ચંદન (રક્તચંદન એટલે રતાંજલી) કડુ,—આ ગુડુચ્યાદિ કવાથ પાચન અને દીપન છે. તરશ, દાહ, અરૂચિ, ઉલટી અને પિત્ત કફજ્વરને હણે છે.

અમૃતાષ્ટક કવાથ.

अमृताकटुकारिष्टपटोलघनचन्दनम् ।
नागरेन्द्रयवं चैतदमृताष्टकमीरितम् ॥
कथितं स कणाचूर्णं पित्तश्लेष्मज्वरापहम् ।
हृल्लासारोचकच्छर्दितृष्णादाहनिवारणम् ॥

ગળો, કડુ, લીમડો, પરવળ, મોથ, ચંદન, સૂંઠ, અને ઇંદ્રજવ, આ અમૃતાષ્ટક કહેવાયછે. તેનો કવાથ પીપરનું ચૂર્ણ નાંખીને પીવાથી પિત્તકફજ્વર હણાયછે. મોળ, અરૂચિ, ઉલટી, તરશ, દાહ, એ પણ મટેછે.

કંટકાર્યાદિ કવાથ.

कण्टकार्यमृता भार्गी विश्वेन्द्रयववासकम् । भूनिम्बं चन्दनं मुस्तं पटोलं कटुरोहिणी । विपाच्य पाययेत् क्वाथं पित्तश्लेष्मज्वरापहम् । दाहतृष्णारुचिच्छर्दिकासशूलनिवारणम् ॥

બેઠી ભોરીંગણી, ગળો ભારંગી સૂંઠ, ઇંદ્રજવ, અરડૂસો, કરિયાતું, ચંદન (રતાંજલી) મોથ, કડવી ધીસોડી અને કડુનો કવાથ કરી પીવાથી પિત્તકફજ્વર, દાહ, તરશ, અરૂચિ, ઉલટી, ઉધરસ, અને શૂળ મટી જાયછે.

નાગરાદિ કવાથ.

नागरोशीरबिल्वाब्दधान्यमोचरसाम्बुभिः ।

कृत' कायो भवेद्ग्राही पित्तश्लेष्मज्वरापहः॥

સૂંઠ, કાળેવાળો, બીલી, મોથ, ધાણા, મોચરસ, અને વાળાનો કવાથ ગ્રાહી તથા પિત્તકફજ્વરને હરનારોછે.

કટુકી કલ્ક.

शर्करापक्षमात्राश्च कटुकां चोष्णवारिणा । पीत्वा ज्वरं जयेत् जन्तुः पित्तश्लेष्मसमुद्भवम् ॥

अत्र कटुकायाः द्वादशमाषाः शर्करायाश्चत्वारो माषा एवं कर्षः इति चरकः । वैद्यानां व्यवहारे कटुकाशर्करयोः समभागयोरेव कर्ष. ॥ कटुकी कल्कः ।

એક તોલો સાકર તથા કડુનો કલ્ક ગરમ પાણીમાં પીવાથી માણસ પિત્તકફ જ્વરને જીતે છે ચરક કહે છે કે-બાર માષ કડુ અને ચાર માષ સાકર લઈને એક તોલો કરવું, પણ વૈદ્ય લોકો તો કડુ અને સાકર સમભાગે લઈને એક તોલો કરેછે.

વાસા રસ.

सपत्रपुष्पवासाया रसः क्षौद्रसितायुतः । पित्तश्लेष्मज्वरं हन्ति साम्लपित्तं सकामलम् ॥

अत्र वासारसोऽर्द्धपलपरिमितो देय मधुसितयोः प्रत्येक टङ्क प्रक्षेप्यः ॥

ફુલ તથા પાંદડાં સહિત અરડૂસીનો રસ, મધ તથા સાકર સાથે પીવાથી પિત્ત કફજ્વર, અમ્લપિત્ત, તથા કમળો મટી જાય છે. આ અરડૂસાનો રસ બે તોલા, સાકર ૦ા તોલો અને મધ ૦ા તોલો લેવું. આદુ તથા પરવળનો કવાથ પીવાથી પિત્તકફજ્વર, ઉલટી, દાહ, અને ચળ મટે છે.

કવાથ.

कषायःपरिपीतस्तु शृङ्गवेरपटोलयोः । पित्तश्लेष्मज्वरवमी दाहकण्डूहरो भवेत् ॥

આદુ તથા પરવળનો કવાથ પીવાથી પિત્તકફજ્વર, ઉલટી, દાહ, અને ચેળ મટે છે.

અન્નપાનો.

पटोलधान्ययोर्यूषः पित्तश्लेष्मज्वरापहः ॥

इति पित्तश्लेष्मज्वराधिकार. ॥

પરવળ અને ધાણાનો યુષ પિત્તકફજ્વર મટાડે છે.

(સંનિપાત જવરનો આધકાર.)

કારણો તથા સંપ્રાપ્તિ.

त्रिदोषजनकैर्वातपित्तश्लेष्मामगेहगाः । बहिर्निरस्य कोष्ठाग्निं रसगा ज्वरकारिणः ॥

ત્રિદોષની ઉત્પત્તિ કરનારા પદાર્થો ખાવાથી વાત, પિત્ત, અને કફ આમાશયમાં જઈને રસને દૂષિત કરીને કોઠામાના અગ્નિને બહાર કાઢીને જ્વર ઉત્પન્ન કરે છે.

સંનિપાતનું પૂર્વરૂપ

प्राग्रूपाणि त्रिदोषाणां स्युस्त्रिदोषज्वरे नृणाम् ॥

માણસને ત્રિદોષ જ્વરમાં ત્રણે દોષોનાં પૂર્વરૂપો જણાય છે

સામાન્ય લક્ષણો.

क्षणे दाह क्षणे शीतमस्थिसन्धिशिरोरुजा सस्रावे कलुषे रक्ते निर्भुग्नेचापि लोचने ॥ सस्वनौ सरुजौ कर्णौ कण्ठः शू-

कैरिवावृतः। तन्द्रा मोहः मलापश्च कासः श्वासोऽरुचिर्भ्रमः ॥ परिदग्धा खरस्पर्शा जिह्वा स्रस्ताङ्गता परा। ष्ठीवनं रक्तपित्तस्य कफेनोन्मिश्रितस्य च ॥ शिरसो लोठनं तृष्णा निद्रानाशो हृदि व्यथा। स्वेदमूत्रपुरीषाणां चिराद्दर्शनमल्पशः ॥ कृशत्वं नातिगात्राणां सततं कण्ठकूजनम्। कोष्ठाना स्यावरक्तानां मण्डलानाञ्च दर्शनम् ॥ मूकत्वं स्रोतसां पाको गुरुत्वमुदरस्य च। चिरात्पाकश्च दोषाणां सन्निपातज्वराकृतिः ॥

लोचने सास्रावे साश्रुणी कलुषेऽस्वच्छे निर्भुग्ने निर्गतिकुटिले च। कण्ट. शूकैरिवावृत। धान्याग्रैरिवावृत। जिह्वा परिदग्धा परिग्धेव ज्ञायते। अथवा परिदग्धा इव कृष्णा दृश्यते स्रस्ताङ्गता शिथिलाङ्गता। ष्ठीवनमित्यादि कफसयुक्तस्य रक्तपित्तस्य ष्ठीवन शिरसो लोठनमितस्ततश्चालन कृशत्वन्नातिगात्राणामिति गात्राणा अतिशयित कार्श्यं न व्याधिप्रभावात् सतत निरन्तर कोठ। 'वरटी दष्टसस्थान कोठं इत्यभिधीयते' श्याव कपिशो वर्णः। मूकत्वमवचनत्वमल्पवचनत्व वा स्रोतसा कर्णनासादीनाम्। ननु वातादय परस्परविरुद्धगुणास्तेषा सभूयैकत्र कार्यारम्भकत्व नोपपद्यते। परस्परोपघातात् दहनसलिलयोरिव ॥ तत्कथ वातपित्तकफा मिलित्वा विकारोत्पादका ॥ अत्र समाधानमुक्त दृढबलेन।

विरुद्धैरपि न त्वेते गुणैर्घ्नन्ति परस्परम्।
दोषाः सहजसात्म्यत्वाद्विषं घोरमहीनिव ॥

गदाधरस्तु हेत्वन्तरमुक्तवान् ॥

दैवाद्दोषस्वभावाद्वा दोषाणां सान्निपातिके। विरुद्धैश्च गुणैस्तैश्च नोपघातः परस्परमिति ॥

ननु भिन्नचयप्रकोपकालाना वातपित्तकफाना युगपदुत्पत्त्यभावात्कथ सम्भूयसन्निपातज्वरारम्भकत्वमुत्पद्यते—उच्यते। त्रिदोषजनकनिदानबलेन युगपद्देषां प्रकोपादिति सिद्धान्त ॥

ક્ષણમાં દાહ, ક્ષણમાં શીત, હાડકાં તથા સાંધાઓ અને માથામાં પીડા, નેત્રો દુષ્ટ આંસુવાળાં અને રાતાં તથા વાંકાં થવા, કાનમાં અવાજ અને પીડા, કંઠમાં કાંટા, ઘેન, મોહ, બકવા, ઉધરસ, શ્વાસ અરૂચિ, ભ્રમ, બળતરાવાળી તથા ખરસટ જીભ, અંગોમા શિથિલતા, કફ સાથે મિશ્ર થયેલ રક્ત પિત્તનુ સૂકાવું, માથામાં કંપ, તરસ, નિદ્રાનો નાશ, હૃદયમા પીડા પરસેવો તથા મૂત્રમળ બહુ લાંબે કાળે માંડમાંડ થોડાં ઉતરે, ગાત્રો બહુ દુર્બળ ન થાય, ગળામાં ચાલુ ઘર ઘરાટ થયા કરે. કાળા રાતા મધમાખીના ડંખ જેવાં ઢામઢા શરીરમાં થાય, મૂંગાપણુ, નાડીઓનુ પાકવું, ઉદરમાં ભાર, બહુ લાંબે કાળે દોષો પાકે, એ સર્વ સનિપાત જ્વરનાં લક્ષણો છે."

શંકા.

વાત, પિત્ત અને કફ એ પરસ્પર વિરૂદ્ધ ગુણવાળા છે તેથી તેઓ જળ અને અગ્નિની પેઠે પરસ્પરનો ઘાત કરે છે તેમ છતાં તેઓ એકઠા મળીને શી રીતે વિકાર ઉત્પન્ન કરે છે?

સમાધાન

આ સંબંધમાં દૃઢબળ નામનો ? કહે છે કે-"એ દોષો વિરૂદ્ધ ગુણવ

હોવા છતા પણ જેમ મોટા સર્પને ઝેર કાંઈ અસર કરી શકતું નથી તેમ તેઓ પરસ્પરને હણતા નથી" ગદાધર કહે છે કે-દોષો પરસ્પર વિરૂદ્ધ ગુણવાળા છતાં પણ સનિપાત જ્વરમા દૈવગતિથી કે સ્વભાવથી તેઓ ભેળા પ્રકોપ પામી શકે છે

શંકા.

જેઓના ચયકાળ અને પ્રકોપકાળ જૂદા જૂદા છે, એવા વાત, પિત્ત અને કફની એકી વખતે ઉત્પત્તિ થવાનો સંભવ નથી, તેમ છતાં તેઓ એકઠા મળીને સન્નિપાત જ્વર શી રીતે ઉત્પન્ન કરે છે ?

સમાધાન.

ત્રણે દોષો ઉત્પન્ન કરે એવા આહાર વિહારદિક નિદાનોના બળને લીધે તેઓ એકી વખતે કોપે છે, એ સિદ્ધાંત છે

સંનિપાતના ભેદો

एकोल्वणास्त्रयस्तेषु द्व्युल्वणाश्च तथेति षट्। त्र्युल्वणश्च भवेदेको विज्ञेयः स तु सप्तमः ॥ प्रवृद्धमध्यहीनैस्तु वातपित्तकफैश्च षट् । सन्निपातज्वरस्यैवं स्युर्विशेषास्त्रयोदश ॥

तत्र प्रवृद्धवात' मध्यपित्तो हीनकफ १ मध्य वात प्रवृद्धपित्तो हीनकफ २ हीनवात. प्रवृद्धपित्तो मध्यकफ' ३ प्रवृद्धवातः हीनपित्तो मध्य कफ ४ मध्यवातः हीनपित्त प्रवृद्धकफ ५ हीनवातो मध्यपित्त. प्रवृद्धकफः ६ इति षट् ॥

એકોલ્વણ (એકેક દોષના) ત્રણ, દ્વયુલ્વણ (બબ્બે દોષોના) ત્રણ, ત્ર્યુલ્વણ (ત્રણે દોષોનો) એક, એમ સાત, તથા પ્રવૃદ્ધ, મધ્ય, અને હીન, એમ વાત, પિત્ત, અને કફ છ પ્રકારના, એ રીતે સંનિપાતજ્વરના તેર ભેદ છે.

તેર સંનિપાતોનાં નામો

विस्फारकश्चाशुकारी कम्पनो बभ्रसंज्ञकः । शीघ्रकारी तथा भल्लुः सप्तमः कूटपालकः ॥ संमोहकः पालकश्च याम्यः क्रकच इत्यपि । ततः कर्कटकः मोक्तस्ततो वैदारिकाभिधः ॥

तन्त्रान्तरे विस्फारक इत्यत्र विस्फोरक इति पाठ । बभ्रस्थाने बभ्ररिति पाठ कुत्रापि बद्ध इति पाठ' । भल्लुरित्यत्र फल्गुरिति पाठ । याम्य इत्यत्र सग्राम इति पाठ. । कर्कटक-ककोटक इति पाठः ।

વિસ્ફારક, આશુકારી, કંપન, બભ્ર, શીઘ્રકારી, ભલ્લુ, કૂટપાલક, સમોહક, પાલક, યામ્ય, ક્રકચ, અને કર્કટક તથા વૈદારિક, એ તેર નામો ઉપર કહેલા તેર ભેદોનાં ક્રમસર છે. બીજા ગ્રથોમાં વિસ્ફારકને વિસ્ફોરક, બભ્રને બભ્ર અથવા બદ્ધ, ભલ્લુને ફલ્ગુ, યામ્યને સગ્રામ અને કર્કટકને કર્કોટક એ નામો કહેલા છે

વાતોલ્વણનું લક્ષણ

श्वासः कासो भ्रमो मूर्छा प्रलापो मोहवेपथू । पार्श्वस्य वेदना जृम्भा कषायत्वं मुखस्य च ॥ वातोल्वणस्य लिङ्गानि सन्निपातस्य लक्षयेत् । एष विस्फारको नाम्ना सन्निपातः सुदारुणः ॥

શ્વાસ, ઉધરસ, ભ્રમ, મૂર્છા, બકવા, મોહ, કંપ, પડખાંમા પીડા, બગાસાં, અને મુખમા તૂરાશ, એ વાતોલ્વણ સનિપાતના લક્ષણો છે એજ વિસ્ફારક નામને અતિદારૂણ સંનિપાત છે.

પિત્તોલ્વણનાં લક્ષણો.

अतिसारो भ्रमो मूर्च्छा मुखपाकस्तथैव च । गात्रे च बिन्दवो रक्ता दाहोऽतीव प्रजायते ॥ पित्तोल्वणस्य लिङ्गानि सन्निपातस्य लक्षयेत् । भिषग्भिः सन्निपातोऽयमाशुकारी प्रकीर्तितः ॥

અતિસાર, ભ્રમ મૂર્છા, મુખપાક, ગાત્રોમા રાતાં બિંદુઓ, અત્યત દાહ, એ પિત્તોલ્વણ સંનિપાતનાં લક્ષણો છે આ સનિપાતને વૈદ્યો આશુકારી કહે છે.

કફોલ્વણ સંનિપાતનાં લક્ષણો.

जडतागद्गदा वाणी रात्रौ निद्रा भवत्यपि । प्रस्तब्धे नयने चैव मुखमाधुर्यमेव च ॥ कफोल्वणस्य लिंगानि सन्निपातस्य लक्षयेत् । मुनिभिः सन्निपातोऽयमुक्तः कम्पनसंज्ञक ॥

જડતા, ગદ્ગદવાણી, રાત્રે નિદ્રાનું આવવું, નેત્રોની સ્તબ્ધતા, અને મુખમાં મધુરતા, એ કફોલ્વણ સનિપાતનાં લક્ષણો છે. આ સનિપાતને મુનિઓ કપન નામથી કહે છે.

વાતપિત્તોલ્વણનાં લક્ષણો.

वातपित्ताधिको यस्तु सन्निपातः प्रकुप्यति । तस्य ज्वरो मदस्तृष्णा मुखशोषः प्रमीलकः॥ आध्मानारुचितन्द्राश्च कासश्वासभ्रमश्रमाः । मुनिभिर्बभ्रनामायं सन्निपात उदाहृतः ॥

વાયુ અને પિત્ત અધિક હોય એવો સનિપાત કોપ પામે છે, તે જ્વરમાં મદ, તરશ, મુખશોષ, ઘેન, આફરો, અરૂચિ, તંદ્રા, ઉધરસ, શ્વાસ, ભ્રમ, અને શ્રમ થાય છે. આ સંનિપાતને મુનિઓએ બભ્રુ નામ આપેલું છે.

વાતકફોલ્વણનાં લક્ષણો.

वातश्लेष्माधिको यस्य सन्निपातः प्रकुप्यति । तस्य शीतज्वरो मूर्च्छा क्षुत्तृष्णा पार्श्वनिग्रहः ॥ शूलमस्विद्यमानस्य तन्द्रा श्वासश्च जायते असाध्यः सन्निपातोऽयं शीघ्रकारीति कथ्यते । न जीवत्यहोरात्रमनेनाविष्टविग्रहः ॥

વાયુ અને કફ અધિક છે એવો સનિપાત કોપે છે, તે જ્વરમા શીત, મૂર્છા, ક્ષુધા, તૃષા, પડખાનું ઝલાઈ જવું, શૂળ, પરસેવાનો અભાવ, તંદ્રા, અને શ્વાસ થાય છે. આ અસાધ્ય સનિપાતને શીઘ્રકારી કહે છે. આ જેને થયો હોય તે એક રાત્રીદિવસ પણ જીવતો નથી.

પિત્તકફોલ્વણનાં લક્ષણો

पित्तश्लेष्माधिको यस्य सन्निपात प्रकुप्यति । अन्तर्दाहो बहिःशीतं तस्य तृष्णा प्रवर्द्धते ॥ तुद्यते दक्षिणे पार्श्वे उरःशीर्षगलग्रहः । ष्ठीवति श्लेष्मपित्तञ्च कृच्छ्रात्कोष्ठश्च जायते ॥ विड्भेदश्वासहिक्काश्च वर्द्धन्ते सप्रमीलकाः । ऋषिभिर्भल्लुनामायं सन्निपात उदाहृतः ॥

પિત્ત અને કફ અધિક છે એવો સનિપાત કોપ પામે છે, ત્યારે અંદર દાહ, બહારથી ટાઢ, બહુજ તરશ, જમણા પડખામા પીડા થાયછે. છાતી માથું, અને ગળુ પકડાય છે. શ્લેષ્મપિત્ત સુકાય છે અને કફ

મહેનતથી નીકળે છે. વિષ્ટાનું ભેદન, શ્વાસ, હેડકી, અને ઘેન થાય છે. આ સનિપાતને ઋષિઓએ ભલ્લુ નામ આપેલું છે.

વાતપિત્તકફોલ્વણનાં લક્ષણો.

सर्वदोषोल्वणो यस्य सन्निपातः प्रकुप्यति । त्रयाणामपि दोषाणा तस्य रूपाणि लक्षयेत् ॥ व्याधिभ्यो दारुणश्चैव वज्रशस्त्राग्निसन्निभः। केवलोच्छ्वासपरमस्तब्धाग स्तब्धलोचनः॥ त्रिरात्रात्परमेतस्य जन्तोर्हरति जीवितम् । तदवस्थन्तु तं दृष्ट्वा मूढो व्याहरते जनः ॥ धर्षितो राक्षसैर्नूनमवेलायां चरन्ति ये । अन्यथा ब्रुवते केचिद्यक्षिण्या ब्रह्मराक्षसैः ॥ पिशाचैर्गुह्यकैश्चैव तथान्यैर्मस्तके हतम् । कुलदेवार्चनाहीनं धर्षितं कुलदैवतैः ॥ नक्षत्रपीडामपरे गरकर्मेति चापरे । सन्निपातमिमं प्राहुर्भिषजः कूटपालकम् ॥

સર્વદોષો સહિત સનિપાત કોપ પામે છે ત્યારે તેમાં ત્રણે દોષોના લક્ષણો દેખાય છે. વજ્ર, શસ્ત્ર, અને અગ્નિ જેવો તે સર્વ વ્યાધિઓમાં મહાદારૂણ છે. કેવળ ઊંચો શ્વાસજ ચાલ્યા કરે છે, તથા અંગો અને નેત્રો સ્તબ્ધ થઇ જાય છે તે ત્રણ રાત્રિમાં પ્રાણીના જીવનું હરણ કરેછે તેથી આવી અવસ્થા જોઇને મૂઢ લોકો કહે છે કે અકાળે ફરતા રાક્ષસે આને પકડેલ છે. દેવીએ પકડયાનું કહે છે. કેટલાક પિશાચ, ગુહ્યક, કોઇ બીજાથી માથામાં મરાયાનુ માને છે. કુળદેવતાનુ પૂજન નહિ કરવાથી કુળદેવોએ તેને પકડેલ કહે છે. કેટલાક નક્ષત્ર પીડા અને કેટલાક વિષ દેવતાનુ કહે છે. આ સંનિપાતને વૈદ્યો કૂટપાલક કહે છે.

પ્રવૃદ્ધવાત મધ્યપિત્તહીનકફના સન્નિપાતજ્વરનાં લક્ષણો.

प्रवृद्धमध्यहीनैस्तु वातपित्तकफैश्च यः ।
तेन रोगास्त एवोक्ता यथादोषबलाश्रयाः॥
प्रलापायाससम्मोहकम्पमूर्छारतिभ्रमा ।
एकपक्षाभिघातश्च तत्राप्येते विशेषतः ।
एष सम्मोहको नाम्ना सन्निपातः सुदारुणः॥

रोगास्त एवोक्ता, उक्ता एव ते रोगा व्यथावेपथुनिद्रानाशविष्टम्भादयो वातजा., दाहतृष्णोष्णतास्वेदादयः पित्तजा , गौरवाग्निमान्द्योत्कासनासिकामुखप्रसेकादय कफजा । तत्रापि प्रलापादयः पक्षाघातान्ता विशेषाद्भवन्ति ननु वातः प्रवृद्धः स ज्वर करिष्यति पित्तन्तु मध्यसममिति यावत् तत्कथं ज्वर करिष्यति ? यत आह—

धातवस्तन्मला दोषाः स्युर्नाशायासमास्तनौ । समाः सुखाय विज्ञेया बलायोपचयाय च ॥

अत्र पित्त मध्यमपि अप्रकृतमेव यतोऽप्रकृत योर्वातश्लेष्मणोरपेक्षया मध्य तेन मध्यकुपितमित्यर्थ. । ननु कफ. क्षीण. स कथं ज्वर करिष्यति ? हीनशक्तित्वात्, उच्यते—दोषा क्षीणा अपि व्याधीन् कुर्वन्त्येव, यत आह—

वातक्षयेऽल्पचेष्टत्वं मन्दवाक्त्वं विसंज्ञता । पित्तक्षयेऽधिकः श्लेष्मा वह्निर्मन्दः प्रभाक्षयः ॥ शिथिलाः सन्धयो मूर्च्छा रौक्ष्यं दाहः कफक्षये ॥

इति शका सिद्धान्तश्चात्र परत्रापि ॥

વાયુ અત્યંત, પિત્ત એથી ઓછું, અને કફ તેથી ઓછો, એમ કોપે છે, ત્યારે આગળ કહ્યા પ્રમાણે વ્યથા, કંપ, નિદ્રાનો નાશ અને દસ્તની કબજીયત વગેરે વાયુ સંબંધી રોગ પણ થાય છે દાહ, તરશ, ગરમી અને પરસેવો વગેરે પિત્ત સબધી રોગો પણ થાય છે. અને જડતા, અગ્નિમદ, ખાંસી તથા નાક અને મુખમાંથી પાણી ઝરવું વગેરે કફ સંબધી રોગો પણ થાય છે. વળી તેઓમાં રોગો બકવા, શ્રમ, મોહ, કપ, મૂર્છા, અણુગમો, ભ્રમ, તથા એક પક્ષનોઘાત વિશેષે કરીને થાય છે આ સમોહક નામનો અતિ દારૂણ સંનિપાત છે

આ ઠેકાણે એમ શકાથશે કે–"વાયુ વધી જવાથી તે જ્વર ઉત્પન્ન કરે, પણ પિત્ત મધ્યમ એટલે સમ હોય તે જ્વર શી રીતે ઉત્પન્ન કરે ? કારણ કે ધાતુઓ, મળો અને દોષો જો શરીરમાં સમ ન હોય તો નુકશાન કરે છે અને સમ હોય તો સુખ કરે છે તથા બળ આપે છે"

આનું સમાધાન આ પ્રમાણે છેઃ–સન્નિપાત જ્વરમાં પિત્ત મધ્ય સ્થિતિમાં રહે છે, તો પણ તે અસલના જેવી સ્થિતિમા નથી રહેતું, પણ વાયુ તથા કફના બિગાડ કરતાં મધ્ય સ્થિતિમા રહે છે એટલે મધ્ય રીતે કોપે છે એમ સમજવું."

વળી શંકા થાય કે–"કફ ક્ષીણ થઈ જવા છતાં તે જ્વર શી રીતે ઉત્પન્ન કરી શકે ? કારણ કે જે શક્તિહીન હોય તે કાર્ય કરી શકેજ નહી" એનુ સમાધાન કે દોષો ક્ષીણ થઈ ગયા હોય તો પણ તે વ્યાધીઓ ઉત્પન્ન

કરે છે, કારણ કે વાયુનો ક્ષય થાય તો ચેષ્ટાઓ મદ પડે છે, વાણી અલ્પ થાય છે તથા સજ્ઞા રહીત થાય છે. અને પિત્તનો ક્ષય થાય તો કફ વધે છે, અગ્નિ મંદ પડી જાય છે અને તેજ ક્ષીણ થઈ જાય છે. અને કફનો ક્ષય થાય તો સાંધાઓમાં શિથિલતા, મૂર્છા રૂક્ષતા અને દાહ થાય છે.

આવી શકાઓ તથા સમાધાન હવે પછીના બીજા બધા સન્નિપાત જ્વરોમા સમજી લેવા.

મધ્ય વાત પ્રવૃદ્ધપિત્ત હીનકફનાં લક્ષણો.

मध्यमवृद्धहीनैस्तु वातपित्तकफैश्च यः । तेन रोगास्त एवोक्ता तथा दोषबलाश्रयाः ॥ मोहमलापमूर्छा स्युर्मन्यास्तम्भः शिरोग्रहः । कासः श्वासो भ्रमस्तन्द्रा संज्ञानाशो हृदि व्यथा ॥ स्त्रोभ्यो रक्तं विसृजति संरक्तस्तब्धनेत्रता । तत्राप्येतेविशेषाः स्युर्मृत्युरर्वाक् त्रिवासरात् ॥ भिषग्भिः सन्निपातोऽयं कथितः पाकलाभिधः ॥

પિત્ત અત્યત, વાયુ મધ્યમ, અને કફ સૌથી ઓછો, એમ કોપે છે ત્યારે તેને દોષોના બળ પ્રમાણે રોગો પણ હોય છે. મોહ, બકવા, મૂર્છા, ગોડનું ઝલાવુ, માથાનુ ઝલાવુ, ઉધરસ, શ્વાસ, ભ્રમ, તદ્રા, બેભાની, હૃદયમા પીડા, ત્વચામાંથી રક્તસ્રાવ, નેત્રો રાતાં તથા સ્તબ્ધતા, આ રીતે થાયતે ત્રણ દિવસમાં મરી જાય છે, વૈદ્યોએ આ સન્નિપાતને પાકલ કહેલો છે.

હીનવાત પ્રવૃદ્ધપિત્ત મધ્યકફનાં લક્ષણો.

हीनप्रवृद्धमध्यैस्तु वातपित्तकफैश्चयः ।
तेन रोगास्त एवोक्ता यथारोगबलाश्रयाः ॥
हृदयं दह्यते चास्य यकृत् प्लीहान्त्रफुप्फुसाः ।
पच्यंतेत्यर्थमूर्ध्वाधः पूयशोणितनिर्गमः ॥
शीर्णदन्तश्च मृत्युश्च तत्राप्येतद् विशेषतः ।
भिषग्भिः सन्निपातोऽयं याम्यो नाम्ना प्रकीर्त्तितः ॥

પિત્ત અત્યત, તેથી ઓછો કફ, અને તેથી ઓછો વાયુ હોય તો તે તે દોષોના બળ પ્રમાણે રોગો હોય છે વળી તે ઉપરાત હૃદયમાં દાહ થાય છે, તથા યકૃત, બરલ, આંતરડાં, અને ફેફસામાં પાક થાય છે મુખ અને ગુદામાથી લોહી તથા પરૂ ઝરે છે, દાતો પડે છે, અને મરણ થાય છે, એ વિશેષે કરીને લક્ષણ છે વૈદ્યો આ સન્નિપાતને યામ્ય કહે છે

પ્રવૃદ્ધવાત હીનપિત્ત મધ્યકફનાં લક્ષણો

प्रवृद्धहीनमध्यैस्तु वातपित्तकफैश्च यः ।
तेन रोगास्त एवोक्ता यथादोषबलाश्रयाः ॥
प्रलापायाससंमोहः कम्पमूर्छारतिभ्रमाः ॥
मन्यास्तम्भेन मृत्युः स्यात् तत्राप्येतद्विशेषतः । भिषग्भिः सन्निपातोऽयं कवचः संप्रकीर्त्तितः ॥

અત્યંત વાયુ, મધ્યમ કફ, અને આછુ પિત્ત હોય તો તે તે દોષોના બળ પ્રમાણે રોગો થાય છે, તે શિવાય બકવાદ, આયાસ, સમ્મોહ, કપ, મૂર્છા, અણગમો, ભ્રમ, ગોડનુ ઝલાવું, તથા મૃત્યુ થાય છે, આ સન્નિપાતને વૈદ્યો કવચ કહે છે.

મધ્યવાત હીનપિત્ત પ્રવૃદ્ધ કફનાં લક્ષણો.

मध्यहीनप्रवृद्धैस्तु वातपित्तकफैश्च यः ।
तेन रोगास्त एवोक्ता यथादोषबलाश्रयाः ॥
अन्तर्दाहो विशेषोऽत्र न च वक्तुं स शक्यते ।
रक्तमालक्तके नैव लक्ष्यते मुखमण्डलम् ॥
पित्तेनाकर्षितः श्लेष्मा हृदयान्न प्रसिच्यते ।
इषुणेवाहतं पार्श्वं तुद्यते खन्यते हृदि ॥
प्रमीलकः श्वासहिका वर्द्धते तु दिने दिने ।
जिह्वा दग्धा खरस्पर्शा गलः शूकैरिवावृतः ॥
विसर्गं नाभिजानाति कूजेच्चापि कपोतवत् ।
अतीव श्लेष्मणा पूर्णशुष्कवक्त्रोष्ठतालुकः ॥
तन्द्रानिद्रातियोगार्त्तो हतवाङ्निहतद्युतिः ।
न रतिं लभते नित्यं विपरीतानि चेच्छति ॥
आयम्यते च बहुशो रक्तं ष्ठीवति चाल्पशः ।
एष कर्कटको नाम्ना सन्निपातः सुदारुणः ॥

અતિ કફ, તેથી ઓછો વાયુ, અને તેથી ઓછા પિત્તના સનિપાતમા તે તે દોષોના બળ પ્રમાણે રોગો થવા ઉપરાંત મુખ રાતું ચોળ થઇ જાય છે, પિત્તથી ખેંચાતો કફ હૃદયમાંથી બહાર નીકળતો નથી, પડખાંમાં બાણ ભોંકાયા જેવાં શૂળ તથા હૃદયમાં ખોદાયા જેવી પીડા થાય છે, આંખો મીંચાતી જાય છે, અને દિવસે દિવસે શ્વાસ તથા હેડકી વધતાં જાય છે.

જીભ ખરસટ તથા બળતરા વાળી થાય છે, ગળામાં કાંટા પડે છે, દસ્ત થયાની ખબર પડતી નથી, ગળામાં હોલાની પેઠે ઘૂઘવે છે મોઢું, હોઠ, અને તાળવું અત્યંત કફથી લેપાયેલાં તથા સૂકાં રહે છે, તદ્રા અને નિદ્રા બહુ વધે છે, તથા અગ્નિ અને તેજ હણાઇ જાય છે. કંઈ ગમતું નથી અને વિપરીત ઇચ્છાઓ થાય છે, વારવાર ઠરડાઇને થોડું લોહી થુકમાં પડે છે આ અતિ દારૂણુ કર્કોટક નામનો સનિપાત છે.

હીનવાત મધ્યપિત્ત પ્રવૃદ્ધ કફ સંનિપાત જ્વરનાં લક્ષણો.

हीनमध्यमवृद्धैस्तु वातपित्तकफैश्च यः ।
तेन रोगास्त एवोक्ता यथादोषबलाश्रयाः ॥
अल्पशूलं कटीतोदो मध्ये दाहो रुजा भ्रमः ।
भृशं क्लमः शिरोबस्तिमन्या हृदयवाग्रजः ॥
प्रमीलकः श्वासकासहिक्काजाड्यं विसंज्ञता ।
प्रथमोत्पन्नमेनन्तु साधयन्ति कदाचन ॥
एतस्मिन् सन्निहत्येतु कर्णमूले सुदारुणा ।
पीडिका जायते जन्तोर्यवाकृच्छ्रेण जीवति ।
स वैदारिकसंज्ञोऽयं सन्निपातः सुदारुणः ।
त्रिरात्रात्परमेतस्य व्यर्थमौषधकल्पनम् ॥

અતિ કફ, મધ્યમ પિત્ત, અને ઓછા વાયુમાં તે દોષોના બળ પ્રમાણે રોગો થાય છે, સિવાય થોડું થોડું શૂળ, કમરમાં પીડા, મધ્યભાગમાં દાહ, પીડા, ભ્રમ, બહુ ગ્લાનિ તથા માથું, મૂત્રાશય, ઓડકાર અને હૃદયમાં પીડા થાય છે. આંખો મીચાઇ જાય છે. શ્વાસ, ઉધરસ, હેડકી, જડતા, બેભાની, એ થાય છે. આ સનિપાત પ્રથમ થાય કે તુરતજ જો ઉપાય થાય તો તે કદાચ મટે છે, પણ તે મટયા પછી કાનના મૂળમાં અતિ દારૂણ ફોલ્લી થાય છે તેથી માંડ બચી શકાય છે. આ અતિ દારૂણ સંનિપાત વૈદારિક કહેવાય છે આ સંનિપાત ત્રણ રાત્રીમાં ન મટે તો પછી ઉપાયો વ્યર્થ છે

સન્નિપાતનાં બીજા નામો

शीताङ्गस्त्रिमलोद्भवज्वरगणे तन्द्री प्रलापी ततो रक्तष्ठीवयिता च तत्र गणितः सम्भुग्ननेत्रस्तथा । साभिन्यासकजिह्वकश्च कथितः प्राक्सान्धिगोथान्तको रुग्दाहः सहचित्तविभ्रम इह द्वौ कर्णकण्ठग्रहौ ॥

तन्द्री तन्द्रिक. प्रलापी प्रलापक रक्तष्ठीवयिता रक्तष्ठीवी सम्भुग्ननेत्र सम्भुग्ननेत्रः । अभिन्यासकः अभिन्यास कर्णकण्ठग्रहौ कर्णग्रहे कर्णिक कण्ठग्रह कण्ठकुब्जकः । अथ तेषां प्रत्येकं लक्षणानि ।

ત્રિદોષ જ્વરના ગણમાં શીતાગ, તંદ્રિક, પ્રલાપક, રક્તષ્ઠીવી, ભુગ્નનેત્ર, અભિન્યાસ, જિહ્વક, સંધિગ, અંતક, રૂગ્દાહ, ચિત્તવિભ્રમ, કર્ણગ્રહ, અને કંઠગ્રહ અથવા કંઠકુબ્જ, એ તેર સંનિપાતો કહેવાય છે.

શીતાંગનાં લક્ષણો.

हिमशिशिरशरीरः सन्निपातज्वरी यः श्वसनकसनहिक्कामोहकम्पप्रलापैः । क्लमबहुकफवातादाहवम्यङ्गपीडास्वरविकृतिभिरार्तः शीतगात्रः स उक्तः ॥

જે સન્નિપાત જ્વરમા હિમ જેવું ટાઢુ શરીર, શ્વાસ, ઉધરસ, હેડકી, મોહ, કપ, બકવા, ગ્લાનિ, બહુ કફ તથા વાયુ, દાહ, ઉલટી, અગમાં પીડા અને સ્વર ભગની પીડા થાય તેને શીતગાત્ર સનિપાત કહે છે.

તદ્રિકનાં લક્ષણો.

तन्द्रातीव ततस्तृषातिसरणं श्वासोऽधिकः कासरुक् । सन्तप्तातितनुर्गलेश्वयथुना सार्द्धश्च कण्डुकफः ॥ सुश्यामा रसना क्लमः श्रवणयोर्मान्द्यश्च दाहस्तथा । यत्र स्यात्स हि तन्द्रिकोनिगदितो दोषत्रयस्थो ज्वरः ॥

અત્યત ઘેન, તૃષા, અતિસાર, બહુ શ્વાસ ઉધરસ, શરીર અત્યત તપ્ત, ગળામા સોજો તથા ચળ અને કફ, બહુ કાળી જીભ, ગ્લાનિ, શ્રવણુશક્તિઓછી, દાહ, આ સર્વ સહિતના ત્રિદોષજ્વરને તદ્રિક કહે છે.

પ્રલાપકનાં લક્ષણો

यत्र ज्वरे निखिलदोषनितान्तरोपजाते प्रलापबहुलाः सहसोत्थिताश्च । कम्पव्यथापतनदाहविसंज्ञताः स्युर्नाम्ना प्रलापक इति प्रथितः पृथिव्याम् ॥

જે જ્વરમાં સર્વ દોષોના અત્યત કોપને લીધે બહુ બકવા થાય, કપ અને વ્યથા પછડાવું, દાહ અને બેભાની થાય, તેને પૃથ્વીમા પ્રલાપક કહેવાય છે.

રક્તષ્ઠીવીનાં લક્ષણો

निष्ठीवो रुधिरस्य रक्तसदृशं कृष्णं तनौ मण्डलं लौहित्यं नयने तृषारुचिवमिश्वासातिसारभ्रमाः । आध्मानश्च विसंज्ञता च पतनं हिक्काङ्गपीडा भृश रक्तष्ठीविनि सन्निपातजनिते लिङ्गं ज्वरे जायते ॥

કફમા લોહી પડે, શરીરમા રતાશવાળાં કાળાં મંડળો થાય, તથા તૃષા, અરૂચિ, ઉલટી, શ્વાસ, અતિસાર ભ્રમ, આફરો, બેભાની, પડી જવું હેડકી, અને અગોમાં બહુ પીડા, એ રીતે જે જ્વરમાં થાય તે સનિપાતને રક્તષ્ઠીવી કહે છે.

નેત્રભુગ્ન સનિપાતનાં લક્ષણો.

भृशंनयनवक्रता श्वसनकासतन्द्रा भृशं प्रलापमदवेपथुः श्रवणहानिमोहास्तथा । पुरो निखिलदोषजे भवति यत्र लिङ्गं ज्वरे पुरातनचिकित्सकैः स इह भुग्ननेत्रो मतः ॥

નેત્રો બહુજ વાકાં થઈ જાય, શ્વાસ, ઉધરસ, તંદ્રા, બહુ બકવા, મદ, કપ, બેહેરાપણુ અને મોહ, એ રીતે જે જ્વરમા અગાઉથી થાય તે સનિપાતને પ્રાચીન વૈદ્યોએ ભુગ્નનેત્ર કહેલ છે

અભિન્યાસનાં લક્ષણો.

दोषास्तीव्रतरा भवन्ति बलिनः सर्वेऽपि यत्र ज्वरे । मोहोऽतीव विचेष्टता विकलता श्वासो भृशं मूकता । दाहश्चिक्कनमाननश्च दहनो मन्दो बलस्य क्षयः सोऽभिन्यास इति प्रकीर्ति इह प्राज्ञैर्भिषग्भिः पुरा ॥

જે જ્વરમા દોષો વધારે તીવ્ર બળવાન થાય છે, અને અત્યંત મોહ, ચેષ્ટા રહિત પણું, વિકળતા બહુ શ્વાસ, મૂગાપણું, દાહ,

મોઢું ચીકણું, અગ્નિમાંદ્ય, અને બળનો ક્ષય થાય, તેને પૂર્વના વિદ્વાન્ વૈદ્યોએ અભિન્યાસ કહેલો છે.

જીહ્વકનાં લક્ષણો.

त्रिदोषजनिते ज्वरे भवति यत्र जिह्वाभृशं वृता कठिनकण्टकैस्तदनु निर्भरं मूकता । श्रुतिक्षतिबलक्षतिश्वसनकाससन्तप्तयः पुरातनभिषग्वरास्तमिह जिह्वक चक्षते ॥

જે ત્રિદોષજ્વરમાં જીભ બહુજ વીંટાયલી રહે અને કાંટાથી ભરાયલી રહે, બહુ મૂગાપણું રહે, બહેરાપણું તથા બળનો ક્ષય થાય, શ્વાસ, ઉધરસ, તાપ, દાહ આ બધુ હોય તેને પ્રાચીન ઉત્તમ વૈદ્યો જિહ્વક કહે છે.

સંધિગનાં લક્ષણો.

व्यथातिशयिता भवेच्छ्वयथुसंयुता सन्धिषु प्रभूतकफता मुखे विगतनिद्रता कासरुक् । समस्तमिति कीर्त्तितं भवति लक्ष्म यत्र ज्वरे त्रिदोषजनिते बुधैः स हि निगद्यते सन्धिगः ॥

સાંધાઓમા સોજા તથા પીડા મુખમાં અત્યત કફ, નિદ્રાનો નાશ, અને ઉધરસની પીડા જે જ્વરમાં આ સર્વ હોય તે ત્રિદોષ જ્વરને પડિતો સધિગ કહે છે.

અંતકનાં લક્ષણો.

यस्मिन् लक्षणमेतदस्ति सकलैर्दोषैरुदीते ज्वरेऽजस्रं मूर्द्धविधूननं सकसनं सर्वाङ्गपीडाधिका । हिक्काश्वाससदाहमोहसहिता देहेऽतिसन्तप्तता । वैकल्यञ्च वृथा वचांसि मुनिभिः संकीर्त्तितः सोऽन्तकः ॥

સર્વ દોષોથી થયેલા જે જ્વરમાં માથું ધૂણ્યા કરે, ઉધરસ, સર્વ અંગમાં ઘણી પીડા, હેડકી, શ્વાસ, દાહ, મોહ, દેહમાં બહુજ સંતપ્તપણુ, વિકળતા, અને બકવા, એ હોય તેને મુનિઓએ અંતક સન્નિપાત કહેલ છે.

રૂગ્દાહનાં લક્ષણો.

दाहोऽधिको भवति यत्र तृषा च तीव्रा श्वासप्रलापविरुचिभ्रममोहपीडाः । मन्याहनुव्यथनकण्ठरुजः श्रमश्च रुग्दाहसंज्ञकमुदितस्त्रिभवो ज्वरोऽयम् ॥

અત્યંત દાહ, અતિ તરશ, શ્વાસ, બકવાદ, અરૂચિ, ભ્રમ, મોહ, પીડા, ગોડમાં તથા હડપચીમા પીડા, કઠરોગ, અને શ્રમ, એ રૂગ્દાહ નામના સંનિપાતમાં થાય છે.

ચિત્ત વિભ્રમનાં લક્ષણો.

गायति नृत्यति हसति प्रलपति विकृतं निरीक्षते मुह्येत् । दाहव्यथाभयार्त्तो नरस्तु चित्त भ्रमे ज्वरे भवति ॥

જેને ચિત્તભ્રમ સંનિપાત થાય છે તે ગાય છે, નાચે છે, હસે છે, બકે છે, વિકૃત દ્દષ્ટિથી જુવે છે, મોહ પામે છે; તથા તેને દાહ, પીડા અને ભય થાય છે.

કર્ણિકનાં લક્ષણો.

दोषत्रयेण जनिता किल कर्णमूले तीव्रा ज्वरे भवति तु श्वयथुर्व्यथा च । कण्ठग्रहो बधिरता श्वसनं प्रलापः प्रस्वेदमोहदहनानि च कर्णिकाख्ये ॥

કર્ણિક ત્રિદોષ થવાથી કાનના મૂળમાં જ્વર સહિત પીડાવાળો સોજો થાય છે. તેથી ગળું પકડાઇ જાય છે, બહેરાપણું, શ્વાસ, બકવા, પરસેવો, મોહ અને દાહ થાય છે.

કંઠ કુબ્જનાં લક્ષણો.

कण्ठः शूकशतावरुद्धवदतिश्वासः प्रलापोऽरुचिर्दाहो देहरुजा तृषापि च हनुस्तम्भः शिरोर्त्तिस्तथा । मोहो वेपथुना सहेति सकलं लिङ्गं त्रिदोषज्वरे यत्र स्यात्स हि कण्ठकुब्ज उदित प्राच्यैश्चिकित्साबुधैः॥

હજારો કાંટાથી રૂંધાયા જેવો કંઠનો અવાજ નીકળે છે, તથા શ્વાસ, બકવા, અરૂચિ, દાહ, દેહમા પીડા, તરશ, હનુસ્તભ, માથું દુખવું, મોહ, અને કંપ આટલાં લક્ષણો જે ત્રિદોષ જ્વરમાં થાય છે તેને પ્રાચીન વિદ્વાન્ વૈદ્યોએ કંઠ કુબ્જ કહેલ છે.

સાધ્યાસાધ્યપણું

सन्धिगस्तेषु साध्यः स्यात् तन्द्रिकश्चित्तविभ्रमः । कर्णिको जिह्वक कण्ठकुब्जः पञ्चापि कष्टकाः ॥ रुग्दाहस्त्यकष्टत संसाध्यतेषु भाषित ॥ रक्तष्ठीवी भुग्ननेत्रः शीतगात्रः प्रलापकः । अभिन्यासोऽन्तकश्चैते षडसाध्याः प्रकीर्तिताः ॥

સધિગ સાધ્ય છે, તદ્રિક, ચિત્તવિભ્રમ, કાર્ણિક, જિહ્વક, અને કંઠકુબ્જ, એ પાંચ કષ્ટસાધ્ય છે, અને રૂગ્દાહ તો અતિશય કષ્ટે સાધ્ય થાય છે રક્તષ્ઠીવી, ભુગ્નનેત્ર, શીતગાત્ર, પ્રલાપક, અભિન્યાસ, અને અંતક, એ છ અસાધ્ય કહેવાય છે.

સંનિપાતજ્વરનાં ત્રીજાં તેર નામો.

कुम्भीपाकः प्रोर्णुनावः प्रलापी ह्यन्तर्दाहो दण्डपातोऽन्तकश्च । एणीदाहश्चाथ हारिद्रसंज्ञो भेदा एते सन्निपातज्वरस्य ॥ अजघोषभूतहासौ यन्त्रापीडश्च सन्यासः । संशोषी च विशेषास्तस्यैवोक्तास्त्रयोदशान्यत्र ॥

કુંભીપાક, પ્રોર્હુનાવ, પ્રલાપી, અંતર્દાહ, દડપાત, અતક, એણીદાહ, હારિદ્ર, અજઘોષ, ભૂતહાસ, યંત્રાપીડ, સંન્યાસ, અને સશોષી આ તેર વળી સનિપાતજ્વરના ભેદો કહેલા છે.

કુંભિપાકનાં લક્ષણો

घोणाविवरझरदुबहुशोणासितलोहितं सान्द्रम् । विलुठन्मस्तकमभितः कुम्भीपाकेन पीडितं विद्यात् ॥

નાકમાથી રાતું કાળુ અને ઘાટું લોહી પડે, અને વારવાર માથુ ધૂણ્યા કરે, તે માણસને કુંભીપાકવાળો જાણવો.

પ્રોર્ણુનાવનાં લક્ષણો.

उत्क्षिप्य यः स्वमङ्गं क्षिपत्यधस्तान्नितान्तमुच्छ्वसिति । तं प्रोर्णुनावजुष्टं विचित्रकष्टं विजानीयात् ॥

શરીરને ઉચકી ઉચકીને જે પછડાટી ખાધા કરે, બહુ જ હાંફી જાય, અને વિચિત્ર રીતે કષ્ટાય તેને પ્રોર્હુનાવ સન્નિપાતવાળો જાણવો

પ્રલાપીનાં લક્ષણો

स्वेदभ्रमाङ्गभेदाः कम्पो दवथुर्वमिर्व्यथा कण्ठे । गात्रञ्च गुर्वतीव प्रलापिजुष्टस्य जायते लिंगम् ॥

જેને પરસેવો, ભ્રમ, સાધા તૂટે, કંપ, દાહ, વમન, કંઠમાં પીડા અને શરીર ભારે થાય; એ લક્ષણો પ્રલાપી સન્નિપાતજ્વરનાં છે.

અંતર્દાહનાં લક્ષણો.

अन्तर्दाहः शैत्यं बहिः श्वयथुररतिरपि तथा श्वासः । अङ्गमपि दग्धकल्पं सोऽन्तर्दाहार्दितः कथितः ॥

અંદર દાહ, બહાર શીતળતા, સોજો, અરૂચિ, શ્વાસ, અને અંગમાં બળતરા થાય તો અંતર્દાહ થયો એમ જાણવું.

દંડપાતનાં લક્ષણો.

नक्तं दिवा न निद्रामुपैति गृह्णाति मूढधीर्नभसः । उत्थाय दण्डपाती भ्रमातुरः सर्वतो भ्रमति ॥

नयसो गृह्णाति आकाशात्किञ्चिद्गृहीतु करौ प्रसारयतीत्यर्थः ॥

જેને દંડપાત સન્નિપાતજ્વર આવ્યો હોય તે માણસ રાતે કે દિવસે ઊંઘતો નથી, બુદ્ધિના મોહને લીધે આકાશમાંથી કાંઈક લેવા વાસ્તે હાથ લાંબા કરે છે અને ભ્રમથી આતુરપણાને લીધે ઉઠી ઉઠીને ચારેકોર ભમ્યા કરેછે.

અંતકનાં લક્ષણો.

संपूर्यते शरीरं ग्रन्थिभिरभितस्तथोदरं मरुता । श्वासातुरस्य सततं विचेतनस्यान्तकार्त्तस्य ॥

આખા શરીરમાં ગાંઠાઓ થાય છે, પેટમાં પવન ભરાઇ જાય છે, અને સદા શ્વાસ તથા બેભાની થાય છે, તેને અંતક જાણવો.

એણીદાહનાં લક્ષણો.

परिधावतीव गात्रे रुक्पात्रे भुजगपतगहरिणगणः । वेपथुमतः सदाहस्यैणीदाहज्वरार्त्तस्य ॥

કંપ તથા બળતરા થાય; અને શરીર ઉપર પીડાસહિત સર્પો, પક્ષીઓ, અને હરણો દોડતાં હોય એમ જણાય છે. એ એણીદાહ સંનિપાતનાં લક્ષણો છે.

હારિદ્રકનાં લક્ષણો.

यस्याऽतिपीतमङ्गं नयने सुतरां मलस्ततोऽप्यधिकम् । दाहोऽतिशीतता बहिरस्य स हारिद्रको ज्ञेयः ॥

रुक्पात्रे पीडाभाजने गात्रस्य विशेषणमेतत् ॥

શરીરમાં અત્યંત પીળાશ, નેત્રોમાં અત્યંત વધારે પીળાશ, અને મળમાં એથી પણ બહુ વધારે પીળાશ, અંદર દાહ અને બહારથી શીતળતા, એ હારિદ્રકનાં લક્ષણો છે.

અજઘોષનાં લક્ષણો

छगलकसमानगन्धः स्कन्धरुजावाग्निरुद्धगलरंध्रः । अजघोषसन्निपातादाताम्राक्षः पुमान् भवति ॥

બકરાં જેવો ગંધ, ખભામાં પીડા ગળું બંધ થઈ જાય, અને નેત્રો રાતાં થઈ જાય, તેને અજઘોષ સંનિપાત થયો છે, એમ જાણવું.

ભૂતહાસનાં લક્ષણો.

शब्दादीनधिगच्छति न स्वान्विषयान्यदिन्द्रियग्रामैः । हसति मलपति परुषं स ज्ञेयो भूतहासार्त्तः ॥

ઇંદ્રિયોની શબ્દગ્રહણાદિ શક્તિ નાશ

ગામી જાય, હસ્યા કરે, અને કઠોર રીતે બકયા કરે, તેને ભૂતહાસ થયો જાણવો.

યંત્રાપીડનાં લક્ષણો.

येन मुहुर्ज्वरवेगाद्यन्त्रेणेवावपीड्यते गात्रम् । रक्तं पीतञ्च वमेद्यन्त्रापीडः स विज्ञेयः ॥

ચીચોડાની પેઠે શરીર પીલાતું હોય, અને પીળા લોહીની ઉલટી થતી હોય, તેને યંત્રાપીડ થયો છે એમ જાણવુ.

સંન્યાસનાં લક્ષણો.

अतिसराति वमति कूजति गात्राण्याभितश्चिरं नरः क्षिपति । सन्याससन्निपाते भलपत्युग्राक्षिमण्डलो भवति ॥

ઉલટી થયા કરે, ઘૂઘવ્યા કરે, અંગોને પછાડ્યા કરે, બકયા કરે, અને પાતળો ઝાડો થયા કરે, અને નેત્રમંડળ ઉગ્ર થઈ જાય, તેને સન્યાસ થયો જાણવો.

સંશોષીનાં લક્ષણો.

मेचकवपुरतिमेचकलोचनयुगलो मलोत्सर्गात् । संशोषिणि सितपिडकामण्डलयुक्तो ज्वरे नरो भवति ॥

ઝાડો થવાથી શરીર કાળુ થઈ જાય, નેત્રો અતિ કાળાં થઇ જાય, તથા શરીરમાં ધોળાં ચકરડાં તથા ફોલ્લીઓ થાય, તેને સંશોષી સનિપાત થયો છે એમ જાણવું.

સનિપાતોનુ ભયકરપણું.

नारायण एव भिषक् भेषजमेतेषु जान्हवीनीरम् । नैरुज्यहेतुरेको नित्यं मृत्युञ्जयो ध्येयः ॥

સન્નિપાતજ્વરમાં નારાયણજ વૈદ્ય છે, અને ગંગાજળજ ઔષધ છે, તથા નિરોગી થવાનો હેતુ માત્ર એક મૃત્યુંજય એટલે મહાદેવ છે, તેનુ નિત્ય ધ્યાન કરવું જોઇએ.

અસાધ્ય સનિપાતનાં લક્ષણો.

सन्निपातज्वरस्यान्ते कर्णमूले सुदारुणः । शोथः संजायते तेन कश्चिदेव प्रमुच्यते ।

सुदारुण- मारकत्वात् । यतस्तेन शोथेन कश्चिदेव प्रमुच्यते । जीवितं न त्यजति इत्यर्थ ।

સનિપાતજ્વરની અંતે કાનના મૂળમા અતિ દારૂણ સોજો થાય છે, તેથી કોઇકજ બચે છે.

સાધ્યાસાધ્યપણું.

सन्निपातज्वरान् कष्टानसाध्यानपरे जगुः ॥ दोषेप्रवृद्धे नष्टेऽग्नौ सर्वसम्पूर्णलक्षणः ॥ सन्निपातज्वरोऽसाध्यः कष्टसाध्यस्ततोऽन्यथा ।

सर्वाणि दाहशीतादीनि सम्पूर्णानि आतुरगतानि प्रोक्तानि यावल्लक्षणानि यस्य स । ततोऽन्यथा दोषे पक्के अग्नौ दीप्ते स्वल्पलक्षणकः कष्टसाध्य इत्यर्थः ॥

કષ્ટસાધ્ય સંનિપાત જ્વરોને પણ કેટલાકોએ અસાધ્ય કહેલા છે, તો પણ દોષોની વૃદ્ધિ અને અગ્નિનો નાશ થવાથી રોગીના શરીરમા દાહ અને શીત આદિ સઘળા લક્ષણો સંપૂર્ણ થયાં હોય તો તે સંનિપાતજ્વરને અસાધ્ય જાણવો, અને જો દોષ પાકવાથી તથા અગ્નિ

પ્રદીપ્તપણાથી થોડાં લક્ષણો હોય તો તેને કષ્ટસાધ્ય સન્નિપાતજ્વર જાણવો.

સામાન્ય સંનિપાતોની ચિકિત્સા.

सन्निपातार्णवे मग्नं योऽभ्युद्धरति मानवम् । कस्तेन न कृतो धर्मः काञ्च पूजां न सोऽर्हति ॥ मृत्युना सह योद्धव्यं सन्निपातं चिकित्सता । यस्तु तत्र भवेज्जेता सजेतामयसंकुले ॥ श्लेष्मनिग्रहमेवादौ कुर्याद्व्याधौ त्रिदोषजे । संसर्गे यो गरीयान् स्यादुपक्रम्यः स वै भवेत् ॥

संसर्गे दोषद्वय संसर्गे गरीयान् बलवत्तर ॥

अंशांशं यत्र दोषाणां विवेक्तुं नैव शक्नुयात् । क्रियां साधारणीं तत्र विदधीत चिकित्सकः ॥ लङ्घनं वालुकास्वेदो नस्यं निष्ठीवनं तथा । अवलेहोऽञ्जनं चैव प्राक् प्रयोज्यं त्रिदोषजे ॥

ज्वर इति शेष. । ननु क्रियायास्तु गुणालाभे क्रियामन्या प्रयोजयेत् । पूर्वस्या शान्तवेगाया न क्रियासङ्करो हितः ॥ इति वचनेनः क्रियासङ्करस्य निषिद्धत्वात् कथमत्र नस्यनिष्ठीवनावलेहाञ्जनानि युगपद्विधीयन्त इत्याशङ्क्याह ॥

क्रियाभिस्तुल्यरूपाभिः क्रियासाङ्कर्यमिष्यते । भिन्नरूपतया तास्तु नहि कुर्वन्ति दूषणम् ॥

જે વૈદ્ય સંનિપાતરૂપી મહાસાગરમાથી ડૂબતાને બહાર કાઢે છે, તેણે કયો ધર્મ ન કર્યો? અથવા તે કેઇ પૂજાને યોગ્ય નથી? સંનિપાતની ચિકિત્સા કરનાર મૃત્યુની સામે યુદ્ધ કરે છે, ને તેમાં તે જીતે છે, તો તે સર્વ

રોગ જીતી શકે છે. ત્રિદોષમા પ્રથમ કફનો નિગ્રહ કરવો જોઇએ બે દોષનું ઉલ્બણપણું હોય તો પ્રથમ જે દોષ વિશેષ બળવાન્ હોય તેનો નિગ્રહ કરવો જોઇએ. જ્યા દોષોના બળની ખબર ન પડી શકે ત્યાં વૈદ્યે સાધારણ ચિકિત્સા કરવી. લંઘન, રેતીનો શેક, નસ્ય, થુંકાવવુ, અવલેહો, અંજનો એ સર્વનો ઉપયોગ પહેલેથી જ ત્રિદોષમા કરવો (અહીં શકા થાય કે–“એક ક્રિયાથી ગુણ ન થાય તો તેનો વેગ શાત પામ્યા પછી બીજો પ્રયોગ કરવો, પણ એકી વખતે ઘણી ક્રિયાઓ કરવી નહી, કેમકે ક્રિયાઓનું સંકરપણુ અહિતકારી છે.” આ ઉપરથી ક્રિયાઓનુ સંકરપણું ન થવા દેવું જોઇએ, તેમ છતા અહીં સન્નિપાતજ્વરમાં નસ્ય અજન, અવલેહ વગેરે ક્રિયા એકી વખતે કરવાનું કેમ કહ્યુ? તેનું સમાધાનઃ—સમાનરૂપ ક્રિયાઓ એકી વખતે કરવામાં આવે તો તે સકર ક્રિયાગણાય છે, માટે ભિન્નરૂપવાળી ક્રિયાઓ એકી વખતે કરવાથી કશી હરકત આવતી નથી.

લંઘનનો અવધિ.

त्रिरात्रं पञ्चरात्रं वा दशरात्रमथापिवा । लङ्घनं सन्निपातेषु कुर्यादारोग्यदर्शनात् ॥

लङ्घने त्रिरात्रादिविकल्प उल्बणत्वापेक्षया दोषाणा शीघ्रमध्यमन्दशक्तित्वात् आरोग्यदर्शनादिति । यावदारोग्यदर्शनं स्यात् तावद्वा लङ्घन कुर्यात् । एतेन त्रिरात्राद्यवधेर्न नियतत्व सूचितम् । अतएव सुश्रुत प्राह ॥

सप्तमे दिवसे प्राप्ते दशमे द्वादशेऽपि वा । पुनर्घोरतरो भूत्वा प्रशमं याति हन्ति वा ॥

घोरतर इति स्वभावादेव तदा घोरतरो भूत्वेति ॥

આરોગ્ય થવાય ત્યાં સુધી અથવા ત્રણ રાત્રી, પાંચ રાત્રી અથવા દશ રાત્રી સુધી, સંનિપાતોને વિષે લંઘન કરવું જોઇએ વાયુની ગતિ શીઘ્ર છે, પિત્તની મધ્યમ છે અને કફની ગતિ મંદ છે, માટે તે તે દોષની ઉલ્વણતા ઉપર લક્ષ રાખીને ત્રણ, પાંચ અને દશ રાત્રી સુધી લંઘન કરવાનું કહ્યુ છે. પણ આરોગ્ય થવાય ત્યાં સુધી લંઘન કરવું કહ્યુ તે ઉપરથી એમ સમજવુ કે ત્રણ, પાંચ, દશ રાતની અવધિ નિયમિત છે એમ ન સમજવું. એટલા માટે જ સુશ્રુત કહે છે કે-"સાતમો દિવસ, અથવા દશમો કે બારમો દિવસ થાય ત્યારે તો સનિપાત વધારે ઘોર બનીને કાંતો શમી જાય છે કે કાંતો મારી નાંખે છે."

શમન કે મરણનું કારણ

पित्तकफानिलवृद्ध्या दशदिवसद्वादशाहसप्ताहात् । हन्ति विमुञ्चत्यथवा त्रिदोषजो धातुमलपाकात् ॥

त्रिदोषजो ज्वर इति शेष' धातुमलपाकात् । धातुपाकाद्धन्ति मलपाकाद्विमुञ्चतीत्यर्थः । धातुमलपाके प्राक्तनकर्मैव हेतु । तत्र यदि जीवन संवर्द्धक कर्मास्ति तदा मलपाकोऽन्यथा धातुपाक । स च रसादि शुक्रान्तधातूना पाको बोद्धव्यः ॥

દસ, બાર, અને સાત દિવસમાં ત્રિદોષજ્વર પિત્ત, કફ અને વાયુની વૃદ્ધિ થવાથી ધાતુઓ પાકી જાય તો મારી નાખે છે, અથવા જો મલનો પાક થાય તો મટી જાયછે ધાતુઓ અને મળોનું પાકવું એ પૂર્વજન્મના પ્રારબ્ધાનુસાર છે. જો આયુષ્ય વધારનારૂં પ્રારબ્ધ હોય તો મળ પાકે છે અને આયુષ્યનો નાશ કરનારૂં પ્રારબ્ધ હોય તો ધાતુઓ પાકે છે. ધાતુ એટલે રસથી વીર્ય સુધીના સઘળા ધાતુઓ સમજવા.

ધાતુઓ પાકવાનું લક્ષણ.

निद्रानाशो हृदि स्तम्भो विष्टम्भो गौरवारुची । अरतिर्बलहानिश्च धातूनां पाकलक्षणम् ॥

विष्टम्भ उदरस्य गौरवं गात्राणाम् ॥

अन्यच्च ।

संबाध्यमानो हृदि नाभिदेशे गात्रेषु वा पाकरूजान्वितेषु । पीडाज्वरार्तोऽङ्गुलिभिश्च गच्छेत्स धातुपाकी कथितो भिषग्भिः ॥ अपरञ्च । नाभेरूर्ध्वं हृदोऽधस्तात्पीडिते चेद् व्यथा भवेत् । धातोः पाकं विजानीयादन्यथा तु मलस्य च ॥

નિદ્રાનો નાશ, હૃદયનોસ્તંભ, મળોનુ રોકાવું, ભારેપણું, અરૂચિ, અણગમો, અને બળની હાનિ, એ ધાતુઓ પાકયાનાં લક્ષણો છે બીજે પણ કહેલું છે કે-"હૃદયમાં, નાભિમાં, અને ગાત્રોમા આંગળી દબાવતાં પીડા થતી હોય, અને તાવ આવતો હોય, તો તેના ધાતુઓ પાકી ગયા છે, એમ વૈદ્યોએ કહેલુ છે" વળી પણ કહેલું છે કે-"નાભિની ઉપર અને હૃદયની નીચે દબાવવાથી જો દુખતું હોય તો ધાતુઓને પાક થયાનુ, અને તેમ નહિ તો મળોનો પાક થયાનું જાણવુ

મલપાકયાનું લક્ષણ.

दोषप्रकृतिवैकृत्यं लघुता ज्वरदेहयोः । इन्द्रियाणां च वैमल्यं मलानां पाकलक्षणम् ॥

दोषा वातादयः तेषां प्रकृतित्वे तु दाहतन्द्रा-गौरवादिकरणं तस्यवैकृत्यं वैपरीत्यं वैमल्यंमलरा हित्यम्। मलानां दोषाणां पाकलक्षणम् । अन्यच्च ॥

स्वचिन्द्रियपञ्चकस्य पटुता वन्हेश्च यत्र क्रमात् । तृष्णादिप्रशमो ज्वरस्य मृदुता तं दोषपाकं वदेत् हृन्नाभ्योरतिवेदनाति सरणं तीव्रो ज्वरस्तृण्मदः ॥ श्वासाधिक्यमरोचकोऽरतिरिति स्याद्धातुपाकाकृतिः ॥

દોષો કે જેનો સ્વભાવ દાહ, ઘેન, ભારેપણું વગેરે વિકાર કરવાનો છે, તે પોતાના સ્વભાવથી ઉલટા ચાલતા હોય, શરીર હલકું હોય, દેહમાં જ્વર હલકો હોય, અને ઇંદ્રિયો નિર્મળ હોય, તો મળનો પાક જાણવો. પાંચે ઇંદ્રિયોમાં સામર્થ્ય નિરંતર જણાય, ક્રમસર તૃષાદિકની શાન્તિ જણાય જઠરાગ્નિ વધે, અને જ્વર શાંત પડે, તો તે દોષો પાકયા જાણવા; અને હૃદય તથા નાભિમાં અતિ વેદના થાય, દસ્ત પાતળો હોય, જ્વર આકરો હોય, અને તરશ અને મદ તથા શ્વાસનું અધિકપણું, અરૂચિ તથા અસુખ, એ લક્ષણો ધાતુ પાકયાનાં જાણવાં.

કારણસર પાક કાળને વાર લાગે. તો અવધી.

सप्तमी द्विगुणा यावन्नवम्येकादशी तथा । एषा त्रिदोषमर्यादा मोक्षाय च वधाय च ॥

नवम्येकादशी आगमनदिवसं विहाय बोद्धव्या तेनागमनदिवसं नीत्वा दशमी द्वादशी तथा ॥ अत्र रात्रिरित्यध्याहियते ॥

હારીત કહે છે કે–સંનિપાતજ્વર થયા પછી ચૌદમી, વીસમી અથવા તો ચોવીસમી રાત્રી સુધીમા શાંત થાય છે કે મારી નાંખે છે, માટે સંનિપાતજ્વરની અવધિ એટલી છે.

પાણી પીવા વિષે.

सन्निपातज्वरी पूर्वं सम्यक् लङ्घनमाचरेत् । शृतं शीतं पिबेदम्भः समये भेषजं भजेत ॥ सन्निपातेन तृष्यन्तं पार्श्वरुक्ता-लुशोषिणम् । यः पाययेज्जलं शीतं स मृत्युर्नरविग्रहः ॥

शीतं अक्वथितं शृत तु शीतं विहितमेव । इति लङ्घनम् ॥

સંનિપાતજ્વરવાળાએ પ્રથમ તો સારી રીતે લઘન કરવું, ઉકાળીને ટાઢું કરેલું પાણી પીવું, અને વખત સર ઓષધ ખાવું સંનિપાતમાં તરસ્યા માણસને તાલુશોષ અને પડખામાં શૂળ થતું હોય છતાં જે વૈદ્ય તેને ઉકાળ્યા વગરનું ટાઢું પાણી પાય, તેને માણસના વેષવાળો મૃત્યુ સમજવો.

રેતીનો સ્વેદ દેવા વિષે.

वातश्लेष्मकृते स्वेदान् कारयेद्रूक्षनिर्मितान् । स्निग्धः स्वेदो निषिद्धोऽत्र विना केवलवातजात् ॥ खर्परभृष्टपटस्थितकाञ्जिकसंसिक्तवालुकास्वेदः । शमयति वातकफामयमस्तकशूलाङ्गभङ्गादीन् ॥ स्रोतसां मार्दवं कृत्वा नीत्वा पावकमाश्रयम् । हत्वा वातकफस्तम्भं स्वेदो ज्वरमपोहति ॥

इति वालुकास्वेदः ॥

વાયુ અને કફનાં જ્વરોમાં રૂક્ષ પદાર્થોનો સ્વેદ દેવો. કેવળ વાયુ વગરના જ્વરોમાં સ્નિગ્ધ પદાર્થોનો સ્વેદ નિષિદ્ધ જ છે. રેતીને ઠીબમાં શેકી લૂગડામાં બાંધીને ઉપર કાંજી છાંટવી. પછી એનો સ્વેદ દેવો એથી વાયુ તથા કફના રોગો, માથાનું શૂળ, શરીરનુ ભાગવું, એ વગેરે દરદો મટે છે સ્વેદથી નાડીઓ ફૂણી પડીને જઠરાગ્નિને તેના આશયોમા પહોંચાડે છે. એથી વાયુ તથા કફની સ્તબ્ધતા હરી લેઇને જ્વરને મટાડે છે.

સૈંધવાદિ નસ્ય

सैन्धवं श्वेतमरिचं सर्षपाः कुष्ठमेव च । बस्तमूत्रेण संपिष्टं नस्यं तन्द्रानिवारणम् ॥

श्वेतमरिच शिग्रुबीजम् । इति सैन्धवादि नस्यम् ॥

સૈંધવ, ધોળાં મરી, સરસવ, અને કઠ, એઓને બકરાના મૂત્રમાં વાટીને તેનું નસ્ય આપવાથી ઘેન મટે છે. આમા ધોળા મરીને વિકલ્પે સરગવાના બીજ પણ લેવાય છે

મધુકસારાદિ નસ્યો.

मधूकसारसिन्धुत्थवचोषणकणाः समाः। श्लक्ष्णं पिष्ट्वाम्भसा नस्यं दद्यात् संज्ञाप्रबोधनम् ॥

मधूकसारादि नस्यम् ॥

मातुलुङ्गार्दकरसं कोष्णं त्रिलवणान्वितम् । अन्यद्वा सिद्धविहितं नस्यं तीक्ष्णं प्रयोजयेत् ॥ तेन प्रभिद्यते श्लेष्मा प्रभिन्नश्च प्रसिच्यते । शिरोहृदयकण्ठास्यपार्श्वरुक् चोपशाम्यति ॥ मोहामयेन मुग्धं बोधयितुं यादृशः शक्तः । कल्पतरुनामधेयो रसो न तादृ परं किञ्चित् ॥ इति नस्यम् ॥

મહુડાનો સાર, સૈંધવ, વજ, મરી, અને પીપર સમભાગે લેઈ પાણીમાં વાટીને સૂંઘવાથી બેભાની મટી જાગૃત થવાય છે. બીજોરૂં તથા આદાના રસને જરા ગરમ કરીને તેમાં ત્રિલવણ મેળવીને સૂંઘવુ, અથવા બીજા કોઈ સિદ્ધે બતાવેલુ નસ્ય લેવુ, તેથી કફ ભેદાઇને બહાર નીકળી જાય છે, અને માથું, હૃદય, કઠ, મોઢુ, અને પડખાની પીડા શાંત થઇ જાય છે તદ્રારૂપી રોગથીમૂઢ બનેલાને જાગ્રત કરવા કલ્પતરૂ રસ જેવો બીજો કોઈ સમર્થ નથી જ.

થુંકાવવા વિષે.

जिह्वाताल्गलक्लोमप्रसुतिपित्तेन दूषितम् । तदा सञ्चारयेच्छोषं जिह्वाविरसतां तथा । स्फुटनश्च तदा जिह्वा लेपयेन्मधुपिष्टया ॥ द्राक्षया साज्यया तेनजिह्वा स्यात् सरसा मृदुः । आर्द्रकस्वरसोपेतं सैन्धवं कटुकत्रयम् ॥ आकण्ठाद्धारयेदास्ये निष्ठीवेच्च पुनः पुनः । तेनास्यतालुकोष्ठांशमन्यापार्श्वशिरोगलात् ॥ लीनोऽप्याकृष्यते श्लेष्मा लाघवं चास्य जायते । पर्वभेदो ज्वरो मूर्छा निद्राश्वासगलामयाः ॥ मुखाक्षिगौरवं जाड्यमुत्क्लेशश्चोपशाम्यति ॥ सकृद्विस्त्रिश्चतुः कुर्याद् दृष्ट्वा दोषबलाबलम् । एतद्धि परमं प्राहुर्भेषजं सान्निपातिनाम् ॥

इति कवलग्रह ॥

જીભ, તાળવું, કંઠ, તૃષાનું સ્થાન ક્લોમ, એ સર્વ વાયુ તથા પિત્તથી દૂષિત થાય છે ત્યારે શોષ પડે છે, જીભમાં વિરસતા થાય છે, અને તે ફાટેછે. માટે જીભ ઉપર મધ તથા ઘીમાં વાટેલી દ્રાક્ષ ચોપડવી, એટલે જીભ રસયુક્ત તથા કોમળ થાય છે. આદાના સ્વરસ સાથે સૈંધવ, સૂંઠ, મરી, પીપરને મુખમા ગળા સુધી રાખવા અને વારવાર થૂકવું, તેથી મુખ, તાળવુ, કોઠો, ઓડ, પડખાં, માથુ, અને ગળામા છાનો રહેલ કફ ખેંચાઇ આવીને હલકાઇ થાય છે, તથા સાંધાનુ તૂટવુ, જ્વર, મૂર્ચ્છા, નિદ્રા, શ્વાસ, ગળાના રોગ, મુખનુ ભારેપણું, આખોનુ ભારેપણું, જડતા, અને હૃદયમાની કફની મુઝવણુ મટી જાય છે. દોષનું બલાબલ જોઇને આ ઉપાય એકવાર, બેવાર, અને ચારવાર પણુ કરવો. સનિપાતવાળાઓ માટે વિદ્વાનોએ આ ઉપાય ઉત્તમ કહેલો છે

અષ્ટાંગ અવલેહ.

कट्फलं पौष्करं शृङ्गी व्योषं यासश्च कारवी । श्लक्ष्णं चूर्णीकृतश्चैतन्मधुना सह लेहयेत् ॥ एषावलेहिका हन्ति सन्निपातं सुदारुणम् । हिक्कां श्वासञ्च कासञ्च कण्ठरोगञ्च नाशयेत् ॥ एतद्योज्यं कफोद्रेके चूर्णमार्द्रकजै रसैः । (तन्त्रान्तरे चोक्तम्) अष्टाङ्गं मधुना लिह्यादार्द्रकस्य रसेन वा । संमोहं दारुणं हन्यात्तन्द्राकाससमन्वितम् ॥ सर्वेषु सन्निपातेषु नक्षौद्रमविचारयेत् । शीतोपचारंक्षौद्रं स्याच्छीतं चात्र विरुध्यते ॥

सन्निपातज्वरेषु श्लेष्मनिग्रहार्थं सर्वदा स्वेदो हितः । तत्राग्निसम्बन्धेन देहस्योष्णता तिष्ठति । उष्णेन मधुनो विरोध. । उक्तं च सुश्रुतेन ॥

उष्णैर्विरुद्ध्यते सर्वं विषान्वयतया मधु । तृष्णार्त्तमुष्णं रूक्षञ्च तन्निहन्ति यथाविषमिति ॥ शीतोपचारैःक्षौद्रं स्यात् शीतं चात्र विरुध्यते ॥

शीतश्चात्र सन्निपातेन विरुध्यते । अयमवलेहः प्रायेणोर्ध्वजत्रुजरोगहरत्वात्सायमुपयुज्यते । यत उक्त चरकेण ॥

ऊर्ध्वजत्रुगदघ्नी यासासायमवलेहिका । अधोरोगहरी या सा भोजनात् प्राक् प्रयुज्यते ॥

पौष्कर पुष्करमूल तदलाभे कुष्ठं देयम् । शृङ्गी कर्कटशृङ्गी । व्योषं शुण्ठी पिप्पली मरिचानि ॥ यासो यवास. । केचिद्यासस्थाने यवानीं प्रक्षिपन्ति । कारवी मङ्गरैला इति लोके । अष्टाङ्गावलेहिका ॥

કાયફળ, ઓરડાનુ મૂળ, કાકડાશીંગી, ત્રિકટુ, ધમાસો અને કલોંજી જીરૂં, એનુ ચૂર્ણ મધમા ચાટવું. એથી મહા દારૂણ સનિપાત, હેડકી, શ્વાસ, ઉધરસ, અને કંઠના રોગો મટે છે કફ હોય તો આ ચૂર્ણ આદાના રસમા ચાટવું. બીજા ગ્રથમા કહેલું છે કે—"અષ્ટાગ ચૂર્ણને મધ અથવા આદાના રસમાં ચાટવાથી ઘેન તથા ઉધરસ અને દારૂણ મોહ મટી જાય છે. સર્વ જાતના સનિપાતમાં મધ વાપરવુ નહિ, કેમકે મધ ઉપર શીતોપચારની જરૂર છે અને સનિપાતમાં શીતોપચાર વિરૂદ્ધ છે" સનિપાત જ્વરોમા કફ મટાડવા માટે હમેશા સ્વેદ હિતકર છે, તેથી અગ્નિને લીધે દેહમા ગરમી રહે છે, અને ગરમીને મધ સાથે વિરોધ

છે. સુશ્રુતે કહ્યુ છે કે, વિષમ સંબંધને લીધે સર્વ પ્રકારનું મધ ઉષ્ણ પદાર્થોથી વિરૂદ્ધ છે. ઉષ્ણ પદાર્થોથી તૃષાવાળા અને રૂક્ષ થયેલા માણસનુ મધથી ઝેર ચઢીને મૃત્યુ થાય છે. મધ શીતળ છે અને શીતોપચાર સંનિપાતમાં વિરૂદ્ધ છે" ઘણું કરીને આ અષ્ટાંગાવલેહ ગળાના કાંઠલાની ઉપરના રોગોને હણે છે તેથી તેનો ઉપયોગ સાયંકાળે કરવો જોઇએ. ચરક કહે છે કે-"કંઠના ઉપરના રોગોને હણનારા અવલેહનો ઉપયોગ સાયંકાળે કરવો, અને કંઠની નીચેના ભાગના રોગોને હણનારા અવલેહનો ઉપયોગ ભોજન કર્યા પહેલાં કરવો જોઇએ. કેટલાક વૈદ્ય આ અષ્ટાંગ અવલેહમાં ધમાસાને બદલે યવાન (અજમો) નાંખે છે.

ચતુરંગાવલેહ.

स्विन्नमामलकं पिष्ट्वा द्राक्षया सह मेलयेत् ।
विश्वभेषजसंयुक्तं मधुना सह लेहयेत् ॥
तेनास्य शाम्यति श्वासः कासो मूर्च्छाऽरुचिस्तथा ॥

इति चतुरङ्गावलेह ॥

બાફેલા આમળાને વાટી દ્રાક્ષ સાથે મેળવી તેમાં સૂંઠ નાંખી મધમા ચાટવાથી શ્વાસ, ઉધરસ, મૂર્ચ્છા અને અરૂચિ મટી જાય છે.

શિરીષબીજાદિ અંજન.

शिरीषबीजं गोमूत्रकृष्णामरिचसैन्धवैः ।
अञ्जनं स्यात्प्रबोधाय सरसोनशिलावचैः ॥

शिरीषबीजाद्यञ्जनम् ॥

સરસડીયાનાં બીજ, ગોમૂત્ર, પીપર, મરી, સૈંધવ, લસણ, મણશીલ અને વજનું ચૂર્ણ આંખમાં આંજવાથી ભાન આવે છે

લોહચૂર્ણાદિ અંજન.

अयोरजः श्वेतलोध्रं मरिचं चाञ्जनं तथा ।
गोमूत्रेण समायुक्तं तन्द्रानाशनमुत्तमम् ।

लोहचूर्णाद्यञ्जनम् ॥

લોહભસ્મ, શ્વેત લોદર, અને મરીનું ચૂર્ણ ગોમૂત્ર સાથે આંજવાથી ઘેન મટી જાય છે.

દંડપાણ્યંજન.

अञ्जनं सम्यगाख्यं मधुसिन्धुशिलोषणैः । प्रमोहद्रोहि भवति भाषितं दण्डपाणिना । इत्यञ्जनम् ॥

મધ, સૈંધવ, શીલાજીત અને મરીનુ ચૂર્ણ આંજવાથી બેભાની મટી જાય છે, એમ દંડપાણીએ કહેલું છે.

લેપ.

सूतं विषञ्च मरिचं तुत्थकं नवसादरम् ।
चूर्णितंस्वरसैर्मर्द्य धूर्तपत्ररसोनयोः ॥
सन्निपातकृते मोहे मूर्ध्नि लिम्पेत्पदोपरि ।
अस्थिव्यथास्वनेनैवलेपं कुर्यात्पदोपरि ॥

पदम्पाच्छ इति लोके ।

પારો, વછનાગ, મરી મોરથુથુ, અને નવસારના ચૂર્ણને ધંતૂરાના તથા લસણના રસોમાં વાટીને મર્દન કરવાથી સંનિપાતનો મોહ મટે છે. માથા ઉપર લેપ કરવો, હાડકાં દુઃખતાં હોય તો તે ઉપર લેપ કરવો.

દશમૂળ કવાથ.

बिल्वःश्योनाकगम्भारी पाटला गणिकारिका । पित्तघ्नं वातकफहृत्पञ्चमूलमिदं महत् । शालीपर्णी पृष्ठिपर्णी बृहती कण्टकारिका ॥ गोक्षुरुर्वातपित्तघ्नं कनीयः पञ्चमूलकम् । उभयं दशमूलं तत्पिप्पलीचूर्णसंयुतम् ॥ सन्निपातज्वरं हन्ति हृत्कण्ठग्रहनाशनम् । तन्द्रावातकफातङ्कश्वासपार्श्वार्तिकासनुत् ॥ महान्ति यानि मूलानि काष्ठगर्भाणि यानि च । तेषान्तु वल्कलं ग्राह्यं न्हस्वमूलानि कृत्स्नशः ॥

अत्र बिल्वादीना पञ्चाना मूलस्य वल्कलं ग्राह्यम् ॥

दशमूलीकषायस्तु पिप्पलीपौष्करान्वितः । सन्निपातज्वरे देयः श्वासकाससमन्विते ॥

બીલી, અરણુ, સીવણ, કાંકચ, અરણી, આ બૃહત્પંચમૂલ વાત, પિત્ત, અને કફને હરનાર છે. મોટો અને નાનો સમેરવો, મોટી અને બેઠી ભોરીંગણીઓ અને ગોખરૂ, એ લઘુપચમૂલ વાયુ તથા પિત્તને હણનાર છે. આ બંને મળીને દશ મૂળ થાય છે તેમા પીપરીમૂળનું ચૂર્ણ મેળવવાથી સંનિપાતજ્વર મટે છે, તથા હૃદય અને કંઠનું ઝલાઈ જવું મટે છે, તથા તંદ્રા, વાયુ, કફ શ્વાસ, પડખાંની પીડા, અને ઉધરસનો નાશ થાય છે. બૃહત્પંચમૂળમાં મૂળોની છાલ લેવી.

દ્વાદશાંગ કવાથ.

चिरज्वरे वातकफोल्वणे वा त्रिदोषजे वा दशमूलमिश्रः । किराततिक्तादिगणः प्रयोज्यः शुद्ध्यर्थिने वा त्रिवृता विमिश्रः ॥

દશમૂળના કવાથમાં પીપર અને પુષ્કરમૂળ મેળવીને દેવાથી સનિપાતજ્વર, શ્વાસ, અને ઉધરસ મટી જાય છે.

ચતુર્દશાંગ કવાથ.

किराततिक्तको मुस्तं गुडूची विश्वभेषजम् । किरातादिर्गणो ज्ञेय चातुर्भद्रकमित्यपि ॥
इति चतुर्दशाङ्ग क्वाथः ।

दशमूली शटी शृङ्गी पौष्करं सदुरालभम् । भार्गी कुटजबीजञ्च पटोलं कटुरोहिणी ॥ अष्टादशाङ्ग इत्येष सन्निपातज्वरापहः ॥ कासहृद्ग्रहदार्श्वार्तिश्वासहिकावमीहरः ॥

લાંબા કાળના અથવા વાયુ, કફ, કે ત્રણ દોષોના જ્વરમાં દશમૂળ સાથે કિરાતતિક્તાદિગણનો પ્રયોગ કરવો, અથવા શુદ્ધિને અર્થે તેમાં નસોતર મેળવવું જોઈએ. કરિયાતું મોથ, ગળો, અને સુંઠ, એ કિરાતતિક્તાદિગણ છે, અને તેને ચાતુર્ભદ્રક પણ કહેવાય છે.

અષ્ટાદશાંગ કવાથ.

भूनिम्बदारुदशमूलमहौषधाब्दं तिक्तेन्द्रबीजधनिकेभकणाकषायः । तन्द्राप्रलापकसनारुचिदाहमोहश्वासत्रिदोषजनितज्वर नाशनः स्यात् ॥

દશમૂળ, કચૂરો, કાકડાશીંગી, પુષ્કરમૂળ, ધમાસો, ભારંગી, ઇંદ્રજવ, પરવળ, અને કડુ, એ અઢાર પદાર્થોનો કવાથ સંનિપાતજ્વર,

ઉધરસ, ઝલાઈ જવુ, પડખાની પીડા, શ્વાસ, હેડકી, અને ઉલટીને હરે છે

બીજા પ્રકારનો અષ્ટાદશાંગ ક્વાથ

उक्त च वङ्गसेनेन । अष्टादशाङ्ग इत्येष मृत्युकल्प ज्वर जयेदिति ॥

કરીયાતું, દેવદાર, દશમૂળ, સુઠ, મોથ, કડુ ઇંદ્રજવના બીજ, ધાણા, અને ગજપીપર એ અઢાર પદાર્થોનો ક્વાથ તદ્રાને, પ્રલાપને, ઉધરસને, અરૂચિને દાહને, મોહને, શ્વાસને અને સન્નિપાતજ્વરને મટાડે છે. વગસેને પણ કહ્યુ છે કે આ અષ્ટાદશાગ ક્વાથ મૃત્યુ જેવા જ્વરને પણ જીતે છે.

મૃતસંજીવની વટિકા.

विषं त्रिकटुकं गन्धं टङ्कणं मृतशुल्वकम् ।
धतूरस्य च बीजानि हिङ्गुलं नवमं स्मृतम्॥
एतानि समभागानि दिनैकं विजयाद्रवैः ।
मर्दयेच्चणकाकारा कर्त्तव्या वटिकाथ सा ॥
भक्षणीयानुपातव्यो रविमूलकषायकः ।
मृतसंजीवनी नाम्ना सन्निपातज्वरान्तकृत् ।

इति मृतसजीवनी वटिका सन्निपातज्वरे रसप्रदीपे ॥

વછનાગ, સૂઠ, મરી, પીપર, ગધક, ટકણખાર, મારેલુ ત્રાબુ, ધતૂરાના બીજ, અને નવમો હીંગળો, એ સમભાગે લેઇ એક દિવસ સુધી તેને ભાગના રસમા મર્દન કરવા; પછી તેની ચણા જેવડી ગોળી કરી ખાવી, અને ઉપર આકડાના મૂળનો ક્વાથ પીવો. આ મૃતસંજીવની નામની ગોળી સન્નિપાતજ્વરનો નાશ કરે છે.

ત્રિનેત્ર રસ

शुद्धसूतं समं गन्धं सूतांशं मृतताम्रकम् ।
त्रिभिस्तुल्यैर्गवा क्षीरैर्मर्दयेदातपे खरे ॥
मर्दयेद्दिनमेकन्तु निर्गुण्डीशिग्रुजद्रवैः।विधाय
गोलं तं गोलमन्धमूषागतं पचेत् ॥ त्रियामं
वालुकायन्त्रे ततः खल्वे विचूर्णयेत् । अष्टमांशं
विषं तत्र क्षिपेत् तेनापि मर्दयेत् ॥ त्रिनेत्राख्यो रसो ह्येष देयो गुञ्जाद्वयोन्मितः ।
पञ्चकोलकषायेण छागीदुग्धेन वा सह ।
रसेनानेन भुक्तेन सन्निपातज्वरो महान् ॥
संक्षयं व्रजति क्षिप्रं कर्त्तव्यो नात्र सशयः॥

इति त्रिनेत्ररस । सन्निपातज्वरे रसप्रदीपे ॥

શુદ્ધ પારો તથા ગધક સમભાગ, પારા જેટલુ મારેલુ ત્રાબુ, એ ત્રણેને એ ત્રણે જેટલા ગાયના દૂધમા તડકામા મર્દન કરવા. પછી એક દિવસ નગડ અને સરગવાના રસોની ભાવના દેઈ ગોળો કરીને શીશીમા બધ કરીને ત્રણ પ્રહર સુધી વાલુકાયત્રમા પકવવુ પછી ખરલમા તેનુ ચૂર્ણ કરી તેમા તેના આઠમા ભાગનો વછનાગ નાંખીને ખરલમા ઘૂટવું આ ત્રિનેત્ર નામનો રસ બે રતિભાર પચકોલના ક્વાથ સાથે અથવા બકરીના દૂધમા આપવો. આ રસ ખાવાથી મહાન સન્નિપાતજ્વર એકદમ નાશ પામી જાય છે, તેમા સશય નથી જ

ભસ્મેશ્વર રસ

भस्म षोडशनिष्कं स्यादारण्योपलमम्भवम् । मरिचं निष्कमात्रञ्च विषं निष्कं विचूर्णयेत् ॥ रसो भस्मेश्वरो नाम सन्नि-

पातज्वरान्तकृत् । एकगुञ्जामितो भक्ष्य आर्द्रकस्य द्रवेणाहि ॥

इति भस्मेश्वरो रस. । सन्निपातज्वरे रसेन्द्रचिन्तामणौ ॥

જંગલી અડાયાંની ભસ્મ ચાર તોલા, પા તોલો મરી, અને પા તોલો વછનાગ, એમનુ ચૂર્ણ કરવુ. આ ભસ્મેશ્વર નામનો રસ સનિપાતજ્વરનો અંત લાવે છે એક રતિભાર તે આદાના રસ સાથે ખાવો.

અગ્નિકુમાર રસ

द्वौ कर्षौं सूतकाद् ग्राह्यौ गन्धकाद् द्वौ तथैव च । यन्नतस्तूभय मर्द्य दिनं हंसपदीद्रवैः ॥ कल्कस्य वटिका कृत्वा निक्षिपेत्काचभाजने । कर्षैकममृतं तत्र क्षिप्त्वा वक्त्रं निरोधयेत् ॥ कूपिकायाः परौ भागौ वालुकाभिश्च पूरयेत् । सार्धं यावदहोरात्रं तावत् तत्र पचेद्रसम् । दीपमात्रोऽनलो देयः स्वाङ्गशीतं समुद्धरेत् । तोलार्द्धममृतं तत्र क्षिपेत् तावत्तथोपणम् ॥ भक्षितो रक्तिकामात्रो रसस्त्वाग्निकुमारकः । सन्निपातज्वरं हन्याद्वातं मन्दाग्नितामपि ॥ शूलञ्च ग्रहणीं गुल्मं क्षयं जत्रुगद तथा । श्वासकासादिकान् सर्वान् गदानेष विनाशयेत् ॥

इति आग्निकुमारो रस. । सन्निपातज्वरादिषु रसेन्द्रचिन्तामणौ ॥

બે તોલા પારો અને બે તોલા ગંધકને એક દિવસ હંસરાજના રસમાં ખરલ કરવાં. પછી તેની ગોળી બનાવી કાચના ઠામમાં નાંખી તેમાં આસપાસ વછનાગ એક તોલો ભરવો. પછી શીશીનુ મુખ બંધ કરી દેઇને તે શીશીને બીજા ઠામમાં મૂકી આસપાસ રેતી ભરી દેવી. પછી દોઢ રાત્રીદિવસ સુધી તેને દીવા જેવા અગ્નિથી પકવવું. પછી ટાઢું પડેથી તેમાં અરધો અરધો તોલો વછનાગ અને મરી મેળવવાં. આ અગ્નિકુમાર રસ એક રતિ જેટલો ખાવાથી સનિપાતજ્વર, ઉલટી, મંદાગ્નિ, શૂળ, મરડો, ગોટો, ક્ષય, જત્રુના રોગો, અને શ્વાસ, ઉધરસ વગેરે સર્વ રોગો મટી જાય છે.

પંચવક્ત્ર રસ

गन्धेशटङ्कमरिचं विषं धत्तूरजैर्द्रवैः ।
दिनं संमर्दितं शुष्कं पञ्चवक्त्रो रसो भवेत् ॥
आर्द्रकस्य द्रवेणैव दातव्यो रक्तिकामितः ।
सन्निपातज्वरे देयो घोरो तद्दोषनाशनः ॥

पञ्चवक्त्रो रसः सन्निपाते रसेन्द्रचिन्तामणौ ।

પારો, ગંધક, ટંકણખાર, મરી, અને વછનાગને ધંતૂરાના રસની ભાવના એક દિવસ દેઇને સૂકવવાથી પંચવક્ત્ર રસ બનેછે. એક રતિ જેટલો તે આદાના રસમાં આપવાથી સનિપાતજ્વર ઘોર હોય તો પણ તેના દોષોનો નાશ થાય છે.

અમૃતાદિવટી

अमृतवराटकमरिचैर्द्विपञ्चनवभागयोजितं रचिता ॥ वटिका मुद्गसमाना कफत्रिदोषाग्निमान्द्यहरी ॥ अमृतादिवटी ॥

બે ભાગ વછનાગ, પાંચ ભાગ કોડી, નવ ભાગ મરી, એમની મરી જેવડી ગોળી કરીને ખાવાથી કફ, સંનિપાત, અને અગ્નિની મંદતા મટી જાયછે.

શીતજ્વરારિ રસ

सूतकं गन्धकश्चैव हरितालं मनःशिला । एक निष्कं द्विनिष्कञ्च चतुर्निष्क तथैव च । पञ्चनिष्कं रसैः कारवेल्लयाः सम्यक् प्रकल्पयेत् ॥ ताम्रपत्राणि तुल्यानि तेन कल्केन लेपयेत् । शरावसंपुटे तानि कृत्वा तेषामुपर्यपि ॥ दद्यात् तां पिष्टिकां पश्चात् पुटपाकेन पाचयेत् । ततः संचूर्णयेदेष रसः क्षौद्रेण भक्षितः ॥ यवैकमात्रया हन्ति घोरं शीतज्वरं ध्रुवम् ॥

पाराटङ्क १ गन्धकटङ्क २ हरितालटङ्क ४ मन शिलाटङ्क ५ ताम्रपत्रटङ्क १२ शीतज्वरादौ रसप्रदीपे ॥

પારો પા તોલો, ગંધક અરધો તોલો, હરતાળ એક તોલો, અને મનશીલ તોલો સવા, એને કારેલીના રસની ભાવના દેવી પછી તેનો કલ્ક એટલાજ વજનના ત્રાંબાના પત્રાં ઉપર લેપવો પછી શરાવ સપુટમા મૂકી પકવવુ. પુટ પાકથી પાકી જાય એટલે તેનુ ચૂર્ણ કરી દેવું આ રસની જવ જેટલી માત્રા મધમા ખાવાથી ઘોર શીતજ્વર પણ તુરત નાશ પામી જાયછે.

શીતકેશરી રસ.

पारदं गन्धकश्चैव तुत्थञ्च दरदं विषम् । विषादष्टगुणं योज्यं मरिचं विश्वभेषजम् ॥ अश्वगन्धाथ विजया कासमर्दः काठिल्लकः । चतुर्णाञ्च रसैरेतैश्चूर्णान्येतानि मर्दयेत् ॥ तुलयास्तु दलैः सार्द्धं भक्षितो रक्तिकामितः। हन्ति शीतज्वरं घोरं नाम्नायं शीतकेसरी॥

शीतकेसरी रसो रसप्रदीपे ।

પારો, ગંધક, મોરથૂથ, હીંગળો, વછનાગ, તથા વછનાગથી આઠગણા મરી તથા સૂઠ, એ સર્વને આસાદ, ભાગ, કાસુદરો, અને કારેલીના રસોની ભાવના દેવી પછી તુળસીના પાનમા એક રતિ જેટલો તે રસ ખાવાથી એ શીતકેશરી રસ ઘોર શીતજ્વરનો નાશ કરી નાંખે છે

શીતભઞ્જી રસ

तालकं शुक्तिकाचूर्णं तुल्यं तत्रोभयोरपि । नवमांशञ्च तुत्थं स्यात् मर्दयेत् कन्यकाद्रवैः॥ तत्तु संशुष्कमुपलैर्वन्यैर्गजपुटे पचेत् । शीतं तच्चूर्णयेदर्द्धगुञ्जामात्र सितायुतम् ॥ प्रभाते भक्षयेत्तेन याति शीतज्वरः क्षयम् । वान्तिर्भवति कस्यापि कस्यचिन्न भवत्यपि॥

इति शीतभञ्जी रस ॥

હરતાળ તથા છીપના ચૂર્ણો સમભાગે લેઈ તે બનેના નવમા ભાગનુ મોરથૂથુ તેમા મેળવીને તેને કુવારના રસની ભાવના દેવી પછી સૂકા જગલી અડાયામા ગજપુટ પકવવો. ટાઢુ પડયા પછી તનુ ચૂર્ણ અરધી રતિભાર સાકર સાથે પ્રભાતમા ખાવાથી શીતજ્વર નાશ પામે છે આથી કોઇને ઉલટી થાય છે અને કોઇને નથી થતી.

રસેંદ્ર ચિંતામણિમાં કહેલો

શીતભંજી રસ.

तालकं तुत्थकं ताम्रं सूतगन्धकटङ्कणम् । सर्वमेतत् समं चूर्णं कारवेल्लीरसद्रवैः ॥ दिनैकं मर्दयेत्तेन रसकर्दमकेन तु । ताम्रस्य भाजनस्यान्तर्लिपेदर्द्धाङ्गुलोन्मितम् ॥ तत्पचेद्वालुकायन्त्रे यथा यावत् स्फुटन्ति हि ।शीतलं तद्धि

गृह्णीयात्ताम्रपात्रोदगाग्निपक्व ॥ शीतभञ्जी रसो माषमात्रो मरिचसयुतः । भक्षितः पर्णखण्डेन नाशयेद्विषमज्वरान् ॥

इति शीतभञ्जी रस । रसेन्द्रचिन्तामणौ ॥

હરતાળ, મોરથુથુ ત્રાંબુ, પારો, ગંધક અને ટંકણ, એ સર્વનું ચૂર્ણ સમભાગે લેઇને તેને કારેલીના રસની એક દિવસ ભાવના દેવી પછી તે કલ્કનો ત્રાંબાના ઠામની અંદર એક એક આંગળનો થર ચઢાવીને તેમાં જવનો દાણો નાખતાં તે ફૂટી જઇને ધાણી ફૂટે ત્યાં સુધી તેને વાલુકાયંત્રમાં પકવવું. પછી ટાઢું પડે એટલે તે રસને ત્રાંબાના પાત્રમાથી વૈદ્યે ઉખેડી લેવો આ શીતભંજી રસ એક માસા જેટલો મરી સહિત નાગરવેલના પાનમાં ખાવાથી વિષમજ્વરોનો નાશ થાય છે.

રસપ્રદીપમાં કહેલો શીતભંજી રસ.

तालको दरदोद्भूतः पारदो गन्धकःशिला ।
क्रमाद्भागार्द्धरहितं कारवेल्लयम्बुमर्दितम् ।
अनेनास्य प्रमाणेन ताम्रपात्रं प्रलेपयेत् ।
अधोमुखं दृढे भाण्डे तन्निरुध्याथ पूरयेत् ॥
चुल्ल्या वालुकया घस्रमग्निं प्रज्वालयेदधः ।
शीतं संचूर्ण्य माषोऽस्य नागवल्लीदले स्थितः॥
भक्षितो मरिचैः सार्द्धं समस्तविषमज्वरान्॥
शीतदाहादिकान् हन्ति पथ्यं शाल्योदनं पयः ॥

इति शीतभञ्जी रस. । शीतज्वरादिविषमज्वरेषु रसरत्नप्रदीपे ॥

હરતાળ, હીંગળામાથી કાઢેલો પારો, ગંધક અને મણશીળ, એ એકથી બીજું અરધું, એ ક્રમથી લેઇને કારેલીના રસની ભાવના દેવી. પછી તેના કલ્કનો ત્રાંબાના પાત્રમાં લેપ કરવા. પછી તે વાસણને બીજા વાસણમા ઊંધું મૂકી તેમાં આસપાસ રેતી ભરી બંધ કરવું, અને નીચે અગ્નિ કરવો એ ચૂર્ણ ટાઢું પડયા પછી એક માસા જેટલું મરી સહિત નાગરવેલનાં પાન સાથે ખાવાથી સર્વ વિષમજ્વરોનો નાશ થાય છે, તથા શીત, દાહ, વગેરે પણ મટે છે. એની ઉપર દૂધ ચોખા પથ્ય છે.

કટ્ફલાદિ પાન.

कट्फलं त्रिफला दारुचन्दनं सपरूषकम् ।
कटुका पद्मकोशीरं विपचेत् कर्षकं जले ॥
त्रिदोषदाहतृष्णाघ्नं पानमात्रे प्रपूजितम् ।
दीर्घकालज्वरार्त्तानामेतत्स्यादमृतोपमम् ॥

कर्षे कट्फलाद्युशीरान्ताना समुदितानां जले प्रस्थमिते विपचेत् । अर्द्धशेषं कट्फलादिपान तृष्णाया दाहे च ॥

કાયફળ, ત્રિફળા, દેવદાર, ચંદન, ફાલસાં, કડુ, પદ્મક, ઉશીર, એ સર્વ એક તોલો લેઇને ચોસઠ તોલા પાણીમાં અર્ધું પાણી રહે ત્યાં સુધી પકવવું. આ ક્વાથ ત્રિદોષ, દાહ, અને તરશ મટાડે છે. સર્વ પાનોમા આ પાન ઉત્તમ છે, અને લાંબા કાળથી જ્વરથી પીડાતા માણસોને અમૃત સમાન છે.

ટાઢા જળનો નિષેધ.

सन्निपाते तु दाहार्त्तं यः सिञ्चेच्छीतवारिणा । आतुरः स कथं जीवेद्भिषग्वा स कथं भवेत् ॥

एष सन्निपातिनो दाहे शीताम्बुसेकनिषेधो रुग्दाहादन्यत्र तत्र त्ववगाहनस्याप्युक्तत्वात् ॥

સંનિપાતમાં દાહ થતો હોય તેના ઉપર જે વૈદ્ય શીતળ જળ રેડે છે તે માણસ શી રીતે જીવી શકે? અને તે વૈદ્યને વૈદ્ય પણ કેમ કહેવાય? (અહિં ટાઢા જળનો નિષેધ કર્યો તે રૂગ્દાહ સિવાયના બીજા સન્નિપાત જ્વરોમાં જાણવો. રૂગ્દાહ સન્નિપાતમાં તો રોગીને જળમાં બેસવાનું પણ કહેલું છે.)

સન્નિપાતમાં અન્ન દેવા વિષે.

दुःस्पर्शगोक्षुरक्षुद्रासिद्धमाहारमर्पयेत् । दोषशान्तिबलाग्न्यर्थं त्रिदोषज्वरिणो भिषक् ॥

दुःस्पर्शो यवासः आहारमुचितमन्नम् ।

लाजजशक्तून समश्नीयात् सैन्धवेन समन्वितान् । ते च जीर्यन्त्यविघ्नेन ज्वरी जीवेत्तदा ध्रुवम् ॥ इति केचित् ।

रक्तपित्ते हितत्वेन तृषादाहज्वरेषु च । लाजानां शक्तवः शीता नैव तेऽत्र हिता मताः ॥ पाचनो दीपनः स्वेद्यो लाजमण्डो यतः स्मृतः । दशमूलादिसंसिद्धः सन्निपातज्वरे हितः ॥ सन्निपातज्वरी यस्तु कम्पते प्रलपत्यपि । किञ्चिदेव न जानाति चिकित्सा तस्य कथ्यते ॥ अभ्यञ्जयेत्पुराणेन सर्पिषा पूर्वमेव तम् । बलारास्नागुडूच्याद्यैस्तैलैश्च परिषेचयेत् ॥ वर्त्तको वर्त्तिका लावो वार्त्तीकस्तित्तिरिः शशः । कुलिङ्गश्च रसेनैषां तर्पयेत यथानलम् ॥

वर्त्तक वटेरि इति लोके । वर्त्तिका वटे इति लोके । वार्त्तीको वातचटकेति निघण्टु । वगेर इति लोक । कुलिङ्ग गवरैआ इति लोके ॥

सन्निपाते क्षुधार्त्तं यो भोजयेत्पिशितौदनम् । स कथं भिषगाख्या तु लभते मनुजाधमः ॥

વૈદ્યે ત્રિદોષ જ્વરવાળાને દોષોની શાન્તિ તથા અગ્નિની વૃદ્ધિને અર્થે ધમાસો, ગોખરૂ, અને ભોરીંગણીથી સિદ્ધ કરેલો ખોરાક આપવો જોઇએ. શાળની ધાણીનો સાથવો સૈંધવ સહિત ખાવાથી પણ હરકત વગર પાચન થઇને જ્વરવાળો જીવતો રહી શકે છે. રક્તપિત્ત, તૃષા, દાહ, અને જ્વરોમા હિતકારી હોવાથી શાળની ધાણીનો સાથવો દેવાય છે, પણ તે શીતળ છે તેથી સનિપાતમા હિતકારી નથી, તો પણ આ સાથો પાચન, દીપન, સ્વેદન હોવાથી સનિપાતજ્વરમા પણ દશમૂળાદિથી સિદ્ધ કરેલો હોય તો હિતકારી થાયછે. સનિપાત જ્વરવાળો કંપતો હોય તથા બકતો હોય અને બેભાન હોય, તેની ચિકિત્સા કહીએ છીએ તેને પ્રથમ તો જુના ઘીનો અભ્યંગ કરવો, અને બલા, રાસ્ના તથા ગળો વગેરેથી પકવેલ તેલોનુ સેચન કરવુ, અને અગ્નિના પ્રમાણમા તેને બટાવડાં, વયા, લાવા, વાર્તિક, તેતર અને કુલિંગના માસના રસોથી તૃપ્ત કરવો જોઇએ. સનિપાતમા ભુખ્યાને જે વૈદ્ય માસવાળો ભાત જમાડે છે, તે વૈદ્ય કહેવાય નહિ, પણ તે અધમ માણસ કહેવાય છે

વાતોલ્વણ સન્નિપાતની ચિકિત્સા.

पञ्चमूलीकषाये तु दद्याद्वातोल्वणं ज्वरे । भृशोष्णे वा सुखोष्णे वा दृष्ट्वा दोषबलाबलम् ॥ पञ्चमूली महती । प्रथमप्राप्ताधास्त्यागे वचनाभावात् ॥

વાતોલ્વણ જ્વરમાં પંચમૂલીનો ક્વાથ આપવો, તે દોષના બળાબળના પ્રમાણમા બહુ કે થોડો ગરમ આપવો. (બૃહત્પંચમૂળ જાણવા).

પિત્તોલ્વણની ચિકિત્સા.
કિરાતાદિ સપ્તક

परूषकश्च त्रिफलादेवदारु च कट्फलम् ॥
॥ चन्दनं पद्मकश्चैव तथा कटुकरोहिणी ।
पृश्निपर्णी शृतं त्वेभिरुपितं शीतल जलम् ॥
पित्तोत्तरे नृणामेतत् सन्निपाते चिकित्सितम्

परुषादिः क्वाथ ॥

किराततिक्तकं मुस्तं गुडूची विश्वभेषजम् ।
पाठोदीच्य मृणालश्च शृतं पित्ताधिके पिबेत्॥

इति किरातादि सप्तकम् ॥

પિત્તોલ્વણ સંનિપાતમાં ફાલસાં, ત્રિફળા, દેવદાર, કાયફળ, ચંદન, પદ્મક, કડુ, નાનો સમેરવો, એનો ક્વાથ ટાઢો કરીને પાવાથી માણસને હિતકર છે. (આને પરુષાદિ ક્વાથ કહે છે.)

કરિયાતું, મોથ, ગળો, સૂંઠ, કાળી પાડ, વાળો, અને મૃણાલનો ક્વાથ પિત્ત જ્વરમા પીવો. (કિરાતાદિક્વાથ).

કફોલ્વણની ચિકિત્સા.

बृहती पौष्करं भार्गी शटी शृङ्गी दुरालभा ।
वत्सकस्य तु बीजानि पटोलं कटुरोहिणी ॥
बृहत्यादिगणः शस्तः सन्निपाते कफोत्तरे ।
श्वासादिषु च सर्वेषु हितः सोपद्रवेष्वपि ॥

ભોંરીંગણી, એરડાનું મૂળ, ભારંગી, કચૂરો, કાકડાશીંગી, ધમાસો, ઈંદ્રજવ, પરવળ, અને કડુ, આ બૃહત્યાદિ ગણ કફોલ્વણ સંનિપાતમા હિતકારી છે; અને તે શ્વાસ વગેરે ઉપદ્રવોમાં પણ હિતકારી છે.

વાતપિત્તોલ્વણની ચિકિત્સા—
ચાતુર્ભદ્રક ક્વાથ.

किराततिक्तकं मुस्तं गुडूची विश्वभेषजम् ।
चातुर्भद्रकमित्याहुर्वातपित्तोल्वणे ज्वरे ॥

चातुर्भद्रकः क्वाथ. ॥

કરિયાતું, મોથ, ગળો, અને સુંઠ, આ વાતપિત્તોલ્વણ જ્વરમાં ચાતુર્ભદ્રક કહેવાય છે તે સારો છે.

પિત્તકફોલ્વણની ચિકિત્સા.

पर्पटः कट्फल कुष्ठमुशीरं चन्दनं जलम् ॥
नागरं मुस्तकं शृङ्गी पिप्पल्येषा शृतं हितम् ।
तृष्णादाहाग्निमान्द्येषु पित्तश्लेष्मोल्वणे ज्वरे ॥

पर्पटादि क्वाथः । वातकफोल्वणज्वरे चिकित्सा नोक्ता । तस्य शीघ्रकारित्वेनासाध्यत्वात् ॥

ખડસલિયો, કાયફળ, કઠ, વાળો, રતાંજલી, કાળો વાળો, સૂંઠ, મોથ, અને કાકડાશીંગી તથા પીપરનો ક્વાથ પિતકફોલ્વણ જ્વરમાં હિતકારી છે. (આને પર્પટાદિ ક્વાથ કહે છે). તેથી તરશ, દાહ, અગ્નિની માંદ્યતા વગેરે મટેછે (આ સન્નિપાત જ્વરની ચિકિત્સાના પ્રકરણમાં વાત કફોલ્વણ સન્નિપાત જ્વરની ચિકિત્સા આપવી જોઇએ, પણ તે નહિ લખવાનું કારણ એ છે કે તે બહુજ શીઘ્રકારી હોવાથી અસાધ્ય છે.)

વાતપિત્ત કફોલ્વણની ચિકિત્સા.
યોગરાજ ક્વાથ.

नागरं धान्यकं भार्गी पद्माकं रक्तचन्दनम् ।

ગ્રેલઃ પિચુમન્દશ્ચ ત્રિફલા મધુકં બલા ॥
'કૈરા કટુકા મુસ્તં ગજાહ્વા વ્યાઘ્રિઘાતકઃ।
કૈરાતતિક્તમમૃતા દશમૂલીનિદગ્ધિકા ॥
ોગરાજો નિહન્ત્યેષ સંનિપાતં ત્રિકોલ્વણમ્ ।
ાંનિપાતસમુત્થાનં મૃત્યુમપ્યાગતં જયેત્ ॥

गजाह्वा गजपिप्पली । व्याधिघातकिरवाला hरातातिक्त द्वैगुण्यार्थं पृथक् पठितम् । इति ोगराज क्वाथ ॥

સૂઠ, ધાણા, ભારંગી, પદ્મક, રતાંજળી, ારવળ, લીમડો, ત્રિફળા, જેઠીમધ, બળ-ાણા, સાકર, કડુ, મોથ, ગજપીપર ગર-ાળો, કરિયાતું, ગળો દશમૂલી અને ેડી ભોરીંગણી, આ યોગરાજ ત્રિદોષજ ાંનિપાતનો નાશ કરે છે સંનિપાતથી આવેલા મૃત્યુને પણ તે જીતેછે

પ્રવૃદ્ધ, મધ્ય, હીનવાતાદિ સંનિપાતોની ચિકિત્સા.

વૃદ્ધં કર્ષયેદ્દોષં ક્ષીણં સંવર્દ્ધયેદ્ભિષક્ ।
ચિકિત્સેયં વિધાતવ્યા દોષયોર્વૃદ્ધહીનયોઃ॥

अस्यायमर्थ । प्रवृद्ध दोष कर्शयेत् । तत्क्षीयहेतुभिरौषधान्नविहारै कृशीकृत्य समीकुर्यात् । क्षीण दोष सवर्द्धयेत् । तद्वृद्धौ हेतुभिरौषधान्नविहारैर्वर्द्धयित्वा समीकुर्यादित्यर्थ ॥

પ્રવૃદ્ધે શમિતે દોષે મધ્યમઃ સ્વયમેવ હિ ।
શાન્તિં યાતિ શમન્નીતેઽનુબન્ધ્યે ત્વનુબન્ધવત્

अस्यायमर्थः । वर्षासु वायुरनुबन्ध्य सेव्य प्रधानमिति यावत् । पित्तश्लेष्माणावनुबन्धौ वायोरनुचरौ ॥ शरदि पित्तमनुबन्ध्य कफोऽनुबन्ध । वसन्ते कफोऽनुबन्ध्यो वातपित्तेऽनुबन्धौ तत्रयथानुबन्ध्ये प्रशम नीतेऽनुबन्ध स्वयमेव शान्तिं याति ॥ तथा प्रवृद्धे दोषे शमिते ह्रासयित्वा समीकृते मध्यमो दोष । हि निश्चयेनस्वयमेव शान्तिं याति प्रकृतो भवतीत्यर्थ. ॥

વૈદ્યે વધેલા દોષોનું કર્ષણ કરવું જોઇએ, અને ઘટેલા દોષોને વધારવા જોઇએ, આ વૃદ્ધ અને હીન દોષોની ચિકિત્સા કહેવાય છે વધેલા દોષોને ઘટાડવાથી મધ્યમ દોષો એની મેળેજ શાંત થાય છે અને સમ બને છે. જેમ વર્ષાઋતુમાં વાયુ પ્રધાન અને પિત્ત તથા કફ તેના હાસ છે, શરદ ઋતુમા પિત્ત પ્રધાન અને કફ તેનો હાસ છે, વસંતમાં કફ પ્રધાન અને વાયુ તથા પિત્ત તેના હાસ છે, તેમ તેમા પ્રધાન દોષને શાત કરવાથી તેના અનુચરો પોતાની મેળેજ શાત થાય છે તેમ સન્નિપાત જવરમા પણ સમજવુ.

શીતાંગની ચિકિત્સા.

ભાસ્વન્મૂલં જીરકવ્યોષભાર્ગી વ્યાઘ્રી શુણ્ઠી પુષ્કરઙ્ગોજલેન । સિદ્ધં સદ્યઃ શીતગાત્રાર્તિમોહશ્વાસ શ્લેષ્મોદ્રેકકાસાન્નિહન્તિ ॥ भास्वन्मूल अर्कमूलम् ॥

કર્કોટિકાકન્દજઃકુલત્થાકૃષ્ણાવચાકટ્ફલકૃષ્ણજીરૈઃ । કિરાતતિક્તાનલકટ્ફલામ્બુપથ્યાભિરુદ્વર્તનમત્ર શસ્તમ્ ॥

कर्कोटिकाकन्दरज खेखसामुलरज ॥

રસવિષમરિચમહેશપ્રિયફલભસ્મૈકભૂચતુર્વસુભિઃ । ભાગૈર્મિતમુદ્ધૂલનમિદમુદિતં સ્વેદશૈત્યહરમ્ ॥

(૧) આકડાનું મૂળ, જીરૂ, બગણી સૂંઠ, મરી, પીપર, ભારંગી, ભોંરીંગણી, અને પુષ્કર મૂળનો ગોમૂત્રમા ક્વાથ કરી દેવાથી એકદમ શીતગાત્રની પીડા, મોહ, શ્વાસ, શ્લેષ્મ, અને ઉધરસ હણાઈ જાયછે.

(૨) કંકોડીના મૂળનું ચૂર્ણ, કળથી, પીપર, વજ, કાયફળ, કાળી જીરી, કરિયાતું, ચિત્રક, કાયફળ, વાળો, અને હરડેનો શરીરે ખરડ કરવાથી શીતાંગમા ઠીક થાયછે.

(૩) એક એક ભાગ પારો અને વછનાગ, ચાર ભાગ મરી, અને આઠ ભાગ ધતૂરાનાં ડોડવાની ભસ્મનો શરીરે ખરડ કરવાથી પરસેવો અને શીતતા મટી જાયછે.

તંદ્રિકની ચિકિત્સા,

क्षुद्रामृतापौष्करनागराणि शृतानि पीतानि शिवायुतानि शुण्ठीकणागस्तिरसोषणानि नस्येन तन्द्राविजयोल्वणानि ॥ मरिचकचपचंपचावचारुक्रिमिहरनागरशर्वरीगवाक्ष्यः । छगलकजलकल्किकृतानितान्तं नसि निहिता ननु तन्द्रिकं जयति ॥

कच वासकः । पचंपचा दारुहरिद्रा । रुक् कुष्ठम् क्रिमिहरः विडङ्गः । शर्वरी हरिद्रा । गवाक्षी इन्द्रवारुणी । नसि नासिकायाम् ॥

तुरङ्गलालालवणोत्तमेन्दुमनःशिलामागधिकामधूनि । नियोजितान्यक्षिणि निश्चितश्च तन्द्राश्च निद्राश्च निवारयन्ति ॥

लवणोत्तम सैन्धवं इन्दुः कर्पूरं निद्रां अतिनिद्राम् ॥

ભોંરીંગણી, ગળો, પુષ્કરમૂળ, અને સૂંઠનો ક્વાથ હરડે સહિત પીવાથી; તથા સૂંઠ, પીપર, અગથિયાનો રસ, અને મરીનું નસ્ય દેવાથી; અથવા મરી વાળો, દારૂહળદર, વજ, કઠ, વાવડીંગ, સૂંઠ, હળદર, અને ઇંદ્રવારણીને બકરાના મૂત્રમાં વાટીને તેનુ નસ્ય દેવાથી;-તંદ્રિક સન્નિપાત મટી જાય છે. ઘોડાની લાળ, સૈંધવ, કપૂર, મણશીલ, પીપર, અને મધ આંખમાં આંજવાથી પણ તંદ્રા અને બહુ નિદ્રાનું નિવારણ થઈ જાય છે.

પ્રલાપકની ચિકિત્સા.

सतगरवरतिक्तारेवताम्भोदतिक्तानलद-तुरगगन्धाभारतीहारहूराः ॥ मलयजद्वमूर्वीसङ्खपुष्पीसुपक्वाः प्रलपनपरहन्युः पानतो नातिदूरात् ॥

वरतिक्तोऽत्र पर्पटो न तु महानिम्बस्तन्त्रान्तरानुरोधात् । नलद् लामज्जकं तदलाभादुशीरं ग्राह्यम् । भारती ब्राह्मी वरम्भी इति लोके । हारहूरा द्राक्षा ॥

सान्त्वनैरशनैस्तीक्ष्णैर्नस्यैस्तिमिरसेवनैः । सर्वतो विकृतं चित्तमस्य प्रकृतिमानयेत् ॥

તગર, ખડસલિયો, ગરમાળો, મોથ, કડુ, વાળો, આસોંદ, બ્રાહ્મી, દ્રાક્ષ, રતાંજળી, દશમૂળ, અને શંખાવળીનો ક્વાથ પીવાથી પ્રલાપક સન્નિપાત મટેછે. પ્રલાપકવાળાને સર્વ રીતે વિકાર પામેલા ચિત્તને શાંત કરવા માટે અંજનો તીક્ષ્ણ નસ્યો અને અંધારાનું સેવન કરાવીને સ્વસ્થ કરવું જોઈએ.

રક્તષ્ઠીવિની ચિકિત્સા.

रोहिषन्धवयवासकवासापर्पटगन्धलताकटुकाभिः । शर्करया सममेव कषायः क्षतजष्ठीविन उग्रदुपायः ॥

रोहिष सुगन्धतृणविशेष । रोहिस इति लोके ॥ गन्धलता प्रियङ्गु ॥

पद्मकचन्दनपर्पठमुस्त जातीजीवकचन्दनवारि । क्लीतकनिम्बयुतं परिपक्क वारिभवेदिह शोणितहारि ॥

क्लीतकं यष्टी मधुकम् । इह रक्तष्ठीविनि ॥

मधुकमधुकपरूषकषायश्चन्दनपल्लवदारुसनाथः । श्रीपर्णीफलशीकषायः समिइज स्वादस्रजयाय ॥

पल्लव पत्रक । पाथ । सनाथ सप्रडानः ॥ श्रीपर्णी गम्भारी ॥

(૧) રોહિષખડ, ધમાસો, અરડુસો, ખડસલિયો, ઘઉલો અને કડુનો કવાથ સાકર નાંખીને પીવાથી રક્તષ્ઠીવિ તુરત મટેછે.

(૨) પદ્મક, ચંદન, ખડસલિયો, મોથ, જૂઇ, જીવક, રતાંજળી, વાળો, જેઠીમધ, અને લીમડાનો કવાથ રક્તષ્ઠીવિને મટાડે છે.

(૩) જેઠીમધ, મહુડાં, ફાલસાં, વાળો, રતાંજળી, તમાલપત્ર, અને દેવદાર સહિત શીવણના ફળનું હીમ કરી પાવાથી રક્તષ્ઠીવીમાં રક્તને જીતાય છે.

ભુગ્નનેત્રની ચિકિત્સા.

तुरङ्गगन्धा लवणोग्रगन्धा मधूकसारोषणमागधीभिः । बस्ताम्बुशुण्ठीलशुनान्विताभि र्नस्यं कृतं भुग्नदृशं करोति ॥

આસોદ, સૈંધવ, વજ, મહુડાંનો સાર, મરી, પીપર, અને સૂઠ તથા લસણને બકરાના મૂત્રમા વાટીને નસ્ય લેવાથી ભુગ્નનેત્ર મટેછે.

અભિન્યાસનીચિકિત્સા.

શૃંગ્યાદિકવાથ

शृङ्गीभार्ग्यभयाजाजीकणाभूनिम्बपर्पटैः ।
देवदारुवचाकुष्ट्यासकठफलनागरैः ॥
मुस्तधान्याकतिक्तेन्द्रयवपाठाहरेणुभिः ।
हस्तिपिप्पल्यपामार्गपिप्पलीमुलचित्रकैः ॥
विशालारग्वधारिष्टशटीबाकुचिकाफलैः ।
विडङ्गरजनीदार्वीयवनीद्वयसयुतैः ॥
समांशैर्विहितः क्राथो हिङ्ग्वार्द्रकरसान्वितः ।
अभिन्यासज्वरं घोरं हन्ति तंद्रांश्च तत्क्षणात्
प्रमेहं कर्णशूलश्च सन्निपातास्त्रयोदश ।
हिक्कां श्वासञ्च कासञ्च तथा सर्वानुपद्रवान्॥

इति शृङ्गयादि काथ ॥

કાકડાશીંગો, ભારંગી, હરડે, જીરૂં, પીપર, કરિયાતું, ખડસલિયો, દેવદાર, વજ, કઠ, ધમાસો, કાયફળ, સૂઠ, મોથ, ધાણા, કડુ, ઈંદ્રજવ, કાળીપાડ, નગરોડના બીજ, ગજપીપર, અઘેડો, પીપળમૂળ, ચિત્રકટ, ઇંદ્રિવારૂણી, ગરમાળો, લીમડો, કચૂરો, બાપચીનાં ફળ, વાવડીંગ, હળદર, અજમો, અજમોદ, એ સર્વ સમ ભાગે લેઈ કવાથ કરી તેમા હિંગ અને આદાનો રસ નાંખી પીવાથી ઘોર અભિન્યાસજ્વર હણાય છે, અને તદ્રા પણ તુરત હણાય છે. અને પ્રમેહ, કાનનુ શૂળ, તેર પ્રકારના સનિપાતો, હેડકી, શ્વાસ, ઉધરસ, તથા સઘળા ઉપદ્રવોને પણ તે હણે છે.

જિહ્વકની ચિકિત્સા.

કિરાતાદિ કવલ.

किराततिक्ताकुलकृत्कुलिञ्जकर्चूरकृष्णा-कटुतैलयुक्तः । अम्लद्रवः संशमयेद्रसज्ञादोषांस्तुतो दाशरथिर्यथात्र ॥

आकुलकृत् अकलकरहा इति लोके । अम्लद्रवः बीजपूरादिरस । इति किरातादि कवलः ॥

કરિયાતું, અકલગરો, પાનની જડ, કચૂરો પીપર, સરસીયું તેલ, અને ખાટા પદાર્થોનો રસ, એ પીવાથી, રામચંદ્રજીનું નામ લેવાથી જેમ જીભના પાપોનાશ પામે છે તેમ, જિહ્વક સંનિપાત નાશ પામે છે.

શાલૂરપર્ણ્યાદી અવલેહ.

शालूरपर्णी मालूरमूलामयमधुप्लुता । शङ्खपुष्प्या च सहिता सेव्या वाचां विशुद्धये ॥

शालूरपर्ण्यादिरवलेहः । शालूरपर्णी ब्राह्मी मालूरमुल बिल्वमूलं आमय. कुष्ठम् ॥

બીલીનુ મૂળ, કઠ, મધ, અને શંખાવળી સહિત બ્રાહ્મીના સેવનથી વાણીની શુદ્ધિ થાય છે.

ક્ષુદ્રાદિ ક્વાથ તથા વિશ્વાદિ ક્વાથ.

क्षुद्रानागरपुष्करामृतलताब्राह्मीवचासुव्रताभार्गीवासकयासतोयसुरसाक्वाथोजयेज्जिह्वकम् । विश्वावर्मविभावरीयुगवरावत्सादनीवारिदव्याघ्रीनिम्बपटोलपुष्करजटारुग्दारुभिर्वा कृतः ॥

पुष्करं पुष्करमूलं तथा चामरसिंह । मूले पुष्करकाश्मीरपद्मपत्राणि पौष्करे ॥ सुव्रता गन्धपलाशी काश्मीरे प्रसिद्धा । सुरसातुलसी । विश्वादिर्योगान्तरम् ॥ वर्मः पर्पटः विभावरीयुगं हरिद्रा दारुहरिद्रा च । वरा त्रिफला । वत्सादनी गुडूची । व्याघ्री कण्टकारिका ॥

ભોંરીંગણી, કમળનું મૂળ, ગળો, બ્રાહ્મી, વજ, ગંધપલાશી, ભારંગી, અરડૂસો, ધમાસો, વાળો, અને તુળસીનો (ક્ષુદ્રાદિ) ક્વાથ જિહ્વક સન્નિપાતને જીતે છે. સૂંઠ, ખડસલિયો, હળદર, દારૂહળદર, ત્રિફળા, ગળો, મોથ, ભોંરીંગણી, લીમડો, નેરવળ, એરંડાનું મૂળ, જટામાંસી, કઠ અને દેવદારના (વિશ્વાદિ) ક્વાથથી પણ જિહ્વક મટે છે.

સંધિકની ચિકિત્સા.

शटीसुरतरूत्तमास्थविरदारुरास्नाः समाः सनागरसुधान्विताः पिब शतावरीसंयुताः । मृदुज्वलनपाचिताः सह पुरेण सन्धिग्रहव्यथापहृतये वृथा शिशिरसेवनं माकृथाः ॥

उत्तमा त्रिफला स्थविरदारु विधारा इति लोके । सुधा गुडूची पुरो गुग्गुलुः ॥

वचाकवचकच्छुरासहचरामृताभङ्गुरासुरा-ह्वघननागराऽतरुणदारुरास्नापुराः । वृषा-तरुणदाभीरुभिः सह भवन्ति सन्धिग्रहव्यथोरुजविक्रमभ्रमणपक्षघातद्रुहः ॥

कवचः पर्पटकः कच्छुरा यवासः । भङ्गुरा अतिविषा सुराह्वो देवदारु । अतरुणदारु वृद्धदारु पुरो गुग्गुलुः । वृषा वृहन्ती एरण्डपत्रविटपा । तदलाभे दन्ती च ग्राह्या समानगुणत्वात् तरुणः एरण्ड भीरुः शतावरी ॥

सुरदारु शटी सुधालता सुवहा शुण्ठ्यमृताः शृता जले । सपुरः शमयन्ति सेविताः सततं सन्धिगतं सदामतिम् ॥

सुवहा रास्ना ॥

शुस्तैरण्डप्राणदावाणदारुच्छिन्ना रास्ना-भीरुकचूरतिक्ता । वासा विश्वा पञ्चमूला-श्वगन्धाहन्यान्मन्यास्तम्भसन्धिग्रहार्त्तीः ॥

प्राणदा हरीतकी । बाण· नीलपुष्पसहचरः । तिक्ता कटुकी ॥

(૧) કચૂરો, દેવદાર, ત્રિફળા, વરધારો, રાસ્ના, સૂંઠ, ગળો, અને શતાવરી સમ ભાગે લેઇ ક્વાથ કરી ગૂગળ નાંખીને પીવો અને શીતળ પદાર્થ સેવવા નહિ.

(૨) વજ, ખડસલિયો જવાસો, કાંટાશરીયો, ગળો, અતિવિષ, દેવદાર, મોથ, સૂંઠ, વરધારો, રાસ્ના ગૂગળ, મોટો નેપાળો, અને શતાવરીનો ક્વાથસંધિગ્રહ, સાથળાની જડતા, ગ્લાનિ, ભ્રમ, અને પક્ષઘાતને મટાડે છે.

(૩) દેવદાર, કચૂરો, બમણીગળો, રાસ્ના, અને સૂંઠનો ક્વાથ ગૂગળ નાખીને નિરતર પીવાથી સાંધાઓમાંના વાયુઓને શમાવે છે.

(૪) મોથ, એરંડો, હરડે, કાળો કાંટાશરિયો, દેવદાર, ગળો, રાસ્ના, શતાવરી, કચૂરો, કડુ, અરડૂસો, સૂંઠ, પંચમૂળ, અને આસોંદનો ક્વાથ ઓડનુ ઝલાઇ જવું, તથા સાંધાના ઝલાઈ જવાની પીડાને મટાડે છે.

અંતકની ચિકિત્સા.

हरापहाय व्रतमुष्णवारि ज्वरारिपूषा दिगदापहारि । ज्वरच्छिर्द जीवितदश्च नित्यं मृत्युञ्जयश्चेतसि चिन्तयस्व ।

इह अन्तके वृत लङ्घनादि नियमम् ॥

कर्पूरमकरावदातवपुषं संयोगमुद्राशुभं शम्भुं भक्तजनेषु भावुकगुरुं भालस्फुरच्चक्षुषम्। सम्पूर्णामृतकुम्भसम्भृतकरं शुभ्राक्षमालाधरं, पिङ्गोत्तुङ्गजटाकलापरुचिरं चन्द्रार्द्धमौलिं स्तुहि ॥ भिषग्भिरिति निर्णीतं सान्निपातेऽन्तकाभिधे । भेषजं जान्हवीनीरं वैद्यो गोविन्द एव हि ॥

લંઘન આદિ નિયમોને, જ્વર હરનારી દવાઓને, અને રોગ હરનારા યૂષ વગેરેને છોડી દેઇને મનમા મૃત્યુંજય (મહાદેવ) નું ચિંતન માત્ર કરવુ કર્પૂરના સમૂહ જેવા ઉજળા શરીરવાળા, સંયોગની મુદ્રાથી શોભનારા, ભક્તો ઉપર હમેશાં ભાવ રાખનારા કપાળમા ચળકતી ચક્ષુવાળા, સંપૂર્ણ અમૃતથી ભરેલ કુંભ લીધો છે એવા હાથવાળા, શુભ્ર અક્ષમાળા ધારણ કરનારા, અને પીંગળા તથા ઊંચા સુંદર જટા કલાપવાળા, એવા ચંદ્રાર્દ્ધ મૌલિની જ સ્તુતિ કરવી. અંતક નામના સનિપાત જ્વરમાં વૈદ્યોએ એમજ નિર્ણય કરેલો છે એમાં તો ગંગાજળ એજ ઓષધ અને ગોવિંદ એજ વૈદ્ય છે.

રૂગ્દાહની ચિકિત્સા ષડંગપાનીય.

उशीरचन्दनोदीच्यद्राक्षामलकपर्पटैः । शृतं शीतं जलं दद्याद्दाहतृड्ज्वरशान्तये ॥

षडङ्गपानीयम् ॥

વાળો, કાળોવાળો, ચંદન, દ્રાક્ષ, આમળાં, અને ખડસલિયો, એનો ક્વાથ ટાઢો કરી પીવાથી દાહ, તૃષા, અને જ્વરની શાંતિ થાય છે.

ધાન્યાક ક્વાથ

ससितो निशि पर्युषितः प्रातर्धान्याक-

तण्डुलकाथः पीतः शमयत्यचिरादन्तर्दाहं ज्वरं पैत्तम् ॥

धान्यकतण्डुलाः कण्डितधान्याकबीजानि इति धान्याककाथ. ॥

રાત્રે પલાળી રાખીને પ્રાતઃકાળમાં શીતળ થયેલો એવો ધાણા કે ચોખાનો કવાથ પીવાથી અંતર્દાહ જ્વર અને પિત્તનું એકદમ શમન થાય છે.

પથ્યાવલેહ.

पथ्यातैलघृतक्षौद्रैर्लिह्याद्दाहविनाशिनीम् ॥

पथ्यातैलघृतक्षौद्रैरित्यत्र न समुच्चय. । तेन केवलेन मधुनापि लिह्यात् । पथ्यावलेहः ॥

તેલ, ઘી, અથવા મધની સાથે હરડે ચાટવાથી દાહ મટે છે.

લેપ.

प्रशमयति दाहमचिरादथियुक्तकर्कन्धुपल्लवैर्लेपः । लेपोहिमकरमलयजनिम्बदलस्तक्रपिष्टैर्वा ॥

हिमकर. कर्पूर । तथा च[1] घनसारश्चन्द्रसंज्ञ इत्यमरः ॥

બોરડીનાં પાનનો દહિંમાં વાટી લેપ કરવાથી એકદમ દાહ શાંત થાય છે; અથવા લીમડાનાં પાન, કપૂર અને ચંદનનો છાશમાં વાટીને લેપ કરવો.

જલધારા.

उत्तानसुप्तस्य गभीरताम्रकांस्यादिपात्रे निहिते च नाभौ । शीताम्बुधारा बहुला पतन्ती निहन्ति दाहं त्वरितं ज्वरश्च ॥

રૂદાહવાળાને ચત્તો સુવાડી તેની નાભિ ઉપર ત્રાંબા કે કાંસાનું ઊંડું વાસણ રાખીને તેમાં ઉપરથી શીતળ જળની ધારા પાડવાથી દાહ તથા જ્વરનો તુરત નાશ થઈ જાય છે.

અવગાહન.

शीताम्भसा तु शतशश्च विलोडितेन मन्थेन चन्दनयुतेन घृतेन दिग्धा । दाहज्वरी सकमलोत्पलमाल्यधारी क्षिप्रं विशेत्सलिलकोष्ठमनल्पकालम् ॥

ટાઢા જળથી સેંકડો વાર ધોએલા અને ચંદનયુક્ત ગાયના ઘીનો શરીરપર લેપ કરીને કમળ અને ઉત્પલની માળાઓ પહેરીને વિલંબ નહિ કરતાં એકદમ પાણીની કોઠીમાં બેસવું દાહનો નાશ કરે.

અવગુંઠન.

काञ्जिकार्द्रपटेनावगुण्ठनं दाहनाशनम् ।
अथ गोतक्रसंसिक्तशीतलीकृतवाससा ॥

કાંજીથી ભીંજવેલા કપડા વડે અથવા ગાયની છાશમાં બોળીને ટાઢા પાડેલા કપડા વડે ચારેમેરથી શરીરને ઢાંકી દેવાથી દાહનો નાશ થાય છે.

અન્ન.

दाहसम्पीडितं क्षामं निरन्नं तृष्णयान्वितम् । शर्करामधुसंयुक्तं पाययेल्लाजतर्पणम् ॥

लाजसक्तुरूपतर्पणम् ॥

દાહ તથા ઉલટીવાળા, દુર્બળ થયેલા, અન્ન વગરના ભૂખ્યા, તથા તરસ્યા માણસને સાકર તથા મધમાં ચોખાની ધાણીનો સાથવો આપી તૃપ્તિ કરવી.

દાહના બીજા ઉપાયો.

वाप्यः कमलहासिन्यो जलयन्त्रगृहाः शुभाः। नार्यश्चन्दनदिग्धाङ्ग्यो दाहे दैन्यहरा मताः॥ मुक्तावलीचन्दनशीतलानां सुगन्धपुष्पाम्बरभूषितानाम्। नितम्बिनीनां सुपयोधराणामालिङ्गनान्याशु हरन्ति दाहम्॥ प्रह्लादश्चास्य विज्ञाय ताः स्त्रीरपनयेत्पुनः। हितञ्च भोजयेदन्नं येनाप्नोति सुखं महत्॥

प्रह्लाद कायकृतहर्षम्॥

કમળોથી શોભિત વાવો, સુંદર ફુવારાવાળાં ઘરો, અને અંગોમાં ચંદનના લેપો કર્યા હોય એવી જુવાન સ્ત્રીઓ દાહ તથા દીનતાને હરેછે. મોતીના હારો અને ચંદનોથી શીતળ બનેલાં અંગોવાળી, સુગંધી પુષ્પો તથા વસ્ત્રોથી શણગારેલી, અને સુંદર સ્તનોવાળી જુવાન સ્ત્રીઓનાં આલિંગનો દાહને તુરત શાંત કરી દે છે. આ આલિંગન કરવાથી જો કામ ઉત્પન્ન થાય તો તે સ્ત્રીને દૂર કરી દેવી, અને રોગીને હિતકર અન્ન જમાડવું તેથી તેને બહુ સુખ થાય છે.

ચિત્તભ્રમની ચિકિત્સા.

कणोषणोग्रालवणोत्तमानि करञ्जबीजं क्षणदामलानि। पथ्याक्षसिद्धार्थकहिङ्गु शुण्ठीयुतानि बस्ताम्बुविमिश्रितानि। पिष्ट्वा गुटीयं नयने निधेया प्रचेतनेति प्रथितान्विताख्या। चित्तभ्रमापस्मृतिभूतदोषशिरोऽक्षिरोगभ्रमनाशहेतुः॥

बस्ताम्बु छागमूत्रम्॥

कुम्भोद्भवतरोरम्भा गुडविश्वकणान्वितम्। निहितं नसि नूनं स्याच्चित्तभ्रमविनाशनम्॥

कुम्भोद्भवतरोरम्भ अगस्तिवृक्षत्वक्कल्करसः॥

मुरामूर्द्धजमेधाह्वमधूकमलयोद्भवैः। मरुत्तरुमधुन्मिश्रैः पुरपाणिजपांसुभिः लोहलामज्जकैलाभिर्भूपाश्चित्तभ्रमापहाः। ग्रहदोषहरः श्रीदःसौभाग्यकर उत्तमः॥

मुरा एकाङ्गी। मूर्द्धजो वाल मरुत्तरुर्देवदारु। पुर गुग्गुलु पाणिज नख पांशु पर्पटकम् लोह। अगुरु। लामज्जकम् उशीरवत्पीततृणविशेष.। तदलाभे उशीरं ग्राह्यम्॥

मृद्वीकामरदारुमत्स्यशकलामुस्तामलक्योमृता पथ्यारेवतरामसेनकरजो राजीफलैः संयुताः। हन्युश्चित्तरुजोऽथ दर्दुरदलापाठापटोलीपयः पथ्यापर्पटराजवृक्षकटुकाश्चाम्बूकपुष्पयुताः॥

मृद्वीका द्राक्षा। मत्स्यशकला कटुकी। आरेवतः आरग्वध. रामसेनक किराततिक्तक। रज पर्पटक। राजीफल पटोलः। अथ योगान्तरमाह। दर्दुरदला मण्डूकपर्णी सा च ब्राह्मी। मञ्जिष्ठा शोणकश्च तथाप्यत्र ब्राह्मी ग्राह्या। यत उक्तं द्रव्यगुणग्रन्थे॥

ब्राह्मी मतिप्रदा मेध्या ज्वरहन्त्री रसायनी॥

ब्राह्मी। वरम्भीति लोके। पय वालकम्। राजवृक्ष आरग्वध। शाम्बूकपुष्पी शङ्खपुष्पी॥

(૧) પીપર, મરી, વજ, સૈંધવ, કરંજ બીજ, હળદર, આમળાં, હરડે, બેડાં, સર્ષવ, હિંગ, સૂંઠ, એમને બકરાના મૂત્રમા વાટીને ગોળી બનાવી તે આંખમાં આંજ-

વાથી ચેતના મળે છે, માટે એ ગોળીને પ્રચેતના કહે છે. એથી ચિત્તભ્રમ, વિસ્મરણ, ભૂતદોષ, માથાનું દરદ, આંખનું દરદ, અને ભ્રમનો નાશ થઇ જાય છે.

(૨) ગોળ, સૂંઠ, અને પીપર સહિત અગથિયાની છાલના રસકલ્કનું નસ્ય લેવાથી ચિત્તભ્રમ ટળી જાય છે.

(૩) જટામાસી, વાળો, મોથ, મહુડા, ચંદન, દેવદાર, મધ, ગૂગળ, અને કમળનું ચૂર્ણ, તથા અગરૂ, લામજ્જક નામનું પીળું ખડ અથવા કાળોવાળો, અને એલચી, આ સર્વનો ધૂપ કરવાથી ચિત્તભ્રમ મટી જાય છે. ગ્રહદોષ મટીને લક્ષ્મી તથા સૌભાગ્ય મળે છે. આ ધૂપ ઉત્તમ છે.

(૪) દ્રાક્ષ, દેવદાર, કડુ, મોથ, આમળા, હરડે, ગરમાળો, કરિયાતું, ખડસલિયો, અને પરવળનો ક્વાથ; અથવા બ્રાહ્મી, કાળીપાડ, કડવી ઘીસોડી, વાળો, હરડે, ખડસલિયો, ગરમાળો, કડુ, અને શંખાવળીનો ક્વાથ પીવાથી ચિત્તભ્રમ મટી જાય છે, મૂળમાં दर्दुरदला લખ્યું છે તેનો અર્થ મડુકપર્ણી થાય છે. મડુકપર્ણીનો અર્થ બ્રાહ્મી-મજીઠ, અને અરલૂ થાય છે, તોપણ આ ઠેકાણે બ્રાહ્મીજ લેવી. કેમકે બ્રાહ્મીના ગુણ—બુદ્ધિ આપનારી, જ્વરનો નાશ કરનારી અને રસાયન રૂપ છે.

કર્ણકની ચિકિત્સા.

प्रलेपस्तमस्तमयत्यल्पमेकः समुद्रिक्तशोथश्च रक्तावशेषम् । सुपक्वे च शस्त्रक्रिया पूय जित्सा व्रणत्वं गते चिंता तच्चिकित्सा ॥

अयमर्थः । तं कर्णिकं एकः प्रलेपः अस्तन्नाश नयति । तच्चिकित्सा व्रणचिकित्सा ॥

निशाविशालामयमाणिमन्थदार्वीङ्गुदीमूलकृतः प्रलेपः । प्रभाकरक्षीरयुताः प्रभावाद् व्यस्तः समस्तोऽप्यथ कर्णिकाघ्नः ॥ कुलत्थः कट्फलं शुण्ठी कारवी च समांशकैः ॥ सुखोष्णैर्लेपनं कार्यं कर्णमूले मुहुर्मुहुः । गैरिकं खदिनी शुण्ठी कट्फलारग्धधैः समैः ॥ उष्णैः काञ्जिकसंपिष्टैर्लेपः कर्णकमूलनुत् । शिग्रुराजिकयोः कल्कं कर्णमूले प्रलेपयेत् ॥ कर्णमूलभवः शोथस्तेनलेपेन शाम्यति । अशिशिरजलपरिमृदितं मरिचकणाजीरसिन्धुजं त्वरितम् ॥ नस्यविधिसेवितं ननु कर्णकरुग्नाशकृद्दितम् । भार्गीजयापौष्करकण्टकारिकट्टत्रिकोग्राघनकुण्डलीभि ॥ कुलीरशृङ्गीकट्ठकारसाभिः कृतः कषायः किल कर्णकघ्नः ॥

भार्गी वनभेटिती लोके । तदलाभे कण्टकारीमूलं ग्राह्यम् । जया मनिआरीति लोके । पौष्करं पुष्करमूलम् । उग्रा वचा । कुण्डली गुडूची । कुलीरशृङ्गी कर्कटशृङ्गी रसा रास्ना ॥

दशमूलमत्स्यसकलाचपलात्रिफलामहौषधकिराततयुतम् । मरिचं परिक्वथितमाशु बलादपहन्ति कर्णरुजः सकलाः ॥

चपला पिप्पली ॥

કર્ણક અલ્પ તથા વધારે સોજાવાળો કે લોહીના અવશેષ રહી ગયેલા ભાગવાળો હોય, તો તે નીચે લખેલા પ્રલેપો મટાડે છે કર્ણક પાકયો હોય તો શસ્ત્ર ક્રિયા કરવાથી પરૂ મટે છે, અને જો તે વ્રણરૂપ થયો હોય તો વ્રણની ચિકિત્સા કરવી જોઇએ.

(૧) હળદર, ઇંદ્રવારૂણી, કડુ, સિંધવ

દેવદાર, અને ઇંગોળીયાના મૂળનો બાકડાના રસ સહિત લેપ કરવાથી કર્ણક મટી જાય છે. હળદર વગેરે સર્વ પદાર્થોનો અથવા તેમાંથી થોડાક પદાર્થોનો લેપ કરવાથી પણ કર્ણક મટે છે.

(૨) કળથી, કાયફળ, સૂંઠ, અને કાળીજીરી સમભાગે લેઈને સહન થાય તેવા ગરમ કરીને તેનો કાનના મૂળમાં વારવાર લેપ કરવાથી કર્ણક મટી જાય છે.

(૩) ગેરૂ, ખડી, સૂંઠ, કાયફળ, અને ગરમાળો સમ ભાગે લેઈ કાંજીથી વાટી ગરમ કરી લેપ કરવાથી કર્ણક મટી જાય છે.

(૪) સરગવાના તથા રાઇના કલ્કનો કાનના મૂળમા લેપ કરવાથી કાનના મૂળમાંનો સોજો શાંત થાય છે.

(૫) મરી, પીપર, અને સૈંધવને ઊના પાણીમાં વાટીને નસ્ય લેવાથી કર્ણકનો નાશ થાય છે, એમ મુનિઓએ કહેલું છે.

(૬) ભારંગી, અરણી, પુષ્કરમૂળ, ભોંરીંગણી, સૂંઠ, મરી, પીપર, વજ, મોથ, ગળો, કાકડાશીંગી, કડુ, અને રાસ્નાનો ક્વાથ પીવાથી કર્ણક મટી જાય છે.

(૭) દશમૂળ, કડુ, પીપર, ત્રિફળા, સૂંઠ, કરિયાતું અને મરીનો ક્વાથ પીવાથી કર્ણકને તે બળાત્કારથી મટાડે છે.

કંઠકુબ્જની ચિકિત્સા.

फलत्रिकत्र्यूषण मुस्तकट्वीकलिङ्ग सिंहाननशर्वरीभिः । क्वाथः कृतः कृन्तति कण्ठकुब्जं कण्ठीरवः कुञ्जरमाशु तद्वत् ॥

सिंहाननो वासक शर्वरी हरिद्रा ॥

किरातकटुका कणाकुटजकण्टकारी शटीकलिद्रुकिलिमाभयाकटुकगद्फलाम्भोधरैः॥ विषामलकपुष्करानलकुलीरशृङ्गीवृषैर्महौषधसखैरयं जयति कण्ठकुब्जं गणः ।

शटी कर्च्चूरः कलिद्रुः विभीतकः किलिमं देवदारु कटुक मरिचं विषा अतीसवृक्षः वृक्षादिभिः किं विशिष्टैर्महौषधसखैः । महौषधस्य सखिभिः तेन एतैः सहितेन महौषधेनेत्यर्थः ॥ अथोल्वणवातादिप्रवृद्धमध्यक्षीणवातादिहेतुकानां कुम्भीपाकादीनां त्रयोदशानामिव विधातव्या ॥ इति सन्निपातज्वराधिकारः ॥

(૧) હરડાં, બેડા, આમળાં, સૂંઠ, મરી, પીપર, મોથ, કડુ, ઇંદ્રજવ, અરડૂસો, અને હળદરનો ક્વાથ, હાથીને જેમ તુરત સિંહ મારી નાંખે છે તેમ, તુરતજ કંઠકુબ્જને હણે છે.

(૨) કરિયાતું, કડુ, પીપર, ઇંદ્રજવ, ભોંરીંગણી, કચૂરો, બેડાં, હરડે, દેવદાર, મરી, કાયફળ, મોથ, અતિવિષ, આમળાં, એરંડાનું મૂળ, ચિત્રક, કાકડાશીંગી, અરડૂસો, અને સૂંઠનો ક્વાથ કંઠ કુબ્જનો નાશ કરે છે.

કુંભીપાક આદિ તેર સન્નિપાત જ્વરો કે જેના કારણો ઉલ્વણ વાયુ વગેરે તથા પ્રવૃદ્ધ, મધ્યમ અને હીન વાયુ આદિ છે, તેઓની ચિકિત્સા પણ ઉપર કહેલા તેર જાતના સન્નિપાત જ્વરોની પેઠે કરવી.

(આગંતુક જ્વરનો અધિકાર.)

આગંતુક જ્વરોનાં નિદાન.

अभिघाताभिषङ्गाभ्यामभिचाराभिशापतः । आगन्तुर्जायते दोषैर्यथास्वन्तं विभावयेत् ॥

अभिघातः शस्त्रमुष्टिलगुडादिभिर्हननम् । अभिषङ्गः कामशोकभयक्रोधभूतादीनामावेशः । अभिचारः

कृत्याद्युत्पादनम् ॥ अभिशाप: ब्राह्मणगुरुवृद्धसिद्धादिकृतः शापः स आगन्तुज्वरम् यथास्वं यथादोषलक्षणं दोषैर्विभावयेत् विजानीयात् ॥

येभूतविषवाय्वग्निक्षतभङ्गादिसम्भवाः ।
रागद्वेषभयाद्यैश्च ते स्युरागन्तवो गदाः ॥

હથિયાર, મુક્કી કે લાકડી વગેરેના અભિઘાતથી, અથવા શોક ભય કામ ક્રોધ કે ભૂતાદિકનો આવેશ થવાથી અથવા મૂઠ વગેરે અભિચાર ક્રિયાથી, અથવા બ્રાહ્મણ ગુરૂ કે વૃદ્ધાદિકના શાપથી આગંતુકજ્વર ઉત્પન્ન થાય છે. દોષોનાં લક્ષણો ઉપરથી તેને જાણી લેવો. જે રોગો ભૂત, ઝેર, વાયુ, અગ્નિ, ક્ષત કે ભંગ વગેરેથી તેમજ રાગ દ્વેષાદિકથી ઉત્પન્ન થયેલા છે તે પણ આગંતુકજ કહેવાય છે.

આગંતુક જ્વરોથી કોપ પામતા દોષો વિષે.

कामशोकभयाद्वायुःक्रोधात्पित्तं त्रयो मलाः । भूताभिषङ्गात् कुप्यन्ति भूतसामान्यलक्षणाः ॥

कामशोकभयात् । कामशोकभयजादागन्तोः वायुः कुप्यति । क्रोधात् तु क्रोधजादागन्तोः पित्तं प्रकुप्यति । भूताभिषङ्गात् भूतावेशजादागन्तोः त्रयो मला दोषाः कुप्यन्तीत्यर्थः । भूतसामान्यलक्षणाः । भूतस्य भूतलक्षणस्य सामान्यं समानता येषां तानि भूतसामान्यानि लक्षणानि येषां ते भूतसामान्यलक्षणाः मलाः ॥

કામ, શોક અને ભયથી વાયુ કોપે છે; ક્રોધથી પિત્ત કોપે છે, અને ત્રણે મળો ભૂતના આવેશથી કોપે છે, કેમકે તેઓ ભૂતનાં લક્ષણો વાળાજ છે.

આગંતુક જ્વરોનાં લક્ષણો.

श्यावास्यता विषकृते तथातीसार एव च ।
भक्तारुचिः पिपासा च तोदश्च सह मूर्छया ॥

विषकृते स्थावरजङ्गमविषभक्षणकृते ज्वरे मुखस्य श्याव श्लुक्लानुविद्ध- कृष्णो वर्णः श्यामवर्णो वा ॥ अतीसार. स्थावरविषेणैव तस्याधोगामित्वात् । तोदः सूचीव्यधनेनेव व्यथा ॥

औषधीगन्धजे मूर्छा शिरोरुग्वमथुस्तथा । कामजे चित्तविभ्रंशस्तन्द्रालस्यमभोजनम् ॥ हृदये वेदना चास्य गात्रञ्च परिशुष्यति ॥

कामजे समीहितकान्ताद्यप्राप्तिनिमित्तके ज्वरे । चक्रारादुग्रभटोक्तान्यपि लक्षणानि बोद्धव्यानि तानि यथा । कामाद् भ्रमोऽरुचिर्दाहो ह्रीनिद्राधीधृतिक्षय इति ।

मूर्छाङ्गमर्दो तृड्नेत्रचापल्यं कुचवक्त्रयोः ।
स्वेदश्च हृदि दाहश्च स्त्रीणां कामज्वरे भवेत् ॥
बालकं शतपत्राणि मन्थसारश्च वीरकम् ।
चोचपानेयकं मांसी कायः कामज्वरापहः ॥
सन्ध्यायां संस्तरः कार्यः सुगन्धैः कुसुमैर्नवम्
क्रीडनीयं स्वकान्तेन सह रात्रौ तथा स्त्रिया॥

इदमपि कुत्रापि कथितम् ॥

भयात प्रलाप शोकाच भवेत् कोपाच वेपथुः॥

भयात् भयजे ज्वरे प्रलापः शोकाच चकारेण प्रलाप एवानुकृष्यते । कोपाच वेपथुर्भवति । ननु वेपथुर्वातस्य धर्मस्तत्कथं क्रोधजे ज्वरे वेपथुः । उच्यते एकः प्रकुपितो दोष इतरानपि कोपयेदिति वचनात् । पित्तकोपितवातजन्य एवात्र वेपथुः । क्रोधाद्वायुरपि भवति । यत उक्तं विदेहेन ॥

क्रोधशोकौ स्मृतौ वातपित्तरक्तप्रकोपनाविति। भूताभिषङ्गादुद्वेगो हास्यरोदनकम्पनम्॥ केचिद् भूताभिषङ्गोत्थं ब्रुवते विषमज्वरम्॥

भूताभिषङ्गोत्थो विषमज्वरो भवति। कदाचिद्वेगवान् कदाचिच्छान्तवेग इत्यर्थः॥

अभिचाराभिशापाभ्यां मोहस्तृष्णा च जायते॥ तृष्णा चेति चकारेण हारीतानुवादि वाग्भटोक्तञ्च बोद्धव्यम्। तद्यथा॥

तत्राभिचारिकैर्मन्त्रैर्हूयमानस्य तप्यते।
पूर्वं मनस्ततो देहस्ततो विस्फोटतृड्भ्रमैः॥
सदाहमूर्छाग्रस्तस्य प्रत्यहं वर्द्धते ज्वर इति॥

સ્થાવર જંગમ ઝેર ખાધાથી જ્વર આવે છે તો મુખ કાળું અથવા જરા સફેદી યુક્ત કાળું થાય છે, સોયો ભોંકાયા જેવી પીડા થાય છે, અન્ન પર અરૂચિ થાય છે, તરશ અને મૂર્ચ્છા સહિત પીડા થાય છે વળી તેમા અતિસાર થાય છે, પણ તે સ્થાવર ઝેર ખાધાથી થાય છે ઔષધિના ગંધથી જ્વર આવે છે તો મૂર્ચ્છા, માથામા દુઃખાવો, અને ઉલટી થાય છે.

કામથી જ્વર આવ્યો હોય તો ચિત્તભ્રમ, તન્દ્રા, આળસ, અભૂખ, હૃદયમા વ્યથા, અને ગાત્રો સૂકાય છે. સ્ત્રીઓને કામ જ્વર આવે છે તો મૂર્ચ્છા, અંગ ભંગ, તરશ, નેત્રમાં ચપળતા, સ્તન તથા મુખમાં ચપળતા, પરસેવો, અને હૃદયમા દાહ થાય છે. વાળો, કમળ, ચંદન, કાળોવાળો, તજ, ધાણા, અને જટામાંસીનો કવાથ કામજ્વરને મટાડે છે. સાયંકાળે અત્યત સુગંધી પુષ્પોની શય્યામાં સૂવું, અને રાત્રીએ પોતાના પતિ સાથે ત્યાં ક્રીડા કરવી ભય અને શોકથી થયેલા જ્વરમાં પ્રલાપ થાય છે, અને કોપથી ધ્રુજ થાય છે. ક્રોધ અને શોકથી વાત, પિત્ત, અને રક્ત કોપ પામે છે. ભૂતજ્વરમાં ઉદ્વેગ, હસવુ, રોવું, અને કંપ થાય છે. ભૂતથી થતા જ્વરને કેટલાક વિષમજ્વર કહે છે. મંત્રાદિ અભિચારથી તથા શાપથી થયેલા જ્વરમાં મોહ અને તૃષા થાય છે. અભિચાર મંત્રોથી હોમ કરવામા આવતા પ્રથમ મન તપે છે અને વિસ્ફોટકથી તરશ, ભ્રમથી દેહ, એ તપે છે, અને દાહયુક્ત મૂર્ચ્છાથી ઘેરાયલા તે પ્રાણીને દિવસે દિવસે જ્વર વધતો જાય છે.

આગંતુક જ્વરોની ચિકિત્સા.

आगन्तुजे ज्वरे नैव नरः कुर्वीत लङ्घनम्। तथा च वाग्भटः। शुद्धवातक्षयागन्तुजीर्णज्वरिषु लङ्घनम्॥

नेष्यत इति सबंध। अन्यच्च॥

लङ्घनं न हितं कामशोकचिन्ताप्रहारजे। भयभूतश्रमक्रोधलङ्घनैश्च कृतेज्वरे॥ किन्त्वग्नौ दीपिते तत्र दद्यात् मांसरसौदनम्। अभिघातज्वरे युञ्ज्यात् क्रियामुष्णविवर्जिताम्॥ कषायं मधुरं स्निग्धं यथादोषमथापि च। अभिघातज्वरो नश्येत्पानाभ्यङ्गेन सर्पिषः रक्तावसेकैर्मेध्यैश्चतथा मांसरसौदनैः॥ मेध्यैर्मेधाये हितैः॥

व्यधबन्धश्रमास्यध्वभङ्गभ्रंशसमुद्भवान्।
ज्वरानुपाचरोत्पूर्वं क्षीरमांसरसौदनैः॥

व्यध ताडन कर्णादि वेधो वा। भङ्गः छेदभेदादिकः। भ्रंशो वृक्षादिकेभ्यः पतनम्॥

अध्वश्रान्तेष्वभ्यंगाभ्यां । दिवा निद्रां च कारयेत् ॥ औषधीगन्धविषजौ विषपित्तप्रसाधनैः ॥ जयन्कषायैर्मतिमान् सर्वगन्धकृतैर्भिषक् । सर्वगन्धमाह ॥ चातुर्जातककर्पूरं कङ्कोलागुरुकुङ्कुमम् । लवङ्गसहितं चैव सर्वगन्धं विनिर्दिशेत् ॥ क्रोधजे पित्तजित्कार्यं धार्यं सद्वाक्यमेव च ॥ आश्वासेनेष्टलाभेन वायोः प्रशमनेन च ॥ हर्षणैश्च शमं यान्ति कामक्रोधभयज्वराः ॥ कामैरथ मनोज्ञैश्च पित्तघ्नैश्चाप्युपक्रमैः । सद्वाक्यैश्च शमं याति ज्वरः क्रोधसमुत्थितः ॥

कामैः कामविषयैः । मनोज्ञैः धिक्कारादिभिर्भयजनकवचनैर्वा ॥

कामात् क्रोधज्वरो नश्येत् क्रोधात्कामज्वरस्तथा । घातिताभ्यामुभाभ्यां च कामक्रोधज्वरक्षयः ॥

घातिताभ्यामुभाभ्यां मनसि निगृहीताभ्यां कामक्रोधाभ्याम् ॥

भूतविद्यासमुद्दिष्टैर्बन्धावेशनताडनैः ॥ जयेद्भूताभिषङ्गोत्थं मनःशान्त्या च मानसम् ।

ताडनैरित्यस्य स्थाने केचित्पूजनैरिति पठन्ति ॥

सहदेवाया मूलं विधिना कण्ठे निबद्धमपहरति । एकद्वित्रिचतुर्भिर्दिवसैर्भूतज्वरं पुंसाम् ॥ अभिचाराभिशापोत्थौ ज्वरौ होमादिभिर्जयेत् । दानस्वस्त्ययनातिथ्यैरुत्पातग्रहपीडजौ । इत्यागन्तुज्वराधिकारः ॥

આગંતુક જ્વરમાં માણસે લંઘન કરવું જ નહિ. વાગ્ભટે કહ્યું છે કે–"શુદ્ધ વાતજ્વર, ક્ષયજ્વર, આગંતુકજ્વર, અને જીર્ણ-જ્વરમાં લંઘન કરવું યોગ્ય નથી. કામ, શોક, ચિંતા અને પ્રહારથી થયેલા જ્વરમાં પણ લંઘન હિતકારી નથી. ભય, ભૂત, શ્રમ, ક્રોધ, અને લંઘનથી થયેલા જ્વરોમાં પણ લંઘન કરવું નહિ. તેમાં તો અગ્નિ દીપ્ત કરીને માંસરસ અને ભાત ખાવા જોઇએ. અભિઘાત જ્વરમાં ગરમી વગરની ક્રિયા કરવી, અને દોષના પ્રમાણમાં તૂરું, મધુર, અને સ્નિગ્ધ આપવું. ઘીના પાન તથા અભ્યંગથી અભિઘાતજ્વર નાશ પામે છે. લોહી કઢાવવાથી તથા બુદ્ધિનું હિત કરનારા માંસરસ અને ભાતના ખોરાકથી પણ તે મટે છે માર વાગવાથી, વીંધાવાથી, શ્રમથી, બહુ પંથ કરવાથી, છેદ ભેદ કે ઊંચેથી પડવાથી થયેલા જ્વરોમાં પ્રથમ દૂધ અને માંસરસ સહિત ભાત આપવો. પંથ કરવાથી થાકેલાને અભ્યંગ તથા દિવસે નિદ્રા કરાવવી. ઔષધિગંધ તથા વિષવાળાને વિષ તથા પિત્તને હરનારા ક્વાથોથી વૈદ્યે જ્વરને જીતવો.

તજ, તમાલપત્ર, એળચી, નાગકેશર કપૂર, ચણકબાબ, અગરૂ, કેશર અને લવંગ આ બધાંને સર્વગંધ કહેછે.

ક્રોધથી આવેલા જ્વરમાં પિત્તને જીતવું તથા સદ્વાક્ય બોલવાં. આશ્વાસનાદિથી વાયુ શમે છે તેથી લાભ થાય છે. કામ, ક્રોધ અને ભયના જ્વરો હર્ષથી શાંત થાયછે, કામ વિષયોના ધિક્કારાદિથી, ભયોત્પાદક વચનોથી, અને પિત્તહર ક્રિયાથી પણ ક્રોધજ્વર મટે છે, અને તે સારાં વાક્યોથી પણ મટે છે કામથી ક્રોધજ્વર મટે છે, અને ક્રોધથી કામજ્વર મટે છે. કામ તથા ક્રોધ એ બંનેને મનમાં નિગ્રહ કરવાથી તે બંને જ્વરો નાશ પામે છે. ભૂતથી થયેલ જ્વરને ભૂત વિદ્યામાં કહ્યા પ્રમાણે કેદખાનું, બેસાડી રાખવું અને મારવા વગેરેથી જીતવો અને મનના

જ્વરને મનની શાંતિથી જીતવો. વિધિ પ્રમાણે ખપાટનું મૂળ કંઠમાં બાંધવાથી માણસોનો ભૂતજ્વર એક, બે, ત્રણ, કે ચાર દિવસમાં મટી જાય છે. અભિચાર કે શાપથી થયેલા જ્વરોમાં હોમાદિ ક્રિયાઓ કરવી, અને ઉત્પાત કે ગ્રહદોષથી થયેલા જ્વરોમાં દાન, સ્વસ્તિવાચન, અને અતિથિ પૂજનાદિ કરવાં.

(વિષમ જ્વરનો અધિકાર)
નિદાન તથાસંપ્રાપ્તિ

दोषोऽल्पोऽहितसम्भूतो ज्वरोत्सृष्टस्य वा पुनः । धातुमन्यतमं प्राप्य करोति विषमज्वरम् ॥

अयमर्थः ज्वरोत्सृष्टस्य ज्वरेण त्यक्तस्य । सन्निकृष्टहेतुमाह । दोष अल्प ज्वरमुक्तस्य स्वल्पोऽपि । विप्रकृष्टहेतुमाह । अहितमाहारविहारादि तेन सम्भूत । सम्पूर्णो जातः ॥ अन्यतमम्धातु रसरक्तादिकम् । प्राप्य दूषयित्वा पुनर्विषम ज्वर करोति । ज्वरोत्सृष्टस्य वेति वाशब्देनेति बोध्यते । प्रथमतोपि विषमज्वरो भवति । यत उक्तम् । आरम्भाद्विषमो यस्तु इति ॥

જ્વરે છોડી દીધેલા માણસનો બાકી રહી ગયેલો અલ્પદોષ પણ અયોગ્ય આહારાદિ થાય તો તે કોઇ પણ ધાતુને પાછો દૂષિત કરીને વિષમજ્વર ઉત્પન્ન કરે છે. અલ્પદોષ એ વિષમજ્વરનો પાસેનો હેતુ છે, અને અયોગ્ય આહાર વિહાર વગેરે દૂરના હેતુ છે. કેટલાએકને શરૂઆતથીજ વિષમજ્વર થાય છે, એમ જ્યારે થાય છે ત્યારે તે માણસને મારી નાંખનાર નીવડે છે.

વિષમજ્વરના ભેદો.

सन्ततं रसधातुस्थः सततं रक्तधातुगः । दोषः क्रुद्धो ज्वरं पुंसां सोऽन्येद्युः पिशिताश्रितः । मेदोगतस्तृतीयेऽन्हि अस्थिमज्जागतः पुनः ॥ कुर्याच्चातुर्थिकं घोरमन्तकं रोगसङ्करम् ॥

अन्तकमिव मारकत्वात् ॥

રસ ધાતુનો જ્વર સતત, રક્તનો જ્વર સતત, માંસનો જ્વર અન્યેદ્યુષ્ક, મેદનો જ્વર તરીયો, અને અસ્થિ તથા મજ્જાનો જ્વર રોગોના સમૂહવાળો ઘોર એવો ચોથિયો કહેવાય છે.

વિષમજ્વરનુ સામાન્ય લક્ષણ.

यः स्यादनियतात् कालात् शीतोष्णाभ्यां तथैव च । वेगतश्चापि विषमो ज्वरः स विषमः स्मृतः ॥

यस्त्वनियतात् कालात् स्यादित्यस्यायमर्थः । यथा वातिको ज्वर सप्त दिनानि पैत्तिको दश दिनानि श्लेष्मिको द्वादश दिनानि दोषाणां प्रावल्यैर्वातिक श्चतुर्दश दिनानि पैत्तिको विंशाति दिनानि श्लेष्मिकश्चतुर्विंशाति दिनानि स्यात् । तथा विषमज्वरो नियतं काल व्याप्य न स्यादित्यर्थः । शीतोष्णाभ्या गुणाभ्या स्यात् ।

वेगतश्चापि विषमः कदाचिदतिवेगवान् ।

कदाचिच्छान्तवेग ॥

અનિયમિત સમયે આવતો હોય, શીતોષ્ણતાના નિયમ વગરનો હોય અને વેગમાં વિષમ હોય, તે વિષમ જ્વર કહેવાય છે. તે સતત, સતત, અન્યેદ્યુષ્ક, તૃતીયક,

અને ચાતુર્થીક કહેવાય છે. જેમ વાતજ્વર, પિત્તજ્વર અને કફજ્વર અનુક્રમે સાત, દશ અને બાર દિવસ સુધી રહે છે, અને દોષોની પ્રબળતા હોય તો તે અનુક્રમે ચૌદ, વીશ અને ચોવીશ દિવસ સુધી રહે છે, તેમ વિષમજ્વર નિયમિત કાળ સુધી રહેતો નથી, કેમકે તેનો વેગ વિષમ છે.

સંતતજ્વરનુ લક્ષણ

सप्ताहं वा दशाहं वा द्वादशाहमथापि वा । सन्तत्या योऽविसर्गी स्यात् सन्ततः स निगद्यते ॥

विकल्पो वातिकादि भेदात् । सन्तत्या नैरन्तर्येण अविसर्गी अपरित्यागी ॥ ननु मुक्तानुबन्धित्वं विषमत्वमिति विषमलक्षणम् । तदत्र न घटत एवेति न दोषः यत उक्त चरकेण ॥

विसर्गं द्वादशे कृत्वा दिवसे व्यक्तलक्षणम् । दुर्लभोपशमः कालं दीर्घमेवानुवर्तत इति ॥

यत्तु खरनादेनोक्तम् । ज्वराःपञ्च तु ये प्रोक्ताः पूर्वे सन्ततकादय । चत्वारः सन्तत हित्वा ज्ञेयास्ते विषमज्वराः इति ॥ तच्चिरेण त्यागाभिप्रायेण ॥

સાત, દસ, કે બાર દિવસો સૂધી નિરંતર અણુ ઉતાર તાવ ચાલૂ રહે, તેને સંતતજ્વર કહે છે અહીં સાત, દશ અને બાર દિવસની અવધિ કહી તે વાત, પિત્ત અને કફના ભેદથી સમજવી. ચરક કહે છે કે બારમે દિવસે જ્વર ઉતરી જઇને પછી લાબા કાળ સૂધી ચાલ્યા કરે તો પછી તે મટવો દુર્લભ થઇ પડે છે. ઉપર કહેલા પાંચ પ્રકારના વિષમ જ્વરોમાંના સંતતને છોડી દઇને બાકીના ચારને ખરનાદે વિષમજ્વર ગણેલા છે, તેનું કારણ એ કે સંતતજ્વર લાંબા કાળે મટે છે.

સતતજ્વરનું લક્ષણ

अहोरात्रे सततको द्वौ कालावनुवर्तते ॥

द्वौ कालौ अह्न्येककालं रात्रावेककालम् । यतो दोषाणामहोरात्रे प्रत्येकं द्वौ द्वौ प्रकोपकालौ ॥ यत उक्त वाग्भटेन । 'वयोऽहोरात्रिभुक्तानामन्तमध्यादिगा क्रमात्' इति ॥

રાત્રી દિવસમાં બે વાર તાવ આવે છે તેને સતત (રોજીયો) જ્વર કહે છે. બે વાર આવે છે એટલે એક વાર દિવસે અને બીજીવાર રાતે તાવ આવે છે એમ સમજવું. કેમકે એક રાત્રિ દિવસમાં પ્રત્યેક દોષ કોપવાના સમય બબ્બે છે. વાગ્ભટ કહે છે કે–દિવસના આરંભમાં કફની, મધ્યમાં પિત્તની અને અંતમાં વાયુની પ્રબળતા રહે છે, તેજ પ્રમાણે અનુક્રમે રાત્રિમાં પણ રહે છે.

અન્યેદ્યુષ્કનું લક્ષણ

अन्येद्युष्कस्त्वहोरात्रादेककालं प्रवर्तते ।

एककाले दोषापेक्षया एककालमपि द्वितीयम् । प्रथमकाले ह्येव दोषस्थितेः ॥

રાત્રી દિવસમાં એક જ વાર આવે તે તાવને અન્યેદ્યુષ્ક કહે છે. દોષની અપેક્ષાને લીધે તે એકજ વાર આવે છે અને તે દોષ પ્રકોપના પહેલા કાળમાં ન આવતાં બીજામાં આવે છે, કેમ કે પહેલા કાળમાં દોષની સ્થિતિ હૃદયમાં જ રહે છે.

તૃતીયક તથા ચાતુર્થિક જ્વરનાં લક્ષણો

तृतीयकस्तृतीयेऽह्नि चतुर्थेऽह्नि चतुर्थकः ॥

तृतीयेऽह्नि इत्यागमनादिनं गृहीत्वा । यत उक्तम् ॥

दिनमेकमतिक्रम्य यो भवेत् स तृतीयकः । दिनद्वयमन्तरमतिक्रम्य यः स्यात् स हि चतुर्थक इति ॥

ત્રીજે દિવસે આવે તે તૃતીયક (તરિયો), અને ચોથે દિવસે આવે તે ચાતુર્થિક (ચોથિયો તાવ કહેવાય છે. એક દિવસ છોડી બીજે દિવસે આવે તે પણ તૃતીયક (એકાંતરો) છે, અને બે દિવસ છોડી આવે તેને ચાતુર્થિક કહે છે.

દોષો કેવી રીતે જ્વર લાવે છે, તે વિષે

कफस्थानविभागेन यथासङ्ख्यं करोति हि । सततान्येद्युस्तृतीयचतुर्थकप्रलेपकान् ॥ अहोरात्रादहोरात्रात् स्थानात् स्थानं प्रपद्यते । दोष आमाशयं प्राप्य करोति विषमज्वरम् ॥

अयमर्थः । आमाशयोर कण्ठशिर सन्धयः पञ्च कफ स्थानानि एषु तिष्ठन् दोषो यथासङ्ख्य सततादीन् करोति ॥ तत्र आमाशये स्थितो दोषः सततं करोति द्वौ कालौ ॥ अहोरात्रे कालद्वये दोषप्रकोपात् ॥

हृदये स्थितो दोष आमाशयमागत्य अन्येद्युष्क करोति । एककाल एकदैकस्मिन्नेवाहोरात्रे दोष आमाशयमागत्य अन्येद्युष्कं करोति । तत्र द्वौ दोषप्रकोपकालौ एकस्मिन् काले हृदये तिष्ठत्यपरस्मिन्नामाशय इति । कण्ठे स्थितो दोषोऽहोरात्रात् हृदयमायाति । तृतीये दिने आमाशयमागत्य स्वप्रकोपकाले तृतीयकं ज्वरं करोति ॥ एककाल न तु द्वौ कालौ स्वभावात् । एवमेव शिर. स्थितो दोषो अहोरात्रात् कण्ठमायाति । तत पुनरहोरात्रात् हृदयमायाति चतुर्थे दिने आमाशयमागत्यस्वप्रकोपकाले चतुर्थकं ज्वरं करोति ॥ एककाल न तु द्वौ कालौ स्वभावादेव ॥ ननु दोषस्यागमनक्रमेण निजस्थानगमनक्रमात् कथं तृतीयचतुर्थदिवसयोर्ज्वरागमनम् । उच्यते ॥ दोषो हि प्रकोपसमये वेगं परिदर्श्य लाघवात् स्वस्थानन्तु वेगदिन एव याति । यत आह ॥

दोषःप्रकोपकाले हि वेगवत्त्वेन लाघवात् । वेगवासर एवायं स्वस्थानमधिगच्छति ॥

सन्धिषु स्थितः प्रलेपकं करोति । सन्धयश्चामाशयेऽपि सन्ति तेषु स्थित प्रलेपकं सर्वदा करोति ॥

निवृत्तः पुनरायाति विषमो नियते दिने । स्वभावं कारणं तत्र मन्यन्ते मुनिपुङ्गवाः ॥

સુશ્રુત કહે છે કે-" કફનાં સ્થાનોના વિભાગો વડે જ્વરોના સતત, અન્યેદ્યુસ્, તૃતીય, ચતુર્થક, અને પ્રલેપક, એવા ભેદો થાય છે એક એક દિવસે એક સ્થાનમાથી દોષ બીજા સ્થાનમા જાય છે અને આમાશયમાં આવીને વિષમજ્વરને ઉત્પન્ન કરે છે. આમાશય, હૃદય, કઠ, માથુ, અને સાંધાઓ, એ પાંચ કફનાં સ્થાનો છે, તેમા રહેલ દોષ ક્રમસર સતતાદિ જ્વરોને ઉત્પન્ન કરે છે. તેમાં આમાશયને દોષ બે વાર આવતા સતતજ્વરને કરે છે, કેમકે એક રાત્રિદિવસમા તે બે વાર કોપ પામે છે. હૃદયના દોષ આમાશયમા આવીને રાત્રી દિવસમાં એક વાર આવનાર અન્યેદ્યુસ્ જ્વરને ઉત્પન્ન કરે છે એક અહો રાત્રીમા દોષ બે વાર કોપે છે ખરો, તોપણ એક વાર હૃદયમાં રહેલો હોવાથી બીજી વાર આમાશયમાં આવે છે

ત્યારે જ એક વાર જ્વર ઉત્પન્ન કરે છે. કફમાંનો દોષ એક રાત્રી દિવસમાં હૃદયમાં આવે છે અને ત્યાંથી બીજા રાત્રી દિવસે આમાશયમાં આવે છે, તેથી ત્યા આવીને પ્રકોપ સમયે એકવાર જ્વરને કરે છે, તેથી તે તૃતીય જ્વર કહેવાય છે. એજ રીતે માથામાંનો દોષ એક અહોરાત્રે કફમાં, બીજી અહોરાત્રે આમાશયમાં આવી કોપેછે ત્યારે ચાતુર્થિક જ્વરને પેદા કરે છે. સાધામાંના દોષ પ્રલેપક નામના જ્વરને ઉત્પન્ન કરે છે. આમાશયમાં પણ સાધાઓ છે માટે તે પ્રલેપક જ્વરને કરે છે. અહીં શંકા થશે કે દોષ જે તે સ્થાનમાથી આમાશયમાં આવતાં જેટલી વાર લાગે છે તેટલી જ વાર તે સ્થળે પાછુ જવામાં લાગવી જોઇએ, તો એ હિસાબે ત્રીજે કે ચોથે દિવસે જ્વર ઉત્પન્ન થવો કેમ સંભવે? તેનું સમાધાન કે દોષ પોતાના પ્રકોપના સમયમા વેગવાન્ હોવાથી તે ને તે દિવસે જ ઝડપથી પાછો પોતાના સ્થાનમા આવી પહોંચે છે. નિવૃત્તિ પામેલો વિષમજ્વર પાછો નિયમિત દિવસે આવે છે, તેનુ કારણુ તે દોષનો સ્વભાવ જ છે, એમ મહામુનિઓએ માનેલું છે.

જ્વરનો બીજા ભેદો.

स्वभावस्य कारणत्वेन कफस्थानविभागानिरपेक्षा श्चतुर्थकादिविपर्यया अपि ज्वराः स्वस्वकाले प्रभवन्ति ॥

अधिशेते यथाभूमिं बीजं काले प्ररोहति । अधिशेते तथा धातून् दोषः काले प्रकुप्यति ॥

सुश्रुतोऽप्याह । सचापि विषमो देहं न कदाचित् प्रमुञ्चति । ग्लानिगौरवकार्श्येभ्यः स यस्मान्न प्रमुच्यते । वेगे तु समतिक्रान्ते गतोऽयमिति लक्ष्यते । धात्वन्तरेषु लीनत्वात् सौक्ष्म्याच्चैवोपलभ्यते ॥

દોષોના સ્વભાવનાજ કારણુથી ઉપર કહેલા કફના સ્થાનકોના વિભાગની અપેક્ષા વિના પણ ચાતુર્થક વિપર્યય વગેરે બીજા વિષમજ્વરો પોતપોતાના સમયે ઉત્પન્ન થાય છે. જેવી રીતે બીજ પૃથ્વીમાં રહીને સમય આવતાં ઊગી નિકળે છે, તેવી રીતે દોષ ધાતુઓમા રહીને સમય થતા પ્રકોપ પામે છે. સુશ્રુત પણ કહે છે કે " એ વિષમજ્વર દેહને કદી પણ મૂકતો નથી, કેમકે વિષમજ્વરવાળો માણસ ગ્લાનિ, ભારેપણું, અને દુર્બળતાથી મુક્ત થતો નથી વેગ મટે એટલે જ્વર જતો રહ્યા જેવુ લાગે છે, પણ જતો નહિ રહેતા બીજા ધાતુઓમાં છુપાઈ રહીને સૂક્ષ્મ હોવાથી પ્રત્યક્ષ દેખાતો નથી.

દ્વંદ્વજ તૃતીયકનુ લક્ષણુ.

कफपित्तात् त्रिकग्राहीपृष्ठाद्वातकफात्मकः । वातपित्ताच्छिरोग्राही त्रिविधः स्यात् तृतीयकः ॥

त्रिकग्राही वेदनया त्रिकं गृह्णातीत्यर्थः वातकफात्मकः पृष्ठान् व्यथया पृष्ठं व्याप्य भवतीत्यर्थः । ल्यब्लोपे कर्मण्यधिकरणे चेति सूत्रेण पञ्चमी ॥

કફ તથા પિત્તની ઉલ્વણુતાથી ત્રિક પકડાય છે, વાત તથા કફથી પીઠ પકડાય છે, અને વાત તથા પિત્તથી માથું ઝલાય છે, એમ તૃતીયક જ્વર ત્રણુ પ્રકારનો છે.

ચાતુર્થક જ્વરનું લક્ષણુ

चतुर्थको दर्शयति स्वभावं त्रिविधं ज्वरः ॥ जङ्घाभ्या श्लेष्मिकः पूर्वं शिरसोऽ

नेलसम्भवः । मध्यकायं तु गृह्णाति पूर्वं यस्तु स पित्तजः ॥

श्लैष्मिक. श्लेष्मोल्वण. । तथा अनिलसम्भवो वातोल्वण. सन्ततादीना त्रिदोषजत्वम् । यत्त उक्त चरके । ' प्रायश. सन्निपातेन पञ्च स्युर्विषमज्वरा. ' इति । प्रायशो ग्रहणादेकदोषजा द्विदोषजा अपि भवन्तीति जैज्जटः ॥ पूर्वं प्रथम जङ्घाभ्याम् । व्यथया जङ्घे व्याप्य पश्चात् सकल शरीर व्याप्नोति । एव-मुल्वणवातजातः शिरस पूर्वं व्यथया शिरो व्याप्य सकलं शरीर व्याप्नोतीत्यर्थः ॥

સ્વભાવથી ચાતુર્થકજ્વર ત્રણ પ્રકારનો થાય છે કફજ્વર જંઘામાં, માથામા વાયુ, અને પિત્ત મધ્ય શરીરને પકડે છે ચરક કહે છે કે—પાચે પ્રકારના વિષમજ્વરો ઘણું કરીને સન્નિપાતથી થાય છે, તેથી તેઓ ત્રણે દોષથી થાય છે એમ સમજવામાં આવે છે પરતુ જેજટ કહે છે, કે—ચરકે ' ઘણું કરીને ' લખ્યું છે માટે એમ સમજવું કે સંતત આદિ વિષમજ્વરો એક દોષથી અને બે દોષથી પણ થાય છે.

ચાતુર્થક વિપર્યયનું લક્ષણ

विषमज्वर एवान्यश्चातुर्थकविपर्ययः ।
अस्थिमज्जागतो दोषश्चतुर्थकविपर्ययः ॥
जायते भिषजा ज्ञेयो विषमज्वर एव सः ॥

अन्यः सन्ततादिपञ्चकादपर चातुर्थकविपर्ययाख्यो ज्वर' सोऽपि विषमज्वर एव वैद्यन ज्ञातव्य । स किं धातुस्थ इत्यपेक्षायामाह । अस्थीत्यादि । तस्य चातुर्थकविपर्ययस्य लक्षणमाह ।

स मध्ये ज्वरयत्यह्नी आद्यन्ते च विमुञ्चति ॥

चतुर्थकविपर्यय इत्युपलक्षणम् । सन्ततादिविपर्ययोऽपि बोद्धव्यः यथा अहोरात्रे द्वौ कालौ मुञ्चति शेषं सर्वमहोरात्र तिष्ठतीति सततविपर्यय । अहोरात्रे एककाल मुञ्चति शेष सर्वमहोरात्रे तिष्ठतीति अन्येद्युष्कविपर्ययः एते विषमज्वरोपलक्षकास्तेन अन्ये रात्रिज्वरादयोऽपि विषमज्वरा बोद्धव्या । यथा॥

समौ वातकफौ यस्यक्षीणपित्तस्य देहिनः । रात्रौ प्रायो ज्वरस्तस्य दिवा हीन कफस्य तु ॥ प्रायः बाहुल्येन ॥

વિષમ જ્વરનો એક બીજો ભેદ ચાતુર્થક વિપર્યય છે. અસ્થિ અને મજ્જામાં રહેલા દોષથી થનારો એ જ્વર છે વૈદ્યો તેને પણ વિષમજ્વર કહે છે, તે જ્વર વચમાંના બે દિવસ આવે અને પેહેલો તથા છેલ્લો એકેક દિવસ છોડી દેછે. એટલે એકાંતરિયા તાવથી એ વિપરીત પ્રકારનો છે એજ પ્રમાણે સતત વિપર્યય અને અન્યેદ્યુષ્ક વિપર્યય જ્વર પણ થાય છે. જેમકે—એક રાત્રિ દિવસમા બે વખત છોડી દે અને બાકીના સઘળા રાત્રિ દિવસમાં રહે તે સતત વિપર્યય છે, અને એક રાત્રિ દિવસમાં એક વખત છોડી દે અને બાકીના સઘળા રાત્રિ દિવસમા રહે તે અન્યેદ્યુષ્ક વિપર્યય કહેવાય છે. વળી એ ઉપરાત રાત્રિ જ્વર આદિ બીજા વિષમજ્વરો પણ છે. જેમકે—જે માણસને વાયુ અને કફ સમ હોય પણ પિત્ત ક્ષીણ હોય તેને ઘણુ કરીને રાતે જ્વર આવે છે. અને જેને વાયુ તથા પિત્ત છતાં કફ ક્ષીણ હોય તેને ઘણુ કરીને દિવસે જ્વર આવે છે.

ટાઢિયો અને ગરમ તાવ.

त्वक्स्थौ श्लेष्मानिलौ शीतमादौ जनय-

तो ज्वरम् । तयोः प्रशान्तयोः पित्तमन्त-र्दाहं करोति च ॥

शीतं शीतसहितम् । प्रशान्तयोः प्रशान्तवेगयोः अन्तः अभ्यन्तरे ॥

करोत्यादौ तथा पित्तं त्वक्स्थं दाहमतीव च । तस्मिन् प्रशान्ते त्वितरौ कुरुतः शीतमन्ततः ॥ अन्ततः हस्तपादादित. ॥

આમડીમાં વાયુ અને કફ રહેલ હોય તો જ્વરના આરંભમાં ટાઢ આવે છે, અને તેઓનો વેગ શાંત થાય એટલે પિત્ત અંદરથી દાહ કરે છે. ત્વચામાં પિત્ત હોય તો આરંભમાંજ દાહ થાય છે. અને પિત્ત શાંત થતાં વાત તથા કફ ટાઢ ઉત્પન્ન કરે છે.

શીત તથા દાહવાળાજ્વરો ત્રણે દોષોથી થાય છે.

द्वावेतौ दाहशीतादी ज्वरौ संसर्गजौ स्मृतौ। दाहपूर्वस्तयोः कष्टः सुखसाध्यतमोऽपरः ॥

सर्सगजौ सन्निपातिकौ । कष्ट. कष्टसाध्यः ॥

શરૂઆતમાં દાહવાળા તથા શરૂઆતમા શીત (ટાઢ) વાળા જ્વરો ત્રણે દોષથી એટલે સંનિપાતથી થાય છે. તેઓમાં પ્રારંભમાં દાહવાળો જ્વર કષ્ટ સાધ્ય છે, અને આરંભમા ટાઢવાળો તાવ સુખસાધ્ય છે.

બીજા જ્વરો.

विदग्धेऽन्नरसे देहे श्लेष्मपित्ते व्यवस्थिते । तेनार्द्धं शीतलं देहमर्द्धमुष्णं प्रजायते ॥

अन्नरसे विदग्धे आहारजे रसे दुष्टे देहे श्लेष्मपित्ते व्यवस्थिते दुष्टे स्थिते । तेन देहस्य शीतलं कफेन उष्णं पित्तेन अर्द्धत्वं चार्द्धनारीश्वराकारेण नरसिंहाकारेण वा ॥

काये दुष्टं यदा पित्तं श्लेष्मा चान्ते व्यवस्थितः । तेनोष्णत्वं शरीरस्य शीतत्वं हस्तपादयोः ॥ अन्ते हस्तपादादौ ॥

काये श्लेष्मा यदा दुष्टः पित्तं चान्ते व्यवस्थितम् । शीतत्वं तेन गात्रे स्यादुष्णत्वं हस्तपादयोः ॥

આહારનો રસ દુષ્ટ થતાં કફ તથા પિત્ત દુષ્ટ થઈ અર્ધનારીશ્વરની પેઠે અથવા નૃસિંહજીની પેઠે બે વેશવાળું એટલે અરધું શરીર શીતળ અને અરધું ગરમ, એવો તાવ ઉત્પન્ન કરે છે. કાયામા જો પિત્ત દુષ્ટ હોય અને હાથ પગમાં કફ દુષ્ટ હોય, તો કાયા ગરમ અને હાથ પગ શીતળ થાય છે.

પ્રલેપકનુ લક્ષણ.

प्रलिम्पन्निव गात्राणि घर्मेण गौरवेण च । मन्दज्वरविलेपी च स शीतः स्यात् प्रलेपकः॥

गौरवेण उपलक्षितः । मन्दज्वरविलेपी मन्दवेगस्य सदा सम्बन्धोऽस्यास्तीति मन्दज्वरविलेपी ॥ अयं विषमज्वरः । तथा च सुश्रुतः ॥ "प्रलेपकाख्यो विषमः शोषिणां प्राणनाशनः । ज्वराश्च विषमाः सर्वे प्रायः क्लेशाय शोषिणाम् " इति ॥

ગરમી અને ભારેપણાથી ગાત્રો લીંપાતાં હોય અને જ્વર મંદ અને શીતતાવાળો હોય તો તેને પ્રલેપક કહે છે. સુશ્રુતે કહ્યુ છે કે—સર્વ પ્રકારના, વિષમ જ્વરો ઘણું કરીને શોષવાળા માણસને દુઃખ આપનારા છે, પણ તેમાં પ્રલેપક તો તેના પ્રાણજ હરી લે છે.

વિષમજ્વરોની ચિકિત્સા.

ज्वराश्च विषमाः सर्वे सन्निपातसमुद्भवाः। यथोल्बणस्य दोषस्य तेषु कार्यं चिकित्सितम् ॥ विषमेष्वपि कर्त्तव्यमूर्ध्वश्चाधश्च शोधनम्। स्निग्धोष्णैरन्नपानैश्च शमयेद्विषमज्वरम्। कालिङ्गकः पटोलस्य पत्रं कटुकरोहिणी ॥ पटोलं सारिवा मुस्तं पाठा कटुकरोहिणी। निम्बः पटोलं त्रिफला मृद्वीका मुस्तवत्सकौ ॥ किराततिक्तममृता चन्दनं विश्वभेषजम्। गुडूच्यामलकं मुस्तमर्द्धश्लोकसमापनाः ॥ कषायाः शमयन्त्याशु पञ्च पञ्चविधं ज्वरम् ॥

कालिङ्गक. इन्द्रयवः वत्सक कुटज.। चन्दनमत्र रक्तचन्दनम् ॥ कषायाः पञ्च पञ्चविधसन्तत सततान्येद्युष्कतृतीयकचतुर्थकरूपम् ॥

महाबलामूलमहौषधाभ्यां क्वाथो निहन्याद्विषमज्वरं हि। शीतं सकम्पं परिदाहयुक्तं विनाशयेत् द्वित्रिदिनप्रयोगात् ॥ मुस्तामलकगुडूची विश्वौषधकण्टकारिका क्वाथः। पीतः सकणाचूर्णं समधुर्विषमं ज्वरं हन्ति ॥ तिलतैललवणयुक्तः कल्को लशुनस्य सेवितः प्रातः। विषमज्वरमपहन्यात् वातव्याधीनशेषांश्च ॥ कालाजाजी तु सगुडा विषमज्वरनाशिनी। मधुना चाभयालीढा हंत्याशु विषमज्वरान् ॥

कालाजाजी तु मङ्गरैला इति च। सा च किंचिद्भृष्टागुडतुल्या कर्षमिता भक्षणीया।

पीतो मरिचचूर्णेन तुलसीपत्रजो रसः ॥ द्रोणपुष्पीरसो वापि निहन्ति विषमज्वरान्। समगुडमसितं जीरकमीषन्मारिचं च भक्षितं सद्यः। विषमज्वरं प्रशमयेत् समरेष्विव दानवानिन्द्रः ॥ शुण्ठी जाजी गुडं पिष्टं पीतमुष्णेन वारिणा। जीर्णमद्येन तक्रेण तीव्रं शीतज्वरं जयेत् ॥

સંનિપાતથી ઉત્પન્ન થયેલા સર્વે જ્વરો વિષમ છે, માટે દોષ તપાસીને તેની ચિકિત્સા કરવી. વિષમ જ્વરોમાં પણ વમન વિરેચનથી શોધન કરવું જોઇએ, સ્નિગ્ધ તથા ગરમ અન્ન પાનોથી શમન કરવું જોઇએ.

(૧) ઇંદ્રજવ, પરવળ, તમાલપત્ર, અને કડુ.

(૨) પરવળ, ઉપલસરી, મોથ, કાળીપાડ, અને કડુ.

(૩) લીમડો, પરવળ, ત્રિફળા, દ્રાક્ષ, મોથ, અને ઇંદ્રજવ.

(૪) કરિયાતું, ગળો, રતાંજળી, અને સૂંઠ.

(૫) ગળો, આમળાં, અને મોથ.

આ પાચ ક્વાથો પાચ જાતના વિષમજ્વરોને મટાડે છે. (પટોળનો અર્થ પરવળ કરેલો છે તેને કેટલાક કડવી ઘીસોડી પણ કહે છે.)

(૬) મહાબળાનુ મૂળ અને સૂંઠનો ક્વાથ વિષમ જ્વરને હરે છે. બે કે ત્રણ દિવસ પ્રયોગ કરવાથીજ શીત, કંપ અને દાહ સહિત જ્વરને હણે છે.

(૭) મોથ, આમળા, ગળો, સૂંઠ, અને બેઠીભોંરીંગણીનો ક્વાથ પીપરનું ચૂર્ણ તથા મધ નાંખીને પીવાથી વિષમ જ્વર હરાય છે.

(૮) પ્રાતઃકાળમા તલનું તેલ, મીઠું, અને લસણનો કલ્ક ચાટવાથી વિષમ તથા વાતવ્યાધિ પણ હણાઈ જાય છે.

(૯) કાળીજીરી એક તોલો લઈ જરા શેકીને તેમાં એક તોલો ગોળ મેળવીને ખાવાથી વિષમજવર મટે છે.

(૧૦) મધમાં હરડે ખાવાથી પણ એકદમ વિષમજવરો હણાય છે.

(૧૧) તુળસીપત્રનો રસ મરીના ચૂર્ણ સાથે પીવાથી વિષમજવર મટે છે.

(૧૨) મરીનું ચૂર્ણ મેળવેલો કૂબાનો રસ પણ વિષમજવરોને હણે છે.

(૧૩) કાળીજીરી અને ગોળ સમ ભાગે લઈ તેમા થોડું મરીનું ચૂર્ણ મેળવીને ખાધાથી (જેમ ઈંદ્ર દૈત્યોનો નાશ કરે છે તેમ) તે વિષમ જ્વરનો તુરત નાશ કરે છે

(૧૪) સૂંઠ, જીરૂ, અને ગોળ ખાવાથી, અથવા જુના મધ કે જાડી છાશ સાથે સૂંઠ અને જીરૂં ખાવાથી પણ શીતવાળો તીવ્ર વિષમજવર નાશ પામે છે.

ગુડૂચી મોદક.

अमृतायाः शतं चूर्णं वाससा परिशोधितम् ॥ पृथक् षोडश भागाः स्युर्गुडमाक्षिकसर्पिषाम् । यथाग्नि भक्षयेदेतन्नरोहित मिताशनः ॥ नास्य कश्चिद्भवेद्व्याधिर्न जरा पलितं न च । न ज्वरा विषमाश्चैव मोहानानिलरक्तकम् ॥ न च नेत्रगता रोगाःपरमेतद्रसायनम् । मेधाकरं त्रिदोषघ्नं प्रयोगादस्य बुद्धिमान् ॥ जीवेद्वर्षशतं साग्रं यथैवादितिजस्तथा ।

इति गुडूचीमोदकः ॥

સો ગળોનું ચૂર્ણ કરી, વસ્ત્ર ગાળ કરી તેના સોળ ભાગ; તથા ગોળ, મધ, અને ઘી મળીને સોળ ભાગ, એ એકત્ર કરીને અગ્નિના બળ પ્રમાણે ખાવાથી, તથા હિતકર ભોજન કરવાથી વ્યાધિ, વૃદ્ધતા, શ્વેત કેશો, વિષમજ્વરો, મોહ, વાત રક્ત અને નેત્રરોગો મટી જાય છે. આ ઔષધ મોટું રસાયન છે, બુદ્ધિ વધારનાર તથા દોષોને હણનાર છે, બુદ્ધિમાન્ માણસ આ ગુડૂચી મોદકના પ્રયોગથી દેવની પેઠે સોથી પણ વધારે વર્ષ સુધી જીવે છે.

વિષમજ્વરવાળા માટે ભોજન.

तक्रमांसं पयोमांसं दधिमांसमथापि वा । माषमांसञ्च भुञ्जानो मुच्यते विषमज्वरात्॥ अग्निवेशेनोक्तम् । सुरा समण्डपानार्थे भोजने चरणायुधाः । तित्तिरा विष्किराः पथ्याः कुक्कुटा विषमज्वरे ॥

गृहकुक्कुटाः वनकुक्कुटा ॥ विष्किराः । वर्तिकालावाचकोराद्याः ॥

છાશ અને માંસ, દૂધ અને માંસ, દહિ અને માસ, અથવા અડદ અને માંસ ખાવાથી વિષમજ્વરો મટી જાય છે. અગ્નિવેશ કહે છે કે—"પીવામાં મંડસહિત મદિરા તથા ખાવામાં કુકડાં, તેતર, બટાકડાં, લાવાં અને ચકોર વગેરેનું માંસ વિષમજ્વરમાં પથ્ય છે."

સતતાદિ જ્વરોની ખાસ ચિકિત્સા.

त्रायन्तीकटुकानन्तासारिवाभिः शृतं जलम् ॥ पटोलाब्दवृषातिक्तासारिवाभिः शृतं

जलम् । सतताख्ये ज्वरे देयं वातादीनां निवृत्तये ॥

तृषा बृहद्दन्ती एरण्डयत्पत्रविटपा तदलाभे दन्ती च ग्राह्या समानगुणत्वात् ॥

पटोलेन्द्रयवानन्तापथ्यारिष्टामृताजलम्॥ क्वथितं तज्जलं पीतं ज्वरं सततकं जयेत् ॥

अनन्ता सारिवा । अरिष्ट निम्बः । जल बालकम् ॥

द्राक्षापटोलनिम्बाब्दशक्राह्वत्रिफलाशृतम् । जलं जन्तुः पिबेच्छीघ्रमन्येद्युर्ज्वरशान्तये ॥ शक्राह्व. इन्द्रयव ॥

कर्म साधारणं त्यक्त्वा तृतीयकचतुर्थकौ । भिषजा प्रतिकर्त्तव्यौ विशेषोक्तचिकित्सितैः ॥ उशीरं चन्दनं मुस्तं गुडूची धान्यनागरम् । अम्भसा क्वथितं पेयं शर्करा मधुयोजितम् ॥ ज्वरे तृतीयके पुंसां तृष्णादाहसमन्विते अपामार्गजटां कट्यां लोहितैः सप्ततन्तुभिः ॥ बध्वा वारे रवेस्तूर्ण ज्वरं हन्ति तृतीयकम् । स्थिरातामलकीदारुशिवावृषमहौषधैः सितामधुयुतः क्वाथश्चतुर्थकहरः परः ॥

स्थिरा शालिपर्णी । तामलकी भूधात्री शिवा हरीतकी । वृषो वास ॥

अगस्तिपत्रस्य रसेन नस्यं निहन्ति चातुर्थकमुग्रवीर्यम् । शिरीषपुष्पस्य निशाद्वयस्य कल्केन वा तद्घृतसंयुतेन ॥

तत् नस्यमिति ॥

ज्वरस्य वेगं कालञ्च चिन्तयन् ज्वर्यते तु यः । तस्येष्टैरद्भुतैर्वापि विषमैर्नाशयेत् स्मृतिम् ॥ सन्ततं विषमं चापि सततं सुचिरोत्थितम् । ज्वरं सुभोजनैः पथ्यैरिष्टैश्च समुपाचरेत् ॥

सन्ततादिविपर्ययाणा विषमज्वराणा चिकित्सा सततादीनामिव कर्त्तव्या ॥

शीताभिभूते पुरुषे कुर्याच्छीतहरीं क्रियाम् । दाहाभिभूते तु विधिंविदध्याद्दाहनाशनम् ॥ आच्छादनैर्बहुतरैर्गुरुभिः कम्बलादिभिः ॥ तूलवत्या महाशीत शीतादिज्वरिणो हरेत् ॥

तूलवती तुरजापि इति लोके ॥

तं स्तनाभ्यां सुपीनाभ्यां पीवरोरुनितम्बिनी । युवती गाढमालिङ्ग्येत्तेन शीतं प्रशाम्यति ॥ कान्ताङ्गसङ्गे सञ्जाते तद्वत् शीते निवारिते । मद्गलादं चास्य विज्ञाय पृथक्तां कारयेत् स्त्रियम् ॥ ततो दाहे तु सञ्जाते पत्रैरेरण्डसम्भवैः । शीतलैर्द्वारितैरङ्गे दाहं तस्यापनोदयेत् ॥ तालकं शुक्तिकाचूर्ण दत्तं तत्रोभयोरपि । नवमांशश्च तुत्थं स्यान्मर्दयेत् कन्यकाद्रवैः ॥ तत्तु संशुष्कमुपलैर्वन्यैर्गजपुटे पचेत् । शीतं तच्चूर्णयेच्चूर्ण गुञ्जामात्रं सितायुतम् ॥ प्रभाते भक्षयेत्तेन याति शीतज्वरः क्षयम् । वान्तिर्भवति कस्यापि कस्यचिन्न भवत्यपि ॥ एकेन दिवसेनैव शीतज्वरहरं परम् । मध्याह्नसमये पथ्यं शिखरिण्योदनं तथा ।

इति भूतभैरवचूर्ण शीतज्वरे ॥

कायस्थानाकुलीतिक्तावयस्थापुरचोरकैः ।

सहदेवावचाकुष्ठैः शीतघ्नैर्धूपलेपनैः ॥ एतै-रेवौषधैः पिष्टैर्लवणक्षारसंयुतैः । साम्लैर्वि-पाचितं तैलमभ्यङ्गाच्छीतनाशनम् ॥

कायस्था हरीतकी । नाकुली रास्नाभेद. नाइ इति लोके ॥ वयस्था गुडूची । पुरो गुग्गुलु ॥ चोरकः भण्डीउर तदलाभे गठिवन । सहदेवाबृहद्बला ॥ क्षारो यवक्षार । कायस्थादि धूपन लेपन तैलञ्च ॥

एरण्डस्य तु पत्राणि क्षिप्तभूमौ निधापयेत् । दाहादिज्वरिणो देहे तानि पत्राणि धारयेत् ॥ तेन नश्यति दाहोऽस्य ज्वरश्चैवोपशाम्यति । दाहे शान्ते यदा शैत्यं तच्च युक्त्या निवारयेत् ॥ जघनचक्रचलन्मणिमेखलासरसचन्दनचन्द्रविलेपना । वनलतेव तनुं परिवेष्टयेत् प्रबलदाहनिपीडितमङ्गना ॥

चन्द्र. कर्पूर ।

तदङ्गसङ्गसञ्जातशैत्यैर्दाहे निवारिते । प्रह्लादश्चास्य विज्ञाय तां स्त्रीमपनयेत् पुनः ॥ वर्षिकानागरकुष्ठमूर्वालाक्षानिशालोहितयष्टिकाभिः । सिद्धं हरेत् षड्गुणतक्रपक्वं तैलं ज्वरं दाहसमन्वितं च ॥ इति षट्तक्रतैलम् ॥

रास्नानागरकुष्ठचन्दननिशायष्ट्याह्वकृष्णाबलालाक्षासैन्धवसारिवामधुरसादेवाह्वरोहीतकैः । सोशीराम्बुधिफेनरोहिषजलैस्तैलं पचेत् षड्गुणे तक्रे तच्च जयेत् ज्वरं हठतरं दाहादि शीतादिकम् ॥

चन्दनमत्र श्वेतम् । मधुरसा मूर्वा रोहीतक रोहिणीति लोके । रोहिषेति रोहिततृणविशेष जल वाळम् । महाषट्तक्रतैलम् ॥

पद्मकोत्पलकह्लारमृणालबिसपौष्करैः । कुमुदोशीरमञ्जिष्ठापद्मगैरिककट्फलैः ॥ सारिवाद्वयलोध्राह्वक्षीरीखर्जूरमस्तकैः । धात्रीशतावरीयुक्तैः क्वाथे कल्के प्रयोजितैः ॥ लाक्षारसपयः शुक्तमस्तुभिः सह काञ्जिकैः। पक्वं तैलमिदं स्वच्छं दाहज्वरहरं परम् ॥

लाक्षारसादि पृथक् तैलतुल्यं । इति पद्मकादितैलम् ॥

प्रलेपके प्रयुञ्जीत श्लेष्मज्वरहरीं क्रियाम् । रुद्रजटागोशृङ्गं बिडालविष्ठोरगस्य निर्म्मोकः ॥ मदनफलभूतकेश्यौ संशस्तरुद्रनिर्म्माल्यम् । घृतयवमयूरचन्द्रकछगलकलोमानि सर्षपाः सवचाः । हिङ्गुगवास्थिमरीचाः समभागाच्छागमूत्रसंपिष्टाः ॥ धूपनविधिना शमयन्त्येते सर्वान् ज्वराञ्छियतम् । ग्रहडाकिनीपिशाचप्रेतविकारानयं धूपः ॥

रुद्रजटाबारी भूतकेशी जटामांसी । रुद्रनिर्माल्य पुष्पादि । इति माहेश्वरो धूप ॥

सोमं सानुचरं देवं समातृगणमीश्वरम् । पूजयन् प्रयतः शीघ्रं मुच्यते विषमज्वरात् ॥

सोमं उमया सहितं । सानुचरं नन्द्यादिगणसहितम् । प्रयतः पवित्रः ॥

विष्णुं सहस्रमूर्द्धानं चराचरपतिं विभुम् । स्तुवन्नामसहस्रेण ज्वरान् सर्वान् व्यपोहति।

सहस्रमूर्द्धानमिति सहस्रशीर्षेत्यादि वेदाभिहितं

नामसहस्रेण भारतोक्तेनेत्यर्थ. । ज्वरस्यापि देवत्वात् पूजा कार्या । यत्त आह विदेहः ॥

तीर्थायतनदेवाग्निगुरुवृद्धोपसर्पणैः । श्रद्धया पूजनैश्चापि सहसा शाम्यति ज्वरः ॥

तीर्थं ऋषिजुष्टं जलम् । आयतनम् देवाधिष्ठित पुरुषोत्तमक्षेत्रश्रीशैलादि । इति विषमज्वराधिकारः॥

(૧) ત્રાયમાણુ, કડુ, ગળો અને ઉપલસરીનો ક્વાથ.

(૨) પરવળ, મોથ, મોટો નેપાળો કડુ, ગળો, અને ઉપલસરીનો ક્વાથ.

આ બે ક્વાથોથી સતતાદિ જ્વરો તથા વાયુ વગેરે મટે છે.

(૩) પરવળ, ઇંદ્રજવ, ઉપલસરી, હરડે, લીમડો, વાળો અને ગળોનો ક્વાથ પીવાથી સતતજ્વર મટી જાય છે.

(૪) દ્રાક્ષ, પરવળ, લીમડો, મોથ, ઇંદ્રજવ, અને ત્રિફળાનો ક્વાથ પીવાથી અન્યેદ્યુષ્કજ્વર શાંત થાય છે.

(૫) તૃતીયક અને ચાતુર્થક જ્વરોમા વૈદ્યે પ્રથમ સાધારણ ક્રિયાઓ કરીને પછી વિશેષ ચિકિત્સા કરવી. તૃષા તથા દાહવાળા તૃતીયક જ્વરમાં વાળો, ચંદન, મોથ, ગળો, ધાણા, અને સૂંઠનો પાણીમાં ક્વાથ કરીને તેમાં સાકર તથા મધ નાંખીને પાવો.

(૬) રવિવારને દિવસે કમરે સાત રાતા તાંતણાથી અઘેડાનું મૂળ બાંધવું, તેથી તૃતીયકજ્વર શાંત થઈ જાય છે.

(૭) સમેરવો, ભોંયઆમળી, દેવદાર, હરડે, અરડુસો, અને સૂંઠનો ક્વાથ સાકર તથા મધ નાંખીને પીવાથી ચાતુર્થક જ્વર મટી જાય છે.

(૮) અગથિયાના પાનનું, અથવા સરસડિયો, હળદર અને દારૂહળદરના કલ્કમા ઘી નાંખીને નસ્ય દેવાથી ભયંકર ચાતુર્થજ્વર પણ મટી જાય છે.

(૯) જ્વરના વેગનું તથા જ્વર આવવાના સમયનું સ્મરણ કર્યા કરવાથી પણ તે સમય થયે આવે છે, માટે પ્રિય અદ્ભુત, કે વિષમ પદાર્થોના સ્મરણથી તેને તાવનુ સ્મરણ છોડાવી દેવું, એટલે પણ તે આવશે નહિ. લાંબા કાળથી ચાલતા સંતત સતતાદિ સર્વ વિષમ જ્વરોના પણ પથ્ય ભોજનોથી અને ઇષ્ટ પદાર્થોથી ઉપચાર કરવા, સતત વિપર્યયાદિ બીજા જ્વરોની ચિકિત્સા પણ સતતાદિના જેવીજ કરવી. ટાઢ આવે ત્યારે શીત નિવારણની અને ગરમી થાય ત્યારે તેના નિવારણની ક્રિયાઓ કરવી. ટાઢ ઉડાડવાના ઉપયોગમાં શાલદુશાલા તથા ધાબળા વગેરે ભારે વસ્ત્રો તથા રજાઇઓ ઓઢાડવી. પુષ્ટ સાથળો વાળી અને મોટા નિતંબો વાળી જુવાન સ્ત્રી પોતાનાં પુષ્ટ સ્તનોથી ટાઢવાળાને આલિંગન આપે, તો પણ ટાઢ મટી જાય છે. સ્ત્રીના સ્પર્શ થી કામ વ્યાપે તો તે સ્ત્રીને દૂર કરી દેવી. પછી દાહ થવા લાગે ત્યારે શરીર ઉપર એરંડાનાં શીતળ પાનો ઓઢાડવાં, અને દાહનું શમન કરવું.

ભૂતભૈરવ ચૂર્ણ.

હરતાળ તથા છીપનું ચૂર્ણ, અને તે બંનેના નવમા ભાગ જેટલું મોરથુથુ, એ સર્વને કુવારના રસની ભાવના દેઇને સૂકાય ત્યારે વગડાઉ અડાયાથી ગજપુટમાં પકવવું. પછી ટાઢું પડે એટલે ચૂર્ણ કરી પ્રાતઃકાળે સાકર સાથે એક રતિભાર ખાવાથી શીત-

જ્વરનો નાશ થાય છે. આ ચૂર્ણ ખાવાથી કોઇને ઉલટી થાય છે, અને કોઇને નથી પણ થતી. એકજ દિવસમા આ ચૂર્ણ શીતજ્વરને મટાડે છે. મધ્યાન્હે શીખડ તથા ચોખાનું પથ્ય ભોજન આ ચૂર્ણ ઉપર કરવું.

કાયસ્થાદિ ધૂપ, લેપ, અને તૈલ.

હરડે, રાસ્ના, કડુ, ગલો, ગૂગળ, ભારંગ (અથવા તગર ગાઠ) ખપાટ, વજ, અને કઠનો ધૂપ અથવા લેપ કરવાથી શીતનો નાશ થાય છે. એ સર્વને વાટીને તેમા લવણ, જવખાર, અને લીંબુનો રસ નાંખીને પકાવેલ તેલનો અભ્યંગ કરવાથી પણ શીતનો નાશ થાય છે.

(૧૨) લીંપેલી ધરતી ઉપર એરડાનાં પાન મૂકી પ્રથમથી દાહ સહિત જ્વરવાળાના શરીર પર તે પાન રાખવાં. તેથી દાહ મટીને જ્વર શાંત થાય છે. દાહ મટયા પછી ટાઢ આવે તો તેને પણ યુક્તિથી મટાડવી. પ્રબળ દાહવાળાને નિતંબ ઉપર ચલાયમાન મણિમય કટિમેખળાવાળી અને રસ યુક્ત કપૂર તથા ચંદનનાં લેપનો વાળી રૂપાળી સ્ત્રીએ, જેમ વૃક્ષને લતા વળગી જાય છે, તેમ, બાથ ભરીને બાઝી પડવું. સ્ત્રીના શરીરની શીતળતાથી જો રોગીને કામ વ્યાપે, તો તે સ્ત્રીને દૂર ખસેડી લેવી.

ષટ્તક તૈલ.

સાજીખાર, સૂંઠ, કઠ, મોરવેલ, લાખ, હળદર, રતાંજળી, અને જેઠીમધ સહિત છ ગણી જાડી છાશમાં પકાવેલ તેલ દાહવાળા જ્વરને મટાડે છે.

મહાષટ્તક તૈલ

(૧૪) રાસ્ના, સૂંઠ, કઠ, સુખડ, હળદર, જેઠીમધ, પીપર, ખપાટ, લાખ, સૈંધવ, ઉપલસરી, મોરવેલ, દેવદાર, રક્ત રોહિડો, વાળો, સમુદ્રફીણ, રોહિષખડ, અને કાળોવાળો, એની સાથે છ ગણી જાડી છાશમાં પકવેલું તેલ આરંભમાં દાહવાળા અગર આરભમાં શીતવાળા અત્યંત ભારે જ્વરને પણ મટાડી દે છે.

પદ્મકાદિ તૈલ.

(૧૫) પદ્મકાષ્ઠ, ઉત્પલ, કલ્હાર, શતુંકમળ, કમળકંદ, કઠ, વછનાગ, કુમુદ એટલે રાત્રી વિકાસી કમળ, વાળો, મજીઠ, શ્વેતકમળ, સોનાગેરૂ, કાયફળ, ઉપલસરી, લોદર, વેલિયા પીપળાનાં દીંટિયાં, ખજુરીનાં દીંટિયાં, આમળાં અને શતાવરીના કલ્કો, લાખનો રસ, દૂધ, અથાણાનો રસ, દહિનું પાણી, અને કાંજી; એ સર્વના ક્વાથમાં પકવેલું તેલ ચામડીને હિતકારી થાય છે, અને દાહ જ્વરને હણે છે. લાખનો રસ, અથાણાનો રસ, દૂધ, દહિનું પાણી, અને કાંજી, એ તેલના વજન જેટલાંજ લેવાં.

પ્રલેપકની ચિકિત્સા.

પ્રલેપક જ્વર માટે સર્વ ક્રિયાઓ કફ જ્વરનીજ કરવી.

માહેશ્વર ધૂપ.

વડવાઇ, ગાયનું શીંગડું, બિલાડાની વિષ્ટા, સર્પની કાંચળી, મીંઢળ, જટામાંસી, વાસની છાલ્ય, ફૂલ વગેરે મહાદેવનું નિર્માલ્ય, ઘી, જવ, મોરનાં પીંછાંના ચાંદા, સર્ષપ, બકરાનાં ફેંવાડાં, વજ, હીંગ, ગાયનું હાડકું, અને મરી, આ સર્વ સમ ભાગે લેઇ, બકરાના મૂત્રમાં વાટી તેનો ધૂપ કરવાથી સર્વ પ્રકા-

રના જ્વરો અવશ્ય મટે છે. વળી ગ્રહ, ડાકણ, પિશાચ, અને પ્રેતના વિકારો પણ એથી જરૂર મટી જાય છે.

દેવ પૂજન તથા સ્તુતિ.

પવિત્ર થઇને પાર્વતી સહિત, નંદી આદિ ગણો તથા માતૃગણો સહિત શંકરનુ પૂજન કરવાથી વિષમ જ્વર નાશ પામે છે. સ્થાવર જંગમના પતિ, સર્વ વ્યાપક, અને સહસ્રશીર્ષા વગેરે વેદમાં મન્ત્રોમા વર્ણવેલા વિષ્ણુની મહાભારતના આનુશાસનિક પર્વમાં કહેલા વિષ્ણુ 'સહસ્રનામ નામના સ્તોત્રથી સ્તુતિ કરવાથી સર્વ જ્વરો નાશ પામે છે. જ્વર પણ દેવરૂપ છે. એટલા માટે તેનુ પણ પૂજન કરવું. વિદેહે કહ્યુ છે કે "ઋષિઓથી સેવાયલાં તીર્થ રૂપ જળો, દેવોના નિવાસ રૂપ જગનાથ ક્ષેત્ર, શ્રી શૈલ વગેરે ક્ષેત્રો, દેવો, અગ્નિ, ગુરૂઓ, અને વૃદ્ધોનો આશ્રય લેવાથી, તથા તેમના પૂજનો શ્રદ્ધા પૂર્વક કરવાથી પણ જ્વર શાંત થાય છે.

વિષમજ્વરનો અધિકાર સપૂર્ણ

(ધાતુ ગતજ્વરનો અધિકાર.)

રસ ગત જ્વરનાં લક્ષણો.

गुरुता हृदयोत्क्लेशः सदनं छर्घरोचकौ । रसस्थे तु ज्वरे लिङ्गं दैन्यं चास्योपजायते॥

गुरुता गात्राणा हृदयस्थस्य दोषस्योपचितत्वाद्वमनमिव दैन्य क्लीबचित्तता ॥ रसस्थे रसधातुगते ज्वरे यद्यपि रसैकधातुं प्राप्य सन्ततश्चाय तथाप्यनुक्रमाद्धातुगतकथनार्थएवात्र निर्देश ॥

રસમાં જ્વર હોય તો ભારેપણું, હૃદયમા દોષની વૃદ્ધિ, મોળ, ગ્લાનિ, વમન, અરૂચિ, અને મનની નબળાઈ થાય છે.

રસગતજ્વરનો ચિકિત્સા

रसस्थे तु ज्वरे तस्मिन् कुर्याद्वमनलङ्घने॥

રસમા રહેલા જ્વરમા વમન અને લંઘન કરવા.

રક્તગતજ્વરનાં લક્ષણ.

रक्तनिष्ठीवनं दाहो मोहच्छर्दनविभ्रमौ । प्रलापः पिडिका तृष्णा रक्तप्राप्ते ज्वरे नृणाम् ॥ मोहो व्यग्रचित्तता. ॥

લોહીના બળખા, દાહ, બેભાની, વમન, વિભ્રમ, બકવા, તૃષા, અને ફોલ્લીઓ રક્તગતજ્વરમાં થાય છે.

રક્તગતજ્વરની ચિકિત્સા.

सेकः संशमनो लेपो रक्तमोक्षोप्यसृग्गते॥

રક્તગતજ્વરમાં સેચન, સશમન, લેપ, તથા લોહી કઢાવવાની ક્રિયાઓ કરવી.

માંસગતજ્વરનાં લક્ષણ.

पिण्डकोद्वेष्टन तृष्णा सृष्टमूत्रपुरीषता । उष्णान्तर्दाहविक्षेपौ ग्लानिः स्यान्मांसगे ज्वरे ॥

उष्णान्तर्मोहविक्षेपाविति पठन्ति तत्र उष्णा अन्त विक्षेप हस्तपादादिचालनम् ॥

પીંડીઓમાં ગોઠલી ચઢવી, વિષ્ટામૂત્ર બહુ થવાં, તૃષા, અતર્દાહ, દાહ, હાથ પગ પછાડવા, અને ગ્લાનિ, એ માંસગતજ્વરમા થાય છે

માંસગતજ્વરની ચિકિત્સા.

तीक्ष्णं विरेकश्च तथा कुर्यात् मांसगते ज्वरे ॥

માંસગતજ્વરમા તીક્ષ્ણ વિરેચન દેવું

મેદોગતજ્વરનું લક્ષણ

भृशं स्वेदस्तृषा मूर्छा प्रलापश्छर्दिरेव च ॥ दौर्गन्ध्यारोचकौ ग्लानिर्मेदस्थे चासहिष्णुता ।

भृशं स्वेद मेदोमूलत्वात् ।

મેદોગતજ્વરમાં બહુ પરસેવો, મૂર્ચ્છા, બકવા, ઉલટી, દુર્ગંધ, અરૂચિ, ગ્લાનિ, અને અસહનતા થાય છે

મેદોગતજ્વરની ચિકિત્સા

मेदस्थे मेदसो नाशं ॥

મેદોગતજ્વરમાં મેદનો નાશ કરવો.

અસ્થિગતજ્વરનાં લક્ષણ.

भेदोऽस्थ्नां कूजनं श्वासो विरेकश्छर्दिरेव च । विक्षेपणञ्च गात्राणां विद्यादस्थिगते ज्वरे ॥

અસ્થિગતજ્વર હોય તો હાડકાં ત્રૂટે પેટમાં ગુડગુડાટ થાય, શ્વાસ અને ઝાડો તથા વમન થાય છે, અને ગાત્રો પછડાય છે.

અસ્થિગત જ્વરની ચિકિત્સા.

अस्थिस्थे तु ज्वरे कुर्याद्वातनाशनकं विधिम् । बस्तिकर्म यथोक्तञ्चमभ्यङ्गोन्मर्दनं तथा ॥

અસ્થિગત જ્વરમા વાયુના નાશનો વિધિ કરવો. બસ્તિ કર્મ, અભ્યંગ, તથા મર્દન કરવાં.

મજ્જાગત જ્વરનાં લક્ષણ.

तमःप्रवेशनं हिक्का कासः शैत्यं वमिस्तथा । अन्तर्दाहो महाश्वासो मर्मच्छेदश्च मज्जगे ॥

असाध्यत्वान्नात्र चिकित्सा ।

મજ્જાગત જ્વરમાં અંધારાં આવવાં. હેડકી, ઉધરસ, ટાઢ, ઉલટી, અંતર્દાહ, મહાશ્વાસ, અને મર્મચ્છેદન થાય છે. (મજ્જાગત જ્વરની ચિકિત્સા, તે અસાધ્ય હોવાથી છે જ નહિ.)

વીર્યગત જ્વરનાં લક્ષણો.

मरणं प्राप्नुयात्तत्र शुक्रस्थानगते ज्वरे । शेफसः स्तब्धता मोक्षः शुक्रस्य तु विशेषतः॥

ननु शुक्रगते मरणमित्युक्तं तत्र शुक्रं सर्वदेहगम् । नैव स्वाश्रयस्थशुक्रे मरणम् ॥

વીર્યગત જ્વરમાં તો મરણ જ થાય છે. લિંગ નિર્મળ થઇ વીર્ય બહુ નીકળ્યા કરે છે. (જે મુખ્ય સ્થાનમાં વીર્ય રહે છે, તેમાં જો જ્વર પ્રવેશ કરે તો મરણ થાયછે.)

(જીર્ણજ્વરનો અધિકાર.)

સામાન્ય લક્ષણ.

यो द्वादशेभ्यो दिवसेभ्य ऊर्द्धं दोषत्रयेभ्यो द्विगुणेभ्य ऊर्द्धम् । नृणां तनौ तिष्ठति मन्दवेगो भिषग्भिरुक्तो ज्वर एष जीर्णः ॥

બાર દિવસથી ઉપર અને ત્રણે દોષોના ભમણા અવધિથી પણ ઉપર ચાલે છે અને શરીરમાં મંદ વેગે રહેછે, તેને વૈદ્યો જીર્ણજ્વર કહે છે.

વાત બલાસકનું લક્ષણ.

नित्यं मन्दज्वरो रूक्षः शूनः कृच्छ्रेण सिध्यति । स्तब्धाङ्गः श्लेष्मभूयिष्ठो नरो वातबलासकी ॥

वातबलासकी नर ईदृग्भवेत् । शूनः शोथी । श्लेष्मभूयिष्ठो बहुश्लेष्मकः ॥

વાત બલાસક જીર્ણ જ્વર થાય તો વેગમંદ, રૂક્ષતા, સોજા, અંગોમાં જડતા, અને કફ વધારે હોય છે. એ જ્વર કષ્ટ સાધ્ય છે.

સામાન્ય ચિકિત્સા.

जीर्णज्वरी नरः कुर्यान्नोपवासं कदाचन। लङ्घनात् स भवेत् क्षीणो ज्वरस्तु स्याद्बली यतः ॥ पुराणेऽपि ज्वरे दोषा यद्यपथ्यैः पुनस्तथा । लङ्घयेत्तत्र तत्पश्चात् पूर्वामेवाचरेत् क्रियाम् ॥ तथा पूर्ववत् ॥

निदिग्धिकानागरकामृतानां क्वाथं पिबेन्मिश्रितपिप्पलीकम् । जीर्णज्वरारोचककासशूलश्वासाग्निमान्द्यार्दितपीनसेषु । हन्त्यूर्द्ध्वजामयं प्रायः सायं तेनोपयुज्यते ॥

इति त्रिकण्टकक्वाथः ॥

पिप्पली मधुसंयुक्तः क्वाथश्छिन्नोद्भवोद्भवः । जीर्णज्वरकफध्वंसी पञ्चमूलकृतोऽथवा ॥ अमृतायाः कषायन्तु शीतलीकृतमीरितम् मधुपादयुतं पीतं जीर्णज्वरहरं परम् ॥ पिप्पलीमधुसंमिश्रं गुडूचीस्वरसं पिबेत् । जीर्णज्वरकफप्लीहकासारोचकनाशनम् ॥ जीर्णज्वरेऽग्निमान्द्ये च शस्यते गुडपिप्पली । कासाजीर्णारुचिश्वासहृत्पाण्डुक्रमिरोगनुत् ॥ द्विगुणः पिप्पलीचूर्णाद्गुडोऽत्र भिषजां मतः । पिप्पली मधुसंयुक्ता मेदः कफविनाशिनी ॥ श्वासकासज्वरहरी पाण्डुप्लीहोदरापहा ॥ आमलकं चित्रकं पथ्या पिप्पली सैन्धवं तथा । चूर्णितोऽयक्रूणी ज्ञेय सर्वज्वरहरः परः ॥ भेदी रुचिकरः श्लेष्महन्ता दीपनपाचनः ॥

इति आमलक्यादि चूर्णम् ॥

द्राक्षामृता सटी शृङ्गी मुस्तकं रक्तचन्दनम्। नागरं कटुका पाठा भूनिम्बः सदुरालभः ॥ उशीरं धान्यकं पद्मं बालकं कण्टकारिका । पुष्करं पिचुमन्दश्च दशाष्टाङ्गमिदं स्मृतम् ॥ जीर्णज्वरारुचिश्वासकासश्वयथुनाशनम् ॥

द्राक्षादिरष्टादशाङ्ग. क्वाथः ॥

त्रिवृद्ध्या पञ्चवृद्ध्या वा सप्तवृद्ध्याथवापि वा ॥ गव्यक्षीरेण सपिष्टां पिबेद्दशदिनानि हि तथैवापनयेदेता एवं विंशति वासरान् । पिबतां ज्वरशान्तिः स्यात् पाण्डुरोगश्च शाम्यति ॥ कासश्वासोऽग्निमान्द्यश्च कफाधिक्यश्च नश्यति ॥

त्र्यादिवृद्धिर्यथा कफवृद्धिर्दुग्धवृद्धिर्यथाग्निवृद्धिः॥ इति वर्द्धमानपिप्पली ॥

वातश्लेष्मज्वरोक्ता स्यात् क्रिया-वातबलासके । जीर्णज्वरे कफे क्षीणे दाहे तृष्णा समन्विते ॥ पयः पीयूषसदृशं तत्रवे तु विषोपमम् । चन्दनाद्यं हितं तैलं शोषाधिकारकीर्त्तितम् ॥ तथा नारायणं तैलं जीर्णज्वरहरं परम् ।

इति जीर्णज्वराधिकार. ॥

જીર્ણ જ્વર વાળાએ કોઇ વાર પણ ઉપવાસ કરવો નહિ, કેમકે લંઘનથી દેહ ક્ષીણ થાય છે તેથી જ્વર બળવાન્ થાય છે;

તો પણ અપથ્ય થયાથી દોષો પૂર્વના જેવા જ પાછા બેહેકયા હોય, તો લંઘન કરાવીને પછી જ ક્રિયા કરવી.

(૧) ભોરીંગણી, સૂંઠ, અને ગળોનો ક્વાથ કરી તેમાં પીપરનું ચૂર્ણ નાંખી પીવાથી જીર્ણજ્વર, અરૂચિ, ઉધરસ, શ્વાસ, અગ્નિની મંદતા, અર્દિત, અને શ્લેષ્મ મટી જાય છે. ઘણું કરીને આ ક્વાથ ડોકના કાંઠલાથી ઉપરના ભાગના રોગોને મટાડે છે, તેથી તેનો ઉપયોગ સાયંકાળે કરવો. આ ક્વાથ ત્રિકટક કહેવાય છે.

(૨) ગળો અથવા પંચમૂળનો ક્વાથ પીપરનું ચૂર્ણ તથા મધ નાંખીને પીવાથી જીર્ણજ્વર મટી જાય છે, એમ વિદ્વાનોએ કહેલું છે કફને માટે પણ તે ઠીક છે.

(૩) ગળોના શીતળ કરેલા ક્વાથમાં ચોથે ભાગે મધ નાખીને પીવાથી જીર્ણજ્વર સારી પેઠે મટી જાય છે, એમ વિદ્વાનો કહે છે.

(૪) ગળોના સ્વરસમાં પીપર અને મધ નાંખીને પીવાથી જીર્ણજ્વર, કફ, બરલનો રોગ, ઉધરસ, અને અરૂચિ મટી જાય છે.

(૫) ગોળ અને પીપરનું ચૂર્ણ ખાવાથી ઉધરસ, અજીર્ણ, અરૂચિ, શ્વાસ, કૃમિ, અને પાંડુરોગ મટી જાય છે. આ દવા જીર્ણજ્વર તથા અગ્નિમાંદ્ય ઉપર વખાણાયલી છે. આ ઉપાય ગુડ પિપ્પલી કહેવાય છે તેમાં પીપરના ચૂર્ણથી ગોળ બમણો લેવો, એમ વૈદ્યો કહે છે.

(૬) પીપરનું ચૂર્ણ મધમાં ચાટવાથી મેદ, કફ, શ્વાસ, ઉધરસ, જ્વર પાંડુરોગ, બરળ તથા ઉદરરોગો મટી જાય છે.

આમલકયાદિ ચૂર્ણ.

(૭) આમળાં, ચિત્રક, હરડે, પીપર, અને સૈંધવનું ચૂર્ણ ખાવાથી સર્વ જાતના જ્વરો મટે છે, દસ્ત લાગે છે, રૂચિ થાય છે, કફ મટે છે, અગ્નિ દીપન થાય છે, અને પાચન થાય છે. આ ચૂર્ણ આમલકયાદિ કહેવાય છે.

દ્રાક્ષાદિ અષ્ટાદશાંગ ક્વાથ.

(૮) દ્રાક્ષ, ગળો, કચૂરો, કાકડાશીંગી, મોથ, રતાંજળી, સૂંઠ, કડુ, કાળીપાઠ, કરિયાતું, ધમાસો, વાળો ધાણા, કમળ, કાળો વાળો, ભોરીંગણી, એરંડાનું મૂળ, અને લીમડો, એ અઢાર ચીજોનો ક્વાથ જીર્ણ જ્વર, અરૂચિ, શ્વાસ, ઉધરસ, અને સોજાનો નાશ કરે છે.

વર્દ્ધમાન પિપ્પલી યોગ.

(૯) નિત્ય ત્રણ ત્રણ પાંચ પાંચ, કે સાત સાત વધારીને લીંડી પીપર ગાયના દૂધમાં વાટીને દસ દિવસ સુધી પીવામાં આવે તો, તથા એજ રીતે બીજા દસ દિવસ સુધી ઉતરતા જઇને પીવામાં આવે તો જ્વર તથા પાકુ રોગની શાંતિ થાય છે, અને ઉધરસ, શ્વાસ, અગ્નિમાંદ્ય, કફ, એ મટી જાય છે. કફનો તથા અગ્નિનો વધારો તપાસીને ત્રણ ત્રણ વગેરે પીપરનો વધારો કરવો. અને પીપર વધારવી તેમ તેમ દૂધ પણ વધારતાં જવું.

(૧૦) વાત બલાસક જીર્ણજ્વરની ચિકિત્સા કફ જ્વર પ્રમાણે કરવી.

(૧૧) જીર્ણજ્વર, કફનો ક્ષય, તૃષા, અને દાહ ઉપર દૂધ અમૃત સમાન છે, પણ નવા જ્વર ઉપર દૂધ વિષ સમાન છે.

(૧૨) શોષના અધિકારમાં જે ચદનાદ્ય તૈલ કહેવામાં આવશે, તથા નારાયણ તૈલ કહેવામાં આવશે, તે પણ જીર્ણ જ્વરના ઉત્તમ ઉપાયો છે.

ખરાબ પાણીથી થયેલા જ્વરની ચિકિત્સા–હરીતકયાદિ ચૂર્ણ

हरीतकीं निम्बपत्रं नागरं सैन्धवोऽचलः। एषां चूर्णं सदा खादेत् दुर्ज्जलज्वरशान्तये ॥

इति हरीतक्यादि चूर्णम् ।

(૧) હરડે, લીમડાનાં પાન, સૂઠ, સૈંધવ, અને ચિત્રકનુ ચૂર્ણ નિત્ય ખાવાથી ખરાબ પાણીનો જ્વર શાંત થાય છે

શુંઠી કવાથ.

अरुचिमनलमांद्यं पीनसश्वासकासानुदरमुदकदोषानाशु हन्यादशेषान् । जनयति तनुकान्तिं चित्तनेत्रप्रसादं पलपरिमितशुण्ठीक्षौद्रसिद्धः कषायः ॥

इति शुण्ठीक्वाथ ।

(૨) અરૂચિ, મંદાગ્નિ, પીનસ, શ્વાસ, ઉધરસ, ઉદરરોગો, જળના દોષો, એ સર્વે ચાર તોલા સૂઠનો કવાથ મધ નાંખીને પીવાથી છેક નાશ પામે છે. અને શરીર કાંતિમાન્ તથા ચિત્ત અને નેત્ર સારાં થાય છે.

દુર્જલજેતા રસ.

विषं भागद्वयं दग्धं कपर्दं पञ्चभागकम्। मरिचं नवभागं च चूर्णं वस्त्रेण शोधयेत् ॥ आर्द्रकस्य रसेनास्य कुर्यान्मुद्गनिभां वटीम् । वारिणा वटिकायुग्मं प्रातः सायञ्च भक्षयेत् ॥ अयं रसो ज्वरे योज्यः सामे दुर्ज्जलजेऽपि च । अजीर्णाध्मानविष्टम्भ शूलेषु श्वासकासयोः ॥

इति दुर्ज्जलजेता रस ॥

વછનાગ બે ભાગ, બાળેલી કોડી પાંચ ભાગ, અને મરી નવ ભાગ, એનુ ચૂર્ણ વસ્ત્રથી ગાળીને આદાના રસમાં મગ જેવડી ગોળી કરી પ્રાતઃકાળે બે બે ગોળી પાણીમાં ખાવાથી આમજ્વર તથા દુર્જલ જ્વર, અજીર્ણ, આફરો, વિષ્ટંભ, શૂળ, શ્વાસ, અને ઉધરસ મટી જાય છે.

પટોલાદિ કવાથ

पटोलमुस्तामृतवाल्लिवासकं स नागरं धान्यकिराततिक्तकम् । कषायमेषां मधुना पिबेन्नरो निवारयेद्दुर्ज्जलदोषमुल्बणम् ॥

इति पटोलादिक्वाथ. ॥

(૪) પરવળ, મોથ, ગળો, અરડૂસી, સૂઠ, ધાણા, કરિયાતુ, આ કવાથ મધ નાખીને પીનારને ખરાબ પાણીની અસર મટી જાય છે.

કિરાતાદિ ચૂર્ણ

किराततिक्तात्रिवदम्बुपिप्पलीविडङ्गविश्वाकटुरोहिणीरजः । निहन्तिलीढं मधुनातिसत्वरं सुदुस्तरं दुर्जलदोषजं ज्वरम् ॥

इति किरातादिचूर्णम् ॥

(૫) કરિયાતુ, નસોતર, વાળો, પીપર, વાવડીંગ, સૂંઠ, કડુ, એ ચૂર્ણ મધમાં ચાટવાથી એકદમ અતિ દુસ્તર દુર્જલજ્વર હણાઇ જાય છે.

શુંઠયાદિ કલ્ક

भोजनाग्रे नरैर्नित्यं शुण्ठीजाज्यभयोत्थितः कल्कस्तु सेवितो हन्यान्नानादेशोद्भवं जलम् ॥

માણસ નિત્ય ભોજનના આરંભમાં સૂંઠ, જીરૂ, અને હરડેનો કલ્ક ખાવાથી નાના પ્રકારના દેશોનાં પાણી લાગતાં નથી.

આર્દ્રકાદિ કલ્ક.

सहार्द्रकयवक्षारौ पीत्वाकोष्णेन वारिणा । नानादेशसमुद्भूतं वारिदोषमपोहति ॥

(૭) આદુ અને જવખાર ઊના પાણીમાં પીવાથી ઘણા દેશોનાં પાણી લાગતાં નથી.

સાધ્ય જ્વરનું લક્ષણ.

बलवत्स्वल्पदोषेषुः ज्वरः साध्योऽनुपद्रवः।

બળવાન્ માણસને અલ્પદોષ વાળો અને ઉપદ્રવો વગરનો જ્વર થાય તે સાધ્ય જાણવો.

જ્વરના ઉપદ્રવો.

श्वासो मूर्च्छारुचिच्छर्दिस्तृष्णातीसारविड्ग्रहाः । हिक्काकासाङ्गदाहाश्चज्वरस्योपद्रवा दश ॥

શ્વાસ, મૂર્છા, અરૂચિ, ઉલટી, તૃષા, અતિસાર, મળબંધ, હેડકી, ઉધરસ, અને અંગમાદાહ, એ દશ ઉપદ્રવો જ્વરના છે.

ઉપદ્રવોની ચિકિત્સા.

सञ्जातोपद्रवो व्याधिस्त्याज्यो नस्याच्चिकित्सकैः । व्याधौ शान्ते प्रणश्यन्ति सद्यः सर्वेऽप्युपद्रवाः ॥ अतो व्याधिं जयेद्यत्नात्पूर्वं पश्चादुपद्रवान् । भिषग् यः कुशलः सोऽग्रजयेत्पूर्वमुपद्रवम् ॥ तेष्वपि प्रचुरेषु प्राज्ञ नाशयेदाशु कारिणम् । मूल व्याधिं जयेत्पूर्वं यत्र यो वा भवेद् बली। अविरोधेन कार्या तदुभयोरपि च क्रिया।

ઉપદ્રવો સહિત થયેલા રોગને પણ વૈદ્યે છોડી દેવો નહિ. રોગ મટે છે. તો ઉપદ્રવો પણ મટે છે. માટે યત્નથી પ્રથમ રોગને અને પછી ઉપદ્રવોને જીતવા. પ્રવીણ વૈદ્ય તો વળી રોગ કરતાં ઉપદ્રવને પ્રથમ જીતે છે. ઉપદ્રવો ઘણા હોય તો તેમાંથી જે વધારે ઝડપવાળો હોય તેને પહેલો જીતવો. પ્રથમ મૂળ રોગને અથવા જે વધારે બળવાન હોય તેને જીતવો, અથવા તો વિરોધ ન આવે તેવી રીતે એકજ વખતે બંનેને જીતવા

જ્વરમાં શ્વાસની ચિકિત્સા.

દશાંગ પ્રયોગ.

सिंही व्याघ्री ताम्रमूली पटोली शृङ्गी पथा पुष्कर रोहिणी च । शार्ङ्ग शठया शैलमल्याश्च बीजं श्वासं हन्यात् सन्निपातं दशाङ्गः ॥

सिंही बडीकटैया । व्याघ्री लघुकण्टकारी ॥ ताम्रमूली दुरालभा । रोहिणी कटुकी ॥ शैलमल्ली कोरैआ । दशाङ्गप्रयोग ॥

भार्गी निम्बघना भया मृतलता भूनिम्बवासा विषा । त्रायन्ती कटुका वचा त्रिकटुकस्योनाकसक्रदुमैः ॥ रास्नायासपटोलपाटलशटी दार्वी विशाला त्रिवृत् ब्राह्मी पुष्करसिंहिकाद्वयनिशाबाष्पक्षदेवद्रुमैः ॥ क्वाथोऽयं खलु सन्निपातनिवहान्

द्वात्रिंशतां पानतो दुर्द्धर्षाग्निजतेजसा विजयते सर्पान् गुरुत्मानिव ॥ किञ्च श्वासबलासकासगुदरुक्हृद्रोगहिक्कामरुन्मन्यास्तम्भगलामयार्दितमलाविष्टम्भमध्मानपि ॥

विषा अतीसः शक्रद्रुम बकुल इति लोके । देवद्रुम देवदारुः । इति द्वात्रिंशत्क्वाथः ॥

मधुना कृष्णाकट्फलकर्कटशृङ्गीभवं चूर्णम् । श्वासामये महोग्रे लीढ्वा लोकः सुखी भवति ॥ वन्योपलाग्नितापितदात्रस्याग्रेण पञ्जरे दाहः । अपहरति श्वासामयमसंशयं भाषितं मुनिभिः ।

ઉભી તથા બેઠી ભોરીંગણીઓ, ધમાસો, કડવી ઘીસોડી, કાકડાશીંગી, ભારગીનાં મૂળ, એરડાનાં મૂળ, કડુ, કચૂરાના પાન, ઇંદ્રજવ, આ દશાંગ પ્રયોગ શ્વાસને મટાડે છે.

દ્વાત્રિંશ ક્વાથ

(૨) ત્રાયમાણ, કડુ, વજ, ભારગી, લીમડો, મોથ, હરડે, ગળો, કરિયાતુ, અરડૂસી, અતિવિષ, ત્રિકટુ, અરલુ, ઇંદ્રજવ, રાસ્ના, જવાસો, કડવાંપરવળ, કાકચિયા, કચૂરો, દારૂહળદર, ઇંદ્રવારૂણી, નસોતર, બ્રાહ્મી, એરડાનું મૂળ, ઊભી તથા બેઠી ભોરીંગણીઓ, હળદર, આમળી, બેહેડાં, અને દેવદાર, આ બત્રીસ ચીજોનો ક્વાથ, ગરૂડ સ્વપરાક્રમથી જેમ સર્પોને જીતે છે તેમ સ્વપ્રભાવથી મહા દારૂણ સંનિપાતો, શ્વાસ, કફ ઉધરસ, ગુદરોગ, છાતીના રોગ, હેડકી વાયુ, ઓડનુ ગ લાઈ જવું, ગળાના રોગ, ફટકિઓ વાયુ, મળબંધ, અને બદનો નાશ કરે છે.

(૩) પીપર, કાયફળ અને કાકડાશીંગીનુ ચૂર્ણ મધમા ચાટવાની મહા ઉગ્ર શ્વાસ રોગ મટે છે.

(૪) અડાયાના અગ્નિથી તપાવેલ દાતરડાની અણીથી હાડપિંજરમાં ડામ દેવાથી શ્વાસ રોગ અવશ્યમટે છે, એમ મુનિઓએ કહેલું છે.

જવરમાં મૂર્ચ્છાની ચિકિત્સા.

आर्द्रकस्य रसैर्नस्यं मूर्छायामाचरेन्नरः । अञ्जनञ्च प्रयुञ्जीत मधुसिन्धुशिलोषणैः ॥ शीताम्भसाक्षिसेकः सुरभिर्धूपः सुगन्धि पुष्पञ्च । मृदुतालवृन्तवातः कोमलकदलीदलस्पर्शः ॥

મૂર્ચ્છા માટે આદાનો રસ સૂંઘવો, મધ, સૈંધવ, મણશીળ, અને મરી આંજવાં, શીતળ પાણી આંખોમાં છાંટવુ, સુગધી ધૂપ તથા પુષ્પો સૂઘવાં, તાડના પખાનો વાયુ નાખવો, અને કેળનાં પાન શરીરે અડાડવાં.

જવરમાં અરૂચિની ચિકિત્સા.

अरुचौ तु शृङ्गवेरजरसकैः सोष्णैः ससिन्धुजैः कवलः । सिन्धूत्थमातुलुङ्गीफलकेशरधारणं वक्त्रे ॥

અરૂચિ માટે આદાના રસને ગરમ કરીને તેમા સૈંધવ નાંખીને મુખમા રાખવો અને બીજોરાંના ફળના તંતુઓ તથા સૈંધવ મુખમાં રાખવાં.

વમનની ચિકિત્સા

क्वाथो गुडूच्याः समधु सुशीतः पीतः प्रशान्तिं वमनस्य कुर्यात् । निर्द्मक्षिकाणां मधुनाऽवलीढा सचन्दना शर्करयान्विता वा॥

ગળોનો શીતળ ક્વાથ મધ નાંખીને પીવાથી ઉલટી મટી છે. માખીની હગાર મધ, ચંદન, અથવા સાકર સાથે ચાટવાથી પણ ઉલટી મટે છે.

તરશની ચિકિત્સા.

दन्कशठबीजपूरकदाडिमवदरैः सचुककैर्वदने । लेपो जयति पिपासामथ रजतगुटी मुखान्तःस्था ॥ शीतं पयः क्षौद्रयुतं निपीतमाकण्ठमाश्वेव तदुद्वमेच्च । तर्षं महातं शमयेद्धि वक्त्रे धृत्वाथ वा क्षौद्रवटाप्रलाजान्

(૧) લીંબુ, બીજોરું, દાડમ, બોર, અને ચૂકાનો મુખમા લેપ કરવાથી તૃષા મટી જાય છે.

(૨) મુખમાં રૂપાની ગોળી રાખવાથી તૃષા મટે છે.

(૩) મધ સહિત ટાઢું દૂધ ગળા સુધી લેઇને ઓકી કાઢવાથી તૃષા મટે છે.

(૪) મધ, વડનાં અગ્રો, અને શાળની ધાણી મુખમાં રાખવાથી તૃષા મટે છે.

જ્વરમાં અતિસારની ચિકિત્સા.

लङ्घनमेकं मुक्त्वा नान्यच्चास्तीह भेषजं बलिनः । समुदीर्णदोषनिचयं शमयति तत्पाचयेदपि च ॥ वत्सादनी वत्सकवारिवाहविश्वम्भरा निम्बविषासविश्वा । ज्वरेऽतिसारं त्वरितं जयन्ति विश्वामृतावत्सकवारिवाहाः ॥ विश्वम्भरा भूनिम्बः ॥

पाठामृतापर्पटमुस्तविश्वाकिराततिक्तेन्द्रयवान् विपाच्य । पिबन् हरत्येव हठेन सर्वान् ज्वरातिसारानपि दुर्निवारान् ॥

બળવાન્ અતિસારનું ઔષધ કેવળ લંઘન વિના બીજું નથી, લંઘનથી વધી ગયેલા દોષોનું શમન થાય છે.

(૧) ગળો, ઇંદ્રજવ, મોથ, કરિયાતું, લીમડો, અતિવિષ, સૂંઠ, એથી અતિસાર મટે છે.

(૨) ગળો, ઇંદ્રજવ, મોથ, સૂંઠ, એથી પણ અતિસાર મટે છે.

(૩) કાળીપાઠ, ગળો, ખડસલિયો, મોથ, સૂંઠ, કરિયાતું, અને ઇંદ્રજવનો ક્વાથ અનિવાર્ય અતિસારને પણ બળથી હણી નાંખે છે.

જ્વરમાં મલબંધની ચિકિત્સા.

विड्ग्रहे वातचिद् कर्म कुर्यादत्रानुलोमनम् ॥ मलं प्रवर्तयेदाशु तीक्ष्णाभिः फलवर्तिभिः ॥ पथ्यारग्वधतिक्ता त्रिवृदामलकैः शृतं तोयम् । जीर्णज्वरे विबन्धे दद्यादाश्वेव विड्ग्रहः शाम्येत् ॥

જ્વરમાં દસ્ત ન થાય તો વાયુનું અનુલોમન કરનારી ક્રિયાઓ કરવી, ગુદામાં તીક્ષ્ણ ઔષધોની વાટો ખોસીને દસ્ત લાવવો. જીર્ણજ્વરમાં મલબંધ થાય તો હરડે, ગરમાળો, કડુ, નસોતર, અને આમળાંનો ક્વાથ આપવો, એટલે તેથીતરતજ મળ બંધ છૂટશે.

હેડકીની ચિકિત્સા.

नीरेण सिन्धूत्थरजोऽतिसूक्ष्मं नस्येन नूनं विनिहन्ति हिक्काम् । शुण्ठी हठाद् वा सितया समेता धूपोऽथवा हिङ्गुसमुद्भवश्च ॥

(૧) સૈંધવના બહુ ઝીણા ચૂર્ણના પાણી સાથે નસ્ય લેવાથી હેડકી મટે છે.

(૨) સાકર અને સૂંઠના નસ્યથી પણ બળથી હેડકી મટી જાય છે.

(૩) હિંગના ધૂપથી પણ હેડકી મટી જાય છે.

જ્વરમાં ઉધરસની ચિકિત્સા.

कासे कणा कणामूलं कलिङ्गद्रुफलं रजः । सविश्वभेषजं लिह्यात् मधुना वा वृषाद्रसम् ॥

रज. पर्पटकम् ॥

पुष्करमूलकटुत्रिकशृङ्गीकट्फलयासककारविकाभिः । मधुलुलिताभिरयं खलु लेहः कासरिपुःकफरोगहरश्च ॥

(૧) જ્વરમા ઉધરસ માટે પીપર, પીપરી મૂળ, ઈંદ્રજવનું ફળ, ખડસલિયો, અને સૂઠનું ચૂર્ણ મધમાં ચાટવું.

(૨) અરડૂસીનો સ્વરસ પીવાથી ઉધરસ મટે છે.

(૩) એરંડાનું મૂળ, ત્રિકટુ, કાકડાશીંગી, કાયફળ, રાતો ધમાસો, અને કલોંજીરૂ, એનું ચૂર્ણ મધમા ચાટવાથી ઉધરસ તથા કફ રોગો મટે છે.

જ્વરમાં દાહની ચિકિત્સા.

दाहाधिकारे लिखितं दाहे कुर्याच्चिकित्सितम् । परं ज्वरे विरुद्धं यत्नोचितं तच्चिकित्सितम् ॥

દાહના અધિકારમાં કહેલી સર્વ ચિકિત્સા કરવી, પણ તેમાંની જે જ્વરને વિરૂદ્ધ હોય તે કરવી નહી.

સુખસાધ્ય જ્વરનું લક્ષણ

सन्तापोऽभ्यधिको बाह्ये तृष्णादीनां च मार्दवम् । बहिर्वेगस्य लिङ्गानि सुखसाध्यत्वमेव च ॥

तृष्णादीत्यादि शब्देनान्तर्दाहसन्ध्यस्थिव्यथाश्वासा गृह्यन्ते तेषा मार्दवमल्पता । बहिर्वेगस्य ज्वरस्य ॥

वर्षाशरद्वसन्तेषु वाताद्यैः प्राकृतः क्रमात् । प्राकृतः सुखसाध्यस्तु ज्वरः सुरभिसम्भवः ॥ सुरभिर्वसन्तः ॥

બહારથી તાપ બહુ લાગે, પણ અંદર દાહ, સાંધા તથા હાડકાનો દુખાવો, અને શ્વાસ અલ્પ હોય, એ બહારના વેગવાળા જ્વરનાં લક્ષણો છે, તે ઉપરથી એવા જ્વરને સુખસાધ્ય જાણવો.

વર્ષાઋતુમાં વાયુથી, શરદમાં પિત્તથી, અને વસતમા કફથી જ્વર આવ્યો હોય, તે પ્રાકૃત જ્વર કહેવાય છે, તેમાં વસતનો જ્વર સુખસાધ્ય છે.

કષ્ટસાધ્ય જ્વરનું લક્ષણ.

वैकृतोऽन्यः स दुःसाध्यः प्राकृतश्चानिलोद्भवः । अंतर्दाहोधिका तृष्णा प्रलापः श्वसनं भ्रमः ॥ संध्यस्थिशूलमस्वेदास्तथा वर्चोविनिग्रहः ॥ अंतर्वेगस्य लिङ्गानि कष्टसाध्यत्वमेव च ॥

वर्चो विनिग्रह पुरीषाप्रवृत्ति ॥ अन्य. प्राकृतादन्यो वैकृत ॥

પ્રાકૃત સિવાયનો બીજો વૈકૃત જ્વર છે તે કષ્ટસાધ્ય છે. વાયુથી થયેલો પ્રાકૃત જ્વર પણ અતર્દાહ, અધિક તૃષા, બકવા, શ્વાસ, ભ્રમ, સાંધા તથા હાડકાંમાં શુળ, પરસેવો નહીં નીકળવો, મળબંધ, એટલાં અદરનીં વેગના ચિન્હોવાળો હોય તો, તે જ્વર પણ કષ્ટસાધ્ય છે.

ઋતુઓના દોષો.

वर्षासु मारुतो दुष्टः पित्तश्लेष्मान्वितो ज्वरम् । कुर्यात् पित्तञ्च शरदि तस्य चानुबलः कफः ॥ कफो वसन्ते तमपि वातपित्तं भवेदनु । तत्प्रकृत्या विसर्गाच्च तत्र नानशनाद्भयम् ॥

तत्प्रकृत्या तस्य पित्तस्य प्रकृत्या स्वभावेन । यत उक्तम् । ' कफपित्ते द्रवे धातू सहेते लङ्घनं बहु । ' इति विसर्गाच्च शरदो विसर्गकालत्वाच्च । यत उक्तम् । वर्षाशरद्धेमन्ता विसर्गकालास्तत्रोपचितबलाः । प्राणिनो भवन्ति सोमस्य बलवत्त्वादिति ॥ तत्र शरदि पित्तज्वरे अनशनाद्भयं न । वसन्ते कफज्वरेऽपि कफप्रकृत्या लङ्घनाद्भय न भवति । किन्तु वसन्तस्यादानकालत्वान्निः शङ्कं न कर्त्तव्यम् । यत उक्तम् । शिशिरवसन्तग्रीष्मास्त्वादानकालास्तत्रापचितबलाः प्राणिनो भवन्ति सूर्यस्य-बलवत्त्वादिति । एतेनेदमुक्तम् । वर्षासु वायुः प्रधानम् । पित्तश्लेष्माणावप्रधाने । शरदि पित्त प्रधानम् । कफोऽप्रधान. वसन्ते श्लेष्मा प्रधान वातपित्ते अप्रधाने तत्र प्रधानस्य प्राधान्येन चिकित्सा कर्त्तव्या । सा चाप्रधाने निषिद्धा न विधेया एवं वैकृतेष्वपि प्रधानस्य प्राधान्येन चिकित्सा कर्त्तव्या । तथा चोक्तम् ॥

संसर्गे यो गरीयान् स्यादुपक्रम्यः स वै भवेत् । शेषदोषाविरोधेन सन्निपाते तथैव चेति ॥

संसर्गे दोषद्वयसंसर्गे गरीयान् प्रधानः ॥

વર્ષાઋતુમાં વાયુ પ્રધાન તથા પિત્ત અને કફ અપ્રધાન છે, માટે વર્ષામાં દુષ્ટ થયેલો અને પેટામાં પિત્ત કફને રાખેલાં છે એવો વાયુ જ્વર લાવે છે શરદમાં પિત્ત પ્રધાન હોઇને કફ અપ્રધાન છે, માટે તે ઋતુમાં દુષ્ટ પિત્ત કફને પેટામાં રાખીને જ્વરને લાવે છે. વસંતમાં કફ પ્રધાન અને વાત તથા પિત્ત અપ્રધાન હોઈ તેઓ દુષ્ટ કફના પેટામાં રહીને જ્વરને લાવે છે. પિત્તના સ્વભાવને લીધે તથા શરદ્ઋતુ વિસર્ગ કાળ (સૂર્યને રસાદિ પૃથ્વીમાં મૂકવાનો કાળ) હોવાથી શરદ્માં થયેલા પિત્તજ્વરમાં લંઘનથી કઈ પણ ભય નથીજ.

બીજા ગ્રંથોમાં કહ્યુ છે કે–વર્ષા, શરદ્ અને હેમંત ઋતુ વિસર્ગ કાળ હોવાથી તેમાં ચંદ્ર બળવાન રહે છે તેથી તેમાં સર્વે પ્રાણીઓ વિષે બળ રહે છે. અને શિશિર, વસંત તથા ગ્રીષ્મ ઋતુ આદાન (સૂર્યને રસ ખેંચવાનો) કાળ છે તેથી તેમાં સૂર્ય બળવાન હોવાથી પ્રાણીઓમાં બળ ઓછું રહે છે.

પ્રાકૃત અને વૈકૃત જ્વરોમાં પ્રધાન દોષની ચિકિત્સા મુખ્યત્વે કરીને કરવી, પણ તે ચિકિત્સા અપ્રધાન દોષને માટે નિષિદ્ધ ન હોવી જોઇએ. કહ્યુ છે કે–બે દોષના સંસર્ગમાં અને ત્રણે દોષના સન્નિપાતમાં પ્રધાન દોષની ચિકિત્સા પ્રધાન દોષને વિરોધ ન આવે તેવી રીતે કરવી.

અસાધ્ય જ્વરનું લક્ષણ.

ज्वरः क्षीणस्य शूनस्य गम्भीरो दीर्घरात्रिकः । असाध्यो बलवान् यश्च केशसीमन्तकृज्ज्वरः ॥

दीर्घरात्रिकः बहुकालानुबन्धी केशसीमन्तकृत् । प्रभावात् केशेषु सीमन्तं यः करोति ॥

નબળા તથા સોજાવાળાને થયેલો જવર, લાંબા કાળનો જવર, બળવાન્ જવર, અને પોતાની શક્તિથી જે જવરે કેશમાં સેંથો પાડી દીધો હોય તે જવર, એટલા જવરો અસાધ્ય છે.

ગંભીર જવરનું લક્ષણ.

गम्भीरस्तु ज्वरो ज्ञेयो ह्यन्तर्दाहेन तृष्णया । आनद्धत्वेन चात्यर्थं कासश्वासोद्गमेन च ॥ आनद्धत्वेन विबद्धमलत्वेन ॥

અંતર્દાહ, તૃષા, મળબંધ, અને અત્યંત ઉધરસ તથા શ્વાસ, એ ગંભીર જવરનાં લક્ષણો છે.

કાનના મૂળની ગાંઠ વિષે.

ज्वरस्य पूर्वं ज्वरमध्यतो वा ज्वरान्ततो वा श्रुतिमूलशोथः । क्रमादसाध्य खलु कृच्छ्रसाध्यः सुखेन साध्यो मुनिभिः प्रदिष्टः ॥

જવર આવ્યા પહેલાં કાનના મૂળમાં સોજો થાય તો તે અસાધ્ય છે, જવરના મધ્યમાં તે સોજો કાનના મૂળમાં થાય તો તે કષ્ટ સાધ્ય છે, અને જવર પછી થાય તેને સુખસાધ્ય જાણવો, એમ મુનિઓએ કહેલું છે.

જવરવાળાનું અરિષ્ટ.

रोगिणो मरणं यस्मात् अवश्यम्भावि लक्ष्यते । तल्लक्षणमरिष्टं स्यादृष्टमप्यभिधीयते ॥ हेतुभिर्बहुभिर्जातो बलिभिर्बहुलक्षणः । ज्वरः प्राणान्तकृद्यश्च शीघ्रमिन्द्रियनाशनः ॥

शीघ्रमिन्द्रियनाशनः उत्पन्नमात्र एव चिकित्स्यमानोऽपि इन्द्रियाणां चक्षुरादीनां शक्तिं यो नाशयति ॥

विसंज्ञस्ताम्यते यस्तु शेते निपतितोऽपि वा । शीतार्दितोऽन्तरुष्णश्च ज्वरेण म्रियते नरः ॥

विसंज्ञ विगतज्ञान ताम्यते नष्टहर्षः शेते निपतितो वा । अत्रापि वाशब्द एवार्थे । निपतित एव तिष्ठति न चोत्थातु समर्थ तथासन् शेते वा । शीतार्दितः बहि । अन्तरुष्ण । अन्तर्दाहवान् ॥ अन्यच्च ॥

यो हृष्टरोमा रक्ताक्षो हृदि सङ्घातशूलवान् । वक्त्रेण चैवोच्छ्वसिति तं ज्वरो हन्ति मानवम् ॥

हृष्टरोमा रोमाञ्चवान् हृदि सघातवान् सन्निपातिकशूलवान् । वक्त्रेण चैवोच्छ्वसितिन तु नासिकया । अन्यच्च ॥

हिक्काश्वासतृषायुक्तं मूढं विभ्रान्तलोचनम् । सन्ततोच्छ्वासिनं क्षीणं नरं क्षपयति ज्वरः ॥ क्षपयति समापयतीत्यर्थ । अन्यच्च ।

हतप्रभेन्द्रियं क्षाममरोचकनिपीडितम् । गम्भीरतीक्ष्णवेगार्तं ज्वरितं परिवर्जयेत् ॥

हतप्रभेन्द्रियम् । हता प्रभा दीप्तिर्येषा । अथवा हता प्रभा प्रतिभा विषयग्रहणशक्तिर्येषाम् तथाविधानि इन्द्रियाणि यस्य त हतप्रभेन्द्रियम् । क्षाम क्षीणम् । गम्भीरतीक्ष्णवेगार्त्तं गम्भीर उक्तलक्षणकः ॥ तीक्ष्णवेग अतिदु.सहवेग ॥ ताभ्या आर्त्तं दुःखितम् । अन्यच्च ॥

मरणं प्राप्नुयात्तत्र शुक्रस्थानगते ज्वरे । शेफसःस्तब्धता मोक्षः शुक्रस्य तु विशेषतः ॥

व्याख्यातोऽ य श्लोक ॥

જે લક્ષણો ઉપરથી રોગીનું અવશ્ય

મરણ થશે, એમ સમજાય તેને અરિષ્ટ કે રિષ્ટ કહે છે ઘણાં બળવાન્ કારણોથી થયેલો, ઘણા લક્ષણો વાળો, અને ઉત્પન્ન થતાજ ઉપાયો કર્યા છતાં પણ ચક્ષુ આદિ ઇંદ્રિયોનો નાશ કર્યો હોય, તે જ્વરને પ્રાણહારક સમજવો. બેભાન થઇ ગયેલ, બિલકુલ હર્ષ વગરનો થઇ ગયો હોય, પડયોજ રહે અને ઉઠી શકતો ન હોય, અશક્તિથી સૂઇજ રહેતો હોય બહારથી ટાઢ અને અંદરથી દાહ થતો હોય, તે માણસ જ્વરથી મરી જવાનો જાણવો. જેનાં રૂંવાડાં ઊભાં થઇ જતાં હોય, નેત્રો લાલ થઇ ગયાં હોય, હૃદયમાં સંનિપાતનું શૂળ નીકળતું હોય, અને નાકથી નહિ પણ મુખથીજ શ્વાસ લેવાતો હોય, તો તે માણસને જ્વર મારી નાંખે છે. હેડકી, શ્વાસ, અને તૃષાથી પીડાતો હોય, મૂઢ બનીને ભ્રમિત નેત્રોવાળો થઇ ગયો હોય, ઊંચા શ્વાસો લેતો હોય, અને નબળો પડી ગયો હોય, તે માણસને જ્વર માર્યા વગર રહેતોજ નથી. જેની કાંતિ તથા ઇંદ્રિયોથી શક્તિ હણાઇ ગઇ હોય, ક્ષીણતા બહુ આવી હોય, ગંભીર જ્વર આવ્યો હોય, સહન ન થઇ શકે એવો જ્વરનો વેગ હોય, અને અરૂચિ થઈ હોય, તે જ્વર વાળાને વૈદ્યે છોડી દેવો. જ્વર વીર્યના સ્થાનમાં હોય, તો લિંગ જડ બની વીર્ય બહુ નીકળ્યા કરે છે. આવા જ્વર વાળાનું પણ મરણ જ થાય છે.

વિષમજ્વરનું અરિષ્ટ.

आरम्भाद् विषमो यस्तु यस्य वा दीर्घरात्रिकः। क्षीणस्य चातिरूक्षस्य गम्भीरो यस्य हन्ति तम्॥

यस्य आरम्भाद्विषमः। प्रथममेव विषमः न तु ज्वरोत्सृष्टस्य। यस्य दीर्घरात्रिकः। यस्य क्षीणस्यातिरूक्षस्य च गम्भीरो भवति॥ तं विषमो दीर्घरात्रिको गम्भीरश्च हन्तीत्यर्थः। इति ज्वराधिकारः।

પ્રથમ બીજા પ્રકારનો જ્વર આવ્યા વગર પ્રારંભથીજ વિષમજ્વર આવ્યો હોય, જ્વર લાંબા કાળનો હોય, ક્ષીણતા બહુ આવી ગઇ હોય, અતિ રૂક્ષતા આવી હોય, અને જ્વરે ગંભીર રૂપ પકડ્યું હોય, તો તે જ્વર પણ મારીજ નાંખે છે.

॥ इति ज्वराधिकार संपूर्णः ॥

૨ અતિસારનો અધિકાર.

અતિસારનું નિદાન.

गुर्वतिस्निग्धरूक्षोष्णद्रवस्थूलातिशीतलैः।
विरुद्धाध्यशनाजीर्णैर्विषमैश्चापि भोजनैः॥
स्नेहाद्यैरतियुक्तैश्च मिथ्यायुक्तैर्विषैर्भयैः।
शोकदुष्टाम्बुमद्यातिपानैःसात्म्यर्तुपर्ययैः॥
जलाभिरमणैर्वेगविघातैः कृमिदोषतः।
नृणां भवत्यतीसारो लक्षणं तस्य वक्ष्यते॥

गुरुमात्रया स्वभावेन संस्कारेण च अतिशब्दः स्थूलान्तैः सह सम्बध्यते। स्थूलम् असम्यक् पिष्टं गोधूमादि॥ विरुद्धं संयुक्तं क्षीरमत्स्यादि। अध्यशनम् अजीर्णे भुज्यते यत् तु तदध्यशनमुच्यते॥ अजीर्णं आमं विदग्धञ्च। 'बहु स्तोकमकाले च युक्तं यद्विषमं हि तत्।' भोजनैरिति गुर्वादिभिर्विषमान्तैःसर्वैः सह सम्बध्यते स्नेहाद्यैः पानस्वेदनवमनविरेचनानुवासननिरूहान्तैः अतियुक्तैर्मात्रयाधिकं प्रयुक्तैर्मिथ्यायुक्तैः अविधिप्रयुक्तैश्च॥ विषै.। विषाण्यत्र स्थावराणि तेषामयोगात्॥ शोकाद्

बन्ध्वादिवियोगजनितमनःपीडा । सात्म्यर्तुपर्ययैः सात्म्यविपरीतैरसात्म्यैः । तथा यस्मिन् ऋतौ यदुचितं तद्विपरीतैः ॥ जलाभिरमणैः जलक्रीडादिभिः ॥ वेगविघातैः मूत्रपुरीषादिहठधारणैः । कृमिभिः पक्वाशयस्य दुष्टैः ॥ एतानि यथासम्भवं वातादीनां दुष्टौ करणानि बोद्धव्यानि ॥ नन्वेवं सति स्वहेतुदुष्टेन वातादिनातिसारो भवत्येन तावन्मात्रं वाच्यं किमर्थं गुर्वाद्यभिधानं । उच्यते ॥ गुर्वादिहेतुदूषिता एव वातादयो बाहुल्येनातिसारं जनयन्ति । न तु लङ्घनमुक्तजीर्णादिलब्धक्रोधतृषाक्षुधाभिहननद्ध्यारनालव्यायामवर्षाशरद्वसन्तादिभिः कुपिताः। अतो गुर्वादीन्युच्यन्ते । एवमन्यत्रापि बोद्धव्यम् ॥

ભારે, અતિ ચીકણાં, રૂક્ષ, ગરમ, દ્રવ, સ્થૂળ, અતિશીતળ, અને વિરૂદ્ધ ભોજનોથી; વિષમ ભોજન તથા અજીર્ણથી, બહુ સ્નેહાદિકથી, મિથ્યા આહાર તથા વિષ અને ભયથી; શોક, ખરાબ પાણી, અને અતિમદ્યપાનથી; ઋતુના બદલાવાથી, જળમા રમણ કરવાથી, વેગ તથા વાગવાથી, અને કૃમિ દોષથી; માણસને અતિસાર થાય છે, તેનાં લક્ષણો કહીએ છીએ.

વ્યાખ્યાઃ—

જે ભોજન માત્રાથી વધારે હોય અથવા સસ્કારથી ભારે થયેલુ હોય તે 'ગુરૂ' ભોજન કહેવાય છે, જાડુ દળેલું ઘઉં વગેરે ધાન્યનુ ભોજન 'સ્થૂળ' કહેવાય છે, દૂધ અને માછલાં વગેરે સયુક્ત પદાર્થોના ભોજનને 'વિરૂદ્ધ' ભોજન કહે છે. પેટમા ગયેલુ ભોજન કાચુ રહેલુ અથવા બરોબર પચ્યુ ન હોય તે 'અજીર્ણ' કહેવાય છે, નિયમ કરતા વધારે અથવા થોડુ અથવા સમય વગર જમવામાં આવેલું ભોજન 'વિષમ ભોજન' કહેવાય છે, સ્નેહપાન, સ્વેદન, વમન વિરેચન, કવાથની પીચકારી એ ક્રિયાઓને 'સ્નેહાદિ ક્રિયાઓ' કહે છે. આ પ્રકરણમાં વિષ એટલે જગમ વિષ નહી સમજતાં સ્થાવર વિષ સમજવુ, કારણ કે નીચે જવાનો સ્વભાવ સ્થાવર વિષનો છે. સબંધીઓના વિયોગ વિગેરેથી થયેલી મનની પીડાને 'શોક' કહે છે. ઉપર ગણાવેલા કારણો વાયુ વગેરેને બગાડનારાં થાય છે.

શંકાઃ—

દોષો પોતાનાં કારણોથી દુષ્ટ થઇને અતિસાર કરે છે, તેમાં ગુરૂ ભોજન વગેરે કારણો બતાવવાનું કારણ શું?

સમાધાનઃ—

ગુરૂ ભોજન આદિ કારણોથી જ દુષિત થયેલા દોષો ઘણુ કરીને અતિસાર કરે છે; પરતુ લઘન, પચેલુ અન્ન, હલકું અન્ન, ક્રોધ, તરશ, ભૂખ, અભિઘાત, દહીં, અથાણાં, કસરત, વર્ષા-શરદ્ વસંતઋતુ, ઈત્યાદિથી કોપેલા વાયુ આદિ દોષો અતિસાર ઉત્પન્ન કરતા નથી, એમ જણાવવા માટે જ ગુરૂ ભોજન વગેરે નામ આપેલાં છે બીજે ઠેકાણે પણ જ્યાં જ્યાં દૂરના નિદાનો કહેવામાં આવે ત્યા પણ આ રીતેજ સમજી લેવું.

અતિસારનુ પૂર્વરૂપ.

हृन्नाभिपार्श्वोदरकुक्षितोदगात्रावसादानिलसन्निरोधाः । विट्सङ्ग आध्मानमथाविपाको भविष्यतस्तस्य पुरःसराणि ॥

विट्सङ्गः पुरुषाप्रवृत्तिः । अविपाको भुक्तस्य पुरःसराणि । एतानि लक्षणानि पूर्वभावीनि ॥

હૃદય, નાભિ, પડખાં, પેટ, અને કુખમાં પીડા, ગાત્રોમાં ગ્લાનિ, પવનનો રોધ, દસ્તબંધ પેડુનો આફરો, અને અપચો, એ અતિસાર થવાનાં ચિન્હો છે

અતિસારની સંપ્રાપ્તિ.

संशम्यापां धातुरग्निं प्रवृद्धो वर्चोमिश्रो वायुनाधः प्रणुन्नः । सरत्यतीवाऽतिसारं तमाहुर्व्याधिं घोरं षड्विधन्तं वदन्ति ॥

अपां धातुः अत्र समासाकरणाद्बहुत्वेन च रसजलमूत्रस्वेदमेद कफपित्तरक्तादयो द्रवधातवो गृह्यन्ते । प्रवृद्धः अग्निं संशम्य शमयित्वा वर्चोमिश्र. पुरीषयुक्तः वायुना अधः प्रणुन्न. अध. प्रेरितः ॥

રસ, જળ, મૂત્ર, પરસેવો, મેદ, કફ, પિત્ત, અને રક્ત વગેરે દ્રવરૂપ ધાતુઓ વધી જઇને અગ્નિને ઠારી નાંખીને, વાયુના બળથી વિષ્ટા સહિત નીચે ઉતરે છે.

અતિસારનું સામાન્ય રૂપ.

अतिसरति नदीवत् अतीसारं तमाहुर्व्याधिं घोरमिति । यो रसादि द्रवधातुः अतीव सरतीति प्रकृतिमतिक्रम्य गुदाध्वना सरति तं व्याधिमतीसारमाहुः । किंविधं घोरं ' घोरं भीम भयानकम्' इत्यमरः ॥

षड्विधन्तं वदन्तीति । षड्विधत्वं विवृणोति । एकैकशः सर्वशश्चापि दोषैः शोकेनान्यः षष्ठः आमेन युक्तः ॥

એ ધાતુઓ પોતાની પ્રકૃતિને છોડીને નદીના પ્રવાહની પેઠે પાતળા થઇ નીચે ઉતરી ગુદાવાટે બહાર વહે છે, તેને અતિસાર કહે છે.

અતિસારની સંખ્યા.

आमपक्वक्रमं हित्वा नातीसारे क्रिया यतः॥

अतोऽतीसारे सर्वस्मिन्नामं पक्वं च लक्षयेत् ॥

એ અતિસાર છ પ્રકારનો છે. વાતથી થયેલો, પિત્તથી થયેલો, કફથી થયેલો, ત્રિદોષથી થયેલો, શોકથી થયેલો અને આમથી થયેલો અતિસાર.

અતિસારની ચિકિત્સાનો ક્રમ.

संग्रहमापैर्दोषैस्तु न्यस्तमप्सु निमज्जति । पुरीषं भृशदुर्गन्धि पिच्छिलञ्चामसंज्ञितम् ॥ एतान्येव तु लिङ्गानि विपरीतानि यस्य वै । लाघवञ्च विशेषेण तस्य पक्वं विनिर्दिशेत् ॥ न च संग्राहकं दद्यात् पूर्वमामातिसारिणे । अकाले संगृहीतस्तु विकारान् कुरुते बहून् ॥ दण्डकालसकाध्मानं ग्रहण्यर्शोभगन्दरान् । शोथपाण्ड्वामयप्लीहगुल्ममेहोदरज्वरान् ॥ डिम्भस्य स्थविरस्यञ्च वातपित्तात्मकश्च यः । क्षीणधातुबलश्चापि बहुदोषोऽतिविप्लुतः ॥ आमोऽपि स्तम्भनीयः स्यात् पाचनात् मरणं भवेत् । लङ्घनमेकं मुक्त्वा नान्यथास्तीह भेषजं बलिनः ॥ समुदीर्णदोषनिचयं शमयति तत् पाचयेदपि च ॥

धान्यांबुभ्यां भृतं तोयं तृष्णाद्यामातिसारिणे । ह्रीवेरशृङ्गबेराभ्यां मुस्तपर्पटकेन वा ॥ मुस्तोदीच्यभृतं शीतं प्रदातव्यं पिपासवे । हितं लङ्घनमेवादौ पूर्वरूपेऽतिसारिणे ॥ कार्यं पाचनस्यान्ते मण्डं लघुभोजनम् । पथ्यादारुवचामुस्तैर्नागराविविषान्वितैः । आमातीसारनाशाय क्वाथमेभिः पिबेन्नरः ॥ इति पथ्यादिक्वाथः ॥

पाठाहिङ्ग्वाजमोदोग्रापञ्चकोलाब्दजंरजः॥ उष्णाम्बु पीतं सरुजं जयत्यामं ससैन्धवम् ॥ पाठादिचूर्णम् ॥

हरितकीं सातिविषां हिङ्गु सावर्चलं वचाम् । सैन्धवश्चापि संपिष्य पाययेदुष्णवारिणा । आमातीसारयोगोऽयं यद्येतेन न शाम्यति ॥ न तं योगशतेनापि चिकित्सति चिकित्सकः ॥

इति हरीतक्यादिकल्कः ॥

वत्सकातिविषा बिल्वं मुस्तकं वालकं शठी । अतीसारं जयेत्सामं चिरजं रक्तशूलजित् ॥

इति वत्सकादिक्वाथ ॥

एरण्डरससंपिष्टं पक्वमामञ्च नागरम् । आमातीसारशूलघ्नं पाचनं दीपनं परम् ॥

नागरस्य पुटपाकः कल्कश्च ॥

धान्यवालकबिल्वाब्दनागरैः पाचितं जलम् आमशूलविबन्धघ्नं पाचनं दीपनं परम् ॥

इति धान्यादिपचकम् ॥

पित्ते धान्यचतुष्कन्तु शुण्ठीत्यागाद्वदन्ति हि । रक्तेऽपि पित्तसाधर्म्याद्देयं धान्यचतुष्टयम् ॥

इति धान्यादिचतुष्कम् । इत्यामातीसारचिकित्सा ॥

આમ અને પકવ શિવાય બીજી રીતે અતિસારની કોઈ ચિકિત્સા જ નથી, માટે સર્વ અતિસારોમા આમ અને પકવનો નિશ્ચય કરવો જરૂરનો છે.

આમનું લક્ષણ

વિષ્ઠા કાચા દોષ વાળી હોય તો તે પાણીમાં નાંખતાં ડૂબી જાય છે, બહુ ગંધાય છે, અને ચીકણી હોય છે. આ લક્ષણો આમના છે.

પકવનુ લક્ષણ.

વિષ્ઠા ઉપરના લક્ષણોથી વિપરીત લક્ષણો વાળી એટલે પાણીમા નાખતાં ડૂબે નહિ, બહુ દુર્ગંધવાળી ન હોય, ચીકણી ન હોય અને ઘણુ કરીને હલકી હોય તો તે પકવ છે એમ જાણવું.

આમના અતિસારની ચિકિત્સા.

આમવાળાને પ્રથમ જ દસ્તને રોકનારી દવા આપવી નહિ, કેમકે એમ કરવાથી બીજા ઘણા વિકારો થાય છે. દંડક, અલસક, આફરો, મરડો, અર્શ, ભગંદર, સોજા, પાંડુરોગ, બરલનુ દરદ, પ્રમેહ, ઉદરરોગો, અને જ્વર વગેરે દસ્ત રોકવાથી થાયછે. જે અતિસાર બાળક કે વૃદ્ધને થયો હોય, વાત પિત્તનો હોય, ધાતુ તથા બળ ક્ષીણ થયાં હોય, ઘણા દોષોવાળો કે બહુ જવેલો હોય, તે અતિસાર આમરૂપ હોય તો પણ તેને બંધ કરવો જોઈએ, કેમકે, પાચન કરવા જતા રોગીનુ મરણ થાય છે બળવાન્ અતિસારનો ઉપાય લઘન સિવાય બીજો નથી જ. લંઘનથી વધેલા દોષો શમે છે અને પચે છે પણ ખરા, અતિસારવાળાને અસહ્ય તૃષા લાગે, તો નીચેના ચાર ક્વાથમાનો કોઈ પણ ક્વાથ પાવો —

(૧) તરશ અને દાહવાળા અતિસારવાળાને ધાણા અને વાળાનો ક્વાથ ટાઢો કરી પાવો.

(૨) ધાણા અને સૂંઠનો ક્વાથ ઠંડો કરીને પીવો.

(૩) મોથ અને ખડસલિયાનો કવાથ શીતળ કરીને આપવો.

(૪) મોથ અને વાળાનો કવાથ ઠંડો કરીને આપવો.

અતિસારનું પૂર્વરૂપ દેખાય ત્યાંથી જ લંઘન શરૂ કરવું સારૂં છે. લંઘનને અંતે હલકું અને પ્રવાહી ભોજન આપવું

પથ્યાદિ કવાથઃ—આમાતિ સાર મટાડવા માટે હરડે, દારૂહળદર, વજ, મોથ, સૂંઠ, અને અતિવિષનો કવાથ પીવો.

પાઠાદિ ચૂર્ણઃ—કાળીપાડ, હિંગ, અજમા, વજ, પીપર, પીપરીમૂળ, ચવક, ચિત્રક, અને સૂંઠનું ચૂર્ણ સૈંધવ નાખી ગરમ પાણીમા પીવાથી પીડાવાળો આમાતિસાર જીતાય છે.

હરીતકયાદિ કલ્ક—હરડે, અતિવિષ, હિંગ, સંચળ, વજ, અને સૈંધવને વાટીને ઉના પાણીમા પીવાથી આમાતિસારમાં પાચન તથા આમનું શમન કરે છે. આ ઉપાયથી આમાતિસાર ન મટે તો વૈદ્યોના બીજા સેંકડો ઉપાયો પણ નકામાજ છે.

વત્સકાદિ કવાથઃ—ઇન્દ્રજવ, અતિવિષ, બીલી, મોથ, વાળો, કચૂરો, એ કવાથ આમાતિસારને મટાડીને રક્ત તથા શૂળને પણ જીતે છે.

શુંઠી પુટપાક—એરંડાના રસમાં વાટેલી સૂંઠ, પકાવીને ખાવાથી તે આમાતિસાર અને શૂળ મટાડીને ઉત્તમ રીતે પાચન તથા દીપન કરે છે.

ધાન્યાદિ પંચકઃ—ધાણા, વાળો, બીલી, મોથ અને સૂંઠનો કવાથ આમ, શૂળ, મળબંધ, એ મટાડીને ઉત્તમ રીતે પાચન તથા દીપન કરે છે.

ધાન્યાદિ ચતુષ્ક.—ધાણા, વાળો, બીલી, મોથ, એ ચારનો કવાથ આમ, શૂળ તથા મળબંધ મટાડે છે, અને તે ઉત્તમ પાચન તથા દીપન છે, તે પિત્તના સાધર્મ્યને લીધે સમમાં પણ દેવાય છે.

પકવ અતિસારની ચિકિત્સા.

सलोध्रं धातकी बिल्वं मुस्ताम्रास्थि कलिङ्गकम् । पिबेन्माक्षिकतक्रेण पक्कातीसारनाशनम् ॥ लोध्रादिचूर्णम् ॥

समङ्गा धातकीपुष्पं मञ्जिष्ठा लोध्रमेव च । शाल्मलीवेष्टको लोध्रो दाडिमद्रुफलत्वचौ ॥ आम्रास्थिमध्यं लोध्रश्च बिल्वमध्यं प्रियङ्गु च । मधुकं शृङ्गवेरञ्च दीर्घवृन्तत्वगेव च ॥ चत्वार एते योगाः स्युःपक्कातीसारनाशनाः एते योगाः प्रयोज्याः स्युः स क्षौद्रास्तण्डुलाम्बुना ॥

समङ्गा लज्जालु ॥ शाल्मलीवेष्टको मोचरसः दाडिमस्य द्रुमफलयो स्त्वचौ ॥ प्रियङ्गोर्नपुंसकमत्र फले वर्तमानत्वात् । शृङ्गवेरमत्र शुण्ठी ॥ दीर्घवृन्तः शोणाकस्तस्य त्वचः ॥ समङ्गादीनि चत्वारि चूर्णानि ॥

कञ्चटदाडिमजम्बूशृङ्गाटकपत्रबर्हिष्ठम् । जलधरनागरसहितं गङ्गामपि वेगवाहिनीं रुन्ध्यात् ॥

कञ्चटश्चौपाइ शाकस्य भेदः । कञ्चटादिभिश्चतुर्भि· अत्र पत्रशब्द. सम्बध्यते ॥ बर्हिष्ठं बालकम् । गङ्गाधरकाथः ॥

मोचरसमुस्तानागरपाठारलुधातकीकुसुमैः । चूर्णं मथितसमेतं रुणद्धि गङ्गामवाहमपि सद्यः ॥

अरलु शोनापाटा । मथित निर्जलं दधि वस्त्रपूतम् ॥ इति गङ्गाधरचूर्णम् ॥

मुस्तावत्सकबीजं मोचरसो बिल्वधातकी लोध्रम् । गुडमथितसंयुक्तं गङ्गामपि वेगवाहिनीं रुन्ध्यात् ॥

इति द्वितीय गङ्गाधरचूर्णम् ॥

मुस्तारलुकशुण्ठीभिर्धातकी लोध्रबालकैः । बिल्वमोचरसाभ्यांश्च पाठेन्द्रयववत्सकैः ॥ आम्रबीजसमङ्गातिविषायुक्तैश्च चूर्णितैः । मधुतण्डुलपानीयं पीतं हन्ति प्रवाहिकाम् ॥ हन्ति सर्वानतीसारान् ग्रहणीं हन्ति वेगतः । वृद्धगङ्गाधरं चूर्णं रुन्ध्याद् गीर्वाणवाहिनीम् ॥ इति वृद्धगङ्गाधरचूर्णम् ।

अङ्कोलमूलकल्कस्तण्डुलपयसा समाक्षिकः पीतः । सेतुरिव वारिवेगं झटिति निरुन्ध्यादतीसारम् ॥

अङ्कोल ढेला इति प्रसिद्ध ॥

कुटजत्वक् तुलामार्द्रां द्रोणनीरे पचेद्भिषक् । पादशेषं शृतं नीत्वा वस्त्रपूतं पुनः पचेत् ॥ लज्जालुर्धातकी बिल्वं पाठा मोचरसस्तथा । मुस्ता चातिविषा चैव चूर्णमेषां पलं पलम् ॥ निक्षिप्य विपचेत्तावद्यावद्दर्वी प्रलिप्यते । जलेन छागदुग्धेन पीतो मण्डेन वा जयेत् ॥ घोरान् सर्वानतीसारान् नानावर्णान् सवेदनान् । असृग्दरं समस्तञ्च तथार्शांसि प्रवाहिकाम् ॥

इति कुटजाष्टकावलेह. ॥

कृत्वालवालं सुदृढं पिष्टैरामलकैर्भिषक् । आर्द्रकस्य रसेनाशु पूरयेन्नाभिमण्डलम् ॥ नदीवेगोपमं घोरं प्रवृद्धं दुर्धरं नृणाम् । सद्योऽतीसारमजयं नाशयत्येष योगराट् ॥

पाठा पिष्टा च गोदध्ना तथा मध्यस्त्वगाम्रजा अतीसारं व्यथा दाहं हन्त्येवाशु न संशयः ॥

લોધ્રાદિ ચૂર્ણ —લોદર, ધાવણી, બીલી, મોથ, આંબાની ગોઠલી, અને ઇંદ્રજવનું ચૂર્ણ ભેંશની છાશમાં પીવાથી પકવાતિસાર નાશ પામેછે.

સમંગાદિ ચૂર્ણ.

રીસામણી, ધાવણીના ફૂલ, મજીઠ, અને લોદરનુ ચૂર્ણ ખવાય છે

શાલ્મલી વેષ્ટકાદિ ચૂર્ણ.

મોચરસ, લોદર, દાડમની છાલ્ય, અને દાડમના ફૂળની છાલ્ય.

આમ્રાસ્થાદિ ચૂર્ણ.

આંબાની ગોઠલીનો ગર્ભ, બીલાનો ગર્ભ, લોદર, અને ધઉંલાનુ ચૂર્ણ.

મધુકાદિ ચૂર્ણ.

જેઠીમધ, સૂઠ, અને અરલુની છાલનુ ચૂર્ણ.

આ ચારે યોગો મધ તથા ચોખાના ધોણ સાથે લેવાથી પકવાતિસાર નાશ પામેછે.

ગંગાધર ક્વાથ —આટો ચુકો, દાડમ, બાણુ, અને શીંગોડાં એ ચારેનાં પાદડાં; વાળો, મોથ, અને સૂઠ, એનો ક્વાથ પીવાથી ગંગાના પ્રવાહ જેવો અતિસાર પણ મટી જાય છે.

ગંગાધર ચૂર્ણઃ—(૧) મોચરસ, મોથ, સૂઠ, કાળીપાડ, અરલુ, અને ધાવણીના ફુલ, આ ચુર્ણ વસ્ત્રથી ગાળેલા

ક, ધાવણી, લોદર, વાળો, બીલી, મોચરસ, કાળીપાડ, ઈંદ્રજવ, કડાછાલ્ય, આંબાની ગોટલી, રીસામણી, અને અતિવિષનુ ચૂર્ણ મધની અને ચોખાના ધોવણની સાથે ખાધાથી મરડાનો તુરત નાશ થાય છે. આ વૃદ્ધગંગાધર ચૂર્ણ ગંગાનાં પ્રવાહ જેવા અતિસારને પણ અટકાવી દે છે.

અંકોલ કલ્કઃ—અંકોલના મૂળનો કલ્ક મધ તથા ચોખાના ધોવણમાં પીવાથી, પુલથી જળનો વેગ રોકાય છે તેમ અતિસાર તુરત રોકાઈ જાય છે.

કુટજાષ્ટકાવલેહઃ—૪૦૦ તોલા ભાર લીલી કડાછાલ્યનો ૧૦૨૪ તોલા પાણીમાં કવાથ કરી ચોથો ભાગ પાણી રહે એટલે વસ્ત્રથી ગાળીને તે પાણીને ફરીથી પકાવવું, તે વખતે તેમા રીસામણી, ધાવણી, બીલીનો ગર્ભ, કાળીપાડ, મોચરસ, મોથ, અને અતિવિષનાં ચૂર્ણો ચાર ચાર તોલા નાખવા, કડછાને ચોટે એવું થાય ત્યારે તે અવલેહને ઉતારી પાણી, બકરીનુ દૂધ અથવા દહિના મડની સાથે તે પીવાથી વેદના તથા અનેક વર્ણોવાળા સર્વ પ્રકારના ભયકર અતિસારો, સર્વ પ્રકારના રક્તપ્રદરો, અર્શો અને પ્રવાહિકા મટી જાય છે.

આમલકાલવાલઃ—આમળાં વાટીને તેનો નાભિ ઉપર કયારો કરીને તેમા આદાનો રસ ભરી દેવો. આ ઉત્તમ પ્રયોગથી માણસના ભયંકર, વધા ગયેલા અને નહિ રોકાય એવા, અને નદીના વેગ જેવા દુર્જય અતિસારનો પણ તુરત નાશ થઇ જાય છે.

પાઠાદિચૂર્ણઃ—આંબાની અતરછાલ તથા કાળીપાડનું ચૂર્ણ બાષના દૂધમાં વાટીને પીવાથી અતિસાર, વ્યથા, અને દાહ, તુરત મટે છે, એમાં સંશય નથી.

વાયુથી થયેલા અતિસારનું લક્ષણ.

अरुणं फेनिलं रूक्षमल्पमल्पं मुहुर्मुहुः ।
शकृदामं सरुक् शब्दं मारुतेनातिसार्यते ॥

अरुणमीषद्रक्तम् । शकृत् पुरीषम् । सरुक् शब्दम् ॥ शब्दो गुदे तत्साहचर्याद्रुगपि गुद एव बोद्धव्या ।

વાયુથી અતિસાર થાય તો કઇંક રાતી, રૂક્ષ, કાચી, ગુદામાં વેદના કરતી, અને શબ્દ કરીને ગુદામાં ચાલતી થોડી થોડી વિષ્ઠા વારંવાર નીકળ્યા કરે છે.

વાતાતિસારની ચિકિત્સા.

वचाचातिविषामुस्तं बीजानि कूटजस्य च ।
श्रेष्ठ कषाय एतेषां वातातीसारशान्तये ॥

વજ, અતિવિષ, મોથ, અને ઇંદ્રજવનો કવાથ વાતાતિસારને શાંત કરવામાં ઉત્તમ ઉપાય છે.

પિત્તાતિસારનું લક્ષણ.

पित्तात् पीतं शकृद्रक्तं दुर्गन्धि हरितं द्रुतम् । गुदपाकतृषामूर्च्छादाहयुक्तं प्रवर्तते ॥

પિત્તથી અતિસાર થાય તો પીળી, રાતી, દુર્ગંધી, લીલી, પાણી જેવી, અને ગુદાના પાકવાથી, તૃષાથી, દાહથી, અને મૂર્છાથી યુક્ત વિષ્ઠા નીકળ્યા કરે છે.

પિત્તાતિસારની ચિકિત્સા.

बिल्वशक्रयवाम्भोदबालकातिविषाकृतः ।
कषायो हन्त्यतीसारं सामंपित्तसमुद्भवम् ॥

इति बिल्वादिकाथः ॥

रसाञ्जनं सातिविषं कुटजस्य फलत्वचम् ॥ धातकी शृङ्गवेरञ्च पायवेत्तण्डुलाम्बु-

ना ॥ निहन्ति मधुना पीतं पित्तातीसारमुल्वणम् । अग्निं संदीपयेदेतच्छूलमाशु निवारयेत् ॥

इति रसाञ्जनादि चूर्णम् ॥

બિલ્વાદિ ક્વાથ—બીલીનો ગર્ભ, ઇંદ્રજવ, મોથ, વાળો, અને અતિવિષનો ક્વાથ પીવાથી પિત્તથી થયેલો આમાતિસાર હણાય છે

રસાંજનાદિ ચૂર્ણ—રસવતી, અતિવિષ, ઇંદ્રજવના ફળની છાલ, ધાવણી, અને સૂંઠનું ચૂર્ણ મધ અને ચોખાના ધોણમાં પીવાથી ભયંકર પિત્તાતિસાર પણ મટે છે આ ચૂર્ણ અગ્નિને દીપ્ત કરે છે, તથા શૂળને તુરત મટાડે છે

રક્તાતિસારનાં લક્ષણ

पित्ताकृति यदात्यर्थं द्रव्यमश्नाति पैत्तिके । तदास्य जायतेऽभीक्ष्णं रक्तातीसार उल्वणः ॥

પિત્તાતિસાર થયા છતા પિતકર પદાર્થો ખાવામા આવેછે તો તેને વારવાર લોહીવાળો ભયંકર અતિસાર ઉત્પન્ન થાય છે

રક્તાતિસારની ચિકિત્સા

वत्सत्वग् दाडिमतरुमलाटुफलसम्भवा त्वक् च । त्वग्युगलं पलमानं विपचेदष्टाप्रसम्मिते तोये ॥ अष्टमभागं शेषं क्वाथं मधुना पिबेत् पुरुषः । रक्तातिसारमुल्वणमतिशयितं नाशयेन्नियतम् ॥

इति कुटजदाडिमक्वाथ. ॥

कुटजातिविषा मुस्ता वालकं लोध्रचन्दनम् । धातकी दाडिम पाठा क्वाथमेषां समाक्षिकम् ॥ पिबेद्रक्तातिसारे तु दाहशूलप्रशान्तये । कुटजादिकषायोऽयं सर्वातीसारनाशनः ॥ इति कुटजादिक्वाथः ॥

कल्कस्तिलानां कृष्णानां शर्करा पञ्चभागिकः । आजेन पयसा पीतः सद्योऽतीसारनाशनः ॥

सवत्सकः सातिविषः सबिल्वः सोदीच्यमुस्तश्च कृत कषायः । सामे सशूले सहशोणिते च चिरप्रवृत्तेऽपिहितोऽतिसारे ॥ कृष्णमृण्मयुकं लोध्रं कौटजं तण्डुलाम्बुना । पीतमेकत्र सक्षौद्रं रक्तसंग्राहणं परम् ॥ गुडेन भक्षयेद्बिल्वं रक्तातीसारनाशनम् । आमशूलविबन्धघ्नं कुक्षिरोगहरं परम् ॥

इति गुडबिल्वम् ।

जम्ब्वाम्रामलकीनान्तु कुट्टयेत् पल्लवान् नवान् । संगृह्य स्वरसन्तेषामजाक्षीरेण योजयेत् ॥ तत्पीत मधुना युक्तं रक्तातीसारनाशन् ॥ इति जम्ब्वादिस्वरस ॥

निक्वाथ्य मूलममलं गिरिमल्लिकायाः सम्यक् पलद्वितयमम्बु चतुःशरावे । तत् पादशेषसलिलं खलु शोषणीय क्षीरे पलद्वयमितं कशलैरजायाः ॥ प्रक्षिप्य माषकानष्टौ मधुनस्तत्र शीतले । रक्तातिसारी तत् पीत्वा नैरुज्य क्षिप्रमाप्नुयात् ॥

इति कुटजक्षीरम् ॥

पीत्वा शतावरीकल्कं पयसा क्षीरभुक् जयेत् रक्तातिसारं पीत्वा वा तया सिद्धं घृतं नरः ॥ शतावरीकल्क ॥

गोदुग्धं नवनीतञ्च मधुना सितया सह ।
रक्तातीसारे तु ग्राहकं परमं मतम् ॥

नवनीतावलेह ॥

पीतं मधुसितायुक्तं चन्दनं तण्डुलाम्बुना ।
रक्तातीसारजिद्रक्तपित्ततृड्दाहमेहनुत् ॥

चन्दनमत्र श्वेतचन्दनम् । इति चन्दनकल्क ॥

विरेकैर्बहुभिर्यस्य गुदं पित्तेन दह्यते ।
पच्यते वा तयोः कार्यं सेकप्रक्षालनादिकम् ॥ आदिशब्देन लेपादिग्रह ॥

पटोलयष्टीमधुककाथेन शिशिरेण हि ।
गुदप्रक्षालनं कार्यं तेनैव गुदसेचनम् ॥
दाहे पाके हितं छागीदुग्धं सक्षौद्रशर्करम् ।
गुदस्य क्षालने सेके युक्त पाने च भोजने॥

गुदस्य दाहपाकयोः ॥

गुदनिःसरणे प्रोक्तं चाङ्गेरीघृतमुत्तमम् ।
अतिप्रवृत्त्या महती भवेद्यदि गुदव्यथा ।
स्विन्नमूषकमांसेन तदा संस्वेदयेद्गुदम् ।
अथ गोधूमचूर्णस्य संभृतस्य तु वारिणा ।
साज्यस्य गोलकं कृत्वा मृदु संस्वेदयेद्गुदम्॥
गुदभ्रंशे गुदं स्नेहैरभ्यज्यान्तः प्रवेशयेत् ।
प्रविष्टं स्वेदयेत् मन्दं मूषकस्यामिषेण हि ॥

मूषकस्यामिषेण काञ्जिकेन स्विन्नेन एरण्डपत्रादिस्थापितेन स्वेदयेत् ॥

शम्बूकमांसं सुस्विन्नं सतैलं लवणान्वितम् । ईषद् घृतेन चाभ्यज्य स्वेदयेत्तेन यत्नतः गुदभ्रंशमशेषेण नाशयेत् क्षिप्रमेव च । मूषकस्याथ वसया पायुं सम्यक् प्रलेपयेत् । गुदभ्रंशाभिधो व्याधिः प्रणश्यति न संशयः ॥ चाङ्गेरी कोलदध्यम्लक्षारनागरसंयुतम् । घृतं विपक्वं पातव्यं गुदभ्रंशगदापहम् ॥

चाङ्गेरी यत्तु पत्री अम्ललोणिका तस्याः स्वरसः । कोलस्य क्वाथ. । दध्यम्लं दधिरूपमम्लम् । एतत् त्रयं मिलितं घृताच्चतुर्गुणं क्षारनागरयो क्वाथ । इति चाङ्गेरीघृतम् ॥

कोमलं पद्मिनीपत्रं यः खादेच्छर्करान्वितम् । एतन्निश्चित्य निर्दिष्टं न तस्य गुदनिर्गमः ॥

पद्मिनीपत्रम् संशोष्य संचूर्ण्य शर्करायुक्तं खादेत् । अयं तु गुदभ्रंशोऽतीसारं विनापि भवति । तत्र क्षुद्ररोगेषु लिखित । अप्रगुदस्य दाहपाकव्यथा प्रसङ्गाद्भ्रंशोऽपि लिखितः । चिकित्सा तूभयत्र तुल्यैव ॥

કુટજ દાડિમ ક્વાથઃ—કડાછાલ્ય તથા દાડમનાં કાચા ફળની છાલ્ય, ચાર ચાર તોલા લેઇ આઠગણા પાણીમા પકાવી આઠમો ભાગ રહે એટલે તે ક્વાથ મધ નાંખીને પીવાથી અતિશય ભયકર રક્તાતિસાર પણ જરૂર મટે છે.

કુટજાદિ ક્વાથ—ઇંદ્રજવ, અતિવિષ, મોથ, વાળો, લોદર, રસાંજલી, ધાવણી, દાડમ, અને કણીપાડનો ક્વાથ મધ નાખીને પીવાથી રક્તાતિસારનો દાહ તથા શૂળ શાંત થાય છે. આ કુટજાદિ ક્વાથ સર્વ અતિસારોનો નાશ કરે છે.

તિલ કલ્કઃ—કાળા તલનો કલ્ક તેમાં પાંચમા ભાગની સાકર નાંખીને બકરીના દૂધ સાથે પીવાથી અતિસારનો તુરત નાશ થઇ જાય છે.

વત્સકાદિકવાથઃ—ઇંદ્રજવ, અતિવિષ, બીલીનો ગર્ભ, વાળો, અને મોથનો કવાથ આમ, શૂળ, અને લોહીવાળા, તથા લાંબા કાળના અતિસાર ઉપર હિતકારી થાય છે.

કૃષ્ણમૃદાદિ કલ્ક—કાળીમાટી, જેઠીમધ, અને ઇંદ્રજવનો કલ્ક મધ તથા ચોખાના ધોણમા પીવાથી લોહીવાળો અતિસાર છેક મટી જાય છે.

ગુડબિલ્વ—બીલીનો ગર્ભ ગોળ સાથે ખાવાથી રક્તાતિસાર, આમશૂળ, મળબંધ, અને કૂખના રોગો સારી રીતે મટી જાય છે.

જંબ્વાદિ સ્વરસ—જાંબુ, આંબો, અને આમળાના કૂણા પાનોને વાટીને તેનો સ્વરસ મધ તથા બકરીના દૂધમા પીવાથી રક્તાતિસાર નાશ પામે છે.

કુટજક્ષીર—ઇંદ્રજવના ઝાડનાં મૂળ આઠ તોલા લેઇ તેનો ૧૨૮ તોલા પાણીમા કવાથ કરી ચોથો ભાગ રહે એટલે તેને ગળી તેમાં બકરીનુ દૂધ આઠ તોલા નાખીને પકાવતાં પાણી બળી જઈ દૂધ રહે એટલે તેને ટાઢુ પાડી તેમા આઠ માસા મધ નાંખીને પીવાથી રક્તાતિસાર તુરત મટી જાય છે.

શતાવરી કલ્ક—શતાવરીનો કલ્ક દૂધમાં પીવાથી અથવા શતાવરીના કલ્કમાં પકાવેલુ ઘી પીવાથી તથા દૂધ ખાવાથી, અને પથ્ય પાળવાથી, માણુસને રક્તાતિસાર મટી જાય છે.

નવનીતાવલેહ—ગાયનુ માખણ મધ તથા સાકર સાથે ચાટવાથી રક્તાતિસાર છેક નાશ પામી જાય છે.

ચંદન કલ્ક—સુખડ ઘસીને મધ, સાકર, અને ચોખાના ધોણ સાથે પીવાથી રક્તાતિસાર, રક્તપિત્ત, તૃષા, દાહ, અને પ્રમેહ મટી જાય છે

ગુદપાકના ઉપાયોઃ—બહુવાર દસ્ત લાગવાથી ગુદામા બળતરા થાયકે તે પાકે છે, તો નીચે લખેલા ગુદા ઉપર સેચન, ગુદા ધોવાના, અને લેપના ઉપાયો કરવા

(૧) કડવી ઘીસોડી અથવા કડવા પરવળ અને જેઠીમધનો કવાથ શીતળ કરીને ગુદાને ધોવી તથા તે ઉપર તેનુ સેચન કરવુ

(૨) ગુદદાહ તથા પાકમાં મધ તથા સાકર સાથે બકરીનુ દૂધ હિતકારી છે, માટે તેથી ગુદા ધોવી સેચન કરવુ, તથા તે પીવું જોઇએ.

આમણુના ઉપાયો—(૧) આમણુ નીકળતી હોય તો ખાટી લૂણીથી પકાવેલ ઘીનો ઉપયોગ કરવો તે ઉત્તમ છે

(૨) બહુ દસ્તથી ગુદામા વ્યથા થતી હોય તો ઉંદરના માંસને બાફીને તેનો શેક ગુદા ઉપર કરવો, અથવા ઘીનુ મોણ દેઈ ઘઉંના લોટની પાણીમા બાટી બાધીને પકાવી ગુદા ઉપર તેનો શેક કરવો

(૩) આમણુ ઉપર ઘી તેલ વગેરે સ્નિગ્ધ પદાર્થો લગાવીને હાથથી તેને અંદર પેસાડીને પછી કાજીથી બાફેલ તથા એરંડાના પાનમા વીંટેલ ઉંદરના માંસનો થોડો થોડો શેક કરવો

(૪) કડાના જીવડાના માંસમાં ઘી તથા લૂણ મેળવીને તે માંસને સારી પેઠે બાફીને, ગુદા ઉપર જરા ઘી ચોપડીને તે ઉપર તેનો શેક યત્નથી કરવાથી તુરત આમણુનુ દરદ છેક નાશ પામી જાય છે.

(૫) ઉંદરની ચરબીનો ગુદ ઉપર લેપ કરવાથી આમણુ મટેછે, એમા સશય નથી.

ચાંગેરીઘૃત:—ખાટી ચાર પાનવાળી લૂણીનો સ્વરસ, બોરનો કવાથ દહિ તથા જવખાર અને સૂઠનો કવાથ, એમને ઘીથી ચોગણાં લેઈ તેથી પકાવેલું ઘી પીવાથી આમણુ મટે છે. આ ઘીને ચાંગેરી ઘૃત કહે છે.

(૭) કોમળ કમળનાં પત્રને સૂકવી ચૂર્ણ કરી સાકર સાથે ખાવાથી માણસને આમણુનુ દરદ ઉભુંજ રહેતું નથી, એમ નક્કી કહેવામાં આવ્યું છે.

આમણુનુ દરદ અતિસાર સાથે થાય છે તેમ જ અતિસાર વગર પણ થાય છે, માટે તેને ક્ષુદ્ર રોગોમા પણ લખેલુ છે, અને ગુદદાહ તથા પાકના પ્રસંગને લીધે અહિ પણ લખ્યુ છે. બનેમા ચિકિત્સા તો એકજ છે.

કફાતિસારનું લક્ષણ

श्वेतं स्निग्धं घनं बद्धं शीतलं मन्दवेदनम् । गौरवारुचिसंयुक्तं श्लेष्मणा सार्यते शकृत् ॥

કફાતિસારમા ધોળી, સ્નિગ્ધ, ઘાટી, બંધાયલી, શીતળ, અને થોડી પીડાવાળી વેષ્ટા નીકળ્યા કરે છે, તથા ભારેપણું અને અરૂચિપણુ થાય છે.

કફાતિસારની ચિકિત્સા.

श्लेष्मातिसारे प्रथमं हितं लङ्घनपाचनम् । योज्यश्चामातिसारघ्नो यथोक्तो दीपनो गमः ॥ चव्यं सातिविषामुस्तं बालबिल्वं सनागरम् । वत्सकत्वक् फलं पथ्या हर्दि श्लेष्मातिसारनुत् ॥ चव्यादि क्वाथः ॥

हिङ्गु सौवर्चलं व्योषमभयातिविषा वचा । पीतमुष्णाम्बुना चूर्णमेषा श्लेष्मातिसारनुत् ॥

हिंग्वादिचूर्णम् ॥

કફાતિસારમાં પ્રથમ લંઘન તથા પાચન આપવાં, અને અગ્નિદીપન ઔષધોનો જે ગણ આમાતિસારની ચિકિત્સામાં કહેલો છે, તે હિતકારી છે.

ચવ્યાદિ કવાથ.—ચવક, અતિવિષ, મોથ, કાચી બીલી, સૂંઠ, કડાછાલ, ઈંદ્રજવ અને હરડેનો કવાથ કફાતિસાર મટાડે છે

હિંગ્વાદિ ચૂર્ણ –હીંગ, સંચળ, સુંઠ, મરી, પીપર, હરડે, અતિવિષ, અને વજનું ચૂર્ણ ગરમ પાણીમાં પીવાથી કફાતિસાર મટે છે.

વાત કફાતિસારની ચિકિત્સા.

क्रिमिघ्नवचाबिल्वपाठाधान्याककट्फलम् । एषां क्वाथं भिषग् दद्यादतीसारे द्विदोषजे ॥ कट्फलं मधुकं लोध्रं त्वक् दाडिमफलस्य च । सतण्डुलजलं चूर्णं वातश्लेष्मातिसारनुत् । चित्रकातिविषामुस्तं बालबिल्वं सनागरम् । वत्सकत्वक् फलं पथ्या वातश्लेष्मातिसारनुत् ॥

इति वातश्लेष्मातिसारे ॥

(૧) વાયુ તથા કફથી થયેલા અતિસારમા વૈદ્યે વાવડીંગ, વજ, બીલી, કાળીપાડ, ધાણા, અને કાયફળનો કવાથ આપવો.

(૨) કાયફળ, જેઠીમધ, લોદર, અને દાડમના ફળની છાલનુ ચૂર્ણ ચોખાના ધોણમા પીવાથી વાત કફાતિસાર મટી જાય છે.

(૩) ચિત્રક, અતિવિષ, મોથ, કાચી બીલી, સૂંઠ, કડાછાલ, ઈંદ્રજવ, અને હર-

ડેનો ક્વાથ પીવાથી વાતકફાતિસાર મટી જાય છે.

પિત્ત કફાતિસારની ચિકિત્સા.

मुस्ता सातिविषा मूर्वा वचा च कुटजः समाः। एषां कषायः सक्षौद्रः पित्तश्लेष्मातिसारनुत् ॥ इति पित्तश्लेष्मातिसारे ॥

મોથ, અતિવિષ, પીલુડી, વજ અને ઇંદ્રજવ સમ ભાગે લેઈ તેનો ક્વાથ મધનાંખીને પીવાથી પિત્તકફાતિસાર મટી જાય છે.

સંનિપાતાતિસારનાં લક્ષણો.

तन्द्रायुक्तो मोहसादास्यशोषी वर्चः कुर्यात् नैकरूपं तृषार्त्तः। सर्वोद्भूते सर्वलिङ्गोपपत्तिः कृच्छ्रैः साध्यो बालवृद्धाऽबलानाम् ॥

ત્રણે દોષોથી અતિસાર થયો હોય તો ત્રણે દોષોનાં ચિન્હો થાય છે, તૃષા તંદ્રા, મોહ અને ગ્લાનિ થાય છે, મુખ સૂકાય છે અને અનેક રંગવાળી વિષ્ટા નીકળે છે આ અતિસાર બાળક, વૃદ્ધ, કે નિર્બળ માણસને થાય તો તે કષ્ટસાધ્ય છે

સંનિપાતાતિ સારની ચિકિત્સા.

पञ्चमूली बलाबिल्वगुडूचीमुस्तनागरैः। पाठाभूनिम्बबर्हिष्ठकुटजत्वक्फलैः शृतम् ॥ सर्वजं हन्त्यतीसारं ज्वरञ्चापि तथा वमिम्। स शूलोपद्रवं श्वासं कासं चापि सुदुस्तरम् ॥ पञ्चमूली तु सामान्यात् पित्ते योज्या कनीयसी। वाते पुनर्बलासे च सा योज्या महती मता ॥

इति पचमूल्यादिक्वाथः ॥

अभया नागरं मुस्तं गुडेन सह योजितम्। चतुः सममयं गुटिका स्यात् सर्वातीसारनाशिनी ॥ आमातीसारमानाहं सविबन्धं विषूचिकाम्। कृमीनरोचकं हन्यादीपयत्याशु चानलम् ॥

इति चतु समो मोदक. ॥

तत्कालाकृष्टकुटजत्वचं तण्डुलवारिणा। पिष्टा चतुःपलमितां जम्बूपत्रेण वेष्टिताम् ॥ सूत्रेण बध्वा गोधूमपिष्टेन परिवेष्टिताम्। लिप्ताञ्च घनपङ्केन निर्दहेद् गोमयाग्निना ॥ अङ्गारवर्णाञ्च मृदं दृष्ट्वा वह्नेः समुद्धरेत्। ततो रसं समादाय शीतं क्षौद्रयुतं पिबेत् ॥ उक्तः कृष्णात्रिपुत्रेण पुटपाकस्तु कौटजः। जयेत् सर्वानतीसारान् रक्तजान् सुचिरोत्थितान् ॥ इति कुटजपुटपाक. ॥

कुटजं त्वकृतः क्वाथो वस्त्रपूतो हिमीकृतः। स लीढोऽतिविषायुक्तः स्यात् त्रिदोषातिसारनुत् ॥ इच्छन्त्यशाष्टमांसेन क्वाथादतिविषारजः। प्रक्षेपयेत् चतुर्थांशमिति केचिद् वदन्तिहि ॥ इति कुटजावलेह ॥

पलमङ्कोटमूलस्य पाठा दार्वीञ्च तत्समाम्। पिष्टा तण्डुलतोयेन वटकानक्षसंमितान् ॥ छायाशुष्कांश्च तान् कुर्यात्तेष्वेकं तण्डुलाम्बुना पेषयित्वा प्रदद्याच्चं पानाय गदिने भिषक् ॥ वातपित्तकफोद्भूतान् द्वन्द्वजान् सान्निपातिकान्। हन्यात् सर्वानतीसारान् वटकोऽयं प्रयोजितः ॥

इति अङ्कोटवटकः ॥

પંચમૂલ્યાદિ ક્વાથ'—પચમૂળ, બળ દાણા, બીલી, ગળો, મોથ, સૂંઠ, કાળીપાડ, કરિયાતું, વાળો, કડાછાલ્ય અને ઇંદ્રજવનો ક્વાથ ત્રિદોષાતિસાર, જ્વર, ઉલટી, શૂળ, શ્વાસ, અને દુસ્તર ઉધરસને પણ મટાડે છે. સામાન્ય રીતે પિત્ત ઉપર લઘુ પંચમૂળ, અને વાયુ તથા કફ કફ ઉપર બૃહત્પંચમૂળનો ઉપયોગ કરવામાં આવે છે.

ચતુ.સમ મોદક:—હરડે, સૂંઠ, મોથ, અને ગોળ સમ ભાગે લેઈ ગોળી બનાવવી આ ચતુ'સ્સમ નામની ગોળી સનિપાતાતિસાર, આમાતિસાર, આફરો, મળબધ, કોલેરા, કૃમિ, તથા અરૂચિને મટાડીને અગ્નિને પ્રદીપ્ત કરે છે.

કુટજ પુટપાક:—સોળ તોલા લીલી કડાછાલ્યને ચોખાના ધોણમા વાટીને જાબુના પાંદડામાં વીંટી દોરો બાધી ઉપર ફરતો ઘઉંની કણકનો થર ચઢાવી દેઇને, ઉપર પાછો જાડો માટીનો થર ચઢાવવો. પછી છાણાના અગ્નિમા તેને પકાવી લાલચોળ થઇ જાય ત્યારે ગોળાને અગ્નિમાથી કાઢી લેઇને કડાછાલ્યના રસને ટાઢો પાડીને તેમા મધ નાખીને પીવાથી લાંબા કાળથી થયેલા રક્તાતિસાર વગેરે સઘળા અતિસારો મટી જાય છે. પુનર્વસુ મુનિએ કહેલો આ કુટજ પુટપાક છે.

કુટજાવલેહ:—કડાછાલ્યનો ક્વાથ વઅથી ગાળી, ટાઢો પાડી, તેમાં અતિવિષનું ચૂર્ણ નાંખીને ચાટવાથી ત્રણે દોષના અતિસાર મટે છે. કેટલાક કહે છે કે ક્વાથથી આઠમા ભાગ જેટલું અતિવિષનું ચૂર્ણ નાંખવું.

અંકોટવટક:—ચાર તોલા અંકોલનાં મૂળ તથા એટલાંજ કાળીપાડ અને દારૂહળદરને ચોખાના ધોણમાં વાટીને એક એક તોલાની ગોળીઓ બનાવીને છાંયામાં સૂકવી એક ગોળી ચોખાના ધોણ સાથે ખાવાથી ત્રિદોષાતિસાર, દ્વિદોષાતિસાર, તથા એક દોષાતિસાર, એમ સર્વ અતિસારો મટી જાય છે.

શોકાતિસારનું લક્ષણ.

तैस्तैर्भावैः शोचतोऽल्पाशनस्य बाष्पोष्मा वै वह्निमाविश्य जन्तोः । कोष्ठं गत्वा क्षोभयेत्तस्य रक्तं तच्चाधस्तात् काकणन्तीप्रकाशम् । निर्गच्छेद्वै विड्विमिश्रं ह्यविड्वा निर्गन्धं वा गन्धवद्वातिसारः । शोकोत्पन्नो दुश्चिकित्स्योऽतिमात्रं रोगो वैद्यैः कष्ट एष प्रदिष्टः ॥

अस्यार्थ. । तैस्तैर्भावैः बन्धुवित्तक्षयादिभिः शोचतः शोकं कुर्वतः जन्तोः प्राणिन बाष्पोष्मा बाष्पः देहोष्मणा जनितं नेत्रनासागलादिषु जल तेन सहित । उष्मा शोकजं देहतेज ॥ स कोष्ठंगत्वा वह्निमाविश्य जठराग्निं मन्दीकृत्वा । बाष्पसाहित्यादुष्मणापि वह्नेर्मन्दीभावः इति न दोषः ॥ वह्नेर्मन्दीभावादेव । अल्पानस्येति । जन्तोर्विशेषणम् । ततस्तस्य जन्तो. रक्तं क्षोभयेत् । स्वस्थानाच्चालयेदिति संगतिः ॥ अथ लक्षणम् । तच्च रक्तं अधस्ताद् गुदात् ॥ काकणन्तीप्रकाशम् । गुञ्जाफलसदृशम् ॥ विड्विमिश्रं गन्धवच्च । अविड् निर्गन्धं वा निर्गच्छेत् शोकोत्पन्नोऽतीसार. ॥ अतिमात्रं दुश्चिकित्स्यः। शोकापनोदनं विना केवलेन भेषजेन प्रतीकर्तुमशक्यत्वात् । एषोऽतीसार. कष्टसाध्य. कथित. ॥

બંધુઓ કે ધનાદિના નાશથી શોક થાય છે, તેથી નેત્ર, નાક, અને ગળામા દેહની ગરમીથી ઉત્પન્ન થયેલ જળરૂપ આસુ કોઠામાં જઇને જઠરાગ્નિને મંદ કરી નાખે છે, તેથી થોડું ખાનાર પ્રાણીના રક્તને પોતાના સ્થાનથી ચલિત કરે છે, તેથી તે રક્ત ગુદા માર્ગેથી વિષ્ટા તથા ગંધવાળું, અથવા તેઓ વગરનુ, ચણોઠી જેવું રાતું નીકળે છે. આને શોકાતિસાર કહે છે. આ અતિસાર બહુ કષ્ટ સાધ્ય છે, કેમકે શોક ન મટે ત્યા સૂધી ઔષધ માત્રથી તે મટતો નથી, માટે શોકાતિસાર કષ્ટસાધ્ય ગણાયો છે.

ભયાતિસારનાં લક્ષણો.

भयेन क्षोभिता दोषा दूषयन्ति मलं यदा । तदातिसार्यते जन्तुः क्षिप्रमुष्णं जलप्लवम् ॥ वातपित्तातिसारस्य प्रायो लिङ्गैः समन्वितम् । अभयोपशमाच्छर्म यस्मिन् स्यात् स भयात्स्मृतः ॥

प्लवति प्लवम् । जले प्लवमानम् । ननु भयातीसारस्य कथमागन्मुजत्वमयमपि दोषज एव । यत आह ॥ भयेन क्षोभिता दूषिता दोषा मल दूषयन्ति तन्मलमतिसरति । अत्र पूर्वमेव दोषसम्बन्धः ॥ उच्यते ।'रागद्वेषभयाच्चैव ते स्युरागन्तवो गदा ॥' इति वचनाद्भयातीसार आगन्तुज एव । भयेनैव हेतुमूतेन दोषा वातपित्तकफा अतिसार जनयन्ति क्षोभिता । सञ्चालिता न तु दूषिता ॥ भयेन त्रयाणामपि दोषाणा दूषणासम्भवात् अतिसर्त्तुं चालिता वातपित्तकफमल दूषयन्ति तत्सर्वं वातपित्तकफमलं भयेनैवातिसार्यते ॥ पश्चाद्वातसम्बन्धेन भयाद्वायुरिति वचनात् । अतएव भयातिसारे वातहर्येव क्रिया कथितेति साधु. ॥

ભયથી ક્ષોભ પામેલા દોષો જ્યારે મળને દૂષિત કરે છે, ત્યારે પ્રાણીને તુરતજ પાણીમાં તરે એવી ગરમ વિષ્ટા ઉત્પન્ન કરે છે. તે વાતપિત્તાતિસારના જેવો જ અતિસાર છે. ભયને શાંત કરવાથી તે મટે છે માટે તે ભયાતિસાર કહેવાય છે

શંકા:—

ભયથી થયેલા અતિસારને આગતુજ કેમ કહી શકાય? કેમકે ભયે ક્ષોભ પમાડેલા (દૂષિત કરેલા) દોષો મળને દૂષિત કરીને કાઢે છે. આ ઉપરથી જણાય છે કે તેમાં પ્રથમજ દોષોનો સબધ છે માટે તે દોષજન્ય કેમ ન કહેવાય?

સમાધાન.

રાગ, દ્વેષ અને ભયથી જે રોગ થાય છે તે આગંતુક કહેવાય છે. માટે ભયાતિસાર પણ આગતુક જ છે. ભયે ક્ષોભ પમાડેલા દોષ એટલે ભયને લીધે ચળાયમાન થયેલા દોષ સમજવા ચળાયમાન થયેલા વાતપિત અને કફ મળને દૂષિત કરીને અતિસાર કરે છે. ભયાતિસારમા પાછળથી દુષ્ટ વાયુનો સંબધ થાય છે, કારણ કે ભયથી વાયુ થાય છે.

શોક ભયાતિસારોની ચિકિત્સા.

भयशोकसमुद्भूतौ ज्ञेयौ वातातिसारवत् । तयोर्वातहरी कार्या हर्षणाश्वासनैः क्रिया ॥

वाततिसारवत् वातातिसारलक्षणयोः यतोश्चिकित्सा च हर्षणाचासनपूर्विका वातहरी कर्तव्या ॥

શોક તથા ભયાતિસારનાં લક્ષણો વાતાતિસારના જેવા જ હોય છે, માટે તેમાં હર્ષ ઉપજાવવા તથા આશ્વાસના પૂર્વક વાતહર ચિકિત્સા કરવી.

આમાતિસારનાં લક્ષણો.

अन्नाजीर्णात्प्रद्रुताः क्षोभयन्तो दोषाः कोष्ठे धातुसङ्घान् मलांश्च । नानावर्णान्नैकशः सारयन्ति शूलोपेतं षष्ठमेनं वदन्ति ॥

अन्नं भुक्तं तदजीर्णञ्चेति कर्मधारये अन्नाजीर्णम् तस्मात् प्रद्रुता क्षोभयन्तः चालयन्तः । नैकश इत्यत्र नाकादित्वान्नाक्षरविपर्यय नत्वामेन दोषा दूष्यन्ते गुर्वादिभक्षणादिभिरिव ते चातीसारमुत्पादयन्ति । नत्वाममतीसारमुत्पादयन्ति तेनामातीसारोऽपि दोषज एव किमर्थं पृथगुक्तम् । उच्यते ॥ आमातीसारस्य पृथक् चिकित्सार्थं अतीसारेषु सर्वेषु एव संग्राहकमौषधमुक्तमामातीसारे तु ग्राहक निषिद्धम् । यत उक्तम् ॥

नामे संग्राहकं दद्यादतीसारे कदाचन ।
संगृहीतो बलादामो विकारान् कुरुते बहून्॥

बलात् भेषजबलात् विकारान् ग्रहण्याध्मानशूल्मशोथोदरज्वरादीन् ॥

ખોરાકના અજીર્ણથી ચલિત થયેલા તથા કોઠામા ધાતુઓના સમૂહો તથા મળોને ક્ષોભ પમાડતા દોષો શૂળ સહિત અનેક રંગના દસ્તને વારંવાર ગુદા માર્ગે વહેવરાવે છે, તે છઠ્ઠો આમાતિસાર કહેવાય છે.

શંકાઃ—

જેમ ભારે પદાર્થોના ભોજન વિગેરેથી દોષો દૂષિત થાય છે, તેમ આમથી પણ દૂષિત થાય છે. એ દૂષિત થયેલા દોષોથી અતિસાર થાય છે પણ આમ અતિસારને ઉત્પન્ન કરતો નથી, માટે આમાતિસાર પણ દોષજન્ય જ ગણાવો જોઈએ, તેમ છતાં જૂદો કેમ ગણ્યો ?

સમાધાનઃ—

બીજા સર્વ પ્રકારના અતિસાર કરતાં આમાતિસાર વિલક્ષણ પ્રકારનો છે, બીજા અતિસારોમાં ઝાડો બંધ કરવાનાં ઔષધો અપાય છે, પણ આમાતિસારમા તેનો નિષેધ છે. કહ્યું છે કે—આમાતિસારમાં દસ્તને રોકનારી દવા આપવાથી ગ્રહણી, આફરો, શૂળ, ગુલ્મ, સોજા, ઉદરરોગ તથા જ્વર વગેરે ઘણા વિકારો ઉત્પન્ન થાય છે.

આમાતિસારની ચિકિત્સા.

वत्सकातिविषाशुण्ठीबिल्वहिङ्गुयवाम्बुदाः ।
चित्रकेण युतः क्वाथ आमातीसारनाशनः ॥

ઇંદ્રજવ, અતિવિષ, સૂંઠ, બીલી, હિંગ, જવ, મોથ, અને ચિત્રકનો ક્વાથ આમાતિસારને મટાડે છે.

શોથાતિસારની ચિકિત્સા.

शोथघ्नीन्द्रयवाः पाठा श्रीफलातिविषाघनाः । क्वथिताः सोषणाः पीताः शोथातीसारनाशनाः ॥

शोथघ्नी पुनर्नवा । उषण मरिचं ॥ इति शोथातीसारः ॥

સાટોડી, ઇંદ્રજવ, કાળીપાઠ, બીલી, અતિવિષ, મોથ, અને મરીનો ક્વાથ પીવાથી શોથાતિસાર (સોજાથી થયેલો અતિસાર) મટે છે.

છર્ધતિસારની ચિકિત્સા.

आम्रास्थिमध्यमालूरफलक्वाथः समाक्षिकः ।
शर्करासहितो हन्यात् छर्द्यतीसारमुल्बणम्॥

मालूरफलं बिल्वफलम् ॥

कषायो भृष्टमुद्रस्य सलाजमधुशर्करः । निहन्याच्छर्धतीसारं तृष्णां दाहं ज्वरं भ्रमम् ॥ इति छर्दतीसारः ॥

(૧) આંબાની ગોટલીનો ગર્ભ અને બીલીનો ક્વાથ મધ અને સાકર નાંખીને પીવાથી ભયંકર ઉલટીનો અતિસાર મટી જાય છે.

(૨) શેકેલો મગનો ક્વાથ શાળની ધાણી, મધ, અને સાકર નાંખી તે પીવાથી ઉલટીનો અતિસાર, તરશ, દાહ, જ્વર, ભ્રમ, એ મટી જાય છે.

નિઃસારકની ચિકિત્સા.

दध्ना ससारेण समाक्षिकेण भुञ्जीत निःसारकपीडितस्तु । सुतप्तकुप्यकथितेन वापि क्षीरेण शीतेन मधुप्लुतेन ॥

नि.सारकः निठाहीति लोके । सुतप्तकुप्यकथितेन सुतप्तसुवर्णरजतनिर्वापणक्वाथितेन भुञ्जीत-पथ्यमिति शेष । नि.सारके ॥

ધીરે ધીરે કડકે કડકે દસ્ત આવે તો તરવાળા દહિમાં મધ નાખીને તે સહિત પથ્ય ભોજન કરવુ, અથવા અત્યત તપાવેલ સોનુ કે રૂપું ઠરવા નાખીને ગરમ કરેલા અને પછી ટાઢા પાડેલા દૂધમા મધ નાખીને તે સહિત પથ્ય ભોજન કરવું.

વિષ્ટાક્ષયની ચિકિત્સા

दीप्ताग्निर्निःपुरीषो यःसार्यते फेनिलं शकृत् । स पिबेत् फाणित शुण्ठी दधि तैलं पयो घृतम् ॥ बलाविश्वामृतं क्षीरं गुडतैलानुयोजितम् । दीप्ताग्निं पाययेत्प्रातः सुखदं वर्चसः क्षये ॥ पुरीषक्षये ॥

(૧) દીપ્તાગ્નિવાળા તથા વિષ્ટાથી રહિત થઇ ગયેલાને ગુદામાથી ફીણવાળો મળ નીકળ્યા કરતો હોય તેણે અરધો પાકેલો રાબ જેવો ગોળ, સૂઠ, દહિ, તેલ, દૂધ, અને ઘી પીવા.

(૨) દીપ્તાગ્નિ તથા વિષ્ટા રહિત માણસે બળદાણા અને સૂઠથી પકાવેલ દૂધમાં ગોળ અને તેલ નાખીને પ્રાત કાળમા તે દૂધ પીવું, તેથી સુખ થાય છે.

બિલ્વતૈલ.

तुलां सङ्कुट्य बिल्वस्य पचेत् पादावशेषितम् । सक्षीरं साधयेत्तैलं श्लक्ष्णपिष्टैरिमैः समैः ॥ बिल्वं सधातकीं कुष्टं शुण्ठीरास्नापुनर्नवाः । देवदारु वचा मुस्त लोध्रमोचरसान्वितम् ॥ एभिर्मृद्वग्निना पक्वं ग्रहण्यर्शोऽतिसारनुत् । बिल्वतैलमिति ख्यातमत्रिपुत्रेण भाषितम् ॥

ग्रहण्यर्शोऽधिकारे ये स्नेहाः सम्प्रदर्शिताः । प्रयोज्यास्तेऽतिसारेऽपि त्रयाणा तुल्यहेतुना ॥ इति बिल्वतैलम् ॥

૪૦૦ તોલા બીલીના ગર્ભનો ક્વાથ કરી ચોથો ભાગ રહે એટલે તેમા દૂધ અને તેલ નાંખી, બીલી, ધાવણી, કઠ, સૂઠ, રાસ્ના, સાટોડી, દેવદાર, વજ, મોથ, લોદર, અને મોચરસના કલ્કો પણ નાંખીને ધીરા અગ્નિથી તેલ પકાવવુ, પુનર્વસુ મુનિએ કહેલું આ તેલ બિલ્વતૈલ નામનુ છે, તે ગ્રહણી, અર્શ, તથા અતિસારોને મટાડે છે.

(૪) ગ્રહણી અને અર્શના અધિકારોમાં જે સ્નેહો કહેલા છે. તે સર્વે પણ અતિસારમા વપરાય છે, કેમકે એ ત્રણે રોગોનાં હેતુ સમાન છે.

પ્રવાહિકા અતિસારનુ લક્ષણ.

वायुः प्रवृद्धो निचितं बलासं नुदत्यधस्तादहिताशनस्य । प्रवाहतोऽल्पं बहुशो मलाक्तं प्रवाहिका तां प्रवदन्ति तज्ज्ञाः ॥

अस्यायमर्थः । अहिताशनस्य अतिशयेन वातलभक्ष्यभोजिनः प्रवृद्धो वायु प्रवाहत बलेन सशब्द वायुमपानमार्गेण त्यजत निचित सञ्चित बलास कफं मलाक्त पुरीषयुक्तम् अल्पं बहुश वारंवारं अधस्ताद् गुदात् नुदति । वैद्या. तां प्रवाहिका प्रवदन्ति ॥

અત્યત વાયુ કરનારા પદાર્થો ખાવાથી અત્યંત વધી ગયેલા વાયુ જોર કરીને અધોવાયુ મૂકતી વખતે ગુદામાંથી વિષ્ટાથી ખરડાયલો કફ વારવાર નીકળ્યા કરે છે, તે રોગને વૈદ્યો પ્રવાહિકા કહે છે.

પ્રવાહિકાનાં રૂપો.

प्रवाहिका वातकृता सशूला पित्तात् सदाह सकफा कफाच्च । सशोणिता शोणितसम्भवाच्च ताः स्नेहरूक्षप्रभवा मतास्तु ॥

तत्र रूक्षप्रभवा वातजा स्नेहप्रभवा कफजा तुशब्दात् तीक्ष्णोष्णप्रभवा पित्तजा रक्तजा च ॥

तासामतीसारवदादिशेच्च लिङ्गं क्रमं चामविपक्वतां च ।

વાયુની પ્રવાહિકા શૂળવાળી હોય છે, અને તે રૂક્ષ પદાર્થો ખાવાથી થાય છે; તીક્ષ્ણ અને ગરમ પદાર્થો ખાવાથી દાહવાળી પ્રવાહિકા પિત્તની થાય છે, સ્નિગ્ધ પદાર્થોથી કફની પ્રવાહિકા થાય છે, તીક્ષ્ણ અને ગરમ પદાર્થોથી થયેલી લોહીવાળી રક્તની પ્રવાહિકા કહેવાય છે. આ પ્રવાહિકાઓનાં ચિન્હો, ચિકિત્સા, તથા કાચા પાકા પણ વિષે અતિસાર જેવી જ રીતિ જાણવી.

પ્રવાહિકાની ચિકિત્સા.

બિલ્વાદ્યાવલેહ.

बिल्वपेशी गुडं लोध्रं तैलं मरिचसंयुतम् । लीढ्वा प्रवाहिकाक्रान्तः सत्वरं सुखमाप्नुयात् ॥ बिल्वादिअवलेह. ॥

धातकी बदरीपत्रं कपित्थं रसमाक्षिकम् । सलोध्रमेकशो दध्ना पिबेन्निर्वाहिकार्दितः ॥

एकश. प्रत्येकं दध्ना पिबेदित्यर्थः । इति धातक्यादिः ॥

બીલીનો ગર્ભ, ગોળ, લોદર, તેલ, અને મરીનો અવલેહ ચાટવાથી પ્રવાહિકા વાળાને તુરત સુખ મળે છે.

ધાતક્યાદિ.

ધાવડીના ફૂલ, બોરડીનાં પાન, કોઠનો રસ, મધ, અને લોદરનુ ચૂર્ણ, એ દહિ સાથે જુદાં જુદાં પીવાથી પ્રવાહિકા મટે છે.

અસાધ્ય અતિસારનાં લક્ષણો.

पक्वं जाम्बवसङ्काशं यकृत् पिण्डनिभं तनुम् । घृततैलवसामज्जावेसवारपयोदधि ॥ मांसधावनतोयाभं कृष्णं नीलारुणप्रभम् । कर्बुरं मेचकं स्निग्धं चन्द्रिकोपगतं घनम् ॥ कुणपं मातुलुङ्गाभं दुर्गन्धं क्वथितं बहु । तृष्णादाहाऽरुचिश्वासहिक्कापार्श्वास्थिशूलिनम् ॥ संमूर्च्छारतिसंमोहयुक्तं पक्ववली गुदम् । प्रलापयुक्तञ्च भिषग् वर्जयेदतिसारिणम् ॥ असंवृतगुदं क्षीणं शूलाध्मानै-

रुपद्रुतम् । गुदे पक्वे गतोष्माणमतिसारिणमुत्सृजेत् ॥

असंवृतगुदं गुदसंवरणाक्षमम् । गुदे पक्वे गुदपाकरम्भके पित्ते विद्यमानेपि शीतगात्रं नष्टाग्निं वा ॥

श्वासशूलपिपासार्त्तं क्षीणं ज्वरनिपीडितम् । विशेषेण नरं वृद्धमतिसारो विनाशयेत् ॥ शोथं शूलं ज्वरं तृष्णां श्वासं कासमरोचकम् । छर्दिं मूर्च्छां च हिक्कां च दृष्ट्वातीसारिणं त्यजेत् । हस्तपादाङ्गुलीसन्धिषप्पाको मूत्रनिग्रहः ॥ पुरीषस्योष्णतातीव मरणायातिसारिणः । अतीसारी राजरोगी ग्रहणीरोगवानपि ॥ मांसाग्निबलहीनो यो दुर्लभं तस्य जीवनम् । बाले वृद्धे त्वसाध्योऽयं लिङ्गैरेतैरुपद्रुतः ॥ अपि यूनामसाध्यं स्यादतिदुष्टेषु धातुषु ॥

જેની વિષ્ટા પાકેલા જાંબુ જેવી, યકૃતની ગાઠ જેવી, સૂક્ષ્મ, ઘી જેવી, તેલ જેવી, ચરબી જેવી, મજ્જા જેવી, દાળના પાણી જેવી, દૂધ જેવી, દહિં જેવી, માંસના ધોણુ જેવી, કાળી, લીલી, રાતી, કાબરચિત્રી, ચીકણી, મોરપીંછ જેવા ચાઠ્લાઓવાળી, મુડદા જેવા ગંધવાળી, માથાના મગજ જેવી, ગંધાતી, કે બહુજ ગરમ હોય, તે રોગીને તૃષા, દાહ, અરૂચિ, શ્વાસ, હેડકી, અને પડખાં તથા હાડકાંમાં શૂળ, મૂર્છા, અરૂચિ, મોહ, ગુદાની વળીઓમા પાક, અને પ્રલાપ આવ્યો હોય છે, એવા રોગીને વૈદ્યે છોડી દેવો જોઇએ. જે રોગી ગુદાને બીડી શકતો ન હોય, નબળો થઇ ગયો હોય, શૂળવાળો હોય, ગુદા પાકયા છતાં પણ શીતળ ગાત્રો અને જઠરાગ્નિ વગરનો થઇ ગયો હોય, તેને વૈદ્યે છોડી દેવો. શ્વાસ, શૂળ, તૃષા, નબળાઇ, જ્વર, અને વિશેષે કરીને વૃદ્ધતાવાળાને અતિસાર મારી નાખે છે, સોજા, શૂળ, જ્વર, તૃષા, શ્વાસ, ઉધરસ, અરૂચિ, ઉલટી, મૂર્છા, અને હેડકી, એ લક્ષણોવાળાને પણ છોડી દેવો. સાંધા તથા હાથ પગની આગળીઓ પાકી ગઈ હોય, મૂત્ર અટકી ગયુ હોય, અને વિષ્ટા બહુજ ગરમ નીકળતી હોય, તે અતિસાર વાળો મરવાનો જ છે. અતિસાર, ક્ષયરોગ, અથવા ગ્રહણી રોગવાળો જે કોઈ માંસ અને અગ્નિના બળ વગરનો થઇ ગયો હોય, તેનુ જીવવું દુર્લભ જાણવું ઉપરનાં ચિન્હો થયા હોય, તો બાળક તથા વૃદ્ધોને માટે તો અસાધ્ય જ છે, અને ધાતુઓ અત્યંત દુષ્ટ થયા હોય તો જુવાનોનો અતિસાર પણ અસાધ્ય છે.

અતિસારથી મુક્ત થયાનાં લક્ષણો.

यस्योच्चारं विना मूत्रं सम्यग्वायुश्च गच्छति । दीप्ताग्नेर्लघुकोष्ठस्य स्थितस्तस्योदरामयः ॥

અગ્નિ વધ્યો હોય, કોઠો હલકો થયો હોય, અને અધોવાયુ વિષ્ટા વગર અને મૂત્ર છૂટી શકતાં હોય, તો અતિસાર મટયો, એમ જાણવું.

પથ્યાપથ્ય.

स्नानावगाहमभ्यङ्गं गुरुस्निग्धादिभोजनम् । व्यायाममग्निसन्तापमतीसारी विवर्जयेत् ॥ स्नानमुद्धृतजलेन । अवगाहं नद्यादौ ॥

અતિસારવાળાએ ન્હાવું નહિ, નદી વગેરેમાં પડવું નહિ, ભારે કે ચીકણું ખાવું

નહિ, કસરત કરવી નહિ, અને તડકો સેવવો નહિ.

શંખ પોટલી રસ.

प्रत्येकं दशगद्याणाः शुद्धसूतकगन्धयोः । विंशतिं त्रिदिनं खल्वे पिष्ट्वा कुर्याच्च कज्जलीम् ॥ पश्चादर्कस्य दुग्धेन पिष्ट्वा तां कज्जलीं त्र्यहम् । ततो वज्रस्य दुग्धेन पिष्ट्वा तां कज्जलीं त्र्यहम् । आर्द्रकं चित्रकं श्वेतं निःसहायञ्च मर्दयेत् ॥ पेषयेत् तद्रसैरेवं कज्जलीन्तां दिनत्रयम् । पीतानाञ्च कपर्दीनां चूर्णं गद्याणविंशतिः ॥ विंशतिः शङ्खचूर्णस्य चत्वारिंशच्च मिश्रितम् । त्रिदिनं मर्दयेत् खल्वे पूर्वोक्तेन क्रमेण च ॥ त्र्यहमर्कस्य दुग्धेन वज्रीदुग्धेन च त्र्यहम् । तन्मध्ये कज्जलीं क्षिप्त्वा चित्रकार्द्ररसेन तु ॥ खल्वे पिष्ट्वा द्वयोः कार्या गव्यो बदरसम्मिताः । क्षिप्त्वा दग्ध्वाशु चूर्णेन पक्वकुक्कुरिकान्तरम् ॥ प्रक्षिप्य गुटिकास्तत्र चूर्णलिप्तपिधानकम् । दत्त्वा वस्त्रमृदा लिप्त्वा गर्तं हस्तप्रमाणकम् ॥ तद्गर्भे कुक्कुरीं मुक्त्वा पुटो देयश्च शाणकैः । पश्चाच्चित्रकनीरेण स्वाङ्गशीतञ्च पेषयेत् ॥ गुटिकाः पूर्वरीत्येव कृत्वा देयः पुनः पुटः । दग्धानां गुटिकानाञ्च चूर्णं कृत्वाथ कूपके ॥ क्षेप्यं चैवं हि निष्पन्नो रसोऽयं शङ्खपोटली । आमज्वरातिसारे च श्वासे कासे तथैव च ॥ श्लेष्मपित्तामवातेषु मन्दाग्नौ ग्रहणीषु च । अष्टादश प्रमेहेष्वजीर्णे जीर्णज्वरेषु च ॥ द्वात्रिंशन्मरिचैः सार्कं सघृतं वल्लुपञ्चकम् । सर्वरोगेषु दातव्यं मरिचाज्यं विना ज्वरे ॥ शालयो दधिदुग्धादिभोजनं मधुरं हितम् । कटुम्लक्षारतैलाद्या दूरतः परिवर्जयेत् ॥ विधिनानेन कर्तव्यो रसोऽसौ शङ्खपोटली । क्रमेण विनिवर्तन्ते मोक्तरोगा न संशयः ॥

(૧) પાંચ પાંચ તોલા પારો તથા ગધકને ત્રેવીસ દિવસ સુધી ખરલ કરીને તેની કજ્જલી કરવી. તે પછી તેને ત્રણ ત્રણ દિવસો સુધી ક્રમસર આકડાના છીરની તથા થોરના છીરની ભાવનાઓ દેવી. પછી આદુ તથા શ્વેત ચિત્રકને જુદાં જુદા વાટી તેમનો રસ કરી તે રસની ત્રણ દિવસ સુધી તે કજ્જલીને ભાવના દેવી. તે પછી દસ દસ તોલા પીળી કોડી તથા શંખોના ચૂર્ણોને ત્રણ દિવસ સુધી ખરલમાં વાટીને તે ચૂર્ણને ઉપર કહ્યા પ્રમાણે ત્રણ ત્રણ દિવસો સુધી આકડા તથા થોરના છીરોની ભાવના ક્રમસર આપવી. પછી એ ચૂર્ણ તથા કજ્જલીને ભેળાં કરીને આદાના રસથી વાટીને બોર જેવડી ગોળીઓ કરવી. પછી ઠીકરાની કુલ્લીને ચૂનો ચોપડીને અગ્નિમાં તપાવવી. ખૂબ તપાવીને તેમાં ગોળીઓ નાંખીને ઉપર ચૂનો ચોપડેલું કોડિયુ ઢાકી ઉપર કપડ મટીથી બંધ કરીને તેને એક હાથ ઊંડો, લાંબો, અને પોહોળો, એવા એક ખાડામાં મૂકી આસપાસ અડાયાં ભરીને પુટ પકાવવો. છાણાં બળી જાય એટલે કુલ્લીમાંથી રસને કાઢીને તેને ચિત્રકના રસમાં વાટવો; વળી પાછો ઉપર પ્રમાણે જ કરીને બીજીવાર પુટ પકાવવો પછી બળી ગયેલી તે ગોળીઓના ચૂર્ણને સાચવી રાખવું. આ શંખપોટલી નામનો રસ જ્વર સહિતનો આમાતિસાર, કફ, ઉધરસ, શ્વાસ, પિત્ત,

આમવાત, મંદાગ્નિ, મરડો, અઢાર જાતના પ્રમેહો, નબળાઈ, અને અજીર્ણ ઉપર પાંચ વાલ જેટલો ખાવો. સર્વ રોગો ઉપર આ રસ બત્રીસ મરીની સાથે ઘીમાં ખાવો, પણ જ્વરમાં મરી તથા ઘી વગર એકલોજ ખાવો. આ રસ ઉપર ચોખા, ઘી, દૂધ, વગેરે મધુર પદાર્થો ખાવા, એ હિતકર છે. આ રસ ખાનારાએ તેલ, તીખું, ખાટું, ખારૂં, વગેરેને દૂરથી છોડી દેવાં. એ વિધિ પ્રમાણે આ રસનુ સેવન કરવામાં આવે તો ઉપર કહેલા રોગો ક્રમે કરીને મટી જાય છે, એમાં સશય નથી.

વિજયાવલેહ.

त्रैलोक्यविजया जातीफले तुल्ये कलिङ्गके । गृहीत्वा द्विगुणं श्रेष्ठो लेहः सर्वातिसारनुत् ॥

(૨) એક એક ભાગ ભાંગ તથા જાયફળ, અને બે ભાગ ઇંદ્રજવને મધમાં વાટીને ચાટવાથી સર્વ અતિસારો મટે છે

અતિવિષાવલેહ.

बिल्वमोचरसलोध्रधातकीपुष्पचूतफलबीजसंयुताम् । भक्षयेदतिविषावलेहिकां सिन्धुवेगमपि दुर्द्धरं जयेत् ॥

इत्यतीसाराधिकार. ॥

બીલીનો ગર્ભ, મોચરસ, લોદર, ધાવડીનાં ફૂલ, આંબાની ગોઠલીનો ગર્ભ, અને અતિવિષનો અવલેહ ખાવાથી સમુદ્રની ભરતીના જેવા વેગવાળો પ્રબળ અતિસાર પણ જીતાઇ જાય છે.

(જ્વરાતિસારાનો અધિકાર.)

નિદાન.

ज्वरातिसारयोरुक्तं निदानं यत् पृथक् पृथक् । तस्माज्ज्वरातीसारस्य निदानं नोदितं पुनः ॥

જ્વર તથા અતિસાર, એ બનેનાં નિદાનો જુદા જુદાં કહેવાઈ ગયાં છે, માટે એ બને ભેગાનુ નિદાન અહિ કહેવાની જરૂર નથી.

જ્વરાતિસારની ચિકિત્સા.

ज्वरातीसारयोरुक्तं भेषजं यत् पृथक् पृथक् । तन्मिलितयोः कार्यमन्योन्यं वर्द्धयेद्यतः ॥

अयमभिप्राय । ज्वरहरमनुलोमन भवति । अतीसारहर स्तम्भन भवति । अत' परस्परविरुद्धत्वात् पृथगुक्त भेषज मिलितयोर्न कार्यम् । यत आह । अनुलोमन ज्वरघ्न ग्राहकमतीसारहृद् भवति ॥

पृथगुक्तमौषधं तज्ज्वरातीसारे विरुद्धमन्योन्यम् । अतस्तौ प्रतिकुर्वीत विशेषोक्तचिकित्सितैः ॥ लंघनमेकं मुक्त्वा न चान्यदस्तीह भेषजं बलिनः । समुदीर्णदोषनिचयं शमयति तत् पाचयेदपि च ॥ लंघनमुभयोरुक्तं मिलिते कार्यं विशेषतस्तदनु । उत्पलषष्ठकसिद्धं लाजकाथादिकं सकलम् ॥

पृष्ठिपर्णीबलाबिल्वधनिकानागरोत्पलैः । ज्वरातीसारयोश्चैव पिबेत्साम्लं शृतं नरः ॥

अतीसारे पुरीषतिप्रवृत्त्याम्लत्वञ्च दाडिमरसादिना कर्त्तव्यम् । इति उत्पलषष्ठकम् ॥

कणा करिकणा लाजकाथो मधुसितायुतः । पीतो ज्वरातीसारस्य तृष्णामाशु विनाशयेत् ॥

इति । कणादि क्वाथः ॥

नागरातिविषामुस्तामृताभूनिम्बवत्सकैः । काथः सर्वज्वरान् हन्ति अतीसारं सुदारुणम् ॥ इति नागरादि काथः ॥

गुडूच्यातिविषाधान्यशुण्ठीबिल्वाब्दबालकैः । पाठाभूनिम्बकुटजचन्दनोशीरपर्पटैः ॥ पिबेत्कषायं सक्षौद्रं ज्वरातीसारनाशनम् । हृल्लासारुचितृड्दाहवमीनाञ्च निवृत्तये ॥

बृहद्गुडूच्यादिक्वाथः ॥

उत्पलं दाडिमत्वक् च पद्मकेशरमेव च । पीतं तण्डुलतोयेन ज्वरातीसारनाशनम् ॥

इति उत्पलादिचूर्णम् ॥

बिल्वपाठकभूनिवम्बगुडूचीमुस्तवत्सकैः । कषायः पाचनः शोथज्वरातीसारनाशनः ॥

बिल्वादिक्वाथ. ॥

नागरातिविषाबिल्वगुडूचीमुस्तवत्सकैः । कषायः पाचनः शोथज्वरातीसारनाशनः ॥

इति नागरादिक्वाथः ।

दशमूलीकषायेण विश्वामक्षसमां पिबेत् । ज्वरे चैवातिसारे च सशोथे ग्रहणीगदे ॥

इति दशमूलीक्वाथ. । इति ज्वरातीसाराधिकारः ।

જ્વર તથા અતિસારનાં જે જુદાં જુદાં ઔષધો કહેલાં છે, તે જ્વરાતિસારમાં કરવાં નહિ, કેમકે જ્વરનાં ઔષધો અતિસારને વધારનારાં, અને અતિસારનાં ઔષધો જ્વરને વધારનારાં હોય છે. જુદાં જુદાં ઔષધો જ્વરાતિસારમાં અન્યોન્યવિરૂદ્ધ છે, તેની ચિકિત્સા અહિં જૂદી કહેલી છે. માત્ર આમાં એક લંઘનજ ઉત્તમ ઉપાય છે, બીજો ઉપાય એટલો બળવાન્ નથી. વધેલા દોષોના સમૂહને લઘન શમાવીને પચાવે છે, માટે જ્વર અને અતિસાર ભેળાં હોય તો લઘન કરાવીને પછી ઉત્પલ ષટ્ક તથા ચાળની ધાણીવાળો કણાદિ ક્વાથ વગેરે ઉપાયો કરવા.

ઉત્પલષટ્ક ક્વાથ — નાનો સમેરવો, બળદાણા, બીલી, ધાણા, સુઠ, અને કમળના ક્વાથને ખાટો કરીને પીવાથી જ્વરાતિસાર મટી જાય છે અતિસારમા વિષ્ટા ઘણી જાય-છે, માટે દાડમના રસ વગેરેથી આ ક્વાથને ખાટો કરવો જોઈએ.

કણાદિ ક્વાથઃ— પીપર, ગજપીપર, અને ચોખાની ધાણીનો ક્વાથ મધ તથા સાકર નાખીને પીવાથી જ્વરાતિસાર તુરત મટી જાય છે.

નાગરાદિ ક્વાથઃ—સુઠ, અતિવિષ, મોથ, ગળો, કરિયાતું, અને ઇદ્રજવનો ક્વાથ સર્વે જ્વરો તથા અતિસારોને મટાડે છે.

બૃહદ્ગુડૂચ્યાદિ ક્વાથ—ગળો, અતિવિષ, ધાણા, સુઠ, બીલી, મોથ, વાળો, કાળીપાડ, કરિયાતું, ઈદ્રજવ, રતાંજળી, કાળોવાળો, અને ખડસલિયાનો ક્વાથ મધ નાખીને પીવાથી જ્વરાતિસાર, મોળ, અરૂચિ, તૃષા, દાહ, અને ઉલટી મટી જાય છે.

ઉત્પલાદિ ચુર્ણઃ—કમળ, દાડમની છાલ્ય, અને કમળના કેશરાનું ચુર્ણ ચોખાના ધોણમાં પીવાથી જ્વરાતિસાર નાશ પામેછે.

નાગરાદિ ક્વાથઃ—સૂંઠ, અતિવિષ, બીલી, ગળો, મોથ, અને ઈદ્રિજવનો ક્વાથ

પાચન છે, અને તે સોજા તથા જ્વરાતિસારનો નાશ કરે છે.

દશમૂલી કવાથ:—જ્વરાતિસાર તથા સોજા યુક્ત ગ્રહણીના રોગોમાં દશમૂળના કવાથમાં એક તોલો સૂઠ નાંખીને પીવો.

ગ્રહણીરોગનો અધિકાર.

ગ્રહણીની સંપ્રાપ્તિ.

अतिसारे निवृत्तेऽपि मन्दाग्नेरहिताशिनः ।
भूयः सन्दूषितो वन्हिर्ग्रहणीमपि दूषयेत् ॥

अपिशब्दादजातातीसारस्यापि ग्रहणीरोग स्यात् ॥

અતિસાર મટી ગયા પછી મંદાગ્નિ તથા અહિતકર ભોજનથી અગ્નિ બહુ કોપ પામીને તે અહિણીને પણ દૂષિત કરે છે

ગ્રહણીનું સ્વરૂપ

(ग्रहण्यग्निधरा कला । यत आह चरके) ।
अग्न्यधिष्ठानमन्नस्य ग्रहणाद्ग्रहणी मता ।
अपक्वं धारयत्यन्नं पक्वं त्यजति चाप्यधः ।
षष्ठी पित्तधरा नाम या कला परिकीर्तिता।
आमपक्वाशयान्तस्तस्या ग्रहणी साभिधीयते॥
ग्रहण्या बलमग्निर्हि स चापि ग्रहणी मतः ।
तस्मादग्नौ प्रदुष्टे तु ग्रहण्यपि विदुष्यति ॥

અગ્નિધરા નામની કળાને ગ્રહણી કહે છે. ચરક કહે છે કે-" અગ્નિને રહેવાનુ સ્થાન અન્નને ગ્રહણ કરે છે, માટે તે ગ્રહણી કહેવાય છે. એ ગ્રહણી કાચા અન્નને ધારણ કરે છે અને પાકેલાને નીચે ઉતારે છે." સુશ્રુત પણ કહે છે કે "આમાશયની તથા પક્વાશયની વચમાં રહેલી છઠ્ઠી પિત્તધરા નામની કળા ગ્રહણી કહેવાય છે. ગ્રહણીનું બળ અગ્નિ છે. અને તે અગ્નિ પણ ગ્રહણી કહેવાય છે, માટે અગ્નિ દૂષિત થયે ગ્રહણી પણ દૂષિત થાય છે.

ગ્રહણીનાં લક્ષણો.

एकैकशः सर्वशश्च दोषैरत्यन्तमूर्च्छितैः ।
सा दुष्टा बहुशो भुक्तमाममेव विमुञ्चति ॥
पक्वं वा सरुजं पूति मुहुर्बद्धं मुहुर्द्रवम् ।
ग्रहणीरोगमाहुस्तमायुर्वेदविदो जनाः ॥

अतीसारे द्रवधातुप्रवृत्तिर्ग्रहण्यान्तु बद्धस्यापि मलस्य प्रवृत्तिरिति तयोर्भेद ॥

અત્યંત દૂષિત થયેલા એક એક કે સર્વ દોષોથી દૂષિત થયેલી ગ્રહણી ખાધેલા અન્નને ઘણીવાર કાચુ જ કાઢી નાખે છે, અને પાકું પણ કાઢે છે. એ અન્નાદિક વેદનાયુક્ત, દુર્ગંધવાળુ વારવાર બંધાયલું, વારવાર દ્રવરૂપ, એમ પડે છે. આ રોગને આયુર્વેદ જાણનારાઓ ગ્રહણી રોગ કહે છે. અતિસારમાં દ્રવ ધાતુની પ્રવૃત્તિ થાય છે અને ગ્રહણીમાં તો મળની પણ પ્રવૃત્તિ થાય છે.

વાયુની ગ્રહણીના નિદાન તથા લક્ષણો.

कटुतिक्तकषायातिरूक्षशीतलभोजनैः ।
प्रमितानशनादध्ववेगनिग्रहमैथुनैः ॥ मारुतः
कुपितो वन्हिं सञ्छाद्य कुरुते गदम् । तस्यान्नं पच्यते दुःखं शुक्तपाकः खराङ्गता ॥
कण्ठास्यशोषः क्षुत्तृष्णातिमिरं कर्णयोः स्वनः । पार्श्वोरुवंक्षणग्रीवारुगभीक्ष्णं विषूचिका ॥ हृत्पीडाकार्श्यदौर्बल्यं वैरस्यं परिकर्तिका । गृद्धिः सर्वरसानाञ्च मनसः सदनं तथा ॥ जीर्णे जीर्यति चाध्मानं भुक्ते स्वास्थ्यमुपैति च सवातगुल्महृद्रोगप्लीहाश-

ङ्गी मानवः ॥ चिराद्दुःखं द्रवं शुष्कं तन्वामं शब्दफेनवत् । पुनः पुनः सृजेद्वर्चः कासश्वासार्दितोऽनिलात् ॥

प्रमितं परिमितं गदं ग्रहणीगदम् । शुक्तपाकं अम्लपाकम् ॥

તીખાં, કડવાં, તૂરાં, અતિરૂક્ષ, અતિટાઢાં, અને વધારે પડતાં ભોજનથી; પંથ કરવાથી; વિષ્ટાદિને રોકવાથી, અને અત્યંત મૈથુન કરવાથી કોપેલો વાયુ અગ્નિને ઢાંકી દેઇને ગ્રહણી રોગને ઉત્પન્ન કરે છે. આ રોગીને અન્ન માંડમાંડ પચે છે, અન્નનો પાક ખાટો થાય છે. અંગો ખરસટ થઈ જાય છે, કંઠ તથા મૂખ સૂકાય છે, ભૂખ તથા તરશ લાગે છે, આંધારા તથા કાનમા અવાજ થાય છે. પડખાં, સાથળો, સાથળના સાંધાઓ, અને કંઠમાં પીડા થાય છે. વારવાર કોલેરા જેવું અને હૃદયમાં પીડા તથા શરીર દુર્બળ થઇ જાય છે. બળ ઓછું થઇ વિરસતા, પેટમાં આંકડી, સર્વ સોર ખાવાની ઇચ્છા, મનમાં ગ્લાનિ, અન્ન જીર્ણુ થતું હોય કે થયુ હોય ત્યારે આફરો, અને જમ્યા પછી સ્વસ્થતા થાય છે. વાયુનો ગોટો, છાતીનુ દરદ, અને બરળના દરદની શકા થયા કરે છે વાયુને લીધે શ્વાસ તથા ઉધરસ થાય છે, અને ઘણીવારે માંડમાંડ તથા વારંવાર દ્રવરૂપ અથવા સૂકાયલો પાતળો તથા કાચો અને શબ્દ કરતો ફીણુવાળો ઝાડો આવે છે.

પિત્તની ગ્રહણીનાં નિદાન તથા લક્ષણો.

कटुतिक्तविदाह्यम्लक्षाराद्यैः पित्तमुल्बणम् । आप्लावयद्धन्त्यनलं जलं तप्तमिवानलम् ॥ सोऽजीर्णं पीतनीलाभं पीताभः सार्यते द्रवम् । अत्यम्लोद्गारहृत्कण्ठदाहारुचितृषार्दितः ॥

आप्लावयत् मज्जयत् ननु पित्तमग्निगुणयुक्तं तत् कथमग्निं हन्तीत्याह । जलं तप्तमिवानलमिति यथा । अग्निगुणयुक्तमपि तप्तं जलमनलं हन्ति तथा पित्तमपि हन्ती । सार्यते अत्र पित्तेनेति कर्तृ मध्याहरणीयम् ॥

તીખાં, કડવાં, વિદાહી, ખાટાં, ખારાં, વગેરે ભોજનોથી ગરમ થયેલું પિત્ત જેમ ગરમ જળ અગ્નિને ઠારી નાંખે છે, તેમ તે જઠરાગ્નિને ઠારી નાંખે છે, તેથી તે માણુસ પીળો પડી જાય છે અને તેને લીલો, પીળો તથા પાતળો દસ્ત આવે છે, અને બહુ ખાટા ઓડકારો તથા હૃદય અને કંઠમા દાહ, તૃષા, અને અરૂચિ થાય છે.

કફની ગ્રહણીનાં નિદાન તથા લક્ષણો.

गुर्वतिस्निग्धशीतादिभोजनादतिमैथुनात् ।
भुक्तमात्रस्य च स्वप्नाद्धन्त्यग्निं कुपितः कफः ॥
तस्यान्नं पच्यते दुःखं हृल्लासच्छर्द्यरोचकाः ।
आस्योपदेहमाधुर्यकासष्ठीवनपीनसाः ॥
हृदयं मन्यते स्तब्धमुदरं स्तिमितं गुरु ।
दुष्टोमधुर उद्गारः सदनं स्त्रीष्वहर्षणम् ॥
भिन्नाम श्लेष्मसंश्लिष्टगुरुवर्चः प्रवर्तनम् ।
अकृशस्यापि दौर्बल्यमालस्यञ्च कफात्मके ॥

भुक्तमात्रस्य च स्वप्नात् भुक्तेत्यत्राध्यवसितादित्वात् कर्त्र्यर्थे क्तः । तेन भुक्तवतः सद्यः शयनादित्यर्थः । आस्योपदेह मुखस्य कफेन लिप्तत्वम् । स्तिमितं त्रिबद्धं निश्चलमिति यावत् ॥ स्त्रीषु अहर्षणम् रिरंसाया अभावः । भिन्नं स्फुटितमाममपक्वं

श्लेष्मसंश्लिष्टम् । तत एव गुरुर्वच पुरीषं तस्य प्रवृत्ति ॥

ભારે, બહુ સ્નિગ્ધ, શીતળ, વગેરે ભોજનથી, બહુ મૈથુનથી, અને જમીને તુરત સૂઈ રહેવાથી કોપ પામેલો કફ જઠરાગ્નિને હણે છે, તેથી અન્ન માંડમાંડ પચે છે મોળ અરૂચિ અને ઉલટી થાય છે, મુખમાં મીઠાશ તથા ઉધરસ આવે છે, મોઢામા કફ ચોપડાયલો રહે છે. થૂકવું પડે છે, સળેખમ થાયછે, છાતી સ્તબ્ધ થાય છે, પેટ ભારે સજ્જડ રહે છે, ઓડકાર ખરાબ તથા મીઠા આવે છે, ગ્લાનિ થાય છે, સ્રીની કામના થતી નથી, દસ્ત ભેદાયલો કાચો કફ સહિત અને ભારે પણાવાળો નીકળે છે, શરીર દૂબળુ નથી થતું છતાં બળ જતું રહે છે, અને આળસ થાય છે.

ત્રણે દોષથી થયેલી ગ્રહણીનાં નિદાન તથા લક્ષણો

पृथग् वातादिनिर्दिष्टहेतुलिङ्गसमागमे । त्रिदोषं निर्दिशेदेवं तेषामुक्त च लक्षणम् ।

વાત, પિત્ત અને કફ એ ત્રણે દોષોના સર્વે કારણો એકઠા થઇને સર્વે લક્ષણો સાથે દેખાય તો તે ત્રિદોષની ગ્રહણી છે, તેનાં ચિન્હો તથા નિદાન આગળ કહેલા છે.

ગ્રહણીનો ભેદ સંગ્રહણી રોગ

द्रवं घनं मितं स्निग्धं सकटीवेदन शकृत् । आमं बहुसुपैच्छिल्यं सशब्दं मन्दवेदनम् ॥ पक्षात् मासाद्दशाहाद् वा नित्यश्चापि विमुञ्चति । अन्त्रकूजनमालस्यं दौर्बल्यं सदनं भवेत् ॥ दिवा प्रकोपो भवति रात्रौ शान्तिं च गच्छति । दुर्विज्ञेया दुर्निवारा चिरकालानुबन्धिनी ॥ सा भवेदामवातेन संग्रहाद् ग्रहणी मता ॥

स्निग्धं स्नेहसदृशम् । दिवा प्रकोपो भवति रात्रौ शान्तिं च गच्छतीति व्याधेरेव प्रभाव. ॥

પ્રવાહી, જાડુ, થોડુ, ચીકણુ, અને કમરમાં પીડાવાળુ, કાચુ, બહુ તતુઓ વાળુ, શબ્દ કરીને, મદવેદના સહિત દસ્ત પખવાડીઆ સુધી માસ સૂધી. કે દસ દિવસ સૂધી, અથવા નિત્ય પણ, ઉતરે છે. આતરડામા ગુડગુડાટ, આળસ, દુર્બળતા, અને પીડા થાય છે, દિવસે પ્રકોપ રહે છે અને રાત્રે શાન્તિ રહે છે. આ નહિ સમજાય એવી, નહિ મટી શકે એવી, લાબા કાળ સૂધી રહેનારી આમવાતથી થયેલા સગ્રહવાળી સગ્રહણી કહેવાય છે. દિવસે પ્રકોપ થવો અને રાત્રે શાતિ થવી એ વ્યાધિનોજ પ્રભાવ છે.

ગ્રહણીનો ભેદ ઘટીયંત્ર.

प्रसुप्तिः पार्श्वयोः शूल तथा जलघटीध्वनिः । तं वदन्ति घटीयन्त्रमसाध्य ग्रहणीगदम् ॥

प्रसुप्ति प्रकर्षेण शयनम् । तथा जलघटीध्वनि । अधोमुखीकृताया जलघट्या जलनिःसरणे यथा ध्वनि तथा मलनिर्गमसमये भवति । यदा गदोऽस्य देह व्याप्नोति तदा तस्य जीवितं गच्छति ॥

બહુ સૂઈ રહેવાય, પડખામાં શૂળ થાય, અને રેંટના ઘડાઓ ઊંધા વળતાં તેમાંથી ઠલવાતા પાણીનો જેવો અવાજ થાય છે તેવો અવાજ મળ નીકળતી વખતે થાય, એ ઘટીયંત્ર નામનો અસાધ્ય ગ્રહણી રોગ છે. આ રોગ દેહમાં વ્યાપે છે ત્યારે પ્રાણ જતા રહે છે.

સામાન્ય ગ્રહણી રોગની ચિકિત્સા.

ग्रहणीमाश्रितं रोगमजीर्णवदुपाचरेत् । लंघनैर्दीपनीयैश्च सदातीसारभेषजैः ॥ दोषं सामं निरामञ्च विद्यादत्रातिसारवत् । अतीसारोक्तविधिना तस्यामञ्च विपाचयेत् । पेयादि पट्ठ लध्वन्नं पञ्चकोलादिभिर्युतम् । दीपनानि च तक्रं च ग्रहण्यां योजयेद्भिषक् ॥ कपित्थबिल्वचाङ्गेरीतक्रदाडिमसाधिता । यवागूः पाचयत्यामं शकृत्संवर्त्तयत्यपि ॥

सम्वयर्त्तयति घनीकरोति ॥

ગ્રહણી રોગની લંઘન તથા દીપન કરનારાં અતિસારના ઔષધોથી અજીર્ણની પેઠે ચિકિત્સા કરવી અતિસારની પેઠે રોગનું સામ તથા નિરામપણું જાણીને અતિસારની પેઠેજ આમનુ પાચન કરવું

(૧) ગ્રહણી રોગમાં વૈદ્યે પંચ કોલયુક્ત ભાતની જાડી કણીયારી આદિ હલકું તથા આરોગ્ય અન્ન, દીપન દ્રવ્યો, અને ચોથા ભાગના પાણી વાળી છાશ આપવી.

(૨) કોઠ, બીલી, ખાટી લૂણી, ચોથા ભાગના પાણી વાળી છાશ, અને દાડમથી પકાવેલી યવાગૂ આમનુ પાચન કરે છે, અને વિષ્ટાને ઘાટી પણ કરે છે.

(છાશ)

ગાયના દહિંના ગુણો.

गव्यं दध्युत्तमं बल्यं पाके स्वादु रुचिप्रदम् । पवित्रं दीपनं स्निग्धं पुष्टिकृत्पवनापहम् ॥ उक्तं दध्नामशेषाणां मध्ये गव्यं गुणाधिकम् ॥

ગાયનું દહિ ઉત્તમ, બળ આપનાર, પાકમા મધુર, રૂચિ આપનાર, પવિત્ર, દીપન, સ્નિગ્ધ, પૌષ્ટિક, અને વાતહર છે. સર્વ દહિ માત્રમાં ગાયનુ દહિ અધિક ગુણવાન્ છે.

ભેંશના દહિના ગુણો.

माहिषं दधि सुस्निग्धं श्लेष्मलं वातपित्तनुत् । स्वादुपाकमभिष्यन्दि वृष्यं गुर्वस्रदूषणम् ॥

ભેંશનું દૂધ બહુ સ્નિગ્ધ, કફ કરનાર, વાત પિત્ત હરનાર, પાકમાં મધુર, ટાઢું, ધાતુ વધારનાર, ભારે, અને દોષ કરનાર છે.

બકરીના દહિના ગુણો.

आजं दध्युत्तमं ग्राहि लघु दोषत्रयापहम् । शस्यते श्वासकासार्शःक्षयकार्श्येषु दीपनम् ॥

उत्तमं ग्राहि ग्रहिण्यामतिश्रेष्ठमित्यर्थः ॥

બકરીનું દહીં ઉત્તમ; ગ્રાહી, હલકું, ત્રિદોષહર, તથા દીપન છે. તે શ્વાસ, ઉધરસ, અર્શ, ક્ષય, ગ્રહણી અને કૃશતાને મટાડે છે.

છાશના ભેદો.

तक्रन्तु घोलं मथितोदश्वित्तक्रप्रभेदतः । सुश्रुताद्यैर्मुनिश्रेष्ठैश्चतुर्धा परिकल्पितम् ॥ ससरं निर्जलं घोलं मथितन्त्वसरोदकम् ॥ तक्रं पादजलं प्रोक्तमुदश्विच्चार्धवारिकम् ॥ वातपित्तहरं घोलं मथितं कफपित्तनुत् । उदश्वित् कफदं बल्यं श्रमघ्नं परमं मतम् ।

तक्रं ग्राहि कषायाम्लं मधुरं दीपन लघु । वीर्योष्णं बलदं वृष्यं प्रीणनं वातनाशनम् ॥ यान्युक्तानि दधीन्यष्टौ तद्गुणं तक्रमादिशेत् । ग्रहण्यादिमतां तक्रं पथ्यं संग्राहि लाघवात् ॥ वातघ्नमम्लसान्द्रत्वात् सद्यस्कन्त्ववि-

दाहि च । किञ्च स्वादुविपाकश्च अन्ते पित्तप्रकोपणम् ॥ कषायोष्णविकासित्वाद्रौक्ष्याच्चैव कफे हितम् ॥

समुद्धृतघृतं तक्रं पथ्यं लघु विशेषतः । स्तोकोद्धृतघृतं तस्माद् गुरु वृष्यं कफावहम् । अनुद्धृतघृतं सान्द्रं गुरु पुष्टिबलप्रदम् ॥

वातेऽम्लं सैन्धवोपेतं पित्ते स्वाद्वम्लशर्करम् । पिबेत्तक्रं कफे चापि क्षारत्रिकटुसंयुतम् । हिङ्गुजीरयुतं घोलं सैन्धवेनावधूलितम् । ग्रहण्यर्शोऽतिसारघ्नं भवेद्वातहरं परम् ॥ रोचनं पुष्टिदं बल्यं बस्तिशूलविनाशनम् ॥

તક્ર, ઘોલ, મથિત, ઉદશ્વિત્, એમ છાશ ચાર પ્રકારની સુશ્રુતાદિ મુનિ શ્રેષ્ઠોએ કહેલું છે. પાણી વગર ચીકાશ સહિત વલોવેલા દહિની છાશ ઘોળા અથવા ઘોળવું કહેવાય છે, ઉપરની ચીકાશ વગર તથા પાણી નાખ્યા વગરની છાશ મથિત (મઠો) કહેવાય છે, અરધુ પાણી નાખવાથી ઉદશ્વિત્ બને છે, અને ચોથા ભાગના પાણીવાળી છાશ તક્ર કહેવાય છે. ઘોળવુ વાયુને તથા પિત્તને હરે છે. મઠો કફ પિત્તહર છે, ઉદશ્વિત્ કફકર તથા બળ આપનાર અને શ્રમ મટાડવામા ઉત્તમ છે. તક્ર દસ્તને રોકનાર, તૂરી, ખાટી, મધુર, દીપન, હલકી, ઉષ્ણવીર્ય, બળ આપનારી, વીર્ય વધારનારી, તૃપ્તિ દેનારી, અને વાતહર છે. આઠ પ્રકારનાં દહિઓના ગુણો તેની છાશમા પણ છે. ગ્રહણી વગેરે રોગો ઉપર તક્ર પથ્ય છે, તે હલકી છે તેથી દસ્તને રોકનારી છે, ખાટી અને ઘાટી હોવાથી વાયુને હરનારી છે, તાજી હોય તો તે દાહક પણ નથી, પાકમા મધુર અને અંતે પિત્તને કોપાવનારી છે તે તૂરી તથા ઉષ્ણ હોવાથી, તથા સાધાને શિથિલ કરનાર હોવાથી, તથા રૂક્ષ હોવાથી કફને મટાડનારી છે. જે છાશમાથી સઘળુ ઘી કાઢી લીધુ હોય તે પથ્ય છે, તથા વિશેષે કરીને હલકી છે, તેના કરતાં થોડુ ઘી કાઢી લીધેલી છાશ ભારે છે, તથા વૃષ્ય અને કફકર છે. ઘી બીલકુલ કાઢી ન લીધું હોય એવી છાશ ઘાટી, ભારે, પૌષ્ટિક, અને બળ આપનારી છે વાયુ ઉપર ખાટી તથા સૈંધવ નાખેલી, પિત્ત ઉપર ખટ મધુરી તથા સાકર નાખેલી, અને કફ ઉપર ખારી તથા સૂંઠ મરી પીપર નાખેલી છાશ ઉત્તમ છે, હિંગ, જીરૂ, અને સૈંધવ નાખેલી ઘોળ છાશ કહેવાય છે તે ગ્રહણી, અર્શ, અને અતિસારોને હણે છે, ઉત્તમ વાતહર છે, રોચક તથા પૌષ્ટિક છે, બળ આપનાર છે, અને મૂત્રાશયના શૂળને મટાડનાર છે.

કાચીપાકી છાશના ગુણો.

तक्रमामं कफं कोष्ठे हन्ति कण्ठे करोति च । पीनसश्वासकासादौ पक्वमेव विशिष्यते ॥

કાચી છાશ કોઠામાના કફને છેદે છે અને કંઠને શુદ્ધ કરે છે, સળેખમ, શ્વાસ, અને ઉધરસ વગેરે રોગો ઉપર પાકી છાશ વાપરવી સારી છે.

છાશનો નિષેધ.

नैव तक्रं क्षते दद्यान्नोष्णकाले न दुर्बले । न मूर्च्छाभ्रमदाहेषु न रोगे रक्तपैत्तिके ॥

ઊનાળામાં, ક્ષતવાળાને, દુર્બળ તથા મૂર્ચ્છિતને, ભ્રમ તથા દાહવાળાને, અને રક્તપિત્તવાળાને છાશ આપવી નહિ.

છાશના ગુણોનો ઉત્કર્ષ.

न तक्रसेवी व्यथते कदाचिन्न तक्रदग्धाः प्रभवन्ति रोगाः । यथा सुराणाममृतं सुखाय तथा नराणां भुवि तक्रमाहुः ॥

તક્ર નામની છાશ વાપરનાર કદી પીડાતો નથી, તથા તે છાશથી બળી ગયેલા રોગો કદી પાછા થતા નથી, અમૃત જેમ દેવોને સુખ આપે છે, તેમ પૃથ્વી ઉપર મનુષ્યોને છાશ સુખ આપે છે.

ષડ્યૂષણ

मुद्गयूषं रसं तक्रं धान्यजीरकसंयुतम् । सैन्धवेनान्वितं दद्यात् षड्यूषणमितीरितम्॥

रस लघुग्राहि मासरसम्। इति षड् यूषण ॥

મગનો યૂષ, હલકો તથા ગ્રાહીમાં સરસો, અને ધાણા, જીરૂં, સૈંધવ સહિત તક્ર નામની છાશ ષડયૂષણ કહેવાય છે, તે ગ્રહણીવાળાને આપવું.

લાઇ ચૂર્ણ.

कर्षं गन्धकमर्द्धशारदशुभे कुर्याच्छुभ कज्जलीं द्व्यक्षं त्र्यूषणतश्च पञ्च लवणं सार्द्धञ्च कर्षं पृथक् । भृष्टं हिंगु च जीरकद्वययुतं सर्वार्द्धभङ्गान्वितं खादेत टङ्कमितं महचिगदवांस्तक्रेण विल्वेन वा ॥

इति लाइचूर्णम् ॥

એક તોલો ગંધક તથા અરધો તોલો પારો, એ બેની સારી કજ્જલી કરવી. તેમાં ત્રણ તોલા સૂંઠ, મરી પીપર, દોઢ તોલો પંચલવણ, શેકેલી હિંગ, જીરૂં શાહજીરૂ, એ ત્રણેને ઉપરનાં સર્વથી અરધ ભાગથી નાંખી-ને એ ચૂર્ણ પા તોલા જેટલું છાશ અથવા બીલીના ગર્ભ સાથે ખાવું.

જાતિ ફલાદિ ચૂર્ણ.

जातीफललवङ्गैलापत्रत्वङ्नागकेश्वरैः । कर्पूरचन्दनतिलत्वक्क्षीरीतगरामलैः ॥ तालीसपिप्पलीपथ्यास्थूलजीरकचित्रकैः । शुण्ठीविडङ्गमरिचैः समभागं विचूर्णितैः ॥ यावन्त्येतानि सर्वाणि दद्याद्भङ्गाश्च तावतीम् । सर्वचूर्णं समं कृत्वा प्रदेया शुभ्रशर्करा ॥ कर्षमात्रमिदं खादेन्मधुना प्लावितं जनः । नाशयेद्ग्रहणीं कासं क्षयं श्वासमरोचकम् ॥ इति जातीफलादिचूर्णम् ॥

જાયફળ, લવંગ, એલચી, તમાલપત્ર, તજ, નાગકેશર, ભીમસેની કપૂર, ચંદન, તલ, વંશલોચન, તગર, આમળા, તાલીસપત્ર, પીપર, હરડે, કલોંજી જીરૂં, ચિત્રક, સૂંઠ, વાવડીંગ, અને મરી સમ ભાગે લેઈ, એમાં એ સર્વ જેટલીજ ભાંગ મેળવવી. પછી તેમાં એ સર્વના જેટલી ખડીસાકર નાંખીને તેમાંથી એક તોલા જેટલું ચૂર્ણ મધમાં ખાવાથી ગ્રહણી, ઉધરસ, ક્ષય, શ્વાસ, અને અરૂચિનો નાશ થાય છે.

ચિત્રકાદિ વટિકા.

चित्रकं पिप्पलीमूलं क्षारौ लवणपञ्चकम् । व्योषं हिंग्वजमोदां च चव्यञ्चैकत्र चूर्णयेत् ॥ वटिकां मातुलुङ्गस्य रसैर्वा दाडिमस्य च । कृता विपाचयत्यामन्दीपयत्याशु चालनम् ॥ अजमोदा यवानिका ।

ચિત્રક, પીપરીમૂળ, જવખાર, પચલવણ, ત્રિકટુ, હિંગ, અજમોદ, અને ચવ-

કનું ચૂર્ણ કરી બીજોરાના અથવા દાડમના રસમા ગોળી કરી ખાવાથી તે આમનું પાચન કરે છે અને અગ્નિને એકદમ દીપન કરે છે

બિલ્વ કલ્ક.

श्रीफलशलाटुमज्जानागरचूर्णेन मिश्रितः सगुडः । ग्रहणीगदमत्युग्रं तक्रभुजा शीलितो जयति ॥

श्रीफलं शलाटुबिल्वस्यामं फलम् । गुडभागद्वयम । इति बिल्वकल्कः ॥

કાચી બીલીનો ગર્ભ, સૂંઠનું ચૂર્ણ, અને ગોળ મેળવીને ખાવાથી, અને છાશનું ભોજન કરવાથી અતિ ઉગ્ર ગ્રહણી પણ જીતાય છે.

વાર્ત્તાંકુ ગુટિકા.

चतुःपलं सुधाकाण्डं त्रिफला लवणत्रयम् वार्त्ताकोः कुडवश्चार्कमूलाद्बिल्वं तथानलात् । दग्ध्वा द्रवेण वार्त्ताकोर्गुटिका भोजनान्तरे । भुक्ताभुक्तं पचत्याशु नाशयेद् ग्रहणीगदम् ॥ कासश्वासं तथार्शांसि विषूचीञ्च हृदामयम् । इति वार्त्ताकुगुटिका ॥

થોરનાં ડીંડલાં, ત્રિફળા, અને ત્રિલવણ મળીને ૧૬ તોલા; રીંગણી ૧૬ તોલા, અને ચાર ચાર તોલા બીલીનો ગર્ભ તથા ચિત્રક એઓને બાળીને તેની રાખની રીંગણીના રસમાં ગોળી બનાવીને તે ભોજનના મધ્યમાં ખાવાથી ભોજન તુરત પચી જાય છે, ગ્રહણી રોગો નાશ પામે છે; અને ઉધરસ, શ્વાસ, અર્શ, કોલેરા, છાતીના રોગો, એ સર્વ મટે છે.

મુસ્તકાદિ ચૂર્ણ

मुस्तकातिविषाबिल्वकौटजं सूक्ष्मचूर्णितम् । मधुना च समालीढं ग्रहणीं सर्वजां जयेत् ॥

कौटज इन्द्रयव । इति मुस्तकादिचूर्णम् ।

મોથ, અતિવિષ, બીલી, અને ઈંદ્રજવનું ચૂર્ણ મધમાં ચાટવાથી સર્વ પ્રકારના ગ્રહણી દોષો જીતાય છે.

સર્જ રસચૂર્ણ

श्वेतो वा यदि वा रक्तः सुपक्वो ग्रहणीगदः । गुडेनाधिकसर्जेन भक्षितेनाशु नश्यति ॥ इति सर्जरसचूर्णम ।

ગોળમા ગોળથી વધારે રાળ નાંખીને ખાવાથી ધોળો કે રાતો, પણ બહુ પાકી ગયેલો ગ્રહણીનો રોગ તુરત નાશ પામી જાય છે.

બકરીનું દૂધ

बिल्वाद्यशक्रयववालकमोचसिद्धमाजं पयः पिबति यो दिवसत्रयं ना । सोऽतिप्रवृद्धचिरजं ग्रहणीविकारं सामं सशोणितमसाध्यमपि क्षिणोति ॥

બીલીનો ગર્ભ, મોથ, ઈંદ્રજવ, વાળો, અને મોચરસથી પકાવેલુ બકરીનું દૂધ ત્રણ દિવસ પીવાથી અત્યત વધેલો, લાબા કાળનો, આમવાળો અને લોહીવાળો, તથા અસાધ્ય ગ્રહણી રોગ પણ મટી જાય છે.

કલ્યાણ ગુડ.

प्रस्थत्रयं त्वामलकीरसस्य शुद्धस्य दत्त्वार्द्धतुलां गुडस्य । चूर्णीकृतैर्ग्रन्थिकजीरचव्यव्योषैः स कृष्णाहपुषाजमोदैः ॥ विडङ्गसिन्धुत्रिफलायवानीपाठाग्निधान्यैश्च पलप्रमाणैः । दत्त्वात्रिवृच्चूर्णपलानि चाष्टावष्टौ

च तैलस्य पचेद् यथावत् ॥ तं भक्षयेदक्षपलप्रमाणं यथेष्टचेष्टस्त्रिसुगन्धियुक्तम् । अनेन सर्वे ग्रहणीविकाराः सश्वासकासास्वरभेदशोथाः ॥ शाम्यन्ति चायं चिरमन्तरग्नेर्हतस्य पुंस्त्वस्य च वृद्धिहेतुः । स्त्रीणान्तु वन्ध्यामयनाशनः स्यात्कल्याणको नाम गुडः प्रसिद्धः ॥ तैले मनाग् त्रिवृद् भृष्टा त्रिफलायाः पलत्रयम् । सिद्धे निधेयामत्रैव गुडे कल्याणपूर्वके ॥

इति कल्याणगुड ॥

આમળાંનો રસ ૧૯૨ તોલા, ગોળ તોલા ૨૦૦, અને પીપરીમૂળ, જીરૂં, ચવક, સૂંઠ, મરી, પીપર, શાહજીરૂં, પલાશી, અજમોદ, વાવડીંગ, સેંધવ, ત્રિફલા, અજમો, કાળીપાડ, ચિત્રક, અને ધાણા ચાર ચાર તોલા, નસો તર ૩૨ તોલા, અને ૩૨ તોલા તેલ, એ સર્વને મેળવીને પકાવવુ. પછી તેમાંથી એક અથવા ચાર તોલા ગોળમાં તજ, તમાલપત્ર, એલચી નાંખીને તે ખાવો. એથી ગ્રહણીના સર્વ વિકારો, ઉધરસ, શ્વાસ, સ્વરભેદ, તથા સોજા મટી જાય છે. ઘણા દિવસથી જઠરાગ્નિ તથા પુરુષાતન હણાઇ ગયેલ હોય તે આ ગોળથી પાછાં વૃદ્ધિ પામે છે. આ કલ્યાણ નામનો પ્રસિદ્ધ ગોળ સ્રીનુ વાંઝણીપણું મટાડે છે. આમાં વિહારાદિકની પરહેજી રાખવાની જરૂર નથી. આ કલ્યાણ ગુડમાં તેલ સહિત જરા શેકેલી નસોતર તથા ત્રિફલા નાંખવાં જોઈએ.

મહા કલ્યાણક ગુડ

पिप्पली पिप्पलीमूलं चित्रकं गजपिप्पली । धान्यकञ्च विडङ्गानि यवानी मरिचानि च । त्रिफला चाजमोदा च नीलिनी जीरकस्तथा । सैन्धवं रोमकञ्चापि सामुद्रं रुचकं विडम् । आरग्वधञ्च त्वक् पत्रं सूक्ष्मैलाचोपकुञ्चिका । शुण्ठी शक्रयवाश्चैव प्रत्येकं कर्षसंमिताः ॥ मृद्वीकाया पलान्यत्र चत्वारि कथितानि हि । त्रिवृतायाः पलान्यष्टौ गुडस्यार्द्धतुलां तथा ॥ तिलतैलपलान्यष्टावामलक्या रसस्य तु । प्रस्थत्रयमिदं सर्वं शनैर्मृद्वग्निना पचेत् ॥ औदुम्बरं चामलकं बदरञ्च यथाबलम् । तावन्मात्रमिदं खादेद् भक्षयेद्वा यथानलम् । निखिलान् ग्रहणीरोगान् प्रमेहांश्चैव विंशतिम् । उरोघातं प्रतिश्यायं दौर्बल्यं वह्निसङ्क्षयम् ॥ ज्वरानपि हरेत् सर्वान् कुर्यात् कान्ति मतिं बलम् । पाण्डुरोगान् जवाद्धन्ति रक्तपित्तञ्च विड्ग्रहम् ॥ धातुक्षीणो वयःक्षीणः स्त्रीषु क्षीणः क्षयी च यः । तेभ्यो हितश्च वन्ध्यायै महाकल्याणको गुडः ॥

इति महाकल्याणगुडः ॥

પીપર, પીપરીમૂળ, ચિત્રક, ગજપીપર, ધાણા, વાવડીંગ, અજમો, મરી, ત્રિફલા, અજમોદ, ગળી, જીરૂં, સેંધવ, સાંબરલૂણ, દરિયાઈલૂણ, બીડલૂણ, સચળ, ગરમાળો, તજ, તમાલપત્ર, ઝીણી એલચી, કલોંજીજીરૂ, સૂંઠ, અને ઇંદ્રજવ, એ દરેક એક એક તોલો; દ્રાક્ષ સોળ તોલા; બત્રીસ તોલા નસોતર; અને બસો તોલા ગોળ, બત્રીસ તોલા તલનું તેલ, અને ૧૯૨ તોલા આમળાંનો રસ; એ સર્વને ધીરા અગ્નિથી પકાવવું. બળને અનુસરીને ઉંબરાનુ ફળ, આમળું, તથા બોર જેટલો આ ગોળ ખાવો,

અથવા અગ્નિના બળ પ્રમાણે ખાવો. એથી ગ્રહણીના સર્વ પ્રકારના રોગો, વીસે પ્રકારના પ્રમેહો, ઉરોઘાત, સળેખમ, દુર્બળતા, મહાગ્નિ અને સર્વ જ્વરોનો પણ નાશ થાય છે. કાંતિ મતિ, અને બળ વધારે છે. પાંડુરોગો, રક્તપિત્ત, અને વિડ્ગ્રહને ક્ષણ માત્રમાં હણે છે ધાતુ ક્ષયવાળા, વૃદ્ધો સ્ત્રીથી ક્ષીણ પડેલા, ક્ષયરોગી, અને વાંઝણી સ્ત્રીને તો આ મહાકલ્યાણક ગુડ હિતકારક છે.

કૂષ્માંડ કલ્યાણ ગુડ

कूष्माण्डानां सुपक्कानां स्विन्नानां निष्कुलत्वचाम् । सर्पिः प्रस्थे पलशतं ताम्रपात्रे शनैः पचेत् ॥ पिप्पलीपिप्पलीमूलं चित्रकं गजपिप्पली । धान्यकानि विडङ्गानि नागरं मरिचानि च । त्रिफला चाजमोदा च कलिङ्गाजाजिसैन्धवम् । एकैकस्य पलञ्चैकं त्रिवृतोऽष्टौ पलानि च ॥ तैलस्य च फलान्यष्टौ गुडात् पञ्चाशदेव तु आमलक्या रसस्याथ प्रस्थत्रयमुदीरितम् तावत्पाकं प्रकुर्वीत मृदुना वह्निना भिषक् । यावद्दर्व्याः प्रलेपः स्यात्तदैनमवतारयेत् ॥ औदुम्बरं चामलकं बादरं वा यथाबलम् । तावन्मात्रमिदं खादेद्भक्षयेद्वा यथानलम् । अनेनैव विधानेन प्रयुक्तश्च दिने दिने । निहन्ति ग्रहणीरोगान् कुष्ठानर्शोभगंदरान् ॥ ज्वरमानाहहृद्रोग गुल्मोदरविषूचिकाः । कामलां पाण्डुरोगञ्च प्रमेहांश्चैव विंशतिम् ॥ वातशोणितवीसर्पदद्रुयक्ष्महलीमकान् । वातपित्तकफान् सर्वान् दुष्टान् शुद्धान् समाचरेत् ॥ व्याधिक्षीणा वयःक्षीणाः स्त्रीषु क्षीणाश्च ये नराः । तेभ्यो हितो गुडोऽयं स्याद्वन्ध्यानामपि पुत्रदः । वृष्यो बल्यो बृंहणश्च वयसः स्थापन तथा ॥

इति कूष्माण्डकल्याणकगुड ॥

अतीसाराधिकारलिखित बिल्वतैलञ्चात्रहितम् ॥

સારી રીતે પાકેલા કોહોળાની છાલ્ય, બીજ કાઢી નાખીને તેના ગર્ભને બાફીને તેમાંથી ૪૦૦ તોલા ગર્ભ લેઇને ચોસઠ તોલા ઘીમા ત્રાંબાના વાસણમા પકાવવો. પછી તેમાં પીપર, પીપરીમૂળ, ચિત્રક, ગજપીપર, ધાણા, વાવડીંગ, સૂઠ, મરી, ત્રિફળા, અજમોદ, ઇંદ્રજવ, જીરૂ, અને સૈંધવ, ચાર ચાર તોલા ભાર, ૩૨ તોલા નસોતર; ૩૨ તોલા તેલ, ૨૦૦ તોલા ગોળ, અને ૧૯૨ તોલા આમળાનો રસ નાંખીને વૈદ્યે તેનો મંદાગ્નિથી પાક કરવો કડછીને ચોટે એટલે ઉતારી લેવો. આ કૂષ્માડ કલ્યાણ ગુડ બળ પ્રમાણે ઊંબરાનુ ફળ, આમળુ, કે બોર જેટલો, અથવા અગ્નિના બળ પ્રમાણે ખાવો. એ વિધિથી આ ગોળ નિત્ય સેવવાથી ગ્રહણીના રોગો, કોડ, અર્શ, ભગંદર, જ્વર, આફરો, છાતીનો રોગ, ઉદર રોગો, ગુલ્મ, કોલેરા, કમળો, પાંડુરોગ, વીસ જાતના પ્રમેહો, વાતરક્ત, રતવા, દાદર, ક્ષયરોગ હ‌લીમક, એ સર્વ નાશ પામે છે દુષ્ટ થયેલા ત્રણે દોષો આથી શુદ્ધ થાય છે વ્યાધિ, અવસ્થા, કે સ્ત્રીથી જે ક્ષીણ થયા હોય, તેમને તથા વાઝણીને આ ગોળ હિતકારી છે. તે વીર્ય તથા બળ વધારે છે, ધાતુઓને પુષ્ટ કરે છે, અને જુવાનીને સ્થિર રાખે છે.

બિલ્વ તૈલ--અતિસારના અધિકારમાં કહેલુ બિલ્વ તૈલ આ ગ્રહણી રોગમા પણ હિતકારી છે इति ग्रहणी अधिकार.

॥ इति श्री भावप्रकाश मध्यखंडे प्रथम भाग संपूर्ण ॥

॥ श्रीगणेशाय नमः ॥

॥ अथ भाव प्रकाशस्य मध्यखंडः ॥

भाग २ जो.

અરશનો અધિકાર.

પાસેનાં નિદાનો વગેરે.

पृथग्दोषैः समस्तैश्च शोणितात्सहजानि च । अर्शांसि षट्प्रकाराणि विद्याद् गुदवलित्रये ॥

केचित् रुधिरस्यापि दोषत्वं मन्यन्ते तन्मतमाश्रित्याह शोणितादिति । सहजानि शरीरे सहजातानि । सङ्ख्यां चाह । षट्प्रकाराणीति । गुदवलित्रये सार्द्ध चतुरङ्गुल गुदस्य मानम् ॥ तस्यावयवभूतास्तिस्रो वलयः । शङ्खावर्तनिभा उपर्युपरि सन्ति । तासा नाम प्रवाहणी विसर्जनी सम्वरणी चेति । तत्र गुदोष्ठोऽर्धाङ्गुलमानस्तदूर्ध्वमङ्गुलमाना प्रथमा वलि । सार्द्धैकाङ्गुलमाना द्वितीया । तृतीया च तावती ॥ उक्तञ्च ॥

अर्द्धाङ्गुलप्रमाणेन गुदौष्ठं परिचक्षते । गुदौष्ठादङ्गुलश्चैकं प्रथमान्तु वलिं विदुः ॥ सार्द्धैकाङ्गुलमानेन पृथगन्ये प्रकीर्त्तिते ॥

એક એક દોષના, સર્વ દોષોના, રક્તના, અને સહજ, એમ ગુદાની ત્રણ વળીઓની અંદર છ પ્રકારના અર્શો થાય છે. કેટલાક રક્તને દોષ માને છે સહજાર્શ દેહની સાથેજ થયેલા હોય છે. ગુદાનું પ્રમાણ સાડાચાર આંગળનું છે, તેમા શંખના આવર્ત જેવી ત્રણ વળીઓ છે. તેમાં પહેલી પ્રવાહણી, બીજી વિસર્જની, અને ત્રીજી સંવરણી છે. ગુદાનો હોઠ કે જે અરધા આંગળનો છે, તેની ઉપર એક આંગળ પ્રમાણની પેહેલી વળી છે, તેની ઉપર દોઢ આંગળની બીજી છે અને ત્રીજી વળી પણ દોઢ આંગળની છે.

વાતાર્શનાં દૂરનાં નિદાન.

कषायकटुतिक्तानि रूक्षशीतलघूनि च । प्रमितात्पाशनं तीक्ष्णं मद्यं मैथुनसेवनम् । लङ्घनं देशकालौ च शीतौ व्यायामकर्म च । शोको वाततपस्पर्शौ हेतुर्वातार्शसां मतः ॥

अत्यशनमपरिमितं तीक्ष्णमिति मद्यविशेषणम् । पिष्टादिमृदुमद्यस्य वातशमकत्वात् । आतपस्तूष्णवीर्योद्भुतरौक्ष्याद्वातप्रकोपे हेतुः । वातार्शसाम् । नन्वर्शांसि सर्वाणि त्रिदोषजानि यत आह ॥

पञ्चात्मा मारुतः पित्तं कफो गुदवलित्रये । सर्व एव प्रकुप्यन्ति गुदजानां समुद्भवे ॥

तथा कथं वातार्शसामिति । उच्यते । तत्तदाधिक्याद्व्यपदेशभेद इति न दोषः । अत एवाग्रे वक्ष्यते वातोल्बणानामिति । तथा च चरक. ॥

अर्शांसि नाम जायन्ते नासन्निपातितैस्त्रिभिः । दोषैर्दोषाविशेषात्तु विशेषः कथ्यतेऽर्शसामिति ॥

તૂરાં, તીખા, કડવાં, રૂક્ષ, શીતળ, અને હલકા ભોજનોથી, બહુ થોડું અથવા ઓછું જમવાથી, તીક્ષ્ણ મદ્ય અને મૈથુનથી, લંઘનથી, શીત દેશકાળથી, કસરતથી, શોકથી, બહુ વાયુ તથા તડકો ખમવાથી, વાયુ સંબંધી અર્શ થાય છે. લોટ વગેરેથી બનાવેલા કોમળ મદ્યથી તો વાયુ શાંત થાય છે, તેથી તીક્ષ્ણ મદ્ય લખ્યું છે, તડકો તો ઉષ્ણવીર્યથી ઉત્પન્ન થયેલા રૂક્ષપણાને લીધે વાયુ સબંધી અરશોનું નિદાન કરે છે.

ગુદાની વળીઓમાં પાંચ પ્રકારનો વાયુ, પિત્ત અને કફ એ ત્રણે દોષો કોપીને અર્શ ઉત્પન્ન કરે છે, તેમ છતા વાયુ સબંધી અર્શ, પિત્ત સંબંધી અર્શ અને કફ સંબધી અર્શ કહેવાનુ કારણ એ કે—જે અર્શમાં જે દોષની અધિકતા હોય તે અર્શને તે દોષ સંબંધી અર્શ કહે છે ચરકે પણ કહ્યુ છે કે—જો કે અર્શ ત્રણે દોષના કોપવાથી થાય છે, તોપણ તેમાં દોષની અધિકતા ઉપરથી અરશોનાં નામ પાડેલાં છે.

પિત્તાર્શનાં દૂરનાં નિદાનો.

कट्वम्ललवणोष्णानि व्यायामाग्न्यातपप्रभा । देशकालावशिशिरौ क्रोधो मद्यमसूयनम् ॥ विदाहि तीक्ष्णमुष्णञ्च सर्वं पानान्नभोजनम् । पित्तोल्बणाना विज्ञेयः प्रकोपे हेतुरर्शसाम् ॥

उष्णद्रव्यस्य स्पर्शनादि बोद्धव्यम् । उष्णपानभोजनस्याग्रे वक्ष्यमाणत्वात् ॥ अग्न्यातपप्रभा अग्न्यातपयोः प्रभा तेज अशिशिरो देशो मरु शरद् ग्रीष्मश्च काल क्रोध कोप. असूयनमपरसम्पत्तौ द्वेष. प्रकोपे उत्पत्ती ॥

તીખાં, ખાટાં, ખારાં, ગરમ, ભોજનોથી, કસરતથી, અગ્નિ કે તડકાથી, ગરમ દેશકાળથી, ક્રોધ તથા મદ્યથી, દ્વેષથી, વિદાહી, તીક્ષ્ણ, અને ગરમ અન્નપાનોથી પિત્ત સંબંધી અર્શ થાય છે મરૂ (નિર્જળ) દેશને ઉષ્ણ દેશ સમજવો અને શરદ તથા ગ્રીષ્મ ઋતુને ઉષ્ણ કાળ સમજવો.

કફાર્શનાં દૂરનાં નિદાનો.

मधुरस्निग्धशीतानि लवणाम्लगुरूणि च । अव्यायामदिवास्वप्नशय्यासनसुखे रतिः ॥ प्राग्वातसेवाशीतौ च देशकालावचिन्तनम् । श्लैष्मिकानां समुद्दिष्टमेतत् कारणमर्शसाम् ॥

મધુર, સ્નિગ્ધ, શીતળ, ખારા, ખાટાં તથા ભારે ભોજનથી, કસરત નહિ કરવાથી, દિવસે સૂવાથી, સૂવાની તથા બેસી રહેવાની ટેવથી, પૂર્વ દિશાનો પવન ખાવાથી, શીત દેશકાળથી, અને બે (કફકરાઇથી કફ સંબધી અર્શ થાય છે.

ત્રિદોષાર્શનાં દૂરનાં નિદાનો.

सर्वो हेतुस्त्रिदोषाणां सहजैर्लक्षणं समम् ॥

जनकत्वेन त्रयो दोषा येषा तानि त्रिदोषजानि । अर्शसा सर्वो हेतु पृथग्वातपित्तकफार्शोहेतु ॥ त्रिदोषार्शोलक्षणं श्वासरुजाविबन्धैः सहजार्शोभिः समम् ननु त्रिदोषाणामिति विशेषणं व्यर्थम् । यत सर्वं एव व्याधयस्त्रिदोषजाः । उक्तञ्च ॥

द्रव्यमेकरसं नास्ति न रोगोऽप्येकदोषजः । एकस्तु कुपितो दोष इतरानपि कोपयेत् ॥

इति युक्तिमप्याह, स्वकारणाद् वृद्धो वायुः शैत्यात् कफद्रवत्वात् पित्तं वर्द्धयत इति ॥ उच्यते । स्वस्वकारणात् त्रयो दोषा कुप्यन्ति तत्र त्रिदोषजव्यपदेश इति न दोषः ॥

ત્રિદોષાર્શના લક્ષણો સ્વાભાવિકજ હોય છે. દ્રવ્યમા એકજ રસ હોતો નથી, તેમ રોગ પણ એકજ દોષવાળો હોતો નથી, એક દોષ કોપે છે તો તે બીજાઓને પણ કોપાવે છે. યુક્તિ કહી છે કે–" વૃદ્ધિ પામેલો વાયુ શીતપણાથી કફને અને દ્રવપણાથી પિત્તને વધારે છે." માટે એક દોષથી બીજો દોષ કોપે છે. માટે અરશોને ત્રણ દોષ સંબંધી કહ્યા છે તેનું કેમ? આનું સમાધાન કે–જે રોગમાં ત્રણે દોષ એક બીજાથી નહીં પણ પોત પોતાનાં કારણોથી કોપ્યા હોય, તે રોગનેજ ત્રણે દોષથી ઉત્પન્ન થયેલો કહેવાય છે.

અરશનું પૂર્વરૂપ.

विष्टम्भोऽन्नस्य दौर्बल्यं कुक्षेराटोप एव च । कार्श्यमुद्गारबाहुल्यं सक्थिसादोऽल्पविट्कता ॥ ग्रहणीदोषपाण्ड्वर्त्तेः शङ्का चोदरस्य च । पूर्वरूपं विनिर्दिष्टमर्शसामभिवृद्धये ॥

મળબંધ, દુર્બળતા, પેટમાં આફરો, કૃશતા, બહુ ઓડકાર, સાથળોમાં કળતર, મળની અલ્પતા, મરડો, પડખામાં પીડા, અને ઉદરમાં દરદ, આ સર્વ અર્શ થવાનાં પૂર્વરૂપો છે.

અર્શનું સામાન્ય લક્ષણ.

दोषास्त्वङ्मांसमेदांसि संदूष्य विविधाकृतीन् । मांसाङ्कुरानपानादौ कुर्वन्त्यर्शांसि तान् जगुः ॥

त्वङ्मासपदेन त्वङ्मांसमाश्रितं रक्तमपि गृह्यते । किञ्चित् साधारणरक्तस्रावणोपदेशात् । आदिशब्देन नासानेत्रनाभिमेढ्रादिष्वपि कुर्वन्ति ॥

ત્વચા, માંસ અને મેદને દૂષિત કરીને દોષો જુદી આકૃતિના માંસમાં અંકુરો ગુદા વગેરેમાં ઉત્પન્ન કરે છે, તે અર્શ કહેવાય છે ગુદા શિવાય નેત્ર, નાભિ અને લિંગમાં પણ અર્શ થાય છે. અર્શમાં લોહિનુ પણ ગ્રહણ થાય છે, કારણ કે અર્શના રોગમા લોહી પણ સ્રવે છે.

૨. " વગેરે " શબ્દથી ગુદા, નાક નાભિ લિંગ, વગેરે સ્થાનો સમજવા.

વાતાર્શનું લક્ષણ.

गुदाङ्कुरा बह्वनिलाः शुष्काश्चिमिचिमान्विताः । म्लानाः श्यावारुणाः स्तब्धा विशदाः परुषाः खराः ॥ मिथो विसदृशा वक्रास्तीक्ष्णा विस्फुटिताननाः । बिम्बीकर्कन्धुखर्जूरकर्कोटिफलसन्निभाः ॥ केचित् कदम्बपुष्पाभाः केचित् सिद्धार्थकोपमाः । शिरःपार्श्वांसकटयूरुवङ्क्षणाभ्यधिकव्यथाः । क्षवथूद्गारविष्टम्भहृद्ग्रहारोचकप्रदाः ॥ कासश्वासाग्निवैषम्यकर्णनादभ्रमावहाः ॥ तैरार्तो ग्रथितं स्तोकं सशब्दं सप्रवाहिकम् । रुक्फेनपिच्छानुगतं विबद्धमुपवेश्यते ॥ कृष्णत्वङ्नखविण्मूत्रनेत्रवक्त्रश्च जायते ।

गुल्मप्लीहोदराष्ठीलासम्भवस्तत एव च ॥

बह्निला. वातोल्वणगुदाङ्कुरा । अर्शांसि चिमिचिमान्विताः ॥ चिमिचिमा व्यथाविशेषाः । चरचरा इति लोके ॥ तदन्विता. । श्यावारुणाः श्यावा. धूम्रवर्णा । अरुणवर्णा वा । स्तब्धा कठिना । विशदा पिच्छिला ॥ परुषा गोजिह्वावत् खरस्पर्शा ॥ खरा. कर्कशा कर्कोटीफलवत्सूक्ष्मानेककण्टकचिता ॥ बिम्ब्यादिफलसन्निभा । आवृत्या अत्र विकल्पबोधक वक्ष्यमाण केचित् केचिदिति पद प्रतिसम्बन्धनीयम् । कदम्बपुष्पाभा स्थिरानेकसूक्ष्मशिखरा । सिद्धार्थकोपमा पीतसूक्ष्मपिटकाचिता । तैरार्त्त इत्यर्शोभि पीडित' । तैरार्त्तो विड्बद्धमुपवेश्यत इत्यार्त्तस्य प्रयोज्यकर्त्तु कर्मताषत्वात् ॥ ग्रथित मलगुटिकाग्रन्थित विड्वर्त्तिरूपम् । पिच्छ पिच्छिलो द्रवभाग । बद्ध सहतम् । विट्शब्दो नपुसकेऽप्यस्ति । उपवेश्यते त्याज्यते ॥ तत एव वातार्शस एव गुल्मादीना सम्भव । अष्ठीला नाभेरधोभागे पाषाणपिण्डिकावद्वातव्याधिविशेष ॥

વાયુથી થયેલા અર્શો સૂકા, ચમચમે એવા મ્લાન, રાતા ધૂમાડા જેવા વર્ણવાળા, કઠણ, તતુવાળા, ગાયની જીભ જેવા, ખરસટ, ઝીણા કાંટાવાળા, જુદા જુદા આકારના, વાકા, તીક્ષ્ણ, ફાટેલા મુખવાળા, ધોલા તથા બોર અને ખજૂર તથા કંટોલાં જેવા, કેટલાક કદમનાં ફૂલની પેઠે સ્થિર, ઘણા તથા ઝીણાં શિખરવાળા હોય છે, કેટલાક સર્ષપ જેવા હોય છે. માથુ, પડખાં, ખભા, કમર, સાથળ, સાથળના સાધા, એમા અધિક પીડા થાય છે. છીંક, ઓડકાર, મલસ્તભ, હૃદ્રોગ, અને અરૂચિ કરે છે. ઉધરસ, શ્વાસ, અગ્નિની વિષમતા, કાનમાં અવાજ, અને ભ્રમ કરે છે. તેનાથી ચીકણો, ગુથાયલો, થોડો, અવાજ કરતો, અને પ્રવાહ રૂપ ઝાડો થાય છે, એ ઝાડો પીડાવાળો, ફીણ જેવો, પીછાંવાળો, અને બંધાયલો નીકળે છે. ચામડી, નખ વિષ્ટા, મૂત્ર, નેત્ર, અને મુખ કાળા પડે છે. ગુલ્મ, બરલ, ઉદરરોગ, અષ્ટીલા, એ રોગો થાય છે, અષ્ટોલા નામનો રોગ એક જાતનો વાયુનો રોગ છે, તેમા નાભિની નીચેના ભાગમા લાબા પથરા જેવુ થાય છે.

પિત્તાર્શનુ લક્ષણ.

पित्तोत्तरा नीलमुखा रक्तपीतसितप्रभा । तन्वस्रस्राविणो विस्रास्तनवो मृदवः श्लथाः ॥ शुकजिह्वा यकृत्खण्डजलौकोवक्त्रसन्निभाः ॥ दाहपाकज्वरस्वेदतृष्णामूर्च्छारतिमदाः । सोष्माणो द्रवनीलोष्णपीतरक्तामवर्चसः । यवमध्या हरित्पीतहारिद्रत्वङ्नखादयः ॥

तनु अघनम् । श्लथा लम्बिनः । सन्निभा आकृत्या । पाको गुदस्य सोष्माण । उष्मस्पर्शा. । हरिच्छाकवर्णम् । पीत हरितालवर्णम् । हारिद्रं हरिद्रावर्णम् । आदिशब्दान्मलमूत्रपुरीषाणा ग्रहणम्॥

પિત્તથી થયેલા અર્શો કાળા મુખવાળા, રાતી પીળી અને ધોળી કાંતિ વાળા, અદરથી પાતળુ લોહી સ્રવતા, દુર્ગંધવાળા, ઝીણા, કોમળ, લટકતા, પોપટની જીભ જેવા, યકૃતની ગાંઠ જેવા અને જળોનાં મોઢાં જેવા હોય છે. તેથી દાહ, ગુદ પાક, જ્વર, પરસેવો, તરશ, મૂર્છા, અણગમો, એ થાય છે. સ્પર્શમાં તે ગરમ હોય છે તથા વિષ્ટ

દ્રવરૂપ, લીલી, ગરમ, પીળી, રાતી, અને કાચી થાય છે ચામડી, નખ, મૂત્ર, અને વિષ્ટા શાક જેવા લીલા વર્ણના તથા હરતાળ અને હળદર જેવા થઈ જાય છે.

રક્તાર્શનુ લક્ષણ.

रक्तोल्वणा गुदे कीलाः पित्ताकृतिसमन्विताः । वटप्ररोहसदृशा गुञ्जाविद्रुमसन्निभाः ॥ तेत्यर्थ दुष्टमुष्णं च गाढविद्त्वप्रपीडिताः । स्रवन्ति सहसा रक्तं तस्य चातिमहृत्तितः ॥ भेकाभः पीड्यते दुःखैः शोणितक्षयसम्भवैः । हीनवर्णबलोत्साहो हतौजाः कलुषेन्द्रियः ॥ विट् श्यावं कठिनं रूक्षमधोवायुर्न वर्त्तते । तनु चारुणवर्णं च फेनिल वासृगर्शसाम् ॥ कट्यूरुगुदशूलश्च दौर्बल्यं यदि वाधिकम् । तत्रानुबंधो वातस्य हेतुर्यदि च रूक्षणम् ॥ शिथिलं श्वेतपीतं च विद् स्निग्धं गुरु शीतलम् । यद्यर्शसा घनं चासृक् तन्तुमत्पाण्डु पिच्छिलम् ॥ गुदं सपिच्छं स्तिमितं गुरु स्निग्धं च कारणम् । श्लेष्मानुबन्धो विज्ञेयस्तत्र रक्तार्शसां बुधैः ॥ गुदे हि कीला अर्शांसि पित्ताकृतिसमन्विताः ॥

पित्तार्शोलक्षणयुक्ता । आकारेण च वटप्ररोहसदृशा । दु.खै रोगि, त्वक्पारुष्याम्बुशीतप्रार्थनादिभि. कलुषेन्द्रिय व्याकुलसर्वेन्द्रिय ॥

तत्ररक्तार्शांसि अनुबन्धः उल्बणत्वम् । रूक्षं रूक्षयतीति रूक्षणम् । रूक्षं द्रव्यम् । पित्तोल्बणस्य तु लक्षणम् । "रक्तोल्वणा गुदे कीलाः पित्ताकृतिसमन्विता. ।" इत्यादिनैवोक्त रक्तपित्तयो. समानलिङ्गत्वात् ॥

ગુદામાં રક્તથી થયેલા અર્શો પિત્તથી થયેલાના જેવાજ આકારવાળા હોય છે. વડવાઈ જેવા, ચણોઠી અને પરવાળાં જેવા, કઠણ વિષ્ટાથી દબાયલા તથા ગરમ અને દુષ્ટ હોય છે તેની બહુ પ્રવૃત્તિથી તેમાંથી રૂધિર સવ્યા કરે છે દેડકાં જેવા અને બહુ દુઃખ આપનારા છે, રૂધિરનો બહુ ક્ષય થાય છે, તથા બળ તથા વર્ણ અને ઉત્સાહ ઘટી જઇને ઓજ હણાઇ જાય છે, તથા ઇંદ્રિયો વ્યાકુળ થઇ જાય છે, વિષ્ટા કાળી, કઠણ, અને રૂક્ષ હોય છે, તથા અધોવાયુ છૂટતો નથી, લોહી રાતું અને ફીણવાળુ હોય છે. કમર, સાથળ, ગુદા, એમા શૂળ થાય છે, અને વાયુ વિશેષ હોય તો દુર્બળતા વધારે હોય છે. એમ હોય તો રક્ત સાથે વાયુ પણ છે એમ સમજવુ જો વિષ્ટા શિથિલ, ધોળી, પીળી, સ્નિગ્ધ, ભારે, અને શીતળ હોય છે. લોહી ઘાટુ તતુમય હોય, પાડુ વર્ણનું અને ચીકણુ હોય, ગુદા ચીકણી તથા સ્તબ્ધ હોય, અને ભારે તથા સ્નિગ્ધ નિદાનો હોય, તો રક્ત સાથે કફનો સંબધ પણ છે, એમ જાણવું ગુદામાના રક્તાર્શોપિત્તના અર્શો જેવાજ હોય છે

કફાર્શનું લક્ષણ.

श्लेष्मोल्वणा महामूला घना मन्दरुजः सिताः । उत्सन्नोपचिताः स्निग्धाः स्तब्धवृत्तगुरुस्थिराः ॥ पिच्छिलाः स्तिमिताः श्लक्ष्णाः कण्ड्वाः स्पर्शनप्रियाः । करीर पनसास्थ्याभास्तथा गोस्तनसन्निभाः वङ्क्षणानाहिनः पायुबस्तिनाभिविकर्षिणः । सकासश्वासहृल्लासप्रसेकारुचिपीनसाः मेहकृच्छ्रशिरोजाड्यशिशिरज्वरकारिणः ।

क्लैब्याग्निमार्दवच्छर्दिरामप्रायविकारदाः ॥ वसाभासकफप्रायपुरीषाः सप्रवाहिकाः । न स्रवन्ति न भिद्यन्ते पाण्डुस्निग्धास्त्वगादयः ॥

उत्सन्ना' उन्नता । उपचिता स्थूला. । स्निग्धा' स्नेहाभ्यक्ताः । स्थिरा निश्चला' पिच्छिला. कफोल्बणत्वात् । स्तिमिता आर्द्रचर्म्मावगुण्ठिता इव । श्लक्ष्णा मणिवन्मसृणाः । करीरो वंशाङ्कुर. । पनसास्थिगोस्तना । तदाकृतय वङ्क्षणानाहिनः वङ्क्षणयोरानाहकारिण. । पाय्वादिष्वाकर्षणवत्पीडाकारिण. । कृच्छ्र मूत्रकृच्छ्रम् । शिरोजाड्य शिरोभागे शीताक्रान्तमिव । क्लैब्य स्त्रीष्वनिच्छा । अत्र छर्दिशब्दः सान्त आर्षत्वात् । आमप्रायविकारदा.। आमबहुला व्याधयोऽतीसारग्रहण्यादय तान् ददति ॥

કફથી થયેલા અર્શો મ્હોટાં મૂળવાળા, ઘાટા, ધોળા, અને થોડી પીડાવાળા હોય છે. તેઓ ઊંચા, જાડા, ચીકણા, અક્કડ, ગોળ, ભારે, સ્થિર, પીછાંવાળા, ભીંસા, ચળવાળા, સ્પર્શથી સારૂ લાગે એવા, કેર તથા ફણસના જેવા, ગાયનાં આંચળ જેવા, સાથળના મૂળ સજ્જડ કરનારા, તથા ગુદા નાભિ અને મૂત્રાશયમાં પીડા કરનાશ હોય છે ઉધરસ, શ્વાસ, મોળ, મુખમા થૂંક, અરૂચિ, પીનસ, પ્રમેહ, દુબળાપણું, નાડીઓનું ભારેપણુ, ટાઢ, અને જ્વર કરનારા હોય છે. નપુસકપણું, અગ્નિમાંદ્ય, ઉલટી, અને આમરોગો કરનારા છે. વસા જેવા, કફ યુક્ત વિષ્ટાવાળા, અને પ્રવાહિકાવાળા હોય છે. તેઓ સ્રવતા નથી અને ભેદાતા પણ નથી. અને ચામડી વગેરે પાડુવર્ણની તથા સ્નિગ્ધ થઈ જાય છે.

બબ્બે દોષથી થતા અર્શનાં લક્ષણ.

हेतुलक्षणसंसर्गाद्विद्याद्द्वंद्वोल्बणानि च ।

બે દોષના નિદાનો તથા લક્ષણો સાથે જોવામા આવતાં હોય તે અર્શોને બે દોષની ઉલ્વણતાવાળા જાણવા

ત્રિદોષજ તથા સહજાર્શનાં લક્ષણ.

सर्वैः सर्वात्मकान्याहुर्लक्षणैः सहजानिच।

सर्वलक्षणैर्वातपित्तकफार्शोलक्षणै. प्रागुक्तैः सर्वात्मकानि सन्ति । तान्यर्शांसि ॥ तथा तैरेव लक्षणै. सहजान्यर्शांस्याहु' ॥

अर्शांसि सहजातानि दारुणानि भवन्ति हि । दुर्दर्शनानि पाण्डूनि परुषाण्यरुणानि च ॥ अन्तर्मुखानि तैरार्त्तः क्षीणः क्षीणस्वरो भवेत् । क्षीणानलः क्षीणरेताः शिरासन्ततविग्रहः ॥ अल्पप्रजाः क्रोधशीलो भग्नकांस्यस्वनान्वितः । शिरोदृक्कर्णनासासु रोगी श्लेष्मपसेकवान् ॥

સર્વે દોષોનાં લક્ષણથી સર્વે દોષજ તથા એજ ચિન્હો વાળા સહજાર્શ પણ હોય છે. સહજ એટલે શરીરની સાથેજ થયેલા અર્શો દારૂણ, ત્રાશદાયક, પાંડુ, કઠણ, રાતા અને અંદર મુખવાળા હોય છે. એથી શરીર અને સ્વર તથા અગ્નિ ક્ષીણ થઈ જાય છે, વીર્ય ક્ષીણ થાય છે, અને શરીરમાં નસો દેખાય છે. એ રોગી અલ્પ પ્રજાવાળો, ક્રોધી, ફુટેલા કાંસાના જેવા શબ્દવાળો, તથા માથું, નેત્ર, કાન, અને નાકમાં રોગોવાળો હોય છે. છાતી કફથી ભરેલી અને મુખમાંથી લાળ ઝરે એવો થાય છે.

સુખસાધ્ય અર્શો.

बाह्यायां तु वलौ जातान्येकदोषोल्बणानि च । अर्शांसि सुखसाध्यानि न चिरोत्पतितानि च ॥

बाह्यायां वलौ सम्वरण्याम् । न चिरोत्पतितानि अनतिक्रान्तसम्वत्सराणि एतानि लक्षणानि मिलितानि सुखसाध्यत्वबोधकानि ॥

બહારની વળીમાં (સંવરણીમાં) થયેલી, એક દોષવાળા, અને થોડા કાળથીજ થયા હોય, તે અર્શો સુખસાધ્ય છે. (એક વર્ષ પછી અર્શ જીર્ણ થયા જાણવા.)

કષ્ટસાધ્ય અર્શો.

द्वन्द्वजानि द्वितीयायां वलौ यान्याश्रितानि च । कृच्छ्रसाध्यानि तान्याहुः परिसम्वत्सराणि च ॥

द्वितीयाया वलौ विसर्जन्याम् । परिगत सम्वत्सरो येषा तान्यतीतसम्वत्सराणीति यावत् । एतानि प्रत्येकं कष्टसाध्यलक्षणानि ॥

બે દોષથી થયેલા, ગુદાની બીજી વળી (વિસર્જની) મા થયેલા, અને એક વર્ષ ઉપરના હોય, તે અર્શોને કષ્ટસાધ્ય જાણવા.

અસાધ્ય અર્શો.

सहजानि त्रिदोषाणि यानि चाभ्यन्तरां वलिम् । जायन्तेऽर्शांसि संश्रित्य तान्यसाध्यानि निर्दिशेत् ॥

अभ्यन्तरां वलिं प्रवाहिणीम् । एतान्यपि प्रत्येकमसाध्यानि लक्षणानि ॥

शेषत्वादायुषस्तानि चतुष्पादसमन्वये । याप्यन्ते दीप्तकायाग्नेः प्रत्याख्येयान्यतोऽन्यथा ॥

यद्यायुःशेषो वर्तते चिकित्साया चत्वारः पादास्ते यदा वैद्यवचनकारी धनवानुदारो जितेन्द्रियो रोगी । शस्त्रकर्मणि कुशलो वैद्यः । अनलसः आप्तः प्रिय परिचारकः । नवरसवीर्यादिकमौषधं । एषां समन्वये समागमे । अतिदीप्तकायाग्नेः पुरुषस्य तानि अर्शांसि याप्यन्ते चिकित्सायाम् । अतोऽन्यथा प्रत्याख्येयानि चिकित्साहीनानीत्यर्थः ॥

શરીરની સાથેજ થયેલા અર્શો અથવા ત્રણે દોષથી થયેલા અર્શો અથવા ગુદાની અંદરની છેલ્લી વળી (પ્રવાહિની)માં થયા હોય, તો તેઓ અસાધ્ય છે. રોગીનું આયુષ્ય બાકી હોય, ચિકિત્સાના ચારે પાદ સંપૂર્ણ હોય, અને જઠરાગ્નિ પ્રદીપ્ત હોય, તો તો ચિકિત્સા કરવાની નાજ પાડી દેવી. વૈદ્ય શસ્ત્રક્રિયામાં કુશળ, પરિચારક આળસ વગરનો, સત્ય બોલનારો અને લોકપ્રિય હોય, તેમજ રોગી વૈદ્યના કહ્યા પ્રમાણે ચાલનારો, ધનવાન, ઉદાર અને જીતેંદ્રિય હોય, અને ઔષધ નવીન રસવાળું, તથા વીર્ય વગેરે વાળું હોય તો ચિકિત્સાના ચારે પાદ સંપૂર્ણ સમજવા.

અર્શાનું અરિષ્ટ.

हस्ते पादे मुखे नाभ्यां गुदे वृषणयोस्तथा । शोथो हृत्पार्श्वशूलं च यस्यासाध्योऽर्शसो हि सः ॥

असाध्यः सन्निहितमरणो बोद्धव्यः । अर्शसः अर्शोरोगयुक्तः ॥

हृत्पार्श्वशूलं संमोहश्छर्दिरङ्गस्य रुग्ज्वरः । तृष्णा गुदस्य पाकश्च निहन्युर्गुदजातु-

रम् ॥ गुदस्य चास्यमोष्ठदेशस्तस्य पाक.। हृत्पार्श्वशूलादिसमस्त चारिष्टलक्षणम् ॥

तृष्णारोचकशूलार्त्तमतिप्रस्रुतशोणितम् ।
शोथातीसारसंयुक्तमर्शांसि क्षपयन्ति हि ॥

હાથ, પગ, મુખ, નાભિ, ગુદા, અને વૃષણોમા સોજો હોય, તથા હૃદય અને પડખામાં શૂળ હોય, તેના અર્શ અસાધ્ય જાણવા. તેમા પણ હૃદય તથા પડખામાં શૂળ હોય, મોહ અને ઉલટી હોય, અગમા પીડા તથા જ્વર હોય, તરશ હોય અને ગુદાપાકેલ હોય, તો તે રોગી તુરત મરી જાય છે. તરશ, અરૂચિ, તથા શુળવાળા, અથવા સોજા અને અતિસારવાળા, અથવા લોહી બહુ ઝરી ગયુ હોય, તે રોગી પણ મરી જાય છે.

લિંગાદિના અર્શોનું લક્ષણ.

मेढ्रादिष्वपि जायन्ते यथास्वं नाभिजानि च । गण्डूपदास्यरूपाणि पिच्छिलानि मृदूनि च ॥ नचात्रोक्तनिदानपूर्व सम्प्राप्तिलक्षण युक्तम् । तत्रार्श' पदन्तु मासाङ्कुरसाम्यात् । गण्डूपद किञ्चुलक ॥

લિંગ વગેરેમા તથા નાભિમાં પણ અર્શ થાય છે તેઓ અળશિયાના મુખ જેવા, પીછાંવાળા, તથા કોમળ હોય છે.

આ અર્શોને આગળ કહ્યા પ્રમાણે નિદાનોપૂર્વક સંપ્રાપ્તિ લાગુ થતી નથી, તોપણ તે માસના અંકુર જેવા હોવાથી તેને 'અર્શ' નામ આપેલુ છે

ચર્મકીલનું લક્ષણ.

व्यानो गृहीत्वा श्लेष्माणं करोत्यर्शस्त्वचो बहिः । कीलोपमं स्थिरखरं चर्मकीलं तु तद्विदुः ॥ खर कर्कशम् ॥

वातेन तोदपारुष्यं पित्तादतिसरक्तता ।
श्लेष्मणा स्निग्धता तस्य ग्रथितत्वं सवर्णता ॥

सवर्णता शरीरसमानवर्णता ॥

વ્યાનવાયુ કફને પકડીને ચામડી બહાર અર્શ ઉત્પન્ન કરે છે, તે અર્શની પેઠે સ્થિર અને ખરસટ હોવાથી ચર્મકીલ કહેવાય છે. વાયુથી થયેલ ચર્મકીલ પીડાવાળો અને કઠણ હોય છે, પિત્તનો કાળો તથા રાતો હોય છે, અને કફનો સ્નિગ્ધ તથા ગૂંથાયલો અને શરીરના જેવાજ રગનો હોય છે.

અર્શોની સામાન્ય ચિકિત્સા.

यद्वातस्यानुलोम्याय यदग्निबलवृद्धये ।
अन्नपानौषधं सर्वं तत्सेव्यं नित्यमर्शसैः ॥

अर्शसै अर्शोरोगयुक्तै ॥

शालिषष्टिकगोधूमयवान्नानि घृतैः सह ।
अजाक्षीरेण वा निम्बपटोलानां रसेन वा ॥
कान्दैर्वार्ताकुमूलोत्थै रसैर्मांसरसेन वा ।
जीवन्तुपोदिकाशाकैस्तण्डुलीयकवास्तुकैः ॥
अन्यैश्च सृष्टविण्मुत्रमरुद्भिर्वह्निदीपनैः ।
अर्शांस्य भिन्नवर्चांसि हन्याद्वातातिसारवत् ॥ सतक्रं लवणं दद्याद्वातवर्चोऽनुलोमनम् । न प्ररोहन्ति गुदजाः पुनस्तक्रसमाहताः । तक्राभ्यासोऽर्शसः कार्यो बलवर्णोऽग्निवृद्धये । स्रोतःसु तक्रशुद्धेषु सम्यक् चलति तद्रसः ॥ तेन पुष्टिस्तथा तुष्टिर्बलं वर्णश्च जायते । वातश्लेष्मविकाराणां शतञ्च विनिवर्त्तते ॥ चिरबिल्वाग्निसिन्धूत्थनाग-

रेन्द्रयवारलुम् । तक्रेण पिबतोऽर्शांसि निपतन्त्यसृजा सह ॥

चिरबिल्व करञ्ज तस्य फलस्यात्र मज्जा ग्राह्या। अरलु शोणक । इति करञ्जादिचूर्णम् ॥

लेप रजनिचूर्णेन सुधादुग्धयुतेन च । अर्शोरोगनिवृत्त्यर्थं कारयेत्तु चिकित्सकः ॥ पिप्पली सैन्धवं कुष्ठं शिरीषस्य फलं तथा। सुधादुग्धार्कदुग्धं वा लेपोऽयं गुदजान् हरेत् ॥ हरिद्रा जालिनीचूर्णं कटुतैलसमन्वितम् । एष लेपो वरः प्रोक्तो ह्यर्शसामन्तकारकः ॥

जालिनी कटुतोरइ इति लोके ॥

असितानां तिलानान्तु पलं शीतजलेन च । खादन्तोऽर्शांसि शाम्यन्ति दृढा दन्ता भवन्ति च ॥ शस्त्रैर्वाथ जलौकोभिः प्रोच्छूनकठिनार्शसः ॥ शोणितं सञ्चितं दृष्ट्वा हरेत्प्राज्ञः पुनः पुनः । काशीसं सैन्धवं कृष्णा शुण्ठी कुष्ठश्च लाङ्गली ॥ शिलाभिदश्च मारश्च दन्ति जन्तुघ्नचित्रकम् । तालकं कुनटी स्वर्णक्षीरी चैतैः पचेद्भिषक् ॥ तैलं स्नुह्यर्कपयसा गवां मूत्रं चतुर्गुणम् । एतदभ्यङ्गतोऽर्शांसि क्षारेणेव पतन्ति हि ॥ क्षारकर्मकरं ह्येतन्न च सन्दूषयेद्वलिम् ॥

काशीसङ्कासीस इति लोके । लाङ्गली करिहारीति लोके । शिलाभित् पाषाणभेदः अश्वमारः कनेरि इति लोके । स्वर्णक्षीरा चोष इति लोके । इति बृहत्काशीसाद्यतैलम् ॥

शुण्ठी कणा मरिचनागदलत्वगेलं चूर्णीकृतं क्रमविवर्द्धितमूर्द्धमन्त्यात् । खादेदिदं समसितं गुदजाग्निमान्द्यगुल्मारुचिश्वसनकण्ठहृदामयेषु ॥

तद्यथा एलाबीजमत्र सूक्ष्मं ग्राह्यम् । अत आह मदनपाल ॥ 'एला सूक्ष्मा कफश्वासकासार्शोमूत्रकृच्छ्रनुत्' इत्यादि तस्या बीजं भाग १ तगभाग २ दले पत्रकम् ३ यत आह निघण्टधन्वन्तरिः । 'नागपुष्प मत नागं केशरं नागकेसरम्' इत्यादि । तस्य भागः ४ मरिच५ पीपरि ६ सोंठि ७ शीनी साकर २८ समशर्करचूर्णम् ॥

त्रिकत्रयं वचा हिङ्गु पाठाक्षारौ निशाद्वयम्। चव्यातिक्ताकलिङ्गानि पञ्चकोलवणानि च ॥ ग्रन्थिबिल्वाजमोदाच गणोऽष्टाविंशतिर्मतः । एतानि समभागानि सूक्ष्मचूर्णानि कारयेत् ॥ चूर्णं बिडालपदकं पिबेदुष्णेन वारिणा । एरण्डतैलयुक्तं वा लिह्याच्चूर्णमिदं नरः ॥ हन्यादर्शांसि सर्वाणि श्वासशोषभगन्दरान् । हृच्छूलं पार्श्वशूलञ्च वातगुल्मं तथोदरम् ॥ हिक्कां कासं प्रमेहांश्च पाण्डुरोगं सकामलम् । आमवातमुदावर्त्तमन्त्रवृद्धिं गुदकृमीन् ॥ अन्ये च ग्रहणीदोषाभिषग्भिर्ये प्रकीर्त्तिताः । विजयो नाम चूर्णोऽयं तान् सर्वानाशु नाशयेत् ॥ महाज्वरोपसृष्टानां भूतोपहतचेतसाम् अप्रजानाञ्च नारीणां हितमेतद्धि भेषजम् ॥

त्रिकत्रय त्रिफला । त्रिकटु त्रिसुगन्धीनि । क्षारौ सर्जिका जवक्षारश्च । लवणानि पञ्च । ग्रन्थि पिप्पलीमूलम् । बिडालपदकं कर्षम् । इति विजयचूर्णम् ॥

मरिचमहौषधचित्रकशूरणभागा यथोत्तरं द्विगुणाः । सर्वसमो गुडभागः सेव्योऽयं

मोदकः प्रसिद्धफलः ॥ ज्वलनं ज्वलयति जाठरमुन्मूलयतीह शूलगुल्मगदान् । निःश्वयति श्लीपदमर्शांसि विनाशयत्याशु ॥

तद् यथा । मरिचभाग १ । शुण्ठीभाग २ । चीताभाग ४ ॥ शूरणभाग ८ । गुडभाग १९ ॥ इति लघुशूरणमोदकः ॥

षोडश शूरणभागा वह्नेरष्टौ महौषधस्य स्यात् । अर्द्धेन भागयुक्तिर्मरिचस्य ततोऽपि चार्द्धेन ॥ त्रिफलाकणासमूलातालीशारुष्करकृमिघ्नानाम् । भागा महौषधसमा दहनांशा तालमूली च ॥ भागः शूरणतुल्यो दातव्यो वृद्धदारकस्यापि । भृङ्गैले मरिचांशे सर्वाण्येकत्र कारयेच्चूर्णम् ॥ द्विगुणेन गुडेन युतः सेव्योऽयं मोदकः प्रकामघनैः । गुरुवृष्यभोजनरतैरितरैरुपद्रवं कुर्यात् ॥ भस्मकमनेन जनितं पूर्वमगस्त्यस्य योगराजेन । भीमस्य मारुतेरपि महाशनौ तेन तौ जातौ ॥ अग्निबलवर्णहेतुर्न केवलं शूरणो महावीर्यः । हन्ता शस्त्रक्षारानलैर्विनाप्यर्शसामेषः ॥ श्वयथुश्लीपदगदहृद्ग्रहणीं च कफानिलोद्भूताम् । नाशयति वलीपलितं मेधां कुरुते जराश्च हरेत् ॥ हिक्कां च राजरोगं कासं श्वासं प्रमेहांश्च । प्लीहानं च तथोग्रं हन्त्याशु रसायनं पुंसाम् ॥

एषा भागा यथा शूरणभाग १६ ॥ चीताभाग ८ । शुण्ठीभाग ४ ॥ मरिचभाग २ । हरडे । बहेडा । अवरा । पीपरि । पिपरामूल । तालीश । भेल्या । तदसद्भावे रक्तचित्रकम् । विडङ्ग प्रत्येक भाग ४ । तालमूलीभाग ३ । विधारा भाग १६ । तजभाग १ । इलाची छोटी बीजभाग १ । गुडभाग १५० । इति बृहच्छूरणमोदक ॥

वृद्धतेजोवती दन्ती श्वदंष्ट्रा चित्रकंशटी । गवाक्षीमुस्तविश्वाह्वविडङ्गानि हरीतकी ॥ पलोन्मितानि चैतानि पलान्यष्टावरुष्करात् वृद्धदारात्पलान्यष्टौ शूरणस्य तु षोडश ॥ जलद्रोणद्वये क्वाथ्यं चतुर्भागावशेषितम् । पूतं पूतं रसं भूयः क्वाथ्येभ्यस्त्रिगुणं गुडम् ॥ मेलयित्वा पचेत्तावद्यावद्दर्वीप्रलेपनम् । अवतार्य ततः पश्चाच्चूर्णानीमानि दापयेत् ॥ वृद्धतेजोवतीकन्दचित्रकान् द्विपलांशकान् । एलात्वङ्मारिचं चापि नागकश्चापि षट्पलम् ॥ द्वात्रिंशच्च पलान्यत्र चूर्णयित्वा निधापयेत् । ततो मात्रां प्रयुञ्जीत जीर्णे क्षीररसाशिनः ॥ कन्द शूरण ॥

हन्यादर्शांसि सर्वाणि तथा सर्वोदराण्यपि । गुल्मानपि प्रमेहांश्च पाण्डुरोगं हलीमकम् ॥ दीपयेदनलं मन्दं यक्ष्माणं चापकर्षति । आढ्यवाते प्रतिश्याये पीनसे च हितो मतः ॥ भवन्त्यनेन पुरुषाः शतं वर्षाण्यनामयाः । दीर्घायुषः प्रजजना वलीपलितवर्जिताः ॥ गुडः श्रीबाहुशालोऽयं रसायनवरो मतः । दुर्नामान्तकरो ह्येष दृष्टोवारसहस्रशः ॥ यावद्दर्वीप्रलेपः स्याद् गुडो वा तन्तुमान् भवेत् । तोयपूर्णे यदा पात्रे क्षिप्तो न प्लवते गुडः । क्षिप्तस्तु निश्चलस्तिष्ठेत्पतितस्तु न शीर्यति । एष पाकः समस्तानां गुडानां परिकीर्त्तितः । सार्द्ध

पल पलं चार्द्धं भक्षयेद् गुडखण्डयोः। श्रेष्ठा तु मध्यमा हीना मात्रोक्ता मुनिभिस्त्रिधा ॥ श्रीबाहुशालो गुड ॥

तिलभल्लातकौ पथ्या गुडश्चेति समांशकैः। दुर्नामश्वासकासघ्नाः प्लीहपाण्डुज्वरापहाः ॥ पित्तश्लेष्मप्रशमनी कण्डूकुक्षिरुजापहा। गुदजाग्नाशयत्याशु भक्षिता सगुडाभया ॥ प्रणम्य शङ्करं रुद्रं दण्डपाणिं महेश्वरम्। जीवितारोग्यमन्विच्छन्नारदोऽपृच्छदीश्वरम् ॥ सुखोपायेन हे नाथ! शस्त्राक्षाराग्निभिर्विना। चिकित्सामर्शसां नृणां कारुण्याद्वक्तुमर्हसि नारदस्य वचः श्रुत्वा नराणां हितकाम्यया। अर्शसां नाशनं श्रेष्ठं भैषज्यं शङ्करोऽवदत् ॥ पाण्ड्यवज्रादिलोहानामादायान्यतमं शुभम्। कृत्वा निर्मलमादौ तु कुनठ्या माक्षिकेण च ॥ पत्तुरमूलकल्केन लिम्पेद्रसयुतेन च ॥

कुनठी मनःशिला माक्षिक सुवर्णमाक्षिकम्, पत्तूर पटकार इति लोके। रसः पारदः ॥

वन्हौ निक्षिप्य विधिवत्सागाङ्गारेण निर्द्धमेत्। ज्वाला च तस्य रोद्धव्या त्रिफलाया रसेन च ॥ सार काष्ठासार ॥

ततो विज्ञाय गलितं शङ्कुनोर्ध्वं समुच्छ्रयेत्। त्रिफलाया रसे पूते तदाकृष्य तु निक्षेपेत् ॥ न सम्यक् गालितं यत्तु तेनैव विधिना पुनः। ध्मातं निर्वापयेत्तस्मिंल्लोहत्रिफलारसे ॥ यल्लोहं न मृतं तत्र पाच्यं भूयोऽपि पूर्ववत्। मारणाय मृतं यच्च तत् पक्तव्यमलोहवत् ॥ ततः संशोष्य विधिवच्चूर्णयेल्लोहभाजने। लोहं तत्र तथा यत्स्याद् दृषदा सूक्ष्मचूर्णितम् ॥ कृत्वा लोहमये पात्रे मृत्तिकालिप्तरन्ध्रके। रसैः पङ्कोपमं कृत्वा तं पचेद् गोमयाग्निना ॥ पुटानि क्रमशो दद्यात्पृथगेभिर्विधानतः। त्रिफलार्द्रकभृङ्गानां केशराजस्य बुद्धिमान् ॥ मानकन्दकभल्लातवह्नीनां शूरणस्य च। हस्तिकर्णपलाशस्य कुलिशस्य तथैव च ॥

भृङ्गः भेङ्गरिआ केशराज केशराग इति ॥

पुटे पुटे चूर्णयित्वा लोहात् षोडशिकं पलम्। तन्मात्रं त्रिफलायाश्च पलेनाधिकमाहरेत्। अष्टभागावशेषे तु रसे तस्याः पचेद् बुधः ॥ अष्टौ पलानि दत्त्वा च सर्पिषो लोहभाजने। ताम्रे वा लोहदर्व्या तु चालयेद्विधिपूर्वकम् ॥ ततः पाकविधानज्ञः स्वच्छे चोर्ध्वे च सर्पिषि। मृदुमध्यादिभेदेन गृह्णीयात्पाकमादृतः ॥ आरम्भे तद्विधानज्ञः कृतकौतुकमङ्गलः। आमरं घृतसंयुक्तं विक्षिप्याद्रत्तिकाक्रमात् ॥

द्वादशरत्तिकापर्यन्तं यथाग्निबल खादेत् ॥

वर्द्धमानानुपानञ्च गव्यक्षीरेण संयुतम्। गव्याभावे त्वजायाश्च स्निग्धतृप्त्यादिभोजनम् ॥ सद्यो वह्निकरश्चैव भस्मकञ्च नियच्छति। हन्ति वातं तथा पित्तं कुष्ठानि विषमज्वरम् ॥ गुल्माक्षिपाण्डुरोगांश्च निद्रालस्यमरोचकम्। शूलञ्च परिणामञ्च प्रमेहमपबाहुकम् ॥ श्वयथुं रुधिरस्रावं दुर्नामानं विशेषतः। बलकृद्बृंहणश्चैव कान्तिदं स्वरबोधनम् ॥ शरीरलाघवकरमारोग्यं

पुष्टिवर्द्धनम् । आयुष्यं श्रीकरश्चैव बलतेजस्करं शुभम् ॥ सश्रीकं पुत्रजननं वलीपलितनाशनम् । दुर्नामारिरियं नाम्ना दृष्टो वारसहस्रशः ॥ अनेनार्शांसि दह्यन्ते यथा तूलश्च वह्निना । सौकुमार्याल्पकायत्वान्मद्यसेवी यदा नरः ॥ जीर्णमद्यादियुक्तादिभोजनैः सह दापयेत् । लावतित्तिरवर्त्तीरमयूरशशकादयः ॥ चटकः कलविङ्कश्च वर्त्तका हरितालकः । श्येनकश्च बृहल्लावो वनविष्किरकादयः ॥ पारावतमृगादीनां मांस जाङ्गलकं शुभम् ॥

वर्त्तीर' वगेरीति लोके । वनचटकः कलविङ्को गृहचटक. । वर्त्तका वटेरि इति लोके । हरितालकः हरिताल इति लोके । विष्किरा वर्त्तकादयः॥

मद्गुरो रोहितः श्रेष्ठः शकुलश्च विशेषतः । मत्स्यराजा इति प्रोक्ता हितमत्स्याय देहिने ॥ वृन्ताकस्य फलं शस्तं पटोलं बृहतीफलम् । प्रलम्बा भीरुवेत्राग्रन्ताडकन्तण्डुलीयकम् ॥

प्रलम्बा वा लम्बालाबू' । भीरु' शतावर्या पत्रं पत्रशाकम् । ताडक देवदाली अकरकोरेति लोके । तथा च निघण्टे धन्वन्तरि. ॥

जीमूतको देवताडः कृतकोशो गरागरी । प्रोक्ताखुविषहृद्वेणी देवदाली च ताडकः ॥ देवदाली रसे तिक्ता कफार्शः शोथपाण्डुताः ॥ नाशयेदित्यादि ॥

वास्तुकं धान्यशाकञ्च चित्रकश्च क्रमर्दकम् ॥ चक्रमर्दकश्च कवडशाकम् ॥

नालिकेरश्च खर्जूरं दाडिमल्वलीफलम् । शृङ्गाटकश्च पक्वाम्रं द्राक्षानालफलानि च ॥ हितान्येतानि वस्तूनि लोहमेतत् समश्नताम् । नाश्नीयाल्लकुचकोलकर्कन्धूबदराणि च ॥ जम्बीरं बीजपूरश्च तिन्तिडी करमर्दकम् ॥

कोल क्षुद्रवदरम् । कर्कन्धू बृहद्बदरम् ॥

आनूपानि च मांसानि क्रकरं पुण्ड्रकाणि च । हंससारसदात्यूहचापक्रौञ्चबलाकिकाः ॥ मानकन्दं कसेरूणि कतकश्च कलिङ्गकम् ॥

क्रकर करकर । दात्यूह डाका । चाषः नीलकठम् । कालिंगक तरबुजम् ॥

कूष्माण्डकश्च कर्कोटं क्रमुकश्च विशेषतः । कटुकं कालशाकं च कुन्दुरुं कर्कटीं तथा । ककारादीनि सर्वाणि द्विदलानि च वर्जयेत् ॥ शङ्करेण समाख्यातो यशराजानुकम्पया । जगतामुपकाराय दुर्नामारिरयं ध्रुवम् ॥ स्थानाच्चलति मेरुश्च पृथ्वी पर्येति वायुना । पतन्ति चन्द्रताराश्च मिथ्या चेदहमब्रुवम् ॥ ब्रह्मघ्नाश्च कृतघ्नाश्च क्रूरा येऽसत्यवादिनः । वर्जनीयाः सधर्मेण भिषजा गुरुनिन्दकाः । मुनिरसपिष्टविडङ्गं मुनिरसलीढं चिरस्थितं घर्मे । द्रावयति लोहदोषान् वह्निर्नवनीतपिण्डमिव ॥ मुनिरत्रागस्त्य' ॥

काले मलप्रवृत्तिर्लाघवमुदरे विशुद्धिरुद्गारे । अङ्गेषु नावसादो मनःप्रसादोऽस्य परिपाके । क्रिमिरिपुचूर्णं लीढं सहितं स्वरसेन वङ्गसेनस्य । क्षपयत्यचिरान्नियतं लोहाजीर्णोद्भवं शूलम् ॥

वज्रसेनस्य अगस्तेः ॥

भवेद्यद्यतिसारस्तु दुग्ध पीत्वा तु तं जयेत् । गुञ्जाद्द्वादशकादूर्ध्वं वृद्धिरस्य भयप्रदा ।

शङ्करप्रणीत लोहम् । इति सामान्याः क्रिया. ॥

વાયુનું અનુલોમન કરનારાં તથા અગ્નિને વધારનારાં, એવાં સર્વ અન્નપાન ઔષધો અર્શોવાળાને આપવાં.

ચોખા, સાઠીચોખા, ઘઊં, અને જવના ભોજનનો ઘી સાથે, અથવા બકરીના દુધ સાથે, લીમડો કે પટોળના રસો સાથે, રીંગણીના કંદના રસ સાથે, કે માસ રસ સાથે આપવા, વિષ્ટાનું ભેદન ન થતું હોય એવા અર્શોને મીઠી ખરખોડી, પોથી, તાદળજો, અને બથવાનાં શાકોથી, તથા બીજા વિષ્ટા, મૂત્ર, અને વાયુને કાઢનારા અને દીપન પદાર્થોથી મટાડવા. વાયુ તથા વિષ્ટાને યોગ્ય માર્ગે લાવનાર ઘાટી છાશ લુણ સાથે ખાવી. ઘાટી છાશથી હણાયલા અર્શો પાછા થતા નથી ઘાટી છાશથી બળ, અગ્નિ, અને વર્ણ વધે છે, તેથી નાડીઓ શુદ્ધ થઇને અન્નાદિકનો રસ સારી રીતે તેમાં ચાલી શકે છે, અને તેથી વર્ણ, તુષ્ટિ, પુષ્ટિ, અને બળ વધે છે, તથા વાયુ અને કફના સેંકડો રોગો મટી જાય છે

કરંજાદિ ચૂર્ણઃ--કરંજના ફળનો ગર્ભ, ચિત્રક, સૈંધવ, સૂંઠ, ઇંદ્રજવ, અરલુ, એનું ચૂર્ણ છાશમાં ખાવાથી લોહી સહિત અર્શો ખરી પડે છે.

રજની લેપઃ--થોરના દુધમા હળદર વાટીને વૈદ્યે અર્શની શાંતિ માટે લેપ કરવો

પિપ્પલ્યાદિ લેપ-–પીપર, સૈંધવ, કઠ, સરસડીયાનું ફળ, એમનાં ચૂર્ણને થોરના કે આકડાના દુધમાં વાટીને લેપ કરવાથી અર્શો મટી જાય છે.

હરિદ્રાદિ લેપ—હળદર તથા કડવી ઘીસોડીનું ચૂર્ણ સરસિયા તેલમાં કાલવીને લેપ કરવાથી તે અર્શ મટાડવામાં ઉત્તમ લેપ ગણાય છે.

તિલ ભક્ષણઃ—ચાર તોલા કાળા તલ ટાઢા પાણીમાં ખાવા, તેથી અર્શો શાંત થાય છે, તથા દાંતો મજબૂત થાય છે.

રૂધિર સ્રાવણ.—શસ્ત્રથી કે જળો મૂકીને કઠણ થયેલા લોહી ભરાયલા અર્શોમાંથી સમજુ વૈદ્યે વારવાર લોહી કાઢી નાંખવું.

બૃહત્કારી સાધ્ય તૈલઃ--હીરાકસી, સૈંધવ, પીપર, સૂંઠ, કલગારી, પાષાણ ભેદ, કણેર, નેપાળો, વાવડીંગ, ચિત્રક, હરતાળ, માલકાંકણી, અને દારુડીનાં મૂળ, આના કલ્ક સાથે ચોગણા ગોમૂત્રમાં, થોરના દુધમાં અને આકડાના દુધમાં તેલ પકવવું, આ તેલ ચોપડવાથી ક્ષારથી અર્શો પડી જાય છે, આ ક્ષાર કર્મથી વળીને પણ કંઈ હરકત આવતી નથી.

સમશર્કર ચૂર્ણ—સૂંઠ, પીપર, મરી, નાગકેશર, તમાલપત્ર, તજ, એલચી, એ પ્રત્યેક ક્રમ સર સાત, છ, પાચ, ચાર, ત્રણ, બે, અને એક ભાગે લેઇને ચૂર્ણ કરી, અર્શ અગ્નિમાંદ્ય, ગુલ્મ, અરુચિ, શ્વાસ, તથા કઠ અને હૃદયના રોગો ઉપર સમાન સાકર સાથે ખાવુ. (એલચી ઝીણી લેવી.)

વિજય ચૂર્ણઃ—ત્રિફળા, વજ, હિંગ, કાળીપાડ, જવખાર, હળદર, દારુહળદર, ચવક, કડુ, કડાછાલ, ત્રિકટુ, ઇંદ્રજવ, પચલવણ, પીપરીમૂળ, બીલી, અજમોદ, અને

ત્રિસુગંધી, આ અઠાવીશ પદાર્થોનો ગણ છે. તે સર્વે સમ ભાગે લેઇ ઝીણું ચૂર્ણ કરવું. આ ચૂર્ણ એક તોલો ગરમ પાણીમા ખાવું, અથવા તો એરંડ તેલમા કાલવીને ચાટવું. એથી સર્વ અર્શો, શ્વાસ, શોષ, ભગંદર, હૃદય શૂળ, પડખાનું શૂળ, વાતરોગ, ગુલ્મ, ઉદરરોગો, હેડકી, ઉધરસ, પ્રમેહ, પાંડુ રોગ, કમળો, આમવાત, ઉદાવર્ત્ત, અતવૃદ્ધિ, ગુદરોગો, કૃમિઓ, અને બીજા પણ ગ્રહણીના રોગો જે વૈદ્યોએ કહેલા છે તે સર્વે મટી જાય છે. તે સર્વેનો નાશ એકદમ આ વિજય નામનું ચૂર્ણ કરી નાંખે છે. મહાજ્વર કે ભૂત વળગાડથી ચિત્ત હરાયું હોય તેને, તથા પ્રજાવગરની નારીને આ ઔષધ હિતકારી છે.

લઘુ સૂરણમોદક —મરી, સુઠ, ચિત્રક, અને સુરણ, એ એક, બે, ચાર, અને આઠ ભાગે ક્રમસર લેઈ, તેમા તે સર્વ જેટલો ગોળ નાખી મોદક બનાવી ખાવા તે અગ્નિને પ્રદીપ્ત કરે છે, ઉદર રોગો મટાડે છે, શુળ તથા ગુલ્મના રોગો તથા શ્લીપદ અને અર્શોનો તુરત નાશ કરી નાંખે છે.

બૃહત્સૂરણમોદક — સુરણ ૧૬ ભાગ, ચિત્રક ૮ ભાગ, સુઠ ૪ ભાગ, મરી ૨ ભાગ, તથા ચાર ચાર ભાગ ત્રિફળા, પીપર, પીપરીમૂળ, તાલીસપત્ર, ભીલામો, અને વાવડીંગ, ત્રણ ભાગ કાળી મૂસળી, ૧૬ ભાગ વરધારો, એક એક ભાગ તજ, અને એળચી, એ સર્વ એકત્ર કરી ચુર્ણ કરવું. પછી બમણા ગોળમાં મોદક બનાવી ઇચ્છાનુસાર ખાવા. ભારે અને વીર્યવર્ધક ભોજન ખાનારને આ મોદક ખાવાના છે, બીજાને નુકસાન કરે છે. પૂર્વે આ મોદકે અગસ્ત્ય મુનિને તથા વાયુના પુત્ર ભીમસેનને ભસ્મક રોગ કર્યો હતો, તેથી તેઓ બહુ ખાનારા થયા હતા. આ મોદકથી માત્ર અગ્નિ, વર્ણ અને બળ વધે છે, એટલુંજ નહી, પણ શસ્રો, ક્ષારો, અને અગ્નિ વિના અર્શોને તે બાળી નાખેછે. સોજા, શ્લીપદ, તથા કફ અને વાયુથી થયેલા મરડાને તે મટાડે છે. વળિયા, પળિયા, તથા વૃદ્ધાવસ્થાને તે હણેછે, બુદ્ધિ વધારેછે, અને હેડકી, ક્ષય, ઉધરસ, શ્વાસ, પ્રમેહ, તથા મહા ઉગ્રબરલના રોગનો તે નાશ કરી નાંખે છે. આ મોદક પુરૂષોને માટે રસાયન રૂપછે.

શ્રી બાહુશાલગુડઃ—નસોતર, તેજબળ, નેપાળો, ગોખરૂ, ચિત્રક, કચુરો, ઇંદ્રવારુણી. મોથ, સૂઠ, નાગરમોથ, વાવડીંગ, હરડે, એ દરેક ચાર ચાર તોલા, ભીલામાં ૩૨ તોલા, વર્ધારો ૩૨ તોલા, સૂરણ ૬૪ તોલા; આ સર્વનો ૨૦૪૮ તોલા પાણીમા ક્વાથ કરવો. ચોથો ભાગ બાકી રહે એટલે ગાળી લેઇને તેમા સર્વ દ્રવ્યોથી ત્રણ ગણો ગોળ નાખીને પકાવવો કડછીને ચોટે તેવુ થાય એટલે ઉતારીને તેમાં નસોતર, તેજબળ, સૂરણ, ચિત્રક, દરેક આઠ આઠ તોલા, તથા એલચી, તજ, મરી, અને નાગકેશર, દરેક ચોવીસ ચોવીસ તોલા નાંખવાં. આને રાખી મૂકી જીર્ણ થયે ક્ષીર સાથે ખાવો. તે સર્વ અર્શો તથા સર્વ ઉદરરોગોને હણે છે. ગુલ્મ પ્રમેહ, પાંડુ, અને હલીમકને પણ મટાડે છે. અગ્નિને વધારે છે, ક્ષયને મટાડે છે પુષ્કળ વાયુ, સળેખમ, અને પીનસમાં તે હિતકારી છે. આથી પુરુષ સો વર્ષ સૂધી રોગ રહિત જીવે છે આયુષ્ય વધે છે અને વળિયાં પળિયાં મટે છે. આ બાહુશાલ નામનો ગુડ પરમ રસાયન છે. હજારોવાર તે

અર્શોને હણી નાંખતો જણાયો છે. કડછીને ચોંટે અને ગોળના તાર ચાલે, અને પાણીમાં નાંખતાં ડુબે નહિ, ફેંકવાથી ફેલાઈ ન જાય તેમ પડે, અને પડવાથી વેરાઈ જાય નહિ, એ ગોળનો ઉત્તમ પાક જાણવો. છ તોલા, ચાર તોલા, અને બે તોલા, એમ ઉત્તમ, મધ્યમ, અને કનિષ્ટ માત્રાઓ ગોળ તથા ખાંડની ગણાય છે, એમ મુનિઓએ કહેલું છે.

તિલાદિ મોદકઃ—તલ, ભીલામો, હરડે, અને ગોળ, સમ ભાગે ખાવાથી અર્શ, શ્વાસ, ઉધરસ, બરલ, પાડુ, અને જ્વરને હણે છે.

સગુડાભયાઃ— ગોળ સાથે હરડે ખાવાથી અર્શોનો એકદમ નાશ થાય છે.

પિત્ત અને કફનું શમન કરે છે, તથા ચળ અને ઉદરરોગોને મટાડે છે.

શંકર લોહઃ—શંકર–રુદ્ર–દંડપાણી મહેશ્વરને પ્રણામ કરીને જીવિત આરોગ્યને ઇચ્છનારા નારદે ઇશ્વરને પ્રશ્ન કર્યો, કે 'હે નાથ ! શસ્ત્ર, ક્ષાર, અને અગ્નિ વિના સરલ ઉપાયથી અર્શોની ચિકિત્સા મનુષ્યો કરે તે વિષે કઇ કૃપા કરીને કહો.' નારદનું વચન સાંભળીને મનુષ્યોના હિતની ઇચ્છાવાળા શંકરે અર્શોના નાશનું ઉત્તમ ઔષધ નીચે પ્રમાણે કહ્યું.

વટ અને ગજવેલનું લોહું લેઈ પતરાં કરાવી કચરો કાઢી શુદ્ધ કરવાં, પછી તેને મણશીળ, અને સોનામુખી, રતવેલિયાના મૂળના કલ્કો તથા પારાનો લેપ કરવો. પછી કોયલાના અંગારા ઉપર મૂકી ધમણથી ધમવું, અને તેમાંથી જે જ્વાળા નીકળે તેને ત્રિફળાના રસથી રોકવી. લોહું બળી જાય એટલે સાણસીથી તેને લેઇને ત્રિફળાના રસમાં ઠારવું વળી જેટલો ભાગ ગળેલો ન હોય તેને પાછો એજ રીતે ગરમ કરીને ત્રિફળાના રસમા ઠારવો વળી બાકી રહેલ ભાગનું પણ એમજ કરવું. એમ કરતાં છેવટ જે ભાગ બીલકુલ ન મરે એવો રહે તેને બીજા ધાતુઓની પેઠે મારીને ત્રિફળાના રસમાં નાંખવો પછી ત્રિફળાના રસને તડકે સુકવી નાખીને લોઢાને લોઢાના વાસણમા શખી વાટીને ઝીણું ચુર્ણ કરવું. પછી એ ચુર્ણમાં ત્રિફળાનો રસ નાખી ગારો કરી તે પીંડાને લોઢાના ઠામમાં બંધ કરી કપડમટ્ટી કરી અડાયાંના ગજપુટમા પકાવવું. પછી અનુક્રમે ત્રિફળા, આદું, ભાંગરો, કાળો ભાંગરો, માનકંદ, ભીલામો, ચિત્રક, સૂરણ, અને એરડાના પાન તથા થોરનાં પુટો દેઇ દેઇને ગજપુટમા પકાવવું. એ દરેક પુટ વખતે ચોસઠ તોલા લોહ ચુર્ણમાં અડસઠ તોલા ત્રિફળાનો રસ નાંખતાં જવો. (દરેક પુટ દેઇને પચીસ પચીસ ગજપુટો દેવા, એટલે એ રીતે ૨૫૦ દિવસે લોહ સિદ્ધ થઈ, પાણીમાં તરે એવુ થાય છે). ત્રિફળાનો રસ પ્રથમથીજ ઉકાળીને આઠમે ભાગે રહેલો તૈયાર રાખવો જોઇએ. પછી લોઢા કે ત્રાંબાના ઠામમાં બત્રીસ તોલા ઘી નાંખી તેમાં એ લોહને પકાવવું અને કડછીથી હલાવવું. તેનો કોમળ, મધ્ય, કે ખરસટ, જે જાતનો પાક કરવો હોય તેવો કાળજીથી વૈદે કરવો.

આ લોહ પ્રયોગના આરંભમાં ઉત્સવ તથા મંગલ કરવાં. પહેલે દિવસે આ લોહ મધ તથા ઘીમાં એક રતિ ખાવું. બીજે દિવસે બે રતિ ખાવું. એમ રોજ એકેક રતિ વધારતાં જતે અગ્નિના બળના પ્રમાણમાં

બાર રતિ સૂધી ખાવું. વર્દ્ધમાન પિપ્પલીની રીતે તેના ઉપર ગાયનું દૂધ અને ગાયનું દૂધ ન મળે તો બકરીનું દૂધ પીવું. સ્નિગ્ધ અને વૃષ્ય પદાર્થો ખાવા આ લોહથી જઠરાગ્નિ વધે છે ભસ્મક મટે છે, અને વાયુ, પિત્ત, કોઢ, વિષમજ્વર, ગોળો, નેત્રના રોગો, પાંડુરોગ, ઘેન, અરૂચિ, શુળ, પરિણામશુળ, પ્રમેહ, અપબાહુક, સોજા, અને રક્તસ્રાવ મટી જાય છે. વિશેષે કરીને અર્શોને તો હણેજ છે એથી બળ અને પુષ્ટિ વધે છે, કાંતિ વધે છે, સ્વર સુધરે છે, શરીર હલકુ થાય છે, આરોગ્ય તથા પોષણ મળે છે, આયુષ્ય વધે છે, લક્ષ્મી વધે છે. તેજ અને રુપ વધે છે પુત્ર થાય છે, અને વળિયાં તથા પળિયા મટી જાય છે. આ શકર લોહનું નામ દુર્નામારિ પણ છે, અને તેથી હજારોવાર અર્શોનો નાશ થયેલો દેખાયો છે જેમ અગ્નિથી ખડ બળી જાય છે, તેમ આનાથી અર્શો બળી જાય છે. રોગી સુકુમાર અને નાજુક હોવાથી મદ્ય પીનારો હોય તો તેને જૂના મધ સાથેના ભોજનમા આ લોહ આપવું આ લોહ ખાનારે લાવાં, તેતર, બટાઉડા, મોર, સસલાં, ચકલા, વનચકલી, વૈયા, હારીલ, શકરા, મોટા લાવાં, જગલીકૂકડા, કબૂતર, અને મૃગો વગેરે જાગલ પશુપક્ષીઓનુ માસ ખાવું, એ હિતકારી છે. માછલા અનુકુળ હોય તો મગુર અને રોહિત નામના મોટા મત્સ્યો તથા શહેલ મત્સ્ય વિશેષ હિતકારી છે. રીંગણાં, પરવળ, ભોરીંગણીના ડોડવાં, મીઠીતૂબડી, શતાવરીના પાન, નેતરનો અગ્ર ભાગ, અકલકરો, તાદળજો, બથવો, કોથમીર, ચિત્રક, કુંવાડિયો, નાળિયેર, ખજૂર, દાડમ, હરફારેવડી, શીંગોડાં, પાકી કેરી, દ્રાક્ષ, તાડફળ, એ સર્વ આ લોહ ખાનારને હિતકારી છે ફણસ, ચણીબોર, બોર, લીંબુ, બીજોરાં, આંબલી, કરમદાં, જળપ્રાય દેશનાં પ્રાણીઓનાં માંસો, કલકલિયાનુ માસ, શેરડી, હંસનું માંસ, સારસ તથા બપૈયાના માંસ, નીલકઠનુ, કુંજનુ, બગલીનુ માસ, માનકદ, સેલાં, નિર્મળી, તડબૂજ, પદકોળુ, કંટોલાં, સોપારી, કડવા પરવળ, શરપખો, કુદરૂ, કાકડી, તથા આદિમાં क વર્ણ હોય એવા સર્વ પદાર્થો, અને સર્વ દાળો, એ સર્વનો ત્યાગ કરવો.

જગત્ ઉપર ઉપકાર કરવા માટે તથા કુબેર ઉપરની કૃપાથી મહાદેવે સર્વ અર્શોનો નાશ કરનારૂં આ દુર્નામારિ નામનુ લોહ કહેલુ છે મેરૂ ચલિત થાય, પૃથ્વી વાયુથી ઊધી વળી જાય, ચદ્ર તથા તારાઓ આકાશમાંથી નીચે પડી જાય, તો પણ આ કથન ખોટુ નથીજ. જેઓ બ્રહ્મઘાતી, ઉપકાર ઉપર અપકાર કરનાર, ક્રૂર, અને ખોટું બોલનારા હોય તેને ધાર્મિક વૈદ્યે આ ઔષધ આપવુ નહિ આ લોહથી કઇ હરકત થાય તો અગથિયાના રસમા વાટેલા વાવડીંગો બહુવાર સૂધી તડકે સૂકવીને તેનુ ચૂર્ણ અગથિયાના રસમા ચાટવુ. અગ્નિ જેમ ઘીને પીગાળે છે તેમ આ પ્રયોગ લોહ વિકારને મટાડી દે છે. લોહ પેટમા પચે છે ત્યારે સમયસર દસ્ત ઉતરે છે, પેટ હલકુ થાય છે, ઓડકાર શુદ્ધ આવે છે, ગ્લાનિ મટે છે, અને આનદ થાય છે. વાવડીંગનું ચૂર્ણ અગથિયાના રસમાં ચાટવાથી લોહના અજીર્ણથી થતું શૂળ તુરત મટે છે. આ લોહથી અતિસાર થાય તો દૂધ પીવાથી તે મટશે આ લોહ બાર રતિથી વધારે ખવાય તો તેથી ભય આવી પડે છે.

લોહી સ્રવતા અર્શોની ચિકિત્સા.

रक्तार्शसामुपेक्षेत रक्तमादौ स्रवद्भिषक्। दुष्टास्ते निःसृते न स्युः शूलानाहासृगामयाः चन्दन किराततिक्तक धन्यथवासा सनागराः क्वथिताः । रक्तार्शसां प्रशमना दार्वीत्वगुशीरनिम्बाश्च ॥ चन्दनमत्र रक्तम् । नागरमत्र मुस्तकम् ॥ इति चन्दनादिक्काथ. ॥

नवनीततिलाभ्यासात् केशरनवनीतशर्कराभ्यासात् दधिसरमथिताभ्यासाद्गुदजाः शाम्यन्ति रक्तवहाः ॥ दध्नस्तूपरि यो भागो घनस्नेहयुतः सरः ।

मथितं सररहित निर्जल वस्त्रपूत दधि ॥

सपद्मकेसरक्षौद्रं नवनीतं नवं लिहन् । शिताकेशरसंयुक्तं रक्तार्शसि सुखी भवेत् ॥ पयसा सृतेन यूषैः सती नमुद्गाढकी मसूराणाम् । ओदनमद्यादम्लैः शालिश्यामाककोद्रवजम् ॥ शशहरिणलावमांसैः कपिञ्जलैरेणमांसैश्च ॥ अम्लैरीषत्सुगन्धैश्च ॥

समङ्गोत्पलमोचाकतिरीटोत्पलचन्दनैः । सिद्ध छागपियो दद्यात् गुदजे शोणितात्मके ॥ समङ्गा लज्जालु । मोचाको मोचरस । तिरीटो लोध्र. चन्दनं रक्तम् । इति समङ्गादिदुग्धम् ॥

भावितं रजनीचूर्ण स्नुहीक्षीरैः पुनः पुनः । बन्धनात्सुदृढं सूत्रं छिनत्त्यर्शो भगन्दरम् ॥ इति क्षारसूत्रम् ॥

લોહી સ્રવતા અર્શોમાં પ્રથમ તો વૈદ્યે ઉપેક્ષા કરવી, કેમકે ખરાબ લોહી સ્રવી ન જાય તો શૂળ, પેડુનો વાયુ, અને રક્ત દોષ થાય છે.

ચંદનાદિ ક્વાથ—ચંદન (રાતું), કરિયાતું, ધમાસો, મોથ, દારૂહળદર, સુંઠ, ત્રાજ, વાળો, અને લીમડાનો ક્વાથ કરીને પીવાથી રક્તાર્શનું શમન થાય છે.

માખણ અને તલ ખાવાની ટેવથી નાગકેશર, માખણ, અને સાકર ખાવાથી અને દહિનુ ઘોળવુ પીવાથી રક્તાર્શ શાંત થઈ જાય છે. દહિની તર ચીકણી હોય તે સારક છે.

કમળના કેશરા, મધ, સાકર, અને નાગકેશર સાથે તાજુ માખણ ખાવાની ટેવ રાખવાથી રક્તાર્શ મટી જાય છે. વટાણા, મગ, મસૂર, અને તુવેરના કંઈક ખાટા તથા સુગંધી કરેલા યૂષો સાથે; ઉકાળેલા દૂધની સાથે અને સસલાં, હરણ, લાવા, તેતર, તથા હરણના માંસો સાથે, ચોખા, શામો, કે કોદરા ભોજન કરવાથી રક્તાર્શ મટી જાય છે.

સમંગાદિદુગ્ધ:—રીસામણી એ ભાગ કમળ, મોચરસ, લોદર, રતાંજળી, એમના કલ્કોથી પકાવેલ બકરીનુ દૂધ રક્તાર્શવાળાને પાવું.

ક્ષારસૂત્ર:—હળદરનુ ચૂર્ણ અને થોરના છીરની વારંવાર ભાવના દીધેલ દોરાથી બાંધવાથી અર્શ તથા ભગંદર કપાઈ જાય છે.

બીજા સ્થાનોના અર્શોની ચિકિત્સા

नासानाभिसमुत्थेषु तथा मेढ्रादिजेष्वपि जिष्वप्यर्शःसु कुर्वीत तत्र तत्र यथोचितम् ॥

બીજા સ્થાનોના અર્શોની ચિકિત્સા:—નાક, નાભિ, તેમજ લિંગ આદિમાં થયેલા

એ ત્રણે જાતના અર્શોમા તે તે પ્રકારની યથોચિત ક્રિયાઓ કરવી.

ચર્મકીલની ચિકિત્સા.

चर्मकीलन्तु संछिद्य दहेत् क्षारेण चाग्निना॥

ચર્મકીલની ચિકિત્સા—ચર્મકીલને કાપીને અગ્નિ અથવા ક્ષારથી બાળવું.

અર્શોમાં પરહેજી.

वेगावरोधस्त्रीस्पर्शयानान्युत्कटकाशनम्॥ यथास्वं दोषलं चान्नमर्शसः परिवर्जयेत्॥ इत्यर्शोऽधिकारः॥

અર્શોમા પરહેજી—વેગોને અટકાવવા, સ્ત્રીનો સ્પર્શ, વાહન બેસવું, અને ઉભડક બેસવું, તથા તે તે દોષને કરનારાં અન્ન, એ સર્વ અર્શોવાળાએ ત્યજી દેવા.

જઠરાગ્નિના વિકારોનો અધિકાર.

પાસેનાં નિદાનો સહિત વિકારો.

कफपित्तानिलाधिक्यात्तत्साम्याज्जाठरोऽनलः। मन्दस्तीक्ष्णोऽथ विषमः समश्चेति चतुर्विधः॥

કફની અધિકતાથી જઠરાગ્નિ મંદ થાય છે, પિત્તની અધિકતાથી તીક્ષ્ણ થાય છે, વાયુની અધિકતાથી વિષમ થાય છે, અને ત્રણે દોષો સમ રહેવાથી સમસ્થિતિવાળા થાય છે. એ રીતે જઠરાગ્નિ ચાર પ્રકારનો થાય છે.

મંદાગ્નિનું લક્ષણ.

स्वल्पापि नैव मन्दाग्नेर्मात्रा भुक्ता विपच्यते। छर्दिः सादः प्रसेकः स्याच्छिरो जठरगौरवम्॥

જો અગ્નિ મંદ પડે છે તો બહુ થોડું ખાધેલું પણ પચતું નથી, અને ઉલટી તથા ગ્લાનિ થાય છે, લાળ ઝરે છે અને માથું તથા પેટ ભારે થાય છે.

તીક્ષ્ણ અગ્નિનું લક્ષણ.

मात्रातिमात्राप्यशिता तीक्ष्णाग्नेः पच्यते सुखम्। अतएव हि केनापि मतस्तीक्ष्णाग्निरुत्तमः॥

યોગ્ય કે વધારે પડતું ખવાય તો પણ તે તીક્ષ્ણ અગ્નિથી તુરત પચી જાય છે, તેથી કેટલાક તીક્ષ્ણાગ્નિને ઉત્તમ માને છે.

વિષમ અગ્નિનું લક્ષણ

अशिता खलु मात्रापि विषमाग्नेस्तु देहिनः। कदाचित्पच्यते सम्यक्कदाचिन्न विपच्यते॥ तस्याध्मानमुदावर्त्तं शूलं जठरगौरवम्। प्रवाहणमतीसारस्तथा स्यादन्त्रकूजनम्॥

ખાધેલી યોગ્ય માત્રા પણ વિષમાગ્નિથી કોઇવાર પચી જાય છે. અને કોઇવાર પચતી નથી. એથી આફરો, ઉદાવર્ત્ત, શૂળ, પેટમાં ભાર, પ્રવાહિકા, અને અતિસાર થાય છે, અને આંતરડાંમા ખળભળાટ થાય છે.

સમ અગ્નિનું લક્ષણ.

समासमाग्नेरशितामात्रासम्यग्विपच्यते॥ सोऽग्निरुत्तम एतेषु न तीक्ष्णस्तूत्तमो मतः॥

स च मधुरस्निग्धादिभोज्यः समोऽग्निरुत्तमः। तर्हि कथं तीक्ष्णस्य विकारमध्ये गणना। उच्यते॥ समोऽग्निः क्षुधाविघातादाग्नेव तथा विकारं न क-

रोति । तीक्ष्णस्तु स्वल्पकालमपि क्षुधाविघाताद्राश्वेव पैत्तिकान् विकारान् कुरुते ॥

तीक्ष्णः पित्तसमुत्थानान्विषमो वातहेतुकान् । तथा करोति मन्दाग्निर्विकारान् कफसम्भवान् ॥

સમ અગ્નિવાળાને સમ માત્રાથી ખાધેલું પચી જાય છે આ સર્વ અગ્નિઓમાં સમ ઉત્તમ છે, પણ તીક્ષ્ણ ઉત્તમ નથી. તીક્ષ્ણાગ્નિ પિત્તવિકારોને ઉત્પન્ન કરે છે, વિષમાગ્નિ વાતવિકારોને પેદા કરે છે, અને મહાગ્નિ કફ વિકારોને ઉત્પન્ન કરે છે, આમ હોવાથીજ તીક્ષ્ણ અગ્નિ બરાબર પચાવનારો છતાં પણ તેને વિકાર કરનારો માનેલો છે.

ભસ્મક રોગનું નિદાન તથા સંપ્રાપ્તિનું લક્ષણ.

बह्वर्तिरूक्षान्नभुजां नराणां क्षीणे कफे मारुतपित्तवृद्धौ । अतिप्रवृद्धः पवनान्वितोऽग्निर्भुक्तं क्षणाद्भस्म करोति यस्मात् ॥ तस्मादसौ भस्मकसंज्ञकोऽभूदुपेक्षितोऽयं पचते च धातून् ॥

અત્યત તીક્ષ્ણ અને રૂક્ષ અન્ન ખાનારા માણુસનો કફ ક્ષીણ થઈ વાયુ તથા પિત્ત વધે છે, તેથી અત્યંત વધેલ વાયુ અગ્નિ સહિત ખાધેલાને ક્ષણ માત્રમાં ભસ્મ કરી નાંખે છે, તેથી તે રોગને ભસ્મક કહે છે. તેની ઉપેક્ષા કરવાથી ધાતુઓ પણ પચવા માંડે છે.

ભસ્મકના ઉપદ્રવો તથા અરિષ્ટ.

तृट्स्वेददाहमूर्छादीन् कुर्वैषोऽत्यग्निसम्भवान् । पक्त्वान्नमाशु धात्वादीन् स क्षिप्रं नाशयेत् ध्रुवम् ॥

અગ્નિ વધવાથી તૃષા, સ્વેદ, દાહ, મૂર્છા, વગેરે ભસ્મકથી થાય છે, અને અન્ન પાકી ગયા પછી તુરતજ ધાતુઓને પકાવે છે.

અજીર્ણનું દૂરનું નિદાન.

अत्यम्बुपानाद्विषमाशनाच्च सन्धारणात् स्वप्नविपर्ययाच्च । कालेऽपि सात्म्यं लघु चापि भुक्तमन्नं न पाकं भजते नरस्य ॥

सन्धारणात् क्षुधामूत्रपुरीषादीनाम् । स्वप्नविपर्ययात् दिवाशयनाद्रात्रौ जागरणात् । लघु चापीत्यपि शब्दात् स्निग्धोष्णादिगुणयुक्तमपि ॥

(अन्यच्च) तृष्णाभयक्रोधपरिप्लुतेन लुब्धेन रुग्दैन्यनिपीडितेन । प्रद्वेषयुक्तेन च सेव्यमानमन्नं न सम्यक् परिपाकमेति ॥

परिप्लुतेन व्याप्तेन ॥

अनात्मवन्तः पशुवद् भुञ्जन्ते येऽप्रमाणतः । रोगानीकस्य ते मूलमजीर्णं प्राप्नुवन्ति हि ॥

अनात्मवन्त. । अबुद्धिमन्तः । रोगानीकस्य विषूच्यादेर्मूलं कारणम् ॥

(अन्यच्च प्रायेणाहारवैषम्यादजीर्णं) जायते नृणाम् । तन्मूलो रोगसङ्घातस्तद्विनाशाद्विनश्यति ॥ अजीर्णविनाशाद्विनश्यति । रोगसङ्घातः रोगसमूहः ॥

અત્યંત પાણી પીવાથી, વિષમ ભોજનથી, ક્ષુધા તથા મળમૂત્રના વેગો રોકવાથી, દિવસે સુવાથી તથા રાત્રે જાગવાથી, માણસને સમયસર તથા યોગ્ય માત્રાથી ખાધેલુ પ્રકૃતિને અનુકુળ, હલકું સ્નિગ્ધ તથા ઉનુ અન્ન પણ પચતું નથી, બીજે કહેલુ છે કે–તરશ, ભય, ક્રોધ, લોભ, રોગથી ગ્રસેલી

હીનતા, અને દ્વેષવાળાને ખાધેલુ અન્ન બરોબર પચતું નથી. જડ પશુની પઠે જે માણસ પ્રમાણ ઉપરાંત ખાય છે, તે પુષ્કળ રોગોને કરનારા અજીર્ણનો ભોગી થાય છે. બીજે કહેલું છે કે– વિશેષે કરીને વિષમ આહારથી માણસને અજીર્ણ થાય છે. તે ઘણા રોગોનુ મૂળ છે, તેથી તે મટેથી સર્વ રોગ મટે છે.

અજીર્ણના સામાન્ય લક્ષણો.

ग्लानिर्गौरवविष्टम्भभ्रममारुतमूढता । विबन्धो वा प्रवृत्तिर्वा सामान्याजीर्णलक्षणम् ॥ मारुतमूढता वायोरवरोधः । विबन्धः मलाप्रवृत्ति. ॥

ગ્લાનિ, ગૌરવતા, મળસ્તંભ, ભ્રમ વાયુ, મૂઢતા, મળબંધ અથવા તેની બહુ પ્રવૃત્તિ, એ અજીર્ણનાં સામાન્ય લક્ષણો છે

અજીર્ણના ભેદો.

आमं विदग्धं विष्टब्धं कफपित्तानिलैस्त्रिभिः ॥ त्रिभिरित्येकशो न तु मिलितै ॥

अजीर्णं केचिदीक्षन्ते चतुर्थं रसशेषतः ॥

केचित्तु सुश्रुतादयः । रसशेषत : । भुक्तस्य पक्वस्य सारभूतो यो द्रवः स रस. । सोऽपि पच्यते । भुक्तस्य सारभूतो यो द्रवः स चापक्वो रसशेष तस्मात् । चतुर्थमजीर्णम् । नन्वामाजीर्णाद्रसशेषस्य को भेद । उच्यते । आमं मधुरतागतमपक्वनन्नमेव । रसशेषस्तु भुक्तस्य पक्वस्य सारभूतो यो द्रव स चापक्व इति भेद. ॥

अजीर्णं पञ्चमं केचिन्निर्दोषं दिनपाकि च ॥

निर्दोष गौरवभ्रमशूलादिदोषाऽजनकम् दिनपाकि च । अहोरात्रेण पाक यातीति स्वभावः । यत्तु मात्राकालसात्म्यादिदोषाद्दिनान्तरे पाक याति तद्दिनपाकि । अत एव । याममध्ये न भोक्तव्यमित्यादि वचनम् ॥

वदन्ति षष्ठञ्चाजीर्णं प्राकृतं प्रतिवासरम् ॥

प्राकृतमविकारकम् । प्रतिवासर प्रतिदिनभावि । भुक्त यावन्न जीर्णं तावदजीर्णमित्युच्यते । एतदभिधानस्य प्रयोजनं पाकार्थं वामपार्श्वशयनप्रियशब्दादिसेवनादिकम् । न चात्राहारस्य निषेध । 'प्रातराशे त्वजीर्णे तु सायमाशो न दुष्यति' इति वचनेन सायमाशस्यावश्य कर्त्तव्यत्वात् ॥

આમાજીર્ણ કફથી, વિદગ્ધાજીર્ણ પિત્તથી અને વિષ્ટબ્ધાજીર્ણ વાયુથી થાય છે. સુશ્રુત વગેરે કહે છે કે–જમ્યા પછી પેટમા પાકી ગયેલો અન્નાદિકના સારરુપ દ્રવરૂપ રસ પણ પાકતાં પાકતાં તેમાથી કાચો ભાગ રહી જાય છે તે 'રસશેષ' કહેવાય છે, અને તેનાથી રસ શેષાજીર્ણ નામનુ ચોથા પ્રકારનુ અજીર્ણ થાય છે અહીં કોઇને શકા થાય કે આમાજીર્ણથી રસશેષાજીર્ણ શી રીતે જૂદું ગણાય? તેનુ સમાધાન કે—મધુરપણુ પામેલા અપકવ અન્નથી આમાજીર્ણ થાય છે, અને અન્નના સારરૂપ દ્રવરસ અપકવ રહી ગયાથી થયેલુ અજીર્ણ રસશેષાજીર્ણ કહેવાય છે. માટે એ બન્ને અજીર્ણ પરસ્પર જુદાંજ છે.

કેટલાક એમ કહે છે કે—શરીરમાં ભારેપણું, ભ્રમ અને શૂળ વગેરે દોષોને નહિ ઉત્પન્ન કરનારા અન્નની માત્રા, કાળ તથા સાત્મ્યાદિ દોષથી તેજ દિવસે પેટમા નહી પાકતાં બીજે દિવસે પાકે છે, તે પાંચમા પ્રકારનુ અજીર્ણ છે. કે જે અજીર્ણને માટે

જમ્યા પછી એક પોહોરની અંદર ફરીથી જમવું નહી ' એ વચન કહેલું છે.

વળી કેટલાક કહે છે કે—વિકારોને ઉત્પન્ન ન કરે એવું જમેલું અન્ન જ્યા સુધી પચ્યુ નથી, ત્યાં સુધી તેને છઠ્ઠા પ્રકારનું અજીર્ણ ગણવું જોઈએ એને અજીર્ણ ગણવાનુ કારણ એજ કે—તેને પકાવવા સારૂં ડાબે પડખે સૂવુ, પ્રિય ભાષણનુ શ્રવણ કરવું, વગેરે કરવું, આ અજીર્ણમા આવાનો નિષેધ નથી, કેમકે સવારે ખાધેલું પચ્યુ ન હોય તો પણ સાજે જમવાનુ કહેલુ છે.

આમાજીર્ણનું લક્ષણ.

तत्रामे गुरुतोत्क्लेशः शोथो गण्डाक्षिकूटगः ॥ उद्गारश्च यथाभुक्तमविदग्धं प्रवर्त्तते ॥

गुरुता उदराङ्ग्यो । उत्क्लेश उपस्थितवमनमिव । आक्षिकूटोऽक्षिपुटक ॥

ભારેપણું, ઉલટી, લમણા અને આંખો ઉપર સોજો, અને ખાધેલું નહિ પચ્યા જેવા ઓડકાર આમાજીર્ણમાં થાય છે.

વિદગ્ધાજીર્ણનું લક્ષણ.

विदग्धे भ्रमतृण्मूर्छाः पित्ताच्च विविधा रुजः । उद्गारश्च सधूमाम्लः स्वेदो दाहश्च जायते ॥ विविधा रुज ऊषचोषदाहादय ।

ભ્રમ, તૃષા, મૂર્છા, પિત્તના વિવિધ રોગો, ધૂમાડાવાળા ખાટા ઓડકારો, સ્વેદ, અને દાહ વિદગ્ધાજીર્ણમાં થાય છે.

વિષ્ટબ્ધાજીર્ણનું લક્ષણ

विष्टब्धे शूलमाध्मानं विविधा वातवेदनाः । मलवाताऽप्रवृत्तिश्च स्तम्भो मोहोऽङ्गपीडनम् ॥ वातवेदना. तोदभेदादयः । स्तम्भोऽज्ञानाम । मोहो मूर्छा ॥

શૂળ, આફરો, વાયુના અનેક રોગો, મળ અને વાયુનું રોકાવું, સ્તંભ, મોહ, અને કળતર, એ વિષ્ટબ્ધાજીર્ણનાં લક્ષણ છે.

રસશેષાજીર્ણનાં લક્ષણો.

रसशेषेऽन्नविद्वेषो हृदयाशुद्धिगौरवैः ।

રસશેષાજીર્ણમાં અન્ન ઉપર અરૂચિ અને ભારેપણાથી હૃદયની છાતી સાફ રહેતી નથી.

અજીર્ણના ઉપદ્રવો.

मूर्छा प्रलापो वमथुः प्रसेकः सदनं भ्रमः । उपद्रवा भवन्त्येते मरणञ्चाप्यजीर्णतः ॥

મૂર્છા, બકવાદ, વમન, લાળનોસ્રાવ, ગ્લાનિ, અને ભ્રમ, એ ઉપદ્રવો, તેમજ મરણ પણ અજીર્ણથી થાય છે.

અત્યંત અજીર્ણોથી બીજા રોગો થાય છે.

आमं विदग्धं विष्टब्धमित्यजीर्णं यदीरितम् । विसूच्यलसकौ तस्माद्भवतश्चापि विलम्बिका ॥ नात्र यथासङ्ख्यम् । तदा विष्टब्धादिलम्बिका भवितुमर्हति । सा च कफवाताभ्यां भवतीत्येकैकतोऽजीर्णाद्विसूच्यादित्रयोत्पत्तिः ॥

આમ, વિદગ્ધ, વિષ્ટબ્ધ, એ અજીર્ણોથી વિસૂચિ (કોલેરા), અલસક, અને વિલબિકા એ રોગો થાય છે. આમાં દરેક અજીર્ણથી ઉપર કહેલા ત્રણે રોગો થાય છે, એમ સમજવું.

વિસુચી (કોલેરા ની નીરૂક્તિ.

सूचीभिरिव गात्राणि तुदन् सन्तिष्ठतेऽनिलः । यत्राजीर्णेन सा वैद्यैर्विसूचीति निगद्यते ॥

જે રોગોમાં અજીર્ણથી ગાત્રોમાં સોઇઓ ભોંકાતી હોય તેવી પીડા વાયુ કરે છે, તે રોગને વૈદ્યો વિસૂચી કહે છે. (સૂચી એટલે સોય.)

વિસૂચીનું નિદાન.

न तां परिमिताहारा लभन्ते विदितागमाः । मूढास्तामजितात्मानो लभन्तेऽन्नलोलुपाः ॥ विदितागमाः । ज्ञातायुर्वेदा. ॥

મિતાહારી અને આયુર્વેદને જાણનારાઓને વિસૂચી રોગ થતો નથી, પરતુ મૂઢ મનવાળા, ઇંદ્રિયોને વશ નહી રાખનારા અને ખાઉધર લોકોને તે થાય છે.

વિસૂચીનું લક્ષણ.

मूर्छातिसारौ वमथुः पिपासा शूलं भ्रमोद्वेष्टनजृम्भदाहाः । वैवर्ण्यकम्पौ हृदये रुजश्च भवन्ति तस्यां शिरसश्च भेदः ॥ उद्वेष्टन हस्तपादयोः ॥

મૂર્ચ્છા, અતિસાર, ઉલટી, તરશ શૂળ, ભ્રમ, કળતર બગાસા, દાહ, વિવર્ણતા, કંપ, હૃદયમા પીડા, અને માથામા દરદ, એ વિસૂચીનાં લક્ષણો છે.

વિસૂચીના ઉપદ્રવો.

निद्रानाशोऽरतिः कम्पो मूत्राघातो विसंज्ञता । अमी उपद्रवा घोरा विसूच्याः पञ्च दारुणाः ॥ अमी निद्रानाशादय उपद्रवा. । सर्वेषामेव रोगाणा घोरा भयङ्करा । विसूच्याः पञ्च दारुणा विसूच्या विसूच्यास्तु पञ्चापि यदि स्युस्तदा दारुणा प्राणभयङ्करा ॥

નિદ્રાનો નાશ, અણગમો, કપ, મૂત્રાઘાત, અને બેભાની, આ પાંચ ઘોર ઉપદ્રવો વિસૂચી રોગનાં છે.

અલસકનું લક્ષણ

कुक्षिरानह्यतेऽत्यर्थं प्रताम्यत्यथ कूजति । निरुद्धो मारुतश्चैव कुक्षावुपरिधावति ॥ वातवर्चोनिरोधश्च यस्यात्यर्थं भवेदपि । तस्यालसकमाचष्टे तृष्णोद्गारौ च यस्य तु ॥

आनह्यते आध्मायते । प्रताम्यति ताडयति । कूजति आर्त्तनाद करोति । कुक्षौ अजीर्णेन निरुद्धो मारुत । उपरि धावति हृदयकण्ठादिकं गच्छति इत्यर्थ ॥

काश्यपस्त्वाह । नाधो याति न चाप्यूर्ध्वमाहारो यो न पच्यते । कोष्ठे स्थितोऽलसीभूतस्ततोऽसावलसः स्मृतः ॥

અત્યત આફરો થઇ હાથ પગ પછડાય, ચીસો પાડે, પેટમાનો પવન રોકાઇને છાતી વગેરેમા ઉપર જતો હોય, મળ તથા વાયુ બહુજ રોકાઈ ગયાં હોય, તરશ અને ઓડકાર થયા કરે, તેને અલસક થયાનુ જાણવું. કાશ્યપે તો કહ્યુ છે કે—"આહાર ઉપર ન જાય, નીચે ન જાય, પણ કોઠામાં સ્થિર થઈને રહે, તે રોગ અલસક કહેવાય છે."

વિસૂચી તથા અલસકનું અરિષ્ટ.

यः श्यावदन्तौष्ठनखोऽल्पसंज्ञो वम्यर्दितोऽभ्यन्तरयातनेत्रः । क्षामस्वरः सर्वविमुक्तसन्धिर्यायान्नरोऽसौ पुनरागमाय ॥

सर्वे विमुक्ताः शिथिलीभूता सन्धयो यस्य स. ॥

દાત, હોઠ, અને નખ કાળા થઈ જાય, અત્યંત બેભાની આવે, ઉલટી થતી હોય, નેત્રો ઉંડાં જતાં રહે, સ્વર બેસી જાય, અને

સર્વ સાંધાઓ ઢીલા પડી જાય, તે માણસ અવશ્ય મરી જવાનોજ.

વિલંબિકાનું લક્ષણ.

दुष्टन्तु भुक्तं कफमारुताभ्यां प्रवर्त्तते नोर्ध्वमधश्च यत्र । विलम्बिकान्तां भृशदुश्चिकित्स्यामाचक्षते शास्त्रविदः पुराणाः ॥

भृशदुश्चिकित्स्यां प्रत्याख्येयामनुपचरणीयाम् ॥ इदमसाध्यञ्चेति जेजट ॥

ખરાબ ખાધેલું અન્ન કફ અને વાયુને લીધે ઉપર કે નીચે જઈ શકતું નથી, તેને પ્રાચીન શાસ્ત્રકારોએ વિલંબિકાનો રોગ કહ્યો છે તેની ચિકિત્સા કરવી અશક્ય છે જેજટ કહે છે કે–વૈદ્યે એ રોગની ચિકિત્સા કરવીજ નહી, અથવા કરવાને ના પાડવી.

જીર્ણ આહારનું લક્ષણ

उद्गारशुद्धिरुत्साहो वेगोत्सर्गो यथोचितः। लघुता क्षुत्पिपासा च जीर्णाहारस्य लक्षणम् ॥

શુદ્ધ ઓડકાર આવે, ઉત્સાહ વધે, વેગો યથોચિત રીતે છુટે, હલકાઇ આવે, અને ભૂખ તરશ લાગે, એ આહાર પચ્યાનાં લક્ષણો છે.

અજીર્ણની ચિકિત્સા.

हरीतकी तथा शुण्ठी भक्ष्यमाणा गुडेन च । सैन्धवेन युता वा स्यात् सातत्येनाग्निदीपनी ॥ गुडेन शुण्ठीमथवोपकुल्यां पथ्यां तृतीयामथ दाडिमं वा । आमेष्वजीर्णेषु गुदामयेषु वर्चोविबन्धेषु च नित्यमद्यात् ॥ व्योषंदन्ती त्रिवृच्चित्रं कृष्णामूलं विचूर्णितम् ॥ तच्चूर्णं गुडसम्मिश्रं भक्षयेत्प्रातरुत्थितः ॥ एतद्गुडाष्टकं नाम बलवर्णाग्निवर्द्धनम् । शोथोदावर्त्तशूलघ्नं प्लीहपाण्ड्वामयापहम् ॥ सर्वचूर्णसमो गुडो देयः गुडाष्टकम् ॥

दहनाजमोदसैन्धवनागरमरिचाणिचाम्लतक्रेण । सप्ताहादग्निकर पाण्डुशोनाशनं परमम् ॥ तत्रामे वमनङ्कार्यं विदग्धे लङ्घनं हितम् । विष्टब्धे स्वेदनं शस्तं रसशेषे शयीत च ॥ वचालवणतोयेन वान्तिरामे प्रशस्यते । कणासिन्धुवचाकल्क पीत्वा वा शिशिराम्भसा ॥

जलमत्र शरावमात्रम् । वचा कर्षार्धमिता । द्वयोश्चूर्णमुष्णेन जलेन पिबेत् । कणादिकल्कं वा पीत्वा वान्तिरामे प्रशस्यते इत्यनेनान्वयः ॥

धान्यनागरसिद्धं वा तोयं दद्याद्विचक्षणः। आमाजीर्णप्रशमनं शूलघ्नं बस्तिशोधनम् ॥ भवेद्यदा प्रातरजीर्णशङ्का तदाभयां नागर सैन्धवाभ्याम् । विचूर्णितां शीतजलेन भुक्त्वा भुञ्ज्यादशङ्कं मितमन्नकाले । विदह्यते यस्य तु भुक्तमात्रं दन्दह्यते हृच्च गलश्च यस्य । द्राक्षां सितामाक्षिकसम्प्रयुक्तां लीढ्वाभयां चापि सुखं लभेत ॥

હરડે તથા સૂંઠ ગોળ સાથે ખાવાથી, અથવા સૈંધવ સાથે ખાવાથી એકદમ આગ્નિ દીપન થાય છે. સૂંઠ, પીપર, હરડે, અથવા દાડમ, ગોળ સાથે ખાવાથી આમાજીર્ણ, ગુદરોગો અને મળબંધ મટી જાય છે.

ગુડાષ્ટક:—સૂંઠ, મરી, પીપર, નેપાળાનુ મૂળ, નસોતર, ચિત્રક, અને પીપરી મૂળનુ ચૂર્ણ, તે સર્વના જેટલો ગોળ મેળવીને પ્રાતઃકાળમાં ઉઠીને ખાવુ. આ ગુડાષ્ટક બળ,

વર્ણું અને અગ્નિને વધારનારૂં છે. સોજા, ઉદાવર્ત, શૂળ, ખરજ, પાંડુ રોગ, એમને હણનારૂં છે.

ચિત્રક, અજમોદ, સૈંધવ, સૂંઠ, અને મરીનું ચૂર્ણ ખાટી છાશ સાથે સાત દિવસ સૂધી ખાવાથી અગ્નિ વધે છે, તથા પાંડુ અને અર્શનો નાશ થાય છે. આમાજીર્ણમા વમન કરાવવું, વિદગ્ધાજીર્ણમાં લંઘન હિતકર છે. વિષ્ટબ્ધાજીર્ણમા સ્વેદન ઠીક છે, અને રસશેષાજીર્ણમા નિદ્રા સારી છે આમાજીર્ણમાં અરધો તોલો વજ અને સૈંધવ ૩૨ તોલા ઉના પાણીમા લેઈને ઉલટી કરવી સારી છે અથવા ટાઢા પાણીમાં પીપર, સૈંધવ, અને વજનો કલ્ક પીવો. આમાજીર્ણનુ શમન કરનાર અને બસ્તિ શોધન ધાણા અને સુંઠનો ક્વાથ ડાહ્યા માણસે પીવો. તે શૂળને પણ હણે છે. અને મૂત્રાશયને સાફ કરે છે. જો કદી સવારમા અજીર્ણ જેવું જણાય, તો હરડે, સૂંઠ, અને સૈંધવનુ ચૂર્ણ ટાઢા પાણીમા જમતી વેળા લેઈને જમવુ જમેલ અન્ન સારી રીત પચતું ન હોય, અને છાતી તથા ગળામા બળતરા થતી હોય, તો સાકર તથા મધ સાથે દ્રાક્ષ અને હરડે ચાટવાથી સુખ થાય છે.

અજીર્ણ ઉપર ચૂર્ણો તથા ક્ષારો.

त्रिकटुकमजमोदा सैन्धवं जीरके द्वेसमधरणधृतानामष्टमो हिङ्गुभागः ॥ प्रथमकवलभुक्तं सर्पिषा चूर्णमेतत् जनयति जठराग्निं वातरोगांश्च हन्ति ॥ इति हिङ्ग्वष्टकम्॥

द्वौ क्षारौ चित्रकं पाठा करञ्जं लवणानि च । सूक्ष्मैलापत्रकं भार्ङ्गी क्रिमिघ्नं हिङ्गुपौष्करम् ॥ सटी दार्वी त्रिवृन्मुस्त वचाचेन्द्रयवास्तथा । वृक्षाम्लं जीरकं धात्री श्रेयसी चोपकुञ्चिका ॥ अम्लवेतसमम्लीका यवानी देवदारु च । अभयातिविषा श्यामा हबुषारग्वधं समम् ॥ तिलमुष्ककशिग्रूणां कोकिलाक्षपलाशयोः ॥ क्षाराणि लोहकिट्टश्च तप्तं गोमूत्रसेचितम् ॥ सूक्ष्मचूर्णानि कृत्वा तु समभागानि कारयेत् । मातुलुङ्गरसेनैव भावयेद्दिवसत्रयम् ॥ दिनत्रयन्तु शुक्तेन तथार्द्रकरसेन च । अस्याग्निकारकं चूर्णं प्रदीप्ताग्निसमप्रभम् ॥ उपयुक्तविधानेन नाशयत्याचिराद्ददान् । अजीर्णमथ गुल्मश्च प्लीहानं गुदजानि च । उदराण्यन्त्रवृद्धिश्च अष्ठीला वातशोणितम् । प्रणुदत्युल्बणान्दोषान्नष्टाग्निं च प्रदीपयेत् ॥

द्वौ क्षारा स्वर्जिका यवक्षारश्च । लवणानि पञ्च । वृक्षाम्ल विषामिल इति लोके । श्रेयसी हरीतकी । अम्लवेतसमभावे चुक्र दातव्यम् । श्यामाप्रियङ्गु । मुष्कक. घण्टापाठरि इति लोके । कोकिलाक्षः कोइलषा इति लोके । इति बृहदग्निमुखं चूर्णम् ॥

स्नुह्यर्कचित्रकैरण्डवरुणं सपुनर्नवम् । तिलापामार्गकदलीपलाशं तिन्तिडी तथा ॥ गृहीत्वा ज्वालयेदेतत्प्रस्थं भस्माखिलं यथा । जलाढके विपक्तव्यं यावत्पादावशेषितम् ॥ सुप्रसन्नं विनिस्राव्य लवणप्रस्थसंयुतम् । पक्वं निर्भ्रमकठिनं सूक्ष्मचूर्णीकृत पुनः । जवानीजीरकव्योषस्थूलजीरकहिङ्गुभिः । शीतोदकेन तच्चूर्णं पिबेत्प्रातर्हि मात्रया ॥ तस्मिन् जीर्णेऽशमश्नीयाद्यूषैर्जाङ्गलजै रसैः ॥ ईषदम्लैः सलवणैः सुखो-

ण्णैर्वह्निदीपनैः ॥ एतेनाग्निर्विवर्द्धेत बलमारोग्यमेव च । तत्रानुपानं शस्तं हि तक्रं वा भोजने हितम् । मन्दाग्न्यर्शोविकारेषु वातश्लेष्मामयेषु च ॥ सर्वाङ्गशोथरोगेषु शूलगुल्मोदरेषु च ॥ अश्मर्यां शर्करायाश्च विण्मूत्रानिलरोगिषु ॥ इति वैश्वानरक्षारः ॥

सामुद्रलवणं कार्यमष्टकर्षमितं बुधैः । सौवर्चलं पञ्चकर्षं विडसैन्धवधान्यकम् ॥ पिप्पली पिप्पलीमूलं पत्रकं कृष्णजीरकम् । तालीशं केशरं चव्यमम्लवेतसकं तथा ॥ द्विकर्षमात्राण्येतानि प्रत्येकं कारयेत् बुधः । मरिचं जीरकं विश्वमेकैकं कर्षमात्रकम् ॥ दाडिमं स्याच्चतु:कर्षं त्वगेला चार्द्धकर्षिका । एतच्चूर्णीकृतं सर्वं लवणं भास्कराभिधम् ॥ भक्षयेच्छानमानन्तु तक्रमस्तुककाञ्जिकैः । वातश्लेष्मभवं गुल्म प्लीहानमुदरक्षयम् ॥ अर्शांसि ग्रहणीं कुष्ठं विबन्धश्च भगन्दरम् । शूलं शोथं श्वासकासामदोषांश्चापि हृद्रुजम् ॥ अश्मरीं शर्कराश्चापि पाण्डुरोगं कृमीनपि । मन्दाग्निं नाशयेदेतद्दीपनं पाचनं परम् ॥ हिताय सर्वलोकानां भास्करेण विनिर्मितम् । हन्यात्सर्वाण्यजीर्णानि भुक्तमात्रमसंशयम् ॥

अत्र दाडिमस्य बीजाना कर्षचतुष्टयमित देयम् । इति भास्करलवणम् ॥

सैन्धवसमूलमगधा चव्यानलनागरं पथ्या । क्रमवृद्धमग्निवृद्धैं वडवानलनाम चूर्णं स्यात् ॥ इति वडवानलचूर्णम् ॥

पथ्यानागरकृष्णाकरञ्जबिल्वाग्निभिः सितातुल्यैः। वडवानल इव जरयति बहुगुर्वतिभोजनं चूर्णम् ॥

इति द्वितीयवडवानलचूर्णम् ॥

एलात्वक् नागपुष्पाणां मात्रोत्तरविवर्द्धिता । मरिचं पिप्पली शुण्ठी चतुष्पञ्चोत्तरोत्तरा ॥ द्रव्याण्येतानि यावन्ति तावती सितशर्करा । चूर्णमेतत्प्रयोक्तव्यमग्निसन्दीपनं परम् ॥ इति समशर्करचूर्णम् ॥

હિંગ્વષ્ટક:—સૂંઠ, મરી, પીપર, અજમોદ, સૈંધવ, જીરૂં તથા આઠમી હિંગ, એઓને સમ ભાગે લેઇ ચૂર્ણ કરીને ઘીમા કાલવીને જમવાના પ્રથમ કોળિયામા ખાવાથી જઠરાગ્નિ પ્રદીપ્ત થાય છે, અને વાયુના રોગો હણાય છે.

બૃહદગ્નિમુખ ચૂર્ણ—જવખાર, સાજીખાર, ચિત્રક, કાળીપાડ, કરજ, પંચલવણો, ઝીણી, એલચી, તમાલપત્ર, ભારંગી, વાવડીંગ, હિંગ, પુષ્કરમૂળ, કચુરો, દારૂહળદર, નસોતર, મોથ, વજ, ઇંદ્રજવ, કોકમ, જીરૂં, આમળાં, હરડે, પીપર, અમ્લવેતસ, આબલી, અજમો, દેવદાર, હરડા, અતિવિષ, કાળું નસોતર, અને ગરમાળો, તથા તલ જવરિયો ખાખરો, સરગવો, ઓખરો, અને ખાખરો એ પાચેના ક્ષારો, પાચે તેમજ તપાવીને ગોમૂત્રમાં ટાઢું પાડેલું લોઢાનું કીટું; એ સર્વ સમભાગે ચુર્ણ કરીને બીજોરાના રસની, અથાણાના રસની તથા, આદાના રસની ત્રણ ત્રણ દિવસો સુધી ભાવનાઓ દેવી, આ અત્યંત અગ્નિ વધારનારૂં ચુર્ણ પ્રદીપ્ત અગ્નિ જેવું પરાક્રમી છે તેનો યોગ્ય વિધિથી ઉપયોગ કરાય તો તે રોગોને હણી નાખે છે. અજીર્ણ, ગુલ્મ, બરલ, અર્શરોગો,

અન્ત્રવૃદ્ધિ, અને ઉદરના રોગોને હણે છે, અગ્નિને વધારે છે. અષ્ઠીલા, વાતરક્ત તથા અત્યંત ઉલ્વણ દોષોને હણે છે, અને આઠ અગ્નિઓને પ્રદીપ્ત કરે છે

વૈશ્વાનર ક્ષાર —થોર, આકડો, ચિત્રક, એરડો, વાયવરણા, સાટોડી, તલ, અઘેડો, કેળ, ખાખરો, અને આંબલીને બાળીને ચોસઠ તોલા ભસ્મ કરવી તેને ૨૫૬ તોલા પાણીમાં પકાવી ચોથો ભાગ પાણી રહે એટલે ગાળી લેઇને તેમા ૬૪ તોલા સૈંધવ નાંખીને પકાવવું. નિર્ધૂમ પાકી જાડુ થાય ત્યારે તેનુ પાકુ ચુર્ણ કરવુ અજમો, જીરૂ, સૂઠ, મરી, પીપર, કલોજી જીરૂ, અને હિંગના ચૂર્ણમા તે ચૂર્ણ મેળવીને યોગ્ય માત્રાથી ટાઢા પાણીમા સવારમા પીવું. તે પચી ગયા પછી કાઈક ખાટા, ખારા, ગરમ, અને દીપન યૂષોની સાથે, તથા જંગલી પ્રાણીઓના માસરસોની સાથે, ભોજન કરવુ, એથી અગ્નિ, બળ, અને આયુષ્ય વધે છે. તેનું અનુપાન તેમજ ભોજનમાં હિતકર છાશ છે. મહાગ્નિ, અર્શના વિકારો, અને વાત તથા કફના રોગોમાં, સર્વાંગ સોજાના રોગમા, શૂળ, ગુલ્મ, ઉદરરોગો, પથરી, અને પેશાબની રેતી, તેમજ વિષ્ઠા, મૂત્ર અને વાયુના રોગોમા પણ તે હિતકર છે.

ભાસ્કર લવણઃ— સામુદ્ર લવણ ૮ તોલા, સચળ ૫ તોલા, તથા બિડલુણ, સૈંધવ, ધાણા, પીપર, પીપરી મૂળ, તમાલપત્ર, કાળી જીરી, તાલીશપત્ર, નાગકેશર, ચવક, અમ્લ વેતસ, એ દરેક બે બે તોલા, મરી જીરૂ અને સૂંઠ એક એક તોલો, દાડમ ચાર તોલા, તજ તથા એલચી અરધો અરધો તોલો; એ સર્વનુ ચૂર્ણ ભાસ્કર લવણ નામનું કહેવાય છે. તે પા તોલો લઇ છાશ, મસ્તુ, અને કાંજી સાથે ખાવું, તેથી વાત કફથી થયેલ ગુલ્મ, બરલ, ઉદરરોગો, ક્ષય, અર્શો, મરડો, કોઢ, મળબંધ, ભગંદર, શુળ, સોજો, શ્વાસ, ઉધરસ, આમ, દોષો, છાતીના રોગો, પથરી, શર્કરા, પાંડુરોગ, કૃમિ, મહાગ્નિ, એ સર્વનો તે નાશ કરે છે. તે પરમ દીપન તથા પાચન છે. સર્વ લોકોના હિતને અર્થે ભાસ્કરે (સૂર્યે) તે બનાવ્યુ છે, સર્વ અજીર્ણો એ ખાતા માત્રમાજ નાશ પામે છે, તેમાં સંશય નથી.

વડવાનલ ચૂર્ણ.—સૈંધવ, પીપરીમૂળ, પીપર, ચવક, ચિત્રક, સૂઠ, અને હરડે, એક, બે, એમ એક એક તોલો વધતે ભાગે લેઈ ખાવાથી અગ્નિ વધે છે એ ચૂર્ણ વડવાનલ નામનું છે.

બીજું વડવાનલ ચૂર્ણ—હરડે, સૂઠ, પીપર, કરંજ, બીલી, ચિત્રક, તથા એ સર્વ બરોબર સાકર લેવી. આ ચૂર્ણ વડવાનલની પેઠે બહુ ભારે અન્નને પણ પચાવી દેછે.

સમશર્કર ચૂર્ણઃ—એલચી ૧ ભાગ, તજ ૨ ભાગ, નાગ કેશર ૩ ભાગ, મરી ૪ ભાગ, પીપર ૫ ભાગ, અને સુઠ ૬ ભાગ, એ સર્વના જેટલી સાકર લેવી. આ પરમ અગ્નિદીપન કરનારૂં ચૂર્ણ છે.

અજીર્ણ ઉપર રસ.

द्विपलं गन्धकं शुद्धं पलमेकन्तु पारदम्। मृतलोहं तथा ताम्रं कर्षद्वयमितं पृथक्॥ सच्चूर्ण्य सर्वं सम्मिश्रं द्रावयित्वाग्नियोगतः। सम्यक् द्रुतं समस्तं तत् पश्चात्कुल्दले क्षिपेत्॥ पुनः सञ्चूर्ण्य तत् सर्वं लोहपात्रे निधापयेत्। जम्बीरस्य रसं तत्र

पूतं पलशतं क्षिपेत् ॥ चुल्या निवेश्य तद्यत्नान्मृदुना वह्निना पचेत् । रसे तस्मिन् घनीभूते तत् सशोष्य विचूर्णयेत् ॥ पञ्चकोलकषायस्य चुक्रेण महितस्य च । भावना तत्र दातव्या पश्चात् संशोषयेच्छनैः ॥ भृष्टटङ्कनचूर्णेन तुल्येन सह मेलयेत् । मरिचेनापि तुल्येन तदर्धेन विडेन च ॥ भावयेत् सप्तकृत्वस्तु चणकाम्लजलेन च । ततः संशोष्य सम्पिष्य कूपमध्ये निधापयेत् ॥ रसः क्रव्यादनामायं भैरवानन्दयोगिना । उक्तः सिंहलराजाय बहुमांसाशिने पुरा ॥ भक्षयेद्भोजनस्यान्ते माषद्वयमितं रसम् । भक्षयित्वा रसं पश्चात् पिबेत्तक्रं ससैन्धवम् ॥ अत्यर्थं गुरु यद्भुक्तमतिमात्रमथापि च । तत्सर्वं जीर्यति क्षिप्रं रसस्यैतस्य भक्षणात् ॥ शूलं गुल्मञ्च विष्टम्भं प्लीहानमुदरं तथा । रसः क्रव्यादनामाऽयं विनिहन्ति न संशयः ॥

इति क्रव्यादरसोऽजीर्णे रसेन्द्रचिन्तामणौ रसरत्नप्रदीपे च ॥

क्षारत्रयं सूतगन्धौ पञ्चकोलमिदं समम् । सर्वैस्तुल्या जया भृष्टा तदर्धा शिग्रुजा जटा ॥ एतत्सर्वं जयाशिग्रुवह्नीनां केवलैर्द्रवैः । भावयेत् त्रिदिनं धर्मे ततो लघुपुटे पचेत् ॥ मार्कवस्य द्रवैर्घृष्टो रसो ज्वालानलो भवेत् । निष्कोऽस्य मधुना लीढोऽनुपानं गुडनागरम् ॥ हन्त्यजीर्णमतीसारं ग्रहणीमग्निमार्दवम् । श्लेष्महृल्लासवमनमालस्यमरुचिं जयेत् ॥

(अथ पञ्चकोलम्) पिप्पली पिप्पलीमूलचव्यचित्रकनागरैः

जयात्र विजया । मार्कव भृङ्गराज । इति ज्वालानलो रस । अजीर्णे रसरत्नप्रदीपे ॥

टङ्कणं रसगन्धौ च समभागं त्रयं विधात् । कपर्दः स्वर्जिकाक्षारो मागधी विश्वभेषजम् ॥ पृथक् पृथक् कर्षमात्रं वसुभागमिहोषणम् । जम्बीराम्लैर्दिनं घृष्टं भवेदग्निकुमारकः ॥ विसूचीशूलवातादिवह्निमान्द्यप्रशान्तये ॥

क्षारो जवक्षार । अग्निकुमारो विसूच्यामजीर्णे रसरत्नप्रदीपे । रसेन्द्रचिन्तामणौ ॥

पारदामृतलवङ्गगन्धकं भागयुग्ममरिचेन मिश्रितम् । तत्र जातिफलमर्द्धभागिकं तिन्तिलीफलरसेन मर्दितम् । वह्निमान्द्यदशवक्त्रनाशनो रामबाण इति विश्रुतो रसः । संग्रहग्रहणिकुम्भकर्णकमामवातखरदूषणं जयेत् ॥ दीयते तु मरिचानुपानतः सद्य एव जठराग्निदीपनः । रोचनः कफकुलान्तकारकः श्वासकासवमिजन्तुनाशनः ॥

पारा भाग १ । विष भाग १ । लवङ्ग भाग १ । गन्धक भाग १ । मरिच भाग २ । जायफल भाग अर्ध । इति रामबाण रसः । रसेन्द्रचिंतामणौ ॥

(अथ शङ्खवटी) पलञ्चिञ्चाक्षारं पलमितमिदं पञ्चलवणम् । द्वयं सम्यक् पिष्टं भवति लघुनिम्बूफलरसैः ॥ ततः पिष्टे तस्मिन् पलपरिमितं शङ्खसकलम् । क्षिपेद्वारान् सप्त द्रवमिह च तेनैव विधिना ॥

पलप्रमाण कटुकत्रयश्च पलार्द्धमानं वचाहिङ्गुभागः । विषं पलद्वादशभागयुक्तं तावद्रसो गन्धक एव चोक्तः । बदरास्थिप्रमाणेन वटीमेतस्य कारयेत् । भक्षयेत् सेवया सा स्यात् सर्वाजीर्णप्रशान्तये ॥ सर्वोदरेषु शूलेषु विसूच्या त्रिविधेषु च । अग्निमान्द्येषु गुल्मेषु सदा शङ्खवटी हिता ॥

इति शङ्खवटीरस । रसरत्नप्रदीपे ॥

स्नुह्यर्कचिञ्चापामार्गरम्भातिलपलाशिजान् । लवणानाददीतैषां प्रत्येकं पलमात्रया ॥ लवणानि पृथक्पञ्च ग्राह्याणि पलमात्रया । स्वर्जिका च यवक्षारष्टङ्कनं त्रितयं पलम् ॥ सर्वं त्रयोदशपल सूक्ष्म चूर्णं विधाय च । निम्बूफलरसे प्रस्थसम्मिते तत् परिक्षिपेत् ॥ तत्र शङ्खस्य शकलं पलं वह्नौ प्रताप्य तु । वाराग्निर्वापयेत् सप्त सर्वं द्रवति तद्यथा ॥ नागरं त्रिपलं ग्राह्य मरिचन्तु पलद्वयम् । पिप्पली पलमाना स्यात् पलार्द्धं भृष्टहिङ्गुतः । ग्रन्थिक चित्रकश्चापि यवानी जीरकं तथा । जातीफलं लवंगश्च पृथक्कर्षद्वयोन्मितम् ॥ रसो गन्धो विषश्चापि टङ्कणश्च मनःशिला । एतानि कर्षमात्राणि सर्वं सञ्चूर्ण्य मिश्रयेत् ॥ शरावार्धेन चुक्रेण वटिकां तस्य कारयेत् । माषप्रमाणासद्वैद्यैर्बृहच्छङ्खवटी स्मृता ॥ सर्वाजीर्णप्रशमनी सर्वशूलनिवारिणी । विसूच्यलसकादीनां सद्यो भवति नाशनी ॥

इति बृहत्शङ्खवटी अजीर्णे ॥

टङ्कणकणामृतानां सहिङ्गुलानां समं भागम् । मरिचस्य भागयुगलं निम्बूनीरैर्वटी कार्या ॥ वटिका कलायसदृशीमेकां द्वे वा समश्नीयात् । सत्यमजीर्णे शान्त्यै वह्नेर्वृद्ध्यै कफध्वस्त्यै ॥ इति अजीर्णकण्टकोरस ॥

ક્રવ્યાદ રસ—શુદ્ધગધક ૮ તોલા, શુદ્ધ પારો ૪ તોલા, લોહ તથા તામ્ર ભસ્મો બે બે તોલા, આ સર્વના ચૂર્ણને અગ્નિમાં પીગાળ્યા પછી તેને ધોળા એરંડાના પાન ઉપર નાખવાં, ફરી તેનુ ચૂર્ણ કરી તેને લોઢાના ઠામમા નાખી તેમા વસ્ત્રથી ગાળેલો લીંબુનો રસ તોલા ૪૦૦ નાખી કોમળ અગ્નિથી પકાવવુ રસ ઘાટો થાય એટલે તેને સૂકવીને ચૂર્ણ કરવુ એ ચૂર્ણને પચ કોલના કવાથની તથા ચૂકાના રસની પચાસ પચાસ ભાવનાઓ આપવી, પછી તે સૂકાય એટલે તેમા તે ચુર્ણના જેટલોજ શેકેલો ટંકણખાર તથા એટલુજ મરીનુ ચૂર્ણ મેળવવુ અને તેથી અરધુ બિડલૂણ મેળવવું. પછી તેને ચણાના ખારની સાત ભાવનાઓ આપીને સૂકવી વાટીને શીશામા ભરી રાખવુ. ભૈરવાનદ યોગીએ ક્રવ્યાદ નામનો આ રસ પૂર્વે બહુ માસ ખાનારા સિહલદ્વિપના રાજાને કહ્યો હતો જમી રહ્યા પછી બે માસા જેટલો રસ ખાઇને ઉપર સૈધવ નાખેલી છાશ પીવી. અયોગ્ય, ભારે અને વધારે પડતું જે ખાવામાં આવ્યુ હોય તે સર્વે આ રસ ખાવાથી પચી જાય છે શળ, ગુલ્મ, મળસ્તભ, બરલ, ઉદરરોગ, આ સર્વ રોગો ક્રવ્યાદ નામના રસથી નાશ પામે છે, તેમાં સશય નથી. (આ રસ રસેંદ્ર ચિતામણિ તથા રસરત્ન પ્રદીપમાં કહેલ છે.)

જ્વાલાનલ રસ

જવખાર, સાજીખાર, ટંકણખાર, પારો,

ગંધક, અને પચકોલને સમભાગે લઇ એ સર્વની બરોબર શેકેલી ભાંગ. અને તેથી અરધાં સરગવાનાં મૂળ, એ સર્વના ચૂર્ણને ભાગ, સરગવો, અને ચિત્રકના રસોની ત્રણ દિવસ સૂધી તડકામાં ભાવના દેવી. પછી લઘુપુટથી પકાવવુ પછી બાગરાના રસમા વાટવી. આ રસ જ્વાલાનલ બને છે પા તોલા જેટલો તે મધમા ચાટી ગોળ, અને સૂંઠને અનુપાન લેવાથી અજીર્ણ, અતિસાર, મરડો, અગ્નિમાદ્ય, કફ, મોળ, ઉલટી, આળસ, અને અરૂચિ જીતાય છે પીપર, પીપરી મૂળ, ચવક, ચિત્રક, અને સૂઠ, એ પચકોલ કહેવાય છે (રસરત્નપ્રદીપ.)

અગ્નિકુમાર રસ

ટકણખાર, પારો, ગધક, એક એક તોલો, વછનાગ ત્રણ તોલા, કોડી, સાજીખાર, પીપર, અને સૂઠ, એ દરેક એકેક તોલો, મરી આઠ તોલા, આને એક દિવસ જબીર (લીંબુ) ના રસમા ઘુટવાથી અગ્નિકુમાર રસ થાય છે, તે વિસૂચી, શૂળ, વાયુ વગેરે, અને અગ્નિમાદ્યને શાત કરે છે. (રસરત્ન પ્રદીપ તથા રસેંદ્ર ચિતામણિ) માત્રા બે વાલ

રામબાણ રસ.

પારો, વછનાગ, લવગ, ગધક, એ એકેક ભાગ, તથા મરી બે ભાગ મેળવીને તેમાં જાયફળ અરધો ભાગ નાંખીને આંબલીના રસમાં વાટવું. આ રામબાણ નામને. અતિ પ્રખ્યાત રસ અગ્નિમાદ્યરૂપી રાવણનો નાશ કરે છે, સગ્રહણી તથા ગ્રહણીરૂપી કુભકર્ણ અને આમવાતરૂપી ખર દૂષણને તે જીતે છે. મરીના અનુપાનથી આપવામાં આવતાં એ કદમ જઠરાગ્નિને પ્રદીપ્ત કરે છે, રૂચિ ઉપજાવે છે, કફના સમૂહનો નાશ કરે છે, અને શ્વાસ, ઉધરસ, ઉલટી, અને જંતુઓનો નાશ કરે છે (રસેંદ્ર ચિતામણિ)

શખવટી

૪ તોલા આબલીનો ક્ષાર, અને ચાર તોલા પચલવણો, એમને લીંબુના રસમાં વાટવાં તેમા ૪ તોલા શખના ટુકડા સાતવાર તપાવી તપાવીને નાંખવા પછી ચાર તોલા ત્રિકટુ, અને બે બે તોલા વજ તથા હિગ, ½ તોલા વછનાગ, વછનાગના જેટલોજ પારો અને એટલોજ ગંધક, એ સર્વ તેમા મેળવીને બોર જેવડી ગોળીઓ કરવી. તે ખાવાથી સર્વ અજીર્ણ શાત થઇ જાય છે. સર્વ ઉદરરોગો તથા શુળો અને વિવિધ વિસૂચી વગેરે, અગ્નિમાદ્ય અને ગુલ્મમાં હમેશા આ શખવટી હિતકારી છે (રસરત્નપ્રદીપ.)

બૃહત્ શંખવટી

થોર, આકડો, આબલી, અઘેડો, કેળ, તલ, અને ખાખરાના ખારો, દરેક ચાર ચાર તોલા, પચ લવણ વીસ તોલા, સાજીખાર, અને ટકણખાર, એ ત્રણે મળી ચાર તોલા; એ સર્વનુ બાવન તોલા ચૂર્ણ કરીને તેને ચોસઠ તોલા લીંબૂના રસમા નાખવુ. તેમા ચાર તોલા શખના કડકા તપાવી તપાવીને સાત વાર ઠારવા, એટલે તે દ્રવરૂપ થઇ જશે. પછી સૂંઠ ૧૨ તોલા, મરી ૮ તોલા, પીપર ૪ તોલા, શેકેલી હિગ ૨ તોલા, પીપરીમૂળ, ચિત્રક, અજમો, જીરૂં, જાયફળ લવીંગ, એ દરેક બે બે તોલા, પારો, ગધક, વછનાગ, ટંકણ, અને મણશીલ, એ દરેક એક એક તોલો, એ સર્વને મેળવી દઇને

તેની ૧૬ તોલા ચુકાના રસમા નાખીને અડદના દાણા જેવડી ગોળી બનાવવી, તેને સારા વૈદ્યોએ બૃહચ્છખવટી કહેલી છે. તે સર્વ અજીર્ણોનુ પ્રશમન કરનારી તથા સર્વ શૂળોનુ નિવારણ કરનારી છે. વિસૂચી અને અલસક વગેરેનો પણ તે એકદમ નાશ કરેછે.

અજીર્ણ કંટક રસ

ટંકણ, પીપર, વછનાગ, તથા હિંગળો સમભાગે લેઇને, તેમા બે ભાગ મરી નાખી લીંબૂના રસમા ગોળી કરવી વટાણા જેવડી એ ગોળી એક કે બે ખાવી, તેથી અજીર્ણની શાંતિ, અગ્નિની વૃદ્ધિ, અને કફનો નાશ નિઃશંક થાય છે.

કોલેરાની ચિકિત્સા.

जलपीतमपामार्गं शूलं हन्याद्विसूचिकाम् । सतैलं कारवेल्यम्बु नाशयेद्धि विसूचिकाम् ॥ बालमूलस्य तु काथः पिप्पलीचूर्णसंयुतः । विसूचीनाशनः श्रेष्ठो जठराग्निविवर्द्धनः ॥ बिल्वनागरनिकाथो हन्याच्छर्दिविसूचिकाम् । बिल्वनागरकैटर्यकाथस्तदधिको गुणैः ॥ कैटर्यं कट्फलम् ॥

व्योषं करञ्जस्य फलं हरिद्रे मूलं समाबाप्य च मातुलुङ्ग्याः। छाया विशुष्का वटिका कृता सा हन्याद्विसूचीं नयनाञ्जनेन ॥

अनुभूतमिदम् ॥

अपामार्गस्य पत्राणि मरिचानि समानि च । अश्वस्य लालया पिष्ट्वाञ्जनाद्घ्नन्ति विसूचिकाम् ॥ विसूच्यामतिवृद्धायां तक्रं दधिसमं जलम् । नारिकेराम्बु पेयां वा मात्राणाय योजयेत् ॥ त्वक्पत्रकैरण्डकशिग्रुकुष्ठैरम्लपपिष्टैः सवचाशताह्वैः । उद्वर्तनं खल्लिविसूचिकाघ्नं तैलं विपकश्च तदर्थकारि ॥ कुष्ठसैन्धवयोः कल्कं चुक्रं तैले तु साधितम् । विसूच्या मर्दनं तेन खल्लीशूलनिवारणम् ॥ पिपासायां तथोत्क्लेशे लवङ्गस्याम्बु शस्यते । जातीफलस्य वा पीतं शृतं भद्रघनस्य वा ॥

उत्क्लेशस्य लक्षणम् । उत्क्लिश्यान्नश्च निर्गच्छेत्प्रसेकष्ठीवनेरितम् । हृदयं पीड्यते चास्य तमुत्क्लेशं विनिर्दिशेदिति ॥ सरुग्वानद्धमुदरमम्लपिष्टैः प्रलेपयेत् । दारु हैमवती कुष्ठशताह्वाहिङ्गुसैन्धवैः ॥ हैमवती श्वेतवचा । इति दारुषट्कम् ॥

तक्रेण युक्तं यवचूर्णमुष्णं सक्षारमार्त्ति जठरे निहन्यात् । स्वेदो घटैर्वाप्यथ वाष्पपूर्णैरूष्णैस्तथान्यैरपि पिण्डतापैः ॥

અઘેડાને ટાઢા પાણીમાં વાટીને પીવાથી શુળ તથા વિસુચી મટે છે તેલ સાથે કારેલીનો રસ પીવાથી પણ વિસૂચીકાનો નાશ થાય છે વાળાનાં મૂળીયાંનો કવાથ પીપરના ચુર્ણ સાથે પીતા વિસુચીનો ઉત્તમ રીતે નાશ કરનારો અને જઠરાગ્નિને વધારનારો છે. બીલી અને સુઠનો કવાથ ઉલટી અને વિસુચિકાને હણે છે બીલી, સુઠ, અને કાયફળનો કવાથ વિશેષ ગુણવાન્ છે. સુઠ, મરી, પીપર, કરજનુ ફળ, હળદર, દારુહળદર, અને બીજોરાનું મૂળ, એમને વાટી છાયામાં સુકવીને ગોળી કરવી. તે આંખમાં આંજવાથી વિસુચીને હણી નાખે છે. અઘેડાનાં પાન તથા મરી સમાન લેઈ, ઘોડાની લાળમાં વાટીને આંજવાથી વિસુચી મટે છે.

વિસુચી બહુ વધી ગયેલહોય તો દહિના સમાન પાણીની છાશ અથવા નાળીયેરના પાણીની પેયા પ્રાણની રક્ષા કરવા માટે આપવી જોઇએ તજ, તમાલપત્ર, એરંડો, સરગવો, કઠ, વજ, શતાવરી, એમને ખટાઈમા વાટીને ખરડ કરવાથી, અગર તેનુ તેલ પકાવી ચોળવાથી વિસુચીની ખાલીઓ મટે છે કઠ અને સૈંધવનો કલ્ક ચૂકાના તેલમા પકાવી વિસૂચીમા ચોળવાથી ખાલી તથા તથા શૂળ મટે છે. તરશ તથા મોળ માટે લવંગનું જળ પાવુ જાયફળનુ અથવા ભદ્રમોથનુ જળ પણ પાવુ. ઉછાળો આવી ઉલટી થાય તથા મોળ આવીને છાતીમા દરદ થાય તેને ઉત્કલેશ કહે છે, તેને માટે નીચેનો લેપ ખટાઈમા વાટીને કરવો –

દારૂ ષટક

દેવદાર, શ્વેતવજ, કઠ, શતાવરી, હિંગ, અને સૈધવ

છાશમા જવનુ ચૂર્ણ નાખી ગરમ કરી અદર જવખાર નાખીને પેટ ઉપર ચોપડવાથી જઠરરોગ મટે છે. ગરમ પાણીના શીશા તથા બીજા પિંડરૂપ તાપોથી શેક કરવાથી પણ પેટના વ્યાધિઓ મટી જાય છે.

વિલબિકા તથા અલસકની ચિકિત્સા.

विलम्बिकालसकयोरयमेव क्रियाक्रमः । अत एव तयोरुक्तं पृथक् नेह चिकित्सितम्॥

વિલંબિકા તથા અલસકના ઉપાયો પણ વિષૂચિકાના જેવાજ છે, તેથી જૂદા કહેલા નથી.

ભસ્મકની ચિકિત્સા.

तं भस्मकं गुरुस्निग्धसान्द्रमन्दहिमस्थिरैः । अन्नपानैर्नयेच्छान्तिं पित्तघ्नैश्च विरेचनैः ॥ अत्युद्धृताग्निशान्त्यै माहिषदधिदुग्धसर्पींषि । ससेवेत यवागूं समपिष्टे पयसि सर्पिषा सिद्धाम् ॥ असकृत् पित्तहरणं पायसमतिभोजनम् । श्यामात्रिवृद्विदारीपक्वं पयो दद्याद्विरेचनम ॥ यत्किञ्चिन्मधुरं मेध्यं श्लेष्मलं गुरु भोजनम् । सर्वं तदत्याग्निहितं भुक्त्वा प्रस्वपनं दिवा ॥ सिततण्डुलसितकमलं छागक्षीरेण पायसं सिद्धम् । भुक्त्वा च तेन पुरुषो दशदिवसानुच्छभोजनो भवति ॥

ભારે, સ્નિગ્ધ, ઘાટાં, મંદ, ટાઢાં, અને સ્થિર અન્નપાનોથી ભસ્મકની શાંતિ કરવી, તથા પિત્તહર અને વિરેચનોથી પણ કરવી. અગ્નિ બહુજ વધી ગયો હોય તો ભેંશનાં દૂધ, દહિ, અને ઘીના સેવન કરવાં, તથા દૂધ અને ઘીમાં પકાવેલ યવાગૂ આપી. પિત્તહર એવું વારવાર દૂધપાકનું ભોજન દેવુ. કાળી તથા ધોળી નસોતરથી પકાવેલા દૂધનુ વિરેચન આપવું. મધુર, બુદ્ધિવર્ધક, કફકર, અને ભારે ભોજન, તેમજ અતિ અગ્નિને હિતકર એવું સર્વ જમીને દિવસે શયન કરવું. ધોળા ચોખા તથા ધોળા કમળનો બકરીના દૂધમાં દૂધપાક કરીને જમાડવો, તેથી દસ દિવસમાં ઓછું જમનાર થવાય છે.

અજીર્ણોમાં પાચનો.

अलं पनसपाकाय फलं कदलसम्भवम् । कदलस्य तु पाकाय शुष्कैरपि घृतं हितम् ॥ घृतस्य परिपाकाय जम्बीरस्य रसो हितः । नारिकेरफलतालवीजयोः पाचकं सपदि

तण्डुलं विदुः ॥ क्षीरमेव सहकारपाचनं चारमज्जनि हरीतकी हिता । मधूकमालूर-नृपादनानां परूषखर्जूरकापित्थकानाम् ॥ पाकाय पेयं पिचुमन्दबीजं घृतेऽपि तक्रेऽपि तदेव पथ्यम् । खर्जूरशृङ्गाटकयोः प्रशस्तं विश्वौषधं कुत्र च भद्रमुस्तम् ॥ यज्ञाङ्गबोधिद्रुफलेषु शस्तं प्लक्षे तथा पर्युषितं प्रतीतम् । तण्डुलेषु च पयः पयः स्वथो दीप्यकन्तु चिपिटे कणायुतम् ॥ षष्टिका दधिजलेन जीर्यते कर्कटी च सुमनेषु जीर्यते ॥ सुमनेषु गोधुमेषु जीर्यति ॥

गोधूममाषहरिमन्थसतीनमुद्गपाकोभवेज्झटिति मातुलपुत्रकेण ॥ मातुलपुत्रक धत्तूरफलम् ॥

खर्जूरिकाविशकशेरुशितासु शस्तं शृङ्गाटके मधुफलेष्वपि भद्रमुस्तम् ॥ कङ्गुश्यामाकनीवारा कुलत्थाश्चाविलम्बितम् । दध्नो जलेन जीर्यन्ति द्वैदल काञ्जिकेन तु ॥ पिष्टान्नं शीतलं वारि कृशरां सैन्धवं पचेत् । माषेण्डरीं निम्बुफलं पायसं मुद्गयूषकः ॥ वटोवेसवाराल्लवङ्गेन फेनीसमं पर्पट शिग्रुबीजन याति ॥ कणामूलतो लड्डुकापूपसट्टादिपाको भवेच्छष्कुलीमण्डयोश्च ॥

वेसवारो वसग इति लोके । तद्यथा ॥

स्नेहो निशाहिङ्गुलवङ्गकैलाधान्याकजीराद्रकनागराणि । अम्लोषणं सैन्धवचूर्णमन्नेयथोचितं संस्कृतये भणीतम् ॥

इति सट्टा सट्टकपानाविशेष । मण्ड माण्ड इति लोके ॥

किमत्र चित्रं बहुमत्स्यमांसभोजीसुरर्षा काञ्जिकपानतः स्यात् । इत्यद्भुतं केवलवह्निपको मांसेन मत्स्यः परिपाकमेति ॥ आममाम्रफलं मत्स्यतद्बीजपिष्टिने हितम् । कूर्ममास यवक्षारात् शीघ्रं पाकमुपैति हि ॥ कपोतपारावतनीलकण्ठकपिञ्जलाना पिशितानि भुक्त्वा । काशस्य मूल परिपिष्य पीतं सुखी भवेन्ना बहुशो हि दृष्टम् ॥ मांसानि सर्वाण्यपि यान्ति पाकं क्षारेण सद्यस्तिल नालजेन । चञ्चूकसिद्धार्थकवास्तुकाना गायत्रिसारकथितेन पाकः ॥

चञ्चूक चेचू इति लोके । गायत्री खादिर ॥

पालङ्किकाकेबुककारवेल्लीवार्त्ताकवंशाङ्कुरमूलकानाम् । उपोदिकालाबुपटोलकाना सिद्धार्थको मेघरवश्च पक्ता ॥

मेघरव. चौरा इति लोके ॥

विपच्यते शूरणकं गुडेन तथालुकं तण्डुलधावनेन । पिण्डालुक जीर्यति कोद्रवात् कशेरुपाकः किल नागरेण । लवणस्तण्डुलतोयात् सर्पिर्जम्बीरकाद्यम्लात् । मरिचादपि तच्छीघ्रं पाक यात्येव काञ्जिकात्तैलम् ॥ क्षीर जीर्यति तक्रेण तद्दध्यं कोष्णमडकात् । माहिष माणिमन्थेन शङ्खचूर्णेन तद्दधि ॥ मण्डक माड इति लोके ॥

रसाल जीर्यति व्योषात् खण्डं नागरभक्षणात् । सिता नागरमुस्तेन तथेक्षुश्चार्द्रिकारसात् । जरामिरा गैरिकचन्दनाभ्यामभ्येति शीघ्रं मुनिभिः प्रदिष्टम् । उष्णेन शीतं शिशिरेण चोष्णं जीर्णो भवेत् क्षारगणस्तथाम्लैः ॥ इरा मदिरा ॥

तप्तं तप्तं हेम वा तारमग्नौ तोये क्षिप्तं सप्तकृत्वस्तदम्भः। पीत्वाऽजीर्णन्तोयजातं निहन्यात्तत्र क्षौद्रं भद्रमुस्तं विशेषात् ॥

तत्र तोयाजीर्णे। इति जठराग्निविकारः ॥

ફણુસના અજીર્ણનુ પાચન કેળાં છે, કેળા ઘીથી પચે છે, અને ઘીનુ પાચન લીંબુનો રસ કરે છે, એમ વિદ્વાનોએ કહેલુ છે નાળિયેર કે તાડફળનુ પાચન ચોખાથી થાય છે, આંબો દૂધથી પચે છે, ચારોળી હરડેથી પચે છે, અને મહુડા, બીલી, રાયણુ, ફાલસા, ખજૂર, અને કોઠનુ પાચન લીમડાના બીજોથી થ ય છે. ઘી અને છાશને પણ લીમડાના બીજ પચાવે છે. ખજૂર અને શીંગોડાને સૂંઠ અથવા ભદ્રમોથ પચાવે છે ઊંબરો, પીપળો, અને પીપરના ફળ ઉપર સૂંઠ સારૂં પાચન છે ચોખા દૂધથી, દૂધ અજમાથી, સાઠી ચોખા દહીંના પાણીથી, અને કાકડી ઘઉંથી પચે છે ઘઉં, અડદ, ચણા, વટાણા, તથા મગ એ સર્વ ધતૂરાના ડોડવાથી પચે છે, ખલેલાં, કમળના મૃણાલ, કસેલા, સાકર, સીંગોડાં અને પરદેશી ખજૂરને ભદ્રમોથ પચાવે છે. કાગ, શામો, નાનવી અને કળથીને દહિંનુ પાણી પચાવે છે. દાળનુ કાંજીથી, લોટનુ અન્ન શીતળ પાણીથી, ખીચડી સૈંધવથી, અડદ લીંબૂથી, દૂધપાક મગના યૂષથી, અને વડાં ઓસામણથી પચે છે પરસૂદીની ફેનિકા લવંગથી, પાપડ સરગવાના બીજથી, અને લાડુ, માલપુવા, સાટા, સુવાળી, અને માંડા એ સર્વ પીપરીમૂળથી પચે છે. (સ્નેહ, હળદર, હિંગ, લવંગ, એલચી, ધાણા, જીરૂ, આદું, સૂંઠ, લીંબુ, મરી, અને સૈંધવનું ચૂર્ણ અન્નમાં નાંખવાથી ઓસામણ બને છે.) બહુ માછલાં ખાનાર કાજીથી સુખી થાય છે, એમા કંઈ આશ્ચર્ય નથી આશ્ચર્ય તો એ છે કે એકલા અગ્નિથી પકાવેલા માછલા માસથી પચી જાય છે, માછલાને કાચી કેરી બહુ પચાવે છે. માંસને આબાની ગોઠલી પચાવી દેછે. કાચબાનું માસ જવખારથી, હોલા, કબૂતર, નીલકંઠ, અને તેતરના માંસ કાસડાના મૂળ વાટીને પીવાથી પચી જાય છે, એ અમે બહુવાર જોયેલુ છે તલના ખારથી સર્વ માસો પચે છે. છૂછ, સર્ષપ, અને બથવો ખેરસારના ક્વાથથી, અને ટાકો કોબી, કારેલા, રીંગણા, વાંસના અકુર, મૂળા, પોથી, તૂંબડાં, અને પરવળ, એ સર્ષપની અને તાદળજાની ભાજીથી પચે છે. સૂરણ ગોળથી, બટેટાં ચોખાના ધોવણથી, ગોળ બટાકા કોદરાથી, કસેલા સૂંઠથી, ક્ષાર ચોખાના પાણીથી, ઘી લીંબુ વગેરે ખાટા રસથી તથા મરીથી, તેલ કાજીથી, દૂધ છાશથી, ગાયનુ દૂધ જરા ઊના દહિંના મંડથી, ભેંશનુ દૂધ સૈંધવથી, ભેંશનુ દહિં શંખના ચૂર્ણથી, અને આંબો સૂંઠ, મરી, અને પીપરથી પચી જાય છે. ખાંડ સૂંઠથી, સાકર નાગરમોથથી, શેરડી કોથમીરના રસથી, મદિરા સોનાગેરૂથી તથા ચંદનથી તરત પચે છે, એમ મુનિઓએ કહેલુ છે. શીત પદાર્થ ઉષ્ણ પદાર્થથી અને ઉષ્ણ પદાર્થ શીત પદાર્થથી પચે છે. ક્ષારોનો સમૂહ ખટાઈથી પચે છે. પાણી ન પચ્યુ હોય તો સોનું કે રૂપુ તપાવી તપાવીને સાતવાર પાણીમાં બોળી, એ પાણી પીવાથી તે પચે છે. પાણીના અપચ્યા ઉપર મધ અને ભદ્રમોથ વિશેષ ઉત્તમ છે.

ઈતિ જઠરાગ્નિના વિકારોનો અધિકાર સંપૂર્ણ.

કૃમિનો અધિકાર.

કૃમિના ભેદ.

क्रमयस्तु द्विधा प्रोक्ता बाह्याभ्यन्तरभेदतः॥

કૃમિઓ બે પ્રકારના છે, બાહ્ય અને આભ્યંતર.

કૃમિનાં નિદાનો.

बहिर्मलकफासृग्विड्जन्मभेदाच्चतुर्विधाः। नामतो विंशतिविधा बाह्यास्तत्र मलोद्भवाः

तत्र तेषु बाह्या क्रमय मलोद्भवा । त्वग्लग्नबहिर्मलस्वेदसम्भवा ॥

ત્વચાના બહારના પરસેવાથી, કફથી, રક્તથી, અને વિષ્ટાથી એમ ચાર પ્રકારથી થયેલા બાહ્ય કૃમિઓ છે તેઓ નામોથી વીશ પ્રકારના છે

બાહ્ય કૃમિનાં રૂપો.

तिलप्रमाणसंस्थानवर्णाः केशाम्बराश्रयाः॥

तिलानामिव परिमाणा सस्थानवर्णा येषा ॥

बहुपादाश्च सूक्ष्माश्च यूकालिक्षाश्च नामतः॥

तत्र यूका बहुपादा. कृष्णा केशाश्रया लिक्षा सूक्ष्मा श्वेता वस्त्राश्रया ॥

તલ જેવડા તથા તલ જેવા વર્ણવાળા, કેશ અને વસ્ત્રોમા રહેનારા કૃમિઓ બહુ પગો વાળા અને સૂક્ષ્મ થાય છે તેને જૂ અને લીખ કહેવાય છે કાળા રગની, કેશમા રહેનારી જૂ કહેવાય છે, અને ધોળા રગની વસ્ત્રોમા રહેનારી લીખ કહેવાય છે.

બાહ્ય કૃમિના વિકારો

द्विधा ते कोठपिटिका कण्डूगण्डान् प्रकुर्वते॥

ધામઠાં, ફોલ્લી, ચળ, અને ગુમડા એ બંને પ્રકારના કૃમિ કરે છે.

અભ્યતર કૃમિનાં નિદાનો.

अजीर्णभोजी मधुराम्लसेवी द्रवप्रियः पिष्टगुडोपभोक्ता । व्यायामवर्जी च दिवाशयी च विरुद्धभोजी लभते कृमींश्च ॥

અજીર્ણમાં જમનાર, મધુર અને ખાટુ ખાનાર, પીવાના પદાર્થની ઇચ્છાવાળા, ગોળ તથા લોટના મિશ્રિત પદાર્થો ખાનાર, કસરત નહિ કરનારા, દિવસે સૂનારા, અને વિરૂદ્ધ ભોજન કરનારાને કૃમિઓ થાય છે

કૃમિ થયાના લક્ષણો.

ज्वरो विवर्णता शूलं हृद्रोगः सदनं भ्रमः । भक्तद्वेषोऽतिसारश्च सञ्जातकृमिलक्षणम् ॥

જ્વર, વિવર્ણતા, શૂળ, હૃદ્રોગ, ગ્લાનિ, ભ્રમ, અરૂચિ, અને અતિસાર, એ શરીરમા કૃમિ થયાના લક્ષણો છે

કફના કૃમિનાં નિદાનો

मांसमाषगुडक्षीरदधिशुक्तैः कफोद्भवाः॥

शुक्त कालान्तरेणाम्लीभूत इक्षुरसाविकार ॥

માસ, અડદ, ગોળ, દૂધ, દહિ, અને લાબા સમયે ખાટો થઇ ગયેલો શેરડીનો રસ ખાવાથી કફના કૃમિઓ થાય છે.

કફના કૃમિનાં લક્ષણો.

कफादामाशये जाता वृद्धाः सर्पन्ति सर्वतः । पृथुवध्रनिभाः केचित् केचिद्गण्डूपदोपमाः॥ रूढधान्याङ्कुराकारास्तनुदीर्घास्तथाणवः । श्वेतास्ताम्रावभासाश्च नामतः सप्तधा तु ते ॥ अन्त्रादा उदरावेष्टा हृदयादा महाकुहाः । चुरवो दर्भकुसुमाः सुगन्धास्ते च-

कुर्वते ॥ हृल्लासमास्यस्रवणमविपाकमरोचकम् । मूर्छाछर्दिज्वरानाहकार्श्यक्षवथुपीनसान् ॥

यथाचर्मलता स्थूलोऽङ्कुरिता । तनव परिणाहेन तथा दीर्घास्तनुदीर्घा. चुरुचुरुमानाः । तत्कार्श्यविकारा हृल्लासादयः ॥

કફથી આમાશયમાં ઉત્પન્ન થઇને કૃમિઓ વધી જઇને ચારે મેર ફરે છે, તેમાં કેટલાક ચામડાની દોરી જેવા અને કેટલાક અળશિયા જેવા હોય છે. કેટલાક ઉગેલાં ધાન્યના અંકુરો જેવા, કેટલાક ઝીણા અને લાંબા, અને કેટલાક ઝીણાજ થાયછે. ધોળા અને રાતા દેખાતા એવા તેઓ સાત જાતના હોય છે. અંત્રાદ, ઉદરાવેષ્ટ, હૃદયાદ, મહાકુલ, ચુરૂ, દર્ભકુસુમ, અને સુગંધ. આ કૃમિઓથી મોળ, લાળ, અપચો; અરૂચિ, છીંક, અને સળેખમ થાય છે.

રક્તના કૃમિઓ વિષે.

रक्तवाहिशिरास्थाना रक्तजा जन्तवोऽणवः । अपादा वृत्तताम्राश्च सौक्ष्म्यात्केचिददर्शनाः ॥ केशादा रोमविध्वंसा रोमद्वीपा उदुम्बराः । षट् ते कुष्ठैककर्माणः सह सौरसमातरः ॥ सौरसमातृभ्यां सह वर्तन्त इति सहसौरसमातरः ॥

રક્તવાહી શિરાની અંદર રક્તથી થતા ઝીણા કૃમિઓ થાય છે, તેઓ બહુ પગવાળા, રાતા, અને ગોળ હોય છે. અતિ સૂક્ષ્મ હોવાથી કેટલાક તો દેખાય તેવા પણ હોતા નથી. કેશાદ, લોમવિધ્વંસ, રોમદ્વીપ, ઉદુંબર, સૌરસ, અને માતૃ, એમ છ પ્રકારનાછે. તેઓ કોઢ ઉત્પન્ન કરનારા છે.

વિષ્ઠાથી થતા કૃમિઓ વિષે.

पक्वाशये पुरीषोत्था जायन्तेऽधोविसर्पिणः । वृद्धास्ते स्युर्भवेयुश्च ते यदामाशयोन्मुखाः ॥ तदास्योद्गारनिःश्वासविड्गन्धानुविधायिनः । पृथुवृत्ततनुस्थूलाः श्यावपीतसितासिताः ॥ ते पञ्चनाम्ना क्रिमयः ककेरुकमकेरुकाः । सौसुरादाः सशूलाख्या लेलिहा जनयन्ति च ॥ विड्भेदशूलविष्टम्भकार्श्यपारुष्यपाण्डुताः । रोमहर्षाग्निसदनगुदकण्डूर्विमार्गगाः ॥

वृद्धास्तेऽधो विसर्पिणः स्युः यदा ते आमाशयोन्मुखा भवेयुरित्यन्वयः । ते विमार्गगाः सन्तो विड्भेदादीन् जनयन्ति इत्यर्थः ॥

પક્વાશયમાં વિષ્ઠામાંથી ઉત્પન્ન થયેલા નીચે ગતિ કરનારા કૃમિઓ થાય છે. વધીને તેઓ આમાશય સામા જાય છે, ત્યારે ઓડકાર, નિશ્વાસ, વિષ્ટા જેવી ગંધ એ કરે છે. તેઓ પોહોળા, ગોળ, ઝીણા, જાડા, કાળા, પીળા, ધોળા; અને બહુ કાળા પણ થાય છે. તેઓ કકેરૂક, મકેરૂક, સૌસુરાદ, સશૂન, અને લેલિહ, એ પાંચ જાતોના છે, તેથી વિષ્ટાભેદ, શૂળ, સ્તંભન, કૃશતા, ખરસટપણું, પાંડુવર્ણ, રૂવાડાં ઉભાં થવાં, અગ્નિમાંદ્ય, અને ગુદામાં, ચળ કરે છે, અને તેઓ વિમાર્ગે ચાલનારા છે.

કૃમિની ચિકિત્સા.

विडङ्गक्वाथसंयुक्तमथवाप्यं पिबेन्नरः । दीपनं कृमिनाशाय जठराग्निविवृद्धये ॥ भक्ष्यं कटुकं तिक्तं भोजनं कफनाशनम् । कृमीणां नाशनं रूक्षमग्निसन्दीपनं परम् ॥

विडङ्गशृतपानीयं विडङ्गेनावचूलितम् । पीत क्रृमिहरंदृष्टं क्रृमिजांश्च गदाञ्जयेत् ॥ लिह्याद्विडङ्गचूर्णं वा मधुना क्रृमिनाशनम् । पलाशबीजस्य रस पिबेन्माक्षिकसंयुतम् ॥ पिबेतद्बीजकल्कं वामधुना क्रमिनाशनम् ॥ कम्पिल्लचूर्णं कर्षार्धं गुडेन सह भक्षितम् । पातयेच्च क्रृमीन् सर्वानुदरस्थान्न संशयः ॥ विडङ्गं कौटजं बीजं तथा बीजं पलाशजम्। सञ्चूर्ण्य खादेत् खण्डेन क्रृमीन्नाशयितु नरः ॥ निम्बपत्रसमुद्भूतं रसं क्षौद्रयुतं पिबेत् । धत्तूरपत्रजं वापि क्रृमिनाशनमुत्तमम्॥ रसेन्द्रेण समायुक्तो रसो धत्तूरपत्रजः । ताम्बूलपत्रजो वापि लेपो यूकाविनाशनः । धत्तूरपत्रकल्केन तद्रसेनैव पाचितम् ॥ तैलमभ्यङ्गमात्रेणयका नाशयति क्षणात् । क्रृमीणा विट्कफोत्थानामेतदुक्तं चिकित्सितम् । रक्तजनान्तु संहारं कुर्यात् कुष्ठचिकित्सया॥

કૃમિના નાશ માટે તથા અગ્નિની વૃદ્ધિ માટે વાવડીંગ અને સૂઠ, મરી, પીપર સહિત મડ ખાવું. હરરોજ તીખુ, કડવુ, કફહર, કૃમિનો નાશ કરનાર, રોચક, અને દીપન ભોજન કરવું કૃમિના રોગોને જીતનાર તથા કૃમિઓને સારી રીતે હણનાર વાવડીંગનો ક્વાથ વાવડીંગનું ચૂર્ણ નાખીને પીવો અથવા વવડીંગનું ચૂર્ણ મધમા ચાટવાથી પણ કૃમિ મટે છે. ખાખરાનાં રાતા બીજનો કલ્ક મધમાં ચાટવાથી પણ કૃમિ મટે છે. અરધો તોલો કપીલાનુ ચૂર્ણ ગોળમાં ખાવું, તેથી ઉદરના સર્વ કૃમિઓ પડી જાય છે, તેમાં સશય નથી. વાવડીંગ, ઇદ્રજવ, અને ખાખરાનાં બીજોનું ચૂર્ણ ખાંડ સાથે ખાવાથી કૃમિઓ નાશ પામે છે. લીમડાના પાનનો રસ મધ નાખીને પીવો, અથવા મધ સહિત ધતૂરાના પાનનો રસ પણ ઉત્તમ કૃમિ છે પારો તથા ધતૂરાના પાનનો રસ અથવા નાગર વેલ્યના પાનનો રસ ચોપડવાથી જૂઓનો નાશ થાય છે ધતરાના પાનનો કલ્ક તથા તેના જ રસમા પકાવેલ તેલનો અભ્યગ કરવાથી જૂઓનો નાશ થઇ જાય છે વિષ્ટા તથા કફથી થતા કૃમિઓની આ ચિકિત્સા કહી છે રક્તના કૃમિઓનો સહાર કોઢના જેવી ચિકિત્સાથી થાય છે.

કૃમિવાળાને પરહેજ.

क्षीराणि मासानि घृतानि चापि दधीनि शाकानि च पर्णवन्ति । अल्पञ्च मिष्टञ्च रसं विशेषात् क्रृमीन् जिघांसुः परिवर्जयेद्धि ॥ ईति क्रृम्यधिकार ॥

દૂધ, માસ, ઘી, દહિ, પાદડાનાં શાક, અને વિશેષે કરીને ખાટુ તથા મધુર, એટલી ચીજોનો કૃમિનો નાશ કરવાની ઇચ્છાવાળાએ ત્યાગ કરવો જોઇએ

પાંડુરોગ વગેરેનો અધિકાર.

પાંડુરોગની સંખ્યા.

पाण्डुरोगाः स्मृताः पञ्च वातपित्तकफैस्त्रयः। चतुर्थः सन्निपातेन पञ्चमोभक्षणात् मृदः ॥

ननु मृत्तिकापि दूषितदोषद्वारेणैव पाण्डुरोगं जनयतीति मृद्भक्षणज पाण्डुरोगो दोषजादभिन्न एव कथ पञ्चम इति । उच्यते । अपरकारणकुपिता वातादयोऽन्यानपि रोगान् कुर्वन्ति । मृत्तिकाभक्षणात् कुपितास्तु वातादयो विशेषत पाण्डुरोगमेव जनयन्त्येवेति विशेषाच्चिकित्साविशेषाच्च पञ्चमश्चरकेणोक्तः । तच्चिकित्सामरकारणकुपित-

दोषजनितपाण्डुरोगचिकित्सया भवतीति सुश्रुतेन मृत्तिकाज पृथक् न पठित' ॥

વાત, પિત્ત અને કફથી, થયેલા ત્રણ, ચોથો સન્નિપાતિક, અને પાચમો માટી ખાવાથી થતો, એમ પાડુરોગ પાચ જાતનો છે. આમા "માટી પોતે દૂષિત કરેલા દોષો વડે પાડુરોગ ઉત્પન્ન કરે છે, ત્યારે દોષોથી થયેલા પાડુરોગથી માટીથી થનારો પાડુરોગ જુદો કેમ ગણ્યો ?" એમ શકા થાય તો તેનુ સમાધાન કે—બીજા કારણોથી કોપેલા દોષો પાડુરોગ સિવાય બીજા રોગોને પણ ઉત્પન્ન કરે છે પણ માટી ખાધાથી કોપેલા દોષો તો વિશેષે કરીને પાડુરોગ જ કરે છે. વળી માટી ખાવાથી થયેલા પાંડુરોગની ચિકિત્સા જુદી છે, તેથી ચરકે તેને જુદો ગણ્યો છે, પણ સુશ્રુતે જુદો ગણ્યો નથી

પાંડુરોગનુ નિદાન.

व्यायाममम्लं लवणानि मद्यं मृदं दिवास्वप्नमतीव तीक्ष्णम् । निषेवमाणस्य विदूष्य रक्तं दोषास्त्वचं पाण्डुरतां नयन्ति ॥

तीक्ष्ण राजिकादि ॥

કસરત, તથા ખાટુ ખારૂ, મદ્ય, માટી, એમનુ ભક્ષણ, તથા દિવસે સૂવુ, અને અત્યત તીક્ષ્ણ ખાનારના દોષો રક્તને દૂષિત કરીને ચામડીમા પાડુતા કરે છે.

પાંડુરોગનુ પૂર્વરૂપ

त्वक्स्फोटनिष्ठीवनगात्रसादमृद्भक्षणप्रेक्षणकूटशोथाः । विण्मूत्रपीतत्वमथाविपाको भविष्यतस्तस्य पुरःसराणि ॥

प्रेक्षणकूटशोथ इति अक्षिगोलकशोथः ॥

ચામડીનું ફાટવું, થૂકનો વધારો, અગોમાં ગ્લાનિ, માટી ખાવાની ઇચ્છા, આંખ ઉપર સોજો, વિષ્ટા તથા મૂત્ર પીળાં થઈ અન્નનો અપચો, એટલાં પાંડુરોગનાં પૂર્વ ચિન્હો છે.

વાયુથી રચેલા પાંડુનાં લક્ષણો.

त्वङ्मूत्रनयनादीनां रूक्षकृष्णारुणाभता । वातपाण्ड्वामये कम्पस्तोदानाहभ्रमादयः ॥

कृष्णारुणाभता पाण्डुत्वं नातिक्रामति अतएव सुश्रुते 'सर्वेषु चैतेष्वपि पाण्डुभावो यतोऽधिकोऽत खलु पाण्डुरोग' इति । भ्रमादय इत्यादिशब्दात् भेदशूलादय ॥

ચામડી, મૂત્ર, અને નેત્રો લૂખાં તથા કાળાશ સહિત રાતાં થાય છે. કંપ, પીડા, ભ્રમ, આફરો, ભેદન તથા શૂળ વગેરે વાતિક પાંડુરોગનાં લક્ષણો છે. ચામડીમાં કાળાશથી મિશ્રિત રતાશ વગેરે થાય છે, તે પાડુરોગ વગર થતી નથી. માટે જ સુશ્રુતે કહ્યુ છે કે—સર્વ જાતના પાંડુ રોગોમાં પાડુપણુ અધિક થાય છે, માટે જ એ રોગને પાડુરોગ કહે છે.

પૈત્તિક પાંડુનાં લક્ષણો.

पीतत्वङ्नखविण्मूत्रो दाहतृष्णाज्वरान्वितः । भिन्नविट्कोऽतिपीताभ. पित्तपाण्ड्वामये नरः ॥ भिन्नविट्क सद्रवमल: ॥

પિત્તના પાંડુમાં ચામડી, નખ, વિષ્ટા, મૂત્ર, એ પીળાં થઈ જાય છે. દાહ, તરશ, અને જ્વર આવે છે. પાતળો અને પીળા રગનો દસ્ત આવે છે.

કફજ પાંડુનાં લક્ષણો.

कफप्रसेकश्वयथुतन्द्रालस्यातिगौरवैः । पाण्डुरोगी कफात् शुक्लैस्त्वङ्मूत्रनयनाननैः।

કફ પડે છે, સોજો થાય છે, ઘેન તથા આળસ આવે છે; અત્યત ભારેપણુ આવે છે,

અને ચામડી, મૂત્ર, નેત્ર, તથા મુખ પીળાં થાય છે.

સાંનિપાતિક પાંડુનાં લક્ષણો.

सर्वान्नसेविनः सर्वे दुष्टा दोषास्त्रिदोषजम् । त्रिदोषलिङ्गं कुर्वन्ति पाण्डुरोगं सुदुःसहम् ॥

સર્વ પ્રકારનાં અન્નો ખાનારના ત્રણે દોષો દૂષિત થાય તો તેને ત્રણે દોષોનાં ચિન્હો સાથે દેખાય છે. એ અસાધ્ય પાંડુરોગ છે.

માટી ખાવાથી થતા પાંડુની સંપ્રાપ્તિ.

मृत्तिकादनशीलस्य कुप्यत्यन्यतमो मलः । कषाया मारुतं पित्तमूषरा मधुरा कफम् ॥ कोपयेन्मृद्रसादींश्च रौक्ष्याद्भुक्तञ्च रूक्षयेत् ॥ पूरयत्यविपक्वैव स्रोतांसि निरुणद्ध्यपि । इन्द्रियाणां बलं हत्वा तेजो वीर्यौजसी तथा । पाण्डुरोगं करोत्याशु बलवर्णाग्निनाशनम् ॥

स्रोतांसि शिरामुखानि । तेजो दीप्ति ओजः सर्वधातुरसः ॥

માટી ખાનારને ત્રણમાંથી એક દોષ કોપ પામે છે. તુરી માટી વાયુને કોપાવે છે, ખારી માટી પિત્તને કોપાવે છે, અને મીઠી માટી કફને કોપાવે છે પોતે રૂક્ષ હોવાથી તે માટી રસ વગેરેને પણ રૂક્ષ કરે છે. કાચી માટી સર્વ સ્રોતોને પુરી દે છે. તથા રોકી દે છે; તેથી ઈંદ્રિય બળ, દીપ્તિ, વીર્ય, અને સર્વ ધાતુઓના બળને હણી નાંખીને તુરત બળ, વર્ણ, અને અગ્નિનો નાશ કરનારો પાંડુરોગ થાય છે.

માટીના પાંડુનાં લક્ષણ.

मद्भक्षणाद्भवेत्पाण्डुस्तन्द्रालस्यनिपीडितः । सकासश्वासशूलार्त्तः सदाऽरुचिसमन्वितः ॥ शूनाक्षिकूटगण्डभ्रूःशूनपान्नाभिमेहनः । कृमिकोष्ठोऽतिसार्येत मलं सासृक्कफान्वितम् ॥

कृमिकोष्ठो उदराभ्यन्तरस्थकृमिर्भवेदित्यनेन सम्बध्यते । अतिसार्येत मलमिति कर्मकर्तृ तत्कर्मवत् मन्तव्यम् ॥ तस्मिन् कर्मण्यर्थेऽत्र यत्प्रत्ययः॥

માટી ખાવાથી થતા પાંડુરોગમાં ઘેન અને આળસ થાય છે. ઉધરસ, શ્વાસ, અને શૂળ થાય છે. હમેશાં અરૂચિ રહે છે. આંખનાં ડોળાં, ગાલ, ભ્રમર, પગ, નાભિ, અને લિંગ સૂજી જાય છે. કોઠામાં કૃમિ થાય છે અને લોહી તથા કફનો પાતળો દસ્ત થાય છે.

અસાધ્ય પાંડુના લક્ષણો.

ज्वरारोचकहृल्लासछर्दितृष्णाक्लमान्विताः । पाण्डुरोगी त्रिभिर्दोषैस्त्याज्यः क्षीणो हतेन्द्रियः ॥ पाण्डुरोगाच्चिरोत्पन्नः खरीभूतो न सिद्ध्यति । कालप्रकर्षात् शूनाङ्गो यो वा पीतानि पश्यति ॥ खरीभूतः अतिरूक्षितसर्वधातु. ॥

बद्धाल्पविट् सहरितं सकफं योऽतिसार्यते । दीनः श्वेतातिदिग्धाङ्गश्छर्दिमूर्छातृषान्वितः ॥ पाण्डुदन्तनखो यस्तु पाण्डुनेत्रश्च यो भवेत् । पाण्डुसङ्घातदर्शी च पाण्डुरोगी विनश्यति ॥

पाण्डुसङ्घातदर्शी पीतवर्णस्य राशिं पश्यति ॥

अन्तेषु शूनं परिहीनमध्यं म्लानं तथान्तेषु च मध्यशूनम् । गुदे मुखे शेफसि मुष्क-

योऽस्य शूनं प्रताम्यन्तमसंज्ञकल्पम् ॥ विवर्जयेत्पाण्डुकिनं यशोऽर्थी तथातिसारज्वरपीडितञ्च ॥

अन्तेषु हस्तपादादिषु । म्लान क्षीणम् । प्रताम्यन्तम् म्लानिं गच्छन्तम् । असंज्ञकल्पं मृतसदृशम् ॥

જ્વર, અરૂચિ, મોળ, ઉલટી, તરશ, અને ગ્લાનિવાળા, અને હણાયલી ઈંદ્રિયો વાળા, ત્રિદોષથી થયેલા પાંડુરોગીને છોડી દેવો. લાંબા કાળથી થયેલ અને બહુજ રૂક્ષ થયેલા ધાતુઓવાળાનો પણ ત્યાગ કરવો જોઇએ. લાંબા કાળથી સૂજેલા શરીરવાળો, સર્વત્ર પીળુ દેખનારો; બંધાયેલ થોડી વિષ્ટા પડીને પછી પાતળો કફ તથા સહિત લીલો ઝાડો પડતો હોય; તથા જે દીનતા, પરસેવો, ઉલટી, તરશ, તથા મુર્ચ્છાવાળો હોય; દાંત, નખ, નેત્ર, વગેરે પાંડુવર્ણનાં થઈ જઇને જે સર્વ પાંડુ વર્ણનુંજ દેખતો હોય, તે માણસ મરી જાય છે. હાથ પગો સૂજેલા હોય, મધ્ય ભાગમા સુકાયલો તથા સૂજેલો હોય, હાથ પગો સુકાયલા તથા ગુદાલિંગાદિ સૂજેલાં હોય, ગ્લાનિ તથા મૂર્ચ્છા થયા કરે, અતિસાર તથા જ્વરથી પીડા થતી હોય, એવા રોગીને યશની ઇચ્છાવાળા વૈદ્યે છોડી દેવો જોઇએ.

કમળાની સંપ્રાપ્તિ.

पाण्डुरोगी तु योऽत्यर्थं पित्तलानि निषेवते । तस्य पित्तमसृङ्मांसं दग्ध्वा रोगाय कल्पते ॥

पित्तम् कर्तृ दग्ध्वा सन्दूष्य रोगाय कामलारूपाय । पाण्डुरोगिण एवातिशयितपित्तलसेवया कामला भवति नायं नियमः । किन्तु कामला स्वतन्त्रापि भवति । यथा राजयक्ष्मा कासादुपेक्षिताद्भवति नायं नियमः । किन्तु राजयक्ष्मा स्वतन्त्रोऽपि भवति तद्वदेव ॥

જે પાંડુરોગવાળો અત્યંત પિત્ત કરનારા પદાર્થોનું સેવન કરતો હોય તેનું પિત્ત લોહીને તથા માંસને બાળીને કમળાનો રોગ ઉત્પન્ન કરે છે. જેમ ક્ષય રોગ ઉધરસની ઉપેક્ષાથીજ થાય એવો કાંઈ નિયમ નથી, તેમ પાંડુરોગવાળો પિત્ત કરનારા પદાર્થો ઘણા ખાય તો જ કમળો થાય એવો કાંઈ નિયમ નથી, પણ સ્વતંત્ર પણ થાય છે.

કમળાનું લક્ષણ.

हारिद्रनेत्रः सुभृशं हारिद्रत्वङ्नखाननः ।
पीतरक्तशकृन्मूत्रो भेकवर्णो हतेन्द्रियः ।
दाहाविपाकदौर्बल्यसदनारुचिकर्षितः ॥

हारिद्र हरिद्रावर्णम् । पीतरक्तशकृन्मूत्रः । पीते रक्ते वा शकृन्मूत्रे यस्य सः । भेकवर्णः गृहभेकवर्णः ॥

નેત્રો પીળાં હોય; ચામડી, નખ, અને મુખ અત્યંત પીળાં થયાં હોય, વિષ્ટા તથા મૂત્ર પીળાં અને રાતાં થયાં હોય, દેડકાના જેવો વર્ણ થઇને ઈંદ્રિયો હણાઈ ગઈ હોય; દાહ, અપચો, દુર્બળતા, અને અરૂચિ થઇ હોય; તે કમળાનાં ચિન્હો છે.

કમળાના ભેદ.

कामला बहुपित्तैषा कोष्ठशाखाश्रया मता ॥ एका कोष्ठाश्रया । अपरा शाखाश्रया ॥

બહુ પિત્તવાળો કમળો કોઠાનો અને શાખાનો, એમ બે પ્રકારનો થાય છે.

કોઠાના કમળાનું કષ્ટસાધ્યપણું.

कालान्तरात् खरीभूता कृच्छ्रा स्यात् कुम्भकामला ॥

કોઠાનો કમળો કુંભકામલા કહેવાય છે, તે ઘણા કાળનો હોય તો કષ્ટસાધ્ય થઇ જાય છે.

કોઠામાંના કમળાનું અરિષ્ટ.

छर्द्यरोचकहृल्लासज्वरक्लमनिपीडितः । नश्यति श्वासकासार्त्तो विड्भेदी कुम्भकामली ॥

કોઠામાં રહેલા કમળાવાળાને ઉલટી, મોળ, અરૂચિ, જ્વર, અને ગ્લાનિ હોય, તથા શ્વાસ અને ઉધરસ હોય, અને વિષ્ટા વારવાર થતી હોય, તે મરી જાય છે.

બને કમળાના અરિષ્ટનું લક્ષણ.

कृष्णपीतशकृन्मूत्रो भृशं शूनश्च मानवः। सरक्ताक्षिमुखश्छर्दिविण्मूत्रो यश्च ताम्यति । दाहरुचितृषानाहतन्द्रामोहसमन्वितः । नष्टाग्निसंज्ञः क्षिप्रं हि कामलावान्विपद्यते ॥

વિષ્ટા મૂત્ર કાળા પીળાં થયા હોય, બહુ સોજો થયો હોય, તથા આખ, મુખ, ઉલટી, વિષ્ટા, અને મૂત્ર રાતા થયા હોય, તેમજ ગ્લાનિ, દાહ, અરૂચિ, આફરો, તંદ્રા, અને મોહ થયો હોય, અગ્નિ અને સંજ્ઞા નાશ પામ્યા હોય. તે માણસ મરી જાય છે.

હલીમકનું લક્ષણ.

यदा तु पाण्डोर्वर्णः स्याद्धरितश्यावपीतकः । बलोत्साहक्षयस्तन्द्रा मन्दाग्नित्वं मृदुज्वरः ॥ स्त्रीष्वहर्षोऽङ्गमर्दश्च श्वासतृष्णारुचिभ्रमाः हलीमकं तदा तस्य विद्यादनिलपित्ततः ॥ पाण्डो पाण्डुरोगिण ॥

પાંડુરોગીનો વર્ણ લીલો, કાળો, અને પીળો થઇ જાય, બળ તથા ઉત્સાહ નાશ પામી જાય, નિદ્રા જેવુ આળસ અને અગ્નિ મદ પડી જાય, ઝીણો તાવ આવે તથા સ્ત્રીપર પ્રીતિ ન થાય, અગો ભાગે અને શ્વાસ, તૃષા, અરૂચિ, ભ્રમ એ થયા કરે, ત્યારે વાતપિત્તથી થયેલો હલીમક રોગ જાણવો.

પાડુરોગની ચિકિત્સા.

सप्तरात्रं नवां मूत्रैर्भावितश्चायसो रजाः । पाण्डुरोगप्रशान्त्यर्थं पयसा प्रपिबेन्नरः ॥ गोमूत्रसिद्धं मण्डूरचूर्णं सगुडमश्नतः । पाण्डुरोगः क्षयं याति पक्तिशूलश्च दारुणम् । आयोमलं सुसन्तप्तं भूयो गोमूत्रसाधितम् ॥ मधुसर्पिर्युतं लीढ्वा पाण्डुरोगी सुखी भवेत् ॥ पुनर्नवात्रिवृत् व्योषं विडङ्गं दारुचित्रकम् । कुष्ठं हरिद्रा त्रिफला दन्ती चव्यं कलिङ्गकम् ॥ कटुका पिप्पलीमूलं मुस्तं शृङ्गी च कारवी । यवानी कट्फलश्चेति पृथक् पलमितं समम् ॥ मण्डूरं द्विगुणं चूर्णाद्गोमूत्रेऽष्टगुणे पचेत् । गुडेन वटकान् कृत्वा तक्रणालोड्य तान् पिबेत् । पुनर्नवादिमण्डूरवटकोऽश्विविनिर्मितः ॥ पाण्डुरोगं निहन्त्याशु कामलाञ्च हलीमकम् । श्वासं कासं च यक्ष्माणं ज्वरं शोथं तथोदरम् ॥ शूलं प्लीहानमाध्मानमर्शांसि ग्रहणी कृमीन् । वातरक्तञ्च कुष्ठञ्च सेवनान्नाशयेत् ध्रुवम् ॥

अत्र पुनर्नवादि २१ प्रत्येक पल १ । लोहकिट्टचूर्ण पल ४२ । गोमूत्र पल १८४ । पुनर्नवादिमण्डूरः ॥ ॥

त्र्यूषणं त्रिफला मुस्तं विडङ्ग चित्रकं

तथा । एतानि नवभागानि नवभागा हतायसः । एतदेकीकृतं चूर्णं नरोऽष्टादशरक्तिकम् ॥ प्रलिह्यात् मधुसर्पिर्भ्यां पिबेत्तक्रेण वा सह ॥ गोमूत्रेण पिबेद्वापि पाण्डुरोगं विनाशयेत् । शोथं हृद्रोगमुदरं कृमिं कुष्ठं भगन्दरम् । नाशयेदग्निमान्द्यञ्च दुर्नामकमरोचकम् ॥ आर्द्रकस्य रसेनापि लिह्यात् कफसमृद्धिमान् ॥ अत्र नवायसलोह नवरक्तिकापरिमितं भक्षणीयम् । यत उक्तं रसप्रदीपे ॥

गुञ्जामेकां समारभ्य यावत् स्युर्नव रक्तिकाः । तावत् लोहं समश्नीयात् यथा दोषानलं नरः ॥ एवं सति प्रथमदिने त्र्यूषणादिसहितं रक्तिकाद्वयमितम् । प्रतिदिनं रक्तिकाद्वयं द्वयं वर्धयेत् । यावत् त्र्यूषणादिसहिता अष्टादश रक्तिका स्यु । ततस्ता. प्रतिदिनं खादेत् । इति नवायस चूर्णम् ॥

સાત રાત્રિ સૂધી ગોમૂત્રની ભાવના દીધી હોય એવા લોહનુ ચૂર્ણ પાંડુરોગ મટાડવા માટે માણુસે દૂધ સાથે ખાવુ.

ગોમૂત્રમા પકાવેલ લોઢાનું ચૂર્ણ ગોળ સાથે ખાવાથી પાડુરોગ તથા પિત્તનુ શળ મટે છે.

લોઢાના કીટાને અત્યંત તપાવીને પછી તેને ગોમૂત્રમા પકાવી મધ તથા ઘીમાં ચાટવાથી પાડુરોગ મટી જાય છે.

પુનર્નવાદિ મંડુર.

સાટોડી, નસોતર, સૂંઠ, મરી, પીપર, વાવડીંગ, દેવદાર, ચિત્રક, કઠ, હળદર, હરડાં, બેહેડાં, આમળાં, નેપાળો, ચવક, ઈંદ્રજવ, કડુ, પીપરીમૂળ, મોથ, કાકડાશીંગી, કલોંજીરૂં, અજમો, અને કાયફળ, એ દરેક ચાર ચાર તોલા લેવાં, એ સર્વ ચૂર્ણથી બમણું મડુર લેવુ, અને તે સર્વને આઠગણા ગોમૂત્રમા પકાવવું. પછી તેની ગોળમાં ગોળી વાળીને છાશ સાથે ખાવી. આ પુનર્નવાદિ મડુરવટક અશ્વિની કુમારોએ બનાવેલ છે. તે પાંડુરોગ કમળો, હલીમક, શ્વાસ, ઉધરસ, ક્ષય, જ્વર, સોજા, ઉદરરોગો, શૂળ, બરલ, આફરો, અર્શો, મરડો, કૃમિઓ, વાતરક્ત, અને કોઢનો નાશ કરી નાંખે છે.

નવાયસ ચૂર્ણ.

સૂંઠ, મરી, પીપર, હરડાં, બેહેડાં, આમળા, મોથ, વાવડીંગ, ચિત્રક, આ સર્વ એક એક ભાગ થઈને નવ ભાગ લેવાં, તથા લોહભસ્મ નવ ભાગ લેવી. એમને મેળવીને અઢાર રતિ જેટલું મધ તથા ઘીમા ચાટવું, અથવા છાશમા પીવું, અથવા ગોમૂત્રમાં પીવુ, એથી પાંડુરોગ, સોજા, છાતીના રોગ, ઉદરરોગ, કૃમિ, કોઢ, ભગંદર, અગ્નિમાંદ્ય, અને અર્શનો નાશ થાય છે. તે રૂચિ કરે છે, જેને કફ વધારે હોય તેણે તે આદાના રસ સાથે ચાટવું. (આ ચૂર્ણ નવ રતિભાર પણ ખાવાનું રસ રત્ન પ્રદીપમાં કહેલું છે.) નવરતિભાર થાય ત્યાં સુધી રોજ બબ્બે રતિભાર ચઢતે જવું એટલે નવમે દિવસે અઢાર રતિભાર થાય, તે ખાઇને પછી રોજ અઢાર રતિ ભાર ખાવું. એમ દોષ અને અગ્નિના પ્રમાણુમા તે ખાવું.

કમળાની ચિકિત્સા.

त्रिफलाया गुडूच्या वा दार्व्या मरिचकस्य वा । क्वाथो माक्षिकसंयुक्तः शीतलः कामलापहः ॥ अञ्जने कामलार्तानां द्रोणपुष्पीरसो हितः । गुडूचीपत्रकल्कं वा पिबे-

स्तक्रेण कामली ॥ धात्रीलोहरजोव्योषनिशासौद्राज्यशर्कराः । लीढा निवारयन्त्याशु कामलामुद्धतामपि ॥ कुम्भाख्यकामलायां तु हितः कामलिको विधिः ॥ गोमूत्रेण पिबेत् कुम्भकामलावान् शिलाजितुम् । दग्ध्वाक्षकाष्ठैर्मलमायसन्तु गोमूत्रनिर्वापितमष्टवारान् । विचूर्ण्य लीढं मधुना चिरेण कुम्भाह्वयं पाण्डुगदं निहन्ति ॥ अपहरति कामलार्त्तिं नस्येन कुमारिका जलं सद्यः ॥

ત્રિફળા, ગળો, દારૂહળદર, અથવા મરીનો ક્વાથ મધ નાંખીને પીવાથી કમળો મટે છે. કમળાવાળાને અંજનમાં કૂબાનાં પાનનો રસ હિતકારી છે. કમળાવાળાએ વળી ગળોનાં પાનનો કલ્ક છાશ સાથે ખાવો. આમળાં, લોહભસ્મ, સૂઠ, મરી, પીપર, હળદર, મધ, ઘી, સાકર, આ સર્વને ચાટવાથી ઉદ્ધત કમળો પણ મટી જાય છે. કુંભકામલામાં પણ કમળાની જ ચિકિત્સા હિતકારી છે. કુંભકામલાવાળાએ ગોમૂત્રમા શિલાજીત પીવો. લોઢાના કીટાને બેહેડાંનાં લાકડાથી બાળી બાળીને આઠવાર ગોમૂત્રમાં ઠારી તેનું ચૂર્ણ મધમા ચાટવાથી ઘણે કાળે કુંભકામલા મટી જાય છે. કુંવરના રસનું નસ્ય કમળાને એકદમ હણે છે.

હલીમકની ચિકિત્સા.

मारितं त्वायसश्चूर्णं मुस्ताचूर्णेन संयुतम् । खदिरस्य कषायेण पिबेद्धन्तुं हलीमकम् ॥ सितातिलबलायष्टीत्रिफलारजनीयुगैः । लोहं क्षिप्तास्समध्वाज्यं हलीमकनिवृत्तये ॥ अमृतलतारसकल्कं प्रसाधितं तुरगविड्विषः सर्पिः । क्षीरे चतुर्गुणे तद्वितरेच्च हलीमकार्त्तेभ्यः ॥ अमृतलताद्य घृतम् ॥

मधुरैरन्नपानैस्तं वातपित्तहरैर्हरेत् । कामलापाण्डुरोगोक्तां क्रियां चात्रोपयोजयेत् ॥

મારેલા લોઢાનું ચૂર્ણ તથા મોથનું ચૂર્ણ ખેરના ક્વાથમા પીવાથી હલીમક મટી જાય છે, સાકર, તલ, બળદાણા, જેઠીમધ, હરડા, બેડાં, આમળાં, હળદર, દારૂહળદર, તથા લોહભસ્મ એ સર્વ ઘી તથા મધમાં ચાટવાથી હલીમક મટે છે. ગળોની લતાના રસનો કલ્ક નાંખી તેનાજ રસમા ચોગણા દૂધ સાથે પકાવેલુ ઘેંશનું ઘી ખાવાથી હલીમક મટી જાય છે. (આને અમૃત લતાદ્ય ઘૃત કહે છે.) મધુર અન્ન પાનો તથા વાતપિત્તહર પદાર્થો કમળો તથા પાડુરોગવાળાને આપવાં.

સામાન્ય ચિકિત્સા.

फलत्रिकामृता वासा तिक्ताभूनिम्बनिम्बजः क्वाथः । क्षौद्रयुतोऽयं हन्याद्धलीमकं पाण्डुकामलारोगम् । त्र्यूषणं त्रिफला मुस्तं विडङ्गं चव्यचित्रकम् । दार्वी स्वर्णमाक्षिको धातुर्ग्रन्थिको देवदारु च ॥ एषां द्विपलिकान् भागान् कृत्वा चूर्णं पृथक् पृथक् । मण्डूरचूर्णं द्विगुणं शुद्धमञ्जनसन्निभम् ॥ मूत्रे चाष्टगुणे पक्त्वा तस्मिन् तत्प्रक्षिपेत्ततः । उदुम्बरसमाकारान् वटकांस्तान् यथाग्नि च ॥ उपयुञ्जीत तक्रेण जीर्णे सात्म्यञ्च भोजनम् । मण्डूरवटिका ह्येषा प्राणदा पाण्डुरोगिणाम् ॥ कुष्ठानि जठरं शोथमूरुस्तम्भं कफामयान् । अर्शांसि कामलां मेहं प्लीहानं शमयन्ति च ॥

त्र्यूषणादिमण्डूरवटिका ॥

किराततिक्ता सुरदारु दार्वी मस्ता गुडूची कटुका पटोलम् । दुरालभा पर्पटकं सनिम्बं कटुत्रिकं वह्निफलत्रिकञ्च ॥ फलं विडङ्गस्य समांशकानि सर्वैः समं चूर्णमथायसञ्च । सर्पिर्मधुभ्यां वटिका विधेया तक्रानुपानात् भिषजा प्रयोज्या ॥ निहन्ति पाण्डुञ्च हलीमकञ्च शोथं प्रमेहं ग्रहणीरुजञ्च । श्वासञ्च कासञ्च सरक्तपित्तमर्शांस्यथो वाग्ग्रहमामवातम् । व्रणांश्च गुल्मान् कफविद्रधिञ्च श्वित्रञ्च कुष्ठञ्च ततः प्रयोगात् ॥ इत्यष्टादशाङ्गलोहम् ॥

ત્રિફળા, ગળો, અરડુસો, કડુ, કરિયાતું, અને લીમડો, એમનો ક્વાથ મધ નાંખી પીવાથી હલીમક, કમળો, તથા પાંડુરોગ નાશ પામે છે.

ત્ર્યુષણાદિ મંડુર વટિકા.

સુંઠ મરી, પીપર, હરડાં, બેડાં, આમળાં, મોથ, વાવડંગ, ચવક, ચિત્રક, દારૂહળદર, તજ, સોનામુખી ધાતુ, પીપરીમૂળ, અને દેવદાર, એ દરેકના આઠ આઠ તોલા ચૂર્ણો જુદાં જુદા કરીને તેમાં શુદ્ધ આંજણ જેવું મંડુરનું ચૂર્ણ એ સર્વથી બમણું મેળવીને તે સર્વને આઠગણા ગોમૂત્રમાં પકાવવું. તેની ઉંબરાના ફળ જેવડી ગોળીઓ કરીને છાશ સાથે ખાવી અને તે પચી ગયા પછી હિતકર ભોજન કરવું પાંડુરોગીને આ મંડુર વટિકા આયુ આપનારી છે. તે કોઢ, ઉદરરોગ, સોજા, ઉરુસ્તંભ, કફના રોગો, અર્શો, કમળો, પ્રમેહો, અને બરલને પણ મટાડી દે છે.

અષ્ટાદશાંગલોહ.

કરિયાતું, દેવદાર, દારુહળદર, મોથ, ગળો, કડુ, પરવળ, ધમાસો, અઘેડો, લીમડો, ત્રિકટુ, ચિત્રક, ત્રિફળા, અને વાવડીંગનું સમભાગે ચૂર્ણ કરી તેમાં તે સર્વ એટલું લોહ ચૂર્ણ મેળવવું. તેની ઘી અને મધમાં ગોળી વાળીને તે છાશમાં ખાવી. તેથી પાંડુરોગ, હલીમક, સોજા, પ્રમેહ, મરડો, ઉધરસ, શ્વાસ, રક્તપિત્ત, અર્શો, બોલતાં અટકવાનો રોગ, આમવાત, વ્રણો, ગુલ્મ, કફ, રોગો, વિદ્રધિ, શ્વિત્ર, અને કોઢ મટી જાય છે.

પથ્યભોજન.

यवगोधूमशाल्यन्नैः रसैर्जाङ्गलजैर्हितैः ॥ मुद्राढकीमसूराद्यैरेषु भोजनमिष्यते ॥

एषु पाण्डुरोगकामलाहलीमकेषु । इति पाण्डुरोगकामलाहलीमकाधिकारः ॥

જવ, ઘઉં, અને ચોખાનાં અન્નો, તથા જાંગલમાંસો, તુવેર, મગ, અને મસૂરનાં ભોજનો આપવાં.

રક્તપિત્તનો અધિકાર.

નિદાન તથા સંપ્રાપ્તિ.

घर्मव्यायामशोकाध्वव्यवायैरतिसेवितैः । तीक्ष्णोष्णक्षारलवणैरम्लैः कटुभिरेव च ॥ पित्तं विदग्धं स्वगुणैर्विदहत्याशु शोणितम् ॥

तीक्ष्णं मरिचादि । उष्णमग्नितापादि ॥ क्षारो यवक्षारादिः । विदग्धं दूषितम् । स्वगुणैः स्वकारणैर्गुणैस्तीक्ष्णादिभिः । गुणैरिति बहुत्वेन तीक्ष्णाम्ललवणकटूष्णधर्माद्यो गृह्यन्ते । विदहति दूषयति ॥

ઘામ, કસરત, શોક, પંથ, અને મૈથુન બહુ સેવવાથી, તીક્ષ્ણ, ગરમ, ખારાં, ખાટાં, અને તીખાં અન્નાદિકથી દૂષિત થયેલું પિત્ત, પોતાના ગુણોથી એકદમ લોહીને દૂષિત કરી નાંખે છે. (તીક્ષ્ણ એટલે મરી વગેરે પદાર્થો, ઉષ્ણ એટલે અગ્નિનો તાપ વગેરે, ક્ષાર એટલે જવખાર વગેરે.)

રક્તપિત્તનું સામાન્ય લક્ષણ.

ततः प्रवर्त्तते रक्तमूर्ध्वञ्चाधो द्विधापि वा ।

अत्र रक्तमित्युपलक्षणम् । तेन ससृष्ट पित्तञ्च । अतएव रक्तञ्च पित्तञ्च रक्तपित्तमिति द्वन्द्व इति सुश्रुत. । रक्तञ्च तत्पित्तं चेति कर्मधारयश्च । कारणत्रयात् रागप्राप्त पित्तं रक्तपित्तमित्युच्यते इति उभयत्रापि न दोषः ॥

कारणत्रयमाह । संयोगात् दूषणात् तत्तु सामान्याद्गन्धवर्णयोः । रक्तं पित्तं समाख्यातं रक्तपित्तं मनीषिभिः ॥

એ પ્રમાણે પિત્તથી દૂષિત થયેલું લોહી ઉપર તથા નીચે ગતિ કરે છે, તે રક્તપિત્ત કહેવાય છે. સુશ્રુતે રક્ત (લોહી) અને પિત્ત એ બન્નેનું જે વેહેવું તેને 'રક્તપિત્ત' કહેલું છે. પણ બીજાઓ તો એમ કહે છે કે—" રક્ત એટલે રાતા રંગનું પિત્ત વહે છે તે રક્તપિત્ત કહેવાય છે." ત્રણ કારણથી રગાયેલું પિત્ત તે રક્તપિત્ત છે, માટે એ બન્ને રીતે જોતાં કશો દોષ નથી. રુધિર અને પિત્તના સયોગથી, પિત્તથી રક્ત દૂષિત થવાથી, અને એ બન્નેના ગધ તથા વર્ણની સમાનતાથી, તે રક્ત અને પિત્ત બે હોવાથી વિદ્વાનોએ તેને રક્તપિત્ત કહેલું છે.

રક્તપિત્તના વહન માર્ગો.

ऊर्ध्वं नासाक्षिकर्णास्यैर्मेढ्रयोनिगुदैरधः । कुपितं रोमकूपैश्च समस्तैस्तत्प्रवर्त्तते ॥

कुपित पित्तम् ॥

ઉર્ધ્વ પિત્ત નાક, કાન, નેત્ર, તથા મુખમાંથી, અને અધોપિત્ત શિશ્ન, યોનિ, અને ગુદામાંથી, તેમજ કોપ પામે છે તો સર્વ રૂવાડાંના છિદ્રોમાંથી પણ તે બહાર વહે છે.

રક્તપિત્તનું પૂર્વરૂપ.

सदनं शीतकामित्वं कण्ठधूमायनं वमिः । लोहगन्धश्च निःश्वासो भवत्यस्मिन् भविष्यति ॥

ગ્લાનિ, શીતતાની ઇચ્છા, ગળામાં ધુવાડા જેવુ, વમન, લોહાના જેવો ગંધ, અને નિઃશ્વાસ એ રક્તપિત્તમાં પ્રથમથી થાયછે.

કફ સંબંધી રક્તપિત્તનું લક્ષણ.

सान्द्रं सपाण्डु सस्नेहं पिच्छिलं च कफान्वितम् ॥

આ પિત્ત ઘાટું, પીંગળું, ચીકણું, અને તંતુવાળુ નીકળે છે.

વાતિક રક્તપિત્તનું લક્ષણ.

श्यावारुणं सफेनञ्च तनुरूक्षञ्च वातिकम् ॥

આ પિત્ત કાળું, રાતું, ફીણવાળું, પાતળુ, અને રૂક્ષ નીકળે છે

પિત્ત સંબંધી રક્તપિત્તનું લક્ષણ.

रक्तपित्तं कषायाभं कृष्णं गोमूत्रसन्निभम् । मेचकागारधूमाभमञ्जनाभञ्च पैत्तिकम् ॥

मेचकम् चिक्कण कृष्णवर्णम् । अञ्जन स्रोतोञ्जन तदाभम् ॥

આ પિત્ત ક્વાથ જેવું, ચીકણું કાળા રંગનું, ગોમૂત્ર જેવું, કોયલા જેવું, અંગારાના ધુમાડા જેવું, અને આજણ જેવું નીકળે છે.

માર્ગના ભેદ.

संसृष्टलिङ्गसंसर्गाद् त्रिलिङ्गं सान्निपातिकम् । ऊर्ध्वगं कफसंसृष्टमधोगं मारुतानुगम्॥ द्विमार्गं कफवाताभ्यामुभाभ्यां तत्प्रवर्त्तते॥

બે બે દોષના સંસર્ગોથી મિશ્ર ચિન્હો, અને ત્રણે દોષથી સર્વે ચિન્હો જણાય છે. કફથી રક્તપિત્ત ઊંચે માર્ગે જાય છે, વાયુથી નીચે જાય છે, અને કફ તથા વાયુથી તે બંને માર્ગે જાય છે

રક્તપિત્તના ઉપદ્રવો.

दौर्बल्यं श्वासकासज्वरवमथुमदाः पाण्डुतादाहमूर्छा भुक्ते घोरो विदाहस्त्वधृतिरपि सदा हृद्यतुल्या च पीडा । तृष्णा कोष्ठस्य भेदः शिरसि च तपनं पूयनिष्ठीवनश्च द्वेषो भक्तेऽविपाको विकृतिरपि भवेद्रक्तपित्तोपसर्गात् ॥ विकृतिः मासप्रक्षालनाभत्वादि ॥

રક્તપિત્તથી દુર્બળતા, શ્વાસ, ઉધરસ, જ્વર, ઉલટી, મદ, પાંડુતા, દાહ મૂર્છા, જમ્યા પછી ભયંકર દાહ, અધીરતા, હંમેશાં હૃદયમાં પીડા, તૃષા, કોઠામાં ભેદાવું, માથામાં તાપ, થૂકમાં પરુનું પડવું, અન્ન ઉપર દ્વેષ, અપચો, અને માંસના ધોણ જેવું, ઇત્યાદિ વિકારો થાય છે.

સાધ્યાસાધ્યપણું.

एकदोषानुगं साध्यं द्विदोषात् याप्यमुच्यते । यत्त्रिदोषमसाध्यं स्यान्मन्दाग्नेरतिवेगवत् ॥ ऊर्ध्वं साध्यमधो याप्यमसाध्यं युगपद्गतम् । व्याधिभिः क्षीणदेहस्य वृद्धस्याऽनश्नतस्तु यत् ॥

એક દોષથી હોય તો તે સાધ્ય છે બે દોષથી હોય તો કષ્ટસાધ્ય છે, અને ત્રણે દોષોથી હોય તો તે અસાધ્ય છે અને તે મંદાગ્નિ વેગથી થાય છે. ઉપર જનારૂં સાધ્ય છે, નીચે જનારૂ કષ્ટસાધ્ય છે, અને બંને માર્ગે જનારૂ અસાધ્ય છે. વ્યાધિઓથી ક્ષીણ થઈ ગયેલા દેહવાળાને, વૃદ્ધને, અને નહિ જમી શકનારને થાય, તો તે અસાધ્ય છે.

સાધ્યનું વિવેચન.

एकमार्गं बलवतो नातिवेगं नवोत्थितम् । रक्तपित्तं सुखे काले साध्यं स्यान्निरुपद्रवम् ॥ सुखे काले हिमाशिशिरयो ॥

એકમાર્ગ જનારૂં હોય, બળવાનને થયું હોય, બહુ વેગ વગરનુ હોય, તુરતનુંજ થયેલું હોય, હેમંત અને શિશિર ઋતુના સંબંધવાળુ હોય, અને ઉપદ્રવો વગરનું હોય, તો તે રક્તપિત સાધ્ય છે.

અસાધ્યનું વિવેચન.

मांसप्रक्षालनाभं क्वथितमिव च यत् कर्दमांभोनिभं वा मेदः पूयास्रकल्पं यकृदिव यदि वा पक्वजम्बूफलाभम् । यत्कृष्णं यच्च नीलं भृशमपि कुणपं यत्र चोक्ता विकारास्तद्वर्ज्यं रक्तपित्तं सुरपतिधनुषा यच्च तुल्यं विभाति ॥ उक्ता विकारा दौर्बल्यादयः । सुरपतिधनुषा तुल्यं नानावर्णम् ॥

येन चोपहतो रक्तं रक्तपित्तेन मानवः । पश्येद् भृशं वियच्चापि तदसाध्यमसंशयम्॥

येन रक्तपित्तेनोपहतः मनुष्यः दृश्यं घटपटादिकं रक्तं पश्यति स नश्यति वियच्चापि अदृश्यमपीत्यर्थः॥

માસના ધોણુ જેવું, ઉકાળા જેવું, ગારાના પાણી જેવું, અને મેદ પરુ અથવા લોહી જેવું, જમણુા પડખાની ગાંઠ જેવુ કે પાકેલા જાબુ જેવુ, કાળું મોરના કંઠ જેવુ, કે મુડદાના જેવી ગધવાળું, અથવા પૂર્વે કહેલા ઉપદ્રવોવાળું, અને ઇંદ્ર ધનુષ્યના જેવા વિવિધ રંગોવાળું હોય, તો તે રક્તપિત્ત અસાધ્ય છે. રક્તપિત્તવાળો જે માણુસ ઘડો કે વસ્રાદિ દૃશ્યા પદાર્થોને તથા આકાશાદિ અદૃશ્ય પદાર્થોને અત્યંત રાતાં દેખે છે, તેનું રક્તપિત્ત પણુ અસાધ્ય છે, તેમાં સંશય નથી.

રક્તપિત્તનું અરિષ્ટ.

लोहितं छर्दयेद्यस्तु बहुशो लोहितेक्षणः। लोहितोद्गारदर्शी च म्रियते रक्तपैत्तिकः ॥

लोहितोद्गारदर्शी व्याधिमहिम्नोद्गारमपि लोहित पश्यतीत्यर्थ. ॥

આંખોમાં બહુજ રતાશ આવી ગઈ હોય, ઉલટીમાં લોહી પડે, અને ઓડકાર પણુ રાતા દેખતો હોય, તો તે માણુસ મરી જાય છે.

રક્તપિત્તની ચિકિત્સા.

पित्तास्रं स्तम्भयेन्नादौ प्रवृत्तं बलिनो यतः । हृत्पाण्डुग्रहणीरोगप्लीहगुल्मज्वरादिकृत् ॥ शालिषष्टिकनीवारकोरदूषप्रसाधिकाः॥ श्यामाकाश्च प्रियङ्गुश्च भोजनं रक्तपित्तिनाम् ॥ प्रियङ्गु कङ्गु ॥

मसूरमुद्गचणकाः समकुष्ठाढकीफलाः । प्रशस्ताः सूपयूषार्थे कल्पिता रक्तपित्तिनाम्॥ दाडिमामलकं विद्वानम्लार्थञ्चापि दापयेत् । पटोलनिम्बन्यग्रोधप्लक्षवेतसपल्लवाः ॥ शाकार्थे शाकसात्म्यानां तण्डुलीयादयो हिताः । पारावतान् कपोतांश्चलावान् रक्ताक्षवर्त्तकान् ॥ शशान् कपिञ्जलानेणान् हरिणान् कालपुच्छकान् । रक्तपित्तहरान् विद्याद्रसांस्तेषां प्रयोजयेत् । ईषदम्लाननम्लांश्च घृतभृष्टान् ससैन्धवान् ॥ कफानुगे यूषशाकान् दद्याद्वातानुगे रसम् । पथ्यं सतीनयूषेण ससितैर्लाजसक्तुभिः॥ धान्याकधात्रीवासानां द्राक्षापर्पटयोर्हिमः । रक्तपित्त ज्वरं दाहं तृष्णां शोषञ्च नाशयेत् ॥

धान्यकादिर्हिमः ॥

ह्रिबेरमुत्पलं चैव चन्दनं यष्टिकामृता । उशीरञ्च त्रिवृच्चैषा क्वाथं समधुशर्करम् ॥ पाययेत्तेन सद्यो हि रक्तपित्तं प्रणश्यति । रक्तपित्तं जयत्युग्र तृष्णा दाहं ज्वरं तथा ॥ पद्मोत्पलाना किञ्जल्कः पृश्निपर्णी प्रियङ्गुका । जले साध्या रसे तस्मिन् पेया स्यात् रक्तपित्तिनाम् । वासापत्रसमुद्भूतो रसः समधुशर्करः ॥ क्वाथो वा हरते पीतो रक्तपित्तं सुदारुणम् । पिष्टाना वृषपत्राणां पुटपाकरसो हिमः ॥ समधुर्हरते रक्तपित्तं कासज्वरक्षयान् । उत्पलं कुमुदं पद्मं कल्हारं लोहितोत्पलम् ॥ मधुकश्चेति पित्तास्रकृत्तृष्णाछर्दिहरो गणः । वासायां विद्यमानायामाशां जीवितस्य च । रक्तपित्ती क्षयी कासी किमर्थमवसीदति ॥ आटरूषकमृद्वीकापथ्याक्वाथः सशर्करः । क्षौद्राढ्यः सकलश्वासरक्तपीत्तनिबर्हणः ॥ दूर्वा सोत्पलीकञ्जल्कमञ्जिष्ठा शैलवालुका । शीता शीतमुशीरञ्च मुस्तं चन्दनपद्मकम् ॥ विपचेत् कार्षिकैरे-

तैरार्जं प्रस्थमिमं घृतम् । तण्डुलाना जलं छागीक्षीरं दद्याच्चतुर्गुणम् ॥ तत्पानं वमतो रक्तं नावनं नासिकागते । कर्णाभ्यां यस्य गच्छेत्तु तस्य कर्णौ प्रपूरयेत् ॥ चक्षुः स्रवति रक्तश्चेत् पूरयेत्तेन चक्षुषी । मेढ्रपायुप्रवृत्ते तु बस्तिकर्मसु योजयेत् ॥ रोमकूपप्रवृत्ते तु तदभ्यङ्गं प्रयोजयेत् । सर्वेषु रक्तपित्तेषु तस्मात् श्रेष्ठमिदं घृतम् ॥ इति दूर्वाद्यं घृतम् ॥

मृद्वीकां चन्दनं लोध्रं प्रियङ्गुं च विचूर्णयेत् । चूर्णमेतत् पिबेत् क्षौद्रवासारससमन्वितम् । नासिकामुखपायुभ्यो योनिमेढ्रादि वेगितम् । रक्तपित्तं स्रवद्धन्ति सिद्ध एष प्रयोगराट् ॥ यच्च शस्त्रक्षतेनैव रक्तं तिष्ठति वेगत । तदप्येतेन चूर्णेन तिष्ठत्येवावचूर्णितम् ॥ इक्षूणां मध्यकाण्डानि सकन्दं नीलमुत्पलम् । केशरं पुण्डरीकस्य मोचामधुकपद्मकैः ॥ कट्फरोहमुक्ताश्च द्राक्षाखर्जूरमेव च । एतानि समभागानि कषायं सम्प्रकल्पयेत् ॥ उषितं मधुसंयुक्तं पाययेच्छर्करान्वितम् । सप्तमेहं रक्तपित्तं क्षिप्रमेतन्नियच्छति ॥ द्राक्षया फलिनीभिर्वा प्रियालमधुकेन वा । श्वदंष्ट्रया शतावर्या रक्तजित्साधितं पयः ॥ पक्वोदुम्बरकाश्मर्यैः पथ्याः खर्जूरगोस्तनाः । मधुना घ्नन्ति संलीढा रक्तपित्तं पृथक् पृथक् ॥ अत्र काश्मर्याः फलमेव ग्राह्यं फलसाहचर्यात् ॥

अतिनिःस्रुतरक्तो वा क्षौद्रयुक्तं पिबेदसृक् ॥ सकृद्वा भक्षयेदाज्यं मांसं वा पित्तसंयुतम् । नासाप्रवृत्तरुधिरं घृतभृष्टं श्लक्ष्णपिष्टमामलकम् ॥ सेतुरिव तोयवेगं रुणद्धि मूर्ध्नि प्रलेपेन ॥ घ्राणप्रवृत्ते जलमाशु पेयं सशर्करं नासिकया पयो वा । द्राक्षारसं क्षीरयुतं पिबेद्वा सशर्करं चेक्षुरसं हिताय ॥ नस्ये दाडिमपुष्पस्य रसो दूर्वाभवोऽपि वा । आम्रास्थिजः पलाण्डोर्वा नासिकास्राविरक्तजित् । पुराणं पीनमानीय कूष्माण्डस्य फलं बृहत् ॥ तद्बीजाधारबीजत्वक् शिराशून्यं समाचरेत् । ततस्तस्य तुलां नीत्वा पचेज्जलतुलाद्वये ॥ तस्मिन्नीरेऽर्धशिष्टे तु यत्नतः शीतलीकृते ॥ तानि कूष्मांडखंडानि पीडयेद्दृढवाससा । यत्नतस्तज्जलं नीत्वा पुनः पाकाय धारयेत् कूष्माण्डं शोषयेद्धर्मे ताम्रपात्रे ततः क्षिपेत् । क्षिप्त्वा तत्र घृतं प्रस्थं कूष्मांडं तेन भर्जयेत् । मधुवर्णं तदालोक्य तज्जलं तत्र निःक्षिपेत ॥ सितायाश्च तुलां तत्र क्षिप्त्वा तल्लेहवत् पचेत् ॥ सुपक्वे पिप्पलीशुण्ठीजीराणां द्विपले पृथक् ॥ पृथक् पलार्धं धान्याकं पत्रैलामरिचत्वचम् । चूर्णमेषां क्षिपेत्तत्र घृतार्धं क्षौद्रमावपेत् । एतत्पलमितं खादेदयथाग्निबलं यथा ॥ खण्डकूष्माण्डलेहोऽयं रक्तपित्तञ्च नाशयेत् । पित्तज्वरं तृषां दाहं प्रदरं कृशतां वमिम् ॥ कासं श्वासञ्च हृद्रोगं स्वरभेदं क्षतं क्षयम् । नाशयत्येव वृद्धिश्च बृंहणो बलवर्द्धनः ॥

इति खण्डकूष्माण्डलेहः ॥

पुराणं पीनमानीय कूष्माण्डस्य फलं दृढम् । तद्बीजाधारबीजत्वक् शिराशून्यं

समाचरेत् ॥ ततोऽतिसूक्ष्मखण्डानि कृत्वा तस्य तुलां पचेत् ॥ गोदुग्धस्य तुलामध्ये मन्देऽग्नौ विपचेच्छनैः ॥ शर्करायास्तुलां सार्धां गोघृतं प्रस्थमात्रकम् । प्रस्थार्धं माक्षिकञ्चापि कुडवं नारिकेरतः ॥ प्रियालफलमज्जानं द्विपलं तिखुरी पलम् । क्षिपेदेकत्र विपचेल्लेहवत्साधु साधयेत् ॥ भिषक् सुपक्वमालोक्य ज्वलनादवतारयेत् । कोष्णे तत्र क्षिपेदेषां चूर्णं तानि वदाम्यहम् ॥ एकोऽक्ष· शतपुष्पाया अथ क्षीरी यवानिका । गोक्षुरः क्षुरकः पथ्या कपिकच्छूफलानि च ॥ सप्तमी त्वक् च सर्वेषामक्षयुग्मं पृथक् पृथक् । धान्यकं पिप्पली मुस्तमश्वगन्धा शतावरी ॥ तालमूली नागबला बालकं पत्रकं शटी । जातीफल लवङ्गञ्च सूक्ष्मैला बृहदेलिका ॥ शृङ्गाटकं पर्पटकं सर्वं पलमितं पृथक् । चन्दनं नागरन्धात्रीफलञ्चापि कशेरुकम् ॥ प्रत्येकं पञ्च कर्षाणि चत्वार्येतानि निःक्षिपेत् । पलद्वयमुशीरस्य प्रवाणस्योषणस्य च ॥ कूष्माण्डस्यावलेहोऽयं भक्षितः पलमात्रया। किं वा यथावह्निबलं भुक्त्वा रोगान् विनाशयेत् ॥ रक्तपित्तं शीतपित्तमम्लपित्तमरोचकम् । वह्निमान्द्यं सदाहञ्च तृष्णां प्रदरमेव च रक्तार्शोऽपि तथा छर्दिं पाण्डुरोगञ्च कामलाम् । उपदंशं विसर्पञ्च जीर्णञ्च विषमं ज्वरम् ॥ लेहोऽयं परमो वृष्यो बृंहणो बलवर्द्धनः । स्थापनीयः प्रयत्नेन भाजने मृण्मये नवे ॥

इति बृहत्कूष्माण्डावलेह ॥

कूष्माण्डकस्य स्वरसं पलानां शतमात्रया । रसतुल्यं गवां क्षीरं धात्रीचूर्णं पलाष्टकम् ॥ मृद्वग्निना पचेत्तावद्यावद्भवति पिण्डवत् । धात्रीतुल्या सिता योज्या पलार्धं लेहयेदनु ॥ खण्डकूष्माण्डकं ह्येतत् भुक्तमभ्यासतो हरेत् । रक्तपित्तमम्लपित्तं दाहं तृष्णाञ्च कामलाम् ॥ इति खण्डकूष्माण्डकम् ॥

शतावरी च्छिन्नरुहा वृषोमुण्डतिकाबलाः । तालमूली च गायत्री त्रिफलायास्त्वचस्तथा ॥ भार्गी पुष्करमूलञ्च पृथक् पञ्च फलानि च । जलद्रोणे विपक्तव्यमष्टभागावशेषितम् ॥ दिव्योषधिहतस्यापि माक्षिकेण हतस्य वा । पलद्वादशकं देयं रुक्मलोहस्य चूर्णितम् । खण्डतुल्यं घृतं देयं पलं षोडशकं बुधैः ॥ पचेत्ताम्रमये पात्रे गुडपाको मतो यथा ॥ प्रस्थार्धं मधुनो देयं शुभाश्म जतुकस्य च । शृङ्गी कृष्णा विडङ्गञ्च शुण्ठ्यजाजी पलं पलम् ॥ त्रिफला धान्यकं पत्रं कणा मरिचकेशरम् । चूर्णं दत्वा सुमथितं स्निग्धे भाण्डे निधापयेत् यथाकालं प्रयुञ्जीत बिडालपदमात्रकम् । गव्यक्षीरानुपानं च सेव्यो मांसरसः पयः । गुरुवृष्यान्नपानानि स्निग्धमांसादिबृंहणम् । रक्तपित्तं क्षयं कासं पार्श्वशूलं विशेषतः ॥ वातरक्तं प्रमेहञ्च शीतपित्तं वमिं क्लमम् । श्वयथुं पाण्डुरोगञ्च कुष्ठं प्लीहोदरं तथा ॥ आनाहं मूत्रसंस्रावमम्लपित्तं निहन्ति च । चक्षुष्यं बृंहणं वृष्यं मङ्गलं प्रीतिवर्द्धनम् ॥ आरोग्यपुत्रदं श्रेष्ठं कामा-

ग्निबलवर्द्धनम् । श्रीकरं लाघवश्चैव खण्डखाद्यं प्रकीर्तितम् ॥ छागपारावतं मांसं तित्तिरिः क्रकरः शशः । कुरङ्गः कृष्णसारश्च मांसमेषां प्रयोजयेत् ॥ नारिकेरपयःपानं सुनिषण्णकवास्तुकम् । शुष्कमूलकजीवाख्यं पटोलं बृहतीफलम् ॥ वार्त्ताकं पक्वमाम्रञ्च खर्जूरं स्वादु दाडिमम् । ककारपूर्वकं यच्च मांसञ्चानूपसम्भवम् । वर्जनीयं विशेषेण खण्डखाद्यं समश्नता । लोहान्तरवदत्रापि पुटनादि क्रियेष्यते । न पुनर्माक्षिकेणैव शिलयैव हि मारणम् ॥

मार्गी वभनेटी । दिव्यौषधी मन शिला । रुक्मलौह अजवेली इति लोके । सुनिषण्णश्चौपत्रीशाकविशेष । जीवन्ती जीव इति शाकविशेषः । ककारपूर्वक कटुक कालशाकं कूष्माण्ड कर्कटी कर्कोटककलिङ्गकर्कन्धुकरमर्दककारीरकतककशेरुकाञ्जिक इत्यादि वर्जनीयम् । इति खण्डखाद्य लोहम् ॥

शतावरी मूलकल्कं कल्कात् क्षीरं चतुर्गुणम् । क्षीरतुल्यं घृतं गव्यं सितया कल्कतुल्यया ॥ घृतशेषं पचेत्तत्तु पलार्धं लेहयेत् सदा । रक्तपित्तं ह्यम्लपित्तं क्षयं श्वासञ्च नाशयेत् ॥ शतावरीपाकः । इति रक्तपित्ताधिकारः ॥

બળવાન્ માણસને થયેલા રક્તપિત્તને એકદમ અટકાવવું નહિ, કેમ કે તેમ કરવાથી છાતીનો રોગ, પાંડુરોગ, ગ્રહણી રોગ, બરલનો રોગ, ગુલ્મરોગ અને જ્વર વગેરે થાયછે રક્તપિત્તવાળાને ચોખા, સાઠીચોખા, નાનવી, કોદરા, પ્રસાધિકા નામનો ભાત, શાથો અને કાંગનું ભોજન આપવું. દાળ તથા યૂષમાં મસૂર, મગ, ચણા, મઠ અને તુવેર આપવી. ખટાઇમાં દાડમ અને આમળાં આપવાં. શાક જો અનુકૂળ પડે તો પરવળ, હીમડો, વડ તથા પીપળાનાં કુળો, નેતરનાં પાન અને તાદળજો વગેરે આપવા માંસમાં કબૂતર, હોલા, લાવાં, પાડા, બટાઉડાં, સસલા, તેતર, કાળિયાર, હરણ અને કાલપુચ્છપક્ષીના માંસના રસાઓ આપવા, કેમકે તે રક્તપિત્તને હરનાર છે. કહ્યું રક્તપિત્ત હોય તો કંઇક ખાટા કે ખટાઈ વગરનાં, ઘીમાં તળેલા સૈંધવવાળા શાકો અને યૂષો આપવાં. વાયુવાળાને વટાણાના યૂષની સાથે અને ચોખાની ધાણીના સાકર નાખેલા સાથવા સાથે માંસરસ આપવો.

ધાન્યકાદિ હિમઃ—ધાણા, આમળાં, અરડુસો, દ્રાક્ષ, અને ખડસલિયાનું હિમ પીવાથી રક્તપિત્ત, જ્વર, દાહ, તૃષા, અને શોષનો નાશ થાય છે. આને ધાન્યકાદિ હિમ કહે છે.

વાળો, કમળ, ધાણા, ચંદન, જેઠીમધ, ગળો, કાળો વાળો, અને નસોતરનો ક્વાથ મધ તથા સાકર નાંખીને પીવાથી રક્તપિત્તનો તુરત નાશ થાય છે.

પદ્મ તથા ઉત્પલના કેસરાઓ ઉગ્ર રક્તપિત્ત, તૃષા, દાહ, અને જ્વરને મટાડે છે.

નાનો સમેરવો અને વઉલાનો ક્વાથ કરી તેમા પકાવેલી પેયા રક્તપિત્ત માટે સારી છે.

અરડૂસીનાં પાનનો સ્વરસ અથવા ક્વાથ મધ અને સાકર નાંખીને પીવાથી દારૂણ રક્તપિત્ત પણ મટી જાય છે.

અરડૂસીના પાનનો પુટપાક પકાવી કરેલો રસ અથવા તેના હિમમાં મધ નાખીને

પીવાથી રક્તપિત્ત, ઉધરસ, જ્વર, અને ક્ષયનો નાશ થાય છે.

ઉત્પલ, પોયણાં, પદ્મ, કલ્હાર, તથા રાતું કમળ, તથા જેઠીમધ, એ ગણ રક્તપિત્ત, તૃષા, અને ઉલટીને મટાડે છે.

અરડૂસી હયાત છે અને જીવવાની આશા પણ છે તો પછી રક્તપિત્ત, ઉધરસ, અને ક્ષય શું કરી શકે તેમ છે ?

અરડૂસી, દ્રાક્ષ, અને હરડેનો ક્વાથ સાકર તથા મધ નાંખીને પીવાથી સર્વ પ્રકારના શ્વાસો અને રક્તપિત્ત મટી જાય છે.

દૂર્વાદ્યઘૃત—ધરો, કમળકેસરા, મજીઠ, એલુકબાબ, બળદાણા, કપૂર, વાળો, મોથ, ચંદન, અને પદ્મક, એ દરેક એક એક તોલો લેઇ તેના કલ્કથી ચોગણા ચોખાના ધોણ તથા બકરીના દૂધથી બત્રીસ તોલા ભાર બકરીનુ ઘી પકાવવુ. લોહીની ઉલટી થતી હોય તો એ ઘી પાવું, નાકમાંથી લોહી નીકળતું હોય તો તેનુ નસ્ય દેવું, કાનમાથી લોહી પડતું હોય તો કાનમા પૂરવુ, નેત્રોમાંથી રક્ત પડે તો નેત્રોમા નાંખવું, લિંગ કે ગુદામાંથી લોહી નીકળતું હોય તો તેમા એ ઘીની પીચકારી મારવી, અને રૂવાડાંમાથી લોહી સવતું હોય તો આ ઘીનો અભ્યંગ કરવો. સર્વ પ્રકારનાં રક્તપિત્તો ઉપર આ ઘી ઉપયોગી છે, માટે તે શ્રેષ્ઠ ઉપાય છે. એને દૂર્વાદ્ય ઘૃત કહે છે.

દ્રાક્ષ, ચદન, લોદર અને ઘઉંલાનું ચૂર્ણ મધ તથા અરડુસીના રસની સાથે પીવાથી મુખ, ગુદા, યોનિ, અને લિંગ વગેરેમાંથી વેગ સહિત સવતું રક્તપિત્ત મટે છે આ ઉપાય સિદ્ધ અને ઉત્તમ છે. હથિયારથી થયેલા જખમમાંથી નીકળતા લોહીનો વેગ અટકતોજ ન હોય, તે પણ તેની ઉપર આ ચૂર્ણ ભભરાવવાથી એકદમ બંધ થાય છે.

શેલડીની વચલી કાતળીઓ, કંદ સહિત નીલકમળ, કમળ કેસરા, જેઠીમધ, કેળાં, કઠ, વડવાઇના અગ્રભાગ, દ્રાક્ષ અને ખજૂરને સમભાગે લઈ તેમનું હિમ કરી મધ તથા સાકર સાથે પીવાથી રક્તપિત્ત અને પ્રમેહ તુરત મટી જાય છે

દ્રાક્ષ તથા ઘઉંલો, અથવા રાયણ અને જેઠીમધ, અથવા ગોખરૂ અને શતાવરીથી પકાવેલુ દૂધ રક્તપિત્તનું મટાડે છે.

ઊંબરાનાં પાકાં ફળ, અથવા સીવણનાં ફળ, અથવા હરડે, ખજુર કે દ્રાક્ષને મધ સાથે ચાટવાથી રક્તપિત્તનો નાશ થાય છે.

જેનું લોહી ઘણુંજ સવી ગયુ હોય તેણે મધ સહિત લોહી પીવુ, અથવા મધ સહિત ઘી ખાવુ, અથવા પિત્તાં સહિત માંસ ખાવું.

નાકમાથી લોહી પડતું હોય તો આમળાંને ખૂબ વાટી, ઘીમા શેકી, તેનો માથા ઉપર લેપ કરવો, તેથી જેમ પાળથી પાણીનો વેગ રોકાય છે, તેમ લોહીનો વેગ અટકી જશે.

નાકમાંથી લોહી પડે તો તુરત સાકરનુ પાણી પીવું, અથવા નાકેથી દૂધ પીવું, અથવા દૂધ અને દ્રાક્ષનો રસ પીવો, અથવા સાકર સાથે શેરડીનો રસ પીવો, તેથી ઠીક થાય છે

દાડમના ફૂલ, ધરોનો રસ, આબાની ગોઠલીનો રસ, અથવા ડુંગળીના રસનું નસ્ય દેવાથી નાકમાથી ઝરતું લોહી બધ પડે છે.

ખંડકૂષ્માંડાવલેહ—જૂના, જાડા, અને મોટા કોહોળામાંથી બીજ, બીજનાં સ્થાનો, છાલ્ય અને નસો કાઢી નાંખીને માત્ર તેનો

ગર્ભ ૪૦૦ તોલાભાર લેવો, તેને ૮૦૦ તોલાભાર પાણીમા બાફવો. બફાતાં અરધું પાણી રહે એટલે ટાઢું પાડીને કપડાંમાંથી પાણી નીચોવી કાઢવું. પાણી જુદું રાખી મૂકવું, અને ગર્ભને તડકે સૂકવીને એક ત્રાબાના વાસણમાં ભરી ૬૪ તોલાભાર ઘીમાં તળવો, તળતાં જ્યારે રગ મધ જેવો થાય ત્યારે તેમાં પેલું રાખી મૂકેલું પાણી ૪૦૦ તોલાભાર સાકર નાંખી પાક કરવો. શીરા જેવું પાકી જાય એટલે તેમાં આઠ આઠ તોલાભાર પીપર, સૂંઠ અને જીરૂં, બે બે તોલાભાર ધાણા, તમાલપત્ર, એળચી, મરી તથા તજ, તથા બત્રીસ તોલાભાર મધ નાખવુ. આ ખંડ કૂષ્માંડાવલેહ સિદ્ધ થાય છે. તેમાંથી નિત્ય ચાર તોલાભાર અથવા અગ્નિના બળ પ્રમાણે ખાવાથી રક્તપિત્ત, પિત્તજ્વર, તૃષા, દાહ, પ્રદર, દૂબળાપણું, ઉલટી, ઉધરસ, શ્વાસ, છાતીના દરદો, સ્વરભેદ, ક્ષત, ક્ષય તથા વધરાળનો નાશ થાય છે, ધાતુઓ પુષ્ટ તથા બળવાન્ થાય છે.

બૃહત્કૂષ્માડાવલેહ—જુના, જાડા મજબૂત કોહોળામાંથી બીજ, બીજનાં સ્થાનો, છાલ્ય અને નસો કાઢી નાખીને રહેલા ગર્ભ માત્રના ઝીણા ટુકડા કરીને તેને ૪૦૦ તોલાભાર લેઈ ૪૦૦ તોલાભાર દુધમાં મંદઅગ્નિથી પકાવવા. પાકી જાય એટલે તેમાં ૬૦૦ તોલાભાર સાકર, ૬૪ તોલાભાર ગાયનું ઘી, ૩૨ તોલાભાર મધ, ૧૬ તોલાભાર ટોપરૂં, આઠ તોલાભાર ચારોળીના ફળનો ગર્ભ અને ચાર તોલા ભાર તપખીર નાંખીને પકાવવું, શીરા જેવું પાકી જાય એટલે ઉતારીને તેમાં જરા ઉનું હોય ત્યારેજ એક તોલો સૂવા, બે બે તોલા વંશલોચન, અજમા, ગોખરૂ, ખેખરો, હરડે, કૌચાંના ફળ, અને તજ; ચાર ચાર તોલા ધાણા, પીપર, મોથ, આસોંદ શતાવરી, કાળી મૂસળી, બળદાણા, વાળો, તમાલપત્ર, કચૂરો, જાયફળ, લવંગ, ગોખ્રુ તથા મોટી એળચી, શીંગોડાં અને ખડસલિયો; પાંચ પાંચ તોલા ચંદન, સૂંઠ, આમળા અને કસેલા; અને આઠ આઠ તોલા કાળો વાળો, મખાના અને મરી નાંખવાં; એટલે બૃહત્કૂષ્માંડાવલેહ સિદ્ધ થાય છે. તે ચાર તોલાભાર અથવા અગ્નિના બળ પ્રમાણે નિત્ય ખાવાથી રક્તપિત્ત, શીતપિત્ત, અમ્લપિત્ત, અરૂચિ, અગ્નિની મંદતા, દાહ, તૃષા, પ્રદર, રક્તાર્શ, ઉલટી, પાંડુરોગ, કમળો, ચાંદી, વિસર્પ, જીર્ણજ્વર અને વિષમજ્વરનો નાશ થાય છે. આ અવલેહથી મૈથુનશક્તિ બહુજ વધે છે, ધાતુઓ પુષ્ટ થાય છે, અને બળ વધે છે. આ અવલેહને પ્રયત્નથી માટીના નવા વાસણમાં રાખવો જોઇએ.

ખંડકૂષ્માંડક—૪૦૦ તોલાભાર કોહોળાનો સ્વરસ, ૪૦૦ તોલાભાર ગાયનું દૂધ, અને ૩૨ તોલાભાર આમળાનું ચૂર્ણ, એમને ઘીમાં અગ્નિથી પકાવવાં. પિંડ જેવું થાય એટલે તેમાં ૩૨ તોલાભાર સાકર મેળવવી. એ ખંડકૂષ્માડક કહેવાય છે. તે રોજ બે તોલાભાર ખાવાથી રક્તપિત્ત, અમ્લપિત્ત, દાહ, તરશ, અને કમળો મટી જાય છે.

ખંડખાદ્ય લોહ—શતાવરી, ગળો, અરડૂસી, ગોરખમુંડી, બળદાણા, કાળી મૂસળી, ખેરસાર, હરડેની છાલ્ય, બેહાંની છાલ્ય, આમળાની છાલ્ય, ભારંગી, અને કઠ, એ દરેક વીસ વીસ તોલાભાર લેઈ તેનો ૧૦૨૪ તોલાભાર પાણીમાં ક્વાથ કરવો. પાણી બળી આઠમા ભાગનું રહે એટલે તેમાં મણશીલ

અથવા સોનામુખીથી મારેલું ૪૮ તોલાભાર ગજવેલનું ચૂર્ણ, ૬૪ તોલાભાર સાકર અને ૬૪ તોલાભાર ઘી નાંખીને ત્રાંબાના વાસણમાં ગોળના જેવો પાક કરવો. પછી તેમાં ૩૨ તોલા મધ, ૩૨ તોલા ઉત્તમ શિલાજિત, તથા ચાર ચાર તોલાભાર કાકડાશીંગી, પીપર, વાવડીંગ, સૂંઠ, જીરૂં, ત્રિફળા, ધાણા, તમાલપત્ર, કાળીજીરી, મરી, અને કેસર મેળવીને મથીને એક રીઢા વાસણમાં તે રાખવું. આને ખંડખાદ્ય લોહ કહે છે. સમયાનુસાર આ દવા એક તોલા જેટલી નિત્ય ગાયના દૂધ સાથે ખાવી, અને ઉપરથી માંસરસ, દૂધ, ભારે અને મૈથુનશક્તિ વધારનારાં અન્નો, તથા પૌષ્ટિક સ્નિગ્ધ માંસાદિક ખાવાં. તેથી રક્તપિત્ત, પ્રમેહ, શીતપિત્ત, ઉલટી, ગ્લાનિ, સોજા, પાંડુરોગ, કોઢ, બરલનો રોગ, ઉદરરોગ, આફરો, બહુ મૂત્રતા, અને અમ્લપિત્તનો નાશ થાય છે. આ લોહ નેત્રને હિતકારી છે, પૌષ્ટિક છે, પુરુષાતન આપનાર છે, મંગળરૂપ, પ્રસન્ન કરનાર, આરોગ્ય આપનાર, પુત્ર આપનાર, શ્રેષ્ઠ, કામદેવ તથા અગ્નિને વધારનાર, લક્ષ્મી આપનાર, અને શરીરમાં હલકાઇ લાવનાર છે આ લોહ ઉપર બકરૂં, કબૂતર, તેતર, કલકલિયા, સસલું, હરણ, અને કાળિયાર એઓનાં માંસો ખાવાં. આ લોહ ખાનારાએ નાળિયેરનું પાણી, સુનિસરણકનું શાક, બથવો, સૂકા મૂળા, ખરખોડી, પરવળ, લોરીંગણીનાં ફળ, રીંગણાં, પાકી કેરી, ખજુર, અને મીઠા દાડમનો ત્યાગ કરવો જોઇએ. જેમનાં નામોનો પ્રથમ અક્ષર ક હોય એવા પદાર્થો, અને જળ પ્રાય પ્રદેશનાં પ્રાણીઓનાં માંસોનો પણ વિશેષે કરીને ત્યાગ કરવો. આ લોહને મનુશીલ કે સોનામુખીથી મારવાનું કહેલું છે તે ઉપરથી લોહ મારવાની બીજી ક્રિયાઓ ન કરવી, એમ સમજવાનું નથી.

શતાવરી પાક—શતાવરીના મૂળનો કલ્ક, તેથી ચોગણું દૂધ, દૂધ જેટલું ગાયનું ઘી, અને કલ્ક જેટલી સાકર, એ સર્વને માત્ર ઘીજ પાકી રહે ત્યાં સુધી પકાવવી તે ઘી તોલા જેટલું નિત્ય ચાટવાથી રક્તપિત્ત, અમ્લપિત્ત, ક્ષય, અને શ્વાસનો નાશ થાય છે.

અમ્લપિત્ત તથા શ્લેષ્મ પિત્તનો અધિકાર.

અમ્લપિત્તનું પાસેનું નિદાન.

विरुद्धदुष्टाम्लविदाहि पित्तप्रकोपि पानान्नभुजो विदग्धम् । पित्तं स्वहेतूपचितं पुरा यत्तदम्लपित्तं प्रवदन्ति सन्तः ॥

दुष्टं व्यापन्नमन्नम् । पित्तप्रकोपीत्युक्तेऽपि अम्लविदाहीति विशेषार्थम् । पित्तप्रकोपि पानं तक्रसुरादि । अन्नं माषादि । स्वहेतूपचितं पुरा यद्-वर्षास्वम्लविपाकैर्जलैरोषधीभिश्च तादृशीभिरुपचितम् सञ्चित पित्त तदम्लपित्त वदन्ति अम्लपित्ताख्यं रोग वदन्ति ॥

વિરૂદ્ધ, દુષ્ટ, ખાટાં, વિદાહી અને પિત્તને કોપાવનારાં અન્નપાનો ખાવાથી ખાટું બનેલું પિત્ત પ્રથમ વર્ષાઋતુમા ખાટા વિપાકવાળાં જળો તથા તેવી ઔષધિઓથી જમા થયેલું હોય છે, તેને મહાત્માઓ અમ્લપિત્ત કહે છે.

ખાટાં અને દાહ કરનારાં કહેવાનું કારણ એ કે તેનાથી પિત્ત વધારે કોપે છે. છાશ, મદિરા, વગેરે પાનો અને અડદ વગેરે અન્નો પિત્તને કોપાવનારાં છે.

અમ્લપિત્તનું લક્ષણ.

अविपाकक्लमोत्क्लेशतिक्ताम्लोद्गारगौरवैः ।
हृत्कंठदाहाऽरुचिभिरम्लपित्तं वदेद्भिषक् ॥

અપચો, ગ્લાનિ, ઉલટીનો ઉછાળો, કડવા અને ખાટા ઓડકારો, શરીરમાં ભાર, હૃદય તથા કંઠમાં દાહ, અને અરૂચિ, એ અમ્લપિત્તનાં લક્ષણો છે.

અમ્લપિત્તના ભેદો.

अम्लपित्तं द्विधा प्रोक्तमधोगञ्च तथोर्ध्वगम् ॥

નીચે જનાર અને ઉપર જનાર, એમ અમ્લપિત્ત બે પ્રકારનું છે.

ઉર્ધ્વગ અમ્લપિત્તનું લક્ષણ.

वांतं हरित् पीतमनीलकृष्णमारक्तरक्ताभमतीव चाच्छम् । मत्स्योदकाभन्त्वतिपिच्छलाभं श्लेष्मानुयातं सहितं रसेन ॥

आरक्तम् ईषल्लोहितम् । रक्ताभं वा ॥ अतीव चाच्छं निर्मलम् । रसेन लवणकटुतिक्तरूपेण ॥

લીલા તથા પીળા રંગવાળી, નીલ તથા કાળા રંગ વગરની, થોડી કે બહુ રાતી, અત્યંત નિર્મળ, માછલાંના ધોણ જેવી, અતિ ચીકણી, કફવાળી અને ખારી, તીખી તથા કડવી ઉલટી થાય, તો તે ઉપર જનાર અમ્લપિત્ત જાણવું.

અધોગ અમ્લપિત્તનું લક્ષણ.

तृड्दाहमूर्छाभ्रममोहकारि प्रयात्यधो वा विविधप्रकारम् । हृल्लासकोठानलसादहर्षस्वेदाङ्गपीतत्वकरं कदाचित् ॥

मूर्छा सर्वदा ज्ञानशून्यता । मोहो विपरीतं ज्ञानम् । अधो वेति वा शब्द ऊर्ध्वगापेक्षया । विविधप्रकार हरिद्रावर्णयोगात् । कदाचित् हृल्लासादिकरं च भवति ॥

તૃષા, દાહ, મૂર્છા, ભ્રમ અને વિપરીત જ્ઞાન, હળદર જેવા વર્ણને લીધે અનેક પ્રકારનું અને કોઈ વખત મોળ, ચામઠાં, અગ્નિની મંદતા, રૂવાડાં ઉભાં થવાં, પરસેવો; અને અંગોમાં પીળાપણું તથા ગુદાથી પિત્ત વહેતું હોય તો તે નીચે જનારૂં અમ્લપિત્ત જાણવું.

અમ્લપિત્તની વિશેષ સ્થિતિ.

भुक्ते विदग्धेऽप्यथवाप्यभुक्ते करोति तिक्ताम्लवमिं कदाचित् । उद्गारमेवंविधमेव कण्ठहृत्कुक्षिदाहं शिरसोरुजञ्च ॥ करचरणदाहमौष्ण्यं महतीमरुचिं ज्वरं च कफपित्तम् । जनयति कण्डूमण्डलपिडिका शतनिचितरोगचयम् ॥

भुक्ते विदग्धे तिक्ताम्लवमिं करोति तथा उद्गारं एवंविधमेव तिक्ताम्लमेव करोति । तथा कण्ठहृत्कुक्षिदाहं शिरोरुजं च करोति तथा करचरणदाहादिकं जनयति । तथा कण्डूमण्डलपिडकाव्याप्तगात्रे रोगचयं करोति । अन्नविपाकक्लमादिकं जनयति । अथवा कदाचित् अभुक्तेऽपितिक्ताम्लवान्ति करोति ॥

અમ્લપિત્તથી ખાધેલા અન્નાદિકનો વિરૂદ્ધ દાહ થતાં કડવી અને ખાટી ઉલટી થાય છે, કડવા અને ખાટા ઓડકાર આવે

છે, કંઠ તથા છાતી અને પેટમાં બળતરા થાય છે, માથામા પીડા અને હાથ પગમાં બળતરા કરે છે, ગરમી તથા બહુ અરૂચિ થાય છે, કફજ્વર તથા પિત્તજ્વર થાય છે, તથા ગાત્રોમાં ચળ, ગોળ ચકરડાં અને ફોલ્લીઓ થઈને અન્નનો વિરૂદ્ધ પાક તથા ગ્લાનિ અને અનેક રોગો ઉત્પન્ન થાય છે. કોઈ વાર વગર ખાધે પણ ઉલટી થાય છે.

દોષ સંસર્ગ જાણવાની જરૂર.

सानिलं सानिलकफं सकफं तच्च लक्षयेत् । दोषलिङ्गेन मतिमान् भिषङ्मोहकरं हि तत् ॥ ऊर्ध्वाधःप्रवृत्त्या छर्द्यतीसाराभ्यां तुल्यतया वैद्यभ्रान्तिकृत् ॥

વાયુ અથવા કફનું કે એકલા કફનું અમ્લપિત છે, તે બુદ્ધિમાન વૈદ્યે દોષોના સંસર્ગો તેનાં ચિન્હોપરથી જાણી લેવા જોઈએ, કેમ કે ઉંચે ગતિવાળા આમ્લપિત્તથી ઉલટી જેવું અને નીચે ગતિવાળાથી અતિસાર જેવું હોવાથી વૈદ્ય ભ્રાંતિમાં પડે છે.

લક્ષણ ભેદ.

कम्पप्रलापमूर्छाचिमिचिमिगात्रावसादशूलानि । तमसो दर्शनविभ्रमभमोहहर्षास्तथानिलेन युते ॥ कफनिष्ठीवनगौरवजडतारुचिशीतसादवमिलेपाः । दहनबलहानिकण्डूनिद्राचिह्नं कफानुगे भवति ॥ उभयमिदमेव चिह्नं मारुतकफसम्भवेऽम्लपित्ते स्यात् ॥

चिमिचिमि झिनिझिनीति लोके हर्षो रोमाञ्च ॥

વાયુનો સંસર્ગ હોય તો કંપ, પ્રલાપ, મૂર્ચ્છા, ઝણઝણી, ગાત્રોમાં ગ્લાનિ, અંધારાં, ભ્રમ, મોહ અને રોમોદ્ગમ થાય છે, કફનો સંસર્ગ હોય તો કફનું થુક, દેહમાં ભાર, જડતા, અરૂચિ, શીત, ગ્લાનિ, વમન, મુખ તથા છાતીમાં કફ, અગ્નિની મંદતા, ચળ અને નિદ્રા આવે છે, તથા કફ અને વાયુ બંનેનો સસર્ગ હોય તો એ બંને લક્ષણો ભેળાં જણાય છે.

સાધ્યાસાધ્યતા

रोगोऽयमम्लपित्ताख्यो यत्नात्संसाध्यते नवः । चिरोत्थितो भवेद्याप्यः कृच्छ्रसाध्यः स कस्यचित् ॥

कस्यचित् हीनाहाराचारशीलस्य ॥

થોડા વખતથીજ આ રોગ થયો હોય તો તે ઔષધોથી સાધ્ય થાય છે, લાંબા સમયથી થયો હોય તો તે કષ્ટસાધ્ય છે, અને કુપથ્ય કરનારાને તો તુરતનો રોગ થયેલો હોય તો પણ તે કષ્ટસાધ્ય હોય છે

શ્લેષ્મપિત્તનું લક્ષણ.

तमो मूर्छारुचिश्छर्दिरालस्यं च शिरोरुजा । प्रसेको मुखमाधुर्यं श्लेष्मपित्तस्य लक्षणम् ॥

અંધારાં, મૂર્ચ્છા, અરૂચિ, ઉલટી, આળસ, માથુ દુઃખવું, લાળ પડવી અને મુખમા મીઠાશ, એ શ્લેષ્મપિત્તનાં લક્ષણો છે

અમ્લપિત્તની ચિકિત્સા.

अम्लपित्ते तु वमनं पटोलारिष्टवासकैः । कारयेन्मदनैः क्षौद्रैः सैन्धवैश्च तथा भिषक् ॥ विरेचनं त्रिवृच्चूर्णमधुधात्रीफलद्रवैः । ऊर्ध्वगं वमनैर्विद्वानधोगं रेचनैर्हरेत् ॥

अम्लपित्तमिति शेष. ॥

यवगोधूमविकृतीस्तीक्ष्णसंस्कारवर्जिताः। यथा सर्वं लाजसक्तून्वा सितामधुयुतान् पिबेत ॥ निस्तुषयववृषधात्रीकथितं सलिलं त्रिगन्धमधुयुक्तम् । द्रुततरमपहरति घर्मि सञ्जनितामम्लपित्तेन । छिन्नोद्भवानिम्बपटोलपत्रं क्षौद्रान्वितं पीतमनेकरूपम् ॥ सुदारुणं हन्ति तदम्लपित्तं यथाशनिस्तालतरुं प्रवृद्धम् ॥ वासामृतापर्पटकनिम्बभूनिम्बमार्कवैः । त्रिफलाकुलकैः क्वाथः सक्षौद्रश्चाम्लपित्तहा ॥ पाठापटोलयवचन्दनधान्यधात्रीवासावराङ्गदलनागकणाभयाभिः । लेहः सिताञ्जमधुभिः शिवपालपिण्डी हन्त्यम्लपित्तमरुचिज्वरदाहशोषान् ॥ हन्त्यम्लपित्तवमनारुचिदाहमोहस्तालित्यमेहशिशिरव्रणशुक्रदोषान् । भुक्त्वा नरः सततमामलकीरसेन वृद्धोप्यनेन हि भवेत्तरुणो रिरंसुः ॥ कूष्माण्डकरसो ग्राह्यः पलानां शतमात्रकन् ॥ रसतुल्यं गवां क्षीरं धात्रीचूर्णं पलाष्टकम् । धात्रीतुल्या सिता योज्या गव्यमाज्यं पलद्वयम् ॥ मन्दाग्निना पचेत् सर्वं यावद्भवति पिण्डितम् ॥ पलार्धं पलमेकं वा प्रत्यहं भक्षयेदिदम् । खण्डकूष्माण्डकं ख्यातमम्लपित्तापहं परम् ॥

इति खण्डकूष्माण्डकोऽवलेहः ॥

कुडवं नारिकेरस्य जले मृद्वग्निना पचेत्। नारिकेरजलालाभे गव्ये पयसि तत्पचेत् ॥ धान्यकं पिप्पली मुस्तं चातुर्जातं विचूर्णितम् ॥ प्रत्येकंटङ्कमात्रं तु शीते तस्मिन् विनिःक्षिपेत् । पलमात्रस्तदर्धोऽपि भक्षितः प्रत्यहंनरैः । नारिकेरकखण्डोऽयं पुंस्त्वनिद्रावलप्रदः ॥ अम्लपित्तं रक्तपित्तं शूलञ्च परिणामजम् । क्षयं क्षपयति क्षिप्रं शुष्कं दावानलो यथा ॥

पलमात्रगव्यघृतेन नारिकेरस्य भर्जनं कर्त्तव्यमिति सम्प्रदाय. । इति नारिकेरखण्ड. ॥

प्रस्थन्तु नारिकेरस्य सूक्ष्मं दृषदि पेषितम् । निष्कुलीकृतकूष्माण्डखण्डानामर्धमाढकम् ॥ तद्द्वयं भर्जयेद्गव्ये घृते तु कुडवोन्मिते ॥ ततस्तत्र क्षिपेच्छुद्धं गोदुग्धमाढकोन्मितम् । तत्रैव निःक्षिपेद्रम्यां सितां प्रस्थद्वयोन्मिताम् । पचेत् सर्वाणि चैकत्र मृदुना वह्निना भिषक् ॥ सुपक्वे शीतले तत्र चूर्णीकृत्य विनिःक्षिपेत् ॥ सूक्ष्मैलां धान्यकं धात्रीं पर्पटञ्जलदं जलम् ॥ उशीरं चन्दनं द्राक्षां शृङ्गाटञ्च कसेरुकम् ॥ त्वक्पत्रकं सकर्पूरं कर्षयुग्मं पृथक् पृथक् ॥ सर्वं संमिश्रयेद्रक्षेद् भाजने मृन्मये नवे । पलमात्रमिदं प्रातर्भक्षयेद्वा यथानलम् ॥ एतन्निषेवितं हन्ति रोगानेतांश्च संशयः । अम्लपित्तं ज्वरं पित्तं रक्तपित्तमरोचकम् ॥ वातरक्तं तृषां दाहं पाण्डुरोगञ्च कामलाम् । क्षय क्षपयति क्षिप्रं शूलञ्च परिणामजम् ॥ नारिकेरस्य खण्डोऽयमश्विभ्यां भाषितः पुरा । वर्णदो बृंहणो वृष्यः पुंस्त्वनिद्रावलप्रदः ॥

इति बृहन्नारीकेरखण्ड. ॥

અમ્લપિત્તમા કડવાં પરવળ, લીમડો, અરડૂસો, ગીંડોળ, મધ અને સૈંધવથી વમન કરાવવું; અને નસોતરનું ચૂર્ણ, મધ અને આ

મળાંના રસનુ વિરેચન આપવું. ઊંચેના અમ્લપિત્તમાં વમન દેવું, અને નીચેનામા વિરેચન આપવું.

તીક્ષ્ણ વઘાર વગેરે કર્યા વગરના જવ અને ઘઉંનાં ચૂષો અને સાકર તથા મધ સહિત ચોખાની ધાણીનો સાથવો દોષની યોગ્યતા પ્રમાણે ખાવો.

ફોતરાં વગરના જવ, અરડૂસી અને આમળાંના ક્વાથમાં તજ, તમાલપત્ર, એળચી અને મધ નાંખીને પીવાથી અમ્લપિત્તની ઉલટી તુરત મટી જાય છે.

ગળો, લીમડાના પાન, અને કડવાં પરવળના પાન વાટીને મધ સહિત પીવાથી, વજ્રથી મોટો તાડ નાશ પામે તેમ અનેક રૂપવાળુ મહા દારૂણ અમ્લપિત્ત નાશ પામે છે.

અરડૂસી, ગળો, ખડસલિયો, લીંબડો, કરિયાતું, ભાગરો, ત્રિફળા અને કડવા પરવળનો ક્વાથ મધ નાખીને પીવાથી અમ્મપિત્ત મટી જાય છે

કાળીપાડ, પરવળ, જવ, ધાણા, આમળાં, અરડૂસી, જાડી તજ, તમાલપત્ર, નાગકેસર, પીપર, હરડે, સાકર, કમળ, અને મધનો અવલેહ 'શિવપાલપિંડી' કહેવાય છે, તે અમ્લપિત્ત, જ્વર, અરૂચિ, દાહ અને શોષને મટાડે છે

નિત્ય આમળાના રસ સહિત ભોજન કરવાથી અમ્લપિત્ત, વમન, અરૂચિ, દાહ, મોહ, ટાલ, પ્રમેહ, શીત, વ્રણ અને વીર્ય દોષો મટી જાય છે, અને વૃદ્ધ હોય તો પણ સ્ત્રીઓની સાથે રમણ કરવાની ઇચ્છા થાય છે.

ખંડકૂષ્માંડકાવલેહ—કોહોળાનો રસ ૪૦૦ તોલા, ગાયનું દૂધ ૪૦૦ તોલા, આમળાંનું ચૂર્ણ ૩૨ તોલા, સાકર ૩૨ તોલા અને ગાયનું ઘી ૮ તોલા, એ સર્વને એકઠાં મંદાગ્નિથી પકાવી પિંડો કરવો. આ 'ખંડકૂષ્માંડક' નામનો પ્રસિદ્ધ અવલેહ બે કે ચાર તોલા જેટલો ખાવાથી સારી રીતે અમ્લપિત્ત મટી જાય છે.

નાલિકેર ખંડ.

૧૬ તોલાભાર ટોપરાને નાળિયેરના પાણીમાં અથવા તો દૂધમાં પકાવી ટાઢું પડે એટલે તેમાં ધાણા, પીપર, મોથ, તજ, તમાલપત્ર, એળચી અને નાગકેશર, એ દરેકનાં ચૂર્ણ પા પા તોલો નાંખીને નાલિકેરખંડ બનાવવું. આ નિત્ય બે કે ચાર તોલા જેટલું ખાવાથી પુરુષત્વ, નિદ્રા, અને બળ આવે છે, અને અમ્લપિત્ત, રક્તપિત્ત અને પરિણામ શુળ, જેમ દાવાનળથી સુકુ વન નાશ પામે છે તેમ તુરત નાશ પામે છે. આ ઔષધ બનાવતાં પ્રથમ ચાર તોલાભાર ગાયન ઘીમાં ટોપરાને શેકી લેવું જોઇએ.

બૃહન્નાલિકેર ખંડ.

છીપર ઉપર ઝીણું વાટેલું ૬૪ તોલાભાર ટોપરૂં અને છાલ તથા બીજ વગરના ૧૨૮ તોલાભાર કોળાંના કડકાને ૧૬ તોલાભાર ગાયના ઘીમાં શેકીને તેમાં ૨૫૬ તોલાભાર ગાયનું ચોખું દૂધ તથા ૧૨૮ તોલાભાર ચોખી સાકર નાંખીને, એ સર્વને કોમળ અગ્નિથી પકાવી શીતળ કરીને તેમાં ઝીણી એળચી, ધાણા, આમળાં, ખડસલિયો, મોથ, વાળો, કાળો વાળો, ચંદન, દ્રાક્ષ, શીંગોડાં, કસેલાં, તજ, તમાલપત્ર અને ભીમસેની કપૂર એ દરેક બે બે તોલાભાર ચૂર્ણ મેળવ-

વાથી બૃહન્નાલિકેર ખંડ થાય છે. માટીના નવા વાસણમાં તે રાખીને નિત્ય ચાર તોલા એટલું અથવા પચે એટલું સવારમાં ખાવાથી અમ્લપિત્ત, જ્વર, પિત્ત, રક્તપિત્ત, અરોચક, વાતરક્ત, તૃષા, દાહ, પાંડુરોગ, કમળો, ક્ષય, અને પરિણામ શૂળ, એ તુરત નાશ પામે છે. પૂર્વે અશ્વિની કુમારોએ કહેલ આ ઉપાય શરીરના વર્ણને સારો કરે છે, ધાતુપુષ્ટી કરે છે, અને કામી લોકોને હિતકર છે. તે પુરુષાતન, નિદ્રા અને બળને આપે છે.

શ્લેષ્મપિત્તની ચિકિત્સા.

अभया पिप्पली द्राक्षा सिता धान्ययवासकम् ॥ मधुना कण्ठदाहघ्नं पित्तश्लेष्महरं परम् ॥ पटोलयवधान्याकपिप्पल्यामलकानि च । एषां क्षौद्रयुतः क्वाथः पित्तश्लेष्महरः परः ॥ पित्तश्लेष्मवमीकण्डूकोठविस्फोटदाहनुत् । दीपनः पाचनः क्वाथः शृङ्गवेरपटोलयोः ॥ पिप्पली खण्डपथ्याभिस्तुल्याभिर्मोदकः कृतः । पित्तश्लेष्महरो भुक्तो वह्निमान्द्यश्च नाशयेत् ॥

इत्यम्लपित्तश्लेष्मपित्ताधिकार. ॥

હરડે, પીપર, દ્રાક્ષ, સાકર, ધાણા, અને જવાસાનું ચૂર્ણ મધમાં ચાટવાથી શ્લેષ્મપિત્ત તથા ગળામાંનો દાહ મટી જાય છે.

કડવાં પરવળ, જવ, ધાણા, પીપર અને આમળાનો ક્વાથ મધ નાંખીને પીવાથી શ્લેષ્મપિત્ત સારી પેઠે મટી જાય છે.

આદુ તથા કડવાં પરવળનો ક્વાથ પીવાથી અગ્નિ પ્રદીપ્ત પામે છે, પાચન થાય છે અને શ્લેષ્મપિત્ત, ઉલટી, ચળ, ઢામઠાં, ફોલ્લા તથા દાહ મટી જાય છે.

પીપર, ખાંડ અને હરડે સમભાગે લેઈ તેના લાડુ કરીને ખાવાથી શ્લેષ્મપિત્ત અને મંદાગ્નિનો નાશ થાય છે.

॥ अम्लपित्त तथा श्लेष्मपित्तनो अधिकार संपूर्ण ॥

ક્ષયરોગનો અધિકાર.

ક્ષયરોગનાં નિદાનો.

वेगरोधात् क्षयाच्चैव साहसाद्विषमाशनात् । त्रिदोषो जायते यक्ष्मा गदो हेतुचतुष्टयात्॥

वेगरोधात् वातादीनां वेगधारणात् । ' वातमूत्रपुरीषाणि निगृह्णाति यदा नर ' ॥ इति चरकवचनात् । क्षयात् क्षीयतेऽनेनेति क्षयः । तेनातिव्यवायानशनैर्ष्यादयो धातुक्षयहेतव क्षयशब्देनोच्यन्ते ॥ साहसात् बलवता समम् मल्लयुद्धादितः । विषमाशनात् 'बहुस्तोकमकाल वा भुक्तं तद्विषमाशनम्' । तस्मात् त्रिदोषः सान्निपातिकः । हेतुचतुष्टयात् । अन्येऽपि हेतवो हेतुचतुष्टय एवान्तर्भवन्ति ॥

વેગોને રોકવાથી, ક્ષીણતાથી, બળવાનની સાથે યુદ્ધ કરવા આદિ સાહસથી ત્રિદોષ થઈને યક્ષ્મારોગ ચાર પ્રકારથી થાય છે. ચરક કહે છે કે—" માણસ જે વાયુ, મૂત્ર અને મળ વગેરેના વેગોને રોકેલો, તેને રોગ ઉત્પન્ન થાય છે. મૈથુન, ઉપવાસ અને ઇર્ષા એ અત્યંત કરવાથી ધાતુઓનો ક્ષય થઈને ક્ષયરોગ થાય છે. બળવાનની સાથે મલ્લકુસ્તી કરવી વગેરે સાહસથી પણ ક્ષયરોગ થાય છે. અત્યંત, અલ્પ અને કસમયે ભોજન કરવાથી પણ ક્ષયરોગ થાય છે. ક્ષયરોગનું પાસેનું કારણ ત્રણે દોષો છે, તે ઉપર કહેલા

ચાર દૂરના નિદાનોથી થાય છે. ક્ષયરોગના બીજા પણ હેતુઓ છે, તેનો સમાસ એ ચાર હેતુઓમાં થાય છે.

ક્ષયના ચાર પ્રકારો

वैद्यो व्याधिमतां यस्मात् व्याधिर्यत्नेन यक्ष्यते ॥ स यक्ष्मा प्रोच्यते लोके शब्दशास्त्र विशारदैः ॥ यक्ष्यते पूज्यते ॥

राज्ञश्चन्द्रमसो यस्मादभूदेष किलामयः । तस्मात्तं राजयक्ष्मेति प्रवदन्ति मनीषिणः । क्रियाक्षयकरत्वात्तु क्षय इत्युच्यते बुधैः ॥ संशोषणाद्रसादीनां शोष इत्यभिधीयते ॥

વૈદ્ય વ્યાધિવાળાના વ્યાધિને યત્નથી જીતે છે, માટે ક્ષયરોગને શબ્દશાસ્ત્રીઓએ યક્ષ્મા નામ આપેલું છે. ચંદ્ર રાજાથી આ રોગની ઉત્પત્તિ થઇ છે, તેથી વિદ્વાનોએ તેને રાજયક્ષ્મા પણ કહેલ છે. ક્રિયા માત્રનો એ રોગ ક્ષય કરે છે માટે તેને ડાહ્યાઓ ક્ષય કહે છે રસ વગેરેનું શોષણ કરે છે માટે તેને શોષ પણ કહે છે.

ક્ષયરોગની સમાપ્તિ

कफप्रधानैर्दोषैस्तु रुद्धेषु रसवर्त्मसु । अतिव्यवायिनो वापि क्षीणे रेतस्यनन्तराः ॥ क्षीयन्ते धातवः सर्वे ततः शुष्यति मानवः॥

कफप्रधानैर्दोषै रसवर्त्मसु रुद्धेषु अनन्तरसर्वे धातव क्षीयन्ते । ततो मानवः शुष्यति । कारणभूतस्य रसस्य क्षये कार्याणां रक्तादीनामनुक्रमेण क्षीयमाणत्वात् । मार्गावरोध रसक्षयहेतुमाह चरक. ॥

रसः स्रोतःसु रुद्धेषु स्वस्थानस्थो विदह्यते । स ऊर्ध्वं कासवेगेन बहुरूपः प्रवर्तते॥ स्वस्थानस्थ. हृदयस्थ. कास विनापि रसक्षयो भवति । मार्गावरोधकुपितवातेन रसस्य शोषणात् ॥ उक्तश्च ' वायोर्धातुक्षय' कोपान्मार्गस्यावरणेन च ' ॥

अति व्यवायिनो वा रेतसि क्षीणे प्रतिलोमक्रमेणानन्तरा सर्वे धातवो रसपर्यन्ता क्षीयन्ते । तद्यथा शुक्रे क्षीणे मज्जा क्षीयते ॥ मज्जनि क्षीणे अस्थि क्षीयते एवं पूर्वं पूर्वं क्षीयते । ननु कार्यस्य शुक्रस्य क्षये कथ कारणभूताना मज्जादीना क्षय । उच्यते । शुक्रक्षयाद्वायु' कुप्यति । स वायु सान्निध्यात् क्रमेण मज्जादीन् सर्वान् शोषयति । ततस्तदनन्तर मानव शुष्यति ॥

કફ જેમાં મુખ્ય છે એવા ત્રણે દોષોથી રસના માર્ગો બંધ થવાથી રસની પછીના બધા ધાતુઓ નબળા પડી જાય છે, તેથી માણસ નબળું પડે છે ચરક કહે છે કે—"માર્ગો બંધ થવાથી રસ પોતાના સ્થાનમા અટકી રહીને બળવા માંડે છે, અને તેથી ઉધરસ થઇને તેની સાથે એ રસ ઉપર ચઢી બહાર આવે છે." આને અનુલોમ ક્ષય કહે છે. સર્વ ધાતુના કારણરૂપ રસનો ક્ષય થાય તો બીજા ધાતુઓનો પણ થાયજ. ઉધરસની સાથેજ ક્ષય થાય છે એમ કઇં નથી, તે વિના પણ માર્ગરોધથી રસનો ક્ષય થાય છે. હવે મૂળ કારણરૂપ રસના ક્ષયથી જેમ બીજા ધાતુઓ ક્ષય પામે છે, તે અનુલોમ ક્ષય છે, તેમજ છેવટ કાર્યરૂપ વીર્યના ક્ષયથી કારણરૂપ ધાતુઓનો ક્ષય પણ થાય છે, તેને પ્રતિલોમ ક્ષય કહે છે. વીર્ય ક્ષયથી વાયુ કોપીને મજ્જા વગેરે નજીકના કારણરૂપ ધાતુઓને શોષે છે અને એવી સર્વ ધાતુઓ શોષાઇને ક્ષય થાય છે. જેમ કે વીર્ય ક્ષીણ થવાથી મજ્જા ક્ષીણ

થાય છે. મજ્જાની તીક્ષણતાથી અસ્થિ ક્ષીણ થાય છે, અસ્થિની ક્ષીણતાથી મેદની, મેદની ક્ષીણતાથી માંસની, માંસની ક્ષીણતાથી રક્તની અને રક્તની ક્ષીણતાથી રસની પણ ક્ષીણતા થાય છે.

અહીં શંકા થશે કે કાર્યરૂપ વીર્યનો ક્ષય થવાથી કારણરૂપ મજ્જા વગેરેનો ક્ષય કેમ થાય છે? તેનું સમાધાન કે વીર્યના ક્ષયથી વાયુ કોપીને મજ્જા આદિ સઘળા ધાતુઓનું અનુક્રમે શોષણ કરે છે, અને તેથી માણસનું શરીર ક્ષીણ થઇ જાય છે.

ક્ષયરોગનું પૂર્વરૂપ.

श्वासाङ्गसादकफसंस्रवतालुशोषवम्यग्निसादमदपीनसकासनिद्राः । शोषे भविष्यति भवन्ति स चापि जन्तुः शुक्लेक्षणो भवति मांसपरो रिरंसुः ॥ स्वप्नेषु काकशुकशल्लकिनीलकण्ठगृध्रास्तथैव कपयः कृकलासकाश्च । तं वाहयन्ति स नदीर्विजलाश्च पश्येच्छुष्कांस्तरून् पवनधूमदवार्दितांश्च ॥

શ્વાસ, અંગ ભંગ, કફસ્રાવ, તાલુ શોષ, ઉલટી, મંદાગ્નિ, મદ, સળેખમ, ઉધરસ, નિદ્રા, એટલું ક્ષય થવાના આરંભમાં થાય છે; અને રોગી ધોળી આંખોવાળો, માંસ ભક્ષણ તથા રમણ કરવાની ઇચ્છાવાળો થાય છે. કાગડા, પોપટ, શેઢાઇ, નીલકંઠ, ગીધ, વાંદરા અને કાકિડાઓ તેને સ્વપ્નમાં ખેંચી જતા દેખાય છે; અને પાણી વગરની નદી, સૂકાં વૃક્ષો પવન, ધુમાડો અને દવ વગેરે તેને દેખાય છે.

ક્ષયરોગનું લક્ષણ.

अंसपार्श्वाभितापश्च सन्तापः करपादयोः॥ ज्वरः सर्वाङ्गिकश्चेति लक्षणं राजयक्ष्मिणः॥

असयो पार्श्वयोश्चाभिताप. पीडा । अत्र सकलधातुक्षयपूर्वक. सकलशरीरशोषो बोद्धव्य । एतानि त्रीणि लक्षणानि प्रायोभावित्वेन चरकेणोक्तानि ॥ सुश्रुतेन यक्ष्मणि षट् लक्षणायुक्तानि ॥

भक्तद्वेषो ज्वरः श्वासः कासः शोणितदर्शनम् । स्वरभेदश्च जायन्ते षट् जाते राजयक्ष्मणि ॥

ખભા તથા પડખાંઓમાં પીડા, હાથ પગોમાં સતાપ અને સર્વ અંગોમા જ્વર એ ત્રણ ક્ષય રોગનાં લક્ષણો ચરકે કહેલા છે. આ રોગમાં સઘળા ધાતુઓના ક્ષય સહિત આખા શરીરનો શોષ થાય છે. "અન્ન ઉપર દ્વેષ, શ્વાસ, ઉધરસ, રક્તદર્શન અને સ્વર ભેદ તથા જ્વર એ છ લક્ષણો રાજયક્ષ્માનાં છે." એમ સુશ્રુત કહે છે.

ક્ષયનાં બીજા અગીયાર લક્ષણો.

स्वरभेदोऽनिलाच्छूलं सङ्कोचश्चांसपार्श्वयोः । ज्वरो दाहोऽतिसारश्च पित्ताद्रक्तस्य चागमः ॥ शिरसः परिपूर्णत्वमभक्तच्छन्द एव च । कासः कण्ठस्य च ध्वंसो विज्ञेयः कफकोपतः ॥ अनिलात् उल्बणात् । एवं पित्तात् कफाच्च । यत आह सुश्रुत. ॥

एक एव मतः शोषः सन्निपातात्मको गदः । तत्रोत्कायाश्च लिङ्गानि दोषाणां निपतन्ति हि ॥

વાયુની ઉલ્વણતા હોય તો સ્વરભેદ, શૂળ અને ખભા તથા પડખાનો સંકોચ થાય છે; પિત્તની ઉલ્વણતા હોય તો જ્વર, દાહ અને અતિસાર હોય છે અને પિત્તથી

રક્ત પણ પડે છે, કફની ઉલ્વણતાથી માથામાં ભાર, અન્ન ઉપર અરૂચિ, ઉધરસ, અને કંઠનો ધ્વંસ થાય છે. સુશ્રુત કહે છે કે–"ક્ષયરોગ ત્રણે દોષોથી થાય છે તેથી એક પ્રકારનોજ ગણાય છે, તો પણ તેમાં દોષોના કોપના પ્રમાણમાં તે તે દોષનાં લક્ષણો જોવામાં આવે છે."

ક્ષયની અસાધ્યતા.

एकादशभिरेभिर्वा षड्भिर्वापि समन्वितम् । त्रिभिर्वा पीडितं लिङ्गैर्ज्वरकासासृगामयैः ॥ जह्याच्छोषार्दितं जन्तुमिच्छन् सुविमलं यशः ॥

सर्वैरर्धैस्त्रिभिर्वापि लिङ्गैर्मांसबलक्षये । युक्तो वर्ज्यश्चिकित्स्यस्तु सर्वरूपोऽप्यतोऽन्यथा ॥ सर्वैर्लिङ्गैरेकादशभिः अर्द्धैः षड्भि स्त्रिभिर्ज्वरकासरुधिरवमनैः । अतोऽन्यथा मासबले सति सर्वरूपोऽपि न प्रत्याख्येय ॥ किन्तु चिकित्स्य. ॥

महाशनं क्षीयमाणमतीसारनिपीडितम् । शूनमुष्कोदरं चैव यक्ष्मिणं परिवर्जयेत् ॥

महाशन क्षीयमाणमित्येकमसाध्य लक्षणम् । अतीसारनिपीडितमिति द्वितीयम् ॥ यत उक्तम् । 'मलायत्तं बल पुसा शुक्रायत्त च जीवितम् । तस्मात् यत्नेन सरक्षेत् यक्ष्मिणा मलरेतसी ' ॥ शूलमुष्कोदरमिति तृतीयम् ॥

અગિયાર, અથવા છ અથવા જ્વર, ઉધરસ તથા લોહીની ઉલટી એ ત્રણ લક્ષણોવાળો ક્ષયરોગીને કીર્તિની ઇચ્છાવાળા વૈદ્યે છોડી દેવો જોઇએ, પરતુ જે ક્ષય રોગીના માસનો તથા બળનો ક્ષય થયો ન હોય તો એ સઘળાં લક્ષણો છતા પણ તેની ચિકિત્સા કરવી. બહુ ખાનાર તથા ક્ષીણ થતા જનાર ક્ષયરોગીને તો અવશ્ય છોડી દેવો જોઇએ. વૃષણ અને પેટ સૂજી ગયાં હોય તેને પણ છોડી દેવો જોઇએ. વળી અતિસારથી પીડાતા ક્ષયરોગીની પણ ચિકિત્સા ન કરવી. કહ્યુ છે કે–" માણસનુ બળ મળને આધીન છે અને આયુષ્ય વીર્યને આધીન છે માટે એ બેનું યત્નથી રક્ષણ કરવું.

ક્ષયરોગીનું અરિષ્ટ.

शुक्लाक्षमन्नद्वेष्टारमूर्ध्वश्वासनिपीडितम् । कृच्छ्रेण बहु मेहन्तं यक्ष्मा हन्तीह मानवम् ॥

मेहन्त शुक्रं क्षरन्तम् । शुक्लाक्षत्वाद्येकैकशोऽरिष्टलक्षणमाहु ॥

આંખો ધોળી થઈ ગઈ હોય, અન્ન ઉપર દ્વેષ થયો હોય, ઉંચા શ્વાસથી પીડાતો હોય, અને બહુ કષ્ટથી વીર્ય ઝર્યા કરતું હોય, તે માણસ જરૂર મરી જાય છે.

ક્ષયરોગમાં જીવવાનો અવધિ.

परं दिनसहस्रं तु यदि जीवति मानवः। सुभिषग्भिरुपक्रान्तस्तरुणः शोषपीडितः ॥

शोषपीडितो मानवश्चेत्तरुणो भवति । सुभिषग्भिरुपक्रान्तो भवति तदा पर दिनसहस्र यदि द्वितीयदिनसहस्र जीवति तत्र जीवनविकल्प इत्यर्थ । एतेन शोषपीडितो मानवश्चेत्तरुणो भवति । सद्वैद्यैश्चिकित्सितो भवति तदा प्रथमदिनसहस्र जीवेदेवेत्युक्तम् ॥

ક્ષયરોગી સારા વૈદ્યથી ઉપચાર પામતો હોય અને જુવાન હોય, તો તે એક હજાર દિવસ સુધી જીવે છે, તે ઉપરાંત બીજા હજાર દિવસ સુધી તો કવચીતજ જીવે છે.

કેવા ક્ષયવાળાની ચિકિત્સા કરવી.

ज्वरानुबन्धरहितं बलवन्तं क्रियासहम् ।
उपक्रमेदात्मवन्तं दीप्ताग्निमकृशं नरम् ॥
आत्मवन्तं यत्नवन्तं धृतिवन्तं वा ॥

તાવ ન હોય, બળવાન્ હોય, ચિકિત્સા ખમી શકે તેમ હોય, યત્ન તથા ધીરજવાળો અને પ્રદીપ્ત અગ્નિવાળો હોય, તથા કૃશ થઇ ગયો ન હોય, તેવા ક્ષય રોગીનીજ ચિકિત્સા કરવી જોઇએ.

શોષોના ભેદો.

व्यवायशोकवार्द्धक्यव्यायामाध्वप्रशोषितान् । व्रणोरःक्षतसंज्ञौ च शोषिणो लक्षणैः शृणु ॥ व्रणशोषी उर क्षतशोषी च ॥

વ્યવાય[1], શોક, વાર્ધક્ય, વ્યાયામ, અધ્વ, વ્રણ, અને ઉર ક્ષત, એ શોષના ભેદો છે, હવે તેનાં લક્ષણો સાંભળો.

વ્યવાય શોષનાં લક્ષણો.

व्यवायशोषी शुक्रस्य क्षयलिङ्गैरुपद्रुतः
पाण्डुदेहो यथा पूर्वं क्षीयन्ते चास्य धातवः॥

शुक्रस्य क्षयलिङ्गैः सुश्रुतोक्तैः । तानि यथा, शुक्रक्षये मेढ्वृषणवेदना व्यवाये चाशक्तिः । चिराद्वा प्रसेक । प्रसेकोऽल्पशुक्रदर्शनमिति । यथा पूर्वं क्षीयन्ते चास्य धातव. प्रथमं शुक्रं क्षीयते पश्चाच्छुक्रक्षयजनितवायुना मज्जादयोऽपि धातवो यथा पूर्वं क्षीयन्ते ॥

વીર્યનો ક્ષય થાય અને લિંગમાં તથા વૃષણમાં પીડા થાય, શરીર પીળું પડતું જાય, અને એક પછી બીજો એમ સર્વ ધાતુઓ ક્ષય પામતા જાય, એ વ્યવાય શોષનાં લક્ષણો છે. (બહુ મૈથુન કરવાથી આ શોષ થાય છે.)

[1] મૈથુન કરવાથી થયેલો શોષ "વ્યવાય" શોષ કહેવાય છે.

શોક શોષનાં લક્ષણો.

प्रध्यानशीलः स्रस्ताङ्गः शोकशोष्यपि तादृशः । विना शुक्रक्षयकृतैर्विकारैरुपलक्षितः ॥ प्रध्यानशीलः यस्याभावेन शोको जनितस्तद्ध्यानपर । स्रस्ताङ्गः शिथिलाङ्गः । तादृशः व्यवायशोषिसदृशः ॥ तेन शुक्रादिसर्वधातुक्षययुक्तो भवति । परं शुक्रक्षयकृतैर्विकारैर्मेढ्वृषणवेदनादिभिर्वर्जितो भवति व्याधिस्वभावात् ॥

ધ્યાનમાં ચિત્ત ડુબી જાય, અંગો શિથિળ બની જાય, અને વ્યવાય શોષ જેવાં લક્ષણો થાય, પણ વીર્યનો ક્ષય થયા છતાં લિંગમાં પીડા થતી નથી; એ શોક શોષનાં, લક્ષણો છે. (દીલગીરીથી આ રોગ થાય છે.)

વાર્દ્ધક્ય શોષનાં લક્ષણો.

जराशोषी कृशो मन्दवीर्यबुद्धिबलेन्द्रियः ।
कम्पनोऽरुचिमान् भिन्नकांस्यपात्रहतस्वरः ॥ ष्ठीवति श्लेष्मणा हीनं गौरवारुचिपीडितः । संप्रस्नुतास्यनासाक्षः शुष्करूक्षमलच्छविः ॥ मन्दशब्द स्वल्पार्थ । शुष्करूक्षमलच्छविः शुष्करूक्षे मलच्छवी यस्य स ॥

વૃદ્ધાવસ્થાને લીધે શોષ થાય છે તેનું અંગ કૃશ થતું જાય છે તથા વીર્ય, બુદ્ધિ, બળ અને ઇંદ્રિયો મંદ પડી જાય છે. કંપ, અરૂચિવાળો અને ભાગેલા કાંસાના વાસણ જેવા અવાજવાળો તે થઇ જાય છે. કફ વગરનુ થુંકયા કરે છે, તથા શરીરમાં ભાર અને અરૂચિવાળો થઇ જાય છે. મુખ, નેત્ર અને નાકમાં પાણી આવ્યા કરે છે. અને વિષ્ટા તથા વર્ણ રૂક્ષ તથા સૂકો થઈ જાય છે.

અધ્વશોષનાં લક્ષણો.

अध्वप्रशोषी स्रस्ताङ्गः सम्भ्रष्टपरुषच्छविः ।
प्रसुप्तगात्रावयवः शुष्कक्लोमगलाननः ॥

सम्भ्रष्टपरुषच्छविः सम्मृष्टस्येव परुषा छविर्यस्य सः । प्रसुप्तगात्रावयव. स्पर्शाज्ञ । क्लोम-पिपासास्थान ॥

પંથ કરવાથી જેને અધ્વશોષ થયો હોય છે તે શિથિલ અંગોવાળો, અગ્નિથી બળેલા જેવી કાંતિવાળો, શરીર અને અવયવો જડ જેવા થઈ ગયેલો, અને કલોમ, ગળું તથા મુખ સૂકાઇ ગયા હોય એવો થઇ જાય છે.

વ્યાયામ શોષનાં લક્ષણો.

व्यायामशोषी भूयिष्ठमेभिरेव समान्वितः ।
लिङ्गैरुरःक्षतकृतैः संयुक्तश्च क्षतं विना ॥

एभिरेव स्रस्ताङ्गत्वादिभिरध्वशोषिलक्षणैरेव भूयिष्ठ अत्यर्थम् ॥

કસરતથી થયેલા વ્યાયામ શોષવાળાને ઉપરનાજ ઘણાં ખરાં ચિન્હો થાય છે, તથા ક્ષત ન થાય છતા ઉર ક્ષત શોષના ચિન્હોવાળો થાય છે.

વ્રણ શોષનાં લક્ષણો.

रक्तक्षयाद्वेदनाभिस्तथैवाहारयन्त्रणात् ।
व्रणितस्य भवेच्छोषो स चासाध्यतमः स्मृतः॥

રક્તક્ષયથી, આહાર ન મળવાથી, પીડાથી, અને વ્રણવાળાને જે શોષ થાય છે, તે રોગ અસાધ્ય છે.

ઉરઃક્ષત શોષનાં નિદાનો.

धनुषा यस्यतोऽत्यर्थं भारमुद्वहतो गुरुम् । युद्धयमानस्य बलिभिः पततो विषमोच्चतः ॥ वृषं हयं वा धावन्तं दम्यं चान्यं निगृह्णतः ॥ शिलाकाष्ठाश्मनिर्घातान् क्षिपतो निघ्नतः परान् । अधीयानस्य चात्युच्चैर्दूरं वा व्रजतो द्रुतम् ॥ महानदीं वा तरतो हयैर्वा सह धावतः । सहसोत्पततो दूरं तूर्णं चापि प्रनृत्यतः ॥ तथान्यैः कर्मभिः क्रूरैर्भृशमभ्याहतस्य वा । स्त्रीषु चातिप्रसक्तस्य रूक्षाल्पप्रमिताशिनः॥ विक्षते वक्षसि व्याधिर्बलवान् समुदीर्यते ॥

आयस्यतः आयास कुर्वत अन्य गजोष्ट्रादिकम् । शिला दीर्घपाषाण । अश्मा प्रस्तरखण्ड । निर्घातोऽस्त्रविशेष । व्याधि उर क्षताख्यः ॥

ધનુષવડે બહુ શ્રમ કરવાથી, મોટો ભાર ઉપાડવાથી, બળવાનની સાથે યુદ્ધ કરવાથી, વિષમ કે ઉંચા સ્થાન ઉપરથી પડવાથી, દમવા યોગ્ય હાથી, ઘોડા, ઉંટ, વગેરેની પાછળ દોડવાથી, છીપર, લાકડાં, પથ્થર કે અસ્ત્રોના ઘા ફેંકવાથી, બીજાને મારવાથી, બહુ જોસથી બોલવાથી, દૂર દોડવાથી તથા મ્હોટી નદી તરવાથી, ઘોડા દોડાવવા તથા ઠેકવાથી, નાચવાથી, અને એવાં બીજા સાહસોથી, જેને અત્યત અભિઘાત થયો હોય તેને, સ્ત્રીઓમા અત્યંત આસક્તિ રાખનારાને, અને રૂક્ષ, અલ્પ, તથા તુચ્છ જમનારાને છાતીમાં ક્ષત થઇને જે શોષ થાય છે, તે ઉર ક્ષત શોષ કહેવાય છે.

ઉરઃક્ષત શોષનાં લક્ષણો.

उरो विरुज्यतेऽत्यर्थं भिद्यतेऽथ विभज्यते । प्रपीड्यते तथा पार्श्वे शुष्यत्यङ्गं प्रकम्पते ॥ क्रमाद्वीर्यं बलं वर्णो रुचिरग्निश्च हीयते । ज्वरो व्यथा मनोदैन्यं वि-

द्भेदोऽग्निवधस्तथा ॥ दुष्टश्यावसदुर्गन्धः पीतो विग्रन्थितो बहुः । कासमानस्य चाभीक्ष्णं कफः सासृक् प्रवर्त्तते ॥ सक्षतः क्षीयतेऽत्यर्थं तथा शुक्रौजसोः क्षयात् ॥

विरुज्यते पीड्यते । भिद्यते विदार्यत इव । विभज्यते द्विधा क्रियत इव । सक्षत स पुरुष क्षत. उर.क्षतवान् । अत्यर्थं क्षीयते क्षीणो भवति ॥

उरोरुक् शोणितच्छर्दिः कासो वैशेषिकः क्षते । क्षीणे सरक्तमूत्रत्वं पार्श्वपृष्ठकटीग्रह ॥

क्षते उर.क्षतवति उरोरुक् शोणितछर्दि कासो वैशेषिक· विशेषत भवत्येवास्मिन् उर.क्षतवति साम्रकफशुक्रौजसा क्षयात् क्षीणे सरक्तमूत्रत्वं पार्श्वपृष्ठकटिग्रहश्च भवति ॥

व्रणारोधात् क्षयाच्चैव कोष्ठात् प्रतिमला तथा । क्षतोरस्कस्यान्नपाके निःश्वासो वातिपूतिकः ॥ क्षयात् धातुक्षयहेतोरतिव्यवायादित कोष्ठात् प्रतिमलात् । कोष्ठात् प्रतिलोमवातेन प्रतिलोममलात् पूतिक दुर्गंध· ॥

છાતીમાં અતિશય પીડા થાય છે, ભાંગી ગયા જેવી વ્યથા થાય છે, પડખાઓમાં પીડા થાય છે, અંગો સૂકાય તથા કંપે છે. ક્રમે કરીને વીર્ય, બળ, વર્ણ, રૂચિ અને અગ્નિ નાશ પામતાં જાય છે. જ્વર, વ્યથા, મનનું હીનપણું, વિષ્ટાનો ભેદ, અગ્નિનો નાશ; તથા ઉધરસ આવીને દુર્ગંધી, પીળો, દુષ્ટ, કાળો, ઘણો અને રક્ત સહિત કફ વારવાર પડ્યા કરે છે. અને વીર્ય તથા ઓજના ક્ષયથી આ માણસ અત્યંત નિર્બળ થઈ જાય છે. ઉરઃક્ષત શોષનાં આ સામાન્ય લક્ષણો છે. છાતીમાં પીડા રક્તની ઉલટી વિશેષ ઉધરસ આવે તથા રૂધિર સહિત કફ તથા વીર્યનો ઓજનો ક્ષય થવાથી લોહીવાળું મૂત્ર થાય તેમજ પડખાં મરડ અને કેડ ઝલાઈ જાય આ ઉર.ક્ષતના વિશેષ લક્ષણો છે. વ્રણની ભારે હરકતથી, ધાતુઓનો ક્ષય કરનારાં અતિ મૈથુનાદિથી, અથવા કોઠામાં વાયુની ઉલટી ગતિથી, અને મળની ઉલટી ગતિથી, જેની છાતી ઘવાઇ હોય, તેનો શ્વાસ અન્ન પચે છે ત્યારે દુર્ગંધવાળો નીકળે છે.

ઉરઃક્ષત શોષની સાધ્યાસાધ્યતા.

अल्पलिङ्गस्य दीप्ताग्नेः साध्यो बलवतो नवः । परिसम्वत्सरो याप्यः सर्वलिङ्गं तु वर्जयेत् ॥

રોગનું બળ ઓછું હોય અને અગ્નિ પ્રદીપ્ત હોય તો આ રોગ સાધ્ય છે. બળવાન્ શરીર હોય અને રોગ તુરતનો થયો હોય, તો પણ તે સાધ્ય છે. એક વર્ષ પછી આ રોગ કષ્ટસાધ્ય થાય છે. સઘળા લક્ષણો-વાળો રોગ હોય તો તેને અસાધ્ય ગણીને છોડી દેવો.

રાજયક્ષ્માની ચિકિત્સા.

बलिनो बहुदोषस्य पञ्च कर्माणि कारयेत् ॥ यक्ष्मिणः क्षीणदेहस्य तत्कृतं स्याद्विषोपमम् । मलायत्तं बलं पुंसां शुक्रायत्तं च जीवितम् ॥ तस्माद्यत्नेन संरक्षेद्यक्ष्मिणो मलरेतसी । शालिषष्टिकगोधूमयवमुद्गादयो हिताः । मद्यानि जाङ्गला पक्षिमृगाः पथ्या विशुष्यताम् । सपिप्पलीकं सयवं सकुलत्थं सनागरम् । दाडिमामलकोपेतं स्निग्धमाजं रसं पिबेत् । तेन सर्वे निवर्तन्ते विकाराः पीनसादयः ॥

द्रव्यतो द्विगुणं मांसं सर्वतोऽष्टगुणं जलम् । पादस्थं संस्कृतं चाज्ये षडङ्गोयूष उच्यते ॥

तथा यव पल १ । कुलत्थ पल १ । छागमास पल ४ । जल पल ४८ । शेष पल १२ । ततः पलमिते घृते सस्करणीयम् । तत्र कर्षमित सैन्धवं देयम् । सौरमार्थं हिङ्गु देयम् । पिप्पली नागर च पृथक् माषमित्त कल्कीकृत्य देयम् । षडङ्गयूष ॥

ककुभत्वग् नागबला वानरिबीजं विचूर्णितं पयसा । पीतं मधुघृतयुक्तं ससितं यक्ष्मादिकासहरम् ॥ छागमांसं पयश्छागं छागं सर्पिः सनागरम् । छागोपसेवा शयनं छागमध्ये तु यक्ष्मनुत् । मधुताप्यविडङ्गाश्मजतुलोहघृताभयाः । घ्नन्ति यक्ष्माणमत्युग्रं सेव्यमाना हिताशिनः ॥

ताप्य सुवर्णमाक्षिकम् ॥

शर्करामधुसंयुक्तं नवनीतं लिहन् क्षयी । क्षीराशी लभते पुष्टिमतुल्ये चाज्यमाक्षिके ॥ सितोपला तुगाक्षीरी पिप्पली बहुला त्वचः । अन्त्यादूर्ध्वं द्विगुणिताश्चूर्णिता मधुसर्पिषा ॥ लेहयेद्राजरोगार्त्तं कासश्वासज्वरातुरम् । पार्श्वशूलिनमल्पाग्निं सुप्तजिह्वं रुचिच्युतम् ॥ हस्तपादाङ्गदाहे च ज्वरे रक्ते तथार्ध्वगे ॥ सितोपला मिश्री । बहुला सूक्ष्मैला । इति सितोपलादिरवलेहः ॥

जातीफलं विडङ्गानि चित्रकं तगरं तिलः । तालीसं चन्दनं शुण्ठी लवङ्गमुपकुञ्चिका ॥ कर्पूरश्चाभया धात्री मरिचं पिप्पली तुगा । एषां व्यक्षसमा भागाश्चातुर्जातकसंयुताः ॥ पलानि सप्त भृङ्गायाः सिता सर्वसमा मता । चूर्णमेतत् क्षयं कासं श्वासं च ग्रहणीगदम् ॥ अरोचकं प्रतिश्यायं तथा चानलमन्दताम् । एतान् रोगान्निहन्त्येव वृक्षमिन्द्राशनिर्यथा ॥

इति जातीफलाद्यं चूर्णम् ॥

बालरोगाधिकारोक्तं तैलं लाक्षादि योजयेत् । अभ्यङ्गे यक्ष्मिणो नित्य वृद्धवैद्यो विशेषतः ॥ वासकस्य रसप्रस्थं मानिकासितशर्कराः । पिप्पल्या द्विपलं तावत् सर्पिषश्च शनैः पचेत् ॥ तस्मिन् लेहत्वमायाते शीते क्षौद्रपलाष्टकम् । दत्त्वावतारयेद्वैद्यो लीढो लेहोऽयमुत्तमः ॥ हन्त्येव राजयक्ष्माणं कासं श्वासं च दारुणम् । पार्श्वशूलं च हृच्छूलं रक्तपित्तं ज्वरं तथा ॥

वासावलेहः ॥

રોગી બળવાન તથા ઘણા દોષોવાળો હોય તો વમનાદિ પાંચકર્મો કરવાં, પણ જો રોગી નબળો હોય તો પાંચકર્મો તેને ઝેર સરખાં થાય છે, કેમ કે મ નુષ્યનું બળ મળોને આધીન છે તથા જીવન વીર્યને અધીન છે, માટે ક્ષયવાળાના વીર્યની તથા મળની યત્નપૂર્વક રક્ષા કરવાની જરૂર છે. ક્ષયવાળાને ચોખા, સાઠી ચોખા, ઘઉં, જવ, તથા મગ વગેરે ધાન્યો, મદ્યો, અને જાંગલમાંસો પથ્ય છે.

ચાર ચાર તોલાભાર જવ તથા કળથી અને સોળ તોલા બકરાનુ ચીકણું માસ એનો આઠગણા પાણીમા ક્વાથ કરી ચોથા ભાગનું પાણી રહે ત્યારે તેને ચાર તોલા ઘીમાં વધારી તેમાં એક તોલો સૈંધવ નાંખીને સુગંધ અર્થે થોડી હિંગ, દાડમનો રસ, તથા આ-

મળાંનો રસ નાંખીને એ ષડંગયૂષ નામનો માંસરસ પાવો, તથા પીપર અને સૂંઠનો છ રતિ ભાર કલ્ક ખવરાવવો, આથી શ્લેષ્મ વગેરે સર્વ વિકારો મટી જાય છે.

આસુંદરાની છાલ, કૌચાંનાં બીજ, અને ખપાટને દૂધમાં વાટી મધ, ઘી તથા સાકર નાંખીને પીવાથી ક્ષયરોગ તથા ઉધરસ વગેરે મટી જાય છે.

બકરાંનું માંસ, બકરીનું દૂધ, સૂંઠ નાંખેલું બકરીનુ ઘી, બકરાંનુ સેવન, તથા બકરાંનાં ટોળામાં સૂવું, એથી ક્ષયરોગ મટે છે.

મધ, સોનામખી, વાવડીંગ, શિલાજિત લોહભસ્મ, ઘી અને હરડેના સેવનથી અને પથ્ય ભોજનથી અત્યંત ઉગ્ર ક્ષયરોગ પણ મટી જાય છે.

સાકર તથા મધ સહિત માખણ ચાટવાથી તથા દૂધનું ભોજન કરવાથી, અથવા મધ અને ઘી વિષમ ભાગે મેળવીને ચાટવાથી ક્ષયરોગીને પુષ્ટિ મળે છે.

સિતોપલાદ્યવલેહ:—૧ ભાગ તજ, ૨ ભાગ ઝીણી એળચી, ૪ ભાગ પીપર, ૮ ભાગ વંશલોચન અને ૧૬ ભાગ સાકરનુ ચૂર્ણ મધ તથા ઘી સહિત ચાટવાથી ક્ષય, ઉધરસ, શ્વાસ, જ્વર તથા પડખાનું શૂળ મટે છે. અલ્પાગ્નિ, જીભની જડતા અને અરૂચિ પણ મટે છે. હાથ, પગ અને અંગોનો દાહ, જ્વર કે ઉપરના માર્ગોથી નીકળતું લોહી આ ચૂર્ણ ચાટવાથી મટે છે.

જાતીફલાદિ:—જાયફળ, વાવડીંગ, ચિત્રક, તગર, તલ, તાલીસપત્ર, ચંદન, સૂંઠ, લવગ, ફલોજીરૂં, ભીમસેની કપૂર, હરડે, આમળાં, મરી, પીપર, વંશલોચન, તજ, તમાલપત્ર, એળચી, નાગકેશર, આ દરેક ત્રણ ત્રણ તોલા, અને ૨૮ તોલાભાર ભાંગ; અને એ સર્વની બરોબર સાકર લેવી. જેમ ઇંદ્રનું વજ્ર વૃક્ષને હણે છે તેમ આ ચૂર્ણ ક્ષય, ઉધરસ, શ્વાસ, ગ્રહણી, અરૂચિ, શ્લેષ્મ, અને મદાગ્નિનો નાશ કરે છે.

લાક્ષાદિ તેલ—બાળ રોગના અધિકારમાં લાક્ષાદિ તેલ કહેવામાં આવશે, તેનો ઉપયોગ વૃદ્ધ વૈદ્યે ક્ષયરોગીને અભ્યંગ કરવામાં વિશેષ કરવો.

વાસાવલેહ:—અરડૂસીનો રસ ૬૪ તોલા, સાકર ૩૨ તોલા, અને પીપર તથા ઘી આઠ આઠ તોલા, એનો પાક કરવો. શીરા જેવો થાય એટલે ટાઢો પાડીને તેમાં ૩૨ તોલા મધ નાંખવું. આ વાસાવલેહ નામનો ઉત્તમ અવલેહ ચાટવાથી ક્ષય, ઉધરસ, દારૂણ શ્વાસ, પડખામાં શૂળ, છાતીમાં શૂળ, રક્તપિત્ત અને જ્વર મટી જાય છે.

વ્યવાય શોષની ચિકિત્સા.

तत्र, व्यवायशोषिणं क्षीणरसमांसाज्यभोजनैः । सुकुलैर्मधुरैर्हृद्यैर्जीवनीयैरुपाचरेत् ॥

रस. मांसरसः सुकुलैर्हितै ॥

ક્ષીણ થયેલા વ્યવાય શોષવાળાને માંસરસ તથા ઘીનું ભોજન; તથા અનુકૂળ, મધુર અને પ્રિય એવા જીવનીય પદાર્થો આપવા.

શોક શોષની ચિકિત્સા.

हर्षणैः श्वसनैः क्षीरैः स्निग्धैर्मधुरशीतलैः। दीपनैर्लघुभिश्चान्नैः शोकरोगमुपाहरेत् ॥

પ્રસન્ન રાખવાથી; આશ્વાસનથી; તથા દૂધ અને સ્નિગ્ધ, મધુર, શીતળ, દીપન તથા હલકા પદાર્થોથી શોક શોષના ઉપચારો કરવા.

વ્યાયામ શોષની ચિકિત્સા

व्यायामशोषिण स्निग्धैः क्षतक्षयहितैर्हिमैः ।
उपाचरेज्जीवनीयैर्विधिना श्लैष्मिकेन तु ॥

સ્નિગ્ધ અને ઉરઃક્ષતના ઉપાયો ટાઢા અને જીવનીય ઉપાયો, કફની રીતે એટલે કે બૃંહણ ઉપાયો, વ્યાયામ શોષવાળાને કરવા

અધ્વ શોષની ચિકિત્સા.

आस्यासुखैर्दिवास्वप्नैः शीतैर्मधुरबृंहणैः।
अन्नमांसरसाहारैरध्वशोषमुपाचरेत् ॥

અધ્વ શોષવાળાને બેસાડી રાખવો, દિવસે સૂવાડવો, તથા શીતળ મધુર પૌષ્ટિક અન્નો અને માંસરસના ખોરાકો આપવા.

વ્રણ શોષની ચિકિત્સા.

व्रणशोषं जयेत्स्निग्धैर्दीपनैः स्वादुशीतलैः।
ईषदम्लैरनम्लैर्वा यूषमांसरसादिभिः ॥

સ્નિગ્ધ, દીપન, મધુર, શીતળ અને કંઇક ખાટા અગર ખટાઈ વગરના યૂષોથી અને માંસરસથી વ્રણ શોષને જીતવો

ઉરઃક્ષત શોષની ચિકિત્સા

बलाश्वगन्धाश्रीपर्णीबहुपुत्रीपुनर्नवा ।
पयसा नित्यमभ्यस्ताः शमयन्ति क्षतक्षयम्॥

श्रीपर्णी गम्भारी । बहुपुत्री शतावरी । इति बलादिचूर्णम् ॥

एलापत्रत्वचोर्द्धाक्षा पिप्पल्यर्द्धपलं पृथक् । सितामधुकखर्जूरमृद्वीकाश्च पलोन्मिताः । सञ्चूर्ण्य मधुना युक्ता वटिकाः सम्प्रकल्पयेत् । अक्षमात्रा ततश्चैकां भक्षयेत्तु दिने दिने ॥ क्षतं क्षयं ज्वरं कासं स्वासं हिक्कां वमिं भ्रमम् । मूर्छां मदं तृषां शोष पार्श्वशूलमरोचकम् ॥ प्लीहानमाढ्य वातञ्च रक्तपित्तं स्वरक्षयम् । एलादि गुटिका हन्ति वृष्या सन्तर्पणी परा ॥

इति एलादिगुटिका ॥

द्राक्षायाः प्रस्थमेकन्तु मधुकस्य पलाष्टकम् । पचेत्तोयाढके शुद्धे पादशेषेण तेन तु ॥ पलिके मधुकद्राक्षे पिष्टे कृष्णा पलद्वयम् । प्रदाय सर्पिषः प्रस्थं पचेत् क्षीरे चतुर्गुणे । सिद्धे शीते पलान्यष्टौ शर्करायाः प्रदापयेत् । एतत् द्राक्षाघृतं सिद्धं क्षतक्षीणसुखावहम् ॥ वातं पित्तं ज्वरं श्वासं विस्फोटकहलीमकान् । प्रदरं रक्तपित्तञ्च हन्यान्मासवलप्रदम् ॥ इति द्राक्षादिघृतम् ॥

क्षीरे धात्री च मञ्जिष्ठा क्षीरिण्याश्च तथा रसैः । पचेत्समैर्घृते प्रस्थं मधुरैः कर्षसम्मितैः ॥ द्राक्षा द्विचन्दनोशीरैः शर्करोत्पलपद्मकैः । मधुककुसुमानन्ताकाश्मरीतृणसञ्ज्ञकैः ॥ प्रस्थार्द्धं मधुनः शीते शर्करार्द्धतुलां तथा । पलार्धिकांश्च सञ्चूर्ण्य त्वगेलापद्मकेशरान् ॥ विनीय तत्र संलिह्यान्मात्रां नित्यं सुयन्त्रितः । अमृतप्राशमित्येतदश्विभ्यां परिकीर्त्तितम् । क्षीरमांसाशिनां हन्ति रक्तपित्तं क्षतक्षयम् ॥ तृष्णारुचिश्वासकासच्छर्दिमूर्छाभ्रमर्दनम् । मूत्रकृच्छ्रज्वरघ्नञ्च बल्यं स्त्रीरतिवर्द्धनम् ॥

अमृतप्राशावलेह ॥

यद्यच्च तर्पणं शीतमविदाहि हितं लघु । अन्नपानं निषेव्यं स्यात् क्षतक्षीणैः सुखार्थिभिः ॥ शोकं स्त्रियः क्रोधमसूयताञ्च त्य-

जेदुदारान्विषयान् भजेच्च । तथा द्विजातींस्त्रिदशान् गुरूंश्च वाचश्च पुण्याः शृणुयाद् द्विजेभ्यः ॥

બલાદિ ચૂર્ણ—બળદાણા, આસોંદ, સીવણનાં ફળ, શતાવરી, અને સાટોડી, આને દૂધમા વાટીને નિત્ય પીવાની ટેવ રાખવાથી ઉર ક્ષત શોષ શાત થાય છે

એલાદિ ગુટિકા—અરધો અરધો તોલો એળચી, તમાલપત્ર અને તજ; બે તોલા પીપર, ચાર ચાર તોલા સાકર જેઠીમધ, ખજૂર અને દ્રાક્ષ, આના ચૂર્ણની મધમાં એક એક તોલાભારની ગોળીઓ કરીને નિત્ય એક ગોળી ખાવાથી ઉર ક્ષત શોષ, જ્વર, ઉધરસ, શ્વાસ, હેડકી, ઉલટી, ભ્રમ, મૂર્ચ્છા, મદ, તરશ, શોષ, પડખાનુ શુળ, અરૂચિ, બરલનો રોગ, ઉરૂસ્તભ, રક્તપિત્ત અને સ્વરભેદ મટી જાય છે. આ ગોળી કામી લોકોને બહુ હિતકારી તથા તૃપ્તિ આપનારી છે.

દ્રાક્ષાદિ ઘૃત—દ્રાક્ષ ૬૪ તોલા, જેઠીમધ ૩૨ તોલા, અને ૨૫૬ તોલા પાણી, આનો ક્વાથ કરીને ચોથો ભાગ રહે એટલે તેમા ચાર ચાર તોલા જેઠીમધ અને દ્રાક્ષ, આઠ તોલા પીપર, અને ૬૪ તોલા ઘી નાખીને ચોગણા દૂધમા પકાવવું. પાકી રહ્યા પછી ઠંડુ કરીને તેમા ૩૨ તોલા સાકર નાંખવી, એટલે દ્રાક્ષાદિ ઘૃત થાય છે. આથી ઉર.ક્ષત શોષ, વાયુ, પિત્ત, જ્વર, શ્વાસ, વિસ્ફોટક, હલીમક, પ્રદર તથા રક્તપિત્તને હણે છે; ને માસ તથા બળને વધારે છે.

અમૃતપ્રાશાવલેહ—ઘીમાં આમળાં, મજીઠ અને વિદારીકંદનો રસ સમભાગે નાંખીને, એક એક તોલો જીવનીય ગણના પદાર્થો, દ્રાક્ષ, ચંદન, રતાંજળી, કાળોવાળો, કઠ, કમળ, સાકર, મહુડાનાં ફૂલ, ઉપલસરી, સીવણના ફળ, તથા રોહિસ ખડ નાંખીને તે ઘીને દૂધમાં પકાવી, ઠડું પાડીને, તેમા ૩૨ તોલા મધ, ૨૦૦ તોલા સાકર અને બે બે તોલાભાર તજ, એળચી, કમળકેસરા નાંખવાથી અશ્વિની કુમારોએ કહેલ અમૃત પ્રાશાવલેહ થાય છે. જિતેંદ્રિય રહીને યોગ્ય માત્રાથી તે નિત્ય ખાવાથી અને દૂધ તથા માસનું ભોજન કરવાથી ઉર.ક્ષતક્ષય, રક્તપિત્ત, તૃષા, અરૂચિ, શ્વાસ, ઉધરસ, ઉલટી, મૂર્ચ્છા, મૂત્રકૃચ્છ્ર, અને જ્વરનો નાશ થાય છે. સ્ત્રીઓમા રતિ તથા બળ પણ વધે છે.

ઉરઃક્ષતવાળાને પથ્યાપથ્ય.

ઉર ક્ષતક્ષયવાળાને સુખની ઇચ્છા હોય તો તેણે તૃપ્તિ આપનારાં અન્નપાનો શીતળ, વિદાહ નહિ કરનારાં, હિતકર તથા હલકાં ભોજનો કરવાં. શોક, સ્ત્રીસંગ, ક્રોધ અને દ્વેષનો ત્યાગ કરવો સારા વિષયોનુ સેવન કરવુ. વિપ્ર, દેવો અને ગુરૂની ભક્તિ કરવી, તથા બ્રાહ્મણો પાસેથી પાવન કરનારી કથાઓ સાભળવી.

રાજયક્ષ્મા ઉપર રસો

**रसभस्मामृतासत्वं लोहं मधुघृतान्वितम् ।
अमृतेश्वरनामाय षड्गुञ्जोराजयक्ष्मणि ॥**

रसभस्म मारितो रस । अमृतासत्व गुडूचीसत्वम् । लोह मारितम् । अमृतेश्वररसो राजयक्ष्मणि रसेन्द्रचिन्तामणौ ॥

त्र्योऽशा मारितात् सूतादेकोंऽशो हेमभस्मतः । एकोंऽशो मृतताम्रस्य शिलामन्धश्च तालकम् ॥ प्रत्येकं भागयुग्मं स्यादेतत् सर्वं विचूर्णयेत् । वराटीः पूरयेत्तेन

छागीक्षीरेण टङ्कणम् ॥ पिष्ट्वा तेन मुखं रुद्ध्वा मृद्भाण्डे ताश्च धारयेत् । ततः पचेत् गजपुटे स्वाङ्गशीतं समुद्धरेत् ॥ रसो राजमृगाङ्कोऽयं चतुर्गुञ्जः क्षयापहः । मरिचैरूनविंशत्या कणाभिर्दशभिस्तथा ॥ मधुना सर्पिषा चापि दद्यादेतं रसं भिषक् । अनेन नश्यति क्षिप्रं वातश्लेष्मभवः क्षयः ॥

इति राजमृगाङ्को रसो राजयक्ष्मणि रसेन्द्रचिन्तामणौ ।

शुद्धं सूतं द्विधा गन्धं कुर्यात् खल्वेन कज्जलीम् । तयोः समं तीक्ष्णचूर्णं मर्दयेत् कन्यकाद्रवैः ॥ द्वियाममातपे गोलं ताम्रपात्रे निधापयेत् । आच्छाद्यैरण्डपत्रेण स्यादुष्णं यामयुग्मतः ॥ धान्याराशौ न्यसेत्पश्चादष्टरात्रात्तदुद्धरेत् । सञ्चूर्ण्य गालयेद्वस्त्रैः सत्यं वारितरं भवेत् ॥ त्रिकटुत्रिफलैलाभिजातीफललवङ्गकैः । नवभागोन्मितैरेभिः समैरेष रसो भवेत् ॥ निष्कद्वयमितं नित्यं मधुना सह लेहयेत् । अयमग्निरसो नाम्ना कासक्षयहरः परः ॥

इति अग्निरस शार्ङ्गधरे । इति राजयक्ष्माधिकार. ॥

(૧) અમૃતેશ્વર રસ.

મારેલો પારો, ગળોનુ સત્ત્વ અને લોહભસ્મ મધ તથા ઘીમા ચાટવાથી રાજયક્ષ્મા મટે છે. આ અમૃતેશ્વર નામનો રસ છ રતિભાર ખવાય છે.

(૨) રાજમૃગાંકરસ.

ત્રણ ભાગ પારો, એક ભાગ સુવર્ણ ભસ્મ, એક ભાગ તામ્ર ભસ્મ અને બે બે ભાગ મણશીલ, ગધક અને હરતાળ, એ સર્વેનુ ચૂર્ણ કોડીઓની પોલમાં ભરીને તે પોલને બકરીના દૂધમાં વાટેલા ટકણખારથી બધ કરવી. પછી એ કોડીને માટીના વાસણમા રાખી તે વાસણને કપડમટ્ટીથી બધ કરી દેઈને ગજપુટમા પકાવવુ પછી ટાઢો પાડીને રાજમૃગાકરસમાંથી ચાર રતિભાર ખાવાથી ક્ષયરોગ મટે છે ઓગણીસ મરી તથા દસ પીપર સહિત એ રસ મધ તથા ઘીમાં ચાટવાથી વાત અને શ્લેષ્મનો ક્ષય એકદમ મટી જાય છે. (રસેંદ્ર ચિંતામણિ)

(૩) અગ્નિરસ

એક ભાગ પારો, બે ભાગ ગંધક, એઓની કજ્જલી કરવી. તે બંને જેટલી લોહભસ્મ તેમાં મેળવીને બે પ્રહર સુધી કુવારના રસની તેને તડકે ભાવના દેવી. પછી ગોળો કરીને ત્રાંબાના વાસણમાં મૂકી એરંડાનાં પાનથી ઢાંકીને તડકે મૂકવો બે પ્રહર સૂધીમા તે ગરમ થઇ જાય એટલે તે ગોળાને ધાન્યના ઢગલામા આઠ રાત્રી સૂધી દાટી રાખવો. પછી એ ચૂર્ણના નવ ભાગ અને નવ ભાગમાં ત્રિકટુ, ત્રિફળા, એળચી, જાયફળ, અને લવગના ચૂર્ણો મેળવી દેવાં એટલે અગ્નિરસ થાય છે. આ રસ નિત્ય અરધો તોલો મધમાં ચાટવાથી ઉધરસ અને ક્ષયનો અત્યત નાશ થાય છે. (શારગધર સંહિતા)

इति क्षयरोगाधिकारः ॥

ઉધરસનો અધિકાર.

ઉધરસનાં નિદાન, સંપ્રાપ્તિ તથા લક્ષણો.

धूमोपघाताद्रजसस्तथैव व्यायामरूक्षान्ननिषेवणाच्च । विमार्गगत्वादपि भोजनस्य वेगावरोधात्क्षवथोस्तथैव ॥ प्राणो ह्युदानानुगतः प्रदुष्टः स भिन्नकांस्यस्वनतुल्यघोषः । निरेति वक्त्रात्सहसा सदोषो मनीषिभिः कास इति प्रदिष्टः ॥

सदोष तादृक् प्राणानिलरूप ॥

ધૂમાડો ખાવાથી, રજ ખાવાથી, અતિ કસરત, રૂક્ષ અન્નો બહુ ખાવાથી ભોજન અવળે માર્ગે જવાથી, વેગો તથા છીંકને રોકવાથી, દુષ્ટથયેલો પ્રાણવાયુ ઉદાનવાયુની સાથે મળી જઇને ભાંગેલા કાંસાના વાસણ જેવા અવાજ સહિત મુખમાંથી જોર કરી નીકળે છે, તેને ઉધરસ કહે છે.

ઉધરસની સંખ્યા.

पञ्च कासाः स्मृता वातपित्तश्लेष्मक्षतक्षयैः क्षयायोपेक्षिताः सर्वे बलिनश्चोत्तरोत्तरम् ॥ क्षयाय राजयक्ष्मणे ॥

વાત, પિત્ત, કફ, ક્ષત અને ક્ષયથી થયેલી એમ પાચ પ્રકારની ઉધરસો છે ક્ષયથી ઉત્તરોત્તર ઉપર ઉપરની ઉધરસો ઓછી બળવાન્ છે.

ઉધરસનું પૂર્વરૂપ.

पूर्वरूपं भवेत्तेषां शूकपूर्णगलास्यता । कण्ठे कण्डूश्च भोज्यानामवरोधश्च जायते ॥

भोज्यानामवरोधः कवलगिलने कण्ठव्यथा ॥

ગળુ તથા મુખ કાંટાથી ભરાયા જેવું લાગે છે, ગળામાં ચળ થાય છે, અને કોળિયો ઉતારતાં ગળામાં પીડા થાય છે.

વાયુની ઉધરસનાં લક્ષણો.

हृच्छङ्खपार्श्वोदरमूर्द्धशूली क्षामाननः क्षीणबलस्वरौजाः । प्रसक्तवेगस्तु समीरणेन भिन्नस्वरः कासति शुष्कमेव ॥ शङ्खो ललाटैकदेश शुष्क श्लेष्मादिरहितम् ॥

વાયુથી ઉધરસ થાય છે તો છાતી, લમણા, પડખાં, પેટ અને માથામાં શૂળ નીકળે છે, મોઢું ફ્ક્કું થાય છે; અને બળ, સ્વર તથા ઓજ ક્ષીણ થઇ જાય છે. સ્વરભેદ થઇને કફ વગર ખો ખો થયા કરે છે.

પિત્તની ઉધરસનાં લક્ષણો.

उरोविदाहज्वरवक्त्रशोषैरभ्यर्दितस्तिक्तमुखस्तृषार्त्तः । पित्तेन पीतानि वमेत्कटूनि कासेत्सपाण्डुः परिदह्यमानः ॥

सपाण्डु. पाण्डुरोगयुक्तः ॥

પિત્તની ઉધરસ થાય તો છાતીમા બળતરા, જ્વર, મુખશોષ, મુખમાં કડવાશ, તૃષા અને પીળી તથા તીખી ઉલટી થાય છે. અને તથા પાડુરોગ દાહ થઈ ઉધરસ આવ્યા કરે છે.

કફની ઉધરસનાં લક્ષણો.

प्रलिप्यमानेन मुखेन सीदन् शिरोरुजार्त्तः कफपूर्णदेहः । अभक्तरुक् संभृतकण्डुयुक्तः कासेद् भृशं सान्द्रकफः कफेन ॥

प्रलिप्यमानेन मुखेन श्लेष्मलिप्तेन मुखेनोपलक्षित. । अभक्तरुक् न भुक्ते रुक् रुचिर्यस्य स कण्डूकण्ट एव च ॥

કફની ઉધરસમાં મુખ કફથી ચોપડાયલું, વ્યથા, માથુ દુ:ખવું, શરીરમા કફ, અરૂચિ, ગળામા ચળ, અને ઘાટા કફના ખડખડાટ તથા જાડા બળખાવાળી ઉધરસ બહુ આવ્યા કરે છે.

ક્ષતની ઉધરસનાં નિદાન તથા લક્ષણો.

अतिव्यवायभाराध्वयुद्धाश्वगजनिग्रहैः । रूक्षस्योरःक्षतं वायुर्गृहीत्वा कासमावहेत् ॥

अश्वगजयोर्निग्रहो दमनम् ॥

स पूर्वं कासते शुष्कं ततः ष्ठीवेत्सशोणितम् । कण्ठेन कूजत्यत्यर्थं विभग्नेनेव चोरसा ॥ सूचीभिरिव तीक्ष्णाभिस्तुद्यमानेन शूलिना । दुःखस्पर्शेन शूलेन भेदपीडाभितापिना ॥ पर्वभेदज्वरश्वासतृष्णावैस्वर्यपीडितः । पारावत इवाकूजन् कासवेगात् क्षतोद्भवात् ॥ कण्ठेनेत्युपलक्षणे तृतीया एवमुरसेति ॥

અતિ મૈથુન, અતિ ભાર વહન, અતિ પથ, અતિ યુદ્ધ, અને ઘોડા વગેરેને પકડવાથી રૂક્ષ માણુસની છાતીમા ક્ષત થઇને વાયુથી ઉધરસ થાય છે. એ ઉધરસ થાય તે માણુસ પ્રથમ સૂકી ઉધરસ ખાય છે, અને પછીથી બળખામા લોહી પડે છે. ગળું બહુ ઘુઘવે છે, છાતી ભાગી જતી હોય તેમ તેમા તીક્ષ્ણુ સોઇઓ ભોકાય છે, છાતીમા શૂળ તથા તે જગોએ અડતા બહુ દુ:ખે છે. ભેદાયા જેવી પીડા તથા અભિતાપ બહુ થાય છે. સાધાએ તૂટે છે; અને શ્વાસ, જ્વર અને તૃષા લાગે છે. અવાજ બેસી જાય છે, અને ઉધરસ કબૂતરની પેઠે ઘૂઘવે છે.

ક્ષયથી થયેલી ઉધરસનું નિદાન.

विषमासात्म्यभोज्यातिव्यवायाद्वेगनिग्रहात् । घृणिनां शोचतां नृणां व्यापन्नेऽग्नौ त्रयो मलाः ॥ कुपिताः क्षयणं कासं कुर्युर्देहक्षयप्रदम् ॥

વિષમ. અને અહિતકર, ભોજનથી; અતિ મૈથુનથી, મૂત્રાદિ વેગોને રોકવાથી; અત્યત દયા ઉપજવાથી તથા શોક કરવાથી, જઠરાગ્નિ બગડી જઇને ત્રણે દોષો કોપ પામીને ક્ષય કરનારી ઉધરસને ઉત્પન્ન કરે છે.

ક્ષયની ઉધરસનાં લક્ષણો.

सगात्रशूलज्वरमोहदाहप्राणक्षयश्चोपलभेत्स कासी । शुष्कं विनिष्ठीवति निर्बलस्तु प्रक्षीणमांसो रुधिरं सपूयम् । तं सर्वलिङ्गं भृशदुश्चिकित्स्यं चिकित्सितज्ञाः क्षयजं वदन्ति ॥

ક્ષયથી થયેલી ઉધરસવાળાને શરીરમા શૂળ, મોહ, દાહ અને જ્વર થાય છે, ઇંદ્રિયો નબળી થાય છે, સુકુ થુક પડે છે, અને બળ તથા માંસ ક્ષીણુ થઇને ઘણુ પરૂવાળુ લોહી મુખમાથી નીકળે છે. આ ક્ષયની ઉધરસ જો સર્વ પૂરા લક્ષણોવાળી હોય તો તેની ચિકિત્સા અત્યત અશક્ય છે, એમ વૈદ્યશાસ્ત્રીઓ કહે છે.

ઉધરસની સાધ્યાસાધ્યતા.

इत्येष क्षयजः कासः क्षीणानां देहनाशनः । साध्यो बलवतां वा स्याद्याप्यस्त्वेवं क्षतोत्थितः ॥ एवं क्षतोत्थितः क्षीणानामसाध्य । बलवतां साध्यो याप्यो वा स्यात् ॥

नवो कदाचित् सिध्येतामपि पादगुणान्वितौ । स्थविराणा जराकासः सर्वो याप्यः प्रकीर्त्तितः ॥ स्थविराणा जराकास वृद्धाना य कासो भवति स जराकाससंज्ञ स सर्व एव वातजादिरपि याप्य. ॥

त्रीन् पूर्वान् साधयेत् साध्यान पथ्यैर्याप्यांस्तु यापयेत् ॥

ક્ષત તથા ક્ષયની ઉધરસો નબળા માણસને થાય તો તે અસાધ્ય છે, અને બળવાનને થઇ હોય તો તે સાધ્ય છે અથવા કષ્ટસાધ્ય છે વૈદ્ય, ઔષધ અને ચાકરી કરનાર સારા હોય, રોગી પણ ધીરજ વાળો હોય, અને ક્ષત કે ક્ષયની ઉધરસ તરતનીજ થયેલી હોય તો તે ઉધરસ નબળાને થઇ હોય તો પણ કદાચ સાધ્ય થાય છે. (વૃદ્ધાવસ્થાની ઉધરસ કે જે 'જરાકાસ' કહેવાય છે તે તો કષ્ટસાધ્ય છે.) વાત, પિત્ત, અને કફ એમ ત્રણ પ્રકારની થયેલી ઉધરસો સાધ્ય છે, માટે તેને ચિકિત્સાથી મટાડવી; અને ક્ષત તથા ક્ષયની ઉધરસો કષ્ટસાધ્ય હોવાથી પથ્ય આપીને કાલક્ષેપ કરાવ્યા કરવો.

ઉધરસના ઉપાય તુરત કરવા.

ज्वरारोचकहृल्लासस्वरभेदक्षयादयः । भवन्त्युपेक्षया यस्मात्तस्मात्तं त्वरया जयेत् ॥

ઉધરસની ઉપેક્ષા કરવાથી જ્વર, અરૂચિ, મોળ, સ્વરભેદ અને ક્ષય વગેરે થાય છે, માટે ઉધરસના ઉપાય તુરતજ કરવા જોઇએ.

વાયુની ઉધરસની ચિકિત્સા.

वास्तुको वायसीशाकं शूलकं सुनिषण्णकम् । स्नेहास्तैलादयो भक्ष्यास्तथेक्षुरसगौडिकाः ॥ दध्यारनालाम्लफलं प्रसन्नापानमेव च । शस्यते वातकासेषु स्वाद्वम्ललवणानि च ॥

वायसीशाक माचीकवैया इति लोके । सुनिषण्णक सिरआ इति लोके । शाकविशेषः ॥

चाङ्गेरीसदृशं पत्रैः सुनिषण्ण चतुर्दलम् । शाक जलान्विते देशे चतुष्पत्रीति चोच्यते ॥

चौपतीया इति लोके ॥

ग्राम्यानूपोदकैः शालियवगोधूमषष्टिकान् रसैर्माषात्मगुप्तानां यूषैर्वा भोजयेद्भिषक् ॥

ग्राम्यानूपोदकै रसैरित्यन्वय. । आत्मगुप्ता कवाच इति लोके ॥

दशमूलीकृता श्वासकासहिक्कारुचापहा । यवागूर्दीपनी वृष्या वातरोगविनाशिनी ॥ रसः कर्कटकानां वा घृतभृष्टः सनागरः । वातकासप्रशमनः शृङ्गो मत्स्यस्य वा पुनः ॥

વાયુની ઉધરસ ઉપર બથવો, પીલુડી, મૂળા, સુનીસરણુક, તેલ વગેરે સ્નિગ્ધ પદાર્થો; શેરડીનો રસ, ગોળના પદાર્થો, દહિં, ફોતરાં વગરના કાચા કે પકાવેલા ઘઉંનો આથો, ખાટા ફળો તથા મધુઅમ્લ અને ખારા પદાર્થો, તેમજ મદિરાની ઉપરનો ભાગ, એ સર્વ હિતકારી છે. ચાંગેરી જેવું આકારનું ચાર પાનવાળું જળમય દેશોમાં થનારૂં ચતુષ્પત્રી નામનું શાક સુનીસરણુક કહેવાય છે.

વાયુની ઉધરસ વાળાને ગામઠી, જળમય દેશના, તથા જળચર પ્રાણીઓના માંસના રસોની સાથે; અથવા અડદ કે કૌચાંના યૂષોની સાથે; ચોખા, ઘઉં, જવ અને સાઠીચોખા આપવા.

દશમૂળ સહિત બનાવેલી યવાગૂ શ્વાસ,

ઉધરસ, હેડકી તથા વાતરોગોને મટાડે છે તેથી અગ્નિ પ્રદીપ્ત થાય છે અને મૈથુનશક્તિ વધે છે.

કુડચલ જાતનાં માછલાંનો રસ ઘીમાં શેકીને સૂંઠ નાંખીને પીવાથી વાયુની ઉધરસ મટી જાય છે.

પિત્તની ઉધરસની ચિકિત્સા.

कण्टकारीयुगद्राक्षावासाकर्चूरवालकैः । नागरेण च पिप्पल्या क्वथितं सलिलं पिबेत् ॥ शर्करा मधुसंयुक्तं पित्तकासहरं परम् ॥

ઊભી તથા બેઠી ભોરીંગણીઓ, દ્રાક્ષ અરડૂસી, કચૂરો, વાળો, સૂંઠ અને પીપરનો ક્વાથ સાકર તથા મધ નાખીને પીવાથી પિત્તની ઉધરસ મટી જાય છે.

કફની ઉધરસની ચિકિત્સા.

पिप्पली कट्फलं शुण्ठी शृङ्गी भार्गी तथोषणम् । करवी कण्टकारी च सिन्दुवारो यवानिका ॥ चित्रको वासकश्चैषां कषायं विधिवत् कृतम् । कफकासविनाशाय पिबेत् कृष्णारजोयुतम् ॥ पिप्पल्यादिक्काथ ॥

પિપ્પલ્યાદિ ક્વાથ—પીપર, કાયફળ, સૂઠ, કાકડાશીંગી, ભારંગી, મરી, કલોંજીજીરૂં, ભોરીંગણી, નગડ, અજમો, ચિત્રક, અને અરડૂસીનો ક્વાથ પીપરનું ચૂર્ણ નાંખીને પીવાથી કફની ઉધરસ મટી જાય છે.

ક્ષતની ઉધરસની ચિકિત્સા.

इक्ष्विक्षुवालिकापद्ममृणालोत्पलचन्दनम् । मधुकं पिप्पली द्राक्षा लाक्षा शृङ्गी शतावरी ॥ द्विगुणा च तुगाक्षीरी सिता सर्वचतुर्गुणा । लिह्याचन्मधुसर्पिर्भ्यां क्षतकासनिवृत्तये ॥ इक्षुवालिका इक्षुभेद. । चन्द्र इति लोक । पद्म पद्मकाष्ट मृणाल बिसम् उत्पल कमल चन्दनमत्र धवल चूर्णत्वात् । शृङ्गी कर्कटशृङ्गी तुगाक्षीरी वशरोचना सा चेक्षोर्द्विगुणा ॥

શેરડી ઇક્ષુવાલિકા, પદ્મકાષ્ઠ, કમળ મૃણાલ, કમળ, સુખડ, જેઠીમધ, પીપર દ્રાક્ષ, લાખ, કાકડાશીંગી, શતાવરી, શેરડીથી બમણું વશલોચન તથા સર્વથી ચોગણી સાકરનું ચૂર્ણ મધ અને ઘીમા ચાટવાથી ક્ષતની ઉધરસ મટી જાય છે.

ક્ષયની ઉધરસની ચિકિત્સા.

चूर्णं काकुभमिष्टं वासकरसभावितं बहून् वारान् । मधुघृतसितोपलाभिर्लेह्यं क्षयकासरक्तहरम् ॥ काकुभचूर्णं ककुभचूर्णम् ॥

આસોદરાનું ચૂર્ણ અરડૂસીના રસની ભાવના આપીને મધ, ઘી અને સાકર સાથે ચાટવાથી ક્ષયની ઉધરસ મટી જાય છે.

ઉધરસની સામાન્ય ચિકિત્સા.

ताप्यमानस्य कासेन नानाभावे स्वरे जडे । क्षवथौ गन्धनाशे च धूमपानं प्रयोजयेत् ॥ मनःशिलालमरिचमांसीमुस्तेङ्गुदैः पिबेत् । धूमं त्र्यहश्च तस्यानुपयश्च सगुडं पिबेत् ॥ एष कासान् पृथक् द्वन्द्वसर्वदोषसमुद्भवान् । शतैरपि प्रयोगाणामसाध्यान् साधयेद् ध्रुवम् ॥ अल हरितालम् ॥

बदरीदलमालिप्तं शिलयातपशोषितम् । तद्धूमपानं सक्षीरं महाकासनिवारणम् । कण्टकारीकृतः क्काथः सकृष्णः सर्वकासहा ॥ कण्टकार्याः कणायाश्च चूर्णं समधु कासहृत् । लवङ्गजातीफलपिप्पलीनां भा-

गान् प्रकल्प्याक्षसमानमेषाम् ॥ पलार्द्धमान मरिच प्रदेयं पलानि चत्वारि महौषधस्य । सितासमस्तेन समाथ चूर्णं रोगानिमानाशु बलान्निहन्ति । कासज्वरारोचकमेहगुल्म-श्वासाग्निमान्द्यग्रहणीविकारान् ॥

समशर्कर चूर्णं वटिका वा ॥

कुनटी सैन्धवं व्योषं विडङ्गामयहिङ्गुभिः । लेहः साज्यमधुः कासश्वासहिक्कानिवारणः ॥ हरीतकी कणा शुण्ठी मरिचं गुडसंयुतम् । कासश्लेष्मापहं प्रोक्तं परं वह्निः प्रदीपनम् । कर्षः कर्षांशं पलं पलद्वयं स्यात्ततोऽर्द्धकर्षश्च ॥ मरिचस्य पिप्पलीनां दाडिमगुडयावशूकानाम् । सर्वौषधिभिरसाध्याः कासा ये वैद्यनिर्मुक्ताः ॥ अपि पूयं छर्दयता तेषामिदमौषधं परमम् ॥

कर्षांशोऽत्र कर्षद्वयम् ॥

मरिच कर्षमात्रं स्यात्पिप्पली कर्षसम्मिता अर्द्धकर्षो यवक्षारः कर्षयुग्मश्च दाडिमम् । एतच्चूर्णीकृतं युञ्ज्यादष्टकर्षगुडेन हि ॥ शाणप्रमाणां गुटिकां कृत्वा वक्त्रे विधारयेत् । अस्याः प्रभावात् सर्वेऽपि कासा यान्त्येव संक्षयम् ॥ दाडिमत्वक् ग्राह्या ॥ इति मरीचादिगुटिका ॥

समूलवल्कच्छदकण्टकार्यास्तुलान्ततो द्रोणामितं जलञ्च । हरीतकीनां शतमेकपात्रे विपाच्य कुर्याच्चरणाम्बुशेषम् ॥ तस्मिन् कषाये तनुवस्त्रपूते हरीतकीभिः सहितां गुडस्य । तुलां विनिक्षिप्य पचेत्सुपक्वमेतत्समुत्तार्य सुशीतलञ्च । पलं पलञ्चापि कटुत्रयञ्च तथा चतुर्जातफलं विचूर्ण्य । पलानि षट् पुष्परसस्य चापि विनिक्षिपेत्तत्र विमिश्रयेच्च । प्रयुज्यमानो विधिनैष लेहो यथाबलञ्चापि यथानलञ्च । वातात्मकं पित्तकृतं कफोत्थं द्विदोषजातानपि च त्रिदोषम् । क्षतोद्भवञ्च क्षयजञ्च कासं श्वासञ्च हन्यात्सह पीनसेन । यक्ष्माणमेकादशरूपमुग्रं हरीतकी या भृगुणोपदिष्टा ॥

पुष्परसो मधु । इति भृगुहरीतकी ॥

कण्टकारी तुलां नीरद्रोणे पक्त्वा कषायकम् । पादशेषं गृहीत्वा च तत्र चूर्णानि दापयेत् । पृथक् पलांशान्येतानि गुडूची चव्यचित्रकौ ॥ मुस्तं कर्कटशृङ्गी च त्र्यूषणं धन्वयासकः । भार्गी रास्ना सटी चैव शर्करा पलविंशतिः । प्रत्येकं च पलान्यष्टौ प्रदद्यात् घृततैलयोः । पक्त्वालेहत्वमानीय शीते मधु पलाष्टकम् ॥ चतुर्भागन्तु गोक्षीर्याः पिप्पली च चतुःपलम् । क्षिप्त्वा निदिध्यात्सुदृढे मृण्मये भाजने शुभे ॥ लेहोऽयं हन्ति हिक्कार्त्तिकासश्वासानशेषतः ॥

कण्टकार्यवलेह. । इति कासाधिकारः ॥

ઉધરસ સાથે નાક ઝરતું હોય, સાદ બેસી ગયો હોય, છીંકો આવતી હોય, અને ગંધ પારખવાની શક્તિ જતી રહી હોય તો ધૂમ્રપાન કરવું. મનશીલ, હરતાલ, મરી, જટામાંસી, મોથ અને ઇંગોરિયાના ચૂર્ણની બીડી કરીને પીવી, અને તેની ઉપર ગોળ નાંખીને દૂધ પીવું, તેથી એક દોષ, બે દોષો અને સર્વ દોષોથી થયેલી, સેંકડો ઉપાયોથી પણ ન મટે એવી ઉધરસો મટી જાય છે.

બોરડીનાં પાનને ચારેમેર મણુશીલ ચોપડીને તડકે સૂકવી તેની બીડી કરી પીવાથી ભારે ઉધરસ પણ મટી જાય છે.

ભોરીંગણીનો કવાથ પીપર નાંખીને પીવાથી સર્વ જાતની ઉધરસો મટે છે.

ભોરીંગણી અને પીપરનું ચર્ણ મધમા ચાટવાથી ઉધરસ મટી જાય છે.

એક એક તોલાભાર લવીંગ, જાયફળ, પીપર, બે તોલા મરી, સોળ તોલા સૂઠ, અને એ સર્વની બરોબર સાકર મેળવી ચૂર્ણ અથવા ગોળી કરી ખાવાથી ઉધરસ, જ્વર, અરૂચિ પ્રમેહ, ગુલ્મ, શ્વાસ, મહાગ્નિ અને ગ્રહણી વિકારો બળાત્કારે તુરત મટી જાય છે.

મણુશીલ, સૈંધવ, સૂઠ, મરી, પીપર, વાવડીંગ, કઠ અને હિંગનું ચૂર્ણ ઘી તથા મધમા ચાટવાથી ઉધરસ, શ્વાસ તથા હેડકી મટી જાય છે.

હરડે, પીપર, સૂંઠ અને મરીનું ચૂર્ણ ગોળમા ખાવાથી ઉધરસ અને કફ મટી જાય છે, અને સારી પેઠે અગ્નિ પ્રદીપ્ત થાય છે.

મરી ૧ તોલો, પીપર ૨ તોલા, દાડમની છાલ ૪ તોલા, ગોળ આઠ તોલા અને જવખાર અરધો તોલો એનો અવલેહ ખાવાથી ભારે ઉધરસો મટી જાય છે સર્વ દવાએ થી પણ નહિ મટેલી, અને વૈદ્યોએ છોડી દીધેલી ઉધરસો પણ આથી મટી જાય છે. પરૂ ની ઉલટીવાળી ઉધરસો માટે પણ આ પ્રયોગ સર્વોત્તમ છે

મરિચાદિ ગુટિકા—મરી અને પીપર એક એક તોલો, જવખાર અરધો તોલો અને દાડમના ફળની છાલ બે તોલા, આ ચૂર્ણને ૮ તોલા ગોળમાં કસણીને પા પા તોલાની ગોળીઓ બનાવીને તે ગોળી મુખમા રાખી રસ ઉતારવાથી સર્વ ઉધરસો અવશ્ય નાશ પામે છે

ભૃગુહરીતકી- મૂળ, છાલ અને પાન સહિત ૪૦૦ તોલા ભોરીંગણી અને ૧૦૦ નંગ હરડે, એમનો ૧૦૨૪ તોલા પાણીમા કવાથ કરવો, ચોથો ભાગ પાણી રહે એટલે વસ્ત્રથી ગાળી લેઇને તેમા પેલી બાફેલી ૧૦૦ હરડે અને ૪૦૦ તોલાભાર ગોળ નાખીને પકાવવુ. પાકી જાય એટલે ઊતારી શીતળ કરીને તેમાં ચાર ચાર તોલા સૂઠ, મરી, પીપર, એલચી, તજ, તમાલપત્ર અને નાગકેશર તથા ચોવીશ તોલાભાર મધ નાખવું આ અવલેહ શરીરના બળ તથા અગ્નિને અનુસરીને વિધિથી ખાવાથી વાત, પિત્ત, કફ, બે બે દોષો, ત્રણ દોષો, ક્ષત અને ક્ષયની ઉધરસો, તથા શ્વાસ, શ્લેષ્મ અને અગિયાર રૂપોવાળો ઉગ્રક્ષયરોગ નાશ પામે છે. આ પ્રયોગ ભૃગુમુનિયે કહેલો છે તેથી તે ભૃગુહરીતકી કહેવાય છે.

કટકાર્યવલેહ—૪૦૦ તોલા ભોરીંગણીનો ૧૦૨૪ તોલા પાણીમા કવાથ કરીને ચોથા ભાગનુ પાણી રહે એટલે ગાળી લેઇને તેમા ચાર ચાર તોલા ગળો, ચવક, ચિત્રક, મોથ, કાકડાશીંગી, સૂંઠ, મરી, પીપર, ધમાસો, ભારંગી, રાસ્ના, કચૂરો, ૮૦ તોલાભાર સાકર, ૩૨ તોલાભાર ઘી, અને ૩૨ તોલાભાર તેલ નાખીને પકાવવું શીરા જેવુ થાય એટલે ટાઢુ પાડીને તેમા ૩૨ તોલા મધ, ૮ તોલા વશલોચન અને ૧૬ તોલાભાર પીપર નાખીને એ અવલેહ સારા નવા ઠીકરાના વાસણમા રાખવો એથી હેડકી, ઉધરસ, અને શ્વાસ, એ છેક મટી જાય છે.

॥ इति उधरसनो अधिकार समाप्त ॥

હિક્કા (હેડકી)નો અધિકાર.

હેડકીનાં નિદાનો.

विदाहिगुरुविष्टम्भिरुक्षाभिष्यन्दिभोजनैः ॥ शीतपानाशनस्नानरजोधूमातपानिलैः । व्यायामकर्मभाराध्ववेगाघातापतर्पणैः ॥ हिक्का श्वासश्च कासश्च नृणां समुपजायते ॥ अपतर्पणमनशनादि ॥

દાહક, ભારે, મળ બંધ કરનારા, રૂક્ષ તથા શીતળ ભોજનોથી, શીતળ પાનો તથા સ્નાન કરવાથી, રજ, ધૂમાડો, પવન, બહુ કસરત અને ભાર ઉપાડવાથી, પથ કરવાથી, વિષ્ઠાદિ વેગોને રોકવાથી; અને ઉપવાસ વગેરેથી હેડકી, શ્વાસ અને ઉધરસ થાય છે

હેડકીનો ભેદો.

वायुः कफेनानुगतः पञ्च हिक्काः करोति हि । अन्नजां यमलां क्षुद्रां गम्भीरां महतीं तथा ॥

કફને અનુસરનાર વાયુ પાંચ પ્રકારની હેડકી કરે છે. અન્નજ, યમલા, ક્ષુદ્રા, ગંભીરા અને મહતી.

હેડકીનાં સામાન્ય લક્ષણો.

मुहुर्मुहुर्वायुरुदेति सस्वनो यकृत्प्लिहान्त्राणि मुखादिवाक्षिपन् । सदोषवानाशु हिनस्त्यसून्यतस्ततस्तु हिक्केत्यभिधीयते बुधैः॥

वायुरत्र सोदानप्राणो बोद्धव्य । उदेति ऊर्ध्वं याति । सस्वन हिगिति शब्दवान् । ऊर्ध्वं गमन विदिनष्टि यकृदित्यादि प्लीह इति शब्दोऽप्यस्ति दीर्घत्वविकल्पात् । मुखादिति ल्यब्लोपे पञ्चमी । तेन यकृत्प्लीहान्त्राणि मुखमानीय आक्षिपन् निःसारयन्निवेत्यर्थः । वायुः दोषवान् दोषोत्र कफः तद्वान् वायु कफेनानुगत इति । सम्प्राप्ति हिनस्तीति हिक्का । पृषोदरादित्वाद्रूपसिद्धि । हिगिति शब्द करोतीति ॥

હિક હિક શબ્દો કરતો અને જાણે યકૃત્ તથા બરલને અને આંતરડાને મુખમાં લાવતો હોય એવો ઉદાન સહિત પ્રાણવાયુ ઉંચે જઈને કફને અનુસરીને માણસના જીવનનો નાશ કરે છે, તેને હેડકી કહે છે, આ રોગમાં હિક્ હિક્ શબ્દ થતો હોવાથી એને હિક્કા પણ કહે છે.

હેડકીનું પૂર્વરૂપ.

कण्ठोरसोर्गुरुत्वञ्च वदनस्य कषायता । हिक्कानां पूर्वरूपाणि कुक्षेराटोप एव च ॥

वदनस्य कषायता वातात् ॥

ગળુ તથા છાતીનુ ભારેપણું, વાયુને લીધે મુખમાં તુરાશ અને પેટમા આફરો એ હેડકી થવાના લક્ષણો છે.

અન્નજા હેડકીનું લક્ષણ.

पानान्नैरतिसंयुक्तैः सहसा पीडितोऽनिलः ॥ हिक्कयत्यूर्ध्वगो भूत्वा तां विद्यादन्नजां भिषक् ॥ अनिल प्राणो वायु ॥

બહુ મિશ્ર અન્નપાનોથી એકદમ દબાયલો પ્રાણ વાયુ ઊંચો ચઢીને હેડકી કરે છે, તેને વૈદ્યો અન્નની હિક્કા કહે છે.

યમલા હેડકીનું લક્ષણ.

चिरेण यमलैर्वेगैर्या हिक्का सम्प्रवर्तते । कम्पयन्ती शिरोग्रीवां यमलां तां विनिर्दिशेत् ॥

વેગના જોસથી ઘણીવારે થતી, તથા

માથું અને ડોકને કંપાવતી હેડકી યમલા કહેવાય છે

ક્ષુદ્રા હેડકીનું લક્ષણ

विकृष्टकालैर्या वेगैर्मन्दैः समभिवर्त्तते । क्षुद्रिका नाम सा हिक्का जत्रुमूलं प्रधावति ॥

विकृष्टकाले चिरेण । जत्रु कक्षोरसो: सन्धि ॥

ઘણીવારે મંદ વેગથી આવતી હેડકી ક્ષુદ્રા કહેવાય છે, અને તે ડોકના કાંઠલાના મૂળ ઉપર દોડે છે.

ગંભીરા હેડકીનું લક્ષણ.

नाभिप्रवृत्ता या हिक्का घोरा गम्भीरनादिनी । अनेकोपद्रवकरी गम्भीरा नाम सा स्मृता ॥

अनेकोपद्रववती तृष्णा ज्वरादियुक्ता ॥

નાભિથી ઉઠતી, ભયંકર, ગંભીર ગર્જના કરતી, તૃષા તથા જ્વર વગેરે સહિત થતી હેડકી ગંભીરા કહેવાય છે.

મહતી હેડકીનું લક્ષણ.

मर्माणि पीडयन्तीव सततं या प्रवर्त्तते। महाहिक्केति सा ज्ञेया सर्वगात्रप्रकम्पिनी ॥

मर्माणि बस्तिहृदयशिर प्रभृतीनि ॥

મર્મોને ભેદતી હોય એવી ઉપરા ઉપર થઇને સર્વ ગાત્રોને કંપાવતી હેડકી મહતી કહેવાય છે.

અસાધ્ય હેડકી.

आकम्पते हिक्कतो यस्य देहो दृष्टिश्चोर्ध्वं ताम्यते नित्यमेव । क्षीणोऽन्नद्विट् क्षौति यश्चातिमात्रं तौ द्वौ चान्त्यौ वर्जयेद्धिक्कवन्तौ ॥ आकम्पते विस्फूर्यत इव तौ द्वाविति । आकम्पत इत्यादिना नित्यमेवेत्यनेनैको हिक्कमान । क्षीण इत्यादिनातिमात्रमित्यन्तेनापर तौ द्वौ अन्त्यौ च गम्भीरया महत्या हिक्कया च हिक्कमानौ वर्जयेत् ॥

(अपरञ्च) अतिसञ्चितदोषस्य भक्तद्वेषकृशस्य च । व्याधिभिः क्षीणदेहस्य वृद्धस्यातिव्यवायिनः ॥ आयासाच्च समुत्पन्ना हिक्का हन्त्याशु जीवितम् । यमिका च प्रलापार्तिमोहतृष्णासमन्विता ॥

હેડકી આવતા કંપ થતો હોય તથા નેત્રો ઊંચે ચઢીને ગ્લાનિ પામેલ હોય, તે હેડકીવાળાને વૈદ્યે છોડી દેવો અત્યંત ક્ષીણતા, અન્ન ઉપર અરૂચિ, અને છીંકો બહુ આવતી હોય, તેને પણ વૈદ્યે છોડી દેવો. ગંભીરા અને મહતી હેડકીવાળાનો પણ વૈદ્યે ત્યાગ કરવો જોઇએ. જેના દોષો અત્યંત સંચિત થયા હોય, અન્ન ઉપર દ્વેષ થવાથી દુર્બળતા આવી હોય, વ્યાધિઓથી નબળાઇ આવી હોય, વૃદ્ધ હોય, અને જે બહુ મૈથુન કરતો હોય, તેને થયેલી હેડકી તેના જીવિતને તુરત હણી નાખે છે પરિશ્રમથી થયેલી હેડકી પણ તુરત મારી નાંખે છે. બકવા, પીડા, મોહ, અને તૃષા સહિત યમલા હેડકી હોય, તો તે પણ મારી નાખે છે.

યમલાની સાધ્યતા.

अक्षीणस्याप्यदीनस्य स्थिरधात्विन्द्रियस्य च । तस्य साधयितुं शक्या यमिका हन्त्यतोऽन्यथा ॥

ક્ષીણતા અને દીનતા ન હોય અને ધાતુઓ તથા ઇંદ્રિયો સ્થિર હોય તો યમલ

હેડકી સાધ્ય છે, પણ એથી ઉલટું હોય તે તે અસાધ્ય છે

હેડકીની ચિકિત્સા.

यत्किञ्चित्कफवातघ्नमुष्णं वातानुलोमनम् । भेषजं पानमन्नं वा हिक्काश्वासेषु तद्धितम् ॥ हिक्काश्वासातुरे पूर्वं तैलाक्तं स्वेद इष्यते । ऊर्ध्वाधः शोधनं शस्तं दुर्बले शमनं मतम् ॥ प्राणावरोधतर्जनविस्मापनशीतवारिपरिषेकैः । चित्रैः कथाप्रयोगैः शमयेद्धिक्कां मनोऽभिघातैश्च ॥ हिक्कार्तस्य पयश्छागं हितं नागरसाधितम् । मधुसौवर्चलोपेतं मातुलुङ्गरसं पिबेत् । । मधुकं मधुसंयुक्तं पिप्पली शर्करान्विता । नागरं गुडसंयुक्तं हिक्काघ्नं नावनं त्रयम् ॥ प्रवालशङ्खत्रिफलाचूर्णं मधुघृतप्लुतम् । पिप्पली गैरिकश्चेति लेहो हिक्कानिवारणः ॥ नैपाल्या गोविषाणाद्वा कुष्ठात्सर्जरसस्य वा । धूमं कुशस्य वा कृत्वा पिबेद्धिक्कोपशान्तये ॥ नैपाली मन शिला॥

निर्धूमाङ्गारनिःक्षिप्तहिङ्गुमाषरजोभवः ॥ हिक्काः पञ्चापि हन्त्याशु धूमः पीतो न संशयः ॥ हरेणुककणानाञ्च क्वाथो हिङ्गुसमन्वितः हिक्काप्रशमनः श्रेष्ठो धन्वन्तरिवचो यथा ॥ चन्द्रशूरस्य बीजानि क्षिपेदष्टगुणे जले ॥ यदा मृदूनि मृद्नीयात्ततो वाससि गालयेत् ॥ हिक्कातिवेगाविकलस्तज्जलं पलमात्रया । पिबेत् पिबेत् पुनश्चापि हिक्कावश्यं प्रशाम्यति ॥

चन्द्रशूररसः । इति हिक्काधिकारः ॥

કફહર તથા વાતહર અન્નપાનો તથા ઔષધો, ઉષ્ણ તથા વાયુનું અનુલોમન કરનારા ઔષધો વગેરે, હેડકી તથા શ્વાસ ઉપર હિતકારી છે. હેડકી તથા શ્વાસવાળાને પ્રથમ તેલનો અભ્યંગ, સ્વેદન, વમન અને વિરેચન દેવા, એ ઠીક છે, પણ જો રોગી નબળો હોય તો તો તેને શમન જ દેવુ તે સારૂં છે. શ્વાસને રોકીને, તિરસ્કાર કરીને, વિસ્મય પમાડીને, શરીર ઉપર ટાઢું પાણી છાટીને, વિચિત્ર વાતો કરીને અને મનોભંગ કરીને પણ હેડકીને શાંત કરવી.

સૂઠ નાખીને પકાવેલું બકરીનું દૂધ હેડકી ઉપર હિતકારી છે.

મધ તથા સંચળ નાંખીને બીજોરાનો રસ પીવાથી હેડકી મટી જાય છે.

મધમા જેઠીમધનું, સાકર સાથે પીપરનુ, અને ગોળ સાથે સૂંઠનાં નસ્યો લેવાથી હેડકી મટે છે

પરવાળાં, શંખ, ત્રિફળા, પીપર અને ગેરૂનુ ચૂર્ણ મધ તથા ઘીમાં ચાટવાથી હેડકીનું નિવારણ થાય છે.

મણશીલ, ગાયનું શીંગડું, કઠ અથવા દર્ભનો ધૂમાડો પીવાથી હેડકી શાંત થાય છે.

હિંગ અને અડદના ચૂર્ણને ધૂમાડા વગરના અંગારા ઉપર નાખીને તેની ધૂમાડી લેવાથી પાચે જાતની હેડકીઓ તુરત મટે છે, એમા સંશય નથી.

નગડનાં બીજ અને પીપરનો કવાથ હિંગ નાખીને પીવાથી ઉત્તમ રીતે હેડકી શાત થાય છે, એમ ધન્વંતરીએ કહેલું છે.

અશેળિયાના બીજને આઠગણા પાણીમાં પલાળી, ચોળીને વસ્ત્રથી પાણી ગાળી લેઇને વારવાર ચાર તોલાભાર એ પાણી

પીધા કરવાથી હેડકીની ભારે હેરાનગતિ પણ શાંત થઈ જાય છે. આ પ્રયોગને ચદ્રશૂરરસ કહે છે.

॥ हिक्काधिकार संपूर्ण. ॥

શ્વાસનો અધિકાર.

શ્વાસનું નિદાન.

यैरेव कारणैर्हिका देहिना सम्भवर्तते ।
तैरेव बहुभिः श्वासो व्याधिर्घोरः प्रजायते॥

હેડકી થવાના જે કારણો છે તે બહુ વધારે હોય તો શ્વાસ નામનો ભયંકર વ્યાધિ થાય છે.

શ્વાસના ભેદો.

महोर्ध्वच्छिन्नतमकक्षुद्रभेदैस्तु पञ्चधा ।
भिद्यते स महाव्याधिः श्वास एको विशेषत.॥

એકજ શ્વાસનો વ્યાધિ મહાશ્વાસ, ઉર્ધ્વશ્વાસ, છિન્નશ્વાસ, તમકશ્વાસ અને ક્ષુદ્રશ્વાસ, એમ પાંચ પ્રકારનો થાય છે.

શ્વાસનુ પૂર્વરૂપ

प्राग्रूपं तस्य हृत्पीडा शूलमाध्मानमेव च ।
आनाहो वक्त्रवैरस्यं शङ्खनिस्तोद एव च॥

શ્વાસ થવાનો હોય ત્યારે હૃદયમાં પીડા, શુળ, આફરો, પેડુની જડતા, મુખમા વૈરસ્ય અને લમણામા પીડા થાય છે.

શ્વાસની સંપ્રાપ્તિ.

यदा स्रोतांसि संरुद्ध्य मारुतः कफपूर्वकैः । विष्वग्व्रजति संरुद्धस्तदा श्वासं करोति सः ॥ विषक् व्रजति सर्वतो विमार्गान् याति । संरुद्ध कफेन रुद्धमार्ग ॥

કફ વગેરેથી જ્યારે પવન સ્રોતોને રોકીને અવળે માર્ગે ચોતરફ ફરવા માંડે છે, ત્યારે કફથી માર્ગ બંધ હોવાથી શ્વાસ થાય છે.

મહા શ્વાસનાં લક્ષણો.

ऊर्ध्वायमानवातो यः शब्दवद्दुःखितो नरः ।
उच्चैः श्वसिति संरुद्धो मत्तर्षभ इवानिशम् ॥
प्रनष्टज्ञानविज्ञानस्तथा विभ्रान्तलोचनः ।
विवृताक्ष्याननो बद्धमूत्रवर्चा विशीर्णवाक् ॥
दीनस्य श्वसितश्चास्य दूराद्विज्ञायते भृशम् ॥
महाश्वासोपसृष्टस्तु क्षिप्रमेव विपद्यते ॥

उर्ध्वायमानवात ऊर्ध्वं नीयमानो वातो यस्य सः शब्दवत् सशब्द यथा स्यात् । कीदृक् सा शब्दस्तद्बोधयितुमाह । मत्तर्षभ इव । उच्चै श्वसितीत्यन्वय. । संरुद्ध. आनद्ध आनाहयुक्त इति यावत् । ज्ञान शास्त्रम् । विज्ञान तदर्थविनिश्चय । विशीर्णवाक् । स्खलितवचन । दीन म्लान । मारकश्चाय महाश्वास ॥

ઊંચે ચાલતો મોટા શબ્દોવાળો શ્વાસ લેવાય છે, આફરેલા મોટા બળદની પેઠે નિરંતર ઊંચા અવાજથી હાફ્યા કરાય છે, શાસ્રનુ જ્ઞાન તથા તેના અર્થનુ જ્ઞાન નાશ પામી જાય છે, આખો ભમ્યા કરે છે, આંખ તથા મોઢુ ફાટેલા રહે છે, મૂત્ર અને વિષ્ટા બંધ થાય છે, જીભ તોતડાય છે, રાંક થઈ જવાય છે, અને શ્વાસનો શબ્દ દૂરથી સંભળાય છે આ મહાશ્વાસવાળો માણસ તુરત મરી જાય છે. આ શ્વાસ મારી નાંખનારોજ છે.

ઉર્ધ્વ શ્વાસનાં લક્ષણો.

ऊर्ध्वं श्वसिति योऽत्यर्थं न च प्रत्याहरत्यधः । श्लेष्मावृतमुखस्रोतः क्रुद्धगन्धवहार्दितः । ऊर्ध्वदृष्टिर्विपश्यंस्तु विभ्रान्ताक्ष

इतस्ततः । प्रमुह्यन्वेदनार्तश्च शुष्कास्योऽरतिपीडितः । ऊर्ध्वश्वासे प्रकुपिते ह्यधःश्वासो निरुध्यते । मुह्यतस्ताम्यतश्चोर्ध्वं श्वासस्तस्य निहन्त्यसून् ॥

सर्वेषु श्वासेषु ऊर्ध्वश्वासोऽत्र अयमर्थमिति विशेष । न च प्रत्याहरत्यध' न श्वासमध. करोति । श्लेष्मावृतेत्यादिश्लेष्मणावृत यन्मुख स्रोतांसि च तै क्रुद्धो यो गन्धवहस्तेनार्दित । विपश्यन् इतस्ततो विकृत यथा स्यादेव पश्यन् । अधःश्वासो निरुद्ध्यते श्वासो नाध' प्रवर्त्तत इत्यर्थ । मुह्यतो माह प्राप्नुवतस्ताम्यतो ग्लानिं प्राप्नुवतश्च ऊर्ध्वश्वासः असून् प्राणान् हन्ति ॥

શ્વાસ બહુ ઊંચો ચાલે છે, નીચે બેસતોજ નથી, મુખ અને સ્રોત કફથી ભરાઇ જવાથી કોપેલો વાયુ બહુ પીડા કરે છે, નેત્રો ઊંચા ચઢીને ચકરવકર થતાં ચારેમેર વિકૃત રીતે જોયા કરે છે, મોહ તથા વેદના થાય છે, મુખ સૂકાય છે, અને કંઇ ગમતું નથી આ ઉર્ધ્વશ્વાસ કોપે છે ત્યારે નીચે ઉતરતોજ નથી, અને મારી નાંખે છે. સર્વ શ્વાસોમા આ શ્વાસ બહુજ ઊંચો ચાલે છે એ વિશેષ છે.

છિન્ન શ્વાસનાં લક્ષણો.

यस्तु श्वसिति विच्छिन्नं सर्वप्राणेन पीडितः । न वा श्वसिति दुःखार्तो मर्मच्छेदरुजार्दितः । आनाहस्वेदमूर्छार्तो दह्यमानेन बस्तिना । विप्लुताक्षः परिक्षीणः श्वसन्रक्तैकलोचनः । विचेताः परिशुष्कास्यो विवर्णः प्रलपन्नरः । छिन्नश्वासेन विच्छिन्नः स शीघ्रं विजहात्यसून् ॥

विच्छिन्न सविच्छेद सर्वप्राणेन सर्वबलेन मर्मच्छेदरुजार्दितः हृदयशिरश्छेदवेदनयैव पीडितः । दह्यमानेन बस्तिना उपलक्षित' । विप्लुताक्षः अश्रुपूर्णनेत्र' । विचेताः उद्विग्नचित्तः छिन्नश्वासेन विच्छिन्न यस्तु श्वसिति विच्छिन्नमित्यादिलक्षणयुक्तो य स नर' छिन्नश्वासेन विच्छिन्नः पीडितो बोद्धव्य मारकश्चायं छिन्नश्वास. ॥

રહી રહીને શ્રમથી શ્વાસ લેવાય છે, મર્મસ્થળો છેદાતાં હોય એવી પીડા થાય છે, હૃદય તથા માથું છેદાઈ જાય છે, વખતે શ્વાસ લેવાતો પણ નથી. પેડુનો આફરો, પરસેવો, મૂર્છા તથા મૂત્રાશયમાં બળતરા થાય છે. નેત્રો આંસુથી ભરાયલા રહે છે અને નબળાઇ બહુ આવે છે. હાંફોટો તથા ચિત્ત ઉદ્વેગવાળું રહે છે. બકવા, મુખમાં શોષ, વર્ણ બગડી જવો, તથા નેત્રો રાતાં થઇ જાય છે. આ છિન્નશ્વાસવાળો તુરતજ મરી જાય છે. તે મારી નાંખનારોજ છે.

તમક શ્વાસનાં લક્ષણો.

प्रतिलोमो यदा वायुः स्रोतांसि प्रतिपद्यते । ग्रीवां शिरश्च संगृह्य श्लेष्माणं समुदीर्य च । करोति पीनसं तेन कण्ठे घुर्घुरकं तथा । अतीव तीव्रवेगश्च श्वासं प्राणप्रपीडकम् । प्रताम्यति सवेगेन त्रस्यते सन्निरुध्यते । प्रमोहं कासमानश्च स गच्छति मुहुर्मुहुः । श्लेष्मणा मुच्यमानेन भृशं भवति दुःखितः । तस्यैव च विमोक्षान्ते मुहूर्तं लभते सुखम् । तथास्योद्ध्वंसते कण्ठः कृच्छ्राच्छक्नोति भाषितुम् । न चापि निद्रां लभते शयानः श्वासपीडितः । पार्श्वे त-

स्यावगृह्णाति शयानस्य समीरणः । आसीनो लभते सौख्यमुष्णञ्चैवाभिनन्दति । उच्छ्रिताक्षो ललाटेन स्विद्यता भृशमार्तिमान् । विशुष्कास्यो मुहुःश्वासो मुहुश्चैवावधम्यते । मेघाम्बुशीतप्राग्वातैः श्लेष्मलैश्च विवर्द्धते । स याप्यस्तमकः श्वासः साध्यो वा स्यान्नवोत्थितः ॥

सगृह्य व्यथया समुदीर्य वर्धयित्वा । पीनस नासास्रावं तेन श्लेष्मणा घुर्घुर घुर्घुरशब्द प्राणप्रपीडकम् । प्राणाधिष्ठानहृदयप्रपीडकम् । प्रताम्यति तमसि प्रविशतीव वेगेन श्वासवेगेन सन्निरुध्यते निश्चेष्टो भवति । इति चरकः । सन्निरुध्यते श्वास इति जैज्जट । श्लेष्मणा मुच्यमानेन सुख सुखमिव उच्छ्वसते व्यथितो भवति । शयान शयननिहिताग अवगृह्णाति पीडयति । उष्णञ्चैवाभिनन्दति इत्यनेन तमको वातकफारब्ध इति बोद्धव्य । उच्छ्रिताक्ष शूनाक्ष । ललाटेन स्विद्यता उपलक्षित अवधम्यते गजारूढस्येव सर्वगात्रञ्चाल्यते ॥

પ્રતિલોમ થયેલો વાયુ સ્રોતોમા ભરાય છે ત્યારે ડોક તથા માથાને પકડીને કફને વધારીને નાકમા સળેખમ, કઠમાં ઘુઘવાટી અને હૃદયમા પીડા કરનારા તીવ્ર વેગવાળા શ્વાસને ઉત્પન્ન કરે છે. આ શ્વાસ થાય ત્યારે અધારાં આવે છે, ત્રાસ થાય છે, શ્વાસના વેગથી ચેષ્ટા જતી રહે છે, ઉધરસથી બેભાની વારવાર આવે છે, માડ માડ બોલાય છે, સૂતા છતાં પણ પીડાથી નિદ્રા આવતી નથી. સૂવાથી પડખાંમા વાયુ પીડા કરે છે, બેસવાથી ઠીક રહે છે, ગરમ વસ્તુની ઇચ્છા થાય છે, આંખો સૂઝે છે, પીડા બહુ થાય છે, કપાળમાં પરસેવો આવ્યા કરે છે, મુખ સૂકાય છે, શ્વાસ વારવાર ચાલ્યા કરે છે, હાથી ઉપર બેઠેલાની પેઠે શરીર હાલ્યા કરે છે. મેઘ, જળ, ટાઢ, ઉગમણો પવન અને કફકર પદાર્થોથી દરદ વધે છે આ તમકશ્વાસ કષ્ટસાધ્યજ છે, પણ નવો થયો હોય તો તે સાધ્ય છે. ‘ શ્વાસના વેગને લીધે ચેષ્ટા વગરનો થઇ જાય છે’ એમ ચરકનુ કહેવુ છે, પણ જૈજ્જટ કહે છે કે–‘ તે માણસનો શ્વાસ રોકાઇ જાય છે. તમકશ્વાસવાળાને ગરમ પદાર્થોની ઇચ્છા થાય છે, એમ એના લક્ષણમા કહ્યુ છે. તો એ ઉપરથીજ સમજવુ કે –તમક શ્વાસ વાયુથી તથા કફથી ઉત્પન્ન થાય છે.

પ્રતમક શ્વાસ વિષે.

ज्वरमूर्छापरीतश्च विद्यात् प्रतमकं भिषक्॥ उदावर्तरजोजीर्णक्लिन्नकायनिरोधजः तमसा वर्द्धतेऽत्यर्थं शीतलैश्च प्रशाम्यति । मज्जतस्तमसीवास्य विद्यात् प्रतमकन्तु तम्॥

उदावर्तो रोगविशेष रजो धूलि । अत्राजीर्णमामादिक्लिन्न विदग्ध कायनिरोध अङ्गयोगाना निरोधः तस्मादुत्पन्न । अथवा क्लिन्नकाय. वृद्धनर निरोध वेगानान्तु सप्तदशविध ॥

તમકશ્વાસની સાથે તાવ તથા મૂર્છા પણ હોય તો તેને વૈદ્યો પ્રતમકશ્વાસ કહે છે. ઉદાવર્તથી, રજથી, આમાજીર્ણથી, વિદગ્ધાજીર્ણથી, અગોના વેગોને અટકાવવાથી, વૃદ્ધાવસ્થાથી કે મૂત્રાદિકના સત્તર પ્રકારના વેગોને રોકવાથી ઉત્પન્ન થયેલો, અંધકારમા વધનારો, શીતળ પદાર્થોથી શાંત થનારો અને અધારાં આણનારો શ્વાસ પ્રતમક જાણવો.

ક્ષુદ્ર શ્વાસનુ લક્ષણ.

रूक्षायासोद्भवः कोष्ठे क्षुद्रवात उदीरयन् । क्षुद्रश्वासो नसोऽत्यर्थदुःखेनाङ्गप्रबाधकः । हिनस्ति न च गात्राणि न च दुःखं यथेतरे । न च भोजनपानाना निरुणद्ध्युचितां गतिम् । नेन्द्रियाणा व्यथाञ्चापि काञ्चिदुत्पादयेद्रुजम् । स साध्य उक्तो बलिनः सर्वे चाव्यक्तलक्षणाः ॥

क्षुद्र अल्पनिदानलिङ्ग उदीरयन् ऊर्ध्वं गच्छन् दुःख दुःखप्रद । इतरे चत्वार श्वासास्तथा नायम् । सर्वे महाश्वासादयोऽपि अव्यक्तलक्षणाः सन्तसाध्या ॥

રૂક્ષથી તથા શ્રમથી થયેલો, એટલે જેનાં નિદાન અને લક્ષણો અલ્પ હોય, એવો કોઠામા ઉંચે ગતિ કરતો હલકો વાયુ શ્વાસરૂપે નીકળે છે, તેને ક્ષુદ્રશ્વાસ કહે છે તે બીજા મહાશ્વાસાદિ શ્વાસોની પેઠે અંગોમા બહુ હરકત કરતો નથી, ગાત્રોને ક્ષીણ કરતો નથી કે બહુદુ ખદાયી નથી અન્નપાનોની યોગ્ય ગતિઓને તે રોકતો નથી, ઇંદ્રિયોમા પીડા કે વેદના કરતો નથી, અને તે સાધ્ય છે મહાશ્વાસાદિ બીજા ચાર અપ્રકટ લક્ષણોવાળા હોય તો તેઓ પણ સાધ્ય છે.

શ્વાસોની સાધ્યસાધ્યતા.

क्षुद्रः साध्यतमस्तेषां तमकः कृच्छ्र उच्यते । त्रयः श्वासा न सिध्यन्ति तमको दुर्बलस्य च ॥ कामं प्राणहरा रोगा बहवो न तु ते तथा । यथा श्वासश्च हिक्का च हरतः प्राणमाशु वै ॥ बहवो ज्वरादय ॥

પાંચે શ્વાસોમાં ક્ષુદ્રશ્વાસ સુખ સાધ્ય છે, તમકશ્વાસ કષ્ટસાધ્ય છે, અને બીજા ત્રણ શ્વાસો અસાધ્ય છે. તમકશ્વાસ પણ નબળા માણસને થયો હોય તો તે અસાધ્ય છે જ્વર વગેરે બીજા ઘણા રોગો પ્રાણ લેનારા છે, પણ શ્વાસ અને હેડકીના જેવા તુરત પ્રાણ લેનાર બીજા કોઇજ નથી.

શ્વાસની ચિકિત્સા.

श्वासहिक्कातुरं प्रायः स्निग्धैः स्वेदैरुपाचरेत् । युक्तैर्लवणतैलाभ्यां तैरसंग्रथिते कफे । श्वासो विलयमायाति मारुतश्चोपशाम्यति । स्विन्नं ज्ञात्वा ततश्चैनं भोजयेच्च रसौदनम् । स्वरसं शृङ्गवेरस्य माक्षिकेण समन्वितम् । पाययेत् श्वासकासघ्नं प्रतिश्यायकफापहम् ॥ शृङ्गवेरमार्द्रकम् ॥

प्रस्थं विभीतकानामस्थिविना साधयेद्जामूत्रे । अयमवलेहो लीढो मधुसहितः श्वासकासघ्नः । देवदारुं बलां मांसीं पिष्ट्वा वर्ति प्रकल्पयेत् । तां घृताक्तां पिबेद्धूमं श्वासं हन्ति सुदारुणम् । दशमूली शटी रास्ना पिप्पली विश्वपौष्करैः । शृङ्गी तामलकी भार्गी गुडूची नागराग्निभिः । यवागूं विधिना सिद्धां कषायं वा पिबेन्नरः । श्वासहृद्ग्रहपार्श्वार्तिहिक्काकासप्रशान्तये ॥

तामलकी भूम्यामलकी ॥

दशमूलस्य वा क्वाथः पौष्करेणावचूर्णितः । श्वासकासप्रशमनः पार्श्वशूलनिवारणः । रम्भाकुन्दशिरीषाणां कुसुमं पिप्पलीयुतम् । पिष्ट्वा तण्डुलतोयेन पीत्वा श्वासमपोहति । शृङ्गी महौषधकणाघनपौ-

ष्कराणां चूर्णं शटीमरिचयोश्च सितावि-
मिश्रम् । क्वाथेन पीतममृता वृषपञ्चमूल्याः
श्वासं त्र्यहेण विनिहन्ति हि घोररूपम् ।
पञ्चमूली तु सामान्या पित्ते योज्या कनी-
यसी । महती मारुते देया सैव देया कफा-
धिके । कूष्माण्डकसिफाचूर्णं पीतं कोष्णेन
वारिणा । शीघ्रं शमयति श्वासं कासञ्चापि
सुदारुणम् । हरिद्रां मरिचं द्राक्षां कणां
रास्नां शटीं गुडम् । कटुतैलं लिहन् हन्यात्
श्वासान् प्राणहरानपि । शतं संगृह्य भार्ग्या-
स्तु दशमूल्यास्तथा शतम् । शतं हरीत-
कीनाञ्च पचेत्तोये चतुर्गुणे । पादावशेषे
तस्मिंस्तु रसे वस्त्रनिपीडिते । आलोड्य
च तुलां पूतां गुडस्य त्वभयास्ततः । पुनः
पचेत्तु मृद्वग्नौ यावल्लेहत्वमेति तत् । शीते
च मधुनस्तत्र षट्पलानि विनिःक्षिपेत् ।
त्रिकटु त्रिसुगन्धञ्च पलमात्रं पृथक् पृथक् ।
यवक्षारं कर्षयुग्मं सञ्चूर्ण्य प्रक्षिपेत्तत ।
भक्षयेदभयामेकां लेहस्यार्धपलं तथा ।
श्वासं सुदारुणं हन्ति कासं पञ्चविधं तथा ।
अर्शांस्यरोचकं गुल्मं शकृद्भेदं क्षयं तथा ।
स्वरवर्णप्रदो ह्येष जठराग्नेश्च दीपनः । ना-
म्ना भार्गीगुडः ख्यातो भिषग्भिः सकलै-
र्मतः ॥ भार्गीगुड. ॥

अष्टाङ्गचूर्णसंयुक्तं छागक्षीरं प्रयोजयेत् ।
श्वासं कासान्वितं घोरं हन्यादेतन्न संशयः ॥
महाकट्फलादि ॥

दशमूलरसं देयं श्वासनिर्मूलशान्तये ।
अवश्यमरणीयो यो जीवेद्वर्षशतं नरः ।
रसो गन्धो विषञ्चापि टङ्कणञ्च मनःशि-
ला । एतानि कर्षमात्राणि मरिच चाष्टक-
र्षकम् । कटुत्रयं कर्षयुग्मं पृथगत्र विनि-
क्षिपेत् । रसः श्वासकुठारोऽयं सर्वश्वास-
निवारणः ॥ इति श्वासकुठाररस. ।

इति श्वासाधिकार ॥

શ્વાસ અને હેડકીવાળાને તથા કફ બધાઈ ગયો હોય તેને લવણ અને તેલ સહિત સ્નિગ્ધ સ્વેદનથી વિશેષે કરીને ઉપચાર કરવા, એથી શ્વાસ મટે છે અને વાયુ પણ શમે છે સ્વેદન બરાબર થયા પછી માંસના રસયુક્ત ભાત જમાડવો, તથા મધ સહિત આદાનો રસ આપવો, તેથી શ્વાસ, ઉધરસ, શ્લેષ્મ તથા કફ હણાઈ જાય છે

ઠળિયા વગરનાં ૬૪ તોલા એડાંનો બકરીના દૂધમાં પકાવી મધમાં ચાટવાથી શ્વાસ તથા ઉધરસ મટી જાય છે.

દેવદાર, બળદાણા, જટામાંસી, એની વાટ કરી ઘીમાં બોળી તેની ધૂમાડી પીવાથી મહા દારૂણ શ્વાસ પણ મટી જાય છે

દશમૂળ, કચૂરો, રાસ્ના, પીપર, અતિવિષ, એરંડાના મૂળ, કાકડાશીંગી, ભોઆમળી, ભારંગી, સૂંઠ, ગળો અને ચિત્રકમા વિધિવત્ પકાવેલી યવાગુ અથવા ક્વાથ પીવાથી શ્વાસ, છાતીની પકડ, પડખાંની પીડા, હેડકી અને ઉધરસ શાંત થાય છે

દશમૂળનો ક્વાથ એરંડાના મૂળનું ચૂર્ણ નાખીને પીવાથી શ્વાસ, ઉધરસ અને પડખાનુ શૂળ મટી જાય છે. કેળનાં ફુલ, સરસડિયાના ફુલ અને પીપરનુ ચૂર્ણ ચોખાના ધોણ સાથે પીવાથી શ્વાસ મટી જાય છે.

કાકડાશીંગી, સૂંઠ, પીપર, મોથ, કઠ, કચૂરો અને મરીચ ચૂર્ણ સાકર નાંખીને ગળો, અરડૂસી તથા પંચમૂળીના કવાથ સાથે પીવાથી ભયંકર શ્વાસ પણ ત્રણ દિવસમાં મટી જાય છે. પિત્ત ઉપર લઘુ પચમૂલી અને વાયુ તથા કફ ઉપર બૃહત્પચમૂલી સમજવી.

કેહોળાંના મૂળનું ચૂર્ણ થોડા ઊના પાણી સાથે પીવાથી શ્વાસ અને દારૂણ ઉધરસ પણ મટે છે.

હળદર, મરી, દ્રાક્ષ, પીપર, રાસ્ના, કચૂરો અને ગોળને સરસિયા તેલમા ચાટવાથી પ્રાણહર શ્વાસો પણ મટી જાય છે.

ભાર્ગી ગુડ

૪૦૦ તોલા ભારંગી, ૪૦૦ તોલા દશમૂળી અને ૪૦૦ તોલા હરડેને ચોગણા પાણીમાં પકાવી ચોથા ભાગનું પાણી રહે ત્યારે ગાળીને તેમાં ૪૦૦ તોલા ચોખો ગોળ ડાઇને તેમાં બાફેલી હરડે પણ નાખીને કોમળ અગ્નિથી ફરીથી પકાવવું. શીરા જેવું થાય ત્યારે ટાઢું પાડીને તેમાં ૨૪ તોલા મધ તથા ચાર ચાર તોલાભાર સૂંઠ, મરી, પીપર, તજ, તમાલપત્ર, એળચી અને બે તોલા જવખાર નાંખીને પછી નિત્ય પકાવેલી એક હરડે અને બે તોલાભાર એ અવલેહ ખાવાથી મહા દારૂણ શ્વાસ, પાંચ પ્રકારની ઉધરસો, અર્શ, અરૂચિ, ગોળો, અતિસાર અને ક્ષય મટી જાય છે. આ ભાર્ગીગુડ નામનો પ્રખ્યાત અવલેહ સ્વર તથા વર્ણને સારાં કરે છે, અગ્નિ વધારે છે, એમ સર્વ વૈદ્યોનો મત છે.

મહાકટ્‌ફલાદિ.

અષ્ટાંગ[1] ચૂર્ણ સાથે બકરીનું દૂધ પીવાથી ઉધરસ સહિત ભયંકર શ્વાસ નાઠી મટે છે તેમાં સંશય નથી.

દશમૂલરસ.

શ્વાસના રોગનું મૂળ કાઢી નાંખવા માટે દશમૂળીનો રસ વાપરવો; એથી અવશ્ય મરી જવાનો હોય તે માણસ પણ સો વર્ષ સૂધી જીવે છે.

શ્વાસકુઠારરસ.

એક એક તોલો પારો, ગંધક, વછનાગ, ટંકણખાર અને મણશીલ; તથા આઠ તોલા મરીનું ચૂર્ણ કરી તેમાં બે બે તોલા સૂંઠ, મરી, અને પીપરનાં ચૂર્ણો મેળવવાથી શ્વાસકુઠારરસ થાય છે. આ રસ બે રતિ જેટલો નાગરવેલના પાનમાં ખાવાથી સર્વ પ્રકારના શ્વાસો મટી જાય છે.

इति श्वासाधिकार संपूर्ण ॥

સ્વરભેદનો અધિકાર.

સ્વરભેદનાં નિદાન તથા લક્ષણો.

अत्युच्चभाषणविषाध्ययनाभिघातसंदूषणैः प्रकुपिताः पवनादयस्तु । स्रोतःसु ते स्वरवहेषु गताः प्रतिष्ठां हन्युः स्वरं भवति चापि हि षड्विधः सः ॥

अध्ययनमुच्चैर्वेदादिपाठः । अभिघातः कण्ठादिदेशे लगुडादिभिः । एतैरत्युच्चभाषणादिभिश्चतुर्भि· संदूषणैरन्यैरपि निजैर्दुष्टहेतुभिः स्रोतःसु स्वरवहेषु चतुर्षु प्रतिष्ठा स्थिर्ति गताः स्वरं हन्युरिति लक्षणं स स्वरभेदः षड्विधः । वातपित्तकफसन्निपातक्षयमेदोभवभेदैः ॥

[1] પ્રયફળ, ભેરડાના મૂળ, કાકડશીંગી, અજમો, કાળીજીરી, સૂંઠ, મરી અને પીપર, આ અષ્ટાંગ ચૂર્ણ કહેવાય છે

બહુ ઉંચે સાદે બોલવાથી, ઝેર ખાવાથી, ઉંચેસ્વરેભણવાથી, કંઠમા પ્રહાર વાગવાથી અને બીજા દુષ્ટ કારણોથી પ્રકુપિત વાયુ વગેરે દોષો સ્વર ચલાવનારા સ્રોતોમા ભરાવાથી સ્વર હણાય છે, એને સ્વરભેદ કહે છે. વાયુથી, પિત્તથી, કફથી, ત્રિદોષથી, ક્ષયથી અને મેદથી થનારા એમ છ પ્રકારના આ રોગ છે

વાયુના સ્વરભેદનાં લક્ષણો

वातेन कृष्णनयनाननमूत्रवर्चाभिन्नं शनैर्वदति गर्दभवत्स्वरश्च ॥

વાયુથી સ્વરભેદ થાય તો ગધેડા જેવા સ્વરથી ત્રૂટક વાક્યો બોલાય છે, અને નેત્ર, મુખ, મૂત્ર અને વિષ્ટા કાળાં થઈ જાય છે

પિત્તના સ્વરભેદનાં લક્ષણો

पित्तेन पीतनयनाननमूत्रवर्चा ब्रूयाद्गलेन स च दाहसमन्वितेन ॥

गलदाहो वचनसमय एव बोद्धव्य ॥

પિત્તથી સ્વરભેદ થાય તો બોલતાં ગળામાં બળે છે, તથા નેત્ર, મુખ, વિષ્ટા અને મૂત્ર પીળા થઈ જાય છે.

કફના સ્વરભેદનાં લક્ષણો.

ब्रूयात्कफेन सततकफरुद्धकण्ठः स्वल्पं शनैर्वदति चापि दिवाविशेषात् ॥

दिवा सूर्यरश्मिभि कफस्याल्पीभावात् ॥

કફના સ્વરભેદમા કફથી રોકાયેલ કંઠ થઇને થોડુક ધીરેથી બોલાય છે, અને એમ દિવસે કાંઇક વધારે બોલાય છે.

ત્રિદોષના સ્વરભેદનાં લક્ષણો.

सर्वात्मिके भवति सर्वविकारसम्पच्चाप्यसाध्यमृषयः स्वरभेदमाहुः ॥

ત્રિદોષના સ્વરભેદમાં ત્રણે દોષોનાં સર્વ લક્ષણો હોય છે, અને તેને ઋષિઓએ અસાધ્ય કહેલો છે

ક્ષયના સ્વરભેદનાં લક્ષણો.

धूम्येत वाक् क्षयकृते क्षयमाप्नुयाच्च स्यादेव चापि हतवाक् परिवर्जनीयः ॥

वाक् धूम्येत सधूमेव नि सरति क्षय चाप्नुयाद्वागेव ॥

ક્ષયથી સ્વરભેદ થાય તો ધૂમાડા જેવી વાણી ક્ષીણ નીકળે છે. આવી વાણીને અસાધ્ય સમજીને વૈદ્યોએ તેની ચિકિત્સા કરવીજ નહિ.

મેદના સ્વરભેદનાં લક્ષણો.

अन्तर्गलं स्वरमलक्ष्यपदं चिरेण मेदोऽन्वयाद्वदति दिग्धगलस्तृषार्तः ॥

अन्तर्गल गलस्य मध्य एव स्वर वदति ॥ दिग्धगल मेदसा श्लेष्मणा च लिप्तगल ॥

મેદથી થયેલ સ્વરભેદમાં ઘણીવારે ગળાના મધ્યમાજ ન સમજાય એવા પદોવાળો સ્વર નીકળે છે, ગળામાં મેદ તથા કફ ભરાઇ રહે છે, અને તૃષા લાગે છે

સ્વરભેદની અસાધ્યતા.

क्षीणस्य वृद्धस्य कृशस्य चापि चिरोत्थितो यश्च सहोपजातः मेदस्विनः सर्वसमुद्भवश्च स्वरामयो नैव स सिद्धिमेति ॥

क्षीणस्य क्षयरोगिण' कृशस्य अपुष्टस्य ॥

ક્ષીણ, વૃદ્ધ, અપુષ્ટ, એવા માણસને થયેલો, તથા લાંબા વખતથી કે જન્મથી થયેલો, મેદવાળાને કે ત્રિદોષથી થયેલો; એટલા સ્વરભેદો અસાધ્ય છે.

સ્વરભેદની ચિકિત્સા.

वातादिजनितश्वासकासघ्ना ये प्रकीर्तिताः । योगास्तानत्र युञ्जीत यथादोषं चिकित्सकः । वाते सलवणं तैलं पित्ते सर्पिः समाक्षिकम् । कफे सक्षारकटुकं क्षौद्रं कवल इष्यते । गले तालुनि जिह्वायां दन्तमूलेषु चाश्रितः । तेन निष्कृष्यते श्लेष्मा स्वरश्चाशु प्रसीदति । आद्ये कोष्णं जलं पेयं भुक्त्वा घृतरसौदनम् । क्षीराम्बुपानं पित्तोत्थे पिबेत्सर्पिरतन्द्रितः । पिप्पली पिप्पलीमूलं मरिचं विश्वभेषजम् । पिबेन्मूत्रेण मतिमान् कफजे स्वरसंक्षये । निदिग्धिका तुला ग्राह्या तदर्धं ग्रन्थिकस्य तु । तदर्धं चित्रकस्यापि दशमूलश्च तत्समम् । जलद्रोणद्वये क्वाथ्य गृह्णीयादाढकं ततः । पूते क्षिपेत्तदर्धन्तु पुराणस्य गुडस्य च । सर्वमेकत्र कृत्वा तु लेहवत्साधु साधयेत् । अष्टौ पलानि पिप्पल्यास्त्रिजातकपलं तथा । मरिचस्य पलं चैकं सर्वमेकत्र चूर्णितम् । मधुनः कुडवं दत्त्वा तदश्नीयाद्यथानलम् । निदिग्धिकावलेहोऽयं भिषग्भिर्मुनिभिर्मतः । स्वरभेदहरो मुख्यः प्रतिश्यायहरस्तथा । कासश्वासाग्निमान्द्यादीन् गुल्ममेहगलामयान् । आनाहमूत्रकृच्छ्राणि हन्यात् ग्रन्ध्यर्बुदानि च ॥ निदिग्धिकावलेहः ॥

मृगनाभिः ससूक्ष्मैलालवङ्गकुसुमानि च । वकुलीरी चेति लेहोऽयं मधुसर्पिःसमायुक्तः । वाकस्तम्भमुग्रं जयाति स्वरभ्रंससमन्वितम् ॥

मृगनाभ्यादिरवलेह ॥

ब्राह्मी वचाभया वासा पिप्पली मधुसंयुता । अस्य प्रयोगात्सप्ताहात्किन्नरैः सह गीयते ॥

इति स्वरभेदाधिकारः ॥

વાતાદિથી થયેલ શ્વાસના તથા ઉધરસના જે ઉપાયો કહેલા છે તે ઉપાયો વૈદ્ય દોષોને અનુસરીને સ્વરભેદમા પણ કરવા.

વાયુના સ્વરભેદમાં લુણ અને તેલ; પિત્તથી થયેલ હોય તો મધ અને ઘી, કફથી થયેલ હોય તો ખારા તથા તીખા પદાર્થે, સહિત મધ, એમના કોગળા કરાવવા. કવલથી ગળું, તાળવું, જીભ, અને દાતનાં મુળોમાં રહેલો કફ ખેંચાઇ આવીને સ્વર તુરત સુધરે છે.

વાયુના સ્વરભેદમાં માંસ રસ તથા ભાત જમીને જરા ઉનું પાણી પીવું; પિત્ત હોયતો આળસ છોડી દેઇને દુધ અને પાણી સાથે ઘી પીવું; અને કફમા પીપર, પીપરીમૂળ, મરી, અને સૂઠનું ચૂર્ણ ગોમૂત્રમા પીવું.

નિદિગ્ધિકાવલેહ.

૪૦૦ તોલા ભોરીંગણી, ૨૦૦ તોલા પીપરીમૂળ, ૧૦૦ તોલા ચિત્રક, અને ૧૦૦ તોલા દશમૂળનો ૨૦૪૮ તોલા પાણીમાં ક્વાથ કરી ૨૫૬ તોલા પાણી રહે ત્યારે તેને વસ્ત્રથી ગાળીને તેમાં ૧૨૮ તોલા જુનો ગોળ મેળવીને શીરા જેવો પાક કરવો. પછી તેમાં તજ, તમાલપત્ર, અને એળચી, એ ત્રણે મળીને ૩૨ તોલા, ચાર તોલા મરી અને ૧૬ તોલા મધ નાંખવું. આ નિદિગ્ધિકાવલેહ અગ્નિના બળ પ્રમાણે ખાવાથી સ્વરભેદનો

ઉત્તમ રીતે નાશ થાય છે, અને સળેખમ પણ મટે છે, એમ વૈદ્ય મુનિઓનો મત છે. આ અવલેહ ઉધરસ, શ્વાસ, મંદાગ્નિ, ગોળો, પ્રમેહ, ગળાના રોગો, મળબંધ, પેડુનો આફરો, મૂત્રકૃચ્છ્ર, ગાંઠો અને અર્બુદોને મટાડે છે.

મૃગનાભ્યાદિ અવલેહ.

કસ્તુરી, ઝીણી એળચી; લવંગ, અને વંશલોચનનું ચૂર્ણ મધ તથા ઘીમાં ખાવાથી સ્વરભેદ અને જીભનું અટકવું મટી જાય છે.

બ્રાહ્મયાદિ અવલેહ.

બ્રાહ્મી, વજ, હરડે, અરડૂસી અને પીપરને મધમાં ચાટવાથી સાત દિવસોમાં કિન્નરોની સાથે ગાઈ શકાય છે.

અરોચક(અરૂચિ)નો અધિકાર

અરોચકનું નિદાન તથા લક્ષણો.

वातादिभिः शोकभयार्तिलोभक्रोधैर्मनोघ्नाशनरूपगन्धैः । अरोचकाः स्युः परिहृष्टदन्तः कषायवक्त्रश्च मतोऽनिलेन ॥

अरोचका न भोजने रुचिमुत्पादयन्तीत्यरोचका व्याधयः पञ्च वातादिभेदैः ॥

વાયુ આદિ, શોક, ભય, પીડા, લોભ, ક્રોધ, મનોભંગ કરનારા ભોજન તથા રૂપો અને ગંધોથી અન્ન ઉપર અરૂચિ થાય છે. તે વાયુની, પિત્તની, કફની, ત્રિદોષની, શોકની, અને આગંતુકથી, થયેલી એમ પાંચ પ્રકારની થાય છે.

વાતારોચકનાં લક્ષણો.

परिहृष्टदन्तः अम्लभक्षणेनेव परिहृष्टो दन्तो यस्य सः । तथा कषायवक्त्रः कषायरसं वक्त्रं यस्य सः ॥

જો વાયુથી અરૂચિ થઇ હોય તો જાણે ખાટી વસ્તુ ખાધી હોય તો દાંત અંબાઇ જાય છે અને મુખ તુરૂ થઇ જાય છે.

પિત્તારોચકનાં લક્ષણો.

कट्वम्लमुष्णं विरसञ्च पूति पित्तेन विद्यालवणञ्च वक्त्रम् ॥

कट्वम्लमित्यादिना विद्यादित्यनेन पैत्तिकस्य लक्षणमाह ॥

જો પિત્તથી અરૂચિ થઇ હોય તો મુખમાં તીખાશ, ખટાશ, ગરમી, વિરસતા અને દુર્ગંધી થઇ જાય છે.

કફારોચકનાં લક્ષણો.

यतो विदग्धः श्लेष्मास्य लवणभावमुपैति ततो लवणञ्च वक्त्रम् । तथा । माधुर्यपैच्छिल्यगुरुत्वशैत्यस्निग्धत्वदौर्गन्ध्ययुतं कफेन ॥

पैच्छिल्यं मुखस्याभ्यन्तरे स्निग्धत्वं बहिः ॥

જો કફથી અરૂચિ થઇ હોય તો વિદગ્ધ કફ ખારો થવાથી મુખમાં ખારાશ તથા કફથી મીઠાશ, મુખ અંદર તાંતણા જેવું અને બહારથી ચીકણું, ભારે, શીતળ, અને દુર્ગંધી થઇ જાય છે.

આગંતુકારોચકનાં લક્ષણો.

अरोचके शोकभयातिलोभक्रोधाद्यहृद्याशुचिगन्धजे स्यात् । स्वाभाविकञ्चास्यमथारुचिश्च त्रिदोषजेनैकरसं भवेच्च ॥

क्रोधादित्यादिशब्देनाहृद्ययोरशनरूपयोर्ग्रहणं स्वाभाविकञ्च अविकृतरसम् ॥

શોક, ભય, અતિ લોભ, ક્રોધ અને અણગમતાં ભોજન, રૂપ કે ગંધથી અરુચિ થાય તો મુખ સ્વાભાવિક રીતે અવિકૃતિ રસવાળું રહે છે.

ત્રિદોષારૂચિનો અધિકાર.

नकैरसम् अनेकरसमास्यं स्यात् ॥

ત્રણે દોષથી અરૂચિ થઇ હોય તો મુખ અનેક રસોવાળું થઈ જાય છે.

અરોચકની બીજી વિકૃતિઓ.

हृच्छूलपीडनयुतं पवनेन पित्तात् तृड्दाहचोषबहुलं सकफप्रसेकम् । श्लेष्मात्मकं बहुरुजं बहुभिश्च विद्याद्वैगुण्यमोहजडताभिरथापरश्च ॥

हृच्छूलपीडनयुत हृदि शूलेन पीडनं तेन युतम् । दोष पार्श्वस्थिताग्निनेव सन्ताप' बहुभि. त्रिभिर्दोषै. बहुरुजम् उक्तवातादिरोगयुक्तं वैगुण्य मनसो व्याकुलत्वं जडता शून्यता अपरं आगन्तुजम् ॥

હૃદયમાં પીડાકારક શૂળ વાયુથી થાય છે; તૃષા, દાહ, શોષ, એ પિત્તથી થાય છે, કફથી મુખમાં થુંક આવ્યા કરે છે; ત્રણે દોષથી સર્વ ચિન્હો ભેળાં હોય છે, અને આગંતુકમાં મનની વ્યાકુળતા, શૂન્યતા, અને મોહ થાય છે.

વિશેષ વિવેચન.

भक्तद्वेषभक्तछन्दौ चरकसुश्रुताभ्यामरोचकत्वेनैव संगृहितौ । वृद्धभोजस्तेषां लक्षणानि पृथगाह ॥

प्रक्षिप्तन्तु मुखे चान्नं यत्र नास्वादते नरः । अरोचकः स विज्ञेयो भक्तद्वेषमतः शृणु ॥

आस्वादते अन्नस्य मिष्टतां न प्राप्नोति । तदन्नं मिष्ट न लगतीति यावत् ॥

चिन्तयित्वा तु मनसा दृष्ट्वा स्पृष्ट्वा तु भोजनम् । द्वेषमायाति यो जन्तुर्भक्तद्वेषः स उच्यते । कुपितस्य भयार्तस्य तथा भक्तिनिरोधिनः । यत्र काले भवेच्छ्रद्धा स भक्ताच्छन्द उच्यते ॥

વૃદ્ધ ભોજ કહે છે કે—"મુખમાં નાંખેલ અન્ન મીઠું ન લાગે તે અરોચક છે. ભોજનની ઇચ્છા થયા છતાં ભોજનને નજરે જોયાથી કે સ્પર્શ કર્યાથી તે ઉપર દ્વેષ થાય તે ભક્તદ્વેષ કહેવાય છે, અને કોપભયાદિ પીડાથી કે પ્રેમના રોધથી અન્ન ઉપર અશ્રદ્ધા થાય તેને ભક્તાચ્છંદ કહે છે." આ સર્વને ચરક તથા સુશ્રુત તો અરોચકમાંજ ગણે છે.

અરોચકની ચિકિત્સા.

भोजनाग्रे सदा पथ्यं लवणार्द्रकभक्षणम् । रोचनं दीपनं वह्नेर्जिह्वाकण्ठविशोधनम् ॥ शृङ्गवेररसं चापि मधुना सह योजयेत् । अरुचिश्वासकासघ्नं प्रतिश्यायकफापहम् । पक्वाम्लीका सिता शीतवारिणा वस्त्रगालिता । एला लवङ्गकर्पूरमरिचैरवचूर्णिता । पानकस्यास्य गण्डूषं धारयित्वा मुखे मुहुः । अरुचिं नाशयत्येव पित्तं मद्यमयेयथा ॥ अम्लीकापानम् ॥

राजिकाजीरकौ भृष्टौ भृष्टं हिङ्गु सनागरम् । सैन्धवं दधि गोः सर्व वस्त्रपूतं भक्-

ल्पयेत् ॥ तावन्मात्रं क्षिपेत्तत्र यथा स्याद्रुचिरुत्तमा । तक्रमेतद्भवेत्सद्यो रोचनं वह्निवर्धनम् ॥ तक्रन्तु गव्यम् ॥

सम्यगावर्त्तितं दुग्धं निबद्धं दधिमाहिषम् । एकीकृत्य पटे घृष्टं शुभ्रशर्करया समम् ॥ एलालवङ्गकर्पूरमरिचैश्च समन्वितम् । नाम्ना शिखरिणी कुर्याद्रुचिं सकलवल्लभाम् । द्वे पले दाडिमाम्लस्य खण्डं दद्यात् पलत्रयम् । त्रिसुगन्धि पलं चैकं चूर्णमेकत्र कारयेत् ॥ तच्चूर्णं मात्रया भुक्तमरोचकहरं परम् । दीपनं पाचनञ्च स्यात्पीनसज्वरकासजित् ॥ दाडिमादिचूर्णम् ॥

लवङ्गकक्कोलमुशीरचन्दन न तं सनीलोत्पलकृष्णजीरकम् । जलं सकृष्णा गुरुभृङ्गकेसरं कणा च विश्वा नलदं सहैलया ॥ तुषारजातीफलवंशरोचनाः सितार्द्धभागा सकलं विचूर्णितम् । सुरोचनं तर्पणमग्निदीपनं बलप्रद वृष्यतमं त्रिदोषचित् ॥ उरोविबन्ध तमकं गलग्रहं सकासहिक्कारुचियक्ष्मपीनसम् । ग्रहण्यतीसारमुरःक्षत नृणां तथा प्रमेहान्निखिलान्निहन्ति ॥

कक्कोल सुगन्धविशेष. । नत तगरम् । जलं बालक भृङ्गं त्वक् नलदमुशीरम तुषार कर्पूर. । लवङ्गादिचूर्णम् ॥

यवानी दाडिमं शुण्ठी तिन्तिरीकाम्लवेतसैः । बदराम्लं च कुर्वीत चतुःशाणामितानि च । सार्धद्विशाणं मरिचं पिप्पली दशशाणिका । त्वक्सौवर्चलधान्याकजीरकं द्विद्विशाणिकम् । चतुःषष्टिमितैः शाणैः शर्करामत्र योजयेत् । चूर्णितं सर्वमेकत्र यवानीखाण्डवाभिधम् । चूर्णं जयेत्पाण्डुरोगं हृद्रोगं ग्रहणीज्वरम् । छर्दिशोषातिसारांश्च प्लीहानाहविबन्धताम् । अरुचिं शूलमन्दाग्निमर्शोजिह्वागलामयान् ॥

यवानी खाण्डव चूर्ण । इत्यरोचकाधिकार ॥

ભોજનના આરંભમા, હમેશાં લવણ અને આદુ ખાવું તે સારૂ છે એથી અગ્નિદીપ્ત થાય છે, રૂચિ ઉપજે છે, અને જીભ તથા કંઠ સાફ થાય છે

મધ અને આદાનો રસ પીવાથી અરૂચિ, શ્વાસ, ઉધરસ, સળેખમ અને કફનો નાશ થાય છે.

અમ્લિકાપાનક-પાકેલી આંબલી અને સાકરને ટાઢા પાણીમા ઘોળી, વસ્ત્રમાં ગાળી, તેમાં એળચી, લવીંગ, કપૂર, અને મરીના ચૂર્ણો નાખીને તેનો કોગળો મુખમા વારવાર રાખવાથી અરૂચિનો નાશ થઈ પિત્તનુ પ્રશમન થઇ જાય છે,

રાઇ, જીરૂં, હિંગ, સુંઠ, એને શેકેની સૈંધવ સહિત ગાયના દહિમા મેળવીને વસ્ત્રથી ગાળીને તેમા એટલીજ ઘાટી છાશ નાખવી આ છાશ તુરતજ રૂચિ તથા જઠરાગ્નિને ઉત્પન્ન કરે છે.

શિખરિણી—સારી પેઠે બાળેલ દૂધ તથા વસ્ત્રમાં બાંધીને પાણી વગરનુ કરેલું ભેંશનુ દહિં, એ બેને એકઠાં કરીને તેમાં સ્વચ્છ સાકર નાખી વસ્ત્રથી ચોળીને ગાળવું. પછી તેમા એળચી, લવીંગ, ભીમસેની કપૂર અને મરી નાખવા. આ શિખંડ પ્રિયકર તથા રોચક છે.

દાડિમાદિ ચૂર્ણ—દાડમનાં બીજ આઠ તોલા, ખાંડ બાર તોલા, અને તજ, તમાલ-

પત્ર, તથા એળચી એ ત્રણે મળીને એક તોલો, આ ચૂર્ણ યોગ્ય માત્રાથી ખાવાથી રૂચિ ઉપજે છે, અગ્નિ વધે છે, પાચન થાય છે, અને શ્લેષ્મ, જ્વર તથા ઉધરસ મટી જાય છે.

લવંગાદિ ચૂર્ણ—લવીંગ, મરિચ કકોલ, એ ભાગ કાળો વાળો, ચંદન, તગર, નીલકમળ, કાળીજીરી, વાળો, અગરૂ, તજ, નાગકેશર, પીપર, સૂંઠ, એળચી, ભીમસેની કપૂર, જાયફળ, વંશલોચન અને એ સર્વેથી બમણી સાકરનુ ચૂર્ણ ખાવાથી રૂચિ, તૃપ્તિ, અગ્નિપ્રદીપ્ત, બળ, પુષ્ટિ, એ મળેછે, ત્રિદોષ, છાતીની ચીંસ, તમકશ્વાસ, કંઠનો રોધ, ઉધરસ, હેડકી, અરૂચિ, ક્ષયરોગ, શ્લેષ્મ, ગ્રહણી, અતિસાર, ઉરઃક્ષત તથા સર્વ પ્રમેહો મટી જાય છે.

યવાનિખાંડવ ચૂર્ણ—અજમો, દાડમ, સૂંઠ, આમલી, અમ્લવેતસ અને બોરનો સૂકો ગર્ભ, એ દરેક એક એક તોલો, મરી દશ આનીભાર, પીપર અઢી તોલા અને તજ, સચળ, ધાણા અને જીરૂં એ દરેક અરધો અરધો તોલો, અને સાકર સોળ તોલા; આ સર્વનુ એકત્ર ચૂર્ણ કરી તે ખાવાથી પાંડુરોગ, છાતીનુ દરદ, ગ્રહણી, જ્વર, ઉલટી, શોષ, અતિસાર, બરલનો રોગ, પેડુનો આફરો, મળબંધ, અરૂચિ, શૂળ, મંદાગ્નિ, અર્શ, જીભના રોગો અને ગળાના રોગો મટી જાય છે.

ઉલટીનો અધિકાર.

ઉલટીનાં નિદાન તથા સંપ્રાપ્તિ.

अतिद्रवैरतिस्निग्धैरहृद्यैर्लवणैरपि । अकाले चातिमात्रैश्च तथाऽसात्म्यैश्च भोजनैः।
आमाद्भयात्तथोद्वेगादजीर्णात् कृमिदोषतः । नार्याश्चापन्नसत्वायास्तथातिद्रुतमश्नतः । बीभत्सै र्हेतुभिश्चान्यैर्द्रुतमुत्क्लिश्यते बलात्॥

आमात् असम्यक् पक्वाद्रसात् अजीर्णाद्यथास्थितात् भुक्तात् आपन्नसत्वाया. प्राप्तगर्भाया ॥

दुष्टैर्दोषैः पृथक् सर्वैर्बीभत्सालोकनादिभिः । छर्दयः पञ्च विज्ञेयास्तासां लक्षणमुच्यते ॥

अन्यैर्बीभत्सैर्विकृतैर्हेतुभिर्घृणाकारिभिः । अनिष्टश्रवणस्पर्शनदर्शनभक्षणपानै उत्क्लिश्यते ॥

અતિદ્રવરૂપ, અતિસ્નિગ્ધ, અણગમતાં, તથા ખારાં તેમજ સમય વગર, વધુ પડતાં અને ભારે ભોજનોથી; આમ, અજીર્ણ, ભય, ઉદ્વેગ, અને કૃમિ દોષથી, ગર્ભાધાનથી તથા ઉતાવળું જમવાથી, દુષ્ટવાત, પિત્ત, કફ અને ત્રિદોષથી ગ્લાનિ પમાડનાર પદાર્થ નજરે પડવાથી; જમેલું અન્ન બળાત્કારથી પાછુ વળવાથી પાંચ પ્રકારની ઉલટીઓ થાય છે, તેનાં લક્ષણો કહીશું.

ઉલટીનું પૂર્વરૂપ.

हृल्लासोद्गारसंरोधौ प्रसेको लवणास्यता । द्वेषोऽन्नपाने च भृशं वमीनां पूर्वलक्षणम् ॥

મોળ, ઓડકારનો સરોધ, મુખમાં પાણી, મુખમાં ખારાશ, અને અન્ન ઉપર પૂરો દ્વેષ, એ ઉલટીનાં પૂર્વરૂપો છે.

ઉલટીનાં સામાન્ય લક્ષણો.

छादयन्माननं वेगैरर्दयन्नङ्गभञ्जनैः । निरुच्यते छर्दिरिति दोषो वक्त्रं प्रधावितः ॥

छादयन् पूरयन् अङ्गभञ्जनैः अङ्गभेदैः अर्दयन्

अङ्गानि पीडयन् वक्त्रं प्रधावितो दोषश्छर्दिरिरित्युच्यते ॥

વેગોથી મુખને પૂરી દેતો, મરડાટથી અંગોને પીડતો, અને દોડીને મુખમા ખેંચતો દોષ ઉલટી કહેવાય છે.

વાયુની ઉલટીનાં લક્ષણો.

हृत्पार्श्वपीडामुखशोषशीर्षनाभ्यर्तिकासस्वरभेदतोदैः। उद्गारशब्दप्रबलं सफेनं विच्छिन्नकृष्णं तनुकं कषायम्। कृच्छ्रेण चाल्पं महता च वेगेनार्त्तोऽनिलाच्छर्दयतीह दुःखम्॥

कषायं कषायरसम्। दुःखमिव छर्दयति॥

છાતીમાં તથા પડખામાં પીડા, મુખ શોષ, માથામાં તથા નાભિમાં પીડા, ઉધરસ, સ્વરભેદ, અંગમાં સોંકાયાની પીડા, અને હીબકાના શબ્દથી પ્રબળ, ફીણવાળું, તૂટેલું, કાળું, પાતળું, તૂરૂં, તથા થોડું વમન કષ્ટથી માંડમાંડ કરે છે.

પિત્તની ઉલટીનાં લક્ષણો.

मूर्छा पिपासा मुखशोषमूर्द्धताल्वक्षिसन्तापतमोभ्रमार्त्तः। पीतं भृशोष्णं हरितञ्च तिक्तं धूम्रञ्च पित्तेन वमेत्सदाहम्॥

મૂર્ચ્છા, તૃષા, મુખશોષ, તાળવામાં તથા નેત્રમાં સંતાપ, અને અંધારાં તથા ભ્રમ, એ થાય છે; અને પીળું, લીલું, બહુ ગરમ, કડવું, ધુમાડા જેવું, અને દાહ કરનારૂં વમન પિતની ઉલટીથી થાય છે.

કફની ઉલટીનાં લક્ષણો.

तन्द्रास्यमाधुर्यकफप्रसेकसन्तोषनिद्रारुचिगौरवार्त्तः। स्निग्धं घनं स्वादु कफाद्विशुद्धं सलोमहर्षोऽल्परुजं वमेत्तु॥ सन्तोषस्तृप्तिः॥

તન્દ્રા, મુખમાં મીઠાશ, કફ નીકળવો, તૃપ્તિ, નિદ્રા, અરૂચિ, તથા ભારેપણું થાય છે. રૂવાડાં ઉભાં થાય છે તથા સ્નિગ્ધ, ઘાડું, મીઠુ ધોળુ અને થોડી વેદનાવાળુ વમન કફની ઉલટીથી થાય છે.

ત્રણે દોષની ઉલટીનાં લક્ષણો.

शूलाविपाकारुचिदाहतृष्णाश्वासप्रमोहप्रबला प्रसक्ता। छर्दिस्त्रिदोषाल्लवणाम्लनीलसान्द्रोष्णरक्तं वमतां नृणां स्यात्॥

શળ, અપચો, અરૂચિ, દાહ, તૃષા, શ્વાસ, પ્રમેહ, અને સ્ત્રીઓમાં આસક્તિ, એ થાય છે; તથા ત્રિદોષની ઉલટી ખારી, ખાટી, લીલી, ઘાટી, ગરમ, અને લોહીવાળી હોય છે.

આગંતુક ઉલટીન લક્ષણો.

असात्म्यजा च कृमिजामजा च बीभत्सजा दौर्हृदजा च या हि। सा पञ्चमी ताञ्च विभावयेच्च दोषोच्छ्रयेणैव यथोक्तमादौ॥

एता. पञ्चाप्यागन्तुजत्वेन सात्म्यादेकैव। अत एव सागन्तुजा पञ्चमी विभावयेत् अनुबन्धयेत्॥

અહિતકર આહાર, કૃમિ, આમ, દુષ્ટ પદાર્થોનાં દર્શનાદિ, અને ગર્ભ રહેવાથી, એમ પાંચ પ્રકારની આગતુક ઉલટી થાય છે, તેને પાછળથી દોષોનો સબંધ થાય છે.

ઉલટીનાં ઉપદ્રવો.

कासः श्वासो ज्वरस्तृष्णा हिक्कावैचित्त्यमेव च। हृद्रोगस्तमकश्चैव ज्ञेयाश्छर्देरुपद्रवाः॥

वैचित्त्यं विकृतचित्तत्वं तमकोऽत्र तम. । श्वासपदेनैव तमकाख्यस्यापि श्वासस्योक्तेः ॥

ઉધરસ, શ્વાસ, જ્વર, તૃષા, હેડકી, ચિત્તભ્રમ, છાતીનું દરદ અને અધારાં આવવાં, એ ઉલટીના ઉપદ્રવો છે.

સાધ્યાસાધ્યતા.

क्षीणस्य या छर्दिरतिप्रसक्ता सोपद्रवा शोणितपूययुक्ता। सचन्द्रिकां तां प्रवदन्त्यसाध्यां साध्यांश्चिकित्स्येन्निरुपद्रवां च ॥

सचन्द्रिका मयूरपिच्छचन्द्रिकाप्रभायुक्ताम् ॥

જે ઉલટી નબળા માણસને બહુજ થઇ હોય, ઉપદ્રવોવાળી હોય, લોહી તથા પરૂવાળી હોય, મોરપીંછનાં ચાલ્લા જેવી હોય, તે ઉલટી અસાધ્ય છે. એથી ઉલટાં લક્ષણ વાળી હોય તો તે સાધ્ય છે.

ઉલટીની ચિકિત્સા.

आमाशयोत्क्लेशभवा हि सर्वाश्छर्द्यो मताल्लङ्घनमेव तस्मात। त्रिधीयते मारुतजां विना तु संशोधनं वा कफपित्तहारि । हन्यात् क्षीरोदकं पीतं छर्दिं पवनसंभवाम् । मुद्गामलकयूषो वा ससर्पिष्कः ससैन्धवः ॥

क्षीरोदक नारिकेलस्य क्षीरस्योदकम् ॥

गुडूची त्रिफला निम्बपटोलैः क्वथितं जलम् । पिबेन्मधुयुतं तेन छर्दिर्नश्यति पित्तजा ॥ हरीतकीनां चूर्णन्तु लिह्यान्माक्षिकसंयुतम् । अधोमार्गीकृते दोषे छर्दिः शीघ्रं निवर्तते । विडङ्गत्रिफलाविश्वाचूर्णं मधूयुतं जयेत् । विडङ्गप्लवशुण्ठीनां चूर्णं वा कफजां वमिम् ।

प्लव कैवर्त्तमुस्तकं गुडलजी इति लोके ॥

पिष्ट्वा धात्रीफलं लाजान् शर्कराश्च पलोन्मिताम् । दत्त्वा मधुपलञ्चापि कुडवं सलिलस्य च ॥ वाससा गालितं पीतं हन्ति छर्दिं त्रिदोषजाम् । गुडूच्या रचितं हन्ति हिमं मधुसमन्वितम् । दुर्निवारामपि छर्दिं त्रिदोषजनितां बलात् । एलालवङ्गगजकेसरकोलमज्जालाजाप्रियङ्गुघनचन्दनपिप्पलीनाम् ॥ चूर्णानि माक्षिकसितासहितानि लीढ्वा छर्दिं निहन्ति कफमारुतपित्तजाताम्॥

एलादिचूर्णम् ॥

अश्वत्थवल्कलं शुष्कं दग्धं निर्वापितं जले । तज्जलं पानमात्रेण छर्दिं जयति दुर्जयाम् । पथ्यात्रिकटुधान्याकजीरकाणां रजो लिहन् । मधुना नाशयेच्छर्दिमरुचिश्च त्रिदोषजाम् । बिल्वत्वचो गुडूच्या वा क्वाथः क्षौद्रेण संयुतः । छर्दिं त्रिदोषजां हन्ति पर्पटः पित्तजां तथा । आम्रास्थिबिल्वानिर्यूहः पीतः समधुशर्करः । निहन्याच्छर्द्यतीसारं वैश्वानर इवाहुतिम् ॥

निर्यूहः क्वाथ ॥

जम्ब्वाम्रपल्लवभृतं लाजरजः संयुतं शीतम् । शमयति मधुना युक्तं वमिमतिसारं तृषामुग्राम् । बीभत्सजां हृद्यतमैरिष्टैर्दौर्हृदजां फलैः । लङ्घनैरामजां छर्दिं जयेत् सात्म्यैरसात्म्यजाम् । कृमिहृद्रोगवर्द्धन्याच्छर्दिं कृमिसमुद्भवाम् । तत्र तत्र यथादोषं क्रियां कुर्याच्चिकित्सकः । सोद्गारायां भृशं छर्द्यां मूर्वाया धान्यमुस्तयोः । समधूका-

श्वनं चूर्ण लेहयेन्मधुसंयुतम् । सौवर्चलम-जाजी च शर्करा मरिचानि च । क्षौद्रेण सहितं लीढं सद्यश्छर्दिनिवारणम् ॥

इति छर्द्यधिकार. ॥

આમાશયના ઉછાળાથી સર્વ જાતની ઉલટીઓ થાય છે, માટે એમાં લંઘન અથવા તો કફ અને પિત્તનું સંશોધન કરવું, પરંતુ વાયુની ઉલટીમાં એમ કરવું યોગ્ય નથી.

દહિં નાંખીને ફાડી નાંખેલ દૂધનું પાણી પીવાથી, અથવા ઘી અને સૈંધવ સહિત મગનો તથા આમળાંનો યૂષ પીવાથી વાયુની ઉલટી મટી જાય છે.

ગળો, ત્રિફળા, લીમડો અને કડવાં પરવળનો કવાથ મધ નાંખીને પીવાથી પિત્તની ઉલટી મટી જાય છે.

હરડેનુ ચૂર્ણ મધમાં ચાટવાથી દોષ ગુદા તરફ વળે છે, તેથી એકદમ ઉલટી બંધ થાય છે.

વાવડીંગ, ત્રિફળા અને સૂંઠનુ ચૂર્ણ મધમાં ચાટવાથી, અથવા વાવડીંગ, ફેવડી મોથ અને સૂંઠનું ચૂર્ણ મધમાં ચાટવાથી કફની ઉલટી જીતાઇ જાય છે.

આમળાં, ચોખાની ધાણી અને ચાર તોલાભાર સાકરના ચૂર્ણમાં ચાર તોલાભાર મધ અને સોળ તોલાભાર પાણી નાંખી વસ્રથી ગાળીને પીવાથી ત્રિદોષની ઉલટી હણાઇ જાય છે

ગળોનું હિમ મધ નાંખીને પીવાથી ત્રિદોષની ઉલટી ન મટે તેવી હોય તો પણ બળાત્કારે મટે છે.

એલાદિ ચૂર્ણ—એળચી, લવગ, નાગકેશર, બોરનો ગર્ભ, ચોખાની ધાણી, ઘઉંલો, મોથ, ચંદન અને પીપરનું ચૂર્ણ મધ તથા સાકરમાં ચાટવાથી ત્રિદોષની ઉલટી મટી જાય છે.

પીપળાનાં કૂપળિયા તથા બોલસરીનાં ફુલને સૂકવી બાળીને તેની રાખ પાણીમાં ડોળીને પીવાથી ન જીતાય એવી ઉલટી પણ તુરત જીતાઇ જાય છે.

હરડે, સૂઠ, મરી, પીપર, ધાણા અને જીરાનુ ચૂર્ણ મધમાં ચાટવાથી ત્રણે દોષોની ઉલટી તથા અરૂચિ મટી જાય છે.

બીલીની છાલ અથવા ગળોનો કવાથ મધ નાંખીને પીવાથી ત્રિદોષની ઉલટી મટી જાય છે.

ખડસલિયો વાટીને પીવાથી પિત્તની ઉલટી મટી જાય છે.

આંબાની ગોઠલી અને બીલીનો કવાથ મધ તથા સાકર નાંખીને પીવાથી, જેમ અગ્નિથી આહુતિનો નાશ થાય છે તેમ ઉલટી સહિત અતિસારનો નાશ થાય છે.

આંબાનાં તથા જાંબુનાં પાનના કવાથમા ચોખાની ધાણીનુ ચૂર્ણ તથા મધ નાંખીને પીવાથી ઉલટી અતિસાર તથા ઉગ્ર તૃષા શાંત થઇ જાય છે.

બીભત્સ પદાર્થોના દર્શનથી થયેલી ઉલટીને અત્યંત પ્રિય પદાર્થોના ઉપયોગથી જીતવી, ગર્ભથી થયેલી ઉલટીને પ્રિયફળોના ઉપયોગથી જીતવી, આમથી થયેલી ઉલટીને લંઘનોથી જીતવી, અને અહિત પદાર્થોથી થયેલી ઉલટીને હિતકર પદાર્થોથી જીતવી.

કૃમિથી થયેલી ઉલટીને વૈદ્યે કૃમિથી થતા છાતીના દરદની ચિકિત્સાઓથી જીતવી, અને તે તે પ્રકારોમાં તે તે દોષોને અનુસરીને ક્રિયા કરવી.

બહુ ઓડકારવાળી ઉલટીમાં પીલુડી,

ધાણા, મોથ, જેઠીમધ અને રસવંતીનુ ચૂર્ણ મધમાં કાલવીને ચટાડવું.

સંચળ, જીરૂ, સાકર અને મરીનું ચૂર્ણ મધમાં ચાટવાથી ઉલટી તુરત મટી જાય છે.

તરશનો અધિકાર.

તરશનું નિદાન તથા સંખ્યા

भयश्रमाभ्यां बलसंक्षयाद्वा ऊर्ध्वाचितं पित्तविवर्धनैश्च । पित्तं सवातं कुपितं नराणां तालुप्रपन्नं जनयेत्पिपासाम् । स्रोतःस्वपां वाहिषु दूषितेषु दोषैश्च तृट् सम्भवतीह जन्तोः । तिस्रः स्मृतास्ताः क्षतजा चतुर्थी क्षयात्तथान्यामसमुद्भवा च । भुक्तोद्भवा सप्तमिकेति तासां निबोध लिङ्गान्यनुपूर्वशस्तु ॥

नराणां पित्तं स्वस्थान एव सञ्चितं पित्तं सवातं पित्तविवर्द्धनैः कट्वम्लोष्णादिभिः कुपित पित्तं भयश्रमाभ्यां बलसक्षयादुपवासादेश्च वात. कुपित तद्द्वयं ऊर्ध्वं प्राप्त ऊर्ध्ववशात् पिपासां जनयेत् न केवल तालुन्येव दूषिते तृषा भवति किन्तु जलवाहिस्रोतःस्वपि । अत आह । स्रोत स्वित्यादि नन्वत्र बहुवचन न युक्त यतो जलवहे द्वे स्रोतसी सुश्रुतेनोक्ते । उच्यते । तयोरेवानेकप्रतानयोगान्न दोषः । अपां वाहिषु स्रोतःस्विति जिह्वादेरप्युपलक्षणम् । यत आह चरकः “ रसवाहिनीश्च धमनीर्जिह्वाहृदयगलतालुक्लोमे संशोषान् नृणां देहेषु कुरुतस्तृष्णामतिबलां पित्तानिलाविति ।” संख्यामाह । तिस्र इत्यादि ॥

પોતાના સ્થાનમાંજ સંચય થયેલું પિત્ત તેને વધારનારા તીખા, ખાટા, અને ગરમ પદાર્થોથી કોપ પામે છે; અને પોતાના સ્થાનમાંજ સંચય થયેલો વાયુ ભય, શ્રમ, અને બળનો ક્ષય કરનારા ઉપવાસ વગેરેથી કોપ પામે છે, એ બને કોપ પામીને ઊંચે ચઢી તાળવાને દૂષિત કરીને તરશ લગાડે છે. જળને વહન કરનારાં સ્રોતો પણ દૂષિત થવાથી તરસ લાગે છે.

શંકા—જળનું વહન કરનારાં બે સ્રોત છે, તેમ છતાં આ ઠેકાણે ‘ સ્રોતો ’ એમ બહુ વચન શાથી કહ્યું ?

સમાધાન—સ્રોતો તો બે છે પણ તેને ઘણા તંતુઓનો યોગ છે, માટે બહુ વચન આપવામાં કાંઈ દોષ નથી.

‘ સ્રોત ’ એ શબ્દમાં જીભ વગેરેનું પણ ગ્રહણ કરવું, કારણ કે ચરકે કહ્યું છે કે—પિત્ત અને વાયુ રસનું વહન કરનારી નાડીઓના, જીભના, ગળાના, તાળવાના અને તરશ લાગવાના સ્થાનનું શોષણ કરીને માણસને તરશ ઉત્પન્ન કરે છે.

વાત, પિત્ત, કફ, ક્ષત, ક્ષય, આમ, અને અન્નથી થયેલી, એમ સાત પ્રકારની તરશોનાં ક્રમસર લક્ષણો કહિયે છિયે.

તરશનું સામાન્ય લક્ષણ.

ताल्वोष्ठकण्ठास्यविशोषदाहौ सन्तापमोहौ भ्रमविप्रलापौ । सर्वाणि रूपाणि भवन्ति तस्यास्तूत्पत्तिकाले तु विशेषतो हि ॥

તાળવું, હોઠ, કંઠ, મુખ, એમાં શોષ, દાહ, સંતાપ, મોહ, અને ભ્રમ તથા બકવા, એ સર્વ તરશનાં લક્ષણો છે. તરશની ઉત્પત્તિ વખતે વિશેષે કરીને આ લક્ષણો જણાય છે.

વાયુની તરશનાં લક્ષણો.

क्षामास्यता मारुतसम्भवायान्तोदस्तथा

शङ्खशिरःसु चापि । स्रोतोनिरोधो विरसञ्च वक्त्रं शीताभिरद्भिश्च विवृद्धिमेति ॥

शङ्खशिर सु शङ्खयोः शिरसि च स्रोतोनिरोध. रसाम्बुवाहिनीधमनीनिरोध ॥

મુખ પાતળુ થાય છે, લમણા અને માથું દુઃખે છે, રસ તથા જળની વાહક શિરાઓ રોકાઈ જાય છે, મુખ વિરસ થાય છે, અને શીતળ જળથી તૃષા વધે છે

પિત્તની તરશનાં લક્ષણો.

मूर्च्छान्नविद्वेषविलापदाहा रक्तेक्षणत्वं प्रततश्च शोषः । शीताभिनन्दा मुखतिक्तता च पित्तात्मिकायां परिधूपनञ्च ॥

विलापः प्रलाप प्रततश्च शोष अविरत शोषः शीताभिनन्दा शीतेच्छापरिधूपन कण्ठाद्धूमनिर्गम इति ॥

મૂર્ચ્છા, અન્ન ઉપર દ્વેષ, બકવા, બળતરા, નેત્રોમાં રતાશ, અને નિરતર શોષ થાય છે. શીતની ઇચ્છા, મુખમાં કડવાશ, અને કંઠમાં ધુમાડો નીકળે છે.

કફની તરશનાં લક્ષણો.

बाष्पावरोधात् कफसंवृतेऽग्नौ तृष्णा बलासेन भवेन्नरस्य । निद्रा गुरुत्वं मधुरास्यता च तयार्दितः शुष्यति चातिमात्रम् ॥

अग्नौ जठराग्नौ कफसवृते स्वकारणकुपितेन कफेनोपरिष्टाच्छादिते बाष्पावरोधात् अग्नेरूष्मावरोधात् अवरुद्धानलोष्मणाम्बुवहस्रोतःशोषणात् बलासेन कफेन नरस्य तृड् भवेत् । तया तृष्णयार्दितः पीडित शुष्यति कृशो भवति ॥

જઠરાગ્નિ ઉપરના ભાગોમાં પોતાનાં કારણોથી કોપ પામેલા કફથી ઢંકાઈ જવાથી જઠરાગ્નિની ગરમી રોકાવાથી તે અગ્નિ જળવહન કરનારી શિરાઓનુ શોષણ કરે છે, તેથી કફથી તરશ લાગે છે, તેથી માણસ બહુ કૃશ થઈ જાય છે, નિદ્રા વધે છે, ભારેપણું થાય છે, અને મુખ મીઠુ થઈ જાય છે.

ક્ષતની તરશનાં લક્ષણો.

क्षतस्य रुक्शोणितनिर्गमाभ्यां तृष्णा चतुर्थी क्षतजा मता तु ॥

क्षतस्य शस्त्रादिक्षतयुक्तस्य रुक् पीडा ॥

જખમી થયેલા માણસને પીડા તથા લોહી નીકળવાથી તરશ લાગે છે, તે ક્ષતથી થયેલી તરશ કહેવાય છે.

ક્ષયની તરશનાં લક્ષણો.

रसक्षयाद्या क्षयसम्भवा सा तयाभिभूतस्तु निशादिनेषु । पेपीयतेऽम्भः स सुखं न याति तां सन्निपातादिति केचिदाहुः । रसक्षयोक्तानि च लक्षणानि तस्यामशेषेण भिषग्व्यवस्येत् ॥

रसक्षयलक्षणानि सुश्रुतेनोक्तानि । रसक्षये हृत्पीडा कम्प शोष शून्यता तृष्णा चेति व्यवस्येत् जानीयात् ॥

રસના ક્ષયથી લાગતી તરશ ક્ષયની કહેવાય છે. એથી રાત દિવસ પાણી પીવાયા કરે છે તેથી પણ સુખ થતું નથી. કેટલાક આ તરશને ત્રિદોષથી થવાનુ કહે છે, પણ રસના ક્ષયના જે લક્ષણો સુશ્રુતે કહેલાં છે તે સઘળાં આ તરશમાં હોય છે, એમ વૈદ્યોએ જાણવું સુશ્રુત કહે છે કે–રસનો ક્ષય થાય ત્યારે હૃદયમા પીડા, કંપ, શોષ, જડતા અને તરશ ઉત્પન્ન થાય છે.

આમની તરશનાં લક્ષણો.

त्रिदोषलिङ्गामसमुद्भवा च हृच्छूलनिष्ठीवनसादकर्त्री ॥

આમની તરશમાં ત્રણે દોષોનાં લક્ષણો ભેળાં જણાય છે, અને હૃદયમાં શૂળ, થૂંક, તથા ગ્લાનિ થાય છે.

અન્નની તરશનાં લક્ષણો.

स्निग्धं तथाम्लं लवणञ्च भुक्तं गुर्वन्नमेवाशु तृषां करोति ॥

लवणञ्चेति चकारात् कटु च ॥

સ્નિગ્ધ, ખારૂં, ખાટું, તીખું, અને ભારે અન્ન ખાવાથી વારવાર તરશ લાગ્યા કરે છે.

તરશનાં ઉપદ્રવો.

हीनस्वरः प्रताम्यन्दीनाननहृदयशुष्कगलतालुः । भवति खलु सोपसर्गा तृष्णा सा शोषिणी कष्टा ॥

शोषिणी धातुशोषिणी ॥

સાદ બેસી જવો, ગ્લાનિ, મુખ તથા હૃદયમા દીનતા, કંઠ તથા તાલુમાં શોશ, આટલા ઉપદ્રવોવાળી તરશ ધાતુઓનું શોષણ કરે છે તેથી તે ખરાબ છે.

તરશનું અરિષ્ટ.

ज्वरमेहक्षयकासश्वासाद्युपसृष्टदेहानाम् । सर्वास्त्वतिप्रसक्ता रोगकृशानां वमिप्रसक्तानाम् । घोरोपद्रवयुक्ता तृष्णा मरणाय विज्ञेया ॥

आदिशब्दादतीसारादीना ग्रहणम् । अतिप्रसक्ता नितरां जाता घोरोपद्रवयुक्ता अतीव मुखशोषादियुक्ता ॥

જ્વર, પ્રમેહ, ક્ષય, ઉધરસ, શ્વાસ, અને અતિસાર વગેરે રોગોમાં, રોગો ક્ષીણ થઇ ગયેલા અને ઉલટીવાળાને; શોષાદિ ઘોર ઉપદ્રવો સહિતની સર્વ પ્રકારની તરશો મરણ નીપજાવે છે, એમ જાણવું.

તરશની ચિકિત્સા.

वातघ्नमन्नपानं मृदुलघुशीतञ्च वाततृष्णायाम् । तृष्णायां पवनोत्थायां समुडं दधि शस्यते । स्वादु तिक्तं द्रवं शीतं पित्ततृष्णापहं परम् । मुस्तपर्पटकोदीच्यधन्याकोशीरचन्दनैः शृतं शीतं जलं दद्यात्तृड्दाहज्वरशान्तये ॥

छत्रा धान्यकं किंचिच्छत्री च दद्यात् । चन्दनमत्र धवलं तस्यातितृष्णाहरत्वात् शृतमर्धपकमत्र कर्त्तव्यम् ॥

लाजोदकं मधुयुतं शीतं गुडविमर्दितम् । काश्मरीशर्करायुक्तं पिबेत्तृष्णार्दितो नरः ॥ आस्तरणमार्द्रवासः प्रावरणं चार्द्रवासः स्यात् । तेन पिपासा शाम्यति दाहशोषोऽपि देहिनां नियतम् ॥ गोस्तनीक्षुरसक्षीरयष्टीमधुमधूत्पलैः । नियतं नासिकापीते तृष्णा शाम्यति दारुणा ॥ वैशद्यं जनयत्यास्ये संदधाति मुखे जलम् । तृष्णादाहप्रशमनं मधुगण्डूषधारणम् ॥ जिह्वातालुगलक्लोमशोषे मूर्ध्नि निधापयेत् ॥ केशरं मातुलुङ्गस्य घृतसैन्धवसंयुतम् । दाडिमं बदरं लोध्रं कपित्थं बीजपूरकम् ॥ पिष्ट्वा मूर्धनि लेपस्तु पिपासादाहनाशनः । वारि शीतं मधुयुतमाकण्ठाद्वा पिपासितम् ॥ पा-

पयेद्वामयेच्चाथ तेन तृष्णा प्रशाम्यति । मातः शर्करयोपेतः कार्यो धान्याकसम्भवः ॥ जयेत्तृष्णां तथा दाहं भवेत् स्रोतोविशोधनम् । आमलं कमलं कुष्ठं लाजाश्च वटरोहकम् ॥ एतच्चूर्णस्य मधुना गुटिकां धारयेन्मुखे । तृष्णां प्रवृद्धां हन्त्येषा मुखशोषं च दारुणम् । क्षतोद्भवां रुग्विनिवारणेन जयेद्रसानामसृजश्च पानैः । क्षयोत्थितां क्षीरजलं निहन्यान्मांसोदकं वा मधुरोदकं वा ॥ आमोद्भवां बिल्ववचायुतानां जयेत्कषायैरथ दीपनानाम् । गुर्वन्नजामुल्लिखनैर्जयेच्च क्षयं विना सर्वकृतां च तृष्णाम् ॥

उल्लिखनैः लेखनद्रव्यैः ॥

स्निग्धेऽन्ने भुक्ते या तृष्णा स्यात्तां गुडाम्बुना शमयेत् । अतिरोगदुर्बलानां तृष्णां शमयेन्नृणामिहाशु पयः ॥

पयोऽत्र दुग्धम् ॥

मूर्च्छाछर्दितृषादाहस्त्रीमद्यभृशकर्षिताः । पिबेयुः शीतलं तोयं रक्तपित्ते मदात्यये ॥ सात्म्यान्नपानभैषज्यैस्तृष्णां तस्य जयेत्पुनः । तस्यां जितायामन्योऽपि व्याधिः शक्यश्चिकित्सितुम् ॥ तृषा पूर्वमपक्षीणो न लभेत जलं यदि । मरणं दीर्घरोगं वा प्राप्नुयात्त्वरितं नरः । तृषितो मोहमायाति मोहात्प्राणान् विमुञ्चति । तस्मात् सर्वास्ववस्थासु न क्वचिद्वारि वारयेत् ॥ अन्नेनापि विनाजन्तुः प्राणान्धारयते चिरम् । तोयाभावात्पिपासार्तः क्षणात्प्राणैर्विमुच्यते ॥

इति तृष्णाधिकार ॥

વાયુની તરશમાં વાતહર, કોમળ, હલકાં, અને શીતળ અન્નપાનો આપવાં, તથા ગોળ અને દહિં આપવાં એ ઉત્તમ ઉપાય છે. મધુર, કડવા, પ્રવાહી, અને શીતળ પદાર્થોથી પિત્તની તરશ મટે છે.

ષડંગપાન—મોથ, ખડસલિયો, વાળો, ધાણા, કાળો વાળો, અને ચંદનનો કવાથ ટાઢો પાડીને આપવાથી તરશ, દાહ, અને જ્વર શાંત થાય છે. એમા થોડાંક આમળા પણ નાંખવા.

ચોખાની ધાણીના શીતળ પાણીમાં મધ, ગોળ, સીવણનાં ફળ, તથા સાકર નાંખીને પીવાથી તરશ મટી જાય છે.

ભીનું વસ્ત્ર ઓઢવાથી તથા તેમા સૂવાથી તરશ તથા ઉપદાહ પણ છેક શાંત થઇ જાય છે.

શેરડીનો રસ તથા દૂધ મેળવીને તેમાં દ્રાક્ષ, જેઠીમધ, મધ, અને કમળનો રસ મેળવીને તે સર્વ નાકથી પીવાથી દારૂણ તરશ શાંત થઇને મુખમાં શુદ્ધિ અને અગ્ની આવે છે.

મધનો કોગળો મુખમા રાખવાથી તૃષા અને દાહ શાંત થાય છે.

જીભ, તાળવું, ગળું, અને તૃષાનું સ્થાન સૂકાતા હોયતો બીજોરાના કેસરાઓને ઘી તથા સૈંધવમાં વાટીને માથા ઉપર રાખવા.

દાડમ, બોર, લોદર, કોઠ, અને બીજોરાને વાટીને માથા ઉપર લેપ કરવાથી તરશ તથા દાહ નાશ પામે છે.

મધ અને ટાઢું પાણી ગળા સૂધી પીને કાઢી નાખવાથી તૃષા મટી જાય છે.

સવારમાં સાકર નાંખીને ધાણાનો કવાથ

પીવાથી તરશ તથા દાહ મટી જાય છે, અને ઓતો શુદ્ધ થાય છે.

આમળાં, કમળ, કઠ, શાળની ધાણી, અને વડવાઇના અગ્રના ચૂર્ણની મધમાં ગોળી કરી મુખમાં રાખવાથી મહા ઉગ્રતરશ અને મુખનો દારૂણ શોષ પણ મટી જાય છે.

જખમથી થયેલી તરશ મટાડવા માટે જખમ મટાડવો, રસો પાવા, અને લોહી પાવું.

રસના ક્ષયની તરશ મટાડવાને દૂધ તથા પાણી, માંસ અને પાણી, તથા મીઠું પાણી પાવું.

બીલીના ગર્ભ તથા વજ સહિત દીપન પદાર્થોના કવાથો પીવાથી આમની તરશ મટે છે.

કફને ઉખેડનારા પદાર્થોથી અન્નથી થયેલી તરશ મટે છે, અને ક્ષય સિવાયની તમામ તરશો પણ એથી મટી જાય છે.

ગોળનું પાણી પીવાથી સ્નિગ્ધ ભોજનથી થયેલી તરશ મટે છે. અતિશય રોગોથી નિર્બળ થઇ ગયેલાની તરશ દૂધથી શાંત થાય છે

મૂર્છા, ઉલટી, તરશ, આફરો, સ્ત્રી પ્રસગ, અને મદ્યથી દુ:ખ પામતાને શીતળ જળ પાવું. રક્તપિત્ત તથા મદાત્યયમાં હિતકારી અન્નો તથા ઔષધોથી તરશ મટાડવી તરશ મટયા પછી બીજા રોગોની ચિકિત્સા થઈ શકે છે.

તરસ્યાને તુરત પાણી ન મળે તો તુરત મરણ અથવા બીજા રોગો થાય છે.

તરસ્યો માણસ બેભાન થાય છે. અને તેથી તેનું મરણ થાય છે, માટે કોઈ પણ સ્થિતિમાં તેને પાણીની અટકાયત કરવી નહિ. અન્ન વગર પણ કેટલોક સમય જીવી શકાય છે, પણ પાણી વગર તો ક્ષણમાં મરણ થાય છે.

મુર્છાનો અધિકાર.

મુર્છાનાં નિદાન તથા સમ્પ્રાપ્તિ.

क्षीणस्य बहुदोषस्य विरुद्धाहारसेविनः॥ वेगाघाताद्भीघाताद्धीनसत्त्वस्य वा पुनः । करणायतनेषुग्रा ॥ बाह्येष्वभ्यन्तरेषु च । निविशन्ते यदा दोषास्तदा मूर्च्छन्ति मानवाः ॥

बहुदोषस्याधिकदोषस्य न त्वनेकदोषस्य । तदा मूर्च्छा त्रिदोषजैव स्यात् । तथैवास्तु को दोषः ? तत्र पृथक् दोषजानां मूर्च्छानां वक्ष्यमाणत्वात् । वेगाघातात् मलादेः अभिघातात् लगुडादिना- हीनसत्त्वस्य स्वल्पसत्त्वगुणस्य, अर्थादधिकतमो, गुणस्य । यत उक्तं मूर्च्छा पित्ततमःप्रायेति, करणायतनेषु करणं मनस्तस्यायतनेषु स्वस्थानेषु बाह्येषु कर्मेन्द्रियेषु आभ्यन्तरेषु बुद्धीन्द्रियेषु ॥

નબળા, બહુદોષોવાળા, વિરૂદ્ધ ભોજન કરનારા, મળાદિ વેગોને રોકનારા, માર પડેલા અને થોડા સત્ત્વગુણવાળાને મનના સ્થાનરૂપ જ્ઞાનેંદ્રિયોમાં અને કર્મેન્દ્રિયોમાં દોષો પ્રવેશ કરે છે, ત્યારે તેને મુર્છા આવે છે. બહુ દોષવાળા, એટલે અધિક દોષોવાળા, ત્રણે દોષોવાળા નહિં. અલ્પસત્વ ગુણવાળા એટલે અધિક તમોગુણવાળા સમજવા, કારણ કે મુર્છામાં પિત્ત અને તમોગુણ વિશેષ હોય છે.

મુર્છાનાં સામાન્ય લક્ષણો.

संज्ञावहासु नाडीषु पीडितास्वनिलादि-

भिः । तमोऽभ्युपैति सहसा सुखदुःखव्यपोहकृत् ॥ सुखदुःखव्यपोहाच नरः पतति काष्ठवत् । मोहो मूर्च्छेति तामाहुः षड्विधा सा प्रकीर्तिता ॥

तमोगुणः अज्ञानहेतु । अभ्युपैति आगच्छति सुखदुःखव्यपोहकृत् । सुखदु खज्ञाननाशकर । नष्टे सुखदु खज्ञाने नर काष्ठवत्पतति ता मोहो मूर्च्छेति प्राहुरित्यन्वय. । मूर्च्छाया मूर्च्छायोऽपि पर्याय. । यत उक्तम् । "सज्ञोपघातो मूर्च्छायो मूर्च्छा स्यान्मूर्च्छनं तथा । कश्मल प्रलयो मोह संन्यासस्तु मृतोपम ।" इति ॥

સંજ્ઞાનું વહન કરનારી નાડીઓમાં વાયુ ભરાવાથી સુખ દુ ખના જ્ઞાનનો નાશ કરનાર તમોગુણ થવાથી માણસ કાષ્ઠની પેઠે પડી જાય છે, એ રોગને મુર્ચ્છા કે મોહ કહે છે. જે મુર્ચ્છાથી માણુસ મુડદા જેવો થઈ જાય છે તે મુર્ચ્છાને સન્યાસ કહે છે. મુર્ચ્છા છ પ્રકારની છે.

મુર્ચ્છાનાં ભેદો.

वातादिभिः शोणितेन मद्येन च विषेण च । षट्स्वप्येतासु पित्तं तु प्रभुत्वेनावतिष्ठते ॥

यत उक्तम् । मूर्च्छा पित्ततम प्रायेति ।

વાત, પિત્ત, કફ, રક્ત, મદ્ય અને વિષથી થયેલી એમ મૂર્ચ્છાના છ પ્રકાર છે. તે સર્વેમા પિત્ત પ્રધાન હોય છે

મુર્છાનું પૂર્વરૂપ.

हृत्पीडा जृम्भणं ग्लानिः संज्ञानाशो बलक्षयः । सर्वासा पूर्वरूपाणि यथास्वं तां विभावयेत् ॥

હૃદયમાં વ્યથા, બગાસાં, ગ્લાનિ, સંજ્ઞાનો નાશ અને નિર્બળતા એ સર્વ મૂર્ચ્છાઓનાં પૂર્વરૂપો છે દરેક પ્રકારની મૂર્ચ્છાના લક્ષણો નીચે પ્રમાણે છે.

વાયુની મુર્છાનાં લક્ષણો,

नीलं वा यदि वा कृष्णमाकाशमथवारुणम् । पश्यंस्तमः प्रविशति शीघ्रश्च प्रतिबुध्यते । वेपथुश्चाङ्गमर्दश्च प्रपीडा हृदयस्य च । कार्श्यं श्यावारुणा च्छाया मूर्च्छाये वातसम्भवे ॥

नील नीलवर्ण कृष्ण कज्जलाभ अरुण अलक्तराग । तमः प्रविशति मूर्च्छेति श्यावारुणा च्छाया गात्रस्य ॥

આકાશ લીલુ, કાળુ કે રાતું દેખાઇને અંધારા આવીને મૂર્ચ્છા આવે છે એ મૂર્ચ્છા તુરતજ મટે છે. શરીરમાં કપ, અંગભંગ, હૃદયમાં પીડા, દેહમાં કૃશતા અને શરીર કાળાશ સહિત રાતું થઈ જાય છે.

પિત્તની મુર્છાનાં લક્ષણો.

रक्तं हरितवर्णं वा वियत्पीतमथापि वा । पश्यंस्तम प्रविशति सस्वेदः प्रतिबुद्ध्यते ॥ सपिपासः ससन्तापो रक्तपित्ताकुलेक्षण. । सम्भिन्नवर्चाः पीताभो मूर्च्छाये पित्तसम्भवे॥

આકાશ રાતું, લીલુ કે પીળુ દેખાઇને મૂર્ચ્છા આવે છે. પરસેવો થઇને ચેતન આવે છે ત્યારે તૃષા, સતાપ, નેત્રોમા રાતાશ અને પિત્તની વ્યાકુળતા થાય છે; અને દસ્ત આવે છે તથા શરીર પીળુ થઈ જાય છે. આ પ્રમાણે પિત્તની મૂર્ચ્છામાં થાય છે.

કફની મુર્છાનાં લક્ષણો.

मेघसङ्काशमाकाशं तमोभिर्वा घनैर्वृतम् ।

पर्य्यस्तपः प्रविशति चिराच्च प्रतिबुध्यते । गुरुभिः प्रावृतैरङ्गैर्यथैवार्द्रेण चर्मणा । सप्रसेकः सहृल्लासो मूर्च्छाये कफसम्भवे ॥

मेघसङ्काश शुभ्रमेघसङ्काशमित्यर्थ. । यत आह सुश्रुत ॥

कफेन पश्येद्रूपाणि श्वेताभ्रप्रतिमानि तु॥

घनैर्निबिडैस्तमोभि. गुरुभिरङ्गैरुपलक्षित मूर्च्छाय. षड्विध उक्त सुश्रुतेन ॥

આકાશ વાદળા જેવુ અને ઘાટા અંધકાર જેવુ. દેખાઇને મૂર્ચ્છા આવે છે. ઘણીવારે ચેતન આવે છે, ત્યારે આળાં ચામડાથી વીંટાયા જેવું શરીર ભારે જણાય છે, મુખમાં પાણી તથા મોળ આવ્યા કરે છે. આ લક્ષણો કફનાં છે. (વાદળા જેવુ એટલે ધોળાં વાદળાં જેવું સમજવું, કારણ કે સુશ્રુતે કહ્યું છે કે— કફથી ધોળાં વાદળા જેવાં રૂપ દેખાય છે.

ત્રણે દોષને મૂર્ચ્છા વિષે.

सर्वाकृतिः सन्निपातादपस्मार इवागतः। स जन्तुं पातयत्याशु विना बीभत्सचेष्टितैः ॥

अपस्मार इवागतस्तेन महताभिघातेन पतति चिरेण प्रतिबुध्यते तर्हि तयो को भेद इत्यत आह ॥

सान्निपातिकमूर्च्छायो विना बीभत्सचेष्टितैः ॥ सफेनवमनदन्तघट्टनाक्षिविकृत्यादिभिर्विना पातयति ॥

ત્રણે દોષોનાં ચિન્હોવાળી, વાઈ આવ્યા જેવી અને ઘણીવારે ચેતન આવનારી ત્રિદોષની પણ મૂર્ચ્છા થાય છે, એમ ચરકનો મત છે. ચરક કહે છે કે વાઇમાં ફીણવાળું વમન દાંતોનું ભીડાઇ જવું અને આંખોમાં વિકૃતિ વગેરે ચેષ્ટાઓ થાય છે. પણ આ સાન્નિપાતિક મૂર્ચ્છામાં તેમ થતું નથી, એટલોજ એ બેમાં તફાવત છે.

રક્તની મૂર્ચ્છાનાં નિદાનો.

पृथिव्यम्भस्तमोरूपं रक्तगन्धस्तदन्वयः। तस्माद्रक्तस्यगन्धेन मूर्च्छन्ति भुवि मानवाः॥

तमोरूप तमोबहुल मानवाश्च ये तामसाः । न तु सात्त्विका राजसाश्च । अत्रैके वदन्ति । नैव युक्ति समीचीना तर्हि चम्पकादिगन्धेनापि मूर्च्छा प्रसज्येत तत्रापि गन्धस्य पार्थिवत्वात् । अत आह ॥

द्रव्यस्वभावा इत्येके दृष्ट्वा यदतिमुह्यति॥ (अत्राह भोजः ।) दर्शनादसृजस्तज्जाद्गन्धाच्चैव प्रमुह्यति ॥

પૃથ્વી અને જળમાં તમોગુણનો અંશ ઘણો છે, અને પૃથ્વી અને જળમાંથી ગંધ અને રક્ત બને છે, માટે માણસો રક્તના ગંધથી મૂર્ચ્છીત થાય છે. કેટલાક કહે છે કે રક્તના ગંધથી નહિ, પણ રક્તને જોવાથી મૂર્ચ્છા થાય છે, તે રક્તનોજ સ્વભાવ છે. ભોજ તો કહે છે કે–"રક્તના દર્શન તથા ગંધથી મૂર્ચ્છા થાય છે.

રક્તની મૂર્ચ્છાનાં લક્ષણો.

स्तब्धाङ्गदृष्टिस्त्वसृजा गूढोच्छ्वासश्च मूर्च्छितः ॥

રક્તની મૂર્ચ્છામાં શરીર સ્તબ્ધ અને શ્વાસ ગૂઢ થઇ જાય છે.

મદ્ય તથા વિષની મૂર્ચ્છાઓનાં નિદાન.

गुणास्तीव्रतरत्वेन स्थितास्तु विषमद्ययोः । त एव तस्मात्ताभ्यां तु मोहौ स्यातां यथेरितौ ॥

ये गुणा लघुरूक्षाशुविशदव्यवायितीक्ष्णविकाशिसूक्ष्मोष्णानिर्देश्यरसत्वादयः तैलादौ द्रव्ये व्यस्तास्तीवाश्च सन्ति । त एव गुणा. विषमद्ययोस्तु तीव्रतरत्वेन स्थिता । तत्रापि भेदः ॥

त एव मद्ये दृश्यन्ते विषेषु बलवत्तरा इति॥

લઘુતા, રૂક્ષતા, શીઘ્રતા, વિશદપણું, વ્યવાયિતા, તીક્ષ્ણતા, વિકાશીપણું, સૂક્ષ્મતા, ઉષ્ણતા અને નિરૂપણ ન થઇ શકે એવા રસવાળાપણું, ઈત્યાદિ જે ગુણો તેલ વગેરે પદાર્થોમાં જુદા જુદા રહેલા છે અને તીવ્ર છે, તે ગુણો વિષ તથા મદ્યમાં બહુ તીવ્રતાથી રહેલા છે. મદ્ય કરતાં પણ વિષમાં વધારે તીવ્ર હોય છે. આમ હોવાથી મદ્ય તથા વિષથી પણ મૂર્છા આવે છે.

મદ્યની મૂર્ચ્છાનાં લક્ષણો.

मद्येन प्रलपन् शेते नष्टविभ्रान्तमानसः। गात्राणि विक्षिपन् भूमाजरां यावन्न याति तत् ॥ नष्टविभ्रान्तमानस नष्ट सर्वथा स्मृतिहीन विभ्रान्त रज्ज्वा सर्पज्ञानयुक्तं मानस यस्य सः । जरां जीर्णतां । तन्मद्यम् ॥

મદ્યથી સુતાં સુતાં બકવા થાય છે. મન બેભાન થઇ જાય છે જમીનપર હાથ પગ પછડાય છે, અને દોરીને સર્પ જેવું સમજાય છે. એ પ્રમાણે મદ્ય પચે ત્યાં સૂધી થયા કરે છે.

વિષની મૂર્ચ્છાનાં લક્ષણો.

वेपथुस्वमतृष्णाः स्युस्तमश्च विषमूर्च्छिते। वेदितव्यं तीव्रतरं यथास्वं विषलक्षणैः ॥

विषस्य मूलकन्दफलपत्रक्षीरादिभेदभिन्नस्य यथास्व लक्षणमुक्त सुश्रुते कल्पस्थाने तल्लक्षणं मद्यापेक्षया तीव्रतर वेदितव्य न तु संज्ञानाशेन साम्यधर्मात् ॥

કંપ, નિદ્રા, તૃષા, અને અંધકાર, એ વધારે ઉગ્ર રીતે લક્ષણો થાય તો તે મૂર્ચ્છા વિષની જાણવી વિષના મૂળ, કંદ, ફળ, પાંદડાં અને છીર વગેરે જે જે ભેદ છે તે પ્રત્યેકનાં લક્ષણો મદ્યના તે તે લક્ષણો કરતાં વધારે તીવ્ર છે, સંજ્ઞાને નાશ કરવાનો ગુણ મદ્યમાં તથા વિષમાં સરખો છે, માટે તે બન્નેનાં લક્ષણો પણ સરખાં હશે એમ ન સમજવું.

મૂર્ચ્છા, ભ્રમ, અને તંદ્રા વચ્ચે ભેદ.

मूर्च्छा पित्ततमः प्राया रजः पित्तानिलाद्भ्रमः । तमो वातकफात्तन्द्रा निद्रा श्लेष्मतमोभवा ॥

रज पित्तानिलाद्भ्रम इति नात्र समुच्चयः । केवलपित्तज्वरे भ्रमस्योक्तत्वात् भ्रमश्च चक्रारूढस्येव भ्रमद्वस्तुज्ञान स्वदेहस्य भ्रमत इव ज्ञान च ॥

મૂર્ચ્છામાં પિત્ત તથા તમો ગુણ પ્રધાન હોય છે, ભ્રમમાં પિત્ત, વાયુ, અને રજોગુણ પ્રધાન હોય છે; તદ્રામાં વાયુ, કફ, અને તમોગુણ પ્રધાન હોય છે, અને નિદ્રામાં કેવળ તમોગુણજ પ્રધાન હોય છે.

ભ્રમ રજોગુણ, પિત્ત તથા વાયુના સમુદાયથી થાય છે એમ ન સમજવું, કારણ કે એટલા પિત્તજ્વરમાં પણ ભ્રમ થાય છે. જેમ ચકડોળ ઉપર બેઠેલા માણસને સઘળી વસ્તુઓ ભમતી દેખાય છે. તેમ ભ્રમવાળાને પણ સઘળી વસ્તુઓ અને પોતાનો દેહ પણ ભમતો જણાય છે.

તંદ્રાનાં લક્ષણો.

**इन्द्रियार्थेष्वसंवित्तिर्गौरवं जृम्भणं क्लमः।
निद्रार्तस्येव यस्यैते तस्य तन्द्रां विनिर्दिशेत्॥**

इन्द्रियार्थानामर्थः प्रयोजन येषु । अर्थाद्विषयेषु । असंवित्तिः असम्यक् ज्ञानम् इति इन्द्रियार्थ सम्यक् ज्ञानादि निद्रायां प्रबुद्धस्य क्लमाभावस्तन्द्रायां तु प्रबोधितस्यापि क्लम इत्यनयोर्भेद ॥

કંઈક ભેભાની, ભારેપણું, બગાસાં, અને ગ્લાનિ, એ તંદ્રાનાં લક્ષણો છે. નિદ્રામાંથી જાગ્યા પછી ગ્લાની નથી રહેતી પણ તંદ્રામાથી જાગ્યા પછી તે રહે છે, એટલો એ બેમાં ભેદ છે.

ક્લમનું લક્ષણ.

योनायासः श्रमो देहे प्रवृद्धः श्वासवर्जितः । क्लमः स इति विज्ञेय इन्द्रियार्थप्रबाधकः । इन्द्रियाणां बुद्धीन्द्रियाणां कर्मेन्द्रियाणां च ॥ अर्थ. प्रयोजन विषयग्रहण तस्य प्रबाधक· प्राबल्येन बाधकः ॥

શ્રમવગર ઉત્પન્ન થયેલ, શ્વાસથી મુક્ત, અને ઇંદ્રિયોનાં જ્ઞાનને બાધ કરનાર દેહમાં જે શ્રમ થાય છે, તેને ક્લમ કહે છે.

નિદ્રાનું લક્ષણ.

यदा तु मनसि क्लान्ते कर्मात्मानः क्लमान्विताः । विषयेभ्यो निवर्तन्ते तदा स्वपिति मानवः । ॥ क्लान्तो ग्लानः । श्रान्त इति यावत् । कर्मात्मानः क्लमान्विता. कर्मेन्द्रियाणि ज्ञानेन्द्रियाणि च श्रान्तानि ॥

મન ગ્લાની પામવાથી ઇંદ્રિયો પણ ગ્લાની પામે છે તેથી વિષયોને ગ્રહણ કરી શકતી નથી, તેથી માણુસ સૂઇ જાય છે.

સંન્યાસનું લક્ષણ.

वाग्देहमनसां चेष्टामाक्षिप्यातिबलामलाः। संन्यस्यन्त्यबलं जन्तुं प्राणायतनमाश्रिताः। स ना संन्याससंन्यस्तः काष्ठीभूतो मृतोपमः । प्राणैर्विमुच्यते शीघ्रं मुक्त्वा सद्यः फलां क्रियाम् ॥

आक्षिप्य विनाश्य संन्यस्यन्ति मूर्च्छयन्ति प्राणायतन हृदयं सन्यस्त· मूर्च्छितः काष्ठीभूत क्रियारहित अत एव मृतोपम इति सद्य·फलां क्रियां सूचीव्यधनांजनावपीडकपिकच्छुघर्षणवृश्चिकादिदंशनादिरूपां ॥

હૃદયમાંના અતિ બળવાન્ મળો વાણી, દેહ, તથા મનની ચેષ્ટાનો નાશ કરીને નિર્બળ માણસને મૂર્છીત કરે છે, ત્યારે તેને સંન્યાસ કહે છે. કાષ્ટની પેઠે ક્રિયા રહિત તથા મુડદા જેવા થયેલા તેના શરીરમાં સોઇ ભોંકવી, તીક્ષ્ણ અંજનો તથા નસ્યો આપવાં, કૌચાં ઘસવાં, વીંછી કરડાવવો, વગેરે કરવું; નહિ તો તે માણસ તુરત મરી જાય છે.

સંન્યાસ તથા મૂર્છામાં ભેદ.

दोषेषु मदमूर्च्छाया गतवेगेषु देहिनः । स्वयमेवोपशाम्यन्ति संन्यासो नौषधैर्विना॥

मदमूर्च्छायाः मद. अप्रवृद्ध उन्माद. । मूर्च्छायाः मच्छीः ॥

દોષોના વેગ મટે એટલે મૂર્છા તથા નહિ વધેલ ઉન્માદ એની મેળે શાંત થાય છે, પણ સંન્યાસ તો ઔષધો વિના શાંત થતોજ નથી.

મૂર્છાની ચિકિત્સા.

सेकावगाहा मणयः सहाराः शीताः प-

देहा व्यजनानिलाश्च । शीतानि पानानि च गन्धवन्ति सर्वासु मूर्च्छानिवारितानि ॥

मणयश्चन्द्रकान्तादयः हारा मुक्तादिहारा शीता प्रदेहा सकर्पूरचन्दनानुलेपनानि ॥ शीतानि पानानि सितामलकादिपानकानि ॥ गन्धवन्ति कर्पूरादिसुगन्धवन्ति सर्वासु मूर्च्छास्वनिवारितानि । अस्यायमभिप्राय. । सेकार्दान्यन्यासु मूर्च्छासु हितान्येव किं तु वातश्लेष्मजास्वपि न निवारितानि तत्रापि पित्तस्य प्राधान्यत्वात् ॥

सिद्धानि वर्गे मधुरे पयांसि सदाडिमा जाङ्गलजा रसाश्च । यथा यवालोहितशालयश्च मूर्च्छासु पथ्याः ससतीनमुद्गः ॥

सतीनः कलाप ॥

कोलमज्जोषणोशीरकेसरं शीतवारिणा । पीतं मूर्च्छां जयेल्लीढा कृष्णां वा मधुसंयुताम् ॥ शीतेन तोयेन बिसं मृणालं कृष्णां च पथ्यां मधुनावलिह्यात् । कुर्याच्च नासावदनावरोधं क्षीरं पिबेद्वाप्यथ मानुषीणाम् ॥ द्राक्षा सिता दाडिमलाजवन्ति कह्लारनीलोत्पलपद्मवन्ति । पिबेत्कषायाणि च शीतलानि पित्तज्वरं यानि च यापयन्ति ॥ शिरीषबीजगोमूत्रकृष्णामरिचसैन्धवैः । अञ्जनं स्यात् प्रबोधाय सरसोनशिलावचैः ॥

(अन्यच्च ।) अञ्जनं सम्यगारब्धं मधुसिन्धुशिलोषणैः । प्रमोहद्रोहि भवति भाषितं भिषजां वरैः ॥

शिला मन.शिला । ऊषणं मरिचः ॥

मधूकसारसिन्धूत्थवचोषणकणाः समाः। श्लक्ष्णं पिष्टाम्भसा नस्यं कुर्यात् संज्ञाप्रबोधनम् ॥

रक्तजायां तु मूर्च्छायां हितः शीतक्रियाविधिः । मद्यजायां पिबेन्मद्यं निद्रां सेवेत वा सुखम् ॥ विषजायां विषघ्नानि भेषजानि प्रयोजयेत् ॥

શીતળ જળનાં સેચનો, શીતળ જળના અવગાહનો, ચંદ્રકાંત મણિઓ, મોતીના હારો, કર્પૂરચંદનના લેપો, સાકર સહિત તથા કપૂર સહિત સુગંધી આમળાંના રસ વગેરેનાં પ્રપાનકો, અને પખાના વાયુ, આ ઉપાયો બીજા બધા પ્રકારોની મુર્ચ્છાઓમાં લાભકારક છે, એટલુંજ નહિ, પણ વાયુ અને કફની મુર્ચ્છાઓમા પણ તે કરવા યોગ્ય છે, કેમકે એ મુર્ચ્છાઓમાં પણ પિત્તનુંજ પ્રાધાન્ય હોય છે.

મધુર વર્ગમાં પકાવેલા દૂધો, દાડમના રસ સહિત જાંગલમાસરસો, જવ, રાતા ચોખા, વટાણા, અને મગ સર્વ મૂર્ચ્છાઓમાં હિતકારી છે.

બોરનો ગર્ભ, મરી, વાળો, અને નાગકેશરને વાટી ટાઢા પાણીમા પીવાથી મૂર્ચ્છા મટે છે.

પીપરનુ ચૂર્ણ મધમા ચાટવાથી મૂર્ચ્છા મટે છે.

કમળનુ બિસ તથા મૃણાલ, પીપર, અને હરડેને વાટી મધમાં ચાટવાથી મૂર્ચ્છા મટે છે.

નાક તથા મુખના શ્વાસને રોકવાથી પણ મૂર્ચ્છા મટે છે.

સ્ત્રીઓનુ ધાવણ પીવાથી મુર્ચ્છા મટે છે

દ્રાક્ષ, સાકર દાડમ, ચોખાની ધાણી, દહિની તર, નીલકમળ, અને શ્વેત કમળ,

અને શ્વેત કમળના શીતળ કરેલા કવાથો, તથા પિત્તજ્વર મટાડનારા કવાથો પીવા.

સરસડિયાનાં બીજ, પીપર, મરી, સૈંધવ, લસણ, મણશીળ, અને વજને ગોમૂત્રમાં વાટીને નેત્રમા આંજવાથી જાગ્રતપણું પ્રાપ્ત થાય છે.

મધ, સૈંધવ, મણશીલ, અને મરી સારી રીતે આંજવાથી મૂર્છાનો મોહ મટી જાય છે, એમ ઉત્તમ વૈદ્યોએ કહેલું છે.

મહુડાંનો સાર, સૈંધવ, વજ, મરી અને પીપર સમભાગે પાણીમાં વાટીને તેનું નસ્ય લેવાથી ભાન આવે છે.

રક્તની મૂર્છાની ચિકિત્સા.

રક્તની મૂર્છામા શીતળ ઉપચારો કરવા; મદ્યથી મૂર્છા હોય તો બીજું મદ્ય પાવું, અથવા નિદ્રા કરાવી દેવી, અને વિષની મૂર્છા હોયતો વિષહર ઔષધો દેવ !

સંન્યાસની ચિકિત્સા.

प्रभूतदोषस्तमसोऽतिरेकात्सम्मूर्छितो नैव विबुध्यते यः । संन्यस्तसंज्ञः स हि दुश्चिकित्स्यो नरो भिषग्भिः परिकीर्तितोऽसौ ॥ अञ्जनान्यवपीडाश्च धूमाः प्रधमनानि च । सूचीभिस्तोदनं शस्तं दाहपीडा नखान्तरे ॥ लुञ्चनं केशलोम्नां च दन्तैर्दंशनमेव च । आत्मगुप्तावघर्षश्च हितस्तस्य प्रबोधने ॥

अवपीडः कल्कीकृतौषधरसस्य नासापुटे दानम् । प्रधमनं औषधचूर्णस्य द्विमुख्या नालिकया मुखवातेन नासापुटे दानं । तस्य सन्यस्तस्य ॥

ઘણા દોષોવાળો માણસ અત્યંત તમોગુણને લીધે મૂર્છીત થઇને પાછો પોતાની મેળે જાગ્રત ન થાય, તેને સંન્યાસ રોગ છે, એમ વૈદ્યો કહે છે, અને તે કષ્ટસાધ્ય છે. તેને અંજનો આંજવાં, કલ્કોનાં નસ્યો દેવાં, ધુમાડા દેવા, બે મુખની નળીમાં ઔષધનુ ચૂર્ણ ભરીને એક છેડેથી ફુક મારીને ચૂર્ણ નાકમાં ચઢાવી દેવું, શરીરમાં સોઇઓ ઘોચવી, નખ મધ્યે દાહ કરવો, કેશ તથા રૂંવાડા તોડવાં, દાંતથી બટકાંઓ ભરવાં, શરીરપર કૌચાં ઘસવાં, આ ઉપાયોથી તેને ભાન આવે છે.

મૂર્છા ઉપર રસો.

कणामधुयुतं सूतं मूर्च्छायां प्राशयेद्भिषक् । शीतसेकावगाहादीन् सर्वाङ्गे पीडनं हठात् ॥ सूत मारितम ॥

ताम्रचूर्णसमोशीरं केशरं शीतवारिणा । पीतं मूर्च्छां द्रुतं हन्याद् वृक्षमिन्द्राशनिर्यथा ॥

ताम्रचूर्णं मारितताम्रचूर्णम् ॥

વૈદ્યે મૂર્છા મટાડવાને પીપર અને મધ સાથેમારેલો પારો ચટાડવો. શીતળ સેચનો, અવગાહનો કરવાં, અને હઠથી સર્વ અંગો ચોળવાં.

તામ્રભસ્મ, વાળો, અને નાગકેશર સમભાગે ટાઢા પાણીમાં પીવાથી. વીજળીથી વૃક્ષની પેઠે મૂર્છા તુરત હણાઇ જાય છે.

ભ્રમની ચિકિત્સા.

पिबेद्दुरालभाक्वाथं सघृतं भ्रमशान्तये । पथ्याक्वाथेन संसिद्धं घृतं धात्रीरसेन वा ॥ शुण्ठीकृष्णाशतावरीनां साभयानां पलं पलम् । गुडस्य षट्पलान्येषा गुटिका भ्रमनाशिनी ॥ ताम्रं दुरालभाक्वाथैः पीतं तु घृतसंयुतम् । निवारयेद्भ्रमं शीघ्रं तथया सम्यग्भीषितम् ॥

રાતા ધમાસાનો કવાથ ઘી નાંખીને પીવાથી ભ્રમ મટે છે.

હરડેનો કવાથ અથવા આમળાંના રસથી પકાવેલ ઘી પીવાથી ભ્રમ મટે છે.

ચાર ચાર તોલા સૂંઠ, પીપર, સૂવા, અને હરડેની ૨૪ તોલા ગોળમાં ગોળી કરીને ખાવાથી ભ્રમ મટી જાય છે.

તામ્રભસ્મ ઘીમાં કાલવી રાતા ધમાસાના કવાથ સાથે પીવાથી ભ્રમ તુરત મટે છે, એમ મહાદેવજીએ કહેલું છે.

તંદ્રા તથા ઘણી નિદ્રાની ચિકિત્સા.

तुरङ्गलालालवणोत्तमेन्दुमनः शिलामागधिकामधूनि । नियोज्य तान्यक्षिण विनिश्चितानि तन्द्रां सनिद्रां विनिवारयन्ति ॥

इन्दु कर्पूर ॥

सैन्धवं श्वेतमरिचं सर्षपाः कुष्ठमेव च । वस्तमूत्रेण सम्पिष्टं नस्यं तन्द्रानिवारणम् ॥

श्वेतमरिच शिग्रुबीजम् ।

शुण्ठीकणोग्रालवणोत्तमानि नस्येन तन्द्राविजयोल्बणानि । क्षुद्रामृतापौष्करनागराणि भार्गीशिवाख्या कथितानि पानात् ।

शिवा हरीतकी । इति मूर्च्छाभ्रमनिद्रातन्द्रासंन्यासाधिकार ॥

ઘોડાની લાળ, સૈંધવ, કપૂર, મણશીલ, પીપર, અને મધ આંખમાં આંજવાથી તંદ્રા અને નિદ્રા મટી જાય છે,

સૈંધવ, સરગવાનાં બીજ, સર્ષપ, અને કઠને બકરાંના મૂત્રમાં વાટીને તેનુ નસ્ય દેવાથી તંદ્રા મટી જાય છે.

સૂંઠ, પીપર, વજ, અને સૈંધવનું નસ્ય અવશ્ય તંદ્રા મટાડે છે.

ભોરીંગણી, કઠ, ગળો, સૂંઠ, ભારંગી, અને હરડેનો કવાથ પીવાથી તંદ્રા મટી જાય છે.

મદાત્યયનો અધિકાર.

મદ્યનો સ્વભાવ.

मद्यं स्वभावतः प्राज्ञैर्यथैवान्नं तथा स्मृतम् । अयुक्तियुक्तं रोगाय युक्तियुक्तं रसायनम् ॥

બુદ્ધિમાનોએ કહેલું છે કે સ્વાભાવિક રીતે મદ્ય અન્ન સમાન છે. યુક્તિ વગર વાપરવાથી રોગ થાય છે, યુક્તિથી વપરાય તો રસાયન રૂપ છે.

મદ્યનો મહિમા.

प्राणाः प्राणभृतामन्नं तदयुक्त्या निहन्त्यसून् । विषं प्राणहरं तच्च युक्तियुक्तं रसायनम् ॥ विधिना मात्रया काले हितैरन्नैर्यथाबलम् । प्रहृष्टो यः पिबेन्मद्यं तस्य स्यादमृतं तथा ॥

પ્રાણીઓના પ્રાણ રૂપ અન્ન છે, પણ તેનો ઉપયોગ અયોગ્ય રીતે થાય તો તે પ્રાણ હરે છે, ઝેર પણ પ્રાણહાર છે છતાં યોગ્યતાથી વપરાય તો રસાયન રૂપ છે; તેમ વિધિ વડે યોગ્ય માત્રાથી સમયસર હિતકારી અન્નોની સાથે હર્ષથી મદ્ય પીવામાં આવે તો તે અમૃત રૂપ થાય છે.

મદ્યપાનનો વિધિ.

कृतशारीरसंस्कारः शुचिरुत्तमगन्धवान् । उद्दामगन्धिभिः स्फीतैर्मृदुभिर्वसनैर्वृतः ॥

विचित्रविविधस्रग्वी रत्नाभरणभूषितः ।
सानन्दः सावधानश्च पिबेन्मद्यं शनैः शनैः॥

શરીરને શુદ્ધ કરીને, પવિત્ર બનીને, ઉત્તમ સુગંધો ધારણ કરીને, સુગંધી સારાં વસ્ત્રો પહેરીને, વિચિત્ર સુંદર માળાઓ તથા રાતાં આભરણો પ્હેરીને, આનંદી બનીને સાવધાનીથી ધીરે ધીરે મદ્ય પીવું.

મદ્યપાનનું સ્થળ.

उपवनेषु सुरभिसुरक्तसुमनः समूहमनोहरेषु मञ्जुगुञ्जन्मधुकरनिकरेषु कूजत्कलकण्ठेषु सुरभिशिशिरमधुरसमीरेषु मंदिरेषु सुधाशुभ्रेषु सुधूपधूपितेषु सूपधानेषु संस्तीर्णविहितेषु शयनासनेषु । उपविष्टोऽथवा तिर्यक् भृशं हृष्टः सुरां पिबेत् ॥
सौवर्णै राजतैः पात्रैः पिबेन्मणिमयैरपि ॥
रूपयौवनमत्ताभिर्वल्लभाभिर्विशेषतः । वस्त्राभरणमाल्यैश्च भूषिताभिर्यथर्तुकैः ॥
दीयमानं मृगाक्षीभिः पिबेन्मद्यं मुदान्वितः॥

ઉત્તમ રંગોવાળાં સુગંધી પુષ્પોનો મનહરણ કરનાર સમૂહ હોય, ભ્રમરોનું ટોળું મધુર ગુંજારવ કરતું હોય, કોયલ ટહુકા કરતી હોય, અને સુગંધી અને શીતળ મધુર વાયુ વાતો હોય, એવા બગીચામાં, કળીચૂનાથી ધોળા કરેલા, મધુર વાયુ તથા ધુપોથી સુગંધિત કરેલા બંગલામાં સારાં ઓશીકાંઓ સહિત સારી રીતે બિછાવેલા પલંગો ઉપર અથવા આસનો ઉપર બેસીને કે આડે પડખે થઇને બહુજ આનંદથી મદિરાપાન કરવું. રૂપ તથા યૌવનથી મત્ત થયેલી, બહુજ પ્યારી, ઋતુઓનું અનુસરતાં વસ્ત્રો પ્હેરેલી, આભરણો અને પુષ્પોથી શણગારેલી, અને હરણના જેવાં નેત્રોવાળી સ્ત્રીઓએ સોનાં, રૂપાં, કે રત્નના પ્યાલામાં ભરીને મદ્ય વારંવાર આપવું, અને પુરૂષે તેનું પાન પ્રીતિથી કરવું.

મદ્યની માત્રા.

मात्रयेति । मात्रा तन्त्रान्तरे कथिता ॥

शुद्धकायः पिबेन्मद्यं सोपदंशं पलद्वयम् ।
मध्याह्ने द्विगुणं तच्च सुस्निग्धं भक्षयेदनु ॥
प्रदोषेऽष्टपलं तद्वन्मात्रा मद्यरसायने । अनेन विधिना सेव्यं मद्यं नित्यमतन्द्रितैः ॥

शुद्धकायः उत्सृष्टमलमूत्रः । पलद्वयं पारिशेष्यात् पूर्वाह्णे बोद्धव्यम् ॥ अतन्द्रितैः मात्रया सावधानैः । अन्ये त्वाहुः ॥

बुद्ध्यादयो गुणा यावदुल्लसन्ति निरत्ययाः । मात्रेयं विहिता मद्यपाने न्यारोगजन्मने ॥

શુદ્ધ કરેલા શરીરવાળાએ બપોર પહેલાં અથાણું સાથે આઠ તોલા મદ્ય પીવું, મધ્યાન્હે સોળ તોલા પીવું તથા તે પછી સ્નિગ્ધ ભોજન કરવું, અને સાયંકાળે તે બત્રીસ તોલા પીવું. મદિરાની આ માત્રાઓ રસાયન રૂપ છે, માટે તેમાં ભૂલ નહિ કરતાં પુરૂષોએ નિત્ય એ વિધિથી પીવી.

બીજા ગ્રંથોમાં કહ્યું છે કે—"જ્યાં સૂધી બુદ્ધિ આદિક ગુણો અબાધિત રીતે પ્રફુલ્લિત રહે ત્યાં સૂધીની માત્રા પીવી. તે ઉપરાંત પીવાથી રોગ થાય છે."

મદ્યપાનનો કાળ તથા પ્રકાર.

काल इति यस्मिन् काले यादृशं मद्यमुचितं तस्मिंस्तादृशं पेयम् ॥

ग्रीष्मे मद्यं हिमं स्वादु माध्वीकादिसुखप्रदम् ॥ प्रशस्यते हि शीते उष्णतीक्ष्णं गौडिकपैष्टिकादि ॥

જે મદ્ય જે કાળમાં યોગ્ય હોય તે પીવું. ગ્રીષ્મમાં શીતળ અને મધુર માધવી નામનુ મદ્ય પીવું, અને શીતકાળમાં ઉષ્ણુ અને તીક્ષ્ણુ ગૌડિક નામનુ તથા પૈષ્ટિક નામનુ મદ્ય હિતકારી ગણાય છે.

હિતકારી અન્નો.

मद्यानुकूलैर्विविधैः फलैर्वर्णमनोहरैः । सुगन्धैर्लवणैर्हृद्यैर्भृष्टैर्मांसैः पृथग्विधैः ॥ स्निग्धैरन्नैश्च भक्ष्यैश्च सह मद्यं पिबेन्नरः ॥

अन्नै सिद्धैरोदनपर्पटकादिभि । भक्ष्यैः लड्डुकफेनिकादिभिः ॥

अभ्यङ्गोत्सादनस्नानवासोधूपानुलेपनैः। स्निग्धोष्णैस्तादृशैरन्नैर्वातप्रकृतिकः पिबेत् ॥ शीतोपचारैर्विविधैर्मधुरस्निग्धशीतलैः । फलैरन्नैः सह नर पित्तप्रकृतिकः पिबेत् ॥ श्लेष्मिको जाङ्गलैर्मांसैर्मरिचैर्मदिरां पिबेत् ॥

મદ્યને અનુકુળ પડે એવાં અને વિવિધ વર્ણોથી મન હરણુ કરે એવા ફળો સહિત સુગંધી અને પ્રિય લવણાદિક સાથે જુદી જુદી રીતે સેકેલાં માંસો, ભાત, પાપડ, સ્નિગ્ધ અન્નો, લાડુ, સૂત્રફેણી, વગેરેની સાથે મદ્યપાન કરવું. વાયુની પ્રકૃતિવાળાએ સ્નિગ્ધ તથા ઉષ્ણુ અભ્યંગો, ચૂર્ણાદિના અંગ લેપો, સ્નાન, વસ્ત્ર, ધૂપ, વગેરે ઉપચારો કરીને ઉપર લખેલા અન્નોની સાથે મદિરા પીવી, પિત્તવાળાએ અનેક પ્રકારના શીતોપચારો કરીને મધુર, સ્નિગ્ધ, અને શીતળ ફળો, અને અન્નો સહિત મદિરા પીવી, અને કફ પ્રકૃતિવાળાએ જંગલી પ્રાણીઓનાં માંસો તથા મરી સાથે મદ્ય પીવુ.

મદ્યની યોગ્યતા.

प्राक् पिबेत् श्लेष्मिको मद्यं भक्तस्योपरि पैत्तिकः ॥ वातिकस्तु पिबेन्मध्ये समदोषो यथेक्षते । वातिकस्तु पिबेन्मद्यं प्रायो गौडिकपैष्टिकम् ॥ कफपित्तात्मको यस्तु माध्वीकं माधव पिबेत् । विधिर्वसुमतामेष कथितश्चरकादिभिः ॥ यथोपपत्तिकं वापि पिबेन्मद्यं हि मात्रया ॥

કફવાળાએ જમ્યા પેહેલાં, પિત્ત વાળાએ જમ્યા પછી, વાયુવાળાએ ભોજનની મધ્યમાં, અને સમાન દોષોવાળાએ રૂચિ માફક મદ્ય પીવું.

ઘણુ કરીને વાયુવાળાએ ગોળ અને લોટનું, અને કફ તથા પિત્તવાળાએ સાકર વગેરે મીઠા પદાર્થોનુ મદ્ય પીવું આ પ્રકાર ધનવાન લોકોને માટે છે, નિર્ધન માણુસે તો જેવું મળે તેવું પીવુ.

મદ્યના ગુણો.

रसवातादिमार्गाणां सत्वबुद्धीन्द्रियात्मनाम्। प्रधानस्यौजसश्चैव हृदयं स्थानमुच्यते ॥ मद्य हृदयमाविश्य स्वगुणैरोजसो गुणान् । दशभिर्दशसंक्षोभ्य चेतो नयति विक्रियाम् ॥ लघूष्णतीक्ष्णसूक्ष्माम्लव्यवायाशुकरं तथा । रूक्षं विकाशि विशदं मद्यं दशगुणं स्मृतम् । गुरु शीतं मृदु स्निग्धं सान्द्रं स्वादु स्थिरं तथा । प्रसन्नं पिच्छिलं सूक्ष्ममोजो दशगुणं स्मृतम् ॥ गौरवं लाघवाच्छैत्यमौष्ण्यादम्लस्वभावतः । माधुर्यमार्दवं तैक्ष्ण्यात् प्रसादं चाशुभावनात् ॥ रौक्ष्यात् स्नेहं व्यवायित्वात् स्थिरत्वं सूक्ष्मतामपि ।

विकाशिभावात्पैच्छिल्यं वैशद्यात्सान्द्रतां तथा ॥ सौक्ष्म्यान्मद्यं निहन्त्येवमोजसः स्वगुणैर्गुणान् । सत्वं तदाश्रयं चाशु संक्षोभ्य कुरुते मदम् ॥ हृदि मद्यगुणो विष्टो हर्षस्तर्षो रतिः सुखम् । विकाराश्च यथा सत्वं चित्रा राजसतामसाः ॥ जायन्ते मोहनिद्रान्ता इत्येतन्मदलक्षणम् । हर्षमोजो बलं पुष्टिमारोग्य पौरुषं तथा ॥ युक्त्या पीतं करोत्याशु मद्यं मदसुखप्रदम् । रोचनं दीपनं हृद्यं स्वरवर्णप्रसादनम् ॥ प्रीणनं बृंहणं बल्यं भयशोकश्रमापहम् । स्वापनं नष्टनिद्राणां मूकानां वाग्विशोधनम् ॥ नाशनं चातिनिद्राणां विबद्धानां विबन्धनुत् । वधबन्धपरिक्लेशदुःखानां चाप्यबोधकम् ॥ अपि प्रवयसां मद्यमुत्सर्गान्मोदकारकम् । बहुदुःखक्षतस्यास्य शोकैरुपहतस्य च ॥ विश्रामो जीवलोकस्य मद्यं युक्त्या निषेवितम् ॥

રસ તથા વાયુ વગેરેના માર્ગો, બુદ્ધિ, ઇંદ્રિયો, અહંકાર, અને શરીરમાં પ્રાધાન્ય ધરાવનાર ઓજનું મૂળ સ્થાન હૃદય છે. હૃદયમાં જઈને પોતાના દશ ગુણો વડે મદ્ય ઓજના દશ ગુણોને ક્ષોભ પમાડીને ચિત્તને વિકૃત કરે છે. મદ્ય હલકુ, ગરમ, તીક્ષ્ણ, સૂક્ષ્મ, ખાટું, સર્વ શરીરમાં વ્યાપી જનારૂં, પછી પચનારૂ, ઝડપવાળુ, રૂક્ષ, સાંધાનાં બંધનોને શિથિલ કરનારૂં, અને ભીનાશને મટાડનારૂ, એ રીતે દશ ગુણોવાળું છે. ઓજ ભારે, શીતળ, કોમળ, સ્નિગ્ધ, ઘાટું, મધુર, સ્થિર, પ્રસન્ન, ચીકણું, અને સૂક્ષ્મ, એ દશગુણોવાળું છે. મદ્ય હલકું છે તેથી ઓજના ભારેપણાને, ગરમ હોવાથી શીતળતાને, તીક્ષ્ણ હોવાથી કોમળતાને, સુક્ષ્મ હોવાથી ઘાટાપણાને, ખાટું હોવાથી મધુરતાને, ઝડપવાળું હોવાથી પ્રસન્નતાને, રૂક્ષ હોવાથી સ્નિગ્ધતાને, પ્રથમ શરીરમા વ્યાપીને પછી પાકનારૂ હોવાથી સ્થિરતાને, સાંધાને શિથિલ કરનાર હોવાથી સૂક્ષ્મતાને, અને આર્દ્રતા મટાડનારૂં હોવાથી મદ્ય ઓજની ચીકાશને હણી નાખે છે, એ રીતે મદ્ય પોતાના દશ ગુણોથી ઓજના દશ ગુણોને ક્ષોભ પમાડનારૂ છે. એ રીતે ઓજના ગુણોને, ચિત્તને અને ચિત્તના સ્થાનને પણ ક્ષોભ પમાડીને તે મદ્ય મદ ઉત્પન્ન કરે છે મદ્યના ગુણોથી હૃદય ઘેરાઇ જવાથી હર્ષ, તૃષા, રૂચિ, સુખ, અને પ્રકૃતિને અનુસરીને મોહથી નિદ્રા સુધીના રજોગુણ તથા તમો ગુણના વિચિત્ર વિકારો કરે છે. મદ્યનુ આ સ્વરૂપ છે. મદ આપનાર મદ્ય જો યુક્તિથી પીવાયતો તુરતજ હર્ષ, ઓજ, બળ, પુષ્ટિ, આરોગ્ય, અને પુરૂષાતન આપે છે. તે રૂચિ ઉપજાવે છે, અગ્નિને દીપ્ત કરે છે, હૃદયને પ્રિય લાગે છે, સ્વર તથા વર્ણ સુધારે છે, તૃપ્તિ આપે છે, ધાતુઓને પુષ્ટ કરીને બળ વધારે છે, ભય તથા શોક અને શ્રમને મટાડે છે. નિદ્રા ન આવતી હોય તેને નિદ્રા લાવે છે, મૂંગાની વાણી સુધારે છે, અત્યંત નિદ્રાનો નાશ કરે છે, મળબંધ મટાડે છે, અને દુઃખોની ખબર પડવા દેતું નથી. તે સ્વાભાવિક રીતે વૃદ્ધોને પણ આનંદ આપે છે, અને બહુ બહુ દુઃખોથી ઘવાયેલા તથા શોકથી પીડાતા એવા આ જીવલોકને તે વિશ્રામ આપનારૂં છે.

સાત્વિક મદનાં લક્ષણો.

बुद्धिस्मृतिप्रीतिकरः सुखश्च पानान्नानि·

द्वारतिवर्धनश्च । सम्पाठगीत स्वरवर्धनश्च प्रोक्तोऽतिरम्यः प्रथमो मदो हि ॥

प्रीति परेण मैत्री । सुख सुखयतीति सुखः सुखकर इत्यर्थ. । पानेत्यादि पानादिष्वनुषङ्गवर्धनः अतिरम्यः मनोविकारित्वेऽपि न दु.खकरः प्रथम-गुणविकारित्वात् प्रथम. एव द्वितीयस्तृतीयश्च ॥

પહેલા પ્રકારનો મદસત્વ ગુણી છે, તે મદ બુદ્ધિ, સ્મૃતિ, તથા બીજા ઉપરની પ્રીતિ આપે છે. સુખ, અન્નપાન, અને નિદ્રાની ઇચ્છા કરે છે, ભણવામાં તથા ગાયનમાં સ્વરને વધારે છે, અને મનને વિકૃત કરતો છતા દુઃખદાયી થતો નથી

રાજસ મદનાં લક્ષણો.

अव्यक्तबुद्धिस्मृतिवाग्विचेष्टः सोन्मत्तलीलाकृतिरप्रशान्तः । आलस्यनिद्राभिहतो मुहुश्च मध्येन मत्तः पुरुषो मदेन ॥

अव्यक्तेत्यत्र ईषदर्थे नञ् । विचेष्टः विरुद्धचेष्टः उन्मत्तस्य लीलाकृतिभ्या सहितः ॥

રાજસ મદવાળો વિરૂદ્ધ ચેષ્ટાઓ કરે છે, ઉન્મત્તના જેવી રમતો કરે છે, આકાર પણ ઉન્મત્ત જેવો થઈ જાય છે, વારવાર આળસ તથા નિદ્રાથી ઘેરાય છે. તેની બુદ્ધિ, સ્મૃતિ, અને વચનો બરોબર સ્પષ્ટ હોતાં નથી.

તામસ મદનાં લક્ષણો.

गच्छेदगम्यां न गुरूंश्च मन्येत् खादेदभक्ष्याणि च नष्टसंज्ञः । ब्रूयाच्च गुह्यानि हृदि स्थितानि मदे तृतीये पुरुषोऽस्वतन्त्रः॥

मन्येदिति परस्मैपदमार्षत्वात् । अस्वतन्त्र· मदपरवशः ॥

ત્રીજા પ્રકારના મદવાળો પરવશ થઈ જાય છે, ગમન નહિ કરવા યોગ્ય સ્ત્રીમાં ગમન કરે છે, માતા પિતાદિક ગુરૂઓને માનતો નથી, અભક્ષ્ય ભક્ષણ કરે છે, ભાન ભૂલી જાય છે, અને છાની વાતો પ્રસિદ્ધ કરી દે છે

આત તામસ મદનાં લક્ષણો.

चतुर्थे तु मदे मूढो भग्नदार्विव निष्क्रियः । कार्याकार्यविभागाज्ञो मृतादपि परो मृतः ॥ मूढो मोहयुक्तः ॥

को मदं तादृशं गच्छेदुन्मादमिव चापरम् । बहुदोषमिवामूढः कान्तारं स्ववशः कृती ॥

अमूढ विचारबहुल· ॥

ચોથા પ્રકારના મદવાળો મોહ પામે છે, ભાંગેલા કાષ્ટ જેવો ક્રિયા વગરનો થઈ જાય છે, મુડદા કરતાં પણ વિશેષ નકામો થઈ જાય છે, અને તેને કાર્યાકાર્યની ખબર રહેતી નથી. આ ચોથા પ્રકારનો મદ બીજા ઉન્માદ જેવો જ છે. તેને વિચારશીળ, સ્વતંત્ર, અને વિચક્ષણ પુરુષ કેમજ પ્રાપ્ત થાય ? (આ ચોથો મદ સુશ્રુતે કહેલો છે.)

મદ થવાની યોગ્યાયોગ્યતા.

नातिमाद्यन्ति बलिनः कृताहारा महाशनाः । स्निग्धाः सत्ववयोयुक्ता मद्यनित्यास्तदन्वयाः मेदः कफाधिकामन्दवातपित्ता दृढाग्नयः । विपर्ययेऽतिमाद्यन्ति विरूक्षाः कुपिताश्च ये । मद्येन चाम्लरूक्षेण साजीर्णे बहुनापि च ॥

બળવાન, જમેલો, બહુ ખાનાર, સ્નિગ્ધ, ધૈર્યવાળો, જુવાન, નિત્ય મદ્ય પીવાની

ટેવવાળો, મદ્ય પીનારાના કુળમાં જન્મેલો, અધિક મેદ તથા કફવાળો, વાયુ તથા પિત મંદ હોય એવો, અને સારા અગ્નિવાળો, એવા પુરૂષને બહુ મદ થતો નથી; પણ એથી વિપરીત ગુણોવાળા, મળબંધવાળા, કે ક્રોધી હોય, તેને મદ બહુ ચઢે છે. ખાટું કે રૂક્ષ મદ્ય પીવાથી, અજીર્ણમાં મદ્ય પીવાથી, અથવા વધારે મદ્ય પીવાથી પણ બહુ મદ ચઢે છે.

મદાત્યયનાં નિદાનો.

विषस्य ये गुणा दृष्टाः सन्निपातप्रकोपनाः । त एव मद्ये दृश्यन्ते विषे तु बलवत्तराः । तस्मादाविधि पीतेन तथा मात्राधिकेन च । युक्तेन चाहितैरन्नैरकाले सेवितेन च । मद्येन खलु जायन्ते मदात्ययमुखा गदाः ।

ત્રણે દોષોને કોપાવનારા જે ગુણો વિષમાં હોય છે તેજ મદ્યમાં પણ જોવામાં આવે છે, તોપણ મદ્યના કરતાં વિષના ગુણો વધારે બળવાન્ છે મદ્યમાં વિષના જેવાજ, પણ ઓછા ગુણો છે, માટે વિધિ રહિત પીધેલા, અયોગ્ય માત્રાથી પીધેલા, અહિત અન્નોની સાથે પીધેલા, અને અયોગ્ય સમયે પીધેલા મદ્યથી નક્કી મદાત્યયાદિ રોગો થાય છે.

મદ્યથી થતા બીજા વિકારો.

निर्भक्तमेकान्तत एव मद्यं निषेव्यमाणं मनुजेन नित्यम् । उत्पादयेत्कष्टतमान्विकारानुत्पादयेच्चापि शरीरभेदम् ॥

एकान्ततो नैरन्तर्येण विकारान्मदात्ययादीन् । शरीरस्य भेदं नाशम् ॥

અન્ન વગરનું અને હમેશા પીવામાં આવતું મદ્ય મહાદુ ખદ મદાત્યય વગેરે વિકારોને ઉત્પન્ન કરીને શરીરનો પણ નાશ કરી નાંખે છે.

વિકારોનાં કારણો.

क्रुद्धेन भीतेन पिपासितेन शोकाभितप्तेन बुभुक्षितेन । व्यायामभाराध्वपरिक्षतेन वेगावरोधाभिहतेन चापि । अत्यम्लरूक्षावततोदरेणसाजीर्णभुक्तेन तथाऽबलेन । उष्णाभितप्तेन च सेव्यमानं करोति मद्यं विविधान् विकारान् ॥

ક્રોધ કે ભય પામેલ, તૃષાતુર, શોકથી પરિતાપ પામેલ, ભૂખ્યો, કસરત અથવા ભાર કે પંથથી ક્ષત પામેલ, મળોના વેગોને રોકનાર, અતિ ખાટા તથા રૂક્ષ પદાર્થો ખાનાર, અજીર્ણમાં જમનાર, નિર્બળ, અને ગરમીથી તપ્ત થયેલો મદ્ય પીએ તો તેને અનેક પ્રકારના વિકારો ઉત્પન્ન થાય છે.

મદ્યના વિકારો.

पानात्ययं परमदं पानाजीर्णमथापि च । पानविभ्रममत्युग्रं तेषां वक्ष्यामि लक्षणम् ॥

મદ્યથી મદાત્યય, પરમદ, પાનાજીર્ણ, અને અત્યંત ઉગ્ર પાન વિભ્રમ, એ વિકારો ઉત્પન્ન થાય છે, તેનાં લક્ષણો કહીશું.

મદાત્યયનાં સામાન્ય લક્ષણો.

शरीरदुःखं बलवत्प्रमोहो हृदयव्यथा । अरुचिः सततं तृष्णा ज्वरः शीतोष्णलक्षणः । शिरःपार्श्वास्थिसन्धीनां वेदना विद्यते यथा । जायतेऽतिबला जृम्भा स्फुरणं वेपनं श्रमः ॥ उरोविबन्धः कास-

श्च हिक्का श्वासाः प्रजागरः शरीरकम्पः कर्णाक्षिमुखरोगास्त्रिकग्रहः । छर्दिविड्भेद उत्क्लेशो वातपित्तकफात्मकः । भ्रमः प्रलापो रूपाणामसतांचैव दर्शनम् । तृणभस्मलतापर्णपांशुभिश्चावपूरणम् । प्रधर्षणं विहङ्गैश्च भ्रान्तचेताः स मन्यते । व्याकुलानामशस्तानां स्वप्नानां दर्शनानि च । मदात्ययस्य रूपाणि सर्वाण्येतानि लक्षयेत् ॥

શરીરમાં પીડા, બળવાન્ પ્રમેહ, હૃદયમાં વ્યથા, અરૂચિ, તૃષા, જ્વર, શીત તથા ઉષ્ણ જ્વર, માથુ તથા પડખાં અને અસ્થિના સાંધાઓમાં વેદના, બહુ બગાસાં જોરથી આવવાં, સ્ફુરણ, ધ્રુજ, અને શ્રમ લાગે છે. છાતી ભીંસાય છે અને ઉધરસ, હેડકી, શ્વાસ, અનિદ્રા, દેહકંપ, કાન તથા નેત્ર અને મુખના રોગો, બરડો ઝલાઈ જવો, ઉલટી, વિષ્ટા ભેદન, અને વાયુ, પિત તથા કફના ઉછાળા થાય છે. ભ્રમ, બકવા, નઠારાં રૂપોનાં દર્શન, એ થાય છે ખડ, રાખ, લતા, પાંદડા, અને ધુળથી ખરડાતો હોય, તથા પક્ષીઓથી ખેંચાતો હોય, એમ તેને ભ્રાંતિથી જણાય છે વ્યાકુળતાથી અમંગળ સ્વપ્નાં આવે છે. આ સર્વ લક્ષણો મદાત્યય રોગના છે.

વાયુના મદાત્યયનાં નિદાન.

स्त्रीशोकभयभाराध्वकर्मभिर्योऽतिकर्षितः। रूक्षाल्पप्रमिताशी च यः पिबत्यतिमात्रया । रूक्षं परिणतं मद्यं निशि निद्रां निहत्य च । करोति तस्य तच्छीघ्रं वातप्रायं मदात्ययम् । तत् मद्यम् ॥

મૈથુન, શોક, ભય, ભાર, પંથ, કે શ્રમથી કર્ષિત થયેલો અને રૂક્ષ તથા બહુ થોડું જમનારો જો મદ્ય બહુ પીએ છે તો તેને તે મદ્ય પેટમા પરિણામ પામીને રાત્રીની નિદ્રાને હણીને વાયુનો મદાત્યય કરે છે.

વાયુના મદાત્યયનાં લક્ષણો.

हिक्काश्वासशिरःकम्पपार्श्वशूलप्रजागरैः । विद्याद्बहुप्रलापस्य वातप्रायं मदात्ययम् ॥

હેડકી, શ્વાસ, માથાનો કંપ, પડખાનું શૂળ, અનિદ્રા, અત્યંત બકવા, એ વાયુના મદાત્યયના લક્ષણો છે.

પિત્તના મદાત્યયનાં નિદાન.

तीक्ष्णोष्णमद्यमम्लं च योऽतिमात्रं निषेवते । अम्लोष्णतीक्ष्णभोजी च क्रोधनोऽज्ञानवानरः । तस्योपजायते तीव्रः पित्तप्रायो मदात्ययः ॥

તીક્ષ્ણ, ઉષ્ણ, અને ખાટા મદ્યનું બહુ સેવન કરનાર જો ખાટા, તીખાં અને તીક્ષ્ણ ભોજનો કરે, તથા ક્રોધી અને અજ્ઞાન હોય, તો તે પુરૂષને તીવ્ર એવો પિત્તનો મદાત્યય થાય છે.

પિત્તના મદાત્યયનાં લક્ષણો.

तृष्णादाहज्वरस्वेदमोहातीसारविभ्रमः । विद्याद्धरितवर्णस्य पित्तप्राय मदात्ययम् ॥

તૃષા, દાહ, જ્વર, પરસેવો, મોહ, અતિસાર, વિભ્રમ, અને લીલો વર્ણ, એ પિત્તના મદાત્યયનાં લક્ષણો છે.

કફના મદાત્યયનાં નિદાન.

मधुरास्निग्धगुर्वाशी यः पिबत्यतिमात्रया । अव्यायामदिवास्वप्नशय्यासनसुखे रतः ॥ मदात्ययं कफप्रायं स नरो लभते ध्रुवम् ॥

મધુર, અસ્નિગ્ધ, અને ભારે ભોજન કરનાર જે વધુ પડતું મદ્ય પીએ છે; અને કસરત કરે નહિ, દિવસે સૂવે, અને સૂઇ બેસી રહેનારને અવશ્ય બહુ કફ વાળો મદાત્યય પ્રાપ્ત થાય છે.

કફના મદાત્યયનાં લક્ષણો.

छर्द्यरोचकहृल्लासतन्द्रास्तैमित्यगौरवैः ।
विद्याच्छीतपरीतस्य कफप्रायं मदात्ययम् ॥

ઉલટી, અરૂચિ, મોળ, તંદ્રા, અંગોમાં ભીનાશ તથા ભારેપણું, અને શીતની વ્યાપ્તિ, એ કફના મદાત્યયના લક્ષણો છે.

ત્રિદોષના મદાત્યયનાં નિદાન તથા લક્ષણ.

त्रिदोषो हेतुभिः सर्वैः सर्वैर्लिङ्गैर्मदात्ययः ।

ઉપર કહેલાં સર્વ નિદાનોથી સર્વ લક્ષણોવાળો મદાત્યય થાય તેને ત્રિદોષનો મદાત્યય જાણવો.

પરમદનું લક્ષણ.

श्लेष्मक्षयोऽङ्गगुरुता विरसास्यता च विण्मूत्रसक्तिरथतन्द्रिररोचकश्च । लिङ्गं परस्य तु मदस्य वदन्ति तज्ज्ञास्तृष्णा रुजा शिरसि सन्धिषु चापि भेदः ॥

तन्द्रिस्तन्द्रा ॥

કફનો ક્ષય, અંગોનું ભારેપણું, મુખમાં વૈરસ્ય, વિષ્ટા તથા મૂત્રનો રોધ, તંદ્રા, અરૂચિ, તરશ, માથામાં તથા સાંધાઓમાં પીડા, એ લક્ષણો વિદ્વાનોએ પરમદનાં કહેલાં છે.

પાનાજીર્ણનાં લક્ષણ.

आध्मानमुग्रमथवोद्गिरणं विदाहः पाने त्वजीर्णमुपगच्छति लक्षणानि ॥ ज्ञेयानि तत्र भिषजा सुविनिश्चितानि पित्तप्रकोपजनितानि च कारणानि ॥ उद्गिरण वान्तिरुद्गारो वा । पीयत इति पानं मद्यम् ॥

મદ્યનું અજીર્ણ થાય તો બહુજ આફરો, વમન, ઓડકાર, બળતરા, તથા પિત્ત પ્રકોપનાં સર્વ લક્ષણો જણાય છે. આમ થાયતો વૈદ્યે પાનાજીર્ણ થયાનું જાણવું.

પાન વિભ્રમનાં લક્ષણ.

हृद्गात्रतोदकफसंस्रवकण्ठधूममूर्च्छावमीमदशिरोरुजनप्रदेहः । द्वेषः सुराविकृतेषु च तेषु तेषु तं पानविभ्रममुशन्त्यखिलेषु धीराः ॥ कण्ठधूमः कण्ठाद्धूमनिर्गम इव प्रदेहः कफेन लिप्तास्यता द्वेषः सुराकृतविकृतेषु च तेषु तेषु सुराविकारेष्वन्नाविकारेषु च द्वेष अखिलेषु मद्यविकारेषु ॥

હૃદય તથા ગાત્રોમાં પીડા, કફનું ઝરવું, કંઠમાં ધૂમાડા જેવું; તથા મૂર્છા, વમન, મદ, અને માથાનું દરદ થાય; મુખમાં કફ તથા મદ્ય અને અન્નના તે તે પ્રકારો ઉપર દ્વેષ થાય, તો જાણવું કે મદ્ય સંબંધી સર્વ વિકારોમાં આ વિકાર પાન વિભ્રમ નામનો છે, એમ વૈદ્યોએ કહેલુ છે.

મદાત્યયની અસાધ્યતા.

हीनोत्तरोष्ठमतिशीतममन्ददाहं तैलप्रभास्यमतिपानहतं त्यजेच्च । जिह्वोष्ठदन्तमसितंन्त्वथवापि नीलं पीते च यस्य नयने रुधिरप्रभे च । हिक्का ज्वरो वमथुवेपथुपार्श्वशूलाः कासभ्रमावपि च पानहतं त्यजेत्तम् ॥

ઉપલો હોઠ ટુંકો હોય, અત્યંત શીત થતું હોય, દાહ બહુ થતો હોય, અને મોઢું

તેલ જેવા વર્ણનું થઇ ગયું હોય, તેની વૈદ્યે ચિકિત્સા કરવી નહિ. જીભ, હોઠ, અને દાંત કાળાં અથવા લીલા થઇ ગયાં હોય, નેત્રો પીળાં કે લોહી જેવા વર્ણનાં થઇ ગયાં હોય, અને હેડકી, જ્વર, વમન, કંપ, પડખામાં શૂળ, ઉધરસ, તથા ભ્રમ થયેલ હોય, તેની વૈદ્યે ચિકિત્સા કરવી નહિ.

મદાત્યયાદિની ચિકિત્સા.

मद्योत्थानाञ्च रोगाणां मद्यमेव हि भेषजम् । यथा दहनदग्धानां दहनं स्वेदनं हितम् । मिथ्यातिहीनमद्येन यो व्याधिरुपजायते । समेनैव निपीतेन मद्येन स हि शाम्यति । बीजपूरकवृक्षाम्लकोलदाडिमसंयुतम् । यवानीहवुषाजाजीशृङ्गवेरावचूर्णितम् । सस्नेहैःशक्तुभिर्युक्तमुपदंशैश्चिरोत्थितम् । दद्यात्सलवणं मद्यं वातपैत्तिकशान्तये । मद्यं सौवर्चलव्योषयुक्तं किञ्चिज्जलान्वितम् । जीर्णमद्याय दातव्यं वाव्यं वातपानात्ययापहम् । चव्यं सोवर्चलं हिङ्गपूरकं विश्वदीपकम् । चूर्णं मद्येन पातव्यं पानात्ययरुजापहम् । लावतित्तिरदक्षाणां रसैश्च शिखिनामपि । पक्षिणां मृगमत्स्यानामानूपानां तथौदनैः । स्निग्धोष्णलवणाम्लैश्च वेसवारैर्मुखप्रियैः । स्निग्धैर्गोधूमकैरन्नैर्वातप्रायमदात्ययम् । नारीणां यौवनोष्माणां निर्दयैरुपगूहनैः । श्रोण्यूरुकुचभारैश्च संरोधोष्णसुखप्रदैः । शयनाच्छादनैरुष्णैश्चान्तर्गेहैः सुखप्रदैः । मारुतैः प्रबलैः शीघ्रं प्रशाम्यति मदात्ययः । पित्तपानात्यये योज्याः सर्वशश्च क्रिया हिमाः । सितामाक्षिकसंयुक्तं मद्यमर्षोदकं पिबेत् । मद्यं खर्जूरमृद्वीकापरूषकरसैर्युतम् । सदाडिमरसं शीतं शक्तुभिश्चावचूर्णितम् । सशर्करं वा माध्वीकं संयुक्तमथवापरम् । दद्याद् बहूदकं काले पातुं पित्तमदात्यये । शशान कपिञ्जलानेणाल्लावानसितपुच्छकान् । मधुराम्लान् प्रयुञ्जीत भोजने शालिषष्टिकान् । पटोलयूषमिश्रं वा छागलं कल्पयेद्रसम् । सतीनमुद्गमिश्रं वा दाडिमामलकान्वितम् । द्राक्षामलकखर्जूरपरूषकरसेन च । कल्पयेत्तर्पणान् यूषान् रसांश्च विविधात्मिकान् । शीतानि चान्नपानानि शीतशय्यासनानि च । शीतवातजलस्पर्शाः शीतान्युपवनानि च । क्षौमपद्मोत्पलानाञ्च मणीनां मौक्तिकस्य च । चन्दनोदकशीतानां स्पर्शाश्चन्द्रांशुशीतलाः । रूक्षतर्पणसंयुक्तं यवानीव्योषसंयुतम् । यवगोधूमकश्चान्नं रूक्षयूषेण भोजयेत् । कुलत्थकानां शुष्काणां मूलकानां रसेन वा । प्रभूतकटुसंयुक्तं यवान्नं वा प्रदापयेत् । छागमांसरसं रूक्षमम्लं वा जाङ्गलं रसम् । व्योषयूषमनागम्ल पिबेत् कफमदात्यये । स्थाल्यामथ कपाले वा भृष्टं कृत्वा तु नीरसम् । कट्वम्ललवणं मांसं खादेत् कफमदात्यये । वामकद्रव्ययुक्तेन मद्येनोल्लेखनं मतम् । मदात्यये कफोद्भूते लङ्घनञ्च यथाबलम् । यदिदं कर्म निर्दिष्टं वातपित्तकफान् प्रति । सर्वजे सर्वमेवेदं प्रयोक्तव्यं चिकित्सकैः ॥

જેવી રીતે અગ્નિના ઉપાયમાં દાભ

તથા સ્વેદન હિતકર છે, તેવી રીતે મદ્યથી થયેલા રોગોમાં મદ્યજ ઔષધ રૂપ છે. મિથ્યા, અત્યંત, અને ઓછુ મદ્ય પાન કરવાથી જે વ્યાધિ થાય છે, તે મદ્ય પાન સમતાથી કરવાથીજ શમન પામે છે.

લવણુ, બીજોરૂં, કોકમ, બોર, દાડમ, અજમો, પલાશી, જીરૂં, અને સૂંઠનુ ચૂર્ણુ નાંખીને જુનુ મદ્ય સ્નેહવાળા સાથવા સાથે અને અથાણુા સાથે પીવાથી વાયુ તથા પિત્તના મદ્ય રોગો મટે છે.

પ્રથમ પીધેલ મદ્ય જીર્ણુ થયા પછી સચળ, સૂઠ, મરી, પીપર અને પાણી નાંખેલ મદ્ય પાછું પાવાથી વાયુનો મદ મટી જાય છે.

ચવક, સંચળ, હિંગ, બીજોરૂં, સૂંઠ, અને અજમાનું ચૂર્ણુ નાંખીને મદ્ય પીવાથી મહાત્યય મટી જાય છે.

લાવાં, તેતર, કુકડા, મોર, જળમય દેશોના મૃગો, અને માછલાંનાં માંસ રસોમાં ભાત તથા સ્નિગ્ધ, ઉષ્ણુ, ખારા, ખાટા, અને મુખને પ્રિય લાગે એવા મશાલાઓ નાંખીને, સ્નિગ્ધ ઘઉંનાં અન્નો ખાવાથી વાયુની પ્રબળતાવાળો મહાત્યય તુરત શાંત થાય છે.

જુવાનીની ગરમી વાળી સ્ત્રીઓનાં નિર્દય આલિંગનો, દબાણુથી સુખ આપનારા નિતબ, સાથળ તથા સ્તનો; ગરમ શય્યાઓ, ગરમ ઓછાડો, અને સુખ આપનારાં અંદરનાં ઘરોમાં રહેવાથી વાયુની પ્રબળતા વાળો મહાત્યય તુરત શાંત થાય છે.

પિત્તના મહાત્યયમાં સર્વ શીતળ ક્રિયાઓ કરવી

મદ્યમાં અરધો અરધ પાણી નાંખીને તેમાં સાકર અને મધ નાંખીને પીવાથી પિત્તનો મહાત્યય મટી જાય છે.

ખજુર, દ્રાક્ષ, ફાલસા, અને દાડમના રસમાં સાકર તથા સાથવો નાંખી શીતળ કરેલુ માધ્વીક નામનું મદ્ય, અથવા એજ સહિતનું બીજું કોઈ મદ્ય ઝાઝું પાણી નાંખીને સમયસર પીવાથી પિત્તનો મહાત્યય મટી જાય છે.

પિત્તના મહાત્યયમાં સસલાં, તેતર, કાળિયાર, લાવાં, તથા કાલપુચ્છનાં માંસો ખાવાં. મીઠા તથા જુના ચોખા, તથા સાઠી ચોખા ખાવા. પરવળનો યૂષ અથવા વટાણા અને મગ, અથવા દાડમ અને આમળાંના રસ સાથે બકરાના માંસનો રસ ખાવો.

પિત્તના મહાત્યયમાં તૃપ્તિ કરનારા યૂષો, જાત જાતના રસો, શીતળ અન્નપાનો તથા શીતળ શયનો, શીતળ આસનો તથા શીતળ વાયુઓ, શીતળ જળ તથા શીતળ બગીચા અને ચંદ્રનાં કિરણોનો ઉપયોગ કરવો.

કફના મહાત્યયમાં રૂક્ષ તર્પણોવાળું તથા અજમા, સૂંઠ, મરી, પીપર સહિત જવ અને ઘઉંનું અન્ન રૂક્ષ યૂષની સાથે ખાવું, અથવા કળથી કે સૂકા મૂળાના રસ સહિત બહુ તીખાશવાળું જવનું અન્ન ખાવું.

કફના મહાત્યયમાં રૂક્ષ દ્રવ્યો સાથે બકરાના માંસનો રસ, અથવા ખાટો કરેલો જાંગલ પ્રાણીનાં માસોનો રસ, અથવા કંઈક ખાટો ત્રિકટુનો યૂષ પીવો.

માંસને હાંડલીમાં શેકી રસ વગરનું કરી તેમાં તીખા, ખારા, ખાટા પદાર્થો મેળવીને ખાવાથી કફનો મહાત્યય મટે છે.

ઉલટી કરાવનારાં દ્રવ્યો નાંખીને મદ્ય પાઇને કફને ઉખેડવો, તથા બની શકે તેટલી લાંઘણો કરવી, તેથી કફનો મહાત્યય મટે છે.

વાત, પિત્ત, અને કફની જે જે જુદી

જુદી ચિકિત્સાઓ ઉપર કહી, તે સર્વ વૈદ્યોએ સાંનિપાતિક મહાત્યયમાં કરવી.

કોદરાના મદની ચિકિત્સા.

सगुडः कूष्माण्डरसः शमयति मदमाशु कोद्रवजम् । धत्तूरजस दुग्धं सशर्करश्चाशु पानेन । सच्छर्दिमूर्च्छातीसारं मदं पूगफलोद्भवम् । सद्यः प्रशमयेत्पीतमात्रं वारि शीतलम् । वन्यकरीषघ्राणाज्जलपानाल्लवणभक्षणादपि च । शाम्यति पूगफलोद्भवमदः सशूलः सशर्करात्कवलात् । तत्क्षणान्मृदितं चूर्णं समाघ्रातं प्रणाशयेत् । ताम्बूलोत्थं मदं पुंसामेकमेव स्वभावत् । जातीफलमदं शीघ्रं हन्ति पथ्या निषेविता । शीततोयावगाहश्च शर्करा दधियोजिता । विभीतमदशान्त्यर्थमेतदेव मतं पुनः । मद्यं पीत्वा यदि ना तत्क्षणमवलेढि शर्करां सघृताम् । जातु न मदयति मद्यं मनागपि प्रथितवीर्यमपि ॥ इति पानात्ययपरमदपानाजीर्णपानविभ्रमाधिकार ॥

કોદરા ખાવાથી થયેલા મદને ગોળ તથા કોહોળાંનો રસ તુરત શમાવી દેછે. ધંતુરો ખાવાથી થયેલો મદ સાકર નાંખી દૂધ પીવાથી તુરત મટે છે.

સોપારી ખાવાથી થયેલી ઉલટી, મૂર્ચ્છા, તથા અતિસાર સાથેનો મદ તૃપ્તિ પર્યંત ટાઢું પાણી પીવાથી શમે છે. સોપારીથી થયેલો મદ વગડાઉ અડાયા સુંઘવાથી મટે છે. એમ પાણી પીવાથી અને લવણ ખાવાથી પણ મટી જાય છે. સોપારીનો મદ શુળ સહિત હોય તો સાકરવાળો કવલ લેવાથી મટી જાય છે.

નાગરવેલના પાનથી થયેલો મદ ચૂનો ચોળીને સુંઘવાથી મટે છે. ચૂનાનો એવો સ્વભાવજ છે.

હરડેનું સેવન કરવાથી, ટાઢા પાણીમાં બેસવાથી, અથવા દહિં સાકર ખાવાથી, જાયફળનો મદ તુરત હણાઇ જાય છે

જાયફળના મદના ઉપાયજ બેડાંના મદને માટે પણ કરવા.

મદ્ય પીને તુરતજ ઘી અને સાકર ચાટે તો પ્રબળ શક્તિવાળું મદ્ય પણ તેને મત્ત બનાવી શકતું નથીજ.

॥ इति मदात्ययादि अधिकार समाप्त ॥

દાહનો અધિકાર.

પિત્તના દાહ વિષે.

पित्तज्वरसमः पित्तदाहः स्यात्तस्य स क्रमः ॥

दाह उष्मात्मको व्याधि पित्तज्वरसम. पित्तज्वरलक्षणयुक्त पित्तज्वरे त्वामाशयदुष्टाद्दाहो ज्वरोऽधिक इति भेद. । तस्य दाहस्य पित्तज्वरोक्त क्रमश्चिकित्सा ॥

પિત્તજ્વર જેવોજ પિત્તનો દાહ પણ છે, માટે તેઓની ચિકિત્સા એક સરખીજ છે દાહ એ ગરમી રૂપ વ્યાધિ છે. પિત્તજ્વરમાં દુષ્ટ થયેલા આમાશયને લીધે દાહ તથા જ્વર થાય છે, અને આ વ્યાધિમાં એકલો દાહ થાય છે. એટલો એ બેમાં ભેદ છે.

રક્તના દાહ વિષે

कृत्स्नदेहानुगं रक्तमुद्रिक्तं दहति प्रबम् ।

सन्धूप्यते चोष्यते च ताम्राभस्ताम्रलोचनः । लोहगन्धाङ्गवदनो वह्निनेवावकीर्यते ॥

उद्रिक्तम् अतिरक्त सत् दहति दाहाख्यं व्याधिं करोति सन्धूप्यते अग्निना दह्यत इव उष्यते समीपस्थेनेव वह्निना ताप्यते चूष्यत इति पाठान्तरेण आचूषणेनेव पीडामनुभवतीत्यर्थ । वह्निनेवावकीर्यते शरिरोपरि वह्नि प्रक्षिप्यत इव ॥

આખા દેહમા રહેલુ રક્ત વધી જાય તો દાહ કરે છે. તેથી તાપ તથા શરીર ચુસાતું હોય એમ લાગે છે, ત્રાંબા જેવી કાંતિ તથા નેત્રો રાતાં થઈ જાય છે. અને અંગ તથા મોઢું લોઢાના જેવા ગંધવાળું થાય છે.

કોઠામાં રક્ત ભરાવાથી થતા દાહ વિષે.

असृजा पूर्णकोष्ठस्य दाहोऽन्यः स्यात् सुदुस्तरः ॥ असृजा शस्त्रादिक्षतान्ते स्नुतरक्तेन ॥

શસ્ત્રો વિગેરે વાગવાથી કોઠામાં લોહી ભરાઇ જઇને અતિ દુસ્તર દાહ થાય છે, એ ત્રીજા પ્રકારનો દાહ છે.

મદ્યના દાહ વિષે.

त्वचं प्राप्तः सपानोष्मा पित्तरक्ताभिमूर्च्छितः । दाहं प्रकुरुते घोरं पित्तवत्तत्र भेषजम् । सपानोष्मा मद्यपानजनित उष्मा पित्तरक्ताभिमूर्च्छित ॥ पित्तरक्ताभ्यां वर्द्धितः॥

મદ્યની ગરમી ત્વચામાં આવીને પિત્ત અને રક્તથી વધીને ભયંકર દાહ કરેછે, તેની ચિકિત્સા પિત્તના જેવી કરવી.

તરશ અટકાવ્યાથી થતા દાહ વિષે.

तृष्णानिरोधादब्धातौ क्षीणे तेजः समुद्धतम् । सबाह्याभ्यन्तरं देहं प्रदहेन्मन्दचेतसः । संशुष्कगलताल्वोष्ठो जिह्वां निष्कास्य वेपते ॥ अब्धातौ रसे क्षीणे क्षयं प्राप्ते तेजः समुद्धतं वृद्धं मन्दचेतसः अल्पबुद्धेः यतस्तेन तृषानिरोधः कृतः ॥

તૃષા અટકાવવાથી જળમય ધાતુ ક્ષીણ પડીને અગ્નિ વધે છે, તેથી દેહની બહાર તથા અંદર દાહ મંદ બુદ્ધિવાળાને કરે છે. ગળું, તાળવું, હોઠ, અને જીભ સુકાય છે, અને જીભ બહાર કાઢીને તે કંપે છે.

ધાતુક્ષયના દાહ વિષે.

धातुक्षयोत्थो यो दाहस्तेन मूर्च्छातृषान्वितः । क्षामस्वर क्रियाहीनः स सीदेत् भृशपीडितः ॥ सीदेत् म्रियेत ॥

ધાતુક્ષયથી જે દાહ થાય છે તેમા મૂર્ચ્છા, તૃષા, સાદનું બેસવું, અને ક્રિયાઓથી રહિત થાય છે, અને અંતે મરી જાય છે.

મર્મના મારના દાહ વિષે.

मर्माभिघातजोऽप्यस्ति सोऽसाध्यः सप्तमो मतः । मर्माणि शिरोहृदयबस्त्यादीनि ।

સાતમો દાહ મર્મમાં વાગવાથી થાય છે, તે અસાધ્ય છે. મસ્તક, હૃદય, બસ્તિ વગેરે મર્મો છે.

દાહની અસાધ્યતા.

सर्व एव च वर्ज्याः स्युः शीतगात्रस्य देहिनः ॥

જેનાં ગાત્રો ટાઢાં હોય એવા માણસના આ સાતે પ્રકારના દાહો અસાધ્ય છે.

દાહોની ચિકિત્સા.

शतधौतघृताभ्यक्तं लेपं वा यवसक्तुभिः ।

कोलामलकयुक्तैर्वा धान्याऽम्लैरपि बुद्धिमान् ॥ धान्याम्लं काञ्जिकभेदः ॥

छादयेत्तस्य सर्वाङ्गमारनालार्द्रवाससा । लामज्जकेन युक्तेन चन्दनेनानुलेपयेत् । चन्दनाम्बु कणास्यन्दितालवृन्तोपवीजनैः । सुप्याद्दाहार्दितोऽम्भोजकदलीदलसंस्तरे । परिषेकावगाहेषु व्यजनानाञ्च सेवने । शस्यते शिशिरं तोयं दाहतृष्णोपशान्तये । फलिनी लोध्रसेव्याम्बुहेमपत्रं कुटन्नटम् । कालीयकरसोपेतं दाहे शस्तं प्रलेपनम् ॥

फलिनी प्रियङ्गुः सेव्यं उशीर अम्बु वालकहेमपत्र नागकेशरपत्र कुटन्नट वितुन्नकं गुडतजी इति लोके क्वचित् चम्पावती इति नाम । कालीयक कलम्बक इति लोके ॥

ह्रीबेरपद्मकोशीरचन्दनाम्बुजवारिणा सम्पूर्णामवगाहेत द्रोणीं दाहार्दितो नरः । वाप्यः कमलहासिन्यो जलयन्त्रगृहाः शुभाः । नार्यश्चन्दनदिग्धाङ्ग्यो दाहदैन्यहरा मताः । पाययेत्कमलस्याम्भः शर्कराम्भः पयोऽपि च । क्षीरमिक्षुरसञ्चापि कारयेत्पित्तजिद्विधिम् । पटीरपर्पटोशीरनीरनीरदनीरजैः । मृणालबिसधान्याकपद्मकामलकैः कृतः । अर्धशिष्टः सिताशीतः पीतः क्षौद्रसमन्वितः । क्वाथो व्यपोहयेद्दाहं तृणाञ्च परमोल्बणम् ॥ पटीरं चन्दनम् । इति चन्दनादि क्वाथः ॥

तिलतैलं भवेत्स्वं तत्पोडशगुणे शनैः । काञ्जिके विपचेत्तस्याद्दाहज्वरहरं परम् ॥ इति काञ्जिकतैलम् । इति दाहाधिकारः ॥

દાહવાળાના શરીરમાં કહ્યા વેચે સો વાર ધોએલું ઘી ચોળવું. અથવા જવનો સાથવો કે બોર તથા આમળાં સહિત ધાન્યામ્લનો લેપ કરવો.

ફોતરાં વગરના કાચા કે પાકા ઘઉંના આથાથી ભીંજવેલ વસ્ત્ર દાહવાળાના આખા શરીરપર ઓઢાડવું, તથા શરીર ઉપર પીળો વાળો તથા ચંદનનો લેપ કરવો.

કમળપત્ર તથા કેળનાં પાનોની પથારીમાં દાહવાળાને સુવાડવો, તથા ચંદનના પાણીની ઝણ ઉડે એવા પંખાથી તેને પવન નાંખવો.

દાહ તથા તરશ મટાડવા માટે ધારા, અવગાહન, અને પંખામાં શીતળ જળજ વાપરવું.

ઘઉંલો, લોદર, વાળો, કાળોવાળો, નાગકેસરનાં પાન, કેવડીમોથ, અને પીતચંદનના રસનો લેપ દાહવાળાને હિતકારી થાય છે.

વાળો, પદ્મક, કાળોવાળો, ચંદન અને કમળના જળથી ભરેલી કોઠીમાં ગળાં સુધી ડુબીને દાહવાળા માણસે બેસવું.

ખીલેલાં કમળોવાળી વાવો, ફુવારાવાળાં સુંદર ઘરો, અને સર્વ અંગોમાં ચંદનના લેપવાળી સ્ત્રીઓ દાહની શાંતિ કરે છે.

કમળનું અને સાકરનું પાણી, સાકર તથા દૂધ, એકલું દૂધ, અથવા શેરડીનો રસ દાહવાળાને પાવો, તથા એવાજ પિત્તહર પ્રયોગો કરવા.

ચંદનાદિ કવાથ—ચંદન, ખડસલિયા, વાળો, કાળોવાળો, મોથ, કમળનું મૃણાલ, કમળ, વરિયાળી, ધાણા, પદ્મકાષ્ઠ, અને આમળાંનો કવાથ કરી, અરધું પાણી રહે ત્યારે

ટાઢો પાડી તેમાં સાકર તથા મધ નાંખીને પીવાથી અત્યંત ઉગ્ર દાહ પણ મટી જાય છે.

કાંજિક તેલ—સોળગણી કાંજીમાં ધીરે ધીરે પકાવેલું તલનું ૬૪ તોલા ભાર તેલ દાહના સંતાપને નક્કી મટાડે છે.

ઉન્માદનો અધિકાર.

ઉન્માદની નિરૂક્તિ.

मदयन्त्युद्धता दोषा यस्मादुन्मार्गमाश्रिताः । मानसोऽयमतो व्याधिरुन्माद इति कीर्तितः ॥ अयमर्थः । अस्माद्धेतोरुद्धताः प्रवृद्धाः दोषाः उन्मार्गमाश्रिताः मदयन्ति चित्तं विक्षिपन्ति । अस्मिन् सोऽयमुन्माद इति कीर्त्तितः । स उन्मादः मानसो व्याधिः मनोवैकृत्यकारणात् ॥

વધેલા દોષો અવળે માર્ગ જઈને ચિત્તને વિક્ષિપ્ત કરે છે તેથી એ રોગ ઉન્માદ કહેવાય છે. આ રોગ મનને વિકૃત કરે છે, માટે માનસિક રોગ ગણાય છે.

ઉન્માદની અવસ્થા.

स चाप्रवृद्धस्तरुणो मदसंज्ञां बिभर्ति च ॥ स उन्मादः तरुणो नवीनः ॥

ઉન્માદ વધ્યો ન હોય અને નવોજ થતો હોય તો તે મદ કહેવાય છે.

ઉન્માદનાં દૂરનાં નિદાનો.

विरुद्धदुष्टाशुचिभोजनानि प्रधर्षणं देवगुरुद्विजानाम् । उन्मादहेतुर्भयहर्षपूर्वो मनोऽभिघातो विषमा च चेष्टा ॥ दुष्टं धत्तूरबीजादिसहितं अशुचि रजस्वलास्पृष्टादि प्रधर्षणमभिभवः विषमा चेष्टा बलवद्विग्रहादिः ॥

વિરૂદ્ધ, દુષ્ટ, અને અપવિત્ર ભોજનો; દેવ, ગુરૂ, અને બ્રાહ્મણોનું અપમાન; ભય કે હર્ષથી મન ઉપર થયેલી અસર; અને વિષમ ચેષ્ટાઓથી ઉન્માદ થાય છે.

ઉન્માદનાં પાસેનાં નિદાનો.

एकैकशः सर्वशश्च दोषैरत्यर्थमूर्च्छितैः मानसेन च दुःखेन स पञ्चविध उच्यते । विषाद्भवति षष्ठश्च यथास्वं तत्र भेषजम् ॥

એક એક તથા સર્વે દોષોના અતિ પ્રકોપથી, તથા મન દુઃખ અને વિષથી એમ છ પ્રકારથી ઉન્માદ થાય છે, માટે તે તે પ્રમાણે ઉપાયો કરવા.

ઉન્માદની સંપ્રાપ્તિ.

तैरल्पसत्त्वस्य मलाः प्रदुष्टा बुद्धेर्निवासं हृदयं प्रदूष्य । स्रोतांस्यधिष्ठाय मनोवहानि प्रमोहयन्त्याशु नरस्य चेतः ॥

अल्पसत्त्वस्य अल्पसत्त्वगुणस्य मलाः वातादयः बुद्धेर्निवासं हृदयं प्रदूष्येति एतेनाश्रयस्य दुष्ट्या तदाश्रितायाः बुद्धेरपि दुष्टिरुक्ता मनोवहानि स्रोतांसि हृदयाश्रितानि दश एतानि विशेषतो बोद्धव्यानि ॥ चरकेण तु सकलशरीरस्रोतांस्येव मनोऽधिष्ठानत्वेनोक्तानि प्रमोहयन्ति विकारिं कुर्वन्ति ॥

અલ્પ સત્ત્વવાળા દોષો બુદ્ધિના સ્થાનરૂપ હૃદયને દૂષિત કરીને મનનાં વિચાર ચલાવવાનાં સ્રોતોને બંધ કરીને માણસના ચિત્તને પ્રમોહ કરી દેછે.

આ ઠેકાણે મનના વિચારનું વહન

કરનારાં દશ સ્રોતો કહ્યાં છે, પણ ચરકે તો શરીરમાંના સર્વ સ્રોતોને મનના અધિષ્ઠાન રૂપ કહેલાં છે.

ઉન્માદનું સામાન્ય લક્ષણ.

धीविभ्रमः सत्वपरिप्लवश्च पर्याकुला दृष्टिरधीरता च । अबद्धवाक्यं हृदयञ्च शून्यं समान्यमुन्मादगदस्य लिङ्गम् ॥

धीविभ्रम शुक्तिकायां रजतज्ञानम् । सत्वपरिप्लवः सत्व मनस्तस्य चाञ्चल्यम् ॥ अबद्धवाक्यं असंबद्धभाषित्वम् । शून्य स्मृतिशून्यम ॥

બુદ્ધિમાં ભ્રમ, મનનુ ચાંચલ્ય, દૃષ્ટિની વ્યાકુળતા, અધીરતા, અસંબદ્ધ ભાષણ, અને હૃદયમાં જડતા, એ ઉન્માદ રોગનાં સામાન્ય લક્ષણો છે.

વાતોન્માદનાં નિદાન

रूक्षोष्णशीतान्नविरेकधातुक्षयोपवासैरनिलोऽतिवृद्धः । चिन्तादिदुष्टं हृदयं प्रदूष्य बुद्धिं स्मृतिं चाप्युपहन्ति शीघ्रम् ॥

प्रदूष्य प्रकर्षेण दूषयित्वा ॥

રૂક્ષ, ગરમ, તથા ટાઢા અન્નથી, વિરેચન, ધાતુક્ષય, અને ઉપવાસોથી, બહુ વધેલો વાયુ ચિંતાદિકથી દુષ્ટ થયેલા હૃદયને વધારે દૂષિત કરીને એકદમ બુદ્ધિ તથા સ્મૃતિને હણી નાંખે છે.

વાતોન્માદનાં લક્ષણો

अस्थानहास्यस्मितनृत्यगीतवागङ्गविक्षेपणरोदनानि । पारुष्यकार्श्यारुणवर्णताश्च जीर्णे बलश्चानिलजस्य रूपम् ॥

अस्थानेऽनवसरे हास्यादीनि रोदनान्तानि जीर्णे आहारे बलं व्याधेः ॥

વગર કારણે હસવું, સ્મિત કરવું, ગાવુ, બોલવું, અંગ વિક્ષેપ કરવા, રડવું, ગાળો દેવી, દુર્બળ થવુ, વર્ણ રાતો થવો, અને આહાર જીર્ણ થાય ત્યારે રોગનો વધારો, થાય, એ સર્વ વાતોન્માદના લક્ષણો છે

પિત્તોન્માદનાં નિદાન

अजीर्णकट्वम्लविदाह्यशीतैर्भोज्यैश्चितं पित्तमुदीर्णवेगम् । उन्मादमत्युग्रमनात्मकस्य हृदि स्थितं पूर्ववदाशु कुर्यात् ॥

हृदिस्थित पित्त चित्त सञ्चित पुनः अजीर्णकट्वम्लविदाह्यशीतैर्भोज्यैरुदीर्णवेग सत् उन्माद कुर्यात् पूर्ववध्दृदय प्रदूष्येत्यर्थः ॥

અજીર્ણથી, તીખાં, ખાટાં દાહક, અને ગરમ ભોજનોથી, હૃદયમાં મળેલુ પિત્ત કોપ પામીને હૃદયને દૂષિત કરીને અતિ ઉગ્ર ઉન્માદને ઉત્પન્ન કરે છે.

પિત્તોન્માદનાં લક્ષણો.

अमर्षसंरम्भविनग्नभावाः सन्तर्जनाभिद्रवणौष्ण्यरोषाः । प्रच्छायशीतान्नजलाभिलाषाः पीतास्यता पित्तकृतस्य लिङ्गम् ॥

अमर्षोऽसहिष्णुता संरम्भ आरम्भश्री आडम्बर इति यावत् । सन्तर्जन परित्रासन अभिद्रवण पलायन औष्ण्यं गात्रे चोष्णो दाहविशेषः प्रच्छाय इत्यादि छायायां शीतयोश्चान्नजलयोरभिलाष. ॥

અસહનશીલપણુ, બહુ આડંબર, નાગા થઇ જવુ, બીજાને ત્રાસ આપવો, નાસી જવું, ગાત્રોમા દાહ, શીતની ઇચ્છા, શીતળ જળ તથા શીતળ અન્નની ઇચ્છા, અને મુખપર પીળાશ, એ પિત્તોન્માદના લક્ષણો છે.

કફોન્માદનાં નિદાન.

संपूरणैर्मंदविचेष्टितस्य सोष्मा कफो म-

र्मणि संप्रवृद्धः । बुद्धिं स्मृतिश्चाप्युपहन्ति चित्तं प्रमोहयन् सजनयेद्विकारम् ॥

सम्पूर्णे भोजनादिभि मन्दविचेष्टितस्य व्यायामरहितस्य सोष्मा कफ इति कफोऽप्युन्माद करिष्यन् पित्तासाहाय्यमपेक्षते व्याधिस्वभावान् मर्मणि अत्र मर्मशब्देन हृदयमुच्यते विकारमुन्मादरूपम् ॥

કસરત નહિ કરનારને ભોજનોથી પિત્તસહિત કફ મર્મમાં વધીને બુદ્ધિ, સ્મૃતિ, અને ચિત્તને હણીને મોહ કરે છે, તથા વિકાર ઉત્પન્ન કરે છે. (કફ ઉન્માદ કરવાનો થાય છે ત્યારે તેને પિત્તની સહાયતા લેવી પડે છે.)

કફોન્માદનાં લક્ષણો.

वाक्चेष्टितं मन्दमरोचकश्च नारीविविक्तप्रियता च निद्रा । छर्दिश्चलाला च बलश्च भुक्ते नखादि शौक्ल्यश्च कफात्मके स्यात् ॥ वाक्चेष्टित मन्दं वचनमल्प नारीविविक्तप्रियता नारीप्रियता विजनप्रियता च भुक्ते सति वल व्याधेः ॥

અલ્પભાષણ, અરૂચિ, સ્ત્રી ઉપર પ્રીતિ, એકાંતની ઇચ્છા, નિદ્રા, ઉલટી, લાળ ઝરવી, જમ્યા પછી વ્યાધિનુ વધવું, અને નખો વગેરે વધારે શ્વેત થવા, એ કફોન્માદનાં લક્ષણો છે.

સાંનિપાતિકોન્માદનાં નિદાન.

यः सन्निपातप्रभवोऽतिघोरः सर्वैः समस्तैः च तु हेतुभिः स्यात् । सर्वाणि रूपाणि बिभर्त्ति तादृक् विरुद्धभैषज्यविधिर्विवर्ज्यः ॥ स सान्निपातिक उन्मादः सान्निपातप्रहणेनैव सर्वात्मकत्वं लब्ध पुनः सर्वैरिति यत्कृतं तद्रजस्तम प्रापणार्थं तेन रजस्तमोमिलिता इत्यर्थं । तेन वातादयो रजस्तमोभिर्मनोदोषैर्मिलिताः । समस्तैश्च निदानैः कुपिता उन्मादं जनयन्ति ॥ सर्वैर्हेतुभिः समस्तैर्मिलितैः स्यात् यतोऽन्यो व्याधि. सर्वैर्हेतुभिर्मिलितैरेव भवतीति नियमो नास्ति अय तु व्याधिप्रभावात्सर्वैर्हेतुभिर्मिलितै. स्यात् । तादृगुन्मादः विरुद्धभैषज्यविधिरिति कोऽर्थ. ॥ त्रिदोषजे प्रत्येक वातादेः प्रत्यनीका चिकित्सा कार्या । सा च परस्परविरोधिनी त्रिदोष हन्ति किञ्चिदेत्र द्रव्य आमलकादि नचात्र योगिक व्याधिप्रभावादत एव विवर्ज्य न चिकित्स्य इत्यर्थ ।

સર્વે દોષોના હેતુઓ સહિત અતિ સાંનિપાતિક ઉન્માદ છે, તેમા સર્વે લક્ષણો પણ ભેળાં જણાય છે, માટે તેના ઉપાયો વિરૂદ્ધ પડે છે તેથી તે કરવાજ નહિ.

(ત્રિદોષથી થનારા બીજા વ્યાધિઓમા પ્રત્યેક દોષ મટાડનારી ચિકિત્સા કરવામાં આવે છે અને તે ચિકિત્સા એક બીજા દોષથી વિરૂદ્ધ હોય છે. પરતુ આ ઉન્માદ રોગમાં તો ત્રણે દોષની પ્રબળતા સરખી હોવાથી એક બીજાથી વિરૂદ્ધ ચિકિત્સા કામ આવતી નથી. ત્રણે દોષને મટાડનારાં દ્રવ્યમાં આમળા વગેરે કોઇકજ દ્રવ્ય છે, પણ તે આ ઉન્માદના રોગની ચિકિત્સામાં ઉપયોગી નથી. માટે સાંન્નિપાતિક ઉન્માદની ચિકિત્સા કરવી વ્યર્થ છે.

મન દુઃખ જન્યોન્માદનાં નિદાન.

चौरैर्नरेन्द्रपुरुषैररिभिस्तथान्यैर्वित्रासितस्य धनबान्धवसंक्षयाद्वा । गाढं क्षते मनसि च प्रियया रिरंसोर्जायेत चोत्कटतरो

मनसो विकारः ॥ अन्यै हिंस्रादिभि गाढमतिशयेन क्षतेऽभिहते प्रियया प्राप्तुमशक्यया रिरंसो पुरुषस्य विकार उन्मादरूपः ॥

ચોર, રાજાના અમલદારો, શત્રુઓ, કે બીજાઓથી; અથવા ધન અને બાંધવોના નાશથી; ત્રાસ પામેલાના મનમાં ગાઢ જખમ થવાથી; અથવા ન મળી શકે એવી પ્યારીની સાથે રમવાની ઈચ્છાથી; અતિ પ્રબળ ઉન્માદ થાય છે.

મન દુઃખ જન્યોન્માદનાં લક્ષણો.

चित्रं ब्रवीति च मनोऽनुगतं विसंज्ञो गायत्यथो हसति रोदिति चातिमूढः ॥

चित्रमाश्चर्यं मनोऽनुगत गोप्यमपि विसंज्ञो विरुद्धज्ञानः। अतीव मूढः अतीव ज्ञानशून्यः। अत्र विकल्पो बोधव्य. ॥

મનના દુઃખથી ઉન્માદ થયો હોય તો વિપરીત જ્ઞાનવાળો થઇને અથવા અતિ મૂઢ બનીને વિચિત્ર પ્રકારનું બકે છે, મનમાંની વાત છાની હોય તે કહી દેછે, ગાયછે, હસેછે, અને રડે છે.

વિષોન્માદનાં લક્ષણો.

रक्तेक्षणो हतबलेन्द्रियभाः सुदीनः श्यावाननो विषकृते तु भवेत्परासुः ॥
परासुः मृतः ॥

આંખો રાતી થઈ જાય છે, બળ, ઇંદ્રિયો, અને કાંતિ હણાઈ જાય છે, બહુ દીનતા આવીને મોઢું કાળું પડી જાય છે; અને પરવશ થવાય છે. આ લક્ષણો ઝેરથી થયેલા ઉન્માદનાં છે.

ઉન્માદનું અરિષ્ટ.

आवाङ्मुखस्तून्मुखो वा क्षीणमांस बलोनरः। जागरूको ह्यसन्देहमुन्मादेन विनश्यति ॥

મુખ નીચું અથવા ઊંચુજ રહેતું હોય, માંસ અને બળ ક્ષીણ થઇ ગયાં હોય, અને જાગ્રત રહ્યા કરતો હોય, તે માણસ ઉન્માદથી નક્કી મરી જાય છે.

દેવાદિકથી થયેલા ઉન્માદનાં લક્ષણો.

अमर्त्यवाग्विक्रमवीर्यचेष्टो ज्ञानादिविज्ञानबलादियुक्तः। प्रकोपकालो नियतश्च यस्य देवादिजन्मा मनसो विकारः ॥ अमर्त्यवाग्विक्रमवीर्यचेष्टः न मर्त्यस्येव वागादयो यत्र सः विक्रम पराक्रमः वीर्यं शौर्यं ज्ञानादिविज्ञानबलादियुक्त. ज्ञानं बुद्धिः आदिपदेन तद्भेदा मेधाविचारणास्मृत्यादयो गृह्यन्ते। विज्ञान शिल्पादिविषयकं ज्ञानं बलं चेष्टापाटवम्। आदिपदेनाभिमानादि गृह्यन्ते नियत. वक्ष्यमाणतिथ्यादिभि मनोविकार उन्मादः ॥

જેના મનમાં દેવાદિકે વિકાર કર્યો હોય તેનાં ભાષણ, પરાક્રમ, શૌર્ય, અને ચેષ્ટા માણસ જેવાં હોતાં નથી, તેમજ તેમાં બુદ્ધિ, વિચાર તથા ધારણાશક્તિ, કારીગરી, સ્મૃતિ, વગેરે પણ અભિમાન યુક્ત હોય છે. આ ઉન્માદ થવાનો સમય પણ નિયમિત હોય છે.

દેવના આવેશનાં લક્ષણો.

सन्तुष्टः शुचिरतिदिव्यमाल्यगन्धो निस्तन्द्रोप्यवितथसंस्कृतप्रभाषी। तेजस्वी स्थिरनयनो वरप्रदाता ब्रह्मण्योभवति नरः स देवजुष्टः ॥ अतिदिव्यमाल्यगन्धः। अतिशयेन दिव्यस्य माल्यस्येव गन्धो यस्य सः। निस्तन्द्रो निद्रारहितः अवितथं सत्यं ब्रह्मण्यः ब्राह्मणभक्तः ॥

સંતોષ, પવિત્રતા, દિવ્ય પુષ્પોના જેવી સુગંધવાળો દેહ, જાગ્રતપણું, સત્યસંસ્કૃત ભાષણની શક્તિ, તેજ, નેત્રની સ્થિરતા, અને વરદાન દેવાની શક્તિ, તથા બ્રાહ્મણોની ભક્તિ, એ દેવોના આવેશવાળાને થાય છે.

દૈત્યના આવેશનાં લક્ષણો.

संस्वेदी द्विजगुरुदेवदोषवक्ता जिह्माक्षो विगतभयो विमार्गदृष्टिः । सन्तुष्टो भवति न चान्नपानजातैर्दुष्टात्मा भवति स देवशत्रुजुष्टः ॥ विमार्गदृष्टिःकुमार्गरतः दुष्टात्मा दुष्टस्वभावः ॥

પરસેવો, બ્રાહ્મણ ગુરૂ દેવ વગેરેની નિંદા, વાંકાં નેત્રો, નિર્ભયતા, કુમાર્ગમાં રૂચિ, અન્નપાનોથી અસંતોષ અને દુષ્ટ સ્વભાવ, એ દૈત્યના આવેશવાળાનાં લક્ષણો છે.

ગંધર્વના આવેશનાં લક્ષણો.

हृष्टात्मा पुलिनवनान्तरोपसेवी स्वाचारः प्रियपरिगीतगन्धमाल्यः नृत्यन् वै प्रहसति चारु चाल्पशब्दं गंधर्वग्रहपरिपीडितो मनुष्यः ॥ हृष्टात्मा हृष्टजीवात्मा पुलिनं तोयोत्थितं तटं वनान्तरं वनमध्यन्तयोः सेवी चारु चाल्पशब्दमिति हसनक्रियाविशेषणम् ॥

અંતઃકરણમાં પ્રસન્નતા, જળાશયોના કિનારાનું અને વનનું સેવન, સારી રીતિ, અને સુગંધી તથા પુષ્પાદિ ઉપર પ્રેમ, તથા નૃત્ય સહિત થોડા શબ્દોનું સુંદર હાસ્ય, એ ગંધર્વના આવેશ વાળાનાં લક્ષણો થાય છે.

યક્ષના આવેશનાં લક્ષણો.

ताम्राक्षः प्रियतनुरक्तवस्त्रधारी गम्भीरो द्रुतमतिरल्पवाक् सहिष्णुः । तेजस्वी वदति च किं ददामि कस्मै यो यक्षग्रहपरिपीडितो मनुष्यः ॥

ગંભીરતા, નેત્રો રાતાં, પ્રિય ઝીણાં રંગિત વસ્ત્રોની ઇચ્છા, ઝડપવાળી ચાલ, થોડું બોલવું; સહનશીળતા, તેજ, અને માણસની દાઝ જાણી દયા આવવી, એ લક્ષણો યક્ષના આવેશ વાળાનાં હોય છે.

પિતૃના આવેશનાં લક્ષણો.

प्रेतानां स दिशति संस्तरेषु पिण्डान् शान्तात्मा जलमपि चापसव्यवस्त्रः । मांसेप्सुस्तिलगुडपायसाभिलाषी तद्भक्तो भवति पितृग्रहाभिजुष्टः ॥ प्रेतानां मृतानां पितॄणां दिशति ददाति । अपसव्यवस्त्रः दक्षिणस्कन्धकृतोत्तरीयः ॥

પિતૃના વળગાડવાળો પોતાના મરી ગયેલા પૂર્વજોને દર્ભાદિ પાથરીને તે ઉપર પિંડાદિ અર્પે છે, અપસવ્ય કરીને પૂર્વજોને જળ અર્પે છે, શાંત અંતઃકરણ વાળો હોય છે, અને માંસ તથા તલ અને ગોળ અને દૂધપાક ખાવાને ઇચ્છે છે, તથા પિતૃની ભક્તિ કરે છે.

નાગના આવેશનાં લક્ષણો.

यस्तूर्व्यां प्रसरति सर्पवत्कदाचित् सृक्किण्यौ मुहुरपि जिह्वयावलेढि । क्रोधालुर्गुडमधुदुग्धपायसेप्सुर्विज्ञेयः स खलु भुजङ्गमेन जुष्टः ॥ प्रसरति स सर्पवत् उरसा चलति सृक्किण्यौ ओष्ठप्रान्तौ ॥

નાગના આવેશવાળો કોઇવાર સર્પની પેઠે પૃથ્વીપર પેટે ચાલે છે. જીભથી ગલોફા વારવાર ચાટયા કરે છે, ક્રોધી હોય છે, તથા

મધ અને ઘી તથા દૂધપાકની ઇચ્છાવાળો થાય છે.

રાક્ષસનો આવેશનાં લક્ષણો.

मांसासृक् विविधसुराविकार लिप्सुर्निर्लज्जो भृशमतिनिष्ठुरोऽतिशूर । क्रोधालुर्विविधबलोनिशाविहारी शौचद्विड् भवति स राक्षसैर्गृहीतः ॥ अतिनिष्ठुरो निर्दय ॥

રાક્ષસના વળગાડવાળો માસ, લોહી અને અનેક જાતનાં મદ્યોની ઇચ્છા રાખે છે, અત્યત નિર્લજ્જ, નિર્દય, શુરવીર, ક્રોધી, અને બળવાન્ હોય છે, રાત્રે ફરનારો તથા પતિવ્રતાનો દ્વેષી થાય છે.

બ્રહ્મ રાક્ષસના આવેશનાં લક્ષણો.

देवविप्रगुरुद्वेषी वेदवेदाङ्गनिन्दकः आत्मपीडाकरोऽहिंस्रो ब्रह्मराक्षससेवितः ॥

अहिंस्र. अहिंसाशील ॥

બ્રહ્મરાક્ષસના આવેશવાળો દેવો, બ્રાહ્મણો, તથા ગુરૂનો દ્વેષ કરે છે, વેદ તથા વેદાંગોની નિંદા કરે છે, અને બીજા કોઇને મારતો નથી, પણ ક્રોધ પોતાના શરીર ઉપર ઉતારે છે

પિશાચનો આવેશનાં લક્ષણો.

उद्ध्वस्तः कृशपरुषो विरुद्धभाषी दुर्गन्धो भृशमशुचिस्तथातिलोलः । बह्वाशी विजनवनान्तरोपसेवी व्याचेष्टंस्त्रसति रुदन् पिशाचजुष्ट ॥ उद्ध्वस्त नग्नः दिगम्बर इति विदेहवचनात् कृशो निर्मांस । पुरुषो रूक्षः अति लोल सर्वस्मिन्नन्नपानादौ लोलुप व्याचेष्टन् विरुद्धमाचेष्टन् ॥

પિશાચ વળગે છે તે માણસ નાગો થાય છે, માંસ રહિત થાય છે, વિરૂદ્ધ બોલે છે, બહુજ અપવિત્ર રહે છે, રૂક્ષ થાય છે, સર્વ અન્નપાનોમા લપટ થાય છે, બહુ ખાય છે, નિર્જન સ્થાનો તથા વનને સેવે છે અને વિરૂદ્ધ ચેષ્ટાઓ કરતો અને રડતો ત્રાસ પામ્યા કરે છે.

હિંસકના વળગાડનાં કારણ.

अशुचिं भिन्नमर्यादं क्षतं वा यदि वा क्षतम् । हिंस्राहिंसाविहारार्थं सत्कारार्थमथापि वा ॥ गृह्णातीति शेष ॥

અપવિત્ર રહી મર્યાદા તોડનાર માણસ ઘવાયલો કે નહિ ઘવાયલો હોય તો પણ રાક્ષસ વગેરે હિંસક જાતિઓ તેને મારી નાખવા માટે, અથવા તેની પાસેથી પૂજન પામવા માટે તેને પકડી લેછે.

મારવાને પકડાયેલાનાં લક્ષણ.

स्थूलाक्षो द्रुतमटनः सफेनवामी निद्रालु पतति च कम्पते च योऽति । यश्चाद्रिद्विरदनगादिविच्युतः स्यात् सोऽसाध्यो भवति तथा त्रयोदशेऽब्दे ॥

यश्चादि इत्यादि य पर्वतादिपतित स ग्रहैर्गृहीत इत्यर्थः । आदिशब्देन भित्तिप्रासादादयो गृह्यन्ते तथा त्रयोदशेऽब्दे सर्व एव देवादिगृहीता असाध्या ॥

પર્વત, હાથી, વૃક્ષ, કે ભીંત વગેરે ઉપરથી કે મેડીએથી પડી ગયેલા માણસને રાક્ષસ વગેરે હિંસક જાતિઓ પકડે છે, ત્યારે તે માણસ મોટી આંખો વાળો, વેગથી આમતેમ ફરનારો, ફીણવાળું વમન કરનારો, અને ઊંઘનારો થાય છે. તે પડી જાય છે અને

બહુ કંપ્યા કરે છે. આ ઉન્માદ અસાધ્ય છે દેવાદિક સર્વના આવેશો વાળાનો ઉન્માદ તેરમે વર્ષે અસાધ્ય થાય છે.

દેવાદિ આવેશના સમયો

देवग्रहाः पौर्णमास्यामसुराः सन्ध्ययोरपि । गंधर्वाः प्रायशोऽष्टम्यां यक्षाश्च प्रतिपत्तिथौ । पितरः कृष्णपक्षे च पञ्चम्यामपि चोरगाः । रक्षः पिशाचा रात्रौ च चतुर्दश्यां विशन्ति हि ॥

कृष्णपक्षेऽमावास्यायां प्रायशः यदन्यत्रापि । तिथ्यभिधानप्रयोजन लक्षणार्थं तत्र तिथौ च बलिदानार्थम् ॥

ઘણું કરીને દેવો પૂર્ણિમાને દિવસે, દૈત્યો બંને સંધ્યાકાળમાં, ગંધર્વો આઠમને દિવસે, યક્ષો પડવાને દિવસે, ઘણું કરીને પિતૃઓ કૃષ્ણ પક્ષની અમાવાસ્યાને દિવસે, સર્પો પાંચમને દિવસે, અને રાક્ષસ તથા પિશાચો ચૌદશની રાત્રે પકડે છે.

દેવાદિકનો પ્રવેશ નહિ દેખાવાનાં કારણ.

दर्पणादीन् यथा छाया शीतोष्णं प्राणिनो यथा । स्वमणिं भास्करार्चिश्च यथा देहे च देहधृक् ॥ विशन्ति च न दृश्यन्ते ग्रहास्तद्वच्छरीरिणां दर्पणादीनित्यादिशब्देनान्यदपि निर्मलद्रव्यं जलतैलादिद्रवद्रव्यञ्च गृह्यते छाया प्रतिबिम्बं स्वमणिः सूर्यमणिः देहधृक् जीवात्मा ॥

જેમ દર્પણ, જળ, કે તેલ આદિ પદાર્થોમાં છાયા પ્રવેશ કરે છે, પણ તે પ્રવેશ કરતી દેખાતી નથી, જેમ ટાઢ તથા ગરમી માણસના દેહમાં પેસે છે તે દેખાતી નથી. જેમ સૂર્યનું તેજ આગિયા કાચમાં પ્રવેશ કરે છે તે દેખાતું નથી, અને જેમ જીવ શરીરમાં આવે છે તે આવતાં દેખાતો નથી, તેમ દેવાદિક દેહમાં પેસતા દેખાતા નથી.

ઉન્માદની ચિકિત્સા.

वातिके स्नेहपानं प्राक् विरेकः पित्तसम्भवे । कफजे वमनं कार्यं परोषस्त्यादिकः क्रमः । यच्चोपवीक्ष्यते किञ्चिदपस्मारे चिकित्सितम् । उन्मादे तच्च कर्त्तव्यं सामान्यं दोषदूष्ययोः जलाग्निद्रुमशैलेभ्यो विषमेभ्यश्च तं सदा । रक्षेदुन्मादिनं यस्मात् सद्यः प्राणहरं हि तत् ॥ तज्जलादि ॥

ब्राह्मी कूष्माण्डी फलबीजरजः शङ्खपुष्पिकास्वरसाः । दृष्टा उन्मादहृतः पृथगेते कुष्ठमधुमिश्राः ॥

अयमर्थः । ब्राह्मी रसः तोला ४ कुष्ठचूर्णं माष २ मधु अष्टौ माषा ८ पेया । इत्येको योगः । कुष्माण्डबीजचूर्णमाषा ८ कुष्ठचूर्णमाषौ २ अय द्वितीयो योगः । शङ्खपुष्पी स्वरसं पलैकं १ कुष्ठचूर्णं माषद्वय २ मधुनः अष्टौ माषाः । पेयाः । तृतीययोगः ॥

सिद्धार्थको हिङ्गुवचा करञ्जो देवदारु च । मञ्जिष्ठा त्रिफला श्वेता कटभीत्वक् कटुत्रयम् ॥ समांशानि प्रियङ्गुश्च शिरीषो रजनीद्वयम् । वस्तमूत्रेण पिष्टोऽयमगदः पानमञ्जनम् । नस्यमालेपनञ्चैव स्नानमुद्वर्तनं तथा । अपस्मारविषोन्मादकृत्याऽलक्ष्मीज्वरापहम् । भूतेभ्यश्च भयं हन्ति राजद्वारे च शस्यते । सर्पिरेतेन संसिद्धं सगोमूत्रं तदर्थकृत् ॥ सिद्धार्थकादि ॥

भूयादिष्टविनाशैश्च दर्शयेदद्भुतानि च । बद्धं सर्षपतैलाक्तं रसेदुत्तानमातपे ॥ कपिकच्छ्वाथवा तप्तैर्लौहतैलजलैः स्पृशेत् । कशाभिस्ताडयेच्चं वा सुबद्धं विजने गृहे । सर्पेणोध्दृतदंतेन दंशेत् सिंहैर्गजैश्च तम् । त्रासयेत् शस्त्रहस्तैश्च शत्रुभिस्तस्करैस्तथा । अथवा राजपुरुषा बहिर्नीत्वा सुसंयतम् । त्रासयेयुर्वधैरेनं तर्जयन्तो नृपाज्ञया । देहदुःखभयेभ्यो हि यतः प्राणभयं भवेत् । ततस्तस्य शमं याति सर्वतो विप्लुतं मनः । इष्टद्रव्यविनाशेन मनो यस्याभिहन्यते । तस्य तस्सदृशप्राप्त्या ज्ञात्वाश्वासैः शमयेत् । त्र्यूषणं हिङ्गु लवणं वचा कटुकरोहिणी । शिरीषस्य करञ्जस्य बीजं गौराश्च सर्षपाः । गौमूत्रपिष्टैरेभिस्तु वर्तिर्नेत्राञ्जने हिता । हन्त्युन्मादमपस्मारं तथा चातुर्थकं ज्वरम् ॥

त्र्यूषणमञ्जनम् ॥

कुष्ठाश्वगन्धे लवणाजमोदे द्वे जीरके त्रीणि कटूनि पाठा । माङ्गल्यपुष्पी च समान्यमूनि सर्वैः समानाश्च वचां विचूर्ण्य । ब्राह्मीरसेनाखिलमेव भाव्यं वारत्रयं शुष्कमिदं हि चूर्णम् । अक्षप्रमाण मधुना घृतेन लिह्यान्नरः सप्त दिनानि चूर्णम् ॥

माङ्गल्यपुष्पी शङ्खपुष्पी शङ्खाहुलीति लोके ॥

सारस्वतमिदं चूर्णं ब्रह्मणा निर्मितं पुरा । हिताय सर्वलोकानां दुर्मेधानां विचेतसाम् । एतस्याभ्यासतः पुंसां बुद्धिर्मेधा धृतिः स्मृतिः । सम्पत्तिः कविताशक्तिः प्रवर्द्धन्तोत्तरोत्तरम् ॥ सारस्वतञ्चूर्णम् ॥

विश्वाजमोदरजनीद्वयसैन्धवोग्रापथ्याग्निकुष्ठमगधोद्भवजीरकाणाम् । चूर्णं प्रयातसमये लिहतः ससर्पिर्वाग्देवता निवसति स्वयमेव वक्त्रे ॥ विश्वाद्यञ्चूर्णम् ॥

क्वाथे विचूर्णिते क्षिप्त्वा तत् षोडशगुणं जलम् । पादशेषं प्रकर्त्तव्यमेष क्वाथविधिः स्मृतः । दशमूली तथा रास्ना वातारिश्छिन्नरुहा बला । मूर्वा शतावरी चेति क्वाथ्यैस्तु कुडवैः पृथक् । कृतैः क्वाथैर्घृतप्रस्थद्वयं दुग्धमिना पचेत् कल्कीकृतैर्वक्ष्यमाणद्रव्यैः सम्यक् पुनः पचेत् ॥ विशाला त्रिफला कौन्ती देवदार्वेलवालुकम् । स्थिराऽनन्ता रजन्यौ द्वे प्रियङ्गुः सारिवाद्वयम् । नीलोत्पलैला मञ्जिष्ठा दन्ती दाडिमकेसरम् । विडङ्गं ह्यग्निपत्री च कुष्ठं चन्दनपद्मके ॥

अग्निपत्री अग्निर्नीतीति लोके अगिया इति च ॥

तालीशपत्रं बृहती मालतीकुसुमं नवम् । अष्टाविंशतिभिः कल्कैरेतैः कर्षमितैः पृथक् । चतुर्गुणं जलं दत्वा पिष्टैस्ताद्विपचेत् घृतम् । महाचेतसनामेद सर्वचेतोविकारनुत् । अपस्मारे महोन्मादे मन्देऽग्नौ ज्वरकासयोः । वातरक्ते प्रतिश्याये शोषे कार्श्ये तृतीयके । मूत्रकृच्छ्रे कटीशूले विसर्पाभिहतेषु च । पाण्डुामये तथा कण्डां विषे मेहे गरेऽपि च । देवादिहतचित्तानाञ्जडानामचेतसाम् । शस्तं स्त्रीणाञ्च वन्ध्यानां धन्यमायुर्बलप्रदम् । अलक्ष्मीपापरक्षोघ्नं सर्वग्रहनिवारणम् । हन्ति भ्रमं मदं मूर्च्छां मेधास्मृतिमतिप्रदम् ॥ महाचैतसं घृतम् ॥

વાયુના ઉન્માદમાં પ્રથમ સ્નેહન, પિત્તના ઉન્માદમાં વિરેચન, અને કફમાં પ્રથમ વમન આપી તે પછી પિચકારી વગેરે ક્રિયાઓ કરવી. અપસ્મારમાં દોષો તથા દૂષિત ધાતુઓ માટે જે ઉપાયો કહેલા છે, તે સર્વે ઉન્માદમાં પણ કરવા. ઉન્માદવાળાને જળ, અગ્નિ, વૃક્ષ, પર્વત, તથા બીજાં વિષમ સ્થળોથી યત્નથી બચાવવો, કેમકે એવાં સ્થળો તુરત મરણ નીપજાવે છે.

બ્રાહ્મીનો સ્વરસ તોલા ચાર, કઠનું ચૂર્ણ બાર રતિભાર, અને અરધો તોલો મધ એ ત્રણનું મિશ્રણ પીવાથી ઉન્માદ મટી ગયાનું જોવામાં આવ્યુ છે.

કોહોળાનાં બીજનું ચૂર્ણ તોલો અરધો અને બાર રતિભાર કઠનું ચૂર્ણ મધમાં ચાટવાથી ઉન્માદનો નાશ થયેલો જોવામાં આવેલો છે.

શંખાવળીનો સ્વરસ તોલા ચાર અને બાર રતિભાર કઠનું ચૂર્ણ, તથા અરધો તોલો મધ મેળવીને ખાવાથી ઉન્માદનો નાશ થયેલો જોવામાં આવેલો છે.

સિદ્ધાર્થકાદિ—સર્ષપ, હિંગ, વજ, કાકચિયા, દેવદાર, મજીઠ, ત્રિફળા કટકડી, માલકાંકણી, તજ, સૂંઠ, મરી, પીપર, ઘઉંલો, સરસડિયો, હળદર, અને દારૂહળદર સમ ભાગે લેઇ બકરાના મૂત્રમાં વાટીને ખાવાથી, આંજવાથી, સૂંઘવાથી, લેપ કરવાથી, ન્હાવાથી, અને શરીરે ચોળવાથી, અપસ્માર, વિષ, ઉન્માદ, અભિચાર, અલક્ષ્મી, જ્વર, અને વળગાડ મટી જાય છે. આ ઔષધ વાપરનારને રાજ્યમાંથી લાભ મળે છે. આ ઔષધથી પકાવેલું ઘી ગોમૂત્ર સાથે વાપરવાથી પણ એ સર્વ લાભો મળે છે.

ઉન્માદવાળાને તેના કોઇ પ્રિયનો નાશ થયાનું કહેવું, તેને અદ્દભુત દેખાવો દેખાડવા, સરસિયુ તેલ શરીરે ચોપડીને તેને બાંધીને ચત્તો તડકામાં સુવાડવો, શરીરે કૌવચાં ચોળવાં, તપાવેલાં લોઢાં કે તેલ કે જળથી દઝાડવો, નિર્જન સ્થાનમાં ચાબૂકથી ખુબ મારવો, ઝેર કાઢી લીધેલ સર્પ કરડાવવો, સિંહ તથા હાથીઓથી ભય પમાડવો, શત્રુ તથા ચોરોનો ભય દેખાડવો, અને રાજાની રજા લઇને તેને ગામ બહાર લેઇ જઇને બાંધીને તેનો ખૂબ તિરસ્કાર કરવો અને મારી નાંખવાનો ભય આપવો. ભય તથા મારથી તેને મારવાનો ભય થાય છે, ત્યારે તેને ગયેલી પ્રિય વસ્તુ જેવીજ બીજી આપીને પછી તેના મનને આશ્વાસન કરવું. એથી બગડેલું તેનું મન શાંત થાય છે.

ત્ર્યૂષણાંજન—સૂંઠ, મરી, પીપર, હિંગ, લવણ, વજ, કડુ, સરસડિયાનાં બીજ, કાકચિયા, અને પીળા સર્ષપને ગોમૂત્રમાં વાટી વાટ કરીને તે વાટ નેત્રમાં આંજવાથી ઉન્માદ, અપસ્માર, અને તરિયો તાવ મટી જાય છે.

સારસ્વત ચૂર્ણ—કઠ, આસોંદ, સૈંધવ, મોડી અજમોદ, જીરૂં, શાહજીરૂં, સૂંઠ, મરી, પીપર, કાળીપાડ, અને શંખાવળી, તથા એ સર્વ જેટલી વજ લઇને એ સર્વનું સમ ભાગે લઇ ચૂર્ણ કરી તેને બ્રાહ્મીના સ્વરસની ત્રણ ભાવના દેવી. તે સૂકાય એટલે એક એક તોલા ભાર મધ તથા ઘીમાં સાત દિવસ સૂધી ચાટવાથી બુદ્ધિ, ધારણાશક્તિ, ધીરજ, સ્મરણશક્તિ, સંપત્તિ; અને કવિત્વશક્તિ ઉત્તરોત્તર વૃદ્ધિ કરે છે. આ સારસ્વત ચૂર્ણ પૂર્વે દુર્બુદ્ધિવાળા અને ગાંડા થઇ ગયેલા લોકોને માટે બ્રહ્માએ બનાવેલું છે.

વિશ્વાદ્ય ચૂર્ણ—સૂઠ, ખોડી અજમોદ, હળદર, દારૂહળદર, સૈંધવ, વજ, જેઠીમધ, કઠ, પીપર, અને જીરાનું ચૂર્ણ ઘીમાં કાલવીને પ્રભાતમાં ચાટવાથી સાક્ષાત્ સરસ્વતી દેવી મુખમાં નિવાસ કરે છે.

મહા ચૈતસઘૃત—દશમૂળ, રાસ્ના, એરડો, નસોતર, બળદાણા, મોરવેલ, અને શતાવરી, એ દરેક સોળ સોળ તોલા લેઇ, તેના જુદા જુદા કવાથો કરવા. એ કવાથો સોળગણા પાણીમાં કરી ચોથો ભાગ રહે તેમ કરવું. પછી એ બધા કવાથોથી ૧૨૮ તોલા ભાર ઘી ધીમે ધીમે પકાવવું. પછી સુરામાંસી, ત્રિફળા, નગોડનાં બીજ, દેવદાર, ચણકબાબ, સમેરવો, રાતો ધમાસો, હળદર, દારૂહળદર, ધઉલો, બે જાતની ઉપલસરી, નીલકમળ, એળચી, મજીઠ, નેપાળો, દાડમના કેસરા, ખાજવણી, વાવડીંગ, કઠ, રતાંજળી, પદ્મકાષ્ટ, તાલીસપત્ર, ભોરીંગણી, અને માલતીપુષ્પ, એ દરેક એક એક તોલો લેઇ ચોગણા પાણીમાં તેના જુદા જુદા કલ્કો કરી તેનાથી પેલા ઘીને સારી રીતે પકાવવું. આ મહા ચૈતસ નામનું ઘી ચિત્તના સર્વ વિકારોને મટાડે છે. અપસ્માર, મોટો ઉન્માદ, મંદાગ્નિ, જ્વર, ઉધરસ વાતરક્ત સળેખમ, શોષ, કૃશતા, એકાંતરો તાવ, મૂત્રકૃચ્છ્ર, કમરનુ શૂળ, રતવા, વિસર્પ, પાંડુરોગ, ચળ, વિષ, પ્રમેહ, તથા સ્થાવર વિષોને પણ તે મટાડે છે. દેવાદિકના આવેશથી થયેલ ઉન્માદ, વાણીની ગદ્ગદતા, અને ભાવ વગરનાપણું પણ તે મટાડે છે. વાંઝણીને પુત્ર આપે છે. ધન તથા આયુષ્ય આપે છે, અને બળ આપે છે. અલક્ષ્મી, પાપ, તથા રાક્ષસોને હણે છે. સર્વ પ્રકારના વળગાડો, ભ્રમ, મદ, અને મૂર્છાને મટાડે છે. ધારણાશક્તિ, સ્મરણશક્તિ, તથા સમજશક્તિને વધારે છે.

દેવાદિકના આવેશોની ચિકિત્સા

पूजावल्युपहारेष्टिहोममन्त्राञ्जनादिभिः ।
जयेदागन्तुमुन्मादं यथाविधि शुचिर्भिषक् ।
कृष्णामरिचसिन्धूत्थमधुगोरोचनाकृतम् ।
अञ्जनं सर्वदेवादिकृतोन्मादहरं परम् ॥

कृष्णाद्यञ्जनम् ॥

ऋक्षजम्बुकलोमानि शल्लकी लशुनं तथा ।
हिङ्गु मूत्रञ्च बस्तस्य धूममस्य प्रयोजयेत् ।
एतेन शाम्यति क्षिप्रं बलवानपि यो ग्रहः ॥

ऋक्षलोमको धूमः ॥

कल्याणकञ्च युञ्जीत महद्वा चैतसं घृतम् ।
तैलं नारायणं वाथ महानारायणं तथा ।
कृते पिशाचादन्येषु प्रतिकूलं नवाचरेत् ।
रोगिणां भिषजं यत्ते क्रुद्धा हन्युर्महौजसः

इत्युन्मादाधिकार ॥

દેવાદિકના આવેશમાં પવિત્ર વૈદ્યે યથાવિધિ પૂજનો, બળિદાનો, નૈવેદ્યો, ઇષ્ટિ, હોમ, મંત્રો, અને અંજન, વગેરે ક્રિયાઓ કરાવવી.

કૃષ્ણાદિ અંજન—પીપર, મરી, સૈંધવ, મધ, અને ગોરોચના આંજવાથી દેવાદિકના સર્વ ઉન્માદો મટી જાય છે.

ઋક્ષલોમક ધૂપ—રીંછ, શિયાળ, અને શેઢાઇની સળી, લસણ, હિંગ, અને બકરાનું મૂત્ર; એમના ધૂપથી પ્રબળ વળગાડપણ તુરત શાંત થઇ જાય છે.

ઘૃતો—દેવાદિકના આવેશવાળાને કલ્યાણક, મહાચૈતસ, એ ઘૃતો, તથા નારાયણ અને મહાનારાયણ તેલો આપવાં.

પિશાચ વગરના બીજા વળગાડોમાં વૈદે પ્રહાર તથા ખરાબ ધૂપ વગેરે પ્રતિકૂલ ક્રિયાઓ કરવી નહિ, કેમકે તેમ કરવાથી મહા સામર્થ્યવાન્ દેવ વગેરે તો વૈદ્યને પણ મારી નાખે છે.

॥ इति उन्मादाधिकार संपूर्ण ॥

અપસ્માર(વાઇ)નો અધિકાર

અપસ્મારનાં નિદાન.

चिन्ताशोकादिभिर्दोषाः क्रुद्धा हृत्स्रोतसि स्थिताः । कृत्वा स्मृतेरपध्वंसमपस्मारं प्रकुर्वते ॥

ચિંતા તથા શોકાદિકથી દોષો કોપીને હૃદયનાં સ્રોતોમાં ભરાઈને સ્મૃતિને હણે છે, તેને અપસ્માર કહે છે.

અપસ્મારની સંખ્યા.

वातात्पित्तात्कफात्सर्वैर्दोषैः स स्याच्चतुर्विधः ॥

વાત, પિત્ત, કફ, અને ત્રિદોષથી, એમ અપસ્માર ચાર પ્રકારના થાય છે.

અપસ્મારના સામાન્ય લક્ષણ.

तमः प्रवेशः संरम्भो दोषोद्रेकहतस्मृतिः ॥
अपस्मार इति ज्ञेयो गदो घोरतरो हि सः ॥

संरम्भः नेत्रविकृतिहस्तपादादिविक्षेपणादिकम् ॥

અંધારાં આવવાં, નેત્રાદિકના વિકાર, અને દોષોના કોપથી સ્મૃતિનો નાશ, અને હાથ પગ પછડાવવા એ લક્ષણોવાળો અપસ્માર નામનો રોગ બહુ ઘોર છે.

અપસ્મારનું પૂર્વરૂપ.

हृत्कम्पः शून्यता स्वेदो ध्यानं मूर्च्छा प्रमूढता । निद्रानाशश्च तस्मिंश्च भविष्यति भवन्त्यथ । शून्यता हृदयस्यैव । ध्यानं विस्मापनं मूर्च्छा मनोमोहः प्रमूढता इन्द्रियमोहः । भविष्यति भाविनि तस्मिन्नपस्मारे ॥

હૃદયમાં કંપ, જડતા, પરસેવો, ધ્યાન, મૂર્ચ્છા, મૂઢતા, અને નિદ્રાનો નાશ, એવું થાય તો જાણવું કે અપસ્માર થવાનો છે; અને પછી તે થાય છે.

વાયુથી થતા અપસ્મારનાં લક્ષણો.

कम्पते प्रदशेद्दन्तान् फेनोद्वामी श्वसित्यपि । भमितोऽरुणवर्णानि पश्येद्रूपाणि चानिलात् ॥

વાયુના અપસ્મારથી કંપ થાયછે, દાંતો કરડાય છે, ફીણની ઉલટી થાય છે, શ્વાસ ચાલે છે, અને ચારેમેર રાતાં રૂપો દેખાય છે.

પિત્તથી થતા અપસ્મારનાં લક્ષણો.

पीतफेनाङ्गवक्त्राक्षः पीतासृग्रूपदर्शनः ।
स तृष्णोष्णानलव्याप्तलोकदर्शी च पैत्तिके ॥

पीतस्यासृग्रूपस्य वा वस्तुनो दर्शनं यस्य स तापिसृग्रूपदर्शनः ॥

પિત્તના અપસ્મારથી અંગ, મુખ, અને નેત્ર વગેરેમાંથી પીળાં ફીણ આવે છે; પીળાં કે લોહી જેવાં રૂપો દેખાય છે; અને તેને સર્વલોક તૃષા, ગરમી, અને અગ્નિમય દેખાય છે.

કફથી થતા અપસ્મારનાં લક્ષણો.

शुक्लफेनाङ्गवक्त्राक्षः शीतो हृष्टाङ्गजो गुरुः।

पश्येच्छुक्लानि रूपाणि श्लेष्मिके मुच्यते चिरात् ॥

शीत. शीताङ्ग हृष्टाङ्गजो हृष्टरोमा गुरु. गुरुगात्र ॥

કફના અપસ્મારથી અંગ, મુખ, અને નેત્રાદિમાંથી ધોળાં ફીણ આવે છે, અંગોમાં શીતળતા, રોમોદ્ગમ, અને ભારેપણું થાય છે, અને શ્વેત રૂપો દેખાય છે. તે માંડ માંડ મટે છે.

ત્રણે દોષથી થતા અપસ્મારનાં લક્ષણો.

समस्तैर्लक्षणैरेतैर्विज्ञातव्यस्त्रिदोषजः । अपस्मारः स चासाध्ये यः क्षीणस्यानवश्च यः ॥

स च त्रिदोषजः असाध्य तथा क्षीणस्य अनवश्च एकदोषजोऽप्यसाध्य इत्यर्थ ॥

ઉપર કહેલા ત્રણે દોષોના લક્ષણો ભેળાં જોવામાં આવે તો તે અપસ્માર ત્રિદોષનો જાણવો, અને તે અસાધ્ય છે. ક્ષીણ માણસને તથા ઘણા દિવસનો હોય તો તે પણ અપસ્માર અસાધ્ય છે.

અપસ્મારનું અરિષ્ટ.

प्रस्फुरन्तश्च बहुशः क्षीणं प्रचलितभ्रुवम् नेत्राभ्याञ्च विकुर्वाणमपस्मारो विनाशयेत्॥

प्रस्फुरन्त गात्रस्फुरणयुक्त नेत्राभ्याञ्च विकुर्वाण नेत्रे विकृते कुर्वन्तम् ॥

ગાત્રોનું સ્ફુરણ, નબળાઈ, ભમરો ફરકતી હોય, અને નેત્રો વિકૃત થઇ ગયાં હોય, તો તેને અપસ્માર મારી નાખે છે.

અપસ્મારના પ્રકોપનો સમય.

पक्षाद्वा द्वादशाहाद्वा मासाद्वा कुपिता मलाः । अपस्मारं प्रकुर्वन्ति वेगं किञ्चिदथान्तरम् ॥

पक्षात् पित्तं द्वादशाहाद्वायुर्मासात् कफः । अपस्मारं करोतीत्यर्थ । वेग किञ्चिदथान्तर किञ्चित् स्वल्पं वेगं आन्तरम् उक्तकालानामन्तरालेऽपि कुर्वन्ति ॥

देवे वर्षत्यपि यथा भूमौ बीजानि कानिचित् । शरदि प्रतिरोहन्ति तथा व्याधिसमुच्छ्रयः ॥ अयमर्थ यथोत्पत्तिकारणसामग्र्यां सत्यामपि वास्तुकादिबीजानि स्वभावाच्छरद्येव प्ररोहन्ति । तथा हेतुभूतेषु दोषेषु विद्यमानेष्वपि स्वभावादपस्मारो द्वादशाहादिष्वेव वेग करोतीत्यर्थ. ॥

પંદર દિવસ, બાર દિવસ, અથવા એક માસમાં કોપ પામેલા મળો અપસ્માર કરે છે, એમ વેગમાં ફેર છે. (પંદર દિવસ પિત્તના, બાર દિવસ વાયુના, અને એક માસ કફનો સમજવો). અપસ્મારના કારણ રૂપ દોષો વિદ્યમાન છતાં અપસ્મારનો કોપ સવદા નહિ થવાનું કારણ જેમ મેઘ વરસ્યા છતા પણ કેટલાંક બીજ શરદઋતુમાં ઉગે છે, તેમ વ્યાધિઓ પણ આરંભ પછી થોડા દર્શન દે છે.

અપસ્મારની ચિકિત્સા.

तैलेन लशुनः सेव्यः पयसा च शतावरी । ब्राह्मीरसश्च मधुना सर्वापस्मारभेषजम् । चूर्णैः सिद्धार्थकादीनां भक्षितैरथवापि तैः । गोमूत्रपिष्टैः सर्वाङ्गलिप्तैः शाम्यत्यपस्मृतिः । सिद्धार्थशिग्रुकञ्जकिणिहीभिः प्रलेपनम् । चतुर्गुणगवां मूत्रे तैलमभ्यञ्जने हितम् ॥

कट्फलः शोनापाठा किणिही चिरचिरी ॥

निर्गुण्डीभववन्दाकनावनस्य प्रयोगतः। उपैति सहसा नाशमपस्मारो महागदः। मनोह्वा तार्क्ष्यविष्ठा च शकृत्पारावतस्य च। अञ्जनाद्धन्त्यपस्मारमुन्मादञ्च विशेषतः॥ मनोह्वा मनःशिला शकृद्विष्ठा॥

यः खादेत् क्षीरभक्ताशी माक्षिकेण वचारजः। अपस्मारं महाघोरं चिरोत्थं स जयेद्ध्रुवम्॥ वचा घोडवच॥

कूष्माण्डकफलोत्थेन रसेन परिपेषितम्। अपस्मारविनाशाय यष्ट्याह्वं स पिबेत् त्र्यहम्॥

त्र्यहमिति एतस्य पानाद्दिवसत्रयेणैवापस्मारोपशमो भवतीत्यभिप्रायः॥

ब्राह्मीरसवचाकुष्ठशङ्खपुष्पीभृतं घृतम्। पुराणं स्यादपस्मारोन्मादग्रहहरं परम्॥

एतस्य प्रक्रिया। पुराणं गोघृतं प्रस्थमितम् वचाकुष्ठशङ्खपुष्पीनां समुदितानां कुडवमितानाम् कल्केन प्रस्थमितब्राह्मीरसपिष्टेन पचेत्। ब्राह्मी घृतम्॥

कूष्माण्डकरसे सर्पिरष्टादशगुणे पचेत्। यष्ट्याह्वकल्कं तत्पानमपस्मारविनाशनम्॥

कूष्माण्डकघृतम्॥

हृत्कम्पोऽक्षिरुजा यस्य स्वेदो हस्तादिशीतता। दशमूलीजले तस्य कल्याणाख्यं प्रयोजयेत्। पञ्चकोलं समरिचं त्रिफला बिडसैन्धवम् कृष्णाविडङ्गपूतीकयवानीधान्यजीरकम्। पीतमुष्णाम्बुना चूर्णं वातश्लेष्मामयापहम्। अपस्मारे तथोन्मादेऽल्पर्शसां ग्रहणीगदे। एतत् कल्याणकं चूर्णं नष्टस्याग्नेश्च दीपनम्॥ ग्रंथकारम्॥

द्वौ कीटभेदौ विधिवदानीय रविवासरे। कण्ठे भुजे वा सन्धार्य जयेदुग्रामपस्मृतिम्॥

अयन्तु कीटो नदीतीरे सिकतामध्येतिष्ठति॥

शिग्रुकुष्ठजलाजाजीकालकमुनव्योषहिङ्गुभिः। बस्तमूत्रे घृतं तैलं नावनं स्यादपस्मृतौ॥

जलं वालकं अजाजी जीरकः बस्तः छाग नावनं नस्यम्॥

उन्मादेषु यदुद्दिष्टं पथ्यं नस्याञ्जनौषधम्। अपस्मारेऽपि तत्सर्वं प्रयोक्तव्यं भिषग्वरैः। मृतसूताभ्रलोहञ्च शिलामन्धञ्च तालकम्। रसाञ्जनञ्च तुल्यांशं नरमूत्रेण मर्दयेत्। तद्गोलद्विगुणं गन्धं लोहपात्रे क्षणं पचेत्। पञ्चगुञ्जोन्मितं भक्ष्यमपस्मारहरं परम्। व्योषं सौवर्चलं हिङ्गु नरमूत्रेण सर्पिषा। पिबेत्कर्षमितं पश्चाद्रसोऽयं भूतभैरवः॥ भूतभैरवनामा रसः। इत्यपस्माराधिकारः॥

તેલ સાથે લસણ, દૂધ સાથે શતાવરી, અને મધની સાથે બ્રાહ્મીના સ્વરસના સેવનથી સર્વ જાતના અપસ્મારો મટે છે.

સર્ષપ, સરગવો, અરલુ અને અઘેડાનું ચૂર્ણ ખાવાથી અગર તેને ગોમૂત્રમાં વાટીને લેપ કરવાથી અપસ્માર મટી જાય છે.

સર્ષપ, સરગવો, અરલુ, અને અઘેડાના કલ્ક સાથે ચોગણા ગોમૂત્રમાં પકાવેલા તેલના અભ્યંગથી અપસ્મારમાં ઠીક થાય છે.

નગડાના ઝાડ ઉપર થયેલા બીજા વૃક્ષના રસનું નસ્ય દેવાથી અપસ્મારનો મહારોગ તુરત નાશ પામે છે.

ગરૂડ તથા પારેવાંની ચરકો તથા મ-ણુશીળને આંજવાથી અપસ્માર અને ઉન્માદ અવશ્ય મટી જાય છે.

ઘોડાવજનું ચૂર્ણ મધમાં ચાટવાથી, અને દૂધ ભાત જમવાથી, લાંબાકાળનો મહા ઘોર અપસ્માર પણ મટી જાય છે.

જેઠીમધને કોહોળાના રસમાં વાટીને પીવાથી ત્રણ દિવસમાજ અપસ્માર મટે છે.

બ્રાહ્મીઘૃત—વજ, કઠ, અને શંખાવળી મળીને સોળતોલા લઈ ચોસઠ તોલા બ્રાહ્મી-ના રસમાં વાટી તે કલ્કથી પકાવેલ ગાયના ચોસઠ તોલા જૂના ઘીથી અપસ્માર અને ઉન્માદ છેક મટી જાય છે.

કોહોળાના અઢારગણા રસમાં જેઠી મધના કલ્ક સાથે પકાવેલ ઘી પીવાથી અપ-સ્મારનો નાશ થાય છે.

કલ્યાણક ચૂર્ણ—હૃદયમાં કંપ, નેત્રોમાં વ્યથા, પરસેવો, અને હાથ પગમાં શીત-ળતા હોય તો દશમૂલીના ચૂર્ણમા કલ્યાણક ચૂર્ણ મેળવીને ખવરાવવું. પીપર, પીપરીમૂળ, ચવક, ચિત્રક, સૂઠ, મરી, ત્રિફળા, બિડલૂણ, સૈંધવ, શાહજીરૂ, વાવડીંગ, અજમો, કાક-ચિયા, ધાણા, અને જીરાનું ચૂર્ણ "કલ્યાણક" કહેવાય છે. આ ચૂર્ણ દશમૂલીના ઉના કવાથ સાથે પીવાથી વાયુ તથા કફના રોગો, અપ-સ્માર, ઉન્માદ, અર્શ અને મરડો મટી જાય છે, અને નાશ પામેલો જઠરાગ્નિ પ્રદીપ્ત થાય છે.

ગ્રંથ બહારનો ઉપાય—નદીના કિનારે રેતીમાં રહેનારા એક જાતના કીડાનાએલિગ રવિવારે લાવીને ગળામાં અથવા હાથમાં બાંધી રાખવાથી ઉગ્ર અપસ્માર પણ મટી જાય છે.

શિગ્વાદિ નસ્ય—સરગવો, કઠ, વાળો, જીરૂ, લસણ, સૂંઠ, મરી, પીપર, અને હિં-ગના કલ્કથી બકરાના મૂત્રમાં પકાવેલા તે-લના નસ્યથી અપસ્માર મટી જાય છે.

જે જે પથ્ય, નસ્ય, અંજનો, અને ઔષધો ઉન્માદો માટે કહેવાય છે, તે સર્વે ઉત્તમ વૈદ્યોએ અપસ્મારમાં પણ વાપરવાં.

ભૂતભૈરવરસ—પારો, અભ્રકભસ્મ, લોહભસ્મ, મણુશીળ, ગંધક, હરતાળ, અને રસવંતી સમ ભાગે લેઈ માણુસના મૂત્રમાં વાટી ગોળો કરી તેની આસપાસ બમણો ગંધક ભરીને એક લોઢાના વાસણમાં ક્ષણ-માત્ર પકાવવાથી ભૂત ભૈરવ રસ થાય છે. તે પાંચ રતિભાર ખાવાથી અપસ્મારનો તે ઉત્તમ ઉપાય છે. આ રસ ખાઇને સૂઠ, મરી, પીપર, અને હિંગ મળીને એક તોલો લઈ માણુસના મૂત્રની તથા ઘીની સાથે પીવાં.

॥ इति अपस्माराधिकार संपूर्ण. ॥

વાત વ્યાધિનો અધિકાર.

વાત વ્યાધિનો નિદાનો.

कषायकटुतिक्तकप्रमितरूक्षलघ्वन्नतः पुरः पवनजागरमतरणाभिघातश्रमैः । हिमाद्-नशनात्तथा निधुवनाच्च धातुक्षयान्मसादि-परिधारणान्मदनशोकचिन्ताभयैः । अति-क्षतजमोक्षणादद्रुतातिमांसक्षयादतीव व-मनाघृणामतिविरेचनादामतः । पयोदसमये दिनक्षणदयोस्तृतीयांशयोर्जरामतिगते क्षिते शिशिरसंज्ञकालेऽपि च । देहे स्रोतांसि रिक्तानि पूरयित्वाऽनिलो बली । करोति विविधान् रोगान् सर्वाङ्गैकाङ्गसंश्रयान् ॥

आमितं अत्र वैपरीत्येनोपसर्गस्तेन अपरिमित-मित्यर्थः प्रकर्षेण मितमत्यल्पं वाल्व्यन्नम् । अतिपुराणशाल्यादि । कतिचिदन्नानि नवान्यपि वातुलानि । यत आह गुणरत्नमालायाम् ॥

नीवारस्त्रिपुटः सतीनचणकश्यामाकमुद्राढको निष्पावाश्च मकुष्ठकश्च वरटा मङ्गल्यकः कोद्रवः ॥

एते वातकरा इति शेषः । नीवाराः प्रसाधिकातीनीति लोके त्रिपुट. खेसारी सतीनः कलायः । निष्पावो राजमाषः वोडा इति लोके । मकुष्ठकः मोठ इति लोके । वरटा वरटिका वरै इति लोके मङ्गल्यः मसूरी । पुरः पवनः प्राग्वात । आमतः आमेन मार्गावरणात् । यत उक्तम् । वायोर्धातुक्षयात्कोपो मार्गस्यावरणेन चेति । पयोदसमये वर्षासु । जरामतिगते शिते भुक्तेऽतीवजीर्णतां गते देहे स्रोतांसि इत्यादिना संप्राप्तिरुक्ता कषायादिभिर्हेतुभि । वर्षादिसमये हेतुभूते बली अनिलः प्रवृद्धो वायुः करोति विविधान् रोगान् ते रोगाः कथ्यन्ते ॥

शिरोग्रहोऽल्पकेशता जृम्भात्यर्थं अनुग्रहः । जिह्वास्तम्भो गद्गदत्वं मिन्मिनत्वश्च मूकता । वाचालता प्रलापश्च रसानामनभिज्ञता । बाधिर्यं कर्णनादश्च स्पर्शाज्ञत्वं यथार्दितम् । मन्यास्तम्भोऽत्र गणितो बाहुशोषोऽपबाहुकः । वर्णिता चैव विश्वाची ऊर्ध्ववात उदीरितः । आध्मानश्च प्रत्याध्मानं वाताष्ठीला प्रत्यष्ठीला । तूनी च प्रतितूनी च वह्निवैषम्यमेव च । आटोपः पार्श्वशूलश्च त्रिकशूलं तथैव च । मूत्रणं मूत्रनिग्रहो मलमाढता । पुरीषस्याप्रवृत्तिश्च गृध्रसी च ततः परा । कलायखञ्जता वापि खञ्जता पङ्गुता तथा । क्रोष्टुशीर्षकखल्यौ च वातकंटक एव च । पादहर्षः पाददाह आक्षेपो दण्डकाभिधः । वातपित्तकृताक्षेपस्तथा दण्डापतानकः । अभिघातकृताक्षेप आयामो द्विविधः स्मृतः । आन्तरश्च तथा बाह्यो धनुर्वातश्च कुब्जकः । अपतन्त्रोपतानश्च पक्षाघातो खिलाङ्कः । कम्पः स्तम्भो व्यथा तोदो भेदश्च स्फुरणं तथा । रौक्ष्यं कार्श्यञ्च कार्ष्ण्यञ्च शैत्यं लोम्नाञ्च हर्षणम् । अङ्गमर्दोऽङ्गविभ्रंशः शिरासङ्कोच एव च । अङ्गशोषश्च भीरुत्वं मोहश्च चलचित्तता । निद्रानाशः स्वेदनाशो बलहानिस्तथैव च । शुक्रक्षयो रजोनाशो गर्भनाशः परिश्रमः । एत एवाशीतिसंख्या रोगा योगेन रूढितः । वातव्याधीति नामानो मुनिभिः परिकीर्तिताः ॥

एत एव शिरोग्रहादय एव योगेन वाताद्व्याधिर्वातव्याधिरिति निरुक्त्या तदा वातज्वरादिष्वपि प्रसङ्ग. स्यादत आह । रूढितः प्रसिद्धितः शिरोग्रहादयोऽशीतिरेव वातव्याधिसंज्ञाप्रसिद्धा न तु वातज्वरादयः ॥

તુરાં તીખાં, કડવાં, પ્રમાણ વગરનાં રૂક્ષ, અલ્પ, અને બહુ જુનાં અન્ન ખાવાથી, પૂર્વદિશાનો પવન, જાગરણ, પાણીમાં તરવું, વાગવું, અને કામથી; ટાઢ, ભૂખ, અતિ મૈથુન, ધાતુક્ષય, અને મળાદિક રોકવાથી; કામ, શોક, ચિંતા, ભય, બહુ લોહી જતું રહેવું, અને રોગને લીધે થયેલા માંસના

અત્યંત ક્ષયથી; ઉલટી, બહુ વિરેચન, અને આમથી; વર્ષાઋતુમાં, રાત્રી તથા દિવસના ત્રીજા ભાગોમાં, અન્ન જીર્ણ થયા પછી, અને શિશિર ઋતુમાં; પ્રબળ થયેલો વાયુ શરીરનાં ખાલી પડેલાં સ્રોતોમાં ભરાઈને વિવિધ પ્રકારના કે શરીરના એકદા ભાગના રોગોને ઉત્પન્ન કરે છે.

ગુણ રત્નમાળા નામના ગ્રંથમાં કહેલું છે કે—" નાનવી, મકાઈ, વટાણા, ચણા, સામો, મગ, તુવેર, વાલ, મઠ, કસુંબાનાં બીજ, મસૂર, અને કોદરા, એ ધાન્યો વાયુને વધારનારાં છે, આમથી માર્ગનું આવરણ થાય છે, માટે આમથી પણ વાયુના રોગો ઉત્પન્ન થવાનું કહ્યું છે. બીજા ગ્રંથોમાં લખે છે કે—ધાતુના ક્ષયથી અને માર્ગના આવરણથી વાયુ કોપે છે.

વાત વ્યાધિઓનાં નામો.

શિરોગ્રહ, અલ્પકેશતા, જૃંભા, હનુગ્રહ, જિહ્વાસ્તંભ, ગદ્ગદત્વ, મિન્મિનત્વ, વાચાલતા, પ્રલાપ, રસાનભિજ્ઞતા, બાધિર્ય, કર્ણનાદ, સ્પર્શાજ્ઞત્વ, અર્દિત, મન્યાસ્તંભ, બાહુશોષ, અપબાહુક, વિશ્વાચી, ઉર્ધ્વવાત, આધ્માન, પ્રત્યાધ્માન, વાતાષ્ઠીલા, પ્રત્યષ્ઠીલા, તૂની, વન્હિવૈષમ્ય, આટોપ, પાર્શ્વશુલ, ત્રિકશુલ, મુહુર્મૂત્રણ, મૂત્રનિગ્રહ, મલબાદ્ધતા, પુરીષાપ્રવૃત્તિ, ગૃધ્રસી, કલાપખંજતા, ખંજતા, પંગુતા, ક્રોષ્ટુશીર્ષક, ખલ્લી, વાતકંટક, પાદહર્ષ, પાદદાહ, આક્ષેપદંડક, વાતપિત્તકૃતાક્ષેપ, દંડાપતનક, અભિઘાત, કૃતાક્ષેપ અંતરાયામ, બાહ્યાયામ, ધનુર્વાત, કુબ્જક, અપતંત્ર, અપતાન, પક્ષાઘાત, સર્વાંગક, કંપ, સ્તંભ, વ્યથા, તોદ, ભેદ, સ્ફુરણ, રૌક્ષ્ય, કાર્શ્ય, કાર્ષ્ણ્ય, શૈત્ય, લોમહર્ષણ, અંગમર્દ, અંગવિભ્રંશ, શિરાસંકોચ, અંગશોષ, ભીરૂત્વ, મોહ, ચલચિત્તતા, નિદ્રાનાશ, સ્વેદનાશ, બલહાનિ, શુક્રક્ષય, રજોનાશ, ગર્ભનાશ, પરિભ્રમ, આટલા એંશી રોગો યોગથી થાય છે, તેને મુનિઓએ વાતવ્યાધિ નામ આપેલ છે

ઉપર કહેલા ૮૦ રોગોજ વાતવ્યાધિમાં ગણાય છે, વાતજ્વરાદિ વ્યાધિને વાતવ્યાધિમાં ગણવા નહિ.

વાત વ્યાધિઓની સામાન્ય ચિકિત્સા.

मधुरलवणसाम्लस्निग्धनस्योष्णानिद्रागुरुरविकरवास्तिस्वेदसन्तर्पणानि । दहनजलदरोषाभ्यङ्गसंमर्दनानि प्रकुपितपवमानं शान्तमेतानि कुर्युः ॥

મધુર, ખારા, ખાટા, સ્નિગ્ધ, નસ્ય, ઉષ્ણ, નિદ્રા, ગુરૂ, તડકો, બસ્તિ, સ્વેદ, સંતર્પણો, ડામ, વર્ષાદ, ક્રોધ, અભ્યંગ, અને સંમર્દન, વગેરે કોપ પામેલા પવનને શાંત કરે છે

શિરોગ્રહનું લક્ષણ.

रक्तमाश्रित्य पवनः कुर्यान्मूर्द्धधराः शिराः । रूक्षाः सवेदनाः कृष्णाः सोऽसाध्यः स्याच्छिरोग्रहः ॥ मूर्द्धधरा ग्रीवागताः स पवन शिरोग्रहः स्यादित्यन्वयः । स चासाध्यः ॥

રક્તમાં પેસીને વાયુ ડોકની શિરાઓને રૂક્ષ, વેદનાવાળી, તથા કાળી કરી નાંખે છે. આ શિરોગ્રહ અસાધ્ય છે.

શિરોગ્રહની ચિકિત્સા.

शिरोग्रहे तु कर्त्तव्या शिरागतमरुत्क्रिया । दशमूलीकषायेण मातुलुङ्गरसेन च । मृतने तैलेनाभ्यङ्गः शिरो बस्तिश्च युज्यते ॥

શિરોગ્રહ માટે શિરામાં પેઠેલા વાયુની ક્રિયા કરવી. દશમૂલીનો ક્વાથ અને બિલ્વેશના રસમાં પકાવેલા તેલનો અભ્યંગ તથા શિરોબસ્તિ દેવી.

જૃંભાનું લક્ષણ.

पीत्वैकं श्वासमनिलः पुनस्त्यजति वेगवान् । आलस्यनिद्रायुक्तश्च स जृम्भ इति कथ्यते ॥ जृम्भशब्दस्त्रिलिङ्गः तथा च जृम्भस्तु त्रिषु जृम्भणमित्यमरः ॥

એક શ્વાસને પીને વાયુ તેને વેગથી પાછો મૂકી દે છે, તે આળસ અને નિદ્રા સહિત જૃંભા (બગાસાં) કહેવાય છે.

જૃંભાની ચિકિત્સા.

शुण्ठी पिप्पलपूषणं दीप्यकश्च सिन्धूद्भूतं चेति सर्वं पृथग्वा । तद्रूपं वा सूक्ष्मचूर्णीकृतं वा जृम्भारम्भस्तम्भकृत् स्यात्तदेव । जृम्भावेगे समुत्पन्ने शोभने शयने नरम् । स्वापयेत्तेन नियमाज्जृम्भावेगः प्रशाम्यति । जृम्भावेगः क्षयं याति कटुतैलेन मर्दनात् । भोजनात् स्वादु भोज्यानां तथा ताम्बूलभक्षणात् ॥

સૂંઠ, પીપર, મરી, અજમો, અને સૈંધવને જુદાં જુદાં અથવા ભેળાં, આખાં પાખા વાટીને અથવા ઝીણું ચૂર્ણ કરીને તે ખાવાથી બગાસાં તુરત મટે છે.

બગાસાં શરૂ થાય કે તુરત સુંદર શયનમાં સૂઇ જવાથી તે શાંત થઈ જાય છે.

સરસિયા તેલના મર્દનથી, તથા મીઠાં ભોજનો જમવાથી તથા નાગરવેલનાં પાન ચાવવાથી બગાસાં મટે છે.

હનુગ્રહનાં નિદાન તથા લક્ષણો.

जिह्वानिर्लेखनाच्छुष्कभक्षणादभिघाततः । कुपितो हनुमूलस्थः स्रंसयित्वाऽनिलो हनुम् । करोति विवृतास्यत्वमथवा संवृतास्यताम् । हनुग्रहः स तेन स्यात् कृच्छ्राच्चर्वणभाषणम् ॥ स्रंसयित्वा अधः कृत्वा विवृतास्यत्वं व्यात्तमुखत्वम् । निर्लेखनं घर्षणम् शुष्क चणकादि संवृतास्यत्व दन्तलग्नताम् ॥

જીભ ઘસાવાથી, શુષ્ક પદાર્થો ખાવાથી, અને વાગવાથી કુપિત વાયુ હડપચીના મૂળમાં રહીને હડપચીને નીચી કરી નાંખીને મુખને બંધ કરી દે છે, અથવા ખુલ્લુંજ રાખી મૂકે છે, એથી માંડ ચાવી તથા બોલી શકાય છે. આ રોગને હનુગ્રહ કહેવામાં આવે છે.

હનુગ્રહની ચિકિત્સા.

संहृतं चिबुकं स्निग्धं स्विन्नमुन्नमयेद्भिषक् । विवृतं नमयित्वा तु कुर्यात्स्थानस्थितं क्रियाम् । पिप्पलीमार्द्रकञ्चापि सञ्चर्व्य च मुहुर्मुहुः । निष्ठीवेच्चस्ततोयेन शोधयेद्वदनान्तरम् । निष्कुल्यलशुनं सम्यक् संक्षुद्य तिलतैलवत् । सैन्धवेनान्वितं खादेद्धनुस्तम्भार्दितो नरः । रसोनगुटिकाश्चापि दिङ्कं परिपेष्यः च । योजयेत् पिष्टिकान्ताश्च सैन्धवार्द्रकहिङ्गुभिः । ततस्तु वटकान् कृत्वा तिलतैले पचेच्छनैः । भक्षयेत्तान्यथा वह्निर्हनुस्तम्भात् सुखी भवेत् । अभ्यज्य पक्वतैलेन स्वेदयेन्मृदुनाग्निना । वस्तिं विधारयेन्मूर्ध्नि तैलेन परिपूरितम् । समूलप्रशाखायाः प्रसारण्याः शतं पलम् । स-

म्यक् संक्षुद्य सलिले द्रोणमात्रे पचेद्भिषक् । सलिलस्य चतुर्थांशं क्वाथं समवशेषयेत् । ततः पलशते तं कषायं पुनः पचेत् । पचेत्पलशतं मस्तु काञ्जिकं मस्तुनः समम् । ततः शुद्धं पचेद् दुग्धं गव्यं तैलाच्चतुर्गुणम् । चित्रकं पिप्पलीमूलं मधुकं सैन्धवं वचा । शतपुष्पा देवदारु रास्ना च गजपिप्पली । प्रसारणीभवं मूलं मांसी रक्तश्च चन्दनम् । तथा वातारिमूलश्च बलामूलश्च नागरम् । तैलस्य चाष्टमांशेन सर्वकल्कानि साधयेत् । नाम्ना प्रसारणीतैलं विख्यातं तत्प्रयुज्यते । पाने नस्ये शिरोबस्तौ मर्दने स्वेदने तथा । प्रयुक्तं वातजान् रोगान् सर्वानपि विनाशयेत् । विशेषतो हनुस्तम्भं जिव्हास्तम्भं तथार्दितम् । तद्वदत्वश्च विश्वाचीं मन्यास्तम्भापबाहुकौ । त्रिकशूलं गृध्रसीञ्च खञ्जतां पङ्गुता तथा । कलायखञ्जतां खञ्जं स्तम्भं सङ्कोचमेव च । आन्तरं बाह्यमायामं तथा दंडापतानकम् । धनुर्वातञ्च कुब्जत्वं व्यपोहति न संशयः । क्षीणानां स्थविराणाञ्च वातसङ्कोचितात्मनाम् । प्रसारयेद्यतोऽङ्गानि तदुक्तैषा प्रसारणी ॥ प्रसारणीतैलम् ॥

મુખ બીડાઈ ગયુ હોય તો સ્નેહન તથા સ્વેદનથી હડપચીને ઊંચી કરવી, અને મુખ ખુલ્લુ હોયતો નીચી કરવી.

પીપર તથા આદુ ચાવી ચાવીને થુંકવું, તથા ગરમ પાણીથી મુખ ધોવું.

ફોતરાં કાઢીને લસણને કચરીને તલનું તેલ તથા સૈંધવ સાથે ખાવાથી હનુગ્રહ મટી જાય છે.

અડદની પલાળેલી દાળ તથા લસણુની કળીને વાટીને તેમાં સૈંધવ, આદુ, તથા હિંગ નાંખીને તેનાં વડાં કરી તલના તેલમાં પકાવી, અગ્નિના બળ પ્રમાણે ખાવાથી હનુગ્રહ મટી જાય છે.

પ્રસારણી તેલ—મૂળ, પાન તથા શાખા સહિત ૪૦૦ તોલા પ્રસારણી એટલે નારીને કચરીને ૧૦૨૪ તોલા પાણીમાં ક્વાથ પકાવી, ચોથો ભાગ રહે એટલે તેમાં ૪૦૦ તોલા તેલ પકાવવું. પછી એ તેલને ક્રમસર ૪૦૦ તોલા દહિના પાણીમાં તથા ૪૦૦ તોલા કાંજીમાં પકાવવું. પછી ચોગણા ગાયના દૂધમાં એ તેલને પકાવવું. પછી ચિત્રક, પીપરીમૂળ, જેઠીમધ, સૈંધવ, વજ, સૂવા, દેવદાર, રાસ્ના, ગજપીપર, નારીનાં મૂળ, જટામાંસી, રતાંજળી, એરંડાનાં તથા ખપાટનાં મૂળો, અને સુંઠ, એ સર્વ મળીને તેલના આઠમા ભાગ જેટલાં લેઇ, તેમના કલ્કથી તે તેલને પકાવવુ. આ પ્રસારણી તેલ પીવામાં, નસ્યમાં, માથાના બસ્તિમાં, મર્દનમાં, અને સ્વેદનમાં વાપરવાથી સર્વ વાતવ્યાધિઓ નાશ પામે છે. વિશેષે કરીને હનુગ્રહ, જિહ્વાસ્તંભ, અર્દિત, ગદ્ગદત્વ, વિશ્વાચી, મન્યાસ્તભ, અપબાહુક, ત્રિકશૂલ, ગૃધ્રસી, ખજતા, પંગુતા, કલાપખંજતા, ખજ, સ્તંભ, સંકોચ, અંતરાયામ, બાહ્યાયામ, દંડાપતાનક, ધનુર્વાત, અને કુબ્જત્વને નાશ કરે છે, એમાં સંશય નથી. વાયુથી અંગમાં સંકોચ પામેલા, ક્ષીણ થયેલા, અને વૃદ્ધ માણસોનાં અંગોને આ તેલ સંકોચ વગરનાં કરેછે, એટલા માટે આ પ્રસારણી તૈલ કહેવાય છે.

જીહ્વાસ્તંભનાં લક્ષણ.

वाग्वाहिनी शिरासंस्थो जिव्हां स्तम्भयतेऽनिलः । जिव्हास्तम्भः स तेनान्नपानवाक्येष्वनीशता ॥ अनीशताऽसामर्थ्यम् ॥

વાણીને ચલાવનારી શિરામાં રહીને વાયુ જીભને જડ કરી દે છે, એ જિહ્વાસ્તંભથી ખાવા, પીવા, તથા બોલવામા હરકત થાય છે.

જીહ્વાસ્તંભની ચિકિત્સા.

जिव्हास्तम्भे यथावस्थं वातव्याधिचिकित्सितम् । सामान्योक्ता क्रिया चार्दितस्यापि हिता मता ॥

જિહ્વાસ્તંભમાં અવસ્થાદિકને અનુસરીને વાતવ્યાધિઓની જે સામાન્ય ચિકિત્સાઓ છે તે કરવી, તથા અર્દિતની ચિકિત્સા પણ કરવી તે હિતકારી છે.

ગદ્‌ગદત્વ, મિન્મિનત્વ, તથા મૂકતાનાં લક્ષણો.

आवृत्य वायुः सकफो धमनीः शब्दवाहिनीः । नरान् करोत्यवचनान् मूकमिन्मिनगद्गदान् ॥ अवचनान् अत्र ईषदर्थे नञ् तेन ईषद्वचनान् स एव वायु प्रबलश्चेदत्ता मूकान् अवचानान् मिन्मिनान् सानुनासिकवचनान् गद्गदान् लुप्तपदव्यञ्जनाभिधायिनः करोतीत्यन्वयः । एषां समानाधिकारणत्वेऽपि दुष्टेरुत्कर्षादिना अदृष्टवशाद्वा भेदो बोधव्यः ॥

શબ્દવાહિની ધમનીને કફ સહિત વાયુ વીંટી વળીને માણસને ગદ્‌ગદ, ગુંગણું બોલનાર, અને મૂંગા કરી નાંખે છે. (પદોનો તથા વ્યંજનનો લોપ થઇ જાય એવું જે બોલવું તે ગદ્‌ગદ કહેવાય છે. ગુંગણું એટલે નાકમાંથી બોલવું.) એ સઘળા ઉપદ્રવ થવાનું સ્થાન એકજ છે; પણ દોષની અધિકતા પ્રમાણે અથવા પ્રારબ્ધયોગથી રોગોના ભેદ થાય છે-

ગદ્‌ગદત્વાદિકની ચિકિત્સા.

प्रस्थं घृतस्य पलिकैः शिग्रुवचालवणधातकीलोध्रैः । आजे पयसि सपाठैः सिद्धं सारस्वतं नाम्ना । विधिवदुपयुज्यमानं जडगद्गदमूकतां क्षणाज्जित्वा । स्मृतिमतिमेधाप्रतिभाः कुर्यात् सुस्पष्टवाग्भवति ॥

सारस्वतं घृतम् ॥

सहरिद्रां वचां कुष्ठं पिप्पली विश्वभेषजम् । अजाजी चाजमोदा च यष्टीमधुकसैन्धवम् । एतानि समभागानि सूक्ष्मचूर्णानि कारयेत् । तच्चूर्णं सर्पिषा लेहं प्रत्यहं भक्षयेन्नरः । एकविंशतिरात्रेण भवेच्छ्रुतिधरो नरः । मेघदुन्दुभिनिर्घोषो मत्तकोकिलनिस्वनः कल्याणकावलेह ॥

સારસ્વત ઘૃત—સરગવો, વજ, સૈંધવ, ધાવણી, લોદર, અને કાળીપાડ એ ચાર ચાર તોલા લેઈ કલ્ક કરી તે સાથે બકરીના દૂધમાં પકાવેલું ૬૪ તોલા ઘી સારસ્વત ઘૃત કહેવાય છે. આ ઘીના યોગ્ય વિધિ પ્રમાણે ઉપયોગથી જડતા, ગદ્‌ગદ વાણી, અને મૂંગાપણું, ક્ષણમાત્રમાં હણાઇ જાય છે; વાણી સ્પષ્ટ થઇને સ્મૃતિ, મતિ, મેધા અને તર્કશક્તિ પ્રાપ્ત થાય છે.

કલ્યાણકાવલેહ—હળદર, વજ, કઠ, પીપર, સૂંઠ, જીરૂં, બોડીઅજમોદ, જેઠીમધ, અને સૈંધવનું સમભાગે બારીક ચૂર્ણ કરી

તે નિત્ય ઘીમાં ચાટવાથી માણસ એકવીસ રાત્રી ઉપરની કહેલી વાત પણ ન ભૂલે એવો, મેઘ તથા દુંદુભિ જેવા શબ્દવાળો, અને મહોન્મત્ત કોયલાના જેવા શબ્દવાળો થાય છે.

પ્રલાપનુ લક્ષણ

स्वहेतुकुपितात्वाताद्संबद्धमनिरर्थकम् । वचनं यत्परो ब्रूते स प्रलापः प्रकीर्तितः ॥

પોતાનાં કારણોથી કુપિત થયેલા વાયુને લીધે માણસ અસંબદ્ધ અને અર્થ રહિત બકે છે, તેને પ્રલાપ કહે છે.

પ્રલાપની ચિકિત્સા

सतगरवरतिक्तोरवताम्भोदतिक्तानलदतुरगगन्धाभारतीहारहूराः । मलयजदशमूली शङ्खपुष्प्यः सुपकाः प्रलपनमपहन्युः पानतो नातिदूरात् ॥ वरतिक्तोऽत्र पर्पटः नलदमुशीर भारती ब्राह्मी । हारहूरा द्राक्षा ॥

તગર, ખડસલિયો, ગરમાળો, મોથ, કડુ, કાળોવાળો, આસોંદ, બ્રાહ્મી, દ્રાક્ષ, ચદન, દશમૂળી, અને શખાવલીનો બહુ પરિપકવ કવાથ કરીને પીવાથી પ્રલાપ તુરત મટી જાય છે.

રસાજ્ઞાનનું લક્ષણ

भुञ्जानस्य नरस्यान्नं मधुरप्रभृतीन् रसान् । रसज्ञा यत्र जानाति रसाज्ञानं तदुच्यते ॥

અન્ન ખાતા માણસને મધુર વગેરે રસોનુ જ્ઞાન જીભ પારખી શકતી નથી, તેને રસાજ્ઞાન કહે છે.

રસાજ્ઞાનની ચિકિત્સા.

घर्षेज्जिव्हाजडां सिन्धुत्र्यूषणैः साम्लवेतसैः । अम्लवेतसकाभावे चुक्रं दातव्यमीरितम् । किराततिक्तकाकद्वी कुटजस्य फलं वचा । ब्राह्मीफलश्च पाठार्क सर्जिका कृष्णजीरकम् । पिप्पली पिप्पलीमूलं चित्रं नागरमूषणम् । एषां कल्कैर्मुहुर्घर्षेज्जिव्हिकामार्दिकारसैः । तेन सम्यग्विजानातिरसना सकलान् रसान् । कल्कः किराततिक्तादिर्जिह्वायाः शून्यता हरेत् ॥ बाधिर्यकर्णनादयोर्लक्षण चिकित्सा च तदधिकारे वक्ष्याम ॥

સૈંધવ, સૂંઠ, મરી, પીપર અને અમ્લવેતસને જીભ ઉપર ઘસવાં અમ્લવેતસ ન મળે તો ચૂકો લેવો.

કિરાત તિક્તાદિ કલ્ક

કરિયાતું, કડુ, ઇંદ્રજવ, વજ, બ્રાહ્મી, ખાખરાનાં ફળ, સાજીખાર, કાળીજીરી, પીપર, પીપરીમૂળ, ચિત્રક, સૂઠ, અને મરીનો આદાના રસમાં કલ્ક કરીને જીભ ઉપર વારવાર ઘસવાથી સારી રીતે સર્વ રસોની ખબર જીભને પડી શકે છે આ કિરાતતિક્તાદિ કલ્ક જીભની જડતાને મટાડે છે

(બાધિર્ય અને કર્ણનાદ વિષે કાનના રોગોમા કહેવામાં આવશે)

ત્વકશુન્યતાનાં લક્ષણ.

स्पृश्यमाना त्वचा या तु शीतोष्णं मृदुकर्कशम् । न जानाति बुधैस्त्वक् च शून्येति परिकीर्तिता ॥

શીત, ઉષ્ણ, કોમળ, કઠણ, વગેરે સ્પર્શથી ત્વચાને ખબર ન પડે, તો વિદ્વાનોએ તેને ત્વકશૂન્યતા કહેલ છે.

ત્વકશુન્યતાની ચિકિત્સા.

सुप्तवाते त्वसृङ्मोक्षं कारयेद्बहुशोभिषक्
दद्याच्च लवणाङ्गारधूमतैलसमन्वितः ॥

ચામડી જડ થાય તો વૈદ્યે રોગીનુ લોહી કઢાવી નાંખવુ, તથા તેલ અને સૈંધવ અગ્નિ ઉપર નાખીને તેનો ધૂમાડો દેવો.

અર્દિતનાં લક્ષણો

उच्चैर्व्याहरतोऽत्यर्थं खादतः कठिनानि च । हसतो जृम्भतो भाराद्विषमाच्छयनासनात् । शिरोनासौष्ठचिबुकललाटेक्षणसन्धिगः । अर्दयत्यनिलोवक्त्रमर्दितं जनयेत्ततः । वक्रीभवति वक्त्रार्द्धं ग्रीवा चाप्यपवर्त्तते । शिरश्चलति वाक्सङ्गो नेत्रादीनाञ्च वैकृतम् । ग्रीवाचिबुकदन्तानां तस्मिन् पार्श्वे च वेदना । तमर्दितमिति प्राहुर्व्याधिं व्याधिविशारदा ॥ व्याहरत वदतः काठिनानि पूगफलादीनि विषमात् शयनासनात् ग्रीवादिवैपरीत्येन शयनादासनाच्च अर्दयति पीडयति ततस्तदन्तरम् अर्दित जनयत् अर्दिते जाते किं स्यात्तदाह । वक्री भवति इत्यादि अपवर्त्तते वक्री भवति चलति कम्पते वाक्सङ्गवाङ्निरोध· नेत्रादीनामित्यादिशब्देन भ्रूगण्डनासिकादीना ग्रहणम् वैकृत्यं वेदनास्फुरणवक्रत्वादि यस्मिन् पार्श्वेऽर्दितं तस्मिन् पार्श्वे ग्रीवादीनां वेदना ॥

वातपित्तात्कफाच्च स्यात्त्रिविधं तत्समासतः । लालास्रावो व्यथा कम्पः स्फुरणं हनुवाग्ग्रहः । ओष्ठयोः श्वयथुः शूलश्चार्दिते वातजे भवेत् । पीतमास्यं ज्वरस्तृष्णा पित्तजे मोहधूपने । गण्डे शिरसि मन्यायां शोथस्तम्भः कफात्मके ॥

ઉંચેસ્વરે બોલવાથી, કઠણ પદાર્થો ખાવાથી, બહુજ હસવાથી, બહુ બગાસાં ખાવાથી, ભાર ઉપાડવાથી, ડોક મરડીને વિષમ રીતે સુવાથી, અને વિષમ રીતે બેસવાથી, માથું, નાક, હોઠ, હડપચી, લલાટ, તથા નેત્રોના સંધિઓમા રહેલ વાયુ મોઢાને પીડે છે, તેથી અર્દિયો વા થાય છે એથી અરધુ મોઢું વાંકું થઇ જાય છે, ડોક વાંકી થઇ જાય છે, માથું કપે છે, બોલતાં અટકાય છે, અને નેત્ર, ભમર, ગાલ, અને નાકમા પીડા, સ્ફુરણ, તથા વાંકાપણું થાય છે. જે બાજુએ વા નીકળે છે તે બાજુએ ડોક, હડપચી, તથા દાંતોમાં દરદ થાય છે. વ્યાધિ ઓળખવામા પ્રવીણ વૈદ્યો આ રોગને અર્દિત કહે છે. વાત, પિત્ત, અને કફ, એમ સાધારણ રીતે ત્રણ પ્રકારનો આ રોગ છે. વાયુથી અર્દિત થયો હોય તો લાળ ગરે છે, પીડા થાય છે, સિરાઓ ફરકે છે, હડપચી ઝલાઈ જાય છે, બોલતા અટકાય છે, હોઠ સૂજે છે, અને શુળ નીકળે છે. પિત્તથી અર્દિત થયો હોયતો મોઢુ પીળુ પડે છે, જ્વર તથા તરશ અને મોહ થાય છે, અને ગરમી થાય છે. કફથી થયો હોયતો ગાલ, માથું, અને કંઠની બાજુની શિરાઓમાં સોજો થાય છે, અને તે અક્કડ થઈ જાય છે.

અર્દિતની અસાધ્યતા.

क्षीणस्यानिमिषाक्षस्य प्रसक्ता व्यक्तभाषिणः । न सिध्यत्यर्दितं गाढं त्रिवर्षं वेपनस्य च ॥ अनिमिषाक्षस्य निमेषासमर्थचक्षुष प्रसक्तं प्रकर्षेण लग्नम् अव्यक्तञ्च भाषितुं शीलं यस्य तस्य आर्दितं न सिध्यति त्रिवर्षं अतीतवर्षत्रयम् । अथवा त्रयाणां चक्षुर्नासामुखानां वर्षः

स्रावो यत्र तत्र वेपनस्य कम्पनशीलस्य तस्य गाढमतिशयेन न सिध्यतीत्यन्वय ॥

નબળાઈ હોય, નેત્રો મટકા મારી શકતા ન હોય, અસ્પુટ, અને અવ્યક્ત ભાષણ થતું હોય, કંપ થયો હોય, રોગ ત્રણ વર્ષનો જૂનો હોય, અને નેત્ર, નાક તથા મોઢું સ્રવતાં હોય તો તે અર્દિત મટતોજ નથી.

અર્દિતની ચિકિત્સા.

स्नेहपानानि नस्यञ्च भोज्यान्यनिलबस्ति च । उपनाहाश्च शस्यंते नावनं बस्तयोऽर्दिते ॥ बस्तिरत्र शिरोबस्तिरेव ॥

दशमूलकषायेण मातुलुङ्गरसेन वा । बलया पञ्चमूत्या वा क्षीरं वातात्मके हितम् । पिष्टं मांसघृतं जग्ध्वा नवनीतेन सोऽर्दिती । क्षीरमांसरसैर्भुक्त्वा दशमूलीरसं पिबेत् । अर्दिते पित्तजे शीतान् स्नेहांश्चैव विनिर्दिशेत् । घृतबस्तिप्रसेकश्च क्षीरमेकं तथैव च । जिह्मीभूताननो मूको दाहवान् योऽर्दितो भवेत् । कुर्यात् प्रतिक्रियां तस्य वातपित्तविनाशिनीम् । श्लेष्मभागे क्षयं नीते बृंहणैः समुपाचरेत् । अर्दिते शोथसंयुक्ते वमनं च प्रशस्यते । रसोनकल्कं तिलतैलमिश्रं खादेन्नरो योऽर्दितरोगयुक्तः । तस्यार्दित नाशमुपैति शीघ्रं वृन्दं घनानामिव वायुवेगात् ॥

અર્દિતવાળાને સ્નેહપાનો, નસ્ય, વાતહર ભોજનો, શિરોબસ્તિ, તથા વાતહર બંધારણો, એ સર્વ ઉત્તમ ઉપાયો છે.

વાતાર્દિતમાં દશમૂળીના કવાથથી, બીજોરાના રસથી, અથવા ખપાટના કે પંચમૂળીના કવાથથી પકાવેલું દૂધ પાવું તે સારૂં છે

માંસ તથા ઘીને માખણ સાથે ખાઈને દૂધ તથા માંસ રસનુ ભોજન કરવું, અને પછી દશમૂળીનો રસ અર્દિતવાળાએ પીવો જોઈએ.

પિત્તાર્દિતમાં શીતળ સ્નેહો દેવા, માથામાં ઘીની બસ્તી દેવી, તથા વિશેષે કરીને તેને દૂધ આપવું.

અર્દિતમાં મુખ વાંકુ થઈ ગયુ હોય, દાહ થતો હોય, અને મૂગો થઈ ગયો હોય તો તેને વાતપિત્તહર ઉપચારો કરવા.

કફાર્દિતમાં કફનો નાશ કરીને પછી પૌષ્ટિક પદાર્થો આપવા.

અર્દિત સાથે સોજા હોય તો ઉલટી કરાવવી એ સારી છે.

અર્દિતવાળાએ તલના તેલમાં લસણનો કલ્ક ખાવો. વાયુના વેગથી જેમ વાદળાં નાશ પામે છે તેમ એનાથી અર્દિત રોગ તુરત નાશ પામે છે.

મન્યાસ્તંભનાં નિદાન તથા લક્ષણો.

दिवास्वप्नासनस्थानविकृतोर्ध्वनिरीक्षणैः। मन्यास्तम्भं प्रकुरुते स एव श्लेष्मणावृतः ॥

आसनस्थानविकृतोर्ध्वनिरीक्षणै । आसनेन स्थानेन वातिशयेन विकृत ग्रीवादिविकृत यथा स्यादेव उपरि भागे यन्निरीक्षण तेन स एव कुपितो वातः श्लेष्मणावृत मन्यास्तम्भं करोति ग्रीवायाः पश्चाद्भागे चतुर्दश शिरा मन्यासञ्ज्ञा तथा चामरसिंहः । पश्चात्ग्रीवाशिरा मन्या इति तासां स्तम्भः करोति च ॥

દિવસે સૂવાથી, વિષમ આસનાદિકથી, અને વિપરીત રીતે ઉંચું જોવાથી, કફથી

વીંટાયલો વાયુ ડોકના પાછલા ભાગમાંની મન્યા નામની ચઢિદ શિરાઓને સ્તબ્ધ કરી દે છે. એ મન્યાસ્તંભ કહેવાય છે.

મન્યાસ્તંભની ચિકિત્સા

दशमूलीकृतं क्वाथं पञ्चमूल्यापि कल्पितम् । रूक्षं स्वेदं तथा नस्यं मन्यास्तम्भे प्रयोजयेत् । तैलेनाज्येन वाग्रीवामभ्यज्यार्कदलैरथ । एरण्डपत्रैर्वाच्छाद्य स्वेदयेद् बहुशो भिषक् । कुक्कुटाण्डद्रवैरुष्णैः सैन्धवाज्यसमन्वितैः । ग्रीवां संमर्दयेत्तेन मन्यास्तम्भः प्रशाम्यति ॥

દશમૂલી કે પંચમૂલીનો ક્વાથ, રૂક્ષ સ્વેદન, અને નસ્ય દેવાથી મન્યાસ્તંભ મટી જાય છે.

ડોક ઉપર તેલ કે ઘીનો અભ્યંગ કરીને આકડા કે એરંડાના પાન ડોક ઉપર વીંટીને ઘણીવાર શેક કરવાથી મન્યાસ્તંભ મટી જાય છે.

કુકડાના ઈંડાના રસને ઊનો કરી તેમાં સૈંધવ તથા ઘી નાંખીને ડોકને ચોળવાથી મન્યાસ્તંભ મટી જાય છે.

બાહુશોષનાં લક્ષણ.

अंसदेशे स्थितो वायुः शोषयेदंसबन्धनम् । अंसबन्धनशोषात् स्याद् बाहुशोषः सवेदनः ॥

ખભાના ભાગમાં રહેલો વાયુ ખભાના બંધનને સૂકવે છે, એથી કરીને વેદનાવાળો બાહુશોષ (બાહુનું સૂકાવું) થાય છે.

બાહુશોષની ચિકિત્સા.

बाहुशोषे पिबेत् भुक्त्वा सर्पिः कल्याणकं महत् । बलामूलकृतं तोयं सैन्धवेन समन्वितम् । बाहुशोषकरे वाते मन्यास्तम्भे च शस्यते ॥

બાહુશોષમાં જમ્યા પછી મહાકલ્યાણક ઘૃત‡ પીવું.

બાહુશોષમાં ખપાટના મૂળનો ક્વાથ સૈંધવ નાખીને પીવો. મન્યાસ્તંભ માટે પણ આ ઉપાય ઉત્તમ છે.

અપબાહુકનાં લક્ષણ.

शिराः सङ्कोच्य बाहुस्थाः स कुर्यादपबाहुकम् ॥ स वायु· बाहुस्था शिरा बाहुस्थशिरा. ॥

બાહુમાંનો વાયુ બાહુથી શિરાઓને સંકોચીને અપબાહુક નામનો રોગ ઉત્પન્ન કરે છે.

અપબાહુકની ચિકિત્સા.

परमौषधमपबाहुकमन्यास्तम्भोऽर्ध्वजत्रुगतरोगे । शीतलजलेन नस्यं तदुपशमे जिङ्गिनी च पुरः । मूलं बलायास्त्वथ पारिभद्रजं तथात्मगुप्ता स्वरसं पिबेद्वा । युञ्जीत यो माषरसेन नस्यं भवेदसौ वज्रसमानबाहुः ॥ बलाया मूल कल्कीकृत पिबेत्तथा पारिभद्रमूलञ्च । पारिभद्रोऽत्र फरहद वातहरत्वात् ॥

माषात्तसीयवकुरण्टककण्टकारीगोकण्टुण्टुकजटाकपिकच्छुतोयैः । कार्पासकास्थि-

‡ એ જાતની ઉપલસરી, નાનો તથા મોટો સમેરવો, હળદર, દારૂહળદર, તગર, કપૂર સોનામુખી દાડમસાર, તાલીસપત્ર, નેપાળો, ત્રિફળા, ઈંદ્રવારણા પદ્મકાષ્ઠ, એળચી, નીલકમળ, દેવદાર મજીઠ. ચણક બાબ, વાવડિંગ, નાગકેશર, નગડના બીજ, ઘઉંલો, અ- જમો, વજ, મોથ, અને ચમેલીની કળીઓથી પકાવેલ ઘી કલ્યાણકઘી કહેવાય છે ભાવદેવસતક

शणबीजकुलत्थकोलक्वाथेन बस्तपिशितस्य रसेन चापि। शुण्ठ्या समागधिकया शतपुष्पया च सैरण्डमूलकपुनर्नवया सरण्या। रास्नाबलामृतलताकटुकैर्विपक्वं माषाख्यमेतदपबाहुहरं हि तैलम् ॥ माषतैलम् ॥

ડોકના કાંઠલાની ઉપરના ભાગોના રોગમાં, અપબાહુકમાં, અને મન્યાસ્તંભમાં, ટાઢા પાણીનુ નસ્ય દેવું, અને તે શાંત થયા પછી જીંગિની તથા ગૂગળ આપવાં, એ ઉત્તમ ઉપાય છે.

ખપાટ અથવા પારિભદ્રનાં મૂળનો કલ્ક, અથવા કોચાનો સ્વરસ પીવાથી, અને અડદના રસનું નસ્ય લેવાથી બાહુઓ વજ્ર જેવા થાય છે.

માષતૈલ—અડદ, અળસી, જવ, કાંટાશરિયો, ભોરીંગણી, ગોખરૂ, અરલુના મૂળ, કોચાં, વાળો, કપાશિયા, શણના બીજ, કળથી, અને મરી એ સર્વનો ક્વાથ, બકરાના માંસનો રસ, સૂંઠ, પીપર, સૂવા, એરંડાના મૂળ, સાટોડી, નારી, રાસ્ના, ખપાટ, ગળો, અને કડુ; આ સર્વથી પકાવેલુ તેલ માષતૈલ કહેવાય છે, અને તે અપબાહુકને મટાડે છે.

વિશ્વાચીનું લક્ષણ.

तलं प्रत्यङ्गुलीनां या कण्डरा बाहुपृष्ठतः। बाह्वोः कर्मक्षयकरी विश्वाची सा निगद्यते॥

कण्डरा महास्नायु तल हस्तस्योपरिभागं तलशब्दोऽत्र उपरिवाचक यथा भूमितलमिति तेनायमर्थ। बाहुपृष्ठत बाह्वो. पृष्ठ बाहुपृष्ठमारभ्य तल प्रतिहस्ततल यावल्लक्षीकृत्य अङ्गुलीना कण्डरास्ता: सन्दूष्य बाह्वो प्रसारणाकुञ्चनादिकर्मक्षयकरी भवति सा इह वातव्याधिषु विश्वाचीत्युच्यते बाह्वोरिति द्वित्व सम्भवपरम् एकस्मिन्नपि बाहौ विश्वाची भवति ॥

બાહુના પૃષ્ઠથી તે હાથના ઉપરના ભાગ સૂધીની આંગળીઓની જાડી નસોને દૂષિત કરીને બને બાહુઓને લાંબા ટુંકા કરવામા હરકત લાવનાર રોગ વિશ્વાચી કહેવાય છે.

વિશ્વાચીની ચિકિત્સા.

दशमूलीबलामाषाक्वाथतैलाज्यमिश्रितम्। सायं भुक्त्वा पिबेन्नस्यं विश्वाच्यामपबाहुके। माषसिन्धुबलारास्ना दशमूलकहिङ्गुभिः। वचाशिवजटाख्याभिः सिद्धं तैलं सनागरम्। ऊर्ध्वं भक्ताशनान्नस्याद् बाहुशोषापबाहुकौ। विश्वाचीमुद्धताञ्चापि पक्षाघातं तथार्दितम् ॥ माषादितैलम् ॥

દશમૂળી, બળદાણા, અડદ, એના ક્વાથમાં તેલ તથા ઘી મેળવીને, સાંજરે જમીને તે ઉપર એનુ નસ્ય લેવાથી વિશ્વાચી, આમ, અને અપબાહુક મટી જાય છે.

માષાદિ તૈલ—જમ્યા પછી અડદ, સૈંધવ, બળદાણા, રાસ્ના, દશમૂળ, હિંગ, વજ, અને બીલીનાં મૂળ, એથી પકાવેલ તેલ સૂંઠ સાથે લેવાથી બાહુ શોષ, વિશ્વાચી બહુ વધી ગયેલ હોય તે પણ, અને અપબાહુક, પક્ષાઘાત, અને અર્દિતનો નાશ થઇ જાય છે.

ઉર્ધ્વ વાતનાં લક્ષણ.

अधः प्रतिहतो वायुः श्लेष्मणा मारुतेन च। करोत्युद्गारबाहुल्यमूर्ध्ववातः स उच्यते॥

वायु समानवायु मारुतेनापानवायुना स्वहेतुदुष्टेन अधः प्रतिहतः अधो निरुद्ध ॥

૬૬ તથા અપાનવાયુ સહિત દુષ્ટ થયેલો સમાનવાયુ પુષ્કળ ઓડકાર લાવે છે, તેને ઉર્ધ્વવાત કહે છે.

ઉર્ધ્વ વાતની ચિકિત્સા

भागा दश विश्वायास्तत्तुल्यो वृद्धदारकस्यापि । त्रय एव च पथ्यायाश्चतुरंशं हिङ्गु संभृष्टम् । एकः सैन्धवभागस्तत्तुल्यं चित्रकश्चात्र । संवृद्धमूर्ध्ववातं हन्त्येतच्चूर्णितं भुक्तम् ॥ अथ वृद्धदारकालाभे त्रिवृन्मूल ग्राह्यम् ॥

સૂંઠ ભાગ ૧૦, વરધારો અથવા નસોતરનું મૂળ ભાગ ૧૦, હરડે ભાગ ૩, શેકેલી હિંગ ભાગ ૪, સૈંધવ અને ચિત્રક એક એક ભાગ, એ ચૂર્ણ ખાવાથી ઉગ્ર ઉર્ધ્વવાત પણ મટી જાય છે.

આધ્માનનું લક્ષણ.

साटोपमत्युग्ररुजमाध्मातमुदरं भृशम् । आध्मानमिति जानीयात् घोरं वातनिरोधजम् ॥ आटोपो गुडगुडाशब्द भृशमाध्मातं वातपूर्णभस्त्रावत् वातनिरोधज अधोवातनिरोधजम् ॥

અધોવાયુ છુટી નથી શકતો તો ગડગડાટ સહિત પવનથી ભરાયલી ધમણની પેઠે પેટ બહુ ફુલી જાય છે; એ ભયંકર રોગ આધ્માન કહેવાય છે.

આધ્માનની ચિકિત્સા.

आध्माने लङ्घनं पूर्वं दीपनं पाचनं ततः। फलवर्तिक्रियां कुर्याद्बस्तिकर्म च शोधनम्। कर्षमात्रा भवेत् कृष्णा त्रिवृता स्यात् पलोन्मिता । खण्डादपि पलं ग्राह्यं चूर्णमेकत्र कारयेत् । मधुना शमितं लिह्याच्चूर्णमाध्माननाशनम् ॥ नारायणचूर्णम् ॥

दारुहैमवतीकुष्ठशताह्वाहिङ्गुसैन्धवैः लिम्पेदुष्णैरम्लपिष्टैः शूलाध्मानयुतोदरम् ॥

हैमवती वचा । दारुषट्कलेप ॥

अभयाव्योषो धात्री दन्ती तिक्ता स्नुही त्रिवृत् । मुस्ता प्रत्येकमेतानि ग्राह्याणि पलमात्रया । तानि सङ्कुट्य सर्वाणि जलाढकयुगे पचेत् । तत्र तोयेऽष्टमं भागं कषायमवशेषयेत् । निस्त्वक् जैपालबीजानि नवानि पलमात्रया । तनुवस्त्रधृतान्येव तस्मिन् क्वाथे शनैः पचेत् । ज्वालयेदनलं मन्दं यावत् क्वाथो घनो भवेत् । ततः खल्वे क्षिपेद्भागानष्टौ जैपालबीजतः । भागान् त्रीन्नागरात् द्वौ च मरिचाद् द्वौ च पारदात् । गन्धकाद् द्वौ च तानीह यावद्यामं विमर्दयेत् । रसो नाराचनामायं भक्षितो रक्तिकामितः । जलेन शीतलेनैव रोगानेतान् विनाशयेत् । आध्मानं शूलमानाहं प्रत्याध्मानं तथैव च । उदावर्त तथा गुल्ममुदराणि हरत्यसौ वेगे शान्ते तु युञ्जीत शर्करासहितं दधि । ततस्तत् सैन्धवेनापि ततो दध्योदनं मनाक् ॥

महानाराचो रस ॥

આધ્માન માટે પ્રથમ લંઘન, પછી દીપન અને પાચન દેવાં. ગુદામાં યોગ્ય ઔષધોથી ખરડેલી વાટ ખોસવી, પીચકારી મારવી, અને શોધન દેવું.

નારાયણ ચૂર્ણ—એક તોલો પીપર, ચાર તોલા નસોતર, ચાર તોલા ખાંડનું ચૂર્ણ

કરીને મધમા એક તોલા જેટલુ ચાટવાથી આધ્માન (આફરો) તુરત મટી જાય છે.

દારૂષટ્ક લેપ—દેવદાર, વજ, કઠ, સૂવા, હિંગ, અને સૈંધવને છાશમા વાટી ગરમ કરીને ચોપડવાથી પેટનું શુળ તથા આફરો મટી જાય છે.

મહાનારાચરસ—હરડે, ગરમાળો, આમળા, નેપાળો, કડુ, થોર, નસોતર અને મોથ, એ દરેક ચાર ચાર તોલા લેઇ ૫૧૨ તોલા પાણીમાં કવાથ કરી, આઠમા ભાગનુ પાણી રહે એટલે તેમાં છાલ વગરનાં નવા નેપાળાના બીજ ચાર તોલા લઇ ઝીણા વસ્ત્રની પોટલીમાં બાંધીને ધીરે ધીરે પકાવવા. કવાથ ઘાટો થાય ત્યારે ખરલમાં નાખી તેમા આઠ ભાગ નેપાળાનાં બીજ, ત્રણ ભાગ સૂઠ, બે ભાગ મરી, બે ભાગ પારો, અને બે ભાગ ગધક નાંખીને એક પહોર સુધી ખલવાં. આ મહાનારાચ રસ ટાઢા પાણીમાં એક રતિભાર ખાવાથી આધ્માન, શૂળ, આનાહ, પ્રત્યાધ્માન, ઉદાવર્ત્ત, ગુલ્મ, તથા ઉદરના રોગો મટી જાય છે. રોગનો વેગ મટી ગયા પછી રોગીને દહિ અને સાકર તથા સૈંધવ નાખીને દહિં ભાત ખવરાવવો.

પ્રત્યાધ્માનનું લક્ષણ.

विमुक्तपार्श्वहृदयं तदेवामाशयोत्थितम् । प्रत्याध्मानं विजानीयात् कफव्याकुलितानिलम् ॥ विमुक्तपार्श्वहृदय पार्श्वहृदये विहाय जात तदेवाध्मानं कफव्याकुलितानिल कफेनावरुद्धवातम् ॥

પડખાં તથા હૃદય સિવાય આમાશયમાંથી શરૂ થયેલો, કફ અને વાયુ રોકાઈ ગયો હોય એવુ આધ્માનજ પ્રત્યાધ્માન કહેવાય છે

પ્રત્યાધ્માનની ચિકિત્સા.

प्रत्याध्माने समुत्पन्ने कुर्याद्वमनलङ्घने । दीपनादीनि युञ्जीत पूर्ववद्बस्तिकर्म च ॥

પ્રત્યાધ્યાનમા વમન, લઘન, અને દીપન, તથા પીચકારી દેવી.

વાતાષ્ઠીલાનાં લક્ષણ.

नाभेरधस्तात् सञ्जातः सञ्चारी यदिवा चलः । अष्ठीलावद्घनो ग्रन्थिरूर्ध्वमायत उन्नतः । वाताष्ठीलां विजानीयाद्बहिर्मार्गनिरोधिनीम् ॥

अष्ठीला वर्तुल पाषाणखण्ड. आयत दीर्घ वाताष्ठीलेति स्वरूपपर न तु विशेषपर व्यावर्त्याभावात् । बहिर्मार्गनिरोधिनीं शिश्नभगगुदनिरोधिनीं तेन मूत्रमलन्मनावरोध. सूचित ॥

નાભિની નીચે ગોળ પથ્થર જેવી ઘાટી, ઉંચી, ઉપરના ભાગમાં લાંબી, સ્થિર અથવા ચચળ વાતાષ્ઠીલા નામની ગાઠ થાય છે, તેથી લિગ, યોનિ, અને ગુદા રોકાઈ જાય છે, તેથી વિષ્ટા, મૂત્ર, અને પવન અટકે છે.

પ્રત્યષ્ઠીલાનું લક્ષણ.

एतामेव रुजा युक्तां वातविण्मूत्ररोधिनीम् । प्रत्यष्ठीलामिति वदेज्जठरे तिर्यगुत्थिताम् ॥ एतामेव अष्ठीलामेव जठरे तिर्यगुत्थितामिति भेद ॥

વેદના વાળી અને વાયુ તથા વિષ્ટા, અને મૂત્રને રોકનારી ગાંઠ પેટમાં આડી થાય છે, તે પ્રત્યષ્ઠીલા કહેવાય છે.

વાતાષ્ઠીલા તથા પ્રત્યષ્ઠીલાની ચિકિત્સા

अष्ठीलायाः क्रिया कार्या गुल्मस्यान्तरविद्रधेः । चूर्णं हिंग्वादिकचात्र पिबेदुष्णेन वारिणा ॥

हिङ्गुग्रन्थिकधान्यजीरकवचाचव्याग्निपाठाशटी वृक्षाम्लं लवणत्रयं त्रिकटुकं क्षारद्वयं दाडिमम् । पथ्या पौष्करवेतसाम्लहपुषा योज्यं तदेभिः कृतं चूर्णं भावितमेतदार्द्रकरसैः स्याद्बीजपूरद्रवैरिति ॥

ગુલ્મ તથા આંતર્વિદ્રધિની જે ચિકિત્સા છે, તેજ અષ્ઠીલામા પણ કરવી, અને હિંગ્વાદિ ચૂર્ણ ઉના પાણીમાં પીવું.

હિંગ્વાદિચૂર્ણ—હિંગ, પીપરીમૂળ, ધાણા, જીરૂં, વજ, ચવક, ચિત્રક, કાળીપાડ, કચૂરો, કોકમ, ત્રિલવણ, ત્રિકટુ, જવખાર, સાજીખાર, દાડમ, હરડે, એરંડાનાં મૂળ, અમ્લવેતસ, અને પહાશીનુ ચૂર્ણ આદુ તથા બીજોરાના રસોની ભાવના દેઈને તે ખાવુ.

તુનીનું લક્ષણ.

अधो या वेदना याति वर्चोमूत्राशयोत्थिता । भिन्दतीव गुदोपस्थं सा तूनी नामतो मता ॥ उपस्थं शिश्नं भगश्च ॥

ગુદા તથા મૂત્રાશયમાથી ઉઠતી અને લિંગ, ગુદા તથા યોનિને ભેદી નાંખતી હોય એવી વેદના નીચે જતી હોય તેને તૂની કહે છે.

પ્રતિતુનીનું લક્ષણ.

गुदोपस्थोत्थिता सैव प्रतिलोमं विधाविता । वेगैः पक्वाशयं याति प्रतितूनीति सोच्यते ॥

अधस्तादुत्थितोर्ध्वगामिनी वेगैर्वेदनावेगैर्मुहुर्मुहुः उत्पत्त्युपशमोपलक्षितैः सा नामत प्रतितूनी ॥

ગુદા તથા ઉપસ્થમાંથી ઉઠીને અવળી દોડીને ઉઠતા તથા બેસતા વેગોવાળી વેદના પક્વાશયમા જતી હોય, તે પ્રતિતૂની કહેવાય છે

તુની તથા પ્રતિતુનીનો ચિકિત્સા.

तून्याश्च प्रतितून्याश्च प्रशस्ताः स्नेहबस्तयः । पिबेद्वा स्नेहलवणं पिप्पल्यादिमथाम्बुना । उष्णेन रामठक्षारं प्रगाढमथवा घृतम् ॥

તૂની કે પ્રતિતૂનીમા સ્નેહની પિચકારી મારવી, અથવા તેલ અને સૈંધવ પીવાં, અથવા પિપ્પલ્યાદિ ક્વાથ પીવો, અથવા હિંગ અને જવખાર ઉના પાણીમાં પીવાં, અથવા સારી પેઠે ઘી પીવું.

ત્રિકશુલનું લક્ષણ.

स्फिगस्नोः पृष्ठवंशास्थ्नोर्यः सन्धिस्तत्त्रिकं मतम् । तत्र वातेन या पीडा त्रिकशूलं तदुच्यते ॥

કુલાનાં બે તથા બરડાનાં બે અસ્થિઓનો જે સંધિ છે, તે ત્રિક કહેવાય છે, તેમા વાયુની પીડા થાય છે, તે ત્રિકશૂલ કહેવાય છે.

ત્રિકશુલની ચિકિત્સા.

कारयेद्वालुकास्वेदं त्रिकशूले प्रयत्नतः । यद्वाधस्ताद् करीषाग्निं धारयेत् सततं नरः । आभाश्वगन्धाहपुषा गुडूची शतावरी गोक्षुरकश्च रास्ना । श्यामा शताह्वा च शटी यवानी सनागरा चेति समं विचूर्ण्य ।

सर्वैः समं गुग्गुलुमत्र दद्यात् क्षिपेदिहाज्यञ्च तदर्द्धभागम् । तद्भक्षयेदर्द्धपिचुप्रमाणं प्रभातकाले पयसाथ यूषै । मद्येन वा कोष्णजलेन चाथ क्षीरेण वा मांसरसेन वापि । त्रिकग्रहे जानुहनुग्रहे च वाते भुजस्थे चरणस्थिते च । सन्धिस्थिते चास्थिगते च तस्मिन् मज्जास्थिते स्नायुगते च कोष्ठे । रोगान्हरेद्वातकफानुविद्धान् वातेरितान् हृद्ग्रहयोनिदोषान् । भग्नास्थिविद्धेषु च खञ्जतायां सगृध्रसीके खलु पक्षघाते । महौषधं गुग्गुलुमेतमाहुस्त्रयोदशाङ्गं भिषजः पुराणाः ।

आभा बब्बूलः । तथा च । आभा बब्बूलपर्यायः कथितः कोविदैरिहेति । इति त्रयोदशाङ्गो गुग्गुलुः ॥

ત્રિકશૂલ ઉપર પ્રયત્નથી રેતીનો શેક કરવો, અથવા પલંગ નીચે અડાયાંનો અગ્નિ રાખીને અવિચ્છિન્ન શેક કરવો.

ત્રયોદશાંગ ગુગ્ગુલુ—બાવળ, આસોંદ, પલાશી, ગળો, શતાવરી, ગોખરૂ, રાસ્ના, નસોતર, સૂવા, કચૂરો, અજમો અને સૂઠ સમભાગે લેઈ ચૂર્ણ કરીને તેમાં તે સર્વે બરોબર ગૂગળ નાંખવો, અને ગૂગળથી અરધું ઘી નાંખવું. આ ગૂગળ સવારમાં ઉઠીને દૂધ, યૂષ, મદ્ય, ઉનું પાણી, સાદું પાણી, અથવા માંસરસ સાથે અરધા તોલા ભાર ખાવાથી ત્રિકશૂલ, ગોઠણનું ઝલાઈ જવું, હનુગ્રહ, ભુજામાંનો વાયુ, તેમજ પગ, સંધી, અસ્થિ, મજ્જા, સ્નાયુ, અને કોઠામાંના વાયુઓ, વાત કફ તથા વાયુના રોગો, સ્તંભ, યોનિદોષ, ભાંગેલાં અસ્થિનો રોગ, વીંધાયાનો રોગ, ખજતા, ગૃધ્રસી, અને પક્ષાઘાત મટી જાય છે પ્રાચીન વૈદ્યોએ આ ત્રયોદશાંગગુગ્ગુલુને વાયુના રોગો ઉપર મહૌષધ તરીકે ગણેલ છે.

મુહુર્મૂત્રણ તથા મૂત્ર નિગ્રહનાં નિદાન તથા લક્ષણો.

मारुतेऽविगुणे बस्तौ मूत्रं सम्यक् प्रवर्त्तते विकारा विविधाश्चापि तस्मिन् दुष्टे भवन्ति हि ॥ अविगुणे अनुलोमे विकारा विविधा मुहु मुहुर्मूत्रानिग्रहादय ॥

વાયુ દુષ્ટ ન થયો હોય તો મૂત્રાશયમાંથી મૂત્ર સારી રીતે નીકળી શકે છે, પણ વાયુ દુષ્ટ થાયતો અનેક વિકારો ઉત્પન્ન થાય છે. (મુહુર્મૂત્રણ એટલે વારવાર મુતરવું અને મુત્રનિગ્રહ એટલે મૂત્રની અટકાયત.)

મુહુર્મૂત્રણ તથા મૂત્ર નિગ્રહની ચિકિત્સા.

बलामूर्वात्वचं चूर्णं ससितं कर्षसंमितम् । पिबेत् कुडवदुग्धेन मुहुर्मूत्रणशान्तये । पथ्याविभीतधात्रीणां चूर्णं चूर्णं मृतायसः । मधुना सह संलीढं मुहुर्मूत्रणशान्तिकृत् । यवक्षारस्य चूर्णन्तु संयोज्य सितया सह । भक्षयेन्नियतं तस्य प्रशमेन्मूत्रनिग्रहः । कूष्माण्डस्य तु बीजानि बीजानि त्रपुसस्य च । बस्तौ सन्धारयेत् तन प्रशाम्येन्मूत्रनिग्रहः । आमलक्याश्च कल्केन बस्तिभागं प्रलेपयेत् । तेन प्रशाम्यति क्षिप्रं नियमान्मूत्रनिग्रहः । मेहनस्याथ योनेर्वा मुखस्याभ्यन्तरे शनैः । घनसारयुतां वर्त्तिं धारयेन्मूत्रनिग्रहे ॥

બળદાણા, મોરવેલ, અને તજનું ચૂર્ણ સાકર નાંખીને સોળ તોલા ભાર દૂધ સાથે એક તોલા જેટલું ખાવાથી મુહુર્મૂત્રણ (વારંવાર નીકળતું બહુ મૂત્ર) મટે છે.

ત્રિફળાનું ચૂર્ણ તથા લોહભસ્મ મધમાં ચાટવાથી મુહુર્મૂત્રણ મટે છે.

જવખાર અને સાકર ખાવાથી મૂત્રનિગ્રહ (મૂત્રની અટકાયત) અવશ્ય મટી જાય છે.

કોહોળાંના બીજ તથા કાકડીનાં બીજ પેડુ ઉપર રાખવાથી મુત્ર નિગ્રહ મટી જાય છે.

આમલીનો કલ્ક પેડુ ઉપર ચોપડવાથી મૂત્ર નિગ્રહ તુરત મટી જાય છે.

લિંગ કે યોનિના મુખમાં ધીરે ધીરે કપૂરની વાટ ખોસવાથી મૂત્ર નિગ્રહ મટી જાય છે.

ગૃધ્રસીનુ લક્ષણ.

स्फिक्पर्वोरुकटीपृष्ठजानुजङ्घपदं क्रमात् । गध्रसीस्तम्भरुक्तोदैर्गृह्णाति स्पन्दते मुहुः । वाताद्वातकफाभ्यां सा विज्ञेया द्विविधा पुनः । वातजायां भवेत्तोदो देहस्यातीव वक्रता । जानुजङ्घोरुसन्धीनां स्फुरणं स्तब्धता भृशम् । वातश्लेष्मोद्भवायान्तु गौरवं वह्निमार्दवम् । तन्द्रा मुखप्रसेकश्च भक्तद्वेषस्तथैव च ॥

गृध्रसी स्फिगादिपदान्तम् स्तम्भरुक्तोदैर्गृह्णाति क्रमात् वृद्धिक्रमात् । तेन यथा यथा वर्द्धते तथा तथा स्फिगादीन्याक्रामति नात्र ग्रहणे निर्देशक्रमनियमः । तथा मुहु स्पन्दते स्फिगादिषु शिराकम्पं करोतीत्यर्थः ॥

કુલાના સાંધાઓ, સાથળ, કમર, વાંસો, ગોઠણ, પીંડીઓ, અને પગમાં સ્તબ્ધતા; સોય ભોંકાયા જેવી વેદના થાય; અને કુલાનાં સાંધાઓની શિરાઓ વારંવાર કંપ્યા કરે; એ રોગ ગૃધ્રસી કહેવાય છે. આ રોગ વધે છે તેમ કુલા વગેરે સાંધાઓને તે વધારે દબાવે છે. વાયુની તથા વાતકફની, એમ બે પ્રકારની ગૃધ્રસી છે. વાયુનીમાં સોય ભોંકાયા જેવી પીડા થાય છે, દેહ બહુ વાંકો થઈ જાય છે, અને પીંડીઓ તથા સાથળ અને ગોઠણના સાંધાઓની શિરાઓ બહુ કંપે છે તથા ઝલાઈ જાય છે. વાતકફની ગૃધ્રસી હોય તો ભારેપણુ તથા મંદાગ્નિ થાય છે. તંદ્રા તથા મુખમાં પાણી આવ્યા કરે છે, અને અન્ન ઉપર અરૂચિ થાય છે.

ગૃધ્રસીની ચિકિત્સા.

गृध्रस्यार्तं नरं सम्यक् रेकेन वमनेन वा । ज्ञात्वा निरामं दीप्ताग्निं वस्तिभिः समुपाचरेत् । नादौ वस्तिविधिं कुर्याद्यावदूर्ध्वं न शुध्यति । स्नेहो निरर्थकः स स्याद्भस्मन्यवे हुतं यथा । तैलमैरण्डजं प्रातर्गोमूत्रेण पिबेन्नरः । मासमेकं प्रयोगोऽयं गृध्रस्यूरुग्रहापहः । तैलं घृतञ्चार्द्रकमातुलुङ्गरसं सचुक्रं सगुडं पिबेद्वा । कट्यूरुपृष्ठत्रिकशूलगुल्मगृध्रस्युदावर्त्तहरः प्रयोगः । निष्कुष्यैरण्डबीजानि पिष्ट्वा क्षीरे विपाचयेत् । तस्पानन्तु कटीशूले गृध्रस्यां परमौषधम् । एरण्डमूलं बिल्वञ्च बृहती कण्टकारिका । कषायोरुचकोपेतः पीतो वंक्षण वस्तिजम् । गृध्रसीजं हरेत् शूलं चिरकालानुबन्धि च ॥

रुचक सौवर्चलम् ॥

गोमूत्रैरण्डतैलाभ्यां कृष्णाचूर्णं पिबेन्नरः। दीर्घकालोत्थितां हन्ति गृध्रसी कफवातजाम् । सिंहास्यदन्ती कृतमालकानां पिबेत् कषायं रुबुतैलमिश्रम् । यो गृध्रसीनष्टगतिः प्रसुप्तः स शीघ्रगः स्यात्किमत्र चित्रम् । बृहन्निम्बतरोः सारो वारिणा परिपेषितः। स पीतो नाशयेत् क्षिप्रमसाध्यामपि गृध्रसीम् । शेफालिकादलैः क्वाथो मृद्वग्निपरिपाचितः । दुर्वारं गृध्रसीरोगं पीतमात्रः प्रणाशयेत् ॥ इति शेफालिका निर्गुण्डी ॥

रास्नायास्तु पलस्यैकं पञ्चकर्षाणि गुग्गुलुः । सर्पिषा वटिकां कृत्वा भक्षयेत् गृध्रसीहरीम् ॥ रास्ना गुग्गुलु ॥

रास्नामृतारग्वधदेवदारुत्रिकण्टकैरण्डपुनर्नवानाम् ।क्वाथं पिबेन्नागरचूर्णमिश्रं जङ्घोरुपृष्ठत्रिकपार्श्वशूली ॥ इति रास्नासप्तकक्वाथ ॥

पथ्याबिभीतामलकीफलानां शत क्रमेण द्विगुणाभिवृद्धम् । प्रस्थेन युक्तं च पलंकषाणां द्रोणे जले संस्थितमेकरात्रम् । अर्द्धावशिष्टं क्वथितं कषायं भाण्डे पचेत्तत् पुनरेव लौहे । अमूनि वह्नेरवतार्य दद्याद्द्रव्याणि संचूर्ण्य पलार्द्धकानि । विडङ्गदन्तीत्रिफलागुडूचीकृष्णात्रिवृन्नागरकोषणानि । यथेष्टचेष्टस्य नरस्य शीघ्रं हिमाम्बुपानानि च भोजनानि । निषेव्यमाणो विनिहन्ति रोगान् सगृध्रसीं नूतनखञ्जताश्च । प्लीहानमुग्रं जठराग्निगुल्मं पाण्डुत्वकण्डूवमिवातरक्तम् । पथ्यादिको गुग्गुलुरेष नाम्ना-ख्याताः क्षितावप्रमितप्रभावः । बलेन नागेन सम मनुष्य जवेन कुर्यात् तुरगेण तुल्यम् । आयुः प्रकर्ष विदधाति चक्षुर्बलं तथा पुष्टिकरो विषघ्नः । क्षतस्य सन्धानकरो विशेषाद्रोगेषु शस्तः सकलेषु तज्ज्ञैः ॥ इति पथ्यादिगुग्गुलु ॥

ગૃધ્રસીવાળાને સારી પેઠે વમન વિરેચનો આપીને આમરહિત તથા દીપ્તાગ્નિવાળો કરવો. પછી સ્નેહની પિચકારીઓ મારવી. જ્યાં સુધી બસ્તિક્રિયાથી શુદ્ધ કરવામા ન આવે, ત્યા સુધી સ્નેહની પિચકારીઓ રાખમાં હોમની પેઠે વ્યર્થ જાય છે

એક મહિના સુધી ગોમૂત્રમાં એરડિયુ તેલ સવારમાં પીવાથી ગૃધ્રસી તથા સાથળોનુ ઝલાવુ મટી જાય છે

તેલ, ઘી, આદાનો રસ, તથા બીજોરાના રસને મેળવીને તેમા ચૂકાનો રસ અથવા ગોળ નાખીને પીવાથી કેડ, સાથળ, વાંસા, અને ત્રિકના શૂળો, ગુલ્મ, ગૃધ્રસી, તથા ઉદાવર્ત્ત, એ મટી જાય છે.

એરડીને ફોલી, વાટી, દુધમાં પકાવીને પીવાથી કમરના શુળ તથા ગૃધ્રસી ઉપર તે મહૌષધ રૂપ છે.

એરડાના મૂળ, બીલી, બંને જાતની ભોરીંગણીઓ, એનો કવાથ સચળ નાખીને પીવાથી સાથળોના સાધાઓના તથા મૂત્રાશયનાં શૂળો, અને ગૃધ્રસીનુ શૂળ, લાંબા કાળથી થયેલ હોય, તોપણુ તે મટી જાય છે.

ગોમૂત્ર તથા એરડિયા તેલમાં પીપરનું ચૂર્ણ નાખીને પીવાથી લાંબા કાળની અને કફ વાતે કરેલી ગૃધ્રસી હણાઇ જાય છે.

ગૃધ્રસીથી ચાલી નહી શકતો અને જડ થઈ ગયેલો માણુસ અરડૂસી, નેપાળો, અને

ગરમાળાનો ક્વાથ એરંડિયુ તેલ નાંખીને પીએ તો તે અત્યંત ઝડપથી ચાલનારો થાય છે, એમાં આશ્ચર્ય નથી.

બકાનની અતરછાલ પાણીમાં વાટીને પીવાથી અસાધ્ય ગૃધ્રસી પણ તરત મટી જાય છે.

કોમળ અગ્નિથી પકાવેલ નગડના પાનનો ક્વાથ પીવાથી અસાધ્ય ગૃધ્રસી પણ તુરતજ મટી જાય છે.

રાસ્નાગુગ્ગુલુ—ચાર તોલા રાસ્ના અને પાંચ તોલા ગૂગળની ઘીમાં ગોળી વાળીને ખાવાથી ગૃધ્રસી મટી જાય છે.

રાસ્નાસપ્તક ક્વાથ--રાસ્ના, ગળો, ગરમાળો, દેવદાર, ગોખરૂ, એરડો, અને સાટોડીનો ક્વાથ; સુંઠનું ચૂર્ણ નાંખીને પીવાથી પીંડીઓ, સાથળો, વાસો, અને પડખાંના શૂળો મટે છે.

પથ્યાદિ ગુગ્ગુલુ—૧૦૦ હરડે, ૨૦૦ બેડાં, ૪૦૦ આમળાં, અને ૬૪ તોલા ભાર ગૂગળને ૧૦૨૪ તોલા પાણીમાં રાત્રે પલાળી રાખીને સવારે તેનો ક્વાથ કરી અર્ધું પાણી રહે એટલે તેને લોઢાના વાસણમા પાછો બીજીવાર પકાવવો. પછી ઉતારીને તેમા વાવડીંગ, નેપાળો, ત્રિફળા, ગળો, નસોતર, પીપર, સૂંઠ, મરી એનાં બે બે તોલા ભાર ચૂર્ણ નાખવા. આ પથ્યાદિ ગુગ્ગુલુ ખાનારે મન ગમતો વિહાર કરવો. તે ખાઇને ઉપર ટાઢું પાણી પીવું તથા ભોજન કરવું. એથી ગૃધ્રસી, તુરતની ખંજતા, ઉગ્ર બરલનો રોગ, ગુલ્મ, પાંડુરોગ, ચળ, ઉલટી, અને વાતરક્ત હણાઇ જાય છે. પૃથ્વી ઉપર પથ્યાદિ ગુગ્ગુલુ એ નામથી પ્રસિદ્ધ અપાર શક્તિવાળો આ ગૂગળ માણસને બળમાં હાથી જેવો અને વેગમા ઘોડા જેવો કરે છે. આયુષ્ય વધે છે નેત્ર બળવાન્ થાય છે, પુષ્ટિ થાય છે, ઝે હણાય છે. ભાંગેલ સંધાય છે, અને વિશેષ કરીને તે સર્વ રોગો ઉપર ઉત્તમ ઉપાય છે એમ વિદ્વાનોએ કહેલુ છે.

ખંજતા તથા પંગુતાનાં લક્ષણો.

वायु कट्याश्रितः सक्थ्नः कण्डरामाक्षिपेद्यदा । खञ्जस्तदा भवेज्जन्तुःपङ्गुः सक्थ्नोर्द्वयोर्वधात् ॥ सक्थ्नः कट्यादिगुल्फांतस्य कण्डरा महास्नायु आक्षिपेत् । गमनादौ कम्पयेत् वधात् गमनादिक्रियाघातात् ॥

કમરમા રહેલ વાયુ કમરથી ઘૂંટી સુધીના ભાગના મોટા સ્નાયુને ખેંચે છે ત્યાં માણસ લંગડો થઇ જાય છે. કમરથી ઘુંટી સુધી બંને સાથળોની ચાલવા વગેરેની ક્રિયા અટકે છે તેને પાંગળો કહે છે.

ખંજતા તથા પંગુતાની ચિકિત્સા.

उपाचरेदभिनवं खञ्जं पङ्गुमथापि च विरेकास्थापनस्वेदगुग्गुलुस्नेहबस्तिभिः ॥

રોગ તુરતનો હોય તો વિરેચન, નિરૂહ બસ્તિ, સ્વેદનો અને સ્નેહનો કરીને તથા ગુગળો ખવરાવીને મટાડવો.

કલાપ ખંજતાનું લક્ષણ.

कम्पते गमनारम्भे खञ्जन्निव च लक्ष्यते । कलापखञ्जं तं विद्यान्मुक्तसन्धिप्रबन्धनम् ॥ गमनारम्भे कम्पते एतस्य खञ्जस्य अयमेव भेद कलापखञ्ज इति शास्त्रे रूढा सञ्ज्ञा न तु योगिकी ॥

ચાલતાં પગો ધ્રુજે અને સંધિબંધનો શિથિલ થાય, તે રોગ કલાપ ખંજતા કહેવાય છે.

કલાપ ખંજતાની ચિકિત્સા

**क्रमः कलापखञ्जस्य खञ्जपङ्ग्वोरिव स्मृतः ।
विशेषात् स्नेहनं कर्म कार्यमत्र विचक्षणैः ॥**

કલાપ ખંજતાની ચિકિત્સા ખજતા અને પશુતાના જેવીજ કરવી. વિચક્ષણ વૈદે આ કલાપ ખજતામાં વિશેષે કરીને સ્નેહન કરવું.

ક્રોષ્ટુકશીર્ષનુ લક્ષણ.

**वातशोणितजः शोथो जानुमध्ये महारुजः।
ज्ञेयः क्रोष्टुकशीर्षस्तु स्थूलः क्रोष्टुकशीर्षवत्॥**

क्रोष्टुः शृगाल ॥

વાયુ તથા રક્તથી ગોઠણના મધ્યમાં શિયાળના માથા જેવો જાડો અને બહુ પીડાવાળો સોજો ક્રોષ્ટુકશીર્ષ કહેવાય છે.

ક્રોષ્ટુકશીર્ષની ચિકિત્સા.

**गुग्गुलुं क्रोष्टुशीर्षे तु गुडूचीत्रिफलाम्भसा ।
क्षीरेणैरण्डतैलं वा पिबेद्वा वृद्धदारकम् ॥**

गुग्गुलुं शुद्ध कर्षमित गुडूचीत्रिफलाम्भसा । गुडूचीपिप्पलीविभीतामलकै समुदितैश्चतु कर्षमितै प्रस्थमितेन जलेन पक्त्वाक्वाथेनोष्णेन पलद्वयमितेन गुग्गुलु पिबेत् । एरण्डतैल कर्षमित क्षीरेण गव्येन पलपरिमितेन पिबेत् वृद्धदारुकचूर्णं वा दुग्धेन गव्येन पलचतुष्टयमितेन पिबेत् ॥

**रसैस्तित्तिरमांसस्य पीतैर्गुग्गुलुसंयुतैः ।
वातरक्तक्रियाभिश्च जयेज्जम्बूकमस्तकम् ॥**

ક્રોષ્ટુકશીર્ષ થાય તો ચાર તોલા ત્રિફળાને ગળોના કવાથમા શુદ્ધ કરેલો ગૂગળ પીવો; અથવા એરંડિયુ તેલ દુધમાં પીવું અથવા વરધારો દૂધમાં પીવો. (એરંડીયું પીવું હોયતો એક રૂપિઆ ભાર અને ગાયનું દૂધ ચાર રૂપિઆ ભાર લેવું. વરધારાના ચૂર્ણ સાથે ૧૬ તોલા ગાયનુ દૂધ પીવું.)

તેતરના માસનો રસ ગૂગળ સાથે પીવો, અને વાતરક્તના ઉપાયો કરીને ક્રોષ્ટુકશીર્ષને જીતી લેવો

ખલ્લીનુ લક્ષણ

खल्ली तु पादजङ्घोरुकरमूलावमोटिनी ॥

अवमोटिनी परिवर्त्तनशीला ॥

પગ, પીંડીઓ, સાથળ, અને હાથનાં મૂળ ઠરડાઇ જાય છે તેને ખાલી ચઢી કહેવાય છે.

ખલ્લીની ચિકિત્સા.

**कुष्ठसैन्धवयोः कल्कश्चुक्रतैलसमन्वितः ।
सुखोष्णो मर्दने योज्यः खल्लीशूलनिवारणः॥**

કઠ અને સૈંધવના કલ્કમાં ચૂકો તથા તેલ નાખી જરા ગરમ કરીને શરીરે ચોળવાથી ખાલી ઉતરી જાય છે

વાતકંટકનુ લક્ષણ.

**रुक्पादे विषमे न्यस्ते श्रमाद्वा जायते यदा ।
वातेन गुल्फमाश्रित्य तमाहुर्वातकण्टकम् ॥**

પગ વિષમ રીતે મૂકાઇ જવાથી કે શ્રમથી ઘુટીમાં વાયુ પીડા કરે છે તે વાતકટક કહેવાય છે.

વાતકંટકની ચિકિત્સા.

**रक्तावसेचनं कुर्यादभीक्ष्णं वातकण्टके ।
पिबेदेरण्डतैलं वा दहेत् सूचीभिरेव च ॥**

अभीक्ष्ण पुन पुन ॥

વાત કટકમાં વારવાર લોહી કઢાવવું

અથવા એરડિયુ તેલ પીવું, અગર સોયના ડામ દેવા.

પદદાહનું લક્ષણ.

पादयोः कुरुते दाहं पित्तासृक्सहितोऽनिलः । विशेषतश्चक्रमणे पाददाहं तमादिशेत् ।

પિત્ત અને રક્તસહિત વાયુ પગમા દાહ કરે છે, અને ચાલતી વેળા વિશેષ દાહ થાય છે. તેને પાદદાહ કહે છે.

પાદદાહનો ચિકિત્સા.

वातरक्तक्रमं कुर्यात् पाददाहे विशेषतः । मसूरविदलैः पिष्टैः शृतशीतेन वारिणा । चरणौ लेपयेत् सम्यक् पाददाहप्रशान्तये । नवनीतेन संलिप्तौ वह्निना परितापितौ । मुच्येते चरणौ क्षिप्रं परितापात् सुदारुणात्॥

પાદદાહમા વિશેષે વાતરક્તના ઉપાયો કરવા

પાણી ઉકાળી ટાઢુ કરીને તેથી વાટેલ મસૂરની દાળનો પગ ઉપર લેપ કરવાથી પાદદાહ મટી જાયછે.

પગ ઉપર માખણ ચોપડીને અગ્નિથી શેકવાથી દારૂણ પાદદાહ પણ તુરત મટે છે.

પાદહર્ષનું લક્ષણ.

हृष्येते चरणौ यस्य भवतश्च प्रसुप्तकौ । पादहर्षः स विज्ञेयः कफवातप्रकोपजः ॥

हृष्येते रोमाञ्चितौ भवत प्रसुप्तको सिनिसिनीयुक्तौ ॥

કફ તથા વાયુના પ્રકોપથી બંને પગોમાં રોમાંચ (ઝણઝણી) થાય છે, તેને પાદહર્ષ કહેછે.

પાદહર્ષની ચિકિત્સા.

पादहर्षे तु कर्त्तव्यः कफवातहरोविधिः ॥

પાદહર્ષમાં કફ તથા વાતહર દવા કરવી.

આક્ષેપકોનાં લક્ષણો.

यदा तु धमनीः सर्वाः कुपितोऽभ्येति मारुतः । तदा क्षिपत्याशु मुहुर्मुहुर्देहं मुहुश्चलः । मुहुराक्षेपणाद्धाप्युराक्षेपक इति स्मृतः ॥

मुहुर्मुहुर्देहमाक्षिपति गजारूढस्येव पुरुषस्य गात्र दोलयति । किं विशिष्टो मारुत मुहुश्चल वारवार सञ्चरणशील । अयं वायुराक्षेपक इति स्मृत. देहस्य यन्मुहुराक्षेपणञ्चलन तत. ।

पित्तश्लेष्मान्वितो वायुर्वायुरेव च केवलः ॥ कुर्यादाक्षेपकश्चान्यश्चतुर्थमभिघातजम् ॥

पित्तान्वित श्लेष्मान्वितश्च केवलश्च वायु आक्षेपकान्त्रितय कुर्यात् । अन्यश्चतुर्थोऽभिघातज । अन्यो दण्डाद्यभिघातजो वायुश्चतुर्थमाक्षेपक कुर्यादित्यर्थः । तत्र केवलवातजस्याक्षेपकस्य लक्षणमाह ॥

पाणिपादशिरःपृष्ठश्रोणीः स्तम्भाति मारुतः । दण्डवत् स्तब्धगात्रस्य दण्डकः सोऽनुपक्रमः ॥ अयं वातजाक्षेपको दण्डाख्यः सोऽनुपक्रमः ॥ स्वस्वभावादिवासाध्य । अत्र च मुहुर्मुहुराक्षेपण बोद्धव्यं श्लेष्मान्वितस्य लक्षणमाह ॥

कफान्वितो यदा वायुर्धमनीष्वेव तिष्ठति । स दण्डवत् स्तम्भयति कृच्छ्रोदण्डापतानकः ॥

दण्डापतानकः स आक्षेपको दण्डापतानकाख्यः कृच्छ्ः कष्टसाध्यः अत्र च मुहुर्मुहुराक्षेपण बोद्धव्यम्। आगन्तुजाक्षेपकस्य लक्षण सामान्यमेव बोद्धव्यम् ॥

જ્યારે કુપિત વાયુ સર્વે ધમનીઓમાં પેસેછે, ત્યારે માણસનું શરીર હાથી ઉપર બેઠેલા માણસની પેઠે વારવાર હાલ્યા કરેછે. આમ વારવાર આક્ષેપ થયા કરવાથી એ રોગને આક્ષેપક કહેવામાં આવે છે

આક્ષેપકના ચાર ભેદો—પિત્ત સહિત વાયુથી, કફ સહિત વાયુથી, એકલા વાયુથી અને ચોથો અભિઘાતથી, એમ ચાર પ્રકારોથી આક્ષેપક થાયછે.

દડકાક્ષેપનું લક્ષણ—હાથ, પગ, માથુ, વાસો, તથા ઠાઠું વાયુથી સ્તબ્ધ થઇ જઇને આખુ શરીર લાકડી જેવુ અક્કડ થઈ જાય, તે દડકાક્ષેપ કહેવાય છે, અને તે વાયુથી થયેલો આક્ષેપક છે.

દંડાપતાનકાક્ષેપનુ લક્ષણ—કફથી વીંટાયલો વાયુ જ્યારે ધમનીઓમા ફરે છે, ત્યારે તે ધમનીઓને દંડની પેઠે સ્તબ્ધ બનાવી દેછે, તેને દડાપતાનકાક્ષેપ કહેછે.

આક્ષેપકોની ચિકિત્સા.

बलामूलकषायस्य दशमूलीशृतस्य च । यवकोलकुलत्थानां क्वाथस्य पयसस्तथा ॥ अष्टावष्टौ स्मृता भागास्तैलादेकस्तदेकतः । पचेदावाप्य मधुरं गणं सैन्धवसयुतम् ॥ तथा गुरुं सर्ज्जरसं सरलं देवदारु च । मञ्जिष्ठां पद्मक कुष्ठमेलां कालाञ्च सारिवाम् ॥ मांसीं शैलेयकं पत्रं तगरं सारिवां वचाम् । शतावरीमश्वगन्धां शतपुष्पां पुनर्नवाम् ॥ तत्साधु सिद्धं सौवर्णे राजते मृण्मयेऽपि वा । प्रक्षिप्य कलशे सम्यक् स्वनुगुप्तं निधापयेत् ॥ एतन्महाबलातैलं प्रयुक्तमविलम्बितम् । सर्वानाक्षेपकादींस्तु वातव्याधीन् व्यपोहति ॥ हिक्कां श्वासमधीमन्थं गुल्मं कासं सुदुस्तरम् । षण्मासादुपयुक्तं तदन्त्रवृद्धिञ्च नाशयेत् ॥ यथाबलमलं मात्रां सूतिकायै च दापयेत् । या च गर्भार्थिनी नारी क्षीणशुक्रश्च यः पुमान्॥ क्षीणवाते मर्महते ह्यभिघातहते तथा । भग्ने श्रमाभिपन्ने च सर्वथैतत् प्रयुज्यते ॥ एतद्धि राज्ञा कर्तव्यं कर्तव्यं राजपूजितैः । सुखिभिः सुकुमारैश्च धनिभिर्मानवैः सदा॥

एकत एकत्र आवाप्य प्रक्षिप्य ॥ इति महाबलातैलम् ॥

મહાબલા તૈલ—બળદાણાના મૂળનો કવાથ તથા દશમૂળનો કવાથ, એ દરેકના આઠ આઠ ભાગો, જવ, મરી, અને કળથીનો કવાથ આઠ ભાગ, આઠ ભાગ દુધ; અને એક ભાગ તેલ, એ સર્વને એક વાસણમાં નાખીને તેમાં જીવનીય ગણના પદાર્થો, સૈંધવ, અગરૂ, રાળ, શરૂ, દેવદાર, મજીઠ, પદ્મકાષ્ઠ, કઠ, એલચી, કાળી ઉપલસરી, જટામાંસી, શિલાજિત, તમાલપત્ર, તગર, ધોળી ઉપલસરી, વજ, શતાવરી, આસોંદ, સુવા, અને સાટોડી નાખીને તે તેલને પકાવવું. આ મહાબલા તૈલને સોનું, રૂપું, અથવા માટીના વાસણમાં સારા બંદોબસ્તથી રાખવું. આ તેલથી આક્ષેપક વગેરે સર્વે વાત રોગોનો નાશ થાયછે. હેડકી, શ્વાસ, અધિમંથ, ગુલ્મ, તથા ઉગ્ર ઉધરસનો પણ એથી નાશ થાય

છે. છ માસમાં અંત્રવૃદ્ધિ પણ મટી જાય છે. બળ તથા દોષોને અનુસરીને સુવાવડી સ્ત્રીને પણ આ તેલની માત્રા દેવી. સ્ત્રીને ગર્ભ રાખવો હોય, અને વીર્યક્ષય મટાડવો હોય, તેમને પણ આ તેલ સારો ઉપાય છે. ક્ષીણવાત, મર્મસ્થળમાં વાગવું, બીજી અભિઘાતો, ભાંગેલા ઉપર, થાક ઉપર, એ સર્વમાં પણ સર્વ રીતે આ તેલનો ઉપયોગ થાય છે. રાજા, તેના માનપાત્ર લોકો, સુખી લોકો, તથા સુકુમાર અને ધનવાન્ લોકોએ હમેશાં આ તેલ કરી રાખવું જોઈએ.

અંતરાયામનું લક્ષણ.

अङ्गुलीगुल्फजठरहृद्वक्षोगलसंश्रितः ।
स्नायुप्रतानमनिलस्तदाक्षिपति वेगवान् ॥
विष्टब्धाक्षः स्तब्धहनुर्भग्नपार्श्वः कफं वमन् ।
अभ्यन्तरे धनुरिव यदा नमति मानवः ॥
यदा सोऽभ्यन्तरायामं कुरुते मारुतो बली ॥

यदा स बली मारुतोऽभ्यन्तरायाम कुरुते तदङ्गुल्यादिसंश्रितोऽनिल. स्नायुरत्रोपलक्षण शिराकण्ठयोरपि ग्रहणम् । आक्षिपति कम्पयति तदा स मानव. विष्टब्धाक्षः स्तब्धनेत्र भग्नपार्श्वःभग्नमिव पार्श्वं यस्य सः ॥

બળવાન્ વાયુ અંતરાયામ કરેછે ત્યારે આંગળીઓ, ઘુંટી, પેટ, હૃદય, છાતી, અને કંઠમાંનો વેગ કરીને સ્નાયુઓ, શિરાઓ, તથા કંઠને પણ કમાવે છે, એથી નેત્રો સ્તબ્ધ થઇ જાય છે, દાઢી સ્તબ્ધ થઈ જાયછે, પડખુ ભાગ્યા જેવું થઈ જાય છે, કફની ઉલટી થાય છે, અને માણસ છાતીએથી કમાનની પેઠે વળીને નમી જાય છે.

બાહ્યાયામનુ લક્ષણ.

महाहेतुर्बली वायुः सशिराः स्नायुकण्डराः । मन्याः पृष्ठाश्रिताबाह्याः संशोष्यानामयेद्बहिः । यत्र तं बहिरायामं प्रवदन्ति भिषग्वराः । तमसाध्यं बुधाः प्राहुर्वक्षः कट्यूरुभञ्जनम् ॥

वक्ष कटचूरुभञ्जनम् तत्रापि यो वक्षः कट्यूरून् भुनक्ति संमर्दयति तमसाध्यं प्राहुः ॥

મહાન્ કારણોથી પ્રબળ થયેલો વાયુ શિરા, સ્નાયુ, કંડરાઓ, ગોઠ તથા વાંસામાં હોય છે, તેમને સૂકવીને માણસને પીઠમાં ખાડો પાડીને વાંકોવાળી કમાનની પેઠે નમાવી દેછે, એ રોગને ઉત્તમ વૈદ્યોએ બાહ્યાયામ કહેલો છે. આ રોગ અસાધ્ય છે, અને છાતી, કમર, તથા સાથળનું મર્દન થતું હોય તો તે અત્યત અસાધ્ય છે.

અંતરાયામ તથા બાહ્યાયામની ચિકિત્સા.

बाह्यायामेऽन्तरायामे विधेयार्दितवत् क्रिया ॥

અંતરાયામ તથા બાહ્યાયામની ચિકિત્સા અર્દિતના જેવી કરવી.

ધનુર્વાતનું લક્ષણ.

धनुस्तुल्यो नमेद्यस्तु स धनुःस्तम्भसंज्ञितः ॥ विवर्णदन्तवदनः स्रस्ताङ्गो नष्टचेतन. । प्रस्विन्नश्च धनुःस्तम्भी दशरात्रं न जीवति ॥

अन्तरायामेऽङ्गुल्यादिष्वाक्षेपः स्तब्धाक्षत्वादिकश्च भवति । धनुःस्तम्भे तु धनुर्वत् नमनमात्रमित्येतयोर्भेदः । विवर्णबद्धवदनः वेधोऽत्र चिबुकस्य ज्ञेयः ॥

ધનુષ્યની પેઠે નમી જવાય છે તેને ધનુસ્તંભ કહે છે. તેમાં ત્રિવર્ણું અને મુખ નમેલી હડપચીવાળું થાય છે, પરસેવાથી ભીંજાઇ જવાય છે, તથા બેભાની અને અંગોનું શિથિલપણું થાય છે. આ રોગવાળો દશ રાત્રીની અંદર મરી જાય છે.

અંતરાયામમા આંગળીઓ વગેરે એંચાય છે અને આંખો સ્તબ્ધ થાય છે, પણ ધનુર્વાતમાં તો ફક્ત કમાનની પેઠે વળવુ થાય છે. એટલો એ બેમા ભેદ છે

કુબ્જકનું લક્ષણ.

हृदयं यदि वा पृष्ठमुन्नत क्रमशः सरुक्। क्रुद्धो वायुर्यदा कुर्यात् तदा तं कुब्जमादिशेत् ॥ यदेत्युक्त्वा यदि वेति विकल्पार्थस्तन न पुनरुक्तिदोष'। ननु अन्तरायाम क्रोडनतो भवति । बहिरायाम पृष्ठतो भवति ताभ्यामस्य को भेदः ॥ उच्यते । अन्तरायामबहिरायामयो प्रकृतस्यैवान्तःशरीरस्य बहि शरीरस्य च नमनमत्र तु हृदय पृष्ठ वा शरीराद्बहिर्भवतीति भेद ॥

ક્રમસર હૃદય અથવા પીઠને ઉંચા કરી વેદના કરે છે તેવા રોગને કુબ્જક કહે છે. (કોઇ કહેશે કે છાતીમાંથી નમી જવાય છે તે અંતરાયામ અને વાંસામાંથી નમી જવાય છે તે બાહ્યાયામ એ બન્ને કરતાં કુબ્જકમા શી જુદાઇ છે? તેનુ સમાધાન કે—અંતરાયામ અને બાહ્યાયામમા શરીર જેમનુ તેમજ રહે છે. અને છાતીથી તથા વાંસામાથી નમે છે, પરંતુ કુબ્જકમાં તો છાતી અથવા વાસો શરીરના ભાગથી બહાર નીકળી જાય છે

ધનુર્વાત તથા કુબ્જકની ચિકિત્સા.

बाह्यायामेऽन्तरायामे धनुःस्तम्भे च कुब्जके । योज्यं प्रसारणीतैलं तेन तेषां शमो भवेत् । वातव्याधिषु सामान्या याः क्रियाः कथिताः पुरा । कर्त्तव्या एव ताः सर्वास्तैलमेतद् विशेषतः ॥

બાહ્યાયામ, અંતરાયામ, ધનુર્વાત, અને કુબ્જકમા પ્રસારણી તૈલનો ઉપયોગ કરવાથી તેઓ મટે છે. વાત વ્યાધિઓની સામાન્ય ચિકિત્સા જે પ્રથમ કહેલી છે, તે સર્વે કરવી, અને તેમા વિશેષમા આ તેલ છે.

અપતંત્રનુ લક્ષણ.

क्रुद्धः स्वैः कोपनैर्वायु स्थानादूर्ध्वं प्रपद्यते । पीडयन् हृदयं गत्वा शिरः शङ्खौ च पीडयन् । धनुर्वन्नमयेद्गात्राण्याक्षिपेन्मोहयेत्तथा । स कृच्छ्रादुच्छ्वसेदुच्चैः स्तब्धाक्षोऽथ निमीलकः । कपोत इव कूजेच्च निःसंज्ञः सोऽपतन्त्रकः ॥ स्थानात् पक्वाशयात् ऊर्ध्वं शिर उद्दिश्य आक्षिपेत् चालयेत् अथ निमीलक. । अथवा निमीलिताक्षः। यत्रैतानि भवति सोऽपतन्त्रक ॥

પોતાનાં કારણોથી કોપ પામેલ વાયુ સ્વસ્થાનથી ઊંચો ચઢે છે, અને હૃદયમા જઇને ત્યાં તથા માથુ અને લમણામા પીડા કરીને ધનુષ્યની પેઠે ગાત્રોને નમાવી દે છે, તથા આક્ષેપ અને મોહ કરે છે, તેથી કષ્ટથી ઊંચો શ્વાસ ચાલે છે અને નેત્રો સ્તબ્ધ અને નિમીલિત થઈ જાય છે. કપોતની પેઠે કૂજન કરે છે, તથા સંજ્ઞારહિત થાય છે. આને અપતંત્ર કહે છે

અપતંત્રની ચિકિત્સા.

अथापतन्त्रकेनार्त्तमातुरं नापतर्पयेत् । निरूहबस्तिं वमनं सेवयेन्न कदाचन ॥ भ-

सनाः कफवाताभ्यां रुद्धास्तस्य विमोक्ष-येत् । तीक्ष्णैः प्रधमनैः संज्ञां तासु मुक्तासु विन्दति ॥ श्वसना प्रश्वासोच्छ्वासवहा धमनी ॥

मरिचं शिग्रुबीजानि विडङ्गश्च फणिज्जकम्। एतानि सूक्ष्मचूर्णानि दद्यात् शीर्षविरेचने ॥ फणिज्जको मरुवक ॥ इति मरीचादि नस्यम् ॥

हरीतकी वचा रास्ना सैन्धवं साम्लवेत-सम् । घृतमार्द्रकसंयुक्तमपतन्त्रकनाशनम् ॥ आम्लवेतसकाभावे चुक्रं दातव्यमीरितम् ॥

અપતત્રવાળાને તૃપ્તિ વિરૂદ્ધ ક્રિયાઓ કરવી નહિ, અને નિરૂહ બસ્તિ કે વમન તો કદી કરાવવું નહિ, પણ કફ તથા વાયુથી રોકાયલી શ્વાસ ચલાવનારી નાડીઓને તીક્ષ્ણ નસ્યો આપીને છુટી કરવી, તેમ થવાથી સંજ્ઞા પ્રાપ્ત થાય છે

મરિચાદિ નસ્ય.

માથાને ખાલી કરવા માટે મરી, સરગવાના બીજ, વાવડીંગ, અને મરવાનું બારીક ચૂર્ણ સૂંઘાડવું.

હરિતકયાદિ.

હરડે, વજ, રાસ્ના, સૈંધવ, અમ્લવેતસ અથવા ચૂકો, ઘી, અને આદાના રસથી અપતત્રનો નાશ થાય છે.

અપતાનકનું લક્ષણ.

दृष्टिं संस्तभ्य संज्ञां च हत्वा कण्ठेन कूजति । हृदि मुक्ते नरः स्वास्थ्यं याति मोहा-वृते पुनः । वायुना दारुणं प्राहुरेके तमपता-नकम् । गर्भजातनिमित्तश्च शोणितातिस्रवाच्च यः । अभिघातनिमित्तश्च न सिध्यत्य-पतानकः ॥ दृष्टिं रूपग्रहणशक्तिं संस्तभ्य नाशयित्वा ॥

દૃષ્ટિ સ્તબ્ધ થઈ જઈને સંજ્ઞારહિત થઈ જવાય, કંઠમાં ઘોઘાટ થાય, અને હૃદય છૂટું થાય ત્યારે જરા સ્વસ્થતા થાય, પણ પાછો તુરત મોહ થાય છે, આ વાયુનું દારૂ અપતાનક કહેવાય છે. ગર્ભ રહેવાથી, લોહી બહુ જવાથી, અને મારથી થયેલ અપતાનક અસાધ્ય ગણાય છે.

અપતાનકની ચિકિત્સા.

अथापतानके नार्तमश्रुताक्षमवेपनम् । अखट्वापातिनं चैव त्वरया समुपाचरेत् । अपतानकिने शस्तं दशमूलीश्रतं जलम् । पिप्पलीचूर्णसंयुक्तं जीर्णे मांसरसौदनम् । तैलेन मर्दनं चैव तथा तीक्ष्णं विरेचनम् । स्रोतोविशोधनं पश्चात् सर्पिःपानं हितं स्मृ-तम् । हन्त्यभुक्तवता पीतमम्लं दध्यपता-नकम् । मरिचेन समायुक्तं स्नेहबस्तिरथा-पि वा ॥

અપતાનકવાળાને નેત્રમાંથી પાણી ઝરતાં ન હોય, કંપ થયો ન હોય, અને ખાટલે પડયો ન હોય, તે પહેલાંથીજ તેની ચિકિત્સા તુરત કરવી.

અપતાનકવાળાને દશમૂલીનો કવાથ પીપર નાખીને પાવો. એ કવાથ પચી ગયા પછી માંસના રસ સહિત ભાત ખવરાવવો, તેલ ચોળવું, તીક્ષ્ણ વિરેચન દેવું, અને પછી ઘી પાવું, એટલે સ્રોતો સાફ થઈ જાય છે.

જમ્યા પહેલાં મરીનું ચૂર્ણ નાંખીને ખાટું દહિં પીવાથી અપતાનક મટી જાય છે. સ્નેહની પિચકારી મારવાથી પણ અપતાનક મટી જાય છે.

પક્ષાઘાતનું લક્ષણ.

गृहीत्वार्धं तनोर्वायुः शिराः स्नायूर्विशोष्य च । पक्षमन्यतमं हन्ति सन्धिबन्धान् विमोक्षयन् ॥ कृत्स्नोऽर्धकायस्तस्य स्यादकर्मण्यो विचेतनः । एकाङ्गवात तं केचिदन्ये पक्षवधं विदुः ॥ अर्धम अर्धनारीश्वरवत् पक्षं बाहुपार्श्वोरुजङ्घादिभागम । अन्यतम वाम दक्षिण वा विमोक्षयन् शिथिलीकुर्वन् अकर्मण्य कर्मासमर्थ. विचेतन ईषत् स्पर्शादि ज्ञानयुक्त ॥

વાયુ શરીરના અરધા ભાગને પકડીને શિરાઓ તથા સ્નાયુઓને સૂકવી નાંખીને, સંધિ બંધનોને ઢીલાં કરી નાંખીને, જમણા કે ડાબા પડખાને હણી નાંખે છે, તેથી અરધી કાયા તમામ રીતે કામ કરવાને અશક્ત થઈ જાય છે, અને સ્પર્શ વગેરેનું જ્ઞાન પણ અલ્પ થઈ જાય છે, આ રોગને કેટલાક પક્ષાઘાત કહે છે, કેટલાક પક્ષવધ કહે છે.

દોષોના સંસર્ગનું વિવેચન.

दाहसन्तापमूर्छाः स्युर्वायौ पित्तसमन्विते । शैत्यशोथगुरुत्वानि तस्मिन्नेव कफान्वते॥

दाहो बाह्य. सन्ताप आभ्यन्तर. । एतल्लक्षणमन्यत्रापि वातव्याधौ बोद्धव्य सामान्यतो वायाविति निर्दिष्टत्वात् ॥

જો વાયુ પિત્તસંયુક્ત હોય તો દાહ, સંતાપ, અને મૂર્ચ્છા થાય છે. તેમાં કફ હોય તો શીત, સોજા, અને ભારેપણું હોય છે.

પક્ષાઘાતની સાધ્યાસાધ્યતા.

शुद्धवातहतं पक्षं कृच्छ्रसाध्यतमं विदुः। साध्यमन्येन संयुक्तमसाध्यं क्षयहेतुकम् ॥

शुद्ध केवल । अन्येन पित्तेन कफेन वा । क्षयहेतुक क्षयो धातुक्षयस्तत्कुपितवातनिमित्तकम ॥

गर्भिणीसूतिकाबालवृद्धक्षीणेष्वसृक्क्षये । पक्षाघातं परिहरेद्वेदनारहितो यदि ॥

वेदनारहितो यदीति भिन्नमसाध्यलक्षणम् ॥

એકલા વાતથી જ પક્ષાઘાત થયેલો હોય તો તે કષ્ટસાધ્ય છે, બીજા દોષોના સાધ્ય છે, અને ક્ષય સહિત હોય તો તે અસાધ્ય છે. ગર્ભિણી, સુવાવડી, બાળક, વૃદ્ધ, નબળો, તથા રક્તક્ષયવાળાનો પક્ષાઘાત પણ અસાધ્ય છે, માટે તેની ચિકિત્સા કરવી નહિ. વેદના વગરના પક્ષાઘાતની પણ ચિકિત્સા કરવી નહિ.

પક્ષાઘાતની ચિકિત્સા.

માષાદિ ક્વાથ.

माषात्मगुप्तावातारिवाट्यालकजटाशृतम् । हिङ्गुसैन्धवसंयुक्तं पक्षाघातं विनाशयेत् ॥ माषिके हिङ्गुसिन्धूत्थे जरणाद्यास्तु शाणिकाः ॥

माषादिकाथ. ॥

ग्रन्थिकाग्निकणाशुण्ठीरास्नासैन्धवत्वकल्कितम् । माषकाथशृतं तैलं पक्षाघातं व्यपोहति ॥ ग्रन्थिकादितैलम् ॥

माषात्मगुप्तातिविषारुबूकरास्नाशताह्वालवणैः सुपिष्टैः । चतुर्गुणे माषबलाकषाये तैलं शृतं हन्ति हि पक्षघातम् ॥

इति माषादितैलम् ॥

અડદ, કૌચાં, એરંડો, અને મહાબલાનાં મૂળનો ક્વાથ હિંગ તથા સૈંધવ નાંખીને પીવાથી પક્ષાઘાત મટી જાય છે. હિંગ તથા

સૈંધવ પાંચ પાંચ રતિભાર તથા જીરું વગેરે હોય તો તે ચોવીસ રતિભાર લેવાં.

ગ્રંથિકાદિ તૈલ.

પીપરીમૂળ, ચિત્રક, પીપર, સૂઠ, રાસ્ના, અને સૈંધવનો કલ્ક નાખીને અડદના ક્વાથમાં પકાવેલું તેલ પક્ષાઘાતને મટાડી દેછે

માષાદિ તૈલ.

અડદ, કૌચાં, અતિવિષ, એરંડો રાસ્ના, સૂવા, અને સૈંધવનો કલ્ક નાંખીને અડદ તથા બળદાણાના ચોગણા ક્વાથમાં પકાવેલું તેલ પક્ષાઘાતને હણી નાંખેછે.

સર્વાંગવાતનું લક્ષણ.

सर्वाङ्गपवने क्रुद्धे गात्रस्फुरणभञ्जने । वेदनाभिः परीताश्च स्फुटन्तीवास्य सन्धयः॥

सन्धयो वेदनापरीता युता स्फुटन्तीव ॥

આખા દેહમાં વાયુ કોપ્યો હોય તો સર્વ શિરાઓ કંપે છે, ગાત્રો ભાંગી જાય છે, અને વેદના યુક્ત સાંધાઓ ફાટી પડતા જણાય છે. આ રોગ સર્વાંગવાત કહેવાય છે

સર્વાંગવાતની ચિકિત્સા.

सर्वाङ्गगतमेकाङ्गगतञ्चापि समीरणम् । तैलावगाहनं हन्ति तोयवेगमिवाचलः ॥

પાણીના વેગને જેમ પર્વત હણે છે, તેમ તેલની કોઠીમાં બેસવાથી સર્વાંગવાત અને પક્ષાઘાત હણાઈ જાય છે.

બાકીના વાતવ્યાધિઓ વિષે.

स्थाननामानुरूपैश्च लिङ्गैः शेषान् विनिर्दिशेत् । सर्वेष्वेतेषु संसर्गं पित्ताद्यैरुपलक्षयेत् । प्रथमं ह्रस्वकेशत्वं ततो वाचालतापि च । आटोपः पार्श्वशूलश्च पुरीषस्यातिगाढता । तथा मलाप्रवृत्तिश्च कम्पः स्तम्भश्च रूक्षता । कार्श्यं काष्र्ण्यञ्च शैत्यञ्च लोमहर्षो व्यथा तथा । तोदो भेदः शिरास्फूर्तिरङ्गमर्दोऽङ्गशुष्कता । सङ्कोचश्चाङ्गविभ्रंशो मोहश्चञ्चलचित्तता । निद्रानाशः स्वेदनाशो बलहानिश्च भीरुता । शुक्रक्षयो रजो नाशो गर्भनाशः परिश्रमः ॥

आटोपो गुडुगुडाशब्द । तोद. सूचीव्यधनेनेव पीडा । भेदो विदारणेनेव व्यथा । अङ्गविभ्रंश अङ्गस्य स्थानत्यागेन स्खलनं । निद्रानाशो निद्राल्पत्वमपि । गर्भनाश. आमगर्भपात गर्भशय्यायां वाताधिष्ठानाद्गर्भाग्रहणमिति जेज्जट. । परिश्रमः आयास विना श्रमः ॥

સ્થાન તથા નામો પ્રમાણે લક્ષણોથી બાકીના વાતવ્યાધિઓને જાણી લેવા. એ સર્વમાં પિત્ત વગેરેનો સંસર્ગ પણ સમજી લેવો. પ્રથમ હ્રસ્વકેશત્વ, પછી વાચાલતા, આટોપ (પેટમાં ગડગડાટ થાય તે), પાર્શ્વશૂળ, પુરીષાતિગાઢતા (વિષ્ઠાનું કઠણપણું), મલાપ્રવૃત્તિ (ઝાડાની કબજીયત), કંપ, સ્તંભ (શરીર અકડાઈ જાય છે), રૂક્ષતા, કાર્શ્ય (દુબળા પણું), કાષ્ર્ણ્ય (કાળાપણું), શૈત્ય (શીતળતા), લોમહર્ષ (રોમ ઉભા થાય છે), વ્યથા, તોદ (શરીરમાં સોય ભોંકાય જેવી પીડા), ભેદ (શરીર ચીરાવા જેવી પીડા), શિરાસ્ફૂર્તિ, અંગમર્દ, અંગશુષ્કતા, સંકોચ, અંગવિભ્રંશ, મોહ, ચંચળચિત્તતા, નિદ્રાનાશ, સ્વેદનાશ, બલહાનિ, ભીરુતા, શુક્રક્ષય રજોનાશ, ગર્ભનાશ, અને પરિશ્રમ એટલા છે.

બાકીના વાત વ્યાધિઓની ચિકિત્સા.

सामान्यवातरोगाणां या चिकित्सा भवक्ष्यते । एषां सैव विधातव्या तयैते यान्ति संक्षयम् ॥

સામાન્ય વાતરોગોની જે ચિકિત્સા કહેલી છે, તેજ આમાં પણ કરવાથી તેઓ શમે છે.

બીજા પણ વિશેષ ભેદો.

एवंविधानि रूपाणि करोति कुपितोऽनिलः । हेतुस्थानविशेषेण भवेद्रोगविशेषकृत् ॥

एवंविधानि रूपाणि शिरोग्रहादीनि अशीति ॥

એ રીતે કોપ પામેલો વાયુ એશી રૂપો ઉત્પન્ન કરે છે, છતાં હેતુ અને સ્થાન વિશેષથી બીજા પણ રોગો થાય છે

હેતુભેદ પ્રમાણે વાતવ્યાધિના ભેદ

उदाने पित्तसयुक्ते दाहो मूर्च्छा भ्रमः क्लम । अस्वेदहर्षो मन्दाग्निः शीतता च कफावृते । प्राणे पित्तावृते छर्दिर्दाहश्चैवोपजायते । दौर्बल्यं सदनं तन्द्रा वैरस्यश्च कफावृते ॥ प्राणो हृदयाश्रमो वायु. ॥

स्वेदो दाहस्तृषा मूर्च्छा समाने पित्तसंयुते । कफेन सक्ते विण्मूत्रे गात्रहर्षश्च जायते ॥

कफेन सयुक्ते समाने विण्मूत्रे सक्तेऽवरुद्धे भवत । गात्रहर्षो रोमाञ्चः ॥

अपाने पित्तसंयुक्ते दाहौष्ण्यं रक्तमूत्रता । अध.काये गुरुत्वश्च शीतता च कफावृते ॥

गुदाश्रयोऽपान ॥

व्याने पित्तावृते दाहो गात्रविक्षेपणं क्लमः । स्तम्भोऽथ दण्डकश्चापि शूलशोथौ कफावृते ॥ दण्डक आक्षेपकभेद ॥

પિત્ત સાથે ઉદાનવાયુ મળવાથી દાહ, મૂર્છા, ભ્રમ, અને ગ્લાનિ, થાયછે, કફ સાથે મળવાથી પરસેવાનો નાશ, રોમહર્ષ, મંદાગ્નિ, અને શરીરમાં શીતતા થાય છે, પિત્તસાથે પ્રાણવાયુ મળવાથી ઉલટી અને દાહ થાય છે, કફ સાથે મળવાથી દુર્બળતા, ગ્લાનિ, તદ્રા, અને વૈરસ્ય થાય છે. પિત્ત યુક્ત સમાન વાયુથી સ્વેદ, દાહ, તૃષા, મૂર્છા, એ થાય છે, કફ સહિત હોય તો વિષ્ટા મૂત્રની અટકાયત અને રૂવાડા ઉભા થાય છે પિત્ત સાથે અપાન વાયુ મળે છે તો દાહ, ઉષ્ણતા, અને મૂત્રમા રક્તતા, એ થાય છે, કફ હોય તો નીચેના શરીરમા ભારેપણુ તથા શીતપણુ આવે છે પિત્ત સાથે વ્યાનવાયુ હોય તો દાહ, હાથ પગ પછાડવા, અને ગ્લાનિ થાય છે, કફ સાથે હોય તો સ્તભ, દડકાક્ષેપ, શૂળ, અને સોજો હોય છે.

હેતુઓના ભેદોના વાતવ્યાધિઓની ચિકિત્સા.

वाते सपित्ते कुर्वीत वातपित्तहरी क्रियाम् । सकफे तत्र कुर्वीत वातश्लेष्महरी क्रियाम् ॥

પિત્ત સહિત વાયુમા વાત પિત્ત હર ઉપાયો કરવા, અને કફ સહિત હોય તો વાત કફ હર ક્રિયાઓ કરવી.

સ્થાન ભેદો વિષે રસ વગેરે ધાતુઓમાં રહેલ વાયુનાં લક્ષણ.

त्वग् रूक्षा स्फुटिता सुप्ता कृशा कृष्णा च तुद्यते । आतन्यते सरागा च सर्वरुक्

त्वग्गतेऽनिले ॥ सर्वरुक् ससत्वग्व्यथा त्वग्गते त्वक्शब्देनात्र रस उच्यते । त्वगाधार्यत्वात् तेन रसगतेत्यर्थ. ॥

रुजस्तीव्राः ससन्तापो वैवर्ण्यं कृशता रुचिः ॥ गात्रे चारुंषि भुक्तस्य स्तम्भश्चासृग्गतेऽनिले ॥ अरुषि व्रणानि भुक्तेत्यत्राप्यव-सितादित्वात् कर्तरिक्तः तेन भुक्तवतः स्तम्भ सन्तर्पणेन रक्तवृद्धे ॥

गुर्वङ्गं तुद्यते स्तब्धं दण्डमुष्टिहतं यथा । सरुक् स्तिमितमत्यर्थं वाते मांससमाश्रिते ॥ दण्डमुष्टिताडितमिव तुद्यते स्तिमित निश्चलमित्यर्थ । मासमेदसोर्गतवातयोरैकालिङ्गत्वम् अदूरान्तरेण । प्रत्यसत्तेराश्रयप्रभावात् ॥

तथा मेदश्रितः कुर्यात् ग्रन्थीन् मन्दरुजो व्रणान् ॥ तथा मेद श्रित मांसगतवत् । दरेण प्रत्यासत्तेरस्थिरूपाया मेदाच्च कुर्याद् ग्रन्थीनित्यादिर्विशेष' ॥

मेदोऽस्थिपर्वणां सन्धिशूलं मांसबलक्षयः । अस्वप्नः प्रबला रुक् च वाते दुष्टेऽस्थिसंस्थिते । वाते मज्जागते पीडा न कदाचित् प्रशाम्याति ॥ मज्जागतेऽस्थिगतवत् स्यात् अय विशेष पीडेति ॥

क्षिप्रं मुञ्चति बध्नाति शुक्रं गर्भमथापि वा । विकृतिं जनयेच्चापि शुक्रस्थः कुपितोऽनिलः ॥ शुक्र बध्नाति स्खलयत्येव न गर्भं क्षिप्रं मुञ्चति । आममेव पातयति बध्नाति मढ करोति च वातदुष्टा शुक्रारब्धत्वात् विकृतिं शुक्रस्य वर्णान्तरत्वादिरूपाम् गर्भस्य विकृताङ्गत्वादिरूपा जनयति ॥

વાયુ રસમાં રહેલ હોય તો ચામડી રૂક્ષ, ફાટેલી, જડ, પાતળી, કાળી, સોઇથી ભોંકાયા જેવી, પીડાવાળી, લઠબઠતી, અને રતાશવાળી થાય છે, અને સાતે ત્વચાઓમાં પીડા થાય છે. વાયુ રક્તમાં રહેલ હોય તો તીવ્ર પીડા, સતાપ, વર્ણનું બગડી જવું, દુર્બળતા, અરૂચિ, શરીરમાં વણો, અને જમ્યા પછી તૃપ્તિથી રક્ત વધવાથી સ્તબ્ધપણુ થાય છે. વાયુ માંસમાં રહેલ હોય તો અગનુ ભારેપણું, લાકડી કે મુઠીના પ્રહાર જેવી વેદના, સ્તબ્ધતા માંસમાં વ્યથા, તથા તે નિશ્ચળ થઈ જાય છે વાયુ મેદમા રહેલો હોય તો માંસમાં રહેલ વાયુના જેવા જ લક્ષણો હોય છે, અને થોડી પીડાવાળી ગાંઠો અને વ્રણો થાય છે. અસ્થિનો વાયુ દુષ્ટ હોય તો હાડકાના સાંધાઓમાં ભેદ, સાંધાઓમાં શૂળ, માંસ અને બળનો ક્ષય, નિદ્રા ન આવવી, બહુ પીડા, એ થાય છે મજ્જાના વાયુની પીડા કદી પણ મટતી જ નથી. વીર્યના વાયુના કોપથી વીર્યપાત થતો નથી, કાચા ગર્ભને પાડી નાંખે છે તથા મૂઢ કરી નાખે છે, વીર્યનો વર્ણ બદલાવી નાંખવો વગેરે વિકાર કરે છે અને ગર્ભમા અંગો બગાડી નાખવાનો વિકાર કરે છે. વાયુથી દુષ્ટ થયેલા વીર્યથી ગર્ભ ઉત્પન્ન થયેલો હોવાથી તેનો પાત કરે છે.

આ ભેદોની ચિકિત્સા.

वायौ त्वगाश्रिते स्नेहाभ्यङ्गं स्वेदञ्च कारयेत् । रक्तस्थे शीतलान् लेपान् विरेकं रक्तमोक्षणम् । मांसमेदोगते वाते सविरेक निरूहणम् । अस्थिमज्जागते स्नेहं बहिरन्तश्च योजयेत् । केतकनागबलातिबलानां यद्-

हुलेन रसेन विपक्वम् । तैलमनल्पतुषोदकसिद्धं मारुतमस्थिगतं विनिहन्ति ॥

इति केतकादि तैलम् ॥

हर्षोऽन्नपानं शुक्रस्थे बलशुक्रकरं हितम् ॥

રસમાં રહેલા વાયુ માટે સ્નેહનો અભ્યગ અને સ્વેદન કરવુ, રક્તના વાયુ માટે શીતળ લેપો, વિરેચન, અને લોહી કઢાવવાનુ કરવુ, માંસ તથા મેદના વાયુ માટે વિરેચન સહિત નિરૂહ બસ્તિ દેવી; અસ્થિ અને મજ્જામાંના વાયુ માટે બહાર તથા અંદર સ્નેહ આપવો.

કેતકાદિતૈલ—કેવડો, નાગબલા, તથા અતિબલાના ઘણા સ્વરસથી, અને ઘણા તુષોદકથી પકાવેલુ કેતકાદિતેલ વાપરવાથી અસ્થિમાં રહેલો વાયુ હણાઈ જાય છે. વીર્યમાં રહેલા વાયુ ઉપર આનંદ રાખવો, તથા બળ અને વીર્ય વધારનાર પ્રયોગો કરવા.

બીજા સ્થાન ભેદો

वाते कोष्ठाश्रिते दुष्टे निग्रहो मूत्रवर्चसोः। ब्रध्नहृद्रोगगुल्मार्शः पार्श्वशूलश्च जायते ।

(कोष्ठलक्षणमाह) स्थानान्यामाग्निपक्वानां मूत्रस्य रुधिरस्य च । हृदुन्द्रकः फुप्फुसश्च कोष्ठ इत्यभिधीयते ॥

उन्द्रक पोठ इति लोके । एतेन कोष्ठशब्देन सर्व एवाशया कथ्यन्ते । तथापि विशेषार्थमामाशयादिगतवातलक्षणान्यपि पृथक् वक्ष्यन्ते ॥

(अथ तस्य चिकित्सा) पाचनीयै रसैर्युक्तैरन्यैर्वा पाचयेन्मलान् । विशेषतः पिबेत् क्षीरं नरः कोष्ठगतेऽनिले ॥

(अथामाशयगतस्य वातस्य लक्षणमाह । चरकः—) हृत्पार्श्वोदरनाभीरुक्तृष्णोद्गारविसूचिकाः । कासः कण्ठस्य शोषश्च श्वासश्चामाशयेऽनिले ॥

(आमाशयस्य लक्षणमाह चरकः) । नाभिस्तनान्तरं जन्तोराहुरामाशयं बुधाः। इति।

(अथ तस्य चिकित्सा) आमाशयस्थे त्वनिले प्रशस्त प्राग् लङ्घनं दीपनपाचनञ्च । प्रच्छर्दनं तीक्ष्णविरेचनं वा मुद्गयवाः शालियुता पुराणाः । भूतीकपथ्यासदिपुष्कराणि बिल्वामृतादारुकनागराणि उग्रा विषा मागधिकाविडानि क्वाथास्तथ सामसमीरणघ्नाः ॥

भूतीक रोहिष सुगन्धतृणविशेषस्तदलाभे उशीर ग्राह्यम् । पुष्कर पुष्करमूलम् । दारुक देवदारु । उग्रा वचा । विषा अतिविषा । चित्रकेन्द्रयवौ पाठाकटुकातिविषाऽभया ॥

आमरुग्योत्थवातघ्नं चूर्णं पेयं सुखाम्बुना । योगेऽस्मिन् भिषजा ग्राह्याः षण्ण षट् धारणाः पृथक् । दिनेषु षट्सु दातव्या स्तेन षट्धरणः स्मृतः ॥ अत्र षण्णा समुदिताना षट्धरणमिताना चूर्णीकृतानामेकस्मिन् हनि एकटङ्को देयः ॥

आमाशयगते वाते छर्दिश्चापि यथाक्रमम् देयः षट्धरणो योगः सप्तरात्रं सुखाम्बुना

अयमर्थः । प्रथमदिवसे वमनं कारयितव्य ततः द्वितियदिनमारभ्य षट्दिनपर्यन्त पाठक्रमेणैकैकस्य चूर्णटङ्कमित देयमित्यर्थः । इति षट्धरणयोग. ॥

(अथ पक्वाशयगतस्य वातस्य लक्षणमाह

पक्वाशयस्थोऽन्त्रकूजं शूलाटोपौ करोति च। कृच्छ्रमूत्रपुरीषत्वमानाहं त्रिकवेदनाम् ॥

आटोपो वातस्य क्षुब्धत्वम्। न तु गुडुगुडाशब्दस्तस्यान्त्रकूजनोक्तत्वात् ॥

वह्नेः संवर्धनं कार्यं कर्मौदावर्तकं तथा। देयः स्नेहविरेकश्च पक्वाशयगतेऽनिले। वाते जठरगे दद्यात् क्षारचूर्णादिदीपनम्। शुण्ठीकुटजबीजाग्निचूर्णं कोष्णाम्बु कुक्षिगे ॥ ग्रहो विण्मूत्रवातानां शूलाध्मानाश्मशर्कराः। जङ्घोरुत्रिकपार्श्वांसपृष्ठरोगो गुदेऽनिले ॥ रोगोऽत्र रुजा पीडेति यावत् ॥

वाते गुदगते दुष्टे कर्मौदावर्तकं हितम् ॥ हृदयानिलनाशाय गुडूचीं मरिचान्विताम्। पिबेत्प्रातः प्रयत्नेन सुखतप्ताम्भसा सह। पिबेदुष्णाम्भसा पिष्टमाश्वगन्धं विभीतकम्। गुडयुक्तं प्रयत्नेन हृदयानिलनाशनम्। देवदारुसमायुक्तं नागरं परिपेषितम्।हृद्वातवेदनायुक्तःपीत्वासुखमवाप्नुयात्। श्रोत्रादिष्विन्द्रियवधं कुर्यात् क्रुद्धःसमीरणः। श्रोत्रादिष्वनिलदुष्टे कार्यो वातहरः क्रमः। स्नेहाभ्यङ्गावगाहाश्च मर्दनालेपनानि च ॥

कुर्याच्छिरागतः शूलं शिराकुञ्चनपूरणम्। स बाह्याभ्यन्तरायामं खल्लीं कुब्जत्वमेव च॥

कुञ्चन सङ्कोच बाह्यायाम पृष्ठेन नत अभ्यन्तरायाम क्रोडेन नतं शूल शिरायामेव पूरणं स्थूलत्वम् ॥

स्नेहाभ्यङ्गोपनाहश्च मर्दनालेपनानि च। वाते शिरागते कुर्यात् तथा चासृग्विमोक्षणम्॥

शूलमाक्षेपकः कम्पः स्तम्भ. स्नाय्वनिलाद्भवेत् ॥

स्वेदोपनाहाग्निकर्मबन्धनोन्मर्दनानि च। क्रुद्धे स्नायुगते वाते कारयेत् कुशलो भिषक्॥

हन्ति सन्धिगतः सन्धीन् शूलशोथौ करोति च ॥ हन्ति विश्लेषयति ॥

कुर्यात्सन्धिगते वाते दाहस्नेहोपनाहनम्। इंद्रवारुणिकामूलं मागधीगुडसंयुतम्। भक्षयेत्कर्षमात्रं तत्सन्धिवातं व्यपोहति ॥

કોઠામાં રહેલ વાયુ દુષ્ટ થાય તો વિષ્ટા મૂત્ર બંધ થાય છે, તથા બ્રધ્ન, હૃદ્રોગ, ગુલ્મ, અર્શ, અને પડખાંનુ શૂળ થાય છે

કોઠાનુ લક્ષણ—અન્નનું, અગ્નિનુ, પકવઅન્નનુ, મૂત્રનુ અને રક્તનું સ્થાન હૃદય, પીઠ, ફેફસાં, એ સ્થાનોને કોઠો કહેવાય છે.

કોઠાના વાયુની ચિકિત્સા—પાચન કરનારા રસો તથા બીજા ઉપાયોથી મળોને પકાવવા, અને કોઠાના વાયુ ઉપર માણસે વિશેષે કરીને દૂધ પીવું.

આમાશયના વાયુનું લક્ષણ—આમાશયમા વાયુ હોય તો હૃદય, પડખાં, અને ઉદરમાં પીડા, નાભિમા દરદ, તૃષા, ઓડકાર, કોલેરા, કઠનો શોષ, ઉધરસ, અને શ્વાસ થાય છે. એમ ચરકનુ કહેવું છે.

આમાશયનુ લક્ષણ—વિદ્વાનોએ માણસને નાભિ અને સ્તનોની વચ્ચે આમાશય છે, એમ કહેલું છે. એમ ચરક કહે છે.

આમાશયના વાયુની ચિકિત્સા—આમાશયમા વાયુ હોય તો પ્રથમ લંઘન, દીપન, પાચન, ઉલટી, તીક્ષ્ણ વિરેચનો, તથા જુના મગ, જવ, અને ચોખા આપવા.

રોહિસખડ, હરડે, કચૂરો, અને પુષ્કરમૂળનો, બીલી, ગળો, દેવદાર, અને સૂઠનો, તથા વજ, અતિવિષ, પીપર, અને બીડલૂ-

ણુનો, એ ત્રણ કવાથો આમ સહિત વાયુને હણે છે.

ષડ્ધરણયોગ-સારા પાણીમાં આમાશયના વાતને હણનારૂ ચૂર્ણ ખાવું આ ચૂર્ણને છ વસ્તુના ગ્રહણને લીધે વૈદ્યોએ ષડ્ધરણ યોગ કહેલો છે. તે છ દિવસ સૂધી દેવાય છે માટે પણ ષડ્ધરણ કહેવાય છે. ચિત્રક, ઇંદ્રજવ, કાળીપાડ, કડુ, અતિવિષ, અને હરડે, એ ષડ્ધરણ યોગ કહેવાય છે, તે એક દિવસે પા પા તોલા પ્રમાણે છ દિવસ સૂધી દેવુ અથવા એ યોગ આમાશયના વાયુ ઉપર ઉલટી વગેરે પ્રથમથી કરાવીને પછી સાત રાત્રી સૂધી ક્રમસર દેવો. (પહેલે દિવસે ઉલટી કરાવવી, બીજે દિવસે પા તોલો ચિત્રક, ત્રીજે દિવસે પા તોલો ઇંદ્રજવ, એમ અનુક્રમે એક એક પદાર્થ છ દિવસ સૂધી ખવરાવવા)

પકવાશયના વાયુના લક્ષણ—પકવાશયમા રહેલો વાયુ હોય તો આતરડાંમા ગુડગુડાટ, શૂળ, આટોપ, મૂત્ર તથા મળ મુશ્કેલીથી નીકળવા, પેડુનો આફરો, અને ત્રિકમા વેદના થાય છે

પકવાશયના વાયુની ચિકિત્સા—જઠરાગ્નિને વધારવો, ઉદાવર્ત્તની ક્રિયાઓ કરવી, અને સ્નેહ યુક્ત વિરેચન, એ પકવાશયના વાયુમા દેવા. જઠરમાંના વાયુ ઉપર ક્ષાર ચૂર્ણાદિ દીપનો દેવા, તથા સૂઠ, ઇદ્રજવ, અને ચિત્રકનુ ચૂર્ણ ઊના પાણીમા કૂખમાના વાયુ ઉપર દેવું.

ગુદાના વાયુનુ લક્ષણ—ગુદાના વાયુમા વિષ્ટા મૂત્ર અને અધોવાયુ બધ થાય છે, અને શૂળ, આફરો, પથરી, અને રેતી થાય છે, તથા જઘા, સાથળ, ત્રિક, પડખા, ખભા, અને પીઠમા પીડા થાય છે.

ગુદાના વાયુની ચિકિત્સા.

ગુદાનો વાયુ દુષ્ટ થાય તો ઉદાવર્ત્તના ઉપાયો હિત કરનારા થાય છે.

હૃદયના વાયુની ચિકિત્સા—હૃદયના વાયુના નાશ માટે પ્રાતઃકાળમા મરી સહિત ગળો સહજ ગરમ પાણીમાં પીવી. સહજ ગરમ પાણી સાથે આસોદ તથા બેહેડાં ગોળ સાથે પીવાથી પણ હૃદયનો વાયુ નાશ પામે છે. દેવદાર અને સૂંઠ વાટીને ઉના પાણીમા પીવાથી હૃદયનો વાયુ પીડા સહિત મટી જઈને સુખ પ્રાપ્ત થાય છે.

શ્રોત્રાદિના વાયુના લક્ષણો—શ્રોત્રાદિકમાંનો વાયુ કોપે છે તો તે ઇંદ્રિય શક્તિનો નાશ કરે છે.

શ્રોત્રાદિના વાયુની ચિકિત્સા—શ્રોત્રાદિનો વાયુ કોપે છે તો વાતહર ક્રિયા કરવી સ્નેહયુક્ત અભ્યંગ, સ્નાન, મર્દન, અને લેપો કરવા.

શિરાના વાયુનુ લક્ષણ—શિરાગત વાયુ શૂળ, શિરાનો સકોચ, પૂરણ, તથા બાહ્યાયામ અને અતરાયામ, ખાલી તથા કુબ્જત્વ કરે છે.

શિરાના વાયુની ચિકિત્સા-સ્નેહાભ્યગ, ઉપનાહસ્વેદ, સ્નેહયુક્ત મર્દન અને લેપનો, અને લોહી કઢાવવુ, એ શિરાગત વાયુમાં કરવુ.

સ્નાયુના વાયુનુ લક્ષણ—સ્નાયુના વાયુથી શૂળ, આક્ષેપક, કપ, સ્તંભ, એ થાય છે.

સ્નાયુના વાયુની ચિકિત્સા—ઉપનાહાદિસ્વેદ, અગ્નિકર્મ, (ડામ દેવા બાંધન, મર્દન, એ બધુ કુશળ વૈદે સ્નાયુનો વાયુ કોપે તો કરવું.

સાંધાના વાયુનુ લક્ષણ—સંધિગત વાયુ સંધિઓને હણે છે તથા શળ અને સોજા કરે છે.

સાંધાના વાયુની ચિકિત્સા—સંધિગત વાયુમાં દાહ, સ્નેહ, ઉપનાહ, એ કરવાં, તથા ઇંદ્રવારણાંનું મૂળ પીપર અને ગોળ સાથે એક તોલો ખાવું, એથી સંધિવાત મટી જાય છે.

કષ્ટસાધ્ય વાતવ્યાધિઓ

हनुस्तम्भार्दिताक्षेपपक्षाघातापतानकाः । कालेन महता यत्नात् सिध्यन्ति यदि वा न वा ॥ शतेष्वेक कश्चिन्मुच्यत इत्यर्थ । पर क· सिध्यति यस्तरुणो भवति तथा बलवानुपद्रवरहितश्च ॥

હનુસ્તંભ, અર્દિત, આક્ષેપ, પક્ષાઘાત, અને અપતાનક એઓ વખત જતાં ભયકર થઇ પડે છે, આવા રોગવાળા સેંકડોમાંથી થોડા જ બચે છે, તેમા પણ જો જુવાન, બળવાન તથા ઉપદ્રવ વિનાના હોય તે જ બચે છે.

વાત વ્યાધિઓના ઉપદ્રવો.

विसर्पदाहरुग्भङ्गमूर्च्छारुच्यग्निमार्दवैः । क्षीणमांसबलं वाता घ्नन्ति पक्षवधादयः ॥

वाता वातविकारा· । कार्यकारणयोरभेदोपचारात् । वातादिति पाठे वातात् पक्षवधादय इति योज्यम् ॥

વિસર્પ, દાહ, વ્યથા, ભંગ, મૂર્છા અરૂચિ, મંદાગ્નિ, માસ તથા બળનો ક્ષય, અને પક્ષવધ, વગેરે કરનાર વાયુ મારી નાખે છે

યાપ્ય વાત વ્યાધિઓ.

शूनं सुप्तत्वचं म्लानं कम्पाध्माननिपीडितम् । रुजार्तिमन्तश्च नरं वातव्याधिर्विनाशयेत् ॥

સોજા, ચામડીની જડતા, ગ્લાનિ, કંપ, આફરો, અને વેદના વાળાને વાત વ્યાધિ અતે મારી નાંખે છે.

પંચ વાયુનાં કર્મો

अव्याहतगतिर्यस्य स्थानस्थः प्रकृतौ स्थितः । वायुः स्यात्सोऽधिकं जीवेद्वीतरोगः समाशतम् ॥

અપ્રતિહત ગતિવાળો અને પોતાનાં સ્થાનોમા રહેલો સમસ્થિતિનો વાયુ રોગ વગર સો વર્ષ સુધી જીવવા દે છે.

વાત વ્યાધિઓની સામાન્ય ચિકિત્સા.

माषस्यार्धाढकं देयं तुलार्धं दशमूलतः । पलानि छागमांसस्य त्रिंशद् द्रोणेऽम्भसः पचेत् । चतुर्भागावशेषं तं कषायमवतारयेत् । प्रस्थे द्वे तिलतैलस्य पयो दद्याच्चतुर्गुणम् । जीवनीयानि मञ्जिष्ठा चव्यं चित्रककट्फलम् । सव्योषं पिप्पलीमूलं रास्नामलकगोक्षुरम् । आत्मगुप्ता तथैरण्डः शताह्वा लवणत्रयम् । देवदार्वमृता कुष्ठमश्वगन्धावचा शटी । एतैरक्षमितैः कल्कैः पाचयेन्मृदुनाग्निना ॥ पक्षाघातार्दिते पुंसि हनुस्तम्भार्दिते तथा । कर्णशूले शिरःशूले तिमिरे च त्रिदोषजे ॥ पाणिपादशिरोग्रीवाश्रवणे मन्द एव च । कलायखञ्जे पङ्गौ च गृध्रस्यामपबाहुके । पाने बस्तौ तथाभ्यङ्गे नस्ये कर्णादिपूरणे । तैलमेतत् प्रशंसन्ति सर्ववातविकारनुत् । महामाषादिनामेदं भाषितं मुनिभिः पुरा ॥

इति महामाषादितैलम् । चक्रदत्तात् ॥

माषा यवातसी क्षुद्रा मर्कटी च कुरण्टकः । गोकण्टाशुण्टकश्चैषां प्रत्येकं पलसप्तकम् । चतुर्गुणाम्बुना पक्त्वा पादशेषं शृतं नयेत् । कार्पासकास्थिबदरं शणबीजं कुलत्थकम् । पृथक् चतुर्दशपलं चतुर्गुणजले पचेत् ॥ कषायं तत्र गृह्णीयाच्चतुर्थांशावशेषितम् । प्रस्थश्च छागमांसस्य चतुःषष्टिपले जले ॥ प्रक्षिप्य पाचयेद्धीमान् पादशेषं रस नयेत् । तैलप्रस्थे ततः क्काथान् सर्वांस्तान् क्रमशः पचेत् ॥ कल्कद्रव्यैः पचेदेभिरमृताकुष्ठसैन्धवैः । रास्ना पुनर्नवैरण्डैः पिप्पल्या शतपुष्पया ॥ बलाप्रसारिणीभ्याश्च मांस्या कटुकया तथा । पृथक्कर्षमितैरेतैः साधयेन्मृदुनाग्निना ॥ हन्याचैलमिदं शीघ्रं वातव्याधीनशेषतः । आक्षेपकं पक्षघातमूरुस्तम्भापबाहुकौ ॥ हस्तकम्पं शिरःकम्पं विश्वाचीमर्दितं तथा ॥

इति द्वितीय माषादितैलम् । शार्ङ्गधरात् ॥

अश्वगन्धां बलां बिल्वं पाटलां बृहतीद्वयम् । श्वदंष्ट्रातिबले निम्बं श्योनाकश्च पुनर्नवाम् ॥ प्रसारिणीमग्निमन्थं कुर्यात् दशपलं पृथक् । चतुर्द्रोणे जले पक्त्वा पादशेषं शृतं नयेत् । तैलाढकेन संयोज्य शतावर्या रसाढकम् । प्रक्षिपेत्तत्र गोक्षीरं ततस्तैलाच्चतुर्गुणम् ॥ पृथक् पलमितै कल्कैर्द्रव्यैरेभिः पचेद्भिषक् । वचाचन्दनकुष्ठैलामांसीशैलेयसैन्धवैः ॥ अश्वगन्धाबलारास्नाशतपुष्पेंद्रदारुभिः । पर्णी चतुष्टयेनैव तगरेण प्रसाधयेत् । तत्तैलं भोजनेऽभ्यङ्गे पाने बस्तौ च योजयेत् । पक्षाघातं हनुस्तम्भं मन्यास्तंभं गलग्रहम् । कुब्जत्वं बधिरत्वञ्च गतिभङ्गं कटिग्रहम् । गात्रशोषेन्द्रियध्वंसं शुक्रनाशं ज्वरक्षयान् ॥ अन्त्रवृद्धिं कुरण्डञ्च दन्तरोगं शिरोग्रहम् । पार्श्वशूलञ्च पङ्गुत्वं बुद्धिनाशञ्च गृध्रसीम् ॥ अन्यांश्च विविधान् वातान् हरेत् सर्वाङ्गसंश्रयान् । अस्याः प्रभावाद्वन्ध्यापि नारी पुत्रं प्रसूयते ॥ यथा नारायणो देवो दुष्टदैत्यविनाशन । तथेदं वातरोगाणां नाशनं तैलमुत्तमम् ॥

इति मध्यमनारायणतैलम् ॥

(अथ महानारायणतैलम्) तिलतैलं समादाय चतुराढकसम्मितम् । पञ्चपल्लवकल्केन शोधयेत् दोषशान्तये ॥ तत्राजं दुग्धमथवा गव्यं तैलसमं पचेत् । शतावरीरसञ्चापि तैलतुल्यं पचेद्भिषक् ॥ दशमूलीबलारास्नाशिग्रूत्पलपुनर्नवा । शेफालिका नागबला बला चैव प्रसारिणी ॥ अश्वगन्धा सहचरो दर्भमूलं करञ्जकः । खदिरं चन्दनं लोध्रं वचाशनपलाशकम् ॥ बकुलैरण्डवरुणशाल्युग्मकदम्भराः । शिरीषः शिखरी वासा हिंस्रा जम्बू विभीतकम् ॥ काञ्चनारः कपित्थश्च पारिभद्रः प्रियालकम् । पाषाणभेदशम्याकदुग्धिका दाडिमीफलम् ॥ उदुम्बरः सप्तला च कन्यका मालतीत्वचम् । मागधीनलमूलञ्च यवकोलकुलत्थकम् । आत्मगुप्तार्ककार्पासबीजं वत्सादनी स्नुही ॥ केतकीमूलधत्तूरलाङ्गलीगर्दभाण्डकम् । चित्रकञ्च महानिम्बं

पञ्चवल्कलमेव च । मुण्डी ठेकारि मुसली हंसपादी विशल्यकम् । एषां दशपलान् भागान् वारिण्यष्टगुणे पचेत् । पादशेषं परिस्राव्य तत्र तैलं पुनः पचेत् । छागो मेषश्च हरिण एणश्च बहुशृङ्गकः ॥ शशः शल्यः शिवा गोधा सिंहो व्याघ्रश्च भल्लुकः ॥ वन्यो वराहः खड्गी च महिषो घोटकस्तथा ॥ कपिर्वभ्रूर्बिडालश्च मूषकश्चोरुर्दुरः । वर्तीकस्तित्तिरिर्लावः खञ्जरीटश्चकोरकः ॥ उलूको नीलकण्ठश्च वनकुक्कुट एव च । गृध्रश्च गरुडो हंसश्चक्रः कारण्डवोऽपि च ॥ कपोतः सारसः क्रौञ्चो वन्यः पारावतस्तथा । रोहितो मद्गुरश्चापि शिलीन्ध्रः शृङ्गकस्तथा ॥ इल्लीसो गर्गरी वर्मिः कथः काकः पिकापि च । महामत्स्यः कच्छपश्च शिशुमारश्च साकुचिः ॥ मकरो घण्टिकाकारस्तदलाभे तु गोधिका । यथालाभममीषाश्च क्वाथं तैलसमं पचेत् ॥ रास्नाश्वगधा मिसिदारूकुष्ठपर्णी चतुष्का गुरुकेसराणि । रसन्धूत्थमांसी रजनीद्वयश्च शैलेयकं चन्दनपुष्करश्च ॥ एलासयष्टीतगराब्दपत्रं भृङ्गोऽष्टवर्गस्तु वचा पलाशी । स्थौणेयवृश्चिकचोरकाख्यं मूर्वात्वचं कट्फलपद्मकश्च ॥ मृणालजातीफलकेतकाख्यं सनागपुष्पं सरलं मुरा च । जीवन्तिकोशीरवरास्तथैव दुरालभा वानरिका नखश्च ॥ कैवर्तमुस्तार्जुनतिक्तकश्च ॥ वातामखर्जूरकतुम्बराश्च । स धातकीग्रन्थिकपर्पटाश्च पटोलहेमाव्हजयन्तिकाश्च ॥ त्रायन्तिकालम्बुषशक्रबीजं रसाञ्जनाभा त्रिवृतारुणा च । द्राक्षा कणाद्रोणपुनर्नवाश्च कौंती कृमिघ्नो हयमारकश्च ॥ नीलोत्पलं पद्मककारवीभ्यां रम्भानलो गोक्षुरकः क्षुरश्च । कक्कोलकालेयकुसुम्भपुष्पन्तुरुष्ककाश्मीरकसिक्थकश्च ॥ लवङ्गकर्पूरसालकाण्डीकस्तूरिकाबालकमम्बरश्च ॥

दारु देवदारु । पर्णीचतुष्क शालिपर्णी पृष्ठिपर्णी मुद्गपर्णी माषपर्णी । केशर पुन्नागस्तस्य पुष्प ग्राह्यम् । तदलाभे नागकेसरं ग्राह्यम् । शैलेयक छडीला चन्दनमत्रश्वेत पुष्कर पुष्करमूलम् । 'तगरस्याप्यलाभे तु कुष्ठ दद्याद्भिषग्वर' भृङ्गस्त्वक् । अष्टवर्गालाभे शतावरी विदार्यश्वगन्धावाराहीर्द्विगुणा दद्यात् । वाराहिगेटि इतिलोके । पलाशी कर्चूरभेद गन्धपलाशीति काश्मीरे प्रसिद्धा । तदलाभे कर्चूर एव देयः । स्थौणेयो गाढिवनभेद ईषत् सुगन्धि थुनेर इति लोके ।' वृश्चीवः श्वेतमूला पुनर्नवा चोरक ग्रन्थिपर्णस्यैव भेद. भडि उरइति नैपालदेशे प्रसिद्ध । केतकस्य मूल पुष्पञ्च दद्यात् । कैवर्तमुस्ता केवटी मोथा गुडतजी इति च नाम । तिक्तकः किराततिक्तकः वातामं बादाम । हेमाव्हं धत्तूरस्य फलं मूलं पत्रञ्च जयन्तिका जैतित्वक् । त्रायन्तिका अत्र लभ्यत एव न । अलम्बुषा लज्जालूभेद । पञ्चाङ्ग. । आभा बब्बुलः तस्य त्वक । अरुणा मञ्जिष्ठा द्रोणः द्रोगु मारूक् पञ्चाङ्ग. । पुनर्नवा रक्तपुष्पा । हयमारक करवीरस्तस्य मूलम् । पद्मकं नीलोत्पलादन्योत्पलम् । पद्मकाष्ठमुक्तमेव । कारवी मगरैलाः । रंभाया कन्दम् । क्षुरस्य फलानि रसालकाण्डम् । आण्डी सुगन्ध द्रव्यम् ॥

कल्कानमीषा विपचेत् सुवैद्यः पृथक् पृथक् कर्षयुगान्मितानाम् । शुभे च नक्षत्रमुहुर्त्तलग्ने सन्तोष्य विप्रांश्च भिषग्वराश्च ॥ सम्पूज्य नारायणनामधेयं देवं त्रिनेत्रं जगतामधीशम् । पात्रे तु हेम्नः खलु राजते वा ताम्रेऽथवा लोहमयेऽपि रक्षेत् ॥ अभ्यञ्जनेऽञ्जने नस्ये निरूहे चावगाहने । पाने चैतद्यथाव्याधि प्रयुञ्जीत चिकित्सकः ॥ बहुनात्र किमुक्तेन तैलमेतत् प्रयोजितम् । अवश्यं वातजान् व्याधीनशीतिमपि नाशयेत् ॥ एतस्याभ्यासतो जन्तो जरा जातु न जायते । पतन्ति वलयो नैव पलितञ्च न जायते ॥ नेत्रं तेजस्वि नितरां गरुडस्येव जायते ॥ नीचैः श्रुतिर्न बाधिर्यं कर्णनादौ न जायते । पाणिकम्पः शिरःकम्पः प्रलापश्च न जायते ॥ बुद्धिभ्रंशो न जायेत तस्मात्कर्मसु पाटवम् । यथा जलेन सिक्तस्य शाखिनः पल्लवादयः ॥ वर्धन्ते धातवस्तद्वद्देहिनोऽनेन नित्यशः ॥ आमं गर्भन्त्यजेद्यातु सूतिका रुग्युता च या ॥ या च दुःप्रसवक्षीणा ताभ्य एतद्धितं परम् । वन्ध्या च लभते पुत्रं गर्भपातो न जायते ॥ योनिरोगाः प्रणश्यन्ति प्रदरश्च प्रशाम्यति । अस्मात्तैलवरादन्यत् कुत्रचिन्नास्ति भेषजम् ॥ बल्यं वृष्यं बृंहणं च रसायनमिदं महत् । पुरा देवासुरे युद्धे दैत्यैरभिहतान् सुरान् ॥ भिन्नान् भग्नास्थिकान् विद्धान् पिचितान् व्यथयार्दितान् । दृष्ट्वाहिताय देवाना नराणाञ्चाब्रवीदिदम् ॥ तैलं नारायणो देवो महानारायणाभिधम् ॥ इति महानारायणतैलम् ॥

नागरं पिप्पलीमूलञ्चव्यमूषणचित्रकम् । भृष्टं हिङ्ग्वजमोदा च सर्षपो जीरकद्वयम् ॥ रेणुकेन्द्रयवौ पाठा विडङ्गगजपिप्पली । कटुकातिविषा भार्ङ्गी वचा मूर्वा च पत्रकम् ॥ देवदारु कणा कुष्ठं रास्ना मुस्ता च सैन्धवम् । एला त्रिकण्टकं पथ्या धान्यकञ्च विभीतकम् । धात्री च त्वगुशीरञ्च यवक्षाराऽखिलान्यपि ॥ एतानि समभागानि सूक्ष्मचूर्णानि कारयेत् । यावन्त्येतानि चूर्णानि तावानेवात्र गुग्गुलुः ॥ समर्थ्य सर्पिषा पश्चात् सर्वं सम्मिश्रयेच्च तत् । एकं पिण्डञ्च तत् कृत्वा धारयेत् घृतभाजने ॥ गुटिका टङ्कमात्रास्तु खादेत्तास्तु यथोचिताः ॥ दोषकालाद्यपेक्षया ॥

आदौ शाणोन्मितं खादेत् सार्धशाणन्ततः परम् । तदग्रे कर्षमर्द्धन्तु पूर्णं कर्षं ततः परम् ॥ गुग्गुलुर्योगराजोऽयं महाश्रुत्यो रसायनम् । मैथुनाहारपानानां नियमो नात्र विद्यते ॥ अर्शांसि ग्रहणीरोगं प्लीहगुल्मोदरानपि । आनाहं मन्दमग्निञ्च श्वासं कासमरोचकम् ॥ प्रमेहं नाभिशूलञ्च कृमिक्षयमुरोग्रहम् । सर्वान् वातामयान् हन्यादामवातमपस्मृतिम् ॥ वातरक्तं तथा कुष्ठं तथा दुष्टव्रणानपि । शुक्रदोषं रजोदोषमुदावर्तं भगन्दरं ॥ रास्नादिकाथसंयुक्तः सर्ववातामयान् हरेत् । काकोल्यादिशृतात्पित्तं कफमारग्वधादिना ॥ दार्वीशृतेन मेहांश्च

गोमूत्रेण च पाण्डुताम् । मधुना मेदसो वृद्धिं कुष्ठं निम्बशृतेन च ॥ छिन्नाक्वाथेन वातास्रं शोथं मूलकजात् शृतात् । पाटलाक्वाथसहितो विषं मूषकसम्भवम् ॥ त्रिफलाक्वाथसंयुक्तो दारुणां नेत्रवेदनाम् । पुनर्नवादिक्वाथेन हन्ति सर्वोदराण्यपि ॥

रास्ना पुनर्नवा शुण्ठी गुडूच्येरण्डजं शृतम् । सप्तधातुगते वाते सामे सर्वाङ्गगेऽपि चेत् ॥

इति महायोगराजगुग्गुलु ॥

युक्तः कल्को रसोनस्य तिलतैलेन सिन्धुना । वातरोगान् हरेत्सर्वान् ज्वरांश्च विषमानपि ॥

क्षीरेण तैलेन घृतेन वापि मांसेन सार्धं लशुनानि खादेत् । शाल्योदनेनापि च षाष्टिकेन पलार्धवृद्ध्या दिवसानि सप्त ॥ वातोत्थरोगान् विषमज्वरांश्च शूलान् सगुल्मान् दहनस्य मान्द्यम् । प्लीहानमुग्रं भुजपार्श्वशूल शिरोव्यथां कृन्तति शुक्रदोषान् ॥

रसोनकल्क ॥

अन्नप्रकारैः पललप्रकारैर्गोधूमकै र्वा यवसक्तुभि र्वा । दुग्धेन तैलेन घृतेन वापि युक्तानि शीते लशुनानि खादेत् ॥ संवर्त्तकैर्लावकपिञ्जलै र्वा मृग्याःपलैर्वाप्यथ कौक्कुटै र्वा । वराहवार्त्तीरकहारिणैर्वा सुसस्कृतैरग्निबलं समीक्ष्य ॥ रसोनपक्वकन्दस्य गुलिका निस्तुषीकृताः । पाटयित्वा च मध्यस्थं दूरीकुर्यात् तदङ्कुरम् ॥ निस्युग्रगन्धनाशाय दध्ना सम्नीय रक्षयेत् । ततः प्रक्षाल्य संशोष्य शिलाया परिपेषयेत् ॥ कल्कस्य पञ्चमं भागं चूर्णमेषां विनिःक्षिपेत् ॥ सौवर्चलं यवानी च भर्जितं हिङ्गु सैन्धवम् ॥ कटुत्रिकं जीरकञ्च समभागानि चूर्णयेत् । तिलतैलं च कल्कस्य तुर्यांशं तत्र मिश्रयेत् ॥ खादेत्कर्षमितं प्रातः किं वा दोषाद्यपेक्षया । अनुपानं प्रकुर्वीत वातारिशृतमन्वहम् ॥ सर्वाङ्गैकाङ्गजं वातमर्दितञ्चापतन्त्रकम् । अपस्मारं तथोन्मादमूरुस्तम्भञ्च गृध्रसीम् ॥ उरः पृष्ठकटीपार्श्वकुक्षिपीडां कृमीन् हरेत् । मद्यं मांसं तथाम्लञ्च रसं सेवेत नित्यशः ॥ आयासमातपं रोषमतिनीरं गुडं स्त्रियम् । रसोनमश्नन् पुरुषस्त्यजेदेतन्निरन्तरम् ॥ वर्जयेत्तदतीसारी प्रमेही पाण्डुरोगवान् । अरोचकी गर्भिणी च मूर्च्छाशोरोगसंयुतः ॥ रक्तपित्ती च शोषी च यक्ष्मी छर्द्यर्दितो नरः । पित्ते तु पथ्यभुक् कुर्यात् प्रयोगान्ते विरेचनम् ॥ अन्यथा तस्य जायन्ते कुष्ठपाण्ड्वामयादयः । स्त्रीस्तन्ये त्वरितं दद्याद्बालानामप्यनिच्छताम् ॥ तथा च लभते सिद्धिं महावीर्याद्रसोनतः ॥ रसोनाष्टकम् ॥

(अथ वातव्याधिषु रसाः)

रसो गन्धो वरा वह्निर्गुग्गुलुः क्रमवर्धितः । तत्रैकभागः सूतः स्याद्गंधको द्विगुणः स्मृतः । त्रिभागा त्रिफला योज्या चतुर्भागस्तु चित्रकः । गुग्गुलुः पञ्चभागः स्याद्रुवुतैलेन मर्दित । क्षिप्त्वा तत्रोदित चूर्णं तेन तैलेन मर्दयेत् । गुटिका कर्षमात्रान्तु भक्षयेत्प्रातरेव हि ॥ नागरैरण्डमूलाना कषायं प्रपिबेदनु । अभ्यज्यैरण्ड-

तैलेन स्वेदयेत् पृष्ठदेशकम् ॥ विरेकपरिणामे तु स्निग्धमुष्णञ्च भोजयेत् । वातारिसंज्ञको ह्येष रसो नियतसेवितः ॥ मासेन मरुतो रोगान् हरेत् सुरतवर्जिनः वातारिरस ॥

મહામાષાદિ તૈલ—અડદ ૧૨૮ તોલા દશમૂળ તોલા ૨૦૦, અને ૧૨૦ તોલા બકરાનુ માસ, એનો ૧૦૨૪ તોલા પાણીમાં ક્વાથ કરીને ચોથા ભાગનુ પાણી રહે એટલે ઉતારીને તેમા ૧૨૮ તોલા તલનુ તેલ, તેલથી ચોગણુ દૂધ, અને જીવનીયગણુ, મજીઠ, ચવક, ચિત્રક, કાયફળ, સૂંઠ, મરી, પીપર, પીપરીમૂળ, રાસ્ના, આમળા, ગોખરૂ, કૌચાં, એરંડો, સૂવા, ત્રિલવણુ, દેવદાર, કઠ, ગળો, આસોદ, વજ, તથા કચૂરાનાં એક એક તોલાભાર કલ્કો નાંખીને કોમળ અગ્નિથી પકાવવુ ચક્રદત્તે કહેલુ આ મહામાષાદિ તૈલ પક્ષાઘાત, હનુગ્રહ, કર્ણશૂળ, માથાનુ શૂળ, ત્રિદોષનુ તિમિર, તેમજ હાથ, પગ, માથુ, ડોક, અને કાનનુ મંદપણુ, તથા કલાપખંજ, પગુતા, ગૃધ્રસી, અને અપબાહુકને મટાડી દે છે, આ તેલ પીવાથી, પિચકારીથી, નસ્યથી, અને કાન વગેરેમા પૂરવાથી સર્વ વાત વિકારો મટી જાય છે. આ મહામાષાદિ તૈલ પૂર્વે મુનિઓએ કહેલુ છે.

બીજાપ્રકારનુ માષાદિ તૈલ—અડદ, જવ, અળસી, ભોરીંગણી, કૌચાં, કાંટાશરિયો, ગોખરૂ, અને પીળો લોદર, એ દરેક અઠાવીશ અઠાવીશ તોલાભાર લેઇ ચોગણા પાણીમા પકાવી ચોથો ભાગ રહે એટલે તે ક્વાથ ઉતારીને જૂદો રાખવો. પછી કપાશિયા ઓર શણના બીજ, અને કળથી, એ દરેક છપન છપન તોલાભાર લેઈ ચોગણા પાણીમાં પકાવી ચોથો ભાગ રહે એટલે તે ક્વાથને ઉતારી જુદો રાખવો પછી ચોસઠ તોલા બકરાના માસનો બસો છપન તોલા પાણીમા ક્વાથ કરી ચોથો ભાગ રહે એટલે ઉતારી લેવો. ક્રમસર એ દરેક ક્વાથમા ચોસઠ તોલાભાર તેલ પકાવવુ પછી ગળો, કઠ, સૈંધવ, રાસ્ના, સાટોડી, એરંડો, પીપર, સૂવા, બળદાણા, નારી, જટામાસી, અને કડુ, એ દરેકના એક એક તોલાભાર કલ્કો સાથે એ તેલને પાછુ પકાવવુ શાર્ંગધરે કહેલુ આ માષાદિ તૈલ આક્ષેપક, પક્ષાઘાત, ઊરૂસ્તંભ, અપબાહુક, હાથ તથા માથાના કપ, વિશ્વાચી, અર્દિત, તથા સર્વ વાતવ્યાધિઓને તુરત મટાડી દે છે

મધ્યમ નારાયણ તૈલ —આસોદ, બળદાણા, બીલી, કાકચ, ઉભી તથા બેઠી ભોરીંગણીઓ, ગોખરૂ, ખપાટ, લીમડો, અરલુ, સાટોડી, નારી, અને અરણી, એ દરેક ચાળીસ ચાળીસ તોલાભાર લેઇને ૪૦૯૬ તોલા પાણીમાં ક્વાથ કરી ચોથા ભાગનુ પાણી રહે, એટલે ગાળી લેવો પછી એ ક્વાથમા ૨૫૬ તોલા તેલ, ૨૫૬ તોલા શતાવરીનો રસ, અને ૧૦૨૪ તોલા ગાયનુ દૂધ નાખીને વજ, રતાંજળી, કઠ, એળચી, જટામાસી, પથ્થરફુલ, સૈંધવ, આસોદ, બળદાણા, રાસ્ના, સૂવા, તેલિયો દેવદાર, નાનો તથા મોટો સમેરવો, જગલી મગ તથા અડદ, અને તગરના ચાર ચાર તોલાભાર કલ્કો પણ તેમા નાંખીને વૈદ્યે મધ્યમ નારાયણ તૈલ પકાવવું આ તૈલ ભોજન, અભ્યગ, પીવું, પિચકારી, એમાં વાપરવાથી પક્ષાઘાત, હનુસ્તંભ, મન્યાસ્તંભ, ગલગ્રહ, કુબ્જતા, બહેરાપણું, ગતિભગ, કમરનુ ઝલાઇ જવુ, ગાત્રનો શોષ, ઇંદ્રિયધ્વંસ, વીર્યનાશ, જ્વર, ક્ષય, અંત્રવૃદ્ધિ, કુરંડ, દત-

રોગ, માથાનું ઝલાઇ જવું, પડખાંનું શૂળ, પંગુતા, બુદ્ધિનાશ, ગૃધ્રસી, અને બીજા પણ શરીરમાં રહેનારા અનેક પ્રકારના સઘળા વાયુ રોગો મટી જાયછે. આ તેના પ્રભાવથી વાઝણીને પુત્ર થાય છે. જેમ દુષ્ટ દૈત્યોનો નાશ નારાયણદેવ કરે છે તેમ આ ઉત્તમ નારાયણ તેલ વાતરોગોનો નાશ કરે છે.

મહાનારાયણ તૈલ—૧૦૨૪ તોલા તલનુ તેલ લઇ તેને દોષની શાંતિ માટે પચ પલ્લવના કલ્કથી શુદ્ધ કરવું પછી તેમા ૧૦૨૪ તોલા બકરી કે ગાયનું દૂધ અને ૧૦૨૪ તોલા શતાવરીનો રસ પકાવવો. પછી દશમૂળ, બળદાણા, રાસ્ના, સરગવો, નીલકમળ, સાટોડી, નગડ, બળદાણા, નાગબલા, નારી, આસોંદ, કાટાશરિયો, દર્ભના મૂળ, કરજ, ખેર, રતાજળી, લોદર, વજ, બીબલો, ખાખરો, બોલસરી, એરડો, વાયવરણા, સાલ, મોટો ગજ, કડુ, સરસડિયો, અઘેડો, અરડૂસી, જટામાંસી, જાબુ, બેહેડા, કાચનાર, કોઠ, લીમડો, ચારોળી, પાષાણભેદ, ગરમાળો દૂધેલી, દાડમનાં ફળ, ઉંબરો, કટાળો થોર, હાથલો થોર, કુંવાર, માલતી, તજ, પીપર, બરૂના મૂળ, જવ, બોર, કળથી, કૌચાં, આકડો, કપાશિયા, ગળો, થોર, ચિત્રક, કેવડાના મૂળ, ધતૂરો, કલગારી, પીપરનુ ઝાડ, બકાન, પચવલ્કલ, ગોરખમુંડી, ડૈકારી, મુશળી, રાતી રીસામણી, અને ઇંદ્રવારણાં, એ દરેક ચાળીસ ચાળીસ તોલાભાર લેઇ, આઠ ગણા પાણીમા કવાથ કરી, ચોથો ભાગ રહે એટલે ગાળીને તેમાં ઉપરનુ તેલ પાછુ પકાવવુ પછી બકરો, ઘેટો, હરણ, કાળિયાર, સાબર, સસલો, શિળો, ફચાઉડી, ઘો, સિંહ, વાઘ, રીંછ, જંગલી સુવર, ગેંડો, પાડો, ઘોડો, વાદરો, નોળિયો, ઉંદર, મોટો દેડકો, બટાઉડા, તેતર, લાવાં, ખંજન, ચકોર, ઘુવડ, નીલકઠ, જંગલી કૂકડો, ગીધ, ગરૂડ, હંસ, ચકવાં, બતક, હોલો, સારસ, કુંઝ, જંગલી કબૂતર, રોહિતમત્સ્ય, મદ્ગુરમત્સ્ય, શિલીંધ્રમત્સ્ય, શૃંગકમત્સ્ય, ઇલીસમત્સ્ય, ગર્ગરમત્સ્ય, વર્મિમત્સ્ય, કવથ, કાગડો, કોયલ, મહામત્સ્ય, કાચબો, શિશુમાર, સાકુંચી, ઘટા જેવો મગર અથવા તે ન મળે તો ચદન ઘો, આ સર્વમાથી મળે તેટલાંનાં માંસોના ૧૦૨૪ તોલાભાર રસમાં ઉપરનુ તેલ ફરીથી પકાવવું. પછી રાસ્ના, આસોંદ, સૂવા, દેવદાર, બને સમેરવા, જગલી અડદ અને જગલી મગ, કઠ, અગરૂ, પુન્નાગપુષ્પ અથવા નાગકેશર, સૈંધવ, જટામાસી, હળદર, દારૂહળદર, છડિલો, સુખડ, પુષ્કળમૂળ, જેઠીમધ, તગર અથવા કઠ, એળચી, મોથ, તમાલપત્ર, તજ, અષ્ટક વર્ગના ઔષધો અથવા તેને બદલે બમણા બમણાં શતાવરી,વિદારીકદ, આસોદ, અને વારાહિકદ, વજ, ગંધપલાશી અથવા કચૂરો, ભરોંઠ, ધોળી સાટોડી, ભટીઉર, પીલુડીની છાલ, કાયફળ, પદ્મકાષ્ઠ, કમળનુ મૃણાલ, જાયફળ, કેવડાનાં મૂળ તથા ફુલ, નાગકેશર, શરૂ, મુરામાંસી, ગળો, વાળો, ત્રિફળા, ધમાસો, કૌચા, કેવડીમોથ, નખલો, આસોંદરો, કરિયાતું, બદામ, ખજૂર, તુંબરૂ ફળ, ધાવણી, પીપરીમૂળ, ખડસલિયો, પરવળ, ધતૂરાના ડોડવા, અરણી, ત્રાયમાણ, અલબુષા નામની રીસામણીના પાચે અગો, ઈંદ્રજવ, રક્ષવંતી, બાવળની છાલ, નસોતર, મજીઠ, દ્રોણ, દ્રાક્ષ, લીંડી પીપર, રાતીસાટોડી, નગડના બીજ, વાવડીંગ, કણેરનુમૂળ, નીલકમળ, પદ્મકાષ્ઠ, કાળીજીરી, કેળા-

નોકદ, ચિત્રક, ગોખરૂ, એખરાના ફળ, ચણકબાબ કસૂબાના ફળ, શિલારસ, કેશર, મીણ, લવગ, કપૂર, આબાનુ કાડ, જબાદિયા, કસ્તૂરી, વાળો, અને અબર, આ સર્વે બે બે તોલા લેઈ તેમના કલ્કોથી પણ એ તેલને પાછુ પકાવવુ નક્ષત્ર, લગ્ન, તથા મુહુર્ત્ત શુભ જોઇને વૈદ્યે વિપ્રો તથા ઉત્તમ વૈદ્યોનુ પૂજન કરીને, જગત્ પતિ અને ત્રિગુણના પ્રવર્ત્તક શ્રી નારાયણનુ પણ પૂજન, કરીને આ મહાનારાયણ તૈલ સોનાના, રૂપાના, ત્રાબાના, કે લોઢાના પાત્રમા રાખવુ, અને રોગને અનુસરીને વૈદ્યે તેનો અભ્યગ, અજન, નસ્ય, નિરૂહબસ્તિ, અવગાહન, તથા પાન કરાવવુ બહુ કહેવાની જરૂર નથી, માટે ટુકામા એટલુજ કહેવાનુ કે- આ તેલ એશી પ્રકારના વાત વ્યાધિઓનો અવશ્ય નાશ કરે છે આ તેલનો અભ્યાસ રાખવાથી વળીયાં પડતા નથી, વાળ ધોળા થતા નથી, નેત્રો ગરૂડના જેવા તેજસ્વી થાય છે. ઊચ કન્નાપણું, બેહેરાપણુ, તથા કર્ણનાદ થતો નથી. હાથ માથુ કપતા નથી, બકવા થતો નથી, બુદ્ધિ ભ્રષ્ટ થતી નથી, અને કામો કરવાની શક્તિ પ્રાપ્ત થાય છે પાણી સીચાવાથી જેમ વૃક્ષના પલ્લવાદિ વધે છે, તેમ આ તેલના સિચાવાથી શરીરના સર્વે ધાતુઓ વધે છે સ્ત્રીને કાચો ગર્ભ પડી જતો હોય તો તેને, સૂવાવડીને, અને કસુવાવડથી નબળી થઇ ગયેલીને આ તેલ હિતકારી છે. આ તેલથી વાઝણીને પુત્ર થાય છે, ગર્ભપાત કે યોનિરોગો થતા નથી, અને પ્રદર મટી જાય છે આ ઉત્તમ તેલના કરતા વધારે બળવાળુ, વૃષ્ય, અને ધાતુપૌષ્ટિક બીજુ કોઈ ઔષધ નથીજ. આ તેલ મહા રસાયન છે પૂર્વે દેવો તથા દૈત્યોના યુદ્ધમા મારથી વાગેલા અને હાડકાંઓ ભાંગી ગયેલા, વિધાયલા, છુંદાયલા, અને પીડા પામતા દેવોને જોઇને તે દેવો તથા મનુષ્યોના હિતને માટે નારાયણ ભગવાને આ મહાનારાયણ નામનુ તૈલ કહ્યુ હતું.

મહાયોગરાજ ગુગ્ગુલુ--સૂઠ, પીપરીમૂળ, ચવક, મરી, ચિત્રક, શેકેલી હિંગ, બોડીઅજમોદ, સર્ષપ, જીરૂ, શાહજીરૂ, નગડનાં બીજ, ઇદ્રજવ, કાળીપાડ, વાવડીગ, ગજપીપર, કડુ, અતિવિષ, ભારગી, વજ, પીલુડી, તમાલપત્ર, દેવદાર, પીપર, કઠ, રાસ્ના, મોથ સૈધવ, એળચી, ગોખરૂ, હરડે, ધાણા, બેહડા, આમળા, તજ, વાળો, અને જવખાર સમ ભાગે લેઈ, બારીક ચૂર્ણ કરી, તે સર્વની બરોબર ગૂગળ તેમાં મેળવીને તે સર્વને ઘીમા મર્દન કરીને પીંડો બનાવવો, અને તેને ઘીના વાસણમા રાખી મૂકવો પછી તેમાથી પા પા તોલાની (૨૪ રતિની) ગોળીઓ કરી દોષ તથા કાળ વગેરેને અનુસરીને ખાવી. પ્રથમ થોડા દિવસ સૂધી એક એક ગોળી ખાવી. પછી દોઢ દોઢ ગોળી ખાવી, પછી અરધા તોલા જેટલી (બે બે ગોળી) ખાવી, અને પછી એક તોલા જેટલી (ચાર ચાર) ગોળીઓ ખાવી. આ યોગ રાજ ગૂગળ અત્યત મુખ્ય રસાયન છે એ ખાનારને મૈથુન કે અન્નપાનનો કઈ નિયમ રાખવાની જરૂર નથી. આ ગુગળ ખાવાથી અર્શ, ગ્રહણી, બરલ, ગુલ્મ, ઉદરરોગો, પેડુનો આફરો, મદાગ્નિ, શ્વાસ, ઉધરસ, અરૂચિ, પ્રમેહ, નાભિનુ શૂળ, કૃમિ, ક્ષય, છાતીની પકડ, સર્વ પ્રકારના વાતવ્યાધિઓ, આમવાત, અપસ્માર, દુષ્ટ વ્રણો, કોઢ, વીર્યના દોષો, રજના દોષો, ઉદાવર્ત, અને ભગદર, એ રોગોનો નાશ થઈ જાય છે.

મહાયોગરાજ ગુગ્ગુળુના અનુપાનો— આ ગૂગળ રાસ્નાદિ ક્વાથ સાથે ખાવાથી સર્વે વાતવ્યાધિઓ મટે છે, કાકોલ્યાદિ ક્વાથ સાથે પીવાથી સર્વ પિત્તરોગો મટે છે, આરગ્વધાદિ ક્વાથ સાથે પીવાથી સર્વ કફરોગો મટે છે, દારૂહળદરના ક્વાથ સાથે પીવાથી સર્વે પ્રમેહો મટે છે, ગોમૂત્ર સાથે પીવાથી પાંડુરોગ મટે છે, અને મધ સાથે ખાવાથી મેદોવૃદ્ધિ મટે છે લીમડાના ક્વાથ સાથે તે કોઢને ગળોના ક્વાથ સાથે વાતરક્તને, મૂળાના ક્વાથ સાથે સોજાને, કાંચનના ક્વાથ સાથે ઉંદરના ઝેરને, ત્રિફળાના ક્વાથ સાથે નેત્રરોગોને, અને પુનર્નવાદિ ક્વાથ સાથે પીવાથી સર્વ ઉદરરોગોને મટાડે છે

રાસ્નાદિ ક્વાથ—રાસ્ના, સાટોડી, સૂઠ, ગળો, અને એરડાનો ક્વાથ રાસ્નાદિ કહેવાય છે, તે ધાતુગત વાતો, આમવાત અને સર્વાંગગતવાતને પણ મટાડે છે

રસોનકલ્ક—લસણનો કલ્ક તલના તેલ તથા સૈંધવ સહિત ખાવાથી સર્વ વાતરોગો તથા વિષમજ્વરો મટી જાય છે.

અથવા દૂધ, તેલ, ઘી, માંસ, ભાત અથવા સાઠીચોખાની સાથે દરરોજ બે બે તોલાભાર વધારીને લસણનો કલ્ક સાત દિવસ સૂધી ખાવાથી વાતરોગો, વિષમજ્વરો, શૂળો, ગુલ્મ, મંદાગ્નિ, ઉગ્ર બરલનો રોગ હાથ તથા પડખાંનુ શૂળ, માથુ દુ:ખવુ, અને વીર્યના દોષો મટી જાય છે.

અન્નો, માસો, ઘઉં, જવનો સાથવો, દૂધ, તેલ, ઘી, બટાઉંડાં તથા લાવા અને તેતરનાં માસો, હરણી તથા કુકડો અને સુવરનાં માંસો, વૈયાં તથા હરણના માસો એ સાથે અગ્નિના બળ પ્રમાણે શીતકાળમા લસણ ખાવું એ પદાર્થોને વધાર દેઇને સારા બનાવવા.

રસોનાષ્ટક— લસણના પાકા કદની ફોતરા વગરની કળીઓને ચીરી અદરના અકુરોને દૂર કરીને તેનો ઉગ્ર ગધ કાઢવા મ ટે તેને રાત્રે દહિમાં પલાળી રાખવી સવ રે કાઢી સૂકવીને છીપર ઉપર વાટીને તેનો કલ્ક કરવો. એ કલ્કમા સમભાગે સચળ, અજમો, શેકેલી હિંગ, સૈંધવ, સૂઠ, મરી, પીપર અને જીરાના ચૂર્ણો લેઇને સર્વ કલ્કના પાચમા ભાગ જેટલું મેળવી દેવું, અને કલ્કના ચોથા ભાગ જેટલું તલનુ તેલ પણ તેમા મેળવી દેવુ પછી નિત્ય પ્રાત:કાળે તેમાંથી એક તોલા જેટલુ, અથવા દોષાદિક ઉપર ધ્યાન આપીને યોગ્ય માત્રાથી ખાવુ ઉપર એરડાના ક્વાથનું અનુપાન કરવુ. આથી સર્વાંગવાત, એકાંગવાત, અર્દિત, અપતત્રક, અપસ્માર, ઉન્માદ, ઊરુસ્તભ અને ગૃધ્રસીને મટાડે છે છાતી, પીઠ, કમર, કુખ તથા પડખાની પીડા, અને કૃમિઓને પણ તે મટાડે છે રસોનાષ્ટકનુ નિત્ય સેવન કરનારાએ મદ્ય, માસ તથા ખટાઈ ખાવી, અને શ્રમ, તડકો, રોષ, બહુજળ અને મૈથુનનો તો ત્યાગજ કરવો અતિસાર, પ્રમેહ, પાંડુરોગ, અરુચિ, મૂર્ચ્છા, અર્શ, રક્તપિત્ત, શોષ, મહા ક્ષયરોગ કે ઉલટીવાળાએ, તેમજ ગર્ભવતી સ્ત્રીએ લસણ ખાવું નહિજ. પિત્તવાળાએ નિત્ય પથ્ય જમીને આ રસોનાષ્ટક લેઇ તેની અતે વિરેચન લેવું વિરેચન ન લેવાથી કોઢ કે પાડુરોગ થાય છે. રસોનાષ્ટકને નહિ ઇચ્છનારાં બાળકોને પણ તે માતાના ધાવણની સાથે દેવું. આમ કરવાથી મહા પ્રભાવવાળુ લસણ સિદ્ધ આપે છે.

વાતારિ રસ—પારો એક ભાગ, ગધક બે ભાગ, ત્રિફળા ત્રણ ભાગ, ચિત્રક ચાર ભાગ, અને એરડિયા તેલથી મર્દન કરેલો ગૂગળ, પાચ ભાગ એ સર્વને મેળવીને તેને પણ એરડિયા તેલની ભાવના દેઇને ગોળી કરવી નિત્ય પ્રાત.કાળે એક તોલા જેટલી ખાઇને ઉપર સૂઠ અને એરડાના મૂળનો ક-વાથ પીવો, અને તે પછી રોગીના વાસામાં એરંડિયુ તેલ ચોપડીને શેક કરવો જો કદી રેચ લાગે તો સ્નિગ્ધ અને ગરમ અન્ન ખાવુ આ રસ નિયમિત ખાવાથી, અને મૈથુનનો ત્યાગ કરવાથી, એક માસમાં વાયુના રોગો મટી જાય છે.

इति वातव्याधिनो अधिकार समाप्त.

ઉરુસ્તંભનો અધિકાર.

ઉરુસ્તંભનાં નિદાન તથા લક્ષણો.

शीतोष्णद्रवसंशुष्कगुरुस्निग्धैर्निषेवितैः । जीर्णाजीर्णे तथा यासस‌ङ्क्षोभस्वप्नजागरैः ॥ स श्लेष्ममेदाः पवनः साममत्यर्थसञ्चितम् । अभिभूयेतरं दोषमुरु चेत्प्रतिपद्यते ॥ सक्थ्यस्थिनी प्रपूर्यान्तः श्लेष्मणा स्तिमितेन सः । तदा स्तभ्नाति तेनोरू स्तब्धौ शीतावचेतनौ ॥ परकीयाविव गुरू स्यातामतिशयेन तौ । ध्यानाङ्गमर्दस्तैमित्यतन्द्राच्छर्द्यरुचिज्वरैः ॥ सयुतं पादसदनकृच्छ्रोद्धरणसुप्तिभिः तमूरुस्तम्भमित्याहुराढ्यवातमथापरे ॥

जीर्णाजीर्णे किञ्चिज्जीर्णे किञ्चिदजीर्णे शीतादिभिर्निषेवितै भुक्तै सक्षोभेण सचलनेन दिवास्वप्नेन रात्रौ जागरणेन अभिभूय दूषयित्वा इतर दोष कफ पित्तञ्च । स्तिमितेन आर्द्रेण घृतेनेति यावत् । न तु घनेन । स पवन तदा ऊरू स्तम्भेन अचेतनौ शून्यौ परकीयाविव । अक्रियावित्यर्थ । ध्यानम् मूढता । पादसम्बन्धिनीभि सदनकृच्छ्रोद्धरणसुप्तिभिश्च सयुक्त अय सुश्रुतेन महावातव्याधिषु पठित ॥

કઇક જીર્ણ અને કઇંક અજીર્ણ હોય તેમા શીત, ઉષ્ણ, દ્રવ, શુષ્ક, ભારે, અને સ્નિગ્ધ ભોજનોથી, શ્રમ, શરીરનુ ચલન, દિવસે શયન તથા રાતે ઉજાગરો, એ સર્વથી કફ અને મેદ સહિત વાયુ, આમવાળા તથા બહુ એકઠા થઈ ગયેલા કફ તથા પિત્તને દૂષિત કરીને સાથળમા આવે છે, અને અંદર વીંટાયલા કફથી સાથળના હાડકાને પૂરી દેઈને જડ કરી દે છે એથી સાથળ અક્કડ, શૂન્ય, બહુ ભારે અને પરાયાંની પેઠે કામ કરવાને અશક્ત થઇ જાય છે આ રોગમા મૂઢતા, અગભંગ, તદ્રા, ઉલટી, અરૂચિ જ્વર પગની ગ્લાનિ, પગોનુ માડ માડ ઉપડવુ, અને પગોની જડતા થઇ જાય છે. આ ઉરુસ્તભ, રોગ કહેવાય છે, અને તેને આઢ્યવાત પણ કહે છે. સુશ્રુતે આ રોગને મહા વાતવ્યાધિઓમા ગણેલો છે

ઉરુસ્તંભનું પૂર્વરૂપ

प्राग्रूपं तस्य निद्रातिध्यानं स्तिमितता ज्वरः । रोमहर्षोऽरुचिश्छर्दिर्जङ्घोर्वोः सदनं तथा ॥

નિદ્રા, અતિ ધ્યાન, ક્રિયા રહિતતા જ્વર, રૂવાંટાનુ ઉભુ થવું, અરૂચિ, ઉલટી,

અને પીંડીમાં તથા સાથળોમાં પીડા એ ઉરૂસ્તંભનાં પૂર્વરૂપો છે.

ઉરૂસ્તંભનું રૂપ.

वातशङ्किभिरज्ञानात् तत्र स्यात् स्नेहनात्पुनः । पादयोः सदनं सुप्तिः कृच्छ्रादुद्धरणं तथा । जङ्घोरुग्लानिरत्यर्थं शश्वद्दाहवेदना । पादश्च व्यथते न्यस्तः शीतस्पर्शं न वेत्ति च । संस्थाने पीडने गत्यां चालने चाप्यनीश्वरः । अन्यनेयौ हि सम्भग्नावूरुपादौ च मन्यते ॥

अज्ञानात् अनिश्चयात् । स्तम्भसुप्तिकर्म रहितपाददर्शनेन वातशङ्किभिः वातव्याधिशङ्किभि । तत्र ऊरुस्तम्भे स्नेहनात् स्नेहदानात् । स्नेहादिना स्नेहन्या चिकित्सया पादसदनादयः ॥ ऊर्वोर्भग्नोपमत्वात् ते विकारा स्युः जङ्घोर्वोर्गमनादावशक्तिः । अदाहवेदना ईषद्दाहेन सह वेदना । अन्यनेयौ अन्यचाल्यौ भवतः ॥

વાયુની શંકાથી જો ભૂલથી સ્નેહન કરવામાં આવે તો પગમાં પીડા તથા જડતા આવે છે. પગ માંડમાંડ ઉપડે છે, પીંડીઓ તથા સાથળોમાં ગ્લાનિ, અને જરા જરા દાહવાળી વેદના, એ વધારે થાય છે. પગ મૂકતાં દુખે છે, ટાઢા સ્પર્શની ખબર પડતી નથી, અને બેસવા તથા દબાવવા અને ચાલવા હાલવામાં અશક્તિ આવે છે. સાથળો તથા પગ ભાંગી ગયા હોય એમ જણાય છે, અને તેને બીજો કોઈ ઉપાડે તોજ ઉપડી શકે છે.

ઉરૂસ્તંભનું અરિષ્ટ.

यदा दाहार्तितोदार्तो वेपनः पुरुषो भवेत् । ऊरुस्तम्भस्तदा हन्यात् साधयेदन्यथा नवम् ॥

अन्यथा दाहाद्युपद्रवरहित तमपि नवम् उत्पन्नमात्र साधयेत् ॥

પુરૂષને જો દાહ, પીડા, શૂળ, અને કંપ થાય છે, તો તે ઉરુસ્તંભ મારી નાખે છે, પણ તેમ ન હોય અને તુરતનો થયેલ હોય તો તે સાધ્ય છે.

ઉરૂસ્તંભની ચિકિત્સા.

स्नेहासृक्स्राववमनं बस्तिकर्म विरेचनम् । वर्जयेदाढ्यवाते तु यतस्तैस्तस्य कोपनम् ॥ तस्मादत्र सदा कार्यं स्वेदलङ्घनरूक्षणम् । आममेदःकफाधिक्यान्मारुतं परिरक्षता ॥ यत्स्यात् कफप्रशमनं न तु मारुतकोपनम् । तत्सर्वं सर्वदा कार्यमूरुस्तम्भस्य भेषजम् ॥ सर्वो रूक्षः क्रमः कार्यस्तत्रादौ कफनाशनः । पश्चाद्वातविनाशाय विधातव्याखिला क्रिया । भोज्याः पुराणाः श्यामाककोद्रवोद्दालशालयः ॥ जाङ्गलैरघृतैर्मांसैः शाकैश्चालवणैर्हितैः । शार्करलवणैर्दद्याज्जलतैलाद्यसाधितैः ॥ सुनिषण्णकनिम्बार्कट्टतारग्वधपल्लवैः । वायसीवास्तुकाद्यैश्च साधितैः शाकमूलकैः ॥ शार्करलवणैर्युक्तं जीर्णशाल्योदनं भिषक् । रूक्षणाद्वातकोपश्चेन्निद्रानाशार्तिपूर्वकः ॥ स्नेहस्वेदक्रमस्तत्र कार्यो वातामयापहः । प्रतारयेत् प्रतिस्रोतो नदीं शीतजलां शिवाम् ॥ सरश्च विमलं शीतं स्थिरतोयं पुनःपुनः । यथाविशुष्केऽस्य कफे शान्तिमूरुग्रहो व्रजेत् ॥ शरीरबलमप्रेक्ष्य कार्यैषा रक्षता क्रिया ।

स क्षारमूत्रस्वेदांश्च रूक्षान्युत्सादनानि च ॥ कुर्याद्दाहे च मूत्राद्यैः करञ्जफलसर्षपैः । मूलैर्वाप्यश्वगन्धाया मूलैरर्कस्य वा भिषक् ॥ पिचुमंदस्य वा मूलैरथवा देवदारुणः । क्षौद्रसर्षपवल्मीकमृत्तिकासंयुतैर्भिषक् ॥ गाढमुत्सादनं कुर्यादूरुस्तम्भे सवेदने । दन्ती द्रवन्ती सुरसा सर्षपैश्चापि बुद्धिमान् ॥ तर्कारीसुरसाशिग्रुवचावत्सकनिम्बकैः । पत्रमूलफलैस्तोयं शृतमुष्णश्च सेवनम् ॥ भल्लातकाऽमृताशुण्ठीदारुपथ्यापुनर्नवाः । पञ्चमूलीद्वयोन्मिश्रा ऊरूस्तम्भनिवर्हणाः ॥ पिप्पली पिप्पलीमूलं भल्लातकफलानि च । कल्कं मधुयुतं पीत्वा ऊरुस्तम्भाद्विमुच्यते ॥ रास्नाश्यामाकपथ्यामरिचमिसिशिवा वेल्लशठ्यश्वगन्धा । यासच्छिन्नाजमोदा सुमुषमतिविषा वृद्धदारीबृहत्यौ ॥ शुण्ठी तिक्ता यवानी सहचरचविकैरण्डदार्व्याजकर्ण्य । ऊरुस्तम्भामवातं कफपवनरुजं दण्डकांश्चाशु हन्युः ॥

इति रास्नादिकाथ. ॥

ग्रन्थिकारुष्ककृष्णानां क्वाथं क्षौद्रान्वितं पिबेत् । लिह्याद्वा त्रिफलाचूर्णं क्षौद्रेण कटुकायुतम् ॥ सुखाम्बुना पिबेद्वापि चूर्णं षड्धरणं नरः । पिप्पलीवर्द्धमानं वा माक्षिकेण गुडेन वा । ऊरुस्तम्भे प्रशंसन्ति गण्डीरारिष्टमेव च । शिलाजतुं गुग्गुलुं वा पिप्पलीमथ नागरम् । उरुस्तम्भे पिबेन्मूत्रैर्दशमूलीरसेन वा । त्रिफला पिप्पली मुस्तं चव्यं कटुकरोहिणी ॥ लिह्याद्वा मधुना चूर्णमूरुस्तम्भार्दितो नरः । घृतं सौरेश्वरं दद्यादूरुस्तम्भे कफोत्तरे । दद्यात् शुण्ठी घृतं वापि वैश्वानरमथापि वा । सैन्धवाद्यं हितं तैलममृताख्योऽपि गुग्गुलुः ॥ कुष्ठश्रीवेष्टकोदीच्यशरलं दारुकेशरम् । अजगन्धाश्वगन्धे च तैलं तैः सार्षपं पचेत् । सक्षौद्रं मात्रया तस्मादूरुस्तम्भार्दितः पिबेत्॥

इति कुष्ठाद्य तैलम् ॥

पलाभ्यां पिप्पलीमूलान्नागरादष्टकट्वरम् । तैलप्रस्थं समं दध्ना गृध्रस्यूरुग्रहापहम् ॥ सस्नेहदधिसम्भूतं तक्रं कट्वरमुच्यते । अष्टकट्वरतैले च तैलं सार्षपमिष्यते । पिप्पलीमूलशुण्ठ्यांश्च प्रत्येकं द्विपलं कृतम् ॥

इति अष्टकट्वरं तैलम् ॥

द्विपञ्चमूली त्रिफला चित्रकं देवदारु च । एकाष्ठीलात्वपामार्गश्रेयसी वायसी शुभा ॥ बला भार्गी पृथक्पर्णी सुवहा मदयन्तिका । त्रिशालोशीरकाश्मर्यस्तिस्रो देयास्तथाग्निकः ॥ चिरबिल्वो ह्यशोकश्च कलश्यंशुमती तथा । पयस्या पीलुपर्णी च गुडूची च शतावरी ॥ एषां पञ्चपलान् भागान् जलद्रोणेषु सप्तसु ॥ अष्ट भागावशेषेण पचेत्तैलाढकं शतम् ॥ कुष्ठश्च शतपुष्पा च ग्यूषणं चित्रकं वरा । देवदार्वगुरुश्रेष्ठं विडङ्गं मुस्तमेव च ॥ अश्वगन्धा स्थिरा पाठा मूली श्यामाकमेव च । पिप्पल्यः शृङ्गवेरश्च दन्ती हिङ्ग्वम्लवेतसम् ॥ अनेन गर्भेण भिषक् कषायेण च साधयेत् । सिद्धशीतश्च पूतश्च क्षौद्रेण सह संसृजेत् ॥

तदस्य नस्यपानार्थं तदेवाभ्यञ्जने भवेत् । ऊरुस्तम्भश्चिरोद्भूतस्तैलेनानेन शाम्यति ॥ आमवातं शीतवातं क्षुद्रवातञ्च नाशयेत् ॥

इति द्विपञ्चमूलाद्यं तैलम् ॥

सिन्धुरुग्विश्वजा सोग्रा भार्गी यष्टी स्थिरा फलैः । दारुविश्वशटीधान्यकृष्णाकट्फलपौष्करैः ॥ दीप्यकातिविषैरण्डनीलीनीलाम्बुजैः पचेत् । तैलं सकाञ्जिकं हन्ति पानाभ्यञ्जननावनैः ॥ आमवातं कृमीन् गुल्मान् प्लीहोदरशिरोरुजः । मन्दाग्निं पक्षसन्ध्यण्डावातस्तम्भगदानपि ॥

इति महासैन्धवाद्यं तैलम् ॥

द्वे पले सैन्धवात्पञ्च शुण्ठ्या ग्रन्थिकचित्रकात् । द्वे द्वे भल्लातकास्थीनि विंशतिर्द्वे तथाऽढके ॥ आरनालात्पञ्च प्रस्थं तैलस्यैरण्डजस्य च । गृध्रसूरुग्रहास्यार्तिसर्ववातविकारनुत् ॥

इति सैन्धवाद्यं तैलम् । इति ऊरुस्तम्भनिदानचिकित्साधिकार ॥

સ્નેહન, લોહી કઢાવવુ, વમન, બસ્તિકર્મ, અને વિરેચન, એથી વાયુ કોપે છે, માટે ઊરુસ્તભમા એ કંઇ કરવાજ નહિ, માટે અત્ર તો સ્વેદન, લંઘન અને રૂક્ષણ જ હંમેશા કરવાં. આમ, મેદ, અને કફ વધારે હોવાથી વાયુનુ રક્ષણ કરવામાં કફને શમાવનારાં અને વાયુને નહિ કોપાવનારાંજ ઔષધો કરવાં જોઇએ. ઊરુસ્તંભના ઉપાયમાં એ રીતે સર્વે કરવું જોઇએ. સર્વ રૂક્ષ ક્રિયાઓમાં પ્રથમ કફનો નાશ કરીને પછી વાતહર ક્રિયાઓ કરવી. જૂનો સામો કોદરા, ઉદ્દાલ, ચોખા, ઘી વગરનાં જાંગલ માંસો અને મીઠા વગરનાં શાકો હિતકારી થાય છે. મીઠુ નાંખ્યા વગરનાં અને જળ તથા તેલથી રાંધેલાં શાકો આપવાં. સુનીષરણક, લીમડાનાં પાન, આકડાનાં ફીંટિયાં, ગરમાળાનાં તથા અઘેડીનાં પાન, બથવો, અને મૂળા, વગેરે લવણ વગરના શાકો આપવાં. ખાધેલું જીર્ણ થયા પછી વૈદ્યે રોગીને લવણ વગરનાં શાકો સાથે શાલ ચોખાનો ભાત ખવરાવવો. રૂક્ષક્રિયાથી નિદ્રાનો નાશ અને વાતપ્રકોપ થાય તો વાતહર, સ્નેહન તથા સ્વેદન ક્રિયા કરવી, ટાઢા જળવાળી સુંદર નદીમા રોગીને પ્રવાહની સ્હામે ચલાવવો; અને નિર્મળ શીતળ તથા સ્થિર જળવાળા તળાવમાં વારવાર ચલાવવો. શરીરનાં બળનું તથા અગ્નિનું રક્ષણ કરતા કફ સૂકાઇને ઊરુસ્તભ મટે એ રીતે ક્રિયા કરવી. ક્ષારો તથા મૂત્રો સંયુક્ત પદાર્થોનુ સ્વેદન કરવું, તથા રૂક્ષ પદાર્થોથી સાથળોને ચોળવી. દાહ હોય તો મૂત્ર વગેરેથી, અથવા કરંજના ફળ સહિત સર્ષપોથી, અથવા આસોંદ, આકડો, લીમડો, અને દેવદાર, એઓનાં મૂળોથી સાથળો ચોળવી. વેદનાવાળા ઊરૂસ્તભમાં ઉપરના પદાર્થોને મધ, રાફડાની માટી, અને સર્ષપ સહિત સાથળ ઉપર ચોળવા ઊરૂસ્તંભના રોગમા ડાહ્યા વૈદ્યે નાનો તથા મોટો નેપાળો, કાળી તુળસી, અને સર્ષપથી સાથળ ચોળવી. અરણી, કાળી તુળસી, સરગવો, વજ, અરડૂસી, અને લીમડો,—એમનાં પાન, મૂળ, તથા ફળનો ક્વાથ ઊનો ઊનો પાવો.

ભીલામાં, ગળો, સૂંઠ, દેવદાર, હરડે, સાટોડી, અને દશમૂળીના સેવનથી ઊરૂસ્તભ મટી જાય છે.

પીપર, પીપરીમૂળ, તથા ભીલામાના

ફળનો કલ્ક મધમા ચાટવાથી ઊરૂસ્તંભ મટે છે.

રાસ્ના, સામો, હરડે, મરી, સુવા, હળદર, વાવડીંગ, કચૂરો, આસોંદ, જવાસો, ગળો, ઓડીઅજમોદ, સુમુખ નામની તુળસી, અતિવિષ, વરધારો, ઊભી તથા બેઠી ભોરીંગણીઓ, કડુ, સૂંઠ, અજમો, કાંટાશરિયો, ચવક, એરંડો, દારૂહળદર, અને રાળનો ક્વાથ ઊરૂસ્તભ, આમવાત, કફના રોગો, વાતરોગો અને દડકાક્ષેપને તુરત હણી નાખે છે. આ ક્વાથ રાસ્નાદિ ક્વાથ તરીકે ઓળખાય છે.

પીપરીમૂળ, ભીલામો, અને પીપરનો ક્વાથ મધ નાંખીને પીવાથી ઉરૂસ્તભ મટે છે.

ત્રિફળા તથા કડુનું ચૂર્ણ મધમાં ચાટવાથી ઉરૂસ્તભ મટી જાય છે.

વાતવ્યાધિઓના પ્રકરણમા કહેલ ષડ્ધરણયોગ કહેવાતા ઊના પાણીમાં પીવાથી ઊરૂસ્તભ મટી જાય છે.

મધ અથવા ગોળની સાથે વધતી જતી પીપર ખાવાથી ઊરૂસ્તંભ મટી જાય છે

ઊરૂસ્તભમાં કડવા સૂરણનો આસવ પણ બહુ વખાણાય છે.

મૂત્ર અથવા દશમૂલીના રસની સાથે શિલાજિત્, ગૂગળ, પીપર, કે સૂંઠ પીવાથી ઊરૂસ્તભની પીડા મટી જાય છે.

ત્રિફળા, પીપર, મોથ, ચવક, અને કડુનું ચૂર્ણ મધમાં ચાટવાથી ઊરૂસ્તભ મટે છે.

કફની અધિકતાવાળો ઊરૂસ્તંભ સૌરેશ્વરઘૃત, વૈશ્વાનર ચૂર્ણ, શુંઠીઘૃત, સૈંધવાદિતેલ, અથવા અમૃતાગુગ્ગુલથી પણ મટી જાય છે.

કુષ્ઠાદ્યતૈલ.

કઠ, લોબાન, વાળો, શરૂ, દેવદાર, નાગકેશર, જંગલી તુળસી, અને આસોંદના કલ્કથી પકાવેલું સરસિયુ તેલ યોગ્યમાત્રાથી મધ સાથે પીવાથી ઊરૂસ્તભ મટી જાય છે.

અષ્ટકટ્વરતૈલ.

આઠ આઠ તોલા પીપરીમૂળ તથા સૂંઠ, તરવાળા દહિની ઘાટી છાશ ચોસઠ તોલા દહિંમાં પકાવેલ ચોસઠ તોલા સરસિયુ તેલ અષ્ટકટ્વર તેલ કહેવાય છે. એનાથી ઉરૂસ્તભ મટી જાય છે.

દ્વિપંચ લાદ્યતૈલ.

દશમૂલી, ત્રિફળા, ચિત્રક, દેવદાર, મોટી ઓલસરી, અઘેડો, ગજપીપર, રાતી અઘેડી તપખીર, બળદાણા, ભારંગી, મોરવેલ, નગડ, ચ બેલી, ઈંદ્રવારૂણી, વાળો, સીવણ, રક્તચિત્રક, કરંજ, આસોપાલવ, નાનો સમેરવો, ક્ષીરકાકોલી, પીલુડી, ગળો, અને શતાવરી—વીશ વીશ તોલા ભાર લેઇને તેને ૭૧૬૮ તોલા પાણીમાં પકાવી, આઠમા ભાગનું પાણી રહે ત્યારે તે પાણીમાં ૨૫૬૦૦ તોલા તેલ પકાવવું. પછી કઠ, સૂવા, સૂંઠ, મરી, પીપર બમણી, ચિત્રક, ત્રિફળા, દેવદાર, ઉત્તમ અગર, વાવડીંગ, મોથ, આસોંદ, સમેરવો, કાળીપાડ, મૂળા, મામો, આદુ, નેપાળો, હિંગ, અને અમ્લવેતસના ક્વાથ તથા કલ્કોથી એ તેલને ફરીથી પકાવવું. પછી ટાઢું પડેથી ગાળી લઇને તે તેલમા મધ નાંખવું. આના નસ્ય, પાન અને અભ્યંગથી લાબા કાળનો ઊરૂસ્તંભ પણ મટી જાય છે. આ તૈલ આમવાત, ક્ષુદ્રવાત, અને શીતવાતનો પણ નાશ કરે છે.

મહાસૈંધવાદ્યતૈલ.

સૈંધવ, કઠ, લઘુશતાવરી, વજ, ભારંગી, જેઠીમધ, સમેરવો, જાયફળ, દેવદાર, સૂંઠ, કચૂરો, ધાણા, પીપર, કાયફળ, પુષ્કરમૂળ, અજમો, અતિવિષ, એરંડો, ગળી, અને નીલકમળથી પકાવેલું તેલ કાંજી સાથે પીવાથી તથા અભ્યંગ અને નસ્ય લેવાથી આમવાત, કૃમિ, ગુલ્મો, બરલનો રોગ, ઉદરરોગ, માથાના રોગો, મહાગ્નિ, પક્ષાઘાત, સંધિવાત, વૃષણના રોગ, તથા વાયુથી ઝલાઈ જવાનો રોગ નાશ પામે છે.

સૈંધવાદ્યતૈલ.

સૈંધવ આઠ તોલા, સૂંઠ વીશ તોલા, અને આઠ આઠ તોલા ચિત્રક અને પીપરીમૂળ, એંશી તોલા ભીલામાના ઠળિયા, અને ૫૧૨ તોલા આરનાલથી ૩૨૦ તોલા એરંડિયુ તેલ પકાવવું. આ સૈંધવાદ્યતૈલથી ગૃધ્રસી, ઊરુસ્તંભ, ગુખની પીડા, તથા સર્વ વાતવ્યાધિઓ મટી જાય છે.

---

૨૨. આમવાતાધિકાર.

આમવાતનાં નિદાન.

विरुद्धाहारचेष्टाभ्यां मन्दाग्नेर्निश्चलस्य च । स्निग्धं भुक्तवतो ह्यन्नं व्यायामं कुर्वतस्तथा ॥ वायुना प्रेरितो ह्यामः श्लेष्मस्थानं प्रधावति । तेनात्यर्थमपक्कोऽसौ धमनीभिः प्रपद्यते ॥ वातपित्तकफैर्भूयो दूषितःसोऽन्नजो रसः । स्रोतांस्यभिष्यन्दयति नानावर्णोऽतिपिच्छिलः ॥ जनयत्यग्निदौर्बल्यं हृदयस्य च गौरवम् । व्याधीनामाश्रयो ह्येष आमसंज्ञोऽतिदारुणः ॥

विरुद्धाहारचेष्टस्य । विरुद्धाहारः क्षीरमत्स्यादिः । निश्चलस्य निर्व्यायाम परस्य ॥ स्निग्धं भुक्तवतो ह्यन्नं व्यायामं कुर्वत इति मिलितो हेतुः । श्लेष्मस्थानम् आमाशयसन्ध्यादि तेन श्लेष्मस्थानगमनेन । अत्यन्तो अपक्वः । पित्तस्थानगमनेन पक्वो भविष्यतीत्यभिप्रायः । असौ आम धमनीभिः प्रपद्यते । धमनीमार्गैश्चलति भूयो दूषितः अतिशयेन दूषित । सोऽन्नजो रस आम. स्रोतांसि अभिष्यन्दयति संश्रित्य रसवहशिरावरोधं कृत्वा स्रोतांसि गुरूणि कुर्यात् । नानावर्ण. वातादिजनितवर्णभेदान्नानावर्णः ॥

अजीर्णाद्यो रसो जातः सञ्चितो हि क्रमेण वै । आमसंज्ञां स लभते शिरोगात्ररुजाकरः ॥ अजीर्णाद्भुक्तादजीर्णात् ॥

વિરુદ્ધ આહાર તથા ચેષ્ટાઓથી, હંમેશાં મંદાગ્નિવાળો છતાં જમે તોપણ ખાવામાં ગૂંથાયા કરવાથી, કસરત નહિ કરવાથી, વાયુથી પ્રેરિત આમ કફના સ્થાનમાં જાય છે. તેથી નહિં પાકેલો એવો તે ધમનીઓમાં પ્રાપ્ત થાય છે. એ રીતે વાત, પિત્ત, તથા કફ, એ ત્રણેથી દૂષિત થઈને સ્રોતોમાં રહીને રસનું વહન કરનારી શિરાઓને રોકીને સ્રોતોને ભારે કરી દે છે. વાયુ વગેરેને લીધે અનેક રંગોવાળો અને ચીકણો પીછાવાળો એ આમ અગ્નિને મંદ કરી નાંખીને હૃદયને ભારે કરી મૂકે છે. આ મહા દારુણ એવો આમ વ્યાધીઓનાં સ્થાનરૂપ છે.

આમનું સ્વરૂપ

નહિ પચેલા અન્નમાંથી ઉત્પન્ન થઈને ક્રમસર એકઠો થઈ ગયેલો રસ આમ કહેવાય છે, તે માથામાં તથા અંગોમા પીડા કરે છે

આમવાતનુ સામાન્ય લક્ષણ.

युगपत्कुपितावेतौ त्रिकसन्धिप्रवेशकौ । स्तब्धञ्च कुरुते गात्रमामवातः स उच्यते ॥

एतौ वातकफौ त्रिकसन्धिप्रवेशकौ वेदनयेति बोधव्यम् ॥

(अन्यच्च) अङ्गमर्दोऽरुचिस्तृष्णा आलस्यं गौरवं ज्वरः । अपाकः शून्यताङ्गानामामवातस्य लक्षणम् ॥ विशेषार्थमस्य सग्रहः ॥

એકી વખતે કોપ પામેલા વાયુ તથા આમ વેદનાથી ઢાંઢાના સાધાઓમા પ્રવેશ કરીને ગાત્રોને સ્તબ્ધ કરી દે છે એ રોગ આમવાત કહેવાય છે. અંગમર્દ, અરૂચિ, તૃષા, આળસ, ગૌરવતા, જ્વર, અપચો, અંગોની શૂન્યતા, એ આમવાતના લક્ષણો છે

વાતાધિક આમવાતનું લક્ષણ

स कष्टः सर्वरोगाणां यदा प्रकुपितो भवेत् । हस्तपादशिरोगुल्फत्रिकजानूरुसन्धिषु ॥ करोति सरुजं शोथं यत्र दोषः प्रपद्यते । स देशो रुज्यतेऽत्यर्थं व्याविद्ध इव वृश्चिकैः ॥ जनयेत्सोऽग्निदौर्बल्यं प्रसेकारुचिगौरवम् । उत्साहहानिं वैरस्यं दाहञ्च बहुमूत्रताम् ॥ कुक्षौ कठिनता शूलं तथा निद्राविपर्ययम् । तृट्छर्दिभ्रममूर्च्छाश्च हृद्ग्रहं विड्विबद्धताम् ॥ जाड्यान्त्रकूजमानाहं कष्टांश्चान्यानुपद्रवान् ॥

यदा प्रकुपितो भवेत् प्रकर्षेण कुपित स्यात् तदा वक्ष्यमाणानुपद्रवान् करोति । हस्तेत्यादि यत्र दोषः दुष्ट आम. प्रपद्यते गच्छति । तानाह जाड्यम । अकर्मण्यत्वं । अन्यानुपद्रवान् । कलापखञ्जत्वादीन् ॥

સર્વ રોગોમાં અત્યંત દુષ્ટ એવો એ આમવાત થાય છે ત્યારે હાથ, પગ, માથુ, ઘૂટી, ઢાંઢુ, ગોઠણ, સાથળ, અને સાંધાઓમા પીડાકારક, સોજા થાય છે જે ભાગમા એ દુષ્ટ આમ જાય છે ત્યાં વીંછી જેવી વેદના કરે છે જઠરાગ્નિ મંદ પડે છે, મુખમાં થુક આવે છે, અરૂચિ તથા શરીરમાં ભારેપણુ થાય છે ઉત્સાહ જતો રહે છે, વૈરસ્ય અને દાહ થાય છે, મૂત્ર બહુ નીકળે છે, પેટ કઠણ થાય છે, શૂળ આવે છે, નિદ્રા જતી રહે છે, તરસ લાગે છે, મૂર્છા અને ઉલટી થાય છે છાતી ઝલાય છે, મળ બંધ અને જડતા આવે છે, આંતરડામા અવાજ થાય છે, પેડુ ચઢી આવે છે, અને બીજા પણ કલાપખંજતા વગેરે દુઃખદેણ રોગો થાય છે.

આમવાતના દોષો વિષે

पित्तात् सदाहरागञ्च सशूलं पवनात्मकम् । स्तिमितं गुरुकण्डूकं कफजुष्टं तमादिशेत् ॥ गुरुकण्डूकम् बहुकण्डूकम ॥

આમવાત પિત્તથી હોય તો બળતરા અને રતાશ હોય છે, વાયુથી શૂળ હોય છે, અને ચળ તથા જડતા કફથી હોય છે.

આમવાતની સાધ્યાસાધ્યતા.

एकदोषानुगः साध्यो द्विदोषो याप्य उच्यते । सर्वदेहचरैः शोथैः स कष्टः सान्निपातिकः ।

એક દોષનો આમવાત સાધ્ય છે, બે દોષનો હોય તો તે કષ્ટસાધ્ય છે, અને ત્રણે દોષોથી હોય તો સોજા થાય છે અને તે અસાધ્ય છે

આમવાતની ચિકિત્સા.

लङ्घनं स्वेदनं तिक्तं दीपनानि कटूनि च । विरेचनं स्नेहनञ्च बस्तयश्चाममारुते ॥ रूक्षः स्वेदो विधातव्यो वालुकापुटकैस्तथा । उपनाहाश्च कर्तव्यास्तेऽपि स्नेहविवर्जिताः ॥ आमवाताभिभूताय पीडिताय पिपासया । पञ्चकोलेन संसिद्धं पानीयं हितमुच्यते । शुष्कमूलकयूषं वा यूषं वा पाञ्चमौलिकम् । रसकं काञ्जिकं वापि शुण्ठीचूर्णावचूर्णितम् ॥ सौवीरं स्विन्नवार्ताकं तथा तिक्तफलानि च । वास्तूकशाकं सारिष्टं शाकं पौनर्नवं हितम् ॥ पटोल गोक्षुरश्चैव वरुणं कारवेल्लकम् । यवान्न कोरदूषान्नं पुराणं शालिषष्टिकम् ॥ लावकानां तथा मांसं हितं तक्रेण संस्कृतम् । हितश्च यूषः कौलत्थः कालायश्चणकस्य च ॥ रुच्यं दद्याद्यथा सात्म्यमामवातहितञ्च यत् । शतपुष्पा वचा विश्वश्वदंष्ट्रा वरुणत्वचः ॥ पुनर्नवा सदेवाह्वसटीमुण्डितिकाः समाः । प्रसारणी च तर्कारीफलञ्च मदनस्य च ॥ शुक्तकाञ्जिकपिष्टा च कोष्णा च लेपने हिता ॥ अहिंस्रा रुबुकाम्मूलं शिग्रुर्वल्मीकमृत्तिका । मूत्रपिष्टैश्च कर्तव्यमुपनाहः प्रलेपनम् ॥ चित्रकं कटुका पाठा कलिङ्गातिविषामृता । देवदारुवचा मुस्तनागरातिविषाभया ॥ पिबेदुष्णाम्बुना नित्यमामवातस्य भेषजम् । शठी शुण्ठ्यभया चोग्रा देवाह्वातिविषामृताः ॥ कषायमामवातस्य पाचनं रूक्षभोजनम् । पुनर्नवा च बृहती वर्द्धमानकणिज्जकैः ॥ कल्पयेत् क्वाथमामे तु मूर्वाशिग्रुद्रुमैर्भिषक् । सेचनञ्चामवातस्य रूवूकपयसापि वा ॥ लिह्यात् पथ्यां सविश्वां वा मूत्रैर्वा गुग्गुलुं पिबेत् । विश्वालम्बुषयोः कल्पमद्याद्वा तिलविश्वयोः ॥ विश्वपथ्या मृता क्वाथं कवोष्णं कौशिकान्वितम् । कटीजङ्घोरुपृष्ठानां रुजं पीतं निवर्तयेत् ॥ हिंगु चव्यं विडं शुण्ठी कृष्णाजाजी सपुष्करम् । भागोत्तरमिदं चूर्णं पीतं वातामजिद्भवेत् ॥

इति हिंग्वाद्य चूर्णम् ।

पिप्पली पिप्पलीमूलं सैन्धवं कृष्णजीरकम् । चव्यचित्रकतालीसपत्रकं नागकेशरम् ॥ एषां द्विपलिकान् भागान् पञ्चसर्वपलस्य च । मरिचाजाजिशुण्ठीनामेकैकस्य पलं पलम् ॥ दाडिमात् कुडवञ्चैव द्वे पले चाम्लवेतसात् ॥ सर्वमेकत्र संक्षुद्य योजयेत् कुशलो भिषक् ॥ पिप्पल्याद्यमिति ख्यातं नष्टस्याग्नेश्च दीपनम् । अर्शांसि ग्रहणी गुल्ममुदरं सभगन्दरम् ॥ कृमिकंडुरुचीर्हन्यात् सुरयोष्णोदकेन वा । नातःपरतरं किञ्चिदामवातस्य भेषजम् ॥

इति पिप्पल्याद्य चूर्णम् ॥

पथ्याविश्वयवानीभिस्तुल्याभिचूर्णितं पिबेत् । तक्रेणोष्णोदकेनापि काञ्जिकेनाथवा पुनः ॥ आमवातं निहन्त्याशु शोथं

मन्दाग्नितामपि । पीनसश्वासहृद्रोगं स्वरभेदमरोचकम् ॥ इति पथ्याद्य चूर्णम् ॥

रसोनविश्वनिर्गुण्डीक्वाथमामार्दितः पिबेत् ।
नातःपरतरं किञ्चिदामवातस्य भेषजम् ॥
इति रसोनादिकषायः ॥

रास्नां गुडूचीमेरण्डं देवदारुमहौषधम् ।
पिबेत् सर्वाङ्गिके वाते सामे सन्ध्यस्थिमज्जगे ॥ इति रास्नापञ्चक. ॥

पिप्पली पिप्पलीमूलचव्यचित्रकनागरैः ।
क्वथितं वारि तत् पेयमामवातविनाशनम् ॥
इति पिप्पल्यादिक्वाथः ॥

शटी विश्वौषधीकल्कं वर्षाभूक्वाथसंयुतम् । सप्तरात्रं पिबेज्जन्तुरामवातविनाशनम् ॥ इति शट्यादि ॥

रास्नामृतारग्वधदेवदारुत्रिकण्टकैरण्डपुनर्नवानाम् । क्वाथं पिबेन्नागरचूर्णमिश्रं जंघोरुपार्श्वत्रिकपृष्ठशूली ॥ इति रास्नासप्तकः॥

आमवाते कणायुक्तं दशमूलीजलं पिबेत् । खादेद्वाप्यभया विश्वं गुडूचीं नागरेण वा ॥ चित्रकेन्द्रयवाः पाठा कटुकातिविषाभयाः । आमाशयोत्थवातघ्नं चूर्णं पेयं सुखाम्बुना ॥ पुनर्नवामृता शुण्ठी शताह्वा वृद्धदारकम् । शटीमुण्डितिकाचूर्णमारनालेन पाययेत् ॥ आमवातं निहन्त्याशु गृध्रसीमुद्धतामपि ॥ इति पुनर्नवादिचूर्णम् ॥

कर्षं नागरचूर्णस्य काञ्जिकेन पिबेत् सदा । आमवातप्रशमनं कफवातहरं परम् ॥ पञ्चकोलकचूर्णन्तु पिबेदुष्णेन वारिणा । मन्दाग्निशूलगुल्मामकफारोचकनाशनम् ॥

आमवातगजेन्द्रस्य शरीरवनचारिणः । एक एव निहन्त्याशु एरण्डस्नेहकेसरी ॥ एरण्डतैलयुक्ता हरीतकीं भक्षयेन्नरो विधिवत् । आमानिलार्तियुक्तो गृध्रसि वृद्ध्यार्दितो नियतम् ॥ आरग्वधस्य पत्राणि भृष्टानि कटुतैलतः । आमघ्नानि नरः कुर्यात् सायं भक्तानुतानि च ॥ वायुः कट्याश्रितः शुद्धः सामो वा जनयेद्रुजम् । कटीग्रहः स एवोक्तः पङ्गुसक्थ्नोर्द्वयोर्वधात् ॥ शुण्ठीगोक्षुरकक्वाथः प्रातःप्रातर्निषेवितः । सामे वातकटीशूले पाचनं रुक्प्रणाशनम् ॥ यवक्षारसमायुक्तं मूत्रकृच्छ्रविनाशनम् । दशमूलीकषायेण पिबेद्वा नागराम्भसा ॥ कटीशूलेषु पातव्यं तैलमेरण्डसम्भवम् । महौषधगुडूच्योश्च क्वाथं पिप्पलिसंयुतम् । पिबेदामे सरुक्कोष्ठे कटीशूले विशेषतः । विशोध्यैरण्डबीजानि पिष्ट्वा क्षीरे विपाचयेत् ॥ तत्पायसं कटीशूले गृध्रस्यां परमौषधम् । सर्पिस्तैलं गुडं शुक्तं पञ्चमं विश्वभेषजम् ॥ पीतमेतद्भवेत्सद्यस्तर्पणं कटिशूलनुत् । न हि चैतत् समं किञ्चिन्निरामे कटिमारुते ॥ सुरतरुवल्कलसहितं गोमूत्रं स्थापितन्तु सप्ताहम् । हिङ्गुवचाशतपुष्पासैन्धवयुक्तेन तेनाथ । तत्पुटपक्वं हन्यात् कटीरुजं दारुणं पुंसाम् । आममेदोवृद्धिभवान् विकारांश्चानिलोद्भवान् ॥ अमृतनागरगोक्षुरमुण्डितिकावरुणकैःकृतचूर्णम् । मस्त्वारनालपीतं सामानिलनाशनं स्यात् ॥

इति अमृताद्यं चूर्णम् ॥

अलम्बुषा गोक्षुरकं त्रिफलानागरामृताः। यथोत्तरं भागवृद्ध्या श्यामाचूर्णञ्च तत्समम् ॥ पिबेन्मस्तु सुरा तत्र काञ्जिकोष्णोदकेन वा । आमवातं जयत्याशु सशोथं वातशोणितम् ॥ त्रिकजानूरुसन्धिस्थज्वरारोचकनाशनम् । अलम्बुषादिकं चूर्णं रोगानीकविनाशनम् ॥ इति अलम्बुषादिचूर्णम् ॥

अलम्बुषा गोक्षुरकं मूलं वरुणकस्य च । गुडूची नागरश्चेति समभागानि कारयेत् ॥ काञ्जिकेन तु तत्पेयं बिडालपदमात्रकम् । आमवाते प्रवृद्धे च योगोयममृतोपमः ॥

इति अलम्बुषाद्यं चूर्णम् ॥

अलम्बुषा गोक्षुरकं गुडूची वृद्धदारुकम् । पिप्पली त्रिवृता मुस्ता वरुणं स पुनर्नवम् ॥ त्रिफला नागरश्चेति सूक्ष्मचूर्णानि कारयेत् । मस्त्वारनालतक्रेण पयोमांसरसेन वा ॥ आमवातं निहन्त्याशु श्वयथुं सन्धिसंस्थितम् । इति अलम्बुषाद्यं चूर्णम् ॥

माणिमन्थस्य भागौ द्वौ यवान्यास्तद्वदेव तु । भागास्त्रयोऽजमोदाया नागराद्भागपञ्चकम् ॥ दश द्वौ च हरीतक्याः सूक्ष्मं चूर्णीकृतं शुभम् । मस्त्वारनालतक्रेण सर्पिषोष्णोदकेन वा ॥ पीडअयत्यामवातं गुल्मं हृद्वस्तिजान् गदान् । प्लीहानं ग्रन्थिशूलादीनानाहं गुदजानि च ॥ विबन्धं जाठरान् रोगान् कटीबस्तिसमुत्थितान् । वातनूलोमनमिदं चूर्णं वैश्वानरं स्मृतम्

इति वैश्वानरचूर्णम् ॥

असीतकं मागधिका गुडूची श्यामा वराही गजकर्णशुण्ठीः । समा घृताः कृत्स्नमिदन्तु चूर्णं पिबेत्सदुष्णोदकमण्डयूषैः ॥ तक्रे रसैर्मद्यसमस्तुभिर्वा यथेष्टचेष्टस्य च भोजनस्य । अबाहुकं गृध्रसिखञ्जवातं विश्वाचितूनीमतितूनिरोगान् ॥ जङ्घामवातार्दितवातरक्तं कटीग्रहं गुल्मगुदामयञ्च । सक्रोष्टुकं पाण्डुगरोग्रशोफं हन्यादुरुस्तम्भमुदीर्णवेगम् ॥ इति असीतक चूर्णम् ॥

शुण्ठीनां षट्पलं पिष्टं धान्याकं द्विपलं तथा ॥ चतुर्गुणं जलं दत्वा घृतवस्थं विपाचयेत् ॥ वातश्लेष्मामयान् हन्यादग्निवृद्धिकरं परम् । दुर्नामश्वासकासघ्नं बलवर्णाग्निवर्धनम् ॥ इति शुण्ठीधान्यकघृतम् ॥

पुष्ट्यर्थं पयसा साध्यं दध्ना विण्मूत्रसंग्रहे । दीपनार्थं मतिमता मस्तुना च प्रकीर्तितम् ॥ सर्पिर्नागरकल्केन सौवीरं तच्चतुर्गुणम् । सिद्धमग्निकरं श्रेष्ठमामवातहरं परम् ॥ इति शुण्ठीघृतम् ॥

नागरक्वाथकल्काभ्यां घृतप्रस्थं विपाचयेत् । चतुर्गुणेन तेनाथ केवलेन जलेन वा । वातश्लेष्मप्रशमनमग्निसन्दीपनं परम् । नागरं घृतमित्युक्तं कटीशूलामनाशनम् ॥

इति शुण्ठीघृतम् ॥

हिङ्गु त्रिकटुकं चव्यं माणिमन्थं तथैव च । कल्कान् कृत्वा तु पलिकान् घृतप्रस्थं विपाचयेत् ॥ आरनालाढकं दत्वा तत्सर्पिर्जठरापहम् । शूलं विबन्धमानाहमामवातकटीग्रहम् ॥ नाशयेद्ग्रहणीदोषं मन्दाग्नेर्दीपनं परम् ॥ इति काञ्जिकाद्यं घृतम् ॥

शृङ्गवेरयवक्षारपिप्पलीमूलपिप्पलीः । पिष्ट्वा विपाचयेत्सर्पिरारनाले चतुर्गुणं ॥ शूलं विबन्धमानाहमामवातं कटीग्रहम् । नाशयेद् ग्रहणीदोषमग्निसन्दीपनं परम् ॥

इति शृङ्गवेराद्य घृतम् ॥

पिबेद्धिन्दुघृत वापि धान्वतरमथापि वा । महाशुण्ठीघृतं वापि आमवाते पुनःपुनः ॥ यत् किञ्चिल्लेखनं सर्पिर्दीपन पाचनञ्च यत् । तत् सर्वमामवातेषु योज्यं वा मस्तु षट्पलम् ॥ अजमोदमरिचपिप्पलिविडङ्गसुरदारुचित्रकशताह्वाः । सैन्धवपिप्पलिमूलं भागा नवकस्य पलिकाः स्युः ॥ शुण्ठी दशपलिका स्यात् पलानि तावन्ति वृद्धदारस्य । पथ्यापलानि पञ्च च सर्वाण्येकत्र कारयेच्चूर्णं ॥ समगुडवटकानदतश्चूर्णं वाकोष्णवारिणा पिबतः । नश्यन्त्यामाश्वनिलजाः सर्वे रोगाः सुकष्टाश्च ॥ प्रतितूनीविश्वाचीगेगाश्चान्येऽपि गृध्रसी चोग्रा ॥ कटिपृष्ठगुदस्फुटनं स्फुटनञ्चैवातिजङ्घयोस्तीव्रम्॥ श्वयथुश्च सर्वसन्धिषु ये चान्येप्यामवातसम्भूताः । सर्वे प्रयान्ति नाशन्तम इव सूर्यांशुविध्वस्तम् क्षुद्बोधमरोगित्व स्थिरयौवनमथ वलीपलितनाशम् । कुरुते च तथाभ्यासाद्गुणानथान्यास्तथा सुबहून् ॥ इति आजमोदादि ॥

चित्रकं पिप्पलीमूलं यवानीं कारवीं तथा । विडङ्गमजमोदाश्च जीरके सुरदारु च ॥ चव्यैला सैन्धव कुष्टं रास्ना गोक्षुर धान्यकम् । त्रिफला मुस्तक व्योषन्त्वगुशीरं यवाग्रजम् ॥ तालीसपत्रं पत्रञ्च सूक्ष्मचूर्णानि कारयेत् । यावन्त्येतानि चूर्णानि तावन्मात्रन्तु गुग्गुलुम् । संमर्द्य सर्पिषा गाढं स्निग्धे भाण्डे निधापयेत् ॥ अतो मात्रा प्रयुञ्जीत यथेष्टाहारवानपि ॥ अग्निमान्द्यामवातादीन् क्रिमिदुष्टव्रणानपि । प्लीहगुल्मोदरानाहदुर्नामानि विनाशयेत् । अग्निञ्च कुरुते दीप्तं तेजोवृद्धिं बलं तथा । वातरोगान् जयत्येष सन्धिमज्जागतानपि ॥

इति योगराजगुग्गुलु ॥

प्रसारण्याढकक्वाथे प्रस्थो गुडरसोमतः । पक्वः पञ्चोपणरजोयुक्तः स्यादामवातहा ॥

इति प्रसारणीलेह ॥

नागरस्य पलान्यष्टौ घृतस्य पलविंशतिम् । क्षीरद्विप्रस्थसयुक्तं खण्डस्यार्द्धशतं पचेत् ॥ व्योषत्रिजातकद्रव्यात् प्रत्येकञ्च पलं पलम् । निदध्याच्चूर्णितं तत्र खादेदग्निबलं प्रति ॥ आमवातप्रशमनं बलपुष्टिविवर्धनम् । वलयमायुष्यमोजस्य वलीपलितनाशनम् । आमवातप्रशमनं सौभाग्यकरमुत्तमम् ॥

इति खण्डशुण्ठी ॥

पलं शतं रसोनस्य तिलस्य कुडव तथा । हिङ्गुत्रिकटुकं क्षारौ द्वौ पञ्च लवणानि च ॥ शतपुष्पा निशा कुष्ठं पिप्पलीमूलचित्रकौ । आजमोदा यवानी च धान्यकञ्चापि बुद्धिमान् ॥ प्रत्येकञ्च पलञ्चैषां श्लक्ष्णचूर्णानि कारयेत् । घृतभाण्डे दृढे चैव स्थापयेद्दिनषोडशम् ॥ प्रक्षिप्य तैलमानीञ्च प्रस्थार्धं काञ्जिकस्य च । खादेत् कर्षप्रमाणन्तु तोयं मद्यं पिबेदनु ॥ आम

वाते रक्तवाते सर्वाङ्गैकाङ्गसंस्थिते । अपस्मारेऽनले मन्दे कासे श्वासे गरेषु च ॥ सोन्मादे वातभग्ने च शूले जन्तुषु शस्यते ॥

इति रसोनपिण्ड ॥

प्रसारण्या रससिद्धं तैलमेरण्डजं पिबेत् । सर्वदोषहरञ्चैव कफरोगहरं परम् ॥ इति प्रसारणीतैलम् ॥

द्विपञ्चमूलिनिर्यासफलदध्यम्लकाञ्जिकैः । तैलं कट्यूरुपार्श्वार्तिकफवातामयान् ग्रहान् ॥ हन्ति बस्तिप्रदानेन करोत्यग्निबलं महत् ॥

इति द्विपञ्चमूलाद्य तैलम् ॥

सैन्धवं श्रेयसी रास्ना शतपुष्पा यवानिका । स्वर्जिका मरिचं कुष्ठं शुण्ठी सौवर्चलं विडम् ॥ वचाजमोदा जरण पौष्करं मधुकं कणा । एतान्यर्द्धपलांशानि सूक्ष्मपिष्टानि कारयेत् ॥ प्रस्थमेरण्डतैलस्य प्रस्थन्तु शतपुष्पजं । काञ्जिकं द्विगुणं दत्वा मस्तु च द्विगुणं तथा ॥ एतत्सम्भृत्य सम्भारं शनैर्मृद्वग्निना पचेत् । सिद्धमेतत् प्रयोक्तव्यमामवातहरं परम् ॥ पानाभ्यञ्जनबस्तौ च कुरुतेऽग्निबलं भृशम् । वातार्तिं क्षणे शस्तं कटिजानूरुसन्धिजे ॥ शूले हृत्पार्श्वजे तद्वत् वृद्धे श्लेष्मणि पीडिते । बाह्यायामार्दितानाहेऽन्त्रवृद्धिनिपीडिते । अन्यांश्चानिलजान् रोगान् नाशयत्याशु देहिनाम् ॥ इति बृहत्सैन्धवाद्य तैलम् ॥

स्वल्पप्रसारणी तैलं तैलं वा सैन्धवादिकम् । दशमूलाद्यतैलेन बस्तिदानं प्रशस्यते ॥ तैलस्य द्विपलं दद्यात् काञ्जिकस्य चतुःपलम् । दशमूलरसं मूत्रं पृथक् पञ्च पलानि तु ॥ वचा मदनवाट्या वा शताह्वा कुष्ठसैन्धवैः । पिप्पल्यतिविषा मुस्तरास्ना कट्फलपौष्करैः ॥ अक्षांशिकैश्च तत् सर्वं मन्थयीत विचक्षणः । प्रस्थार्धं प्रथमं देयो बस्तिर्निरभिशङ्कितः ॥ द्वितीये च तृतीये च वर्जयेत् प्रसृतद्वयम् । सर्ववातविकारेषु मेहेषु वृषणामये ॥ कुक्षौ हृत्पृष्ठपार्श्वेषु जानुजङ्घाकटीग्रहे । विबन्धानाहरोगेषु शर्कराश्मरिपीडिते ॥ भग्नविश्लिष्टगात्रेषु पिच्चितेषु क्षतेषु च । एतन्निरूहवान् प्राज्ञो निरायासो महागुणः ॥ दधिमत्स्यगुडक्षीरं पोतकी माषपिष्टकम् । वर्जयेदामवातार्तो मांसमानूपसम्भवम् । अभिष्यन्दकरा ये चान्ये गुरुपिच्छिला ॥ वर्जनीयाः प्रयत्नेन आमवातार्दितैर्नरैः । रास्नैरण्डशतावरीसहचरादुस्पर्शवासामृता । देवाह्वातिविषाभयाघनसटीशुण्ठीकषायः कृतः ॥ पीतः सौरुबतैल एष विहितः सामे सशूलेऽनिले । कट्यूरुत्रिकपृष्ठकोष्ठजठरक्रोडेषु चामार्त्तिजित् ॥

इति मध्यमरास्नादिक्वाथ ॥

रास्नावातारिमूलञ्च वासकञ्च दुरालभम् । सटीदारुबलामुस्तनागरातिविषाभयाः ॥ श्वदंष्ट्राव्याधिघातश्च मिसिधान्यपुनर्नवाः । अश्वगन्धामृता कृष्णा वृद्धदारशतावरी ॥ वचा सहचरश्चैव चविकाबृहतीद्वयम् । समभागान्वितैरेतै रास्नाद्विगुणभागिकैः ॥ कषायं पाययेत् सिद्धमष्टभागावशेषितम् । शुण्ठीचूर्णसमायुक्तमामाघेन युतं तथा ॥

अलम्बुषादिसंयुक्तमजमोदादिसंयुतम् । यथा-
दोषं यथाव्याधि प्रक्षेपं कारयेत् भिषक् ॥
सर्वेषु वातरोगेषु सन्धिमज्जागतेषु च ।
आनाहेषु च सर्वेषु सर्वगात्रानुकम्पने ॥
कुब्जके वामने चैव पक्षाघाते तथार्दिते ।
जानुजङ्घास्थिपीडासु गृध्रस्यां च हनुग्रहे ॥
प्रशस्तं वातरक्ते स्यादूरुस्तम्भे तथार्शसि ।
विश्वाची गुल्महृद्रोगविषूची क्रोष्टुशीर्षके ॥
अन्त्रवृद्धौ श्लीपदे च योनिशुक्रामये तथा ।
पुंसां मेढ्गते रोगे स्त्रीणां वन्ध्यामये तथा ॥
योषितां गर्भदं मुख्यं नास्ति किञ्चिदतःपरम् ।
सर्वेषां पाचनानान्तु श्रेष्ठमेतद्धि पाचनम् ॥
महारास्नादिकं नाम प्रजापतिविनिर्मितम् ॥

इति महारास्नादिकाथ ॥

रास्नाविश्वविडङ्गानि रुबुकं त्रिफला तथा ।
दशमूलं पृथक् श्यामाक्राथो वातामयापहः ॥
अर्धावभेदके त्वाढ्ये अर्दिते वातखञ्जके ।
नेत्ररोगे शिरःशूले ज्वरापस्मारयोस्तथा ॥
मनोभ्रंशे च विविधे कथितश्च शुभप्रदः ॥

इति रास्नादशमूलम् । इति आमवातनिदान-
चिकित्साऽधिकार ॥

આમવાત થાય તો લઘન, શેક કડવા પદાર્થોનુ ભક્ષણ, દીપન તીખા પદાર્થોનું ભક્ષણ,વિરેચન, સ્નેહન, અને બસ્તિ કર્મ કરવાં.

રેતીની પોટલીનો રૂક્ષ શેક કરવો અને રોગની જગાએ ઔષધો બાંધવાં તે ઘી તેલ વગરનાં જ બાંધવા

આમવાત વાળાને તરશ લાગતી હોય તો પીપર, પીપરીમૂળ, ચવક, ચિત્રક, અને સૂઠથી પકાવેલું પાણી આપવુ તે સારૂં છે.

આમવાત વાળાને સૂકા મૂળાનો અથવા પંચમૂળનો યૂષ, અથવા સૂંઠનુ ચૂર્ણ નાંખીને કાંજીનો રસ આપવો.

આથેલા જવનું પાણી, બાફેલાં રીંગણાં, કડવાં ફળો, બથવો, લસણવાળુ સાટોડીનુ શાક, પરવળ, ગોખરૂ, વાયવરણાં, કારેલાં, જવનું અન્ન, કોદરા, જુના રાતા ચોખા તથા સાઠી ચોખા, છાશ સહિત લાવાનું માસ, કળથી તથા વટાણા અને ચણાના યૂષો, એ આમવાત વાળાને હિતકારી છે. આમવાતવાળાની પ્રકૃતિ સમજીને તેને જેવું સદે તેવુ અને આમવાતમાં હિતકારી થાય તે દેવું.

સૂવા, વજ, સૂંઠ, ગોખરૂ, વાયવરણાંની છાલ, સાટોડી, દેવદાર, કચૂરો, અને ગોરખમુડી સમભાગે લેઈ વાપરવાથી આમવાતમા તે હિતકારી થાય છે.

નારી, અરણી, અને સીંઢાળનુ ફળ એઓને અથાણાના પાણીમા તથા કાજીમા વાટી ગરમ કરીને લેપ કરવો તે આમવાતમાં હિતકારી છે.

ભૂંગળીઓ કટાળો, એરડાનુ મૂળ, સરગવો, અને રાફડાની માટીને મૂત્રમાં વાટીને દરદ ઉપર બાધવા તથા લેપ કરવો, તે હિતકારી છે.

ચિત્રક, કડુ, કાળીપાડ, ઇંદ્રજવ, બમણુ અતિવિષ, ગળો, દેવદાર, વજ, મોથ, સૂઠ, અને હરડેનુ ચૂર્ણ નિત્ય ઊના પાણીમા પીવાથી આમવાત મટી જાય છે

કચૂરો, સૂઠ, હરડે, વજ, દેવદાર, અતિવિષ, અને ગળો, એનો ક્વાથ પીને રુક્ષ ભોજન કરવાથી આમવાત મટી જાય છે

સાટોડી, ભોંરીંગણી, એરડો, મરવો, પીલુડી, અને સરગવાના પંચાંગનો ક્વાથ કરી વૈદ્યે આમવાતવાળાને પાવો.

આમવાત ઉપર એરંડાના પાણીનું સેવન કરવું; અથવા સૂંઠ અને હરડે ખાવી, અથવા મૂત્રો સાથે ગૂગળ પીવો; અથવા સૂંઠ અને ગોરખમુંડીનો કલ્ક ખાવો, અથવા તલ અને સૂંઠનો કલ્ક ખાવો, અથવા સૂંઠ, હરડે, અને ગળોનો ક્વાથ ગુગળ નાંખીને કંઈક ઊનો પીવો. આથી કમર, પીંડીઓ, સાથળ, તથા પીઠમાં થતી પીડા મટી જાય છે

હિંગ્વાદ્ય ચૂર્ણ.

હિંગ, ચવક, બિડલૂણ, સૂંઠ, કાળીજીરી, એરંડાનાં મૂળ, એને એક એકથી બમણાં લેઇને ચૂર્ણ કરી ખાવાથી આમવાત મટી જાય છે.

પિપ્પલ્યાદ્ય ચૂર્ણ.

પીપર, પીપરીમૂળ, સૈંધવ, કાળીજીરી, ચવક, ચિત્રક, તાલીસપત્ર, અને નાગકેશર, એ હરેક આઠ આઠ તોલા; સચળ પાંચ તોલા; મરી, જીરૂ, અને સૂંઠ ચાર ચાર તોલા; દાડમસાર સોળ તોલા; અને આમ્લવેતસ આઠ તોલા, પ્રવીણ વૈદે આ ચૂર્ણ રોગીને ઊના પાણી કે મદ્ય સાથે દેવું, તેથી નાશ પામેલો જઠરાગ્નિ પ્રદીપ્ત થાય છે, અને અર્શ, ગ્રહણી, ગુલ્મ, ઉદરરોગો, ભગંદર, કૃમિ, ચળ, તથા અરૂચિ મટી જાય છે. આમવાતનુ કોઈ પણ ઔષધ આથી અધિક નથી.

પથ્યાદ્ય ચૂર્ણ.

સમ ભાગે હરડે, સૂંઠ, અને અજમાનું ચૂર્ણ ખાટી છાશ, ઊનું પાણી, અથવા કાંજી સાથે પીવાથી આમવાત, સોજો, જઠરાગ્નિની મંદતા, સળેખમ, ઉધરસ, છાતીની પીડા, સ્વરભેદ, અને અરૂચિ તુરત હણાઇ જાય છે.

રસોનાદિ કષાય.

આમવાળાએ લસણ, સૂંઠ, અને નગડનો ક્વાથ પીવો, તેનાથી અધિક આમવાતનું બીજું કોઇ પણ ઔષધ નથી.

રાસ્નાપચ્ચક ક્વાથ.

સર્વાંગવાત, આમવાત, સંધિવાત, કે અસ્થિ અથવા મજ્જામાં વાત હોય તો રાસ્ના, ગળો, એરંડો, દેવદાર, અને સૂંઠનો ક્વાથ પીવો.

પિપ્પલ્યાદિ ક્વાથ.

પીપર, પીપરીમૂળ, ચવક, ચિત્રક, અને સૂંઠનો ક્વાથ પીવાથી આમવાતનો નાશ થાય છે.

શટ્યાદિ કલ્ક.

કચુરો અને સૂંઠનો કલ્ક સાટોડીના ક્વાથ સાથે સાત દિવસ પીવાથી આમવાતનો નાશ થઈ જાય છે.

રાસ્ના સપ્તક ક્વાથ.

રાસ્ના, ગળો, ગરમાળો, દેવદાર, ગોખરૂ, એરંડો, અને સાટોડીનો ક્વાથ સૂંઠ નાંખીને પીવાથી પીંડી, સાથળ, પડખાં, હાડ, તથા પીઠનાં શુળો મટી જાય છે.

ઉપામવાતરોગ.

પીપરનું ચુર્ણ નાંખીને દશમૂળીનો ક્વાથ, અથવા સુંઠ અને હરડે, અથવા ગળો અને સુંઠ ખાવાથી આમવાત મટી જાય છે.

ચિત્રકાદિ ચૂર્ણ.

ચિત્રક, ઇંદ્રજવ, કાળીપાડ, કડુ, અતિવિષ, અને હરડેનું ચૂર્ણ જરા ઊના પા-

ણીમા ખાવાથી આમાશયનો વાયુ મટી જાય છે.

પુનર્નવાદિ ચૂર્ણ

સાટોડી, ગળો, સુઠ, સુવા, વરધારો, કચુરો, અને ગોરખમુંડીનુ ચૂર્ણ આરનાલની સાથે ખાવાથી આમવાત તુરત હણાઈ જાય છે, તથા ભયંકર ગૃધ્રસી પણ તુરત હણાય છે.

નાગર ચૂર્ણ.

એક તોલો સુઠનુ ચુર્ણ કાંજી સાથે નિત્ય પીવાથી આમવાત શાંત થાય છે કફ તથા વાયુ હરવામાં આ ચૂર્ણ ઉત્તમ છે

પંચકોલ ચૂર્ણ

પીપર, પીપરીમૂળ, ચવક, ચિત્રક, અને સુઠનું ચુર્ણ ઉના પાણીમા પીવાથી મંદાગ્નિ, શૂળ, આમ, ગુલ્મ, કફ, અને અરોચકનો નાશ થાય છે.

એરંડતૈલ

શરીરરૂપી વનમા ફરનાર આમવાતરૂપી મોટા હાથીને એરડિયા તેલરૂપી સિંહ તુરતજ મારી નાંખે છે.

એરંડતૈલ હરીતકી

આમવાત, ગૃધ્રસી, અને વધરાળવાળાએ હરડેનુ ચુર્ણ એરડિયા તેલ સાથે વિધિપુર્વક જરૂર ખાવુ જોઇએ.

આરગ્વધપત્ર

સરસિયા તેલમા શેકેલા ગરમાળાનાં પાન સાયકાળે ખાઇને પછી જમવાથી આમ હણાઈ જાય છે

કટિગ્રહનું લક્ષણ તથા ચિકિત્સા.

શુદ્ધ અથવા આમ સહિતનો વાયુ કમરમા રહીને પીડા કરેછે, એ રોગને કટિગ્રહ કહેછે, બન્ને સાથળોને નકામા કરેછે તો તે રોગ પગુરોગ કહેવાય છે નિત્ય પ્રાતકાળે સુઠ અને ગોખરૂનો કવાથ પીવાથી આમસહિત વાયુનુ કટિશૂળ મટી જાય છે, અને આમનુ પાચન થાય છે. એરડિયા તેલમા જવખાર નાખીને પીવાથી મૂત્રકૃચ્છ્ર મટી જાય છે. દશમૂળ અથવા સુઠના કવાથની સાથે એરડિયુ તેલ પીવાથી કટિશૂળ મટી જાય છે. આમ, કોઠાની પીડા, અને વિશેષે કરીને કટિગ્રહ ઉપર સુઠ તથા ગળોનો કવાથ પીપર નાખીને પીવો એરડીના બીજને સાફ કરી વાટીને દૂધમા પકાવીને તે દૂધપાક ખાવાથી કટિગ્રહ તથા ગૃધ્રસી મટી જાયછે. કટિગ્રહ તથા ગૃધ્રસી ઉપર આ મોટો ઉપાય છે ઘી તેલ, ગોળ, અથાણાનુ પાણી અને સુઠ મેળવીને પીવાથી તુરત તૃપ્તિ થાય છે, અને કટિગ્રહ મટી જાયછે આમ વગરના કટિગ્રહ ઉપર આના જેવુ બીજુ કોઇ પણ ઔષધ નથી. દેવદારની છાલને સાત દિવસ સુધી ગોમૂત્રમા પલાળી રાખવી, પછી તે તથા હિંગ, વજ, સુવા, અને સૈંધવને વાટીને પુટપાક પકાવીને વાપરવાથી દારૂણ કટિગ્રહ પણ મટી જાય છે, તેમજ આમ, મેદ, તથા વાયુની વૃદ્ધિથી થયેલા તમામ વિકારો પણ મટી જાય છે.

અમૃતાદ્યચૂર્ણ.

ગળો, સુઠ, ગોખરૂ, ગોરખમુંડી, અને વાયવરણાંનુ ચૂર્ણ મસ્તુ તથા આરનાલની સાથે પીવાથી આમવાતનો નાશ થાય છે.

૧. અલંબુષાદિ ચૂર્ણ.

ગોરખમુડી ૧ ભાગ, ત્રિફળા ૨ ભાગ, સુઠ ૪ ભાગ, ગળો ૫ ભાગ, અને નસોતર ૧૫ ભાગ, આ ચૂર્ણ, મસ્તુ, મદિરા,

કાંજી, કે ઉના પાણી સાથે પીવાથી આમવાત, સોજાવાળુ વાતરક્ત, હાઢામા રહેલા જ્વર, ગોઠણ તથા સાથળના સાધાની પીડા, તથા અરૂચિનો નાશ થાય છે આ અલબુષાદિ ચૂર્ણ રોગોના સૈન્યનો નાશ કરી નાખે છે.

૨. અલબુષાદિ ચૂર્ણ

ગોરખમુંડી, ગોખરૂ, વાયવરણાના મૂળ, ગળો, અને સુઠનુ સમભાગે ચૂર્ણ કરી, તે એક તોલો કાંજી સાથે પીવાથી વધી ગયેલા આમવાત ઉપર તે અમૃતરૂપ થાય છે

૩ અલંબુષાદિ ચૂર્ણ.

ગોરખમુંડી, ગોખરૂ, ગળો, વરધારો, પીપર, નસોતર, મોથ, વાયવરણા, સાટોડી, ત્રિફળા, અને સુઠનુ ચૂર્ણ—મસ્તુ, આરનાલ, ખાટી છાશ, દૂધ, કે માંસરસ સાથે પીવાથી આમવાત તુરત હણાઇ જાયછે, અને સાધામાનો સોજો પણ હણાઈ જાય છે.

વૈશ્વાનર ચૂર્ણ.

સૈધવ તથા અજમો બે બે ભાગ, અજમોદ ત્રણ ભાગ, સુઠ ચાર ભાગ, અને હરડે બાર ભાગ, આ ચૂર્ણ મસ્તુ, આરનાલ, ખાટીછાશ, ઘી, કે ઉના પાણીમા પીવાથી આમવાત, ગુલ્મ, છાતીના રોગો, મૂત્રાશય તથા બરલના રોગો, ગાઠો, શૂળ વગેરે, પેડુનો આફરો, અર્શ, મળબધ, જઠરના રોગો, અને કમર તથા મૂત્રના રોગોનો નાશ થાય છે. આ વૈશ્વાનર ચૂર્ણ વાયુને યોગ્ય માર્ગે લાવેછે.

અસીતક ચૂર્ણ.

કાળીગરણી, પીપર, ગળો, નસોતર, વારાહીકંદ, એરડો, સૂંઠ, એનું સમભાગ ચુર્ણ ઉનુ પાણી, મડ, યુષ, ખાટીછાશ, માસરસ, મદ્ય, કે દહિની સાથે પીવું, અને આહાર વિહાર યથેચ્છ કરવા એથી અપબાહુક, ગૃધ્રસી ખજતા, વિશ્વાચી, તૂની, પ્રતિતૂની, પીંડીના રોગો, આમવાત, અર્દિત, વાતરક્ત, કટિગ્રહ, ગુલ્મ, અર્શ, ક્રોષ્ટુકશીર્ષ, પાંડુરોગ, વિષ, ઉગ્ર સોજા, અને પ્રબળ વેગવાળો ઉરૂસ્તભ, મટી જાય છે

શૂંઠી ધાન્યક ઘૃત.

૨૪ તોલા સુઠ અને આઠ તોલા ધાણાનો કલ્ક નાંખીને ચોગણા પાણીમા ૬૪ તોલા ઘી પકાવીને વાપરવાથી અગ્નિ તથા બળ વધેછે વર્ણ સુધરેછે, વાયુ તથા કફના રોગો અને અર્શ મટેછે, અને શ્વાસ તથા ઉધરસ પણ મટે છે.

૧. શુંઠી ઘૃત.

ચોગણા સૌવીરમા સૂંઠના કલ્ક સાથે પકાવેલુ ઘી ઉત્તમ દીપન અને આમવાતને મટાડનાર શ્રેષ્ઠ ઉપાય છે દૂધમાં પકાવાય તો તે પૌષ્ટિક છે મૂત્રની અટકાયત તથા મળબધ મટાડવા માટે તેને દહિંમા પકાવવુ, અને દીપન માટે તેને વિદ્વાન્ વૈદ્યે દહિંના મસ્તુમા પકાવવુ

૨. શુંઠી ઘૃત.

ચોગણા સૂઠના કવાથમાં અથવા એકલા પાણીમાં સૂઠના કલ્ક સાથે ચોસઠ તોલા ઘી પકાવવું, તે વાયુ તથા કફને મટાડે છે, અગ્નિને પ્રદીપ્ત કરે છે, અને કટિગ્રહ તથા આમને મટાડે છે.

કાંજકાદ્યઘૃત.

હિંગ, સુંઠ, મરી, પીપર, ચવક, અને સૈંધવના એક એક તોલા ભાર કલ્કો સાથે ૬૪ તોલા ઘી ૨૫૬ તોલા કાંજીમા પકાવવુ.

તે અગ્નિને પ્રદીપ્ત કરેછે; તથા શુળ, ઉદરરોગો, મળબંધ, પેડુનો આફરો, આમવાત, કટિગ્રહ, અને ગ્રહણી દોષનો નાશ કરે છે

શૃંગવેરાદ્યઘૃત

આદુ, જવખાર, પીપરીમુળ, અને પીપરના કલ્ક સાથે ચોગણા આરનાલમાં પકાવેલુ ઘી અગ્નિને બહુ પ્રદીપ્ત કરેછે; તથા શૂળ, મળબંધ, પેડુનો આફરો, આમવાત, કટિગ્રહ, અને ગ્રહણીના દોષોનો નાશ કરે છે.

ઘૃતો તથા ઔષધોનો ઉપયોગ.

આમવાતવાળાએ બિંદુઘૃત, ધાન્વતરઘૃત, અથવા મહાશુંઠીઘૃત વારંવાર પીવું. કફને ઉખેડનાર, દીપન અને આમનું પાચન કરનાર તમામ ઘૃતોનો ઉપયોગ આમવાતમાં કરવો. અથવા ચોવીશ તોલા મસ્તુનો ઉપયોગ કરવો.

અજમોદાદિ

અજમોદ, મરી, પીપર, વાવડીંગ, દેવદાર, ચિત્રક, સૂવા, સૈંધવ, અને પીપરીમૂળ ચાર ચાર તોલા; સૂંઠ અને વરધારો ચાળીસ ચાળીસ તોલા ભાર; અને હરડે વીશ તોલા, એ સર્વના ચૂર્ણ જેટલો જ તેમાં ગોળ મેળવીને શેપલી બનાવીને ખાવાથી, અથવા એ ચૂર્ણજ ઊના પાણીમાં ખાવાથી, જેમ સૂર્યનાં કિરણોથી અંધકાર નાશ પામેછે તેની પેઠે આમવાત સંબંધી સર્વ દુ:ખ દેણ દરદોનો નાશ થઇ જાય છે. આથી તૂની, પ્રતિતૂની વિશ્વાચી, બીજા રોગો તથા ઉગ્રગૃધ્રસી પણ નાશ પામે છે. કમર, વાંસો, ગુદા,તથા પીંડીઓનું તીવ્ર ફાટવું, સર્વ સાંધાઓમાંનો સોજો, અને આમ તથા વાયુના બીજા પણ રોગો આથી નાશ પામે છે. આના સેવનથી સુખ જાગ્રત થાય છે, આરોગ્ય રહેવાય છે, યૌવન મળે છે, વળીયાં તથા પળીયાંનો નાશ થાય છે, અને બીજા પણ ઘણા ઘણા ગુણો થાય છે.

યોગરાજગુગળ.

ચિત્રક, પીપરીમૂળ, અજમો, સુવા, વાવડીંગ, અજમોદ, જીરૂ, શાહજીરૂ, દેવદાર, ચવક, એળચી, સૈંધવ, કઠ, રાસ્ના, ગોખરૂ, ધાણા, ત્રિફળા, મોથ, તજ, વાળો, સુઠ, મરી, પીપર, જવખાર, તાલીસપત્ર, અને તમાલપત્ર, તથા એ સર્વ જેટલા ગુગળને ઘીની ભાવના દેઈને તેને ઘી વાળા વાસણમા રાખવો. મન ગમતો આહાર કરતાં છતા પણ આ ગુગળ માત્રા પ્રમાણે ખાવાથી મંદાગ્નિ, ઉદરરોગો, પેડુનો આફરો, અર્શ, આમવાત વગેરે રોગો, કૃમિ, દુષ્ટ વ્રણ, બરળનો રોગ, એ સર્વ નાશ પામે છે, અને અગ્નિ વધે છે. તેજ તથા બળ પણ વધે છે. સાંધા તથા મજ્જામાં રહેલા વાયુના રોગોને પણ આ ગુગળ મટાડે છે.

પ્રસારણીલેહ.

૨૫૬ તોલા નારીના ક્વાથમાં ૬૪ તોલા ગોળ પકાવીને તેમાં પીપર, પીપરીમુળ, સુઠ, ચિત્રક, અને ચવકનું ચુર્ણ નાંખીને પીવાથી આમવાતનો નાશ થાય છે.

ખંડશુંઠી.

સુઠ ૩૨ તોલા, ઘી ૮૦ તોલા, દૂધ ૧૨૮ તોલા, અને ખાંડ ૨૦૫ તોલાનો પાક કરી, તેમાં સુઠ, મરી, પીપર, તજ, તમાલપત્ર, એળચી, એ દરેક ચાર ચાર તોલા મેળવીને એ ખંડશુંઠી અગ્નિના બળ પ્રમાણે ખાવાથી આમવાત શાંત થાય છે, બળ અને પુષ્ટિ વધે છે, આયુષ્ય અને ઓજસ વધે છે, અને ઉત્તમ સૌભાગ્ય મળે છે.

રસોનપિંડ.

લસણ ૪૦૦ તોલા; તલ ૧૬ તોલા; અને ચાર ચાર તોલા હિંગ, સુંઠ, મરી, પીપર, જવખાર, સાજીખાર, પંચલવણ, પીપરીમુળ, સુવા, હળદર, કઠ, ચિત્રક, અજમોદ, અજમા, અને ધાણા, એ સર્વના ચૂર્ણમાં ૩૨ તોલા તેલ તથા ૩૨ તોલા કાંજી નાંખીને ઘી વાળા વાસણમાં રાખવું. સોળ દિવસ રાખી મુકયા પછી તેમાંથી એક તોલો લઇ જળ અને મધના અનુપાન સહિત ખાવાથી આમવાત, વાતરક્ત, સર્વાંગવાત, એકાંગવાત, અપસ્માર, મંદાગ્નિ, ઉધરસ, શ્વાસ, વિષ, ઉન્માદ, વાતભગ્ન શૂળ, અને કૃમિઓ મટી જાય છે.

પ્રસારણી તેલ.

નારીના રસથી પકાવેલું એરંડિયુ તેલ પીવાથી સર્વ દોષો તથા વિશેષે કરીને કફ રોગો મટી જાય છે.

દ્વિપંચમુલાદ્યતેલ.

દશમુળી, ગુંદર, જાયફળ, હર્ડે, અને ખાટી કાંજીમાં પકાવેલ તેલની પીચકારી દેવાથી કમર, સાથળ, પડખાં, કફ, તથા વાયુનાં દરદો, તથા ઝલાઈ જવાનો રોગ, નાશ પામીને અગ્નિનું બળ બહુ જ વધે છે.

બૃહત્સૈંધવાદ્યતેલ.

સૈંધવ, હરડે, રાસ્ના, સુવા, અજમા, સાજીખાર, મરી, કઠ, સુંઠ, સંચળ, બિડલુણ, વજ, અજમોદ, જીરૂં, એરંડાનું મૂળ, જેઠીમધ, અને પીપર બે બે તોલા લઈ તેનો કલ્ક કરી તે સાથે ૬૪ તોલા તેલ, ૬૪ તોલા સુવા, ૧૨૮ તોલા કાંજી, ૧૨૮ તોલા દહિંનું મસ્તુ, એ સર્વને પકાવવું. પીવામાં, અભ્યંગમાં, અને પિચકારીમાં આ તેલ વાપરવાથી આમવાત છેક મટી જાય છે; આ તેલ અગ્નિને અત્યંત વધારીને સાથળના મૂળની પીડા, કટિગ્રહ, ગોઠણનું દરદ, સાથળનો વાયુ, સંધિવાત, હૃદય તથા પડખાંનાં શૂળો, કફની વૃદ્ધિ, બાહ્યાયામ, અર્દિત, પેડુનો આફરો, અંત્રવૃદ્ધિ, તથા પ્રાણીઓના બીજા પણ વાયુના રોગો તુરત નાશ પામી જાય છે.

નિરૂહબસ્તિ.

નાનું પ્રસારણી તેલ, સૈંધવાદ્ય તેલ, કે દ્વિપંચ મૂલાદ્ય તેલની પિચકારી આમવાતમાં હિતકારી છે. એ પિચકારીમાં તલ આઠ તોલા, કાંજી ૧૬ તોલા, દશમૂળનો રસ ૨૦ તોલા, અને મૂત્ર ૨૦ તોલા લેવું. પછી તે સર્વને મિશ્ર કરીને વજ, મીંઢળ, બળદાણા, સુવા, કઠ, સૈંધવ, પીપર, મોથ, અતિવિષ, રાસ્ના, કાયફળ, અને એરંડાનાં મૂળ, એ એક એક તોલો લેઈ, તે સર્વને ઉપરના તેલ વગેરે સર્વને એકઠું કરી મેળવી દેવું. પ્રથમ તેની ૩૨ તોલા દ્રવની પિચકારી નિઃશંક બનીને દેવી. બીજી અને ત્રીજી વાર ચોવીસ ચોવીસ તોલાની દેવી. સર્વ જાતના વાત વિકારો, પ્રમેહો, વૃષણના રોગો, કુબ તથા હૃદયની પીડા, પડખાંની પીડા, ગોઠણનો વાયુ, પીંડીનું ઝલાવું, કટિગ્રહ, મળબંધ, પેડુનો આફરો, આફરો, સાકર કે પથરીનો રોગ, અને આંત્રો ભાંગીને ફુટાં પડી ગયાં હોય કે પીચાયાં હોય કે બળાયાં હોય, તે સર્વ ઉપર આ નિરૂહબસ્તિ બહુ ગુણકારી છે, અને થોડો શ્રમ આપનારી છે.

આમવાતની પરહેજી.

આમવાત વાળાએ દહિં, માછલાં, ગોળ, દૂધ, પોથી, અડદનાં વડાં, અને અનુપ દેશનાં પ્રાણીનાં માંસો છોડી દેવાં જોઇએ.

શરદી કરનારા, ભારે, તથા ચીકણા પદાર્થોનો પણ યત્ન પૂર્વક ત્યાગ કરવો જોઇએ.

મધ્યમરાસ્નાદિકવાથ

રાસ્ના, એરંડો, શતાવરી, કાંટાશરિયો, ધમાસો, અરડૂસી, ગળો, દેવદાર, અતિવિષ, હરડે, મોથ, કચૂરો, અને સૂઠનો કવાથ એરંડિયુ તેલ નાંખીને પીવાથી આમ તથા શૂળ સહિત વાયુ, કટિગ્રહ, ઊરૂસ્તંભ, હાંઢાની પીડા, પીઠનું ઝલાવું, કોઠા તથા ઉદરની પીડા કે જે આમથી થાય છે તે, સર્વ નાશ પામી જાય છે.

મહારાસ્નાદિ કવાથ.

રાસ્ના, એરંડાનું મૂળ, અરડૂસી, ધમાસો, કચૂરો, બળદાણા, મોથ, અતિવિષ, હરડે, ગોખરુ, ગરમાળો, વરિયાળી, ધાણા, સાટોડી, આસોંદ, ગળો, પીપર, વરધારો, શતાવરી, વજ, કાંટાશરિયો, ચવક, અને ઊભી તથા બેઠી ભોંરીંગણીઓ, આ સર્વમા રાસ્ના બે ભાગ અને બીજાં બધાં એક એક ભાગ લેઇ, તેનો કવાથ કરી આઠમો ભાગ પાણી રહે એટલે વૈદ્યોએ વ્યાધિને અનુસરીને તેમાં શુંઠીચૂર્ણ, કે આભાદ્યચૂર્ણ, અથવા અલંબુષાદિ ચૂર્ણ, અથવા અજમોદાદિ ચૂર્ણ નાંખવું. આ ક્વાથ પીવાથી સર્વ વાત રોગો, સંધિવાત, મજ્જામાંનો વાયુ, સઘળી જાતના આફરાઓ, સર્વ ગાત્રોનો કંપ, કુબ્જક, વામન, પક્ષાઘાત, અર્દિત, ગોઠણ તથા પીંડીઓની વ્યથા, અસ્થિની પીડા, ગૃધ્રસી, હનુગ્રહ, વાતરક્ત, ઊરૂસ્તંભ, અર્શ, વિશ્વાચી, ગુલ્મ, છાતીના રોગ, કોલેરા, ક્રોષ્ટુશીર્ષ, અંત્રવૃદ્ધિ, શ્લીપદ, યોનિના તથા વીર્યના અને લિંગના રોગો, વંધ્યાપણું, એ સર્વ નાશ પામે છે. સ્ત્રીઓને ગર્ભ આપનારૂ આનાથી ઉત્તમ બીજું એકે ઔષધ નથી. પ્રજાપતિએ બનાવેલો આ મહારાસ્નાદિ કવાથ સર્વ પાચનોમાં ઉત્તમ પાચન છે.

રાસ્ના દશમુલ કવાથ.

રાસ્ના, સૂઠ, વાવડીંગ, એરંડો, ત્રિફળા, દશમૂળ અને નસોતરનો કવાથ પીવાથી વાયુના રોગો, આધાશીશી, ઊરૂસ્તંભ, અર્દિત, ખંજતા, નેત્રરોગો, મસ્તકશૂળ, જ્વર, અપસ્માર, અને જુદા જુદા પ્રકારના મન ફરેલપણાં મટી જઇને શુભ થાય છે.

॥ इति आमवाताधिकार समाप्त ॥

૨૩—પિત્તરોગાધિકાર.

પિત્તવ્યાધિઓનાં દુરનાં નિદાનો.

कट्वम्लोष्णविदाहितीक्ष्णलवणक्रोधोपवासातपस्त्रीसम्भोगतृषाक्षुधाभिहननव्यायाममद्यादिभिः । मध्ये चापि हि भोजनस्य जरता भुक्तेन मध्यक्षणे मध्याह्ने रजनीनिदाघशरदोः पित्तं करोत्यामयान् ॥

मद्यादिभिरित्यादिशब्देन दधिमत्स्य माषतिलातसीकाञ्जिकादीनि सगृह्यन्ते । तीक्ष्णं राजिकादि । मध्ये चापि हि भोजनस्य यावत् कालेन भुङ्क्ते तस्य कालस्य मध्यमभागे । जरता भुक्तेन भुक्तस्य जरणकालमध्ये मध्यन्दिने । रजनी त्रिधा विभक्तस्य दिवसस्य मध्याश तथा रात्रेर्मध्यमेंऽशे ।

તીખાં, ખાટાં, ગરમ, દાહક, તીક્ષ્ણ, અને ખારા ભોજનોથી, ક્રોધ, ઉપવાસ, તડકો, સંભોગ, તૃષા, ક્ષુધા, માર, કસરત, અને મદ્ય વગેરેથી, દહીં, માછલાં, અડદ,

તલ, અળસી તથા કાંજીનું સેવન કરવાથી, જમતાં લાગતા વખતના મધ્ય ભાગમાં, પાચન કાળના મધ્ય ભાગમાં, ત્રણ ભાગે વેહેંચાયલા દિવસના મધ્ય ભાગમા, રાત્રિના મધ્ય ભાગમાં, અને ગ્રીષ્મ તથા શરદ્ ઋતુઓમાં પિત્તરોગ ઉત્પન્ન થાય છે.

પિત્તના રોગો.

अकालपलितं नेत्ररक्तत्वं तस्य पीतिमा ।
तद्वन्मूत्रस्य पीतत्वं मलस्यापि च पीतता ॥
नखानामामरक्तत्वं तेषामपि च पीतता ।
दन्तानाञ्चापि पीतत्वं पीतत्वं वपुषस्तथा ॥
तमसो दर्शनञ्चापि तथा च वदनाम्लता ।
उच्छ्वासस्योष्णता चापि धूमोद्गारस्तथैव च॥
भ्रमः क्लमस्तथा क्रोधो दाहो भेदसमन्वितः।
तेजोद्वेषश्च शीतेच्छा ह्यतृप्तिररतिस्तथा ॥
भक्षितस्य विदाहश्च जठरानलतीक्ष्णता ।
रक्तमण्डलिर्विड्भेदः पुरीषस्योष्णता तथा ॥
मूत्रोष्णता मूत्रे कृच्छ्रं शुक्राल्पत्वं तनूष्णता।
स्वेदस्य चापि दौर्गन्ध्यं देहमावरणं तथा ॥
शरीरस्यावसादश्च पाकश्च वपुषस्तथा ।
चत्वारिंशदमी पित्तव्याधयो मुनिभिर्मताः॥

एषा चिकित्सा तु स्वप्रकरणे बोद्धव्या । इति पित्तव्याध्यधिकारः ॥

અકાળે કેશનું ધોળાપણું, નેત્રની રતાશ તથા પીળાશ થવી, મૂત્ર તથા મળનું પીળાપણું, નખોમાં કાચી રતાશ તથા પીળાશ, દાંતો તથા શરીરની પીળાશ, આંખે અંધારાં, મુખમાં ખટાશ, ઉચ્છ્વાસ ગરમ, ઓડકાર ધુમાડા જેવા, ભ્રમ, ગ્લાનિ, ક્રોધ, દાહ, ભેદ, તેજનો દ્વેષ, શીતળતાની ઇચ્છા, અતૃપ્તિ, અણગમો, જમ્યા પછી વિદાહ, જઠરાગ્નિની તીક્ષ્ણતા, રક્તક્ષય, વિષ્ટા ભેદ, મળ તથા મૂત્રની ઉષ્ણતા, મૂત્રકૃચ્છ્ર, વીર્યનું અલ્પત્વ, શરીર ગરમ, પરસેવાનું ગંધાવું, શરીરનું ફાટવું, શરીરમાં પીડા તથા પાક થવો, આ ચાળીસ રોગો મુનિઓએ પિત્તના કહેલા છે.[1] (એની ચિકિત્સા તે તે પ્રકરણોમાં કહેલી છે).

શ્લેષ્મ (કફ) ના રોગનો અધિકાર.

શ્લેષ્મ વ્યાધિઓનાં નિદાનો.

गुरुमधुररसादिस्निग्धमन्दोदराग्नि । द्रवदधिदिननिद्राशीतनिश्चेष्टिताद्यैः ॥ प्रथमदिवसभागे भुक्तमात्रे वसन्ते । भवति हि कफरोगो रात्रिभागेऽपि चाद्ये ॥

मधुररसादि इत्यादिशब्देनाम्ललवणौ गृह्येते । निश्चेष्टितानि कायिकव्यापाराकरणम् प्रथमदिवसभागे त्रिधाविभक्तस्य दिवसस्याद्यभागे भुक्तमात्रे भुक्तस्य पाककालस्य त्रिधाविभक्तस्य प्रथमकाले कफरोगो भवति ॥

ભારે પદાર્થો, મધુર રસ વગેરે, તથા સ્નિગ્ધ ભોજનોથી, મંદાગ્નિથી, દ્રવ તથા દહિંથી, દિવસે શયન કરવાથી, શીતતા સેવવાથી, અને કામકાજથી શરીરનું હલન ચલન નહી કરવાથી, દિવસના પ્રથમ ભા-

---

[1] ગણતા ૩૫ થાય છે તેથી શ્લોકો પડયા હશે એમ લાગે છે શારંગધરમા નિદ્રાની અલ્પતા, શરીરમા પીળા ચકરડા, મુખ તથા ગુદામાથી પિત્તનુ પડવુ, મુખની કડવાશ, અને આખળાપણુ, એ પાંચ વધુ છે, તે ગણતાં ૪૦ થઇ રહે છે.

અમાં, પાચનના આરંભ કાળમાં, રાત્રિના પ્રથમ ભાગમાં, અને વસંત ઋતુમાં કફરોગ થાય છે.

કફના રોગો.

प्रथमं मुखमाधुर्यं तथैव मुखलिप्तता । मुखप्रसेकश्च तथा निद्राधिक्यं तथैव च ॥ कण्ठे घुर्घुरता चापि कटुकांक्षोष्णकामिता । बुद्धिमान्द्यमचैतन्यमालस्यं तृप्तिरेव च ॥ अग्निमान्द्यं मलाधिक्यं मलशैत्यं तथैव च । मूत्राधिक्यं मूत्रशौक्ल्यं शुक्राधिक्यं तथैव च ॥ स्तैमित्य गौरवं शैत्यमेत एव हि विंशतिः । योगतो रूढितः प्रोक्ता मुनिभिः श्लैष्मिका गदाः ॥

एषा चिकित्सा तु स्वप्रकरणे बोद्धव्या । इति श्लेष्मव्याध्यधिकारः ॥

મુખમાં મધુરતા, મુખમાં ચીકાશ, મુખમાં થૂક, અધિક નિદ્રા, કંઠમાં ઘુર્ઘુરતા, તીખાશ ઉપર પ્રીતિ, ઉષ્ણના ઉપર પ્રીતિ, બુદ્ધિની મંદતા, અચેતન, આળસ, તૃપ્તિ, અગ્નિની મંદતા, મળની અધિકતા, મળ ટાઢો, મૂત્ર અધિક તથા ધોળું, વીર્યની અધિકતા, શરીરમાં ભીનાશ તથા ભારેપણું અને શીતળતા, એટલા વીશ રોગો મુનિઓએ યોગરુઢીથી કફના કહેલા છે.

(આની ચિકિત્સા તે તે પ્રકરણોમાં કહેલીછે).

વાતરક્ત (રક્તપિત્ત)નો અધિકાર.

વાતરક્તનાં દુરનાં નિદાનો.

लवणाम्लकटुक्षारस्निग्धोष्णाजीर्णभोजनैः । क्लिन्नशुष्काम्बुजानूपमांसपिण्याकमूलकैः ॥ कुलत्थमाषनिष्पावशाकादिपललेक्षुभिः ॥ दध्यारनालसौवीरशुक्ततक्रसुरासवैः । विरुद्धाध्यशनक्रोधदिवास्वप्नातिजागरैः । प्रायशः सुकुमाराणां मिथ्याहारविहारिणाम् ॥ स्थूलानां सुखिनां चापि प्रकुप्येद्वातशोणितम् । हस्त्यश्वोष्ट्रैर्गच्छतश्चाश्नतश्चाविदाह्यन्नं सविदाहाशनस्य ।

क्षारा यवक्षारादयः । अजीर्णभोजनैः । अतिमात्रभोजनैरित्यर्थः । क्लिन्नादीनि मासविशेषणानि । शुष्कमातपे शोषितम् अम्बुजं मत्स्यादिमांसम् । आनूपं गौडादि पूर्वदेशजम् । पिण्याक तिलखलिः मूलकं प्रसिद्धमेव । निष्पावः वोडा । शाकं पत्रशाकम् । आदिशब्देन वृन्ताकादीनि । फलशाकादीनि गृह्यन्ते । पलम् मांसं । दोषरहितमपि मांसं वातशोणितं प्रकोपयेत् । क्लिन्नादि तु मांसं विशेषतो वातशोणितं प्रकोपयेत् । आरनालसौवीरशुक्तानि सन्धानभेदा । तक्रम् चतुर्थांशजलयुक्तम् । वस्त्रपूतं दधि ॥ सुरा सन्धानभेद । विरुद्धं क्षीरमत्स्यादि । अध्यशनम् । 'अजीर्णे भुज्यते यत्तु तदध्यशनमुच्यते ।' अतिजागरो निशि । प्रायशः बाहुल्येन । सुकुमाराणाम् । अल्पतरकायव्यापाराणाम् । अथ च मिथ्याहारविहारिणाम् स्थूलानां सुखिनां च रक्तदृष्ट्या । हस्त्यश्वोष्ट्रैर्गच्छतो यतो वायुर्वर्धते रुधिरं च प्रदुष्टं गच्छति । हस्त्यादय उपलक्षणानि । पद्भ्यामपि चलतः अश्नतश्च विदाह्यन्नम् । विदाहि निष्पावकुलत्थसर्षपशाकादि । सविदाहाशनस्य सविदाहि अशनं यस्य । भक्ते विदग्धे तदुपरि भुञ्जानस्येत्यर्थः ॥ अध्यशनमुक्त्वाप्येतद्वचनं विदग्धाजीर्णभोजनस्य विशेषतो हेतुत्वार्थम् । एतेषां कारणानां

मध्ये केनचिद्वायुः केनचिद्रक्तं केनचिदुभयमपि प्रकुप्येत् ॥

ખારાં, ખાટાં, તીખાં, કડવાં, જવખાર વગેરે ખારવાળાં, સ્નિગ્ધ, ઉષ્ણ, અને અજીર્ણમાં જમનારને; સડેલાં, શુષ્ક, અનૂપદેશનાં પ્રાણીનાં માંસો, ખોળ, મૂળા, કળથી, અડદ, વાલ, પાંદડાંનાં તથા ફળશાકો, શેરડી, દહિં, આરનાલ, સૌવીર, શુક્ત, તક્ર, સુરા, આસવો, અને વિરૂદ્ધ ભોજનોથી, ક્રોધ, દિવસનું શયન, અને બહુ જાગરણથી, વિશેષે કરીને સુકુમાર લોકોને, મિથ્યા આહાર વિહાર કરનારાને, જાડા શરીરવાળાને, અને સુખી લોકોને, વાયુ તથા રક્ત પ્રકોપ પામે છે. હાથી, અશ્વ અને ઉંટ ઉપર બેસનારને; તથા બહુ ચાલનારને; અને વિદાહી અન્નો ખાનારને; પણ તે થાય છે. આમાંનાં કેટલાંક કારણોથી વાયુ કોપે છે કેટલાંકથી રક્ત કોપે છે. અને કેટલાંકથી બન્ને કોપે છે.

વાતરક્તની સંપ્રાપ્તિ.

कृत्स्नं रक्तं विदहत्याशु तच्च दुष्टं स्रस्तं पादयोश्चीयते तु । तत्सम्पृक्तं वायुना दूषितेन तत् प्राबल्यादुच्यते वातरक्तम् ॥

पूर्वोक्तैर्हेतुभि. कृत्स्नं समस्तम् । अधोगतम् । पादयो. चीयते सञ्चितं भवति, तत् रुधिरं दूषितेन स्वहेतुभिर्वायुना सम्पृक्तं मिलितम् वातरक्तम् उच्यते । ननु चैतस्य सम्प्राप्तिरुक्ता सुश्रुतेन ।

शीघ्रं रक्तं दुष्टिमायाति तच्च वायोर्मार्गं संरुणद्ध्याशु यातः । क्रुद्धोऽत्यर्थं मार्गरोधात् स वायुरत्युद्रिक्तं दूषयेद्रक्तमाशु ॥

अत्र प्रथम रक्तस्य दुष्टिरतो रक्तवातमिति व्यपदेष्टुमुचितं भवति । तत्राह । तत् प्राबल्यादिति । तस्य वातस्य दोषत्वेन प्राधान्याद्वातरक्तमिति व्यपदिश्यते ।

લોહી બગડી જઈને નીચે જઈ બંને પગોમાં એકઠું થાય છે. એ લોહી બગડેલા વાયુ સાથે મળે છે, તેમાં વાયુની પ્રબળતા હોવાથી તે રોગ વાતરક્ત કહેવાય છે. સુશ્રુત કહે છે કે—" તુરત બગડી જઈને રક્ત શીઘ્ર ગતિવાળા વાયુના માર્ગને રોકી દે છે. માર્ગ રોકાવાથી કોપ પામેલ વાયુ રક્તને વધારે બગાડે છે. " આમ હોવાથી કોઈને શંકા થશે કે " ત્યારે આ રોગનું નામ ' રક્ત વાત ' કેમ ન કહેવું ? તેનું સમાધાન કે—દોષત્વને લીધે આ રોગમાં વાયુ પ્રધાનપણે હોય છે, માટે તેને વાતરક્ત કહેછે.

વાતરક્તનું પુર્વરૂપ.

स्वेदोऽत्यर्थं न वा कार्ष्ण्यं स्पर्शाज्ञत्वं क्षतेऽतिरुक् । संन्धि शैथिल्यमालस्यं सदनं पिडकोद्गमः ॥ जानुजङ्घोरुकट्यंसहस्तपादाङ्गसन्धिषु । निस्तोदः स्फुरणं भेदो गुरुत्वं सुप्तिरेव च ॥ कण्डूः संधिषु रुग्दाहो भूत्वा नश्यति चासकृत् । वैवर्ण्यं मण्डलोत्पत्तिर्वातासृक् पूर्वलक्षणम् ॥

घर्मागमनमत्यर्थं भवति न वा सर्वथा भवति एतच्च व्याधिमहिम्ना बोधव्यम् । क्षतेऽतिरुक् यदि क्षतं स्यात् तदा तत्रातिरुक् । सदनं सुप्ति अङ्गानां पीडिका प्रादुर्भाव: जान्वादिषु निस्तोद पीडाविशेष. । वैवर्ण्यं त्वक् कान्तिक्षय. ॥

પરસેવો બહુ થાય છે કે બિલકુલ થતો નથી, દુર્બળતા, સ્પર્શનું અજ્ઞાન, જખમમાં બહુ પીડા, સાંધા ઢીલા થાય છે, આળસ અને અંગોમાં જડતા થાય છે, અને ફોલ્લીઓ થાય છે. ગોઠણ, પીંડી, સાથળ,

કમર, ખભા, હાથ, પગ, તથા અંગોના સાંધાઓમા લોંકાયા જેવી પીડા થાય છે. અંગો ફરકે છે, મેહ વધે છે, ભારેપણું થાય છે. ગ્લાનિ, મળ, અને સાધાઓમાં વ્યથા થાય છે. વારવાર બળતરા થઈને મટે છે, તથા ચામડીની કાંતિ નાશ પામે છે, અને અંગોમાં ચકરડાં ઉત્પન્ન થાય છે આટલાં વાતરક્તનાં પૂર્વ રૂપો છે, અત્યત પરસેવો થવો અથવા બીલકુલ ન થવો એ રોગોનો મહિમા છે.

વાયુ અધિક એવા વાત રક્તનાં લક્ષણો.

वातेऽधिके तत्र शूलं स्फुरणं तोदनं तथा। शोथस्य रौक्ष्यं कृष्णत्वं श्यावता वृद्धिहानयः॥ धमन्यङ्गुलिसन्धीनां सङ्कोचोऽङ्गग्रहोऽतिरुक्। शीतद्वेषानुपशयौ स्तम्भवेपथुसुप्तयः॥

तत्र पादयो शूलादिकम्। यत आह सुश्रुत. स्पर्शोद्विग्नौ तोदभेदप्रशोफस्वापोपेतौ वातरक्तेन पादाविति। तथा शोथस्य रौक्ष्यादिक वृद्धिहानयश्च विज्ञेया। सुप्ति· स्पर्शाज्ञता॥

વાતરક્તમાં વાયુ અધિક હોય તો શૂળ, કંપ, પીડા, રૂક્ષતાવાળો સોજો, તથા કાળો કે થોડો કાળો સોજો થાયછે તથા તેમાં કાળાશની વધઘટ થયા કરેછે. આંગળીઓના સાધાઓની ધમનીઓ સંકોચાઈ જાયછે, અને અંગ ઝલાઈ જઇને બહુપીડા થાય છે. શીતતાનો દ્વેષ થાય છે તથા શીતપદાર્થો સહતા નથી, સ્તભ અને કંપ થાયછે, અને સ્પર્શની ખબર પડતી નથી. (આમાં શૂળ તથા કંપ થવાનું કહ્યુ તે પગમાંજ થાય છે એમ સમજવું કેમકે સુશ્રુત કહેછે કે-"વાતરક્તથી બન્ને પગમા સ્પર્શને લીધે ઉદ્વિગ્નપણુ, વ્યથા, ભેદન, સોજા તથા જડતા થાય છે.)

રક્તાધિક વાતરક્તનાં લક્ષણો.

रक्ते शोथोऽतिरुक् तोदस्ताम्रश्चिमिचिमायते। स्निग्धरूक्षैः शमं नैति कण्डूक्लेदसमन्वित.॥

रक्तेऽधिके इत्यनुवर्तनीयम् एव वक्ष्यमाणपित्तादिष्वपि। एतच्चारम्भकरक्ताद्रक्तान्तर बोद्धव्यम्। रक्तमपि रक्तान्तरदूषक भवति। अतिरुक् तोदः यत्र सः शोथ चिमचिमायते। चिमचिमेति कण्डूभेदः स्पर्शप्रियतेति यावत्। चुहचुहा इति लोके तद्युक्त। क्लेदसमन्वित क्लेद आर्द्रता तद्युक्तः॥

વાતરક્તમાં રૂધિર અધિક હોય તો બહુ પીડાકારક સોજો થાય છે, દુઃખ થાય છે. અને સોજો રાતો તથા ચમચમાટ કરતો થાય છે. એ સોજો સ્નિગ્ધ કે રૂક્ષ પદાર્થોથી શાંત થતો નથી, પણ તે ચળ અને ભીનાશ યુક્ત હોયછે.

પિત્તાધિક વાતરક્તનાં લક્ષણો.

पित्ते विदाहः संमोहः स्वेदो मूर्च्छा मदस्तृषा। स्पर्शासहत्वं रुग्दाहः शोथः पाको भृशोष्णता॥

पित्ते अधिके विदाह. विशेषेण दाहः। विदाहादयश्च पादयोरेव बोद्धव्या यत आह सुश्रुत॥

पित्तासृग्भ्यामुग्रदाहौ भवेतामत्यर्थोष्णौ रक्तशोथौ मृदू च।

पादाविति शेषः। समोह आतुरस्य। स्वेदः पादयोः मूर्च्छा पादयो समुच्छ्राय। शोथ इति यावत्। न तु मूर्च्छा मोह। संमोहस्योक्तत्वात्॥

વાતરક્તમા પિત્ત અધિક હોય તો દાહ, મોહ, સ્વેદ, મૂર્છા, મદ, તૃષા, સ્પર્શની અસહનતા, ચામડીમાં દાહ, સોજો, પાક, અને બહુજ ગરમી જણાયછે. પિત્ત અને રક્ત બે હોય તો પગની ચામડીમાં દાહ, અત્યંત ગરમી, રાતો સોજો અને કુણાશ થઇ જાયછે, આમ સુશ્રુત કહેછે.

કફાધિક, દ્વંદ્વજ, કે ત્રિદોષજ વાત રક્તનાં લક્ષણો.

कफे स्तैमित्यगुरुतासुप्तिस्निग्धत्वशीतता ।
कण्डूर्मन्दा च रुग्द्वन्द्वे सर्वलिङ्गं च सङ्करे ॥

कफे आधिके स्तैमित्यम् शरीरस्यार्द्रचर्मावगुण्ठितत्वमिव । गुरुतादय पादयोरेव । यत आह सुश्रुत. । 'कण्डूमन्तौ श्वेतशीतौ सशोथौ पीनौ स्तब्धौ श्लेष्मदुष्टे तु रक्ते ।' पादाविति शेष । अधिकाद्विदोषम अधिकात्रिदोषं च तदाह । द्वन्द्वे सर्वलिङ्गं च सङ्करे त्रिदोषससर्गे ॥

કફ અધિક હોય તો શરીર આલું, ભારે, જડ, સ્નિગ્ધ, શીત, થોડી થોડી ચળ, તથા પીડાવાળુ થાય છે. એ બે દોષો હોય તો બે દોષોનાં, અને ત્રણે દોષ હોય તો ત્રણે દોષોનાં ભેળાં લક્ષણો દેખાયછે. (આમા ભારે તથા જડપણુ થવાનુ કહ્યુ તે પગમાં થાયછે એમ સમજવું. કેમકે સુશ્રુત કહેછે કે—કફથી રૂધિર દૂષિત થયુ હોય તો પગ ધોળા, ટાઢા, સોજાવાળા, જાડા, સ્તબ્ધ તથા ચળવાળા થાયછે.

વાતરક્તનું પગ શિવાયનું બીજું સ્થાન.

पादयोर्मूलमास्थाय कदाचिद्धस्तयोरपि ।
आखोर्विषमिव क्रुद्धं तद्देहमनुसर्पति ॥

आखोर्मूषकस्य । आखोर्विषमिवेत्यनेन मन्दविसर्पत्वं बोधितम् । देहमनुसर्पति अप्रतिक्रियमाणम् ॥

પગના મૂળમાં અને કોઈવાર હાથોના મૂળમા આવીને ઉંદરના ઝેરની પેઠે તે કોપેલું વાતરક્ત આખાદેહમાં ફરીવળેછે.

વાત રક્તના ઉપદ્રવો.

अस्वप्नारोचकश्वासमांसकोथ शिरोग्रहः ।
मूर्च्छा चामदरुक्तृष्णाज्वरमोहप्रवेपकाः ॥
हिक्कापाङ्गुल्यवीसर्पपाकतोदभ्रमक्लमाः ।
अङ्गुलीवक्रतास्फोटदाहमर्मग्रहार्बुदाः ॥

मांसकोथो मांसगलनम् । मूर्च्छातदङ्गसमुच्छ्राय: । अमन्दरुक् पीडाबाहुल्य प्रवेपक कम्पः । प्रवेपन प्रवेप तत स्वार्थे क ॥

અનિદ્રા, અરૂચિ, શ્વાસ, માંસનું સડીને ખરી પડવું, શિરોગ્રહ, મૂર્છા, નેત્રની ઝાંખ, તૃષા, જ્વર, મોહ, કંપ, હેડકી, પાંગળાપણું, વિસર્પ, પાક, પીડા, ભ્રમ, ગ્લાનિ, આંગળીઓ વાંકી થઇ જવી, ફોલ્લાઓ, દાહ, મર્મભેદ, અને ઝલાઇ જવું તથા અર્બુદ, એ ઉપદ્રવો વાતરક્તથી થાયછે.

વાતરક્તની સાધ્યાસાધ્યતા.

एतैरुपद्रवैर्वर्ज्यं मोहेनैकेन चापि तत् ।
अकृत्स्नोपद्रवं याप्यं साध्यं स्यान्निरुपद्रवम् ॥

मोहेनैकेनेति वचनमस्वप्नादिभिः समस्तैरसाध्यत्वं बोधयति ॥

एकदोषानुगं साध्यं नवं याप्यं द्विदोषजम् ।
त्रिदोषजमसाध्यं स्याद्यस्य च स्युरुपद्रवाः ॥

नवं संवत्सरादर्वाचीन तत्साध्यम् ॥

आजानुस्फुटितं यच्च प्रभिन्नं प्रस्रुतं च यत् । उपद्रवैश्च यज्जुष्टं प्राणमांसक्षयादिभिः । वातरक्तमसाध्यं स्याद्याप्यं संवत्सरोत्थितम् ॥

आजानुपद्धया जानुपर्यन्तं यद्भवति तदसाध्यं स्यात् । स्फुटितं यच्च त्वङ्मात्रे शीतेनैव किञ्चिद्विदीर्णम् । प्रभिन्नम् अधिकविदीर्णम् । प्रस्रुतम् स्रवत् ॥

વાતરક્તમાં ઉપર કહ્યા પ્રમાણે ઉપદ્રવ હોય, તો પણ તે વાતરક્ત અસાધ્ય છે; થોડા ઉપદ્રવો હોયતો તે કષ્ટસાધ્ય છે; અને ઉપદ્રવો હોય, અગર તેમાંનો એક થોડજવો બિલકુલ ન હોયતો તે સાધ્ય છે. એક દોષથી થયેલું અને તુરતનું થયેલું વાતરક્ત સાધ્ય છે, બેદોષથી થયેલું કષ્ટ સાધ્ય છે, અને ત્રણે દોષોથી થયેલું અને ઉપદ્રવો વાળું અસાધ્ય છે, ગોઠણ સુધી પ્હોંચેલું, ચામડીથી ફાટેલું અને લોહી વેહેતું હોય એવું વાતરક્ત બળ અને માંસનો ક્ષય કરીને ઉપદ્રવો સહિત થયુ હોયતો તે અસાધ્ય છે, પણ તેને જો એક વર્ષ થઈ ગયુ ન હોયતો કષ્ટસાધ્ય છે.

વાતરક્તની ચિકિત્સા.

वातशोणितिनो रक्तं स्निग्धस्य बहुशो हरेत् । अल्पाल्पं रक्षयेद्वायुं यथादोषं यथाबलम् ॥

रक्षयेद् वायुं यथा वायुर्न वर्धते तथा रक्तं हरेदित्यर्थः ॥

उग्राङ्गदाहतोदेषु जलौकोभिर्विनिर्हरेत् । शृङ्गेणैवं चिमिचिमा कण्डू रुक्वेपनान्वितम् ॥ प्रच्छानेन शिराभिर्वा देशाद्देशान्तरं व्रजत् ॥

निर्हरेन्निष्कासयेत् चिमिचिमा चुहचुराव इति लोके । प्रच्छानं पच्छना इति लोके व्रजदिति रक्तविशेषणम् ॥

अङ्गे म्लाने तु न स्राव्यं रक्षेद्वातोत्तरं च यत् । गम्भीरं श्वयथुं स्तम्भं कम्पवायुशिरामयान् ॥ ग्लानिमन्यांश्च वातोत्थान् कुर्याद्वायुरसृक्क्षयात् । खञ्जादीन् वातरोगांश्च मृत्युं चानवसेचितम् ॥ कुर्याच्च स्मात् प्रमाणेन स्निग्धाद्र्रं च विनिर्हरेत् । विरेच्यः स्नेहयित्वादौ स्नेहयुक्तैर्विरेचनैः ॥ रूक्षैर्वा मृदुभिः शस्तमसकृद्वस्तिकर्म च । नहि वस्तिसमं किञ्चिद्वातरक्तचिकित्सितम् ॥ बाह्यमालेपनाभ्यङ्गपरिषेकोपनाहनैः । विरेकास्थापनस्नेहपानैर्गम्भीरमाचरेत् ॥ दिवा स्वप्नं ससन्तापं व्यायामं मैथुनं तथा । कटूष्णगुर्वभिष्यन्दि लवणाम्लौ च वर्जयेत् ॥ पुराणा यवगोधूमा नीवाराः शालिषष्टिकाः । भोजनार्थे रसार्थे तु विष्किराः प्रतुदा हिताः ॥ आढक्यश्चणका मुद्गा मसूराः सकुलत्थकाः । यूषार्थे बहुसर्पिष्काः प्रशस्ता वातशोणिते ॥ सुनिषण्णकवेत्राग्रं काकमाची शतावरी । वास्तुकोपोदिकाशाकं शाकं सौवर्चलं तथा ॥ घृतमांसरसैर्भृष्टं शाकसात्म्याय दापयेत् ॥

सुनिषण्णः चाङ्गेरीसदृश चतुःपत्रशाकं सजलेस्थले भवति । सुसून इति लोके धमली चिल्ली इति कश्चित् ॥

सर्पिस्तैलवसामज्जापानाभ्यञ्जनवस्तिभिः ॥ सुखोष्णैरुपनाहैश्च वातोत्तरमुपाचरेत् । हितो गोधूमचूर्णैश्च छागक्षीरघृताप्लुतैः ॥ लेपस्तद्वच्चिका भृष्टाः पिष्टाः पयसि

निहताः । क्षीरपिष्टातसीलेपो वर्धमानफ-
लेन वा ॥ उभे शताह्वे मधुकं बलां च पि
यालकं चापि कसेरुकं च । घृतं विदारीं च
सितोपलां च कुर्यात्प्रदेहं पवने सरक्ते ॥
रास्ना गुडूची मधुकं बले द्वे सजीवकं सर्ष
भकं पयश्च । घृतं च सिद्धं मधुशेषयुक्तं
रक्तानिलार्तिं प्रणुदेत् प्रदेहः ॥ वासागुडू-
चीचतुरङ्गुलानामेरण्डतैलेन पिबेत्कषायम् ।
क्रमेण सर्वाङ्गजमप्यशेषं जयेदसृग्वातभवं
विकारम् ॥ दशमूली शृतं क्षीरं सद्यः शूल-
निवारणम् । परिषेकोऽनिलप्राये तद्वत्को-
ष्णेन सर्पिषा ॥ पटोलकटुकाभीरुत्रिफला-
मृतसाधितम् । क्वाथं पीत्वा जयेज्जन्तुः
सदाहं वातशोणितम् ॥ त्रिवृद्विदारीक्षुरक-
क्वाथो वातास्रनाशनः । अमृताकफवातघ्नी
कफमेदोविशोषिणी ॥ वातरक्तप्रशमनी क-
ण्डूवीसर्पनाशिनी । गुडूच्याः स्वरसं कल्कं
चूर्णं वा क्वाथमेव च ॥ प्रभूतकालमासे-
व्यमुच्यते वातशोणितात् ॥ अमृतानागर-
धान्यककर्षत्रितयेन पाचनं सिद्धम् । ज-
यति सरक्तं वातं सामं कुष्ठान्यशेषाणि ॥
वत्सादन्युद्भवः क्वाथः पीतो गुग्गुलुमिश्रि-
तः । समीरणं समायुक्तं शोणितं सम्प्रणाश-
येत् ॥ तिस्रोऽथवा पञ्चगुडेन पथ्या जग्-
ध्वा पिबेच्छिन्नरुहाकषायम् । तद्वातरक्तं श-
मयत्युदीर्णमाजानुभिन्नस्फुतमप्यवश्यम् ॥
गुग्गुल्वमृतवल्लीभिर्द्राक्षा क्षुद्ररसेन वा ॥
त्रिफलाया रसैर्युक्ता गुटिकाः कोलसंमि-
ताः । भक्षयेन्मधुनालोड्य शृणु कुर्वन्ति यत्
फलम् ॥ पादस्फोटं महाघोरं स्फुटत्सर्वा-
ङ्गसंचयम् । तत् सर्वं नाशयत्याशु वातं
चैव सशोणितम् ॥

इति गुग्गुलुगुटिका ॥

माहिषं नवनीतं तु वह्निना परिमिश्रितम् ।
गोमूत्रमिश्रितं कृत्वा क्षीरेण लवणेन च ॥
सदैकत्र समालोड्य वह्निना भावयेच्छनैः ॥
गात्रमुद्वर्तयेत्तेन देहस्फुटनशान्तये ॥ घृतेन
वातं सगुडा विबन्धं पित्तं सिताढ्या मधुना
कफं च । वातासृगुग्रं रुबुतैलमिश्रा शुण्ठ्या-
मवातं शमयेद्गुडूची ॥ सिंहास्यपञ्च-
मूली छिन्नरुहैरण्डगोक्षुरक्वाथः । एरण्डतैल-
रामठसैन्धवचूर्णान्वितः पीतः । प्रशमयति
वातरक्तं तथामवातं कटीशूलम् । मूत्रपु-
रीषविबन्धं अध्मविकारं सुदुर्वारम् ॥ गन्ध-
र्वहस्तवृषगोक्षुरकामृतानां मूलं बलेक्षुर-
कयोश्च पचेत्तु धीमान् । वातासृगाशु
विनिहन्ति चिरप्ररूढं आजानुगं स्फुटित-
मूर्ध्वगतं तु तीव्रम् ॥ कफपित्तप्रशमनं क-
ण्डूवीसर्पनाशनम् । वातरक्तप्रशमनं हृद्यं
गुडघृतं स्मृतम् ॥ पिप्पली वर्धमानं वा से-
व्यं पथ्या गुडेन वा । कोकिलाक्षामृताक्वाथे
पिबेत् कृष्णां यथाबलम् ॥ पथ्यभोजी त्रि-
सप्ताहान्मुच्यते वातशोणितात् ॥ मधुकाद्वि-
गुणं तैलं तैलादाजं पयो भवेत् ॥ तद्यथा-
शिवकं पेयं वातरक्तरुजापहम् । अगस्ति-
पुष्पचूर्णेन माहिषे जनयेद्दधि ॥ तदुत्थन-
वनीतेन देहजं स्फुटनं जयेत् । त्रिफलानि-
म्बपञ्जिष्ठा वचा कटुकरोहिणी ॥ वत्सादनी
दारुनिशाकषायो नवकार्षिकः । वातरक्तं

तथा कुष्ठं पामानं रक्तमण्डलम् ॥ कण्डू कपालिका कुष्ठं पाना देवापकर्षति । पञ्चरक्तिकमाषेण कषायो नवकार्षिकः ॥ किंचैवं साधिते क्वाथे योग्या मात्रा प्रदीयते । कर्षादौ तु पलं यावत् दद्यात् षोडशिकं जलम् ॥ ततस्तु कुडवं यावत्तोयमष्टगुणं भवेत् चतुर्गुणमतश्चोर्ध्वं यावत् प्रस्थादिकं भवेत् ॥ विरेचनैर्घृतक्षीरपानैः सेकैः सबस्तिभिः । लेपनं शाल्मलीकल्कमविक्षीरेण संयुतम् ॥ रक्तोत्तरे क्षीरघृतमधुकोशीरवारिभिः। सेचनं चात्र कर्तव्यमविक्षीरैः क्षणं क्षणम् ॥ सहस्रशतधौतेन घृतेन रुधिरोत्तरे । लेपनं सुप्रशीतेन घृतसर्जरसेन वा ॥ शीतैर्निर्वापणैश्चापि रक्तपित्तोत्तरं जयेत् । सरागे सरुजे दाहे रक्तं विश्राव्य लेपयेत् । तिलाः पियालं मधुकं बिसमूलश्च वेतसम् ॥ सघृतं पयसा पिष्टं प्रलेपो दाहरोगनुत् । पित्तोत्तरे तु काश्मर्यद्राक्षारग्वधचन्दनैः ॥ मधुकक्षीरकाकोलीयुक्तैः क्वाथ सुशीतलम् । शर्करामधुसंयुक्तं वातरक्तेपिबेन्नरः ॥ धारोष्णं मूत्रसंयुक्तं क्षीरं दोषानुलोमनम् । पिबेद्वैसत्रिवृच्चूर्णं पित्तरक्तावृतानिले ॥ क्षीरेणैरण्डतैलं वा प्रयोगेण पिबेन्नरः । बहुदोषो विरेकार्थं जीर्णे क्षीरोदनाशनः ॥ पटोलं त्रिफला भीरुर्गुडूची कटुरोहिणी । क्वाथः पित्ताधिके शस्तःशर्करामधुसंयुतः ॥ तिक्तस्य सर्पिषः पानं बहुशश्च विरेचनम् । वमनं मृदुनात्यर्थं स्नेहपानं विलङ्घनम् ॥ कोष्णाः सेकाश्च शस्यन्ते वातरक्ते कफोत्तरे । तैलमूत्रसुराशुक्तैः परिषेकाः सदा हिताः । गौरसर्षपकल्केन प्रदेहो वा रुजापहः ॥ शिग्रुः सवरुणः कल्का धान्याम्लेनानिलार्तिजिल्लेपात् । भवति न वेति विकल्पो न विषयः सिद्धयोगेऽस्मिन् ॥ कल्कः श्लेष्मोत्तरे लेपो वाजिगन्धातिलोद्भवः । लेपः सर्षपनिम्बार्कहिंसाक्षारतिलैर्हितः । श्रेष्ठःसक्तुघृतक्षारकपित्थत्वग्भिरेव च । मधूरशिग्रोस्तद्बीजं हितं धान्याम्लसंयुतम् । मुहूर्तालिप्तमम्लैश्च सिञ्चेद्वातकफोत्तरे ॥ मुस्तामलकनिशाभिः क्वथितं तोयं समाक्षिकं पेयम् । जयति सदागतिरक्तं सकफं वा सततयोगेन ॥ हरिद्रामृतकक्वाथं मधुना मधुरीकृतम् । पिबेद्वा त्रिफलाक्वाथं वातरक्ते कफाधिके ॥ हरीतकीं वा तक्रेण पाययेदुदकेन वा । गृहधूमो वचाकुष्ठं शताह्वा रजनीद्वयम् प्रलेपः शूलनुद्वातरक्ते वातकफोत्तरे । अमृता कटुका यष्टी शुण्ठीकल्कं वासमाक्षिकम् ॥ गोमूत्रपितं जयति सकफं वातशोणितम् । धात्रीहरिद्रामुस्तानां कषायं समाक्षिकम् ॥ लाङ्गल्यास्त्वमृतातुल्यं कन्दमुद्धृत्य यत्नतः । योजयेत् त्रिफलालोहरजस्त्रिकटुकैः समैः ॥ गुग्गुल्वमृतवल्लीभिर्द्राक्षागुड्ररसेन वा । त्रिफलाया रसैर्युक्ता गुटिकाः कोलसंमिताः ॥ भक्षयेन्मधुनालोड्य शृणु कुर्वन्ति यत् फलम् । पादस्फुटितं दुर्भेद्यं जानुमात्रं च यद्भवेत् ॥ यच्च देहोद्गतं रक्तं यत्नासाध्यं प्रकीर्तितम् । घ्नन्त्येता भक्षमाणस्य प्रबलं वातशोणितम् ॥

लाङ्गलीगुटिका ॥

बलामतिबलां मेदामात्मगुप्तां शतावरीम् ॥ काकोलीं क्षीरकाकोलीं रास्नां मृद्वीं च पेषयेत् । घृतं चतुर्गुणे क्षीरे तैः सिद्धं वातरक्तनुत् । हृत्पाण्डुरोगवीसर्पकामलादाहनाशनम् ॥

इति बलाघृतम् ॥

बला स्थिरा नागबला गुडूची शतावरी कल्ककषायसिद्धम् । तैलं विदध्यादनुवासनेषु तद्वातरक्तं शमयत्युदीर्णम् ॥

अपरपिण्डतैलम् ।

त्रायन्तिका चामलकी द्विकाकोली शतावरी । कसेरूकाकषायेण कल्कैरेभिः पचेद् घृतम् ॥ उभे परूषके द्राक्षा काश्मर्यसपुरद्रुमान् । पृथग्विदार्याः स्वरसं तथा क्षीरं चतुर्गुणम् ॥ एतदायोजितं सर्पिः पारूषकमिति स्मृतम् । वातरक्ते क्षते क्षीणे विसर्पे पैत्तिके ज्वरे ॥

पारूषक घृतम् ।

शतावरी कल्कगर्भं रसे तस्याश्चतुर्गुणे । क्षीरं तुल्यं घृतं सिद्धं वातशोणितनाशनम् ॥

इति शतावरीघृतम् ।

श्रावणीक्षीरकाकोलीक्षीरिकाजीवकैः समैः । सिद्धं ऋषभकं सर्पिः सक्षीरं वातरक्तनुत् ॥

अत्र क्षीरं चतुर्गुणम् । इति ऋषभघृतम् ।

गुडूचीक्वाथकल्काभ्यां सपयस्कं घृतं शृतम् । हन्ति वातं तथा रक्तं कुष्ठं जयति दुस्तरम् ॥

इति गुडूचीघृतम् ।

अमृतायाः कषायेण कल्केन च महौषधात् । मृद्वग्निना घृतं सिद्धं वातरक्तहरं परम् ॥ आमवाताढ्यवातादीन् कृमिकुष्ठव्रणानपि । अर्शांसि गुल्मांश्च तथा नाशयेदाशु योजितम् ॥

इति गुडूचीघृतम् ॥

अमृतास्वरसविपक्कं सर्पिस्तत् कल्कसाधितं पीतम् । अपहरति वातरक्तमुत्तानं चावगाढं च ॥

इति गुडूच्याघृतम् ॥

अमृतायाः पलशतं जलद्रोणेवशोषितम् । घृतप्रस्थं विपक्तव्यं कल्कादष्टौपलानि च ॥ चतुर्गुणेन पयसा वातासृक्कुष्ठनाशनम् । कामलापाण्डुरोगघ्नं प्लीहकासज्वरापहम् ॥

इति गुडूचीघृतम् ।

अमृता मधुकद्राक्षा त्रिफला नागरं बला । वासारग्वधवृश्चीव देवदारु त्रिकण्टकम् ॥ कटुका रोहिणी कृष्णा काश्मर्यस्य फलानि च । रास्नाक्षुरकगन्धर्वबृहद्दारघनोत्पलैः ॥ कल्कैरेभिः समैः कृत्वा सर्पिः प्रस्थं विपाचयेत् । धात्रीरसः समो देयो वारि त्रिगुणसंयुतः ॥ सम्यक् सिद्धं च विज्ञाय भोज्ये पाने च शस्यते । बहुदोषोत्थिते वाते रक्तेन सह मूर्च्छिते ॥ उत्ताने चापि गम्भीरे त्रिकजङ्घोरुजानुके । क्रोष्टुशीर्षे महाशूले आमवाते सुदारुणे ॥ दाहरोगोपसृष्टस्य वेदनां चातिदुस्तरां । मूत्रकृच्छ्रमुदावर्तं प्रमेहं विषमज्वरान् ॥ एतान् सर्वान् निहन्त्याशु वातपित्तकफोत्थितान् । सर्व-

कालोपयोगेन वर्णायुर्बलवर्धनम् । अश्विभ्यां निर्मितं श्रेष्ठं घृतमेतदनुत्तमम् ॥

इति अमृताद्यं घृतम् ॥

गुडूची स्वरसे सर्पिर्जीवनीयैश्च साधितम् । कल्काच्चतुर्गुणैः क्षीरैः सिद्धं वाप्यस्रवातनुत् ॥ गुडूचीघृतम् ॥

अमृतायाः शतं प्रास्य जलद्रोणे विपाचयेत् । चतुर्भागावशिष्टं तु घृतप्रस्थं विपाचयेत् ॥ क्षीरं चतुर्गुणं तत्र दापयेन्मतिमान् भिषक् । कल्कं चात्र प्रवक्ष्यामि यथावदनुपूर्वशः ॥ काकोली क्षीरकाकोली जीवकर्षभकौ च यत् । शतावरीं पयस्यां च मधुकं नीलमुत्पलम् ॥ अश्वकन्दस्य मूलानि स्थिरां च कटुरोहिणीम् । ऋद्धिं वृद्धिं तथा मेदे श्वदंष्ट्रा बृहतीद्वयम् ॥ गुडूचीं पिप्पलीं रास्नां वासकं चापि संहरेत् । तदेकस्थं समैर्भागैः पाचयेन्मृदुनाग्निना ॥ पानाभ्यञ्जनवस्तिषु परिषेके च दापयेत् । वातरक्तं सशोषाढ्यं सदाहं क्रोष्टुशीर्षकम् ॥ खञ्जोरुस्तम्भवातं च वातरक्तं सुदारुणम् । बहूदितं वातकृच्छ्रं गृध्रसीं वातकण्टकम् ॥ नाशयेद्योजितं सर्पिर्धन्वन्तरिवचो यथा ॥ इति महागुडूचीघृतम् ॥

क्काथेन शतपुष्पायाः कुष्ठस्य मधुकस्य च । पृथक् साधयेत्तैलं वातरक्तरुजापहम् ॥

इति शताह्वादितैलम् ॥

सारिवारिष्टकूष्माण्डपोतकीभस्मजाम्भुना। गुडूचीगव्यदुग्धाभ्यां कर्मरङ्गरसेन च ॥ विपचेत्तिलजं तैलं दत्त्वैतानि भिषग्वरः । काकोल्यौ जीवकं मेदे शताह्वा क्षीरिणीयुतैः ॥ जिङ्गी सिक्थ मृतानन्ता सार्जसैन्धवचन्दनैः । हन्याद्वातास्रजं घोरं स्फुटितं गलितं तथा ॥ चर्मदलाख्यं पामादींस्त्वग्दोषं च विपादिकाम् । कुष्ठान्यर्शांसि वीसर्पं व्रणशोथं भगन्दरम् ॥ न सोऽस्ति वातरक्तस्य विकारो योऽभिवर्धितः । यन्न हन्यात् प्रसह्यैतत्पिण्डतैलं महत् स्मृतम् ॥

इति महापिण्डतैलम् ॥

सारिवासर्जमञ्जिष्ठायष्टीसिक्थैः पयोन्वितैः । तैलं पक्वं प्रयोक्तव्यं पिण्डाख्यं वातशोणिते ॥ पिण्डतैलम् ॥

सारिवासर्जयष्ट्याह्वमधुसिक्थैः पयोन्वितैः । सिद्धमेरण्डजं तैलं वातरक्तरुजापहम् ॥ अपूतमथितस्यास्य पिण्डतैलस्य योगतः ॥

इति पिण्डतैलम् ॥

पद्मकेसरयष्ट्याह्वफेनिलापद्मकोत्पलैः । पृथक् पञ्चपलैर्दत्तैर्बलाकिंशुकचन्दनैः ॥ जले शृते पचेत् तैलं प्रस्थं सौवीरसंमितम् । लोध्रकाकोलिकोशीरजीवकर्षभकेशरैः ॥ मदयन्तिलतापत्रपद्मकेशरपद्मकैः । प्रपौण्डरीककालीयमेदमांसीप्रियङ्गुभिः ॥ कुङ्कुमैर्द्विगुणैः कर्षैर्मञ्जिष्ठायाः पलेन च । महापद्ममिदं तैलं वातासृग्ज्वरनाशनम् ॥

इति महापद्मक तैलम् ॥

पद्मकोशीरयष्ट्याह्वरजनीक्वाथसाधितम् । स्यात्पिष्टैः सर्जमञ्जिष्ठावीराकाकोलिचन्दनैः ॥ खुड्डाकपद्मकमिदं तैलं वातास्रपित्तनुत् ॥

इति खुड्डाकपद्मकतैलम् ॥

तुला पचेज्जलद्रोणे गुडूच्याः पादशेषितम् ॥ क्षीरद्रोणं तु ताभ्यां च पचेत् तैलाढकं शनैः । कल्कैर्मधुकमाञ्जिष्ठाजीवनीय गणोत्थितैः ॥ कुष्ठैलागुरुमृद्वीकामांसी व्याघ्रनखं नखी । हरेणुश्रावणी व्योषशताह्वा शृङ्गिसारिवे ॥ त्वक्पद्मा गुरुविक्रान्ता स्थिरा तामलकी तथा । नतकेशरह्रीबेरं पद्मकोत्पलचन्दनम् । सिद्ध कर्षसमैर्भागैः पानाभ्यक्तानुवासनैः ॥ सेव्यं वातास्रजान् हन्ति स्रोतोधात्वन्तराश्रितान् । धन्यं पुंसवनं स्त्रीणां गर्भदं वातपित्तनुत् ॥ खेदकण्डूरुजायामशिरःकम्पामयार्दितान् । हन्याद् व्रणकृतान् दोषान् गुडूचीतैलमुत्तमम् ॥

इति गुडूचीतैलम् ॥

गुडूची मधुकं ह्रस्वपञ्चमूलं पुनर्नवा । रास्नामेरण्डमूलं च जीवनीयानिलाभतः ॥ पलानां शतिकैर्भागैर्बला पञ्चशतं भवेत् । कोलं बिल्वं यवान्माषान् कुलत्थांश्चाढको न्मितान् ॥ काश्मर्याणां च शुष्काणां द्रोणं द्रोणशतेऽम्भसः । साधयेज्जर्जरं पूतं चतुर्द्रोणं च शेषयेत् ॥ तैलद्रोणं पचेत्तेन दत्वा पञ्चगुणं पयः । पिष्ट्वा त्रिपलिकं चैव चन्दनोशीरकेशरम् ॥ पत्रैलागुरुकुष्ठानि तगरं मधुयष्टिका । मञ्जिष्ठार्धबलं चैव तत्सिद्धं सर्वयोगिकम् ॥ वातरक्ते क्षते क्षीणे भाराते क्षीणरेतसि । वेपिना छिन्नभग्नानां सर्वेकाङ्गरोगिणाम् ॥ योनिदोषमपस्मारमुन्मादं विषमज्वरम् । हन्यात्पुंसवनं चैव तैलाढ्यममृताह्वयम् ॥

इति अमृताह्वयतैलम् ॥

मृणालोत्पलशालूकसारिवोदीच्यकेशरैः । चन्दनद्वयमूनिम्बपद्मबीजकसेरुकैः ॥ पटोलकटुकानन्तागुन्द्रापर्पटवासकैः । पिष्ट्वा तैल घृतं पक्वं तृणमूलरसेन च । क्षीरद्विगुणसंयुक्तं बस्तिकर्मसु योजितम् ॥ नस्याभ्यञ्जनपानैर्वा हन्यात् पित्तगदानिदम् ।

इति मृणालाद्यो मिश्रकः ॥

कनकशिखरिमानक्षारसंसिद्धतोये कुसुमलवणयुक्ते सर्जनीयासपूर्णे । विधिधृततिलतैलं कल्कयुक्तं निहन्ति प्रचुरतरमिदानीमिन्द्रलुप्तास्रवातम् ॥

धत्तूराद्य तैलम् ॥

शुद्धां पचेन्नागबलां तुलां तु जलार्मणे पादकषायसिद्धम् । विस्राव्य तैलाढकमत्र देयमजापयस्तैलविमिश्रितं तु ॥ नतं स यष्टिं मधुकं च कल्कं दत्वा पृथक् पञ्च पलं विपक्वम् । तद्वातरक्तं शमयत्युदीर्णं बस्तिप्रदानेन हि सप्तरात्रात् ॥ दशाहयोगेन करोत्यरोगं पिबं च तैलोत्तममश्विनोक्तम् ।

इति नागबलातैलम् ॥

जीवकर्षभकं कोला ऋष्यप्रोक्ता शतावरी । मधुकं मधुपर्णी च काकोलीद्वयमेव च ॥ क्षुद्रमाषाख्यपर्णी च दशमूलं पुनर्नवा । बलामृता विदारी च साश्वगन्धाश्म भेदकौ ॥ कुर्यात् कल्कं कषायं च ताभ्यां तैलं घृतं पचेत् । लाभतश्च वसा मज्जा मांसं चतुर्दविष्किरात् ॥ चतुर्गुणेन पयसा तत् सिद्धं वातशोणितम् । सर्वदेहाश्रितान् हन्ति व्याधीन् घोरांश्च वातजान् ॥

इति जीवकाद्यो मिश्रकः ।

बलाकषायकल्काभ्यां तैलं क्षीरचतुर्गुणम् । शतपाकं भवेदेतद्वातासृग्वातपित्तनुत् ॥ धन्यं पुंसवनं चैव नराणां शुक्रवर्धनम् । रेतोयोनिविकारघ्नमेतद्वातविकारनुत् ॥

इति बलातैल शतपाकम् ॥

मधुयष्टयाः पलशतं कषाये पादशेषिते । तैलाढकं समक्षीरं पचेत् कल्कैःपलोन्मितैः ॥ शतपुष्पावरीमूर्वापयस्यागुरुचन्दनैः । स्थिराहंसपदीमांसीद्विमेदामधुपर्णिभिः ॥ काकोलीक्षीरकाकोलीतामलक्यृद्धिपद्मकैः । जीवकर्षभजीवन्तीत्वक्पत्रनखबालकैः ॥ प्रपौण्डरीकमञ्जिष्ठासारिवेन्दुवितुन्नकैः । वातासृक्पित्तदाहार्तिज्वरघ्नं बलवर्णकृत् ॥

इति मधुकाद्य तैलम् ।

मधुयष्टया पलं पिष्ट्वा तैलप्रस्थं चतुर्गुणे । क्षीरे साध्यं शतं वारान् तदेव मधुकान्वितम् ॥ सिद्धं देयं त्रिदोषो स्याद् वातासृग्श्वासकासनुत् । धन्यं पुंसवनं चैव कामला दाहनाशनम् ॥

इति मधुकतैल शतपाकम् ।

बलाकषायकल्काभ्यां तैलं क्षीरसमं पचेत् । सहस्रसंख्यपाकं तत् वातासृग्वातरक्तनुत् ॥ रसायनमिदं श्रेष्ठमिन्द्रियाणां प्रसादनम् । जीवनं बृंहणंस्वर्यं शुक्रासृग्दोषनाशनम् ॥

बलातैलम् । सहस्रेयत्तया पाक सहस्रपाक' ।

पुनर्नवा पलशतं विशुद्धं रुबूकमूलं च तथा प्रयोज्य । दत्त्वा पलं षोडशकं च शुण्ठ्याः संकुट्य सम्यग्विपचेद् घटेऽपाम् ॥ पलानि चाष्टावथ कौशिकस्य तेनाष्टशेषेण पुनः पचेत्तु । एरण्डतैलं कुडवं च दद्यात्त्वा वृद्धच्चूर्णपलानि पञ्च ॥ निकुम्भचूर्णस्य पलं गुडूच्याः पलद्वयं चार्धपलं पलं प्रति । फलत्रयत्र्यूषणचित्रकाणि सिन्धूत्थभल्लातविडङ्गकानि ॥ कर्षं तथा माक्षिकधातुचूर्णं पुनर्नवायाः पलमेव चूर्णम् । चूर्णानि दत्त्वा ह्यवतार्य शीते खादेन्नरः कर्षसमप्रमाणम् ॥ वातासृजं वृद्धिगदांश्च सप्त जयत्यवश्यं त्वथ गृध्रसीं च । जङ्घोरुपृष्ठत्रिकबस्तिजं च तथामवातं प्रबलं च हन्ति ॥

इति पुनर्नवागुग्गुलु ॥

यावशूकसुरदारुसैन्धवं मुस्तकत्रुटिवचायवानिकाः । व्योषदीप्यकनिशाफलत्रिकं जीरकद्वयविडङ्गचित्रकम् ॥ कार्षिकं सुमसृणं सुयोजितं संयुतं पुरपलैश्च पञ्चभिः । शर्करां पुरसमां सुपेषयेत्तत्प्रसर्पिषि विनिक्षिपेत्ततः ॥ वातरक्तमुदरं भगन्दरं प्लीहयक्ष्मविषमज्वरं गरम् । श्वित्रकुष्ठमखिलव्रणानयं चित्तविभ्रमगदांश्च दारुणान् । गृध्रसीं च गुदजाग्निमन्दतां हन्ति कोष्ठजनितं महागदम् ॥ वज्रमिन्द्रकरतो यथा च्युतं प्रौढशैलकुलमुत्तमं द्रुतम् । अन्नपानपरिहारवर्जितं सर्वकालसुखदाक्षिरत्ययम् ॥ सेव्यमानमिदमश्विनिर्मितं गुग्गुलोर्हि वटिका रसायनम् । चत्वारो माषका हीने मध्यमेऽष्टौ च माषकाः । श्रेष्ठा द्वादशकाः प्रोक्ताः कोष्ठं विज्ञाय दापयेत् ॥ स्रंसनत्वात् गुरुत्वाद्वा गुग्गुलोः करणक्रमः ॥

इति शर्करासमगुग्गुलु ।

प्रस्थमेकं गुडूच्याश्च अर्धप्रस्थं च गुग्गुलोः ॥ प्रत्येक त्रिफलायास्तु तत्प्रमाणं

विनिर्दिशेत् ॥ सर्वमेकत्र संकुट्य क्वाथयेदुल्वणेऽम्भसि ॥ पादशेषं परिस्राव्य कषायं ग्राहयेद्भिषक् । पुनः पचेत कषायं तु यावत् सान्द्रत्वमागतम् ॥ दन्तीव्योषविडङ्गानि गुडूचीत्रिफलात्वचः ॥ ततश्चार्धपलं चूर्णं गृह्णीयाच्च प्रति प्रति । कर्षं तु त्रिवृतायाश्च सर्वमेकत्र चूर्णयेत् । तस्मिन् सुसिद्धं विज्ञाय कवोष्णं प्रक्षिपेत् बुधः ॥ ततश्चाग्निबलं मत्वा खादेत् कर्षप्रमाणतः । वातरक्तं तथा कुष्ठं गुदजान्यग्निसादनम् ॥ दुष्टव्रणं प्रमेहांश्च आमवातं भगन्दरम् । नाड्याढ्यवातं श्वयथुं सर्वानेतान् व्यपोहति ॥

इति अमृतागुग्गुलु ॥

त्रिप्रस्थममृतायाश्च प्रस्थमेकं तु गुग्गुलोः । प्रत्येकं त्रिफलाप्रस्थं वर्षाभूप्रस्थमेव च । सर्वमेकत्र संकुट्य साधयेदुल्वणेऽम्भसि ॥ पुनः पचेत् पादशेषं यावत् सान्द्रत्वमागतम् । दन्ती चित्रकमूलानां कणा विश्वफलत्रिकम् ॥ गुडूचीत्वक् विडङ्गानां प्रत्येकार्धपलं मतम् । त्रिवृता कर्षमेकन्तु सर्वमेकत्र चूर्णयेत् ॥ सिद्धे उष्णे क्षिपेत्तत्र अमृता गुग्गुलु परम् । अतो यथाबलं खादेदम्लपित्ती विशेषतः ॥ वातरक्तं तथा कुष्ठं गुदजान्यग्निसादनम् । दुष्टव्रणं प्रमेहांश्च आमवातं भगन्दरम् ॥ नाड्याढ्यवातं श्वयथुं हन्यात् सर्वामयांस्तथा । अश्विभ्यां निर्मितश्चायममृताख्यो हि गुग्गुलुः ॥

इति अमृतागुग्गुलुः ॥

स्निग्धः काञ्चनसङ्काशः पक्वजम्बूफलोपमः । नूतनो गुग्गुलुः प्रोक्तः सुगन्धिर्यस्तु पिच्छिलः ॥ शुष्को दुर्गन्धिकश्चैव वर्णान्यत्वमुपागतः । पुराणः स तु विज्ञेयो न स देयस्तु रोगिणे ॥

इति गुग्गुलोर्नवपुराणत्वस्य लक्षणम् ।

कृमिरिपुदहनव्योषत्रिफलामरदारुचव्यभूनिम्बाः । मागधिमूलं मुस्तं शटी वचा धातुमाक्षिकं चैव ॥ लवणक्षारनिशायुक्कुस्तुम्बुरुगजकणाः सहातिविषाः । कर्षांशिकान्येव समानि कुर्यात् पलाष्टकश्चाश्मजतु प्रदद्यात् ॥ निःपत्र शुद्धस्य पुरस्य धीमान् पलद्वयं कोहरजस्तथैव । सिताचतुष्कं पलमत्र वा स्यात् निकुम्भकुम्भत्रिसुगन्धियुक्तम् ॥ पृथक्पलं चूर्णमथावपेच्च चन्द्रप्रभेयं गुटिका विधेया । ज्वरातिसारग्रहणीविकारांश्चार्शांसि निर्नाशयते यदेव ॥ भगन्दरान् कामलपाण्डुरोगान् निर्नष्टवह्नेः कुरुते च दीप्तिम् । हन्त्यामयान् पित्तकफानिलोत्थान् नाडीगते मर्मगते व्रणे च । क्षतक्षये गृध्रसियक्ष्मरोगे मेहे गजाख्ये प्रबले प्रयोज्या ॥ शुक्रक्षये चाश्मरिमूत्रकृच्छ्रे शुक्रप्रवाहेऽप्युदरामये च । शम्भुं समभ्यर्च्य कृतप्रसादं प्राप्ता गुटी चन्द्रमसा प्रशस्ता ॥ न पानभोज्ये परिहारवादो न शीतवातातपमैथुनेषु । भक्तस्य पूर्वं सततं प्रयोज्या तक्रानुपानाप्यथ मस्तुपाना ॥ अजारसो जाङ्गलजो रसो वा पयोऽथ वा शीतजलानुपानम् । शुक्रदोषानिहन्त्यष्टौ प्रमेहांश्चापि विंशतिम् ॥ वलीपलितनिर्मुक्तो वृद्धोऽपि तरुणायते । गिरिजतुगुग्गुलुलोहान्येकीकृ-

त्याथ भावयेद् बहुशः ॥ क्वाथैस्तद्व्याधिहरैस्तदनु च चूर्णीकृतं मिलितम् ॥

इति चन्द्रप्रभागुटिका ॥

वरमहिषलोचनोदरसन्निभवर्णस्य गुग्गुलोः प्रस्थम् । प्रक्षिप्य तोयराशौ त्रिफलां च यथोक्तपरिमाणम् ॥ द्वात्रिंशत्च्छिन्नरुहापलानि देयानि यत्नेन । विपचेत्तदप्रमत्तो दर्व्या संघर्षयन्मुहुर्यावत् ॥ अर्धक्षयितं तोयं जातं ज्वलनस्य संपर्कात् । अवतार्य वस्त्रपूतं पुनरपि संसाधयेदयःपात्रे ॥ सान्द्रीभूते तस्मिन्नवतार्य हिमोपलस्पर्शे । त्रिफलाचूर्णार्धपलं त्रिकटोश्चूर्णं षडक्षपरिमाणम् ॥ कृमिरिपुचूर्णार्धपलं कर्षं कर्षं त्रिवृद्दन्त्योः । पलमेकं तु गुडूच्या दत्वा संचूर्ण्य यत्नेन ॥ उपयुज्य चानुपानं यूषं क्षीरं सुगन्धि सलिलं च । इच्छाहारविहारी भेषजमुपयुज्य सर्वकालमिदम् । तनुरोधि वातशोणितमेकद्विजमुल्वणं चिरोत्थमपि । भग्नस्रुतपरिशुष्कं दीर्णं चाजानु यच्चापि ॥ व्रणकासकुष्ठगुल्मश्वयथूदरपाण्डुमेहांश्च । मन्दाग्निं च विबन्धं प्रमेहपिडकांश्च नाशयत्याशु ॥ सततं निषेव्यमाणः कालवशाद्धन्ति सर्वगदान् । अभिभूय जरादोषं करोति कैशोरिकं रूपम् ॥ प्रत्येकं त्रिफलाप्रस्थो जलस्याढकमाढकम् । गुडवद् गुग्गुलोः पाकः सन्धेयस्तु विशेषतः॥

इति कैशोरिकगुग्गुलु ॥

त्रिफलातिविषादारुदार्वीमुस्तापरूषकैः । खदिरासननक्ताहगुडूचीनृपपादपैः ॥ भूनिम्बनिम्बकटुका कलिङ्गकुलकैः समैः । क्वाथं कृत्वा ततः पूतं शृतमष्टगुणेऽम्भसि ॥ गुडूच्यास्तत्र सुकृतं चूर्णमर्धे तु वारिणी । क्षिप्त्वा सुनूतने भाण्डे वासयेद्रजनीगतम् । सोमोपेतेन पूतेन कौशिकं परिभावयेत् । षड्गुणेन तु सप्ताहं शिलाजतुसमन्वितम् ॥ शुद्धस्य तु पलान्यष्टौ समावाप्य विचक्षणः । ताप्यचूर्णं पलश्चैकं द्वे पले मधुसर्पिषोः ॥ एकीकृत्य समं सर्वं लिह्यात्सुत्रिफलाम्बुना । तनुना मुद्गयूषेण जाङ्गलाना रसेन वा ॥ जीर्णे जीर्णे च भुञ्जीत पुराणं शालिषष्टिकम् । यथारोगं यथासात्म्यं रसैर्यूषैश्च संस्कृतैः । त्रिसप्ताहप्रयोगेण वातरक्तं सुदारुणम् ॥ निहन्ति वीर्यतः क्षिप्रं कुष्ठरोगान् व्रणानपि । छिन्नं भिन्नञ्च सन्धत्ते त्रिफलाख्यो हि गुग्गुलुः ॥

इति त्रिफलागुग्गुलु ॥

पलत्रयं कषायस्य त्रिफलायाः सुचूर्णितम् । सौगन्धिकं पलंचैकं कौशिकस्य पलत्रयम् ॥ कुडवं चित्रतैलस्य सर्वमादाय यत्नतः । पाचयेत्पाकविद्वैद्यः पात्रे लोहमये दृढे ॥ हन्ति वातं तथा पित्तं श्लेष्माणं खञ्जपङ्गुताम् । श्वासं सुदुर्जयं हन्ति कासं पञ्चविधं तथा ॥ कुष्ठानि वातरक्तं च गुल्मं शूलोदराणि च । आमवातं जयत्येतदपि वैद्यविवर्जितम् ॥ सर्वदास्योपयोगेन जरापलितनाशनम् । सर्पिस्तैलरसोपेतमश्नीयाच्छालिषष्टिकम् ॥ सिंहनाद इति ख्यातो रोगवारणदर्पहा । वह्नेर्दीप्तिकरः पुंसाम्भाषितो दण्डपाणिना ॥

इति सिंहनादगुग्गुलु. ॥

अष्टौ पलान्यत्र पलं कषायाः प्रस्थौ पृथक् शुद्धफलत्रयस्य । दत्वा पचेत् द्रोणयुगे जलस्य पादावशेषं पुनरेव वैद्यः ॥ दन्तीत्रिवृच्यूषणवारुणीनां विडङ्गमुस्तात्रिफलामृतानाम् । कन्दोग्रगन्धालुकमानकानां सगन्धकानां च सपारदानाम् ॥ पलार्धमानममितं सचूर्णं दद्याद्विपके पुनरेव तत्र ॥ फलानि संचूर्ण्य च कानकानि सहस्रसंख्याकलितानि पश्चात् । स्वादेद्धि माष द्वितयं प्रतप्तं तोयादिकं देयमतोऽनुपाने । आमानिलं सन्धिगतं सशूलं शिरोगतं जानुकटीस्थितश्च ॥ अर्शोऽतिवृत्तिं विषमज्वरार्ति प्रमेदकुष्ठानि भगन्दरं च । हन्यान्नराणामिति सिंहनादो मेदोमरुत्श्लेष्मगदान् पुरोऽयम् । दाहोत्यन्तमवृत्तिर्वा विकारोऽन्योपि चेद्भवः ॥ तत्कृतस्तु तदा तत्र तक्रभक्तं हितं भवेत् ॥ उद्वर्तनं शीतजलस्नानं च शयनं तथा ॥ विरेकातिशयं कुर्यात् सिंहनादो यतः सुधीः । ज्ञात्वा बलं शरीरे तु दद्यादेवं नवा भिषक् ॥ तोयारनालगोक्षीरैः क्रमात् पकं विशुध्यति । फलं कनकसंज्ञं तु कृत्वा चूर्णं ततः क्षिपेत् ॥

इति द्वितीय' सिंहनादगुग्गुल. ॥

पिचितां गुग्गुलोर्मानीं कटुतैले पलाष्टके । प्रत्येकं त्रिफलाप्रस्थं सार्द्धद्रोणे जले पचेत् ॥ पादशेषं सुपूतं च पुनरग्नावधिश्रयेत् । त्रिकटुत्रिफलामुस्तविडङ्गामलकानि च ॥ गुडूच्यग्नित्रिवृद्दन्तीवचासूरणमानकम् । कस्तूरीरससूतांशं प्रत्येकं शुक्तिसम्मितम् ॥ सहस्रकानकफलं सिद्धे संचूर्ण्य निःक्षिपेत् । ततो माषद्वयं जग्ध्वा पिबेच्चतुजलादिकम् । अग्निं च कुरुते शीघ्रं वडवानलसन्निभम् । धातुवृद्धिं वयोवृद्धिं बलं सुविपुलं तथा ॥ आमवातं शिरोवातं ग्रन्थिवातं भगन्दरम् । जानुजङ्घाश्रितं वातं सकटीग्रहवेदनम् । अश्मरी मूत्रकृच्छ्रे च भग्ने च तिमिरोदरे । अम्लपित्तं तथा कुष्ठं प्रमेहं गुदनिर्गमम् ॥ कासं पञ्चविधं श्वासं क्षयं च विषमज्वरम् । प्लीहानं श्लीपदं गुल्मान् पाण्डुरोगं सकामलम् ॥ शोथान्त्रवृद्धिशूलानि गुदजानि विनाशयेत् । मेदःकफामसञ्जातरोगवारणदर्पहा ॥ सिंहनाद इति ख्यातो योगोऽयममृतोपमः । भिषग्भिर्वर्जिते रोगे भाषितो दण्डपाणिना ॥

इति सिंहनादगुग्गुल. ॥

शतावरी नागबला वृद्धदारकमुस्टा । पुनर्नवामृता कृष्णा वाजिगन्धा त्रिकण्टकम् ॥ पृथग् दशपलान्येषां श्लक्ष्णचूर्णानि कारयेत् । तदर्द्धशर्करायुक्तं चूर्णं सम्मर्दयेत् बुधः ॥ स्थापयेत् सुदृढे भाण्डे मध्वर्द्धाढकसंयुतम् । घृतप्रस्थेन वालोडय त्रिसुगन्धपलेन च ॥ तं स्वादेदिष्टपानाशो यथाबलिवलं नरः । वातरक्तं क्षयं कुष्ठं कार्श्यपित्तास्रसम्भवम् ॥ वातपित्तकफोत्थांश्च रोगानन्यांश्च तत्कृतान् । हत्वा करोति पुरुष हत्वा सर्वामयान् द्रुतम् ॥ वलीपलितनिर्मुक्तं मेधा स्मृतिविभूषितम् । करोति पुरुषं

धन्यं पञ्चवर्षशतायुषम् ॥ योगसारामृतो नाम लक्ष्मीकीर्तिविवर्द्धनः ।

इति योगसारामृत ।

व्यायामं मैथुनं कोपमुष्णाम्ललवणं रसम् । दिवास्वप्नमभिष्यन्दिगुरुचान्यद्धि वर्जयेत् ॥

इति वातरक्तनिदानचिकित्साधिकार ॥

વાતરક્તવાળાને સ્નેહ પાનાદિથી સ્નિગ્ધ કરીને, તેના દોષ તથા બળને અનુસરીને, ઘણીવાર તેનું થોડુ થોડુ લોહી કઢાવવુ, પરતુ લોહી વાયુ ન વધીજાય તેવી રીતે કઢાવવું, ભારે બળતરા કે ભોકાયાની વેદના થતી હોય તો જળોલગાડીને લોહી કઢાવવુ. ચમચમાટી. ચળ, વ્યથા, તથા કપ હોય તો શીંગડાથી લોહી કઢાવવું. વાતરક્ત જો એક ભાગમાંથી બીજા ભાગમા જતુ હોય તો ટોચામારીને લોહી કઢાવવું શરીર ગ્લાનિ પામે તો લોહી કઢાવવુ નહિ, અને વાયુ વધે નહિ એ રીતે લોહી કઢાવવુ લોહી ઓછુ થાય તો વાયુ વધેછે, અને એમ થાય તો ગંભીર સોજો, અક્કડતા, કપ, શિરાના રોગો, ગ્લાનિ, તથા બીજા પણ વાયુના રોગો થાય છે. લોહી જો જોઇયે તેથી વધુ નીકળી જાયછે, તો ખજતા વગેરે વાત રોગો તથા મરણને પણ લાવેછે, એટલા માટે વાતરક્ત વાળાને સ્નિગ્ધ કરી ને પછી યોગ્ય પ્રમાણથી લોહી કઢાવવુ.

વાતરક્તવાળાને પ્રથમ સ્નિગ્ધ કે રૂક્ષ કોમળ વિરેચનો આપીને મળોથી ખાલી કરવો.

વાતરક્ત વાળાને વારવાર પિચકારીઓ મારવી પણ સારી છે. વાતરક્તનો એના જેવો બીજો એકે ઉપાય નથી

વાતરક્ત બહાર હોય તો લેપો, અભ્યંગો, સેચનો, તથા ઔષધો આપવાના ઉપાયો કરવા, પણ જો તે ઊંડુ હોય તો વિરેચન, નિરૂહબસ્તિ, તથા સ્નેહપાનોથી ચિકિત્સા કરવી

વાતરક્તવાળાએ દિવસે સુવું, તડકો, કસરત, મૈથુન, કડવો રસ, ઉષ્ણ તથા ભારે પદાર્થ, શરદી કરનારા પદાર્થો, ખારોરસ, અને ખાટોરસ, એટલાનો ત્યાગ કરવો જોઇએ.

વાતરક્તમા જુના જવ, તથા ઘઉં, નાનવી, રાતા ચોખા, તથા સાઠીચોખા એ હિતકારી ભોજનોછે, અને રસોમા વિષ્કર તથા પ્રતુદોના માસો હિતકારી છે

વાતરક્તમા તુવેર, ચણા મગ, મસૂર, અને કળથીના બહુ ઘી વાળા ચુષો હિતકારી થાય છે

શાકો સદતા હોય તો વાતરક્તમા સુનિસરણક, નેતરના અગ્ર, અઘેડી, શતાવરી, બથવો, પોથી, અને બ્રાહ્મીનાં શાકો ઘી તથા માસરસમા શેકીને આપવા

ઘી, તેલ, ચરબી, અને તેજજ પીવી, અભ્યગ કરવો, પિચકારીઓ દેવી, અને સ્હેવાય તેવા ગરમ બધારણો વાયુવાળા વાતરક્તમા કરવા

બકરીના ઘી કે દૂધમા ઘઉંના લોટને કાલવીને લેપ કરવાથી વાતરક્તમાં તે હિતકારી થાયછે.

તલને શેકી, વાટી, દૂધમાં ઉકાળીને લેપ કરવો, અળસીને દૂધમાં વાટીને લેપ કરવો અથવા એરડીઓને વાટીને તેનો લેપ કરવો, તે હિતકારી છે.

સૂવા, વરિયાળી, જેઠીમધ, બળદાણા, ચારોળી, કસેલા, વિદારીકંદ, તથા સાકરને ઘીમા વાટીને લેપ કરવાથી વાતરક્ત મટી જાયછે.

રાસ્ના, ગળો, બળદાણ, ખપાટ, જીવક, ઋષભક, દૂધ, અને ઘીને ભેળા પકાવી તેમાં મીણ મેળવીને તેનો જાડો લેપ કરવાથી વાતરક્તની પીડા મટી જાયછે.

અરડુસી, ગળો, અને ગરમાળાનો કવાથ એરડિયુ તેલ નાંખીને પીવાથી આખા શરીરમા થયેલ વાતરક્તનો વિકાર અનુક્રમે છેક મટી જાયછે

વાયુના વાતરક્તમા દશમૂલીથી પકાવેલ દૂધ વાપરવાથી, તથા સ્હેવાય તેવા ઊના ઘીના સેચનથી, શૂળનુ નિવારણ તુરત થાય છે.

કડવાં પરવળ, કડુ, શતાવરી, ત્રિફળા, અને ગળોનો કવાથ પીવાથી દાહ સહિત વાતરક્ત જીતાઇ જાયછે.

નસોતર, વિદારીકદ, અને ગોખરૂનો કવાથ પીવાથી વાતરક્તનો નાશ થાયછે

ગળો કફ તથા વાતને હરનારી છે, કફ તથા મેદને સૂકાવનારી છે, વાતરક્તને શમાવનારી છે, અને ચળ તથા વિસર્પનો નાશ કરનારીછે. માટે ગળોના સ્વરસનુ, કલ્કનુ, ચુર્ણનુ અથવા કવાથનુ લાબા કાળ સૂધી સેવન કરવાથી વાતરક્તથી છૂટાય છે.

એક એક તોલો સૂંઠ, ગળો અને ધાણાનો કવાથ પીવાથી વાતરક્ત, આમવાત, અને સર્વ પ્રકારના કોઢો મટી જાયછે.

ગળોનો કવાથ ગૂગળનાંખીને પીવાથી વાતરક્તનો નાશ થાયછે.

ત્રણ કે પાચ હરડેનું ચૂર્ણ ગોળ સાથે ખાવાથી, અને ઉપર ગળોનો કવાથપીવાથી ગોઠણ સુધી પ્હોંચેલું અને સ્રવતું ભયંકર વાતરક્ત પણ નક્કી મટી જાયછે.

ગુગ્ગુલ વટિકા.

ગૂગળ અને ગળોની દ્રાક્ષના દીંટિયાના રસથી અથવા ત્રિફળાના રસથી બોર જેવડી ગોળી કરી તે મધ સાથે ખાવાથી મહા ઘોર અને સર્વ અગોને તોડી નાંખનાર પાદસ્ફોટ નામનો રોગ તથા વાતરક્ત તુરત મટી જાયછે

ભેંશના માખણને ગધક ગોમૂત્ર, દૂધ, અને સૈંધવ સાથે મેળવીને જરા ગરમ કરીને શરીરે ચોળવાથી અગોનું ફાટવું મટી જાય છે.

ગળો ઘી સાથે ખાવાથી વાયુ, ગોળ સાથે ખાવાથી મળબધ, સાકર સાથે ખાવાથી પિત્ત, મધ સાથે ખાવાથી કફ એરડિયા તેલ સાથે ખાવાથી ઉગ્ર વાતરક્ત, અને સૂઠ સાથે ખાવાથી આમવાત મટે છે.

અરડુસી, પંચમૂલી, ગળો, એરડો, અને ગોખરૂનો કવાથ, એરડિયુ તેલ, હિંગનું ચૂર્ણ, અને સૈંધવ નાખીને પીવાથી વાતરક્ત આમવાત, કટિશૂળ, મળમૂત્રની અટકાયત, અને મટતોજ ન હોય તેવો બદનો રોગ, અત્યત શાત થઇ જાયછે.

એરડો, અરડુસી, ગોખરૂ, ગળો, બળદાણા, અને એખરો, એમનાં મૂળોનો કવાથ પીવાથી ઘણા કાળનું અને ગોઠણ સૂધી પ્હોચેલુ, ફાટેલુ, અને ઊચે ચાલેલું, ઉગ્ર વાતરક્ત પણ તુરત મટી જાયછે.

ગોળ અને ઘીનું મિશ્રણ કફને તથા પિત્તને શમાવેછે, ખસ તથા વિસર્પનો નાશ કરે છે, વાતરક્તને શાંત કરેછે, અને ખાવામાં પ્રિય લાગે છે.

વર્ધમાન પિપ્પલી અથવા હરડેનું ચૂર્ણ ગોળમાં ખાવાથી વાતરક્ત મટેછે.

એખરો તથા ગળોનો કવાથ પીપરનુ ચૂર્ણ નાંખીને પીવાથી, અને અગ્નિના બળને અનુસરીને પથ્ય ભોજન કરવાથી વાતરક્ત એકવીસ દિવસમાં મટી જાયછે.

જેઠીમધ, તેથી બમણું તેલ, અને તેલથી બમણુ બકરીનું દૂધ મેળવીને અગ્નિના બળ પ્રમાણે પીવાથી વાતરક્ત મટી જાય છે.

અગથિયાનાં ફુલનુ ચૂર્ણ નાંખી ભેંશનુ દૂધ જમાવીને કરેલા દહિમાંથી કાઢેલું માંખણ વાપરવાથી શરીરનુ ફાટવું મટી જાય છે.

નવકાર્ષિક કવાથ.

ત્રિફળા, લીમડો, મજીઠ, વજ, કડુ, ગળો, તથા દારૂહળદર એક એક તોલો લેઇ તેનો કવાથ કરી પીવાથી વાતરક્ત, કોઢ, ખસ, રાતાં ફોલ્લાં, ચળ અને કપાલિકાનો નાશ થઈ જાયછે. સોળ માસાનો એક તોલો ગણાય છે, તેમાં અહિયા પાંચ રતિનો એક માસો ગણવો, આ કવાથ નવકાર્ષિક કહેવાય છે, તેમાથી યોગ્ય માત્રા લેવી. કવાથ કરવામાં એકથી ચાર તોલા જેટલા ઔષધમાં તેથી સોળગણું પાણી નાખવું, ત્યાર પછીથી તે સોળ તોલા સુધીનાં ઔષધમા આઠગણું પાણી નાંખવુ, અને સોળ ઉપરથી ચોસઠ તોલા સુધીના ઔષધમાં ચોગણું પાણી નાખવું.

વિરેચનોથી, ઘી તથા દૂધ પીવાથી, સેચનોથી અને પિચકારીઓથી વાતરક્ત મટી જાય છે.

રક્તજન્ય વાતરક્ત હોય તો દૂધ, ઘી, જેઠીમધનું પાણી, તથા ગાડરના દૂધથી વારવાર સેચન કર્યા કરવું.

સો વાર અથવા હજારવાર ધોયેલું ઘી અત્યંત શીતળ થાયછે, તેથી, અથવા ઘી અને રાળ મેળવીને તેનો લેપ કરવાથી રક્તનું વાતરક્ત મટી જાય છે

રક્ત તથા પિત્તની અધિકતાવાળા વાતરક્તમાં પણ શીતળ સેચનો કરવાં.

રતાશ તથા પીડા વાળો દાહ થતો હોય તો લોહી કઢાવીને પછી તલ, ચારોળી, જેઠીમધ, કમળનાં મૂળ, અને નેતરને દૂધમાં વાટી તેમાં ઘી નાંખીને તેનો જાડો લેપ કરવાથી દાહની પીડા મટી જાય છે.

પિત્તના વાતરક્તમાં સીવણનાં ફળ, દ્રાક્ષ, ગરમાળો, શતાંજલિ, જેઠીમધ, અને ક્ષીરકાકોલીનો કવાથ કરી તેને ખુબ ટાઢો પાડી સાકર તથા મધ નાખીને પીવો

દોષોનું અનુલોમન કરનાર શેડ કહ્યુ દૂધ તથા મૂત્ર મેળવીને તેમા નસોતરનુ ચૂર્ણ નાખીને પીવાથી પિત્તની અધિકતાવાળું વાતરક્ત મટી જાય છે.

બહુ બહુ દોષોવાળા માણસે દૂધમાં એરંડિયુ તેલ પીવું, અને તે પચ્યા પછી દૂધ ભાત જમવા.

કડવાં પરવળ, ત્રિફલા, શતાવરી, ગળો, અને કડુનો કવાથ સાકર તથા મધ નાંખીને પીવાથી પિત્તનું વાતરક્ત શાંત થઇ જાય છે.

કફના વાતરક્તમાં કડવાં ઔષધોથી

પકાવેલું ઘી પાવું, બહુવાર રેચ લેવો, કોમળ થોડુંક વમન કરવું, સ્નેહપાન તથા લંઘન કરવું, અને સ્હેવાતા ગરમ દ્રવ્યોનાં સેચનો કરવાં, તે હિતકારી થાયછે.

તેલ, મૂત્ર, મધ, અને અથાણાનું પાણી સીંચવાથી લાભ થાય છે.

શ્વેતસાર્ષપના કલ્કનો જાડો લેપ કરવાથી પીડા મટી જાયછે.

સરગવો તથા વાયવરણાંનો ધાન્યામ્લમાં કલ્ક કરીને તેનો લેપકરવાથી વાતરક્તની પીડા મટી જાયછે. આ સિદ્ધયોગ છે, માટે તેની સફળતામાં કશો સંશય રાખવોજ નહિ.

આસોદ અને તલના કલ્કનો લેપ કરવાથી કફનું વાતરક્ત શાંત થઈ જાયછે.

સર્ષપ, લીમડો, આકડો, જટામાંસી, જવખાર, અને તલનો લેપ કફના વાત રક્તમાં હિતકારીછે.

સાથવો, ઘી, જવખાર, અને કોઠની છાલનો લેપ કફવાતરક્તમાં હિતકારીછે.

મસૂરની દાળ અને સરગવાનાં બીજને ધાન્યામ્લમાં વાટીને લેપ કરી, એ લેપ બે ઘડી રાખીને ખટાઈનાં સેચન કરવાથી વાયુ તથા કફનુ વાતરક્ત મટેછે.

મોથ, આમળા, અને હળદરનો કવાથ મધ નાખીને નિત્ય પીવાથી વાતરક્ત તથા કફનું વાતરક્ત પણ મટી જાયછે.

હળદર તથા ગળો અથવા ત્રિફળાનો કવાથ મધ નાંખીને પીવાથી કફનું વાતરક્ત મટી જાય છે.

ખાટી છાશ કે પાણીમાં હરડેનું ચૂર્ણ પીવાથી કફનું વાતરક્ત મટી જાયછે.

ધૂમાડાની મેસ, જવ, કઠ, સુવા, હળદર, અને દારૂહળદરનો લેપ કરવાથી વાયુ તથા કફના વાતરક્તનું શૂળ મટી જાયછે.

ગળો, કડુ, જેઠીમધ, અને સૂંઠ એઓનો કલ્ક મધ સહિત ગોમૂત્રમાં પીવાથી કફનું વાતરક્ત મટી જાયછે.

લાંગલી ગુટિકા.

કલગારીનો કદ તથા ગળો સમ ભાગે લેઇ, તેમાં ત્રિફળા, મંડુર, અને ત્રિકટુ સમ ભાગે મેળવીને, ગુગળ તથા ગળોના સ્વરસથી અથવા દ્રાક્ષના ઠીંટિયાના કે ત્રિફળાના રસથી બોર જેવડી ગોળી કરી, તે મધસાથે ખાવાથી પ્રબળ વાતરક્ત પગમાં ફાટેલું હોય, ખરાબ રીતે અવયવોને ભાંગતું હોય, ગોઠણ સૂધી પહોંચ્યુ હોય, અને અસાધ્ય હોય, તેને તથા દેહમાંથી નીકળતા રક્તને મટાડે છે.

બલા ઘૃત.

બલા, અતિબલા, મેદા, કૌચાં, શતાવરી, ક્ષીરકાકોલી, કાકોલી, રાસ્ના, અને દ્રાક્ષ એઓના કલ્ક સહિત ચોગણા દૂધમાં પકાવેલુ ઘી વાતરક્ત, છાતીના રોગ, પાંડુ રોગ, વિસર્પ, કમળો તથા દાહને મટાડેછે.

અપરપિંડ તેલ.

બળદાણા, સમેરવો, નાગબલા, ગળો, અને શતાવરીનો કલ્ક નાંખી, તેમનાજ કવાથમા પકાવેલ તેલની પિચકારીથી પ્રબળ વાતરક્ત પણ શાંત થઇ જાયછે.

પારૂષક ઘૃત.

ત્રાયમાણ, આમળાં, કાકોલી, ક્ષીર કાકોલી, શતાવરી, અને કસેલાંના કવાથ માં; બે જાતનાં, ફાલસાં દ્રાક્ષ, સીવળના

ફળ, તથા દેવદારનો કલ્ક નાંખીને વિદારીકંદના સ્વરસસહિત ચોગણા દૂધમાં પકાવેલું પારૂષકઘૃત વાપરવાથી વાતરક્ત, ક્ષીણતા, ક્ષત, વિસર્પ, અને પિત્તજ્વરનો નાશ થાય છે.

શતાવરી ઘૃત.

ચોગણા શતાવરીના સ્વરસમાં શતાવરીનો કલ્ક નાંખીને દૂધ તથા ઘી સમભાગે પકાવવાં. આ શતાવરીઘીથી વાતરક્તનો નાશ થાય છે

ઋષભક ઘૃત.

ગોરખમુંડી, ક્ષીરકાકોલી, વંશલોચન, અને જીવકનો સમભાગે કલ્ક કરી, તે સહિત ચોગણા દૂધમા પકાવેલુ ઋષભકઘૃત વાતરક્તને મટાડે છે.

ગુડૂચી ઘૃત.

ચોગણા દૂધમાં ગળોના ક્વાથ તથા કલ્ક સહિત પકાવેલ ઘી વાતરક્ત તથા દુસ્તર કોઢને પણ જીતે છે.

બીજા પ્રકારનું ગુડૂચી ઘૃત.

ગળોના ક્વાથમા સૂંઠના કલ્ક સાથે કોમળ અગ્નિથી પકાવેલુ ઘી વાતરક્તને અત્યત મટાડે છે, અને આમવાત તથા ઉરૂસ્તંભ વગેરે વાતરોગોને, કૃમિ, કોઢ, વ્રણો, અર્શો, તથા ગુલ્મોનો પણ તુરત નાશ કરી નાંખે છે.

ત્રીજા પ્રકારનું ગુડૂચી ઘૃત.

ગળોના સ્વરસમાં ગળોનાજ કલ્ક સાથે પકાવેલ ઘી પીવાથી છાછરૂં તથા ઊંડું વાતરક્ત પણ તુરત મટી જાય છે.

ચોથા પ્રકારનું ગુડૂચી ઘૃત.

૪૦૦ તોલા ગળોનો ૧૦૨૪ તોલા પાણીમાં ક્વાથ કરી તેમા ગળોનો બત્રીસ તોલા કલ્ક નાખી ચોગણા દૂધમાં પકાવેલુ ઘી વાતરક્ત, કોઢ, કમળો, પાડુરોગ, બરલનો રોગ, ઉધરસ, તથા જ્વરનો નાશ કરે છે.

પાંચમા પ્રકારનું ગુડૂચી ઘૃત.

ગળો, જેઠીમધ, દ્રાક્ષ, ત્રિફળા, સૂંઠ, બળદાણા, અરડૂસી, ગરમાળો, ધોળી સાટોડી, દેવદાર, ગોખરૂ કડુ, મજીઠ, પીપર, સીવણના ફળ, રાસ્ના, એખરો, એરંડો, વરધારો, મોથ, અને નીલકમળ સમભાગે લેઈ કલ્કો કરી તે કલ્કો નાંખીને ૬૪ તોલા આમળાંના રસમાં તથા ત્રણગણા પાણીમા ૬૪ તોલા ઘી પકાવી ખાવા તથા પીવાથી ઘણા દોષોથી થયેલ વાતરક્ત વ્યાપ્ત થયુ હોય, છાછરૂં કે ઊંડું હોય, તો પણ મટી જાય છે. ઢાંઢુ, પીંડી, ગોઠણ, તથા સાથળમાંના વાતરોગ ઉપર, ક્રોષ્ટુકશીર્ષ, મહાશૂળ, અને મહાદારૂણ આમવાત ઉપર, પણ આ ઘી વખણાય છે દાહની અતિ દુસ્તર પીડા, મૂત્રકૃચ્છ્ર, ઉદાવર્ત, પ્રમેહ અને વિષમજ્વરો, એ સર્વ ત્રણે દોષોથી થયેલા રોગોને પણ આ ઘી તુરત હણી નાંખે છે. અશ્વિનીકુમારોએ બનાવેલા આ ઉત્તમ ઘીનો સર્વદા ઉપયોગ કરવાથી પણ કાંતિ, આયુષ્ય, તથા બળ વધે છે

છઠ્ઠા પ્રકારનું ગુડૂચી ઘૃત.

ગળોનો સ્વરસ તથા જીવનીયગણના કલ્ક સાથે ચોગણા દૂધમા પકાવેલ ઘી પણ વાતરક્તનો નાશ કરે છે.

મહાગુડૂચી ઘૃત.

૪૦૦ તોલા ગળોનો ૧૦૨૪ તોલા પાણીમા ક્વાથ કરીને ચોથો ભાગ પાણી રહે એટલે તે ક્વાથમા ૬૪ તોલા ઘી, ચોગણું દૂધ; અને કાકોલી, ક્ષીરકાકોલી, જીવક, ઋષભક, શતાવરી, વિદારીકંદ, જેઠીમધ, નીલકમળ, આસોદનું મૂળ, સમેરવો, કડુ, ઋદ્ધિ, વૃદ્ધિ, મેદા, મહામેદા, ગોખરૂ, ઊભી તથા બેઠી ભોરીંગણીઓ, ગળો, પીપર, રાસ્ના અને અરડૂસી સમભાગે લેઇ, તેમના કલ્કો કરી એ સર્વને કોમળ અગ્નિથી પકાવવું. ધન્વતરિએ કહેલું આ મહાગુડૂચી ઘૃત પીવાથી, અભ્યંગથી, નસ્યથી, તથા સેચન કરવાથી શોષ તથા દાહયુક્ત વાતરક્ત, ક્રોષ્ટુકશીર્ષ, ખજતા, ઊરૂસ્તભ, દારૂણ વાતરક્ત, બહુવાત રોગ, ગૃધ્રસી, અને વાતકટક, એ સર્વ નાશ પામે છે.

શતાકવાદિ તૈલ.

સુવાના ક્વાથથી, પછી કઠના ક્વાથથી, અને પછી જેઠીમધના ક્વાથથી પકાવેલુ તેલ વાતરક્તની પીડાનો નાશ કરે છે.

મહાપિંડ તૈલ.

ઉપલસરી, લીમડો, કોહોળું, અને પોથીની ભસ્મના પાણીથી; ગળોના ક્વાથથી, ગાયના દૂધથી, કર્મરંગ નામના લીંબુના રસથી, અને કાકોલી, ક્ષીરકાકોલી, જીવક, મેદા, મહામેદા, સૂવા, રાયણ, મજીઠ, મીણ, ગળો, ઉપલસરી, રાળ, સૈંધવ, અને રતાજળીના કલ્કથી, પકાવેલા મહાપિંડ તૈલથી ફાટેલુ તથા ગળતું ભયકર વાતરક્ત, ચર્મદળ, ખસ વગેરે ચામડીના દોષો, વિપાદિકા, કોઢ, અર્શ, વિસર્પ, વ્રણનો સોજો, તથા ભગંદર નાશ પામે છે. વાતરક્તનો કોઇ પણ પ્રબળ-વિકાર એવો નથી, કે જેને આ મહાપિંડ તૈલ બળાત્કારથી નથી મટાડતું

પિંડ તૈલ.

ઉપલસરી, રાળ, મજીઠ, જેઠીમધ, અને મીણના કલ્કો સાથે ચોગણા દૂધમાં પકાવેલ પિંડતૈલ વાતરક્ત ઉપર વપરાય છે.

બીજા પ્રકારનું પિંડ તૈલ

ઉપલસરી, રાળ, જેઠીમધ, અને મીણના કલ્ક સાથે ચોગણા દૂધમાં પકાવેલ એરડિયુ તેલ વાતરક્તને મટાડે છે.

મહાપદ્મક તેલ.

કમળકેસર, જેઠીમધ, હાથલો, પદ્મકાષ્ઠ, નીલકમળ, બળદાણા, કેસુડા, અને રતાજળી એ વીસ વીસ તોલા લેઈ ક્વાથ કરી, તેમા લોદર, કાકોલી, વાળો, જીવક, ઋષભક, નાગકેસર, ઊલર, તમાલપત્ર, પદ્મકેસર, પદ્મકાષ્ઠ, પ્રપૌડરીક, દારૂહળદર, મેદા, જટામાંસી, અને ધઉંલાના એક એક તોલાભાર કલ્કો નાંખીને તેમાં કેસર તોલા બે, મજીઠ તોલા ચાર, એમના કલ્કો પણ નાખીને ૬૪ તોલા સૌવીર નાંખવુ. પછી એ સર્વમા ૬૪ તોલા તેલ પકાવવુ તે મહાપદ્મક તેલ વાતરક્ત અને જ્વરનો નાશ કરે છે.

ખુદ્દાકપદ્મક તેલ.

પદ્મકાષ્ઠ, વાળો, જેઠીમધ, અને હળદરનો ક્વાથ રાળ, મજીઠ, મહાશતાવરી કાકોલી, અને રતાંજળીના કલ્કો નાખીને તેમા પકાવેલ ખુદ્દકપદ્મક તેલ વાતરક્તનો નાશ કરી નાંખે છે.

ગુડૂચી તૈલ

૪૦૦ તોલા ગળોને ૧૦૨૪ તોલા પાણીમાં ક્વાથ કરી ચોથો ભાગ રહે એટલે તેમા ૧૦૨૪ તોલા દૂધ, અને જેઠીમધ, મજીઠ, જીવનીયગણુનાં ઔષધો, કઠ, એળચી, અગર, દ્રાક્ષ, જટામાંસી, થોર, નખલો, નગડનાંબીજ, ગોરખમુંડી, સૂઠ, મરી, સૂવા, પીપર, કાકડાશીંગી, ઉપલસરી, તજ, તમાલપત્ર, અગર, અરણી, સમેરવો, ભોંઆમલી, તગર, નાગકેશર, વાળો, પદ્મકાષ્ઠ, નીલકમળ, અને રતાજળીના કલ્કો એક એક તોલો; એ સર્વમાં ૨૫૬ તોલા તેલ નાંખી ધીરેથી પકાવવું, આ ગુડુચી તૈલ પીવાથી, અભ્યંગથી, પિચકારીથી, વગેરે રીતના સેવનથી ઓતો તથા ધાતુમાં રહેલ વાતરક્તના વિકારો નાશ પામે છે. આ ઉત્તમ ગુડુચી તૈલ ધન, દીકરા, અને સ્ત્રીને ગર્ભ આપે છે. તે વાયુ તથા પિત્તને મટાડે છે. તે પરસેવો, ચળ, વ્યથા, આયામ, માથાનો કંપ, અર્દિત, તથા વ્રણોના વિકારોને મટાડી નાંખે છે.

અમૃતાદ્ય તૈલ.

ગળો, જેઠીમધ, લઘુપંચમૂળ, સાટોડી, રાસ્ના, એરંડમૂળ, અને મળે તેટલાં જીવનીયગણુનાં ઔષધો એ દરેક ચારસો ચારસો તોલા ભાર લેવાં; બળદાણા બે હજાર તોલા ભાર લેવા; બોર, બીલાં, જવ, અડદ, અને કળથી એ દરેક બસોછપન તોલા ભાર લેવા, સૂકેલાં સીવણુનાં ફળો ૧૦૨૪ તોલા ભાર લેવાં, આ સર્વને કુટીને તેનો ૧૦૨૪૦૦ તોલા ભાર પાણીમા ક્વાથ કરતા, પાકીને નરમ થાય ત્યારે ઉતારી ગાળી લેવો. પછી તેને પાછો પકાવી પાણી ૪૦૯૬ તોલા રહે ત્યારે ઉતારવો. પછી તેમાં પાંચગણું દૂધ નાંખવું, તથા બાર બાર તોલા રતાજળી, નાગકેસર, અને વાળાના કલ્કો નાંખવા, તમાલપત્ર, એલચી, અગર, કઠ, તગર, જેઠીમધ, તથા મજીઠના કલ્કો બે બે તોલા નાંખવા. આ સર્વમાં ૧૦૨૪ તોલા ભાર તેલ પકાવવું, આ અમૃતાદ્ય તૈલ વાતરક્ત, ક્ષત, ક્ષીણતા, ભારની પીડા, વીર્યક્ષય, કંપ, પછાડ, ભાંગેલુ, સર્વાંગવાત, અને એકાંગવાત ઉપર ઉપયોગી છે. તેથી યોનિદોષ, અપસ્માર, ઉન્માદ, અને વિષમજ્વર મટી જાયછે; અને સ્ત્રીને ગર્ભ રહેછે.

મૃણાલાદ્ય મિશ્રક.

કમળનાળ, નીલકમળ, કમળકદ, ઉપલસરી, વાળો, નાગકેશર, રતાંજળી, સુખડ, કરિયાતું, કમળબીજ, કસેલાં, કડવી, ઘીસોડી, કડુ, કાળી ઉપલસરી, ગોંદરો નામનું ખડ, ખડસલિયો, અને અરડુસીના કલ્કો નાખીને તૃણપંચમુલના ક્વાથમા બમણા દૂધ સાથે દૂધ તથા ઘી પકાવવાં. આ મૃણાલાદ્ય મિશ્રકની પિચકારી, નસ્ય, અભ્યંગ, તથા તે પીવાથી પિત્તના રોગો મટી જાય છે

ધત્તુરાદ્ય તૈલ

ધંતુરો, અઘેડો, અને માનકદની ભસ્મોના ક્વાથમાં લવીંગ, સૈંધવ, અને રાળના કલ્કો નાંખીને વિધિપૂર્વક પકાવેલ તલનુ તેલ એ કલ્ક સાથે વાપરવાથી ઘણું કરીને વાતરક્ત તથા ઉંદરીને મટાડેછે.

નાગબલા તૈલ

૪૦૦ તોલા નાગબલાનો ૧૦૨૪ તોલા પાણીમા ક્વાથ કરી ચોથો ભાગ પાણી રહે તે ગાળી લેઇને, તેમા તગર અને જેઠીમધના કલ્કો વીસ વીસ તોલા નાંખીને, બકરીના

ચોગણા દુધ સાથે ૨૫૬ તોલા તેલ પકાવવુ અશ્વિની કુમારોએ કહેલા આ નાગબલા તેલની પિચકારી મારવાથી વધી ગયેલુ વાતરક્ત સાત રાત્રીમાં મટી જાય છે, અને તે તેલ પીવાથી વાતરક્ત દશ દિવસમા મટી જાય છે

જીવકાદ્ય મિશ્રણુ.

જીવક, ઋષભક, કકોડી, ખપાટ, શતાવરી, જેઠીમધ, ગળો, કાકોલી, ક્ષીર કાકોલી, જગલી મગ, જગલી અડદ, સાટોડી, દશમુળ, બળદાણા, હરડે, વિદારીકદ, આસોદ, અને પાષાણભેદના કલ્કો નાખીને તેમનાજ કવાથમાં ચોગણા દુધ સાથે મળી શકે તેટલા પ્રતુદ અને વિષ્કિરોના માંસ, ચરબી, અને મજ્જા નાખીને તેમાં ઘી તથા તેલને પકાવવા, આ જીવકાદ્ય મિશ્રક વાતરક્ત તથા દેહમા રહેલા સર્વ ભયકર વાતરોગોને હણી નાખે છે.

શતપાકબલા તૈલ.

બળદાણાના કવાથમા તેનોજ કલ્ક નાખીને ચોગણા દુધ સાથે તેલ પકાવવુ, પાકયા પછી બીજીવાર એજ રીતે પાછુ પ કાવવુ. એ રીતે સોવાર પકાવ્યાથી શતપાક બલાતૈલ થાયછે, તે ભાગ્ય વધારી પુત્ર આપે છે, વીર્ય વધારી વીર્યના રોગો તથા યોનિ વિકારોને હણેછે. વાયુ, પિત્ત તથા વાયુના સર્વ રોગોનો નાશ કરે છે.

મધુકાદ્ય તૈલ.

૪૦૦ તોલા જેઠીમધનો કવાથ કરી ચોથો ભાગ રહે એટલે તેમાં સુવા, શતાવરી, પીલુડી, વિદારીકદ, અગર, રતાંજળી, સમેરવો, હસરાજ, જટામાસી, મેદા, મહામેદા, ગળો, કાકોલી, ક્ષીરકાકોલી, ભોંયઆમલી, ઋદ્ધિ, પદ્મકાષ્ઠજીવક, ઋષભક, ખરખોડી, તજ, તમાલ પત્ર, નખલો, વાળો, પ્રપૌંડરીક, મજીઠ, ઉપલસરી, આસોદરો, અને મોરશુશુના ચાર ચાર તોલા કલ્કો નાખીને તેમા ૨૫૬ તોલા દુધ તથા ૨૫૬ તોલા તેલ નાખીને પકાવવું આ મધુકાદ્ય તૈલથી બળ તથા કાતિ પ્રાપ્ત થાય છે, અને વાતરક્ત, પિત્ત, દાહ, તથા જવરનો નાશ થાયછે

શતપાક મધુકતૈલ.

ચાર તોલા જેઠીમધના કલ્ક નાખીને ચોગણા દુધમા ૬૪ તોલા તેલ પકાવી, એ રીતે બીજીવાર પકાવવુ, એમ સોવાર પકાવ્યાથી શતપાક મધુક તેલ થાય છે, તે ભાગ્ય વધારી પુત્ર આપેછે; તથા વાતરક્ત શ્વાસ ઉધરસ, કમળો, અને દાહને મટાડે છે એ તેલ ત્રણે દોષોના પ્રકોપોમા પણ અપાયછે.

સહસ્રપાક બલાતૈલ.

બળદાણાના કવાથમા તેનાજ કલ્ક સાથે એટલુજ દુધ નાખીને તેમા તેલ પકાવવુ, એમ એક હજાર વાર એજ રીતે પકાવવાથી સહસ્રપાક બલાતૈલ થાય છે, તે વાયુ, રક્તદોષો, વાતરક્ત, તથા વીર્ય દોષને મટાડે છે. તે ઉત્તમ રસાયન છે, તથા ઇદ્રિયોને શુદ્ધ કરે છે. જીવનને વધારે છે, ધાતુઓને પુષ્ટ કરે છે, અને સ્વરને સુધારે છે.

પુનર્નવા ગુગ્ગુલુ.

૪૦૦ તોલા સાટોડીનાં મૂળ, ૪૦૦ તોલા એરડાનાં મૂળ, અને ૬૪ તોલા સુઠનો ૧૦૨૪ તોલા પાણીમા કવાથ કરી, અઠમો ભાગ પાણી રહે ત્યારે તેને ગાળીને તેમા ૩૨ તોલા ગુગળ પકાવવો. તે પાકતો હોય

તેવામા તેમા ૧૬ તોલા એરડિયુ તેલ, ૨૦ તોલા નસોતરનુ ચૂર્ણ, ચાર તોલા નેપાળાનુ ચૂર્ણ, દશ તોલા ગળોનુ ચૂર્ણ, અને ચાર ચાર તોલા હરડે, બેડા, આમળા, સુઠ, મરી, પીપર, ચિત્રક, સૈંધવ, ભીલામો, વાવડીંગના ચુર્ણો, તથા એક એક તોલા ભાર સોનામખી તથા સાટોડીના ચુર્ણો નાખીને ઉતારી લેઈ ટાઢો પાડવો તેમાથી એક એક તોલો ખાવાથી વાતરક્ત, સાત પ્રકારની વધરાળ, ગૃધ્રસી, પીંડીનુ દરદ, સાથળ તથા પીઠ અને ઢાઢામાંનો તથા મૂત્રાશયમાંનો વાયુરોગ, તથા બળવાન્ આમવાત અવશ્ય મટી જાય છે.

શર્કરાસમ ગુગ્ગુલુ

જવખાર, દેવદાર, સૈંધવ, મોથ, એલચી, વજ, અજમા, સૂઠ, મરી, પીપર, અજમોદ, હળદર, હરડે, બેડા, આમળા, જીરૂ, શાહજીરૂં, વાવડીંગ, અને ચિત્રકના ચૂર્ણમા વીશ વીશ તોલા ગૂગળ તથા સાકર મેળવી દેઇને ગરમ ઘીમા તે નાખવુ જેમ ઇંદ્રના હાથથી છૂટેલ વજ્ર મહા પર્વતોને તોડી નાખેછે, તેમ આ શર્કરાસમગુગ્ગુલુ વાતરક્ત, ભગદર, ઉદરરોગો, બરલ, ક્ષય, વિષમજ્વર, ઝેર, શ્વિત્ર, સર્વ જાતના વ્રણો, દારૂણ ચિત્તવિભ્રમરોગ, ગૃધ્રસી, અર્શ, મહાગ્નિ, અને કોઠામાના મહા રોગને તોડી નાખે છે અશ્વિનીકુમારોએ બનાવેલી આ ગૂગળની ગોળીરૂપી રસાયનના સેવનથી સર્વ કાળ નિર્બાધ સુખ મળે છે એમા અન્નપાનની કંઈ પરહેજીની જરૂર નથી. હીન કોઠાવાળાએ ચાર માસા, મધ્યમ કોઠાવાળાએ આઠ માસા, અને ઉત્તમ કોઠાવાળાએ બાર માસા આ ગૂગળ ખાવો. ગૂગળ સંસન તથા ભારે છે, માટે તે ખાવાનો આ ક્રમ છે.

અમૃતાગુગ્ગુલુ.

ગળો ૬૪ તોલા, ગૂગળ ૩૨ તોલા, હરડે ૬૪ તોલા ૬૪ તોલા બેડા, અને ૬૪ તોલા આમળા, એઓનો કવાથ કરી ચોથો ભાગ પાણી રહે એટલે ગાળીને પાછો અગ્નિ ઉપર ચઢાવવો ઘાટો થાય ત્યારે તેમા નેપાળો, સૂઠ, મરી, પીપર, વાવડીંગ, ગળો, હરડે, બેડા, આમળા, અને તજના ચૂર્ણો બે બે તોલા, અને એક એક તોલો નસોતરનુ ચૂર્ણ નાખી પાકી જાય એટલે હેઠે ઉતારી જરા ગરમ હોય ત્યારે ગૂગળને ઢાળી દેવો પછી અગ્નિના બળ પ્રમાણે તેમાથી એક તોલો ખાવો, તેથી વાતરક્ત, કોઢ, અર્શ, મદાગ્નિ દુષ્ટવ્રણો, પ્રમેહો, આમવાત, ભગંદર, નાડીવ્રણ, ઊરૂસ્તભ, અને સોજા મટી જાયછે

બીજા પ્રકારનુ અમૃતાગુગ્ગુલુ.

૧૯૨ તોલા ગળો, ૬૪ તોલા ગૂગળ, ૬૪ તોલા હરડા, ૬૪ તોલા બેહેડા, ૬૪ તોલા આમળા, અને ૬૪ તોલા સાટોડીનો કવાથ કરી ચોથો ભાગ પાણી રહે એટલે ગાળીને પાછુ અગ્નિપર ચઢાવવુ ઘાટો થાય ત્યારે તેમા નેપાળાના તથા ચિત્રકનાં મૂળો, પીપર, સૂઠ, ત્રિફળા, ગળો, તજ, અને વાવડીંગ બે બે તોલા ભાર, તથા નસોતર એક તોલો નાખી સર્વ પાકી જાય એટલે ઉતારી ગુગળને ઢાળી દેવો આ અમૃતાગુગળ વિશેષે કરીને અમ્લપિત્તવાળાએ અગ્નિના બળ પ્રમાણે ખાવો અશ્વિની કુમારોએ બનાવેલ આ ગુગળ વાતરક્ત, કોઢ, અર્શ, મંદાગ્નિ, દુષ્ટવ્રણ, પ્રમેહ, આમવાત, ભગદર, નાડીવ્રણ, ઊરૂસ્તભ, સોજા, તથા સર્વ રોગોને મટાડે છે

નવો તથા જૂનો ગુગળ

સ્નિગ્ધ, સોનાના જેવી તથા પાકેલા જાંબુના જેવી સુગંધવાળો અને ચીકણો ગુગળ નવો જાણવો, તથા સૂકાયલો, દુર્ગંધ વાળો, અને રંગ બદલાઇ ગયો હોય તે ગુગળને જૂનો જાણવો. રોગીને જૂનો ગુગળ આપવો નહિ.

ચંદ્રપ્રભા ગુટિકા

વાવડીંગ, ચિત્રક, સૂંઠ, મરી, પીપર, હરડે, બેડા, આમળા, દેવદારૂ, ચવક, કરિયાતુ, પીપરીમૂળ, મોથ, કચુકો, વજ, સોનામુખી, સૈંધવ, જવખાર, હળદર, દારૂહળદર, ધાણા, ગજપીપર, અને અતિવિષના ચૂર્ણો, એક એક તોલો, ૩૨ તોલા શિલાજિત, આઠ તોલા શુદ્ધ ગુગળ, મંડુર આઠ તોલા, ૧૬ તોલા સાકર, નસોતર, નેપાળો, તજ, તમાલપત્ર, તથા એલચીના ચૂર્ણો ચાર તોલા ભાર, આ સર્વની ગોળી બનાવવી આ ચદ્રપ્રભા ગોળી જ્વર, અતિસાર, ગ્રહણીના રોગો, છ પ્રકારના અર્શો, ભગદર, કમળો, તથા પાંડુરોગને મટાડે છે, અગ્નિને તે બહુજ વધારે છે, ત્રણે દોષોના રોગો, નાડીવ્રણ, ક્ષત, ક્ષય, ગૃધ્રસી, ક્ષતનો ક્ષય, પ્રબળ હાથી જેવો પ્રમેહ, વીર્યક્ષય, પથરી, મૂત્રકૃચ્છ્ર, વીર્યપ્રવાહ, અને ઉદરરોગોને પણ તે સારા કરે છે પ્રસન્ન થયેલા શકરનુ પૂજન કરીને ચદ્રમાએ આ ઉત્તમ ગોળી મેળવી છે, તે ખાનારાને અન્ન, પાન, મૈથુન, ટાઢ, તડકો, પવન, એ કશાની પરહેજી રાખવાની જરૂર નથી જમ્યા પહેલા ઘાટી છાશ, મસ્તુ, બકરીના માંસનો રસ, જગલી પ્રાણીના માંસનો રસ, દૂધ, કે ટાઢા પાણીના અનુપાનથી હમેશા આ ગોળી ખાવી, તેથી વીર્યના આઠે પ્રકારના દોષો, વીશે પ્રકારના પ્રમેહો, વળીયાં પળીયા વગેરે મટે છે, અને વૃદ્ધ પણ જુવાન જેવો થઇ જાયછે.

કૈશોરક ગુગ્ગુલુ.

ઉત્તમ પાડાના નેત્ર તથા પેટના જેવા વર્ણવાળો ઉત્તમ ગુગળ ૬૪ તોલા, તથા ચોસઠ ચોસઠ તોલા હરડે, બેહેડાં, આમળાં; અને ૩૨ તોલા ગળો, એ સર્વનો ક્વાથ કરવો અરધુ પાણી બળી જાય ત્યાં સુધી તેને હલાવ્યા કરવુ. પછી ઉતારી વસ્ત્રથી ગાળીને પાછો લોઢાના વાસણમાં નાંખીને અગ્નિ ચઢાવવો. ઘાટો થાય એટલે ઊતારી ટાઢો પાડીને તેમાં બે બે તોલા હરડે, બેહેડાં, આમળા, છ છ તોલા સૂઠ, મરી, પીપર, બે તોલા વાવડીંગ, એક એક તોલો નસોતર તથા નેપાળો, અને ચાર તોલા ગળોના ચૂર્ણો મેળવી દેવાં કોઇ રીતની આહાર વિહારની પરહેજી નહિ રાખતાં આ કૈશોરક ગુગળ યુષ, દૂધ કે સુગંધી જળના અનુપાન સાથે ખાવાથી એક, બે, કે ત્રણે દોષોનુ, શરીરને રોકનારૂં, ભાગેલું, ઝરતું, સૂકાયલુ ગોઠવણ સુધી ફાટેલું, અને લાંબા કાળનુ વાતરક્ત પણ નાશ પામે છે. આ ગુગળ વ્રણ, ઉધરસ, કોઢ, સોજા, ઝેર, પાંડુરોગ, પ્રમેહ, મંદાગ્નિ, મળબંધ, અને પ્રમેહની ફોલ્લીઓને તુરત મટાડી દે છે. એટલુજ નહિ, પણ હમેશાં તેનુ સેવન કરવાથી લાંબે કાળે સઘળા દોષોને મટાડીને, તથા વૃદ્ધાવસ્થાનો પરાભવ કરીને યુવાવસ્થા જેવું રૂપ આપે છે. ક્વાથનુ પાણી ૫૧૨ તોલા લેવુ, અને ગુગળનો પાક વિશેષે કરીને ગોળ જેવો કરવો.

ત્રિફલા ગુગ્ગુલુ.

ત્રિફળા, અતિવિષ, દેવદાર, દારૂહળદર, મોથ, ફાલસાં, ખેર, આસોંદરો, કરજ, ગળો, ગરમાળો, કરિયાતું, લીમડો, કડુ, ઇંદ્રજવ, અને એરંડોચલાં સમભાગે લેઇ, તેનો આઠગણા પાણીમાં કવાથ કરી અરધુ પાણી રહે એટલે તેને વસ્ત્રથી ગાળીને તેમા ગળોનુ ચૂર્ણ નાખીને નવા વાસણમાં આખી રાત રાખવું પછી તેમાં રતાજળીનુ ચૂર્ણ નાખી ગાળી લેઇને એ છગણા પાણીથી સાત દિવસ સુધી શિલાજિત તથા ગુગળને ભાવના આપી દેવી, પછી તેમાં અથાણાનુ પાણી ૩૨ તોલા, અને ચાર ચાર તોલા સોનામુખીનુ ચુર્ણ, મધ, અને ઘી મેળવીને તે ગુગળ ત્રિફળાનુ પાણી, મગનો પાતળો યુષ, અથવા જગલી પ્રાણીના માંસના રસ સાથે ચાટવો, તે જીર્ણ થયા પછી રોગ તથા પ્રકૃતિને અનુસરીને સસ્કાર આપેલા રસો તથા યુષોની સાથે જુના રાતાચોખા કે સાઠીચોખા ખાવા આ ત્રિફલા ગુગળ એકવીસ દિવસ ખાવાથી મહાદારૂણ વાતરક્ત, કોઢ, અને વ્રણ, એને બળથી તુરત નષ્ટ કરી દેછે, અને ભાગેલા શરીરને સાંધી દેછે

સિંહનાદ ગુગ્ગુલુ.

બાર બાર તોલા હરડે, બેહેડા, આમળાના ચૂર્ણોનો કવાથ કરીને તેમાં ચાર તોલા ગધક, બાર તોલા ગુગળ, અને સોળ તોલા એરંડિયુ તેલ નાંખી સર્વને લોઢાના વાસણમાં પકાવવાં, આ સિંહનાદ ગુગળ વાત, પિત્ત, કફ, ખજતા, પંગુતા, માંડ મટે તેવો શ્વાસ, પાચ પ્રકારની ઉધરસો, કોઢ, ગુલ્મ, શુળ, ઉદરરોગો, અને વૈદ્યોએ છોડી દીધેલા આમવાતને પણ મટાડે છે હમેશા આ ગુગળ સેવવાથી વૃદ્ધાવસ્થા તથા ધોળા કેશનો નાશ થાય છે. આ ગુગળ ઉપર ઘી, તેલ, અને માસરસ સહિત રાતા ચોખા કે સાઠી ચોખાનું પથ્ય ભોજન કરવુ. રોગોરૂપી હાથીઓના ગર્વને તોડનાર આ સિંહનાદ નામે પ્રખ્યાત ગુગળ પુરૂષના જઠરાગ્નિને પ્રદીપ્ત કરેછે, અને તે મહાદેવજીએ બનાવેલો છે

બીજા પ્રકારનો સિંહનાદ ગુગ્ગુલુ

૩૨ તોલા ગુગળ, ૧૨૮ તોલા હરડે, ૧૨૮ તોલા બેહેડા, અને ૧૨૮ તોલા આમળાનો ૨૦૪૮ તોલા પાણીમા કવાથ કરી ચોથો ભાગ પાણી રહે એટલે તેમા નસોતર, નેપાળો, સુંઠ, મરી, પીપર, ભોંઆમલી વાવડીંગ, મોથ, ત્રિફળા, ગળો, કડવુ સુરણ, વજ, બટેટા માનકદ, ગંધક, અને પારો. એમના બે બે તોલા ભાર ચુર્ણો નાખીને ફરીથી પકાવવો પાકી ગયા પછી તેમાં ધતુરાના ૧૦૦૦ ડોડવાનુ ચૂર્ણ નાખવુ. આ સિંહનાદ ગુગળમાથી બાર રતિ ભાર ઉના પાણી સાથે ખાવાથી અર્શો, વિષમજ્વર, પ્રમેહ, કોઢ, ભગદર, મેદોરોગ, તથા વાયુ અને કફના રોગો હણાઈ જાયછે આ ગુગળ ખાવાથી બળતરા, અતિસાર, કે કોઇ બીજો વિકાર જણાય તો ખાટી છાશ તથા ભાત ખાવો, શરીર ચોળવું, ટાઢે પાણીએ ન્હાવુ, તથા સુઇ જવુ, તે હિતકારી છે આ ગુગળથી બહુ રેચ લાગે છે, માટે બુદ્ધિમાન વૈદ્યે રોગીના બળને અનુસરીને બાર રતિની કે તેથી પણ ઓછી માત્રા આપવી. ધતુરાના ડોડવાને પ્રથમ પાણીથી, પછી આરનાલથી, અને પછી ગાયના દુધથી પકા-

વીને શુદ્ધ કરવાં, અને પછી તેનું ચુર્ણ વાપરવું, એમ પકાવવાથી તે ડોડવા શુદ્ધ થાયછે

સિંહનાદ ગુગ્ગુલુ.

૩૨ તોલા ગુગળ, તથા ચોસઠ ચોસઠ તોલા ભાર હરડે, બેડાં, આમળાં ૩૨ તોલા ભાર સરસિયુ તેલ, એ સર્વનો ૧૫૩૬ તોલા પાણીમા ક્વાથ કરી ચોથો ભાગ રહે એટલે ગાળી લેઇને ફરીથી તેને અગ્નિ ઉપર ચઢાવી દેઇને તેમા ત્રિકટુ, ત્રિફળા, મોથ, વાવડીંગ, આમળા, ગળો, ચિત્રક, નસોતર, નેપાળો, વજ, સુરણ, માનકદ, કસ્તુરી, રસવંતી, અને પારાના બે બે તોલા ચૂર્ણો નાખવા. પાકી ગયા પછી તેમાં જળ, આરનાલ, અને ગાયના દુધથી પકાવીને શુદ્ધ કરેલા ધંતુરાનાં એક હજાર ડોડવાનું ચૂર્ણ નાંખવુ આ સિંહનાદ ગુગળ ઉના પાણીમા બાર રતિ ભાર ખાવો. એથી જઠરાગ્નિ વડવાનળ જેવો પ્રદીપ્ત થાયછે. ધાતુઓ, જીવન, અને બહુ ઝાઝું બળ વધેછે આમવાત, માથાનો વાયુ, ગ્રંથિવાત, ભગંદર, ગોઠણ કે પીંડીમાનો વાયુ, કમરનુ ઝલાઇ જવુ, પથરી, મૂત્રકૃચ્છ્ર, ભ્રમ, તિમિર, ઉદર રોગો, અમ્લપિત્ત, કોઢ, પ્રમેહ, આમણ, ઉધરસ, પાંચ જાતનો શ્વાસ, ક્ષય, વિષમજ્વર, બરલનો રોગ, શ્લીપદ, ગુલ્મ, પાંડુરોગ, કમળો, સોજા, અંત્રવૃદ્ધિ, શૂળ, અને અર્શો, આ ગુગળથી નષ્ટ થાયછે. મેદ, કફ, અને આમના રોગોરૂપી હાથીઓના મદને જીતનારો આ સિંહનાદ ગુગળ નામનો પ્રખ્યાત અમૃતયોગ છે, તે વૈદ્યોએ છોડી દીધેલા અસાધ્ય રોગો ઉપર વિજય મેળવેછે. અને તે દડપાણીએ કહેલો છે.

યોગસારામૃત.

શતાવરી, નાગબલા, વરધારો, ભોયઆમલી, સાટોડી, ગળો, પીપર, આસોદ, અને ગોખરૂ આળીસ તોલા ભાર લેઈ બારીક ચૂર્ણ કરી તેમાં અરધો અરધ સાકર મેળવવી. પછી ખુબ મર્દન કરીને ૧૨૮ તોલા મધ અથવા ૬૪ તોલા ઘીમાં મેળવવું. પછી ચાર ચાર તોલા તજ, તમાલપત્ર અને એલચીનુ ચૂર્ણ મેળવીને તે મજબુત વાસણમાં વૈદ્યે રાખી મૂકવું. પોતાના અગ્નિના બળ પ્રમાણે માણસે આ યોગસારામૃત તથા મન ગમતા અન્નપાન ખાવાં લક્ષ્મી તથા કીર્તિને વધારનાર આ યોગસારામૃત વાતરક્ત, ક્ષય, કોઢ, કૃશતા, પિત્ત તથા રૂધિરના રોગો, તથા ત્રણે દોષોથી થતા બીજા પણ સર્વ રોગોનો તુરત નાશ કરી દેઇને પુરુષને વળીયા પળિયાથી રહિત કરેછે, તર્કશક્તિ તથા સ્મરણશક્તિ સહિત શોભાયમાન તથા ભાગ્યશાળી કરેછે, અને તેને પાચસો વર્ષના આયુષ્યવાળો કરેછે.

વાતરક્તમાં પરહેજી.

વાતરક્તવાળાએ કસરત, મૈથુન. ક્રોધ ઉષ્ણતા, ખાટુ ખારૂં ખાવું, દિવસનું સૂવું, અને શરદી કરનાર કે ભારે પદાર્થોનુ સેવન કરવુ નહિ.

॥ इति वातरक्ताधिकार समाप्त ॥

॥ श्रीगणेशाय नमः ॥

॥ अथ भाव प्रकाशस्य मध्यखंडः ॥

भाग ३ जो.

શૂળનો અધિકાર.

શૂળનું પાસેનું નિદાન.

दोषैः पृथक् समस्तामद्वन्द्वैः शूलोऽष्टधा भवेत् । सर्वेष्वेतेषु शूलेषु प्रायेण पवनः प्रभुः ॥

એક એક દોષથી થયેલા, બેબે દોષોથી થયેલ, સર્વ દોષોથી થયેલ, અને આમથી થયેલ, એમ આઠ પ્રકારના શૂળ થાય છે, તે સર્વમાં વિશેષે કરીને વાયુ મુખ્ય હોય છે.

વાતશૂળનું દૂરનું નિદાન તથા લક્ષણ.

व्यायामयानादतिमैथुनाच्च प्रजागराच्छीतजलातिपानात् । कलायमुद्गाढकिकोरदूषादत्यर्थरूक्षाध्यशनाभिघातात् ॥ कषायतिक्तातिविरूढजान्नविरुद्धवल्लूरकशुष्कशाकैः । विड्शुक्रमूत्रानिलसन्निरोधाच्छोकोपवासादतिहास्यभाषात् ॥ वायुः प्रवृद्धो जनयेद्धि शूलं हृत्पृष्ठपार्श्वत्रिकबस्तिदेशे । जीर्णे प्रदोषे च घनागमे च शीते च कोपं समुपैति गाढम् ॥ मुहुर्मुहुश्चोपशमप्रकोपौ विण्मूत्रसंस्तम्भनतोदभेदैः । संस्वेदनाभ्यञ्जनमर्दनाद्यैः स्निग्धोष्णभोज्यैश्च शमं प्रयाति ॥

व्यायामो मल्लयुद्धादि । यान तुरगरथादि । मैथुन स्त्रीसेवा । प्रजागरो रात्रौ । एषामतियोगात् शीतलजलप्रभूतपानात् कलायस्त्रिपुट । आढकी तुवरी कोरदूष कोद्रव अतिरूक्षद्रव्यसेवा अध्यशन मुक्तस्योपरि भोजनम् अभिघातो लोष्टादिभि कषायस्तिक्तरससेवा । विरूढजान्नम् । विरूढमङ्कुरितमन्नम् । कलायचणकादि तज्जमन्नमभक्ष्यम् । वल्लूरक शुष्कमांसम् । तस्य शूलस्य देशमाह । हृदादिषु ॥ तत्र हृच्छूलस्य पृथगपि लक्षण पठन्ति ।

कफपित्तावरुद्धस्तु मारुतो रसवर्द्धितः । हृतस्थः प्रकुरुते शूलमुच्छ्वासस्यावरोधकम् । स हृच्छूल इति ख्यातो रसमारुतकोपजः ॥

कफं निगृह्य पवनः सूचीभिरिव निस्तुदन् । पार्श्वस्थः पार्श्वयोः शूलं कुर्यादाध्मानसंयुतम् ॥ तेनोच्छ्वसिति वक्त्रेण नरोऽन्नश्च न काङ्क्षति । निद्राञ्चनाप्नुयादेव पार्श्वशूलः प्रकीर्त्तितः ॥

संरोधात् कुपितो वायुर्बस्तिं संश्रित्य तिष्ठति । बस्तेरध्वनि नाडीषु ततः शूलो-

ऽस्य जायते ॥ विण्मूत्रवातसंरोधी वस्ति शूलः स उच्यते ।

प्रकृतमनुसरति जीर्णे भुक्ते । प्रदोषे रात्र्यागमे रात्रिभवशीतेन । वातप्रकोपात् । घनागमे वर्षासु मेघोदये च ।

કસરત, ચાલવું, અતિ મૈથુન, જાગરણ, અને અત્યંત શીતળ જળ પીવાથી, તેમજ વટાણા, મગ, તુવેર, કોદરા, તથા અત્યંત રૂક્ષ ભોજન કરવાથી, અભિઘાતથી, તૂરા, કડવા, અતિ વિરૂદ્ધ, તથા ફણગાવાળા અન્ન, સુકું માસ, અને સૂકા શાકથી, વિષ્ટા, વીર્ય મૂત્ર, અને વાયુના વેગને રોકવાથી, તથા શોક, ઉપવાસ, અને અતિ હસવાથી કે બોલવાથી, વાયુ વધીને હૃદય, કમર, પડખા, પીઠ, અને બસ્તિના ભાગોમાં શૂળ ઉત્પન્ન કરે છે. ખાધેલું અન્ન પચ્યા પછી, પ્રદોષકાળે, વર્ષાદના આરંભમા, અને ટાઢમા અત્યત પ્રકોપ થાય છે, ત્યારે શૂળ વારંવાર થાય છે અને મટે છે. તેથી વિષ્ટા અને મૂત્ર રોકાય છે, પીડા થાય છે, અને અંગો ભેદાય છે. શેક વગેરે સ્વેદન, અભ્યંગ, મર્દન, તથા સ્નિગ્ધ અને ગરમ અન્નોથી એ શૂળ શાંત થાય છે.

બીજા ગ્રંથોમાં શૂળના ભેદ પ્રમાણે લક્ષણ કહ્યા છે તે નીચે પ્રમાણેઃ—

હૃદયના શૂળનુ લક્ષણ.

કફ તથા પિત્તથી રોકાયલો અને રસથી વધેલો વાયુ હૃદયમાં ભરાવાથી શ્વાસ રોકાઇ જાય એવું શૂળ ઉત્પન્ન કરે છે. તે રસ અને વાયુના કોપથી થતું હૃદયશૂળ કહેવાય છે.

પડખાંના શૂળનું લક્ષણ.

કફને રોકીને સોઇઓ ભોંકતો હોય એવો પડખાંમાંનો વાયુ આફરા સાથે પડખામાં શૂળ ઉત્પન્ન કરે છે. એથી માણસ માત્ર મોઢેથી ઊંચેથી જ શ્વાસ લેઇ શકે છે, અને જમવાની ઇચ્છા થતી નથી, અને નિદ્રા પણ આવતી નથી, આને પાર્શ્વ શૂળ કહે છે.

મૂત્રાશયના શૂળનું લક્ષણ.

વેગ રોકાવાથી કોપેલો વાયુ બસ્તિમા રહીને મૂત્રાશયની નાડીઓમા શૂળ કરે છે. તેથી વિષ્ટા, મૂત્ર, અને વાયુ રોકાય છે. આ બસ્તિશૂળ કહેવાય છે.

પિત્તશૂળનું દૂરનું નિદાન તથા લક્ષણ.

क्षारातितीक्ष्णोष्णविदाहितैलनिष्पावपिण्याककुलत्थयूषैः । कट्वम्लसौवीरसुराविकारैः क्रोधानलायासरविप्रतापैः । ग्राम्यातियोगादशनैर्विदग्धैःपित्तं प्रकुप्याथ करोति शूलम् । तृष्णोहदाहार्तिकरं हि नाभ्यां संस्वेदमूर्च्छाभ्रमशोषयुक्तम् ॥ मध्यंदिने कुप्यति चार्द्धरात्रे निदाघकाले जलदात्यये च । शीते च शीतैः समुपैति शान्तिं सुस्वादुशीतैरतिभोजनैश्च ॥

निष्पावो राजमाष । सौवीर सन्धानभेद । सुराविकारे 'परिपक्वान्नसन्धानसमुत्पन्ना सुरा मता।' तस्या प्रकारे । रविप्रतापः आतप । ग्राम्यातियोगो मैथुनाधिक्यम् । विदाहीत्युक्त्वापि अशनैर्विदग्धैरिति बोधयति । अविदाहिवस्तुनोऽपि पित्तवशाद्विदाहित्वं भवति । जलदात्यये शरदि । शीतैर्वातादिभि. ॥

ખારાં, અતિ તીક્ષ્ણ, ગરમ, દાહક, તેલ, ચોળા, ખોળ, અને કળથી યૂષોથી, તીખા ખાટા પદાર્થોથી, જવના આથાના પાણીથી, વિકારી મદ્યોથી, તથા ક્રોધ, અગ્નિ, પરિશ્રમ, તડકો, અતિ મૈથુન, અને અત્યંત આમ્યમાંસોથી; પિત્ત પ્રકોપ પામીને શૂળ ઉત્પન્ન કરે છે. તેથી તરશ, મોહ, દાહ, સ્વેદ, મૂર્છા, ભ્રમ, અને શોષ સહિત નાભિમાં પીડા થાયછે. મધ્યાન્હે મધ્યરાત્રીએ ગરમીના દિવસમાં બહુ વર્ષાદમા, તે વધારે કોપે છે શીત કાળમાં અને શીતળ ઉપચારોથી શાંતિ થાય છે, અને શીતળ ભોજનથી શાંત થાય છે.

કફશૂળનું દુરનું નિદાન તથા લક્ષણ.

आनूपवारिजकिलाटपयोविकारैर्मांसेक्षुपिष्टकृशरातिलशष्कुलीभिः । अन्यैर्बलासजनकैरपि हेतुभिश्च श्लेष्मा प्रकोपमुपगम्य करोति शूलम् ॥ हृल्लासकाससदनारुचिसंप्रसेकैरामाशये स्तिमितकोष्ठशिरोगरुत्वैः । भुक्ते सदैव हि रुजं कुरुतेऽतिमात्रं सूर्योदयेऽथ शिशिरे कुसुमागमे च ॥

आनूप बहुलजलदेशज भक्ष्यम् । वारिज शालूकादि ।

पर्क दध्ना समं क्षीरं विज्ञेया दधिकूर्चिका । तक्रेण तत्कूर्चकं स्यात्तस्य पिण्डः किलाटकः ॥

पयोविकारः पायसादिः । पिष्ट माषादि । अन्यैर्गुर्वादिभि. । स्तिमितमार्द्रपटावगुण्ठितमिव यत्कोष्ठ शिरश्च तयोर्गुरुत्वै. सह । सूर्योदय इति । त्रिधा विभक्तदिवसप्रथमभागस्योपलक्षणम् । शिशिरे तत्र कफस्यातिसञ्चयात् । कुसुमागमे वसन्ते ।

બહુ જળવાળા દેશોમાંના અન્નો તથા કમળકંદ વગેરે પદાર્થોથી, માંસ, શેરડી, અડદ, ખીચડી, દુધનાં પદાર્થો, અને તલની પૂરીથી, તથા બીજા પણ કફ કરનારા પદાર્થોથી કફ પ્રકોપ પામીને શૂળ કરે છે. મોળ, ઉધરસ, ગ્લાનિ, અરુચિ, લાળ, તથા આમાશયમાં શૂળ અને માથુ, કોઠો વગેરે ભારે થઇ જાય છે. જમ્યા પછી તુરત પીડા થાય છે, અને સૂર્યોદય, શીતકાળ, તથા વસંત ઋતુના આરંભમાં કફનો સંચય થવાથી પીડા થાય છે.

બબ્બે દોષથી થતા શૂળનાં લક્ષણો.

द्विदोषलक्षणैरेतैर्विद्याच्छूलं द्विदोषजम् ।

બબ્બે દોષોના લક્ષણો ભેળા હોય તો દ્વંદ્વજ શૂળ થયેલુ જાણવું.

ત્રણે દોષથી થયેલા શૂળનાં લક્ષણો.

सर्वेषु देशेषु च सर्वलिङ्गं विद्याद्भिषक् सर्वभवं हि शूलम् । सुकष्टमेनं विषवज्रकल्पं विवर्जनीयं प्रवदन्ति तज्ज्ञाः ॥

सर्वेषु देशेषु हृत्पृष्ठपार्श्वत्रिकबस्तिनाभ्यामाशयेषु । सर्वभवं त्रिदोषजम् ।

હૃદય પીઠ, પડખા, ખભા તથા કટના સંધિયોમાં, મૂત્રાશય, નાભિ અને આમાશય એ સર્વ સ્થળોમા અને સર્વ પ્રકારનાં ચિન્હો હોય તો વૈદ્યે ત્રણે દોષથી થયેલુ શૂળ જાણવુ. એ બહુ પીડા કરનાર, વિષતુલ્ય, વજ્ર જેવુ, અને ચિકિત્સા કરવાને અયોગ્ય છે, એમ વૈદ્યોએ ગણેલું છે.

આમથી થયેલા શૂળનું લક્ષણ.

आटोपहृल्लासवमीगुरुत्वस्तैमित्यकाना-

हृकफप्रसेकैः । कफस्य लिङ्गेन समानलिङ्गमामोद्भवं शूलमुदाहरन्ति ॥

कफस्य कफशूलस्य । आमोद्भवं आमादुद्भवो यस्य त । अन्नामशूले जाते पश्चाद् दोषसम्बन्ध अत एवास्य शूलस्याष्टमत्वमुक्तम् । स च प्रथममामाशये भवति पश्चात् सम्बन्धिभिर्दोषैर्बस्तिनाभिहृत्पार्श्वकुक्षिषु भवति तथा दोषसम्बन्ध ।

वातात्मकं बस्तिगतं वदन्ति पित्तात्मकं चापि वदन्ति नाभ्याम् । हृत्पार्श्वकुक्षी कफसन्निविष्टं सर्वेषु देशेषु च सन्निपातात् ।

हृत्पार्श्वकुक्षी हृत्पार्श्वाभ्यां सहिते कुक्षी । कफसन्निविष्टं कफेनाविष्टम् ।

बस्तौ हृत्कटिपार्श्वेषु सशूलः कफवातिकः । कुक्षौ हृन्नाभिमध्ये तु सशूलः कफपैत्तिकः ॥ दाहज्वरकरो घोरो विज्ञेयो वातपैत्तिकः ।

अतिमात्रं यदा भुक्तं पावके मृदुतां गते । स्थिरीकृतन्तु तत्कोष्ठे वायुरावृत्यातिष्ठति ॥ यदान्नं न गतं पाकं तच्छूलं कुरुते भृशम् । मूर्च्छाध्मानं विनाहांश्च हृल्लेसं सविलम्बिकम् ॥ कम्पं वान्तिमतीसारं प्रमेहं जनयेदपि । अविपाकोद्भवं शूलमेतमाहुर्मनीषिणः ॥ अविपाकोद्भव आमोद्भवमित्यर्थः ।

આફરો, મોળ, ઉલટી, ભારેપણું, દુઃખારો, પેડુનું ચઢવું, અને કફની લાળ, તેમજ તમામ કફના જેવાં જ ચિન્હો થાય, તેને આમશૂળ કહે છે. આમશૂળ થયા પછી તેમાં દોષોનો સંબંધ થવાથી તેના નીચે પ્રમાણે ભેદ થાય છે.

આમશૂળના સ્થાન ભેદ.

વાતશૂળ બસ્તિમાં, પિતશૂળ નાભિમાં, અને કફશૂળ હૃદય, પડખા, તથા પેટમાં થાય છે. ત્રિદોષ શૂળ એ સર્વ સ્થાનોમાં થાયછે. કફનુ તથા વાયુનું શૂળ બસ્તિ, હૃદય, કમર, અને પડખામાં થાય છે. કફનું તથા પિત્તનું શૂળ ઉદર, હૃદય, અને નાભિમાં થાય છે. વાયુનું તથા પિત્તનું શૂળ ભયંકર દાહજ્વર ઉત્પન્ન કરે છે.

આમશૂળના વિશેષ લક્ષણો.

બહુ ખાવાથી જઠરાગ્નિ મંદ પડી જાય ત્યારે કોઠામાં વાયુ સ્થિર થઇને ચારે તરફ વીંટી લઇને રહે છે, તેથી અન્ન પચતું નથી. તેથી બહુ શૂળ થાય છે, તેથી મૂર્ચ્છા, આફરો, પેડુનો વાયુ, હૃદયમાં પીડા, વિલંબિકા (એક જાતનો કોલેરા), કંપ, ઉલટી, અતિસાર, અને પ્રમેહ ઉત્પન્ન કરે છે. વિદ્વાનોએ તેને નહિ પચવાથી થતું શૂળ કહેલું છે.

શૂળના ઉપદ્રવો.

वेदनातितृषा मूर्च्छा आनाहो गौरवारुची । कासः श्वासो वमिर्हिक्का शूलस्योपद्रवाः स्मृताः ॥

અત્યંત વેદના, તૃષા, મૂર્ચ્છા, પેડુનુ ચઢવું, ભારે પણું, અરૂચિ, ઉધરસ, શ્વાસ, અને હેડકી, એટલા શૂળના ઉપદ્રવો છે.

શૂળની સાધ્યાસાધ્યતા.

एकदोषानुगः साध्यः कृच्छ्रसाध्यो द्विदोषजः । सर्वदोषान्वितो घोरस्त्वसाध्यो भूर्युपद्रवः ।

એકેક દોષનું શૂળ સાધ્ય છે, અને ત્રિદોષ જ શૂળ અસાધ્ય હોઈ ઘણા ઉપદ્રવો કરે છે.

શૂળનું અરિષ્ટ.

वेदनातितृषा मूर्च्छा अनाहो गौरवं ज्वरः । भ्रमोऽरुचिः कृशत्वं च बलहानिस्तथैव च ॥ उपद्रवा दशैवैते यस्य शूलेषु नास्ति सः ।

વેદના, અતિ તરશ, મૂર્ચ્છા, મળબંધ, ભારેપણું, ગૌરવ, જ્વર, ભ્રમ, અરૂચિ, કૃશતા, અને નિર્બળતા, આ દશ ઉપદ્રવો, જે શૂળવાળાને હોય તે કદી જીવતો નથી.

પરિણામ શૂળનાં નિદાન તથા લક્ષણ.

स्वैर्निदानैः प्रकुपितो वातः सन्निहितो यदा । कफपित्ते समावृत्य शूलकारी भवेद्बली ॥ भुक्ते जीर्यति यच्छूलं तदेव परिणामजम् । स्वैर्निदानैरित्यादिना निदानपूर्विका सम्प्राप्तिरुक्ता । भुक्ते जीर्यतीत्यादिना लक्षणमुक्तम् समावृत्य व्याप्य ॥

तस्य लक्षणमप्येतत् समासेनाभिधीयते। आध्मानाटोपविण्मूत्रविबन्धारातिवेपनैः । स्निग्धोष्णोपशमप्रायं वातिक तद्वदेद् भिषक् ॥ तृष्णादाहारतिस्वेदकट्वम्ललवणोत्तरम्। शूलं शीतशमप्रायं पैत्तिक लक्षयेत् बुधः ॥ छर्दिहृल्लाससंमोहस्वल्परुक् दीर्घसन्ततिः । कटुतिक्तोपशान्ति च विज्ञेयं च कफात्मकम्॥ संसृष्टलक्षणं बुद्धा द्विदोषं परिकल्पयेत् ॥ त्रिदोषजमसाध्यं स्यात् क्षीणमांसबलानलम्॥

પોતાના નિદાનોથી કોપ પામેલો પાસે રહેલો બળવાન વાયુ જ્યારે કફ અને પિત્તમા વીંટાય છે, ત્યારે તે બળવાન શૂળ કરે છે. એ શૂળ ખાધેલુ પચવા વખતે થાય છે. તેને પરિણામ શૂળ કહે છે. તેનાં લક્ષણો પણ અત્ર ટુકામા કહેવાય છે. આફરો, ગડગડાટ, વિષ્ટા મૂત્ર બધ થવાં, અણુગમો, અને કંપ થાયછે સ્નિગ્ધ અને ઉષ્ણ પદાર્થોથી ઠીક થાય છે, તેને વાયુનું શૂળ કહે છે. તરશ, દાહ, અણુગમો, પરસેવો, તીખુ, ખાટું અને ખારૂ ગમે અને શીતળતાથી ઠીક થાય, તેને પિત્તનું શૂળ કહે છે ઉલટી, મોળ, મોહ, થોડી પીડા, લાંબો વખત ટકે તથા તીખા કડવા પદાર્થોથી ઠીક થાય, તેને કફનુ શૂળ કહે છે. બે દોષોનાં લક્ષણો હોય તો દ્વંદ્વજ, અને ત્રણે દોષનાં લક્ષણવાળાને ત્રિદોષજ શૂળ કહે છે. ત્રિદોષજ શૂળ અસાધ્ય હોઇને માંસ, બળ તથા અગ્નિને ક્ષીણ કરી નાંખે છે.

અન્નદ્રવ શૂળનું લક્ષણ.

जीर्णे जीर्यति चाप्यन्ने यच्छूलमुपजायते। पथ्यापथ्यप्रयोगेण भोजनाभोजनेन वा ॥ न शमं याति नियमात्सोऽन्नद्रव उदाहृतः । नेद शूलमसाध्य चिकित्साभिधानात् ॥

અન્ન પચતી વેળા તથા પચી ગયા પછી જે શૂળ નીકળે છે, તથા પથ્ય અપથ્ય ભોજન, કે અભોજન, એ સર્વથી તે શાંત થવાનો કઈ નિયમ રહેતો નથી, તે અન્નદ્રવ શૂળ કહેવાય છે

શૂળની ચિકિત્સા.

वमनं लङ्घनं स्वेदः पाचनं फलवर्तयः । क्षारश्चूर्णानि गुटिकाः शस्यन्ते शूलशान्तये॥ विज्ञाय वातशूलं तु स्नेहस्वेदैरुपचरेत् । स्वल्पशूलाकुलस्य स्यात् स्वेद एव सुखावहः ॥ मृत्तिका सजलां पाकाद्घनीभूतां पटे क्षिपेत् । कृत्वा तत्पोटलीं शूली यथा स्वेदं विधापयेत् ॥ मृत्तिकास्वेदः ॥

कर्पासास्थि कुलत्थकातिलयवैरेरण्डमूलातसी वर्षाभुश्च बीजकाञ्जिकयुतैरेकीकृतैर्वा पृथक्। स्वेदः स्यादथ कूर्परोदरशिरः स्फिग्जानुपादाङ्गुली गुल्फस्कन्धकटीरुजो विजयते निःशेषवातार्तिहा ॥

इति कार्पासास्थ्यादिस्वेद ।

तिलैश्च गुटिकां कृत्वा भ्रामयेज्जठरोपरि। शूलं सुदुस्तरं तेन शान्तिं गच्छति सत्वरम्। नाभिलेपाज्जयेच्छूलं मदनं काञ्जिकान्वितम् ॥ मदन मयनफल ।

विश्वमेरण्डजं मूलं क्वाथयित्वा जलं पिबेत् । हिङ्गुसौवर्चलोपेतं सद्यः शूलनिवारणम् ॥ गुडं शालिर्यवक्षारः सर्पिःपानं विरेचनम् । जाङ्गलानि च मांसानि भेषजं पित्तशूलिनाम् ॥ मणीरजतताम्राणा भाजनानि गुरूणि च । तोयेन परिपूर्णानि शूलस्योपरि धारयेत् ॥ विरेचनं पित्तहरं प्रशस्तं रसाश्च शस्ताः शशलावकानां । सगुडां घृतसंयुक्ता भक्षयेत् वा हरितकीम् । प्रलिह्याच्छूलशान्त्यर्थं धात्रीचूर्णं समाक्षिकम् ॥ शाल्यन्नं जाङ्गलं मासमरिष्टं कटुकीरसम् । मधुना जीर्णगोधूमं कफशूले प्रयोजयेत् ॥ अरिष्ट भेषजवारिकाथसिद्ध मद्यम ।

लवणत्रयसंयुक्तं पञ्चकोल सरामठम् । ससुखोष्णाम्बुना पीत कफशूलप्रणाशयेत् । आमशूले क्रिया कार्या कफशूलप्रणाशिनी ॥ सेव्यमामहरं सर्वमग्नेर्मन्दस्य वर्द्धनम् । तीक्ष्णायाश्चूर्णसंयुक्तं त्रिफलाचूर्णमुत्तमम् ॥ प्रयोज्यं मधुसर्पिर्भ्यां सर्वशूलनिवारणम् ।

तीक्ष्णायाश्चर्ण राजिकादिचूर्णम् ।

दारुहैमवती कुष्ठशताह्वाहिङ्गुसैन्धवैः । अम्लपिष्टैः सुखोष्णैश्च लिम्पेच्छूलयुतोदरम् । मूलं बैल्वं तथैरण्डं चित्रकं विश्वभेषजम् । हिङ्गुसैन्धवसंयुक्तं सद्यः शूलनिवारणम् ॥

वातरोगान्तर्गताध्मानचिकित्सायां लिखितो नाराचनामा रसोऽन्यत्र विरेचन शूले हितम् ।

कूष्माण्डं तनुकृत्वा तु क्षिप्त्वा घर्मे विशोषयेत् । स्थाल्यां निक्षिप्य तत् सर्वं पिधानेन पिधाय च ॥ चुल्ल्यां निवेश्य वह्निं च ज्वालयेत् कुशलो जनः । यथा तत्र भवेद्भस्म किन्त्वङ्गारो दृढो भवेत् ॥ तदा निर्वापयेच्छीतं सर्वथा चूर्णितन्तु तत् । माषद्वयमितं तावत् शुण्ठीचूर्णेन मिश्रितम् । जलेन भक्षयेन्नित्यं महाशूलाकुलो नरः ॥ असाध्यमपि यच्छूलं तदप्येतेन शाम्यति ॥

इति कूष्माण्डक्षारः ।

लङ्घनं प्रथमं कुर्यात् वमनं सविरेचनम् । पक्तिशूलोपशान्त्यर्थं तत्र वान्ते विधिर्यथा ॥ पीत्वा तु क्षीरमाकण्ठं मदनक्वाथसंयुतम् । कान्तारकस्य पौण्ड्रस्य कोशकारस्य वा रसम् ॥ कषायो वाथ निम्बस्य कटुतुम्बीरसोऽथवा । यथाविधि वमेद्धीमान् पक्तिशूलार्दितो जनः ॥ त्रिवृता च तथा दन्त्या तैलेनैरण्डजेन वा । दद्यं विरेचनं सद्यः पक्तिशूलनिवारणम् ॥ विडङ्गतण्डुलव्योषत्रिवृद्दन्ती सचित्रकम् । सर्वाण्येतानि संहृत्य सूक्ष्मचूर्णानि कारयेत् ॥ गुडेन मोदकान् कृत्वा खादेदुष्णेन वारिणा । जयेत् त्रिदोषजं शूलं परिणामसमुद्भवम् ॥

विडङ्गादिमोदकः ॥

नागरतिलगुडकल्कं पयसा संपिष्य यः पुमान् लिह्यात् । उग्रं परिणतिशूलं नश्येत्तस्य त्रिरात्रेण ॥ पीतं शम्बूकजं भस्म जलेनोष्णेन तत्क्षणात् । पक्तिजं नाशयत्येव शूलं विष्णुरिवासुरान् ॥ लोहपथ्याकणा शुण्ठीचूर्णं समधुसर्पिषा । विलिहन् विनिहन्त्येव शूलं हि परिणामजम् ॥

पथ्यादिलोहम् ॥

नारिकेरं सतोयं च लवणेन सुपूरितम् । मृदावष्टितं शुष्कं पक्वं गोमयवह्निना ॥ पिप्पल्या भक्षितं हन्ति शूलं हि परिणामजम् । वातिकं पैत्तिकं चापि श्लैष्मिकं सान्निपातिकम् ॥ नारिकेरक्षार ॥

अन्नद्रवाख्ये शूले तु न तावत् स्वास्थ्यमश्नुते । यावत्कटुकपित्ताम्लमन्नं न छर्दयेद्ध्रुवम् ॥ जातमात्रं जरत्पित्तं शूलमाशु विनाशयेत् । पित्तार्तं वमनं कृत्वा कफार्तश्च विरेचनम् ॥ अन्नद्रवे च तत्कार्यं जरत्पित्ते यदीरितम् । जरत्पित्तेऽपि तत् पथ्यं प्रोक्तमन्नद्रवे तु यत् ॥ आमपक्वाशये शुद्धे गच्छेदन्नद्रवः शमम् । मपिण्डरीं सलवणां सुस्विन्नां तैलपाचिताम् ॥ तादृशीं सर्पिषा खादेदन्नद्रवनिपीडितः । धात्रीफलभवं चूर्णमयश्चूर्णसमन्वितम् ॥ यष्टीचूर्णेन वा युक्तं लिह्यात् क्षौद्रेण तद्गदे । श्यामाकतण्डुलैः सिद्धं सिद्धं कोद्रवतण्डुलैः ॥ प्रियङ्गुतण्डुलैः सिद्धं पायसं साहितं हितम् ॥ प्रियङ्गुः कङ्गुविशेष ॥

गौडिकं सौरणं कन्दं कूष्माण्डमपि भक्षयेत् । कलाययवशक्तून्वा शक्तून् वा लाजसम्भवान् ॥ गौडिक गुडेन सस्कृतं पक्वान्नम् ॥

कुलत्थशक्तूनथवा दध्नाऽथाद्दाधिकं तथा । चणकानामथो शक्तून् कोद्रवस्योदनं तथा ॥

दाधिक दध्ना सस्कृत भक्तं महेरी इति लोके ॥

गोधूममण्डकं तत्र सर्पिषा गुडसंयुतम् । ससितं शीतदुग्धेन मृदितं कथितं हितम् ॥ अन्नद्रवो दुश्चिकित्स्यो दुर्विज्ञेयो महागदः । तस्मात्तस्य प्रशमने परं यत्नं समाचरेत् ॥ अन्नद्रवे जरत्पित्ते वह्निर्मन्दो भवेद्यतः । तस्मादत्रान्नपानानि मात्राहीनानि कारयेत् ॥ कलाययवगोधूमाः श्यामाकाः कोरदूषकाः । राजमाषाश्च माषाश्च कुलत्थाः कङ्गुशालयः ॥ दधिलुप्तरसं क्षीरं सर्पिर्गव्यं समाहिषम् । वास्तुकं कारवेल्ली च कर्कोटकफलानि च ॥ बर्हिणो हरिणो मत्स्यारोहिताद्याः कपिञ्जला एतस्मिन्नामये शस्ता मता मुनिचिकित्सकैः ॥

दधिलुप्तरस दध्ना लुप्त रस. प्रकृतो रसो यस्य तत् । क्षीर दधियुक्तक्षीरमित्यर्थ ॥

गुडामलकपथ्यानां चूर्णं प्रत्येकशः पलम् । त्रिपलं लोहकिट्टस्य तत्सर्वं मधुसर्पिषा ॥ समालोड्य समश्नीयादक्षमात्रप्रमाणतः । आदिमध्यावसानेषु भोजनस्य निहन्ति तत् । अन्नद्रवं जरत्पित्तमम्लपित्तं सुदारुणम् ॥

गुडमण्डूरम् ॥

व्यायामं मैथुनं मद्यं लवणं कटुकं रसम् । वेगरोधं शुचं क्रोधं वैकल्यं शूलवांस्त्यजेत् ॥ इति शूलाधिकार. ॥

શૂળની શાંતિ માટે વમન, લંઘન, સ્વેદન, પાચન, ફલવર્ત્તિઓ, ક્ષાર ચૂર્ણો,

ગોળીઓ, એ હિતકારી છે. વાત શૂળમાં સ્નેહ અને સ્વેદ આપવા. સહજસાજ શૂળ હશે તો તે સ્વેદ (શેક)થી જ મટી જાય છે.

મૃત્તિકા સ્વેદ.

પાણીમા માટીને પકાવતાં જાડી થાય એટલે તે માટીને વસ્ત્રમાં વીંટીને પોટલી કરી શૂળ વાળાને સ્વેદ આપવો.

કાર્પાસાસ્થ્યાદિ સ્વેદ.

કપાશિયા, કળથી, તલ, જવ, એરંડાનાં મૂળ, અળસી, રાતી સાટોડી, શણબીજ, અને કાજી, સર્વે એકઠા અથવા તો એ દરેક એકેકને લઈ, હાથની ભુજા, માથું, ઉપરની ફીચ, ગોઠણ, પગ, આંગળીઓ, ઘુંટી ખભા, કમર, એ સર્વના રોગો સ્વેદ કરવાથી મટી જાય છે.

તલ વાટીને ગોળી કરી ઉપર ઉપર ફેરવવાથી ભારે શૂળ પણ શાંત થઇ જાય છે. કાંજીમા મીંઢોળ વાટીને નાભિ ઉપર લેપ કરવાથી પણ શૂળ મટી જાય છે.

સૂંઠ તથા એરંડાના મૂળનો કવાથ પીવો. તેમાં હિંગ અને સંચળ નાખીને તે પીવો. એથી એકદમ શૂળ મટી જાયછે. ગોળ, ચોખા, જવખાર, અને ઘીનુ વિરેચન દેવું. પિત્તશૂળ વાળાને જાગલ માંસો લાભકારક છે. મણીનાં રૂપાનાં, અને ત્રાંબાનાં પાત્રોમાં પાણી ભરીને શૂળ ઊપર મૂકવાં, વિરેચનથી પિત્ત હરાય છે અને સસલાં તથા લાવાનાં માંસો પણ સારા છે. ગોળ અથવા ઘી સાથે હરડે ખાવી. શૂળની શાંતિ માટે આમળાનું ચૂર્ણ માક્ષિક (મધ) માં ખાવું. ચોખા, જાગલ માંસો, લીમડો, તથા કડુનો રસ, તેમજ મધ સાથે જુના ઘઉં, એ કફ શૂળમાં આપવાં.

સૈંધવ, સંચળ, બિડલુણ, પચકોલ, અને હિંગ જરા ઊના પાણીમાં પીવાથી કફ મટી જાય છે કફશૂળ મટાડનારી ક્રિયા આમશૂળ માટે પણ કરવી. સર્વ આમ મટાડનાર તથા અગ્નિને વધારનાર ક્રિયાઓનું સેવન કરવું. રાઈ તથા ત્રિફળાનું ચૂર્ણ ઉત્તમ છે, તે મધ અને ઘી સાથે ખાવાથી સર્વ શૂળોનો નાશ કરે છે.

દેવદાર ધોળીવજ, કઠ, શતાવરી, હિંગ, અને સૈંધવને ખટાઇમા વાટીને જરા ગરમ પાણી સાથે પેટના શૂળ ઉપર લેપ કરવો. બીલી, એરંડ, ચિત્રક, અને સૂંઠના મૂળો હિંગ અને સૈંધવ સહિત એકદમ શૂળને મટાડે છે.

કૂષ્માંડ ક્ષાર.

કોળાના ઝીણા કડકા કરીને તડકે સૂકવી હાંડલીમાં નાખી બંધ કરીને પકાવવા. મજબૂત કોયલા થાય, પણ કોહોળાની ભસ્મ ન થઇ જાય તેમ પકાવવું. પછી નીચે ઊતારી ટાઢું પડે એટલે તેનું ચૂર્ણ કરી નાખવુ. તે બે માસા જેટલું સૂઠના ચૂર્ણ સાથે મહા કુશળ માણસે હંમેશાં પાણી સાથે ખાવુ. તેથી અસાધ્ય શૂળ પણ શાત થાય છે

પરિણામ શૂળની ચિકિત્સા.

પ્રથમ લઘન, પછી વમન, અને વિરેચન કરવું, પરિણામ શૂળની શાંતિ અર્થે વમનનો વિધિ એવો છે કે મીંઢાળનો કવાથ કે ધોળી શેરડી કે પોટા શેરડીના રસ સાથે, અથવા લીમડો કે કડવી તૂંબડીના કવાથ સાથે કંઠ સુધી દૂધ પીવું. એથી પકિત શૂળ વાળાને યથાવિધિ વમન થાય છે. નસોતર તથા નેપાળો એરંડાનું મૂળ એનુ વિરેચન આપવાથી પરિણામ શૂળ નાશ પામી જાય છે.

વિડંગાદિ મોદક

વાવડીંગનાં બીજ, ચોખા, સૂંઠ, મરી, પીપર, નસોતર, નેપાળાનુ મૂળ, તથા ચિત્રક, એ સર્વનુ બારીક ચૂર્ણ કરીને તેના ગોળમાં મોદક બનાવીને ગરમ પાણી સાથે ખાવાથી ત્રિદોષજ પરિણામ શૂળ હણાઇ જાય છે.

સૂંઠ, તલ, અને ગોળનો કલ્ક દૂધમાં વાટીને પીવાથી ત્રણ દિવસમાં જ ઉગ્ર પરિણામશૂળ પણ મટી જાય છે. ઉના પાણીમાં શંખની ભસ્મ પીવાથી તેજ ક્ષણે, જેમ વિષ્ણુ અસુરને હણે છે તેમ, પરિણામ શૂળ હણાઇ જાય છે

પથ્યાદિ લોહ.

લોહભસ્મ, હરડે, પીપર, સૂંઠ એનું ચૂર્ણ મધ તથા ઘીમાં ચાટવાથી પરિણામ શૂળ હણાઇ જાય છે.

નારિકેરક્ષાર.

અંદરના પાણી સહિત ટોપરામાં લવણ નાખીને માટીથી વીંટી બધ કરીને સૂકવીને અડાયાના અગ્નિથી પકાવવું. પછી એ ટોપરૂ પીપર સાથે ખાવાથી પરિણામ શૂળ, વાતશૂળ, પિત્તશૂળ, કફશૂળ તથા સંનિપાતનુ શૂળ મટી જાય છે

અન્નદ્રવ શૂળની ચિકિત્સા.

જ્યા સૂધી તીખા, ઉંના, ખાટા અન્નોથી બહુ ઉલટી ન થાય ત્યાં સૂધી અન્નદ્રવ નામના શૂળમા સુખ થતું નથી. પરિણામ શૂળ થાય કે તુરત જો પિત્તનુ શૂળ હોય તો ઉલટી કરાવવી, અને કફનુ હોય તો વિરેચન આપવું, અન્નદ્રવ શૂળમા પણ એજ રીતે કરવું, પરિણામ શૂળમા જે પથ્ય છે તેજ આમા પણ છે. આમાશય અને પકવાશય શુદ્ધ થાય તો અન્નદ્રવ શૂળ મટે છે. હિંગ, મીઠુ, જીરૂ, તથા આદુ નાખીને અડદના લોટની ઝીણી વડીઓ કરી બાફીને તેલમાં તળવી અને ઘીમા ખાવાથી અન્નદ્રવ શૂળ મટે છે. આમળા તથા લોહભસ્મ જેઠીમધના ચૂર્ણ સાથે કે મધ સાથે ખાવું શામો અને ચોખા અથવા કોદરા અને ચોખા, અથવા કાગ અને ચોખાથી સિદ્ધ કરેલું દૂધ હિતકારક છે. ગોળનું પકવાન્ન, સૂરણ, અને કોહોળુ ખાવા, વટાણા, જવ, કે ચોખાની ધાણીનો સાથવો ખાવો. કળથીનો સાથવો દહિં સાથે ખાવો, દહિ ભાત ખાવા, ચણાનો સાથવો અથવા કોદરાનો ભાત ખાવો, એ પણ હિતકારી છે.

ઘઉંના માંડામાં ઘી, ગોળ, અને સાકર નાખીને ટાઢા દૂધમાં ખાવો, એ પણ અન્નદ્રવશૂળ, ઉપર હિતકારી છે. અન્નદ્રવશૂળ બહુ મટાડવું કઠણ છે અને તેની દવા બરોબર જણાઇ નથી, એટલા માટે તેના શમન માટે બહુ યત્નની જરૂર છે. અન્નદ્રવ અને પરિણામ શૂળમાં જો અગ્નિમંદ હોય તો માત્રા નક્કી કર્યા વગર અન્નપાનો દેવાય છે વટાણા, જવ, સામો, કોદરા, ચોળા, અડદ, કળથી, કાંગ, ચોખા, ખીર, ગાયનું ઘી તથા ભેંસનુ ઘી, બથવો, કારેલાં, કંટોલા, મોર, હરણ, મત્સ્ય, રોહિતાદિ, કપિંજલ, એ સર્વ લાભકારક, ખોરાકો છે, એમ મુનિઓએ કહેલું છે

ગુડમંડુર

ગોળ, આમળાં, અને હરડેનુ, ચૂર્ણ દરેક ચાર ચાર તોલા પ્રમાણે લેવું; અને લોઢાનુ કીટ્ટુ તોલા બાર લેવું, એ સર્વને મધ અને ઘીમાં એક તોલા જેટલુ ખાવું, ભોજ-

નના આદિ, મધ્ય, અને અંતમાં તે ખાવાથી અન્નદ્રવ, પરિણામશૂળ, અમ્લપિત્ત, વગેરે બારે હોય તે પણ નાશ પામે છે.

વ્યાયામ, મૈથુન, મદ્ય, ખારા તીખા રસ, વેગનું રોધન, શોક, ક્રોધ, વિકળતા, એટલાંનો ત્યાગ શૂળવાળાએ કરવો જોઇએ.

॥ इति शूलाधिकार सपूर्ण ॥

ઉદાવર્ત્તનો તથા આનાહનો અધિકાર.

ઉદાવર્ત્તનું નિદાન.

तत्र उदावर्त्तस्य त्रिप्रकष्टनिदानमाह ॥

वातविण्मूत्रजृम्भाश्रुक्षवोद्गारवमीन्द्रियैः । क्षुत्तृष्णोच्छ्वासनिद्राणां धृत्योदावर्तसम्भवः ॥

इन्द्रियमत्र शुक्रम । अत्र तृतीय सहार्था । धृत्या वेदविघातेन ॥

વાયુ, વિષ્ટા, મૂત્ર, બગાસાં, આંસુ, છીંક, ઓડકાર, ઉલટી, વીર્ય, ક્ષુધા, તૃષા, ઉચ્છ્વાસ, નિદ્રા, એમના વેગોને રોકવાથી ઉદાવર્ત થાયછે.

ઉદાવર્ત્તનુ સામાન્ય લક્ષણ.

यथोर्ध्वं जायते वायोरावर्तः स चिकित्सकैः । उदावर्त इति प्रोक्तो व्याधिस्तत्रानिलः प्रभुः ॥ आवर्तो भ्रमः ॥

જેમાં વાયુનો વીટો ઊંચો ચઢેછે તેને વૈદ્યો ઉદાવર્ત કહેછે, અને તેમાં મુખ્ય વાયુ હોયછે.

ઉદાવર્ત્તના ભેદો

वातमूत्रपुरीषाणां सङ्गो ध्मानं क्लमो रुजा । जठरे वातजाश्चान्ये रोगाः स्युर्वातनिग्रहात् ॥ सङ्गः अप्रवृत्तिः । ध्मानमाध्मानम् । क्लमोऽनायासः । श्रम रुजा जठरे । अन्ये तोदशूलगुल्मादयः ॥

आटोपशूली परिकर्तिका च सङ्गः पुरीषस्य तथोर्ध्ववातः । पुरीषमास्याद्थवा निरेति पुरीषवेगेऽभिहते नरस्य ॥

पुरीषवेगे धारिते सति आटोप सरुक् गुडगुडाशब्द शूलमिति पक्वाशये परिकर्तिका गुदे कर्तनवत् पीडा ऊर्ध्ववात उद्गारः ।

बस्तिमेहनयोः शूलं मूत्रकृच्छ्रं शिरोरुजा । विनामो वंक्षणानाहः स्याल्लिङ्गं मूत्रनिग्रहे ॥

विनाम व्यथया वपुषो नमनम् । वंक्षणानाह । वंक्षणयोराकर्षणवद् व्यथा ।

मन्यागलस्तम्भशिरोविकारा जृम्भोपघातात् पवनात्मकाः स्युः । तथाक्षिनासावदनामयाश्च भवन्ति तीव्राःसह कर्णरोगैः ॥

आनन्दजं वाप्यथ शोकजं वा नेत्रोदकं प्राप्तममुञ्चतो हि । शिरोगुरुत्वं नयनामयाश्च भवन्ति तीव्राः सह पीनसेन ।

मन्यास्तम्भः शिरः शूलमर्दितार्धावभेदकौ । इन्द्रियाणाञ्च दौर्बल्यं क्षवथोः स्याद्विधारणात् ॥

कण्ठास्यपूर्णत्वमतीव तोदः कूजश्च वायोरथवाऽप्रवृत्तिः । उद्गारवेगेऽभिहते भवन्ति जन्तोर्विकाराः पवनप्रसूताः ॥

कण्ठास्यपूर्णत्व कवलेनैव । तोदो हृदयामाशये च । कूजोऽव्यक्तशब्द. । उदरे वायोरप्रवृत्ति । उच्छ्वासाविनिरोधात् ॥ पवनप्रसूता पवनाज्जाता विकारा हिक्कादयः ॥

कण्डूकोठारुचिव्यङ्गशोथपाण्ड्वामयज्वराः ।
कुष्ठहृल्लासवीसर्पाश्छर्दिनिग्रहजा गदाः ॥
मूत्राशये वै गुदमुष्कयोश्च शोथो रुजा ॥ मूत्रविनिग्रहश्च । शुक्राश्मरी तत्स्रवणं भवेच्च ते ते विकारा विहते तु शुक्रे ॥

तत्स्रवणं शुक्रस्राव ते ते विकाराः वातकुण्डलिकादयः ॥

तन्द्राङ्गमर्दावरुचिः श्रमश्च क्षुधाविघातात् कृशता च दृष्टेः ।
कण्ठस्य शोथः श्रवणावरोधस्तृष्णाविघाताद्धृदये व्यथा च ।
श्रान्तस्य निःश्वासविनिग्रहेण हृद्रोगमोहावथवापि गुल्मः ।
जृम्भाङ्गमर्दोऽक्षिशिरोऽतिजाड्यं निद्राविघातादथवापि तन्द्रा । अतिजाड्यं गौरवम् । शिरोगात्राक्षि गौरवमिति तन्त्रान्तरे पाठात् ।

વાયુની, મૂત્રની, તથા વિષ્ટાની અટકાયત, આફરો, થાક, ઉદરમાં વ્યથા, અને શૂળ વગેરે બીજા વાત રોગો અધોવાયુ રોકવાથી થાયછે. આફરો, શૂળ, ગુદામા વેદના, મળબંધ, ઉર્ધ્વ વાત, મુખેથી વિષ્ટાનુ નીકળવું, એ મળ રોકવાથી થાયછે. મૂત્રાશય તથા લિંગમાં શૂળ, મૂત્રકૃચ્છ્ર, માથું દુઃખવું, સાથળનાં મૂળોમાં વ્યથા, એ મૂત્રરોકવાથી થાયછે, ઓડ અને ગળાનું ઝલાઇ જવું, માથામા વાયુના રોગો, આંખ નાક અને મુખના રોગો, એ બગાસાં રોકવાથી થાયછે. આનંદથી અથવા દીલગીરીથી આંસુઓને રોકવાથી માથુ ભારે થાયછે, નેત્રોના રોગો અને તીવ્ર પીનસ થાયછે ઓડનુ ઝલાઇ જવું, માથામાં શૂળ અર્દિત, આધાશીશી, ઇંદ્રિયોની દુર્બળતા, એ છીંક રોકવાથી થાય છે. કંઠ અને મુખ ભરાઇ ગયા જેવા થાય, વાયુનો ગુડગુડાટ તથા તે બહુ છૂટે નહિ, અને હેડકી વગેરે વાયુનાં દરદો પ્રાણીને ઓડકાર રોકવાથી થાયછે. ચળ, ચામઠાં, અરૂચિ, વ્યંગ સોજો, પાંડુરોગ, જ્વરો, કોઢ, મોળ, વિસર્પ, એ ઉલટીને રોકવાથી થાયછે મૂત્રાશયમાં અને ગુદામાં તથા વૃષણમાં સોજો, રોગો, મૂત્રની અટકાયત પથરી, વગેરે દરદો વીર્યનો વેગ રોકવાથી થાયછે. તંદ્રા, અંગભંગ, અરૂચિ, શ્રમ, અને દૃષ્ટિની કૃશતા, એ ભૂખને રોકવાથી થાયછે. કંઠમાં સોજો, બહેરાપણું, અને હૃદયમા પીડા, એ તરશ રોકવાથી થાયછે શ્રમ કરીને શ્વાસ રોકવાથી હૃદ્રોગ, મોહ, કે ગુલ્મ થાયછે. બગાસાં અંગનું ભાગવું, તદ્રા, અને માથામાં ભાર, એ નિદ્રા રોકવાથી થાયછે.

વાયુના ઉદાવર્ત્ત વિષે

वायुः कोष्ठानुगो रूक्षैः कषायकटुतिक्तकैः । भोजनैः कुपितः सद्य उदावर्तं करोति च ॥ वातमूत्रपुरीषाश्रुकफमेदोवहानि वै । स्रोतांस्युदावर्तयति पुरीषं चातिवर्तयेत् ॥ ततो हृद्बस्तिशूलार्तो हृल्लासारतिपीडितः । वातमूत्रपुरीषाणि कृच्छ्रेण लभते नरः ॥ श्वासकासप्रतिश्यायदाहमोहतृषाज्वरान् । वमिहिक्काशिरोरोगमनःश्रवणविभ्रमान् ॥ बहूनन्यांश्च लभते विकारान् वातकोपजान् ॥

उदावर्तयति वायुरूर्ध्वभ्रमेणैव वातादिवहानि स्रोतांसि निरुणद्धि न तु विडादीन् अधोगमयति । मनोविभ्रमः रज्जौ सर्पज्ञानम् । श्रवणविभ्रमः अन्यथाश्रवणम् ।

રૂક્ષ, તૂરાં, તીખા, અને કડવાં ભોજનોથી કોઠામાંનો વાયુ કોપ પામીને એકદમ ઉદાવર્ત્ત કરેછે. વાયુ, મૂત્ર મળ, આંસુ, કફ, અને મેદ વહન કરનારી નાડીઓ રોકાઈ જઈને મળ વગેરેની ઉલટી ગતિ કરેછે. તેથી હૃદય અને બસ્તિમાં શૂળ થાયછે, મોળ આવેછે, અને અણગમો થાય છે. તે માણસને વાયુ, મૂત્ર, અને મળ માંડ માંડ ઊતરેછે. શ્વાસ, ઉધરસ, સળેખમ, દાહ, મોહ, તૃષા, જ્વર, ઉલટી, હેડકી, માથાનો દુ:ખાવો, મન તથા કાનમાં વિભ્રમ, અને બીજા પણ વાયુના કોપથી થનારા ઘણા વિકારો થાય છે.

ઉદાવર્ત્તની અસાધ્યતા.

**तृष्णार्छर्दिपरिक्लिष्टं क्षीणं शूलैरुपद्रुतम् ।
शकृद्वमन्तं मतिमानुदावर्तिनमुत्सृजेत् ।**

परिक्लिष्टं क्लेशासंयुक्तम् ।

તરશ તથા ઉલટીની પીડા થતી હોય, નબળાઈ આવી ગઈ હોય, શૂળ થતું હોય, અને વિષ્ટાની ઉલટી થતી હોય, તો તે ઉદાવર્તવાળાની ચિકિત્સા કરવી નહિ.

આનાહનું લક્ષણ.

आमं शकृद्वा निचितं क्रमेण भूयो विबद्धं विगुणानिलेन । प्रवर्तमानं न यथास्वमेनं विकारमानाहमुदाहरन्ति ॥

आमं अपक्वमाहाररसारम् । शकृत् पुरीषं वा क्रमेण निचितं सञ्चितम् । भूयो विगुणानिलेन दुष्टवायुना विबद्ध शोषितं वा यथास्वं पूर्ववत्प्रवर्तमानम् । एनं विकारमानाहमाहुः ॥

આમ અથવા મળ સંચય થઇ દુષ્ટ વાયુથી બંધાઇ જઇને અથવા સૂકાઈ જઈને બરોબર ગતિ ન કરે તે રોગને આનાહ કહેછે.

આમથી થયેલા આનાહનું લક્ષણ.

तस्मिन् भवत्यामसमुद्भवे तु तृष्णा प्रतिश्याय शिरोविदाहाः । आमाशये शूलमथो गुरुत्व हृत्स्तम्भ उद्गारविघातनञ्च ॥

विघातनम् अप्रवृत्ति ॥

આમથી આનાહ થાય તો તરશ, સળેખમ, માથામાં દાહ, અને આમાશયમા શૂળ, ભાર, હૃદયનો સ્તંભ થાય છે, અને ઓડકાર બંધ થાયછે.

મળબંધથી થતા આનાહનું લક્ષણ.

स्तम्भः कटीपृष्ठपुरीषमूत्रे शूलोऽथ मूर्च्छा शकृतो वमिश्च । श्वासश्च पक्वाशयजे भवन्ति तथालसोक्तानि च लक्षणानि ॥

पक्वाशयजे शकृत्संश्रयजे आनाहे । स्तम्भशब्द. कटीपृष्ठयोः स्तब्धतावाची पुरीषमूत्रयोरप्रवृत्तिवाची । अलसोक्तानि च लक्षणानि । आध्मानवातविघातादीनि ।

કમર અને વાંસો ઝલાઇ જાયછે, મળ મૂત્રમાં શૂળ થાયછે, મૂર્છા તથા વિષ્ટાની ઉલટી થાયછે, શ્વાસ થાયછે, અને અલસકના જેવાં ચિન્હો થાયછે.

ઉદાવર્ત્તની ચિકિત્સા.

अधोवातनिरोधोत्थे उदावर्ते हितं मतम् । स्नेहपानं तथा स्वेदो वर्तिर्बस्तिर्हितो मतः ॥ विड्विघातसमुत्थे तु विड्भेषजं तथौषधम् । वर्त्यभ्यङ्गावगाहाश्च स्वेदो बस्तिर्हितो मतः ॥ वर्तिः फलवर्तिः ॥

मूत्रावरोधजनिते क्षीरवारिवचां पिबेत् । दु स्पर्शास्वरसं वापि कषायं ककुभस्य च ॥ दु स्पर्शा कण्टकारी दुरालभा च तुल्यगुणत्वात् ।

एर्वारुबीजं तोयेन पिबेद्वा लवणीकृतम् । सितामिक्षुरसं क्षीरं द्राक्षां यष्टीमथापि वा ॥ सर्वथैव प्रयुञ्जीत मूत्रकृच्छ्राश्मरीविधिम् । जृम्भाभिघातजे स्नेहं स्वेदं वापि प्रयोजयेत् ॥ अन्यानपि प्रयुञ्जीत समीरणहरान्विधीन् । नेत्रनीरावरोधोत्थे मुञ्चेद्वापि दृशोर्जलम् ॥ स्वप्यात् सुखेन तस्याग्रे कथयेच्च कथाः प्रियाः । छिक्काविघातजे तीक्ष्णघ्राणनस्यार्कदर्शनैः ॥ प्रवर्तयेत् क्षुतं सक्तं स्नेहस्वेदौ च शीलयेत् ॥ तीक्ष्ण मरिचराजिकादि ॥

उद्गारस्यावरोधे तु स्नेहिकं धूममाचरेत् । छर्दिनिग्रहसञ्जाते वमनं लङ्घनं हितम् ॥ विरेचनश्चात्र मतं तैलेनाभ्यञ्जनं तथा । बस्तिशुद्धिकरैः सिद्धं चतुर्गुणजलं पय ॥ आवारिनाशात् कथितं पीतवन्तं प्रकामतः । रमयेयुः प्रियानार्यः शुक्रोदावर्त्तिनं नरम् ॥ तस्याभ्यङ्गोऽवागहश्च मदिराचरणायुधाः । शालिः पयोनिरूहश्च हितं मैथुनमेव च ॥ क्षुद्विघातसमुद्भूते सिद्धमुष्णं तथा लघु । रुचमल्पं हितं भक्ष्यं पुष्पं सेव्यं सुगन्धि यत् । तृषाविघातसम्भूते शीतः सर्वो विधिर्हितः ॥ कर्पूरशिशिरं स्वल्पं पिबेत्तोयं शनैः शनैः । श्रमे श्वासे धृतौ शस्तौ विश्रामासरसौदनौ ॥ निद्रावेगविघातोत्थे पिबेत् क्षीरं सितायुतम् । संवाहन सुशय्यात्र हितः स्वप्नः प्रियः कथाः ॥

हिङ्गुमाक्षिकसिन्धूत्थैः पिष्टैर्वर्ति विनिर्मिताम् । घृताभ्यक्तां गुदे न्यस्येदुदावर्तविनाशिनीम् ॥ फलवर्तिः ॥

मदनं पिप्पली कुष्ठ वचगौराश्च सर्षपाः । गुडक्षीरसमायुक्तं फलवर्तिरिहोदिता ॥ मदनफलादिफलवर्ति ॥

खण्डपलं त्रिवृताक्षः कृष्णाकर्षोद्वयोश्चूर्णम् । प्राग्भोजनस्य मधुना विडालपदकं नरो लिह्यात् ॥ एतद्गाढपुरीषे देयं विड्रुदावर्ते । मधुर नरपतियोग्यं चूर्णं नाराचकं नाम्ना ॥ इति नाराचचूर्णम् ।

सव्योषपिप्पलीमूलं त्रिवृद्दन्ती च चित्रकम् । तच्चूर्णं गुडसंमिश्रं भक्षयेत् प्रातरुत्थितः ॥ एतद्गुडाष्टकं नाम्ना बलवर्णाग्निवर्द्धनम् । उदावर्तप्लीहगुल्मशोथपाण्ड्वामयापहम् ॥ इति गुडाष्टकम ॥

मूलकं शुष्कमार्द्रं वा वर्षाभूः पञ्चमूलकम् । कृतमालफलं चाप्सु पक्त्वा तेन घृतं पचेत् ॥ तत्पीतं शमयेद् क्षिप्रमुदावर्त्तमशेषतः । पञ्चमुलकमत्र बृहत् । इति शुष्कमुलकाद्य घृतम् ॥

અધોવાયુ રોકવાથી ઉદાવર્ત્ત થયેલ હોય તો સ્નેહપાન, શેક, ગુદામા વાટ, અને બસ્તિ હિતકારી છે વિષ્ટા રોકાવાથી ઉદાવર્ત થયેલ હોય તો વિષ્ટાને ભેદનાર અન્ન તથા ઔષધો દેવા જોઇએ, તથા વાટ અભ્યંગ, સ્નાન, સ્વેદ, અને બસ્તિ હિતકર છે. મૂત્ર રોકાવાથી ઉદાવર્ત થાય તો દુધ, પાણી, અને વજ પીવી. અથવા ભોંરીંગણીનો સ્વરસ પીવો. કાકડીના બીજનુ હિમ મીઠુ નાંખીને

પીવું, અથવા સાકર, શેરડીનો રસ, દુધ, દ્રાક્ષ, અથવા જેઠીમધ પીવાં. સર્વથા મૂત્રકૃચ્છ્ર અને પથરીના વિધિઓ કરવા. બગાસા રોકવાથી ઉદાવર્ત થાય તો સ્નેહ, કે સ્વેદ આપવો, તથા બીજા પણ વાત હર ઉપચારો કરવા. આંસુ રોકવાથી ઉદાવર્ત થયેલો હોય તો ખુબ રડીને આંસુ કાઢવાં, સુખેથી સૂઈ જવું, અને તેની પાસે પ્રિયવાતો કરવી. છીંક રોકાવાથી થાયતો તીક્ષ્ણ નસ્યો દેવાં તથા સૂર્ય સામું જોવું, વગેરે કરવું, ને છીંક આવે તેમ કરવું. તથા સ્નેહ અને સ્વેદ પણ દેવાં. ઓડકાર રોકાવાથી થાય તો સ્નેહનો ધુમાડો લેવો. ઉલટી રોકાવાથી ઉદાવર્ત થાય તો વમન અને લઘન હિતકર છે વિરેચન અને તૈલાભ્યંગ પણ હિતકર છે બસ્તિની શુદ્ધિ માટે ચોગણા પાણીથી સિદ્ધ કરેલું દુધ પાણી બાળી નાંખીને પીવું, પછી પ્રિયનારિઓની સાથે રમણ કરવું, તેથી વીર્ય રોકાવાથી થયેલ ઉદાવર્ત મટેછે. વળી તેણે અભ્યગ સ્નાન, મદિરાપાન, કુકડાનું માંસ, ચોખા, દુધ, નિરૂહબસ્તિ, અને મૈથુન પણ કરવા જોઇએ ભૂખ રોકવાથી થાયતો સ્નિગ્ધ, ગરમ, હલકુ, રૂચિકર, અને થોડું ભોજન કરવુ, તથા સુગંધી પુષ્પોનુ સેવન કરવું. તરશ રોકાયાથી થયેલ હોય તો સર્વ શીતળ વિધિ હિતકારી છે અને ભીમસેની કપૂરથી શીતળ કરેલુ જળ ધીરે ધીરે પીયા કરવું. શ્રમથી તથા શ્વાસ રોકવાથી ઉદાવર્ત થયેલ હોયતો વિશ્રામ તથા રસોદન લાભકારકછે નિદ્રાનો વેગ રોગવાથી ઉદાવર્ત થયેલ હોય તો સાકર નાંખીને દુધ પીવું. સારાં વાહન, શય્યા, શયન, અને પ્રિય વાતો હિતકારી છે.

ફલવર્ત્તિ.

રૂક્ષાદિ ભોજનથી કોપ પામેલ વાયુને લીધે ઉદાવર્ત થયેલ હોય તો હિંગ, મધ, અને સૈંધવથી ઘીમાં શીંઝવેલી વાટ ગુદામા રાખવી. આ ઉપાયને ફલવર્તિ કહેછે.

મદન ફલાદિવર્ત્તિ.

મીંઢળ, પીપર, કઠ, વજ અને ધોળા સર્ષવને ગોળ અને દુધમાં વાટી વાટ કરીને ગુદામા ખોસવી.

નારાચ ચૂર્ણ.

ખાંડ તોલા ચાર, નસોતર તોલો એક, અને પીપર તોલો એક, એ ભોજન કરતા પેહેલા માણસે મધમા એક તોલો ચાટવાથી કઠણ દસ્ત તથા ઉદાવર્ત્ત મટે છે. આ નારાચક નામનુ ચૂર્ણ રાજાને યોગ્ય છે.

ગુડાષ્ટક.

સુઠ, મરી, પીપર, પીપરીમૂળ, નસોતર, નેપાળો અને ચિત્રક એ સર્વનુ ચૂર્ણ ગોળમા મેળવીને સવારમા ખાવુ તેથી બળ, કાંતિ તથા અગ્નિ વધેછે, અને ઉદાવર્ત, બરળ, ગુલ્મ સોજા તથા પાંડુરોગ મટેછે.

શુષ્ક મુલકાદ્યઘૃત.

લીલા કે સૂકા મૂળા અથવા સાટોડી, બૃહત્પચ મૂલ, અને ગરમાળાના ફળનો ક્વાથ કરી તેમા ઘી પકાવવું. તે પીવાથી એકદમ ઉદાવર્ત્ત છેક શમી જાય છે

આનાહની ચિકિત્સા.

तुल्यकारणकार्यत्वादुदावर्त्तहरीं क्रियाम्
आनाहेषु च कुर्वीत विशेषश्चाभिधीयते ॥
त्रिवृत्कृष्णाहरीतक्यो द्विचतुःपञ्च भागिकाः।
गुडेन तुल्या गुटिका हरत्यानाहमुल्बणम् ॥
वर्त्तिस्त्रिकटुकसैन्धवसर्षपगृहधूमकुष्ठमदनफलैः । मधुनि गुडे वा पक्वैर्विहिता साङ्गुष्ठ-

संमिता विज्ञैः ॥ वर्तिरियं दृष्टफला शनैः प्रणिहिता गुदे घृताभ्यक्ता । आनाहमुदरजातिं शमयति जठरं तथा गुल्मम् ॥

इति त्रिकटुकाद्या वर्तिः । इत्युदावर्तानाहनिदानचिकित्साधिकारः ।

કાર્ય કારણ એક સરખાં હોવાને લીધે ઉદાવર્ત્તનીજ ક્રિયા આનાહમાં પણ કરવી, અને વિશેષ છે તે કહેવાય છેઃ-નસોતર, પીપર, હરડે, એ દરેક અનુક્રમે બે ચાર, અને પાંચ ભાગ પ્રમાણે લેઇને તે બધાંના જેટલા ગોળમાં ગોળી કરવી, તે ઉગ્ર આનાહને હરેછે.

ત્રિકટુકાદ્યાવર્ત્તિ.

સૂંઠ, મરી, પીપર, સૈંધવ, સર્ષવ, ઘરનો ધૂમાડો, કઠ અને મીંઢળ, આને મધ અથવા ગોળમા પકાવીને તેની અંગુઠા જેવી વાટ કરી ઘી ચોપડીને ધીરે ધીરે તેને ગુદામા ખોસી રાખવી. તેથી આનાહ, ઉદરની પીડા, જઠર રોગ, તથા ગુલ્મ શમે છે. આનુ ફળ વિદ્વાન લોકોએ પ્રત્યક્ષ જોયેલુ છે

॥ इति उदावर्त्त तथा आनाहनो अधिकार समाप्त ॥

ગુલ્મનો અધિકાર.

કારણ તથા લક્ષણો.

दुष्टा वातदयोऽत्यर्थं मिथ्याहारविहारतः। कुर्वन्ति पञ्चधा गुल्मं कोष्ठान्तर्ग्रन्थिरूपिणम्।

दुष्टा स्वकारणैः । मिथ्याहारोऽध्यशनादिः । मिथ्याविहारो बलवद्विग्रहादिः । पञ्चधेति वातपित्तकफसन्निपातरक्तजाः एवं पञ्चद्वन्द्वजास्तु प्रकृतिसमवेतत्वात् पृथक् न गण्यते । अर्शोवत् । कोष्ठान्त हृदयाद्वस्तिपर्य्यन्त कोष्ठस्तस्य मध्ये कुत्रापि ग्रन्थिरूपिणम् गुटिकाकारम् ।

स व्यस्तैर्जायते दोषैः समस्तैरपिचोच्छ्रितैः । पुरुषाणां तथा स्त्रीणां रक्तजश्चोपजायते ॥

आर्त्तवादपि गुल्मः स्यात् स तु स्त्रीणां प्रजायते । अन्यस्त्वसृग्भव पुंसां तथा स्त्रीणां प्रजायते ॥

तस्य पञ्चविधं स्थानं पार्श्वहृन्नाभिबस्तयः ।

हृन्नाभ्योरन्तरे ग्रन्थिः सञ्चारी यदि वाऽचलः वृत्तश्चयोपचयवान् स गुल्म इति कीर्तितः ॥

नाभिशब्देन वस्तिर्बोध्य सामीप्यादेव यथा गङ्गाया घोष इति बस्तेरपि गुल्माश्रयत्वेनोक्तत्वात् ॥ अन्ये हृद्वस्त्योरेव पाठान्तर पठन्ति । अन्ये तु बस्तौ विद्रधि स्यात् न गुल्म इति तन्न । बस्तेरपि गुल्माश्रयत्वेनोक्तत्वात् । तथा च चरके ॥ 'पञ्चस्थानानि गुल्मस्य पार्श्वहृन्नाभिबस्तय ।' इति ॥ सञ्चारी चलनशील. अचल स्थिर' वृत्तो चयोपचयवानिति कदाचिच्चीयते वृद्धिं गच्छति कदाचिदपचीयते हीनो भवति । एतल्लक्षण सामान्योक्तमपि वातिके व्यवतिष्टत इति जैज्जट. ॥ गणदासस्तु सामान्यमेवाह सर्वगुल्मानां वातमूलत्वात् ।

મિથ્યા આહાર અને વિહારથી દુષ્ટ થયેલા વાતાદિ દોષો કોઠાની અંદર ગાંઠ રૂપી પાચ પ્રકારના ગુલ્મો ઉત્પન્ન કરેછે. તે વાયુથી, પિત્તથી, કફથી, ત્રણે દોષો અને રૂધિરથી થયેલ, એમ પાંચ પ્રકારના થાયછે.

જો બબ્બે દોષથી થયેલા ગુલ્મો ગણીએ તો સંખ્યા વધારે થાયછે, પરંતુ તે પોતાના નિદાનરૂપ વાતપિત્તાદિકથી યુક્ત હોયછે, માટે અર્શની પેઠે તેઓને જુદા ગણ્યા નથી.

આર્તવથી પણ ગુલ્મ થાયછે.

આર્તવ (રજ) થી પણ ગુલ્મ થાય છે, પણ તે સ્ત્રીને થાય છે. પુરૂષ તથા સ્ત્રીને બીજી રીતે રક્તથી પણ તે થાય છે. બે પડખાં, હૃદય, નાભિ, અને મૂત્રાશય, એ તેનાં પાચ સ્થાનો છે.

ગુલ્મનાં સામાન્ય લક્ષણો.

હૃદય અને નાભિમાં* ચલિત અથવા તો અચલિત એવી ગાંઠ થાયછે, તે ગોળ હોયછે તથા ઘડીકમા ન્હાની મોટી થનારી હોયછે. ઉપર કહેલું લક્ષણ સામાન્ય રીતે કહેલું છે. પણ તે લક્ષણ વાયુથી થતા ગુલ્મમાંજ મળતું આવેછે એમ જૈજ્જટનુ કહેવું છે. પણ ગણદાસનુ કહેવું એમ છે કે એ લક્ષણો સઘળા ગુલ્મોને માટે સાધારણ છે, કારણ સર્વ ગુલ્મનું મૂળ વાયુજ છે.

ગુલ્મનું પૂર્વરૂપ.

उद्गारबाहुल्य पुरीषबन्ध तृप्त्यक्षमत्वाच्च विकूजनानि ॥ आटोपमाध्माननपंक्तिशूलमासन्नगुल्मस्य वदन्ति चिह्नम् ॥ अरुचि कृच्छ्रविण्मूत्रवातत्वं चान्त्रकूजनम् । आनाहं चोर्ध्ववातञ्च सर्वगुल्मेषु लक्षयेत् ॥

ઓડકાર બહુ થાય છે. દસ્ત બંધ થાયછે, અભૂખ તથા બેચેની થાયછે, આંતરડામાં ગુડગુડાટ તથા પેટ ચઢેછે. આફરો તથા પક્તિશૂળ થાયછે. આ સર્વ ગુલ્મ થવાના ચિન્હો છે. અરૂચિ, મૂત્ર, કૃચ્છ્ર, મળ તથા વાયુબધ, આંતરડાંમાં ગુડગુડાટ, આનાહ, ઉર્ધ્વવાત, એ સર્વ ગુલ્મના ચિન્હોછે.

વાયુના ગુલ્મનું નિદાન.

रूक्षान्नपानं विषमातिमात्रं विचेष्टनं वेगविनिग्रहश्च । शोकाभिघातोऽतिमलक्षयश्च निरन्नता चानिलगुल्महेतुः ॥

विचेष्टनं विरुद्धा चेष्टा बलवद्भिग्रहादि । शोकाभिघातः शोकेन मनोधिष्ठानस्य हृदयस्याभिघातः । अतिमलक्षयः विरेकादिना । निरन्नता उपवास ॥

રૂક્ષ, વિષમ, તથા વધુપડતાં અન્નપાનોથી, વેગોને રોકવાથી, અયોગ્ય ચેષ્ટાઓથી, શોક તથા અભિઘાતથી, અને મળના અત્યંત ક્ષય અને ભુખથી વાતગુલ્મ થાય છે.

વાયુના ગુલ્મનું લક્ષણ.

यः स्थानसंस्थानरुजां विकल्पं विड्वातसङ्गं गलवक्त्रशोषम् । श्यावारुणत्वं शिशिरज्वरं च हृत्कुक्षिपार्श्वांसशिरोरुजश्च ॥ करोति जीर्णेऽभ्यधिकं प्रकोपं भुक्ते मृदुत्वं समुपैति यश्च । वातात् स गुल्मो न च तत्र रूक्षः कषायतिक्तं कटुनोपसेवेत् ॥

श्यावारुणत्वं शरीरस्य । शिशिरज्वरम् शीतज्वरम् । जीर्णे आहारे प्रकुप्यति भुक्ते च शान्ति गच्छति स वातिको गुल्मः । रूक्ष आहार ॥ कषायतिक्तकटुरसाः । तत्र तस्मिन् वातगुल्मे नोपसेवेत न सुखयति ॥

---

* ટીકાકાર કહે છે—અત્ર નાભિ શબ્દથી મૂત્રાશય સમજવુ કેટલાક વૈદ્યો હૃદય તથા મૂત્રાશયની મધ્યના ભાગને કહેછે. કેટલાક કહેછે કે મૂત્રાશયમા વિદ્રધિ થાય છે, પણ ગુલ્મ થાય નહિ, પણ એ વાત ખરી નથી, કેમકે ચરકે કહેલા ગુલ્મસ્થાનો હૃદય, પડખા નાભિ અને મૂત્રાશય છે.

જુદા જુદાં સ્થાનોમા દરદ થાય છે, વિષ્ટા તથા અધોવાયુ અટકે છે, ગળું અને મુખ શોષાયછે, શરીર કાળુ રાતું થાય છે, શીતજ્વર આવે છે, અને હૃદય, ઉદર, પડખાં, અંગો, અને માથામાં પીડા થાય છે, અન્ન પચ્યા પછી દરદ વધે છે, અને જમ્યાથી જરા શાંત થાય છે. આ વાતગુલ્મમાં રૂક્ષ, કષાય, કડવું, અને તીખુ ખાવું નહિ.

પિત્તના ગુલ્મનું નિદાન.

कट्वम्लतीक्ष्णोष्णविदाहिरूक्षक्रोधाऽतिमद्यार्कहुताशसेवा ॥ आमोऽभिघातो रुधिरञ्च दुष्टं पैत्तस्य गुल्मस्य निमित्तमुक्तम् ॥

विदाहि वशाकरीरादि । अतिशब्दो मद्यादिषु योज्यः । आमोऽत्र विदग्धाजीर्णम् । अभिघातो लगुडादिना ॥

તીખાં, ખાટા, તીક્ષ્ણ, ઉષ્ણ, વિદાહી, રૂક્ષ, અતિ ક્રોધ, મદ્યાર્ક, અગ્નિનુ સેવન, વિદગ્ધઅજીર્ણ* અભિઘાત, રક્તદોષ, એ પિત્તગુલ્મનાં કારણ છે.

પિત્તના ગુલ્મનું લક્ષણ.

ज्वरः पिपासा सदनाङ्गरागः शूलं महज्जीर्यति भोजने च । स्वेदो विदाहो व्रणवच्च गुल्मः स्पर्शासहः पैत्तिकगुल्मरूपम् ॥

अङ्गराग देहस्य लौहित्यम् । जीर्यति भोजने च विदाहो व्रणवच्च गुल्मः स्पर्शासहः ॥

જ્વર, તરષ, ગ્લાનિ, શરીરનુ રાતું થવું, પાચન થતા શૂળ થાય, સ્વેદ, વિદાહ, વ્રણની પેઠે સ્પર્શ સહન ન થાય એવો ગુલ્મ, એ પિત્તગુલ્મના લક્ષણો છે.

*આનુ લક્ષણ કોલેરાના પ્રકરણમા કહ્યુ છે તે જોવુ

કફ તથા ત્રણે દોષના ગુલ્મનું નિદાન.

शीतं गुरुं स्निग्धमचेष्टनञ्च संपूरणं प्रस्वपनं दिवा च । गुल्मस्य हेतुः कफसम्भवस्य सर्वस्तु दिष्टो निचयात्मकस्य ॥

सम्पूरण उदरपूरणम् । निचयात्मकस्य सान्निपातिकस्य । सर्वो हेतु वातपित्तकफानां हेतु ॥

શીતળ, ભારે, અને સ્નિગ્ધ અન્નો, બેઠાળુપણું, દિવસે સુવુ, એ કફગુલ્મ કરે છે, સર્વ દોષોનાં ભેળાં ચિન્હ ત્રિદોષ ગુલ્મનું કારણ થાય છે.

કફના ગુલ્મનું લક્ષણ.

स्तैमित्यशीतज्वरगात्रसादहृल्लासकासारुचिगौरवाणि । कफस्य लिङ्गानि च यानि तानि भवन्ति गुल्मे कफकोपजाते ॥

कफस्य लिङ्गानि वेदनाल्पता वह्निमान्द्यादीनि । सान्निपातिके सर्वो हेतुरुपलक्षणम् ।

શરીરમા ભીનાશ, શીતજ્વર, ગાત્રોમાં ગ્લાનિ, મોળ, ઉધરસ, અરૂચિ, ભારેપણું, અને અલ્પવેદના તથા અગ્નિમાંદ્ય વગેરે કફના ચિન્હો કફ ગુલ્મમાં થાયછે.

દ્વંદ્વજ ગુલ્મ વિષે

व्यामिश्रलिङ्गानपरांस्तु गुल्मांस्त्रीनादिशेदौषधकल्पनार्थम् ।

બે બે દોષનાં ચિન્હો ભેળાં હોય તો દ્વંદ્વજ ગુલ્મો થાયછે, તે ત્રણ જાતના થાય છે તેની તે તે પ્રમાણે ચિકિત્સા કરવી.

ત્રણે દોષના ગુલ્મનું લક્ષણ.

महारुजं दाहपरीतमश्मवत् घनोन्नतं शीघ्रविदाहि दारुणम् ॥ मनः शरीराग्निबलापहारिणं त्रिदोषजं गुल्ममसाध्यमादिशेत् ।

અત્યંત પીડા, બળતરા, પથરા જેવો જાડો અને ઊંચો ગુલ્મ થાય છે, મન, શરીર, અગ્નિ, અને બળ હરાઈ જાય છે. આ ત્રિદોષજ ગુલ્મ અસાધ્ય ગણાય છે

આર્ત્તવ ગુલ્મનું નિદાન તથા લક્ષણો.

धातुरूपरक्तजस्यापि विप्रकृष्टनिदानानि लक्षणानि च पैत्तिकस्येव बोद्धव्यानि । परमत्राभिघातादिहेतुर्विशेषत. ।

नवप्रसूताऽहितभोजना या या चामगर्भं विसृजेत् ऋतौ वा । वायुर्हि तस्याः परिगृह्य रक्तं करोति गुल्मं सरुजं सदाहम् ॥ पैत्तस्य लिङ्गेन समानलिङ्गं विशेषणं चाप्यपरं निबोध । यः स्पन्दते पिण्डित एव नाङ्गैश्चिरात् स शूलः समगर्भलिङ्गः॥ सरौधिरः स्त्रीभव एव गुल्मो मासे व्यतीते दशमे चिकित्स्यः ॥

नवप्रसूता प्रकृताग्निबलवर्णमासहीना । अहितभोजना । या चामगर्भं विसृजत् नवममासादर्वाक् प्रसूयते साप्यहितभोजना । ऋतौ वा आर्त्तवप्रवृत्तिकालेऽहितभोजना अपथ्याचरणात् वा वायु रक्त परिगृह्य गुटिकाकार गर्भाशये गुल्मं करोति । भोजनपद विहारस्याप्युपलक्षणम् ।

यतश्चाह चरकः । ऋतावनाहारतया भयेन विरूक्षणैर्वेगविनिग्रहैश्च । संस्तम्भनोल्लेखनयोनिदोषैर्गुल्मः स्त्रिया रक्तभवोऽभ्युपैति ॥

चिरात् स्पन्दते चलति नाङ्गैः न हस्तपादाद्यै. । समगर्भलिङ्गः । अत्र समशब्द सर्वशब्दार्थ. तेन समानि सर्वाणि गर्भलिङ्गानि आर्त्तवप्रवृत्तिकाले आर्त्तवादर्शनमुखपीततास्तनमुखकृष्णतादोहदादानि यत्र स । एते च व्याधिप्रभावात् । यथा यक्ष्मिणे रिरंसा । सरौधिर आर्त्तवरूपरक्तजः स्त्रीणा प्रजायते इति गर्भसमानलिङ्गत्वे विशेषज्ञानार्थमाह । मासे व्यतीते दशमे चिकित्स्यः नवमदशममासयोः प्रसवकालत्वादित्येके । तत्र ॥ य स्पन्दते पिण्डित एव नाङ्गैरित्यादिनैव सशयस्य निराकृतत्वात् ॥ गर्भः प्रत्यङ्गै. निरन्तर नि शूलं स्पन्दते गुल्मश्चैतद्विपरीत इति । किञ्च नवमे दशमे प्रसूयत इत्युत्सर्गो न तु नियम' । तदधिककालेऽपि प्रसवदर्शनादागमाच्च । यत आह चरक । 'तं स्त्री प्रसूते सुचिरेण गर्भं पुष्टं यदा वर्षगणैरपि स्यात्' । तस्मान्मासे व्यतीते दशमे चिकित्स्य इति न संशय व्यवच्छेदार्थं किन्तु तदा सुखेन चिकित्सार्थं । यत उक्तम् ।

रक्तगुल्मे पुराणत्व सुखसाध्यस्य लक्षणम् ।

पुराणता चास्य दशमासातिक्रमेणैव भवति । जैज्जटेनाप्युक्तम् । दशमासोपरिपिण्डिते गुल्मे स्नेहादिनोपस्कृतदेहाया न गर्भाशयक्षतिमादधाति रक्तभेदनमिति ।

તુરત જણ્યું હોય એવી સ્ત્રી અયોગ્ય આહાર વિહાર કરે તો, અથવા તો કસૂવાવડ થયા પછી અયોગ્ય આહાર વિહાર કરે તો, તેના રક્તને વાયુ પકડી લેઇને ગર્ભાશયમાં પીડાકારક અને બળતરાવાળો ગોળી જેવો ગુલ્મ કરે છે. તેનાં ચિન્હ પિત્ત ગુલ્મ જેવાંજ હોય છે. ચરક કહે છે કે—" ઋતુકાળમાં ઉપવાસ કરવાથી, ભયથી, રૂક્ષ પદા-

થી મૂત્ર વગેરે વેગોને રોકવાથી, સ્તંભનથી, યોનિ છોલાવાથી, અને બીજા યોનિના દોષોથી સ્ત્રીઓને રૂધિરથી થનારો ગુલ્મ થાય છે"

આ ગુલ્મ રોગમા બીજું એ વિશેષ છે કે—ગર્ભ રહ્યાનાં ચિન્હો (રજ પડતી વખતે રજનુ ન દેખાવું, મોઢાની પીળાશ સ્તનની ડીંટડીઓ કાળી, ખાવા પીવામા ભાવ અભાવ ઇત્યાદિ) વ્યાધિના પ્રભાવને લીધે જે ગુલ્મનાં જોવામાં આવે (જેમ કે ક્ષય રોગીને સ્ત્રીની સાથે સંભોગ કરવાની ઇચ્છા રોગના પ્રભાવથી થાય છે તેમ આ પ્રકારના ગુલ્મવાળી સ્ત્રીને ગર્ભ રહ્યાના ચિન્હો રોગના પ્રભાવથી થાય છે), વળી જેમાં ગર્ભના હાથ પગ વગેરે અંગનું ફરકવું નહી થતા કેવળ પિંડાકારનુંજ ફરકવું થતું જણાય છે, તથા જેમાં શૂળ નીકળે છે તેને રજરૂપ રૂધિરથી ઉત્પન્ન થયેલો ગુલ્મ સમજવો. આ ગુલ્મની ચિકિત્સા સ્ત્રીને દશમો મહિનો થયા પછી કરવી. દશમો મહિનો વીત્યા પછી ચિકિત્સા કરવાનુ કારણ ગર્ભનો સશય ટાળી નાખવા વાસ્તે નથી, પણ દશમે મહિને સુગમતાથી ચિકિત્સા થઇ શકે છે, માટે એમ કહ્યુ છે. રક્ત સબંધી ગુલ્મ જૂનો હોય તો તેને સુખસાધ્ય જાણવો

અસાધ્ય ગુલ્મનુ લક્ષણ.

महारुजं दाहपरीतमश्मवद्घनोन्नतं शीघ्रविदाहि दारुणम् । मनःशरीराग्निबलापहारिणं त्रिदोषजं गुल्ममसाध्यमादिशेत् ॥

दाहपरीत दाहेन व्याप्तसकलदेहम् । शीघ्रविदाहि शीघ्रविदग्धाजीर्णकरम् ॥ दारुण मारकम् । मनोपहारिण मनोवैक्लव्यकारकम् । शरीराग्निबलापहारिण शरीरस्य कार्श्यकरम् ॥

सञ्चितः क्रमशो गुल्मो महावास्तुपरिग्रहः। कृतमूलः शिरानद्धो यदा कूर्म इवोन्नतः ॥ दौर्बल्यारुचिहृल्लासकासच्छर्घरतिज्वरैः । तृष्णातन्द्राप्रतिश्यायैर्युज्यते न स सिध्यति ॥

महावास्तुपरिग्रहः व्यापकतया बृहत् स्थलं गृह्णाति । युज्यते युक्तो भवति ॥

गृहीत्वा स ज्वरश्वासं छर्घतीसारपीडितम् । हृन्नाभिहस्तपादेषु शोथः कर्षति गुल्मिनम् ॥ कर्षति मारणाय कर्षति ॥

श्वासः शूलं पिपासान्नविद्वेषो ग्रन्थिमूढता । जायते दुर्बलत्वञ्च गुल्मिनो मरणाय वै ॥ ग्रन्थिमूढता ग्रन्थिरूपस्य गुल्मस्यक स्माद्विलयनम् ॥

બહુ પીડા કરનાર, દાહ કરનાર, પથ્થર જેવો ઘાટો અને મોટો શીઘ્રવિદાહી, દારૂણ, મન તથા શરીર અને અગ્નિનાં બળોને હરી લેનાર, અને ત્રણે દોષોથી થએલો ગુલ્મ અસાધ્ય હોય છે ક્રમસર એકઠો થઇને મોટા ભાગમાં ફેલાયલો, શૂળ કરનાર શિરાઓથી બધાઇને કાચબા જેવો ઉંચો થયો હોય, દુર્બળ કરી નાંખીને મોળ તથા અરૂચિ, ઉલટી, મોળ, જ્વર, શ્વાસ, ઉલટી અણગમો, જ્વર, તૃષા, ઘેન, તથા સળેખમ કરનાર ગુલ્મ પણ અસાધ્ય છે, એમ જાણવું. જ્વર, શ્વાસ, ઉલટી, અતિસાર, એથી પીડાયલાને પકડીને ગુલ્મ તેનાં હૃદય, નાભિ, હાથ, અને પગોમા સોજા કરીને મારવા માટે ખેંચે છે. શ્વાસ, શૂળ તૃષા, અન્નનો દ્વેષ, ગુલ્મનુ અદ્રશ્ય થવું અને દુર્બળતા, આ ચિન્હો મરણનાં જાણવા.

ગુલ્મની ચિકિત્સા.

वातारितैलेन पयोयुतेन पथ्यासमेतेन विरेचनं हि । संस्वेदनं स्निग्धमतिप्रशस्तं प्रभञ्जनक्रोधकृते च गुल्मे ॥ स्वर्जिका कुष्ठसहितः क्षारः केतकसम्भवः । पीतस्तैलेन शमयेद् गुल्मं पवनसम्भवम् ॥ तित्तिरांश्च मयूरांश्च कुक्कुटान् क्रौञ्चवर्त्तकान् । सर्पिः शालीं प्रसन्नाश्च वातगुल्मे प्रयोजयेत् ॥ पित्तगुल्मे त्रिवृच्चूर्णं पातव्यं त्रिफलाम्बुना । विरेकाय सितायुक्तं कम्पिल्लं वा समाक्षिकम् ॥

त्रिफलाम्बुना त्रिफलाक्काथेन । कम्पिल्लक कपिला इति लोके ॥

अभयां द्राक्षया खादेत् पित्तगुल्मे गुडेन वा । योगैश्च वातगुल्मोक्तैः श्लेष्मगुल्ममुपाचरेत् ॥ अपरैश्च बलासघ्नैर्युक्तियुक्तैः शमं नयेत् । हिङ्गुग्रन्थिकधान्यजीरकवचाचव्याग्निपाठा शटी वृक्षाम्लं लवणत्रयं त्रिकटुकं क्षारद्वयं दाडिमम् । पथ्यापौष्करवेतसाम्लहपुषाजाज्यस्तदेभिः कृतं चूर्णं भावितमेतदार्द्रकरसैः स्याद्बीजपूरद्रवैः ॥ गुल्माध्मानगुदाशूरानग्रहणिकोदावर्त्तसंज्ञं गदमूमत्याध्मानगरोदराश्मरियुतां स्तूनद्वियारोचकान्॥ उरुस्तम्भमतिभ्रमं च मनसो बाधिर्यमष्ठीलिकां प्रत्यष्ठीलिकया सहापहरते द्राक्पीतमुष्णाम्बुना ॥ हृत्कुक्षिवङ्क्षणकटीजठरान्तरेषु बस्तिस्तनांसफलकेषु च पार्श्वयोश्च । शूलानि नाशयति वातबलासजानि हिंग्वाद्यमाद्यमिदमाश्विनसंहितोक्तम् ॥

इति हिंग्वाद्य चूर्णम् ॥

धीमानुपचरेद् गुल्मं प्रत्येकं च त्रिदोषजम् । सन्निपातोत्थिते गुल्मे त्रिदोषघ्नो विधिर्हितः ॥ शरपुङ्खस्य लवण पथ्याचूर्णं समं द्वयम् । शाणप्रमाणमश्नीयाच्चूर्णं गुल्मगदापहम् ॥ स्वर्जिकाशाणमाना स्यात्तावदेव गुडं भवेत् । उभयोर्वटिकां खादेत् गुल्मामयविनाशिनीम् ॥ पलाशवज्रिशिखरीचिञ्चार्कतिलनालजाः । यवजः स्वर्जिका चेति क्षारा अष्टौ प्रकीर्तिताः ॥ एते गुल्महराः क्षारा अजीर्णस्य च पाचकाः ।

क्षाराष्टकम् ॥

सामुद्रं सैन्धवं काचं यवक्षारः सुवर्चलम् ॥ टङ्कणं स्वर्जिका क्षारस्तुल्यं चूर्णं प्रकल्पयेत् । वज्रक्षीरैरर्कक्षीरैरातपे भावयेत्त्र्यहम् वेष्टयेदर्कपत्रेण रुद्ध्वा भाण्डे पुनः पचेत् । तत् क्षारं चूर्णयेत्पश्चात् त्र्यूषणं त्रिफला तथा ॥ यवानी जीरको वह्निश्चूर्णमेषां च कारयेत् । सर्वचूर्णं समं क्षारं सर्वमेकत्र कारयेत् ॥ तच्चूर्णं टङ्कयुगलं सलिलेन प्रयोजयेत् । गुल्मे शूले तथा जीर्णे शोथे सर्वोदरेषु च ॥ मन्दे वह्नावुदावर्ते प्लीह्नि चापि परं हितम् । वातेऽधिके जलैः कोष्णैर्हितं पित्तेऽधिके घृतैः ॥ गोमूत्रेण कफाधिक्ये काञ्जिकेन त्रिदोषजे ॥ वज्रक्षार इति ख्यातः प्रोक्तः पूर्वं स्वयम्भुवा ॥ सेवितो हरते जीर्णं तथा जीर्णभवान्गदान् । इति वज्रक्षारः ॥

सुवर्चिका टङ्कमिता तत्समानार्द्रिकापि च । उभे भुञ्जीत युगपद्गुल्मामनिवृत्तये ॥

सुवर्चिका सोरा इति लोके ॥

गुल्मी कुमारिका मांसं कर्षार्ध गोघृतान्वितम्। गिलेद्व्योषा भयासिंधुसूक्ष्मचूर्णावधूलितम्। शुक्तिचूर्णस्य गुटिकां टङ्कमात्रां सुवेष्टयेत्। गुडेन शाणमानेन तां लिहेद्गुल्मरोगवान् ॥

વાયુના ગુલ્મમા દૂધ અને હરડે સહિત એરડીયા તેલનુ વિરેચન, તથા સ્નિગ્ધ પદાર્થોનું સ્વેદન કરવું, એ બહુ સારૂં છે

સાજીખાર, કઠ, અને કેવડાની રાખ તેલમાં મેળવીને પીવાથી વાતગુલ્મ શાંત થઇ જાય છે.

તેતર, મોર, કુકડો, કુંજ, અને વૈયાંના માંસો, તથા ઘી, રાતા ચોખા, અને મદિરાની આછ, એ સર્વ વાતગુલ્મમા આપવાં

પિત્તગુલ્મમા વિરેચન માટે ત્રિફળાના ક્વાથમાં નસોતરનુ ચૂર્ણ પીવું, અથવા મધમાં કપીલો ખાવો.

પિત્તગુલ્મમા દ્રાક્ષ અથવા ગોળ સાથે હરડે ખાવી તે બહુ સારી છે.

કફગુલ્મમાં વાતગુલ્મવાળાજ ઉપાયો કરવા, તથા બીજા પણ યુક્તિથી બનાવેલા ઉપાયો કરવા

હિંગ્વાદ્ય ચૂર્ણ.

હિંગ, ધાણા, પીપરીમૂળ, વજ, ચવક, ચિત્રક, જીરૂ, કાળીપાડ, કચુરો, કોકમ, સૈંધવ, સચળ, બિડલુણ, સૂઠ, મરી, પીપર, જવખાર, સાજીખાર, દાડમ, હરડે, પુષ્કરમૂળ, અમ્લવેતસ, હળુષા, અને ધોળુ જીરૂં, આ સર્વનાં ચૂર્ણને આદાના તથા બીજોરાના રસોની ભાવનાઓ દેવી. આ ચૂર્ણથી ગુલ્મ, આફરો, અર્શો, મરડો, ઉદાવર્ત, પ્રત્યાધ્માન, ગરોદર, પથરી, તુની તથા પ્રતિતુની મટી જાય છે. તે રૂચિ ઉપજાવે છે તથા ઉરૂસ્તંભ, મતિ તથા મનનો ભ્રમ, બેહેરાપણું, અષ્ઠીલિકા, અને પ્રત્યષ્ઠીલિકાને પણ ગરમ પાણી સાથે ખાવાથી મટાડે છે. હૃદય, કુખ, વક્ષણ, કમર, અને જઠર તથા આંતરડાઓમાં, બસ્તિ, સ્તન, ખભા, અને પડખાઓમાં વાયુ તથા કફથી નીકળતા શૂળોનો પણ આ અશ્વિનીકુમારોએ કહેલા હિંગ્વાદ્ય નામના ચૂર્ણથી નાશ થઈ જાય છે

પ્રત્યેક દોષથી થયેલા તથા ત્રિદોષથી થયેલા ગુલ્મોની ચિકિત્સા બુદ્ધિમાનોએ તે તે પ્રમાણે કરવી. સાંનિપાતિક ગુલ્મની ચિકિત્સા ત્રિદોષહર કરવી. શરપુખાનો ક્ષાર અને હરડેનુ ચૂર્ણ સમભાગે લેઇને પા (૦।) તોલા જેટલુ ખાવાથી ગુલ્મ મટે છે

સાજીખાર તથા ગોળ સમભાગે લેઈ તેની ગોળી કરીને ખાવાથી ગુલ્મનો નાશ થઈ જાય છે.

ક્ષારાષ્ટક.

ખાખરો, થોર, અઘેડો, આંબલી, આકડો, તલ, જવખાર, અને સાજીખાર, એ આઠ ક્ષારો કહેવાય છે. આ ક્ષારો ગુલ્મ તથા અજીર્ણને હરનારા તથા પાચન કરનારા છે.

વજ્રક્ષાર

સાદુ મીઠુ, સૈંધવ, બિડલૂણ, જવખાર, સચળ, ટકણખાર, સાજીખાર, એમનુ સમભાગ ચૂર્ણ કરવું તેને ત્રણ ત્રણ દિવસ સુધી આકડા તથા થોરના છીરોની ભાવનાઓ દેવી પછી તેને આકડાના પાનમાં વીંટીને હાંલ્લીમા બધ કરીને પકાવવું. પછી તેનું ચૂર્ણ

કરીને તેમાં સૂંઠ, મરી, પીપર, હરડે, બેડા, આમળાં, અજમો, જીરૂં, ચિત્રક, એમનુ ચૂર્ણ ક્ષારોના ચૂર્ણ જેટલુજ લઇને મેળવી દેવુ. આ ચૂર્ણ અરધો તોલો લઈ પાણી સાથે ખાવું. ગુલ્મ, શૂળ, અજીર્ણ, સોજા, સર્વ ઉદર રોગો, મદાગ્નિ, ઉદાવર્ત, અને બરલમાં આ ચૂર્ણ બહુ ફાયદો કરે છે. વાયુ વાળાએ ઊના પાણીમા, પિત્તવાળાએ ઘીમા, કફવાળાએ ગોમૂત્રમાં, અને ત્રિદોષવાળાએ કાંજીમા ખાવુ. આ પ્રસિદ્ધ વજક્ષાર પૂર્વે પોતે બ્રહ્માએ કહેલ છે, તે અજીર્ણ તથા તેથી થયેલા સર્વ રોગોને જીતે છે.

સુરોખાર તથા આદાનુ ચૂર્ણ પા પા તોલો મેળવીને ખાવાથી ગુલ્મનો નાશ થઇ જાય છે.

અરધો તોલો કુવારનો ગર્ભ ગાયના ઘીમાં મેળવી તેમા સૂંઠ, મરી, પીપર, હરડે, અને સૈંધવના ચૂર્ણો મેળવીને ખાવાથી ગુલ્મ મટે છે.

પા પા તોલો ગોળ તથા છીપનુ ચૂર્ણ મેળવી ગોળી કરીને ખાવાથી ગુલ્મનો નાશ થાય છે.

ગુલ્મવાળાને ત્યાજ્ય પદાર્થો.

वल्लुरमूलकं मत्स्यं शुष्कशाकानि वैदलम् । न खादेदालुकं गुल्मी मधुराणि फलानि च ॥

वैदलाना निषधेऽपि माषकुलत्थयोर्नात्र निषेध इति सुश्रुतटीका ॥

સૂકું માસ, મૂળા, માછલાં સૂકા શાક, દાળ, અને આલુક, એ કંઈ ગુલ્મવાળાએ ખાવાં નહિ, તેમ મધુર ફળો પણ નહિ ખાવાં.

રક્તગુલ્મની ચિકિત્સા.

स्विन्नस्निग्धशरीरस्य योज्यं स्नेहविरेचनम् । शताह्वाचिरबिल्वत्वग्दारुभार्ङ्गीकणोद्भवः ॥ कल्क पीतो जयेद्गुल्मं तिलक्काथेन रक्तजम् । तिलक्काथो गुडव्योषघृतभार्ङ्गीयुतो भवेत् ॥ योनिरक्तभवे गुल्मे नष्टपुष्पेषु योषिताम् । पीतो धात्रीरसो युक्तो मरिचैः श्वासगुल्मनुत् ॥ शुंडीरोचनिकाचूर्णं शर्करामाक्षिकान्वितम् । विदधीतास्रगुल्मिन्यामलसरेचनाय च ॥ विशेषमपरं चाशु शृणु रक्तप्रभेदनम् । पलाशक्षारतोयेन सर्पिः सिद्धं पिबेच्च सा सक्षारं त्र्यूषणं सर्पिः मपिबेदस्रगुल्मिनी ।

રૂધિરના ગુલ્મવાળાને પ્રથમ સ્નેહન અને પછી સ્વેદન આપીને પછી સ્નેહનું વિરેચન આપવુ.

શતાવરી, કરંજની છાલ, દેવદાર, ભારંગી, પીપર, એમનો કલ્ક તલના ક્વાથ સાથે પીવાથી રક્તગુલ્મ મટી જાય છે.

તલના ક્વાથમા ગોળ, સૂંઠ, મરી, પીપર, ઘી અને ભારંગી નાંખીને પીવાથી યોનિના રક્તથી થયેલ, કે નષ્ટાર્તવથી થયેલ સ્ત્રીનો ગુલ્મ મટી જાય છે.

આમળાંના રસમાં મરી મેળવી ખાવાથી રક્ત ગુલ્મ મટી જાય છે.

ગોરખમુંડી, વંશલોચન, એનું ચૂર્ણ સાકર અને મધ સાથે ખાવાથી રક્ત ગુલ્મ મટી જાય છે. અને વિરેચનની જરૂર રહેતી નથી. રક્ત ગુલ્મ માટે વિશેષ પણ કહેવાય છે.

ખાખરાના ક્ષારથી સિદ્ધ કરેલું દૂધ રક્ત ગુલ્મ વાળી સ્ત્રીએ પીવુ. સૂંઠ, મરી, પીપર, ઘી અને ક્ષાર રક્ત ગુલ્મ વાળી સ્ત્રીએ ખાવુ

गुल्मनो अधिकार समाप्त.

બરલ તથા જમણા પડખાની ગાંઠનો અધિકાર.

બરલ (પ્લીહ) નું સ્વરૂપ

शोणिताज्जायते प्लीहा वामतो हृदयादधः । रक्तवाहिशिराणां स मूलं ख्यातो महर्षिभिः ॥

હૃદયની નીચે લોહીમાંથી બરલની ગાઠ બનેલી છે. તેને મહાર્ષિઓએ રક્ત વાહિની શિરાઓનુ મૂળ કહેલુ છે.

નિદાન, સંપ્રાપ્તિ, તથા સામાન્ય લક્ષણ.

विदाह्यभिष्यन्दिरतस्य जन्तोः प्रदुष्टमत्यर्थमसृक्कफश्च । प्लीहाभिवृद्धिं कुरुतः प्रवृद्धौ तं प्लीहसंज्ञं गदमामनन्ति ॥ वामे स पार्श्वे परिवृद्धिमेति विशेषतः सीदति चातुरोऽत्र । मन्दज्वराग्निः कफपित्तलिङ्गैरुपद्रुत क्षीणबलोऽतिपाण्डुः ॥

विदाहि कुलत्थमाषसर्षपशाकादि । अभिष्यन्दि माहिष दध्यादि कफपित्तलिङ्गैरुपद्रुत इत्यर्थ । प्रदुष्टमत्यर्थमसृक्कफश्चेति सम्प्राप्ति असृज' पित्तस्य च समानधर्मत्वात् ।

દાહક તથા કફ કરનારાં પદાર્થોનુ સેવન કરનારના રક્ત તથા કફ અત્યત દુષ્ટ થઈને વધેછે તેથી બરલ વધેછે તેને બરલનો રોગ કહેછે. એ બરલ ડાબી બાજુએ વધીને વિશેષ પીડા કરેછે. ઝીણોતાવ લાવેછે અગ્નિને મંદ પાડેછે, કફ તથા પિત્તના જેવી પીડા થાયછે, બળ ઘટી જાય છે, અને શરીર પાડુ વર્ણનુ થઈ જાય છે.

લોહીથી થયેલી બરલનું લક્ષણ.

क्लमो भ्रमो विदाहश्च वैवर्ण्यं गात्रगौरवम् । मोहो रक्तोदरत्वं च ज्ञेयं रक्तजलक्षणम् ।

ગ્લાનિ, શ્રમ, દાહ, વિવર્ણતા, ગાત્રોમા ભારેપણુ, મોહ, અને પેટની રતાશ, એ રક્તથી થયેલી બરલનાં લક્ષણો છે.

પિત્તથી થયેલી બરલનાં લક્ષણ.

सज्वरः सपिपासश्च सदाहो मोहसंयुतः । पीतगात्रो विशेषेण प्लीहापैत्तिक उच्यते ॥

જ્વર, તૃષા, મોહ, દાહ, અને વિશેષે કરીને ગાત્રોનુ પીળાશપણું, એ પિત્તજ બરલના લક્ષણો છે.

કફથી થયેલી બરલનાં લક્ષણો.

प्लीहा मन्दव्यथा स्थूलः कठिनो गौरवान्वितः । अरोचकेन संयुक्तः प्लीहा कफज उच्यते ॥

મંદપીડા વાળી, પણ જાડી, કઠણ, અને ભારે તથા અરૂચિ કરનાર બરલ કફની થાયછે

વાતિક બરલનાં લક્ષણો.

नित्यमानद्धकोष्ठः स्यान्नित्योदावर्तपीडितः । वेदनाभिः परीतश्च प्लीहा वातिक उच्यते ॥

કોઠાનું સજ્જડપણું, નિત્ય ઉદાવર્ત્તની પીડા, અને વેદનાથી વ્યાપ્ત બરલ, વાયુથી થયેલ જાણવી.

બરલનુ અસાધ્યપણું.

दोषत्रितयरूपाणि प्लीन्हासाध्ये भवन्त्यपि ।

ત્રણે દોષોથી થયેલ બરલનો રોગ અસાધ્ય છે

જમણા પડખાની ગાંઠ (यकृत्) નુ સ્વરૂપ.

अधो दक्षिणतश्चापि हृदयाद्यकृतः स्थितिः । तत्तु रञ्जकपित्तस्य स्थानं शोणितजं मतम् ॥

હૃદયની નીચે જમણી મેર કંઈક નીચે યકૃતની ગાઠ છે તે રજક પિત્તથી બનેલી મનાય છે.

યકૃતના રોગ વિષે.

प्लीहामयस्य हेत्वादि समस्तं यकृदामये । किन्तु स्थितिस्तयोर्ज्ञेया वामदक्षिणपार्श्वयोः ॥

પ્લીહાના રોગનાં કારણ વગેરે છે તેજ યકૃતના રોગોનાં પણ છે, તો પણ બરલ ડાબી મેર અને યકૃત જમણી મેર હોય છે, એટલો ફેર છે.

બરલની ચિકિત્સા.

पातव्यो युक्तितः क्षारः क्षीरेणोदधिशुक्तिजः । तथा दुग्धेन पातव्याः पिप्पल्यः प्लीहशान्तये ॥ अर्कपत्रं सलवणं पुटदग्धं सुचूर्णितम् । निहन्ति मस्तुना पीतं प्लीहानमतिदारुणम् । हिङ्गुत्रिकटुकं कुष्टं यवक्षारं च सैन्धवम् । मातुलुङ्गरसोपेतं प्लीहशूलहरं भवेत् ॥ पलाशक्षारतोयेन पिप्पली परिभाविता । प्लीहगुल्मार्तिशमनी वह्निमांद्यहरी मता । रसेन जम्बीरफलस्य शङ्खनाभीरजः पीतमवश्यमेव । शाणप्रमाणं शमयेदशेषं प्लीहामयं कूर्मसमानमाशु ॥ शरपूंखमूलकल्कस्तक्रेणालोडितः पीतः । प्लीहानं यदि न हरति शैलोऽपि तदा जले प्लवते । सुपक्वसहकारस्य रसः क्षौद्रसमन्वितः । पीतः प्रशमयत्येव प्लीहान नेह संशयः ॥ सुस्विन्नं शाल्मलीपुष्पं निशापर्युषितं नरः । राजिकाचूर्णसंयुक्तं खादेत्प्लीहोपशान्तये ॥ यवानिकाचित्रकयावशूकषड्ग्रन्थिदन्तीमगधोद्भवानाम् । चूर्णं हरेत्प्लीहगदं निपीतमुष्णाम्बुना मस्तुरसासवैर्वा ॥

બરલની શાંતિ માટે યુક્તિથી સમુદ્રની છીપનો ક્ષાર દૂધમાં પાવો, તથા પીપરનું ચૂર્ણ દૂધસાથે આપવુ

લૂણ સાથે આકડાના પાનને પુટપાકથી પકાવીને તેનુ ચૂર્ણ દહિના પાણી સાથે પીવાથી દારૂણ બરલ પણ મટે છે.

હિંગ, સૂઠ, મરી, પીપર, કઠ, જવખાર, અને સૈંધવનુ ચૂર્ણ કરી બીજોરાના રસ સાથે ખાવાથી બરલનું શૂળ મટે છે.

ખાખરાના ખારના કવાથની ભાવના આપેલી પીપરથી બરલ અને ગુલ્મની પીડા મટે છે, અને અગ્નિની મંદતા પણ મટે છે

શખની નાભિનું ચૂર્ણ લીંબુના રસમા અવશ્ય પીવું. પા તોલા ખાવાથીજ કાચબા જેવી બરલ એકદમ શમી જાયછે શરપું-

ખાના મૂલને કલ્ક છાશમાં પીવાથી બરલ તો શું, પણ પર્વત પણ જળમાં ડુબી જાયછે.

સારી રીતે પાકેલ આંબાનો રસ મધ સાથે પીવાથી નિ સશયરીતે બરલ મટેછે.

સારી રીતે બાફેલ શેમળાના પુષ્પને રાતવાસી રાખીને રાઇના ચૂર્ણ સાથે ખાવાથી બરલની શાંતિ થાય છે.

અજમો, ચિત્રક, જવખાર, પીપરીમૂળ, નેપાળો, અને પીપરનુ ચૂર્ણ ગરમ પાણીમાં પીવાથી અથવા છાશમા પીવાથી બરલના રોગો હરાય છે.

યકૃતની ચિકિત્સા.

प्लीहोदिष्टा क्रियाः सर्वा यकृद्रोगे समाचरेत् । कार्यं च दक्षिणे बाहौ तत्र शोणितमोक्षणम् ॥ क्षारं विडङ्गकृष्णाभ्यां पूतीकस्याम्बुनि शृतम् । पिबेत्प्रातर्यथावह्नि यकृत्प्लीहप्रशान्तये ।

पूतीक करञ्ज । इति प्लीहयकृदधिकार ।

યકૃતના રોગમાં બરલમાં બતાવેલી સર્વ ક્રિયાઓ કરવી, અને જમણી બાજુની નસ ખોલાવીને લોહી કઢાવવુ વાવડીંગ તથા પીપરની ભસ્મ જઠરાગ્નિના બળ પ્રમાણે સવારમા કરજના રસની સાથે પીવાથી યકૃત્ તથા બરલની શાંતિ થાય છે.

बरल तथा यकृत्नो अधिकार समाप्त.

હૃદ્રોગ (છાતીનાં દરદ) નો અધિકાર.

હૃદ્રોગનું નિદાન.

अत्युष्णगुर्वम्लकषायतिक्तश्रमाभिघाताध्यशनप्रसङ्गैः । सञ्चिन्तनैर्वेगविधारणैश्च हृदामयः पञ्चविधः प्रदिष्टः ॥

प्रसङ्ग सतत सेवा । सञ्चिन्तनम् अतिचिन्ता। राजभयादिकमिति यावत् । हृदामय स पञ्चविधः । वातिकः पैत्तिकः श्लैष्मिक. सान्निपातिक कृमिजश्चेति ।

બહુ ગરમ, ભારે, ખાટુ, તૂરૂ, કડવું ખાવાથી, શ્રમ, આભઘાત, અને ઉપરા ઉપરી બહુ ખાવાથી તથા વેગોને રોકવાથી, વાયુ સંબંધી, પિત્ત સબધી, કફ સબધી, ત્રણે દોષ સબંધી અને કૃમિથી થનારા, એમ પાંચ પ્રકારનાં છાતીનાં દરદ થાય છે.

હૃદ્રોગનું લક્ષણ.

दूषयित्वा रसं दोषा विगुणा हृदयङ्गताः । हृदि बाधां प्रकुर्वन्ति हृद्रोगं तं प्रचक्षते ॥

विगुणा दुष्टा । बाधा दोषभेदेन नानाविधा व्यथाम् । भङ्गवत्पीडामिति गणदास. ।

દુષ્ટ થયેલા દોષો હૃદયમાં રહીને રસને દૂષિત કરીને હૃદયમાં બાધ કરેછે, તેને હૃદ્રોગ કહેછે.

વાતિક હૃદ્રોગનું લક્ષણ.

आयम्यते मारुतजे हृदयं तुद्यते तथा । निर्मथ्यते दीर्यते च स्फोट्यते पाट्यतेऽपि वा ॥

मारुतजे हृद्रोग इति शेष. । आयम्यते व्यथया विस्तार्यते इव । तुद्यते सूचिभिरिव । निर्मथ्यते मन्थनेनेव दीर्यते । करपत्रेण द्विधाक्रियत इव । स्फोट्यते अस्त्रेणेव । पाट्यते कुठारेण बहुधाक्रियत इव ।

વાયુથી હૃદય વિસ્તાર પામતું હોય તેમ પીડાય છે, મથાય છે, ચીરાયછે, તથા ફુડતું હોય તેમ થાય છે, અને કપાય છે

પૈત્તિક હૃદ્રોગનું લક્ષણ.

तृष्णोष्मदाहचोषाः स्युः पैत्तिके हृदये क्लमः । धूमायनं च मूर्च्छा च स्वेदः शोषो मुखस्य च

शीतवाताभिलाषहेतु किञ्चिदन्तरौष्ण्यम् । दाह पार्श्वस्थेन वह्निनेव दु खहेतुर्गात्रस्य सन्ताप । चोष चूषणेनेव पीडा । हृदयेक्लम हृदयाकुलत्वं ग्लानिवदित्यर्थ । धूमायनम् कण्ठाद्धूमनिर्गम । स्वेद किञ्चिद्दुर्गन्ध शटित इव ।

પિત્તથી છાતીનાં દરદ થાય તો તૃષા, ગરમી, દાહ, શોષ, ગ્લાનિ, ધૂમ જેવુ, મૂર્છા, સ્વેદ, અને મુખમા શોષ થાય છે.

કફના હૃદ્રોગનું લક્ષણ.

गौरवं कफसंस्रावोऽरुचिः स्तम्भोऽग्निमार्दवम् । माधुर्यमपि चास्यस्य बलासावतते हृदि ॥ बलासावतते हृदि कुपितकफव्याप्ते । गौरव हृदयस्य स्तम्भो जडता । मार्दवं जलप्लुतमिव । माधुर्य मुखे ।

કફથી રોગ થાય તો ગૌરવતા, કફનો સ્રાવ, અરૂચિ, સ્તંભ, જઠરાગ્નિ ભીંજાતો હોય તેવો કુણો, અને મુખમાં મધુરતા થાયછે.

ત્રિદોષજ હૃદ્રોગનું લક્ષણ.

विद्यात्रिदोषमप्येवं सर्वलिङ्गं हृदामयम् ।

ત્રણ દોષોથી રોગ થાયતો ત્રણ દોષોનાં લક્ષણો જણાય છે.

કૃમીજ હૃદ્રોગનું લક્ષણ.

अत्र क्रमयो जायन्ते अस्मिन्निति क्रमिज इति निरुक्ति ।

त्रिदोषहेतु हृद्रोगे यो दुरात्मा निषेवते । तिलक्षीरगुडादींश्च ग्रन्थिस्तस्योपजायते ॥ मर्मैकदेशे संक्लेदं रसश्चाप्युपगच्छति । संक्लेदात् कृमयश्चास्य पतन्त्युपहतात्मनः ॥

मर्मैकदेशे हृदयैकदेशे सक्लेद शटितत्वं रस उपगच्छति । सक्लेदात् रसस्य शाटितत्वात् । उपहतात्मन. दूषितहृदयस्य ।

उत्क्लेदः ष्ठीवनं तोदः शूलं हृल्लासकस्तमः । अरुचिः श्यावनेत्रत्वं शोषश्च कृमिजे भवेत् ॥

उत्क्लेद' वमनमिवोपस्थितम् । शोषो यक्ष्मा ।

ત્રિદોષથી થયેલા હૃદ્રોગમાં જે કોઇ મૂર્ખ તલ, દૂધ, ગોળ, વગેરે ખાય છે, તો તેથી ગાઠ બધાય છે, તેથી ચીકાશ થઇને તેમાથી કૃમિઓ પડેછે. તેથી મોળ, શુક, વ્યથા, અંધારાં આવવા, વગેરે થાયછે. અરૂચિ, નેત્રો કાળા થવા, અને શોષ પણ થાય છે. આ રોગ કૃમિથી ઉત્પન્ન થાયછે, તેથી તેનું 'કૃમિજ' નામ રાખેલુ છે

હૃદ્રોગના ઉપદ્રવો.

क्लमः सादो भ्रमः शोषो ज्ञेयास्तेषामुपद्रवाः । कृमिजे तु कृमिणां ये श्लेष्मिकाणां हि ते मताः ॥

क्लम. पिपासास्यानस्य साद शोष' । शोषो मुखस्य । तेषां हृद्रोगाणां कृमिजे तु हृद्रोगे श्लैष्मिकाणा कृमीणाम् । ये उपद्रवा हृल्लासस्य स्रवणादयस्ते मता. ।

તૃષા, શોષ, ભ્રમ, એ તેના ઉપદ્રવો છે. કૃમિના રોગમાં કફની પેઠે મોળ અને શુક વગેરે ઉપદ્રવો થાય છે.

હૃદ્રોગની ચિકિત્સા.

घृतेन दुग्धेन गुडाम्भसा वा पिबन्ति चूर्णं ककुभत्वचो ये । हृद्रोगजीर्णज्वररक्तपित्तं हत्वा भवेयुश्चिरजीविनस्ते ॥ हरीतकी वचा रास्ना पिप्पलीनागरोद्भवम् । शटीपुष्करमूलोत्थं चूर्णं हृद्रोगनाशनम् ॥ पुटदग्धं मृगशृङ्गं पिष्टं गव्येन सर्पिषा पिबतः । हृत्पृष्ठशूलमचिरादुपैति शान्तिं सुकष्टमपि ॥ तैलाज्यगुडविपक्वं चूर्णं गोधूमपार्थोत्थम् । पिबति पयोभुक् स भवति गतसकलहृदामयः पुरुषः ॥

पार्थ कौंह इति लोके ।

गोधूमककुभचूर्णं पक्वमजाक्षीरगव्यसर्पिर्भ्याम् ॥ मधुशर्करासमेतं शमयति हृद्रोगमुद्धतं पुंसाम् ॥ पार्थस्य कल्केन रसेन सिद्धं शस्तं घृतं सर्वहृदामयेषु ।

इति अर्जुनघृतम् ।

घृतं बलानागबलार्जुनानां क्वाथेन कल्केन च यष्टिकायाः । सिद्धं तु हन्यात् हृदयामयं हि सवातरक्तक्षतरक्तपित्तम् ॥

इति बलाद्य घृतम् ॥

આસોદરાની છાલનુ ચુર્ણ ઘી, દૂધ, અથવા ગોળના પાણી સાથે પીવાથી હૃદ્રોગ, જીર્ણજ્વર, અને રક્તપિત્ત હરાયછે, અને આયુષ્ય વધેછે.

હરડે, વજ, રાસ્ના, પીપર, સુંઠ, કચુરો, અને પુષ્કરમૂળનુ ચૂર્ણ હૃદ્રોગનો નાશ કરે છે.

પુટથી પકાવેલ મૃગનું શીંગડું વાટીને ગાયના ઘી સાથે પીવું, તેથી હૃદયના અને પીઠનાં શૂળ તથા પીડા એકદમ શાંત થાય છે.

ઘઉં તથા આસોંદરાના ચૂર્ણને તેલ, ઘી, તથા ગોળ સાથે પકાવીને દૂધમાં પીવાથી તથા દૂધ ખાવાથી, સર્વ હૃદ્રોગો મટી જાય છે.

ઘઉં તથા આસોંદરાના ચૂર્ણને બકરીના દૂધમાં તથા ગાયના ઘીમા પકાવી મધ અને સાકર સાથે ખાવાથી અત્યંત વધી ગયેલો હૃદ્રોગ પણ મટી જાય છે.

અર્જુન ઘૃત.

આસોદરાના સ્વરસ તથા કલ્કથી પકાવેલ ઘી સર્વ હૃદ્રોગને મટાડે છે.

બલાદ્યઘૃત.

ખળદાણા, ખપાટ, અને આસોંદરો, એના કવાથમાં જેઠી મધના કલ્કથી પકાવેલ ઘી હૃદ્રોગ, વાતરક્ત, ક્ષત, અને રક્તપિત્તને મટાડે છે.

इति हृद्रोगनिदानचिकित्साधिकार ।

મૂત્રકૃચ્છ્રનો અધિકાર.

મૂત્રકૃચ્છ્રનુ નિદાન.

व्यायामतीक्ष्णौषधरूक्षमद्यप्रसङ्गनृत्यद्रुतपृष्ठयानात् । आनूपमत्स्याध्यशनादजीर्णात्स्युर्मूत्रकृच्छ्राणि नृणां तथाष्टौ ॥

तीक्ष्णौषधम् राजिकादिकयुक्तम् । रूक्षेति मद्यविशेषणम् । प्रसङ्ग सन्ततं सेवा । नृत्य नर्त्तनम् । नित्येति द्वितीयः पाठः । द्रुतपृष्ठयानात् अश्वादिना गमनात् । आनूपः प्रचुरजलदेशस-

म्भवमत्स्य ॥ अष्टौ वातिकपैत्तिकश्लैष्मिकसान्नि-पातिकशल्यजपुरीषशुक्रजाश्मरीजानि ॥

વ્યાયામ, તીક્ષ્ણ ઔષધ, રૂક્ષમદ્ય, નાચવાથી, તથા ઘોડા વગેરે ઉપર બેસી દોડવાથી, બહુ જળ વાળા દેશનાં માછલાં ખાવાથી, અજીર્ણથી બહુ જમવાથી, એમ આઠ કારણથી પુરૂષને મૂત્રકૃચ્છ્ર થાય છે.

મૂત્રકૃચ્છ્રનું સામાન્ય લક્ષણ.

पृथङ्मलाः स्वैः कुपिता निदानैः सर्वेऽथवा कोपमुपेत्य बस्तौ । मूत्रस्य मार्गं परिपीडयन्ति यदा तदा मूत्रयतीह कृच्छ्रात् ॥

પોતપોતાના નિદાનોથી કોપ પામેલ એક એક મળ અથવા સઘળા મળો કોપ પામીને મૂત્રાશયના મૂત્રમાર્ગને રોકી દેછે, ત્યારે મૂત્ર કષ્ટથી ઊતરે છે.

વાતિક કૃચ્છ્રનું લક્ષણ.

तीव्रा च रुग्वंक्षणबस्तिमेढ्रे स्वल्पं मुहुर्मूत्रयतीह वातात् ॥ तीव्रा मारणात्मिका वंक्षणा ऊरुमेढ्राणामभ्यन्तरालसन्धि. ॥

સાથળના મૂળમા, મૂત્રાશયમાં, અને લિંગમા તીવ્ર પીડા થાય છે, અને માંડ માંડ થોડું મૂત્ર નીકળે છે, તે વાયુના મૂત્રકૃચ્છ્રથી થાય છે.

પિત્તકૃચ્છ્રનું લક્ષણ.

पीतं सरक्तं सरुजं सदाहं कृच्छ्रं मुहुर्मूत्रयतीह पित्तात् ॥ कृच्छ्रमिति क्रियाविशेषण ॥

પીળું, લોહીવાળું, પીડાકારક, દાહયુક્ત, અને મુશ્કેલીથી વારંવાર મૂત્ર નીકળ્યા કરે તે પિત્તના મૂત્રકૃચ્છ્રથી થાય છે.

કફકૃચ્છ્રનું લક્ષણ.

बस्तेः सलिङ्गस्य गुरुत्वशोथौ मूत्रं सपिच्छं कफमूत्रकृच्छ्रे । सपिच्छं पिच्छिलं ॥

મૂત્રાશય તથા લિંગમા ભાર લાગે તથા સોજા થાય છે અને મૂત્ર ચીકણું નીકળે છે, તે કફના કૃચ્છ્રથી થાયછે.

ત્રિદોષજ કૃચ્છ્રનું લક્ષણ.

सर्वाणि रूपाणि तु सन्निपाताद्भवन्ति तत् कृच्छ्रतमं हि कृच्छ्रम् ॥

ત્રણે દોષોનાં ચિન્હો ભેળા હોય તો તે સાંન્નિપાતિક મૂત્રકૃચ્છ્ર જાણવું, અને તે બહુ દુઃખદાયી છે.

શલ્યથી થયેલા કૃચ્છ્રનું લક્ષણ.

मूत्रवाहिषु शल्येन क्षतेष्वभिहतेषु च । मूत्रकृच्छ्रं तदाघाताज्जायते भृशदारुणम् ॥ वातकृच्छ्रेण तुल्यानि तस्य लिङ्गानि निर्दिशेत् ।

मूत्रवाहिषु स्रोतःसु शल्येन कण्टकेन क्षतेषु सुक्षतीकृतेषु । अथवा अभिहतेषु मुष्ट्यादिभिरभिहतेषु तदाघातात् मूत्रमार्गाघातात्तत्कृच्छ्रं जायते भृशदारुण मारकम् तस्य शल्यजस्य ॥

મૂત્રનું વહન કરનારાં સ્રોતોમાં અભિઘાત થાય, અથવા શલ્યથી ક્ષતવાળાં થાય તો મૂત્રમાર્ગમાં આઘાત થવાથી મરણ તુલ્ય મહાદારૂણ મૂત્રકૃચ્છ્ર કરે છે. તેનાં લક્ષણો વાતજ મૂત્રકૃચ્છ્ર જેવાંજ હોયછે.

પુરીષજ કૃચ્છ્રનું લક્ષણ.

शकृतस्तु प्रतीघाताद्वायुर्विगुणतां गतः ॥ आध्मानं वातशूलं च मूत्रसंगं करोति च ॥

વિષ્ઠાનો પ્રતિઘાત થવાથી દુષિત થયેલ વાયુ પેટમાં આફરો કરીને વાત શૂળ કરીને મૂત્રને અટકાવે છે.

શુક્રજ કૃચ્છ્રનુ લક્ષણ.

शुक्रदोषैरुपहते मूत्रमार्गे विधाविते । सशुक्रं मूत्रयेत् कृच्छ्राद्वस्तिमेहनशूलवान् ॥

उपहते दूषिते ।

વીર્યના દોષથી મૂત્ર માર્ગ સાંકડો થવાથી મૂત્ર માંડ માંડ નીકળે છે. મૂત્ર સાથે વીર્ય નીકળે છે, અને મૂત્રાશય તથા લિંગમાં શૂળ નીકળે છે.

પથરીથી થયેલા કૃચ્છ્રનુ લક્ષણ.

अश्मरीहेतुकं चापि मूत्रकृच्छ्रमुदाहृतम् ।

सुश्रुते । शर्कराजमपि मूत्रकृच्छ्रमुक्तमत्र तु तस्य अष्टसङ्ख्यानियमार्थमश्मरिशर्करयो साम्याच्च न तत् पृथग्गण्यते ।

अश्मरी शर्करा चैव तुल्यसम्भवलक्षणे । विशेषणं शर्करायाः शृणु कीर्तयतो मम ॥

सम्भवः कारणम् ।

पच्यमानाश्मरी पित्ताच्छोष्यमाणा च वायुना । विमुक्तकफसन्धानात् क्षरन्ती शर्करा मता ॥

प्रथम पित्तेन इन्धनकर्मणा पच्यमाना पश्चाद्वातेन शोषिता कफेनाश्लिष्टा मूत्रशुक्रश्लेष्मसहतिरश्मरी सैव विमुक्तकफसन्धाना त्यक्तकफाश्लेषा सती शर्करारूपा मूत्रमार्गात् क्षरन्ती शर्करा मता । एतावता किञ्चिदेव भेद. ॥

हृत्पीडा वेपथुः शूलं कुशावग्निश्च दुर्बलः । तथा भवति मूर्च्छा च मूत्रकृच्छ्रं च दारुणम् ॥

પથરી થવાથી પણ મૂત્રકૃચ્છ્ર થાય છે. પથરી અને શર્કરાની મૂત્રકૃચ્છ્ર એકજ જાતિની છે શર્કરાની મૂત્રકૃચ્છ્ર વિષે વિશેષ કહું છુ તે સાંભળો પથરી પિત્તથી પાકે છે અને વાયુથી સૂકાય છે, કફથી બનેલી છે, તે કફથી છુટી પડીને મૂત્ર ભેળી નીકળે છે તેને શર્કરા (કાકરી) કહે છે હૃદયમા પીડા, કંપ, શૂળ, અગ્નિની મદતા, મૂર્ચ્છા, દારૂણ મૂત્રકૃચ્છ્ર, એ સર્વ શર્કરાથી થાય છે.

વાતિક મૂત્રકૃચ્છ્રની ચિકિત્સા

अभ्यञ्जनस्नेहनिरूहबस्तिस्वेदोपनाहोत्तरबस्तिसेकान् स्थिरादिभिर्वातहरैश्च सिद्धन्दद्याद्रसांश्चानिलमूत्रकृच्छ्रे ॥ अमृता नागरं धात्री वाजिगन्धा त्रिकण्टकैः । प्रपिबेद्वातरोगार्त्तः शूलवान् मूत्रकृच्छ्रवान् ॥ पुनर्नवैरण्डशतावरीभिर्पत्तूरवृश्चीवबलाश्मभिद्भिः । द्विपञ्चमूलेन कुलत्थकेन यवैश्च तोयोत्कथिते कषाये ॥ तैलं वराहर्क्षवसाघृतं च तैरेव कल्कैर्लवणैश्च सिद्धम् । तन्मात्रयात्र प्रतिहन्ति पीतं शूलान्वितं मारुतमूत्रकृच्छ्रम् ॥

इति पुनर्नवाद्यो मिश्रक । इति वातकृच्छ्रम् ।

વાયુથી મૂત્રકૃચ્છ્ર થાય તો વૈદ્યે રોગીને અભ્યંગ, સ્નેહન, નિરૂહબસ્તિ, ઉત્તરબસ્તિ દેવી, બધારણો, ઘી આદિનાં સેચન કરવાં, અને વાતહર પદાર્થોથી પકાવેલા રસો ખવરાવવા

ગળો, સુઠ, આમળાં, આસોંદ, અને ગોખરૂનો ક્વાથ પીવાથી વાતરોગો શૂળ અને મૂત્રકૃચ્છ્ર મટી જાય છે.

પુનર્નવાદ્ય મિશ્રક.

સાટોડી, એરંડો, શતાવરી, પતગ, ધોળી સાટોડી, બળદાણા, પાષાણભેદ, દશમૂળ, કળથી, અને જવનો ક્વાથ કરી તેમા તેજ પદાર્થોના કલ્કો સહિત, તથા સૈંધવાદિ લવણો સહિત તેલ, સૂવરની ચરબી, રીંછની ચરબી, અને ઘી પકાવી, યોગ્ય માત્રાથી પીવાથી શૂળસહિત વાયુના મૂત્રકૃચ્છ્રનો નાશ થઇ જાય છે.

પિત્તથી થયેલા મૂત્રકૃચ્છની ચિકિત્સા.

सेकावगाहाः शिशिराः प्रदेहाः ग्रैष्मो विधिर्बस्तिपयोविकाराः । द्राक्षा विदारीक्षुरसैर्घृतैश्च कृच्छ्रेषु पित्तप्रभवेषु कार्याः । कुशः काशः शरः शालिरिक्षुश्चेति तृणोद्भवम् ॥ पित्तकृच्छ्रहरं पञ्चमूलं बस्तिविशोधनम् । इति तृणपञ्चमूलम् ।

शतावरीकाशकुशश्वदंष्ट्राविदारिशालीक्षुकसेरुकाणाम् । क्वाथं सुशीतं मधुशर्कराभ्यां युक्तं पिबेत् पैत्तिकमूत्रकृच्छ्रे ॥ एर्वारुबीजं मधुकं च दार्वीं पैत्ते पिबेत्तण्डुलधावनेन । दार्वीं तथैवामलकीरसेन समाक्षिकां पित्तकृते तु कृच्छ्रे ॥ हरीतकीगोक्षुरराजवृक्षपाषाणभिद्धन्वयवासकानाम् । क्वाथं पिबेन्माक्षिकसंप्रयुक्तं कृच्छ्रे सदाहे सरुजे विबन्धे ॥ शतावरीकाशकुशश्वदंष्ट्राविदारिकेक्ष्वामलकेषु सिद्धम् । सर्पिः पयो वा सितया विमिश्रं कृच्छ्रेषु पित्तप्रभवेषु योज्यम् ॥ इति शतावरीघृतम् ।

त्रिकण्टकैरण्डकुशाद्यभीरुकर्कारुकेक्षुस्वरसेषु सिद्धम् । सर्पिर्गुडार्द्धांशयुतं प्रयोज्यं कृच्छ्राश्मरीमूत्रविघातदोषे ॥ अयं विशेषेण पुनर्विधेयः सर्वाश्मरीणां प्रवरः प्रयोगः ॥ इति त्रिकण्टकाद्य घृतम् । इति पित्तकृच्छ्रम् ।

શીતળ જળધારાઓ, ઠંડા લેપો, ઠંડા પાણીમા બેસવુ, ગ્રીષ્મઋતુને લગતા ઉપચારો કરવા, અને દ્રાક્ષનો રસ, વિદારી કંદનો રસ, શેરડીનો રસ, તથા ઘીની પિચકારીઓ મારવી, તથા એજ પદાર્થો સહિત દૂધની ચીજો આપવી, તેથી પિત્તની મૂત્રકૃચ્છ્ર મટે છે.

તૃણપંચમૂળ.

દર્ભ, કાસડો, પાનબાજરીઉં, શતાચોખા, અને શેરડી, એ તૃણપંચમૂલો પિત્તની મૂત્રકૃચ્છને મટાડે છે, અને બસ્તિને શુદ્ધ કરે છે.

શતાવર્યાદિ ક્વાથ.

શતાવરી, કાંસડો, દર્ભ, ગોખરૂ, વિદારીકંદ, શતાચોખા, શેરડી, અને ભદ્રમોથનો ક્વાથ ટાઢો પાડીને તેમા મધ અને શાકર નાખીને પીવાથી પિત્તની મૂત્રકૃચ્છ્ર મટી જાય છે.

એર્વારૂ બીજાદિ પાન

કાકડીનાં બીજ, જેઠીમધ, અને દારૂહળદરને ચોખાના ધોણમાં વાટીને ચોખાના ધોણ સાથેજ પીવા, તેથી પિત્તની મૂત્રકૃચ્છ્ર મટી જાય છે.

દાર્વ્યાદિ પાન.

દારૂહળદરને તથા આમલીના રસમાં વાટી મધ નાંખી પીવાથી પિત્તની મૂત્રકૃચ્છ્ર મટી જાય છે.

હરીતકયાદિ ક્વાથ.

હરડે, ગોખરૂ, ગરમાળો, પાષાણ ભેદ,

અને ધમાસાનો કવાથ મધ નાંખીને પીવાથી બળતરા તથા વેદના સહિત મૂત્રકૃચ્છ્ર મટી જાય છે, અને મળબંધ પણ મટે છે.

શતાવરીઘૃત

શતાવરી, કાંસડો, દર્ભ, ગોખરૂ, વિદારીકંદ, શેરડીનો રસ, અને આમળાં સહિત દૂધ અથવા ઘી પકાવીને તેમાં સાકર નાંખીને પિત્તની મૂત્રકૃચ્છ્રમાં પીવું.

ત્રીકંટકાદ્યઘૃત.

ગોખરૂ, એરંડો, તૃણપંચમૂળ, શતાવરી, કાકડીના બીજ, અને શેરડીના રસમા ઘી પકાવીને તેમાં અરધો અરધ ગોળ નાંખીને ખાવાથી મૂત્રકૃચ્છ્ર, પથરી અને મૂત્રવિઘાત મટી જાય છે. સઘળા પ્રકારની પથરીઓ ઉપર તો આ ઉત્તમ પ્રયોગ અવશ્ય કરવા યોગ્ય છે

કફની મૂત્રકૃચ્છ્રની ચિકિત્સા.

क्षारोष्णतीव्रौषधमन्नपानं स्वेदो यवान्नं वमनं निरूहः। तक्रं च तिक्तोषणसिद्धतैलान्यभ्यङ्गपाने कफमूत्रकृच्छ्रे ॥ मूत्रेण सुरया वापि कदलीस्वरसेन वा। कफकृच्छ्रविनाशाय सूक्ष्मं पिष्ट्वा त्रुटिं पिबेत् ॥ तक्रेण युक्तं सितिवारकस्य बीजं पिबेन्मूत्रविघातहेतोः। पिबेत्तथा तण्डुलधावनेन प्रवालचूर्णं कफमूत्रकृच्छ्रे ॥ त्रिकटु त्रिफला मुस्तं गुग्गुलुं च समाक्षिकम्। गोक्षुरकाथसयुक्ता गुटीका भक्षयेद् बुधः ॥ प्रमेहं मूत्रकृच्छ्रं च मूत्राघातं तथैव च। अश्मरी प्रदरं चैव नाशयेदविकल्पतः ॥

इति कफकृच्छ्रम्।

જવખાર, ઉષ્ણ અને તીવ્ર ઔષધો, ઉષ્ણ તથા તીવ્ર અન્નપાનો, સ્વેદન, જવનુ ભોજન, વમન, નિરૂહબસ્તિ, છાશ, તથા કડવા પદાર્થોથી, અને મરીથી પકાવેલ તેલનો અભ્યંગ તથા પાન કરવાથી કફની મૂત્રકૃચ્છ્ર મટી જાય છે.

ઝીણી એળચીને મૂત્ર, મદિરા, કે કેળના રસમાં વાટીને પીવાથી કફની મૂત્રકૃચ્છ્ર મટી જાય છે.

લાંપડીનાં બીજોને છાશમા વાટીને પીવાથી કફની મૂત્રકૃચ્છ્ર મટી જાય છે

પરવાળાંની ભસ્મને ચોખાના ધોણમાં પીવાથી કફની મૂત્રકૃચ્છ્ર મટી જાય છે.

સુઠ, મરી, પીપર, ત્રિફળા, મોથ, ગુગળ અને મધની ગોળી ગોખરૂના કવાથ સાથે ખાવાથી પ્રમેહ, પ્રદર, મૂત્રકૃચ્છ્ર, મૂત્રાઘાત, અને પથરીનો નાશ થાય છે, તેમા કંઇ સંશય નથી.

ત્રિદોષજ મૂત્રકૃચ્છ્રની ચિકિત્સા.

सर्वं त्रिदोषप्रभवे यथा च कृच्छ्रं बलं कर्म समीक्ष्य कार्यम्। तत्राऽधिके प्राग्वमनं कफे स्यात् पित्ते विरेकः पवने तु बस्तिः ॥ बृहती धावनी पाठा यष्टी मधुकलिङ्गकाः। पाचनीयो बृहत्यादिः कृच्छ्रदोषत्रयापहः। गुडेन मिश्रितं क्षीरं कदुष्णं कामतः पिबेत्। मूत्रकृच्छ्रेषु सर्वेषु शर्करा वातरोगनुत् ॥

इति त्रिदोषकृच्छ्रम्।

ત્રિદોષની મૂત્રકૃચ્છ્ર થઈ હોય તો રોગીના બળને અનુસરીને વિચારીને ત્રણે દોષોની ચિકિત્સા કરવી. કફ મુખ્ય હોય તો પ્રથમ વમન કરાવવુ, પિત્ત મુખ્ય હોય તો પ્રથમ વિરેચન દેવુ, અને વાયુ મુખ્ય હોય તો પ્રથમ પિચકારી દેવી.

બૃહત્યાદિ

ભોરીંગણી, ધાવણી, કાળીપાડ, જેઠી-મધ, અને ઇંદ્રજવનો કવાથ બૃહત્યાદિ કહેવાય છે, તે પીવાથી ત્રિદોષજ મૂત્રકૃચ્છ્ર મટી જાય છે.

દૂધમા ગોળ મેળવીને જરા ગરમ કરીને ઇચ્છા પ્રમાણે પીવાથી સર્વ પ્રકારની મૂત્રકૃચ્છ્ર, પથરી અને વાયુ સબધી રોગો મટી જાય છે.

શલ્યથી થયેલા મૂત્રકૃચ્છ્રની ચિકિત્સા.

मूत्रकृच्छ्रेऽभिघातोत्थे वातकृच्छ्रक्रिया मता । मद्यं पिबेद्वा ससितं ससर्पि शृतं पयो- वार्द्धसितामयुक्तम् ॥ धात्रीरसं चेक्षुरसं पिबेद्वा कृच्छ्रे सरक्ते मधुना विमिश्रम् ॥

મૂઢી વગેરે વાગવાથી મૂત્રકૃચ્છ્ર થયેલ હોયતો વાયુની મૂત્રકૃચ્છ્ર પ્રમાણે ક્રિયાઓ કરવી. રતાશ કે લોહી વાળા મૂત્ર ઉપર ઘી, સાકર અને મધ સહિત મધ પીવુ, અથવા ઉકાળેલા દૂધમા મધ તથા અરધો અરધ સાકર નાંખીને પીવું. અથવા આમળા અને શેરડીના રસો એકત્ર કરીને તેમાં મધ નાંખીને પીવા.

વીર્યથી થયેલા મૂત્રકૃચ્છ્રનો ચિકિત્સા.

लेहः शुक्रविबन्धोत्थे सशिलाजतुमाक्षिकम् । एलाहिङ्गुयुतं क्षीरं सर्पिर्मिश्रं पिबेन्नरः ॥ मूत्रदोषमशुद्धयर्थं शुक्रदोषहरं च तत् । वृष्यबृंहितधातोश्च विधेयाः प्रमदोत्तमाः ॥ शुक्रविबन्धोत्थकृच्छ्रम् ।

શિલાજિત્ તથા મધ ચાટવાથી વીર્યની મૂત્રકૃચ્છ્ર મટી જાયછે.

દૂધમાં એળચી, હિંગ અને ઘી નાંખીને પીવાથી મૂત્રના તથા વીર્યના દોષો સાફ થઇ જાયછે. વીર્ય દોષના મૂત્રકૃચ્છ્ર વાળાને વૃષ્ય પદાર્થોથી વીર્ય વધારીને પછી ઉત્તમ સ્ત્રીઓનો સગ કરાવવો.

વિષ્ટાથી થયેલા મૂત્રકૃચ્છ્રની ચિકિત્સા.

स्वेदचूर्णक्रियाभ्यङ्गबस्तयः स्युः पुरीषजे । क्वाथो गोक्षुरबीजस्य यवक्षारयुतः सदा ॥ मूत्रकृच्छ्रं शकृज्जन्म पीतः शीघ्रं नियच्छति । (शकृज्जं कृच्छ्रम्) ।

આ મૂત્રકૃચ્છ્રમા સ્વેદન દેવુ, યોગ્ય ચૂર્ણો આપવા, તેલાદિનો અભ્યગ કરવો, અને પિચકારીઓ મારવી. ગોખરૂના બીજનો કવાથ કરીને તેમા જવખાર નાખીને નિત્ય પીવાથી વિષ્ટાની મૂત્રકૃચ્છ્ર તુરત મટી જાયછે

પથરીથી થયેલા મૂત્રકૃચ્છ્રની ચિકિત્સા.

सप्तच्छदारग्वधकेबुकैला निम्बः करञ्जः कुटजो गुडूची । साध्या जले तेन पचेद्यवागूं सिद्धं कषाय मधुसंयुतं वा ॥ एर्वारुबीजकल्कश्च श्लक्ष्णपिष्टोऽक्षसंमितः । धान्याम्ललवणैः पेयो मूत्रकृच्छ्रविनाशनः ॥ त्रिकण्टकारग्वधदर्भकाशदुरालभापर्वतभेद पथ्याः । निघ्नन्ति पीता मधुनाश्मरीजं संप्राप्तमृत्योरपि मूत्रकृच्छ्रम् ॥

સાત્વિન, ગરમાળો, સોપારી, એળચી, લીમડો, કરજ, ઇદ્રજવ, અને ગળોનો કવાથ મધ નાખીને પીવાથી, અથવા એ કવાથમા રાધેલી યવાગુ ખાવાથી પથરીની મૂત્રકૃચ્છ્ર મટી જાયછે.

કાકડીના બીજોનો એક તોલો કલ્ક કાંજી અને સૈંધવ સાથે પીવાથી મૂત્રકૃચ્છ્ર મટેછે.

ગોખરૂ, ગરમાળો, દર્ભ, કાસુંડો, ધમાસો, પાષાણભેદ, અને હરડેનો કલ્ક મધ સાથે પીવાથી મરણ તોલ મૂત્રકૃચ્છ્ર પણ મટી જાય છે.

મૂત્રકૃચ્છ્રની સામાન્ય ચિકિત્સા.

निदिग्धिकायाः स्वरसं कुडवं मधुसंमितम् । मूत्रदोषहरं पीत्वा नरः सम्पद्यते सुखी ॥ कषायोऽतिबलामूलसाधितोऽशेषकृच्छजित् । पीतं च त्रपुसीबीजं सतिलाज्यपयोन्वितम् । त्रिफलायाः सुपिष्टायाः कल्कं कोलसमन्वितम् । वारिणा लवणीकृत्य पिबेत् मूत्ररुजापहम् ॥ यवोरुबूकतृणपञ्चमूलीपाषाणभेदैः सशतावरीभिः । कृच्छ्रेषु गुग्गुल्वभयाविमिश्रैः कृतः कषायो गुडसंप्रयुक्तः ॥ मूलानि कुशकाशेक्षुशराणां चेक्षुबालिका । मूत्राघाताश्मरीकृच्छ्रे पञ्चमूली तृणात्मिका ॥ गुडमामलकं वृष्यं श्रमघ्नं तर्पणं प्रियम् । पित्तासृग्दाहशूलघ्नं मूत्रकृच्छ्रनिवारणम् ॥ सितातुल्यो यवक्षारः सर्वकृच्छ्रप्रसाधनः । द्राक्षासितोपलाकल्कं कृच्छ्रघ्नं मस्तुना युतम् ॥ विदारी सारिवा छागशृङ्गीवत्सादनी निशा । कृच्छ्रे पीत्वाऽचिराद्धन्ति वल्लिजं पञ्चमूलकम् ॥ एलाश्मभेदकशिलाजतु पिप्पलीनामेर्वारुबीजलवणोत्तमकुङ्कुमानाम् । चूर्णानि तण्डुलजले लुलितानि पीत्वा प्रत्यग्रमृत्युरपि जीवति मूत्रकृच्छ्री ॥ अयोरजः सूक्ष्मपिष्टं मधुना सह योजितम् । मूत्रकृच्छ्रं निहन्त्याशु त्रिभिर्लेहैर्न संशयः ॥ पुनर्नवा मूलतुलां दर्भमूलं शतावरीम् । बलां तुरङ्गगन्धा च तृणमूलं त्रिकण्टकम् ॥ विदारिकन्दनागाह्वगुडूच्यतिबलास्तथा । पृथग् दश पलान् भागानपां द्रोणं विपाचयेत् ॥ तेन पादावशेषेण घृतस्यार्धाढकं पचेत् । मधुकं शृङ्गबेरं च द्राक्षां सैन्धवपिप्पलीम् ॥ द्विपलांशान् पृथग्दत्वा यवान्याः कुडवं तथा । त्रिंशद् गुडपलान्यत्र तैलस्यैरण्डजस्य च ॥ एतदीश्वरपुत्राणा प्राग् भोजनमनिन्दितम् । राज्ञां राजसमानाना बहुस्त्रीपतयश्च ये ॥ मूत्रकृच्छ्रे कटिस्तम्भे तथा गाढपुरीषिणाम् । मेढ्रवंक्षणशूले च योनिशूले च शस्यते ॥ यथोक्तानां च गुल्मानां वातशोणितिनश्च ये । बल्यं रसायनं श्रीदं सुकुमारकुमारकम् ॥

सुकुमारकुमार. पुनर्नवालेह । सामान्यविधि. । मूत्राघातविधानमप्यत्र कार्यम् । इति मूत्रकृच्छ्रनिदानचिकि साधिकार. ।

બેઠી ભોરીંગણીનો સ્વરસ ૧૬ તોલા લઇ તેમા મધ નાંખીને પીવાથી મૂત્રના દોષો મટી જઇને માણસને સુખ થાયછે.

અતિબલા (ખપાટ) નાં મૂળિયાંનો ક્વાથ પીવાથી સર્વ મૂત્રકૃચ્છ્રો મટી જાયછે.

કાકડીનાં બીજ અને તલ ઘી તથા દૂધમાં વાટીને પીવાથી મૂત્રકૃચ્છ્રો મટેછે.

હરડે, બેડા, અને આમળાના કલ્કમાં બોરનો ગર્ભ અને સૈંધવ નાંખીને પીવાથી મૂત્રકૃચ્છ્રો મટી જાયછે.

જવ, એરંડો, તૃણપંચમૂલ, પાષાણ-

ભેદ, શતાવરી, ગુગળ, અને હરડેનો કવાથ ગોળ નાખીને પીવાથી મૂત્રકૃચ્છ્રો મટી જાયછે. દર્ભ, કાંસડો, શેરડી, અને કસઈનાં મૂળોને વાટીને પીવાથી મૂત્રાઘાતો, તથા પથરીની મૂત્રકૃચ્છ્ર મટી જાય છે.

ગોળ અને આમળા ખાવાથી પુરૂષાતન વધે છે, થાક મટેછે, તૃપ્તિ મળે છે, રૂચિ થાયછે, અને પિત્ત, રક્તવિકાર, દાહ, તથા શૂળનો નાશ થાય છે. સાકર નાખીને જવખાર પીવાથી તો સર્વ પ્રકારની મૂત્રકૃચ્છ્ર મટે છે

દ્રાક્ષના અને સાકરના કલ્ક દહિ ના પાણી સાથે પીવાથી મૂત્રકૃચ્છ્ર મટી જાયછે

વિદારીકંદ, ઉપલસરી, મરડાશીંગી, ગળો, હળદર, વાવડીંગ, અને તૃણપંચ મૂલને વાટીને પીવાથી તુરતજ મૂત્રકૃચ્છ્ર મટી જાય છે.

એળચી, પાષાણભેદ, શિલાજીત, પીપર, કાકડીના બીજ, સૈંધવ, અને કેશરનુ ચૂર્ણ ચોખાના ધોણમા ડોળીને પીવાથી મરણ તુલ્ય મૂત્રકૃચ્છ્ર પણ મટે છે

લોહ મંડુરને ત્રણ દિવસ સૂધી મધમાં ચાટવાથી તુરતજ મૂત્રકૃચ્છ્ર મટી જાયછે, એમાં સંશય નથી.

સુકુમાર કુમારક પુનર્નવાલેહ.

સાટોડીનાં મૂળ, ૪૦૦ તોલા, અને દર્ભના મૂળ, શતાવરી, બળદાણા, આસોંદ, તૃણપચમૂલ, ગોખરૂ, નાગકેસર, ગળો, અને ખપાટ, એ દરેક ચાળીસ ચાળીસ તોલા લઇ, સર્વનો ૧૦૨૪ તોલા પાણીમાં ક્વાથ કરવો. ચોથા ભાગનુ પાણી રહે એટલે ગાળીને તેમાં ૧૨૮ તોલા ઘી પકાવવું. પછી તે ઘીમા જેઠીમધ, આદુ, દ્રાક્ષ, સૈંધવ, અને પીપરનાં ચૂર્ણો આઠ આઠ તોલા; ૧૬ તોલા અજમા, ૧૨૦ તોલા ગોળ, અને ૧૨૦ તોલા એરંડિયુ તેલ, એ સર્વ નાખવાં. આ અવલેહ ખાવાથી મૂત્રકૃચ્છ્રો, કમરનું ઢીલુ પડવું, વિષ્ટાનું કઠણપણું, લિંગનુ શૂળ, સાથળના સાંધાના શૂળ, અને સર્વ પ્રકારના ગુલ્મો, તથા વાત રક્તનો નાશ થઈ જાયછે. રાજાઓ, રાજા જેવા ગ્રહસ્થો, ધનવંત લોકોના પુત્રો તથા પુત્રીઓ, તથા ઘણી સ્ત્રીઓ વાળા પતિઓએ આ અવલેહ ખાવો તેથી બળ વધેછે, લક્ષ્મી મળેછે, અને બાળકો સુકુમાર રહેછે

હવે પછી કહેવાશે તે મૂત્રાઘાતોની ચિકિત્સાઓ મૂત્રકૃચ્છ્ર ઉપર કરાય છે.

मूत्रकृच्छ्रनो अधिकार समाप्त.

મૂત્રાઘાતનો અધિકાર.

મૂત્રાઘાતોના કારણો

जायन्ते कुपितैर्दोषैर्मूत्राघातास्त्रयोदश ।
मायो मूत्रविघाताद्यैर्वातकुण्डलिकादयः ॥

દોષોના કોપવાથી તેર જાતના મૂત્રાઘાતો થાય છે. મૂત્રનો વેગ રોકવાથી ઘણુ કરીને તેઓ વાતકુંડલિકા વગેરે થાય છે.

વાતકુંડલિકાનું લક્ષણ.

रौक्ष्याद्वेगविघाताद्वा वायुर्बस्तौ सवेदनः ।
मूत्रमाविश्य चरति विगुणः कुण्डलीकृतः ॥
मूत्रमल्पाल्पमथवा सरुजं संप्रवर्त्तते ।
वातकुण्डलिकां तीव्रां व्याधिं विद्यात् सुदारुणम् ।

रौक्ष्यात्कायस्य । वेगाविघातात् मूत्रादि वेगनिरोधात् । आविश्य आवृत्य मूत्रमिति रौक्ष्यादिभि र्वेगविघातादिभिश्च विगुण दुष्ट कुण्डलीकृत. वातावर्तो बस्तावेव भ्रमस्तिष्ठति । कुण्डलीभूतो वायु बस्तौ मूत्राशये चरति प्रधावति । आबद्धत्वाद् भ्रमस्तिष्ठति ।

રૂક્ષથી, વેગોના રોકવાથી, દુષ્ટ થયેલો વાયુ કુંડળી જેવો થઇને મૂત્રને વીંટી લેઈને વેદના કરતો મૂત્રાશયમાજ ભમ્યા કરે છે, અને તેમાં બધાઇ રહે છે. એથી થોડુ થોડુ મૂત્ર પીડાથી નીકળ્યા કરે છે. આ તીવ્ર અને મહાદારૂણ રોગ વાતકુડલિકા કહેવાય છે.

અષ્ઠીલાનાં લક્ષણો.

आध्मापयन्बस्तिगुदं रुध्वा वायुश्चलोन्नताम् । कुर्यात्तीव्रार्तिमष्ठीलां मूत्रविण्मार्गरोधिनीम् ॥ वातः बस्तिगुदं रुध्वा अर्थात्तदन्तर्गतं मूत्र मल च निरुध्य बस्तिं गुदं च आध्मापयन् आध्मान कुर्वन् अष्ठीला अष्ठीलातुल्या ग्रन्थिं कुर्यात् । चलोन्नता चलामुन्नता च ।

વાયુ મૂત્ર તથા મળને રોકીને મૂત્રાશય તથા ગુદાને ફુલાવીને ચચળ, ઊંચી, તીવ્ર પીડાવાળી, અને મૂત્ર તથા વિષ્ટાના માર્ગોને રોકી લેનારી ગાઠ ઉત્પન્ન કરે છે, તે રોગને અષ્ઠીલા કહે છે

વાતબસ્તિનાં લક્ષણો.

वेगं विधारयेद्यस्तु मूत्रस्याकुशलो नरः । निरुणद्धि मुखं तस्य बस्तेर्बस्तिगतोऽनिलः ॥ मूत्रसङ्गो भवत्तेन बस्तिकुक्षिनिपीडितः । वातबस्तिः स विज्ञेयो व्याधिः कृच्छ्रप्रसाधनः ।

अकुशलो मूर्ख । तस्य पुरुषस्य बस्तेर्मुख निरुणद्धि बस्तिगतो वायु तेन वायुना मूत्रसगो भवति । बस्तिकुक्षिनिपीडित इति बस्तौ कुक्षौ निपीडित सपीडितो वायुरिति सम्बन्ध । मूत्रसङ्ग मूत्रावरोध ।

મૂત્રના વેગને રોકવાથી મૂત્રાશયમાં રહીને મૂત્રાશય તથા પેટમાં દબાયલો વાયુ મૂત્રના મુખને બંધ કરી દેછે, તેથી મૂત્ર અટકે છે. આ રોગને વાત બસ્તિ કહે છે, તથા તે કષ્ટસાધ્ય છે.

મૂત્રાતીતનું લક્ષણ.

चिरं धारयतो मूत्रं त्वरया न प्रवर्त्तते । मेहमानस्य मन्दं वा मूत्रातीतः स उच्यते ॥

मेहमानस्य मूत्रमुत्सृजत मन्द वा अल्प वा ।

ઘણી વારથી હાજત લાગ્યા છતા મૂત્ર તુરત નીકળે નહિ અને માંડ માડ થોડું થોડુ મૂતરાય, એ રોગ મૂત્રાતીત કહેવાય છે.

મૂત્ર જઠરનાં લક્ષણો.

मूत्रस्य वेगेऽभिहते तदुदावर्त्तहेतुकः । अपानः कुपितो वायुरुदरं पूरयेद् भृशम् ॥ नाभेरधस्तादाध्मानं जनयेत्तीव्रवेदनम् । तन्मूत्रजठरं विन्यादधोबस्तिनिरोधजम् ॥

तदुदावर्त्तहेतुक इति मूत्रवेगधारणगणितोदावर्त्तनिदानमाध्मान कुर्यात् । अधोबस्तिनिरोधनम । बस्तेरधोदेशे विबन्धकारकम् ।

મૂત્રના વેગને રોકવાથી કોપ પામેલ અપાનવાયુ પેટમા ભરાઇને નાભિની નીચે આફરા જેવી વેદના કરેછે, તેથી મૂત્રાશયના માર્ગનો રોધ થઇ જાયછે. આ રોગને મૂત્રજઠર કહેછે

મૂત્રોત્સંગનાં લક્ષણો.

बस्तौ वाप्यथवा नाले मणौ वा यस्य देहिनः । मूत्रं प्रवृत्तं सज्येत सरक्तं वा प्रवाहतः ॥ स्रवेच्छनैरल्पमल्पं सरुजं वाप्यनीरुजम् । विगुणानिलजो व्याधिः स मूत्रोत्सङ्गसंज्ञितः ॥

नाले मेढ्रे मणौ मेहनग्रन्थौ सज्येत निरुद्धं स्यात् सरक्तं प्रवाहतः कण्ठहृद्बलेन सशब्दं मूत्रपुरीषवातानामधः प्रेरणं प्रवाहणं तेन कुपितेन वायुना बस्त्यादिभेदात् सरक्तं मूत्रं स्रवेदित्यर्थः ।

થલાવવા માંડેલું મૂત્ર, મૂત્રાશય, લિંગ, અથવા લિંગના મુખમાં અટકી રહેછે, અને કંઠ તથા હૃદયના બળથી કરાંઝીને મૂત્ર તથા વિષ્ટાને અધોવાયુના માર્ગમાં પરાણે ઊતારવામાં આવેછે, તેથી કોપ પામેલ વાયુ મૂત્રાશયાદિને ભેદે છે, તેથી પીડા કે પીડા વગર થોડું થોડું લોહીવાળું મૂત્ર ધીરે ધીરે નીકળે છે. એ રોગ મૂત્રોત્સંગ કહેવાય છે, અને તે દુષ્ટ થયેલા વાયુથી થાય છે.

મૂત્રક્ષયનાં લક્ષણો.

रूक्षस्य क्लान्तदेहस्य बस्तिस्थौ पित्तमारुतौ । मूत्रक्षयं सरुग्दाहं जनयेतां तदाह्वयम् ॥

क्लान्तदेहस्य म्लानदेहस्य । तदाह्वयं मूत्रक्षयसंज्ञम् ।

રૂક્ષ થયેલા તથા ગ્લાનિ પામેલા શરીર વાળાના મૂત્રાશયમાં રહેલા પિત્ત તથા વાયુ મૂત્રનો ક્ષય કરીને વેદના તથા દાહ ઉત્પન્ન કરેછે. એ રોગ મૂત્રક્ષય કહેવાય છે.

મૂત્રગ્રંથિનાં લક્ષણો.

अन्तर्बस्तिमुखे वृत्तः स्थिरोऽल्पः सहसा भवेत् । अश्मरीतुल्यरुग्ग्रन्थिर्मूत्रग्रन्थिः स उच्यते ॥

अन्तर्बस्तिमुखे बस्त्यभ्यन्तरे अल्पः क्षुद्रामलकप्रमाणः । नन्वस्याश्मर्या सह को भेदः । उच्यते । अश्मरी क्रमशः सञ्चयेन स्यादयं तु सहसा भवेदिति भेदः । अपरो भेदः अश्मर्यां पित्तमधिकं अत्र तु रक्तमेव । यत उक्तं तन्त्रान्तरे 'रक्तं वातकफादुष्टं बस्तिद्वारे सुदारुणं । ग्रन्थिं कुर्यात् सकृच्छ्रेण सृजेन्मूत्रं तदाहृतम् ।'

એકદમ ગોળાકાર, સ્થિર, ન્હાના આમળા જેવડી અને પથરીના જેવી પીડાકારક ગાંઠ મૂત્રાશયમાં થાયછે, તેને મૂત્રગ્રંથિ કહેછે, અહીં કોઈ ને શંકા થશે કે મૂત્ર ગ્રંથીમા અને પથરીમાં શો તફાવત છે? તેનું સમાધાન કે પથરી તો મૂત્ર વગેરેના સંચયથી થાયછે, અને આ ગાંઠ તો સહસા થાયછે. વળી પથરીમાં પિત્ત અધિક હોયછે, અને આ ગાંઠમાં તો લોહી અધિક હોયછે. વાયુ તથા કફથી બગડેલા લોહીની મૂત્રાશયના દ્વારમા અતિદારૂણ ગાંઠ બાઝેછે તેથી ઘણા કષ્ટથી મૂતરી શકાયછે, તે મૂત્ર લોહીવાળું નીકળે છે.

મૂત્રશુક્રનાં લક્ષણો.

मूत्रितस्य स्त्रियं यातो वायुना शुक्रमुद्धतम् । स्थानात् च्युतं मूत्रयतः प्राक्पश्चाद्वा प्रवर्तते ॥ भस्मोदकप्रतीकाशं मूत्रशुक्रं तदुच्यते ।

मूत्रितस्य मूत्रवेगयुक्तस्य शुक्रं स्थानात् च्युतं

पश्चाद् वायुना उद्धृत ऊर्ध्वं नीत भस्मोदकप्रतीकाश भस्मसहितचलसदृश मूत्रशुक्र तदुच्यते ।

હાજત છતા મૂત્રને રોકીને સ્રીસંગ કરવાથી સ્થાનભ્રષ્ટ થઈને વાયુથી ઊંચે ચઢેલુ વીર્ય મૂતરવાના પ્રારંભમા અગર પછી રાખોડીવાળા પાણી જેવુ નીકળે છે, તે રોગને મૂત્રશુક્ર કહેછે.

ઊષ્ણવાત (ઉનવા) નાં લક્ષણો.

व्यायामाध्वातपैः पित्तं बस्तिं प्राप्यानिलावृतम् । बस्तिं मेढ्रं गुदं चैव प्रदहन् स्रावयेदधः । मूत्रं हारिद्रमथवा सरक्तं रक्तमेव वा ॥ कृच्छ्रात् पुनः पुनर्जन्तोरुष्णवातं वदन्ति तम् । सरक्त ईषल्लोहित ।

કસરત, પથ, અને તડકો સેવવાથી મૂત્રાશયમાં જઈને પિત્ત વાયુથી વીંટાઈને મૂત્રાશય, લિંગ, યોનિ, અને ગુદામા દાહ કરીને ઘણા કષ્ટે વારવાર હળદર જેવા રંગવાળું તથા કંઈક રાતું લોહીવાળુ મૂત્ર કરાવે છે, એ રોગને ઉષ્ણુવાત (ઉનવા) કહેવામા આવે છે.

મૂત્ર સાદનાં લક્ષણો.

पित्तं कफो द्वावपि वा संहन्येतेऽनिलेन चेत् ॥ कृच्छ्रान्मूत्रं तथा पीतं रक्तं श्वेतं घनं स्रवेत् । सदाहं रोचनाशङ्खचूर्णवर्णं भवेच्च तत् । शुष्कं समस्तवर्णं वा मूत्रसादं वदन्ति तम् । सहन्येते घनीक्रियेत । शुष्क अल्प समस्तवर्ण उक्तसकलवर्णयुक्तं ॥

પિત્ત, કફ, અથવા એ બંને, વાયુથી ઘાટાં થવાથી માડ માડ પીળુ, રાતું, ધોળુ, અથવા શખના ચૂર્ણ જેવુ કે ગોરોચનના ચૂર્ણ જેવુ અથવા એ સર્વ રંગો વાળુ, ઘાટું બળતરાવાળુ, અને થોડુ થોડું મૂત્ર ઊતરેછે, એ રોગને મૂત્રસાદ કહેવામા આવેછે.

વિડ્વિઘાતનાં લક્ષણો.

रूक्षदुर्बलयोर्वातेनोदावर्त्तं शकृद्यदा । मूत्रस्रोतोऽनुपद्येत विट्संसृष्टं तदा नरः ॥ विड्गन्धं मूत्रयेत् कृच्छ्राद् विड्विघातं विनिर्दिशेत् ॥

उदावर्त्तं उर्ध्वं नीत विड्गन्ध वा । वाशब्दोऽत्र योजनीय ।

રૂક્ષ કે દુર્બળ માણુસની વિષ્ટાને વાયુ ઊંચે ચઢાવી દેછે તો તે મૂત્રનાં સ્રોતોમા ભરાવવાથી મૂત્ર વિષ્ટાવાળુ તથા વિષ્ટાના ગધ વાળુ માડ માડ ઊતરે છે, એ રોગને વિડ્વિઘાત કહેછે

બસ્તિ કુંડળનાં લક્ષણો.

द्रुताध्वलङ्घनायासैरभिघातात् प्रपीडनात् । स्वस्थानाद् बस्तिरुद्वृत्तःस्थूलस्तिष्ठति गर्भवत् । शूलस्पन्दनदाहार्तो बिन्दुं बिन्दुं स्रवत्यपि । पीडितस्तु सृजेद्धारां संस्तम्भोद्वेष्टनार्तिमान् ॥ बस्तिकुण्डलमाहुस्तं घोरं शस्त्रविषोपमम् । पवनप्रबलं प्रायो दुर्निवारमबुद्धिभिः ॥ तस्मिन् पित्तान्विते दाहः शूलं मूत्रविवर्णता । श्लेष्मणा गौरवं शोथः स्निग्धं मूत्रं घनं सितम् ॥

द्रुताध्वलङ्घनं शीघ्र मार्गचलनं । उद्वृत्तः उत्थितः । स्पन्दन किञ्चिचलन । घोरं मारकं । शस्त्रविषोपमं शस्त्र खड्गादि तद्वच्छीघ्रं मारकं । विषमत्र गरलस्तद्वद्विलम्ब्य मारक । एतावता मारकसवस्य शीघ्र विलम्बेन वा ।

श्लेष्मरुद्धबिलो बस्तिः पित्तोदीर्णो न सिद्ध्यति । अविभ्रान्तबिलः साध्यो न च यः कुण्डलीकृतः ॥ स्याद्वस्तौ कुण्डलीभूते तृण्मोहः श्वास एव च ।

बिलं बस्तिमुखरंध्र । पित्तोदीर्णाः पित्तेनोद्धत. । आविभ्रान्ताबिल कफेनानावृतबिल । न च य कुण्डलीकृतः स साध्यः । एतेन कुण्डलीभूतोऽसाध्यः । कुण्डलीभूतस्य लक्षणमाह । तुडित्यादि । कुण्डलीभूतस्यायमर्थ । कफेन बिलावरोधात् तत्र वात कुण्डलाकारेण तिष्ठतीत्यर्थ ॥

વેગથી બહુ પથ કરવાથી, બહુ પરિશ્રમ અથવા અભિઘાત થવાથી, અથવા દબાણથી મૂત્રાશયની થેલી પોતાના સ્થાનમાંથી ખસીને ગર્ભના જેવું જાડુ થઇ જાયછે, તથા તેમાં શૂળ થાયછે, અને તે ચલિત થયા કરે છે. બળતરાની પીડા થાય છે, અને માંડ માંડ મૂત્રનાં ટીપા પડયા કરે છે. દબાવવાથી મૂત્ર વધારે નીકળે છે, પણ તેમ કરવાથી સજ્જડ થઇને ગોટલી ચઢયા જેવી પીડા થાય છે. આ રોગ બસ્તિકુંડળ કહેવાય છે. એ રોગ ભયંકર હોઇને ખડ્ગની પેઠે તુરત મારી નાંખે છે, અને ઝેરની પેઠે લાંબે કાળે પણ મારી નાખે છે એમાં વાયુ પ્રબળ હોય છે અને મુર્ખ લોકોથી એ રોગ ન મટાડાય તેવોછે આ રોગમાં પિત્ત મુખ્ય હોય તો બળતરા, શૂળ, અને મૂત્રનો રગ ખરાબ હોયછે, અને કફ હોયતો ભારેપણું, સોજો, અને મૂત્ર ચીકણું ઘાટું અને ધોળું નીકળે છે, એકંદરે આ રોગ વહેલાં કે મોડા, પણ મારી નાંખનારો તો છેજ.

બસ્તિ કુંડળની અસાધ્યતા.

મૂત્રાશય પિત્તથી સ્થાનભ્રષ્ટ થઇને મુખ કફથી ઢંકાયુ હોય, તો તે રોગ અસાધ્ય છે તેનુ મુખ કફથી ઢકાયુ ન હોય અને તેમા વાયુ કુડલાકારે રહ્યો ન હોય, તો એ રોગ સાધ્ય છે. તેમાં વાયુ કુંડલાકારે રહ્યો હોય, તો તૃષા, મોહ, અને શ્વાસ થાયછે, એ લક્ષણો ઊપરથી વાયુ કુંડલાકારે રહેલા છે કે કેમ ? તે સમજી શકાય છે.

મૂત્રાઘાતોની ચિકિત્સા

स्नेहस्वेदोपपन्नस्य हितं स्नेहविरेचनम् । दद्यादुत्तरबस्तींश्च मूत्राघाते सवेदने ॥ नलकुशकाशेक्षुवल्लाक्काथं मातः सुशीतलं समितम् । पिबतो नश्यति नियतं मूत्रग्रह इत्युवाच कविः ॥ गोजानाम्नो मूलं पलमेकं क्वथितशेषितं पीतम् । क्षिप्त्वा मधु च सिता च प्रणुदति मूत्रस्य संरोधम् ॥ गोधापद्यामूलं क्वथितं घृततैलगोरसोन्मिश्रम् । पीतं निरुद्धमाचिरात् भिनत्ति मूत्रस्य सङ्घातम् ॥ पिबेच्छिनाजतुकाथे गणे वीरतरादिजे । रसं दुरालभाया वा कषायं वासकस्य वा ॥ काथं सपत्रमूलस्य गोक्षुराः सफलस्य च ॥ पिबेन्मधुसितायुक्तं मूत्रकृच्छ्ररुजापहम् । घनसारस्य चूर्णेन वस्त्रवर्तिः शनैःशनैः ॥ मुण्डयित्वा ध्वजे क्षिप्त्वा मूत्ररोधं जहाति तम् । सदा भद्राश्मभित्मूल शतावर्याः सचित्रकम् ॥ रोहिणीकाकिलाक्षी च वचासैलत्रिकण्टकम् । श्लक्ष्णपिष्टः सुरापीतो मूत्राघातप्रणाशनः ॥ पिबेद्बर्हिशिखामूल कुशकाशकुलाम्भसा । बस्तिमुत्तरबस्तिं वा सर्वेषामेव दापयेत् ॥ निदिग्धिकायाः स्वरसं पिबेद्वा तक्रमिश्रि-

नम ॥ जले कुङ्कुमकल्कं वा सक्षौद्रमुषितं निशि ॥ सतैलं पाटलाभस्मक्षारं मध्वा परिस्रुतम् । त्रिकण्टकैरण्डशतावरीभिः सिद्धं पयो वा तृणपञ्चमूलं । गुडमगाढं सघृतं पयो वा रोगेषु कृच्छ्रादिषु शस्तमेतत् ॥ शिताक्षारन्वितं मूलं वायसीतैलकूटयोः । कोषकाररसैः पीतं बस्तिकुण्डलजिद्भवेत् ॥ शृतशीतपयोऽन्नाशी चन्दनं तण्डुलाम्बुना । पिबेत् सशर्करं श्रेष्ठमुष्णवाते सशोणिते ॥ शिलोद्भिदेरण्डशमीस्थिरादि पुनर्नवाभीरुरसेषु सिद्धम् । तैलं शृतं क्षीरमथानुपानं रोगेषु कृच्छ्रादिषु संप्रयोज्यम् ॥

इति शिलोद्भिदादितैलम् ।

धान्या गोक्षुरकाथकल्कयुक्तं घृतं हितम् । मूत्राघाते मूत्रदोषे शुक्रदोषे च दारुणे ॥

इति धान्यगोक्षुरक घृतम् ।

अम्बष्ठा पाटला चैव वर्षाभूद्वयमेव च । विदारीकन्दकाशश्च कुशमोरटगोक्षुराः ॥ पाषाणभेदो वाराही शाल्मिमूलं शरस्तथा । भल्लातकं शिरीषस्य मूलमेषामथाहरेत् । समभागानि सर्वाणि काथयित्वा विचक्षणः । पादशेषकषायेण घृतमस्थं विपाचयेत् ॥ कल्कं दत्वाथ मतिमान् गिरिजं मधुकं तथा । नीलोत्पल च काकोलीं बीजं त्रपुसमेव च ॥ कूष्माण्ड च तथैर्वारुसम्भव च समं भवेत् । उष्णवातं निहन्त्येतद्घृतं भद्रावहं स्मृतम् ॥ इति भद्रावह घृतम् ।

विदारी वृषको यूथी मण्डुकी च भूस्तृणम् । पाषाणभेदः कस्तूरी वसुको वसिरोऽनलः ॥ पुनर्नवा वचा रास्ना बला चातिबला तथा । कशेरुविषशृङ्गाटतामलक्यः स्थिरादयः ॥ शरेक्षुदर्भमूलं च कुशः काशस्तथैव च । पलद्वयं तु संहृत्य जलद्रोणे विपाचयेत् ॥ पादशेषे रसे तस्मिन् घृतप्रस्थं विपाचयेत् । शतावर्यास्तथा धात्र्याः स्वरसो घृतसम्मितः ॥ षट्पलं शर्करायाश्च कार्षिकान्यपराणि च यष्ट्याह्वं पिप्पली द्राक्षा काश्मर्यं सपरूषकम् । एला दुरालभा कौन्ती कुङ्कुमं नागकेशरम् । जीवनीयानि चाष्टौ च दत्वा च द्विगुणं पयः ॥ एतत सर्पिर्विपक्तव्यं शनैर्मृद्वग्निना बुधैः । मूत्राघातेषु सर्वेषु विशेषात् पित्तजेषु च ॥ शर्कराश्मरिशूलेषु शोणितप्रभवेषु च । हृद्रोगे पित्तगुल्मे च वातासृक् पित्तजेषु च । कासश्वासक्षतोरस्कं धनुः स्त्रीभारकर्षिते । तृणाच्छर्दिमनः कम्पशोणितच्छर्दिने तथा ॥ रक्ते यक्ष्मण्यपस्मारे तथोन्मादे शिरोग्रहे । योनिदोषे रजोदोषे शुक्रदोषे स्वरामये ॥ एतत् स्मृतिकरं वृष्यं वाजीकरणमुत्तमम् । पुत्रदं बलवर्णाढ्यं विशेषाद्वातनाशनम् ॥ पानभोजननस्येषु न कचित् प्रतिहन्यते । विदारीघृतमित्युक्तं रसायनमनुत्तमम् ॥ इति विदारीघृतम् ।

पिष्ट्वाखुमूलष्मुणेन चारनालेन पीयते । बद्धमूत्रं निहन्त्याशु तथैव करभीभवम् ॥ स्त्रीणामतिप्रसङ्गेन शोणितं यस्य रिच्यते । मैथुनोपरमश्चास्य बृंहणीयो विधिर्हितः ॥ ताम्रचूडवसातैलं हितं चोत्तरबस्तिषु ।

स्वगुप्ता फल्गमृद्वीकाकृष्णेक्षुरसितारजः ॥ समांशमर्धभागानि क्षीरक्षौद्रघृतानि च । सर्वं मन्यग्निमध्याक्षमात्रं लीढ्वा पयः पिबेत् ॥ हन्ति शुक्रक्षयोत्थांश्च दोषान् वन्ध्यासुतप्रदम् । क्षौद्रार्धभागः कर्तव्यो भागा तु क्षीरसर्पिषोः शर्करायाश्च चूर्णं च द्राक्षाचूर्णं च तत्समम् । स्वयंगुप्ताफलं चैव तथैवेक्षुरकस्य च । पिप्पलीनां तथा चूर्णं समभागं प्रदापयेत् । तदेकध्यं समानीय खजेनातिविमथ्य च ॥ तस्य पाणितलं भागं लिहेत् क्षीरं ततः पिबेत् । एतत् सर्पिः प्रयुञ्जानो योनिदोषात् प्रमुच्यते ॥ इति क्षौद्राद्यमार्गं घृतम् ।

कर्पूररजसा युक्ता वस्त्रवर्तिः शनैःशनैः । मेढ्रमार्गान्तरे न्यस्ता मूत्राघातं व्यपोहति ॥ धान्यगोक्षुरककाथकल्कसिद्धं घृतं हितम् । मूत्राघाते मूत्रकृच्छ्रे शुक्रदोषे च दारुणे ॥

धान्यगोक्षुरकं घृतम् ।

मूत्रकृच्छ्रेऽश्मरीरोगे भेषजं यत्प्रकीर्तितम् । मूत्राघातेषु सर्वेषु तत् कुर्याद्देशकालवित् ॥ इति मूत्राघाताधिकारः ।

વેદનાવાળો મૂત્રાઘાત હોયતો સ્નેહન તથા સ્વેદન કર્યા પછી વિરેચન દેવું, અને પછી ઉત્તરબસ્તિઓ દેવી, તે હિતકારી છે.

બરૂ, દર્ભ, કાંસડો, શેરડી, અને ઝીપટો, એનો ક્વાથ સારી પેઠે ટાઢો પાડી તેમાં સાકર નાંખીને પ્રાતઃકાળમાં પીવાથી મૂત્રાઘાત જરૂર મટે છે, એમ શુક્રાચાર્યે કહેલું છે.

ચાર તોલા ભોંપાથરીનાં મૂળનો ક્વાથ મધ તથા સાકર નાંખીને પીવાથી મૂત્રરોધ મટેછે કાળી મૂસળીનાં મૂળનો ક્વાથ ઘી, તેલ, અને દહિં નાંખીને પીવાથી રોકાયેલું મૂત્ર તુરત છુટે છે.

પથરીની ચિકિત્સામાં કહેવામાં આવશે તે વીરતરાદિગણનો ક્વાથ શિલાજિત નાંખીને, અથવા ધમાસો કે અરડુસીનો ક્વાથ નાખીને પીવાથી મૂત્રાઘાતો મટી જાયછે.

પાન, ફળ, તથા મુળ સહિત ગોખરૂનો ક્વાથ મધ તથા સાકર નાંખીને પીવાથી મૂત્રરોગો મટી જાયછે.

કપુરના ચૂર્ણથી ખરડેલી વસ્ત્રની વાટને ધીરેથી લિંગમાં ખોસવાથી મૂત્રરોધ મટી જાય છે.

રાતી શીવણ, પાષાણભેદ, શતાવરીનું મુળ, ચિત્રક, કડુ, ખોખરો વજ, શિલાજિત, અને ગોખરૂ એઓને ઝીણાં વાટીને મદિરા સાથે પીવાથી મૂત્રરોધો મટી જાયછે.

મોરશિખાના મુળને વાટીને ચોખાના ધોણમાં પીવાથી, તથા દૂધ જમવાથી, મૂત્રાઘાતો મટી જાયછે.

સર્વ મૂત્રાઘાતોમાં બસ્તિ તથા ઉત્તરબસ્તિઓ તો દેવીજ જોઇએ.

ભોંરીંગણીનો સ્વરસ ઘાટી છાશમાં પીવાથી મૂત્રાઘાતો મટી જાયછે.

કેસર અને મધનો કલ્ક રાતવાસી રાખીને પીવાથી મૂત્રાઘાતો મટી જાયછે.

કાકચીઆની રાખ તેલમાં નાંખી વસ્ત્રથી ગાળીને તે તેલ પીવાથી મૂત્રાઘાતો મટેછે.

ગોખરૂ, એરંડો, અને શતાવરીનો ક્વાથ પીવાથી મૂત્રાઘાતો મટી જાયછે.

તૃણપંચમુળનો ક્વાથ પીવાથી મૂત્રાઘાતો મટી જાય છે.

ગોળ અને ઘીને બહુ એકત્ર કરી તેમાં દૂધ મેળવીને પીવાથી મૂત્રકૃચ્છ્રાદિ રોગો મટે છે.

માલકાંકણીનાં મૂળને વાટીને તેમાં સાકર તથા જવખાર મેળવીને જાડી શેરડીના રસની સાથે પીવાથી, મૂત્રાઘાતો મટી જાયછે.

સુખડને ઘસી તેમાં સાકર નાંખીને તે ચોખાના ધોવણની સાથે પીવાથી, અને પછી ઉકાળીને ટાઢા પાડેલા દૂધનીસાથે અન્ન જમવાથી, લોહીવાળો ઉષ્ણવાત મટી જાયછે.

પાષાણભેદ, એરંડો, ખીજડી, સ્થિરાદિ ઔષધોનો ગણ, સાટોડી, અને શતાવરીના કવાથથી પકાવેલ તેલ દૂધના અનુપાનથી પીવાથી મૂત્રકૃચ્છ્રાદિ રોગો શાંત થઈ જાય છે.

ધાન્ય ગોક્ષુરક ઘૃત.

ધાણા તથા ગોખરૂના કવાથથી તથા કલ્કથી પકાવેલુ ઘી ખાવાથી મૂત્રના દોષો, અને વીર્યના દારૂણ દોષો મટી જાયછે.

ભદ્રાવહ ઘૃત.

કાળીપાડ, કાંકચ, રાતી સાટોડી, ધોળી સાટોડી, વિદારીકંદ, કાંસડો, દર્ભ, શેરડીનાં મૂળ, ગોખરૂ, પાષાણ ભેદ, વારાહીકંદ, રાતા ચોખાના મુળ, પાનબાજરિયુ, ભીલામો, અને સરસડિયાનુ મુળ, એ સર્વ સમ ભાગે લઇ કવાથ કરી ચોથા ભાગનું પાણી રહે ત્યારે તેમાં શિલાજિત્, જેઠીમધ, નીલકમળ, કાકૌલી, ત્રપુસનાં બીજ, કોળાંનાં બીજ, અને કાકડીનાં બીજો સમ ભાગે લઇ તેનો કલ્ક કરી નાંખવો. પછી તેમાં ઘી ૬૪ તોલાભાર પકાવવું. આ ભદ્રાવહ નામનું ઘી ઉષ્ણવાતને મટાડે છે.

વિદારી ઘૃત.

વિદારીકંદ, અરડૂસી, જૂઇ, બીજોરૂં, ભૂસ્તૃણ ખડ, પાષાણભેદ, કસ્તુરી, સાંભરલૂણ, દરિયાઇલવણ, ચિત્રક, સાટોડી, વજ, રાસ્ના, બળદાણા, ખપાટ, કસેલા, હીરાબોળ, શીંગોડા, ભોંઆમલી, સ્થિરાદિગણનાં ઔષધો, પાનબાજરિયાનાં મૂળ, શેરડીનાં મૂળ, દર્ભનાં મૂળ, દર્ભ, અને કાંસડો એ દરેક આઠ આઠ તોલા લેઇ, તેનો ૧૦૨૪ તોલા પાણીમાં કવાથ કરી, ચોથો ભાગ પાણી રહે ત્યારે તેમાં શતાવરી તથા આમલીના સ્વરસો ૬૪ તોલા, ૨૪ તોલા સાકર, અને એક એક તોલો જેઠીમધ, પીપર, દ્રાક્ષ, સીવણનાં ફળ, ફાલસાં, એળચી, ધમાસો, નગડના બીજ, કેસર, જીવનીયગણનાં ઔષધો, અને ૧૨૮ તોલાભાર દૂધ નાંખીને તેમાં ૬૪ તોલાભાર ઘી ધીરે ધીરે અગ્નિથી પકાવવું. આ વિદારીઘૃત સર્વ પ્રકારના મૂત્રાઘાતો, વિશેષે કરીને પિત્તના રોગો, કાંકરી, પથરી, શૂળ, લોહીના બગાડો છાતીનાં દરદો, પિત્તનો ગુલ્મ, વાયુ તથા રક્ત અને પિત્તના વ્યાધિઓ, ઉધરસ, શ્વાસ, ઉરઃક્ષત, ધનુષ્ય ઉપાડવાથી કર્ષિત થયુ હોય તે, મૈથુન તથા બોજાથી થાકવું, તરશ, ઉલટી, મનના રોગો, કંપ લોહીની ઉલટી, ક્ષયરોગ, અપસ્માર, ઉન્માદ, શિરોગ્રહ, યોનિ તથા રજના દોષો, વીર્યના દોષો, સ્વરભંગ વગેરે સ્વરના રોગો, એ સર્વની ઉપર આ ઘી વાપરવું. આ ઘી સ્મરણ તથા મૈથુનશક્તિ વધારે છે, પુત્ર આપેછે, વાજીકરણ છે, બળ આપેછે, વર્ણ સુધારે છે, અને વિશેષે કરીને વાયુના રોગોનો નાશ કરેછે. પીવા, ખાવા, તથા નસ્ય

માં આ ઘી સર્વત્ર ઉપયોગી છે. આ વિદારી ઘૃત બહુ ઉત્તમ રસાયન છે.

પાન.

ઊંદરકર્ણીનાં મૂળ અથવા ધોળી ગરણીનાં મૂળને વાટીને ગરમ આરનાલમાં પીવાથી મૂત્રનો રોધ તુરત મટી જાયછે.

તામ્ર ચૂડવસા તેલ.

અતિ મૈથુનથી મૂત્રમાં લોહી પડતું હોય તો તેને મૈથુનથી અટકાવીને ધાતુ વધારનારા ઉપાયો કરવા, તથા કુકડાની ચરબી સાથે તેલ મેળવીને ઉત્તરબસ્તિ દેવી, એ સારી છે.

ક્ષૌદ્રાર્દ્રભાગ ઘૃત.

કોચાંનાં ફળો, દ્રાક્ષ, કાળી શેરડીનો રસ, અને ભળીનું ચૂર્ણ સમ ભાગે લઇને તેમાં દૂધ, મધ, અને ઘી અરધ અરધ ભાગનાં લઇને મેળવી મથીને તેમાથી એક તોલો ચાટીને ઉપર દૂધ પીવાથી વીર્યક્ષયને લીધે થયેલા રોગો મટી જાયછે, અને વંધ્યાને પણ પુત્ર આવેછે. અથવા, દૂધ અને ઘી એક એક ભાગ સાકર, દ્રાક્ષ, કોચાંનાં ફળ, ગોખરૂ, અને પીપરનાં ચૂર્ણોને મેળવીને રવાઇથી ખુબ મથીને તેમાંથી એક તોલો ચાટી ઉપર દૂધ પીવાથી યોનિના દોષો મટી જાયછે.

વર્તિ.

કર્પૂરના ચૂર્ણથી ખરડેલી વસ્ત્રની વાટ લિંગના માર્ગમા ઓરી રાખવાથી મૂત્રાઘાત મટી જાય છે.

આન્યગોક્ષુરક ઘૃત—ધાણા અને ગોખરૂના ક્વાથમાં તથા કલ્કમાં પકાવેલું ઘી મૂત્રાઘાત ઉપર, મૂત્રકૃચ્છ્ર ઉપર અને વીર્યના દારૂણ દોષ ઉપર હિતકારી છે.

મૂત્રકૃચ્છ્ર ઉપર જે જે ઉપાયો કહેલા છે, તથા પથરી ઉપર જે જે ઉપાયો કહેવાશે, તે સર્વનો ઉપયોગ પણ દેશ કાળને અનુસરીને સર્વ મૂત્રાઘાતો ઉપર પણ કરવો.

मूत्राघातनो अधिकार संपूर्ण.

અશ્મરી (પથરી) નો અધિકાર.

પથરીનાં નિદાનો.

वातपित्तकफैस्तिस्रश्चतुर्थी शुक्रजा मता। प्रायः श्लेष्माश्रयाः सर्वा अश्मर्यः स्युर्यमोपमाः ॥

श्लेष्माश्रयाः श्लेष्मसमवायिकारणा शुक्रजां विना। शुक्रजायास्तु शुक्रस्यैव समवायिकारणत्वात्। अन्ये तु शुक्राश्मर्यामपि कफकारणत्वमिच्छन्ति। प्रायःशब्दश्चात्र विशेषार्थः। यमोपमाः चिकित्सां विना।

વાત, પિત્ત, કફ, અને ચોથી વીર્યની પથરી થાયછે; અને તે સર્વમાં કફનું કારણપણું હોયછે, પણ વીર્યની પથરીમાં તો વીર્યનુંજ કારણપણું હોય છે એ પથરીઓ યમરાજ જેવી છે.

પથરીની સંપ્રાપ્તિ.

विशोषयेद्बस्तिगतं सशुक्रं मूत्रं सपित्तं पवनः कफं वा। यदा तदाश्मर्युपजायते तु क्रमेण पित्तेष्विव रोचना गोः ॥

पवनो बस्तिगतं सशुक्रं मूत्रं सपित्तं कफं वा शोषमुपनयेत् यदा तदाऽश्मरी भवति क्रमेण क्रमशो वर्धमाना । गोः पित्तेषु रोचनेवेत्यन्वयः ।

જ્યારે વીર્ય સહિત મૂત્રને અને પિત્ત સહિત કફને બસ્તિમાં ગયેલ વાયુ સૂકવે છે, ત્યારે ગાયના પિત્તમાં જેમ ગોરોચન વધેછે તેમ તેની પથરી વધતી જાયછે.

પથરીનું પુર્વરૂપ

वस्त्याध्मानं तदासन्नदेशेषु परितोऽतिरुक् ॥ मूत्रे बस्तसगन्धत्वं मूत्रकृच्छ्रं ज्वरोऽरुचिः । बस्तः छगलकः ।

મૂત્રાશય ફુલેછે, તેની આસપાસ ચારેઓર વેદના થાયછે, બકરાના જેવા ગંધવાળુ મૂત્રકૃચ્છ્ર તથા જ્વર અને અરૂચિ થાયછે.

પથરીનાં લક્ષણો.

नाभिसामान्यलिङ्गं रुग् सेवनीवस्तिमूर्द्धसु ॥ विशीर्णधारं मूत्रं स्यात्तया मार्गनिरोधने । तद्व्यपायात् सुखं मेहेदच्छं गोमेदकोपमम् ॥ तत् संक्षोभात् क्षते सास्रमायासाच्चातिरुग् भवेत् ।

बस्तिमूर्द्धा नाभेरधोदेश । विशीर्णधार सविच्छेदधारं । तयाश्मर्या मार्गे. मूत्रवाहि स्रोत तद्व्यपायात् । कदाचित् वायुनाश्मर्या मूत्रमार्गाद्न्यत्र । गमनात् सुखं मेहेत् मूत्रयेत् । गोमेदकोपमं गोमेदको मणिः किञ्चिल्लोहितस्तद्वर्णं तत् संक्षोभात् तस्या अश्मर्याः सञ्चारात् घर्षणेन मूत्रवहे स्रोतांसि क्षते जाते सास्रं सरक्तं मेहेत् । आयासात् प्रवाहनादि जनितात् ।

નાભિ, સેવની, અને નાભિની નીચેનો ભાગ, એમાં પીડા થાયછે. મૂત્રનું વહન કરનારાં સ્રોતોમા અટકાયત થતાં મુત્રની ધાર વચ્ચેથી છેદાઈ જાયછે. મૂત્ર માર્ગ પાસેથી કોઇવાર પથરી દૂર જતી રહેછે તો ગોમેદમણિ જેવા રંગનું પાતળુ મૂત્ર સુખથી ઊતરેછે. પથરીના સંચારથી મૂત્ર માર્ગ ઘસાઈને છવાઇ જતા જોર કરવાથી લોહીવાળું મૂત્ર અત્યંત વેદના સહિત નીકળે છે.

વાયુની પથરીનાં લક્ષણો

तत्र वाताद्भृशं चार्तो दन्तान् खादति वेपते । मृद्नाति मेहनं नाभिं पीडयत्यनिशं क्वणन् । सानिलं मुञ्चति शकृन्मुहुर्मेहति बिन्दुशः ॥ श्यावा रूक्षाश्मरी सा स्यात् सञ्चिता कण्टकैरिव ।

વાયુની પથરીથી બહુ પીડા થાયછે, દાંતો કરડાય છે, કંપ થાયછે, લિંગને ચોળ્યા કરવું પડેછે, નાભિમાં દબાવવું પડેછે, કણુકણુટ થયા કરેછે, અધોવાયુની સાથે વિષ્ટા પડેછે, વારવાર ટીપે ટીપે મૂત્રાયછે. આ પથરી કાળાશ વાળી રૂક્ષ, અને જાણે કાંટાઓ વાળી હોય એવી થાયછે.

વાયુની પથરીની ચિકિત્સા.

तस्याः पूर्वेषु रूपेषु स्नेहादिक्रम इष्यते ॥
शुण्ठ्याग्निमन्थपाषाणशिग्रुवरुणगोक्षुरैः ।
काश्मर्यारग्वधफलैः क्वाथं कृत्वा विचक्षणः ॥
रामठक्षारलवणचूर्णं दत्वा पिबेन्नरः ।
अश्मरीं मूत्रकृच्छ्रघ्नं दीपनं पाचनं परम् ॥
हन्यात् कोष्ठाश्रितं वातं कट्यूरुगुदमेढ्रजम् ।
इति शुण्ठ्यादिकषाय ।

एलोपकुल्यामधुकाश्मभेदकौन्तीश्वदंष्ट्रावृषकोरुबूकैः । शृतं पिबेदश्मजतुप्रगाढं सशर्करं चाश्मरीमूत्रकृच्छ्रे ॥ इति एलादिकाथः ।

वरुणस्य त्वचं श्रेष्ठां शुण्ठीगोक्षुरसंयुताम् । यवक्षारगुडं दत्वा क्वाथयित्वा पिबेद्धितम् ॥ अश्मरीं वातजां हन्ति चिरकालानुबन्धिनीम् । इति वारुणादिकषायः ।

पाषाणभेदो वसुको वशीरोऽश्मन्तकस्तथा । शतावरी श्वदंष्ट्रा च बृहती कण्टकारिका ॥ कपोतवङ्कार्त्तगलकाञ्चनोशीरगुन्द्रकाः । वृक्षादनी भल्लुकश्च वरुणः शाकजं फलम् ॥ यवाः कुलत्थाः कोलानि कतकस्य फलानि च । उषकादिप्रतीवापमेषां क्वाथे शृतं घृतम् ॥ भिनत्ति वातसम्भूतामश्मरीं क्षिप्रमेव तु ।

इति पाषाणभेदाद्यं घृतम् ।

क्षारान् यवागूः पेयांस्तु कषायांश्च पयांसि च । भोजनानि प्रकुर्वीत वर्गेऽस्मिन् वातनाशने ॥ वीरवृक्षोऽग्निमन्थश्च काशवृक्षादनीकुशाः । मोरटेन्दीवरः सूर्यभक्ता गोक्षुरुदुण्डुकाः ॥ वसुकोवशिरो दर्भश्चैरी पाषाणभेदकः । गुन्द्रो नलः कुरुण्टश्च गणो वीरतरादिकः ॥ अश्मरीशर्कराकृच्छ्रमारुतार्तिहरो मतः ॥ इति वाताश्मरी ॥

પથરીનાં પૂર્વરૂપ દેખાય કે તુરત સ્નેહનાદિ પ્રયોગો કરવા.

શુંઠ્યાદિકષાય.

સુઠ, અરણી, પાષાણભેદ, સરગવો, વાયવરણાં, ગોખરૂ, અને સીવણ તથા ગરમાળાનાં ફળોનો ક્વાથ હિંગ, જવખાર, અને સૈંધવ નાંખીને પીવાથી પથરી, મૂત્રકૃચ્છ્ર, કોઠાનો વાયુ; તથા કમર, સાથળ, ગુદા, અને લિંગમાંના વાયુઓ મટી જાય છે. દીપન તથા વમન પણ સારી રીતે થાયછે.

એલાદિ ક્વાથ.

એળચી, પીપર, જેઠીમધ, પાષાણભેદ, નગડનાંબીજ, ગોખરૂ, અરડુસી અને એરડાનો ક્વાથ કરી તેમા સારીરીતે પકાવેલ શિલાજિત્ તથા સાકર પીવાથી પથરી અને મૂત્રકૃચ્છ્ર મટી જાયછે.

વરૂણાદિ ક્વાથ.

વાયવરણાની સારી છાલ, સુઠ, ગોખરૂ, જવખાર, અને ગોળનો ક્વાથ પીવાથી વાતાશ્મરી લાંબા વખતની હોય તો પણ મટેછે.

પાષાણભેદાદ્ય ઘૃત

અમલો પાષાણભેદ, સાંભરલુણ, દરિયાઈલવણ, શતાવરી, ગોખરૂ, ઉભી તથા બેઠી ભોંરીંગણીઓ, બ્રાહ્મી, કાંટાશરિયો, કાચનાર, વાળો, ગુંદ્રખડ, અન્યવૃક્ષ; ટીંબરૂ, વાયવરણાં, સાગનુફળ, જવ, કળથી, બોર, અને નિર્મળીનાં ફળ, એનો ક્વાથ કરી તેમા ઉષકાદિ ગણના ઔષધો નાખીને, તેમા પકાવેલું ઘી ખાવાથી વાયુની પથરી ભેદાઇ જાયછે.

વીરતર્વાદિગણ.

આસોંદરો, અરણી, કાંસડો, અન્યવૃક્ષ, દર્ભ, શેરડીનું મુળ, શ્યામકમળ, સૂર્યમુખી, ગોખરૂ, અરલુ, સાંભરલુણ, સાદુંલુણ, એક જાતનો દર્ભ, કાંટાશરિયો, પાષાણભેદ ગુંદ્રખડ, બરૂ, પીળો કાંટાશરિયો, એ વીરતર્વાદિગણ કહેવાયછે. એથી પથરી, કાંકરી, મૂત્રકૃચ્છ્ર, અને વાયુનારોગો મટેછે; માટે તેમા ક્ષારો, યવાગૂઓ, પેયાઓ, ક્વાથો, દૂધો, અને અન્નો પકાવીને દેવાથી પથરી વગેરે વાતરોગો મટી જાયછે.

પિત્તની પથરીના લક્ષણો

पित्तेन दह्यते बस्तिः पच्यमान इवोष्मणा । भल्लातकास्थिसंस्थाना रक्ता पीता सिताश्मरी ॥ कुशः काश शरो गुन्द्र उत्कटो मोरटाश्मभित् । दर्भो विदारी वाराही शालिमूलं त्रिकण्टकः ॥ भल्लूकः पाटला पाठा पत्तूरोऽथ कुरुण्टिका । पुनर्नवा शिरीषश्च कथितास्तेषु साधितम् ॥ घृतं शिलाह्वमधुकैर्बीजैरिन्दीवरस्य च । त्रपुसैर्वारुकादीनां बीजैश्चावापितं शुभम् ॥ भिनत्ति पित्तसम्भूतामश्मरीं क्षिप्रमेव च ।

इति कुशाद्य घृतम्

પિત્તની પથરી ભીલામાના ઠળિયા જેવી, રાતી, તથા પીળી અને ધોળીપણુ હોયછે. એથી મૂત્રાશયમા પિત્તથી અગ્નિ જેવી બળતરા થાયછે.

પિત્તની પથરીની ચિકિત્સા

કુશાદ્ય ઘૃત.

क्षारान्यवागूं पेया च कषायांश्च पयांसि च ॥ भोजनानि च कुर्वीत वर्गेऽस्मिन् पित्तनाशने । वर्गत्वेन यथालाभं परिभाषा प्रवर्त्तते ॥ इति पित्ताश्मरी ॥

ક્ષારો, યવાગુઓ, પેયાઓ, ક્વાથો અને દુધો તથા ભોજનો કુશાદ્યગણુના† ઘીમાં પકાવીને ખાવાથી પિત્તની પથરી મટે છે.

કફની પથરીનાં લક્ષણો.

बस्तिर्निस्तुद्यत इव श्लेष्मणा शीतलो गुरुः । अश्मरी महती श्लक्ष्णा मधुवर्णाथवा सिता ॥ एता भवन्ति बालानां तेषामेव तु भूयसा ।

કફની પથરી લીસી, મોટી, મધ જેવા રગની, અથવા ધોળી હોય છે. એથી મૂત્રાશયમા સોઇયો ભોંકાય છે, અને કફને લીધે તે ભારે અને શીતળ લાગે છે. આ પથરી વિશેષે કરીને બાળકોનેજ થાય છે

કફની પથરીની ચિકિત્સા—વરૂણઘૃત

आश्रयोपचयाल्पत्वाद्ग्रहणाहरणे सुखाः ॥ गणे वरुणकादौ तु गुग्गुल्वेलाहरेणुभिः । कुष्ठभद्राह्वमरिचचित्रकैःससुराह्वयैः ॥ एतैः सिद्धमजासर्पी रूषकादिगणे वा । भिनत्ति कफसम्भूतामश्मरीं क्षिप्रमेव च ॥ शय्यादिस्तेन चात्रेष्टो गणः श्यामादिको बुधैः ॥ इति वरुणघृतम् ।

वरुणार्त्तगलो शिग्रुस्तर्कारीनक्तमालकौ । मोरटारणिबिल्वाश्च बिम्बीवसुकचित्रकाः ॥ शैरीयो बशिरः क्षौद्रमजशृङ्गो शतावरी । दर्भो बृहतिका व्याघ्री मुनिभिः परिकीर्त्तितः ॥ वरुणादिगणो ह्येष कफमेदोनि-

† કુશાદ્ય ગણુ—દર્ભ, કાસડો, પાનબાજરિયુ, ગુદ્રખડ ઉટકટારો, શેરડીના મુળ, પાષાણુ ભેદ, બીજી જાતનો દર્ભ, વિદારીકદ, વારાહીકદ, રાતીશાળના મુળ, ગોખરૂ, ડીબરૂ, કાકચ, કાળીપાડ, પતગ, ધોળે કાંટાશેરિયો, સાટોડી, અને રસડિયો, આ કુશાદ્યગણુ છે.

આ ગણુના ક્વાથમા ઘી પકાવી તેમા શિલાજીત, જેઠીમધ, ઇંદીવર કમળના બીજ કાકડીના બીજ, અને ત્રપુસના બીજનુ ચુર્ણ નાખીને તે ઘી ખાવાથી તુરતજ પિત્તની પથરી હણાઇ જાયછે.

वारणः । विनिहन्ति शिरःशूलं गुल्माभ्यन्तरविद्रधीन् । इति वरुणादिगण ।

क्षारान्यवागून्पेयांश्च कषायांश्च पयांसि च । भोजनानि च कूर्वीत वर्गेऽस्मिन् कफ नाशने ॥ इति कफाश्मरी ॥

વરૂણાદિગણ (નીચે કહેવાશે) તેમાં ગૂગળ, એળચી, રેણુકાબીજ, કઠ, ચદન, મરી, ચિત્રક, અને દેવદાર નાંખીને; અથવા ઉષકાદિગણનાં ઔષધો નાંખીને, તેમના કવાથમાં પકાવેલુ બકરીનુ ઘી ખાવાથી કફની પથરીનો તુરતજ નાશ થાય છે. શટચાદિગણ કે સ્યામાદિગણના કવાથમાં પકાવેલ ઘીથી પણ કફની પથરી મટી જાય છે, એમ પંડિતો માને છે.

વરૂણાદિગણ.

વાયવરણાં, કાંટાશરિયો, સરગવો, બમણી અરણી, કરજ, શેરડીના મૂળ, બીલી, કડવી ઘોલી, સાભરલૂણ, ચિત્રક, પીળો કાટાશરિયો, લૂણ, મધ, મરડાશીંગી, શતાવરી, દર્ભ, ઊભી તથા બેઠી ભોરીંગણીઓ, આટલાનો વરૂણાદિગણ કહેવાય છે. તે કફ તથા મેદને મટાડેછે, અને માથાનુ શૂળ, ગુલ્મ, તથા અંદરના વિદ્રધિને મટાડે છે, કફનાશક આ ગણમા પકાવેલ ક્ષારો, યવાગૂઓ, પેયા, કષાયો, દૂધ, અને ભોજનો પણ દેવાં.

વીર્યની પથરીનાં નિદાનાદિ.

शुक्राश्मरी तु महतां जायते शुक्रधारणात् ।

अव्ययानामनेकार्थत्वात् तुशब्दोऽत्रावधारणार्थ । तेन महतामेव न तु बालानां वक्ष्यमाणसम्प्राप्तेरसम्भवात् । न तु शुक्राभावो वाच्य. शुक्रधारणात् वहमानस्य धारणात् ।

આ પથરી મોટી અવસ્થામાંજ થાય છે, બાળકને નથી થતી. જો કે બાળકોને પણ વીર્ય હોયછે, તોપણ વીર્યની પથરીની સંપ્રાપ્તિ કહેવામા આવશે તે બાળકોને હોવાનુ સંભવતું નથી. સ્થાનભ્રષ્ટ થઇને પ્રવર્તેલા વીર્યનો અટકાવ થવાથીજ વીર્યની પથરી થાયછે.

વીર્યની પથરીની સંપ્રાપ્તિ.

स्थानाच्च्युतममुक्तं हि मुष्कयोरन्तरेऽनिलः । शोषयत्युपसंहृत्य शुक्र तच्छुक्राश्मरी ॥

अनिल मैथुनवेगेन स्थानच्युतं शुक्रं मैथुनवेगनिवारणेन धृतं शुक्र मुष्कयोः मेढ्रसहितयोः मेढ्रवृषणयोरन्तर इति सुश्रुतवचनात् । तेन मेढ्रवृषणमध्यगतबस्तिमुखे उपसंहृत्य एकीकृत्य शोषयति तच्छुक्राश्मरी तथाभूतं शुक्रमेवाश्मरी ।

મૈથુનના વેગથી સ્થાનભ્રષ્ટ થયેલવીર્ય, અથવાચ મૈથુન અટકવાથી બહાર નીકળી ન શકે, તો તે વીર્યને વાયુ લિંગ તથા વૃષણના મધ્યે રહેલા મૂત્રાશયમા રાખીને સૂકવેછે, તેથી પથરી બંધાય છે.

વીર્યની પથરીનાં લક્ષણો.

बस्तिरुक्कृच्छ्रमूत्रत्वं मुष्कश्वयथुकारिणी । तस्यामुत्पन्नमात्रायां शुक्रमेति विलीयते ॥ पीडिते त्ववकाशेऽस्मिन्नश्मर्येव च शर्करा ।

तस्यां शुक्राश्मर्यां उत्पन्नमात्रायां यदा सा कथमपि विलीयते विलयं याति तदा शुक्रं एति मूत्रमार्गात् प्रवर्त्तते । पीडिते त्ववकाशेऽस्मिन् । तुशब्दोऽवधारणे तेनास्मिन्नेव अवकाशे स्थाने मे-

द्वृषणयोरन्तरे पीडिते सति सा विलीयते अन्तर्लीना भवति । अत्रस्था भेदादश्मरी शर्करासिकता भवतीत्याह । अश्मर्येव च शर्करा । चकारात् सिकता च भवति शर्करासिकतयोश्च भेदो महत्वाल्पत्वाभ्यां बोद्धव्यः ॥

બસ્તિમાં પીડા, મૂત્રકૃચ્છ્ર, અને વૃષણોમાં સોજો થાય છે. લિંગ તથા વૃષણુની વચ્ચેનો ભાગ દબાવતાં અંદરની પથરી લીન થઈ જાયછે. જે વીર્યની પથરી બંધાયછે, તેજ સ્થિતિભેદથી કાંકરી કહેવાયછે. જે મોટી કણીઓ જેવી હોય તેને કાંકરી કહેછે, અને જે ઝીણી ઝીણી કણીઓ જેવી હોય તેને રેતી કહેછે.

વીર્યની પથરી તથા કાંકરી વિષે

सा भिन्नमूर्तिर्वातेन शर्करेत्यभिधीयते। साऽश्मरी ॥

વીર્યની પથરી વાયુથી છુટો થઇ જાય છે ત્યારે તે કાંકરી કહેવાયછે.

કાંકરી થવાનું કારણ.

अणुशो वायुना भिन्ना सा तस्मिन्ननुलोमगे ॥ निरेति सह मूत्रेण प्रतिलोमे विबध्यते । मूत्रस्रोतमवृता सा सक्ता कुर्यादुपद्रवान् ॥

अश्मरी तस्मिन्नाश्रये सा शर्करा सक्ता लग्ना सती ॥

વાયુથી વિખાયલી પથરી વાયુની ગતિની સાથે મૂત્રવાટે બહાર ઝરેછે. વાયુ ઉલટો હોય તો અટકી જાયછે. મૂત્રમાર્ગમા આવ્યા પછી ત્યાંજ અટકી જાય તો તે રેતીનો ઉપદ્રવ કહેવાયછે.

કાંકરો તથા રેતીના ઉપદ્રવો.

दौर्बल्यं सदनं कार्श्यं कुक्षिरोगमथारुचिम् । पाण्डुत्वमुष्णवातं च तृष्णा हृत्पीडनं वमिम् ॥ उष्णवात मूत्राघातविशेषम् ।

કાંકરી તથા રેતીથી દુર્બળતા, ગ્લાનિ, કૃશતા, કૂખના રોગ, અરૂચિ, પાંડુરોગ, ઊનવા , તૃષા, હૃદયમા પીડા, અને ઉલટી, એટલા ઉપદ્રવો થાય છે.

પથરી, કાંકરી અને રેતીનું અરિષ્ટ.

प्रशूननाभिवृषणं बद्धमूत्रं रुजातुरम् । अश्मरी क्षपयत्याशु शर्करा सिकतान्विता ।

शर्करासिकतेति नामद्वयमन्वर्थम् ।

પથરી, કાકરી, કે રેતીવાળાને નાભિ તથા વૃષણુમાં સોજા હોય, મૂત્ર અટકયુ હોય, પીડા થતી હોય તે માણુસ તુરત મરી જાય છે.

વીર્યની પથરીની ચિકિત્સા.

शुक्राश्मर्यां तु सामान्यो विधिरश्मरिनाशनः । यवक्षारगुडोन्मिश्रं रसं पुष्पफलोद्भवम् ॥ पिबेन्मूत्रविबन्धघ्नं शर्करास्मरिनाशनम् । तिलापामार्गकदलीपलाशयवबिल्वजः ॥ क्वाथः पेयोऽविमूत्रेण शर्कराश्मरिनाशनः । केबुकाङ्कोलकतकशाकेन्दीवरजैः फलैः ॥ पीतमुष्णाम्बु सगुडं शर्करां पातयत्यधः । पाषाणभिद्वोक्षुरकोरुबूको द्वौ कण्टकार्यो क्षुरकाह्वमूलम् ॥ दध्ना पिबेत् क्षीरसुपिष्टमेतत् स्याद्भेदनार्थं सिकताश्मरीणाम् ॥ यः पिबेद्रजनीं सम्यक् सगुडां तुषवारिणा । तस्याशु चिरगूढापि या-

त्यस्तं मेदूशर्करा ॥ पिबतः कुटजं दध्ना पथ्यमन्नं च खादतः । निपतन्त्यचिरादस्य नियतं मेदूशर्कराः ॥ त्रपुसबीजं पयसा पीतं वा नालिकेरजं कुसुमम् ॥ ना मूत्रशर्करावान् भवति सुखी कतिपयैर्दिवसैः । स्वदंष्ट्रा वरुणः शुण्ठीक्काथं क्षौद्रयुतं पिबेत् । शर्कराश्मरिशूलघ्नं मूत्रकृच्छ्रहरं परम् । कूष्माण्डकरसो हिङ्गुयवक्षारसमायुतः ॥ बस्तौ मेदू स शूलघ्नो मूत्रकृच्छ्रहरः परः । पुनर्नवायोरजनीश्वदंष्ट्राफला प्रवालश्च सदर्भपत्रः ॥ क्षीराश्रमद्येक्षुरसप्रपिष्टः पेयो भवेदश्मरिशर्करासु । वरुणत्वक् शिलाभेदशुण्ठीगोक्षुरकैः कृतः । कषायः क्षारसंयुक्तः शर्कराञ्च भिनत्त्यपि । पञ्चमूल्यास्तृणाख्यायास्तथा गोक्षुरकस्य तु ॥ पृथग् दशपलान् भागान् जलद्रोणे विपाचयेत् । गुडगोक्षुरबीजं च कल्कं तत्र प्रदापयेत् । तत् सिद्धं मूत्रदोषेषु शर्करास्वश्मरीषु च ॥ स्नेहने भोजने चैव प्रयोज्यं सर्पिरुत्तमम् । इति तृणपञ्चमूलाद्यं घृतम् ।

त्वक्पत्रफलमूलस्य वरुणस्य त्रिकण्टकात् । कषायेण पचेत् तैलं बस्तिना स्थापनेन च ॥ शर्कराश्मरिशूलघ्नं मूत्रकृच्छ्रात्मसुच्यते । इति वरुणतैलम् ॥

कुशाग्निमन्थश्वैरीयनलदर्भेक्षुगोक्षुराः ॥ कपोतपङ्कवसुकबीसरेंदीवरीशराः ॥ भातक्यरलुवन्दाकाः कर्णपूराश्मभेदकाः ॥ एषां कल्ककषायाभ्यां सिद्धं तैलं प्रयोजयेत् । पानाभ्यञ्जनयोगेन बस्तिनोत्तरबस्तिना ॥ शर्कराश्मरिरोगेषु मूत्रकृच्छ्रे च दारुणे । प्रदरे योनिशूले च शुक्रदोषे तथैव च ॥ वन्ध्यागर्भप्रदं प्रोक्तं तैलमेतत् कुशादिकम् ॥

इति कुशाद्यं तैलम् । शुक्राश्मरी ।

બીજી પથરીઓની ચિકિત્સાઓ કહેલી છે તે વીર્યની પથરીમાં પણ થાયછે.

કોળાના રસમાં જવખાર તથા ગોળ નાંખીને પીવાથી મૂત્રકૃચ્છ્ર, વીર્યની પથરી, તથા કાંકરી નાશ પામી જાયછે.

તલ, અઘેડો, કેળ, ખાખરો, જવ, અને બીલીનો કવાથ બકરાના મૂત્રમા પીવાથી કાંકરી તથા વીર્યની પથરીનો નાશ થાયછે.

સોપારી, અંકોલ, નિર્મળીના ફળ, સાગનાં ફળ અને ઇંદીવર કમળના ફળ, એનો કવાથ ગોળ નાંખીને પીવાથી કાંકરી નીચે પડી જાયછે.

પાષાણભેદ, ગોખરૂ, એરંડો, ઊથી તથા બેઠી ભોરીંગણીઓ, અને એખરાના મૂળને દૂધમાં વાટીને દહિં સાથે પીવાથી પથરી તથા કાંકરીઓ ભેદાઇ જાયછે.

હળદર અને ગોળ તુષોદકની સાથે પીવાથી લિંગની કાંકરી લાંબાકાળથી રૂઢ હોય તો પણ નાશ પામી જાયછે.

ઇંદ્રજવનો કલ્ક દહિંમાં પીવાથી, અને પથ્ય અન્ન જમવાથી લિંગની કાંકરી નક્કી તુરત પડી જાયછે.

કાકડીનાં બીજ અથવા નાળિયેરીનાં ફૂલને વાટીને દૂધમાં પીવાથી કેટલેક દિવસે મૂત્ર તથા કાંકરીનાં દરદોવાળો સુખી થાયછે.

ગોખરૂ, વાયવરણાં, અને સુંઠનો કવાથ મધ નાંખીને પીવાથી પથરી, કાંકરી, શૂળ, તથા મૂત્રકૃચ્છ્ર છેક મટી જાયછે.

કેળાના રસમાં હિંગ તથા જવખાર નાખીને પીવાથી મૂત્રાશય તથા લિંગનાં શૂળો, પથરી, તથા મૂત્રકૃચ્છ્ર અવશ્ય મટી જાયછે.

સાટોડી, લોહભસ્મ, હળદર, ગોખરૂ, ચમકદુધેલી; પ્રવાલભસ્મ, અને હીરાબોળને દૂધ, આંબાનો રસ, મધ, અને શેરડીના રસમા વાટીને પીવાથી વીર્યનીપથરી તથા કાકરી મટી જાયછે.

વાયવરણાની અતર્છાલ, પાષાણભેદ, સૂઠ, અને ગોખરૂનો ક્વાથ જવખાર નાખીને પીવાથી કાંકરીઓ ભેદાઇ જાયછે.

તૃણપંચમુલાદ્ય ઘૃત.

તૃણપચમુળ અને ગોખરૂ ચાળીસ ચાળીસ તોલા ભાર લઈ તેનો ૧૦૨૪ તોલા પાણીમાં ક્વાથ કરી, ચોથો ભાગ રહે એટલે ગોળ તથા ગોખરૂનો કલ્ક નાંખીને તેમાં ૬૪ તોલાભાર ઘી પકાવી, તેનુ સ્નેહન તથા ભોજન કરવાથી મૂત્રાશયની અડચણો, પથરી, અને કાંકરી મટી જાયછે.

વરૂણતૈલ

છાલ, પાન, ફૂળ, અને મૂળ સહિત વાયવરણા તથા ગોખરૂના ક્વાથમા પકાવેલ તેલની નિરૂહબસ્તિ દેવાથી પથરી, કાંકરી, શૂળ, તથા મૂત્રકૃચ્છ્ર મટી જાયછે.

કુશાદ્યતૈલ.

દર્ભ, અરણી, કાંટાશેરિયો, બીજી જાતનો દર્ભ, બરૂ, શેરડી, ગોખરૂ, બ્રાહ્મી, સાંભરલુણ, શતાવરી, પાનબાજરિયુ, ધાવણી, અરલુ, ગુંદી, આસોપાલવ, અને પાષાણભેદના ક્વાથ તથ કલ્કથી પકાવેલ કુશાદ્યનામનુ તેલ અભ્યંગ, બસ્તિ, ઉત્તરબસ્તિ, અને પીવામા વાપરવાથી કાકરી, પથરી, દારૂણ મૂત્રકૃચ્છ્ર, પ્રદર, યોનિનુ શૂળ, અને વીર્યના દોષો મટી જાય છે ને વાંઝણીને ગર્ભ આપે છે.

સર્વપ્રકારની પથરીઓની સામાન્ય ચિકિત્સા.

नागरवरुणकगोक्षुरुपाषाणभित्कपोतपङ्कजः काथः । गुडयवशूकविमिश्रः पीतो हन्त्यस्मरीमुग्राम् ॥ त्रिकण्टकस्य बीजानां चूर्णं माक्षिकसंयुतम् ॥ अविक्षीरेण सप्ताहं पेयमश्मरिनाशनम् । पिबेद्वरुणजं मूलं काथं तत्कल्कसंयुतम् ॥ काथश्च शिग्रुमूलोत्थः कदुष्णोऽस्मरिनाशनः । शृङ्गवेरयवक्षारपथ्याकालीयकान्वितः ॥ दधिमण्डो भिनत्त्युग्रामश्मरीमाशु पानतः । पाषाणभेदवारुणगोक्षुरकपोतवङ्कजः काथः ॥ गिरिजतुगुडमगादः कर्कटिकात्रपुषबीजयुतः । पेयोऽश्मरीमवश्यं दुर्भेदामपि भिनत्ति योगवरः ॥ शिखरिणमिव शतकोटिः शतमन्योर्हस्तनिर्मुक्तः । श्रीपर्णीफलबीजं पिष्टं मथितेन यः पुमानद्यात् ॥ शाकमशितमथवास्याद्धन्याद्रोगाश्मरीपीडाम् । श्वदंष्ट्रैरण्डबीजानि नागरं वरुणत्वचः ॥ एतत् काथवरं प्रातः पिबेदश्मरिनाशनम् । रक्तोद्भवे रूक्षमृणालतालकाशेक्षुबालीक्षुकशोदकानि । पिबेत् सिताक्षौद्रयुतानि खादेद्विदारिमिक्षुत्रपुसानिचैव ॥ पलान्यष्टौ तु कुर्वीत क्षाराणां वरुणत्वचम् ॥ तदर्धं यावमूकं तु ततोऽप्यर्धं गुडात् स्मृतम् । एकीकृत्य विमृद्यैतत् खादेत् कर्षप्रमाणतः ॥

घर्माम्बुपानतोऽवश्यं कृच्छ्राश्मरिविनाशनम् । वरुणकभस्मपरिस्रुतसलिलं तच्चूर्णयावशूकयुतम् ॥ क्वथनीयं तत्तावद्यावच्चूर्णत्वमापाति तद् । गुडयुक्तं हन्यात् तदुदारामश्मरीं घोराम् । प्लीहानं गुल्मवरं श्रोण्यां कुक्षो रुजां तीव्राम् ॥ आमचयं बस्तिमदान् कृच्छ्रं वा वातजं घोरम् । प्लीहानं गुल्मवरं श्रोण्यां कुक्षौ रुजां तीव्राम् ॥ वह्निसदनं सुकष्टमश्ममयीमश्मरीं चाशु ॥

इति वरुणाद्यं चूर्णम् ॥

नो जग्धं कृमिभिर्घनं सुतरुणं स्निग्धं शुचिस्थानजं । पक्षे पुण्यनिरीक्षिते वरुणकं छित्वा तुलां ग्राहयेत् । संगृह्याशु चतुर्गुणाप्सु विपचेत् पादावशेषं जलं । तत्तुल्येन गुडेन वै दृढतरे भाण्डे पचेत्तत्पुनः ॥ ज्ञात्वैवं घनतां गुडे परिणते प्रत्येकमेषां पलं । शुण्ठ्युर्वारुकबीजगोक्षुरकणापाषाणभिच्छीतलाः ॥ कूष्माण्डत्रपुसाक्षबीजकुनटीवास्तूकसौभाञ्जन । द्राक्षैलागिरिजाभयाकृमिहृता चूर्णीकृतानां क्षिपेत् ॥ पथ्याशी प्रतिवासरं गृहमनु योग्यप्रमाणं नरः । खादेत्तस्य समस्तदोषजनिताश्मर्यः पतन्ति द्रुतम् ॥

इति वरुणकगुड ।

कुलत्थसिन्धूत्थविडङ्गसारं सशर्करं शीतलयावशूकम् । बीजानि कूष्माण्डकगोक्षुराभ्यां घृतं पचेत् तद्वरुणस्य तोये ॥ दुःसाध्यसर्वाश्मरिमूत्रकृच्छ्रं मूत्राभिघाते च समूत्रबन्धम् । अमून्येतानि निहन्ति शीघ्रं मरुद्वृक्षानिव वज्रपातः ॥

इति कुलत्थाद्यं घृतम् ।

शरादिपञ्चमूल्या वा कषायेण पचेत् घृतम् । प्रस्थं गोक्षुरकल्केन सिद्धमप्यात् सशर्करम् ॥ अश्मरीमूत्रकृच्छ्रघ्नं रेतोमार्गरुजापहम् । इति शरादिपञ्चमूलाद्यं घृतम् ।

वरुणस्य तुलां क्षुण्णां जलद्रोणे विपाचयेत् । पादशेषं परिस्राव्य घृतप्रस्थं विपाचयेत् ॥ वरुणं कदलीं बिल्वं तृणजं पञ्चमूलकम् । अमृता चाश्मभेदं च बीजं च त्रपुसस्य च ॥ शतपर्वा तिलक्षारं पालाशक्षारमेव च । यूथिकायाश्च मूलानि कार्षिकानि समावपेत् ॥ अस्य मात्रां पिबेज्जन्तुर्देशकालव्यपेक्षया । जीर्णे चास्मिन् पिबेत् पूर्वं गुडं जीर्णं च मस्तु च ॥ अश्मरीं शर्करां चैव मूत्रकृच्छ्रं च नाशयेत् ।

इति वरुणाद्यं घृतम् ।

सैन्धवाद्यं तु यत्तैलमृषिभिः परिकीर्तितम् ॥ तत्तैलं त्रिगुणं क्षीरं पचेद्वीरतरादिना ॥ क्वाथेन पूर्वकल्केन साधितं तु भिषग्वरैः । एतत्तैलवरं श्रेष्ठमश्मरीणां निवारणम् ॥ मूत्राघाते मूत्रकृच्छ्रे विहिते कथिते तथा । भग्ने श्रमाभिपन्ने च सर्वथैव प्रशस्यते ॥ इति वीरतर्वाद्यं तैलम् ।

वीरवृक्षाश्मभेदाग्निमन्थश्योनाकपाटकः । वृक्षादनीसहैरण्डभल्लुकोशीरपद्मकम् ॥ कुशकाशशरेक्षूणामास्फोताकोकिलाक्षकोः ॥ शतावरीश्च दंष्ट्रा च सोत्कट्याह्वयतण्डुलाः ॥ कपोतवङ्का श्रीपर्णीकाश्मरीमूलसंयुता । एतैः कषायैः कल्कैश्च तैलं धीरो विपाचयेत् ॥ वातपित्तविकारेषु बस्तिं दद्याद्भिष-

क्षणः । शर्कराश्मरिशूलघ्नं मूत्रकृच्छ्रविनाशनम् ॥ इति वीरतर्वाद्य तैलम् ।

पुनर्नवामृताभीरुसक्षारलवणत्रयैः । शटीकुष्ठवचामुस्तरास्नाकट्फलपौष्करैः ॥ यवानीहवुषाहिङ्गुशताह्वासाजमोदकैः । विडङ्गातिविषा यष्टी पञ्चकोलकसंयुतम् ॥ एतैरक्षसमैः कल्कैस्तैलप्रस्थं विपाचयेत् । गोमूत्रं द्विगुणं देयं काञ्जिकं तद्वदेव तु ॥ पुनर्नवाद्यमित्येतत्तैलं पानेन बस्तिना । शर्कराश्मरिशूलघ्नमूत्रकृच्छ्रप्रमोचनम् ॥ कफवातामशूलघ्नं मन्त्रवृद्धेश्च नाशनम् ॥

इति पुनर्नवाद्य तैलम् ।

अश्माधिकारनिर्दिष्टं सैन्धवाद्यमिहेष्यते ॥ सर्वथैवोपयोज्यस्तु गणो वीरतरादिकः ॥ घृतैस्तथा कषायैश्च क्षीरैश्चोत्तरबस्तिभिः । बलवन्त्यो न शाम्यन्ति प्रत्याख्याय समुद्धरेत् ॥ यदृच्छया मूत्रमार्गमायान्त्यस्त्वन्तराश्रिताः । स्रोतसोपहरेच्छित्त्वा बडिशेनाथ चोद्धरेत् ॥

इति अश्मरीरोगनिदानचिकित्साधिकारः ।

સૂંઠ, વાયવરણા, ગોખરૂ, પાષાણભેદ, અને બ્રાહ્મીના કવાથમાં ગોળ તથા જવખાર નાખીને પીવાથી ઉગ્ર પથરી પણ મટી જાયછે.

ગોખરૂનાં બીજનુ ચૂર્ણ મધમાં કાલવીને બકરીના દૂધ સાથે સાત દિવસ સૂધી પીવાથી પથરીનો નાશ થાયછે

વાયવરણાંના મૂળના કવાથમાં એ મૂળનોજ કલ્ક નાંખીને પીવાથી પથરીનો નાશ થઇ જાયછે.

સરગવાનાં મૂળનો કવાથ જરા ઊનો ઊનો પીવાથી પથરીનો નાશ થાયછે.

આદુ, જવખાર, હરડે, અને દારૂહળદરનું ચૂર્ણ દહિના મડની સાથે પીવાથી ભયંકર પથરી પણ તુરત ભેદાઇ જાયછે.

પાષાણભેદ, વાયવરણા, ગોખરૂ, અને બ્રાહ્મીના કવાથમા શિલાજિત્, ગોળ, કાકડીનાં બીજ, અને ત્રપુસનાં બીજ નાંખીને, આ ઉત્તમ ઉપાય પીવાથી ન ભેદાઇ શકે એવી પથરી પણ નક્કી ભેદાઇ જાય છે, ને ઇંદ્રના હાથમાથી છુટેલું વજ્ર જેમ પર્વતને ભેદી નાંખે છે, તેમ આ પ્રયોગ પથરીને ભેદી નાંખેછે.

સીવણના બીજોને પાણી વગરની ઘાટી છાશમા વાટીને ખાવાથી, અથવા સાગનાં ફળ ખાવાથી પથરી મટી જાયછે.

ગોખરૂ, એરડાનાં બીજ, સૂઠ, અને વાયવરણાંની છાલનો ઉત્તમ કવાથ પ્રાત.-કાળમાં પીવાથી પથરીનો નાશ થઈ જાયછે.

પથરીથી મૂત્રમાં લોહી આવતું હોય તો સૂકાયલા કમળનું નાળ, તાડફળ, કાસડો, એખરો, શેરડી, અને દર્ભને પાણીમાં વાટીને તેમા મધ તથા સાકર નાંખીને પીવું, તથા વિદારીકંદ, શેરડી, અને કાકડી ખાવાં.

વાયવરણાંની છાલની ૩૨ તોલા ભસ્મ, ૧૬ તોલા જવખાર, અને ૮ તોલા ગોળને એકત્ર મેળવીને તેમાથી એક તોલો ખાઇને ઊપર ઊનુ પાણી પીવાથી મૂત્રકૃચ્છ્ર તથા પથરીનો નાશ થઇ જાયછે.

વરૂણાદ્ય ચૂર્ણ.

વાયવરણાની ભસ્મને પાણીમાં ડોહીને

વસ્ત્રથી પાણી ગાળી લેઇ, તેમાં જવખાર નાખીને ઊકાળવું પાણી બળી જઈ ચૂર્ણજ રહે, એટલે તેને ગોળમા ખાવાથી મોટી ભયકર પથરી, બરલનો રોગ, ભારે ગુલ્મ, કાઠાં તથા પેટની ભારે પીડા, આમસંચય, મૂત્રનારોગો, ભયંકર વાયુથી થયેલ મૂત્રકૃચ્છ્ર, મહાદુ:ખદાયી મહાગ્નિપણું, અને પથ્થર જેવી મજબુત પથરી પણ તુરત નાશ પામી જાયછે.

વરૂણકગુડ.

કીડાએ ખાધાવગરનુ, બહુ તાજુ, સ્નિગ્ધ, અને પવિત્ર જમીનમા ઊગેલુ, એવા વાયવરણાના ઝાડને સારે દિવસે સારે ચોઘડિયે કાપી લાવીને તેમાથી ૪૦૦ તોલા ભાર લઈ તેનો ચોગણા પાણીમા કવાથ કરી, ચોથા ભાગનુ પાણી રહે, એટલે તેમા તેના જેટલોજ ગોળ નાખીને મજબુત વાસણમાં પાક કરવો. ગોળ પાકી ઘાટો થાય ત્યારે તેમાં સૂંઠ, કાકડીના બીજ, ગોખરૂ, પીપર, પાષાણભેદ, પદ્મકાષ્ઠ, કોળાંના બીજ, ત્રપુસના બીજ, એહેડાનાં બીજ, મણશીલ, બથવો, સરગવો, દ્રાક્ષ, એળચી, શિલાજિત્, હરડે, વાવડીંગ, દરેકનાં ચાર ચાર તોલા ભાર ચૂર્ણો નાંખીને, એ વરૂણક ગુડ પથ્ય ભોજનનો નિત્ય નિયમ રાખીને યોગ્ય પ્રમાણસર ખાવાથી સર્વ દોષોની પથરીઓ તુરત પડી જાયછે.

કુલત્થાદ્ય ઘૃત.

વાયવરણાના કવાથમાં કળથી, સૈંધવ, ચોખા, વાવડીંગ, સાકર, પદ્મકાષ્ઠ, જવખાર, કોળાંનાં બીજ, તથા ગોખરૂનાં બીજોનો કલ્ક નાંખીને પકાવેલા કુલત્થાદ્ય ઘૃતથી, જેમ મજબુત મૂળવાળાં વૃક્ષો વજ્રપાતથી તૂટી જાય છે તેમ, સર્વ પ્રકારની કષ્ટસાધ્ય પથરીઓ, મૂત્રકૃચ્છ્રો, મૂત્રાઘાતો, અને સર્વ પ્રકારના મૂત્રરોગોને મૂળમાથી તોડી નાખેછે.

શરાદિપંચમૂલાદ્ય ઘૃત.

પાનબાજરીયાં વગેરે પંચમૂલના કવાથમા ગોખરૂના કલ્ક સાથે ૬૪ તોલા પકાવેલ ઘી સાકર નાખીને ખાવાથી પથરી તથા મૂત્રકૃચ્છ્ર હણાઇ જાય છે, અને વીર્યના માર્ગના પણ સર્વ રોગો મટી જાયછે.

વરૂણાદ્ય ઘૃત

૪૦૦ તોલા વાયવરણાને કુટીને ૧૦૨૪ તોલા પાણીમા તેનો કવાથ કરી, ચોથા ભાગનું પાણી રહે ત્યારે વસ્ત્રથી ગાળીને તેમા ૬૪ તોલા ઘી પકાવવુ. તેની સાથે વાયવરણા, કેળ, બીલી, તૃણપંચમૂલ, ગળો, પાષાણભેદ, કાકડીનાં બીજ, ધોળીવજ, તલનો ખાર, ખાખરાનો ખાર, અને જૂઇના મૂળ, એ દરેકના કલ્ક એક એક તોલા ભાર નાંખવા. દેશ કાળને અનુસરીને આ ઘીની માત્રા પીવી, અને તે પચી ગયા પછી પ્રથમ જુનો ગોળ તથા દહિનું પાણી પીવું, એથી પથરી કાંકરી, અને મૂત્રકૃચ્છ્રનો નાશ થઈ જાયછે.

વીરતર્વાદ્ય તૈલ

ઋષિઓએ કહેલા સૈંધવાદ્ય તૈલમાં બમણું દૂધ મેળવીને, પ્રથમ કહેલા વીરતર્વાદિગણના કવાથ તથા તેનાજ કલ્ક સહિત ઉત્તમ વૈદે પકાવવું, એટલે વીરતર્વાદ્ય તૈલ થાય છે. આ તેલથી પથરીઓનું નિવારણ સારી પેઠે થાય છે. મૂત્રાઘાત, મૂત્રકૃચ્છ્ર, પીચાયલા ઉપર, મથાયલા તથા ભાગેલા ઉપર, અને બહુ શ્રમ ઉપર પણ તે હિતકારી થાય છે.

બીજા પ્રકારનું વીરતર્વાદ્ય તૈલ.

આસોંદરો, પાષાણભેદ, અરણી, અરલુ, કાકચ, અન્યવૃક્ષ, નખલો, એરંડો, ટીંબરૂ, વાળો, પકાઘ્રક્ષ, દર્ભનાંમૂળ, કાંસડાનાં મૂળ, પાનબાજરિયાના મૂળ, ગરણીનાં મૂળ, શેરડીનાંમૂળ, એખરાના મૂળ, શતાવરી, ગોખરૂ, એ જાતનો ઉંટકંટારો, આસોપાલવ, બ્રાહ્મી, નાનીસીવણ, અને સીવણના મૂળના કવાથમાં એમનાજ કલ્કોથી પકાવેલા તેલની વિચક્ષણ વૈદે વાયુ તથા પિત્તના વિકારો ઉપર પિચકારીઓ મારવી. આ તેલથી કાકરી, પથરી, શૂળ, અને મૂત્રકૃચ્છ્ર મટી જાય છે (આ બીજું વીરતર્વાદ્ય તૈલ કહેવાય છે.

પુનર્નવાદ્ય તૈલ.

સાટોડી, ગળો, શતાવરી, જવખાર, ત્રિલવણ, કચુરો, કઠ, વજ, મોથ, રાસ્ના, કાયફળ, પુષ્કરમૂળ, અજમો, પલાશી, હિંગ, સુવા, અજમોદ, વાવડીંગ, અતિવિષ, જેઠીમધ, અને પંચકોલના એક એક તોલા ભાર કલ્ક સાથે ૬૪ તોલા ભાર તેલ બમણુ ગોમૂત્ર તથા બમણી કાંજીમા પકાવવું આ પુનર્નવાદ્ય તૈલ પીવાથી તથા તેની પિચકારીથી કાકરી, પથરી, શૂળ, મૂત્રકૃચ્છ્ર, કફ, વાયુ, આમશૂળ, અને અંત્રવૃદ્ધિનો નાશ થાયછે.

પથરી, કાંકરી, તથા રેતી ઉપર બહના અધિકારમાં કહેલું સૈંધવાદ્ય તૈલ વાપરવું. આ દરદો માટેના ઘી, કવાથો, દૂધો, અને ઉત્તરબસ્તિમા વીરતર્વાદિ ગણનાં ઓષધોનો ઉપયોગ સર્વથા કરવોજ.

છેદન તથા ઉદ્ધરણ.

બળવત્તર પથરીઓ કોઇ પણ ઔષધથી મટતીજ નથી, એમ થાય તો ઉપાય કરવાની રોગીને ના પાડવી, અને તેમ છતાં તેનો બહુ આગ્રહ જણાય તો યંત્ર વગેરેથી લિંગમાંથી પથરી કાઢી લેવી અહરની પથરી એની મેળેજ મૂત્ર માર્ગમાં આવતી હોય તો તેને કાપીને કાઢવી, અને માછલા પકડવાના ગળ જેવા યત્રથી પકડીને પણ કાઢી લેવી.

पथरीनो अधिकार संपूर्ण

પ્રમેહનો અધિકાર.

પ્રમેહનાં દૂરનાં નિદાનો.

आस्यासुखं स्वप्नसुखं दधीनि ग्राम्योदकानूपरसः पयांसि । नवान्नपानं गुडवैकृतं च प्रमेहहेतुः कफकृच्च सर्वम् ॥

બેસી રહેવાના તથા નિદ્રાના સુખો, દહિ, ગ્રામ્ય પ્રાણીના માસો, જળચરના માસો, જળપ્રાય દેશોના પ્રાણીઓના માસો, દૂધ, નવાં અન્નપાનો, ગોળ, ગોળના પદાર્થો, અને સર્વ કફકારી પદાર્થોથી પ્રમેહ થાય છે

પ્રમેહનાં પાસેનાં નિદાનો.

मेदश्च मांसं च शरीरजं च क्लेदं कफो बस्तिगतं प्रदूष्य । करोति मेहान् समुदीर्णमुष्णैस्तानेव पित्तं परिदूष्य चापि ॥ क्षीणेषु दोषेष्ववकृष्य धातून् संदूष्य मेहान् कुरुतेऽनिलश्च ।

મેદ, માંસ, શરીરનો કલેદ, એમને બસ્તિમા ગયેલો કફ દુષિત કરીને પ્રમેહો ઉત્પન્ન કરે છે. ઉષ્ણ પદાર્થોથી વધેલું પિત્ત પણ સૌમ્યધાતુ કફ વગેરેનો ક્ષય થયાથી એજ મેદાદિ પદાર્થોને દુષિત કરીને પ્રમેહો ઉત્પન્ન કરે છે. કફ વગેરેનો સર્વ ધાતુઓ ક્ષીણ થયાથી વાયુ પણ ધાતુઓને દુષિત કરીને પ્રમેહો ઉત્પન્ન કરે છે.

પ્રમેહોની સંખ્યા તથા સાધ્યત્વાદિ.

साध्याः कफोत्था दश पित्तजाः षट् याप्या न साध्याः पवणाच्चतुष्काः । समक्रियत्वाद्विषमाक्रियत्वान्महात्ययत्वाच्च यथाक्रम ते ।

કફથી થતા દશ પ્રકારના પ્રમેહો સાધ્ય છે, પિત્તના છ પ્રકારના પ્રમેહ યાપ્ય છે, વાયુના ચાર પ્રકારના પ્રમેહ અસાધ્ય છે. સમક્રિયત્વ, વિષમક્રિયત્વ, અને મહાત્યયત્વથી યથાક્રમે એ રીતે થાય છે.

પ્રમેહમાં દોષો તથા દુષ્યો વિષે.

कफश्च पित्तं पवनश्च दोषा मेदोऽस्रशुक्राम्बुवसालसीकाः ॥ मज्जारसौजः पिशितं च दूष्याः प्रमेहिणां विंशतिरेव मेहाः ॥

કફ, પિત્ત, અને વાયુ, એ દોષોથી મેદ, રક્ત, વીર્ય, રસ, વસા, જળ, ચીકણો પદાર્થ, મજ્જા તથા ઓજ દુષિત થાયછે તેથી તેઓ દુષ્ય કહેવાય છે. એમ પ્રમેહો કુલ વીશ પ્રકારના છે

પ્રમેહનું પૂર્વરૂપ.

दन्तादीनां मलाढ्यत्वं प्राग्रूपं पाणिपादयोः ॥ दाहश्चिक्कणता देहे तृट् स्वाद्वास्यं च जायते ।

દાંતો વગેરેમાં મેલ વધેછે, હાથ પગમાં બળતરા થાયછે, શરીરમાં ચીકાશ થાય છે, તૃષા લાગેછે, અને મુખમા મીઠાશ થાય છે, આ પ્રમેહનાં પુર્વરૂપો છે.

પ્રમેહનું સામાન્ય લક્ષણ.

सामान्यं लक्षणं तेषां प्रभूताविलमूत्रता ।
दोषदूष्याविशेषेऽपि तत् संयोगविशेषतः ।
मूत्रवर्णादिभेदेन भेदा मेहेषु कल्प्यते ॥

મૂત્રનુ બહુપણું અને મેલાપણું એ પ્રમેહનું સામાન્ય લક્ષણ છે, દોષો તથા દુષ્યો એનાં એ છતાં તેના સંયોગની અનેકતાનેલીધે મૂત્રના વર્ણાદિમાં જે ફેરફાર થાય છે, તે ઉપરથી પ્રમેહના ભેદો કલ્પવામાં આવેલા છે.

પ્રમેહના ભેદો.

अच्छं बहुतरं शीतं निर्गन्धमुदकोपमम्।
मेहत्युदकमेहेत किञ्चिच्चाविलपिच्छिलम् ॥
इक्षो रसानिवात्यर्थं मधुरं चेक्षुमेहतः ।
सान्द्रीभवत् पर्युषितं सान्द्रमेहेत मेहति॥
सुरामेही सुरातुल्यमुपर्यच्छमधो घनम् ॥
संहृष्टरोमा पिष्टेन पिष्टवत् बहलं सितम्॥
शुक्राभं शुक्रमिश्रं वा शुक्रमेही प्रमेहति।
मूत्राणून् सिकतामेही सिकतारूपिणो मलान ॥

शीतमेही सुबहुशो मधुरं भृशशीतलम् ।
शनैः शनैः शनैर्मेही मन्दं मन्दं प्रमेहति।
लालातन्तुयुतं मूत्रं लालामेहेन पिच्छिलम् ॥

गन्धवर्णरसस्पर्शैः क्षारेण क्षारतोयवत् ।
नीलमेहेन नीलाभं ।
कालमेही मसीनिभम् ।
हारिद्रमेही कटुकं हरिद्रासन्निभं दहत् ॥
विस्रं माञ्जिष्ठमेहेन माञ्जिष्ठासलिलोपमम् ।
विस्रमुष्णं सलवणं रक्ताभं रक्तमेहिनः॥
वसामेही वसामिश्रं वसाभं मूत्रयेन्मुहुः॥

मज्जाभं मज्जमिश्रं वा मज्जमेही मुहुर्मुहुः।
कषाय मधुरं रूक्षं क्षौद्रमेहं वदेद्बुधः॥
हस्ती मत्त इवाजस्रं मूत्रवेगविवर्जितम् ।
सालसीकं विबद्धं च हस्तिमेही प्रमेहति॥

(૧) ઉદકમેહ—એમા મૂત્ર આછુ, બહુ, ઘણું ટાઢુ, પાણી જેવું, અને કઇક મેલું તથા ચીકણુ આવે છે.

(૨) ઇક્ષુમેહ—ઇક્ષુમેહમાં શેરડીના રસ જેવું મીઠુ અને બહુ મૂત્ર નીકળે છે.

(૩) સાન્દ્રમેહ—સાંદ્રમેહમાં મૂત્ર રાત વાસી રહેતાં જાડું થઇ જાય છે.

(૪) સુરામેહ—એમા મૂત્ર મદિરા જેવું, ઉપરથી આછું અને નીચેથી જાડું નીકળેછે.

(૫) પિષ્ટમેહ—પિષ્ટમેહમા મૂત્ર નીકળતાં રૂવાડાં ઉભાં થાયછે, અને લોટ જેવું ઝાઝું ધોળું મૂત્ર નીકળેછે.

(૬) શુક્રમેહ—શુક્રમેહમા વીર્ય જેવું અથવા વીર્યસહિત મૂત્ર નીકળેછે.

(૭) સિક્તામેહ—આમા મૂત્રમાં રેતી જેવી ઝીણી અને છુટી છુટી કફની કણીઓ નીકળેછે.

(૮) શીતમેહ—એમાં ઘણીવાર મીઠું અને ટાઢું મૂત્ર નીકળેછે.

(૯) શનૈર્મેહ—એમા ધીમે ધીમે મંદ મદ મૂત્ર નીકળેછે.

(૧૦) લાલામેહ—લાળના તાંતણા વાળુ ચીકણું મૂત્ર નીકળેછે.

(૧૧) ક્ષારમેહ—ક્ષારમેહમાં ખારા પાણી જેવા ગંધ, વર્ણ રસ અને સ્પર્શવાળું મૂત્રાય છે.

(૧૨) નીલમેહ—નીલમેહમાં નીલ જેવું મૂત્ર નીકળેછે.

(૧૩) કાલમેહ—કાલમેહમાં આજણ જેવું કાળું મૂત્ર નીકળેછે

(૧૪) હારિદ્રમેહ—હારિદ્રમેહમાં તીખુ, હળદર જેવું અને દાહ કરનારૂ મૂત્ર નીકળેછે.

(૧૫) માજિષ્ઠમેહ—માજિષ્ઠમેહમાં કાચા પદાર્થ જેવા ગંધવાળુ અને મજીઠના પાણી જેવા રગવાળું મૂત્ર નીકળેછે.

(૧૬) રક્તમેહ—રક્તમેહમાં કાચા પદાર્થ જેવા ગધવાળું, ગરમ, ખારૂ, અને લોહી જેવા રંગવાળુ મૂત્ર નીકળેછે.

(૧૭) વસામેહ—વસામેહમાં વસાથી મિશ્રિત વસા જેવા રગનુ વારવાર મૂત્રાયછે

(૧૮) મજ્જામેહ—મજ્જામેહમાં મજ્જાથી મિશ્રિત અને મજ્જા જેવા રગનુ મૂત્ર વારંવાર નીકળે છે.

(૧૯) ક્ષૌદ્રમેહ (મધુમેહ)—ક્ષૌદ્રમેહમાં તુરૂં, મીઠુ, અને રૂક્ષ મૂત્ર નીકળે છે, એમ ડાહ્યાઓ કહેછે.

(૨૦) હસ્તીમેહમાં—મત્ત હાથીની પેઠે નિરતર રસી જેવા પદાર્થવાળુ, વેગ વગરનું, અટકાયતવાળુ મૂત્ર નીકળે છે

કફના પ્રમેહોના ઉપદ્રવો.

अविपाकोऽरुचिश्छर्दिर्निद्राकासः सपीनसः । उपद्रवाः प्रजायन्ते मेहानां कफजन्मनाम् ॥

કફના પ્રમેહથી અન્નનું નહિ પચવુ, અરૂચિ, ઉલટી, નિદ્રા, ઉધરસ, અને સળેખમ થાયછે.

પિત્તના પ્રમેહોના ઉપદ્રવો.

बस्तिमेहनयोस्तोदो मुष्कावदरणंज्वरः ।

दाहतृष्णाम्लिकामूर्च्छाविड्भेदः पित्तजन्मनाम् ॥

પિત્તના પ્રમેહથી મૂત્રાશયમાં તથા લિંગમાં શૂળ, વૃષણોનું ફાટવું, જ્વર, બળતરા, તરશ ખટાઇ, મૂર્ચ્છા, અને પાતળો દસ્ત થાયછે.

વાત પ્રમેહોના ઉપદ્રવો.

वातजानामुदावर्त्तकम्पहृद्ग्रहलोलताः ।
शूलमुन्निद्रता शोषः श्वासः कासश्च जायते ॥

વાત પ્રમેહથી ઉદાવર્ત્ત, કંપ, છાતીની પકડ, શૂળ, ચપળતા, નિદ્રાનાશ, શોષ, શ્વાસ, અને ઉધરસ થાયછે.

પ્રમેહનું અરિષ્ટ

यथोक्तोपद्रवाविष्टमतिप्रस्रुतमेव च । पिडकापीडितं गाढं प्रमेहो हन्ति मानवम् ।
मूर्च्छाछर्दिज्वरश्वासकासवीसर्पगौरवैः ॥
उपद्रवैरुपेतो यः प्रमेही दुःप्रतिक्रियः ।

પ્રમેહવાળાને ઉપરના ઉપદ્રવો થયા હોય, મૂત્ર બહુ થતું હોય, ફોલ્લીઓની પીડા થતી હોય, તો તે માણુસ મરી જાયછે. મૂર્ચ્છા, ઉલટી, જ્વર, શ્વાસ, ઉધરસ, વિસર્પ, અને ભારેપણું હોય, તો પણ ઔષધ માંડ માંડ લાગુ પડેછે.

સ્ત્રીઓને પ્રમેહ ન થવાનું કારણ.

रजः प्रवर्त्तते यस्मान् मासि मासि विशोधयेत् ॥ सर्वान् शरीरदोषांश्च न प्रमेहन्त्यतः स्त्रियः ।

મહિને મહિને રજોદર્શન થાય છે તેથી શરીરના સર્વ દોષો શુદ્ધ થાયછે, તેથી સ્ત્રીઓને પ્રમેહ થતો નથી.

પ્રમેહની અસાધ્યતા.

जातप्रमेही कुलमेहवान्वा न साध्यरोगः स हि बीजदोषात् । ये चापिकेचित्कुलजा विकारा भवन्ति तांश्चापि वदन्त्यसाध्यान् ॥ सर्वे एव प्रमेहास्तु कालेनाप्रतिकारिणः । मधुमेहत्वमायान्ति तदाऽसाध्या भवन्ति च ॥ मधुमेहो मधुनिभो जायते स किल द्विधा । क्रुधे धातुक्षयाद्वायौ दोषावृतपथेऽथवा ॥ आवृतो दोषलिङ्गानि सोऽनिमित्तं प्रदर्शन् ॥ क्षीणः क्षणात् क्षणात् पूर्णो भजते कृच्छ्रसाध्यताम् ॥

જેને જન્મથી પ્રમેહ હોય, પ્રમેહવાળા કુળમા જન્મ થયો હોય, તો બીજ દોષને લીધે તેનો પ્રમેહ સાધ્ય નથી. બીજા પણ જેને કુળના વિકારો હોયછે, તેને પણ અસાધ્ય પ્રમેહ થાયછે. સર્વ પ્રમેહો કેટલેક કાળે પ્રતીકાર ન પામે તો તેમાંથી મધુમેહ થાય છે, તે પણ અસાધ્ય છે. મધના જેવો મેહ બે પ્રકારનો થાય છે. ધાતુક્ષયથી વાયુના થતા કોપથી, અથવા દોષોથી વાયુનો માર્ગ રોકવાથી, તે થાયછે. વાયુ રોકાવાથી દોષના ચિન્હ દેખાડીને મૂત્રાશયને ખાલી કરી, વળી ક્ષણમાત્રમા પાછું ભરી દેછે. એ પ્રમેહ કષ્ટસાધ્ય થઇ પડેછે.

મધુમેહ વિષે.

मधुरं यच्च सर्वेषु प्रायो मध्विव मेहति ।
सर्वेऽपि मधुमेहाख्या माधुर्याच्च तनोरतः ॥

વિશેષે કરીને સર્વ પ્રમેહોમા મૂત્ર મધ જેવું મધુર હોય છે, તેથી એ મધુરતાને લીધે સર્વે પ્રમેહોને મધુમેહ નામજ બોલ્યાછે.

પ્રમેહની ફોલ્લીઓ વિષે.

शराविका कच्छपिका जालिनी विनतालजी । मसूरिका सर्षपिका पुत्रिणी सविदारिकाः ॥ विद्रधिश्चेति पिडकाः प्रमेहोपेक्षया दश । सन्धिमर्मसु जायंते मांसलेषु च धामसु ॥

શરાવિકા, કચ્છપિકા, જાલિની, વિનતા, અલજી, મસૂરિકા, સર્ષપિકા, પુત્રિણી, વિદારિકા, અને વિદ્રધિ, એ દશ જાતની પિડકાઓ પ્રમેહોની ઉપેક્ષા કરવાથી થાયછે. તેઓ સંધિ, મર્મો, અને બહુ માંસવાળા ભાગોમા થાયછે.

ફોલ્લીઓનાં લક્ષણો.

अन्तोन्नता श्यामरूपा निम्नमध्या शराविका । गौरसर्षपसंस्थाना तत्प्रमाणा तु सर्षपी ॥ सदाहा कूर्मसंस्थाना ज्ञेया कच्छपिका बुधैः । जालिनी तीव्रदाहा तु शिराजालसमावृता ॥ अवगाढरुजोत्क्लेदा पृष्ठे वाप्युदरेऽपि वा ॥ महती पिडका नीला सा बुधैर्विनता स्मृता ॥ महत्यल्पचिता ज्ञेया पिडकापि च पुत्रिणी । मसूरदलसंस्थाना विज्ञेया तु मसूरिका ॥ रक्ता सितास्फोटचिता विज्ञेया त्वलजी बुधैः । विदारीकन्दवद्वृत्ता कठिना च विदारिका ॥ विद्रधेर्लक्षणैर्युक्ता ज्ञेया विद्रधिका तु सा ॥

અતમા ઊંચી, મધ્યમાં કાળી, નમેલી, એવી શરાવિકા થાયછે, ધોળી સર્ષપના પ્રમાણુ જેવી થાયછે તે સર્ષપી છે, દાહવાળી તથા કાચબા જેવીને વિદ્વાનો કચ્છપિકા કહે છે, શિરાઓની જાળથી વીંટાયેલી અત્યત દાહવાળી જાલિની છે; પીઠ અથવા ઉદર ઉપર ગાઢ પીડા કારક અને નીલવર્ણની ફોલ્લીને પંડિતો વિનતા કહેછે, ઝીણી ઝીણી ફોડકીઓથી વ્યાપ્ત અને બીજી મોટી ફોલ્લીઓ થાયછે, તેને પુત્રિણી કહેછે, મસૂરની દાળજેવી મસૂરિકા થાયછે, રાતી કાળી તથા ફુટેલી એવીને પંડિતો અલજી કહે છે; વિદારીકદની પેઠે ગોળ એવી વિદારિકા છે, અને વિદ્રધિનાં લક્ષણો વાળી વિદ્રધિ કહેવાય છે.

ફોલ્લીઓમાં દોષોનાં નિર્ણય.

ये यन्मयाः स्मृता मेहास्तेषामेतास्तु तन्मयाः ॥

જે પ્રમેહ જે દોષવાળો હોય તેમા તેજ દોષવાળી ફોલ્લી પણ હોયછે.

પ્રમેહ વિનાપણ ફોલ્લીઓ થાયછે

विना प्रमेहमप्येता जायन्ते दुष्टमेदसः । तावच्चैता न लक्ष्यन्ते यावद्वास्तुपरिग्रहः ॥

બગડેલા મેદવાળા માણુસને પ્રમેહ વિના પણુ ફોલ્લીઓ થાયછે. એ ફોલ્લીઓ જ્યાંસુધી પોતાના સ્થાનને બરોબર પકડતી નથી ત્યાં સૂધી તેઓ દેખાતી નથી.

ફોલ્લીઓની અસાધ્યતા.

गुदे हृदि शिरस्यंसे पृष्ठे मर्मसु चोत्थिताः । सोपद्रवा दुर्बलाग्नेः पिडकाः परिवर्जयेत् ॥

ગુદા, હૃદય, માથુ, ખભા, પીઠ, મર્મસ્થળો, એમા થયેલી ઉપદ્રવો વાળી ફોલ્લીઓ જો દુર્બળ જઠરાગ્નિ વાળાને થઈ હોય તો તે અસાધ્યછે.

ફોલ્લીઓના ઉપદ્રવો

तृट्श्वासमांससङ्कोचमेहहिक्कामदज्वराः ॥
विसर्पमर्म्मसंरोधाः पिडकानामुपद्रवाः ।

તૃષા, શ્વાસ, માંસનો સંકોચ, બહુ મૂત્ર, હેડકી, મદ, જ્વર, વિસર્પ અને મર્મસ્થાનોનુ રોધન, એ ફોલ્લીઓના ઉપદ્રવોછે

પ્રમેહ વાળાને હિતકારી પદાર્થો

श्यामाककोद्रवोद्दालगोधूमाश्चणकास्तथा ।
आढकाश्च कुलत्थाश्च पुराणा मेहिनां हिता ।
मेहिनां तिक्तशाकानि जाङ्गला परिणाण्डजाः ॥ यवान्नविकृतिर्मुद्गाः शस्यन्ते शालिषष्टिकाः ।

શ્યામો, કોદરા, કોદ્દ, ઘઉં, ચણા, તુવેર, કળથી, એ જૂનાં ધાન્યો પ્રમેહ વાળાને હિતકારી છે. કડવા શાકો, જંગલી હરણો તથા પક્ષીઓ, જવ, મગ, રાતા ચોખા, અને સાઠીચોખા, એ પ્રમેહવાળાને હિતકારી છે.

પ્રમેહમાં તજવાના પદાર્થો

सौवीरकं सुरा तक्रं तैलं क्षीरं घृतं गुडम् ॥
अम्लेक्षुरसपिष्टान्नानूपमांसानि वर्जयेत् ।

સૌવીર, સુરા, છાશ, તેલ, દૂધ, ઘી, ગોળ, ખટાઇ, શેરડીનોરસ, અને લોટના પદાર્થો, અને જળમય દેશના પ્રાણીઓના માંસો પ્રમેહવાળાને અહિતકારી છે.

પ્રમેહની ચિકિત્સા.

तत्रादित एव प्रमेहिनमुपस्निग्धं प्रियङ्ग्वाद्यन्यतमासिद्धेन तैलेन वामयेत् प्रगाढं विरेचयेच्च । विरेचनादनन्तरं सुरसादिकषायेणास्थापयेत् । महौषधभद्रदारुमुस्तावापने मधुसैन्धवयुक्तेन । दह्यमान वा न्यग्रोधादिकषायेण निस्तैलेन ।

वातोत्कटेषु मेहेषु स्नेहपानं विशेषतः ॥
पारिजातजयानिम्बवह्निमायत्रिणांपृथक् ॥
पाठायाश्चागुरोः पीताद्वयस्य शारदस्य च ।
जलेक्षुमद्यसिकता शनैर्लवणपिष्टकान् ॥
सान्द्रमेहान् क्रमात् घ्नन्ति कायाश्चाष्टौ समाक्षिकाः । हरीतकीकट्फलमुस्तलोध्रा पाठाविडङ्गार्जुनधन्वनाश्च । उभे हरिद्रे तगरं विडङ्ग कन्दं विशालार्जुनदीपकाश्च ॥ दार्वी विडङ्गं खदिरो धवश्च सुराह्वकुष्टागुरुचन्दनानि । दार्व्यग्निमन्थौ त्रिफला वचा च पाठा च मूर्वा च तथा श्वदंष्ट्रा ॥ वचा ह्युशीराण्यभया गुडूची वृषं शिवाचित्रकसप्तपर्णाः । पादैः कषायाः कफमेहविध्वंसे शोपदिष्टा मधुसंप्रयुक्ताः ॥ उशीरलोध्रार्जुनचन्दनानामुशीरमुस्तामलकाभयानाम् । पटोलनिम्बामलकामृतानां मुस्ताभयावृक्षककटूसकाणाम् ॥ लोध्राम्रकालीयकधातकीनां विम्बार्जुनैलातिविषोत्पलानाम् । शिरीषधान्यार्जुनकेशराणां प्रियङ्गुपद्मोत्पलकिंशुकानाम् ॥ अश्वत्थपाठासनवेतसानां कटङ्कटेर्युत्पलमुस्तकानाम् । पैत्तेषु मेहेषु दशोपदिष्टाः कषाययोगा मधुसंप्रयुक्ताः ॥ कफमेहहरक्वाथसिद्धं सर्पिः कफे हितम् । पित्तमेहघ्ननिर्यूहसिद्धं पित्तहरं घृतम् ॥ कम्पिल्लसप्तच्छदशालजानि वैभीतरोहीतककौटजानि । पटोलकालीयगदागुरूणि क्षौद्रेण लिह्यात् कफपित्तमेही ॥ दूर्वाकसेरुपूतीककुम्भीकप्लवशैवलम् । जलेन क्वथितं

पीतं शुक्रमेहहरं परम् ॥ त्रिफलारग्वधद्राक्षाकषायोः मधुसंयुतः । पीतो निहन्ति फेनाभं प्रमेहं नियतं नृणाम् ॥ मधुना त्रिफलाचूर्णमथवाऽश्मजतूद्भवम् । लोहजम्ब्वा भयोत्थं वा लिहेन्मेहनिवृत्तये ॥ कटङ्कटेरीमधुकत्रिफलाचित्रकैः समैः । सिद्धः कषायः पातव्यः प्रमेहानां विनाशनः ॥ फलत्रिकं दारुनिशां विशालां मुस्तां च निःक्वाथ्य निशां सकल्कम् । पिबेत् कषायं मधुसंप्रयुक्तं सर्वप्रमेहेषु समुच्छ्रितेषु ॥

इति फलत्रिकादिक्वाथ ।

गोभक्षितान् यवान् मूत्रभावितान्केवलानपि । चित्रकोदश्विता खादेन्निम्बुमुद्गरसेन वा ॥ भक्षयीताम्बुना मासं प्रमेही यवपिष्टकम् । मेदोघ्ना बद्धमूत्राश्च समाः सर्वेषु धातुषु॥ यवास्तस्माद् विशिष्यन्ते प्रमेहेषु विशेषतः। त्रिकटु त्रिफला पाठा मूलं सौभाञ्जनस्य च॥ विडङ्गतण्डुला हिङ्गु तथा कटुकरोहिणी । बृहती कण्टकारी च हरिद्रे द्वे यवानिका ॥ केवूकं शालपर्णी च तथातिविषचित्रकौ । सौवर्चलं जीरकं च हवुषा धान्यमेव च ॥ एषां कर्षप्रमाणं च श्लक्ष्णचूर्णं च कारयेत्। यवसक्तुपलाना च नवतिं द्वितयाधिकाम् ॥ घृततैलमधूना च प्रत्येकं च पलानि षट् । एभिः कर्षप्रमाणं च प्रत्यहं मोदकं सुधीः॥ भक्षयेन्नाशयेदुग्रान् प्रमेहानतिदारुणान् ।

इति त्रिकटुकाद्यो मोदक ।

न्यग्रोधोदुम्बराश्वत्थस्योनाकारग्वधासनम् । आम्रं कपित्थं जम्बूं च पियालं ककुभं धवम् ॥ मधूकं मधुकं लोध्रं वरुणं पारिभद्रकम् । पटोलमेषशृङ्गी च दन्ती चित्रकमाढकी॥ करञ्जत्रिफलाशक्रभल्लातकफलानि च। एतानि समभागानि सूक्ष्मचूर्णानि कारयेत्॥ न्यग्रोधाद्यमिदं चूर्णं मधुना सह योजयेत् । पलत्रयरसं चानु पिबेन्मूत्रं विशुद्ध्यति ॥ एतेन विंशतिर्मेहा मूत्रकृच्छ्राणि यानि च । प्रशमं यान्ति योगेन पिडका न च जायते॥

इति न्यग्रोधाद्य चूर्णम् ।

चूर्णानि लोहत्रिफलासितानां क्षौद्रेण लिह्याच्च पृथक समं वा । मेहान् समस्तानपि नाशयन्ति पीत कदाचित् स्वरसो गुडूच्याः ॥ त्रिकटु त्रिफलातुल्य गुग्गुलुं च समाक्षिकम् । गोक्षुरक्वाथसंयुक्तं गुटिकां कारयेद्बुधः ॥ दोषकालबलापेक्षी भक्षयेच्चानुलोमिकाम् । न चात्र परिहारोऽस्ति कर्म कुर्याद्यथेप्सितम् ॥ प्रमेहान् वातरोगांश्च वातशोणितमेव च । मूत्राघातं मूत्रदोष प्रदरं चाशु नाशयेत् ॥

इति त्रिकटुगुटिका ।

दाडिमस्य च बीजानि कृमिघ्नस्य च तण्डुलाः । रजनी चविका जाजी नागरं त्रिफला कणा ॥ त्रिकण्टकस्य च फल यवानीधान्यक तथा । वृक्षाम्लचविकालोध्रसिन्धूद्भवसमाहितैः ॥ कल्कैरक्षसमैरेभिर्घृतप्रस्थ विपाचयेत् । भोज्ये पाने प्रदातव्यं सर्वर्तुषु च मात्रया ॥ प्रमेहान् विंशतिं चैव मूत्राघात तथाऽश्मरीम् । कृच्छ्रंसुदारुणं चैव हन्यादेव न संशयः ॥ विबन्धानाहशूलघ्न

कामलाज्वरनाशनम् । दाडिमाद्य घृत चैतदश्विभ्यां परिकीर्तितम् ॥

इति दाडिमाद्य घृतम् ।

श्वदंष्ट्रा सकणा मुस्ता गुडूची फल्गुपल्लवाः । दर्भाङ्कुरास्तु गण्डीरी रोहिषस्य च पल्लवाः ॥ काला पुनर्नवा श्यामा शारिवा देवदारु च । पिप्पली शृङ्गवेरं च विडङ्गं मरिचानि च ॥ पाठा कम्पिल्लकं भार्ङ्गी द्वे हरिद्रे निदिग्धिका । एरण्डमूलं दन्ती च चित्रकं कटुरोहिणी ॥ एतानि समभागानि सूक्ष्मचूर्णानि कारयेत् । यावन्त्येतानि चूर्णानि द्विस्तावत्स्यादयोरजः । ततो बिडालपदकं पिबदुष्णेन वारिणा । अलाभे चापि मद्यानां प्रमेहान् हन्ति विंशतिम् ॥ श्वयथुं च तथार्शांसि पाण्डुरोगं हलीमकम् । उदराण्यथ शूलानि प्लीहानं चापकर्षति ॥ एभिर्गोमूत्रपिष्टैस्तु गुटिकाः कारयेद्भिषक् । रोगेष्वेतेषु मुख्याः स्युर्बलमासविवर्द्धनाः ।

इति गोक्षुरादिचूर्णगुटिका ।

कण्टकार्या गुडूच्याश्च संहरेच्च शतं शतम् ॥ संकुट्योदूखले विद्वांश्चतुर्द्रोणेऽम्भसः पचेत् । तेन पादावशेषेण घृतप्रस्थं विपाचयेत् ॥ त्रिकटु त्रिफला रास्ना विडङ्गान्यथ चित्रकम् । काश्मर्याणां च मूलानि पूतिकस्य त्वगेव च ॥ कलिङ्ग इति सर्वाणि सूक्ष्मपिष्टानि कारयेत् । अक्षमात्रां पिबेत्प्राज्ञः शालिभिः पयसा हितैः ॥ प्रमेहं मधुमेहं च मूत्रकृच्छ्रं भगन्दरम् । आलस्यं चान्त्रवृद्धिं च कुष्ठरोगं विशेषतः ॥ क्षयं चैव निहन्त्येतन्नाम्ना सिंहामृतं घृतम् ।

इति सिंहामृत घृतम् ।

दशमूलं करञ्जौ द्वौ देवदारु हरीतकी । वर्षाभूर्वरुणो दन्ती चित्रकं सपुनर्नवम् ॥ सुधानीपकदम्बाश्च बिल्वं भल्लातकानि च ॥ पृथग् दशपलान् भागानेतास्तोयार्मणे पचेत् । यवकोलकुलत्थानां प्रस्थं प्रस्थं विपाचयेत् ॥ तेन पादावशेषेण घृतप्रस्थं पचेद्भिषक् । निचुलं त्रिफला भार्ङ्गी रोहिषं गजपिप्पली ॥ शृङ्गवेरविडङ्गानि चव्यं कम्पिल्लकं तथा । गर्भेणानेन तत्सिद्धं पाययेत्तु यथाबलम् ॥ एतद्धान्वन्तरं नाम विख्यातं सर्पिरुत्तमम् । कुष्ठप्रमेहगुल्मांश्च श्वयथुं वातशोणितम् ॥ प्लीहोदराणि चार्शांसि विद्रधिं पिडकाश्च याः । अपस्मारं तथोन्मादं सर्पिरेतन्नियच्छति ॥

इति धान्वन्तर घृतम् ।

अर्जुनपटोलनिम्बैः सवचादीप्यकरसाञ्जनमञ्जिष्ठैः । भल्लातकागुरुघनैः सगदानलचन्दनोशीरैः । गोक्षुरकसोमवल्कैर्नवैः पटोले हरिद्रया त्रिफला । अश्मन्तकार्जुनाभ्यां दीप्यकयुक्तेन चैव लोध्रेण मञ्जिष्ठातिविषाभ्यां कल्ककषायैः पचेत्तैलम् । कफवातोत्थे मेहे पित्तकृते साधयेत्सर्पिः ॥

इति अर्जुनाद्य घृततैलम् ।

सारवर्गकषाय चतुर्थांशावशिष्टमवतार्य परिस्राव्य पुनरग्नौ नीय साधयेत् । सिध्यति चास्मिन्कृष्णाप्रियङ्गुदन्तीकृष्णायसताम्रचूर्णान्यावपेत् । तदेत-

ददग्ध लेहीभूतमवनार्यानुगुप्त निदध्यात् । ततो यथायोगमुपयुञ्जीत । एव लेह' सर्वमेहानपहन्ति । इति सारलेह ।

गोकण्टकं सदसमूलफल गृहीत्वा संकुट्टितं पलशतं क्वथितं तु तोये । पादस्थितेन सलिलेन पलानि दत्वा पञ्चाशतं तु विपचेदथ शर्करायाः ॥ तस्मिन् घनत्वमुपगच्छति चूर्णितानि दद्यात्पलद्वयमितानि सुभाजनानि । शुण्ठीकणामरिचनागदलत्वगेलाजातीयकोषककुभत्रपुसीपलानि ॥ मांसीपलाष्टकमिह प्रणिधाय नित्यम् लेह्यं तु शुद्धमघूर्च पलसम्मितं तु । हन्त्याशु मूत्रपरिदाहविबन्धशुक्रकृच्छ्राश्मरी रुधिरमेहमधुप्रमेहान् ॥

इति गोक्षुरकाद्यवलेह' ।

असनं च प्रियालं च शालं खदिरकं तथा । शालवर्गं तथा ग्राह्यं भवेच्चैतद्विचक्षणैः ॥ मधुमेहत्वमापन्नं भिषग्भिः परिवर्जितम् । योगेनानेन मतिमान् प्रमेहिनमुपाचरेत् ॥ मासि शुक्रे शुचौ वापि शैलाः सूर्यांशुतापिताः । जतुप्रकाशं स्वरसं शिलाभ्य प्रस्रवन्ति हि ॥ शिलाजत्विति विख्यातं महद्व्याधिनिवारणम् । तत्सर्वतिक्तकटुकक्षत्रायानुरसंसरम् ॥ कटुपाक्युणवीर्य च शोषण छेदनं तथा । तत्र यत् लघु कृष्णाभं स्निग्धं निःशर्करं च यत् ॥ गोमूत्रगन्धि नीलं वा तत्प्रधानं प्रचक्षते । तद्भावितं सारगणैर्हृतदोषं यथोदितम् । पिबेत्सारोदकेनैव श्लक्ष्णपिष्टं यथाबलम् । जाङ्गलेन रसेनाद्यात्तस्मिन् जीर्णेतु भोजनम् । उपयुज्य तुलामेकाममृतस्यास्य जन्मतः ॥ विजित्य मधुमेहाख्यमातङ्कं रोगकारकम् । वपुर्वर्णबलोपेतः शतं जीवत्यनामयः । शतं शतं तुलायां तु सहस्रं दशतौलिकम् ॥ भल्लातकविधानेन परिहारविधिः स्मृतः । मेहं कुष्ठमपस्मारमुन्मादं श्लीपदं परम् । शोषं शोफार्शसी गुल्मं पाण्डुतां विषमज्वरम् ॥ व्यपोहत्यचिरात् कालाच्छिलाजतु निषेवितम् । न सोऽस्ति रोगोयं वापि न निहन्याच्छिलाजतु ॥ शर्करां चिरसभूतां भिनत्ति च तथाश्मरीम् । भावनालोडने चास्य कर्तव्ये भेषजैर्हिते ॥ एवं च माक्षिकं धातुं तापीजममृतोपमम् । मधुर काञ्चनाभासमम्लं वा रजतप्रभम् ॥ व्यपोहति जराकुष्ठमेहपाण्ड्वामयक्षयान् । तत्सेवकः कुलत्थांश्च कपोतांश्च विवर्जयेत् ।

इति शिलाजतुमाक्षिकयो प्रयोग ।

પ્રમેહ વાળાને પ્રથમથીજ કાગ કે સર્ષપાદિથી પકાવેલા તેલ વડે સ્નિગ્ધ કરીને પછી સારીપેઠે વમન તથા વિરેચનો આપવા. તે પછી સુરસાદિ કવાથમા સૂઠ, દેવદાર, તથા મોથના ચૂર્ણો તથા મધ અને સૈંધવ નાખીને તે વતી નિરૂહબસ્તિ દેવી. જો બળતરા થતી હોય તો તેલ વગરના ન્યગ્રોધાદિ કવાથની નિરૂહબસ્તિ દેવી

વાત પ્રમેહવાળાને વિશેષે કરીને સ્નેહપાન કરાવવુ

રક્તરોહિડાનો કવાથ મધ નાંખીને પીવાથી ઉદક મેહ મટી જાયછે.

લીલી પ્રોનો અથવા અરણીનો કવાથ મધ નાખીને પીવાથી ઈક્ષુમેહ મટી જાયછે.

લીમડાનો કવાથ મધ નાખીને પીવાથી સુરામેહ મટી જાયછે

ચિત્રકનો કવાથ મધ નાખીને પીવાથી સિકતા મેહ મટી જાયછે.

ખેરનો કવાથ મધ નાંખીને પીવાથી શનૈર્મેહ મટી જાયછે.

કાળીપાડનો કવાથ મધ નાંખીને પીવાથી ક્ષારમેહ મટી જાય છે

અગરૂનો કવાથ મધ નાંખીને પીવાથી પિષ્ટમેહ મટી જાય છે.

બે જાતની ઉપલસરીનો કવાથ મધ નાંખીને પીવાથી સાદ્રમેહ મટી જાય છે.

હરડે, કાયફળ, મોથ, લોદર, એ કવાથ મધ નાંખીને પીવાથી કફ પ્રમેહ મટી જાય છે.

કાળીપાડ, વાવડીંગ, આસોંદરો, અને ધામણુંનો કવાથ મધ નાંખીને પીવાથી કફ પ્રમેહ મટી જાયછે.

હળદર, દારૂહળદર, તગર, અને વાવડીંગનો કવાથ મધ નાખીને પીવાથી કફ પ્રમેહ મટેછે.

કદંબ, સાલ, આસોંદરો, અને ચિત્રકનો કવાથ મધ નાખીને પીવાથી કફ પ્રમેહ મટેછે.

દારૂહળદર, વાવડીંગ, ખેર, ધાવડો, એ કવાથ મધ નાંખીને પીવાથી કફ પ્રમેહ મટેછે.

દેવદાર, કઠ, અગરૂ અને સુખડનો કવાથ કરી તેમા મધ નાંખીને પીવાથી કફ પ્રમેહ મટેછે.

દારૂહળદર, અરણી, ત્રિફળા, અને વજનો કવાથ મધ નાંખીને પીવાથી કફ પ્રમેહ મટેછે.

કાળીપાડ, મોરવેલ, અને ગોખરૂનો કવાથ મધ નાંખીને પીવાથી કફ પ્રમેહ મટેછે.

વજ, વાળો, કાળોવાળો, હરડે, અને ગળોનો કવાથ મધ નાખીને પીવાથી કફ પ્રમેહ મટે છે.

અરડૂસી, હરડે, ચિત્રક, અને સપ્ત પર્ણીનો કવાથ મધ નાખીને પીવાથી કફ પ્રમેહ મટેછે

વાળો, લોદર, આસોંદરો, અને ચંદનનો કવાથ મધ નાંખીને પીવાથી પિત્ત પ્રમેહ મટેછે.

વાળો, મોથ, આમળા, અને હરડેનો કવાથ મધ નાંખીને પીવાથી પિત્ત પ્રમેહ મટી જાયછે.

કડવા પરવળ, લીમડો, આમળાં, અને ગળોનો કવાથ મધ નાંખીને પીવાથી પિત્ત પ્રમેહ મટી જાય છે.

મોથ, હરડે, અને જાંબુડિયા ખાખરાનો કવાથ મધ નાંખીને પીવાથી પિત્ત પ્રમેહ મટેછે.

લોદર, આંબો, દારૂહળદર, અને ધાવણીનો કવાથ મધ નાંખીને પીવાથી પિત્ત પ્રમેહ મટેછે.

સૂઠ, આસોંદરો, એળચી, અતિવિષ, અને કમળનો કવાથ મધ નાખીને પીવાથી પિત્ત પ્રમેહ મટી જાયછે.

સરસડિયો, ધાણા, આસોંદરો, અને ઓલસરીનો કવાથ મધ નાંખીને પીવાથી પિત્ત પ્રમેહ મટી જાયછે.

પીપળો કાળીપાડ, ઓબલો, અને નેતરનો કવાથ મધ નાંખીને પીવાથી પિત્ત પ્રમેહ મટેછે.

ઘઉલો, કેસૂડા, તથા શ્વેત કમળ અને રક્તકમળોનો કવાથ મધ નાખીને પીવાથી પિત્ત પ્રમેહ મટેછે

દારૂહળદર, રક્તકમળ, અને મોથનો કવાથ મધ નાખીને પીવાથી પિત્ત પ્રમેહ મટી જાયછે

કફ પ્રમેહ મટાડનારા કવાથોથી પકાવેલ ઘી પિત્ત પ્રમેહને મટાડી દેછે

કપીલો, સપ્તપર્ણી, સાલ, બેડા, રક્તરોહિડો ઇંદ્રજવ, કડવા પરવળ, દારૂ હળદર, કઠ, અને અગરનુ ચૂર્ણ મધમા કાલવીને ચાટવાથી કફ તથા પિત્તના પ્રમેહો મટી જાયછે

કઠ, મોથ, કરજ, કાયફળ, પીળોવાળો, અને શેવાળનો કવાથ પીવાથી શુક્ર મેહ અવશ્ય મટી જાયછે

ત્રિફળા, ગરમાળો, અને દ્રાક્ષનો કવાથ મધ નાખીને પીવાથી ફીણજેવો પ્રમેહ અવશ્ય મટી જાય છે

ત્રિફળાનુ અથવા શિલાજિતનુ, લોહાનુ, અથવા હરડેનુ ચૂર્ણ મધમા ચાટવાથી પ્રમેહ મટી જાય છે

ફલત્રિકાદિ કવાથ.

ત્રિફળા, દારૂહળદર, સુરામાંસી, મોથ અને હળદરના કવાથમા એજ પદાર્થોના કલ્કો તથા મધ નાંખીને પીવાથી વધી ગયેલા સર્વ પ્રકારના પ્રમેહો પણ મટી જાયછે. આ કવાથ ફલત્રિકાદિ કહેવાયછે

જવ ખાઇને ગાય તેનુ જે છાણુ કરે, તે છાણમાથી જવને કાઢીને તેને ગોમૂત્રની ભાવના આપીને, અથવા ભાવના આપ્યા વિનાજ ચિત્રક તથા અરધાપાણી વાળી છાશ સાથે, અથવા લીમડાના અને મગના રસોની સાથે ખાવાથી પ્રમેહ મટી જાયછે

એક માસ સૂધી જવનો લોટ પાણીમાં ખાવાથી પ્રમેહ મટી જાયછે જવ મેહોને મટાડેછે, મૂત્રને બાંધેછે, તથા સર્વ ધાતુઓને સમ કરનારા છે, માટે પ્રમેહો ઉપર જવ વિશેષે કરીને બહુ હિતકારી છે

ત્રિકટુકાદ્ય મોદક.

ત્રિકટુ, ત્રિફળા, કાળીપાડ, સરગવાનાં મૂળ, વાવડીંગ, હિંગ, કડુ, ઊભી તથા બેઠી ભોરીંગણીઓ, હળદર, દારૂહળદર, અજમો, સોપારી, સમેરવો, અતિવિષ, ચિત્રક, સચળ, જીરૂં, પલાશી, અને ધાણા, એ પ્રત્યેક એક એક તોલા ભાર લેઇ, તેનુ ચૂર્ણ કરી તેને ૩૬૮ તોલા ભાર જવ નાખીને તેમા ચોવીસ તોલા ઘી, તથા ચોવીસ ચોવીસ તોલા તેલ અને મધ નાખીને તેના એક એક તોલા ભારના લાડુ વાળવા. નિત્ય એક એક લાડુ ખાવાથી અત્યંત દારૂણ પ્રમેહો પણ નષ્ટ થઇ જાયછે

ન્યગ્રોધાદ્ય ચૂર્ણ.

વડ, ઊબરો, પીપળો, અરલુ, ગરમાળો, બીબલો, આંબો, કોઠ, જાબુ, ચારોળી, આસોદરો, ધાવડો, મહુડા, જેઠીમધ, લોદર, વાયવરણા, કડવો લીમડો, કડવાં પરવળ, મરડાશીંગી, નેપાળો, ચિત્રક, તૂવેરની દાળ, કરજફળ, ત્રિફળા, ઇંદ્રજવ, અને ભીલામાના ફળ સમભાગે લેઈ બારીક ચૂર્ણ કરીને તે મધમા ખાઇને, ઉપર ત્રિફળાનો કવાથ પીવાથી મૂત્ર સાફ થઇ જાયછે, સર્વ પ્રકારના પ્રમેહો અને મૂત્રકૃચ્છ્ર સાફ થઈ જાયછે, અને પ્રમેહની ફોલ્લીઓ પણ મટી જાય છે

લોહાદિ ચૂર્ણ.

લોહ, ત્રિફળા, અને સાકરનુ ચૂર્ણ

મધમાં ચાટવાથી, અથવા એ ત્રણેના ચૂર્ણો એકલા એકલાજ મધમા ચાટવાથી, સર્વ પ્રમેહો નાશ પામેછે.

ગુડુચી સ્વરસ.

ગળોનો સ્વરસ પીવાથી પણ કોઇ વખતે પ્રમેહો મટી જાયછે.

ત્રિકટુ ગુટિકા.

ત્રિફળા તથા ત્રિકટુ સમ ભાગે લઇ, તેમાં એક ભાગ ગોળ મેળવીને તેની ગોખરૂના ક્વાથમા ગોળીવાળીને રાખવી વાયુનુ અનુલોમન કરનારી આ ગોળી દોષ, કાળ, તથા શરીરના બળને અનુસરીને ખાવાથી પ્રમેહો, વાતરોગો, વાતરક્ત, મૂત્રદોષ, તથા પ્રદર તુરત નાશ પામેછે આ ગોળી ખાનારાએ ઇચ્છા પ્રમાણે કામો કરવાની છૂટ છે, અને કઇ પરહેજી પાળવાની પણ જરૂર નથી

દાડિમાદ્ય ધૃત.

દાડમના બીજ, વાવડીંગ, હળદર, બમણો ચવક, જીરૂ, સૂંઠ, ત્રિફળા, પીપર, ગોખરૂના ફળ, અજમો, ધાણા, કોકમ, લોદર, અને સૈંધવ દરેકના એક એક તોલા કલ્કોમા ચોસઠ તોલા ઘી પકાવવું. અશ્વિનીકુમારોએ કહેલુ આ દાડિમાદ્યઘૃત સર્વઋતુઓમા યોગ્ય માત્રાથી ખાવા પીવાથી વીશે પ્રકારના પ્રમેહો, મૂત્રાઘાતો, પથરી, મહાદારૂણ મૂત્રકૃચ્છ્ર, મળબધ, પેડુનો આફરો, શુળ, કમળો, તથા જ્વરનો અવશ્ય નાશ થઇ જાયછે.

ગોક્ષુરાદિ ચૂર્ણ.

ગોખરૂ, પીપર, મોથ, ગળોનાં કોમળપાન, દર્ભના અકુર, મજીઠ, રોહિસખડનાં પાન, કાળી નસોતર, સાટોડી, કસ્તુરી, દેવદાર, પીપર, આદુ, વાવડીંગ, મરી, કાળીપાડ, કપીલો, ભારગી, હળદર, દારૂહળદર, ભોરીંગણી, એરંડાના મૂળ, નેપાળો, ચિત્રક, અને કડુ, એમનુ સમભાગે બારીક ચૂર્ણ કરી તે સર્વથી બમણું લોહ ચૂર્ણ તેમા મેળવી દઇને કરેલુ ગોક્ષુરાદિચૂર્ણ મધ અથવા ઉના પાણીમા પીવાથી વીશે પ્રકારના પ્રમેહો, સોજા અર્શ, પાડુરોગ, હલીમક, સર્વ પ્રકારના ઉદરરોગો, શુળો, તથા બરલનો રોગ નાશ પામી જાયછે.

ગોક્ષુરાદિ ગુટિકા.

ઉપરના ગોક્ષુરાદિચૂર્ણની ગોમૂત્રમાં ગોળી વળે છે. તેપણુ ઉપરના સર્વ રોગો મટાડવામાં ઉત્તમ છે, તથા બળ અને માસને વધારે છે,

સિંહામૃત ધૃત.

સો સો તોલા ભોરીંગણી તથા ગળોનો ૪૦૯૬ તોલા પાણીમા ક્વાથ કરીને ચોથા ભાગનુ પાણી રહે એટલે તેમા ૬૪ તોલા ઘી ત્રિકટુ, ત્રિફળા, રાસ્ના, વાવડીંગ, ચિત્રક, સીવણુમૂળ, કરજની છાલ, અને ઇંદ્રજવના બારીક ચૂર્ણો પણ નાખીને પકાવવુ. આ ઘી એક તોલા જેટલું પીને દૂધ ભાત ખાવાથી પ્રમેહો, મધુમેહ, મૂત્રકૃચ્છ્ર, ભગદર, આળસ, અત્રવૃદ્ધિ, કોઢ, અને ક્ષય મટી જાયછે. આ ઘીને સિંહામૃત નામ આપેલું છે.

ધાન્વંતર ધૃત.

દશમૂળી, કરંજ, મૂલીકરજ, દેવદાર, હરડે, સાટોડી, વાયવરણાં, નેપાળો, ચિત્રક, બીજીવાર સાટોડી, રાજકદંબ, સમેરવો, કદબ,

બીલી, ભીમાલો, કચૂરો, પુષ્કરમૂળ, અને પીપરમૂળ આ દરેકના ચૂર્ણ ચાળીસ ચાળીસ તોલાભાર, તથા ચોસઠ ચોસઠ તોલાભાર જવ, મરી અને કળથી, એ સર્વનો ૧૦૨૪ તોલા પાણીમાં કવાથ કરી, ચોથો ભાગ પાણી રહે એટલે, તેમા લીમડો, ત્રિફળા, ભારંગી, રોહિ સખડ, ગજપીપર, સુઠ, વાવડીંગ, ચવક, અને કપીલાનાં ચૂર્ણો સહિત ૬૪ તોલા ઘી પકાવવું. આ ધાન્વતર ઘૃત શરીરના બળને અનુસરીને પીવાથી કોઢ, પ્રમેહ, ગુલ્મ, સોજો, વાતરક્ત, બરલનો રોગ, ઉદરરોગ, વિદ્રધિ, પ્રમેહની ફોલ્લીઓ, અપસ્માર, તથા ઉન્માદ, એ સર્વનો નાશ થઈ જાયછે

અર્જુનાદ્ય ઘૃત.

આસોહરો, કડવા પરવળ, લીમડો, વજ, અજમો, રાસ્ના, મજીઠ, ભીલામો, અગરૂ, મોથ, કઠ, ચિત્રક, ચદન, વાળો, ગોખરૂ, અને કાયફળના કવાથમા કડવા પરવળ, હળદર, ત્રિફળા, પાષાણભેદ, આસોંદરા, અજમો, લોદર, મજીઠ, અતિવિષના કલ્કો નાખીને તેમા પકાવેલુ અર્જુનાદ્યનામનુ ઘી વાપરવાથી પિત્તનો પ્રમેહ મટે છે.

અર્જુનાદ્ય તૈલ

ઉપરનાજ કવાથ તથા કલ્કોમા તેલ પકાવવાથી તે કફ તથા વાયુના પ્રમેહોને મટાડી દે છે.

સારલેહ.

સારવર્ગનાં ઔષધોનો કવાથ કરી ચોથો ભાગ પાણી રહે ત્યારે ગાળી લઇને તેને પાછુ પકાવવું ઉકળવા લાગે ત્યારે તેમા આમળા, લોદર, ધઉંલો, નેપાળો, લોહભસ્મ અને તામ્રભસ્મ નાખી બળી ન જતાં શીરા જેવુ થાય એટલે ઉતારી સારા બૂચવાળી બાટલીમા રાખીને તેનો યોગ્યરીતે ઉપયોગ કરવાથી સર્વ પ્રકારના પ્રમેહો મટી જાય છે.

ગોક્ષુરકાદ્યવલેહ.

પત્ર, મૂળ, તથા ફળસહિત ૪૦૦ તોલા ગોખરૂને કુટી પાણીમાં કવાથ કરી, ચોથા ભાગનુ પાણી રહે એટલે તેમા ૨૦૦ તોલા સાકર નાખીને પાછો પકવવો, પાણી ઘાટુ થાય ત્યારે તેમા સૂઠ, પીપર, મરી, સૂકા નાગરવેલના પાન, તજ, એળચી, જાયફળ, મરિચ કંકોલ, આસોદરાના ફળ, એ દરેકના આઠ આઠ તોલા ચૂર્ણ, તથા બત્રીસ તોલા વશલોચનનુ ચૂર્ણ, એ સર્વ નાખીને ઉતારી લેવું આ અમૃત સમાન ગોક્ષુરકાદ્યલેહ નિત્ય ચાર તોલા જેટલો ચાટવાથી મૂત્રની બળતરા, મળબંધ, વીર્ય દોષ, મૂત્રકૃચ્છ્ર, પથરી, રક્તમેહ, અને મધુ પ્રમેહ મટી જાયછે.

અસનાદિ યોગ.

બીબલો, ચારોળી, સાગ, ખેર, અને સારવર્ગના ઔષધોનો યોગ પ્રમેહવાળાને બુદ્ધિમાન્ વૈદ્યે આપવાથી પ્રમેહમાંથી મધુમેહ થઈ ગયો હોય અને વૈદ્યોએ જેની ચિકિત્સા મૂકી દીધી હોય તેવો પ્રમેહ પણ મટી જાય છે.

શિલાજીતનો, સોનામખીનો, તથા રૂપામખીનો યોગ.

જેઠ કે અસાડ માસમા સૂર્યનાં કિરણોથી તપી ગયેલા પર્વતો પોતાની શિલાઓમાંથી લાખ જેવા રસને સ્રવેછે. તે રસ શિલાજીત્ કહેવાય છે. અને તે મહારોગોને મટાડનાર છે. સર્વ જાતનું શિલાજીત્ તીખું,

કડવુ, તૂરા રસના સબધવાળુ, મળને ઉતારનાર, પાકમાં તીખુ, ઉષ્ણવીર્ય, કલેદને સુકાવનારૂ, અને મળોને છેદનાર છે. હલકુ કાળુ, કે નીલું, સ્નિગ્ધ, કાંકરી વગરનુ, અને ગોમૂત્ર જેવા ગધવાળુ હોય તે શ્રેષ્ઠ છે. બીબલો કે ખેર વિગેરે સારગણુના ઔષધોની ભાવના આપેલુ અને શુદ્ધ કરેલુ શિલાજિત્ લઇને તેને બારિક વાટીને શરીરના બળ વગેરેને અનુસરીને સારગણુના કવાથ સાથે પીવુ, અને તે પચી ગયા પછી જગલી પ્રાણીઓના માંસરસો સહિત ભોજન કરવુ. જન્મથીજ અમૃત જેવું આ શિલાજિત ૪૦૦ તોલા ખાવાથી માણુસ મહા પીડાકારક મધુમેહ નામના હાથીને જીતીને સો વર્ષ જીવે છે, અને તેનુ શરીર, વર્ણુ અને બળ અતિ ઉત્તમ થાય છે. ૪૦૦ તોલાની એક તુલા કહેવાયછે. એવી એક એક તુલા ખાવાથી સો સો વર્ષ આયુષ્ય વધે છે, અને દશ તુલા ખાવાથી દશ હજાર વર્ષનુ આયુષ્ય થાય છે ભીલામો ખાવામા જે પહરેજી રાખવી પડે છે, તે બધી શિલાજિત્ ખાવામા પણુ પાળવી જોઇએ શિલાજિત્ ખાવાથી પ્રમેહ, કોઢ, અપસ્માર, ઉન્માદ, શ્લીપદ, ક્ષય, સોજા, અર્શ, ગુલ્મ, પાંડુરોગ, અને વિષમજ્વરનો તુરતજ નાશ થઇ જાયછે. જેને શિલાજિત્ હણી ન શકે એવો કોઈ રોગજ નથી લાબા કાળથી થયેલી પથરી કે કાકરીને પણુ શિલાજિત તોડી નાખેછે. હિતકારી ઔષધોની શિલાજિતને ભાવ દેવી, તથા તેવાંજ ઔષધમા તેને ઘોળવુ જોઇએ.

શિલાજિતની પેઠેજ સોનામુખી તથા રૂપામખી પણુ અમૃત સમાન છે, તેને પણુ સારગણુની ભાવના આપીને સારગણુના કવાથ સાથે પીવાથી વૃદ્ધાવસ્થા, કોઢ, પ્રમેહ, પાડુરોગ તથા ક્ષયનો નાશ પામેછે. મધુર તથા સોનાજેવા રગવાળી સોનામખી, અને ખારી અને રૂપાજેવા રગવાળી હોય તે રૂપામખી, ઉત્તમ ગણુાયછે. તેમને શુદ્ધ કરવી. આ બન્નેનુ સેવન કરનારાએ કળથી તથા હોલાના માસનો ત્યાગ કરવો જોઇએ.

પ્રમેહ પિડકાની ચિકિત્સા.

प्रमेहपिडकानां प्राकार्ये रक्तावसेचनम् ॥ पाटनं च विपक्वानां तासां वैद्यैः प्रशस्यते क्वाथो वनस्य तैर्वस्तमूत्रं तीक्ष्णं च शोधनम् ॥ एलादिकेन कल्केन तैलं च व्रणरोपणम् । आरग्वधादिना क्वाथं कुर्यादुद्वर्तनानि च । शालसारादिना सेकान् भोज्यादींश्चणकादिना ।

પ્રમેહની ફોલ્લી થાય તો પ્રથમ તેમાંથી લોહી કઢાવવુ, અને પાકી ગઇ હોય તો તેને શસ્ત્રથી ચીરવી એ સારૂં છે. ઔષધિઓના કવાથો, બકરાનુ મૂત્ર, અને તીક્ષ્ણ પદાર્થોથી ફોલ્લીની જગ્યા શુદ્ધ કર્યા પછી એળચી વગેરેથી પકાવેલુ તેલ લગાડવું, તેથી વ્રણુમા ભો આવેછે. ફોલ્લીવાળાને આરગ્વધાદિ કવાથ પાવો, શરીરે યોગ્ય પદાર્થો ચોળવા, અને શાલસારાદિગણુના કવાથનુ સેચન કરવું ફોલ્લીવાળાને ભોજનમા ચણુા વગેરે આપવા.

પ્રમેહ મટયાનાં લક્ષણો.

प्रमेहिनो यदा मूत्रमनाविलमपिच्छिलम् विशदं तिक्तकटुकं तदारोग्यं प्रचक्षते ॥

इति प्रमेहपिडकानिदानचिकित्साधिकार ॥

પ્રમેહવાળાનું મૂત્ર સ્વચ્છ, ચીકાશ

વગરનુ તથા ડોળાપણા વગરનુ, કડવું, અને તીખુ થાય ત્યારે રોગ મટયો જાણવો

॥ प्रमेहनो अधिकार संपूर्ण. ॥

મેદ વૃદ્ધિનો અધિકાર.

મેદવૃદ્ધિનાં નિદાનો

अव्यायामदिवास्वप्नश्लेष्मलाहारसेविनः मधुराऽन्नरसप्रायः स्नेहान्मेदोविवर्द्धते ॥

કસરત નહિ કરવાથી, દિવસે સૂવાથી, કફ કરનારા તથા મધુર ભોજનથી, મધુર રસોથી અને ઘી વગેરે સ્નેહનોથી મેદ વધી જાય છે.

મેદ વૃદ્ધિની સપ્રાપ્તિ.

मेदसावृतमार्गत्वात् पुष्यन्त्यन्ये न धातवः । मेदस्तु चीयते तस्मादशक्तः सर्वकर्म्मसु ॥

મેદથી માર્ગો રોકાઈ જવાને લીધે બીજાધાતુઓને પોષણ નહિ મળવાથી મેદ વધતો જાય છે, તેથી કાર્યો કરવાની અશક્તિ આવે છે

મેદવૃદ્ધિનાં લક્ષણ

क्षुद्रश्वासतृषामोहस्वप्नक्रथनसादनैः ॥ युक्तः क्षुत्स्वेददौर्गन्ध्यैरल्पप्राणोऽल्पमैथुनः॥ मेदस्तु सर्वभूतानामुदरे हि व्यवस्थितम् । अत एवोदरे वृद्धिः प्रायो मेदस्विनो भवेत्॥ मेदसावृतमार्गत्वाद् वायुः कोष्ठे विशेषतः । चरन् सन्धुक्षयत्यग्निमाहारं शोषयत्यपि ॥ तस्मात् स शीघ्र जरयत्याहारं चापि काङ्क्षति। विकारांश्चाश्नुते घोरान् कांश्चित् कालविपर्ययात् ॥ एतावुपद्रवकरौ विशेषादग्निमारुतौ । एतौ हि दहतः स्थूलं वनदावो वनं यथा ॥ मेदस्यतीव संवृद्धे सहसैवानिलादयः । विकारान् दारुणान् कृत्वा नाशयन्त्याशु जीवितम् । मेदोमांसातिवृद्धत्वाच्चलस्फिगुदरस्तनः ॥ अयथोपचयन्मेदान्नरोऽतिस्थूल उच्यते । स्थूले स्युर्दुस्तराः कुष्ठा विसर्पाः सभगन्दराः ॥ ज्वरातीसारमेहार्शः श्लीपदापचिकामलाः मेदसः स्वेददौर्गन्ध्याज्जायन्ते जन्तवोऽणवः ॥

ક્ષુદ્રશ્વાસ, તૃષા, મોહ, સ્વપ્ન, પીડા, ગ્લાનિ, ક્ષુધા, પરસેવો, અને દુર્ગંધીપણુ, અલ્પશક્તિ તથા અલ્પમૈથુનશક્તિ, ઉદર મોટુ થવુ એમ મેદની વૃદ્ધિ થાય છે મેદ (ચરબી) થી માર્ગો પૂરાઈ જવાને લીધે વિશેષે કરીને કોઠામા ફરતો વાયુ અગ્નિને વધારે છે તથા આહારનુ શોષણ કરે છે, તેથી પાચન જલદી થઇ જઇને ભૂખ લાગ્યા કરે છે કેટલીક કાળ ગયા પછી ઘોર એવા વિકારે ઉત્પન્ન થવા લાગે છે એ રીતે અગ્નિ અને વાયુ બે મળીને વિકારો કરે છે અને તેઓ, જેમ દાવાનળ વનને બાળે તેમ તે જાડા માણુસને બાળી નાખે છે એકદમ મેદ વધવાથી વાયુ આદિ ધાતુઓ એકદમ દારૂણ વિકારોને ઉત્પન્ન કરીને તુરત જીવનનો નાશ કરી નાખે છે. મેદ તથા માસ બહુ વધી જવાથી માણુસના કુલા, પેટ, અને સ્તનો હાલ્યા કરે છે અયોગ્ય રીતે મેદ વધે છે તે માણુસ બહુ જાડો કહેવાય છે. જાડા માણુસને કોઢ, વિસર્પ, ભગદર, જ્વર, અતિસાર, પ્રમેહ, અર્શ, શ્લીપદ, અપચી, અને દુસ્તર કમળો થઈ જાયછે મેદથી પરસેવો દુર્ગંધી વાળો થાય છે તેથી તેમા ઝીણા ઝીણા જીવડા થાય છે

મેદવૃદ્ધિની ચિકિત્સા.

पुराणाः शालयो मुद्गाः कुलत्थोद्दालकोद्रवाः ॥ लेखना बस्तयश्चैव सेव्या मेदस्विना सदा । धूमपानं तथा क्रोधो रक्तमोक्षणमेव च ॥ जीर्णे च भोजनं कार्यं यवगोधूमयोः सदा । उपवासोऽसुखा शय्या सत्त्वौदार्यं तमोजयः ॥ सन्तर्पणकृतैर्दोषैःस्थौल्याद् युक्त्या विमुच्यते । श्रमचिन्ताव्यवायाध्वक्षौद्रजागरणप्रियः ॥ हन्त्यवश्यमतिस्थौल्यं यवश्यामाकभोजनः । सचव्यजीरकव्योषहिंगुसौवर्चलानलाः ॥ मस्तुना सक्तवःपीता मेदोघ्ना वह्निदीपनाः । फलत्रयं त्रिकटुकं सतैलं लवणान्वितम् ॥ षण्मासादुपयोगेन कफमेदोऽनिलापहम् । विडङ्गं नागरं क्षारः काललोहरजो मधु ॥ यवामलकचूर्णं तु योगोऽतिस्थौल्यनाशनः । मूलं वा त्रिफलाचूर्णं मधुयुक्तं मधुदकम् ॥ बिल्वादिपञ्चमूलस्य प्रयोगः क्षौद्रसंयुतः । अतिस्थौल्यहरः प्रोक्तो मण्डलं सेवितो ध्रुवम् ॥ कर्कशदलवह्निसलिलं शतपुष्पाहिंगुसंयुक्तम् । उदरे निहन्ति नियतं सर्वभवां मेदसां वृद्धिम् ॥ क्षारं वातारिपत्रस्य हिङ्गुयुक्तं पिबेन्नरः । मेदोवृद्धिविनाशाय भक्तं मण्डसमन्वितम् ॥ गवेधुकाना पिष्टानां यवाना वाथ सक्तवः । सक्षौद्रत्रिफला क्वाथः पीतो मेदोहरो मतः॥ गुडूचीत्रिफला क्वाथस्तथा लोहरजोऽन्वितः । अश्मजं महिषाक्षं वा तेनैव विधिना पचेत् । अतिमुक्ताबीजमध्यं मधुलीढं हन्त्युदरवृद्धिम् ॥ मधुना चित्रकमूलं तथैव हितभोजनो भुक्तं । यद्वोरुबूकमूलं मधुदिग्धं स्थाप्यते निशां सकलाम् ॥ तस्य सलिलस्य पानाज्जठरे वृद्धिः शमं याति । प्रातर्मधुयुतं वारि सेवितं स्थौल्यनाशनम् ॥ उष्णमन्नस्य मण्डं वा पिबन् कृशतनुर्भवेत् । बदरीपत्रकल्केन पेया काञ्जिकसाधिता ॥ स्थौल्यनुत्स्यादग्निमन्थरसक्वाथः शिलाजतु । शैलेयकुष्ठागुरुदेवदारुकौन्ती समुस्तान्यथ पञ्चपत्रैः ॥ श्रीवासपृक्कासरपुष्पदेवपुष्पं तथा सर्वमिदं प्रपिष्य । धुस्तूरपत्रस्य रसेन गाढमुद्वर्तनं स्थौल्यहरं प्रदिष्टम् । अमृता त्रुटिवेल्लवत्सकं कलिपथ्यामलकानि गुग्गुलुः । क्रमवृद्धमिदं मधु प्लुतं पिडकास्थौल्यभगन्दरान् जयेत् ॥

इति अमृतादिगुग्गुलुः ॥

व्योषाग्नित्रिफलामुस्तविडङ्गैर्गुग्गुलुं समम् । खादन् सर्वाञ्जयेद्व्याधीन् मेदः श्लेष्मामवातजान् ॥ इति दशाङ्गो गुग्गुलुः ।

त्र्यूषणाग्निघनवेल्लवचाभिर्भक्षयन् समघृतं महिषाक्षम् । आशु हन्ति कफमारुतमेदोदोषजान् बलवतोऽपि विकारान् ॥ गुग्गुलुस्तालमूली च त्रिफला खादिरं वृषम् । त्रिवृतालम्बुषा शुण्ठी निर्गुण्डी चित्रकस्तथा ॥ एषां दशपलान् भागांस्तोये पञ्चाढके पचेत्। पादशेषं ततः कृत्वा कषायमवतारयेत् ॥ पलद्वादशकं देयं, त्र्यमलोहं सुचूर्णितम् । पुराणसर्पिषः प्रस्थं शर्कराष्टपलान्वितम् ॥ पचेत्ताम्रमये पात्रे सुशीते चावतारिते । प्रस्थार्द्धं माक्षिकं देयं शिलाजतु पलद्वयम् । एलात्वचः पलार्धं च विडङ्गानि पलत्रयम्।

मरीचाञ्जनकृष्णानां द्विपलं च फलान्वितम्॥ पलद्वयं तु कासीसं सूक्ष्मचूर्णीकृतं बुधैः। चूर्णं दत्त्वा सुमथितं स्निग्धे भाण्डे निधापयेत् ॥ ततः संशुद्धदेहस्तु भक्षयेदक्षमात्रकम् । अनुपानं पिबेत् क्षीरं जाङ्गलानां रसं तथा ॥ वातश्लेष्महरं श्रेष्ठं कुष्ठमेहोदरापहम्। कामलां पाण्डुरोगं च श्वयथुं सभगन्दरम् ॥ मूर्छामोहविषोन्मादगराणि विषमाणि च । स्थूलानां कर्षणं श्रेष्ठं मेदुरे परमौषधम् ॥ कर्षयेच्चातिमात्रेण कुक्षिं पातालसन्निभम् । बल्यं रसायनं मेध्यं वाजीकरणमुत्तमम् ॥ श्रीकरं पुत्रजननं वलीपलितनाशनम्। नाश्नीयात् कदलीकन्दं काञ्जिकं करमर्दकम् ॥ करीरं कारवेल्लं च ककारादिं विवर्जयेत् ।

इति लोहरसायनम् ।

शालसारादिनिर्यूहं चतुर्थांशावशेषितम् । परिस्नुतं ततः शीतं मधुना मधुरीकृतम् ॥ फाणितीभावमापन्नं गुडे शोधितमेव च । सूक्ष्मपिष्टानि चूर्णानि पिप्पल्यादेर्गणस्य च ॥ ऐकध्यमावपेत् कुम्भे संस्कृते घृतभाविते । पिप्पलीचूर्णमधुभिः प्रलिप्ते चान्तरे शुचौ ॥ श्लक्ष्णानि तीक्ष्णलोहस्य तनुपत्राणि बुद्धिमान् । खदिराङ्गारतप्तानि बहुशः प्रक्षिपेद् बुधः॥ सुपिधानं ततः कृत्वा यवपल्ले निधापयेत् । मासांस्त्रींश्चतुरो वापि यावद् वा लोहसंक्षयात् ॥ ततो जातरसं जन्तुः प्रातः प्रातर्यथाबलम्। उपयुञ्जाद्यथायोग्यमाहारं चास्य कल्पयेत् ॥ एष स्थूलं समाकर्षेत्सहस्यामेः प्रसाधनः । शोथघ्नः कुष्ठमेहघ्नो गुल्मपाण्ड्वामयापहः ॥ प्लीहोदरहरः शीघ्रं विषमज्वरनाशनः । अभिष्यन्दापहरणे लोहारिष्टो महागुणः ॥

इति लोहारिष्ट ॥

व्योषचित्रकशिग्रूणि त्रिफलां कटुरोहिणीम् । बृहत्यौ द्वे हरिद्रे च पाठामतिविषां स्थिराम् ॥ हिङ्गुकेबूकमूलानि यवानी धान्यचित्रकम् । सौवर्चलमजाजीं च हबुषां चेति चूर्णयेत् ॥ चूर्णतैलघृतक्षौद्रभागाः स्युर्मानतः समाः । सक्तूनां षोडशगुणे भागे सन्तर्पणं पिबेत् ॥ प्रयोगादस्य शाम्यन्ति रोगाः सन्तर्पणोत्थिताः । प्रमेहा मूढवाताश्च कुष्ठान्यर्शांसि कामलाः ॥ प्लीहा पाण्ड्वामयः शोथो मूत्रकृच्छ्रमरोचकः । हृद्रोगो राजयक्ष्मा च कासश्वासौ गलग्रहः ॥ कृमयो ग्रहणीदोषः श्वैत्यं स्थौल्यमतीव च । नराणां दीप्यते वह्निः स्मृतिर्बुद्धिर्वर्द्धते ॥

व्योषाद्य शक्तुप्रयोग. ।

त्रिफलातिविषामूर्वातृवृच्चित्रकवासकैः। निम्बारग्वधषड्ग्रन्थासप्तपर्णनिशाद्वयैः ॥ गुडूचीन्द्रासुराकृष्णाकुष्ठसर्षपनागरैः । तैलमेभिः समैः पक्वं सुरसादिरसप्लुतम् ॥ पानाभ्यञ्जनगण्डूषनस्यबस्तिषु योजितम् । स्थूलताकस्य पाण्डवादीन् जयेत् कफकृतान् गदान् ॥

इति त्रिफलाद्य तैलम् ।

चन्दनं कुङ्कुमोशीरप्रियङ्गुत्रुटिरोचनाः । तुरुष्कागुरुकस्तूरी कर्पूरा जातिपत्रिका ॥ जातीकङ्कोलपूगानां लवङ्गस्य फलानि च।

नलिका नलदं कुष्टं हरेणु तगरं प्लवम् ॥ नवव्याघ्रनखं स्पृका चोलो दमनकं तथा। स्थौणेयकं चोरकं च शैलेयं शैलवालुकम् ॥ सरल सप्तपर्णं च लाक्षा तामलकी तथा। लामज्जक पद्मकं च धातक्याः कुसुमानि च ॥ प्रपौण्डरीकं कर्चूरं समांशैः शाणमात्रकैः। महासुगन्धमित्येतत्तैलप्रस्थेन साधयेत् ॥ प्रस्वेदमलदौर्गन्ध्यकण्डूकुष्ठहरं परम्। अनेनाभ्यक्तगात्रस्तु वृद्धः सप्ततिकोऽपि वा ॥ युवा भवति शुक्राढ्यः स्त्रीणामत्यन्तवल्लभः। सुभगो दर्शनीयश्च गच्छेच्च प्रमदाशतम् ॥ वन्ध्यापि लभते गर्भं पण्ढोऽपि पुरुषायते। अपुत्रा पुत्रमाप्नोति जीवेच्च शरदां शतम् ॥ इति महासुगन्धितैलम्।

इति मेदोरोगाधिकारः।

જૂના ચોખા, મગ, કળથી, કોરડ, કોદરા, તથા લેખનબસ્તિનુ સેવન મેદવાળાએ કરવું જોઇએ. ધૂમાડો પીવો, ક્રોધ કરવો અને લોહી કઢાવવુ છેક પચી ગયા પછીજ જવ તથા ઘઉનુ ભોજન કરવું ઉપવાસો, અણુગમતાં શયનો, મનની ઉદારતા અને નિદ્રા વગરના થવાથી જાડાપણુ મટી જાયછે અત્યંત તૃપ્ત રહેવાથી જાડાપણુ થાયછે. માટે એ તેના ઉપાયોછે શ્રમ, મૈથુન, પંથ, મધ તથા રાતના જાગરણ, ચિંતા, જવ તથા શામાનું ભોજન, કરનારનુ જાડાપણું મટી જાય છે.

ચવક, જીરૂં, સૂઠ, મરી, પીપર, હિંગ, સંચળ અને ચિત્રકનુ ચૂર્ણ નાખીને દહિના પાણીની સાથે સાથવો ખાવાથી મેદ ચરબી હણાઇ જાય છે. અને અગ્નિ પ્રદીપ્ત થાય છે.

ત્રિફળા, ત્રિકટુ, તેલ, અને સૈંધવ છ માસ સૂધી ખાવાથી કફ, મેદ, અને વાયુ, હણાઈ જાય છે.

વાવડીંગ, સૂઠ, જવખાર, લોહભસ્મ મધ, જવ, તથા આમળાંનુ ચૂર્ણ ખાવાથી અત્યત જાડાપણુ મટી જાય છે.

ત્રિફળાના મૂળનું ચૂર્ણ અથવા ત્રિફળાનુ ચૂર્ણ મધમાં ચાટવું. મધ અને પાણી મેળવીને પીવુ, બૃહત્પચમૂલનું ચૂર્ણ મધમાં ચાટવું આ પ્રમાણે ચાળીસ દિવસ સૂધી કરવાથી અત્યંત જાડાપણું અવશ્ય મટી જાયછે

કડવાપરવળ અને ચિત્રકનો ક્વાથ સૂવા તથા હિંગનુ ચૂર્ણ નાખીને પીવાથી પેટમાંથી સર્વ રીતે થરેલી ચરબીની વૃદ્ધિ અવશ્ય મટી જાયછે.

એરડાના પાનની રાખમા હિંગ નાખી ખાઇને ઉપરના જાડા રગડા સહિત ભાત ખાવાથી ચરબીની વૃદ્ધિનો નાશ પામી જાયછે

શેગી તથા જવને દળીને કરેલો સાથવો તથા ત્રિફળાનો મધ નાખેલો ક્વાથ પીવાથી મેદની વૃદ્ધિનો નાશ થઇ જાયછે.

ગળો તથા ત્રિફળાનો ક્વાથ લોહભસ્મ નાંખીને પીવાથી મેદની વૃદ્ધિ મટી જાયછે

ગળો તથા ત્રિફળાના ક્વાથમાં શિલાજિત્ અથવા ગૂગળ પકાવીને ખાવાથી મેદની વૃદ્ધિ મટે છે.

માધવી લતાનાં બીજોના ગર્ભ મધમાં ચાટવાથી પેટનો વધારો મટી જાયછે.

પથ્યજમવાનો નિયમ રાખીને ચિત્રક મૂળનુ ચૂર્ણ મધમાં ચાટવાથી મેદવૃદ્ધિ મટી જાય છે.

એરડાનાં મૂળને મધમાં રાત્રે પલાળી રાખીને સવારે પીવાથી પેટનો વધારો મટે છે.

પ્રાત:કાળમાં નિત્ય મધ અને પાણી મેળવીને પીવાથી જાડાપણું મટી જાય છે.

રાંધેલા અન્ન ઉપરનો જાડો રગડો ઉનો ઉનો પીવાથી શરીર પાતળુ થાયછે.

બોરડીના પાનનો કલ્ક નાંખીને કાંજી માં પકાવેલી પેયાથી મેદવૃદ્ધિ મટી જાયછે.

અરણીનો કવાથ શિલાજિત્ નાંખીને પીવાથી જાડાપણું મટે છે.

શિલાજિત્, કઠ, અગરૂ, દેવદાર, રેણુકબીજ, મોથ, નાકછીંકણી, લોબાન, કપૂરીમધુરી, રામ તુળસી, અને લવીંગને ધંતુરાના પાનના રસમા વાટીને શરીરે ચોળવાથી જાડાપણું મટી જાય છે.

અમૃતાદિ ગુગ્ગુલુ.

ગળો એક ભાગ, એળચી બે ભાગ, વાવડીંગ ત્રણ ભાગ, ઇંદ્રજવ ચાર ભાગ, પાંચ ભાગ બેહા, છ ભાગ હરડે, સાત ભાગ આમળાં, આઠ ભાગ ગુગળ, આમને મધમાં ચાટવાથી ફોલ્લીઓ, જાડાપણું, અને ભગદરનો નાશ થાય છે.

દશાંગ ગુગ્ગુલુ.

ત્રિફળા, ત્રિકટુ, મોથ, અને વાવડીંગ, તથા એ સર્વ જેટલો ગુગળ, મેળવીને ખાવાથી મેદ, કફ, આમ વાયુ તથા તેથી ઉત્પન્ન થયેલા સઘળા રોગો મટી જાય છે.

ત્ર્યૂષણાદિ ગુગ્ગુલુ.

સૂંઠ, મરી, પીપર, ચિત્રક, મોથ, અને વજનુ ચૂર્ણ ગુગળમાં નાંખીને તેમાં ગુગળ જેટલુજ ઘી મેળવીને ખાવાથી વાયુ તથા મેદથી થયેલા પ્રબળ વિકારો પણ તુરત મટી જાયછે.

લોહ રસાયન.

ગુગળ, કાળી મૂસળી, ત્રિફલા, ખેર, અરડુસી, નસોતર, ગોરખમુંડી, સૂંઠ, નગડ, અને ચિત્રક ચાળીસ ચાળીસ તોલાભાર લઈ તેનો ૧૨૮૦ તોલા પાણીમા કવાથ કરવો ચોથા ભાગનુ પાણી રહે એટલે ઉતારી ગાળીને તેમા ૪૮ તોલા ભાર કાંતલોહની ભસ્મ, ૬૪ તોલા જૂનુ ઘી, અને ૩૨ તોલા ભાર સાકર નાંખીને તેને પાછુ ત્રાબાના વાસણમા પકાવવું ટાઢુ પાડીને તેમાં ૩૨ તોલા મધ, આઠ તોલા શિલાજિત્, બે તોલા એળચીની છાલ, બાર તોલા વાવડીંગ, આઠ તોલા મરી, આઠ તોલા રસવતી, ચાર તોલા પીપર, આઠ તોલા હિરાકસી, નાખી ખુબમથીને એક સ્નિગ્ધ વાસણમા રાખવુ. વમન, વિરેચનાદિથી દેહશુદ્ધિ કરીને આ લોહ રસાયનમાથી એક તોલા જેટલુ ખાઇને ઊપર દૂધ તથા જાંગલ માંસનો રસ પીવો આ રસાયન શ્રેષ્ઠ છે, અને તે વાયુ, કફ, કોઢ, પ્રમેહ, ઉદર રોગો, કમળો, પાડુરોગ, સોજા, ભગંદર, મૂર્ચ્છા, મોહ, ઝેર, ઉન્માદ, અને વિષમ ઝેરોને પણ મટાડી દેછે, જાડાઓને પાતળા કરનારૂ આ ઉત્તમ રસાયન છે, મેદ વાળાને મહોષધ રૂપ છે, પાતાળ જેવડા થયેલા મ્હોટા પેટને પાતળુ કરી નાખે છે, બળ તથા બુદ્ધિ આપેછે, તથા ઉત્તમ વાજીકરણ છે, લક્ષ્મી તથા પુત્રો આપેછે, અને વળીયાં તથા પળિયાનો નાશ કરનાર છે. આ રસાયન વાપરનારાઓ કેળનો કંદ, કાંજી, કરમદા, કેરડાં કારેલાં, અને જેનાં નામોમા પ્રથમ અક્ષર ક આવતો હોય એવા સર્વ પદાર્થોનો ત્યાગ કરવો.

લોહારિષ્ટ.

શાલસારાદિગણનાં ઔષધોનો કવાથ કરી ચોથો ભાગ પાણી રહે એટલે વસ્ત્રથી ગાળી ટાઢો પાડવો. પછી તેમા મધ, ગોળનો રાબ જેવો પાક, અને પિપ્પલ્યાદિગણના ઔષધોનાં ચૂર્ણો, એ સર્વને મેળવીને ઘી ભરવાના રીઢા થયેલા, સ્વચ્છ અને પીપરના ચૂર્ણથી તથા મધથી લીંપેલા ઘડામા ભરવું. પછી વિદ્વાન્ વૈદ્યે ગજવેલના ઝીણાં, પાતળા, અને લીસાં કરેલાં પત્રાઓને ખેરના ટાડાઓથી વાર વાર તપાવી તપાવીને એ ઘડામા ઠારવા. પછી તે ઘડાનુ મુખ સારી રીતે બંધ કરીને ત્રણ કે ચાર માસ સૂધી, અથવા તો સર્વ લોઢુ ગળી જાય ત્યા સૂધી, તે ઘડાને જવના ઢગલામાં દાટી મૂકવો અદર લોઢુ રસરૂપ થાયછે તે લોહારિષ્ટ કહેવાયછે. શરિરાદિ બળને અનુસરીને પ્રભાતકાળમા લોહારિષ્ટ ખાઇને ઊપર યોગ્ય ભોજન કરવામાં આવે તો જાડુ શરીર પાતળું થાયછે, નાશ પામેલ જઠરાગ્નિ પ્રદીપ્ત થાયછે; અને સોજા, કોઢ, પ્રમેહ, ગુલ્મ, પાંડુ, બરલ તથા ઉદરના રોગો, અને અભિષ્યંદનો નાશ થાયછે વિષમ જ્વર તુરત મટેછે, તથા ઘણા ગુણો કરેછે

(૨૪) વ્યોષાદ્યસકતુ પ્રયોગ

સૂઠ, મરી, પીપર, બમણો ચિત્રક, સરગવો, ત્રિફળા, કડુ, બને જાતની ભોરીંગણીઓ, હળદર, દારૂહળદર, કાળીપાડ, અતિવિષ, સમેરવો, હિંગ, સોપારીનાં મૂળ, અજમા, ધાણા, સચળ, જીરૂ, અને પલાશીનાં ચૂર્ણ, ઘી, તથા, મધ, એ સર્વ સમ ભાગે લઈને સોળગણા સાથવામાં નાખીને તે સાથવો ખાવાથી તૃપ્તિથી થયેલા રોગો પ્રમેહો, મૂઢવાત, કોઢ, અર્શ, કમળો, બરલરોગ, પાંડુરોગ, સોજો, મૂત્રકૃચ્છ્ર, અરૂચિ, હૃદયના રોગ, ક્ષયરોગ, ઉધરસ, શ્વાસ, ગલગ્રહ, કૃમિઓ, ગ્રહણી, બહુધોળાપણુ, અને બહુજાડાપણુ, એ સર્વ નાશ પામેછે, અગ્નિ પ્રદીપ્ત થાયછે, અને બુદ્ધિ વધેછે.

(૨૫) ત્રિફળાદ્ય તૈલ.

ત્રિફળા, મોરવેલ, નસોતર, ચિત્રક, અરડુસી, લીમડો, ગરમાળો, વજ, સાત્વિન, હળદર, ગળો, ઇદ્રવારૂણી પીપર, કઠ, સર્ષવ, અને સૂંઠના સમ ભાગ કલ્કોથી પકવેલુ સુરસાદિગણના કવાથ સાથે તેલ પીવાથી, અભ્યગ અને કોગળા કરવાથી, તથા નસ્ય અને પિચકારી લેવાથી, જાડાપણુ, આળસ, પાડુ, અને કફના, રોગો મટી જાય છે

મહાસુગધી તૈલ.

ચદન, કેસર, વાળો, ધઉલો, એળચી, ગોરોચના, ચદ્રસ, અગરૂ, કસ્તુરી, કપૂર, જાવત્રી, જાયફળ, મરિચકકોલ, સોપારી, લવીંગ, ગુલસુબ્બો, જટામાસી, કઠ, રેણુકબીજ, નવા નખલા, તગર, કપૂરી મધુરી, હીરાબોળ, ડમરો, ભરૂઠ, ગ્રથિપર્ણ, શિલાજિત્, ચણકબાબ, દેવદાર, સાત્વિન, લાખ, ભોયઆમલી લામજ્જક, પદ્મકાષ્ઠ, ધાવણીનાં ફૂલ, પ્રપૌંડરીક, અને કચૂરો, એ દરેક પા પા તોલો લઈ, તેની સાથે ચોસઠ તોલા તેલ પકાવવું. આ મહા સુગંધી તૈલથી પરસેવો, મળનુ દુર્ગંધીપણું, ચળ, તથા કોઢ સારી પેઠે મટી જાય છે. આ તેલનો અભ્યંગ કરવાથી સિત્તેર વર્ષનો વૃદ્ધ પણ જુવાન, ઘણા વીર્યવાળો, સ્ત્રીઓને બહુજ પ્રિય, ભાગ્યશાળી, રૂપાળો, અને સો સ્ત્રીઓને રમાડી શકે એવો થાયછે, આ તેલથી વાંઝણીને ગર્ભ

રહેછે, નપુસક મર્દ જેવો થાય છે. અપુત્ર સ્રી પુત્રવાળી થાયછે, અને આયુષ્ય સો વર્ષનુ થાયછે

मेदनी वृद्धिनो अधिकार संपूर्ण.

કાર્શ્યાધિકાર (શરીરનું-પાતળાપણું)

દુબળાપણાનાં નિદાનો

वातो रूक्षान्नपानानि लङ्घनं प्रमिताशनम् । क्रियातियोगः शोकश्च वेगनिद्राविनिग्रहः ॥ नित्यं रोगो रतिर्नित्यं व्यायामो भोजनाल्पता । भीतिर्धनादिचिन्ता च कार्श्यकारणमीरितम् ॥

लङ्घनमुपवास । प्रमितमल्प । क्रियातियोग वमनविरेकाद्यातिविधान वेगनिद्राविनिग्रह निद्रानिग्रहो विशेषाय ॥

વાયુ, રૂક્ષ અન્નપાનો, લાઘણ, અલ્પ ભોજન, ક્રિયાઓનો અતિયોગ, શોક, વેગોનુ રોકવુ, નિદ્રાને રોકવી, નિત્યરોગ, નિત્ય મૈથુન, નિત્ય કસરત, ભોજન થોડુ મળવુ, ભય, ધન વગેરેની ચિંતા, એ સર્વથી શરીર પાતળુ પડી જાયછે

કૃશનાં લક્ષણો

शुष्कस्फिगुदरग्रीवो धमनीजालसन्ततिः । त्वगस्थिशेषोऽतिकृशः स्थूलपर्वानरो मतः॥

કુલા, પેટ, અને ડોક સૂકાયલાં હોય, નસોની જાળ દેખાતી હોય, ચામડી તથા હાડકાંજ દેખાતા હોય, સાધાઓ તથા મુખ જાડાં હોય, તે કૃશ કહેવાયછે

કૃશતાના રોગો.

प्लीहकासक्षयश्वासगुल्मार्शांस्युदराणि च। भृशं कृशं प्रधावन्ति रोगाश्च ग्रहणीमुखाः ॥

બરલનો રોગ, ઉધરસ, ક્ષય, શ્વાસ, ગુલ્મ, અર્શ, ઉદરરોગો, અને ગ્રહણી વગેરે રોગો દૂબળાને થાયછે.

કૃશ છતાં બળવાન હોવાનું કારણ.

कश्चिदन्यः कृशोऽतीव बलवान् दृश्यते तदा ॥

आधानसमये यस्य शुक्रभागोऽधिको भवेत् । मेदोभागस्तु हीनः स्यात् स कृशोऽपि महाबलः ॥ यस्याधानसमये जनयितु शुक्रस्याधिक्य भवति । मेदसोऽल्पता तस्य कृशस्यापि बहुबलमित्यर्थ ॥

કેટલાક બહુ દૂબળા હોય તો પણ બળવાન હોયછે, તેનું કારણ એ છે કે ગર્ભાધાન સમયે જો વીર્ય અધિક હોય અને મેદ ઓછો હોયતો તે કૃશ છતાં પણ બળવાન હોય છે

જાડા છતાં નિર્બળ હોવાનું કારણ.

कस्यचित् स्थूलस्यापि तादृग्बलं न दृश्यते ।

मेदसस्त्वधिको यस्य शुक्रभागोऽल्पको भवेत् ॥ स स्निग्धोऽपि सुपुष्टोऽपि बलहीनो विलोक्यते । व्याख्यान पूर्ववत् ॥

કેટલાક જાડા માણસ નિર્બળ હોય છે, તેનુ કારણ એ છે કે જેને મેદ વધુ હોય અને વીર્ય ઓછુ હોય, તે સ્નિગ્ધ અને પુષ્ટ છતા પણ બળહીન હોય છે.

કાર્શ્યની ચિકિત્સા.

रूक्षान्नादिनिमित्ते तु कृशे युञ्जीत भेषजम् । बृंहणं बलकृद्वृष्यं तथा वाजीकरं च यत् ॥ पीताश्वगन्धा पयसार्द्धमासं घृतेन तैलेन सुखाम्बुना वा । कृशस्य पुष्टिं वपुषो विधत्ते बालस्य शस्यस्य यथाम्बुवृष्टिः ॥ अश्वगन्धस्य कल्केन क्वाथे तस्मिन् पयस्यपि । सिद्धं तैलं कृशाङ्गानामभ्यङ्गादङ्गपुष्टिदम् ॥ इति अश्वगन्धतैलम् ।

पुष्टिकृद्बालरोगोक्तमश्वगन्धाघृतं भजेत् । वाजीकरोदितं तद्वदश्वगन्धाघृतादिकम् ॥

રૂક્ષ અન્નાદિકથી દૂબળાપણુ આવ્યુ હોય તો તેને બળ આપનારા, ધાતુ પૌષ્ટિક, વૃષ્ય, અને વાજીકરણો આપવા. દૂધ, ઘી, તેલ, કે જરા ગરમ પાણી સાથે આસોંદનુ ચૂર્ણ એક પખવાડિયા સુધી પીવાય, તો જેમ જળથી ધાન્ય પુષ્ટ થાયછે તેમ શરીર પુષ્ટ બનેછે

અશ્વગંધા તૈલ.

આસોદના ક્વાથમા આસોદનાજ કલ્ક સાથે દૂધમા પકાવેલ તેલના અભ્યગથી કૃશ માણસનું શરીર પુષ્ટ થાયછે.

અશ્વગંધા ઘૃત.

બાળ રોગોના પ્રકરણમા કહેલ અશ્વગંધા ઘૃત, તથા વાજીકરણના પ્રકરણમાં કહેલ અશ્વગંધા ઘૃત, વગેરે પણ પૌષ્ટિક છે.

કાર્શ્યની અસાધ્યતા

स्वभावादतिकार्श्यो यः स्वभावादल्पपावकः । स्वभावादबलो यश्च तस्य नास्ति चिकित्सितम् ॥ कार्श्यचिकित्सा ।

સ્વભાવથીજ અતિ દૂબળો હોય, સ્વભાવથીજ અગ્નિમદ હોય, અને સ્વભાવથીજ નિર્બળ હોય, તેનો ઉપાય નથી.

कार्श्यनो अधिकार संपूर्ण.

મેદરોગનો અધિકાર.

મેદા રોગની ચિકિત્સા.

वासादलरसो लेपाच्छङ्खचूर्णेन संयुतः । बिल्वपत्ररसो वापि गात्रदौर्गन्ध्यनाशनः ॥ अलम्बुषाभवं चूर्णं पीतं काञ्जिकसंयुतम् । दौर्गन्ध्यं नाशयत्याशु दुष्टं मेदोभवं नृणाम् ॥ बिल्वशिवा समभागा लेपाद्भुजमूलमन्धमपहरति ॥ चिञ्चापत्रस्वरसं प्रसितकल्कादियोजितं जयति ॥ दुग्धहरिद्रोद्वर्तनमचिराच्चिरदेहदौर्गन्ध्यम् । शिरीषलामज्जकहेमलोध्रैस्त्वग्दोषसंस्वेदहरः प्रघर्षः । पत्राम्बुलोहाभयचन्दनानि शरीरदौर्गन्ध्यहरः प्रदेहः ॥ हिलमोचिरसो यूकशूर्णैरुदधिफेनजैः प्रलेपेन हरत्याशु देहदौर्गन्ध्यमुत्कटम् ॥ हरीतकीं तु सम्पिष्य गात्रमुद्वर्तयेन्नरः । पश्चात् स्नानं प्रकुर्वीत देहस्वेदप्रशान्तये ॥ हरीतकी लोध्रमरिष्टपत्रं चूतत्वचो दाडिमवल्कलं च । एषोऽङ्गरागः कथितोऽङ्गनानां जङ्घाः कषायस्तु नराधिपानाम् ॥ गोमूत्रपिष्टं विनिहन्ति कुष्ठं वर्णोऽज्ज्वलः गोपयसा च युक्तम् । कक्षादिदौर्गन्ध्यहरं पयोभिः शस्तं यशीकृद्रजनीद्वयेन ॥ जम्बूलस्य दलैः सम्यग्वारिणां परिपेषितैः । गात्रमुद्वर्तयेत्पश्चाद्धरीतक्या

सुपिष्टया ॥ भूप उद्वर्त्तनं कृत्वा पश्चात् स्नानं समाचरेत् । मस्वेदात् मुच्यते शीघ्रं ततस्त्वेवं समाचरेत् ॥ पथ्या नखीचन्दनकुष्ठसर्जैः पुनःपुनश्चागुरुशर्कराभ्याम् । धूपो जनानां हृदयापहारी विख्यातनामा मलयानिलोऽयम् ॥ चण्डाख्यया तिलैर्लोध्रशिरीषोशीरकेशरैः । उद्वर्त्तनं भवेत् ग्रीष्मे स्वेदकर्मनिवारणम् ॥ सुरया समभयाफलचूर्णं मधुना विलिह्य प्रत्यूषे । स्वेदान् हत्वा लभते पुरुषोऽप्यत्यन्तसौरभ्यम् ॥ मल्लीकुसुमाभयकरिलेपो घर्मे विचर्चिकादाहे । विचाकिलपत्रहरिद्रे पर्कटिपत्रं च दूर्वया सहितम् ॥ सम्पिष्य गात्रलेपाद् घर्म्मविचर्च्चीं शमं याति । हस्तपादस्रुतौ योज्यं गुग्गुलोः पञ्चतिक्तकम् ॥ अशक्तौ पञ्चतिक्तं वा पर्कं खादेदतन्द्रितः ।

इति मेदोरोगाधिकार ॥

અરડૂસીનાં પાનના રસમા શખનુ ચૂર્ણ વાટીને તેનો લેપ કરવાથી શરીરની દુર્ગંધ મટી જાય છે.

બીલીપત્રના રસમા શંખનુ ચૂર્ણ વાટીને લેપ કરવાથી શરીરની દુર્ગંધ મટેછે

ગોરખમુંડીનુ ચૂર્ણ કાજીમાં પીવાથી મેદની દુર્ગંધ મટીજ જાય છે એ સિદ્ધ વાતછે.

સમભાગે બીલીપત્ર તથા હરડેને વાટીને લેપ કરવાથી કાખની ગધ મટે છે.

આંબલીના પાનના રસમા કોઇ સારો કલ્કનાંખીને લેપ કરવાથી દુર્ગંધ મટેછે

હળદરને દૂધમા વાટી શરીરે ચોળવાથી લાંબાકાળની દુર્ગંધ પણ મટી જાયછે

સરસડિયો, પીળોવાળો, નાગકેશર, અને લોદરનુ ચૂર્ણ શરીરે ઘસવાથી ચામડીનો દોષ તથા પરસેવો મટી જાયછે

બીલીપત્ર, વાળો, કાળો અગરૂ, કાળો વાળો, અને ચદનને વાટી શરીરે ચોપડવાથી શરીરનું દુર્ગંધપણું મટી જાય છે.

બ્રાહ્મીના રસમા સમુદ્રફીણનુ ચુર્ણ વાટીને લેપ કરવાથી શરીરનુ ભારે દુર્ગંધીપણું તુરત મટી જાય છે

હરડે વાટીને શરીરે ચોળીને ન્હાવાથી પરસેવો મટી જાય છે

હરડે, લોદર, લીમડાના પાન, આબાની તથા દાડમની છાલો, એઓને વાટીને શરીરે લેપ કરવાથી સ્રીઓના શરીરની દુર્ગંધ નાશ પામે છે

જાબુના પાનના કલ્કનો લેપ કરવાથી શરીરની દુર્ગંધ મટી જાય છે, આ ઉપાય રાજાઓને દેવા યોગ્ય છે.

હરડે, લોદર, લીમડાના પાન, આબાની તથા દાડમની છાલો, એમને ગોમૂત્રમા વાટીને લેપ કરવાથી કોઢ મટેછે, ગાયના દૂધમા વાટીને લેપ કરવાથી વર્ણ ઉજળો થાય છે, પાણીમાં વાટીને લેપ કરવાથી દુર્ગંધ મટે છે, અને હળદર તથા દારૂ હળદર સાથે વાટીને લેપ કરવાથી બીજા લોકો વશ થાય છે

મલયાનિલ ધૂપ.

બાવળના પાનને ખૂબ પાણીમા વાટીને શરીરે ચોળવાં, પછી પાણીમા હરડેને ખૂબ વાટીને શરીરે ચોળવી, એ રીતે બીજીવાર કરીને પછી ન્હાઇ લેવું, એથી પરસેવો મટી જાયછે. નાહ્યા પછી હરડે, નાનો નખલો, ચદન, કઠ, રાળ, અગરૂ, અને સાકરનો મલ-

યાનિલ નામનો ધૂપ વારંવાર કરવો. એથી શરીરમાં સુગંધ થઈ માણુસોનું મન હરાયછે.

દારૂહળદર, તલ, લોદર, સરસડિયાની છાલ, વાળો અને કેસરને વાટીને શરીરે ચોળવાથી ઉનાળામાં પરસેવો થતો નથી.

હરડેના ચૂર્ણમાં મદિરા તથા મધ નાંખીને પ્રાતઃકાળમાં ચાટવાથી પરસેવો મટી જઈને બહુ સુગંધ પ્રાપ્ત થાય છે.

ઘામ થતો હોય અને અળાઈઓ થતી હોય તો ડોલરનાં પાન, કાળોવાળો, અને નાગકેશરનો લેપ કરવાથી પીડા શાંત થાયછે

ડોલરનાં પાન, હળદર, રતવેલિયાનાં પાન, અને પ્રોને વાટી શરીરે લેપ કરવાથી અળાઈઓ મટી જાયછે

હાથ પગ ઓગળતા હોય તો ગૂગળ તથા પંચતિક્ત નામનું ઘી ચોળવુ. શરીરમાં શક્તિ ન હોય તો પંચતિક્ત ઘી કાળજીથી ખાવુ.

मेद संबंधी रोगनो अधिकार संपूर्ण.

ઉદરરોગનો અધિકાર.

ઉદરરોગનાં નિદાન.

रोगाः सर्वेऽपि मन्देऽग्नौ सुतरामुदराणि च ॥ अजीर्णान्मलिनैश्चान्नैर्जायन्ते मलसञ्चयात् ॥

अग्नौ मन्दे सर्वे रोगाः जायन्ते किन्तु सुतराम् अतिशयेन उदराणि जायन्ते । (अपरानपि हेतूनाह) अजीर्णात् । मलिनैश्चान्नैः अत्यन्तदोषजनकैः । मलसञ्चयात् । मलानां दोषाणां पुरीषस्य चातिवृद्धेः अत्रोदरशब्देनोदरस्थो रोग उच्यते। (यत आह) अर्थतो धर्मतास्थ्याभ्यां तत्समीपतयापि च । तत्साहचर्याच्छब्दानां वृत्तिरुक्ता चतुर्विधा ॥

રોગો સર્વે જઠરાગ્નિ મંદ થવાથી થાય છે, પણ તેમાં ઉદરરોગો વિશેષ થાય છે. અજીર્ણ, મલીન અન્નો અને મળનો સંચય થવાથી ઉદરરોગો થાય છે.

ઉદરરોગોની સંપ્રાપ્તિ.

रुद्ध्वा स्वेदाम्बुवाहीनि दोषाः स्रोतांसि सञ्चिताः । प्राणाग्न्यपानान् संदूष्य जनयन्त्युदरं नृणाम् ॥

સ્રોતોમાં એકત્ર થયેલા દોષો પરસેવો તથા જળની વાહિનીઓને રોકી દઈને પ્રાણુવાયુ, અગ્નિ, તથા અપાન વાયુને દૂષિત કરે છે, તેથી માણસને ઉદરરોગો થાય છે.

ઉદરરોગોનાં સામાન્ય રૂપ.

आध्मानं गमनेऽशक्तिर्दौर्बल्यं दुर्बलाग्निता। शोथः सदनमङ्गानां सङ्गो वातपुरीषयोः ॥ दाहस्तन्द्रा च सर्वेषु जठरेषु भवन्ति हि ।

આફરો, ચાલવાની અશક્તિ, નિર્બળતા, મંદાગ્નિ, સોજો, અંગોમાં પીડા, વાયુ તથા મળનો અટકાવ, દાહ, અને તંદ્રા, એ સર્વ ઉદરરોગોમાં થાય છે.

ઉદરરોગોની સંખ્યા.

पृथग्दोषैः समस्तैश्च प्लीहबद्धक्षतोदकैः । सम्भवन्त्युदराण्यष्टौ तेषां लिङ्गं पृथक् शृणु॥

એક એક દોષથી, ત્રણે દોષોથી, બરલ વધવાથી, ગુદાના રોગથી, આંતરડાંના ક્ષતથી, અને પેટમાં પાણી ભરાવાથી, એમ આઠ પ્રકારના ઉદરરોગો છે. તેમનાં જુદાં જુદાં નામો સાંભળો.

વાતોદરનાં લક્ષણ.

तत्रवातोदरे शोथः पाणिपान्नाभिकुक्षिषु । कुक्षिपार्श्वोदरकटीपृष्ठरुक् पर्वभेदनम् ॥ शुष्ककासोऽङ्गमर्दश्च गुरुता मलसंग्रहः । श्यावारुणत्वगादित्वमकस्माद्ध्रासवृद्धिमत् ॥ सतोदभेदमुदरं तनुकृष्णशिराततम् । आध्मातदृतिवच्छब्दमाहतं प्रकरोति च ॥ वायुश्चात्र सरुक्शब्दो विचरेत् सर्वतोगतिः ।

पाणिपादित्यत्र व्यञ्जनान्तपाच्छब्द आर्षत्वात् । कुक्षिपार्श्वोदरेत्यत्र कुक्षिशब्द उदरस्य वामदक्षिणभागद्वयवाची । सर्वतोगति सकलकोष्ठे सञ्चरन् ॥

વાતોદર થાય તો હાથ, પગ, નાભિ, અને કુખમાં સોજો થાય છે. પેટ, પડખાંઓ, કમર, અને પીઠમા પીડા તથા સાંધાઓમા ત્રૂટ થાય છે. સુકી ઉધરસ, અંગોનુ ભાંગવું, ભારેપણુ, મળનો સંચય, ચામડી વગેરેમાં કાળાશ તથા રતાશ થાય છે, અને દરદ ઘડીમા વધે છે અને ઘડીમા ઘટે છે. પેટમાં આંકડી આવે છે, પેટમાં ઝીણી ઝીણી કાળી નસો દેખાય છે, પેટ ઠોકવાથી વાયુ ભરેલી ધમણુ જેવો અવાજ થાય છે, અને વાયુ આખા કોઠામાં પીડા તથા અવાજ કરતો ફરે છે.

પિત્તોદરનાં લક્ષણ.

पित्तोदरे ज्वरो मूर्च्छा दाहस्तृट्कटुकास्यता । भ्रमोतिसारः पीतत्वं त्वगादावुदरं हरित् ॥ पीतताम्रं शिरानद्धं सस्वेदं सोष्म दह्यते । धूमायते मृदुस्पर्शं क्षिप्रपाकं प्रदूयते ॥

शाकवर्णो हरित् । सोष्म अन्तस्तापयुक्तम् । दह्यते बहिर्दाहयुक्तम् । धूमायते धूममिवोद्गमति । क्षिप्रपाकं क्षिप्रपाकाज्जलोदरं जायते । प्रदूयते व्यथते ।

પિત્તોદર થયો હોયતો જ્વર, મૂર્છા, દાહ, તૃષા, મુખમા તીખાશ, ભ્રમ, અતિસાર, તથા પીળાશ થાયછે, પેટ લીલુ થાય છે, પેટ ઉપર પીળી રાતી શિરાઓ બધાયલી દેખાય છે, અને પરસેવો તથા ગરમી અને દાહ બળે છે ધુમાડો નીકળતો હોય એવું, અને તુરત પાકે એવુ પેટ થાય છે. તુરત પાકી જવાથી તેમાંથી જળોદર થાયછે.

કફોદરનાં લક્ષણ.

श्लेष्मोदरेऽङ्गसदनं श्वयथुर्गौरवं तथा । तन्द्रोत्क्लेशोऽरुचिः स्वापः कासः शौक्ल्यं त्वगादिषु ॥ उदरं स्तिमितं स्निग्धं शुक्लराजीततं महत् । चिराभिवृद्धिकठिनं शीतस्पर्शं गुरु स्थिरम् ॥

स्वाप स्पर्शाज्ञता । गौरवमङ्गानाम् । तन्द्रा- निद्राबाहुल्यम् । उत्क्लेशो हृल्लास. । शुक्लराजीतत शुक्लशिराव्याप्तम् ।

કફોદરમાં અંગોમાં પીડા, સોજા, ભારેપણું, તદ્રા, ઉત્ક્લેશ, અરુચિ, નિદ્રા, ઉધરસ, ચામડી વગેરેમા ધોળાશ, અને ઉદર સજ્જડ તથા સ્નિગ્ધ થાય છે, વળી પેટ ધોળી નસોથી વ્યાપ્ત, મોટુ, લાંબે કાળે વધનારૂ, કઠણ, ટાઢું, ભારે, અને ગડગડાટવાળુ થાય છે.

સનિપાતોદરનાં લક્ષણ.

स्त्रियोऽन्नपानं नखलोममूत्रविडार्तवैर्युक्तमसाधुवृत्ताः । यस्मै प्रयच्छन्त्यरयो गरांश्च दुष्टाम्बुदूषीविषसेवनाच्च ॥ तस्याशु रक्तं कुपिताश्च दोषाः कुर्युः सुघोरं जठरं

त्रिलिङ्गम् । तच्छीतवाते भृशदुर्दिने च विशेषतः कुप्यति दह्यते च ॥ स चातुरो मूर्च्छति हि प्रसक्तं पाण्डुः कृशः शुष्यति तृष्णया च । दूष्योदरं कीर्तितमेतदेव प्लीहोदरं कीर्तयतो निबोध ॥

स्त्रिय इत्यविवेकिसन्निहितजनोपलक्षणम् । ताश्च स्वसौभाग्यमिच्छन्त्य । विट्मार्जारादीनाम् । आर्तवं रज । अरयो वा नरान् । संयोगजानि विषाणि । दुष्टमम्बु सविषमत्स्यतृणपर्णादियुक्तम् । दूषीविष विषमेवाग्न्याद्युपघातेन स्वल्पप्रभावम् ।

(यत उक्तम्) जीर्णं विषघ्नौषधिभिर्हतं वा दावाग्निवातातपशोषितं च । स्वभावतो वा गुणविप्रयुक्तं विषं हि दूषीविषतामुपैति ॥

गुणविप्रयुक्त गुणवियुक्तम् । तदुदरं शीतादिषु कुप्यति । तत्र दूषीविषस्य प्रकोपात् । मूर्च्छति विषयोगात् । प्रसक्त निरन्तरम् । एतदेव सन्निपातोदरम् । तन्त्रांतरे दूष्योदर कीर्तितम् । अथवा परस्पर दूषयन्तीति दोषा एव दूष्यास्तै कृतमुदर दूष्योदरम् ।

દુષ્ટ સ્ત્રી વશીકરણથી પુરૂષને વશ કરવા માટે નખ, રોમ, મૂત્ર, બિલાડા વગેરેની વિષ્ટા, કે રજસ્વલાનું લોહી પુરૂષને અન્નમાં ખવરાવે, તો-અગર હરકોઇને એ ખવરાવે, તો, અથવા શત્રુઓ સંયોગથી ઝેરો ખવરાવે; ઝેરી માછલાં, ઝેરી ખડ, કે ઝેરી પાદડાંવાળું પાણી પાય; અથવા તો હલકા ઝેર ખાવામાં આવે, તો કોપ પામેલું લોહી તથા કોપેલા દોષોથી અતિ ભયંકર ઉદરરોગ થાય છે. ઠંડી હવામાં અને વાદળાંના વખતમાં આ રોગ વધારે કોપે છે, તથા બળતરા અને મૂર્છા કરે છે આ રોગથી પાંડુતા, કૃશતા, તથા તૃષા રહ્યા કરેછે. આ રોગને કેટલાક દૃષ્યોદર પણ કહેછે. હવે પ્લીહોદરનું લક્ષણ સાંભળો.

પ્લીહોદરનાં લક્ષણ.

वर्धते प्लीहयस्या यद्विधात्प्लीहोदरं हि तत् । तद्वामे वर्धते पार्श्वे निमित्तं तत्र तस्य यत् ॥ प्लहृद्धे प्लीहि लिङ्गानि यान्युक्तानि भिषग्वरैः । प्लीहोदरेऽपि दृश्यन्ते तानि सर्वाणि देहिनाम् ॥ प्लीहोदरस्यैव भेदो यकृद्दाल्युदरं तथा ।

(विशेषकमाह) सव्यान्यपार्श्वे यकृति प्रवृद्धे ज्ञेयं यकृद्दाल्युदरं तदेव ।

यकृद्दाल्यति दोषैर्भिनत्तीति यकृद्दाल्युदरम् । तदेव उदरमेव ।

બરલ વધવાથી પેટ વધે છે તેને પ્લીહોદર કહેછે, તેમાં ડાબી બાજુએ ગાંઠ વધેછે. ઉત્તમ વૈદ્યોએ બરલની વૃદ્ધિના લક્ષણો કહેલા છે તે સર્વે આ રોગમાં પણ થાય છે. પ્લીહોદરને ભેદજ યકૃદાલ્યુદર છે, તે જમણી બાજુએ વધેછે.

બદ્ધ ગુદોદરનું લક્ષણ.

यस्यान्त्रमन्नैरुपलेपिभिर्वा बालाश्मभिर्वा पिहितं यथावत् । सञ्चीयते यस्य मलो नरस्य शनैःशनैः संकरवच्च नाड्याम् ॥ निरुध्यते तस्य गुदे पुरीषं निरेति कृच्छ्रादपि चाल्पमल्पम् हृन्नाभिमध्ये परिवृद्धिमेति तस्योदरं बद्धगुदं वदन्ति ॥

उपलेपिभि· शाकशालूकादिभिः बालाश्मभिः वालुकाभिः कर्करैर्वा यथावत् तस्य भवति । नल पुरीषं संकरवत् संमार्जनीक्षिप्ततृणधूल्यादिवत् । नाड्याम् अन्त्रनाड्यां हृन्नाभिमध्ये हृन्नाभ्योर्मध्ये ।

અન્ન, શાક, કમળકંદ, રેતી, કે કાંકરાથી આંતરડુ છવાઈ જાય, તેથી ખડ કે ધૂળ વગેરે ફેંકાયલા કચરાની પેઠે આંતરડાંની નાડીમા મળ એકઠો થઇ રહીને માંડ માંડ થોડો નીકળે, તેથી હૃદય તથા નાભિવચ્ચે પેટનો વધારો થાય, તે બદ્ધ ગુદોદર કહેવાય છે.

ક્ષતોદરનાં લક્ષણ.

शल्यं तथान्नोपहितं यदन्त्रं भुक्तं भिनत्त्यागतमन्यथा वा । तस्मात्स्रुतोऽन्त्रात्सलिलप्रकाशः स्रावः स्रवेद्वै गुदतस्तु भूयः ॥ नाभेरधश्चोदरमेति वृद्धिं निस्तुद्यते दाल्यति चातिमात्रम् । एतत्परिस्राव्युदरं प्रदिष्टमुदकोदरं कीर्तयतो निबोध ॥

शल्य कण्टककर्करादि । अन्नोपहितं भुक्तं यत् अन्त्र भिनत्ति तथा । अन्यथा आगतं भोजन विना कण्टकादियुक्तमपि यदन्त्र भिनति तत् उपलक्षणम् । जृम्भणमत्यशनं वा यदन्त्रं भिनत्ति । यत उक्तं चरके । "शर्करा तृणकाष्ठास्थिकण्टकैरन्त्रसयुतैः । भिद्यतान्त्र यदा भुक्ते जृम्भयात्यशनेन चेत् ॥" तस्माद्भिन्नादन्त्रात् । गुदतस्तु भूप अन्त्रात्सस्रुत्य पुनर्गुदत. स्रवेदित्यर्थ. । दाल्यति विदार्यत एव । पदसिद्धिरार्षत्वात् । एतत् क्षतोदर तन्त्रान्तरे परिस्राव्युदर प्रदिष्टम् ।

શલ્ય કે અન્નથી આંતરડું ભેદાઇ જતાં તેમાંથી સ્રવતો પાણી જેવો પદાર્થ ગુદાવાટે સ્રવે, અને નાભિની નીચેનો ભાગ વધેછે, તેથી ચીરાયા જેવી પીડા થાય છે, આને ક્ષતોદર કહેછે. હવે ઉદકોદર વિષે સાંભળો.

ઉદકોદર(જળોદર)નાં લક્ષણ.

यः स्नेहपीतोऽप्यनुवासितो वा वान्तो विरिक्तोऽप्यथ वा निरूढः । पिबेज्जलं शीतलमाशु तस्य स्रोतांसि दूष्यन्ति हि तद्वहानि ॥ स्नेहोपलिप्तेष्वथवापि तेषूदकोदरं पूर्ववदभ्युपैति । स्निग्धं महत्तत्परिवृत्तनाभि समन्ततः पूर्णमिवाम्बुना च ॥ यथा दृतिः क्षुभ्यति कम्पते च शब्दायते चाप्युदकोदरं तत् ।

स्नेहपीत पीत इत्यत्राध्यवसितादित्वात्कर्तरि क्त. पश्चात्स्नेहपीत इति तत्पुनरार्ष तेन स्नेह पीतवानित्यर्थः । अनुवासितो वा गृहीतानुवासनबस्तिः । वान्तः । अत्रापि पूर्ववत् कर्तरि क्त । तेन वान्तवानित्यर्थ । एवं विरिक्त. विरिक्तवान् । तथा निरूढ॰ गृहीतनिरूढबस्ति स चेदाशु शीतल जल पिबेत् । तस्य तद्वहानि जलवहानि । स्रोतांसि दूष्यति । जलवहेषु स्रोत॰सु दुष्टेषु सत्सु । जल अन्नरसोपस्नेहन्यायेन बहिर्निःसृत्योदरमायाति । ततोपि जले बहिर्नि.सृते दकोदरमायाति तदुदरम परिवृत्तनाभि समन्तत जलमपयाति सर्वतः । यथा दृति चर्ममय जलाहरणपात्र क्षुभ्यति । अन्तर्जलदोलनेन सञ्चलति । कम्पते बहि॰ शब्दायते कम्पमानं सत शब्द करोति ।

સ્નેહપાન કરીને, અનુવાસન બસ્તિ લેઇને, વમન લેઇને, વિરેચન કરીને, કે નિરૂહ બસ્તિ લેઇને, ટાઢુ પાણી પીવાથી જળવાહક સ્રોતો દૂષિત થઇને તે જળ જેમ રાંધેલા અન્ન ઉપર થી તરી આવેછે તેમ—અન્નમાંથી જૂદુ પડીને પેટમાં આવેછે, અને પછી ગુદા માર્ગે બહાર નીકળવા માંડેછે, તે રોગને દકોદર કહેછે, એથી પેટ ઉથલેલી નાભિ વાળું થાયછે, અંદર જળ આમ તેમ ખડખડેછે, પાણીના ચાલવાથી પખાલની પેઠે ક્ષોભ પામ્યા કરેછે, અને હલી હલીને બહાર અવાજ કરેછે.

ઉદરરોગની સાધ્યાસાધ્યતા.

जन्मनैवोदरं सर्वं प्रायः कृच्छ्रतमं मतम् । बलिनस्तदजाताम्बु यत्नसाध्यं नवोत्थितम् । बलिनः अजाताम्बु नवोत्थितं च यत्नसाध्यमित्यन्वयः ।

पक्षाद्बद्धगुदं तूर्ध्वं सर्वं जातोदकं तथा । प्रायो भवत्यभावाय छिद्रान्त्रं चोदरं नृणाम् ।

शरादिना च्छिद्रमन्त्रं यस्य तदुदरम् । अभावाय भवति ।

पयः पूर्णा दृतिरिव क्षोभे शब्दकरं मृदु । अप्रव्यक्तशिरं शून नीरातमुदरं महत् ॥ आलस्यमास्यवैरस्यं मूत्रं बहुशकृद्द्रुतम् । जातोदकस्य लिङ्गं स्यान्मन्दाग्निः पाण्डुतापि च ॥ शूलार्तं कुटिलोपस्थमुपक्लिन्नतनुत्वचम् । बलशोणितमांसाग्निपरिक्षीणं च वर्जयेत् ॥

कुटिलोपस्थम् वक्रमेहनम् । उपक्लिन्नतनुत्वचम् उपरि आर्द्रा तन्वी त्वगू यस्य त उदरिणम् ।

पार्श्वभङ्गान्नविद्वेषशोफातीसारपीडितम् । विरिक्तं चाप्युदरिणं पूर्यमाणं विवर्जयेत् ॥

विरिक्तमपि पूर्यमाणं पूर्यमाणोदरं उदरिणं विवर्जयेत् ।

જન્મથીજ હોય તો સર્વે ઉદર રોગો વિશેષે કરીને કષ્ટસાધ્ય હોય છે. બળવાન્ હોય, જલ ઉત્પન્ન થઇ ચુકયું ન હોય અને નવો રોગ હોય, તો તે યત્નથી સાધ્ય થાય છે, બદ્ધ ગુદોદર એક પખવાડિયા ઉપર ચાલે, અગર સર્વ ઉદર રોગોમાં જો પાણી ઉત્પન્ન થઈ ચુકયુ હોય તો તેઓ મારીજ નાંખે છે. પેટમાં પાણી ભરાયાનાં લક્ષણ ચરક કહેછે—"પેટ મોટું થયુ હોય, ક્ષોભ પામવાથી પાણીથી ભરેલી પખાલના જેવો અવાજ કરતું હોય, કૂણુ થયુ હોય, અને મોટું થવાથી અસ્ફુટ શિરાઓ વાળું થયું હોય, તો જાણવું કે તેમાં પાણી ઉત્પન્ન થઈ ચુકયુ છે. આળસ, મુખની વિરસતા, ઘણું મૂત્ર, વિષ્ટા પાતળી, મંદાગ્નિ, અને શરીર પાંડુ વર્ણનુ થાય, તો પેટમાં પાણી ઉત્પન્ન થઈ ચુકયુ છે, એમ જાણવું." નેત્રો સૂજે, લિંગ વાંકું થઈ જાય, ચાંમડી પાતળી અને આર્દ્ર થઈ ગઈ હોય, અને બળ તથા રક્ત અને માંસ તથા અગ્નિ નબળાં થઈ ગયાં હોય, તો તેની ચિકિત્સા કરવી નહિ. ઉદર રોગીનાં પડખાં ભાંગી ગયાં હોય, અન્ન ઉપર દ્વેષ થયો હોય, સોજા તથા અતિસાર થયેલ હોય, અને વિરેચન આપ્યા છતાં પણ પેટ વધતું જતું હોય, તેની પણ ચિકિત્સા કરવી નહિ.

ઉદરરોગોની ચિકિત્સા.

एरण्डतैलं दशमूलमिश्रं गोमूत्रयुक्तं त्रिफलारसो वा । निहन्ति वातोदरशोथशूलं क्वाथः समूत्रो दशमूलजश्च ॥ कुष्टं दन्ती यवक्षारो व्योषं त्रिलवणं वचा । आजाजी दीप्यकं हिङ्गु स्वर्जिका चव्यचित्रकम् ॥ शुण्ठी चोष्णाम्भसा पीता वातोदररुजापहा । कुष्ठादि चूर्णम् ।

लशुनस्य तुलामेकां जलद्रोणे विपाचयेत् । त्रिकटु त्रिफला दन्ती हिङ्गुसैन्धवचित्रकम् ॥ देवदारु वचा कुष्टं मधु शिग्रु पुनर्नवा । सौवर्चलं विडङ्गानि दीप्यको गजपिप्पली ॥ एतेषां पलिकान् भागान्

विवृतः षट्पलानि च । पिष्ट्वा कषायेणानेन तैलं मृद्वग्निना पचेत् ॥ तत्पिबेत् मातरुत्थाय यथाग्निबलमात्रया ॥ निहन्ति सकलान् रोगानुदराणि विशेषतः ॥ मूत्रकृच्छ्रमुदावर्तमन्त्रवृद्धिं गुदकृमीन् । पार्श्वकुक्षिभवं शूलमामशूलमरोचकम् ॥ यकृदष्ठीलिकानाहान् प्लीहानं चाङ्गवेदनाम् । मासमात्रेण नश्यन्ति अशीतिर्वातजा गदाः ।

इति लशुनतैलम् ।

पित्तोदरे तु बलिनं पूर्वमेव विरेचयेत् ॥ पयसा च त्रिवृत्कल्कै रुबूकस्य शृतेन च । पिप्पल्यादिगणेनाज्यं पाचितं पाययेद्भिषक्॥ नरं पथ्यभुजं नित्यं कफोदरनिवृत्तये । नागरत्रिफलाकल्कैर्दध्यम्बुपरिवेषितैः ॥ पाचितं तैलमाज्यं वा पिबेत् सर्वोदरेषु च ।

नागरादि तैलम् नागरादि घृत च ।

शालिषष्टिकगोधूमयवनीवारभोजनं । निरुहा रेचनं श्रेष्ठं सर्वेषु जठरेषु च ॥ आनूपमौदकं मांसशाकं पिष्टकृतं तिलान् ॥ व्यायामाध्वदिवास्वप्नस्नेहपानानि वर्जयेत् । तथोग्रलवणोष्णानि विदाहीनि गुरूणि च ॥ नाद्यादन्नानि जठरे तोयपानं च वर्जयेत् । उदराणां मलाढ्यत्वाद्बहुशः शोधनं हितम्॥ क्षीरमेरण्डजं तैलं पिबेन् मूत्रेण वा सकृत् । वातोदरी पिबेत्तक्रं पिप्पलीलवणान्वितम् ॥ शर्करामरिचोपेतं स्वादु पित्तोदरी पिबेत् । यवानी हपुषा जाजी व्योषयुक्तं कफोदरी॥ सन्निपातोदरी युक्तं त्रिकटुक्षारसैन्धवैः ॥ यवानी हपुषा धान्यं त्रिफला चोपकुञ्चिका। कारवी पिप्पलीमूलं अजगन्धा शटी वचा। शताह्वा जीरकं व्योषं स्वर्णक्षीरी च चित्रकम् ॥ द्वौ क्षारौ पौष्करं मूलं कुष्टं लवणपञ्चकम् । विडङ्गं च समांशानि दन्त्या भागत्रयं भवेत् ॥ त्रिवृद्विशाला द्विगुणा शातला स्याच्चतुर्गुणा । एष नारायणो नाम्ना चूर्णो रोगगणापहः ॥ एनं प्राप्य निवर्तन्ते रोगा विष्णुमिवासुराः तक्रेणोदरिभिः पेयो गुल्मिभिर्बदराम्बुना ॥ आनद्धवाते सुरया वातरोगे प्रसन्नया । दधिमण्डेन विड्भेदे दाडिमाम्बुभिरर्शसि ॥ परिकर्तिषु वृक्षाम्लैरुष्णाम्बुभिरजीर्णके । भगन्दरे पाण्डुरोगे कासे श्वासे गलग्रहे ॥ हृद्रोगे ग्रहणीरोगे कुष्ठे मन्देऽनले ज्वरे । दंष्ट्राविषे मूलविषे सगरे कृत्रिमे विषे ॥ यथार्हं स्निग्धकोष्ठेन पेयमेतद्विरेचनम् ।

उपकुञ्चिका कारवी च बृहज्जीरक मङ्गरैला इति लोके । विशाला इन्द्रवारुणी । शातला सेहुण्ड इति प्रसिद्ध. । परिकर्ति. गुदे परिकर्तनवत् पीडा। इति नारायणचूर्णम् ॥

स्नुक्क्षीरदन्ती त्रिफलाविडङ्गसिंही त्रिवृच्चित्रककर्षकर्षम् । घृतं विपक्वं कुडवप्रमाणं तोयेन तस्याक्षमथार्धकर्षम् ॥ पीत्वोष्णमम्भोऽनुपिबेद्विरेके पेयां रसं वा प्रपिबेद्विधिज्ञः । नाराचमेतज्जठरामयानां युक्त्योपयुक्तं प्रवदन्ति सन्तः ॥

इति नाराचघृतम् ।

वज्रायाः कर्षमात्रायाः कल्कं दध्यादि वेष्टितम् । निगिलेद्वारिणा नित्यमुदव्याधिशान्तये ॥ वज्राण्डीति वनसूरणोति लोके ।

पुनर्नवा दारुनिशा सतिक्ता पटोलपथ्यापिचुमन्दमुस्ता । सनागरच्छिन्नसहेति सर्वैः कृतः कषायो विधिना विधिज्ञैः ॥ गोमूत्रयुक् गुग्गुलुना च युक्तः पीतः मभाते नियतं नराणाम् । सर्वाङ्गशोथोदरपाण्डुशूलश्वासादिकं रोगगणं निहन्ति ॥ પુનર્નવાદિ ક્વાથ ॥ इत्युदररोगनिदानचिकित्साधिकार. ॥

એરંડિયુ તેલ, દશમૂળનું ચૂર્ણ, અને ગોમૂત્ર મેળવીને પીવાથી વાતોદર, સોજા, તથા શૂળ મટી જાયછે.

ત્રિફળાનો રસ પીવાથી વાતોદર સોજા, અને શૂળ મટી જાયછે.

દશમૂળનો ક્વાથ ગોમૂત્ર નાખીને પીવાથી વાતોદર, સોજા, તથા શૂળ મટી જાયછે.

કુષ્ઠાદિચૂર્ણ.

કઠ, નેપાળો, જવખાર, બમણી સૂઠ, મરી, પીપર, સૈંધવ, સાભર લુણ, સંચળ, વજ, જીરૂં અજમા, હિંગ, સાજીખાર, ચવક અને ચિત્રકનુ ચૂર્ણ ઊના પાણીમાં પીવાથી વાતોદર મટી જાય છે.

લશુનતૈલ.

ચારસો તોલા લસણનો ૧૦૨૪ તોલા પાણીમાં ક્વાથ કરી, તેમા ચાર ચાર તોલા ત્રિકટુ, ત્રિફળા, નેપાળો, હિંગ, ચિત્રક, સૈંધવ, દેવદાર, વજ, કઠ, જેઠીમધ, સરગવો, સાટોડી, સંચળ, વાવડીંગ, અજમા, અને ગજપીપરના કલ્કો તથા ચોવીશ તોલા નસોતરનો કલ્ક પણ નાખીને કોમળ અગ્નિથી પકાવેલું તેલ સવારમાં અગ્નિ તથા બળને અનુસરીને યોગ્ય માત્રાથી પીવાથી સઘળા રોગો, અને વિશેષે કરીને ઉદરરોગો તો અવશ્ય મટી જાય છે. મૂત્રકૃચ્છ્ર, ઉદાવર્ત્ત, અંત્રવૃદ્ધિ, ગુદાના કૃમિઓ, તથા પડખાંન અને પેટના શૂળો, આમશૂળ, અરૂચિ, ઋતુનુ દરદ, અષ્ઠીલિકા, આનાહ, બરલનો રોગ, અને અંગોની વેદના પણ આ તેલથી મટી જાય છે. એક માસ સુધી આ તેલના સેવનથી એંશી પ્રકારના વાતરોગો મટી જાય છે.

બળવાન્ રોગીને પિત્તનો ઉદરરોગ હોય તો તેને પ્હેલેથીજ દુધ, નસોતરનો કલ્ક, અને એરંડાના ક્વાથનું વિરેચન દેવુ.

કફોદરના મટાડવા માટે રોગીને નિત્ય પથ્ય જમવાનો નિયમ રખાવીને વૈદ્યે પિપ્પલ્યાદિ ગણથી પકાવેલું તેલ પાવું.

નાગરાદિ તૈલ.

હરડે, બેટાં, આમળા, અને સુંઠનો દહિંના પાણીમાં વાટી કલ્ક કરી તેમા પકાવેલું તેલ પીવાથી સર્વ પ્રકારના ઉદરરોગો મટી જાય છે.

નાગરાદિ ઘૃત.

ઉપર પ્રમાણેજ તેલને બદલે ઘી પકાવાય છે.

રાતા ચોખા, સાઠીચોખા, ઘઉં, જવ, તથા નાનવીનું ભોજન, નિરૂહબસ્તિ, અને વિરેચન; એ સર્વ પ્રકારના ઉદરરોગોમાં હિતકારી છે.

ઉદરરોગવાળાઓ જળપ્રાય દેશોના પ્રાણીઓના માંસો, જળચરોનાં માંસો, શાક, લોટના પદાર્થો, તલ, કસરત, પંથ, દિવસનું સુવું, અને સ્નેહપાનોનો ત્યાગ કરવો, ઉદરરોગીએ ઉષ્ણ પદાર્થો, ખારા, ઊના, ને દાહક પદાર્થો, અને ભારે પદાર્થો પણ ખાવા નહિ તથા પાણી પણ પીવું નહિ.

આ રોગમાં પેટમાં મળનો જથ્થો ભરાઈ રહે છે, માટે બહુ બહુવાર વિરેચ-

નોથી શોધન કર્યા કરવું, એ હિતકારી છે. દૂધમાં એરંડિયું તેલ મેળવીને, અથવા ગોમૂત્રમાં ડોળીને ગાયનું છાણ પીવું.

વાતોદરમા પીપર તથા સૈંધવ નાંખીને ધાટી છાશ પીવી.

પિત્તોદરમા સાકર તથા મરી નાંખીને મીઠી છાશ પીવી.

કફોદરમાં અજમા, પલાશી, જીરૂં, સુંઠ, મરી, તથા પીંપર નાંખીને ધાટી છાશ પીવી.

સંનિપાતોદરમાં સુંઠ, મરી, પીપર, જવખાર, અને સૈંધવ નાંખીને ધાટી છાશ પીવી

નારાયણ ચૂર્ણ

અજમા, પલાશી, ધાણા, સુંઠ, મરી, પીપર, કાળીજીરી, કલોંજીજીરૂ, પીપરીમૂળ, ઓડી અજમોદ, કચૂરો, વજ, શતાવરી, જીરૂ, સુંઠ, મરી, પીપર (એકજ હવા બેવડી આવે ત્યા તે બમણી લેવી), દારૂડી, ચિત્રક, જવખાર, સાજીખાર, એરંડાનાં મૂળ, કઠ, પચલવણ, અને વાવડીંગ સમભાગે લેવાં, નેપાળો ત્રણ ભાગ અને નસોતર બે ભાગ લેવા, ઇંદ્રવારણાં એ બે ભાગ અને થોર ચાર ભાગ લેવા, આ સર્વનું ચૂર્ણ નારાયણ ચૂર્ણ કહેવાય છે, તે રોગોના સમૂહને હણી નાંખે છે. જેમ વિષ્ણુની શક્તિ આગળ દૈત્યો નાસી જાય છે, તેમ આ ચૂર્ણની શક્તિથી રોગો નાસી જાય છે. આ ચૂર્ણ ઉદરના રોગોવાળાએ ધાટી છાશ સાથે, ગુલ્મવાળાએ બોરના પાણી સાથે, આનાહ વાળાએ મદિરા સાથે, વાતરોગો વાળાએ મદિરાની આછ સાથે, દસ્તના રોગીએ દહિંના મડ સાથે, અર્શ વાળાએ દાડમના જળ સાથે, ગુદામાં પીડા થવાના રોગ વાળાએ કોકમના પાણી સાથે, અને અજીર્ણવાળાએ ગરમ પાણી સાથે પીવું જોઇએ. ભગંદર, પાંડુરોગ, ઉધરસ, શ્વાસ, ગલગ્રહ, હૃદ્રોગ, ગ્રહણીરોગો, કુબ્જત્વ, મદાગ્નિ, જ્વર, દાઢનું ઝેર, અને અકુત્રિમ ઝેર સાથે મળેલું કુત્રિમ ઝેર, એ સર્વમાં પ્રથમ કોઠાને સ્નિગ્ધ કરીને પછી યોગ્ય પદાર્થોની સાથે વિરેચન કરનારૂ નારાયણ ચૂર્ણ પીવું.

નારાચ ધૃત.

થોરનું છીર, નેપાળો, ત્રિફળા, વાવડીંગ, ભોંરીંગણી, નસોતર અને ચિત્રક એક એક તોલાભાર લેઈ તેમના કલ્કથી સોળ તોળા ઘી પકાવીને વિરેચન માટે પાણીની સાથે એક કે અરધા તોલા જેટલું પીને ઉપર ઉનુ પાણી પીવુ. વિધિ જાણનારાએ આથી વિરેચન લાગ્યા પછી તેને વાળવા માટે યોગ્ય પેયા કે રસ પીવો. નિશાનને જેમ બાણ તોડી નાંખે છે, તેમ યુક્તિથી વાપરેલું આ ઘી પણ ઉદર રોગોને તોડી નાંખે છે, એમ સારા વૈદ્યોએ કહેલુ છે.

વજ્રકલ્ક.

જંગલી કડવા સુરણનો એક તોલો કલ્ક દહિંમાં મેળવીને નિત્ય પાણીથી ગળી જવાથી ઉદરના રોગો શાંત થાયછે.

પુનર્નવાદિ કવાથ.

સાટોડી, દારૂહળદર, કડુ, પરવળ, હરડે, સુંઠ, લીમડો, મોથ, અને ગળોનો વિધિ પ્રમાણે કવાથ કરીને તેમા ગોમૂત્ર તથા ગુગળ નાંખીને પ્રભાતમા પીવાથી સર્વ અંગોના સોજા, ઉદરરોગ, પાંડુરોગ, શૂળ અને શ્વાસ, વગેરે રોગોના સમૂહો અવશ્ય નાશ પામી જાય છે.

इति उदररोगनो अधिकार संपूर्ण.

શોથાધિકાર.

સોજાનાં નિદાનો.

शुद्ध्यामयाभक्तकृशाबलाना क्षाराम्लतीक्ष्णोष्णगुरूपसेवा । दध्याममृच्छाकविरोधि पिष्टगरोपसृष्टान्ननिषेवणं च । अर्शोस्यचेष्टा वपुषो ह्यशुद्धिर्मर्माभिघातो विषमा प्रसूतिः ॥ मिथ्योपचारः प्रतिकर्मणां च निजस्य हेतुः श्वयथोः प्रदिष्टः ।

शुद्धिर्वमनविरेकादि. । आमयाः पाण्डुरोगादय । अभक्तम् अभोजनम् । आम. अपक्वो भुक्तस्य रस । पिष्टगरोपसृष्टान्नम् पिष्टो यो गरः संयोगजं विष तेन संसृष्टमन्नम् । वपुषो ह्यशुद्धिः शोधनार्हस्य वपुषोऽशोधनम् । मर्मोपघात' दोषकृत एव ज्ञेय । बाह्यहेतुकृतस्तु मर्मोपघात आगन्तुजशोथहेतुरेव । विषमा प्रसूति आमगर्भपतनादिका । प्रतिकर्मणां वमनादि पञ्च कर्मणाम् । मिथ्योपचार' असम्यक्करणम् । श्वयथो शोथस्य निजस्य आत्मीयस्य हेतुर्वाताद्यात्मकस्योक्त ।

શોધનોથી, રોગોથી, અને કૃશતાથી નિર્બળ લોકોને સોજા થાય છે ખારા, ખાટા, તીક્ષ્ણ, ઉષ્ણ, કે ભારે પદાર્થોના સેવનથી સોજા થાય છે. દહિં, આમ, માટી, શાક, વિરૂદ્ધ પદાર્થો, સંયોગી ઝેરવાળું અન્ન, અર્શ, શરીરને શ્રમ ન આપવો, શોધન કરવાની જરૂર છતાં તે નહિ કરવું, મર્મ સ્થળનો માર, વિષમ પ્રસવ, તથા પંચકર્મ (વમનાદિ) અયોગ્ય રીતે થાય, તો તેથી વાયુ વગેરે દોષોના સોજા થાય છે.

સોજાનાં સામાન્ય લક્ષણ.

रक्तपित्तकफान् वायुर्दुष्टो दुष्टान् बहिःशिराः । नीत्वा रुद्धगतिस्तैर्हि कुर्यात्त्वङ्मांससंश्रयम् ॥ उत्सेधं संहतं शोथं तमाहुर्निचयादतः सगौरवं स्यादनवस्थितत्वं सोत्सेधमूष्माथ शिरातनुत्वम् । सलोमहर्षं च विवर्णता च सामान्यलिङ्गं श्वयथोः प्रदिष्टम् ।

उत्सेधं उन्नतत्वम् । किंविशिष्टमुत्सेधमत पूर्वोक्तात् निचयात् रक्तपित्तकफानां समुदायात् । संहत घनम् । तमुत्सेधं शोथमाहुरित्यन्वय. । तस्य शोथस्य किं स्यादित्याकांक्षायामाह । अनवस्थितत्वं स्यात् । अनियता स्थिति स्यादित्यर्थः । चिकित्साव्यतिरेकेणापि निवृत्ते । तच्चानवस्थितत्व सगौरवं स्याद्गौरवमप्यनवस्थित स्यात् । अथ च सोत्सेध. स्यात् । उन्नतत्वमप्यनवस्थित स्यादित्यर्थ. ।

દુષ્ટ થયેલા રક્ત, પિત્ત, અને કફને દુષ્ટ થયેલો વાયુ બહારની શિરાઓમાં લેઈ જઈને, પોતે તેથી રોકાઈને, ચામડીમા તથા માંસમાં રક્ત, પિત્ત, તથા કફના સમૂહથી ઘાટાપણા વાળી ઉંચાઈ લાવે છે તેને સોજો કહેછે. એ સોજો અનિયમિત હોય છે, કેમકે વખતે તે વગર ઉપાયે પણ મટી જાય છે. એ અનિયમિતતા ભારેપણા વાળી હોય છે તેથી ભારેપણું પણ અનિયમિત થાય છે, તેથી સોજાની ઉંચાઈ પણ અનિયમિત થાય છે. સોજાથી ઉનાશ, શિરાઓનુ પાતળાપણું, રોમ ઉભાં થવાં, અને વર્ણ બદલાઇ જવો, એ તેનાં લક્ષણો છે.

વાતિક સોજાનાં લક્ષણ.

चरस्तनुत्वक् परुषोऽरुणोऽसितः ससुप्तिहर्षार्तियुतो निमित्ततः । प्रशाम्यति प्रोन्नमति प्रपीडितो दिवाबली स्याच्छ्वयथुः समीरणात् ॥

चरः सञ्चारी । प्रसुतिः स्पर्शाज्ञता । हर्षोऽत्र

क्रेनिकिनी रोमाञ्चो वा । आर्ति· पीडा । एतद्युत:]देवाबली विकृतिविषमसमवायारब्धत्वात् । अत्र]त्रोक्त चरकेण । "स्नेहोष्णवमनाद्यैर्य प्रशाम्येत् । तु वातिक । यश्चाप्यरुणवर्णः स्याच्छोथो नक्त]शाम्यति" ॥

વાયુનો સોજો સચરણવાળો, પાતળી ચામડીવાળો, કઠણ, રાતો, કાળો, સ્પર્શના અજ્ઞાન અને ઝણઝણીવાળો, રોમાંચ તથા પીડાવાળો, કારણ વગર પણ શાંત થઈ જનારો, દિવસે બળવાળો, અને દબાણથી વધનારો હોય છે.

પિત્તના સોજાનાં લક્ષણ.

मृदुः सगन्धोऽसितपीतरागवान्भ्रमज्वरस्वेदतृषामदान्वितः । यस्तूष्यते स्पर्शसहोऽक्षिरागवान्स पित्तशोथो भृशदाहपाकवान् ॥

उच्यते सन्तप्यते । भृशदाहपाकवान् भृश दाहो थ. पाकस्तद्युक्त ॥

મૃદુ દુર્ગંધવાળો, કાળા તથા પીળા રંગનો, ભ્રમ તથા જ્વર અને પરસેવાવાળો, તૃષા કરનારો, મદ કરનારો, તપતો, સ્પર્શનુ સહન કરે તેવો, નેત્રો રાતાં કરનારો, અને પાક સમયે બહુજ બળતરા કરનારો સોજો પિત્તનો જાણવો

કફના સોજાનાં લક્ષણ.

गुरुः स्थिरः पाण्डुररोचकान्वितः प्रसेकनिद्रावमिवह्निमान्द्यकृत् । सकृच्छ्रजन्मप्रशमो निपीडितो न चोन्नमेद्रात्रिबली कफात्मकः ॥

ભારે, સ્થિર, પીંગળો, અરૂચિ તથા નિદ્રા લાવનારો લાળ ઝેરવનારો, ઉલટી કરાવનારો, અગ્નિને મદ પાડનારો, દબાણથી ઉંચો નહી થતો, અને જેની ઉત્પત્તિ તથા શાંતિ બહુ દુઃખદાયી હોય તે સોજો કફનો જાણવો.

દ્વંદ્વજ સોજાનાં લક્ષણ

निदानाकृतिसंसर्गात् ज्ञेयः शोथो द्विदोषजः॥

બે બે દોષોના કારણો તથા લક્ષણો ભેળા હોય તે સોજો બે દોષોનો જાણવો.

સાન્નિપાતિક સોજાનાં લક્ષણ

सर्वाकृतिः सन्निपाताच्छोथो व्यामिश्रलक्षणः ।

व्यामिश्रलक्षण इत्युक्ते सर्वाकृतिरिति उक्तवा-तजादिशोथसकललक्षणनियमार्थम् ।

સર્વે દોષોના ચિન્હો ભેળાં હોય તો તે સોજો સાનિપાતિક કહેવાય છે.

અભિઘાતના સોજાનાં લક્ષણ.

अभिघातेन शस्त्रादिच्छेदभेदक्षतादिभिः । हिमानिलो दध्यनिलैर्भल्लातकपिकच्छुजैः ॥ रसैः शूकैश्च संस्पर्शाच्छ्वयथुः स्याद्विसर्पवान् । भृशोष्मलोहिताभासः प्रायसः पित्तलक्षणः॥

च्छेद खड्गादिना । भेद पाषाणादिना । क्षत शरादिना । आदिशब्देन लगुडप्रहारादि गृह्यते । भल्लातजै रसै. कपिकच्छुजै शूकै विसर्पवान् । प्रसरणशील पित्तलक्षण पैत्तिकशोथलक्षण. ।

શસ્ત્રાદિકથી છેદ ભેદ થવાથી કે ક્ષતથી અભિઘાત થવાથી કે પ્રહાર વાગવા વગેરેથી, ભીલામાનો રસ કે કૌચાની અણીના સ્પર્શથી, ફેલાતો જતો, અત્યત ઉનાશવાળો, રાતો અને ઘણે ભાગ પિત્તના સોજા જેવો સોજો અભિઘાતથી થયેલો જાણવો.

વિષના સોજાનાં લક્ષણ.

विषजः सविषप्राणिपरिसर्पणमूत्रणात् । दंष्ट्रादन्तनखाघातादविषप्राणिनामपि। विण्मूत्रशुक्रोपहतमलवद्वस्तुसङ्करात् ॥ विषवृक्षानिलस्पर्शाद्गरयोगावचूर्णनात् । मृदुश्चलोऽवलम्बी च शीघ्रो बहुरुजाकरः ॥

परिसर्पणात् शरीरोपरि सञ्चरणात् । दंष्ट्रा द्विगुणीकृता दन्तावलिः । चोह इति । दन्ता अग्रे भवा । अविषप्राणिना दंष्ट्रादि विषं शोथव्यथादिकरं भवतीति विशेषः । विण्मूत्रेत्यादि । विडाद्युपहत मलिनं च यद्वस्तु । तथा सङ्करः समार्जनीभिः क्षिप्तो धूल्यादि तेषां सम्पर्कात् । गरयोगावचूर्णनात् । गरः संयोगजं विषं तस्य योगो यस्य तेन वस्तुनाऽवधूलनात् । अवलम्बी लम्बमानः । अयमप्यागन्तुजस्तथापि सामान्यागन्तुजशोथचिकित्सातोऽस्य विशिष्टचिकित्साभिधानात् पृथक् पठितः ।

શરીર ઉપર ઝેરી પ્રાણીના ફરવા કે મુતરવાથી, વગર ઝેરી પ્રાણીઓના કરડવા વગેરેથી, વિષ્ટા અથવા મૂત્ર કે વીર્યથી ઉપહત થયેલી વસ્તુના સંસર્ગથી, ધુળ કે કચરના સંબંધથી, ઝેરી ઝાડ કે ઝેરી પવનના સ્પર્શથી, અને સયોગી વિષોના સ્પર્શથી થતો સોજો વિષનો સોજો સમજવો. આ સોજો કોમળ, ચલિત, લટકતો, તુરત થનારો, અને બહુ વેદનાવાળો હોય છે.

દોષો સોજો કરે છે તે વિષે.

दोषाः श्वयथुमूर्ध्वं हि कुर्वन्त्यामाशये स्थिताः । पित्ताशयस्था मध्ये तु वर्चः स्थानगतास्त्वधः ॥ कृत्स्नं देहमनुप्राप्य कुर्युः सर्वसरास्तथा ।

उर्ध्वम् उरःप्रभृत्यूर्ध्वम् । मध्ये उर.पक्वाशयमध्ये । अधः पक्वाशयादधः ।

આમાશયમાંના દોષો છાતીની ઉપરના ભાગમાં, પિત્તાશયમાંના દોષો છાતી તથા પકવાશયની વચમાં, મળાશયમાંના દોષો પકવાશયની નીચેના ભાગમાં, અને સઘળે રહેલા દોષો આખા શરીરમાં સોજાને ઉત્પન્ન કરે છે

સોજાનાં ઉપદ્રવો.

छर्दिः श्वासोऽरुचिस्तृष्णा ज्वरोऽतीसार एव च । सप्ताकश्चातिदौर्बल्यं शोथ एते उपद्रवाः ॥

ઉલટી, શ્વાસ, અરૂચિ, તૃષા, જ્વર, અતિસાર, અત્યંત પાક, અને અતિ નબળાઇ, એ સોજાના ઉપદ્રવો છે.

સોજાની અસાધ્યતા

श्वासः पिपासा छर्दिश्च दौर्बल्यं ज्वर एव च । यस्य चान्ने रुचिर्नास्ति शोथिनं तं विवर्जयेत् ॥

શ્વાસ, તૃષા, ઉલટી, દુર્બળતા, અને જ્વર, તથા જેને અન્ન ઉપર રૂચિ ન હોય, એવા સોજાવાળાને છોડી દેવો.

સોજાની કષ્ટસાધ્યતા.

यो मध्यदेशे श्वयथुः कष्टः सर्वाङ्गगश्च यः । अर्धाङ्गेरिष्टभूतः स्याद्यश्चोर्ध्वं परिसर्पति ॥

मध्यदेशे उरःपक्वाशयमध्ये । सर्वाङ्गगः सकलशरीरव्यापी । सर्वाङ्गज इति वा पाठः । सान्निपातिकः । अर्धाङ्गे अर्धनारीश्वराकारः । यश्चोर्ध्वं परिसर्पतीति पुरुषविषयः । तथा च ।

उर्ध्वगामी नरः पद्भ्यामधोगामी तथा-स्त्रियम् । उभय बस्तिसंजातः शोथो हन्ति न संशयः ॥

ऊर्ध्वगामी मुखगामी । तथाच तन्त्रान्तरे । "पादप्रवृत्त. श्वयथुर्नृणा य· प्राप्नुया मुखं" इति स न सिध्यतीति शेषः । अधोगामी पद गामी । तथा च तन्त्रान्तरे । "स्त्रीणा वक्त्रात् पदं याति बस्तिजश्च न सिध्यति" इति । उभय नरं नारीं च । अपर च । अनन्योपद्रवकृत शोथः पादसमुत्थित । पुरुष हन्ति नारीं तु मुखजो बस्तिजो द्वयम्" । अयमर्थ पादसमुत्थित पादाभ्यामुत्थितो मुखगामीति यावत् । शोथ पुरुष हन्ति । स किंविशिष्ट अन्योपद्रवकृत शोथादन्ये व्याधयोऽतीसार ग्रहण्यर्शः प्रभृतयस्तेषामुपद्रवै. कृत. तदुपद्रवत्वेन जात इत्यर्थः । न अन्योपद्रवकृत. अनन्योपद्रवकृत । अर्थात् स्वहेतुभिरेव जात । द्वयम् पुरुषं नारीं च हन्ति सोऽप्यनन्योपद्रवकृत एव ॥

છાતી અને પકવાશય વચેના મધ્ય ભાગમાં, તથા આખા શરીરમાં વ્યાપેલો સોજો કષ્ટસાધ્ય છે. અર્ધાંગમાં થયેલો સોજો મારી નાંખે છે. અને તે ઊંચે ઊંચે ચઢે છે પગથી ઉપર ઉપર ચઢતો સોજો પુરૂષને અને મુખથી નીચે નીચે જતો સોજો સ્ત્રીને, તથા બસ્તિમા થયેલો સોજો સ્ત્રી પુરૂષ બંનેને અવશ્ય મારી નાખેછે. અન્યાંતરમાં કહ્યું છે કે–ઉપર કહેલા સોજા જો અતિસાર, ગ્રહણી તથા અરશ આદિ બીજા રોગના ઉપદ્રવરૂપે ન થયા હોય, અર્થાત્ નિદાનોથીજ થયા હોય તો મારી નાંખે છે.

સોજાની ચિકિત્સા.

शुण्ठीपुनर्नवैरण्डपञ्चमूलीशृतं जलम् । वातिके श्वयथौ शस्तं पानाहारपरिग्रहे ॥ पटोलत्रिफलारिष्टदार्वीक्वाथः सगुग्गुलुः । तद्वत्पित्तकृतं शोथं हन्ति श्लेष्मोद्भवं तथा॥ मिश्रे मिश्रक्रमं कुर्यात्सर्वजे सर्वमेव हि । बिल्वपत्ररसं पूतं सोषणं त्रिभवे पिबेत् ॥ शोथे त्वागन्तुजे कुर्यात्सेकलेपादि शीतलम् । भल्लातकया हरेत् शोथं सातिला कृष्णमृत्तिका ॥ माहिषीक्षीरसंपिष्टैर्नवनीतसमन्वितैः । तिलैर्लिप्तः शमं याति शोथो भल्लातकोत्थितः ॥ यष्टीदुग्धतिलैर्लेपो नवनीतेन संयुतः । शोथमारुष्करं हन्ति चूर्णं शाल्दलस्य च ॥

विषजशोथचिकित्सातु विषचिकित्साया द्रष्टव्या ।

સુંઠ, સાટોડી, એરંડો, અને બૃહત્પંચમૂળનો કવાથ પીવાથી, તથા ભોજનમા પણ તેનોજ ઉપયોગ કરવાથી વાયુનો સોજો મટી જાય છે.

કડવાં પરવળ, ત્રિફળા, લીમડો, અને દારૂહળદરનો કવાથ ગુગળ નાખીને પીવાથી પિત્ત તથા કફના સોજાઓ મટી જાયછે

બે દોષથી થયેલા સોજા ઊપર મિશ્ર ચિકિત્સા કરવી. અને ત્રણે દોષોથી થયેલા સોજા ઊપર બીલીપત્રનો રસ ગાળીને તેમાં ત્રિકટુનું ચૂર્ણ નાંખીને પીવો, એથી સાંનિપાતિક સોજો મટી જાયછે. એમા ત્રણે દોષોની મિશ્ર ચિકિત્સા કરવી.

અભિઘાતથી સોજો થયો હોયતો તે ઉપર શીતળ સેચન તથા લેપન વગેરે કરવાં

તલ તથા કાળી માટીને વાટીને ચોપડવાથી ભીલામાનો સોજો મટી જાયછે.

ભેંશના દૂધમા તલ વાટીને તેમાં લેં-

શનુ માખણ મેળવીને ચોપડવાથી ભીલામાનો સોજો મટી જાયછે.

જેઠીમધ, દૂધ, તલ, અને માખણનો લેપ કરવાથી ભીલામાનો સોજો મટી જાયછે

સાલીયાના પાનના ચૂર્ણથી પણ ભીલામાનો સોજો મટી જાયછે

ઝેરના સોજાની ચિકિત્સા ઝેરના પ્રકરણમા કહેવાશે, માટે ત્યાં જોઇ લેવી.

સોજાની સામાન્ય ચિકિત્સા.

महिष्या नवनीतं वा लेपादुग्धतिलान्वितम् । अत्र दुग्ध च महिष्या एव ।

पथ्या निशाभार्ङ्यमृताग्निदार्वीपुनर्नवादारुमहौषधानाम् । क्वाथः प्रसह्योदरपाणिपादमुखाश्रितं हन्त्यचिरेण शोथम् ॥ इति पथ्यादिक्वाथ. ।

फलत्रिकोद्भवं क्वाथं गोमूत्रेणैव साधितम् । वातश्लेष्मोद्भवं शोथं हन्यादूव्रणसम्भवम् ॥ वृश्चीवदेवद्रुमनागरर्वा दन्तीत्रिवृत्त्र्यूषणचित्रकैर्वा । दुग्धं सुसिद्धं विधिनानिपीतं गीतं परं शोथहरं भिषग्भिः ॥ वृश्चीवः श्वेतवर्षाभू ।

सेकस्तथार्कवर्षाभूनिम्बक्वाथेन शोथहृत् । गोमूत्रेणापि कुर्वीत सुखोष्णेनावसेचनम् ॥ पुनर्नवा दारु शुण्ठी शिग्रुः सिद्धार्थकस्तथा । अम्लपिष्टः सुखोष्णोऽयं प्रलेपः सर्वशोथहृत् ॥ गुडार्द्रकं वा गुडनागरं वा गुडाभयां वा गुडपिप्पलीं वा । कर्षाभिवृद्ध्या त्रिपलप्रमाणं खादेन्नरः पक्षमथापि मासम् ॥ शोथप्रतिश्यायगलास्यरोगान् सश्वासकासारुचिपीनसादीन् । जीर्णज्वरार्शोग्रहणीविकारान् हन्यात्तथान्यान् कफवातरोगान् ॥ विश्वं गुडेन तुल्यं वृश्चीवरसानुपानमभ्यस्तम् । विनिहन्ति सर्वशोथं घनवृन्दं चण्डवायुरिव ॥ कणा नागरज चूर्णं सगुडं शोथनाशनम् । आमाजीर्णप्रशमनं शूलघ्नं वस्तिशोधनम् ॥ गुडात्पलत्रयं ग्राह्य शृङ्गवेरपलत्रयम् । शृङ्गवेर समा कृष्णा लोहविट्तिलयोः पलम् ॥ चूर्णमेतत् समुद्दिष्टं सर्वश्वयथुनाशनम् ।

इति गुडादिवटिका ।

मानकक्वाथकल्काभ्यां घृतप्रस्थं विपाचयेत् । एकजं द्वन्द्वजं शोथं त्रिदोषं च व्यपोहति ॥ इति मानकघृतम् ।

शुष्कमूलकवर्षाभूदारुरास्नामहौषधैः । पक्वमभ्यञ्जनं तैलं सशूलं श्वयथुं हरेत् ॥

इति शुष्कमूलकतैलम् । इति शोथनिदानाचिकित्साधिकारः ।

ભેશના દૂધ તથા માખણમાં તલ વાટીને લેપ કરવાથી પણ સોજા મટેછે.

હરડે, હળદર, ભારંગી, ગળો, ચિત્રક, દારૂહળદર, સાટોડી, દેવદાર, અને સૂઠનો ક્વાથ પેટ, હાથ, પગ, તથા મુખમાંના સોજાને બળાત્કારથી તુરતજ હણી નાંખેછે (પથ્યાદિ ક્વાથ.)

ત્રિફળાના ક્વાથ સાથે ગોમૂત્ર ઊકાળીને પીવાથી વૃષણમાંનો વાયુ તથા કફના સોજા મટી જાયછે.

ધોળી સાટોડી, દેવદાર, અને ચિત્રક, અથવા નેપાળો, સૂંઠ, મરી, પીપર, ચિત્રક, એથી બહુ પકાવેલું દૂધ યોગ્ય વિધિથી પી-

વાથી સોજો અવશ્ય મટી જાયછે, એમ વૈદ્યો કહે છે.

આકડો, સાટોડી, અને લીમડાનો ક્વાથ સોજા ઉપર સીંચવાથી તે મટી જાયછે.

ગોમૂત્રને કંઇક ગરમ કરી સોજા ઉપર સીંચવાથી સોજો મટી જાયછે

સાટોડી, દેવદાર, સૂઠ, સરગવો, અને સર્ષવને ખાટા રસમાં વાટીને જરા ગરમ કરીને ચોપડવાથી સર્વ પ્રકારના સોજા મટી જાય છે.

ગોળ તથા આદુ, અથવા ગોળ અને સૂઠ, અથવા ગોળ અને હરડે, અથવા ગોળ અને પીપર, એ નિત્ય એક એક તોલો વધીને બાર તોલા સૂધી ચઢીને, તે પ્રમાણે એક પખવાડિયુ કે મહિના સુધી ખાવાથી સોજા, સળેખમ, ગળાના રોગો, શ્વાસ, ઉધરસ, અરૂચિ, પ્રતિશ્યાય, જીર્ણજ્વર, અર્શ, ગ્રહણીરોગ, અને બીજા પણ કફ તથા વાયુના રોગો મટી જાયછે

સૂંઠ અને ગોળ સમભાગે ખાઇને ઉપર ધોળી સાટોડીનો રસ પીવાની ટેવ રાખવાથી, જેમ પ્રચડવાયુ વાદળાંને તોડે છે તેમ, સર્વ પ્રકારના સોજા હણાઇ જાય છે

સૂઠ અને પીપરનુ ચૂર્ણ ગોળ સાથે ખાવાથી સોજા, આમાજીર્ણ, અને શૂળ મટી જાય છે, અને મૂત્રાશય સાફ થાય છે.

ગુડાદિવટિકા

બાર બાર તોલા ગોળ, સૂઠ, અને પીપર, તથા ચાર ચાર તોલા મડુર અને તલ, એ ચૂર્ણ ખાવાથી સર્વ પ્રકારના સોજા મટી જાય છે.

માનકઘૃત.

માનકદના ક્વાથમાં એનોજ કલ્ક નાંખીને ૬૪ તોલા ઘી પકાવવુ. એ માનકઘૃત ખાવાથી એક, બે, કે ત્રણ દોષોના સોજા પણ મટી જાય છે.

શુષ્કમૂલક તૈલ.

સૂકાયેલા મૂળા, સાટોડી, દેવદાર, રાસ્ના, અને સૂઠથી પકાવેલુ તેલ શુષ્ક મૂલક તૈલ કહેવાય છે. તેનો અભ્યંગ કરવાથી સોજા તથા શૂળને મટાડે છે.

इति सोजानो अधिकार ॥

વૃદ્ધિ (વધરાવળ) ના તથા બદનો અધિકાર.

વધરાવળના નિદાન તથા સંખ્યા.

दोषास्रमेदोमूत्रान्त्रैः संवृद्धिः सप्तधा गदः।
मूत्रान्त्रजावप्यनिलाद्धेतुभेदस्तु केवलः ॥

વાત, પિત્ત, કફ, રક્ત, મેદ, મૂત્ર, અને આંતરડાંથી, એમ સાત પ્રકારની વધરાવળ થાય છે. મૂત્ર અને આંતરડાની વધરાવળ વાયુથીજ થાય છે, તોપણ હેતુભેદથી જૂદી ગણાય છે

વધરાવળની સંપ્રાપ્તિ.

वृद्धिं करोति कोषस्थो फलकोषाभिवाहिनीः ॥ रुध्वा क्रुद्धगतिर्वायुर्धमनीर्मुष्कगामिनिः ॥

પોતાના કારણોથી કોપ પામેલો વાયુ વૃષણોમા રહીને તેની શિરાઓને રોકીને વૃષણોની ગોળી તથા તેની ત્વચાની વૃદ્ધિ કરેછે.

વાયુની વધરાવળનાં લક્ષણ.

वातपूर्णदृतिस्पर्शो रूक्षो वातादहेतुरुक् ॥

अहेतुरुक् । अत्रेपदर्थे नञ् । तेन स्वल्पादपि विप्रकृष्टात् कारणात् रुक पीडा यत्र स ।

વાયુથી ભરેલી ધમણના જેવા સ્પર્શવાળી, રૂક્ષ, તથા છેટેનાં અલ્પ કારણોથી પણ પીડા કરનારી વધરાળ વાયુની હોય છે.

પિત્તની વધરાળનાં લક્ષણ.

पक्वोदुम्बरसङ्काशः पित्ताद्दाहोष्मपाकवान् ।

दाह आभ्यन्तरः । ऊष्मा बहिस्तप्तता ।

પાકા ઊંબરાનાં ફળ જેવી અને પિત્તથી દાહવાળી અને ગરમ વધરાળ પિત્તથી થાય છે.

કફની વધરાળનાં લક્ષણ.

कफाच्छीतो गुरुः स्निग्धः कण्डूमान् कठिनोऽल्परुक् ।

કફની વધરાળ શીતળ, ભારે, સ્નિગ્ધ, ચળવાળી, કઠણ, અને થોડી પીડાવાળી હોય છે.

રક્તની વધરાળનાં લક્ષણ.

कृष्णस्फोटावृतः पित्तवृद्धिलिङ्गश्च रक्तजः ।

લોહીની વધરાળ કાળી, ફોલ્લીઓથી વીંટાયેલી અને પિત્તની વધરાળના જેવાં લક્ષણોવાળી હોય છે.

મેદની વધરાળનાં લક્ષણ.

कफवन्मेदसो वृद्धिर्मृदुस्तालफलोपमः ।

नीलवर्तुल ॥

મેદની વધરાળ કફની વધરાળ જેવી, પણ મૃદુ અને તાડનાં ફળ જેવી નીલ તથા ગોળ હોય છે.

મૂત્રની વધરાળનાં લક્ષણ.

मूत्रधारणशीलस्य मूत्रजः स तु गच्छतः । अम्भोभिः पूर्णदृतिवत् क्षोभं याति सरुङ् मृदु ॥ मूत्रकृच्छ्रमधः कुर्यात् चलन् फलकोषयोः । चलन् फलकोषयोरध. । मूत्रकृच्छ्रं मूत्रेण व्यथा कुर्यादित्यर्थे ।

મૂત્ર અટકાવવાથી મૂત્રની વધરાળ થાય છે. તે ચાલતી વેળા પાણીની પખાલની, પેઠે ક્ષોભ પામે છે તથા પીડા કરે છે. તે કોમળ, મૂત્રના કષ્ટવાળી, અને ગોળીઓની નીચે લટકતી હોય છે.

અંત્ર વૃદ્ધિનાં લક્ષણ.

वातकोपिभिराहारैः शीततोयावगाहनैः। धारणेरणभाराध्वविषमाङ्गप्रवर्तनैः॥क्षोभणैः क्षोभितोऽन्यैश्च क्षुद्रान्त्रावयवं यदा । पवनो विगुणीकृत्य स्वनिवेशादधो नयेत् ॥ कुर्याद् वंक्षणसन्धिस्थो ग्रन्थ्याभं श्वयथुं तदा ।

धारणे उपस्थितस्य वेगस्य । ईरण अनुपस्थितस्य वेगस्य प्रेरणम् । विषमाङ्गप्रवर्तनं वक्रत्वेनाक्रमोटनम् । अन्यानि क्षोभणानि बलवद्विग्रहकठोरधनुराकर्षणादीनि तैः क्षोभितः सन्दूष्य सञ्चालितः पवनः यदा क्षुद्रान्त्रावयवं विगुणीकृत्य स्वनिवेशादधो नयेत् । तदा वंक्षणसन्धिस्थ सन् वंक्षणसन्धौ ग्रन्थिरूपं श्वयथुं कुर्यादित्यर्थः ।

उपेक्ष्यमाणस्य मष्कवृद्धिमाध्मानरुक्स्तम्भवतीं सकुर्यात् । प्रपीडितोऽन्तःस्वनवान् प्रयाति प्रध्मापयन्नेति पुनश्च मुक्तः ॥

तत्राध्मानमुदरे रुग् । वृषणयोर्मुष्कयोः स्तम्भो गात्रे तद्युक्तं कुर्यादित्यर्थः । भोजोऽप्याह । "अन्त्रं विगुणमादाय वातो नयति वंक्षणम् । वंक्षणाच्चद्रुजायुक्तं फलकोषं प्रपद्यते " इति ॥

વાયુ કોપે એવા આહારોથી, ટાઢે પાણીએ ન્હાવાથી, ભારવહન કરવાથી, પથથી, અંગની વિષમ પ્રવૃત્તિથી, ક્ષોભથી, ક્ષોભ પામેલો વાયુ આંતરડાંમા આવીને તેમને દૂષિત કરીને નાના આતરડાને પોતાના સ્થાનથી નીચે ઊતારે છે, તેથી વૃષણના સાધામાં ગાઠ જેવુ થાય છે. (આને અન્ત્રવૃદ્ધિ કે સારણ ગાંઠ કહે છે.)

અન્ત્ર વૃદ્ધિની ઉપેક્ષાથી પરિણામ.

અંત્રવૃદ્ધિની ઉપેક્ષા કરવાથી આફરો, વધેલાં વૃષણોમાં પીડા, અને અગ ઝલાઈ જાય છે. આ વધરાળને હાથથી દબાવવામાં આવે તો અવાજ કરીને અંદર પેસી જાય છે, અને દબાણ મૂકી દેવાથી પાછી બહાર ફુલી આવે છે.

અન્ત્ર વૃદ્ધિની અસાધ્યતા.

यस्यान्त्रावयवाश्लेषो मुष्कयोर्वातसञ्चयात् ॥ अन्त्रवृद्धिरसाध्योऽयं वातवृद्धिसमाकृतिः ॥

वातवृद्धिसमाकृतिरिति योन्त्रवृद्धिरोग सोऽसाध्यो वातवृद्धिसमाकृति ।

વાયુના સચયને લીધે અને વૃષણોમાં આંતરડાના ભાગનો સબંધ થયો હોય છે એવી એ વધરાળ જો વાયુની વધરાળ જેવી થઈ જાય, તો તે અસાધ્ય થાય છે

બદનાં નિદાન તથા લક્ષણ.

अत्यभिष्यन्दिगुर्वन्न शुष्कपूत्यामिषाशनात् । करोति ग्रन्थिवच्छोथं दोषो वंक्षणसन्धिषु ॥ ज्वरशूलाङ्गसादाढ्यं तं ब्रध्नेति विनिर्दिशेत् ।

અતિ શરદી કરનારાં અને ભારે અન્નો, સૂકાયલું અને ગધાયલુ માંસ, એ ખાવાથી કોપ પામેલ દોષ સાથળના સાધામાં ગાઠ ઉત્પન્ન કરે છે, તેથી જ્વર, શૂળ અને ગ્લાનિ બહુ થાય છે આ ગાંઠને બદ કહે છે

વધરાવળની ચિકિત્સા.

वृद्धावत्यशनं मार्गमुपवासं गुरुणि च । वेगाघातं पृष्ठयानं व्यायामं मैथुनं त्यजेत्॥ वातवृद्धौ पिबेत् स्निग्धं यथाप्राप्तं विरेचनम् । सक्षीरं च पिबेत्तैलं मासमेरण्डसम्भवम् ॥ गुग्गुल्मेरण्डज तैलं गोमूत्रेण पिबेन्नरः । वातवृद्धिं जयत्याशु चिरकालानुबन्धिनीम् ॥ पित्तग्रन्थिक्रमेणैनं पित्तवृद्धिमुपाचरेत् । जलौकाभिर्हरेद्रक्तं वृद्धौ पित्तसमुद्भवे ॥ चन्दनं मधुकं पद्ममुशीरं नीलमुत्पलम् । क्षीरपिष्टं प्रलेपेन दाहशोथरुजापहम् ॥ त्रिकटुत्रिफलाक्वाथं सक्षारलवणं पिबेत् । विरेचनमिदं श्रेष्ठ कफवृद्धिविनाशनम् ॥ लेपनाः कटुतीक्ष्णोष्णाः स्वेदनं सूक्ष्ममेव च । परिषेकोपनाहौ च सर्वमुष्णमिहेष्यते ॥ मुहुर्मुहुर्जलौकाभि शोणितं रक्तजे हरेत् । पिबेद्विरेचनं वापि शर्कराक्षौद्रसंयुतम् ॥ शीतमालेपनं शस्तं सर्वं पित्तहरं तथा । पित्तवृद्धिक्रमं कुर्यादामे पक्के च रक्तजे ॥ स्विन्नं मेदःसमुत्थं तु लेपयेत् सुरसादिना । शिरो विरेचनद्रव्यैः सुखोष्णैर्मूत्रसंयुतैः ॥ संस्वेद्य मूत्रप्रभव वस्त्रपट्टेन वेष्टयेत् । सीवन्याः पार्श्वतोऽयस्ताद्विध्येत् व्रीहिमुखेन वै । मुष्ककोशमगच्छन्त्यामन्त्रवृद्धौ विचक्षणः ॥

वातवृद्धिक्रमं कुर्यात् स्वेदं तत्राग्निना हितम् । व्रीहिमुखेन शस्त्रविशेषेण । अगच्छन्त्यां अस्रवन्त्याम् ।

तैलमेरण्डजं पीत्वा बलासिद्धं यथोचितम् ॥ आध्मानशूलोपचितामन्त्रवृद्धिं जयेन्नरः । रास्नायष्ट्यमृतैरण्डबलारग्वधगोक्षुरैः ॥ पटोलेन वृषेणापि विधिना विहितं शृतम् । रबुतैलेन संयुक्तमन्त्रवृद्धिं व्यपोहति ॥ इति रास्नादिक्वाथः ॥

गन्धर्वहस्ततैलेन क्षीरेण विहितं शृतम् । विशालामूलजं चूर्णं वृद्धिं हन्ति न संशयः॥ विशाला इन्द्रवारुणी ।

वचासर्षपकल्केन प्रलेपः शोथनाशनः । शिग्रुत्वक्सर्षपैर्लेपः शोथ श्लेष्मानिलापह ॥ शुद्धसूतं तथा गन्धं मृतान्येतानि योजयेत् । लोहं रङ्गं तथा ताम्रं कांस्यं चाथ विशोधितम् ॥ तालकं तुत्थकं चापि तथा शङ्खवराटकम् । त्रिकटु त्रिफला चव्यं विडङ्गं वृद्धदारकम् ॥ कर्चूरं मागधीमूलं पाठां सहपुषां वचाम् । एलाबीजं देवकाष्ठं तथा लवणपञ्चकम् ॥ एतानि समभागानि चूर्णयेदथ कारयेत् । कषायेण हरीतक्या वटिका टङ्कसंमिताम् ॥ एकां तां वटिकां यस्तु निर्गिलेद्वारिणा सह । अन्त्रवृद्धिरसाध्यापि तथ्यं नश्यति सत्वरम् ॥ इति वृद्धिबाधिका वटिका ।

વધરાવળવાળાએ બહુ ભોજન, પથ, ઉપવાસ, ભારે ભોજન, મૂત્રાદિ વેગોનો રોધ, ઘોડા વગેરે ઉપર બેસીને ચાલવું, કસરત, શ્રમ, અને મૈથુન, કરવાં નહિ.

મળી આવે તેવું સ્નિગ્ધ વિરેચન લેવાથી વાયુની વૃદ્ધિ મટી જાય છે.

દૂધ અને એરંડિયુ તેલ એક માસ સૂધી પીવાથી વાયુની વધરાવળ મટી જાય છે.

એરંડિયુ તેલ તથા ગૂગળ ગોમૂત્રમાં પીવાથી વાયુની વધરાળ લાંબા કાળની હોય તો પણ મટી જાય છે.

પિત્તની ગાંઠની ચિકિત્સા કહેવામાં આવશે, તેજ યોગ્ય રીતે કરવાથી પિત્તની વધરાવળ પણ મટી જાય છે.

જળો લગાડી લોહી કઢાવવાથી પિત્તની વધરાળ મટી જાય છે.

રતાંજળી, જેઠીમધ, કમળ, વાળો, અને નીલકમળને દૂધમાં વાટીને લેપ કરવાથી પિત્તની વધરાવળનો સોજો તથા બળતરા મટી જાય છે.

ત્રિફળા અને ત્રિકટુનો કવાથ કરી તેમાં જવખાર અને સૈંધવ નાંખીને પીવાથી કફની વધરાળ મટી જાય છે. આ વિરેચન કફની વધરાવળ મટાડવાને ઉત્તમ છે.

તીખા, તીક્ષ્ણ, અને ગરમ લેપનો, જરા જરા સ્વેદન, અને સર્વ ગરમ સેચનો તથા ઉનાં બંધારણો કફની વધરાળ ઉપર કરવા.

રક્તની વધરાળમાં વારંવાર જળો મૂકી લોહી કઢાવવું, અને સાકર તથા મધ સાથે વિરેચન આપવું

મેદની વધરાળ ઉપર શેક કરીને સુરસાદિગણનાં ઔષધોનો લેપ કરવો.

મૂત્રની વધરાળમાં માથે, દોષોથી ખાલી કરનારાં ઔષધો ગોમૂત્રમાં નાખી જરા ગરમ કરીને તેનો શેક કરી વસ્નો પાટો બાંધવો.

આંતરડાંની વધરાળ (સારણ) અ-વતી ન હોય તો ડાહ્યા વૈદ્યે સેવનીની બાજુએ નીચેના ભાગમાં વ્રીહિમુખ નામના શસ્ત્રથી વીંધ પાડવો, અને પછી વાયુની વધ-રાળના જેવી ચિકિત્સા કરવી.

અન્ત્રવૃદ્ધિ ઉપર અગ્નિનો શેક હિતકારી થાય છે.

બળદાણાના કલ્કથી પકાવેલું એરંડિયુ તેલ યોગ્યરીતે પીવાથી આફ્રાવાળી તથા શૂળવાળી આંતરડાંની વૃદ્ધિ (સારણ ગાંઠ) મટી જાયછે.

રાસ્નાદિ કવાથ

રાસ્ના, જેઠીમધ, ગળો, એરંડો, બળ-દાણા, ગરમાળો, ગોખરૂ, કડવાં પરવળ, અને અરડુસીનો વિધિવત્ કરેલો કવાથ એરંડિયુ તેલ નાંખીને પીવાથી અન્ત્રવૃદ્ધિ મટી જાયછે.

એરંડિયુ તેલ, દધ, અને ઇદ્રવારણાંનાં મૂળનો કવાથ પીવાથી વધરાળ નક્કી મટી જાય છે

વજ તથા સર્ષપના કલ્કનો લેપ કર-વાથી વધરાળનો સોજો નાશ પામેછે.

સરગવાની છાલ અને સર્ષપનો લેપ કરવાથી વધરાળનો સોજો, કફ, તથા વાયુ મટી જાય છે.

વૃદ્ધિબાધિકા વટિકા.

મારેલો શુદ્ધ પારો, ગધક, લોહભસ્મ, કથીરભસ્મ, તામ્રભસ્મ, કાંસ્યભસ્મ, મારેલી હરતાળ, મોરથુથુ, શખ ભસ્મ, કોડીની ભસ્મ, સુઠ, મરી, પીપર, ત્રિફળા ચવક, વાવડીંગ, વરધારો, કચુરો, પીપરીમૂળ, કા-ળીપાડ, પલાશી, વજ, એળચીનાં બીજ, દેવદાર, અને પંચલવણનુ સમ ભાગ ચૂર્ણ કરી તેની હરડેના કવાથથી પા પા તોલાની ગોળીઓ કરી એક એક ગોળી પા-ણીની સાથે ગળી જવાથી અસાધ્ય અંત્રવૃદ્ધિ પણ તુરત નાશ પામેછે. એ નિઃસશય છે

બદની ચિકિત્સા.

भृष्टश्चैरण्डतैलेन सम्यकल्कोऽभयाभवः । कृष्णसैन्धवसंयुक्तो ब्रध्नरोगहरः परः ॥ अजाजी हपुषा कुष्ठं गोमेदबदरान्वितम् । काञ्जिकेन तु संपिष्टं तल्लेपो ब्रध्नजित् परः ॥

गोमेद पत्रकम् । तथा निघण्टौ धन्वन्तरि । "पत्र दलाह्वय रास गोमेद वसमाह्वयाम्" इति ।

इति वृद्धिब्रध्नरोगनिदानचिकित्साधिकार ।

હરડેના કલ્કને એરંડિયા તેલમા શેકીને પીપર તથા સચળ સાથે ખાવાથી બદ અવશ્ય મટી જાય છે.

જીરૂં, પલાશી, કઠ, તમાલપત્ર, અને બોરને કાંજીમા વાટીને લેપ કરવાથી બદ અવશ્ય મટી જાયછે.

वृद्धिनो तथा ब्रध्मनो अधिकार संपूर्ण.

ગલગંડાદિ અધિકાર.

ગલગંડનું લક્ષણ.

निबद्धः श्वयथुर्यस्य मुष्कवल्लम्बते गले । महान् वा यदि या ह्रस्वो गलगण्डं तमादिशेत् ॥

निबद्ध दृढ अचलो वा मुष्कवत् अण्डवत् । गले इति हनुमन्ययोरुपलक्षणम् । तथाच भोजः । "महान्तं शोथमल्प वा हनुमन्यागलाश्रयम् । मुष्कवल्लम्बमान तु गलगण्डं विनिर्दिशेत्" ॥

ગળામા મોટો કે નાનો દૃઢ અને અ-વિચળ સોજો વૃષણની પેઠે લટકતો હોય તેને ગલગડ કહેછે.

ગલગડની સંપ્રાપ્તિ.

वातः कफश्चापि गले प्रदुष्टौ मध्ये तु संसृत्य तथैव मेदः । कुर्वन्ति गण्डं क्रमशः स्वलिङ्गैः समाचितं तं गलगण्डमाहुः ॥

स्वलिङ्गै वातकफमेदोलक्षणै ।

દુષ્ટ થયેલા વાયુ, કફ, અને મેદ ગળા-માં મધ્યે આવીને અનુક્રમે પોતપોતાના લક્ષણો વાળો સોજો કરેછે, તે રોગ ગલગડ કહેવાય છે.

વાયુના ગલગંડનાં લક્ષણ.

तोदान्वितः कृष्णसिरावनद्धः श्यावारुणो वा पवनात्मकस्तु । पारुष्ययुक्तश्चिरवृद्ध्यपाको यदृच्छया पाकमियात्कदाचित् ॥ वैरस्यमास्यस्य च तस्य जन्तोर्भवेत्तथा तालुगलप्रशोषः । चिरवृद्ध्यपाक चिरेण बुद्धि. अपाकश्च यस्य स. ॥

લોંકાયા જેવી પીડા વાળો, કાળી શિરા-ઓથી બધાઇને કાળા રાતા રંગ વાળો, કઠણ, લાંબે કાળે વધનારો, નહિ પાકનારો તથા કોઈક વાર વળી પાકી જનારો એવો ગલગંડ વાયુનો જાણવો. તેથી મુખમા વિરસપણુ અને તાળવું તથા ગળામા શોષ થાયછે.

કફના ગલગંડનાં લક્ષણ.

स्थिरः सवर्णो गुरुरुग्रकण्डूः शीतो महांश्चापि कफात्मकस्तु । स्निग्धास्यता तस्य भवेच्च जन्तोर्गलेन शब्दं कुरुते च नित्यम् ॥ चिराच्च वृद्धिं भजते चिराद्वा प्रपच्यते मन्दरुजः कदाचित् । माधुर्यमास्यस्य च तस्य जन्तोर्भवेत्तथा तालुगलप्रलेपः ॥

कदाचित्प्रपच्यते वा पाकोऽपि चिराद्भवति प्रलेप. श्लेष्मणा ।

જે ઠેકાણે થયો હોય તે સ્થળના જેવા જ વર્ણ વાળો, સ્થિર, ભારે, અતિશય ચળ-વાળો, શીતળ, મોટો, લાંબે કાળે વધનારો તથા કોઈક વાર લાંબે કાળે પાકનારો, અને વેદનાવાળો ગલગડ કફનો જાણવો. તેથી મુખમાં સ્નિગ્ધતા અને મધુરતા રહેછે. ગ-ળામાં ખડખડાટ રહેછે, અને તાળવું તથા ગળુ કફથી ખરડાયેલુ રહેછે.

મેદના ગલગંડનાં લક્ષણ.

स्निग्धो मृदुः पाण्डुरनिष्टगन्धो मेदोऽन्वितः कण्डुयुतो रुजश्च । प्रलम्बतेलाबुवदल्पमूलो देहानुरूपक्षयवृद्धियुक्तः ॥ स्निग्धास्यता तस्य भवेच्च जन्तोर्गलेन शब्दं कुरुते च नित्यम् ।

સ્નિગ્ધ, કોમળ, પીંગળો, ગધાતો, પીડા તથા ચળવાળો, તુંબડાની પેઠે લટકતો, અલ્પ મુળવાળો, દેહની સાથેજ, ક્ષય તથા વૃદ્ધિ પામનારો ગલગંડ મેદનો જાણવો. તેથી મુખમા ચીકાશ અને કંઠમાં હમેશા ખટખ-ડાટ રહેછે.

અસાધ્ય ગલગંડ વિષે.

कृच्छ्राच्छ्वसन्तं मृदु सर्वगात्रं संवत्सरातीतमरोचकार्तम् । क्षीणं च वैद्यो गलगण्डयुक्तं भिन्नस्वरं नैव नरंचिकित्सेत् ॥

શ્વાસ માંડ માંડ લેઈ શકાય, સર્વ અંગો કોમળ થયાં હોય, અરૂચિ અને

નબળાઇ થઈ હોય, સાદ બેસી ગયો હોય, અને ગલગંડ એક વર્ષનો જૂનો થયો હોય, એવા ગલગંડની ચિકિત્સા કરવી નહીં

ગંડમાલાનું લક્ષણ.

कर्कन्धुकोलामलकप्रमाणैः कक्षांसमन्यागलवङ्क्षणेषु । मेदःकफाभ्यां चिरमन्दपाकैः स्याद्गण्डमाला बहुभिश्च गण्डैः ॥

कर्कन्धु क्षुद्रबदरः । कोल बृहद्बदरम् । चिरमन्दपाकै. चिरेण मन्दोऽल्पः पाको येषा तै. ।

કાખમાં, ખભાઓમાં, ઓડમાં, ગળામાં તથા સાથળના મૂળમાં મેદ તથા કફને લીધે ચણીબોર જેવડી, મોટાં બોર જેવડી, આમળા જેવડી ગાંઠો થઇ હોય તે ગંડમાલા કહેવાય છે, તે લાંબાકાળે થોડી થોડી પાકે છે.

અપચીનાં લક્ષણ.

ते ग्रन्थयः केचिदवाप्तपाकाः स्रवन्ति नश्यन्ति भवन्ति चान्ये । कालानुबन्धं चिरमादधाति सैवापचीति प्रवदन्ति केचित् ॥

ते ग्रन्थय गण्डमालाया एव । गण्डा केचिदवाप्तपाका सन्त स्रवन्ति केचिन्नश्यन्ति अन्ये भवन्ति च ॥ कालानुबन्ध चिरमादधाति या गलगण्डमाला चिरं तिष्ठति सैवापचीति केचिद् वदन्ति॥

જે ગાંઠોમાંથી કેટલીક પાકીને સ્રવતી હોય, કેટલીક મટી જતી હોય, કેટલીક નવી થતી હોય, એમ લાંબા કાળ સૂધી ચાલ્યા કરે તો તેને કેટલાક અપચી કહેછે.

અપચીની સાધ્યાસાધ્યતા.

साध्या स्मृता पीनसपार्श्वशूलकासज्वरच्छर्दियुता त्वसाध्या ॥

સળેખમ, પડખામાં શૂળ, ઉધરસ, જ્વર, ઉલટી, એ સહિત હોય તે અપચી અસાધ્ય છે, અને તે વગરની સાધ્ય છે.

ગ્રંથિનાં લક્ષણ.

वातादयो मांसमसृक्प्रदुष्टाः सन्दूष्य मेदश्च तथा शिराश्च । वृत्तोन्नतं विग्रथितं तु शोथं कुर्वन्त्यतो ग्रन्थिरिति प्रदिष्टः ॥

विग्रन्थित ग्रन्थिरूप अतएव ग्रन्थि स पञ्चधा, वातिकः पैत्तिक श्लेष्मिको मेदोज शिराजश्चेति ।

વાત, પિત્ત, કફ, મેદ, અને શિરાઓમાંથી તથા રક્તને દૂષિત કરીને ગોળ, ઉંચો, અને ગુંથાયલો સોજો કરે છે. તે ગ્રંથી કહેવાય છે. ઉપર પ્રમાણે તેના પાંચ ભેદ છે.

વાતગ્રંથિનું લક્ષણ.

आयम्यते वृश्चति तुद्यते च प्रभ्रश्यते मन्थति भिद्यते च । कृष्णो मृदुर्बस्तिरिवाततश्च भिन्नः स्रवेच्चानिलजोऽस्रमच्छम् ॥

आयम्यते आकृष्य दीर्घ क्रियत इव वृश्चति आश्रय छिनत्तीव प्रभ्रश्यते स्खलतीव भिद्यते विदार्यत इव । आतत विस्तारित इव । मृदुः नत्वत्यन्तकठिन । अस्र रुधिरम् । अच्छ प्रकृतम् स्रवेदित्यर्थ ।

ખેંચાણવાળો, કપાઇ પડતો, પીડા કરતો, ખસી પડતો હોય એવો, મથાતો, ભેદાતો, કાળો, કોમળ, અને ભેદાતી વેળા આછા રક્તનો સ્રાવ કરનારો ગ્રંથિ હોય, તે વાયુનો જાણવો.

પિત્ત ગ્રંથિનું લક્ષણ.

दन्दह्यते धूप्यति चूष्यते च पापच्यते वा ज्वलतीव चापि । रक्तः सपीतोऽप्यथवापि पित्ताद्भिन्नः स्रवेदुष्णमतीवचास्रम् ॥

दन्दह्यते भृशं दाहं करोति सकलशरीरे । धूप्यति अन्तस्तापं करोति । चूष्यते शृङ्गेनेव पापच्यते भृशं पाकं करोति । प्रज्वलतीव अग्निरिव ज्वालायुक्त इव भवति ग्रन्थिः । अस्रं रुधिरम् । अतीव दुष्टं कृष्णतादियुक्तं मज्जायुक्तं च ।

બળતરા કરનારો, અંદર તાપ કરતો, શોષ લેનારો, પાકનારો, બળી જતો હોય એવો, રાતો, પીળાશવાળો, અથવા પિત્તથી ભેદાય છે ત્યારે અત્યંત દુષ્ટ રક્તને સ્રવે છે.

કફ ગ્રંથિનું લક્ષણ.

शीतोऽविवर्णोऽल्परुजोऽतिकण्डूः पाषाणवत्संहननोपपन्नः । चिराभिवृद्धिश्च कफप्रकोपाद्भिन्नः स्रवेच्छुक्लघनं च पूयम् ॥

अविवर्णं प्रकृतिवर्णं पाषाणवत् संनहनोपपन्नः सहततायुक्तः ।

શીતળ, વિવર્ણ વગરનો, થોડી પીડાવાળો, બહુ ચળ વાળો, પથ્થરની પેઠે ધાટો, લાંબે કાળે વધનારો, ભેદાયાથી ધોળુ અને ઘાટું પરૂ સ્રવે એવો ગ્રંથિ કફનો છે.

મેદ ગ્રંથિનું લક્ષણ.

शरीरवृद्धिक्षयवृद्धिहानिः स्निग्धो महान्कण्डूयुतोऽरुजश्च । मेदःकृतो गच्छति चात्र भिन्ने पिण्याकसर्पिः प्रतिमं तु मेदः ॥

तिलसदृशं घृतसदृशं वा मेदः गच्छति स्रवतीत्यर्थः ।

શરીર વધવાથી વધનાર અને શરીર ક્ષીણથવાથી ક્ષીણથનાર, સ્નિગ્ધ, મોટો, ચળવાળો, પીડા વગરનો, અને ભેદાય ત્યારે ખોળ કે ઘી જેવો મેદનો સ્રાવ કરનારો મેદનો ગ્રંથિ હોય છે.

શિરા ગ્રંથિનું લક્ષણ.

व्यायामजातैरबलस्य तैस्तैराक्षिप्य वायुश्च शिराप्रतानम् । सङ्कोच्य सम्पीड्य विशोष्य चापि ग्रन्थिं करोत्युन्नतमाशु वृत्तम् ॥

નિર્બળ માણસ કસરત કરે તેથી કોપ પામેલ વાયુ શિરાઓને દૂષિત કરીને તેને સકોચીને પીડે છે, અને તેને સૂકવીને એક દમ ગોળ ઊંચો ગ્રંથિ કરેછે.

ગ્રંથિની સાધ્યાસાધ્યતા.

ग्रन्थिः शिराजः स तु कृच्छ्रसाध्यो भवेद्यदि स्यात् सरुजश्चलश्च । अरुक् स एवाप्यचलो महांश्च मर्मोत्थितश्चापि हि वर्जनीयः ॥

तैस्तैर्बलवद्विग्रहादिभिः आक्षिप्य चालयित्वा । सम्पीड्य सहतीकृत्य । अरुजत्वादियुक्ता अन्येऽपि ग्रन्थयोऽसाध्या । तथाच भोजः । " पञ्चैतानरुजो ग्रन्थीन् मर्मजानचलांस्त्यजेत् । कपोलगलमन्यासु दुश्चिकित्स्या हि सन्धिषु "

શિરા ગ્રંથિ ચલિત અને પીડાવાળો હોય તો તે ગ્રંથિ કષ્ટસાધ્ય છે. પીડા વગરનો, અચળ, મોટો, અને મર્મ સ્થાનમાં થયો હોય, તો તે ગ્રંથિ અસાધ્ય છે.

અર્બુદનું સામાન્ય લક્ષણ.

गात्रप्रदेशे क्वचिदेव दोषाः संमूर्च्छिता मांसमसृक् प्रदूष्य ॥ वृत्तं स्थिरं मन्दरुजं महान्तमनल्पमूलं चिरवृद्ध्यपाकम् । कुर्वन्ति मांसोच्छ्रयमत्यगाधं तदर्बुदं शास्त्रविदो वदन्ति ॥

महान्त ग्रन्थ्यपेक्षया । चिरेण वृद्धिः अपाकश्च यस्य तत् चिरवृद्ध्यपाकम् । अपाकमिति ग्रन्थे. सकाशादस्य भेदज्ञापकम् । अत्यगाधं दूरानुप्रविष्टम् ।

આત્રોમાં રહેલા દોષો કોઇવાર કોપ પામીને માંસ તથા રક્તને દૂષિત કરીને ગોળ, સ્થિર, મંદ વેદના વાળો, મોટો, અલ્પ મૂળ વાળો, અને લાંબે કાળે વધનાર તથા પાકનાર, અતિ અગાધ ટેકરો, માંસનો કરેછે, તેને શાસ્ત્રજાણનારાઓ અર્બુદ (રસોળી) કહેછે.

અર્બુદનું નિદાન.

वातेन पित्तेन कफेन चापि रक्तेन मांसेन च मेदसा च । तज्जायेत तस्य च लक्षणानि ग्रन्थेः समानानि सदा भवन्ति ॥

ग्रन्थे समानानि वातिकपैत्तिकश्लैष्मिकमेदोजानामर्बुदानां लक्षणानि तुल्यानि भवन्ति ॥

વાત, પિત્ત, કફ, રક્ત, માસ, અને મેદથી, એમ છ પ્રકારની રસોળી થાય છે, તેનાં લક્ષણો હમેશાં ગ્રંથિના જેવાજ હોય છે.

રક્તાર્બુદનું નિદાન તથા લક્ષણ.

दोषः प्रदुष्टो रुधिरं शिराश्च सङ्कोच्य संपीड्य ततस्त्वपाकम् । सास्रावमुन्नह्यति मांसपिण्डं मांसाङ्कुरैरावृतमाशु वृद्धिम् ॥ स्रवत्यजस्रं रुधिरं प्रदुष्टमसाध्यमेतद्रुधिरात्मकं तु ॥ रक्तक्षयोपद्रवपीडितत्वात्पाण्डुर्भवेदर्बुदपीडितस्तु ।

दोषोऽत्र पित्तम् । रुधिरं शिराश्च सङ्कोच्य सम्पीड्य सहतीकृत्य मासासृजो सर्वेष्वर्बुदेषु दुष्टत्वम् रक्तजे तु विशेषतो रक्तदुष्टिः । एवं मासार्बुदे विशेषतो मासदुष्टिर्बोद्धव्या । ततो मासपिण्डम् उन्नह्यति उन्नतं करोति । अपाकम् ईषत्पाकं यथा स्यादेवमिति क्रियाविशेषणम् । ईषत्पाकश्चैकदेशपाकेन रक्तक्षयोपद्रवा सुश्रुतोक्तास्तै. पीडितत्वात् । अर्बुदपीडित रक्तार्बुदपीडित ।

કોપ પામેલ દોષ રક્ત તથા શિરાઓને સકોચી તથા પીડીને ત્વચામા પાક કરેછે, તેથી સ્રાવ થઇને માંસનો પિંડ ઉત્પન્ન કરેછે. એ પિંડ માંસના અંકુરોથી વીંટાયલો તુરત વધી જાયછે, અને બહુ દુષ્ટ રક્તનો સ્રાવ કરેછે આ રક્તાર્બુદ અસાધ્ય છે. રક્તના ક્ષય તથા ઉપદ્રવની પીડાથી તે અર્બુદ વાળાને પાંડુ રોગ થાય છે.

માંસાર્બુદની સંપ્રાપ્તિ.

मुष्टिप्रहारादिभिरर्दितेऽङ्गे मांस प्रदुष्टं प्रकरोति शोथम् । अवेदनं स्निग्धमनन्यवर्णमपाकमश्मोपममप्रचाल्यम् ॥

मास प्रदुष्ट वातेन । अवेदनं वेदनारहितमीषद्वेदनं वा । अपाकं पाकरहितमीषत्पाकं वा ।

મુક્કીના પ્રહાર વગેરેથી અગ પીડાતાં વાયુથી દુષ્ટ થયેલુ માંસ પીડા વગરના અથવા થોડી પીડાવાળા, સ્નિગ્ધ, અભિન્ન વર્ણવાળા પાકે નહી એવા અથવા જરા પાકનારા, પથ્થર જેવા કઠણ અને ચળે નહી એવા સોજા ઉત્પન્ન કરે છે.

प्रदुष्टमांसस्य नरस्य गाढमेतद्भवेन्मांसपरायणस्य ॥

मासाशनाभ्यासेन य. प्रदुष्टमांसस्तस्यैतद्भवतीत्यर्थं ॥

બહુ ખરાબ માંસ ખાનાર પુરૂષને દૃઢ અર્બુદ થાયછે.

અસાધ્ય અર્બુદો.

मांसार्बुदं त्वेतदसाध्यमाहुः साध्येष्वपीमानि विवर्जयेच्च । सम्प्रस्रुतं मर्मसु यच्च जातं स्रोतःसु वा यच्च भवेदचाल्यम् ॥

साध्येष्वपि वातजादिष्वपि इमानि वक्ष्यमाणानि विवर्जयेच्च । सम्प्रस्रुतादीनि ।

यज्जायतेऽन्यत्खलु पूर्वजाते ज्ञेयं तदध्यर्बुदमर्बुदज्ञैः । यद्द्वन्द्वजातं युगपत् क्रमाद्वा द्विरर्बुदं तच्च भवेदसाध्यम् ॥

માંસાર્બુદતો અસાધ્યજ છે, સાધ્ય અર્બુદોમાં પણ જે મર્મમા થયેલો હોય અને સ્રવતો હોય, અથવા સ્રોતોમાં થયેલો તથા અચળ હોય, તે અસાધ્ય છે. પ્રથમ થયેલા અર્બુદમા જે બીજો થાયછે તેને અધ્યર્બુદ કહેછે, તે એક વેળાએ અથવા અનુક્રમે થયેલ હોય, તો પણ જો તે બે દોષોથી થયેલ હોય, તો અસાધ્ય છે

અર્બુદો નહિ પાકવાનુ કારણ.

न पाकमायान्ति कफाधिकत्वान्मेदोबहुत्वाच्च विशेषतस्तु ॥ दोषस्थिरत्वाद्ग्रथनाच्च तेषां सर्वार्बुदान्येव निसर्गतस्तु ।

ग्रथनात् ग्रन्थिरूपत्वात् । नन्वपथ्यां कफमेदसोराधिक्येऽपि पाको दृश्यते । तथा अत्र कथं न पाक इत्याह । निसर्गात् स्वभावात् ।

કફ તથા વિશેષે કરીને મેદની અધિકતા હોવાથી,તેમજ દોષોની સ્થિરતા અને ગ્રંથાયલા હોવાને લીધે, સઘળા અર્બુદો પાકતાજ નથી.

ગલગંડની ચિકિત્સા.

सर्षपान् शिग्रुबीजानि शणबीजातसीयवान् । मूलकस्य च बीजानि तक्रेणाम्लेन पेषयेत् ॥ गलगण्डो गण्डमाला ग्रन्थयश्चैव दारुणाः । प्रलेपादेव नश्यन्ति विलयं यान्ति सत्वरम् ॥ रक्षोघ्नतैलयुक्तेन जलकुम्भीकभस्मना । लेपनं गलगण्डस्य चिरोत्थस्यापि शस्यते ॥

रक्षोघ्नः सर्षपः ॥

श्वेतापराजितामूलं प्रातः पिष्ट्वा पिबेन्नरः । सर्पिषा नियताहारो गलगण्डप्रशान्तये ॥ तिक्तालाबूफले पक्वे सप्ताहमुषितं जलम् । सद्यः स्याद्गलगण्डघ्नं पानात्पथ्याशसेविनाम् ॥ तैलं पिबेद्वामृतवल्लिनिम्बहिंस्राभयावृक्षकपिप्पलीभिः । सिद्धं बलाभ्यां सह देवदारुणाहिताय नित्यं गलगण्डरोगी ॥

वृक्षकोऽत्र तूणि. । उक्त च निघण्टौ धन्वन्तरिणा । "तुणिस्तूणीकपीतश्च नन्दिवृक्षश्च वृक्षकः" इति ॥ बलाभ्या बलातिबलाभ्याम् । अमृतादितैलम् ॥

यवमुद्गपटोलादिकटुरूक्षान्नभोजनम् । वमनं रक्तमोक्षं च गलगण्डे प्रयोजयेत् ॥ दापयेत्प्रच्छनान्यत्र गण्डगोपालिकोद्भवः । प्रलेपस्त्वनुभूतोऽयं बहुधा बहुभिर्जनैः ॥

प्रच्छनानि पछना इति लोके । गण्डगोपालिका गण्डगुयारीति च प्रसिद्धा । आम्रवाटिकायां सुलभः कीटविशेषो भवति ।

लवणं जलकुम्भाग्रु कणाचूर्णेन संयुतम् ॥ प्रभाते नित्यमश्नीयाद्गलगण्डप्रशान्तये ॥

સર્ષવ, સરગવાનાં બીજ, શણના બીજ, અળસી, જવ, અને મૂળાનાં બીજોને ખાટી છાશમા વાટીને તેનો લેપ કરવાથી ગલ-

ગંડ, ગંડમાલા, અને દારુણ ગ્રથિઓ પણ તુરત નાશ પામેછે, અને ગળી જાય છે.

શેવાળની ભસ્મ સરસિયા તેલમા કાલવીને તેનો લેપ કરવાથી લાંબા કાળનો ગલગંડ પણ મટેછે.

ધોળીગરણીનાં મૂળને વાટીને પ્રાતઃકાળમાં ઘી સાથે પીને પથ્ય આહાર કરવાથી ગલગંડ મટેછે.

કડવી તુંબડીના પાકા ફળમાં સાત દિવસ સુધી ભરી રાખેલ પાણી પીવાથી તથા પથ્ય ભોજન કરવાથી ગલગંડ તુરત મટી જાય છે.

ગળો, લીમડો, કટાળો, હરડે, વેલિયો, પીપળો, પીપર, બલા, અતિબલા, અને દેવદારના કલ્કથી પકાવેલું તેલ પીવાથી ગલગંડ મટી જાયછે આને અમૃતાદિ તૈલ કહેછે.

ગલગંડ વાળાએ જવ, મગ, કડવા પરવળ, તથા તીખાં અને રૂક્ષ ભોજનો જમવા, ઉલટી કરવી, અને લોહી કઢાવવું.

ગલગંડ, ઉપર શસ્ત્રથી ટોચા મારીને તે ઉપર ગંડ ગોપાલિકા નામના કીડા (આબાવાડિયાંમાં આ કીડો બહુ રહેછે) નો લેપ કરવાથી ગલગંડ મટી જાયછે. આ લેપથી ગલગંડ ઘણી વાર મટી ગયાનો ઘણા લોકોને અનુભવ બહુ થયેલો છે.

શેવાળની ભસ્મમા પીપરનુ ચૂર્ણ મેળવી નિત્ય સવારમાં ખાવાથી ગલગંડ મટી જાય છે.

ગંડમાલાની ચિકિત્સા.

काञ्चनारत्वचः क्वाथः शुण्ठीचूर्णेन संयुतः । माक्षिकाढ्यः सकृत्पीतः क्वाथो वरुणमूलजः ॥ गण्डमालां हरत्याशु चिरकालानुबन्धिनीम् । पलमर्धपलं वापि पिष्टं तण्डुलवारिणा ॥ काञ्चनारत्वचं पीत्वा गण्डमालां व्यपोहति । काञ्चनारस्य गृह्णीयात्त्वचं पञ्चपलोन्मिताम् । नागरस्य कणायाश्च मरिचस्य पलं पलम् । पथ्याबिभीतधात्रीणा पलमर्धं पृथक् पृथक् ॥ वरुणस्याक्षमेकं च पत्रकैलात्वचां पुनः । टङ्कं टङ्कं समादाय सर्वाण्येकत्र चूर्णयेत् ॥ यावच्चूर्णमिदं सर्वं तावानेवात्र गुग्गुलुः । संकुट्य सर्वमेकत्र पिण्डं कृत्वा विधारयेत् ॥ गुटिकाः शाणिकाः कृत्वा प्रभाते भक्षयेन्नरः । गलगण्डं जयत्युग्रमपचीमर्बुदानि च ॥ ग्रन्थीन् व्रणानि गुल्मांश्च कुष्ठानि च भगन्दरम् । प्रदेयश्चानुपानार्थं क्वाथो मुण्डितिकाभवः ॥ क्वाथः खदिरसारस्य क्वाथः कोष्णोभयाभवः ॥

इति काञ्चनारगुग्गुलु ॥

चक्रमर्दकमूलस्य पलकल्के विपाचयेत् । केशरागरसे तैलं कटुकं मृदुनाग्निना॥पादांशिकं विनिक्षिप्य सिन्दूरमवतारयेत् । एतत्तैलं निहन्त्याशुगण्डमालां सुदारुणाम् ।

केशरागो भृङ्गराजः । इति चक्रमर्दतैलम् ॥

गुञ्जामूलफलैस्तैलं विपक्वं द्विगुणाम्भसा ॥ हरेदभ्यञ्जनस्याभ्यां गण्डमालां सुदारुणाम्॥

इति गुञ्जातैलम् ॥

કાંચનારની છાલનો ક્વાથ સુંઠનુ ચૂર્ણ નાંખીને તે એકવાર પીવાથીજ ગંડમાલાનો નાશ થઈ જાયછે

વાયવરણાનાં મૂળનો ક્વાથ મધ નાં-

ખીને તે એકવાર પીવાથીજ લાંબા કાળની ગંડમાલા પણ તુરત મટી જાયછે.

ચાર કે બે તોલા ભાર કાંચનારની છાલને ચોખાના ધોણમાં વાટીને પીવાથી ગંડમાલા મટી જાય છે.

કાંચનાર ગુગ્ગુલુ.

કાચનારની છાલ ૨૦ તોલા; ચાર ચાર તોલા સુંઠ, મરી, અને પીપર, વાયવરણું એક તોલો, પા પા તોલાભાર તમાલપત્ર, એળચી, અને તજ; આ સર્વેના ચૂર્ણમા તે સર્વ જેટલોજ ગુગળ નાંખી પા પા તોલાની ગોળીઓ કરીને પ્રાતઃકાળમાં ખાવાથી અત્યુગ્ર ગલગંડ, અપચી, અર્બુદ, ગ્રંથિઓ, વ્રણો, ગુલ્મો, કોઢ, તથા ભગંદરનો નાશ થાયછે. આના ઉપર જરા જરા ઊના ગોરખમુડીનુ, ખેરસારનું અથવા હરડેના ક્વાથનું અનુપાન દેવું

ચક્રમર્દ તૈલ.

ચાર તોલા કુંવાડિયાનાં મૂળનો કલ્ક નાંખી ભાંગરાના રસમા કોમળ અગ્નિથી પકાવેલું સરસિયુ તેલ ચોથા ભાગનુ સિંદૂર નાંખીને રાખવુ. આ તેલના અભ્યંગથી બહુજ દારૂણ ગંડમાલા પણ તેથી નાશ પામી જાયછે.

ગુંજા તૈલ.

ચણોઠીના મૂળ તથા ફળોના કલ્ક સાથે બમણા પાણીમાં પકાવેલ તેલના અભ્યંગથી અને નસ્યથી મહા દારૂણ ગંડમાલા પણ મટી જાયછે.

અપચીની ચિકિત્સા. ચંદનાદિ તૈલ.

चन्दनं साभया लाक्षा वचा कटुकरोहिणी । एतत्तैलं शृतं पीत्वा समूलामपचीं हरेत् ॥ चन्दनादितैलम् ॥

व्योषं विडङ्गं मधूकं सैन्धवं देवदारु च । तैलमेभिः शृतं नस्यात्सुकृच्छ्रामपचीं हरेत्

व्योषादितैलम् ॥

ચંદન, હરડે, લાખ, વજ, કડુ, એના ક્વાથમાં પકાવેલ તેલ પીવાથી મૂળ સહિત અપચી મટી જાયછે.

વ્યોષાદિ તૈલ.

સૂંઠ, મરી, પીપર, વાવડીંગ, જેઠીમધ, સૈંધવ, અને દેવદારના ક્વાથમાં પકાવેલ તેલના નસ્યથી ભયંકર અપચી પણ નાશ પામેછે.

ગ્રંથિ તથા અર્બુદની ચિકિત્સા.

स्वर्जिका मूलकक्षारः शंखचूर्णसमन्वितः। एतेन विहितो लेपो हन्ति ग्रन्थिं तथार्बुदम् ॥ ग्रन्थिर्न वा नश्यति भेषजेन निष्कास्य तं शस्त्रचिकित्सकेन । जात्यादिपक्वेन घृतेन वैद्यो व्रणेन चान्येन च सञ्चिकित्सेत् ग्रन्थिमुद्धृत्य तत्रापि व्रणोक्तं क्रममाचरेत् । शिराग्रन्थिं विहायान्यैः शेषे शस्त्रं प्रयुज्यते ॥

अन्ये आचार्या इति कथयन्ति ॥

ग्रंथ्यार्बुदानां न यतो विशेषः प्रदेशहेत्वाकृतिदोषदूष्यैः । अतश्चिकित्सेद्भिषगर्बुदानि विधानवित् ग्रन्थिचिकित्सितेन ॥ हरिद्रालोध्रपत्राङ्गगृहधूममनःशिलाः । मधुप्रगाढो लेपोऽयं मेदोऽर्बुदहरः परः ॥ मूलकस्य कृतः क्षारो हरिद्रायास्तथैव च । शङ्खचूर्णेन संयुक्तो लेपः सिद्धोऽर्बुदापहः॥ वटदुग्धकुष्ठरोमकलिप्तं बद्धं वटस्य पत्रेण ।

अध्यस्थि सप्तरात्रान्महदप्युपशान्तिमर्बुदं गच्छेत् । शिग्रुमूलकयोर्बीजं रक्षोघ्नं सुरसायवम् ॥ तक्रेणाश्वरिपोः पिष्ट्वा लिम्पेदर्बुदशान्तये ॥

रक्षोघ्न सर्षपम् । सुरसा तुलसी । यव इन्द्रयवम् । अश्वरिपुर्महिषी । इति गलगण्डगण्डमालाग्रन्थ्यर्बुदनिदानचिकित्साधिकारः ॥

સાજીખાર, મુળાનો ક્ષાર, અને શંખનુ ચુર્ણ વાટીને તેનો લેપ કરવાથી ગ્રંથિ તથા અર્બુદ મટી જાયછે.

જે ગ્રંથિ ઔષધથી નાશ ન પામતી હોય તેને શસ્ત્રવૈદ્ય પાસે શસ્ત્રથી કપાવી નાંખીને વૈદ્યે જાત્યાદિ ઘૃત તથા બીજા વ્રણમાં ઉપયોગી ઔષધોથી સારી રીતે તેની ચિકિત્સા કરવી

ગાઠ કઢાવી નાંખ્યા પછી તે ઉપર વ્રણની ચિકિત્સા કરવી કેવળ શિરા સંબધી ગ્રંથિવિના બીજી સર્વ પ્રકારના ગ્રંથિઓ ઉપર શસ્ત્રક્રિયા કરવી. બીજા આચાર્યો એમ કહે છે કે—"ગાંઠો તથા અર્બુદોના સ્થાન, હેતુ, આકૃતિ, દોષો, કે દૂષ્યોમા કાંઇ તફાવત નથી હોતો, માટે શાસ્ત્રજ્ઞ વૈદ્યે અર્બુદોમા પણ ગાઠોની પેઠે ચિકિત્સા કરવી."

હળદર, લોદર, પતંગ, ધુમાડાની મેશ, અને મણશીલને મધમા કાલવીને લેપ કરવાથી મેદના અર્બુદ મટી જાયછે.

મુળા તથા હળદરના ક્ષાર અને શંખનુ ચુર્ણ વાટીને લેપ કરવાથી અર્બુદ મટે છે. અર્બુદ માટે આ ઉપાય સિદ્ધ છે.

વડનુછીર, કઠ, અને સાંભરલુણનો લેપ અર્બુદ ઉપર કરીને ઉપર વડનુ પાન બાંધવાથી હાડકાં ઉપર થયેલ મોટો અર્બુદ પણ સાત દિવસમા શાંત થઈ જાયછે.

સરગવા તથા મુળાનાં બીજો, સર્ષવ, તુળસી, અને ઇંદ્રજવને ભેંશની છાશમા વાટીને લેપ કરવાથી અર્બુદ મટી જાયછે

શ્લીપદાધિકાર.

શ્લીપદનું દૂરનું નિદાન.

पुराणोदकभूयिष्ठाः सर्वर्तुषु च शीतलाः। ये देशास्तेषु जायन्ते श्लीपदानि विशेषतः॥

विशेषत इति वचनेनान्यदापि श्लीपदम्भवतीति बोध्यते ॥

જે દેશમા જુનુ પાણી પુષ્કળ પડયુ રહેતું હોય નિરંતર ટાઢ રહેતી હોય તે દેશમા વિશેષે કરીને શ્લીપદ થાયછે.

શ્લીપદનું સામાન્ય લક્ષણ.

यः सज्वरो वंक्षणजो भृशार्त्तिः शोथो नृणां पादगतः क्रमेण । तच्छ्लीपदं स्यात्करकर्णनेत्रशिश्नौष्ठनासास्वपि केचिदाहु ॥

तत् त्रिविधम । वातिक पैत्तिक श्लैष्मिक चेति ।

માણસોનેસાથળના મુળમા જ્વર તથા અત્યંત પીડા વાળો સોજો થઇને તે પગમા પહોચેછે, તેને શ્લીપદ કહેછે કેટલાક કહેછે કે તે હાથ, કાન, નેત્ર, લિંગ, હોઠ, અને નાકમાં પણ થાયછે. (તે વાત, પિત્ત, અને કફ, એમ ત્રણ પ્રકારનો થાયછે.)

શ્લીપદોનાં લક્ષણો.

वातजं कृष्णरूक्षं हि स्फुटितं तीव्रवेदनम् अनिमित्तरुज चास्य बहुशो ज्वर एव

च ॥ पित्तजं पीतसंकाशं दाहज्वरयुतं भृशम् । श्लैष्मिकं तु भवेत् स्निग्धं तथा पाण्डुल्पवेदनम् । त्रीण्यप्येतानि जानीयात् श्लीपदानि कफोच्छ्रयात् । गुरुत्वं च महत्त्वं च यस्मान्नास्ति विना कफात् ॥

વાયુનો શ્લીપદ કાળો, રૂક્ષ, ફુટેલો, તીવ્ર વેદના વાળો, અને અકસ્માત પીડા તથા જ્વર સાથે હોય છે, પિત્તનો પિત્ત જેવોજ દાહ જ્વર સાથે હોય છે, અને કફનો શ્લીપદ સ્નિગ્ધ, પીંગળો થોડી વેદનાવાળો થાયછે, કફના આશ્રયવાળા હોવાથી આ ત્રણે શ્લીપદો ભારે અને મહત્વ વાળા હોયછે, તેથી તે કફ વગર થતાજ નથી

શ્લીપદની અસાધ્યતા.

वल्मीकमिव सञ्जातं कण्टैकरुपचीयते । अब्दात्मकं महत्तत्तु वर्जनीयं विशेषतः ॥ यच्छ्लैष्मिकाहारविहारजातैर्जातं तथा भूरिकफस्य पुंसः । सास्रावमत्युन्नतसर्वलिङ्गं सकण्डुकं चापि विवर्जनीयम् ॥

રાફડા જેવો, ઘણા કાંટાઓ વાળો, મોટો, અને એક વર્ષનો જુનો શ્લીપદ અસાધ્ય છે કફકર આહાર વિહારોથી થયેલો, ઘણા કફ વાળાને થયેલો, સ્રાવવાળો, અત્યંત ઊંચો, ત્રણે દોષોના લક્ષણો વાળો, અને ચળવાળો શ્લીપદ અસાધ્યજ છે.

શ્લીપદની ચિકિત્સા.

लङ्घनालेपनस्वेदरेचनै रक्तमोक्षणैः ॥ प्रायः श्लेष्महरैरुष्णैः श्लीपदं समुपाचरेत् । सिद्धार्थसोपाञ्जनदेवदारुविश्वौषधैर्मूत्रयुतैः प्रलिम्पेत् । पुनर्नवानागरसर्षपाणां कल्केन वा काञ्जिकमिश्रितेन ॥

श्लीपदमिति शेषः ॥

धत्तूरैरण्डनिर्गुण्डीवर्षाभूशिग्रुसर्षपैः । प्रलेपः श्लीपदं हन्ति चिरोत्थमपि दारुणम् ॥ असाध्यमपि यात्यस्तं श्लीपदं चिरकालजम् ॥ मूलेन सहदेवायास्तालमिश्रेण लेपनात् ॥

तालस्य फलरसो ग्राह्य ॥

सप्ततात्म्बूलपत्राणां कल्कं तप्तेन वारिणा। संसृष्टं लवणोपेतं सेवितं श्लीपदं हरेत् ॥ शाखोटवल्कलक्वाथं गोमूत्रेणयुतं पिबेत् । श्लीपदानां विनाशाय मेदोदोषनिवृत्तये ॥ रजनीं गुडसंयुक्तां गोमूत्रेण पिबेन्नरः । वर्षाभूत्रिफलाचूर्णं पिप्पल्या सह योजितम् । सक्षौद्रं श्लीपदे लिह्यात् चिरोत्थं श्लीपदं जयेत् । गन्धर्वतैलसिद्धां हरीतकीं गोऽम्बुना पिबेन्नित्यम् ॥ श्लीपदबन्धविमुक्ता भवत्यसौ सप्तरात्रेण ।

गन्धर्वतैलम् एरण्डतैल । गोऽम्बु गोमूत्रम् ।

इति श्लीपदनिदानचिकित्साधिकार. ।

લંઘન, લેપન, સ્વેદન, વિરેચન, રક્તસ્રાવ, અને વિશેષે કરીને કફ હરનારા ઉષ્ણ ઔષધોથી શ્લીપદની ચિકિત્સા કરવી.

સર્ષવ, સરગવો, દેવદાર, અને સૂંઠને ગોમૂત્રમાં વાટીને લેપ કરવાથી શ્લીપદ મટેછે.

સાટોડી, સૂંઠ, અને સર્ષવના કલ્કનો કાંજી સાથે લેપ કરવાથી શ્લીપદ મટી જાયછે

ધતુરો, એરંડો, નગડ, સાટોડી, સરગવો, અને સર્ષવના લેપથી ઘણા કાળનો દારૂણ શ્લીપદ પણ મટી જાયછે

ખપાટ અથવા શેરડીના મૂળને તાડ-

ફળના રસમાં વાટીને લેપ કરવાથી લાંબાકાળનો અસાધ્ય શ્લીપદ પણ નાશ પામે છે.

નાગરવેલનાં સાત પાનનો કલ્ક સૈંધવ નાંખીને ઉના પાણીમાં પીવાની ટેવ રાખવાથી શ્લીપદ મટી જાય છે.

સાગની છાલનો ક્વાથ ગોમૂત્રમાં નાંખીને પીવાથી શ્લીપદોનો વિનાશ અને મેદના દોષોનું નિવારણ થઇ જાય છે.

હળદર તથા ગોળને ગોમૂત્રમાં ઘુંટીને પીવાથી શ્લીપદ મટી જાય છે.

સાટોડી, ત્રિફળા અને પીંપરનું ચુર્ણ મધમાં ચાટવાથી લાંબાકાળનો શ્લીપદ મટી જાય છે.

એરંડિયા તેલમાં પકાવેલી હરડે ગોમૂત્ર સાથે પીવાથી સાત દિવસમાં શ્લીપદ મટી જાય છે.

વિદ્રધિનો અધિકાર.

વિદ્રધિનું લક્ષણ.

त्वग्रक्तमांसमेदांसि प्रदूष्यास्थिसमाश्रिताः। दोषाः शोथं शनैर्घोरं जनयन्त्युच्छ्रिता भृशम् ॥ महामूलं रुजावन्तमल्पं वाप्यथवायतम् । स विद्रधिरिति ख्यातो विज्ञेयः षड्विधश्च सः ।

अस्थिसमाश्रिता दोषा इति वक्ष्यमाणशोथाद्विद्रधेर्भेदार्थम् । यतो व्रणशोथे दोषाणामस्थिसमाश्रयनियमो नास्ति । घोर दारुणम् । आयतं दीर्घम् ।

હાડકાંમાં રહેલા દોષો ત્વચા, માંસ, રક્ત, અને મેદને દૂષિત કરીને ધીરે ધીરે નાના અથવા મોટા મૂળવાળો લાંબો વેદનાવાળો ભયંકર સોજો ઉત્પન્ન કરે છે, તેને વિદ્રધિ કહે છે, અને તે છ પ્રકારનો થાય છે.

વિદ્રધિના છ પ્રકારો.

यथा दोषैः समस्तैश्च क्षतेनाप्यसृजा तथा । षण्णां तेषां तुल्यमेव लक्षणं सम्प्रचक्षते ॥

એક એક દોષથી થયેલા, ત્રણ દોષોથી, અને ક્ષતથી થએલા તથા રક્તથી થએલા એમ છ જાતના વિદ્રધિ છે, તેનાં લક્ષણો કહેવાય છે.

વાયુના વિદ્રધિનાં લક્ષણ.

कृष्णोऽरुणो वा विषमो भृशमत्यर्थवेदनः । चिरोत्थानमपाकश्च विद्रधिर्वातसम्भवः ।

विषमो भृशम् । क्षणमल्पः क्षणं महान् चिरोत्थानप्रपाक चिराद्विलम्बोदुद्गमप्रपाका यस्य सः ।

કાળો, રાતો, વિષમ, એકદમ અત્યંત વેદના કરનારો, લાંબે કાળે ઉઠનાર અને પાકનાર, એવો વિદ્રધિ વાયુથી થાય છે.

પિત્તના વિદ્રધિનાં લક્ષણ.

पक्वोदुम्बरसङ्काशः श्यावो वा ज्वरदाहवान् । क्षिप्रोत्थानप्रपाकश्च विद्रधिः पित्तसम्भवः ॥

પાકા ઉંબરાના ફળ જેવો, કાળો, કે જ્વરવાળો અને દાહવાળો, એકદમ ઉઠનાર તથા પાકનાર વિદ્રધિ પિત્તથી થાયછે. તેનો સ્રાવ પીળો હોય છે.

કફના વિદ્રધિનાં લક્ષણ.

शरावसदृशः पाण्डुः शीतः स्निग्धोऽल्पवेदनः । चिरोत्थानमपाकश्च विद्रधिः कफ-

सम्भवः । तनुपीता सिताश्चैषामास्रावाः क्रमशो मताः ॥

કોડિયા જેવો, પીંગળો, શીતળ, સ્નિગ્ધ, થોડી પીડાવાળો, અને લાંબે કાળે ઉઠનાર તથા પાકનાર વિદ્રધિ કફથી થાય છે આ વિદ્રધિ પીળો તથા તેનો સ્રાવ ધોળો હોય છે.

સાંનિપાતક વિદ્રધિનાં લક્ષણ.

नानावर्णरुजास्रावो घाटलो विषमो महान् । विषमं पच्यते वापि विद्रधिः सान्निपातिकः ॥

नाना अनेकविधा वर्णाः कृष्णरक्तपाण्डुरूपा । रुजा तोददाहकण्ड्वादिरूपा. स्रावा. तनुपीतसिताः यस्य स । घाटलघाटा कोटिः सास्यास्तीति घाटल । अत्युच्छ्रिताग्र इत्यर्थ. । विषम. निम्नोन्नत. विषमं पच्यते वापि चिराचिरगम्भीरोत्तानोऽर्ध्वानूर्ध्वभेदेन विषमं यथा स्यात्तथा पच्यते ।

નાના પ્રકારના વર્ણવાળો, પીડાકારક, ઘાટા સ્રાવ વાળો, વિષમ, મહાન્ અને વિષમ રીતે પાકનારો વિદ્રધિ સાંનિપાતિક જાણવો.

ક્ષતના વિદ્રધિનાં લક્ષણ.

तैस्तैर्भावैरभिहते क्षते वाऽपथ्यकारिणाम् । क्षतोष्मा वायुविसृतः स रक्तं पित्तमीरयेत्॥ ज्वरस्तृषा च दाहश्च जायते तस्यदेहिनः । आगन्तुर्विद्रधिर्ह्येष पित्तविद्रधिलक्षणः ॥

तैस्तैर्भावैः काष्ठलोष्टपाषाणादिभि । अभिहते यथा रक्तस्रावो भविष्यति तथा क्षते कृते क्षतोष्मा । अत्राक्षतशब्देन हतमात्र उच्यते । तेनाभिहतक्षतयोरुभयोरप्यूष्मा वायुना विसृतः । अभिहते अभिघातात् । क्षते रक्तक्षयात् कुपितेन वायुना प्रसृत. ईरयेत् कोपयेत् ।

કંઇ પણ વાગવા વગેરેથી થયેલા ક્ષતમાં પણ અપથ્ય કરવામા આવે તો વાયુથી ગરમી વિસ્તાર પામીને રક્ત તથા પિત્તને કુપિત કરે છે; તેથી માણસને જ્વર, તરશ, અને દાહ થાય છે. આ વિદ્રધિ આગંતુ છે, અને તેનાં લક્ષણ પિત્તના વિદ્રધિના જેવા હોય છે.

રક્તના વિદ્રધિનાં લક્ષણ.

कृष्णस्फोटावृतःश्यावस्तीव्रदाहरुजाज्वरः ॥ पित्तविद्रधिलिङ्गस्तु रक्तविद्रधिरुच्यते ॥

કાળા ફોલ્લાઓથી વીંટાયલો, કાળો, તીવ્રવેદના અને દાહ તથા જ્વર કરનારો, પિત્તના વિદ્રધિ જેવાં લક્ષણોવાળો, રક્તનો વિદ્રધિ થાય છે

અંદરના વિદ્રધિઓ વિષે.

आभ्यन्तरानतस्तूर्ध्वं विद्रधीन् परिचक्षते। गुर्वसात्म्यविरुद्धान्नशुष्कशाकाम्लभोजनैः॥ अतिव्यवायामवेगाघातात्युष्णविदाहिभिः । पृथक् संभूय वा दोषाः कुपिता गुल्मरूपिणम् ॥ वल्मीकवत्समुन्नद्धमन्त. कुर्वन्ति विद्रधिम् । गुदे बस्तिमुखे नाभ्यां कुक्षौ वंक्षणयोस्तथा । कक्षयोः प्लीह्नि यकृति हृदि वा क्लोम्नि चाप्यथ ॥ एषां लिङ्गानि जानीयाद्बाह्यविद्रधिलक्षणैः ॥

संभूय वा मिलित्वा वा । समुन्नद्धं समन्तादुन्नतम् ।

ભારે, ગ્રહે નહિ તેવાં, પરસ્પર વિરૂદ્ધ, એવાં ભોજનોથી; સૂકાં શાકો, ખાટા પદાર્થો

અત્યંત મૈથુન, આમ, અને વેગો રોકવાથી, તથા અત્યંત ગરમ અને બળતરા કરનારા પદાર્થોથી, જુદા જુદા અથવા બધા મળીને કોપ પામેલા દોષોથી ગુદા, મૂત્રાશય, મુખ, નાભિ, પેટ, સાથળના સાંધા, કાખ, બરલ, યકૃત, હૃદય, કે તૃષાના સ્થાનની અંદર રાફડા જેવો ચારે મેરથી ઉંચો ગુલ્મ સરખો વિદ્રધિ ઉત્પન્ન કરે છે. તેનાં લક્ષણો બહારના વિદ્રધિઓ જેવાજ હોય છે.

સ્થાન ભેદાનુસાર લક્ષણો.

गुदे वातनिरोधस्तु बस्तौ कृच्छ्राल्पमूत्रता । नाभ्यां हिक्काजृम्भणे च कुक्षौ मारुतकोपनम् ॥ कटिपृष्ठग्रहस्तीव्रो वंक्षणोत्थे तु विद्रधौ । कक्षयोः पार्श्वसङ्कोचः क्लोम्नि तृच्छ्वासावरोधनम् ॥ सर्वाङ्गग्रहस्तीव्रो हृदि कासश्च जायते । श्वासो यकृति हिक्का च क्लोम्नि पेपीयते पयः ॥

ગુદાસ્થાને થયેલા વિદ્રધિથી વાયુનો અટકાવ થાય છે, બસ્તિમા થયેલાથી કષ્ટથી થોડું થોડુ મૂત્ર થાય છે, નાભિમાનાથી હિક્કા અને બગાસા થાય છે, કૂખોમા થયેલાથી વાયુ કોપે છે, સાથળમા થયેલાથી કમરપીઠની તીવ્ર પકડ થાય છે, કાખોમા થયેલાથી પડખાઓમાં સકોચ થાય છે, બરલની જગાએ થવાથી ઉચ્છ્વાસ રોકાય છે હૃદયમા થવાથી બધા અંગની તીવ્ર પકડ અને કાસ થાય છે, યકૃતમાં થવાથી શ્વાસને હિક્કા થાય છે ને તૃષાસ્થાને થવાથી બહુ પાણી પીવાય છે

સ્રાવના માર્ગો.

नाभेरुपरिजाःपक्का यान्त्यूर्ध्वमितरेत्त्वधः ।

कक्षादिजाता यान्ति स्रवन्ति । उर्ध्वं मुखात् । इतरे बस्त्यादिजा अधः गुदात् । नाभिजस्तूभाभ्यां मार्गाभ्याम् । तथा च हारीत "ऊर्ध्वं प्रभिन्नेषु मुखान्नराणां प्रवर्ततेऽसृक् सहितो हि पूय । अथ प्रभिन्नेषु तु पायुमार्गोद्भ्याम्यां प्रवृत्ति स्त्विह नाभिजेषु ॥" इति ॥

નાભિની ઉપરના ભાગમા (કાખમા) થયેલા અંદરના વિદ્રધિઓ પાકે ત્યારે તેનો સ્રાવ મુખમાથી થાય છે, અને નાભિની નીચેના ભાગ (મૂત્રાશય) ના વિદ્રધિઓ પાકે ત્યારે તેનો સ્રાવ ગુદામાંથી થાય છે. નાભિનો અંદરનો વિદ્રધિ ન પાકે ત્યારે તેનો સ્રાવ મુખ તથા ગુદા એ બન્નેમાં થાય છે. હારીત પણ કહે છે કે ઉપર પ્રમાણે વિદ્રધિઓ પાકે છે તો લોહી સહિત પરૂ આવે છે

આંતર વિદ્રધિની સાધ્યાસાધ્યતા.

अधः स्रुतेषु जीवेत्तु स्रुतेषूर्ध्वं न जीवति हृन्नाभिबस्तिवर्ज्येषु तेषु भिन्नेषु बाह्यतः ॥ जीवेत्कदाचित् पुरुषो नेतरेषु कदाचन ।

हृन्नाभिबस्तिवर्ज्येषु प्लीहक्लोमादिजातेषु । भिन्नेषु न जीवेत् । हृदादीनां मर्मत्वात् । अतएव भोज "असाध्यो मर्मजो ज्ञेयः पक्वोऽपक्वश्च विद्रधि । सन्निपातोत्थितोप्येव पक्व एव हि बस्तिजः ॥ त्वग्जो नाभेरधोजश्च साध्यो यश्च समीपज । अपक्वश्चैव पक्वश्च साध्यो नोपरिनामितः ॥ आध्मानं बद्धनिस्पन्द छर्दिहिक्कातृषान्वितम् । रुजाश्वाससमायुक्त विद्रधिर्नाशयेन्नरम् ॥

નીચેના (ગુદાના) સ્રાવવાળો જીવે છે અને ઉપરના (મોઢાના) સ્રાવવાળો જીવતો નથી હૃદય, નાભિ, અને મૂત્રાશય એ ઠેકાણાં સિવાય બીજે ઠેકાણે થયેલા વિદ્રધિઓ જો બહાર ફુટે છે તો માણસ જીવે છે, પણ હૃદય, નાભિ અને મૂત્રાશયના વિદ્રધિઓ

બહાર ફુટે તો તે માણસ કદી જીવતો નથી, કેમકે એ મર્મસ્થળો છે, ભોજ કહે છે કે– મર્મ સ્થળનો વિદ્રધિ અસાધ્ય છે, તેમજ ત્રણ દોષથી થયેલો પણ અસાધ્ય છે, મૂત્રાશયનો વિદ્રધિ પાકો હોયતો અસાધ્ય છે જે વિદ્રધિ ત્વચામા થયો હોય, નાભિની નીચે અથવા તેની પાસે થયો હોય તે સાધ્ય છે. નાભિની ઉપરનો અસાધ્ય છે. વિદ્રધિવાળાને આફરો, અશક્તિ, વમન, હેડકી, તરશ, પીડા તથા શ્વાસ થયાં હોય તો તે માણસ નિશ્ચે મરેજ છે.

બાહ્ય વિદ્રધિઓની સાધ્યાસાધ્યતા.

साध्या विद्रधयः पञ्च विवर्ज्यः सान्निपातिकः । आमपक्वविदग्धत्वं तेषां ज्ञेयं च शोथवत् ॥ शोथवत् वक्ष्यमाणव्रणशोथवत् ।

સન્નિપાત સિવાયના પાંચે વિદ્રધિઓ સાધ્ય છે. તેનુ કાચાપણુ, પાકાપણુ, અને પાક થવા લાગે છે તે સબધમા વ્રણના સોજા પ્રમાણે સમજવું.

વિદ્રધિની ચિકિત્સા.

जलौकापातनं शस्तं सर्वस्मिन्नेव विद्रधौ । रेको मृदूर्लङ्घनं च स्वेदःपित्तोत्तरं विना ॥ अपक्वे विद्रधौ युंज्याद् । व्रणशोथवदौषधम् ॥ वातघ्नमूलकल्कैस्तु वसातैलघृतान्वितैः । सुखोष्णैर्बहलैर्लेपः प्रयोज्यो वातविद्रधौ ॥ यवगोधूममुद्गैश्च पिष्टैराज्येन लेपयेत् । विलीयते क्षणेनैव ह्यविपक्वस्तु विद्रधिः ॥ पैत्तिकं विद्रधिं वैद्यः प्रदिह्यात् सर्पिषा युतैः । पयस्योशीरमधुकचन्दनैर्दुग्धपेषितैः ॥

पयस्याऽनेकार्थत्वादत्र क्षीरकाकोली गुणाधिक्यात्तस्या अलाभे अश्वगन्धा ग्राह्या ।

पञ्चवल्कलकल्केन घृतमिश्रेण लेपयेत् । पिबेद्वा त्रिफलाक्वाथं त्रिवृत्कल्काक्षसंयुतम् ॥ इष्टिका सिकता लोहकिट्टा गोशकृता सह । मूत्रैः सुखोष्णैर्लेपेन स्वेदयेत् श्लेष्मविद्रधिम् ॥ दशमूलीकषायेण सस्नेहेन रसेन वा । शोथव्रणं वाकोष्णेन स तुनं परिषेचयेत् ॥ पित्तविद्रधिवत् सर्वाः क्रिया निरवशेषतः । विद्रधौ कुशलः कुर्याद्रक्तागन्तुनिमित्तयोः ॥ रक्तचन्दनमञ्जिष्ठानिशामधुकगैरिकैः । क्षीरेण विद्रधौ लेपो रक्तागन्तुनिमित्तके ॥ पीता ह्येते द्रुतं घ्नन्ति विद्रधिं कोष्ठसम्भवम् । कृष्णाजाजी विशाला च धामार्गवफलं तथा । धामार्गवफल कोशातकीफलम् ।

श्वेतवर्षाभुवो मूलं मूलं वा वरुणस्य च । जलेन क्वथितं पीतमन्तर्विद्रधिहृत्परम् ॥ गायत्री त्रिफला निम्बकटुका मधुकं समम् । त्रिवृत्पटोलमूलाभ्यां चत्वारोंऽशाः पृथक् पृथक् ॥ मसूरान्निस्तुषान् दद्यादेष क्वाथो व्रणान् जयेत् । विद्रधीगुल्मवीसर्पदाहमोहज्वरापहः ॥ तृण्मूर्च्छाछर्दिहृद्रोगपित्तासृक्कुष्ठकामलाः । शिग्रुमूलं जलेधौतं पिष्टं वस्त्रेण गालयेत् । तद्रसं मधुना पीत्वा हन्त्यन्तर्विद्रधिं नरः ॥ शोभाञ्जनकनिर्यूहो हिङ्गुसैन्धवसंयुतः । हन्त्यन्तर्विद्रधिं शीघ्रं प्रातः प्रातर्विशेषतः ॥

इति विद्रधिनिदानचिकित्साधिकार. ॥

સર્વ જાતના વિદ્રધિઓમાં જળો મૂકાવવી, કોમળ વિરેચન દેવું, અને લઘન કરાવવુ, એ સારૂ છે. પિત્ત સિવાયના વિદ્રધિઓમા સ્વેદન દેવું તે પણ સારૂં છે.

પાકયો ન હોય એવા વિદ્રધિ ઉપર હવે પછી કહેવાશે તે વ્રણના સોજાની ચિકિત્સા કરવી.

રાતા એરંડાના મૂળનો કલ્ક, ચરબી, તેલ તથા ઘીનો જરા ગરમ કરેલો જાડો લેપ કરવાથી વાતવિદ્રધિ મટી જાય છે.

જવ, ઘઉં, અને મગનો ઘીમા વાટીને લેપ કરવાથી કાચો વિદ્રધિ ક્ષણ માત્રમાં અવશ્ય નાશ પામી જાય છે.

ક્ષીરકાકોલી, વાળો, જેઠીમધ, અને રતાંજળીને દૂધમાં વાટીને ઘી મેળવીને તેનો જાડો લેપ કરવાથી પિત્તનો વિદ્રધિ મટી જાય છે.

પંચવલ્કનો કલ્ક ઘી મેળવીને લેપ કરવાથી પિત્તનો વિદ્રધિ મટી જાય છે

ત્રિફળાનો ક્વાથ એક તોલો નસોતરનો કલ્ક નાખીને પીવાથી પિત્તનો વિદ્રધિ મટે છે.

ઇંટનુ ચૂર્ણ, રેતી, લોહકીટ, અને ગાયનું છાણ, ગોમૂત્રમા વાટીને તેનો જરા ગરમ લેપ કરવાથી તે સ્વેદનથી કફ વિદ્રધિ મટી જાય છે.

દશમૂલીનાં ક્વાથનુ અથવા તેના રસમાં ઘી મેળવીને તેનુ જરા ગરમ કરીને સેચન કરવાથી વિદ્રધિ તથા વ્રણનો સોજો મટી જાય છે.

રક્તના વિદ્રધિ તથા ક્ષતના વિદ્રધિમાં વૈદ્યે રતાંજળી, જેઠીમધ, મજીઠ, હળદર, અને સોનાગેરૂનો દૂધમાં વાટીને લેપ કરવો. વિદ્રધિ મટાડનારી સર્વ ક્રિયાઓ પણ કરવી.

કાળીજીરી, ઇંદ્રવારણા, અને કડવી ઘીસોડીનાં ફળ વાટીને પીવાથી કોઠામાંનો વિદ્રધિ તુરત મટી જાય છે.

ધોળી સાટોડી અથવા વાયવરણાંનાં મૂળનો ક્વાથ પીવાથી અંદરનો વિદ્રધિ અવશ્ય મટી જાય છે.

ખેર, ત્રિફળા, લીમડો, કડુ, અને જેઠીમધ સમ ભાગે લેવાં, નસોતર તથા કડવાં પરવળનાં મૂળો ચાર ચાર ભાગ લેવાં. પછી તે સર્વનો ક્વાથ કરીને તેમાં ફોતરાં વગરની મસૂરની દાળ પકાવવી. એથી વ્રણો, વિદ્રધિઓ, ગુલ્મો, વિસર્પ, દાહ, મોહ, જ્વર, તૃષા, મૂર્છા, ઉલટી, છાતીનાં દરદો, રક્તપિત્ત, કોઢ અને કમળો હણાઇ જાય છે.

સરગવાનાં મૂળને પાણીમા ધોઈ પાણીમા વાટીને વસ્ત્રથી ગાળીને તે રસ મધ નાખીને પીવાથી અંદરનો વિદ્રધિ મટી જાયછે.

સરગવાનો ક્વાથ હીંગ તથા સૈંધવ નાંખીને વિશેષે કરીને સવારમાં પીવાથી અંદરનો વિદ્રધિ મટી જાય છે.

વ્રણના સોજાનો તથા દાઝેલાનો અધિકાર.

વ્રણના સોજાનું સામાન્ય રૂપ.

पृथक् समस्तदोषोत्था रक्तजागन्तुजौ तथा । व्रणशोथाः षडेते स्युः संयुक्ताः शोथलक्षणैः ॥ शोथलक्षणैः पूर्वोक्तै ।

જુદા જુદા દોષોથી, તથા ત્રણે દોષો એકઠાથી, તેમજ રક્તથી અને આગતુક, એમ સોજાનાં લક્ષણોયુક્ત છ પ્રકારના વ્રણો થાય છે.

વ્રણના સોજાનું વિશેષ રૂપ.

विषमं पच्यते वाताद् पित्तोत्थश्चाचिरं-चिरम् ॥ कफजः पित्तवच्छोथौ रक्तागन्तु-समुद्भवौ ॥

વાયુના સોજાનો પાક વિષમ છે, પિત્તનો તરત પાકે છે, કફનો બહુ મોડો પાકે છે, તથા રક્ત અને આગંતુક સોજાઓ બન્ને પિત્તના વ્રણ જેવા છે.

નહિ પાકેલા વ્રણનું લક્ષણ

मन्दोष्मताऽल्पशोथत्वं काठिन्यं त्वक्सवर्णता । मन्दवेदनता चाऽपि शोथस्यामस्य लक्षणम् ॥

ગરમી થોડી, સોજો અલ્પ, કઠણતા, ચામડીના જેવો વર્ણ, મંદવેદના, એ કાચા સોજાના લક્ષણો છે.

પાકવા લાગેલા વ્રણનું લક્ષણ

दह्यते दहनेनेव क्षारेणेव प्रपच्यते । पिपीलिकागणेनेव दश्यते छिद्यते तथा ॥ भिद्यते चैव शस्त्रेण दण्डेनेव च ताड्यते । पीड्यते पाणिनैवान्तः सूचीभिरिव तुद्यते ॥ ऊषचोषी विवर्णः स्यादङ्गुल्येवावपीड्यते ॥ आसने शयने स्थानेऽशान्तिं वृश्चिकविद्धवत् । न गच्छेदाततः शोथो भवेदाध्मातबस्तिवत् । ज्वरतृष्णाऽरुचिश्चैतत्पच्यमानस्य लक्षणम् ॥

छिद्यते द्विधाक्रियत इव । भिद्यते विदार्यत इव । ऊषो दाह । चोष पार्श्वस्थाग्निनेव सन्तापः ताभ्या युक्ता आतत त्वक्सङ्कोचरहित. । बस्तिर्मूत्राशयश्चर्मपुटो वा ।

અગ્નિથી બળતો હોય એવો, પુષ્કળ કીડીઓથી કરડાતો હોય એવો, છેદાતો તથા શસ્ત્રથી ભેદાતો હોય એવો, લાકડીથી મરાતો હોય એવો, સોઇઓથી ભોંકાતો હોય એવો, શેકાતો હોય એવો, વર્ણ બદલાઇ ગયેલો, આંગળીઓથી પીડવામાં આવતો હોય એવો, ઊઠતાં બેસતાં કે સૂતા પછી વીંછી કરડતો હોય એમ ચેન ન પડે એવો, ફુલેલા ચામડાની પેઠે ત્વચાના સંકોચ વગરનો, જ્વર તથા તરશવાળો, અને અરૂચિ કરનારો સોજો પાકવા લાગેલાનાં લક્ષણો છે.

પાકેલા સોજાનું લક્ષણ.

वेदनोपशमः शोथो लोहितोऽल्पो न चोन्नतः । प्रादुर्भावो वलीनां च तोद. कण्डूर्मुहुर्मुहु ॥ उपद्रवाणां प्रशमो निम्नता स्फुटनं त्वचाम् । बस्ताविवाम्बुसंचारः स्याच्छोथेऽङ्गुलिपीडिते ॥ पूयस्य पीडयेदेकमन्तमन्ते । च पीडिते । बुभुक्षा व्रणशोथस्य भवेत् पक्वस्य लक्षणम् ॥

वेदनोपशमः दाहादिदुःखोपशमः अल्पो लोहित इत्यन्वयः । न चोन्नतः पच्यमानापेक्षया । उपद्रवाणां ज्वरादीनाम् निम्नता स्वरूपतोऽङ्गुलिपीडनाद्वा अवनतत्वम् । स्फुटनम । किञ्चिद्विदारणम् । बस्ताविवेत्यादि शोथेऽङ्गुलिपीडिते सति । अङ्गुलिपीडितात्देशादन्यस्मिन् देशे अम्बुसञ्चार. किञ्चित् बस्तौ चर्मपुटके । एवं अन्ये एकदेशे पीडिते एकमन्तमपरमन्तमापूर्य पीडयति ॥

વેદના શાંત પડી જાય, સોજો રાતો હોય, અલ્પ હોય, બહુ ઉંચો ન હોય, અંદર કરચલી પડવા લાગે, પીડા તથા ચળ વાર વાર આવ્યા કરે, ઉપદ્રવો શાંત થાય, નીચો નમે, ત્વચા ફાટવા લાગે, આંગળીથી દબાવતાં પાણીની થેલી જેવો લાગે, દબાવવાથી પરૂ એક જગાએથી બીજી જગાએ જતું દેખાય, અને ભૂખ લાગવા માંડે એ વ્રણનો સોજો પાકી ગયાના લક્ષણો છે.

એક દોષમાં સર્વ દોષો હોવા વિષે.

ऋतेऽनिलाद्रुग्विना न पित्तं पाकः कफं चापि विना न पूयः । तस्माद्धि सर्वे परिपाककाले पचन्ति शोफास्त्रिभिरेव दोषः ॥

पचन्ति पाकं प्राप्नुवन्ति । एवशब्दोऽत्राप्यर्थे । अव्ययानामनेकार्थत्वात् ॥

વાયુ વિના વેદના ન હોય, પિત્ત વિના પાક ન થાય, અને કફ વિના પરૂ ન થાય, માટે સર્વે સોજા પરિપાક સમયે ત્રણે દોષોથી પાકે છે.

સોજાના પાકમાં મતાંતર.

कालान्तरेणाभ्युदितं तु पित्तं कृत्वा वशे वातकफौ प्रसह्य । पचत्यतः शोणितमेष पाको मतः परेषां विदुषा द्वितीयः ॥

वशे कृत्वा हीनीकृत्य शोणित कर्म पूर्वत्र कफात् । पूयोऽत्र शोणितात् पूय इति भेद. ॥

કાળાંતરથી એકઠું થતું પિત્ત વાયુ તથા કફને ઓછા કરીને બળાત્કારથી લોહીને પકાવે છે, એમ બીજાઓનો મત છે

પાકનું સુશ્રુતે કહેલું લક્ષણ.

कफजेषु च शोथेषु गम्भीरं पाकमेत्यसृक् । पक्वलिङ्गं ततः स्पष्टं यतः स्याच्छोथशीतता । त्वक्सावर्ण्यं रुजोऽल्पत्वं घनस्पर्शत्वमश्मवत् ॥

कफजेषु च शोथेषु गम्भीरमसृक् पाकमेति । तत्र कथ पाकज्ञानमित्याह । तत्र ततः कारणात् पक्वलिङ्गं स्पष्टम् । यत पच्यमानावस्थान्तर्गतरागदाहव्यथाद्यनन्तर शोथशैत्यादयो भवन्ति । घनस्पर्शत्व स्पर्शोऽव्यथत्वम् ॥

કફના સોજામાં લોહીનો પાક ગંભીર થાય છે, તેથી સોજો શીતળ થાય છે, તે ઉપરથી પાકયાની ખબર પડે છે. ચામડી શરીરવર્ણની થાય છે, પીડા મટે છે, અને પથ્થર જેવો ઘન સ્પર્શ થાય છે

પરૂ ન કાઢવાથી હરકત.

कक्षं समासाद्य यथैव वह्निर्वातेरितः सन्दहति प्रसह्य । तथैव पूयो ह्यविनिःसृतस्तु मांसं शिराः स्नायुमपीह खादेत् ॥

कक्ष तृणवनम् ।

વાયુથી ઉશ્કેરાયલો અગ્નિ જેમ બળથી ખડના વનને બાળે છે, તેવી રીતે નીકળેલું પરૂ માંસ, શિરા, તથા સ્નાયુઓને ખાઈ જાય છે.

પરીક્ષક વૈદ્યના ગુણ દોષો

आमं विदह्यमानं च सम्यक्पक्वं तु यो भिषक् । जानीयात् स भवेद्वैद्यःशेषास्तस्करवृत्तयः ॥

विदह्यमानं विपच्यमानम् । तस्करवृत्तय. तेषां तस्कराणामिव द्रव्यलाभमात्रप्रयोजन भवति । नतु धर्मयशोमैत्रीलाभ ॥

यश्छिनत्त्याममज्ञानाद्यश्च पक्वमुपेक्षते । श्वपचाविव विज्ञेयौ तावनिश्चित्यकारिणौ ॥

સોજાને કાચો, પાકવા માંડેલો, અને પાકેલો સમજી શકે તેજ વૈદ્ય ખરો છે, બીજાઓને તો ચોરોના જેવી વૃત્તિવાળા જાણવા, કેમકે તેઓને ધર્મ, યશ કે મિત્રતા મેળવવાનું પ્રયોજન હોતું નથી, પણ કેવળ ધન મેળવવાનુંજ પ્રયોજન હોય છે. જે વૈદ્ય અજ્ઞાનથી કાચા સોજાને કાપે છે અને પાકે-

લાને કાપ્યા કે ઉપાય કર્યા વગરનો રહેવા દે છે, તે બનેને ચાડાળ જેવા સમજવા.

વ્રણના સોજાની ચિકિત્સા.

आदौ शोथहरो लेपस्ततस्तु परिषेचनम् । विम्लापनमसृङ्मोक्षस्ततः स्यादुपनाहनम् ॥ पाचनं भेदनं पश्चात् पीडनं शोधनं तथा । रोपणं वर्णकरणं व्रणस्यैते क्रमा स्मृताः ॥

क्रम. चिकित्सा । सुश्रुते व्रणस्य षष्ठिरुपक्रमा लिखिता. सन्ति ते सर्वेऽत्र विस्तरभयान्न लिखिताः ॥

यथा प्रज्वलिते वेश्मन्यम्भसा परिषेचनम् । क्षिप्रं प्रशमयत्यग्निमेवमालेपनं रुजः ॥ बीजपूरजटाहिंस्रादेवदारुमहौषधम् । रास्नाग्निमन्थौ लेपोऽयं वातशोथविनाशनः ॥ दूर्वा च नलमूलं च पद्मकाष्ठं च केशरम् ॥ उशीरं बालकं पद्मं लेपोऽयं पित्तशोथहा । न्यग्रोधोदुम्बराश्वत्थप्लक्षवेतसवल्कलैः ॥ ससर्पिष्कैः प्रदेह स्याच्छोथे पित्तसमुद्भवे । आगन्तुजे रक्तजे च लेप एषोऽभिपूजितः । अजगन्धाजशृङ्गी च मञ्जिष्ठा सरलस्तथा ॥ एकैषिकाश्वगन्धा च लेपोऽयं श्लेष्मशोथहा ॥

अजशृङ्गी मेढाशिङ्गी । एकैषिका श्यामपनिरशोथा ॥

कृष्णा पुराणपिण्याकशिग्रुत्वक् सिकता शिवा । मूत्रपिष्टः सुखोष्णोऽयं प्रलेपः श्लेष्मशोथहा ॥ न रात्रौ लेपनं दद्याद्दत्तं च पतितं तथा । न च पर्युषितं शुष्यमाणं तत्रैव धारयेत् ॥

दत्तमेव पुनर्न दद्यात । पतित दीयमानं सद्यो-ज्ञात्पतित । पर्युषितम् । लेपनद्रव्यं कल्कीकृतं-यत् पर्युषितम् ॥

तमसा पिहितोऽत्यूष्मा रोमकूपमुखोत्थितः । विना लेपेन निर्याति रात्रौ नालेपयेदतः ॥ रात्रावपि प्रलेपस्तु विधानज्ञो विचक्षणैः । अपाकिशोथे गम्भीरे रक्तपित्तसमुद्भवे ॥

यथाम्बुभिः सिच्यमानः शान्तिमग्निर्हि गच्छति । दोषाग्निरेव सहसा परिषेकेण शाम्यति ॥ [तद्यथा] वातघ्नौषधनिःकाथैस्तैलैर्मांसरसैर्घृतैः । उष्णैः संसेचयेच्छोथं वातिकं काञ्जिकेन च ॥ पित्तरक्ताभिघातोत्थं शोथं सिञ्चेत् सुशीतलैः । क्षीराज्यमधुखण्डेक्षुरसैः पित्तहरैः शृतैः ॥ कफघ्नौषधनिःकाथैः शीतैस्तु परिषेचयेत् । तैलक्षाराम्बुमूत्रैश्च शोथं श्लेष्मसमुद्भवम् ॥

जातस्य कठिनस्यास्य कार्यं विम्लापनं शनैः ॥

अस्य शौथस्य ॥

अभ्यज्य स्वेदयित्वा तु वेणुनाड्या शनैः शनैः । विमर्दयेद्भिषक्सम्यक् तलेनाङ्गुष्ठकेन वा ॥

वेणुनाड्या वंशनालिकया स्वेदयित्वा उष्णस्वेद कृत्वा ॥

वेदनोपशमार्थाय तथा पाकशमाय च । अचिरोत्पतिते शोथे शोणितस्रावणं चरेत् ॥

चरेत् कुर्यात् ॥

एकतस्तु क्रियाः सर्वा रक्तमोक्षणमेकतः॥ रक्तं हि वेदनामूलं तच्चेन्नास्ति न चास्ति रुक् । विषाणैश्च विशेषेण जलौकाभिः पदैरपि ॥

शोणितस्रावण चरेदित्यनेनान्वय । अथोपनाह स्वेद तस्य विधिर्भेषजसाधनप्रकरणे कथित एवास्ति ।

रुजावतां दारुणानां कठिनानां तथैव च ॥ शोथानां स्वेदनं कार्यं ये चाप्येवंविधा व्रणाः । शोथाना सामान्यानाम् व्रणा व्रणशोथाः तेषामपि स्वेदन कार्यम् ।

शोथयोरुपनाहं च दद्यादामविदग्धयो ॥ प्रशाम्यत्यविदग्धस्तु विदग्धः पक्वतां व्रजेत् । आमविदग्धौ अपक्वपाकोन्मुखो यथा ।

शोभाञ्जनः कणा चापि सैन्धवं विश्वभेषजम् । शणकार्पासयोर्बीजमतसी च कुलत्थिका ॥ तिला यवाश्च सिद्धार्थः कुठेरो मूलकं मिसिः । यथामासैरमीभिस्तु द्रव्यैरम्लेन संयुतैः ॥ कल्कीकृतैः सुखोष्णैश्च स्वेदयेद्विधिवच्छने । अनेन प्रशम याति वातशोथो न संशयः ॥ कुठेर कृष्णवरी । इति शोभाञ्जनादिरुपनाह. ॥

पुनर्नवा दारु शुण्ठी शिग्रुः सिद्धार्थ एव च । अम्लपिष्टः सुखोष्णोऽयं प्रलेपः सर्वशोथहा ॥ इति पुनर्नवादिः ;

न प्रशाम्यति यः शोथः प्रलेपादिविधानतः । द्रव्याणि पाचनीयानि दद्यात्तत्रोपनाहने ॥

शणमूलकशिग्रूणां फलानि तिलसर्षपाः अतसीशक्तवः किण्वमुष्णद्रव्यं च पाचनम् ॥ शणफलादीनामतस्यन्ताना सक्तव कर्तव्या । किण्व सूराबीजम् । अवगोधूमधान्यादिप्रकारः अन्यच्चोष्ण द्रव्य व्रणस्य पाचन भवति ।

अन्तःपूयेष्ववक्रेषु तथा चोत्सङ्गवत्स्वपि । गतिमत्सु च रोगेषु भेदनं संप्रयुज्यते ॥ उत्सङ्गवत्सु । कोटरवत्सु । गतिमत्सु नाडीव्रणेषु भेदनम् । शस्त्रमौषध कर्म च ।

रोगे व्यधनसाध्ये तु यथादेशं प्रमाणतः । शस्त्र निधाय दोषास्तु स्रावयेत् कथित यथा॥

बालवृद्धासहक्षीणभीरूणां योषितामपि । व्रणेषु मर्मजातेषु भेदनं द्रव्यलेपनम् ॥

चिरबिल्वोऽग्निको दन्ती चित्रको हयमारकः । कपोतकाकगृध्राणा मललेपेन भेदनम् ॥

क्षारद्रव्यं तथा क्षारो दारणःपरिकीर्तितः । क्षारद्रव्यमपामार्गादि । क्षारस्वर्जिका यवक्षारादि ॥

हस्तिदन्तो जले पिष्टो बिन्दुमात्रप्रलेपितः । अत्यर्थकठिने शोथे कथितोः भेदनः परः ॥

द्रव्याणां पिच्छिलाना तु त्व-मूलानि प्रपीडनम् । यवगोधूममाषाणां चूर्णानि च समासतः ॥ शुष्यमाणमुपेक्षेत प्रलेपं पीडनम्प्रति । न चापि मुखमालिम्पेत्तथा दोष प्रसिच्यते ॥

पीडनम्प्रति पीडनद्रव्यलेपं प्रति । पीडनद्रव्यलेपं शुष्यन्तमपि धारयेदित्यर्थः । तथा व्रणस्य मुखलेपं विना प्रस्रवति ।

ाणस्य तु विशुद्धस्य क्वाथः शुद्धिकरः
ः। पटोलनिम्बपत्रोत्थः सर्वत्रैव प्रयुज्यते॥
तिके दशमूलानां क्षीरीणां पैत्तिके व्रणे।
रग्वधादेः कफजे कषायः शोधने हितः॥
वत्थोदुम्बरप्लक्षवटवेतसजं सृतम्। व्रण-
थोपदंशानां नाशनं क्षालनात्स्मृतम्॥ ति-
सैन्धवयष्ट्याह्वनिम्बपत्रनिशायुगैः। मधु-
युतैः पिष्टः प्रलेपो व्रणशोधनः॥ एकं वा
रिवामूलं सर्वव्रणविशोधनम्। निम्बपत्र-
लादन्तीत्रिवृत्सैन्धवमाक्षिसम्॥ दुष्टव्रण-
मनो लेपः शोधनकेशरी।
ग्नश्रेष्ठ।

लेपन्निम्बदलैःकल्को व्रणशोधनरोपणः।
णाच्छर्दिमन्दाग्निपित्तश्लेष्मकृमीन् हरेत्॥
॥न्विशोधयेद्वर्त्यां सूक्ष्मान् हि सन्धिमर्म-
न्। अभयात्रिवृता दन्ती लाङ्गली मधुसै-
वैः॥ निम्बपत्रघृतक्षौद्रदार्वीमधुकसंयु-
। वार्तिस्तिलानां कल्को वा शोधयेद्रोप-
व्रणम्॥
पेतपूतिमांसानां मामस्थानामवराहताम्।
कस्तु रोपणो देयस्तिलजो मधुसंयुतः॥
वगन्धा रुहा लोध्रं कट्फलं मधुयष्टिका।
ङ्गा धातकीपुष्पं परमं व्रणरोपणम्॥
। रोहिणी॥

धुयुक्ता सुरा पुंसां सर्वव्रणविरोपणी।
वीपचवचूरवकामोटाकुठेरकाः॥ पृथगेतैः
पस्तु गम्भीरव्रणरोपणः।
पृथ्वीपत्रमगरैलापत्रा बला मोटा अस्मात् तदेव
न पुस्तकधृतम्। कुठेरः कृष्णबर्बरी।

ककुभोदुम्बराश्वत्थजम्बूकट्फललोध्रजैः।
त्वक्चूर्णैर्धूलिताः क्षिप्रं संरोहन्ति व्रणा भुव-
म्॥ प्रियङ्गुधातकी वृष्यं यष्टी मधुअतुनि
च। सूक्ष्मचूर्णीकृतानि स्यु रोपणान्यवचूल-
नात्। यवचूर्णं समधुकं सतैलं सहसर्पिषा॥
दद्यादालेपनं कोष्णं दाहशूलोपशान्तये।
करञ्जारिष्टनिर्गुण्डीलेपो हन्याद्व्रणकृमीन्॥
लशुनस्याथवा लेपो हिङ्गुनिम्बकृतोऽ-
थवा। अरिष्टो निम्ब.।

निम्बपत्रवचाहिङ्गुसर्पिर्लवणसर्षपैः। धूपनं
स्याद्व्रणे रूक्षकृमिकण्डूरुजापहं॥ ये क्लेदपा-
कस्रुतिगन्धवन्तो व्रणाश्चिरोत्थाः स तताश्च
शोथाः। प्रयान्ति ते गुग्गुलुमिश्रितेन पीतेन
शान्तिं त्रिफलासृतेन॥ पटोलनिम्बाशनसा-
रधात्रीपथ्याक्षनिर्यूह महर्गुस्तेषु। पिबेद्घृतं
गुग्गुलुना विसर्पविस्फोटदुष्टव्रणशान्तिमि-
च्छन्॥

मनःशिला समञ्जिष्ठा सलाक्षा रंजनीद्व-
यम्। प्रलेपः सघृतः क्षौद्रस्त्वचः सावर्ण्य-
कृत् स्मृतः॥

जीर्णशाल्योदनं स्निग्धमल्पमुष्णं द्रवा-
न्तरम्। भुञ्जानो जाङ्गलैर्मांसैः शीघ्रं व्र-
णमपोहति॥ तण्डुलीयकजीवन्तीवास्तूक-
सुनिषण्णकैः। धातमूलकवार्ताकपटोलैः
कारवेल्लकैः॥ सदाडिमैः सामलकैर्घृतभ्रष्टैः
ससैन्धवैः। अन्यैरेवं गुणैर्वापि मुद्गादीनां
रसेन वा।

एभि. सह जीर्णशाल्योदनं भुञ्जान शीघ्रं व्रण-
मपोहति इत्यन्वयः।

अम्लं दधि च शाकं च मांसमानूपमौदकम् । क्षीरं गुरूणि चान्नानि व्रणे च परिवर्जयेत् ॥ व्रणे श्वयथुरायासात् स च रागश्च जागरात् । तौ च रुक् च दिवास्वापाताश्च मृत्युश्च मैथुनात् ॥

क्रुद्धे सद्यो व्रणे कुर्यादूर्ध्वं चाधश्च शोधनम् । क्रिया शीता प्रयोक्तव्या रक्तपित्तोष्मनाशिनी ॥ लङ्घनं च बलं ज्ञात्वा भोजनं चास्रमोक्षणम् । घृष्टे विदलिते चैव सुतरामिष्यते विधिः ॥ छिन्ने भिन्ने तथा विद्धे क्षते वास्रगतिः स्रवेत् । रक्तक्षयात्तत्र रुजः करोति पवनोभृशम् ॥ स्नेहपानं परीषेकं लेपं तत्रोपनाहनम् । कुर्वन्ति स्नेहबस्तिं च रुजाघ्नं चौषधं पृथक् ॥ खड्गादिछिन्नगात्रस्य तत्काले परितो व्रणः । गाङ्गेरुकीमूलरसैः सद्यः स्याद्गतवेदनः ॥

गङ्गेरुकी नागबला गुलसकरीति लोके ।

कषाया मधुराः शीताः क्रियाःसर्वाः प्रयोजयेत् ॥ सद्योव्रणानां सप्ताहात्पश्चात्पूर्वोक्तिमाचरेत् । आमाशयस्थे रुधिरे विदध्याद्वमनं नरः ॥ तस्मिन् पक्वाशयस्थे तु प्रकुर्वीत विरेचनम् । क्वाथो वंशत्वगैरण्डश्वदंष्ट्राश्मभिदाकृतः ॥ हिङ्गुसैन्धवसंयुक्तः कोष्ठस्थं स्रावयेदसृक् । यवकोलकुलत्थानां निःस्नेहेन रसेन च ॥ भुञ्जितान्नं यवागुं वा पिबेत्सैन्धवसयुताम् । जातीनिम्बपटोलपत्रकटुकादार्वीनिशा सारिवामञ्जिष्ठाभयासिक्थतूत्थमधुकैर्नक्ताह्वबीजैः समैः ॥ सर्पिः सिद्धमनेन सूक्ष्मवदनामर्माश्रिताः स्राविणो गम्भीराः सरुजो व्रणाः सगतिकाः शुध्यन्ति रोहन्ति च ॥ वृद्धवैद्योपदेशेन पारम्पर्योपदेशतः । जातीघृते तु संसिद्धे क्षेप्तव्यं सिक्थकं बुधैः इति जात्यादिघृतम् ।

जातिनिम्बपटोलानां नक्तमालस्य पल्लवाः । सिक्थं मधुकं कुष्ठं द्वे निशे कटुरोहिणी ॥ मञ्जिष्ठा पद्मकं पथ्या लोध्रत्वङ्नीलमुत्पलम् । सारिवा तूत्थकं चापि नक्तमालफलं तथा एतानि समभागानि कल्कीकृत्य प्रयत्नतः । तिलतैलं पचेत् सम्यग्वैद्यः पाकविचक्षण ॥ विषव्रणे समुत्पन्ने स्फोटके कक्षरोगिणि । दद्रुवीसर्परोगेषु कीटदष्टेषु सर्वथा ॥ सद्यः शस्त्रप्रहारेण दग्धविद्धेषु चैव हि । नखदन्तक्षते देहं दुष्टमांसापकर्षणे ॥ म्रक्षणेन हित तैलमिदं शोधनरोपणम् । तैलं जात्यादिनाम्नैतत् प्रसिद्धं भिषगादृतम् ॥

इति जात्यादितैलम् ॥

चित्रकरसोनरामठशरपुङ्खालाङ्गलीकासिन्दूरैः । सविषैस्तथा सकुष्ठैः कटु तैलं साधु सम्पकम् ॥ विपरीतमल्लसंज्ञं तैलं दुष्टव्रणं तथा नाडीम् । बहुभेषजैरसाध्यामपथ्यभोक्तुश्चनिस्तूदति ॥ इति विपरीतमल्ल तैलम् ।

अमृतापटोलमूलत्रिफलात्रिकटुक्रिमिघ्नानाम् । समभागानां चूर्णं सर्वसमोगुग्गुलोर्भागः ॥ प्रतिवासरनेकैकां गुटिकां खादेद्धित्सुपरिमाणाम् । जेतुं व्रणवातासृग्गुल्मोदरशोथवातरोगाश्च ॥ इति अमृतादिगुग्गुलु. ।

પ્રથમ સોજાને હરનારો લેપ કરવો,

પછી કવાથ વગેરેનુ સેવન કરવુ, પછી ચોળીને કરમાવી નાંખવો, પછી તેમાંથી લોહી કાઢવું, તે પછી તે ઉપર જરા જરા ગરમ ઔષધો કપડામાં બાંધીને બાફ દેવી, તે પછી તેને પકાવવાના ઉપચારો કરવા, પછી શસ્ત્ર કે ઔષધથી સોજાને ભેદી નાંખવો, તે પછી તેને દબાવીને પરૂ કાઢી નાંખવા માટે તે ઉપર ઔષધોના જાડા લેપો કરવા, તે પછી કવાથ વગેરેથી ધોઈને સાફ કરવો, તે પછી ભોય લાવવી. અને તે પછી એ જગોનો વર્ણ શરીર જેવો લાવવો એ રીતે વ્રણ ઉપર અગિયાર પ્રકારની ચિકિત્સાઓ કરવી. સુશ્રુતે તો તે વ્રણ ઉપર સાઠ ક્રિયાઓ લખી છે, પણ વિસ્તારના ભયથી તે સર્વ અહીં લખી નથી.

સોજાને હરનારા લેપો.

સળગતા ઘરને જેમ પાણી ઠારી નાખે છે તેમ લેપોથી પીડા તુરત શાંત થઈ જાયછે.

બીજોરાનુ મૂળ, જટામાસી, દેવદાર, સુઠ, રાસ્ના, અને અરણીના લેપથી વાયુનો સોજો મટી જાય છે.

ધ્રો, બરૂનાં મૂળ, પદ્મકાષ્ઠ, કેસર, વાળો, પીળો વાળો, અને કમળના લેપથી પિત્તનો સોજો મટી જાય છે.

વડ, ઉંબરો, પીપળો, પીપળ, અને નેતરની છાલોનો ઘીમાં કાલવીને લેપ કરવાથી પિત્તનો સોજો મટી જાય છે.

ઉપરનો વડ વગેરેની છાલોવાળો ઉપાય રક્ત તથા આગંતુજ સોજા ઉપર પણ હિતકારી છે.

મરડાશીંગી, જગલી તુળસી, મજીઠ, દેવદાર, કાળીનસોતર, અને આસોંદના લેપથી કફનો સોજો મટી જાય છે

પીપર જુનો ખોળ, સરગવાની છાલ, રેતી અને હરડેને ગોમૂત્રમાં વાટી જરા ગરમ કરીને લેપ કરવાથી કફ સંબંધી સોજો મટી જાય છે.

રાતે લેપ ન કરવો. લેપ કરતાં લેપનો જે ભાગ શરીર ઉપરથી પડી જાય તેનો ફરીથી લેપ ન કરવો, જેનો એકવાર લેપ કર્યો હોય તેને લેઈને બીજીવાર લેપ ન કરવો, લેપ કરવાનાં રાતવાસી કલ્કનો લેપ ન કરવો, લેપ સુકાઈ જવા માંડે એટલે તેને શરીરપર રાખવો નહી, એવી રીતે લેપનવિધિ છે. અંધારાથી ઢકાયેલી ભારે ગરમી જો લેપ ન કર્યો હોયતો રૂવાડાંનાં છીદ્રોના મોઢામાંથી બહાર નીકળે છે, તે જો લેપ કર્યો હોય તો બહાર નીકળી શકતી નથી, માટે રાતે લેપ ન કરવો પાકે નહી એવો સોજો, ઉંડો સોજો અને રૂધિરથી કે પિત્તથી થયેલો સોજો એઓની ઉપર ચતુર વૈદ્યોએ રાતે પણ લેપ કરવો.

સોજા ઉપર કવાથ વગેરેનાં સેચન.

જળ છાંટવાથી જેમ અગ્નિ શાંત થાય છે તેમ કવાથ વગેરે વડે સેચન કરવાથી દોષરૂપી અગ્નિ તુરત શાંત થઈ જાય છે.

વાતહર કવાથો, તેલો, માસરસાઓ, ઘી અને કાંજીને ગરમ કરીને તેવડે વાયુ સંબધી સોજા ઉપર સેચન કરવું.

જો પિત્તથી, રક્તથી કે ક્ષતથી સોજો થયો હોય, તો તેના ઉપર શીતળ દવાઓના રસથી, દૂધથી, ઘીથી, મધથી, ખાંડથી, શેરડીના રસથી, અને પિત્તહર કવાથોથી સેચન કરવું.

જો કફનો સોજો હોય તો તેના ઉપર કફહર દવાના શીતળ કવાથ, તેલ, ક્ષાર, જળ અને મૂત્રવડે સેચન કરવુ

સોજાને ચોળીને કરમાવી નાંખવાનો પ્રકાર.

ઉપડેલા કઠણ સોજાને ધીરે ધીરે કરમાવી નાંખવો એની રીત વિષે સુશ્રુત કહે છે કે—' વૈદ્યે સોજા ઉપર અભ્યંગ કરી બાફ દઇને ધીમે ધીમે વાંસની નળીથી અથવા હાથના તળીયાથી અથવા અંગુઠાથી ધીમે ધીમે ચોળવો જોઇએ.

સોજામાંથી લોહી કાઢવા વિષે.

તુરતના ઉત્પન્ન થયેલા સોજામા થતી વેદનાની શાંતિ માટે અને તેને નહી પાકવા દેવા માટે તેમાથી લોહી કઢાવવુ જોઇએ એક બાજુ બીજી બધી ક્રિયાઓ છે અને બીજી બાજુ લોહી કઢાવવાનો પ્રકાર છે, એટલે બીજી બધી ક્રિયાઓવડે સોજા ઉપર જેટલી અસર થાય છે તેટલી એક લોહી કઢાવવાની ક્રિયાથી થાય છે. વેદના થવાનું મૂળ લોહીજ છે, જો લોહી ન હોય તો વેદના થાય જ નહી. ઘણું કરીને શીંગડાંથી, જળો મૂકવાથી અને છેરા દેવાથી લોહીનું સ્રાવણ કરવું.

ઉનાં ઔષધો સોજા ઉપર બાંધીને બાફ દેવા વિષે

આ વિધિવિષે "ઉપનાહ સ્વેદ" નામના મથાળા નીચે પ્રથમખડમા કહેવાઈ ગયુ છે. જે સોજા વેદનાવાળા, ઉગ્ર અને સખ્ત હોય, તેની ઉપર બાફ દેવો, અને વ્રણ સંબધી સોજા પણ એવા હોય તો તેને પણ બાફ દેવો. જે સોજો કાચો હોય અથવા પાકવા માંડયો હોય તેની ઉપર ઉપનાહ સ્વેદ કરવો. તેથી જો સોજો કાચો હોય તો તે મટી જાય છે અને પાકવા લાગ્યો હોય તો તુરત પાકી જાય છે.

શોભાંજનાદિસ્વેદ.

સરગવો, પીપર, સૈંધવ, સુઠ, શણના બીજ, કપાશિયા, અળસી, કળથી, તલ, જવ, સર્ષવ, કાળીતુળસી, મૂળા, અને સૂવામાંથી જેટલા મળી શકે તેટલાને ખાટા રસમાં વાટી કલ્ક કરી જરા જરા ગરમ તેને લુગડાંમાં બાંધીને ધીરે ધીરે સોજા ઉપર વિધિ પૂર્વક બાફ દેવો એથી વાયુનો સોજો શાત થઇ જાય છે, તેમાં સંશય નથી

પુનર્નવાદિ લેપ

સાટોડી, દેવદાર, સુઠ, સરગવો, અને સર્ષવને ખટાઈમા વાટીને સહેવાય તેવો ગરમ લેપ કરવાથી પણ સર્વ જાતના સોજા મટી જાય છે

સોજાને પકવવાની રીત.

પ્રલેપ વગેરેથી જે સોજો શાત ન થાય તેના ઉપર પકાવવાના પદાર્થો બાંધવા શણના ફૂળ, મૂળાના બીજ, સરગવાનાં ફળ, તલ, સર્ષવ, અળસી, સાથવો, મદિરાનુ બીજ, અને બીજા ગરમ પદાર્થો પકવનારા છે.

ભેદન વિધિ.

સોજામાં પરૂ હોય, વાકો ન હોય, અને કોતર વાળો હોય, તે સોજા તથા નાડીવ્રણોનું શસ્ત્ર કે ઔષધોથી ભેદન કરવું. શસ્ત્રથીજ વીંધવા યોગ્ય હોય તેને યોગ્ય ઠેકાણે પ્રમાણસર શસ્ત્ર ઘોચીને તેમાંથી દોષોને સ્રાવવી નાંખવા. આ પ્રકાર સુશ્રુતાદિકે કહ્યા પ્રમાણે કરવો. બાળક, વૃદ્ધ, શસ્ત્ર સહન ન કરીશકે તે, ક્ષીણ, બીકણ અને સ્ત્રીઓને, તેમજ મર્મસ્થળોમાંનાં વ્રણોનું ભેદન શસ્ત્રથી નહિ કરતાં ઔષધોથી કરવું.

કરજ, રાતો ચિત્રક, નેપાળો, ચિત્રક,

કપૂર, હોલાની ચરક તથા કાગડા અને ગરજની ચરકોનો લેપ કરવાથી વ્રણ ભેદાઈ જાય છે.

અઘેડો વિગેરે ક્ષારવાળા પદાર્થો, જવખાર, અને સાજીખાર, વગેરેના લેપથી પણ વ્રણ ચીરાઈ જાય છે

હાથી દાંતને પાણીમાં ઘૂટીને તેનો એક બિન્દુ જેટલો લેપ કરવાથી અત્યત કઠણ સોજો પણ અવશ્ય ભેદાઇ જાય છે.

પિડન વિધિ.

ચીકણી ઔષધીઓનાં મૂળ તથા છાલને વાટીને ચોપડવાથી સોજો દબાય છે જળ, ઘઉં, અને અડદની લોપરીઓ બાંધવાથી સોજો દબાય છે. સોજાને દબાવવા માટે કરેલા લેપને સુકાવા દેવો, પણ તે લેપને સોજાના મોઢા ઉપર કરવો નહિ. આથી સોજામાંથી દોષો ખેંચાઇને નીકળી જાય છે

શોધન વિધિ.

વ્રણમાથી પરૂ નીકળી ગયા પછી પરવળ તથા લીમડાના પાનોના ક્વાથથી તેને ધોવાથી તે સાફ થઇ જાય છે આ ક્વાથ સર્વ વ્રણો ઉપર ઉપયોગી છે.

વાયુના વ્રણને દશમૂલીના ક્વાથથી, પિત્તના વ્રણને વડ વગેરે ખીરવાળા વૃક્ષોના ક્વાથથી, અને કફના વ્રણને આરગ્વધાદિ ગણના ક્વાથથી, ધોવાથી તે તે વ્રણો શુદ્ધ થાય છે.

પીપળો, ઉંબરો, પીપળ, વડ, અને નેતરના ક્વાથથી ધોવાથી વ્રણના સોજાઓ તથા ચાંદીનો નાશ થાય છે.

તલ, સૈંધવ, જેઠીમધ, લીમડાનાંપાન, હળદર, દારૂહળદર, અને નસોતરને વાટી ઘી મેળવી લેપ કરવાથી વ્રણ સાફ થઇ જાય છે.

એકલા ઉપલસરીના મૂળનો લેપ કરવાથી સર્વ જાતના વ્રણો સાફ થઈ જાય છે.

લીમડાના પાન, તલ, નેપાળો, નસોતર, સૈંધવ, અને મધનો લેપ દુષ્ટ વ્રણોને શાંત કરે છે, તથા સાફ કરવામાં સર્વોત્તમ છે.

લીમડાનાં પાનના કલ્કનો લેપ કરવાથી વ્રણ શુદ્ધ થાય છે તથા તેમા ભોંય લાવે છે, અને તે કલ્ક ખાવાથી ઉલટી, મદાગ્નિ, પિત્ત, કફ, તથા કૃમિને હણે છે. લીમડાનાં પાનના કલ્કની વાટ કરી વ્રણના મુખમા ખોસવાથી સાખાઓ તથા મર્મસ્થળોમાં થયેલા ઝીણા વ્રણો સાફ થઈ જાય છે.

હરડે, નસોતર, નેપાળો, કલગારી, બમણું મધ, સીંધવ, લીમડાનાં પાન, ઘી, દારૂહળદર, અને જેઠીમધની વાટ કે કલ્ક વ્રણને સાફ કરીને તેમાં ભોંય લાવે છે.

વ્રણની ભોંય લાવવા વિષે.

જે વ્રણ માંસના જથ્થામાં થવાથી તેમાથી સડી ગયેલુ માસ નીકળી ગયા છતા પણ રૂઝાતો ન હોય, તેની ઉપર તલના કલ્કમા મધ મેળવીને લગાવવુ, તેથી તેમા રુઝ આવી જાય છે.

આસોદ, કડુ, લોધર, કાયફળ, જેઠીમધ, મજીઠ, અને ધાવડીના ફુલનો કલ્ક ચોપડવાથી વ્રણમા ભોંય આવી જાય છે.

મધ તથા ઘીનો લેપ કરવાથી સર્વ જાતના વ્રણો રૂઝાઇ જાય છે.

ઝીણી એલચીનાં પાનનો, અથવા ધતુરાનો, અથવા બલા મોટાનો, અથવા કાળી તુલસીનો લેપ કરવાથી ઉંડા વ્રણને પણ રૂઝવી નાંખે છે.

આસોદરો, ઉંબરો, પીપળો, જાંબુ,

ત્રફળા, અને લોદરની છાલનાં ચૂર્ણ વ્રણ ઉપર ભભરાવવાથી વ્રણો અવશ્ય રૂઝાઇને સોય આવે છે.

ઘઉંલા, ધાવડીનાં ફુલ, જેઠીમધ, અને લાખનું ચૂર્ણ વાટી ઝીણું કરીને વ્રણ ઉપર ભભરાવવું.

જવ અને જેઠીમધનું ચૂર્ણ તેલમાં તથા ઘીમાં મેળવી ઉનું કરીને લેપ કરવાથી વ્રણનો દાહ તથા શૂળ મટી જાય છે.

કરંજ લીંમડો અને નગોડનો લેપ કરવાથી વ્રણમાં પડેલા કીડાનો નાશ થાય છે.

લીંમડો અને હીંગનો લેપ કરવાથી વ્રણમાંના કીડા નાશ પામેછે.

લીમડાના પાન, વજ, હીંગ, ઘી, સૈંધવ અને સર્ષપ, એઓની ધુમાડી દેવાથી વ્રણની રૂક્ષતા, કીડા, ચળ, તથા પીડા મટી જાય છે.

જે વ્રણ પાકીને સ્રવતા હોય, ગંધવાળા હોય, લાંબા વખતથી થયેલા હોય, અને જે સોજા હમેશના હોય તો ત્રિફળાના રસમાં ગુગળ મેળવીને પીવાથી તે મટી જાય છે

કડવા પરવળ, લીંબડાની અંતરછાલ, બાવળની છાલ, આમળાં હરડા અને બેહેડાંનો કવાથ કરી તેમા ગુગળ મેળવીને નિત્ય સવારમાં પીવાથી રતવા, વિસ્ફોટક, તથા દુષ્ટ વ્રણો મટી જાય છે.

મનશીલ, મજીઠ, લાખ હળદર અને દારૂહળદરનું ચૂર્ણ મધ તથા ઘીમા મેળવીને ચોપડવાથી તે વ્રણની જગ્યાની ચામડીનો રંગ અસલ જેવો થઇ જાય છે.

વ્રણવાળાને ભોજન આપવા વિષે.

જાગલમાંસોના રસો, તાંદળજો, મીઠી ખરખોડી, બથવો, સુનિસરણક, નાના મૂળા, રીંગણાં, પરવળ, કારેલાં, દાડમ, તથા આમળાં એ સર્વને ઘીમાં તળી સીંધવ નાંખીને તેઓની સાથે, અથવા એવાજ ગુણોવાળા બીજા પદાર્થોની સાથે જરા ઉનો, સ્નિગ્ધ, અને પાતળો જુના રાતા ચોખાનો ભાત ખાવાથી વ્રણ તુરત મટી જાય છે.

ખાટું દહિં, ખાટા શાક, જળમય દેશનાં કે જળચર પ્રાણીઓના માસો, દૂધ, અને ભારે અન્નો, વ્રણવાળાએ ખાવાં નહિ.

વ્રણવાળાને ત્યાજ્ય

વ્રણવાળો શ્રમ કરે તો સોજો ચડેછે, ઉજાગરો કરે તો સોજો તથા રતાશ થાય છે, દિવસે સુવાથી સોજો, રતાશ, અને વેદના, એ ત્રણે થાય છે, અને મૈથુનથી તો એ ત્રણે તેમજ મૃત્યુ પણ થાય છે.

આગંતુજ વ્રણની ચિકિત્સા

આગતુજ વ્રણ કોપ પામે તો વમન વિરેચનથી શોધન કરવું, તથા રક્ત, પિત્ત, અને ગરમીનો નાશ કરનારી શીતળ ક્રિયાઓ કરવી. બળ પ્રમાણે લઘન કરાવવું તથા ભોજન કરાવવુ, અને યોગ્ય લાગે તો લોહી પણ કઢાવવું. આગતુજ વ્રણ ઘસાઈ કે ફાટી જાય તોપણ એજ ક્રિયાઓ યોગ્યતા જોઇને કરવી

અગ છેદાઇ, ભેદાઇ, વિધાઇ, કે ઘવાઈ જવાથી લોહી નીકળે, અને તેથી લોહીની ક્ષીણતા આવે તો વાયુ અત્યત પીડા કરે છે. એમ થાય તો સ્નેહપાન, સેચન, લેપન, ઉપનાહ સ્વેદ, સ્નેહની પિચકારીઓ, અને પીડા શામક ઉપાયો પણ કરવા.

તરવાર વિગેરેનો જખમ થાય તો તેજ વખતે તે વ્રણમા ગંગેટીનાં મૂળનો રસ ભરવો, એટલે વેદના શાત થઈ જાય છે.

આગંતુજ વ્રણોમાં પ્રથમ સાત દિવસ સુધી તો સર્વ તુરી, મધુર, અને શીતળ ક્રિયાઓ કરવી. પછી આઠમે દિવસેથી બીજા વ્રણો માટે જે ક્રિયાઓ ઉપર કહેવાઈ ગઇ છે તે કરવી.

આમાશયમા રૂધિર રહ્યુ હોય તો વમન, અને પકવાશયમા રહ્યુ હોય તો વિરેચન દેવુ.

વાંસની છાલ, એરંડો, ગોખરૂ, અને પાષાણભેદનો કવાથ હિંગ તથા સૈંધવ નાંખીને પીવાથી કોઠામાંનુ લોહી સ્રવી જાય છે

આગંતુજ વ્રણવાળાએ જવ, મીઠાં મોટાં બોર, અને કળથીના સ્નેહ વગરના રસની સાથે ભોજન કરવું, અથવા સૈંધવ નાખીને યવાગૂ પીવી.

જાત્યાદિ ઘૃત.

ચમેલી, લીમડો, પરવળ કે કડવી ઘીસોડીનાં પાંદડાંઓ; કડુ, દારૂહળદર, ઉપલસરી, મજીઠ, કાળો વાળો, મીણ, મોરથુથુ, જેઠીમધ, અને કરજના બીજ સમભાગે લેઈ, તેઓના કલ્કથી પકાવેલ જાત્યાદિ ઘી લગાડવાથી ઝીણા મુખવાળા મર્મોમાં રહેલા, સ્રાવવાળા, ઉંડા, વેદના વાળા, અને અંગોમા ગતિ કરનારા વ્રણો સાફ થઇ જઇ તેમાં ભરતી આવીને રૂઝાઇ જાય છે. આમા મીણ નાખવાનુ કહેલુ છે તેમા વૃદ્ધ વૈદ્યોનો એમ મત છે કે તે ઘી પાકી ગયા પછીજ તેમા નાખવુ.

જાત્યાદિ તૈલ.

ચમેલી, લીમડો, કડવાં પરવળ અથવા કડવી ઘીસોડીનાં પાનો, કરજનાં પાન, મીણ, જેઠીમધ, કઠ, હળદર, દારૂહળદર, મજીઠ, પદ્મકાષ્ઠ, કડુ, હરડે, નીલકમળ, લોદરની છાલ, ઉપલસરી, મોરથુથુ, અને કરંજનાં ફળને સમ ભાગે લેઈ પાક જાણનાર વૈદ્યે તેમના કલ્કથી તલના તેલને પ્રયત્નથી પકાવીને લગાડવાથી વિષમય વ્રણ, વિસ્ફોટક, કખ, દાદર, રતવા, કીડાનો ડંખ, શસ્ત્રનો તુરતનો જખમ, બળલુ, વીંધાવું, નખ તથા દાતના ઘા મટી જાયછે. વ્રણમાંથી સડેલ માંસ કાઢી નાંખવામાં આ તેલ ઉત્તમ છે. વૈદ્યોએ આદર પૂર્વક સ્વીકારેલ આ તેલ પ્રસિદ્ધ તથા વ્રણોને સાફ કરનાર અને સારી પેઠે રૂઝવનાર છે.

વિપરીત મલ્લ તેલ.

ચિત્રક, લસણ, હિંગ, શરપુંખો, કલગારી, સિંદૂર, વછનાગ, અને કઠના કલ્કથી સારી રીતે પકાવેલ સરસિયુ તેલ લગાડવાથી દુષ્ટ વ્રણો તથા ઘણી દવાઓથી પણ નહિ મટતા અસાધ્ય નાડી વ્રણો પણ મટી જાયછે. અપથ્ય જમતાં છતાં પણ આ તેલ દુષ્ટ અને નાડી વ્રણોને મટાડયા વગર રહેતુંજ નથી.

અમૃતાદિ ગુગ્ગુલુ.

ગળો, કડવાં પરવળ અથવા કડવી ઘીસોડીનાં મૂળ, સૂંઠ, મરી, ત્રિફળા, પીપર, અને વાવડીંગનું સમભાગે ચૂર્ણ કરી લેને તેટલાજ વજનના ગૂગળમાં મેળવી યોગ્ય માત્રાની ગોળીઓ કરી નિત્ય એક એક ખાવાથી વ્રણ, વાતરક્ત, ઉદર રોગો, સોજા, અને વાતરોગો જીતાય છે.

અગ્નિથી બળેલાની ચિકિત્સા.

प्लुष्टस्याग्निषु तपनं कार्यमुष्णं तथौषधम् ॥ सम्यक् स्विन्ने शरीरे तु स्विन्नं भवति शोणितं ॥ प्रकृत्या सलिलं शीतं स्कन्दयत्यतिशोणितम् । तस्मात् सुखयति ह्युष्णं नतु शीतं कदाचन ॥ स्कन्दयति शोषयति ॥

शीताम्णुणां च दुर्दग्धे क्रियां कुर्यात्ततः पुनः । घृतालेपनसेकास्तु शीतानेवास्य कारयेत् ॥ सम्यग्दग्धे तुगाक्षीरीप्लक्षचन्दनगैरिकैः । सामृतैः सर्पिषा युक्तैरालेपं कारयेद्भिषक् ॥ ग्राम्यानूपौदकैर्मांसैः पिष्टैरेनं प्रलेपयेत् । अतिदग्धे विशीर्णानि मांसन्युध्दृत्य शीतलं ॥ क्रियां कुर्यात्ततः पश्चाच्छालितण्डुलकण्डनैः । तिन्दुक्यास्त्वक्कषायैर्वा घृतमिश्रैः प्रलेपयेत् ॥ सर्वेषामग्निदग्धानामेतद्रोपणमुत्तमम् । सिक्थककर्दमजीरकमधुपथ्यासर्जमिश्रितं लेपात् । गव्यं घृतमपहरति विपाकजनितं व्रणं सद्यः ॥

इति सिक्थकादि घृतम् ।

सिद्धं कषायकल्काभ्यां पटोल्याः कटुतैलकम् । दग्धव्रणरुजास्रवदाहविस्फोटनाशनम् ॥ इति पटोलादितैलम् ॥

સ્વાભાવિક વર્ણ બદલાઇને બળતરા થાય તથા ફોલ્લા ન ઊઠે તે બળવાને પુષ્ટ કહેછે, અને તેમાં અગ્નિનો શેક તથા ગરમ દવાઓ કરવી, સમગ્ર શરીરને સ્વેદન થાયતો રક્ત પણ સ્વેદ પામેછે, અને જળ સ્વભાવથી શીતળ હોવાથી તે લોહીને શોષીને ઠારી દેછે, એટલા માટે ગરમ ઉપચારોથી સુખ વળેછે, પણ શીતળથી તો નહિજ

તીવ્ર ફોલ્લા ઊઠી ખેંચાણ, વેદના, બળતરા, રતાશ, પાક, અને સબાકા નીકળે, તથા તે લાંબે કાળે મટે એવા હોય, તો તે દાઝેલાને દુર્દગ્ધ કહેછે, એના ઉપર શીતળ તથા ગરમ બને ઉપાયો થઇ શકે છે, તો પણ તેના ઉપર ઘી વગેરે લેપ તથા સેચન કરવા, તે તો શીતળજ કરવા

દાહનુ મૂળ ઊંડુ ગયુ ન હોય, પાકા તાડફળ જેવો રંગ હોય, દાહમાં ઊંચો કે નીચો વગેરે દોષો ન હોય, અને ચામડીમા દાહનાં ચિન્હો હોય, તો તેને સમ્યગ્દગ્ધ કહેછે, એમાં વંશલોચન, પીપર, રતાંજળી, સોનાગેરૂ, અને ગળોને વાટીને ઘી સાથે મેળવીને લેપ કરવો, તથા ઘોડા વગેરે ગ્રામ્યપશુઓનાં માસો, કાચબા વગેરે જળચરોનાં માસો, અને સુવર વગેરે જળપ્રાય દેશનાં પ્રાણીઓનાં માસોને વાટીને લેપ કરવા.

માંસ લટકી ગયુ હોય, ગાત્ર વીંખાઈ ગયેલ હોય, શિરા, સ્નાયુ, તથા સાંધાઓમા અને હાડકાઓમા તુટફાટ થઇનિ જ્વર, દાહ, તરશ, અને મૂર્છા, વગેરે ઉપદ્રવો હોય, તો તે અતિદગ્ધ કહેવાય છે એમા લટકેલા માંસને કાઢી નાખીને વૈદ્યે શીતળ ઉપચારો કરવા, અને પછી રાતા ચોખાનો લોટ ભભરાવવો, અથવા ટીંબરવાની છાલના ચુર્ણનો ઘીમાં વાટીને લેપ કરવો.

સિક્થકાદિ ઘૃત

મીણ, કાદવ, જીરૂં, મધ, હરડે, રાળ, તથા ગાયનુ ઘી ચોપડવાથી બળવાથી થયેલા વ્રણ મટી જાયછે. ચારે પ્રકારના બળેલાને રુઝ લાવીને રૂઝવવાનો એજ ઉત્તમ ઉપાયછે.

પટોલાદિ તૈલ.

કડવી ધીસોડીના કવાથ તથા કલ્કથી પકાવેલ સરસિયુ તેલ દાઝવાથી થયેલ વ્રણ, વેદના, સ્રાવ, દાહ, અને ફોલ્લાનો નાશકરેછે.

વ્રણની ગાંઠની ચિકિત્સા

वातास्रमूत्रं दुष्टं सशोथं ग्रथितं व्रणम् । कुर्यात् सदाहं कण्ड्वाढ्य व्रणग्रन्थिस्तु स स्मृतः ॥ कम्पिल्लकं विडङ्गानि त्वचं दा-

र्यास्तथैव च । पिष्ट्वा तैलं पचेत्तत्तु व्रणग्रन्थिहरं परम् ॥

इति व्रणशोथाग्निदग्धनिदानचिकित्साधिकारः ॥

વાયુ તથા લોહીથી વ્રણ, સ્રાવ વગરનો દુષ્ટ સોજા વાળો, ગુથાયલો, અને બળતરા તથા ચળ વાળો થઈ જાય છે. આ વ્રણ વ્રણગ્રંથિ કહેવાય છે. તેના ઉપર કંપીલો, વાવડીંગ, અને દારૂહળદરની છાલના કલ્કથી પકાવેલ તેલ ઉપયોગી થાય છે એમાં શક નથીજ

ભગ્ન (હાડકું ભાગવું) નો અધિકાર.

ભગ્નના ભેદો.

भग्नं समासात् द्विविधं हुताशकाण्डे च सन्धावपि तत्रसन्धौ । उत्पिष्टविश्लिष्टविवर्तितानि तिर्यग्गतं क्षिप्तमधश्च भग्नम् ॥

अत्र भावेऽर्थे क्तप्रत्ययस्तेन भग्न भङ्ग स चात्र विश्लेषोऽभिप्रेत । तेन भग्नमत्रास्थिविश्लेषलक्षणम् । समासात् सक्षेपात । हुताश हे अग्निवेश । यतश्चरके । अग्निवेशस्य हुताशेति नामान्तरमुक्तम । काण्डे सन्धिपर्यन्ते एकखण्डे । अस्थिसन्धौ द्वयोरस्थ्नो सस्थानसन्धाने तत्र सन्धौ । उत्पिष्टादिभेदैः षट्प्रकारक भग्न भवति ॥ स्वल्पवक्तव्यत्वेन सन्धिभग्नस्यादौ विवरणम् । उत्पिष्टेत्यादि । अथ अधोभग्नम्.

ચરકમા પુનર્વસુ મુનિએ પોતાના શિષ્ય અગ્નિવેશને કહ્યુ છે કે—ભગ્નના સંક્ષેપથી બે પ્રકારો છે, એક કાડભગ્ન અને બીજો સંધિભગ્ન, ઉત્પિષ્ટ, વિશ્લિષ્ટ, વિવર્તિત, તિર્યગ્ગત, ક્ષિપ્ત, અને અધોગત, એમ સંધિભગ્નના છ ભેદો છે.

સંધિભગ્નના સામાન્ય ચિન્હ.

प्रसारणाकुञ्चनवर्तनोग्रारुकस्पर्शाविद्वेषणमेतदुक्तम् । सामान्यतः सन्धिगतस्य लिङ्गम्॥

પસારવામાં, સકોચવામા તથા ફેરવવામા તીક્ષ્ણ પીડા થાય અને સ્પર્શ સહન ન થાય એ સંધિભગ્નનાં સામાન્ય ચિન્હો છે.

સંધિભગ્નોનાં લક્ષણો.

उत्पिष्टसन्धेः श्वयथुः समन्तात् ॥ विशेषतो रात्रिभवा रुजा च विश्लिष्टकेतौ च रुजा च नित्यम् ॥

उत्पिष्टसन्धे उत्पिष्ट द्वाभ्यामस्थिभ्या पिष्ट संधिर्यस्य तस्य समन्तात् उभयभागयो शोथो भवति । विश्लिष्टमाह । विश्लिष्ट इत्यादि तौ उभयत रात्रिशोथौ रुजा च नित्यम् । सदा रुजाधिका भवतीति उत्पिष्टभेदः ।

विवर्तिते पार्श्वरुजश्च तीव्रास्तिर्यग्गते तीव्ररुजो भवन्ति । क्षिप्तेऽतिशूलं विषम रुजश्च क्षिप्ते त्वधोरुग्विघटश्च सन्धेः ॥

विवर्तिते सन्धावमुक्ते अस्थिद्वये परिवर्तिते पार्श्वरुज । सन्धिस्थितास्थिखण्डद्वयपार्श्वयो रुज । तिर्यग्गते एकस्मिन्नस्थि सन्धिस्थान त्यक्त्वा तिर्यग्गते । क्षिप्ते एकस्मिन्नस्थि परस्परादस्थि उपरिगते अतिशूलम् । तत्र विषम कदाचिदधिक कदाचिन्न्यूनम् । अथ क्षिप्ते सन्धिगते एकस्मिन्नस्थ्नि । अधोगते रुक् सन्धिविघट्टन च ।

બે હાડકાંઓના પરસ્પર ઘસાવાથી સાંધો દબાઇને બંને ભાગોમા સોજો થાય છે, અને તેમાં રાત્રે વધારે વેદના થાય છે, એ ઉત્પિષ્ટ કહેવાય છે. બંને ભાગમા સોજો તથા

નિરંતર વેદના હોય, તો તે વિશ્લિષ્ટ કહેવાય છે. સાધો જૂદો ન પડે, પણ તેનાં બને હાડકાંઓ વાંકા થઇ જાય, અને તેથી તેમાં તીવ્ર વેદના થાય, તેને વિવર્તિત કહે છે સાંધાના બે અસ્થિઓમાંથી એક સધિસ્થાનને છોડીને વાંકું થઇ જાય, અને તીવ્ર વેદના થાય, તેને તિર્યગ્ગત કહે છે સાંધાનાં બે અસ્થિઓમાંનુ એક બીજા ઉપર ચઢી જાય, તેથી તેમા વિષમ અને ભારે શૂળ થાય છે. તથા વેદના થાય છે, તેને ક્ષિપ્ત કહે છે. કોઈ વાર ઓછાપણુ તે શૂળનુ વિષમપણું જાણવું સાધાનાં બે અસ્થિમાંનુ એક બીજાની નીચે જાય, અને વેદના થઇ સાધો જૂદો પડે, તેને અધોગત ભગ્ન કહે છે

કાંડભગ્નના પ્રકારો.

भग्नं तु काण्डे बहुधा प्रयाति विशेषतो नामभिरेव तुल्यम् ।

भग्नम् काण्डे काण्डविषये बहुधा बहुभि प्रकारै प्रयाति । अत्र बहुविधत्वम् द्वादशविधत्व बोद्धव्यम् । बहुविधस्य काण्डभग्नस्य पृथग्लक्षणं नोक्तम् । किन्तु नामभिरेव तुल्यम् । कर्कटकादिनामानुरूपमेव लक्षण बोद्धव्यम् ।

काण्डे त्वतः कर्कटकाश्वकर्णौ विचूर्णितं पिच्चितमस्थि खल्लितम् । काण्डेषु भग्नं ह्यतिपातितं च मज्जागत विस्फुटितं च वक्रम् ॥ छिन्नं द्विधा द्वादशधापि काण्डे सामान्यभग्ने किल तस्य लिङ्गम् ।

अत सन्धिभग्नानन्तर काण्डे काण्डभग्नम्। तदाह । कर्कटक अस्थिविश्लेषपूर्वको मध्ये प्रोन्नत पार्श्वयोरवनत कर्कटतुल्यरूपत्वात् कर्कटः । अश्वकर्ण. अश्वकर्णवदिपुन्नास्थिनिर्गमादश्वकर्ण । विचूर्णितम् चूर्णितमस्थि तच्च शब्दस्पर्शाभ्या बोद्धव्यम । पिच्चितम् नियन्त्रितं बहुशोथम् । खल्लित विश्लिष्टमस्थिनि सूत । काण्डेषु भग्नम् । काण्डभग्नम् । यद्यपि कर्कटकादि सर्वमेव काण्डभग्नम् । तथापि इय काण्डभग्नसंज्ञाविशिष्टा । अत्र भग्न भङ्गस्त्रुटिस्तेन सर्वथा त्रुटिम् । पृथग्भूत त्वचि स्थित यत्तत्काण्डभग्नम् । अतिपातितं अशेषेण छित्वा पातितमस्थि । मज्जागतम् । अस्थ्यवयवोऽस्थि मध्ये प्रविश्य मज्जान गत । विस्फुटितम् स्तोक विदीर्णम् । वक्रम् स्थान त्यक्त्वा कुब्जीभूतम् । छिन्न द्विधा एकं विदीर्णं संलग्नम् अपरं विदीर्णं द्विधाभूत ॥ द्वादशधा च काण्डे इति कर्कटकादिकाण्डभग्न द्वादशधेत्यन्वयः । तच्चोक्तमेव ॥

કાંડભગ્નના ઘણા પ્રકારો છે, અને તેમનાં લક્ષણો વિશેષે કરીને તેમનાં નામો ઉપરથીજ સમજાય તેમ છે. કર્કટક, અશ્વકર્ણ, વિચૂર્ણિત, પિચ્ચિત, ખલ્લિત, કાંડભગ્ન, અતિપાતિત, મજ્જાગત, વિસ્ફુટિત, વક્ર, અલ્પછિન્ન, અને બહુછિન્ન, એ બાર ભેદો છે, તેના લક્ષણો સામાન્યજ છે.*

* અસ્થિ છૂટા પડી વચ્ચેથી ઉપસે તેને કર્કટક કહે છે, ઘોડાના કાનની પેઠે ઉંચુ થાય તેને અશ્વકર્ણ કહે છે, ભૂકો થઇ જાય તો વિચૂર્ણિત કહેવાય છે, સોજો થઇ અસ્થિ પીચાઇ ગયુ હોય તેને પિચ્ચિત કહે છે, ઢીલુ પડીને અસ્થિ ચલું થઇ જાય તેને ખલ્લિત કહે છે, તુટીને ચામડીમા પડયુ હોય તેને કાંડભગ્ન કહે છે, છેક છેદાઈ ગયુ હોય તો અતિપાતિત કહેવાય છે, અસ્થિનો ભાગ અસ્થિમા પેસી જઇને મજ્જા સૂધી ગયો હોય તે મજ્જાગત કહેવાય છે, થોડુ ફાટેલું અસ્થિ વિસ્ફુટિત કહેવાય છે, વાંકુ થાય તો તે વક્ર અને ફાટીને ચોટી રહ્યુ હોય તો અલ્પછિન્ન કહેવાય છે, તથા ફાટીને જુદુ પડે તો બહુછિન્ન કહેવાય છે.

કાંડભગ્નોનાં સામાન્ય લક્ષણ.

स्रस्ताङ्गता शोथरुजातिवृद्धिस्तथाव्यथा वृद्धिरतीव नित्यम् । सम्पीड्यमाने भवतीह शब्दः स्पर्शासहं स्पन्दनतोदशूलाः ॥ सर्वास्ववस्थासु न शर्मलाभो भग्नस्य काण्डे खलु चिह्नमेतत् ।

स्पर्शासहमिति काण्डभग्नस्य विशेषणम् । स्पन्दनं नाडीना स्फुरणम् । शूलेनेव च व्यथा । रुजा सामान्यपीडा सर्वास्ववस्थासु शयनादिषु ।

અંગોમા શિથિલતા, સોજા તથા વેદનાની વૃદ્ધિ, શૂળની પીડા વધતી જાય, દબાવતા અવાજ કરે, સ્પર્શ ખમી ન શકાય, નાડીઓ ફરકે, સોઇઓ ભોકાયા જેવી પીડા થાય, અને બીલકુલ ચેન ન પડે એ લક્ષણો કાડભગ્નનાં છે.

ભગ્નની કષ્ટસાધ્યતા.

अल्पाशिनोऽनात्मवतो जन्तोर्वातात्मकस्य च । उपद्रवैर्वा जुष्टस्य भग्नः कृच्छ्रेण सिध्यति ॥ अनात्मवतः रोगप्रतीकारे यत्नरहितस्य । वातात्मकस्य वातप्रकृते । उपद्रवै ज्वराध्मानमोहमूत्रपुरीषसङ्गादिभि ।

થોડું જમનાર, અશ્રદ્ધાળુ, અને વાત પ્રકૃતિવાળાને અને જ્વર, આફરો, મોહ તથા મળમૂત્રની અટકાયત વગેરે ઉપદ્રવો સહિત ભગ્ન થયુ હોય, તો તે કષ્ટ સાધ્ય છે

ભગ્નની અસાધ્યતા.

भिन्नं कपालं कट्यां तु सन्धिमुक्तं तथाच्युतम् । जघनं प्रतिपिष्टं च वर्जयेत्तु चिकित्सकः

कपालम् जानुनितम्बांसगण्डतालुशङ्खवङ्क्षणशिरोऽस्थीनि कपालानि । तथाच्युतम् । अध क्षिप्तम् । पतिपिष्टम उत्पिष्टम् ।

असंश्लिष्टकपालं च ललाटे चूर्णितं च यत् । भग्नं स्तेन गुदे पृष्ठे शङ्खे मूर्द्धनि वर्जयेत् ॥

असंश्लिष्टकपालमिति भग्नविशेषणम् । स्तने स्तनयोरन्तरे । मूर्धनि चूडास्थाने ।

सम्यक्संहितमप्यस्थि दुर्न्यासाद्दुष्टबन्धनात् । संक्षोभाद्वापि यद्गच्छेद्विक्रियां तच्च वर्जयेत् ॥

सम्यक् सहितमपि सम्यक् योजितमपि । अस्थि दुर्न्यासात् दुःस्थापनात् । सुन्यस्तमपि दुष्टबन्धनात् । सुबद्धमपि सक्षोभात् । अभिघातादिना सचलनात् । विक्रियां गच्छेत् विकृत भवति तद्वर्जयेत् ।

ગોઠણ, કમર, ખભા, ગાલ, તાળુ, લમણા, સાથળના સાંધા, અને માથાના હાડકાઓ કપાલાસ્થિ કહેવાય છે, તે ભાંગે તો, તેમજ કમરમા અધોક્ષિપ્તભાવ અને પેડુમાં ઉત્પિષ્ટ નામના સંધિભગ્ન થાય તો તેમની ચિકિત્સા કરવી નહિ. કપાલાસ્થિઓ છુટા પડી જાય; લલાટમા વિચૂર્ણિત ભગ્ન થયુ હોય, તેમજ સ્તનમધ્યે, ગુદા, પીઠ, લમણા, અને મૂર્છાનાં ભગ્નો હોય, તો પણ તેઓની ચિકિત્સા કરવી નહિ. અસ્થિને સાંધ્યા પછી જો તે બરોબર ન મૂકાયાથી વિક્રિયા કરે, અને ઠીક રીતે બાધ્યા છતાં પણ વિક્રિયા કરે, કે ગમે તે કારણથી પણ તે વિક્રિયા કરે, તો તેની પણ ચિકિત્સા કરવી નહિ.

ભગ્નાસ્થિઓના પ્રકારો.

तरुणास्थीनि नम्यन्ते भिद्यन्ते नलकानि

तु । कपालानि विभज्यन्ते स्फुटन्ति रुचकानि च ॥

तरुणास्थीनि घ्राणकर्णाक्षिगुदेषु कोमलास्थीनि नम्यन्ते वक्रीभवन्ति तेनात्र वक्रतालक्षण भग्न । नलकानि नाडीवत्सरन्ध्राण्यस्थिपर्वाणि भिद्यन्तेऽस्थ्यन्तरानुप्रवेशाद्विदार्यन्ते । कपालानि जानुनितम्बासगण्डतालुशङ्खवक्षणशिरोऽस्थीनि विभज्यन्ते । स्फुटन्ति त्रुट्यन्ति । रुचका दन्ता स्फुटन्ति । अस्थीनि च तरुणनलककपालरुचकवलयभेदात्पञ्चविधानि । तत्र रुचकानि चेति चकाराद्वलयान्यपि त्रुटन्तीति बोद्धव्यम् ॥

पाण्योः पार्श्वयुगे पृष्ठे वक्षोजठरपायुषु । पादयोरपि चास्थीनि वलयानि विभाषिरे॥

[1]તરૂણાસ્થિઓ નમી જાય છે, નલકાસ્થિઓ ભાંગી જાય છે, કપાલાસ્થિઓ જૂદા પડી જાય છે, અને રૂચકાસ્થિઓ ત્રુટિ જાય છે. વલયાસ્થિઓ પણ ત્રૂટે છે

ભગ્નની ચિકિત્સા.

आदौ भग्नं विदित्वा तु सेचयेच्छीतलाम्बुना । पङ्केनालेपनं कार्यबन्धनं च कुशान्वितम् ॥ अवनामितमुन्नह्येदुन्नतं चावपीडयेत् । आञ्छेदति क्षिप्तमधो गतं चोपरि वर्जयेद् ॥ मधुकोदुम्बराश्वत्थकदम्बनिचुलत्वचः । वंशसर्जार्जुनानां च कुशार्थमुपसंहरेत् ॥ पटस्योपरि बन्धीयात्र गाढ शिथिलं न च । सप्तसप्तदिनाच्छीते घर्मे मुञ्चेत् त्र्यहात् त्र्यहात् ॥ साधारणे तु पञ्चाहात् भग्नदोषवशेन वा । आलेपनार्थं मञ्जिष्ठा मधुकं चाम्बुपेषितम् ॥ शतधौतघृतोन्मिश्रं शालिपिष्टं च लेपनम् । सद्योऽभिघातजनिता आगन्तुर्व्यथवः प्रशाम्यन्ति ॥ पिष्टकलवणालेपादम्लीका फलरसाभ्यां वा । आम्रातकजटाम्लीकाफलपत्राणि शिग्रुजम् ॥ मूलं पौनर्नवं मूलं मानस्यापि च केनुकात् । सर्व संक्षुद्य तक्रेण काञ्जिकेन तथैव च ॥ पाचयित्वा चरेत् श्रेष्ठ तेन पीडा प्रणश्यति । शोथश्चास्थि च शीघ्रेण सन्धानं याति वै ध्रुवम् ॥ न्यग्रोधादिकषायं तु सुशीतं परिषेचने । पञ्चमूलीकषायं सक्षीरं दद्यात्सवेदने ॥ सुखोष्णमवचार्य वा चुक्रतैलं विजानता । अविदाहिभिरन्नैश्च पिष्टकैः समुपाचरेत् ॥ ग्लानिर्हि नियता तस्य सन्धिविश्लेषकारिका । मासं मांसरसः क्षीरं सर्पिर्यूषः सतीनजः ॥ बृंहणं चान्नपानं च देयं भग्नाय जानता । गृष्टिक्षीरं ससर्पिष्कं मधुरौषधसाधितम् ॥ शीतलं लाक्षया युक्तं प्रातर्भग्नः पिबेन्नरः सघृतेनास्थिसंहारं लाक्षागोधूममर्जुनम् ॥ सन्धिमुक्तेऽस्थिसम्भग्ने पिबेत् क्षीरेण वा पुनः । रसोनमधुलाक्षाज्यसिताकल्कं समश्नता ॥ छिन्नभिन्नच्युतास्थीनां सन्धानमचिराद्भवेत् । चूर्णं पुरेण संयोज्य घृतेनार्जुनलाक्षयोः ॥ भग्नः सन्धानमायाति लीढं क्षीरघृताशिना । मूलं शृगालविन्नायाः पीत्वा मांसरसेन तु ॥ चूर्णीकृत्य त्रिसप्ताहादस्थिभग्नमपोहति । आभाचूर्णं मधुयुतमस्थिभग्नरुपहं पिबेत् ॥ पीते चास्थि भवेत्

1 અસ્થિના ભેદો પૂર્વ ખંડમા કહેવાઈ ગયા છે.

सम्यग्वज्रसारनिभं दृढम् । अम्लीकाफलकल्कः सौवीरस्तैलमिश्रितः स्वेदात् ॥ आभाफलत्रिकव्योषैः सर्वैरेतैः समांशिकैः । तुल्यं गुग्गुलुना योज्यं भग्नसन्धिप्रसाधनम् ॥ इति आभागुग्गुलुः ।

लाक्षास्थिसंहृत् ककुभोऽश्वगन्धा चूर्णीकृतो नागबलापुरश्च । संभग्नमुक्तास्थिरुजं निहन्यादङ्गानि कुर्यात् कुलिशोपमानि ॥ इति लाक्षाद्यो गुग्गुलुः ।

रात्रौ रात्रौ तिलान् कृष्णान् वासयेदस्थिरे जले । दिवा दिवा शोषयित्वा गवां क्षीरेण भावयेत् ॥ तृतीयं सप्तरात्रं तु भावयेन्मधुकाम्बुना । ततः क्षीरं पुनः पीतान् शुष्कान्सूक्ष्मान् विचूर्णयेत् । काकोल्यादिं श्वदंष्ट्राह्वां मञ्जिष्ठां सारिवां तथा ॥ कुष्ठं सर्जरसं मांसी सुरदारु सचन्दनम् । शतपुष्पां च सञ्चूर्ण्य तिलचूर्णेन योजयेत् ॥ पीडनार्थे तु कर्तव्यं सर्वं गन्धैः शृतं पयः । चतुर्गुणेन पयसा तत्तैलं पाचयेत्पुनः ॥ यष्टीमधुमतीं पत्रं जीवकं तगरं तथा । लोध्रं प्रपौण्डरीकं च तथा कालानुसार्यकं ॥ सैरेयकं क्षीरशुक्लामनन्तां समधूलिकाम् । पिष्ट्वा शृङ्गाटकं चैव प्रागुक्तान्यौषधानि च ॥ एभिस्तद्विपचेत्तैलं शास्त्रविन्मृदुनाग्निना । एतत्तैलं सदा पथ्यं भग्नानां सर्वकर्मसु ॥ आक्षेपके पक्षघाते तालुशोषे तथार्दिते । मन्यास्तम्भे शिरोरोगे कर्णशूले शिरोग्रहे ॥ बाधिर्ये तिमिरे चैव ये च स्त्रीषु क्षयंगताः । पथ्यं पाने तथाभ्यङ्गे नस्ये बस्तिषु भोजने ॥ ग्रीवास्कन्धोरसां वृद्धिरेतेनैव प्रजायते । मुखं च पद्मप्रतिमं सुसुगन्धिसमीरणम् ॥ राजार्हमेतत्कर्तव्यं राज्ञामेव चिकित्सकैः । तिलचूर्णसमं तत्र मिलितं चूर्णमिष्यते ॥ इति गन्धतैलम् ॥

ભગ્ન થાય કે તુરત તે ઉપર શીતળ જળનું સેચન કરવું. પછી કાદવનો લેપ કરીને પાટો બાંધવો. હાડકું નમી ગયું હોય તો ઉંચું કરવું અને ઊંચું થયું હોય તો દબાવીને બેસાડવું. દૂર થયું હોય તો સમીપ લાવવું અને નીચે ગયું હોય તો ઉપર ચઢાવવું. મહુડો, ઊંબરો, પીપળો, કદંબ, નેતર, વાંસ, રાળનું ઝાડ, અને આસોંદરો એની છાલોની પટીઓ બનાવી રાખવી, પાટા ઉપર તે બાંધવી. તે બહુ સખત કે પોચી પણ ન બાંધવી. શીતકાળમાં સાત સાત દિવસે પાટો છોડવો, ઉષ્ણકાળમાં ત્રણ ત્રણ દિવસે, અને સાધારણ કાળમાં પાંચ પાંચ દિવસે નવો પાટો બદલવો, અથવા ભગ્નના દોષને અનુસરીને મુહૂર્તે પાટા છોડવા. મજીઠ તથા મહુડાને પાણીમાં વાટીને લેપ કરવો. રાતા ચોખાના લોટમાં સોવાર ધોયેલું ઘી મેળવીને લેપ કરવો. તેથી અભિઘાતથી થયેલું આગંતુજ ભગ્ન મટેછે.

જંગલી આંબાનાં મૂળ, આંબલીનાં ફળ તથા પાન, સરગવો, તથા સાટોડીના મૂળ, તથા માનકંદ અને સોપારીનાં મૂળો, એ સર્વને કુટીને છાશ તથા કાંજીમાં પકવીને લેપ કરવાથી પીડા તથા સોજો મટી જઈ અસ્થિ પણ સંધાઈ જાય છે, તેમાં શક નથી.

ન્યગ્રોધાદિ ગણના ક્વાથને ઠંડા પાડીને ભગ્ન ઉપર સેચન કરવું. પીડા થતી હોય તો પંચમૂળીના ક્વાથમાં દૂધ નાખીને સેચન કરવું, અથવા ચક્રાના તેલને ગરમ કરીને ભગ્નની ઉપર રેડવું.

દાહ કરનારાં નહોય તેવાં અન્નોની લોપરીઓ ભગ્ન ઉપર બાધવી.

સાંધાઓ જુદા પડવાને લીધે રોગીને અવશ્ય ગ્લાનિ થાય છે, માટે તેને સમજુ વૈદ્યે માંસ, માંસરસ, દૂધ, વટાણાનો યૂષ, અને ધાતુ પૌષ્ટિક અન્નપાનો આપવાં.

સંધિભગ્ન કે કાંડભગ્ન થાય તેણે પહેલવેતરી ગાયના દૂધમાં ઘી તથા જીવનીયગણનાં ઔષધો નાંખીને પકાવી શિતલ કરીને તેમાં લાખનો રસ નાંખીને તે સવારમા પીવો.

હાડસાંકળ, લાખ, ઘઉં, અને આસુંદરાને વાટીને ઘી કે દૂધ સાથે પીવાથી સંધિભગ્ન તથા કાંડભગ્નો મટી જાય છે.

લસણ, મધ, લાખ, ઘી, અને સાકરનો કલ્ક ખાવાથી તો છેદાઈ ભેદાઈ ગયેલાં કે ખસી ગયેલાં હાડકાંઓ પણ તુરત સધાઈ જાય છે.

આસુંદરો તથા લાખનું ચૂર્ણ ઘી તથા ગુગળ સાથે ચાટીને દૂધ તથા ઘી જમવાથી ભાંગી ગયેલુ હાડકુ તુરત સધાઇ જાય છે.

નાના સમેરવાના મૂળનુ ચૂર્ણ માંસરસ સાથે પીવાથી એકવીશ દિવસમાં અસ્થિભંગ મટી જાય છે.

ત્રણ દિવસ સૂધી બાવળનુ ચૂર્ણ મધમાં ચાટવાથી હાડકુ વજ્ર જેવું મજબૂત થઇ જાયછે.

આમલીના ફૂલનો કલ્ક, સૌવીર, અને તેલને ગરમ કરી તેનુ સ્વેદન દેવાથી ભગ્ન તથા અભિઘાતની પીડા મટી જાય છે.

આભાગુગ્ગુલુ.

સુઠ, બાવળ, પીપર, ત્રિફળા, મરી એ સર્વ સમભાગે લેઇ તેમા તે સર્વના જેટલો ગુગળ મેળવીને વાપરવાથી ત્રુટેલા સાંધાઓ સધાઈ જાય છે.

લાક્ષાદિગુગ્ગુલુ.

લાખ, હાડસાંકળ, આસુંદરો, આસોંદ, અને બળદાણાનુ ચૂર્ણ ગુગળ નાખીને લેવાથી છુટા થઈ ગયેલાં તથા ભાગી ગયેલા અસ્થિઓની પીડા મટી જઇને અંગો વજ્ર જેવાં દૃઢ થાયછે

ગંધતૈલ.

કાળા તલને નિત્ય રાત્રે વહેતા પાણીમા ભીંજવી રાખીને દિવસે સૂકવવા, એમ સાત દિવસ સૂધી કરવું. બીજા સાત દિવસ સુધી તેને ગાયના દૂધને અને ત્રીજા સાત દિવસ સૂધી જેઠીમધના રસની ભાવનાઓ દેવી. પછી પાછા તે તલને દૂધમા ભીંજવી સૂકવીને વૈદ્યે તેનું ચૂર્ણ કરવું. પછી કાકોલીઆદિ ગણ-જેઠીમધ, મજીઠ, ઉપલસરી, કઠ, રાળ, જટામાસી, દેવદાર, સુખડ, અને સૂવાનુ ચૂર્ણ તથા એ સર્વ ચુર્ણ જેટલુ પેલા તલનુ ચુર્ણ, એ સર્વને મેળવી દેવું પછી સુગધી પદાર્થો નાંખેલા દૂધમા એ ચુર્ણ નાખીને પીલાવીને તેનું તેલ કઢાવવું. પછી સુગધી પદાર્થો નાંખેલા અને પકાવેલા ચોગણા દૂધમા એ તેલનું પકાવવું પછી એળચી સમેરવો, તમાલપત્ર, જીવક, તગર, લોદર, પદ્મકાષ્ઠ, પીળુ ચંદન, ધોળોકાંટાશરિયો, દૂધ જેવી ધોળી ભોંયકોળુ, ગરણી, શીંગોડા, અને કાકોલીઆદિ ગણનાં ઔષધો, એ સર્વના કલ્ક સાથે એ તેલને ફરીથી પકાવવુ આ ગંધતેલ ભગ્ન ઉપરની સર્વ ક્રિયાઓમા હંમેશા પથ્ય છે. આક્ષેપક, પક્ષાઘાત, તાલુશોષ, અર્દિત, ઓડનું ઝળાવું, માથાનો રોગ, કર્ણશૂળ, શિરોગ્રહ, બેહેરાપણુ, તિમિર, અને અત્યંત મૈથુનથી થયેલો ક્ષયરોગ, એ સર્વમા એ તેલ પીવું, અભ્યંગ કરવો, નસ્યલેવું, પીચકારી મારવી અને ભોજનમાં ખાવું. આ તેલથી કોટ, કાંધ, તથા છાતી વધે છે, અને મુખ પણ અતિ સુગધીમય શ્વાસવાળુ તથા કમળ

જેવું થાય છે. આ તેલ રાજાઓ માટેજ યોગ્ય છે, માટે વૈદ્યે તે રાજાઓ માટેજ કરવું

અવસ્થા પ્રમાણે ભગ્નનું શાંત થવું.

पूर्वे वयसि जातं हि भग्नं सुकरमादिशेत्। अल्पदोषस्य जन्तोश्च काले च शिशिरात्मके ॥ प्रथमे वयसि त्वेवं मासात् सन्धिः स्थिरो भवेत्। मध्यमे द्विगुणात् कालादन्तिमे त्रिगुणात्तथा ॥

પ્રથમ અવસ્થાનુ ભગ્ન બહુ સાધ્ય છે, અલ્પ દોષ વાળાનુ ભગ્ન સાધ્ય થાય છે, અને શિયાળામા થયેલ ભગ્ન પણ સાધ્ય છે પ્રથમ અવસ્થામાં તૂટેલો સાંધો એક મહિને મજબૂત થાય છે, અને મધ્યાવસ્થામાં તુટેલો સાંધો બે મહિને મજબૂત થાય છે અને વૃદ્ધાવસ્થામા તુટેલો સાંધો ત્રણ મહિને દૃઢ બને છે.

ભગ્નની વિશેષ સંભાળ.

नैति पाकं तथा भग्नं तथा यत्नेन रक्षयेत्। पक्वं हिंस्यात् शिरास्नायुन्तद्धिकृच्छ्रेण सिध्यति॥

ભગ્ન પાકે નહિ તેને માટે તેની યત્નથી સભાળ રાખવી, જો તે પાકે છે, તો શિરાઓ તથા સ્નાયુઓને બગાડે છે. તથા તે કષ્ટસાધ્ય થઈ પડે છે.

વિશેષ ઉપદેશ.

पतनादभिघाताद्वा शूनमङ्गं यदक्षतम् । शीतान् सेकान् प्रदेहांश्च भिषक् तस्यावचारयेत् ॥ सव्रणस्य तु भग्नस्य व्रणं सर्पिर्मधूत्तरैः । प्रतिसार्यकषायैश्च शेषं भग्नवदाचरेत्॥

वातव्याधिविनिर्दिष्टान् स्नेहांस्तत्रापि योजयेत् ।

પડવા કે વાગવાથી અંગ સૂઝી જાય અને તે વ્રણ વગરનું હોય, તો તેના ઉપર વૈદ્યે શીતળ સેચનો તથા શીતળ લેપો જાડા જાડા કરવા. ભગ્ન વ્રણવાળું હોય, તો તે વ્રણને ઘી તથા મધયુક્ત કવાથોથી ધોઇને પછી ભગ્નની બીજી ક્રિયાઓ કરવી, એના ઉપર વાયુ સંબધી રોગોમાં કહેલી સ્નેહોની યોજનાઓ પણ કરવી.

ભગ્ન વાળાની પરહેજી.

लवणं कटुकक्षारमम्लमायासमैथुनम् । व्यायामं च न सेवेत भग्नो रूक्षान्नमेव च ।

સાધ કે કાંઇ ભગ્નો વાળાએ ખારૂં, તીખુ, ક્ષાર, કે ખાટું છોડી દેવું; મૈથુન, કસરત, અને રૂક્ષ અન્નોનો પણ ત્યાગ કરવો.

ભગ્નને બરોબર સંધાયલું જાણવા વિષે.

भग्नसन्धिमनाविद्धमहीनाङ्गमनुल्बणम् ॥ सुखचेष्टाप्रचारं च सम्यक् संहितमादिशेत्॥

इति भग्ननिदानचिकित्साधिकारः ॥

અંગોને લાંબાં ટુંકા કરતાં જ્યારે જરા પણ દુઃખ ન થાય, કોઈ અવયવમાં ઓછાપણું ન રહે, અને ઊઠવા બેસવા વગેરે ચેષ્ટાઓ તથા હરવું ફરવું સુખથી થઈ શકે, ત્યારે જાણવું કે ભગ્ન બરોબર સંધાઇ ગયુ છે.

भग्ननो अधिकार संपूर्ण.

॥ इति श्री भावप्रकाशना खंडनो त्रीजो भाग समाप्त. ॥

॥ श्रीगणेशाय नमः ॥

॥ अथ भावप्रकाशस्य मध्यखंडः ॥

भाग ४ थो.

નાડીવ્રણુ (ભરનીગળ) નો અધિકાર.

નાડીવ્રણુની સંપ્રાપ્તિ પૂર્વક નિરૂક્તિ.

यः शोथमाममिति पक्कमुपेक्षतेऽज्ञो यो वा व्रणं प्रचुरपूयमसाधुवृत्तः। अभ्यन्तरं प्रविशति प्रविदार्य तस्य स्थानानि पूर्वविहितानि ततः सपूयः ॥ तस्यातिमात्रगमनाद्गतिरिष्यते तु नाडीव यद्वहति तेन मता च नाडी॥

उपेक्षते तस्य शोथस्य मुख न कारयति यो वा अयमाम इति मत्वा पक्व व्रण चोपेक्षते। शोधनैर्न शोधयति। प्रचुरपूयमिति शोथस्य व्रणस्यापि विशेषणम्। असाधुवृत्तः अहिनाहारविहार.। सपूय ततस्तदनन्तरम्। तस्य पूर्वविहितानि स्थानानि सुश्रुतोक्तानि त्वङ्मासशिरास्नायुमन्ध्यस्थिकोष्ठमर्माणि प्रविदार्य सच्छिद्राणि कृत्वा अभ्यन्तर प्रविशति। तस्य पूयस्यातिमात्रगमनादभ्यन्तरे दूरप्रवेशात् गतिरिष्यते सर्वदा स्राव इष्यते। इति सप्राप्ति। अथ निरुक्ति। अयं व्रणो नाडीवत्सरन्ध्रनलादि नाडीव यद्धेतोर्वहति तेन नाडी मता॥

પરૂ થઇ પાકી ગયેલા સોજાને ભૂલથી કાચો જાણીને તેને મુખ કરવામાં અથવા પરૂવાળા પાકેલા સોજાને કાચો સમજીને તેને શુદ્ધ કરવામાં આવે નહિ, અહિતકર આહાર વિહાર કરે, તો તે પરૂ ત્વચા, માસ, શિરા, સ્નાયુ, સાધા, હાડકાં, કોઠો, તથા મર્મસ્થાનોમાં છિદ્ર પાડીને તેમા પેસી જાય છે. અદર બહુ દૂર પેઠાથી તે પરૂ હમેશાં આવ્યા કરેછે, તેને નાડી વ્રણુની સપ્રાપ્તિ જાણુવી વાસવગેરે પોલીનળીઓની પેઠે તેમાથી પરૂ આવ્યા કરેછે, માટે તે નાડી વ્રણુ પણુ કહેવાય છે.

નાડી વ્રણુની સંખ્યા

दोषैस्त्रिभिर्भवति सा पृथगेकशश्च संमूर्छितैरपि च शल्यनिमित्ततोऽन्या ॥

એકેક દોષોથી, ત્રણે દોષોથી, તથા શલ્યથી, એમ નાડી વ્રણુના પાંચ પ્રકારો છે.

વાતજ નાડી વ્રણુનું લક્ષણુ

तत्रानिलात्परुषसूक्ष्ममुखी सशूला फेनानुविद्धमधिकं स्रवति क्षपासु ॥

ઝીણુ કઠણુ મુખ વાળો, શૂળ વાળો, અને રાત્રે ફીણુ જેવો સ્રવતો નાડીવ્રણુ વાયુથી થયેલો જાણુવો.

પિત્તજ નાડીવ્રણનું લક્ષણ.

पित्तात्तु तृड्ज्वरकरी परिदाहयुक्ता पीतं स्रवत्यधिकमुष्णमहःसु चापि ॥

તરશ, જ્વર, દાહ, અને દિવસે પીળો ગરમ સ્રાવ થતો હોય, તે નાડીવ્રણ પિત્તથી થયેલો જાણવો.

કફજ નાડીવ્રણનું લક્ષણ.

ज्ञेया कफाद्बहुघनार्जुनपिच्छिलास्रा स्तब्धा सकण्डुकरुजा रजनीप्रवृद्धा ॥

अस्रं रक्तं तच्चोपलक्षणं । पूयादिश्च बोद्धव्यः । सकण्डुकरुजा कण्डूप्रधानवेदनायुक्ता ॥

બહુ ઘાટો, ધોળા તથા ચીકણા સ્રાવ વાળો, અક્કડ, બહુ ચળ સાથે વેદના વાળો અને રાતે વધારે કફમય થતો હોય, તેને કફથી થયેલો નાડીવ્રણ જાણવો.

ત્રિદોષજ નાડીવ્રણનું લક્ષણ

दाहज्वरश्वसनमूर्च्छनवक्त्रशोषा यस्यां भवन्त्यभिहितानि च लक्षणानि । तामादिशेत्पवनपित्तकफप्रकोपाद्घोरामसुक्षयकरीमिव कालरात्रिम् ॥ कालरात्रिं यमरात्रिमिव ।

દાહ, જ્વર, શ્વાસ, મૂર્છા, અને મુખશોષ, એ લક્ષણો જેને જણાતાં હોય, તે નાડીવ્રણ ત્રણે દોષોથી થયેલો તથા ઘોર કાળ કાળ રાત્રી જેવો મારી નાખનારો જાણવો.

શલ્યજ નાડી વ્રણનું લક્ષણ.

नष्टं कथंचिदणुमार्गमुदीरितेषु स्थानेषु शल्यमचिरेण गतिं करोति । सा फेनिलं मथितमुष्णमसृग्विमिश्रं स्रावं करोति सहसा सरुजा च नित्यम् ॥

उदीरितेषु स्थानेषु त्वङ्मांसादिषु कथञ्चिन्नष्टं अदृश्यमान शल्यम् । किंविशिष्टम् अणुमार्गम् अत एवादृश्यमानम् । स गतिं अचिरेण शीघ्रं स्रावं करोति । सा शल्यनिमित्ता नाडी । मथितं मथितमिव स्रावं करोति स्रावश्च प्रसारणाकुञ्चनादौ शल्यसञ्चलनेन भवति ।

જે શલ્ય ત્વચા, માંસ, સ્નાયુ, સાધા, અસ્થિ, કોઠો, મર્મસ્થળ અને શિરા વગેરે અંદરના ભાગમાં ગુમ થઈ ગયાને લીધે કાઢી ન શકાયુ હોય તો તે શલ્યથી નાડી વ્રણ થાય છે તે ફીણ વાળો, મથાયલો, ગરમ, રક્તયુક્ત સ્રાવવાળો, અને નિત્ય પીડા કરનારો છે. અંગો લાંબાં ટુંકાં કરતી વખતે શલ્યનું ચલન થવાથી સ્રાવ થાય છે.

સાધ્યાસાધ્યતા.

नाडी त्रिदोषप्रभवा न सिद्ध्येदन्यास्ततस्तः खलु यत्नसाध्याः ।

ત્રિદોષજ નાડીવ્રણ અસાધ્ય છે. બીજા સર્વ નાડીવ્રણ યત્નથી સાધ્ય છે.

ચિકિત્સા.

तत्रानिलोत्थामुपनाह्य पूर्वमशेषतः पूयगतिं विदार्य । फलैरपामार्गभवैः सुपिष्टैः ससैन्धवैः सपरिपूर्य बन्धेत् ॥ प्रक्षालने चापि सदा व्रणस्य योज्यं महद्यत् खलु पञ्चमूलम् । हिंस्रां हरिद्रां कटुकां वचां च गोजिह्विकां चापि सबिल्वमूलाम् । संहृत्यं तैलं विपचेद् व्रणस्य संशोधनं पूरणरोपणं च ॥ इति हिंस्राद्यं तैलम् ।

पित्तात्मिकां प्रागुपनाह्य धीमानुत्कारिकाभिः सपयोघृताभिः । निपात्य शस्त्रं तिल-

नागदन्तीमञ्जिष्ठकल्कैः परिपूरयेच्च ॥ प्रक्षालने चापि हरिद्रसोमनिम्बाः प्रयोज्याः कुशलेन नित्यम् । श्यामात्रिभण्डीत्रिफलासुसिद्धं हरिद्रया तिल्वकवृक्षकण ॥ घृतं सदुग्धं व्रणतर्पणेन हन्याद्गतिं कोष्ठगतापि या स्यात् । इति श्यामाघृतम् ।

नाडीं कफोत्थामुपनाह्य पूर्वं कुलत्थसिद्धार्थकसक्तुबिल्वैः मृदूकृतामेष्यगतिं विदित्वा निपातयेच्छस्त्रमशेषकारि ॥ दद्याद्व्रणे निम्बतिलाग्निदन्तीसुराष्ट्रजाः सैन्धवसंप्रयुक्ताः । प्रक्षालने चापि करञ्जनिम्बजात्यर्कपीलुस्वरसाः प्रयोज्याः ॥ स्वर्जिकासिन्धुदन्त्यग्नियूथिकाजलनीलिका । स्वरमञ्जरिबीजेषु तैलं गोमूत्रसाधितम् । दुष्टव्रणप्रशमनं कफनाडीव्रणापहम् ॥ स्वर्जिकाद्य तैलम् ।

सैन्धवार्कमरिचज्वलनाख्यैर्मार्कवेण रजनीद्वयसिद्धम् । तैलमेतदचिरेण निहन्यादूरगामपि फलानिलनाडीम् ॥

इति सैन्धवाद्य तैलम् ।

नाडीं तु शल्यप्रभवं विदार्य निष्कास्य शल्यं प्रविशोध्य मार्गम् । बन्धेत् व्रणं क्षौद्रघृतप्रगाढैर्निम्बैस्तिलैः रोध्यवरोपयेच्च ॥ कुम्भीकखर्जूरकपित्थबिल्ववनस्पतीनां च शलाटुवर्गे । कृत्वा कषाय विपचेत्तु तैलमावाप्य मुस्तं सरलं प्रियङ्गुम् ॥ सौगन्धिकं मोचरसाहिपुष्पं लोध्रानिदध्यात् खलु धातकीं च । एतेन शल्यप्रभवा हि नाडी रोहेद्व्रणो वा सुखमाशु चैव ॥

इति कुम्भिकाद्य तैलम् ।

स्नुह्यर्कदुग्धदार्वीभ्यां वर्तिं कृत्वा प्रपूरयेत् एष सर्वशरीरस्था नाडीं हन्यात्प्रयोगराट् ॥ आरग्वधनिशाकाला चूर्णाज्यक्षौद्रसंयुता सूत्रवर्तिर्व्रणे योज्या शोधनी गतिनाशिनी ॥ वर्तीकृतं माक्षिकसंप्रयुक्त नाडीघ्नमुक्तं लवणोत्तमं वा । दुष्टव्रणे यद्विहितं तु तैलं तत्सेव्यमानं गतिमाशु हन्ति ॥ जात्यर्कशंपाककरञ्जदन्तीसिन्धूत्थसौवर्चलयावशूकैः । वर्तिः कृता हन्त्यचिरेण नाडीं स्नुक्षीरपिष्टा तु सचित्रकेण ॥ विभीतकाम्रास्थिवटप्रवालहरेणुकाशङ्खिबीजमिश्र । वाराहकन्दश्च तथा प्रदेयो नाडीषु तैलेन विमिश्रयित्वा ॥ मेषरोमप्रषीतुम्ब्या कटुतैलं विपाचितम् । नाडीव्रणं चिरोद्भूतं जयेत्तु तूलसङ्गमात् ॥ कर्चूरकस्य स्वरसे कटुतैलं विपाचयेत् । सिन्दूरकाल्कितं नाडी दुष्टव्रणविसर्पनुत् ॥ कर्चूरकरसे तैलं पुरसिन्दूरकल्कितम् । पामा दुष्टव्रणं नाडी हन्यात्सर्वव्रणान्तकृत् ॥ इति कर्चूरतैलम् ।

भल्लातकार्कमरिचैर्लवणोत्तमेन सिद्धं विडङ्गरजनीद्वयचित्रकैश्च । स्यान्मार्कवस्य च रसेन निहन्ति तैलं नाडीं कफानिलकृतामपचीं व्रणांश्च ॥ भल्लातकाद्य तैलम् ।

स्वर्जिका सैन्धवं दन्ती नीलीमूलं फलं तथा । मूत्रे चतुर्गुणे सिद्धं तैलं नाडीव्रणापहम् ॥ स्वर्जिकाद्य तैलम् ।

सर्वो व्रणक्रमः कार्यः शोधनारोपणादिकः गुग्गुलुत्रिफलाव्योषैः समांशैराज्ययोजितैः॥ अक्षप्रमाणा गुटिका खादेदेकामतन्द्रितः ।

नाडीदुष्टव्रणं शूलमुदावर्तं भगन्दरम् ॥ गुल्मं च गुदजान् हन्यात्पक्षिराट्पन्नगानिव ॥ इति सप्ताङ्गगुग्गुलु ।

कृशदुर्बलभीरूणां नाडीं मर्माश्रितामपि । क्षारसूत्रेण तां छिन्द्यान्न शस्त्रेण कदाचन ॥ एषण्या गतिमन्विष्य क्षारसूत्रानुसारिणीम् । सूची निदध्याद्गत्यन्ते प्रोन्नाम्याशु विनिर्हरेत् ॥ सूत्रस्यान्तं समानीय गाढं बन्धनमाचरेत् । ततः क्षारबलं वीक्ष्य सूत्रमन्यत्प्रवेशयेत् ॥ क्षारात्क्तं मतिमान् वैद्यो यावन्न छिद्यते गतिः । भगन्दरेष्वेष विधिः कार्यो वैद्येन जानता ॥ अर्बुदादिषु चोत्क्षिप्य मूले सूत्रं निधापयेत् । सूचीभिर्यववक्त्राभिराचितं वा समन्ततः ॥ मूले सूत्रेण बध्नीयाच्छिन्ने चोपचरेद्व्रणम् ॥

इति नाडीव्रणरोगनिदानचिकित्साधिकार ।

વાયુનો નાડીવ્રણ હોય તો પ્રથમ તેને ઔષધોના પાટા બાંધીને પછી શસ્ત્રથી પરૂ વાળા ભાગને ચીરવો, અને તેમાં સૈંધવ સાથે અઘેડાનાં ફળોનુ ઝીણુ ચૂર્ણ ભરી દેઇને ઉપર પાટો બાંધવો. બૃહત્પંચમૂળના ક્વાથથી નિત્ય વ્રણને ધોવો જોઇએ

હિંસાદ્ય તેલ.

કટાળો થોર, હળદર, કડુ, વજ, સોપાથરી, અને બીલીનુ મૂળ, એમના કલ્કથી પકાવેલ તેલ વ્રણને શુદ્ધ કરેછે. અને તેમા સોજ અને રૂઝ પણ લાવેછે

પિત્તનો વ્રણ હોય તો પ્રથમ દૂધ અને ઘી સહિત ઘઉંની લોપરી બાંધીને પછી શસ્ત્રથી કાપીને તેમાં તલ, નેપાળો, અને મજીઠના કલ્કો ભરવા. હળદર, રતાંજળી અને લીમડાના ક્વાથથી નિત્ય આ વ્રણને ધોવો જોઇએ.

શ્યામાઘૃત.

કાળીનસોતર, ધોળીનસોતર, ત્રિફળા, હળદર, અને લોદરના કલ્કથી પકાવેલ ઘીમાં દૂધ મેળવી વ્રણમાં પૂરવું, તેથી આવ મટી જાય છે કોઠામા રહેલ પિત્ત સબધી નાડીવ્રણ પણ મટે છે, તો બીજા મટે તેમા તો શુંજ કહેવું ?

નાડીવ્રણ કફથી થયેલ હોય તો પ્રથમ કળથી, સર્ષપ, સાથવો, તથા બીલીના ગર્ભનો પાટો બાધવો તેથી તે ફુલ્યો પડે એટલે પરૂનો ભાગ કાપી નાંખવો. પછી લીમડો, તલ, ચિત્રક, નેપાળો, ફટકડી, અને સૈંધવનું ચુર્ણ તેમા ભરીને પાટો બાધવો.

એ વ્રણને નિત્ય કરજ, લીમડો, ચમેલી, આકડો, અને પીલુના સ્વરસોથી ધોવો જોઇએ.

સ્વર્જિકાદિતૈલ.

સાજીખાર, સૈંધવ, નેપાળો, ચિત્રક, જૂઈ, શેવાળ, અને અઘેડાનાં બીજના કલ્કથી ગોમૂત્રમાં પકાવેલું સ્વર્જિકાદ્ય નામનું તેલ લેઇ, તેથી વ્રણને તૃપ્ત કરવાથી દુષ્ટ વ્રણ તથા કફનો નાડીવ્રણ મટી જાય છે.

સૈંધવાદિ તૈલ.

સૈંધવ, આકડો, મરી, ચિત્રક, ભાંગરો, હળદર, અને દારૂહળદરના કલ્કોથી પકાવેલ સૈંધવાદિ તૈલથી વ્રણને તૃપ્ત કરવામા આવે તો કફ તથા વાયુનો નાડી વ્રણ બહુ દુર પહોંચ્યો હોય તો પણ સારૂં થઈ જાય છે.

શલ્યનો નાડીવ્રણ હોય તો તેને કાપીને

શલ્ય કાઢી નાખવું, અને પછી માર્ગ સાફ કરીને તેમાં મધ તથા ઘીમાં વાટેલા લીમડાનાં પાનનો કલ્ક ચોપડવો, એટલે તે વ્રણ રૂઝાઈ જાય છે

કુંભકાદિ તૈલ.

નેપાળો, ખજૂર, કોઠ, બીલી, અને વડના ફળોનો કવાથ કરી તેમા મોથ, ઘઉંલા, દેવદાર, રોહિસખડ, મોચરસ, નાગકેશર, લોદર અને ધાવડીના ચૂર્ણો નાંખી તેમાં તેલ પકાવવું. તેથી શલ્યનો નાડીવ્રણ રૂઝાઇને એકદમ સુખથાય છે.

થોર તથા આકડાના છીર અને દારૂહળદરથી ખરડેલી વાટ અંદર ખોસવાથી સર્વાંગના નાડીવ્રણો હણાઇ જાય છે. આ ઉત્તમ પ્રયોગ છે. ગરમાળો, હળદર, નસોતર, એમના ચુર્ણમા ઘી તથા મધ નાંખી તેથી ખરડેલી વાટ વ્રણમા ખોસવાથી વ્રણ સારૂ થઇને પરૂ મટી જાય છે. સૈંધવ અને મધથી ખરડેલી સુતરની વાટ ખોસવાથી પણ નાડીવ્રણ મટી જાય છે.

દુષ્ટ વ્રણની ઉપર કહેવાયલા તેલથી પણ વ્રણનુ પરૂ મટી જાય છે. ચમેલી, આકડો, ગરમાળો, કરજ, નેપાળો, સૈંધવ સચળ, જવખાર, ચિત્રક, એમને થોરના છીરમા વાટીને તેથી ખરડેલી વાટ ખોસવાથી નાડીવ્રણ તુરત મટી જાય છે. બેડાં, આંબાની ગોટલી, વડના કુપળિયા, હરેણુકા, સરસડિયાનાં બીજ, અને વારાહીકદ, એમને તેલમાં વાટી કલ્ક કરી નાડીવ્રણ ઉપર ચોપડવાથી તે તુરત મટી જાય છે. ગાડરના રૂવાટાની ભસ્મ, અને કડવી તુંબડીને સરસિયા તેલમા પકાવીને તથી ખરડેલી વાટ ખોસવાથી લાંબા કાળનો નાડીવ્રણ પણ મટી જાય છે.

કર્પૂર તૈલ.

કચૂરાના સ્વરસમાં સિંદૂર મેળવી તેમા પકાવેલ સરસિયુ તેલ નાડીવ્રણ, દુષ્ટવ્રણ, અને રતવાને મટાડી દેછે

બીજુ કર્પૂર તૈલ.

કચૂરાના સ્વરસમાં ગુગળ તથા સિંદૂરનો કલ્ક નાખીને પકાવેલુ સરસિયુ તેલ ખસ, દુષ્ટવ્રણ, નાડીવ્રણ તથા બીજા પણ સર્વ પ્રકારનાં વ્રણો મટાડે છે.

ભલ્લાતકાદિ તૈલ

ભીલામો, આકડો, મરી, લવણ, વાવડીંગ, હળદર, દારૂહળદર, અને ચિત્રકના કલ્કથી ભાંગરાના રસમાં પકાવેલ ભલ્લાતકાદ્ય તૈલ લગાડવાથી કફ તથા વાયુનાં નાડીવ્રણો તથા અપચી મટી જાય છે.

સ્વર્જિકાદિ તૈલ.

સાજીખાર, સૈંધવ, નેપાળો, તથા ગળીનાં મૂળ તથા ફળના કલ્કથી ચોગણા ગોમૂત્રમા પકાવેલ સ્વર્જિકાદ્ય તેલથી નાડીવ્રણ મટી જાય છે.

અતિદેશ.

સાફ કરવાની તથા રૂઝવાની જે જે ક્રિયાઓ વ્રણો માટે કહેલી છે તે તે સર્વે નાડીવ્રણ ઉપર પણ કરવી.

સપ્તાંગ ગુગ્ગુલુ.

ગુગળ, ત્રિફળા, સૂંઠ, મરી, પીપર, સમ ભાગે લેઇ ઘીમા ગોળી કરી એક તોલા જેટલી ખાવી, તેથી નાડીવ્રણ, દુષ્ટવ્રણ, શૂળ, ઉદાવર્ત્ત, ભગંદર, ગુલ્મ, અને ગુદરોગો—ગરૂડથી સર્પો હણાય તેમ—હણાઈ જાય છે.

કેટલીક સૂચના

કૃશ, દુર્બળ, અને બ્હીકણને તથા મર્મસ્થળમાં થયેલ નાડીવ્રણને ક્ષારમાં ભીંજવેલા દોરાથી કાપવો, પણ શસ્ત્રથી કદી કાપવો નહિ. શોધી કાઢવાના એષણી નામના સાધનથી ગતિને શોધી કાઢીને તેમાં ક્ષારથી ભીંજવેલા દોરાવાળી સોઇ નાંખવી ગતિના છેડામા એ સોઇને ઉચી કરીને તુરત બહાર કાઢી લેવી. દોરાનો છેડો પકડીને તેથી નાડીવ્રણને મજબૂત બાંધવો. પછી બુદ્ધિમાન વૈદ્યે ક્ષારના બળ ઉપર ધ્યાન દેઈને ક્ષારથી ભીંજવેલો બીજો દોરો વ્રણમાં નાખવો, જેથી ઉપરના ભાગમા રૂઝાઇને પરૂની ગતિ બધ ન પડે. સમજુ વૈદ્યે ભગંદરમાં પણ એજ રીતે કરવુ. રસોળી વગેરે રોગોમા તે રોગોને ઉંચા કરીને તેમના મૂળમા ક્ષારથી ભીંજવેલો દોરો બાંધવો, અથવા વ્રણને જવ જેવા મુખવાળી સોયથી ચારે મેર ટોચા મારીને તેના મૂળમાં દોરો બાંધવો વ્રણ છેદાઈ ગયા પછી બીજા ઉપચારો કરવા

ભગંદરનો અધિકાર.

ભગંદરનું પૂર્વરૂપ તથા સ્વરૂપ.

कटीकपालनिस्तोददाहकण्डूरुजादयः । भवन्ति पूर्वरूपाणि भविष्यति भगन्दरे ॥ गुदस्य द्व्यङ्गुले क्षेत्रे पार्श्वतः पिडकार्तिकृत्। भिन्ना भगन्दरो ज्ञेयः स च पञ्चविधो भवेत् ॥ आर्तिकृत् पीडाकृत् । पञ्चविधिः वातिकपैत्तिकश्लैष्मिकसान्निपातिकशल्यजभेदैः ।

ભગંદર થવાનો હોય ત્યારે કમરનાં હાડકાંઓમાં ભોંકાયા જેવી પીડા બળતરા, ચળ, વગેરે થાય છે. ગુદાની આસપાસ બે આંગળની જગામાં પીડા કરનારી અને ફાટેલી ફોલ્લી થાય છે, તેને ભગંદર કહે છે. તે વાયુથી, પિત્તથી કફથી, ત્રણે દોષથી અને શલ્યથી થયેલી, એ રીતે તેના પાચ પ્રકાર છે.

ભગંદરનો અર્થ.

भगन्द्रः समन्ताच्च गुदं बस्तिं तथैव च । भगवद्दारयेद्यस्मात्तस्मादेष भगन्द्रः ॥

ચારેમેરથી ગુદા અને બસ્તિને યોનિની પેઠે ફાડી નાંખે છે માટે તેને ભગંદર કહે છે, એમ ભોજ કહે છે.

શતપોનકનું લક્ષણ.

कषायरूक्षैरतिकोपितोऽनिलस्त्वपानदेशे पिडकां करोति याम् । उपेक्षणात्पाकमुपैति दारुणं रुजां च भिन्नारुणफेनवाहिनी॥ तत्रागमो मूत्रपुरीषरेतसां व्रणैरनेकैः शतपोनकं वदेत् ।

व्रणैरनेकैः सूक्ष्ममुखैः । शतपोनकं शतपोनकश्चालनी तत्तुल्यम् ।

કષાય અને રૂક્ષ પદાર્થોથી બહુ કોપ પામેલો વાયુ ગુદાના પ્રદેશમા ફોલ્લી કરે છે. તેની દરકાર ન કરવાથી તે પાકીને મહાપીડા કરે છે, અને તેમાંથી ભેદાઇને રાતું ફીણ નીકળે છે. તેમાં મૂત્ર, વિષ્ઠા, અને વીર્ય આવે છે. તેમાં ઝીણાં મુખવાળાં અનેક વ્રણો થાય છે. તેનો દેખાવ ચાળણી જેવો થવાથી તેને શતપોનક કહે છે. (આ વાત ભગંદર છે).

ઉષ્ટ્રગ્રીવનું લક્ષણ.

प्रकोपणैः पित्तमतिप्रकोपितं करोति रक्तां पिडकां गुदे गताम् । तदाशुपाकां हिमपूतिवाहिनीं भगन्दरं चोष्ट्रशिरोधरं वदेत् ॥

आशुपाका हिमपूतिवाहिनीं शीघ्रपाकामुष्ट्रदुर्गन्ध वाहिनीं च । तदा भगन्दरमुष्ट्रशिरोधरं वदेत् । उष्ट्रग्रीवसंज्ञा च पिडकागलेन वक्रतयोष्ट्रग्रीवाकारत्वेन

પ્રકોપ કરનારા પદાર્થોથી પિત્ત અત્યંત પ્રકોપ પામવાથી ગુદામાં રાતી ફોલ્લી થાય છે તે તુરત પાકે છે અને પાકીને ઉંટના માસ જેવી ગંધાય છે, તે ભગંદરને ઉષ્ટ્રશિરોધર કહે છે (આ પિત્ત ભગંદર છે.)

પરિસ્રાવિનું લક્ષણ

कण्डूयनो घनस्रावि कठिनो मन्दवेदनः । श्वेतावभासः कफजः परिस्रावि भगन्दरः ॥

कठिन पिडकावस्थायाम् । परिस्रावी निरतरस्रवशील. ।

કફ સંબંધી પરિસ્રાવિ નામનો ભગંદર ચળવાળો, ઘાટો રસ સ્રવનારો, કઠણ, મંદ વેદના વાળો, અને શ્વેત દેખાવનો હોય છે.

શમ્બૂકાવર્તનું લક્ષણ.

बहुवर्णरुजास्रावा पिडकागोस्तनोपमा । शम्बूकावर्तं गतिकः शम्बूकावर्तकोमतः ॥

बहुवर्णरुजास्रावा । बहुशब्दो वर्णादिभिः प्रत्येक सम्बध्यते । गतिस्रावमार्ग. ।

અનેક વર્ણવાળી, પીડાવાળી, અને સ્રાવવાળી ગાયના આંચળ જેવી ફોલ્લી, શંખના આવર્ત જેવી શમ્બૂકાવર્ત્ત નામની થાય છે. (આ ત્રિદોષજ ભગંદર છે.)

ઉન્માર્ગીનું લક્ષણ.

क्षताद्गतिः पायुगता विवर्द्धते ह्युपेक्षणात्स्युः कृमयो विदार्यते । प्रकुर्वते मार्गमनेकधामुखैर्व्रणास्तमुन्मार्गिभगन्दरं वदेत् ।

क्षतात् कण्टकादिना नखेन कण्डूयनादिना वाऽभिघातात् । गति स्रावः उन्मार्गिभगन्दरम् । एतस्य तिर्यक्कृतमार्गे पुरीषादिनिर्गमादुन्मार्गिसंज्ञा ॥

વાગવાથી ક્ષત થઇને ગુદામાં ફોલ્લી થઇને વધેછે. તેની ઉપેક્ષા કરવાથી તેમાં કૃમિઓ થઇને તેને ફાડેછે. તેમાં અસંખ્ય વ્રણો થઇને ઘણા માર્ગો થઇ જાય છે, તેને ઉન્માર્ગી ભગંદર કહે છે.)

ભગંદરનું સાધ્યાસાધ્યપણું.

घोराः साधयितुं दुःखाः सर्व एव भगन्दराः। तेष्वसाध्यस्त्रिदोषोत्थः क्षतजश्च विशेषतः ॥ वातमूत्रपुरीषाणि शुक्रं च कृमय स्तथा । भगन्दरात् स्रवन्तस्तु नाशयन्ति तमातुरम् ॥

સઘળા ભગંદરો ઘોર અને કષ્ટસાધ્ય છે. ત્રિદોષનો તથા વિશેષે કરીને ક્ષતજ ભગંદર તો અસાધ્ય છે, જો વાયુ, મૂત્ર, મળ, વીર્ય, અને કૃમિઓ ભગંદરમાંથી સ્રવે છે તો તે રોગીને મારી નાંખે છે

ભગંદરની ચિકિત્સા.

अथास्य पिडकामेव तथा यत्नादुपाचरेत् । शुद्ध्यसृक्स्रुतिसेकाद्यैर्यथा पाकं न गच्छति ॥ वटपत्रेष्टकाशुण्ठीसगुडूचीपुनर्नवाः सुपिष्टः पिडकावस्थे लेपः शस्तो भगन्दरे ॥ पिडकानामपक्वानामपतर्पणपूर्वकम् । कर्मकुर्याद्विरेकान्तं भिन्नाना वक्ष्यते क्रिया ॥ एषणीपाटनक्षारवह्निदाहादिकं क्रमम् । विधाय व्रणवत्कार्यं यथादोषं यथाक्रमम् ॥ पयःपिष्टैस्तिलारिष्टमधुकैश्च सुशीतलः । भगन्दरे प्रशस्तोऽयं सरक्ते वेदनावति ॥ सुमना वटपत्राणि गुडूची विश्वभेषजम् । ससैन्धवस्त-

कपिष्ठो लेपो हन्ति भगन्दरम् ॥ त्रिवृत्तिला नागदन्ती मञ्जिष्ठा सह सर्पिषा । उत्सादनं भवेदेतत्सैन्धवक्षौद्रसंयुतम् ॥ खदिराम्बुरतो भूत्वा कषायं त्रैफलं पिबेत् । महिषाक्षविडङ्गानां भगन्दरविनाशनम् ॥ शम्बूकमांसं भुञ्जीत मकारैर्व्यञ्जनादिभिः । अजीर्णवर्जी मासेन मुच्यते तु भगन्दरात् ॥ न्यग्रोधादिर्गणो यस्तु हितः शोधनरोपणः । तैलं घृतं वा तत्पक्वं भगन्दरविनाशनम् ॥ तिला ज्योतिष्मती कुष्ठं लाङ्गली गिरिकर्णिका । शताकातृवृताद-न्त्यः शोधनाश्च भगन्दरे॥तिलाभया लोध्रमरिष्टपत्रं निशे बला लोध्रमगारधूमम्।भगन्दरे चाप्युपदंशयोश्च दुष्टव्रणे रोपणशोधनाय ॥ स्नुह्यर्कदुग्धदार्वीभिर्वर्तिं कृत्वा विचक्षणः । भगन्दरगतिं ज्ञात्वा पूरयेत्तां प्रयत्नतः ॥ एषा सर्वशरीरस्थां नाडीं हन्यान्न संशयः । त्रिफलारससंयुक्तं विडालास्थिप्रलेपनम् ॥ भगन्दरं निहन्त्याशु दुष्टव्रणहरं परम् । त्रिवृत्तेजोवतीदन्तीकल्को नाडीव्रणापहः ॥ ज्योतिष्मतीलाङ्गलकी श्यामादन्तीत्रिवृत्तिलाः । कुष्ठं शताह्वा गोलोमी वर्गः शोधन इष्यते ॥ मधुतैलयुता विडङ्गसारत्रिफलामागधिकाकणाश्च लीढाः । कृमिकुष्ठभगन्दरप्रमेहान् क्षयनाडीव्रणरोपणा भवन्ति ॥ चित्रकार्कौ त्रिवृत्पाठे मलपूहयमारकौ । सुधां वचां लाङ्गलकीं हरितालं सुवर्चिकाम् ॥ ज्योतिष्मतीं च संहृत्य तैलं धीमान् विपाचयेत् । एतद्विष्यन्दनं नाम तैलं दद्याद्भगन्दरे ॥ शोधनं रोपणं चैवसवर्णकरणं तथा ॥

इति विष्यन्दनतैलम् ।

निशार्कक्षीरसिंधूत्थपुराश्वहरवत्सकैः सिद्धमभ्यञ्जनं तैलं भगन्दरहरं परम् ॥

इति निशाद्यं तैलम् ।

करवीरनिशादन्तीलाङ्गलीलवणाग्निभिः मातुलुङ्गकवत्साह्वैः पचेत्तैलं भगन्दरे ॥

इति करवीरादितैलम् ।

त्रिफला पुरकृष्णानां त्रिपञ्चैकांशयोजिता । गुटिका शोथगुल्मार्शोभगन्दरवत हिता ॥ नवकार्षिको गुग्गुलुः ।

नाडयन्तरे व्रणान् कुर्याद्भिषक्तु शतपोनके । ततस्तेष्ववरूढेषु शेषा नाडीरुपाचरे त् ॥ व्याधौ तत्र बहुच्छिद्रे भिषजा ह विजानता । अर्द्धलाङ्गलकाश्छेदः कार्यं लाङ्गलकोऽपि वा ॥ सर्वतोभद्रको वा कार्यो गोतीर्थकोऽपि वा । द्वाभ्यां समाभ्य पार्श्वाभ्यां छेदो लाङ्गलको मतः ॥ ह्रस्व मेकतरं यत्तु सोऽर्धलाङ्गलकः स्मृतः सेवनीं वर्जयित्वा तु चतुर्धा दारिते गुदे । सर्वतोभद्रकं छेदमाहुश्छेदविदो जनाः पार्श्वादागतशस्त्रेण छेदो गोतीर्थको मतः । सर्वान्स्रावमार्गांस्तु दहेद्वैद्यस्तथाग्निना । अधोमुखीवमेषित्वा छित्वा क्षारं निपातये त् ॥ पूतिमांसव्यपोहार्थमग्निरत्र तु पूजितः । उत्कृत्यास्रावमार्गं तु परिस्राविणि बुद्धिमान् ॥ क्षारेण वा स्रावसगतिं दहेद्धुतवहेन वा । गतिमन्विष्य शस्त्रेण छिन्द्यात् खर्जूरपत्रकम् ॥ चन्द्रार्धं चन्द्रचक्रं च सूचीमुखमवाङ्मुखम् । छित्वाग्निना दहेद् सम्यगेवं क्षारेण वा पुनः ॥ एषां तु शस्त्रपतनाद्वेद-

ना यत्र जायते । तत्राशु तैलेनोष्णेन परिषेकः प्रशस्यते ॥ आगन्तुजे भिषग्नाडीं शस्त्रेणोत्कृत्य यत्नतः । जंबोष्ठेनाग्निवर्णेन तप्तया वा शलाकया ॥ दहेद्यथोक्तं मतिमान् तं व्रणं सुसमाहितः ॥

ભગંદરની ફોલ્લી ઉપરજ એવા ઉપચારો યત્નથી કરવા કે તે પાકે નહિ. શોધન રક્તસ્રાવ,સેચન,વગેરે ઉપચારોથી તે પાકતી નથી.

વડના પાન, ઇંટ, સૂઠ, ગળો, અને સાટોડી અને વાટીને ભગંદર ઉપર લેપ કરવો ફોલ્લી પાકી ન હોય ત્યાં સૂધીમા લઘનથી વિરેચન સૂધીની ક્રિયાઓ કરવી. ફોલ્લી ફૂટ્યા પછીની ક્રિયાઓ હવે કહેવાશે. એષણી નામના શસ્ત્રવડે ફાડવાની, ક્ષાર મુકવાની, તથા ડામ દેવાની ક્રિયાઓ કરીને દોષ તથા ક્રમ અનુસાર વ્રણના જેવી ચિકિત્સા કરવી. લોહી તથા પીડાકારક ભગંદર ઉપર તલ, લીમડાનાં પાન, અને જેઠીમધને દૂધમાં વાટીને તેનો અત્યત શીતળ લેપ કરવો તે ઉત્તમ છે. ચમેલી તથા વડનાં પાનો, ગળો, સૂઠ, અને સૈંધવને છાશમાં વાટીને લેપ કરવાથી ભગંદર મટી જાયછે.

નસોતર, તલ, નેપાળો, મજીઠ, અને સૈંધવને ઘી તથા મધમાં વાટી લેપ કરવાથી ભગંદર મટે છે. ત્રિફળાનો ક્વાથ તથા ખેરસારનું પાણી પીધા કરવું. ભેંસા ગુગળ અને વાવડીંગ પણ ભગંદરનો નાશ કરેછે. શાક વગેરે સાથે શખલાનાં જીવડાનું માંસ ખાતા અજીર્ણ થવા દેવામાં ન આવે તો એક માસમા ભગંદર મટી જાય છે.

શોધન તથા રોપણ કરનાર ન્યગ્રોધાદિગણમા પકાવેલ તેલ અથવા ઘી ભગંદરનો નાશ કરનારૂ છે.

તલ, માલકાંકણી, કઠ, કલગારી, ગરણી, સૂવા, નસોતર, અને નેપાળો, એમનો ક્વાથ ભગદરનુ શોધન કરેછે.

તલ, હરડે, લોદર, લીમડાનાં પાન, હળદર, દારૂહળદર, બળદાણા, પટીઆલોદર, ધૂમાડાની ધુસ, આ સર્વ ભગદર, ઉપદંશ, અને દુષ્ટ વ્રણોમાં શોધન અને રોપણ છે.

ભગદરના સ્રાવના માર્ગને શોધી કાઢીને વિચક્ષણ વૈદ્યે થોર તથા આકડાના છીરો, દારૂહળદર, એની વાટ કરીને તે માર્ગમાં પૂરી દેવી, આ પ્રયોગ સર્વ શરીરમાં રહેલા નાડીવ્રણને પણ મટાડેછે તેમાં સશય નથી.

ત્રિફળાના રસમા બિલાડાનાં હાડકાંને વાટીને લેપ કરવાથી ભગંદર અને દુષ્ટ વ્રણો તુરત મટી જાય છે.

નસોતર, તેજબળ, અને નેપાળાના કલ્કથી ભગંદર તથા નાડીવ્રણ મટી જાય છે.

માલકાકણી, કલગારી, નસોતર, નેપાળો, ધોળી નસોતર, તલ, કઠ, સૂવા, અને વજ, આ વર્ગ ભગદર વગેરેને શુદ્ધ કરેછે.

વાવડીંગનો ગર્ભ, ત્રિફળા, બે ભાગ પીપર, એનું ચૂર્ણ મધ તથા તેલમા ચાટવાથી કૃમિ, કોઢ, પ્રમેહ, તથા ક્ષય મટી જાયછે; અને ભગંદર તથા નાડીવ્રણ સારી રીતે રૂઝાઈ જાય છે

વિષ્યદન તેલ.

ચિત્રક, આકડો, નસોતર, કાળીપાડ, કાળોજીરો, ધોળીકણેર, થોર, વજ, કલગારી, હરતાળ, સાજીખાર, અને માલકાંકણીના કલ્કથી પકાવેલ તેલ વિસ્યંદન કહેવાય છે. તે ભગંદરને સાફ કરેછે, ઘરતી લાવી રૂઝલાવે છે, અને વર્ણને સુધારે છે.

નિશાદિ તૈલ.

હળદર, આકડાનું દુધ, સૈંધવ, ગુગળ, કણેર, અને ઇંદ્રજવના કલ્કથી પકાવેલ તેલના અભ્યંગથી સારી રીતે ભગંદર મટેછે

કરવીરાદિ તૈલ.

કણેર, હળદર, નેપાળો, કલગારી, સૈંધવ, અને ચિત્રક, તથા બીજોરૂ, અને ઇંદ્રજવનુ તેલ ભગંદરમાં વપરાય છે

નવકાર્ષિક ગુગ્ગુલુ.

ત્રિફળા ત્રણ તોલા, ગુગળ પાંચ તોલા, અને એક તોલા પીપરની ગોળી ખાવાથી ભગંદર મટી જાયછે. સોજા, ગુલ્મ, અને અર્શ ઊપર પણ આ ગોળી સારી છે.

શસ્ત્રક્રિયાનો પ્રકાર.

શતપોનક નામના ભગંદરમા તેની નળીમા શસ્ત્રવતે વ્રણો કરીને તે વ્રણો રૂઝાય ત્યારે બીજી નળીઓના ઉપચાર કરવા. ઘણાં છિદ્રોવાળા શતપોનકમા ડાહ્યા વૈદ્યે અર્દ્ધલાંગલક, લાંગલક, સર્વતોભદ્રક, અથવા ગોતીર્થક છેદ કરવો. જેમાં પડખાં સરખાં રાખવામાં આવે તે છેદને લાગલક કહેછે, અને એક પડખું ટુકું રાખવામાં આવે તે છેદને અર્દ્ધલાંગલક કહેછે. સેવનીને છોડી દેઈને ચાર પ્રકારે ગુદાને ચીરવામા આવેછે તેને સર્વતોભદ્રક કહેછે, અને પડખેથી શસ્ત્ર નાંખીને છેદ કરવામા આવે તેને ગોતીર્થક કહે છે. એ રીતે છેદ કર્યાં પછી વૈદ્યે શતપોનકના સર્વે સ્રાવના માર્ગોને અગ્નિથી ડામવાં.

ઉષ્ટ્રગ્રીવક નામના ભગંદરમા પરૂની ગતિને શોધીને તેને શસ્ત્રથી કાપીને તેમા ક્ષાર મુકવો, અને સડેલું ગંધાતું માસ કાઢી નાખવા માટે અગ્નિના ડામ દેવા એ પણ ઠીક છે.

પરિસ્રાવી નામના ભગંદરમાં તો બુદ્ધિમાન્ વૈદ્યે સ્રાવના માર્ગને કાપીને ક્ષાર અથવા અગ્નિથી સ્રાવની ગતિને બાળી નાંખવી.

શબુકાવર્ત્ત નામના ભગંદરમાં સ્રાવના માર્ગને શોધીને શસ્ત્રથી ખર્જુરપત્રક ચંદ્રાર્ધ, ચંદ્રવક, સૂચીમુખ, અથવા અવાઙ્ મુખ નામનો છેદ મૂકવો. પછી અગ્નિ અથવા ક્ષારથી સારી પેઠે તેને બાળવો. શસ્ત્ર નાંખતાં વ્યથા થાય ત્યારે તુરત ગરમ તેલ રેડવું એ ઉત્તમછે

શલ્યના ભગંદરમાં બુદ્ધિમાન્ વૈદ્યે યત્નથી તેની નળીને શસ્ત્રથી કાપીને, તપાવવાથી અગ્નિ જેવા વર્ણવાળા જાબોષ્ટ નામના પથરાથી અથવા તપાવેલી સળીથી શાસ્ત્રવિ[illegible] પ્રમાણે ડામ દેવો.

પાછળથી પાળવાની પરેજી.

व्यायामं मैथुनं युद्धं पृष्टयानं गुरूणि च । संवत्सरं परिहरेदुपरूढव्रणो नरः ॥

इतिभगन्दरनिदानचिकित्साधिकार ।

વ્રણમાં પરતી આવીને તે રૂઝાયા પછી એક વર્ષ સુધી તે માણસે કસરત, મૈથુન, કે યુદ્ધ કરવુ નહિ, ઘોડા ઉપર બેસવું નહિ, તથા ભારે અન્નપાનો ખાવાં નહિ.

ઉપદંશ (ચાંદી)નો અધિકાર.

ચાંદીનાં દૂરનાં નિદાનો તથા સંખ્યા.

हस्ताभिघातान्नखदन्तघातादधावनाद्त्युपसेवनाद्वा । योनिप्रदोषाच्च भवन्ति शिश्ने पञ्चोपदंशा विविधोपचारैः ॥

હાથ તથા નખ કે દાંતના અભિઘાતથી, નહિ ધોવાથી, મૈથુન બહુ કરવાથી, અને

દુષ્ટ યોનિના સંગથી વિવિધ પ્રકારની પાંચ જાતની ચાંદીઓ લિંગમાં થાય છે

ચાંદીનાં જુદાં જુદાં લક્ષણો.

सतोदभेदस्फुरणैः सकृष्णैः स्फोटैर्व्यवस्येत्पवनोपदंशम् । पीतैर्बहुक्लेदयुतैः सदाहैः पित्तेन रक्तैः पिशितावभासैः ॥ सकण्डुकैः शोथयुतैर्महद्भिः शुक्लैर्घनैः स्रावयुतैः कफेन । नानाविधस्रावरुजोपपन्नमसाध्यमाहुस्त्रिमलोपदंशम् ॥

સોઇથી ભોકાયા જેવી વેદનાવાળી, શસ્ત્રથી ભેદાયા જેવી પીડાવાળી, ચલનવાળી, અને કાળાશવાળી ફોલ્લીઓ હોય, તો ચાંદી વાતજન્ય જાણવી પીળી, બહુ કચકચતી, બળતરા અને રતાશવાળી, અને માંસ જેવા દેખાવની ફોલ્લી હોય તો તે પિત્તની જાણવી. ખરજ, સોજા, ઘાટા ધોળા સ્રાવવાળી, એવી ફોલ્લી હોય તો તે કફની જાણવી અનેક પ્રકારના સ્રાવ તથા પીડાવાળી ફોલ્લીઓ હોય, તો તે ત્રણે દોષોની જાણવી, અને તે અસાધ્ય છે ફોલ્લી કાળી હોય, લોહી બહુ નીકળતું હોય, પિત્તના ચિન્હો દેખાતાં હોય, અને બળતરા સહિત જ્વર તથા શોષ હોય, તો રક્તની ચાંદી જાણવી, આ ચાંદી કોઈવાર કષ્ટસાધ્ય થાય છે

ચાંદીઓનું અસાધ્યપણું

प्रशीर्णमांसं कृमिभिः प्रजग्धं मुष्कावशेषं परिवर्जनीयम् ।

માંસ વિખાઇ જઇ કીડાથી ખવાઇ ગયુ હોય અને કેવળ વૃષણજ બાકી રહ્યાં હોય, તો તે ચાંદીની ચિકિત્સા કરવી નહિ

ચિકિત્સા તુરત કરવા વિષે.

सञ्जातमात्रे न करोति मूढः क्रियां नरो यो विषये प्रसक्तः । कालेन शोथकृमिदाहपाकैः प्रशीर्णशिश्नो म्रियते स तेन ॥

વિષયથી મૂઢ મનુષ્ય ચાંદી થતાંજ તુરતજ ઉપાય કરતો નથી તો કાળે કરીને સોજા, કીડા, બળતરા, અને પાકથી લિંગ ખરી પડીને તે મરણ પામે છે

ચાંદીની ચિકિત્સા

उपदंशेषु साध्येषु स्निग्धस्विन्नस्य देहिनः । मेढ्रमध्ये शिरां विध्येत् पातयेद्वाजलौकसः ॥ हरेदुभयतश्चापि दोषानत्यर्थमूर्च्छितान् । सद्यो निर्हृतदोषस्य रुक्शोथावुपशाम्यतः ॥ यदि वा दुर्बलो जन्तुर्न वा प्राप्तविरेचनः । निरूहेण हरेत् तस्य दोषानत्यर्थमूर्च्छितात् ॥ पाको रक्ष्यः प्रयत्नेन शिश्नक्षयकरो हि सः । प्रपौण्डरीकयष्ट्याह्वसरलागुरुदारुभिः ॥ सरास्नाकुष्ठपृथ्वीकैर्वातिके लेपसेचने । निचूलैरण्डबीजानि यवगोधूमसक्तवः ॥ एतैश्च वातजे स्निग्धैः सुखोष्णैः संप्रलेपयेत् । गैरिकाञ्जनमाञ्जिष्ठामधुकोशीरपद्मकैः ॥ सचन्दनोत्पलैः स्निग्धैः पैत्तिकं संप्रलेपयेत् । पद्मोत्पलमृणालैश्च ससर्जार्जुनवेतसैः ॥ सर्पिःस्निग्धैःसमधुकैः पैत्तिकं संप्रलेपयेत् । सेचयेच्च घृतक्षीरशर्करेक्षुमधूदकैः ॥ अथ वापि सुशीतेन कषायेण वटादिना । शालाजकर्णाश्वकर्णवचास्वाग्भिः कफोत्थितम् ॥ सुरापिष्टाभिरुष्णाभिः सतैलाभिः प्रलेपयेत् ।

अजकर्ण शालभेद । अश्वकर्णो गजहड: ।

आरग्वधादिकाथेन परिषेकं च दापयेत्। निम्बार्जुनाश्वत्थकदम्बशालजम्बूवटोदुम्ब-

रवेतसैश्च । प्रक्षालनालेपकृतानि कुर्याच्चूर्णं सपित्तास्रभवोपदंशे ॥ त्वचो दारुहरिद्रायाः शङ्खनाभीरसाञ्जनम् । लाक्षागोमयनिर्यासस्तैलं क्षौद्रं घृतं पयः ॥ एभिस्तु पिष्टैस्तुल्यांशैरुपदंशं प्रलेपयेत् । व्रणाश्च तेन शाम्यन्ति श्वयथुर्दाह एव च ॥ उपदंशद्वये शेषे प्रत्याख्यायाचरेत् क्रियाम् । एतेषामेव या योग्या वीक्ष्य दोषबलाबलम् ॥ शस्त्रेणोल्लेखयेत् क्वापि पाकमागतमाशु वै । तमपोह्य तिलैः सर्पिः क्षौद्रयुक्तैः प्रलेपयेत् ॥ वटप्ररोहार्जुनजम्बुपथ्या लोध्रं हरिद्रा च हिता प्रलेपे । तथोपदंशेष्ववरोहणार्थं चूर्णं च कार्यं विमलाञ्जनेन ॥ त्रिफलायाः कषायेण भृङ्गराजरसेन वा । व्रणप्रक्षालनं कार्यमुपदंशप्रशान्तये ॥ जयाजपाश्वमारार्क शम्पाकानां दलैः क्रमात् । कृतं प्रक्षालनं क्वाथं मेढ्रपाके प्रयोजयेत् ॥ शम्पाकनिम्बत्रिफलाकिरात क्वाथं पिबेद्वा खदिरासनाभ्याम् । सगुग्गुलुं वा त्रिफलायुतं वा सर्वोपदंशापहरः प्रयोगः ॥ नीलोत्पलानि कुमुदं पद्मसौगन्धकानि च । उपदंशेषु चूर्णानि प्रदेहोऽयं प्रशस्यते ॥ बब्बूलदलचूर्णेन दाडिमत्वग्रजोऽथवा । गुण्डन वृषणे शस्तं लेपः पूगफलेन वा ॥ सौराष्ट्री गैरिकं तुत्थ पुष्पकासीससैन्धवम् । लोध्रं रसाञ्जनं चापि हरितालं मनःशिला ॥ हरेणुकैलेपि तथा समं संहृत्य चूर्णयेत् । तच्चूर्णं क्षौद्रसंयुक्तमुपदंशेषु पूजितम् ॥ पुटदग्ध कृतं भस्म हरितालं मनःशिला । उपदंशविसर्पाणामेतद्धानिकरं परम् ॥ दहेत् कटाहे त्रिफलां तामपीं मधुसैन्धवम् । उपदंशे प्रलेपोऽयं सद्यो रोपयति व्रणम् ॥ तिरीटाञ्जनवज्राख्यकोविदारेभकेशरैः । लेपनं पुरुषव्याधौ जलपिष्टैः प्रशस्यते ॥ रसाञ्जनं शिरीषेण पथ्यया वा समन्वितम् । सक्षौद्रं लेपनं योज्यं सर्वाङ्गगदापहम् ॥ भार्ङ्गीसम्भवाशिखरिजमूलं भद्राश्रियः सुसम्पिष्टम् । मनसः शिला च मधुना शमयत्युपदंशमचिरेण ॥ शतधौतं प्रयत्नेन लिङ्गोत्थमवचूर्णयेत् । रोगं कासीसचूर्णेन पुरुषः सुखमाप्नुयात् ॥ करवीरस्य मूलेन परिपिष्टेनवारिणा । असाध्यापि व्रजत्यस्तं लिङ्गोत्थारुक् प्रलेपनात् । वरानिम्बार्जुनाश्वत्थखदिरासनवासकैः । चूर्णितै र्गुग्गुलुसमैर्वटका अक्षसम्मिताः ॥ कर्तव्या नाशयन्त्याशु सर्वान् लिङ्गसमुत्थितान् । उपदंशानसृग्दोषान् तथा दुष्टव्रणानपि ॥
वरादिगुग्गुलु. ।

करञ्जनिम्बासनशालजम्बूवटादिभिः कल्ककषायसिद्धम् । सर्पिर्निहन्यादुपदंशदोषं सदाहपाकस्रुतिरागयुक्तम् ॥ इति करञ्जाद्य घृतम् ॥

भूनिम्बनिम्बत्रिफलापटोलकरञ्जधात्रीखदिरासनानाम् । सतोयकल्कैर्घृतमाशु पक सर्वोपदंशापहरं प्रदिष्टम् ॥ इति भूनिम्बाद्य घृतम् ॥

घृतानि यानि वक्ष्यामि कुष्ठे नाडीव्रणे व्रणे। उपदंशे प्रयोज्यानि सेकाभ्यञ्जन भोजनैः ॥ आगारधूमो रजनी सुराकिट्टं च तैस्त्रिभिः । यथोत्तरैः पचेत्तैलं कण्डूशो-

थरुजापहम् ॥ शोधनं रोपणं चैव उपदंश-हरं परम् ॥ आगारधूमाद्य तैलम् ॥

गोजीविडङ्गयष्टीभिः सर्वगन्धैश्च संयुतम् । एतत् सर्वोपदंशेषु तैलं रोपणमिष्यते ॥

इति गोजीतैलम् ॥

जम्बूवेतसपत्राणि धात्रीपत्रं तथैव च । नक्तमालस्य पत्राणि तद्वत्पद्मोत्पलानि च ॥ एला चातिविषाम्रास्थि मधुकं च प्रियङ्गवः। लाक्षाकालीयकं लोध्रं चन्दनं त्रिवृताह्वया॥ एतान्येकीकृतान्येव बस्तमूत्रेण पेषयेत् । अक्षमात्रैरिमैर्द्रव्यैस्तैलप्रस्थं विपाचयेत् ॥ सर्वव्रणहरं तैलमेतत् सिद्धं विपाचयेत्॥ उपदंशहरं श्रेष्ठं मुनिभिः परिकीर्तितम् ॥

यस्य लिङ्गस्य मांसं तु शीर्यते मुष्कशेषतः । तिक्तकोशातकीलम्बाबीजनागरसाधितम् ॥ तैलं हन्त्यविशेषेण व्रणं दुष्टमनेकधा॥

इति कोशातकीतैलम् ।

सेवेन्नित्यं यवान्नं च पानीयं कौपमेव च॥ अर्शसां च्छिन्नदग्धानां क्रियां चात्र प्रयोजयेत् ॥ इति उपदशनिदानचिकित्साधिकार ॥

ચાંદી સાધ્ય હોય તો સ્નેહન તથા સ્વેદન કરીને પછી લિંગની મધ્યની શિરાને વીંધવી, અથવા ચાંદી ઉપર જળો મૂકવી. વમન તથા વિરેચન આપીને પછી અતિ વધી ગયેલા દોષોનુ શમન કરવું. દોષોનું હરણ તુરત થાય તો સોજો તથા પીડા શાંત થઇ જાય છે. ચાદીવાળો માણસ નબળો હોય અને વિરેચન આપવાને યોગ્ય ન હોય તો વધેલા દોષોનુ હરણ નિરૂહબસ્તિથી કરવું જેમ બને તેમ પ્રયત્ન કરીને પણ ચાંદીને પાકવા દેવીજ નહિ, કેમકે પાકવાથી લિંગનો નાશ થાય છે

વાયુ સંબંધી ચાંદી હોય તો પ્રપૌંડરીક, જેઠીમધ, તેલિયો દેવદાર, અગરૂ, કઠ દારૂહળદર, રાસ્ના, કઠ અને એળચીના કલ્કનો લેપ તથા તેનાજ રસનુ સેચન કરવું.

લીમડો, એરંડાનાં બીજ, અને જવ તથા ઘઉંના સાથવાને વાટીને ઘી સાથે જરા ગરમ કરીને લેપ કરવાથી વાયુની ચાદી મટેછે

શ્વેતકમળ, રક્તકમળ, કમળના કેસરા, રાળના ઝાડની છાલ, આસોદરાની છાલ, નેતર, અને જેઠીમધનો ઘી સાથે લેપ કરવાથી પિત્તની ચાદી મટે છે.

ઘી, દુધ, સાકર, શેરડી, મધ અને જળનુ સેચન કર્યા કરવાથી પિત્તની ચાંદી મટેછે

ન્યગ્રોધાદિગણનો કવાથ ટાઢો પાડીને સેચન કરવાથી પિત્તની ચાદી મટે છે.

સાલની, અજકર્ણની, નાના રાળના ઝાડની, અને વજની છાલોને મદિરામાં વાટી ગરમ કરીને તેલ નાંખીને લેપ કરવાથી કફની ચાંદી મટી જાયછે.

આરગ્વધાદિગણના કવાથનું સેચન કરવાથી કફની ચાંદી મટેછે

લીમડો, આસોંદરો, પીપળો, કદંબ, સાલ, જાંબુ, વડ, ઊંબરો, અને નેતરની છાલોના કવાથથી ધોવાથી, તથા તેમનાજ કલ્કનો લેપ કરવાથી પિત્ત તથા રક્તની ચાંદી મટેછે.

દારૂહળદરની છાલ, શંખની નાભિ, રસવતી, લાખ, ગાયનુ છાણ, ગુંદર, તેલ, ઘી, અને દૂધ સમભાગે વાટીને લેપ કરવાથી વ્રણો, સોજો અને ચાંદીની બળતરા શાંત થાયછે.

ત્રિદોષ કે રક્તની ચાંદી હોયતો તે અસાધ્ય હોવાથી ચિકિત્સા કરવાની પ્રથમ ના પાડવી, અને રોગીનો આગ્રહ હોયતો દોષોના બળાબળને તપાસીને ઘટતી ચિકિત્સા કરવી.

ચાંદી પાકેલી હોયતો સમયસર તુરત શસ્ત્રથી કાપી કાઢીને મધ તથા ઘીમા વાટેલા તલનો લેપ કરવો.

કૂણી વડવાઇ, આસોંદરાની છાલ, જાબુડાની છાલ, હરડે, લોદર, અને હળદરનો લેપ કરીને રૂઝાવવા માટે રસવંતીનુ ચૂર્ણ ભભરાવવામાં આવે તો તેથી ચાંદી મટી જાયછે.

ત્રિફળાના કવાથથી કે ભાગરાના રસથી વ્રણોને ધોવાથી પણ ચાંદી મટે છે.

અરણી, જાસૂદ, કણેર, આકડો, અને ગરમાળાનાં પાનોના કવાથોથી અનુક્રમે ધોવાથી લિંગનો પાક મટી જાય છે.

ગરમાળો, લીમડો, ત્રિફળા, અને કરિયાતાના કવાથમાં ખેરસાર તથા બીબલાનો સાર નાંખીને, અથવા ગુગળ કે ત્રિફળાનુ ચૂર્ણ નાંખીને, તે પીવાથી સર્વ જાતની ચાંદીઓ મટી જાય છે.

નીલકમળ રાત્રીવિકાસીકમળ, શ્વેતકમળ, અને રક્તકમળનાં ચૂર્ણોને વાટીને જાડો લેપ કરવાથી ચાંદીઓ મટી જાય છે.

બપોરિયાનાં પાન અથવા દાડમની છાલનું ચૂર્ણ વૃષણ ઉપર સારી પેઠે દાબવાથી, અથવા સોપારીના કલ્કનો લેપ કરવાથી, ચાંદી મટી જાય છે.

ફટકડી, સોનાગેરૂ, મોરથૂથૂ, હીરાકસી, સૈંધવ, લોદર, રસવતી, હરતાળ, મણશીળ, હરેણુકા, અને એળચીના સમભાગ ચૂર્ણને મધમાં વાટીને લેપ કરવાથી ચાંદીઓ મટી જાય છે.

હરતાળ અને મણશીળની પુટપાકથી ભસ્મ કરીને તેનો લેપ કરવાથી ચાંદીઓ તથા વિસર્પો સારી રીતે મટી જાય છે.

ત્રિફળાને કઢાઇમા બાળીને તેની ભસ્મ, મધ, અને સૈંધવનો લેપ ચાદી ઉપર કરવાથી તુરત વ્રણ રૂઝાઇ જાય છે.

લોદર, રસવંતી, તગર, કાચનાર, અને નાગકેશરને પાણીમાં વાટીને તેનો લેપ કરવાથી ચાંદી મટી જાય છે.

રસવતી અને સરસડિયાની છાલ, અથવા રસવંતી અને હરડેના ચૂર્ણનો મધમા વાટીને લેપ કરવાથી બધાં અંગોમા આપેલ ચાંદી પણ મટી જાય છે.

ભારંગી તથા અંધેડાના મૂળ તથા ચંદનનો લેપ કરવાથી ચાદી મટી જાય છે.

મણશીલને મધમાં વાટીને લેપ કરવાથી ચાદી તુરત શાત થાય છે.

ચાંદીને પ્રયત્નથી સોવાર ધોઇને ઉપર હીરાકસીનુ ચૂર્ણ ભભરાવવાથી તે મટી જાયછે.

કણેરનાં મૂળને પાણીમાં વાટીને તેનો લેપ કરવાથી લિગનો રોગ અસાધ્ય હોય તો પણ મટી જાય છે.

વરાદિ ગુગ્ગુલુ.

ત્રિફળા, લીમડો, આસોદરો, પીપળો, ખેર, બીબલો, અરડુસાનું ચૂર્ણ, અને તે સર્વ જેટલો ગુગળ, એકત્ર કરી તેની એક એક તોલા જેટલી ગોળીઓ કરીને ખાવાથી લિંગમાંની સર્વ પ્રકારની ચાદીઓ, લોહીનો બગાડો અને દુષ્ટ વ્રણોનો નાશ થઈ જાય છે.

કરંજાધ ઘૃત.

કરંજ, લીમડો, બીબલો, સાલ, બંબુડો,

અને વટાદિગણના કવાથમા એમનાજ કલ્કથી પકાવેલું ઘી બળતરા, પાક, સ્રાવ, તથા રતાશ વાળી ચાંદીઓને હણી નાખેછે.

ભૂનિંબાદ્ય ઘૃત

કરિયાતું, લીમડો, ત્રિફળા, કડવા પરવળ, કરંજ, આંમલી, ખેર, અને બીબલાને પાણીમાં વાટી કલ્ક કરી, તેથી પકાવેલું ઘી તુરત સર્વ પ્રકારની ચાંદીઓને મટાડે છે.

કોઢ, નાડીવ્રણ, અને વ્રણો ઉપર કહેલાં સર્વ ઘીના સેચન, અભ્યંગ, અને ભોજનથી ચાંદીઓ મટી જાયછે.

આગાર ધુમાદ્ય તૈલ.

ઘરના ધુમાડાની મેંશ એક ભાગ, બે ભાગ હળદર, અને ત્રણ ભાગ કિણ્વકથી પકાવેલુ તેલ ખરજ, સોજા, અને ચાંદીને સારી પેઠે મટાડે છે આ તેલથી વ્રણો સાફ થઇને તેમા ધરતી આવીને રૂઝાઈ જાયછે.

ગોજી તૈલ.

ભોંપાથરી, વાવડીંગ, અને જેઠીમધ, તથા ચંદનાદિ સર્વ સુગંધી પદાર્થોથી પકાવેલુ તેલ સર્વ પ્રકારની ચાંદીઓને ધરતી લાવીને રૂઝાવે છે.

જંબ્વાદ્ય તૈલ.

જાંબુ, નેતર, આમળા, અને કરંજના પાનો, શ્વેત અને રક્તકમળો, એળચી, અતિવિષ, આંબાની ગોટલી, જેઠીમધ, ધઉલો, લાખ, પીતચંદન, લોદર, ચંદન, અને નસોતર, એક એક તોલો લેઇ બકરાના મૂત્રમા વાટીને, તેના કલ્કથી ૬૪ તોલા તેલ પકાવીને, વાપરવાથી સર્વ પ્રકારના વ્રણો તથા ચાંદીઓનો ઉત્તમ રીતે નાશ થાયછે, એમ મુનિઓએ કહેલું છે.

કોશાતકી તૈલ.

કડવી ઘીસોડી તથા કડવી તુંબડીનાં બીજો અને સૂઠના કલ્કથી પકાવેલુ તેલ અનેક પ્રકારનાં દુષ્ટ વ્રણોને સરખી રીતે મટાડે છે. લિંગનું સઘળુ માસ ખરી જઈને માત્ર વૃષણજ રહ્યા હોય, તો પણ એવી ચાંદી આ ઉપાયથી શાંત થઈ જાયછે

ખરી પડેલા કે દગ્ધ થયેલા માંસવાળાએ નિત્ય કુવાનુંજ પાણી પીવું અને જવ ખાવા

उपदंश निदान चिकित्साधिकार संपूर्ण ॥

લિંગના અર્શ (લિંગના મસા)નો અધિકાર.

લિંગાર્શનું નિદાન

अङ्कुरैरिव सञ्जातैरुपर्युपरि सस्थितैः । क्रमेण जायते वर्तिस्ताम्रचूडशिखोपमा ॥ कोशस्याभ्यन्तरे सन्धौ पर्वसन्धिगतापि वा । लिङ्गवर्तीरिति रुयाता लिङ्गार्श इति चापरे॥

એક બીજાની ઉપર રહેલા એવા સૂક્ષ્મ અકુરો વધીને લિંગ, સાંધા, કે લિંગના ટોચકા ઉપર કૂકડાના માથા ઉપરની કલગી જેવા ઊગી નીકળે છે, તે લિંગવર્તિ કે લિંગાર્શ કહેવામા આવેછે.

લિંગાર્શની સાધ્યતા.

सवेदना पिच्छिला च दुश्चिकित्स्या त्रिदोषजा ॥

વેદનાવાળા, પિચ્છિલ, અને ત્રિદોષથી થયેલા અર્શો અસાધ્ય છે.

લિંગાર્શની ચિકિત્સા.

क्षारेण प्रदहेच्छित्त्वा लिङ्गवर्तिमशेषत । व्रणवच्चाचरेत् सम्यक् चूर्णलेपाद्युपक्रमैः ॥ स्वर्जिकातुत्थशैलेयमञ्जनं सरसाञ्जनम् ॥ मनःशिलाले च समं चूर्णं मांसाङ्कुरापहम्॥ हरति घृतकुमारीपत्रमावेष्टनेन ग्रथनविधिविशेषाश्चर्मकीलांस्तृतीये । अहनि गुरुतरानप्यङ्गलब्धप्रतिष्ठान् विधिरिव विपरीतः पौरुषस्य प्रकारान्॥ शुभे तु चारटीमूलं वृषमूत्रेण पेषयेत् । चर्मकिलाभिहन्त्याशु प्रलेपात् साधनोद्भवान् ॥ इति लिङ्गार्शसां उपक्रम.॥

(૧) અર્શને શસ્ત્રથી સપૂર્ણ કાપી નાંખીને ક્ષારથી બાળવો, અને પછી વ્રણની પેઠે લેપ, ચૂર્ણ, વગેરે ઉપચારો કરવા.

(૨) સાજીખાર, મોરથુથુ, શિલાજિત, રસવતી, સુરમો, મણશીળ, અને હરતાળ, સમભાગે લેવું, તેનું ચૂર્ણ લિંગાર્શને મટાડેછે

વિપરીત દૈવ પ્રબળ પુરૂષાર્થને પણ હણી નાખેછે, તેમ કુવારનું લાબરૂ બાધવાથી અત્યંત પ્રબળ, અંગમાં જામી ગયેલા, અને ગુંથાયેલા જેવા લિંગાર્શોને ત્રીજે દિવસેજ હણી નાંખેછે.

(૪) શુભ દિવસે ઊભી ભોંરીંગણીનાં મૂળ લાવીને તેને બળદના મૂત્રમાં વાટીને ચોપડવાથી લિંગના અર્શો તુરત હણાઈ જાયછે.

શૂક દોષનો અધિકાર.

શૂક દોષનાં નિદાનાદિ.

अक्रमाच्छेफसो वृद्धिं योभिवाञ्छति मूढधीः । व्याधयस्तस्य जायन्ते दश चाष्टौ च शूकजाः ॥

अक्रमात् अनुचितवृद्धिक्रमात् । अनुचिता च वृद्धिर्भूरिविकारजनकस्य योगेन शूकजाः । शूकोजलशूकः सविषो जलजन्तुविशेष· स तु जलप्रलोद्भव । अल्पकुण्डुभ इत्यादिकः । तथा शूकप्रधानो लिङ्गप्रधानो लिङ्गवृद्धिकरो वात्स्यायनाद्युक्तो योग शूक उच्यते यथा ।

भल्लातकास्थिजलशूकमथाब्जपत्रमन्तर्विदाह्य मतिमान् सह सैन्धवेन । एतद्विरूढबृहतीफलतोयपिष्टाप्रलेपितं महिषविड्मिलीकृतेऽङ्गे ॥ स्थूलं महद्धयतुल्यं श्रेफः करोत्यभिमतं न हि संशयोऽत्रेत्यादि ।

यत्तु जलशुकरहितमश्वगन्धादितैल तदुचितमेव लिङ्गवर्धनम् । यथा–

अश्वगन्धावरीकुष्ठं मांसीसिंहीफलान्वितम् । चतुर्गुणेन दुग्धेन तिलतैलं विपाचयेत् ॥ तत्तैलं मेढ्रवक्षोजकर्णपालिविवर्धनम् ॥

જે મૂઢ બુદ્ધિવાળો અયોગ્ય રીતિથી લિંગને વધારવાને ઇચ્છેછે, તેને લિંગ સંબંધી અઢાર જાતના વ્યાધિઓ થાયછે. વાત્સ્યાયને કહેલુ છે કે—"ભીલામાના ઠળિયા, શૂકનામનો પાણીનો કીડો, અને કમળપત્ર એ ત્રણેને બાળીને તેની ભસ્મમા સૈંધવ મેળવીને મોટી ભોંરીંગણીના ફળના રસમાં વાટીને, લિંગને પાડાના છાણથી ધોઇને તે ઉપર, એ કલ્ક ચોપડવાથી લિંગ મનમાનતું અને ઉત્તમ ઘોડાના લિંગ જેવુ મોટું થાય છે, એમાં સંશય નથી, ઈત્યાદિ" (આ ઉપાયથી રોગો થાય છે, માટે સારો ઉપાય નીચે આપીએ છિયે):–

લિંગ વધારવાનો ઉપાય-અશ્વગંધાદિ તૈલ.

આસોદ શતાવરી, કઠ, જટામાંસી, અને મોટી ભોંરીંગણીના ડોડવાના કલ્ક સાથે ચોગણા દૂધમા પકાવેલુ તલનુ તેલ અશ્વગંધાદિ કહેવાયછે. તે લિંગ, સ્તનો, અને કાનની બૂટોને મોટાં કરેછે.

શૂકદોષના ભેદો.

સર્ષપિકા, અષ્ઠીલિકા, ગ્રથિત, કુંભિકા, અલજી, મૃદિત, સંમૂઢપિડકા, અવમંથ, પુષ્કરિકા, સ્પર્શહાનિ, ઉત્તમા, શતપોનક, ત્વક્પાક, શોણિતાર્બુદ, માંસાર્બુદ, માંસપાક, વિદ્રધિ, અને તિલકાલક, એ અઢાર ભેદો શૂકરોગના છે.

સર્ષપિકાનાં લક્ષણ.

गौरसर्षपसंस्थाना शूकदुर्भगहेतुका । पिडका श्लेष्मवाताभ्या ज्ञेया सर्षपिका तु सा॥

शूकदुर्भगहेतुका शूकनिमित्ता दुष्टयोनिनिमित्ता च॥

શૂકથી અથવા દુષ્ટ યોનિના સસર્ગથી થયેલી ધોળા સર્ષવ જેવી ફોલ્લી કફ તથા વાયુથી થાયછે. તે સર્ષપિકા કહેવાયછે.

અષ્ઠીલિકાનાં લક્ષણ.

कठिना विषमैर्भुग्नैर्वायुनाष्ठीलिकाभवेत्॥

अष्ठीलालोहकारस्य भाण्डविशेष । निहार इति लोके । तत कठिनेत्यष्ठीलिकाविषमैर्भुग्नैरिति वक्ष्यमाणशूकशोषणम् । विषमैर्ह्रस्वदीर्घे । भुग्नै वक्रै ॥

લાબા ટુંકા કાટાઓ વ ગી તથા કઠણ ફોલ્લી વાયુથી થાયછે, તેને અષ્ઠીલિકા કહેછે.

ગ્રથિતનુ લક્ષણ.

शूकैर्यत् पूरितं शश्वद्ग्रथितं नाम तत्कफात्

यल्लिङ्ग सदा शूकै पूरितं तद् ग्रथितत्वाद् ग्रन्थितम् ।

જવની અણીઓ જેવા કાંટાથી લિંગપૂરાઇ જાય તે ગ્રથિત કહેવાયછે, અને તે કફથી થાય છે.

કુંભિકાનું લક્ષણ.

कुम्भिका रक्तपित्तात्स्याज्जाम्बवास्थिनिभा सिता ॥

कुम्भिका कुम्भीफलतुल्यत्वात् ॥

રક્ત તથા પિત્તથી જાંબુના ઠળિયા જેવી કુંભિકા નામની ફોલ્લીઓ થાય છે.

અલજીનું લક્ષણ.

अलजी स्याचथा यादृक् प्रमेहपिडका तथा । सा च रक्ताऽसिता स्फोटा चित्ता च कथिता बुधैः ॥

एषा रक्तपित्तनिमित्ता ज्ञेया ।

પ્રમેહપિડકાના જેવીજ અલજી થાય છે, તે રાતી તથા કાળી ફોલ્લી રક્ત અને પિત્તથી થાયછે.

મૃદિતનું લક્ષણ.

मृदितं पीडितं यत्तु संरब्ध वातकोपतः।

शूकदोषे जाते पीडित सद्यत्सरब्ध सशोथं भवति तल्लिङ्ग मृदितमुच्यते ॥

વાયુના કોપથી લિંગ દબાવાથી સોજા સહિત મૃદિત થાયછે

સંમૂઢ પિડકાનું લક્ષણ.

पाणिभ्या भृशसंपिष्टे संमूढपिडका भवेत् ॥

शूकदोषे जाते पाणिभ्यां भृशसंपिष्टे लिङ्गे ॥

अत्रापि वातकोपात् इत्यनुवर्त्तते ॥

હાથવતે લિંગને ચોળવાથી આ ફોલ્લીઓ થાયછે. આ વાયુ કોપવાથી થાય છે.

અવમંથનું લક્ષણ.

दीर्घा बह्व्यश्च पिडका दीर्यन्ते मध्यतस्तु याः । सोऽवमन्थः कफासृग्भ्यां वेदनारोमहर्षकृत् ॥ दीर्घा दीर्घाङ्कुरा ।

ઘણી અને લાંબા અંકુરોવાળી મધ્યમાંથી ફાટેલી અને વેદના કરનારી ફોલ્લીઓ રોમોદ્ગમ કરનારી અવમંથ કહેવાય છે. તે કફ અને રૂધિરના કોપથી થાયછે.

પુષ્કરિકાનું લક્ષણ

पिडका पिडकाव्याप्ता पित्तशोणितसम्भवा । पद्मकर्णिकसंस्थाना ज्ञेया पुष्करिकेति सा ॥

पिडकाव्याप्ता पार्श्वतः क्षुद्रपिडकाव्याप्ता । अत एव पद्मकर्णिकसंस्थाना ॥

બાજુઓમાં ન્હાની ફોલ્લીઓ વાળી અને કમળની ડોડીના જેવા આકારની ફોલ્લી પિત્ત તથા રક્તના કોપથી થાયછે, તે પુષ્કરિકા કહેવાય છે.

સ્પર્શહાનિનું લક્ષણ.

स्पर्शहानिं तु जनयेच्छोणितं शूकदूषितम् ।

अत्र स्पर्शासहत्वमेव लक्षणम् ॥

શૂકદોષથી બગડેલું લોહી સ્પર્શહાનિ ઉત્પન્ન કરેછે.

ઉત્તમાનું લક્ષણ.

मुद्गमाषोपमा रक्ता रक्तपित्तोद्भवा च या । पषोत्तमाख्यपिडका शूकाजीर्णसमुद्भवा ॥

મગ કે અડદ જેવી, રક્ત તથા પિત્તથી થતી, એવી ઉત્તમા નામની ફોલ્લી શૂકના અજીર્ણથી થાય છે.

શતપોનકનું લક્ષણ.

छिद्रैरणुमुखैर्लिङ्गं चितं यस्तु समन्ततः । वातशोणितजो व्याधिर्विज्ञेयः शतपोनकः ॥

शतपोनकश्चालनी तत्तुल्यत्वाच्छतपोनक ।

ઝીણાં ઝીણાં મુખોવાળાં છિદ્રોથી લિંગ વ્યાપ્ત થઇ જાયછે, તે વાયુ અને રક્તનો વ્યાધિ શતપોનક કહેવાય છે.

ત્વક્પાકનું લક્ષણ.

पित्तरक्तकृतो ज्ञेयस्त्वक्पाको ज्वरदाहकृत् ।

પિત્ત તથા રક્તથી થતો ત્વક્પાક જ્વર અને દાહને કરે છે.

શોણિતાર્બુદનું લક્ષણ.

कृष्णैः स्फोटैः सरक्ताभिः पिडकाभिर्निपीडितम् । लिङ्गं वास्तुरुजश्चोग्रा ज्ञेयं तच्छोणितार्बुदम् ॥

वास्तुरुजः स्फोटपिडकाधिष्ठानवेदनाः ।

કાળી અને રતાશ વાળી ફોલ્લીઓની વેદના થાય તથા લિંગ પીડાય છે, તેને શોણિતાર્બુદ કહેછે.

માંસાર્બુદનું લક્ષણ.

मांसदुष्टं विजानीयादर्बुदं मांससम्भवम् ।

માંસ લિંગ ઉપર દુષ્ટ થવાથી માંસના માંસાર્બુદ થાય છે.

માંસપાકનું લક્ષણ.

शीर्यन्ते यस्य मांसानि यस्य सर्वाश्च वेदनाः । विद्यात्तं मांसपाकं तु सर्वदोषकृतं भिषक् ॥

शीर्यन्ते गलन्ति । सर्वाश्च वेदना वातपित्तकफजा ॥

લિંગનુ માંસ ખરી પડતાં જે વેદના થાયછે તેને વૈદ્યો સર્વ દોષોથી થયેલો માંસપાક કહેછે.

વિદ્રધિનું લક્ષણ.

विद्रधिं सन्निपातेन यथोक्तमभिनिर्दिशेत् ।

उक्तसान्निपातिकविद्रधितुल्य कथयेत् ।

સન્નિપાતથી વિદ્રધિ થાય છે તેના લક્ષણો પ્રમેહના વિદ્રધિ જેવાજ થાયછે.

તિલકાલકનું લક્ષણ.

कृष्णानि चित्राण्यथवा शूकानि सविषाणि तु । पतन्ति पातयन्त्याशु मेढ्रं निरवशेषतः ॥ कालानि भूत्वा मांसानि शीर्यन्ते यस्य देहिनः । सन्निपातसमुत्थांश्च तान् विद्यात्तिलकालकान् ॥

चित्राणि नानावर्णानि । शुक्लानि शुक्लवर्णानि । मञ्चा' क्रोशन्तीतिवत् । सविषाणि सविषशूकाख्यजन्तुविशेषकृतत्वात् । शीर्यन्ते गलन्ति । कृष्णतिलतुल्यत्वात्तिलकालका ।

કાળા, અનેક ૨ ગોવાળાં, અથવા ધોળા શક નામના પ્રાણીઓ ઝેરી હોયછે, તેની ભસ્મથી થાયછે તેથી ઝેરયુક્ત માસ લિંગમાથી ખરવા માડેછે એમ લિંગને સંપૂર્ણ રીતે પાડી નાખીને કાળાં થઇને વીખાતાં જાય એ તિલકાલક કહેવાય છે.

શૂક દોષોની અસાધ્યતા

तत्र मांसार्बुदं यच्च मासपाकश्च यः स्मृतः। विद्रधिश्च न सिध्यन्ति ये च स्युस्तिलकालकाः ॥

આ અઢારે દોષોમાં માંસાર્બુદ, માંસપાક, વિદ્રધિ, અને તિલકાલક, એ ચાર રોગો અસાધ્ય છે

શૂક દોષોની ચિકિત્સા.

शूकदोषेषु सर्वेषु विषघ्नीं कारयेत् क्रियाम् । जलौकाभिर्हरेद्रक्तं रेचनं लघु भोजयेत्॥ गुग्गुलुं पाययेच्चापि त्रिफलाक्वाथसंयुतम् । क्षीरेण लेपसेकांश्च शीतेनैव हि कारयेत् ॥ दार्वीसुरसयष्ट्याह्वैर्गृहधूमानिशायुतैः । सम्पक्वं तैलमभ्यङ्गान्मेढ्रोगं हि नाशयेत् ॥

सुरसस्तुलसी ॥ इति दार्वीतैलम् ।

रसाञ्जनं साह्वयमेकमेव प्रलेपमात्रेण नयेत्प्रशान्तिम् । सपूतिपूयव्रणशोथकण्डूशूलान्वितं सर्वमनङ्गरोगम् ॥

साह्वयमित्यनङ्गरोगस्य विशेषणम् । अनङ्गरोगस्य नामापि दूरीकरोतीत्यर्थः ॥

इति शूकदोषनिदानचिकित्साधिकार ॥

સઘળા શૂક દોષોમા વૈદ્યે વિષહર ક્રિયાઓ કરવી, જળો મુકી ઝેર હરી લેવુ, વિરેચન દેવું, હલકુ ભોજન આપવું, અને ત્રિફળાના કવાથની સાથે ગુગળ પાવો. ટાઢા દૂધનો લેપ કરવો અને તેનુ સેચન પણ કરવું.

દાર્વી તેલ.

દારુ હળદર, તુલસી, જેઠીમધ, ધુમાડાની ધૂસ, અને હળદરના કલ્કોથી પકાવેલું તેલ દાર્વીતેલ કહેવાયછે. તેના અભ્યંગથી લિંગના રોગો મટી જાયછે.

રસાંજન લેપ.

એકલી રસવંતીજ લેપમાત્રથી લિંગના તમામ રોગોને એવી રીતે મટાડી દેછે, કે

તેનું નામ પણ રહી શકતું નથી દુર્ગંધી પરુ, વ્રણ, સોજો, ખરજ, તથા શૂળવાળા લિંગના રોગને પણ રસવતીનો લેપ મટાડી દેછે.

કોઢનો અધિકાર.

કોઢનાં નિદાન તથા સંખ્યા.

विरोधीन्यन्नपानानि द्रवस्निग्धगुरूणि च। भजतामागताञ्छर्दिं वेगांश्चान्यान् प्रतिघ्नताम् ॥ व्यायाममग्नितापं चाप्यतिभुक्त्वा निषेविणाम्। शीतोष्णलङ्घनाहारान् क्रमं मुक्त्वा निषेविणाम् ॥ घर्मश्रमभयार्तानां द्रुतं शीताम्बुसेविनाम्। अजीर्णाध्याशिनां चापि पञ्च कर्मापचारिणाम् ॥ नवान्नदधिमत्स्यादिलवणाम्लनिषेविणाम्। माषमूलकपिष्टान्नतिलक्षीरगुडाशिनाम् ॥ व्यवायं चाप्यजीर्णेऽन्ने दिवा निद्रां निषेविणाम्। विप्रान् गुरून् धर्षयतां पापं कर्म च कुर्वताम् ॥ वातादयस्त्रयो दोषास्त्वग्रक्तं मांसमम्बु च। दूषयन्ति सकुष्ठानां सप्तको द्रव्यसंग्रहः ॥ अतः कुष्ठानि जायन्ते सप्तचैकादशैव च।

विरोधीन्यन्नपानानि क्षीरमत्स्यादीनि। दधिदुग्धादीनि। व्यायाममित्यादि। अतिभुक्त्वा व्यायाम् अग्निसन्तापम्। आग्निरुपलक्षण। सूर्यादिसन्ताप च निषेविणामिति कृतन्यस्य योगे षष्ठी प्राप्ता। द्वितीया तु मुनिवचनात्। एवमग्रेऽपि शीतोष्ण लङ्घनाहारानित्यादिष्वपि द्वितीया। क्रम विधिं। घर्मेत्यादि घर्मार्तत्वे सति द्रुतमविश्रम्य पाने स्नाने शीताम्बुसेविनाम्। अजीर्णाध्याशिनां भुक्तेऽजीर्णे भुक्तानाम्। पञ्चकर्मापचारिणां पञ्चकर्माणि वमनविरेकनस्यानिरूहानुवासनानि तेषु कृतेषु अपचारिणाम्। नवान्नदधिमत्स्याद्याहारसेविनाम्। व्यवायमित्यादि। अन्ने अजीर्णे विदग्धादिरूपे सति। व्यवायं मैथुन निषेविणाम्। दिवानिद्रानिषेविणामिति भिन्नो हेतु.। धर्षयताम् अभिभवताम्। दोषदूष्यसंग्रहार्थमाह। वातादय इत्यादिशब्देन त्रिष्वपि प्रतीतेषु त्रय इति पद सर्वेषु कुष्ठेषु त्रयाणामपि वातादीना दुष्टत्वबोधनार्थम्। त्वक् रस अम्बु लसीका। अथ संख्यामाह। अतः कुष्ठानामित्यादि। अत पूर्वोक्तदोषदूष्यसमुदायात्। सप्तचैकादशचेति सङ्ख्याविच्छेदपाठेन सप्तानां महाकुष्ठत्वमेकादशाना क्षुद्रकुष्ठत्व बोधयति।

દૂધ તથા માછલાં વિગેરે વિરૂદ્ધ અન્નપાનોથી, પ્રવાહી, ચીકણા, અને ભારે પદાર્થોના સેવનથી, ઉલટીના વેગને રોકવાથી; મૂત્રવિષ્ઠાદિકના વેગોને રોકવાથી, બહુજમીને કસરત તથા અગ્નિ કે સૂર્યનો તાપ ખાવાથી, વિધિ રહિત શીત, ઉષ્ણ, લંઘન, તથા ભોજન કરવાથી, ઘામ, શ્રમ, ભયથી પીડિત છતા વિસામો લીધા વગર શીતળ જળવડે સ્નાન કરવાથી તથા પીવાથી, ખાધાના અજીર્ણમા ખીજું ખાવાથી; વમન, વિરેચન નસ્ય નિરૂહબસ્તિ, અને અનુવાસન બસ્તિ, એ પંચકર્મોમાનુ કોઇ પણ કર્યા પછી વર્તનના પ્રકારોમાં ભૂલ કરવાથી, નવા અન્ન, દહિ, માછલાં, ખારા ખાટા પદાર્થો અડદ, મૂળા, વાટેલા અન્નો, તલ દૂધ તથા ગોળ, અને વિદગ્ધાદિ અજીર્ણમાં મૈથુન વગેરેના સેવનથી, દિવસે નિદ્રા કરવાથી, બ્રાહ્મણો તથા ગુરૂઓના અપમાન કરવાથી અને પાપ કર્મોથી; આ સર્વથી કોઢ નીકળેછે. વાતાદિક ત્રણ દોષો ત્વચા,

લોહી, માંસ, અને જળને દૂષિત કરીને સાત જાતના મોટા કોઢો ઉત્પન્ન કરેછે, તથા બીજા અગિયાર જાતના ક્ષુદ્ર કોઢો પણ થાયછે.

સાત મહાકોઢનાં નામો.

पूर्वं त्रिकं तथा सिध्मं ततः काकणकं तथा। पुण्डरीकर्क्षजिह्वाके महाकुष्ठानि सप्त च॥

પૂર્વ (કપાલ), ત્રિક (ઓદુમ્બર), સિધ્મ, કાકણક, પુંડરીક, ઋક્ષજિહ્વક, અને મંડલ, એ સાત મહા કોઢો છે.

અગીયાર ક્ષુદ્ર કોઢનાં નામો.

एककुष्ठं स्मृतं पूर्वं गजचर्म ततः स्मृतम्। ततश्चर्मदलं प्रोक्तं ततश्चापि विचर्चिका॥ विपादिकाभिधा सैव पामाकच्छूस्ततः परम्। दद्रुविस्फोटकिटिभालसकानि च वेष्टितम्। क्षुद्रकुष्ठानि चैतानि कथितानि भिषग्वरैः॥

ननु दद्रु कथ क्षुद्रकुष्ठेषु गणिता ? सुश्रुतेन महाकुष्ठेषूक्तत्वात्। उच्यते। असितावगाढमूला दद्रुः सुश्रुतेन महाकुष्ठेषु उक्ता। असितेतराऽनवगाढमूला दद्रु. क्षुद्रकुष्ठमेव। एवं विधाया दद्रुः श्चरकेण क्षुद्रकुष्ठेषु दर्शितत्वात्॥

कुष्ठानि सप्तधा दोषैः पृथग्द्वन्द्वैःसमागतैः। सर्वेषु च त्रिदोषेषु व्यपदेशोऽधिकस्ततः॥

એકકુષ્ઠ, ગજચર્મ, ચર્મદલ, વિચર્ચિકા, વિપાદિકા, પામા, કચ્છુ, દદ્રુ, વિસ્ફોટ, કિટિભ, અલસક, અને શતારુ, આ અગિયારને ઉત્તમ વૈદ્યોએ ક્ષુદ્ર કોઢો કહેલા છે. (સુશ્રુતે દદ્રુને મોટા કોઢમા ગણેલછે, તેમ છતાં અહિ તેને ક્ષુદ્ર કોઢમાં ગણ્યો છે, તેનુ કારણ એ કે કાળી ઉંડાં મૂળવાળી દદ્રુને સુશ્રુતે મોટા કોઢમા ગણેલછે, તે સિવાયની બીજી દદ્રુને ક્ષુદ્ર કોઢમાં ગણેલી છે ચરકે પણ એમજ ગણેલુ છે.

એક એક દોષ, બેબે દોષો, અને સર્વે દોષો, એમ દોષો ઉપરથી પણ કોઢો સાત જાતના ગણાયછે.

કોઢોનું પૂર્વરૂપ

अतिश्लक्ष्णः खरस्पर्शः स्वेदास्वेदविवर्णताः। दाहः कण्डूस्त्वचि स्वापस्तोदः कोठोन्नतिः क्लमः॥ व्रणानामधिकं शूलं शीघ्रोत्पत्तिश्चिरस्थितिः। रूढानामतिरूक्षत्वं निमित्तेऽल्पेऽपि कोपनम्॥ रोमहर्षोऽसृजः कार्ष्ण्यं कुष्ठलक्षणमग्रजम्॥

अतिश्लक्ष्णः अतिमृदुः। स्वेद घर्मादिप्रसङ्गेऽपि स्वेदाभावः। त्वचि स्वाप स्पर्शाज्ञता। शीघ्रोत्पत्ति व्रणानाम्।

दूषयन्ति श्लथीकृत्य निश्चलत्वादितस्ततः। त्वचः कुर्वन्ति वैवर्ण्यं दोषाः कुष्ठमुशन्ति तम्॥

અત્યંત કોમળ અને અત્યંત ખરસટ સ્પર્શો, પરસેવો, ઘામ થયા છતાં પણ પરસેવાનો અભાવ, વિવર્ણતા બળતરા, ચળ, ચામડીમાં જડતા, સોઇ ભોંકાયા જેવી વેદના, ઊંચાં ઢામઠાં, ગ્લાનિ, બહુ શૂળ, તુરત વ્રણની ઉત્પત્તિ, વ્રણોની લાંબી સ્થિતિ, રૂઝાયલાં વ્રણોનું બહુ રૂક્ષપણું, જરાજરામાં વ્રણોનો પ્રકોપ, રોમોદ્ગમ, અને લોહીનુ કાળું પડવું એટલાં કોઢોનાં પૂર્વરૂપોછે. દોષો નિશ્ચળ હોવાથી ચામડીને શિથિલ કરીને ચારેમેરથી તેના રંગને બદલાવી નાંખેછે તે કોઢ કહેવાય છે.

કયા દોષથી કયો કોઢ થાય છે તે વિષે.

वातेन कुष्ठं कापालं पित्तेनौदुम्बरं कफात्।
मण्डलाख्यं विचर्ची च ऋक्षाख्यं वातपित्ततः॥
चर्मैककुष्ठकिटिभसिध्मालसविपादिकाः।
वातश्लेष्मोद्भवाः पित्तकफाद्दद्रूशतारुषी॥
सपुण्डरीकं विस्फोटं पामाचर्मदलं तथा।
सर्वैरेवोल्बणैर्दोषैराहुः काकणकं बुधाः॥

विचर्ची च कफादित्यन्वय।

पुण्डरीकं सविस्फोटं पामा चर्मदलं तथा।

पित्तकफादित्यन्वय।

વાયુથી કપાલ, પિત્તથી ઔદુંબર, કફથી મંડલ, વિચર્ચિકા અને ઋક્ષજિહ્વ તે વાત તથા પિત્તથી થાય છે, વાત અને કફથી ગજચર્મ, એક કુષ્ઠ કિટિભ, સિધ્મ, અલસક, અને વિપાદિકા થાય છે, પિત્ત તથા કફથી દદ્રુ, શતારુ, પુંડરીક, વિસ્ફોટ, પામા, તથા ચર્મદલ, અને ત્રણે દોષોથી કાકણક કોઢ ઉત્પન્ન થાય છે.

કપાલ નામના કોઢનું લક્ષણ.

कृष्णारुणकपालाभं यद्रूक्षं परुषं तनु।
कपालं तोदबहुलं तत् कुष्ठं विषमं स्मृतम्।

किञ्चित्कृष्णाः किञ्चिदरुणा ये कपालाः स्फुटितमृतपात्रखण्डा· खपरा इति यावत् तद्वर्णं परुषं खरस्पर्शम्। तनु तनुत्वक् कपालम् कपालसंज्ञं विषमं दुश्चिकित्स्यम्।

કઈક કાળા રાતા માટીના ભાંગેલા વાસણના જેવા વર્ણનો, રૂક્ષ અને ખરસટ સ્પર્શવાળો, પાતળી ચામડી તથા બહુ પીડા વાળો કષ્ટસાધ્ય કપાલ નામનો કોઢ થાયછે.

ઔદુંબરનાં લક્ષણો.

उदुम्बरफलाभासं कुष्ठमौदुम्बरं वदेत्।
रुग्दाहरागकण्डूभिःपरीतं रोमपिञ्जरम्॥

औदुम्बरफलाकारम्॥

ઉંબરાના ફળ જેવો કોઢ ઔદુંબર કહેવાય છે, તે રૂગ્દાહ, રાતો, ચળવાળો, અને પીંગળા રૂવાડાવાળો હોયછે.

મંડલનાં લક્ષણો.

श्वेतरक्तं स्थिरं स्त्यानं स्निग्धमुत्सन्नमण्डलम्। कृच्छ्रमन्योन्यसंसक्तं कुष्ठं मण्डलमुच्यते॥

श्वेतरक्तं किञ्चिच्छ्वेतं किञ्चिद्रक्तम्। स्थिरं चिकित्सां विना। अविनाशि स्त्यानं आर्द्रं स्निग्धं सस्वेदम्। उत्सन्नमण्डलम् उन्नतमण्डलम्। कृच्छ्रं कष्टसाध्यम्। अन्योन्यसंसक्तं परस्परमिलितम्।

કંઈક ધોળો તથા રાતો, સ્થિર, ઉપાય વગર નહિ મટનારો, સ્નિગ્ધ, પરસેવા વાળો, ઊંચે નીકળેલાં મડળો વાળો, અને પરસ્પરથી મળેલો કોઢ મંડલ કહેવાય છે. આ કોઢ કષ્ટસાધ્ય છે.

સિધ્મનાં લક્ષણો.

श्वेतं ताम्रं च तनु यत् रजोघृष्टं विमुञ्चति।
प्रायेणोरसि तत् सिध्ममलाबुकुसुमोपमम्॥

श्वेतताम्रं श्वेतं ताम्रम्। तनु तनुत्वक्। प्रायेणोरसि। प्रायशब्दादन्यत्रापि बोद्धव्यम्॥

ધોળાશ સહિત રાતો, પાતળી ત્વચાવાળો, ઘસવાથી ધુળ જેવી ઝીણી કણીઓ ખરતી હોય, ઘણે ભાગે ઉરૂસ્થળમા થનારો અને તુંબડીનાં ફુલ જેવો કોઢ સિધ્મ કહેવાય છે.

કાકણકનાં લક્ષણો.

यत्काकणन्तिकावर्णमपाकं तीव्रवेदनम् ।
त्रिदोषलिङ्गं तत् कुष्ठं काकणं नैव सिध्यति ॥

काकणंती गुञ्जा । गुञ्जावर्णत्वेन मध्ये कृष्णमन्ते रक्तम् । अथवा मध्ये रक्तं मध्यान्ते कृष्णम् । अपाकं स्वभावात् । त्रिदोषलिङ्गम् । सर्वेषां कुष्ठानां त्रिदोषजत्वेऽपि उल्वणदोषत्रयलिङ्गम् ॥

ચણોઠી જેવા રંગ વાળો, નહિ પાકનારો, તીવ્ર વેદના કરનારો, ત્રણે દોષોથી થનારો, તે કોઢ કાકણક કહેવાય છે અને તે અસાધ્ય છે.

પુંડરીકનાં લક્ષણો.

तत् श्वेतं रक्तपर्यन्तं पुण्डरीकदलोपमम् ।
सरागं चैव सोत्सेधं पुण्डरीकं कफोल्बणम् ॥

पुण्डरीकदलोपमं पुण्डरीकं श्वेतकमलं तत्पत्रोपमम् । सरागं चैव । अत एव श्वेतं रक्तपर्यन्तं अन्ते रक्तम् । सरागमिति । अन्ते लोहित्याधिक्यबोधनार्थम् । सोत्सेधम् उद्गतम् ।

ધોળો અને અંતમાં રાતો થઇ જતો, શ્વેતકમળનાં પત્ર જેવો, બહુ રાતો, ઉપસેલો, કફથી થતો કોઢ પુંડરીક કહેવાય છે.

ઋક્ષજિહ્વકનાં લક્ષણો.

कर्कशं रक्तपर्यन्तमन्तःश्यावं सवेदनम् ।
यदृक्षजिह्वासंस्थानमृक्षजिह्वं तदुच्यते ॥

रक्तपर्यन्तं अन्तेरक्तं अन्तःश्यावं मध्ये धूम्रवर्णम् । ऋक्षजिह्वासंस्थानम् । ऋक्षो भल्लूकस्तस्य जिह्वाकृति ॥

કઠણ, છેડેથી રાતો, મધ્યમાં ધૂમ્ર વર્ણનો વેદનાવાળો, અને રીંછની જીભ જેવો કોઢ ઋક્ષજીહ્વક કહેવાય છે

એકકુષ્ઠ તથા ગજચર્મનાં લક્ષણો.

अस्वेदनं महावास्तु यन्मत्स्यशकलोपमम् ।
तदेककुष्ठं चर्माख्यं बहलं गजचर्मवत् ॥

महावास्तु महास्थानम् । मत्स्यशकलोपमम् । अत्र शकलशब्देन लक्षणया त्वगुच्यते । तेन चक्राकारमभ्रकपत्रसदृशं भवति । एककुष्ठमिति क्षुद्रकुष्ठेषु मुख्यत्वात् । चर्माख्यं गजचर्माख्यम् । बहलं स्थूलम् गजचर्मवत् रूक्षं कृष्णं च ।

પરસેવા વગરનો, મોટા ઘેરાવાવાળો, માછલાની ચામડી જેવો કોઢ એકકુષ્ઠ, તથા હાથીના જેવી જાડી અને કાળી ખરસડ ચામડીવાળો ગજચર્મ કહેવાય છે.

ચર્મદલનાં લક્ષણો.

रक्तं सशूलं कण्डूमत्सस्फोटं दलयत्यपि ।
तच्चर्मदलमाख्यातं स्पर्शस्यासहनं च यत् ॥

दलयत्यपि विदारयत्यपि । चर्मेति शेषः ॥

રાતો શૂળવાળો, ચળવાળો, ફોલ્લાવાળો, અને સ્પર્શ સહન કરી ન શકાય એવો, ચામડીને ફાડી નાંખનારો ચર્મદલ નામનો કોઢ છે.

વિચર્ચિકાનાં લક્ષણો.

सकण्डूः पिडकाः श्यावा बहुस्रावा विचर्चिकाः ।

ચળવાળી, કાળી, ફોલ્લીઓ બહુ સ્રવતી હોય, તેને વિચર્ચિકા કહે છે

વિપાદીકાનાં લક્ષણો.

वैपादिकं पाणिपादस्फुटनं तीव्रवेदनम् ॥

पाणिपादस्फुटनं पाण्योः पादयोश्च स्फुटनं विदारणं येन तत् ॥

તીવ્ર વેદના સહિત હાથ પગ ફાટે છે તેને વિપાદિકા કોઢ કહે છે.

પામા (ખસ)નાં લક્ષણો.

सूक्ष्मा बह्व्यः स्राववन्त्यः सदाहाः पामेत्युक्ताः पिडकाः कण्डुमत्यः ॥

पिडका. पीडयन्तीति पिडका इति क्षिपकादित्वात् निपात्यते ॥

સ્રાવવાળી, બહુ બળતરાવાળી, ઝીણી-ઝીણી, ચળવાળી, બહારની ફોલ્લીઓ થાય છે, પામા (ખસ) કહેવાય છે. ચળવાળી પિડકા પણ તે કહેવાય છે.

કચ્છુનાં લક્ષણો.

सैव स्फोटैस्तीव्रदाहैरुपेता ज्ञेया पाण्योः कच्छुरुग्रा स्फिजोश्च ॥

सैव पामा स्फोटै महद्भिः । स्फिजौ प्रोथौ ॥

તેજ તીવ્ર દાહ સહિત મોટા ફોલ્લાવાળી ઉગ્રને ઉપસેલી ખસને કચ્છુ જાણવી.

દદ્રુ (દાદર)નાં લક્ષણો.

सकण्डुरागपिडकं दद्रूमण्डलमुद्गतम् ।

दद्रुमण्डलरूपेणोत्पातित उद्गतम् उच्छूनम् ।

ચળવાળી રતાશ પડતી મંડળ પેઠે ઉપસેલી પિડિકાને દદ્રૂ કે દરાજ કહે છે.

વિસ્ફોટકનાં લક્ષણો.

स्फोटाः श्यावारुणाभासा विस्फोटाः स्युस्तनुत्वचः ।

કાળાશ મારતા, રાતા, પાતળી ત્વચાવાળા ફોલ્લાઓને વિસ્ફોટક કહે છે.

કિટિભનાં લક્ષણો.

श्यामं किणखरस्पर्शं परुषं किटिभंस्मृतम्।

किणखरस्पर्शं किण शुष्कव्रणस्थान तद्वत् कर्कशस्पर्शम् । परुषं रूक्षम् ॥

સુકાયલા વ્રણના સ્થળ જેવો, ખરસટ, કાળો, અને રૂક્ષ કીડીઓ જેવો થાય છે, તે કિટિભ કહેવાય છે.

અલસકનાં લક્ષણો.

कण्डूमद्भिः सरागैश्च गण्डैरलसकं चितम्।

गण्डै महापिडकाभि' चित वेष्टितम् ।

ચળવાળા રતાશવાળાં મોટાં ગડો થાય તે અલસક કહેવાય છે.

શતારૂનાં લક્ષણો.

रक्तश्यावं सदाहार्ति शतारु स्यात् बहुव्रणम् ।

રાતા કાળા દાહની પીડાવાળાં બહુ વ્રણો થાય તેને શતારૂ કહે છે.

ધાતુગત કોઢો.

રસગત કોઢનાં લક્ષણો.

त्वक्स्थे वैवर्ण्यमङ्गेषु कुष्ठे रौक्ष्यं च जायते। त्वक्स्वापो रोमहर्षश्च स्वेदस्यातिप्रवर्तनम् ॥

त्वक्शब्देनात्र रस उच्यते । धातुप्रस्तावात् त्वक्स्थत्वाच्च । त्वक्स्वाप स्पर्शाज्ञत्वम् । त्वक्स्वाप इत्यादिकं केचिद्रक्तगतस्य लिङ्गं मन्यन्ते ॥

રસમા કોઢ હોય તો અંગનો વર્ણ ખરાબ અને રૂક્ષ થાય છે, ચામડીને સ્પર્શની ખબર પડતી નથી, રૂવાડા ઊભા થાય છે, પરસેવો બહુજ આવે છે.

રક્તગત કોઢનાં લક્ષણો.

कण्डूर्विपूयकश्चैव कुष्ठे शोणितसम्भवे ।

विपूयकः विशेषेण पूय ।

રક્તગત કોઢમાં ચળ તથા પરૂ વધારે થાય છે.

માંસગત કોઢનાં લક્ષણો.

बाहुल्यं वक्त्रशोषं च कार्कश्यं पिडकोद्गमः। तोदः स्फोटः स्थिरत्वं च कुष्ठे मांससमाश्रिते॥

बाहुल्यं कुष्ठस्य पुष्टि । पिडकोद्गम क्षुद्रपिडकोद्गमः स्फोट बृहत्पिडका । स्थिरत्वम् असञ्चारित्वम् ॥

માંસગત કોઢનુ પુષ્ટી પણું બહુ હોય છે. મુખમાં શોષ પડે છે ખરસટતા તથા ફોલ્લીઓ થાય છે, સોઇ ભોંકાયા જેવી વેદના અને મોટા ફોલ્લા પણ થાય છે. આ કોઢ એક ઠેકાણે સ્થિર રહે છે

મેદોગત કોઢનાં લક્ષણો

कौण्यं गतिक्षयोऽङ्गानां सम्भेदः क्षतसर्पणम् । क्षतप्रसारो लिङ्गानि पूर्वमुक्तानि यानि च ॥ मेदःस्थानगते लिङ्ग प्रागुक्तानि तथैव च ॥

कौण्य हस्तनाश । अङ्गानां सम्भेदः अङ्गभङ्ग । क्षतसर्पण क्षतप्रसरण । पूर्वोक्तानि रक्तमासगतलिङ्गानि ॥

મેદમાંના કોઢમાં હાથ ઠુંઠા થાય, ગતિ નાશ પામે, અંગો ભાંગે, ક્ષત ફેલાય, અને રક્ત તથા માંસગત કોઢોનાં લક્ષણો પણ દેખાય છે.

અસ્થિ તથા મજ્જાગત કોઢોનાં લક્ષણો.

नासाभङ्गोऽक्षिरागश्च क्षतेषु कृमिसम्भवः स्वरोपघातः पीडा च भवेत् कुष्ठेऽस्थिमज्जगे ॥

હાડકા અને મજ્જામાં રહેલા કોઢોમા નાક ચીબુ થાય, નેત્રો લાલ થાય, ક્ષતોમાં કીડા ઉત્પન્ન થાય, સ્વરનો ઉપઘાત થાય, અને પીડા થાય છે.

વીર્યગત કોઢનાં લક્ષણો.

दम्पत्योः कुष्ठबाहुल्याद् दुष्टशोणितशुक्रयोः । यदपत्यं तयोर्जातं ज्ञेयं तदपि कुष्ठितम् ॥

ननु शुद्धशोणितशुक्रयोरेव दम्पत्योर्गर्भसम्भवः । दुष्टशोणितशुक्रयो. कथ अपत्योत्पत्ति· । ? यत आह सुश्रुत —'कामान्मिथुनसयोगे शुद्धशोणितशुक्रज । गर्भः सञ्जायते नार्याः स जातो बाल उच्यते ॥ अथान्यच्च । 'वातादिदुष्टरेतसोऽपत्योत्पादनेऽसमर्थो' इति उच्यते । गर्भोऽत्र शुद्धोबोद्धव्यः । अशुद्धगर्भो दुष्टशोणितशुक्रयोरपि भवति । गतकर्णान्धबधिरादीना सम्भवात् । शोणितमार्तवम् । कुणित कुष्ठ सञ्जातमस्येति तारकादित्वादितच् शुक्रार्तवगत कुष्ठमपत्येन व्यज्यते तात्पर्यम् ।

ઘણા કોઢને લીધે જેનાં વીર્ય તથા રજ દૂષિત થયાં હોય એવાં સ્ત્રી પુરૂષોના સમાગમથી ઉત્પન્ન થતાં સતાનને કોઢ થાય છે. આ ઉપરથી એમ સમજાય છે કે જેઓના રજ તથા વીર્ય બગડેલ હોય છે, એવાં સ્ત્રી પુરૂષોને અશુદ્ધ ગર્ભ થાય છે. જેમકે કાન વગરના, આંધળા, બેહેરા વગેરે ગર્ભોની ઉત્પત્તિ.

કોઢોમાંના દોષો વિષે

खरं श्यावारुणं रूक्षं वातकुष्ठं सवेदनम् । पित्तात्प्रकुपितं दाहरागस्रावान्वितं मतम् ॥ कफात् क्लेदं घनं स्निग्धं सकण्डूशैत्यगौरवम्। द्विलिङ्गं द्वन्द्वजंकुष्ठं त्रिलिङ्गं सान्निपातिकम्॥

खरं कर्कशम् । श्यावारुणं श्यावं वा अरुणं वा । प्रकुपित पूतिक्लेदबहुलम् । क्लेदम् आर्द्रतायुक्तम् ।

વાયુનો કોઢ ખરસટ, અથવા કાળો રાતો, રૂક્ષ, અને વેદનાવાળો હોય છે; પિત્તનો કોઢ દાહવાળો, રાતો અને સ્રાવવાળો હોય છે, કફનો કોઢ આર્દ્ર, ઘન, સ્નિગ્ધ, ખરજવાળો, શીતળતાવાળો, બે બે દોષોનાં લક્ષણો હોય તો તે દ્વંદ્વજ, અને ત્રણેનાં હોય તો સાંનિપાતિક કોઢ કહેવાય છે.

કોઢની સાધ્યાસાધ્યતા.

साध्यं त्वग्रक्तमांसस्थं वातश्लेष्माधिकं च यत् । मेदोगं द्वन्द्वजं याप्यं वर्ज्यं मज्जास्थिसंश्रितम् ॥ कृमिकृद्दाहमन्दाग्निसंयुक्तं यत् त्रिदोषजम् ।

वातश्लेष्माधिक च यत् । एतेन सिध्मैककुष्ठगजचर्मविपादिकाकीटिभालसकानि साध्यानि । मज्जागतं शुक्रगतमप्यसाध्यम् । कृमिकृद् बाह्यामपि वर्ज्यं इत्यन्वयः ।

રસગત, રક્તગત, માંસગત, વાયુનો, અને કફનો, એ કોઢો સાધ્ય છે, મેદોગત અને દ્વંદ્વજ કોઢો યાપ્ય છે, અને મજ્જા તથા અસ્થિગત કોઢો અસાધ્ય છે. બળતરા, દાહ, અગ્નિને મંદ કરનારો, અને કીડા કરનારો ત્રિદોષથી થતો કોઢ પણ અસાધ્ય છે.

કોઢનું અરિષ્ટ.

प्रभिन्नं प्रस्रुताङ्गं च रक्तनेत्रं हतस्वरम् । पञ्चकर्मगुणातीतं कुष्ठं हन्तीह कुष्ठिनम् ॥

प्रभिन्नं विदीर्णम् । हतस्वर घर्घरस्वरम् पञ्चकर्मगुणातीतम् असञ्जातवमनादिपञ्चकर्मगुणम् ।

ફાટેલાં અને સ્રવતાં અંગો, રાતાં નેત્રો, સ્વરનું હણાઈ જવું, અને પંચ કર્મોના ગુણો લાગુ ન થઈ શકે એવો કોઢ રોગીને મારી નાખે છે.

કોઢના ભેદ શ્વિત્ર વિષે.

कुष्ठैकं सम्भवं श्वित्रं किलासं चारुणं भवेत् । निर्दिष्टमपरिस्रावि त्रिधातूद्भवसंश्रयम् ॥

कुष्ठैकसम्भव कुष्ठेन सह सम्भवो निदान यस्य तत् । अथ श्वित्रस्य भेदमाह । किलासं चारुण भवेत् श्वित्रमेव रक्तमांसाश्रयात्किलासमरुण च भवेदित्यर्थः । ननुकुष्ठस्य श्वित्रस्य च को भेद इत्यत आह । निर्दिष्टमपरिस्रावीति श्वित्रमपरिस्रावीभवति कुष्ठतु स्रावि । अथ च त्रिधातूद्भवसंश्रयमिति श्वित्र त्रयो धातवो वातपित्तकफास्तेभ्यः पृथग् भूतेभ्य उद्भवो यस्य तत् । अथ त्रयो धातवो रक्तमांसमेदांसि संश्रयोऽधिष्ठानं यस्य तत् । कुष्ठं तु सान्निपातिकं सर्वधातुगतं भवतीति भेद. ॥

કોઢનાં જે નિદાનો છે તેજ નિદાનોથી શ્વિત્ર પણ થાય છે. તેને રક્તનો આશ્રય હોવાથી તેજ કિલાસ પણ કહેવાય છે, અને માંસના આશ્રયથી અરૂણ કહેવાય છે. કોઢમા સ્રાવ હોય છે અને તે ત્રણે દોષોના પ્રકોપથી થાય છે, પણ શ્વિત્ર તો એક એક દોષથી અને સ્રાવ વગરનો થાય છે. કોઢ સાતે ધાતુઓમા રહે છે.

શ્વિત્રના ભેદો.

वाताद्रूक्षारुणं पित्तात् ताम्रं कमलपत्रवत् । सदाहं रोमविध्वंसि कफात् श्वेतं घनं गुरु ॥ सकण्डूकं क्रमाद्रक्तमांसमेदःसु चादिशेत् । वर्णेनैवेदगुभयं कष्टं तच्चोत्तरोत्तरम् ॥

अरुणमीषल्लोहितम् । कमलपत्रवदित्यनेन मध्ये

श्वेतमन्ते लोहितं बोधयति घनं पुष्टम् । क्रमाद्रक्तमांसमेदःसु चादिशेत् । तथाच चरकः 'अरुण रक्तग वाते ताम्र पित्ते पलं गतं । श्वेत श्लेष्माणि मेदस्य गुरु तच्चोत्तरोत्तरमिति' ॥ उभयं द्विविधमपि श्वित्र वर्णेन ईदृगेव । अरुण ताम्र श्वेत च दोषभेदात् । द्विविध दोषजं व्रणजं च । तथाच भोज –'श्वित्र तु द्विविध विद्याद्दोषजं व्रणज तथेति'।

વાયુથી થયેલો શ્વિત્ર રૂક્ષ તથા કંઈક લાલ, પિત્તથી તામ્રવર્ણનો, કમળપત્ર જેવો, અને દાહ સહિત રૂવાડાંનો ધ્વંસ કરનાર, કફથી શ્વેત, ઘાટો, ભારે, અને ચળવાળો હોય છે, અને તે ક્રમસર રક્ત, માંસ અને વર્ણ તથા કષ્ટ આપવામાં પણ ક્રમસર એકેકથી વધારે ખરાબ છે.

શ્વિત્રની સાધ્યાસાધ્યતા.

अशुक्लरोमा बहलमसृग्युक्तमथो नवम्
अनग्निदग्धजं साध्यं श्वित्रं वर्ज्यमतोऽन्यथा॥

अबहल तनु । अन्यच ॥

गुह्यपाणितलौष्ठेषु जातमप्यचिरन्तनम् ।
वर्जनीयं विशेषेण किलासं सिद्धिमिच्छता॥

गुह्य मेहन भग च । तलमत्र पदतलं । अचिरन्तन नवमपि ॥

જે શ્વિત્ર શ્વેત રોમ વગરનો; પાતળો, લોહીવાળો, અને તાજો હોય, અને અગ્નિથી બળ્યા વગર થયો હોય તો તે સાધ્ય છે. એ સિવાયનો શ્વિત્ર અસાધ્ય છે. શ્વિત્ર ગુહ્ય સ્થળમાં, હાથ પગના તળામા, કે હોઠમા થયેલ હોય, તેને યશની ઇચ્છાવાળા વૈદ્યે ચિકિત્સા કરવી છોડીજ દેવી.

સંસર્ગથી પણ કોઢ થાય છે.

प्रसङ्गाद्गात्रसंस्पर्शान्निःश्वासात् सहभोजनात् ।

प्रसङ्गो मैथुनम् ।

एकशय्यासनाच्चापि वस्त्रमाल्यानुलेपनात्। कण्डूकुष्ठोपदंशाच भूतोन्मादव्रणज्वराः। औपसर्गिकरोगाश्च संक्रमन्ति नरान्नरम् ॥

મૈથુન, શરીર સ્પર્શ, નિશ્વાસ, અને સાથે ભોજન કરવાથી પણ તે રોગીનો રોગ આવે છે. એક શય્યા તથા આસનથી, વસ્ત્ર, માળા અને અનુલેપનોથી, ચળ, કોઢ, અને ઉપદંશથી; ભુત, ઉન્માદ, વ્રણ, જ્વરો, અને સંસર્ગી બીજા રોગોથી પણ એક માણસના રોગ બીજાને થાય છે.

કોઢની ચિકિત્સામાં કાળજીની જરૂર

म्रियते यदि कुष्ठेन पुनर्जातस्य तद्भवेत् । अतो निन्दितरोगोऽयं कुष्ठं कष्टं प्रकीर्तितम् ॥

एतावता कुष्ठिना कुष्ठ सर्वथा प्रतिकरणीय न तु उपेक्षणीयम् । इति कुष्ठनिदानाधिकार ॥

કોઢનો રોગ થયા પછી કદી હોઇ મરી જાય છે તો તે પાછો ફરી જન્મેછે ત્યારેપણ કોઢ વાળોજ જન્મે છે, માટે કોઢનો રોગ પરમ કષ્ટરૂપજ છે. માટે તે કાળજીથી મટાડવો જોઇએ.

કોઢની ચિકિત્સા.

वातोत्तरेषु सर्पिर्वमनं श्लेष्मोत्तरे कुष्ठेषु । पित्तोत्तरेषु लेपः सेको रक्तस्य मोचनं श्रेष्ठम् ॥ पथ्याकरञ्जसिद्धार्थनिशावल्गुज-

सैन्धवैः । विडङ्गसहितैः पिष्टैर्लेपो मूत्रेण कुष्ठनुत् ॥

अवल्गुजः बाकुचीति लोके इति पथ्यादिलेपः ॥

सोमराजीभवं चूर्णं शृङ्गवेरसमन्वितम् । उद्वर्तनमिदं हन्ति कुष्ठमुग्रं कृतास्पदम् ॥

सोमराजी बाकुचीति लोके । इति सोमराज्युद्वर्तनम् ॥

रसायनं प्रवक्ष्यामि ब्रह्मणा यदुदाहृतम् । मार्कण्डेयप्रभृतिभिर्यत्प्रयुक्तं महर्षिभिः ॥ पुष्पकाले तु पुष्पाणि फलकाले फलानि च । संगृह्य पिचुमन्दस्य त्वङ्मूलानि दलानि च ॥ द्विरंशानि समाहृत्य भागैकानि प्रकल्पयेत् । त्रिफला त्र्यूषणं ब्राह्मी श्वदंष्ट्रारुष्कराग्नयः ॥ विडङ्गसारिवाराहीलोहचूर्णं स्मृताः समाः । निशाद्वयावल्गुजकं व्याधिघातः सशर्करः ॥ कुष्ठमिन्द्रयवा पाठा चूर्णमेषां तु संयुतम् । खदिरासननिम्बानां घनक्वाथेन भावयेत् ॥ सप्तधा पञ्चनिम्बं तु मार्कवस्य रसेन च । स्निग्धः शुद्धतनुर्धीमान् योजयेत् तत् शुभे दिने ॥ मधुना तिक्तहविषा खदिरासनवारिणा । लेह्यमुष्णाम्भसा वापि कोलवृद्ध्या पलं भवेत् ॥ जीर्णे तस्मिन् समश्नीयात् स्निग्धं लघु हितं च यत् । विचर्चिकोदुम्बरपुण्डरीककपालदद्रूकिटिभालसादिकम् । शतारुविस्फोटविसर्पमालाः कफप्रकोपं त्रिविधं किलासम् ॥ भगन्दरश्लीपदवातरक्तजडान्धनाडीव्रणशीर्षरोगान् । सर्वान् प्रमेहान् प्रदरांश्च सर्वान्दंष्ट्राविषं मूलविषं निहन्ति ॥ स्थूलोदरः सिंहकृशोदरः स्यात् सुश्लिष्टसन्धिर्मधुनोपयोगात् । सदोपयोगादपि ये दशन्ति सर्पादयो यान्ति विनाशमाशु । जीवेच्चिरं व्याधिजराविमुक्तः शोभेन्नरश्चन्द्रसमानकान्तिः ॥

अस्यायमर्थः । निम्बस्य पुष्पफलत्वक्पत्रमूलानि सर्वाणि समुदितानि द्विगुणानि चूर्णितानि भृङ्गराजस्वरसेन सप्तवारान् भावयेत् । त्रिफलादीनि पाठान्तानि समुदितान्येकभागानि चूर्णितानि खदिरासननिम्बक्वाथेन भावयेत् । तत सर्वमेकीकृत्य पथ्यादिनावलिह्यात् । इति पञ्चनिम्बकावलेहः ॥

शशिलेखा पञ्चपलं तावद्गिरिजस्य गुग्गुलोस्तु दश । ताप्यस्य पलत्रितयं द्वेलोहस्रावणीकयोश्च पले ॥ त्रिफलाकरञ्ज पल्लवखदिरगुडूचीभिर्द्वहन्त्यः । मुस्ताविडङ्गरजनीकुटजत्वङ्निम्बवह्निशम्याकाः ॥ एतै रचितां वटिकां मधुसंमिश्रां गिलेत्प्रातः । गोमूत्रेण च कुष्ठं नुदत्यसृग्वातमचिरेण ॥ श्वित्राणि पाण्डुरोगं विषमानुदरप्रमेहगुल्मांश्च । नाशयति वलीपलितं योगः स्वायम्भुवो नाम्ना ॥

शशिलेखा सोमराजी । गिरिजस्य शिलाजतुनः । ताप्यस्य सुवर्णमाक्षिकस्य । स्रावणी कामुण्डी इति लोके । इति स्वायम्भुवो गुग्गुलुः ॥

चित्रकं त्रिफला व्योषमजाजी कारवी वचा । सैंधवातिविषाकुष्ठं चव्यैला च यवासकम् ॥ विडङ्गान्यजमोदा च मुस्ता चामरदारु च । यावन्त्येतानि सर्वाणि तावन्मानं तु गुग्गुलोः ॥ संकुट्य सर्पिषा सार्धं गुटिकां कारयेद्भिषक् । प्रातर्भोजनकाले च खादेदग्निबलं तथा । हन्त्यष्टादश कुष्ठानि क्रिमिदुष्टव्रणानि च । ग्रहण्यर्शोविकारांश्च मुखामय-

गलग्रहान् ॥ गृध्रसीमथ भग्नं च गुल्मं चापि नियच्छति । व्याधीन्कोष्ठगताश्चापि जयेद्विष्णुरिवासुरान् ॥

एकविंशतिको गुग्गुलु ।

वातरक्तविकारोक्तः पुरः कैशोरकाभिधः । कुष्ठानां वातरक्तानां नाशन परमौषधम् ॥

कैशोरगुग्गुलु ॥

भल्लातकप्रस्थयुगं छित्वा द्रोणजले क्षिपेत्। प्रस्थद्वयं गुडूच्याश्च क्षुण्णं तत्राम्भसि क्षिपेत्॥ चतुर्थांशावशेषं तु कषायमवतारयेत् । वस्त्रपूते कषाये तु वक्ष्यमाणं विनिक्षिपेत् ॥ शराव-मात्रकं सर्पिर्दुग्धं स्यादाढकं तथा । सितां प्रस्थमितां दद्यात्प्रस्थार्धं माक्षिकं क्षिपेत् ॥ सर्वाण्येकत्र भाण्डे तु पचेन्मृद्वग्निना शनैः । सर्वद्रवे घनीभूते पावकादवतारयेत् ॥ तत्र क्षेप्याणि चूर्णानि ब्रूमो बिल्वविषामृता । बाकुची चाथ दद्रुघ्नः पिचुमन्दो हरीतकी ॥ अक्षो धात्री च मञ्जिष्ठा मारिचं नागरं कणा। यवानी सैन्धवं मुस्तं त्वगेला नागकेशरम्॥ पर्पटं पत्रकं वालमुशीरं चन्दनं तथा । गोक्षुरस्य च बीजानि कचूरो रक्तचन्दनम् ॥ पृथक् पलार्धमानाना चूर्णमेषामिह क्षिपेत् । पलमात्रमिदं प्रातः समश्नीयाज्जलेन हि ॥ नाशयेदेव लेहोऽयं पथ्यान्यश्नानि खादतः। कुष्ठानि वातरक्तानि सर्वाण्यर्शांसि सेवितः॥ व्यायाममातपं वह्निमम्ल मासं दधि स्त्रियम्॥ तैलाभ्यङ्गं तथाध्वानं नरो भल्लातकीं त्यजेत्॥

इति अमृतभल्लातकाऽवलेह ॥

निम्बगोपाकणा कट्वी त्रायन्ती त्रिफला घनम् । पर्पटावल्गुजानन्तावचाखदिरचन्दनम् ॥ पाठशुण्ठीशटीभार्गीवासाभूनिम्बवत्सकम् । श्यामेन्द्रवारुणी मूर्वाविडङ्गेन्द्रयवानलम् ॥ हस्तिकर्णामृताद्रेकापटोलरजनीद्वयम् । कणारग्वधशाखोत्वद्रेनोच्चटाफलम् ॥ मञ्जिष्ठालाङ्गलीरास्नानक्तमालपुनर्नवाः । दन्तीबीजकसारं च भृङ्गराजं कुरण्टकम् ॥ अङ्कोटकं च शाखोटं द्विपलांशं पृथक् पृथक्। गृहीत्वा तानि सर्वाणि जलद्रोणे पचेच्छनैः॥ अष्टमांशावशेषं तु कषायमवतारयेत् । विधाय वाससा पूतं स्थापयेद्भाजने दृढे ॥ भल्लातकसहस्राणि छित्वा तु त्र्यर्मणाम्भसि । पचेदष्टावशेषं तत्कषायमवतारयेत् ॥ तं च वस्त्रेण संशोध्य द्वौ कषायौ विमिश्रयेत् । गुडं शतपलं दत्वा लेहवत्तत्पचेच्छनैः ॥ भल्लातकसहस्रस्य मज्जानं तत्र निःक्षिपेत् । त्रिकटु त्रिफला मुस्तं विडङ्गं चित्रकं तथा ॥ सैन्धवं चन्दनं कुष्ठं दीप्यकं च पलं पृथक् । सौगन्ध्यार्थं क्षिपेत् तत्र चातुर्जातं पलं पलम् ॥ महाभल्लातको ह्येष महादेवेन भाषितः । प्राणिनां हितकामेन जयेच्छीघ्रं प्रयोजितः॥ श्वित्रमौदुम्बरं दद्रूमृक्षजिह्वं तु काकणम् । पुण्डरीकं सचर्माख्यं विस्फोटं रक्तमण्डलम्॥ कण्डूं कपालकं कुष्ठं पामानं च विपादिकाम् । वातरक्तं षडर्शांसि पाण्डुरोगव्रणान् कृमीन्॥ रक्तपित्तमुदावर्तं कासं श्वासं भगन्दरम् । सदाभ्यासेन पलितमामवातं सुदुस्तरम् ॥ निर्यन्त्रणस्तु कथितो विहाराहारमैथुने । कुरुते परमां कान्तिं प्रदीप्तं जठरानलम् अद्य

पानं प्रयोक्तव्यं च्छिन्नातोयं पयोऽथवा । भोजने तु सदा त्याज्यमुष्णमम्लं विशेषतः॥

गोपा श्वेतसाव इति लोके । अरुणा अतिविष। अवल्गुज सोमराजी बाकुची अनन्ता दुरालभा । चन्दनं श्वेतम् । भार्ग्या अलाभे कण्टकारीमूलं गृह्णीयात् । श्यामा कृष्णसाइ हस्तिकर्ण हथिकन्द । सप्ताह्वा छतिम। द्रेका बकाइन् । कृष्णवेत जलवेतस उत्कटाफलं श्वेतगुञ्जाफलम् । कुरण्ट ककटसरैआ अको ढढेला इति लोके । शाखोट सहोर इति लोके । दीप्यक यवाङुनी महाभल्लातक. ॥

मञ्जिष्ठा त्रिफला तिक्ता वचा दारुनिशामयाः । निम्बश्चैषकृतः क्वाथसर्वकुष्ठं विनाशयेत् ॥ वातरक्तं तथा कण्डूं पामानं रक्तमण्डलम् । दद्रूं विसर्पं विस्फोटं पानाभ्यासेन नाशयेत् । लघुमञ्जिष्ठादिक्वाथ ॥

मञ्जिष्ठा बाकुची चक्रमर्दश्च पिचुमर्दक । हरीतकी हरिद्रा च धात्री वासा शतावरी ॥ बला नागबला यष्टी मधुकं क्षुरकोऽपि च । पटोलस्य लतोशीरं गुडूची रक्तचन्दनम् ॥ मञ्जिष्ठादिरयं क्वाथः कुष्ठानां नाशनः परः । वातरक्तस्य संहर्ता कण्डूमण्डलनाशनः ॥

मध्यमञ्जिष्ठादिक्वाथ. ॥

मञ्जिष्ठा कुटजामृता घनवचा शुण्ठी हरिद्राद्वयं । क्षुद्रारिष्टपटोलतिक्तकटुकाभार्ङ्गी विडङ्गाम्लिकम् ॥ मूर्वादारुकलिङ्गभृङ्गमगधा त्रायन्ति पाठावरी गायत्री त्रिफलाकिरातकमहानिम्बासनारग्वधाः ॥ श्यामा वल्गुजचन्दनं वरुणकं दन्तीकशाखोटकं वासा पर्पटसारिवा प्रतिविषानन्ता विशाला जलम् ॥ मञ्जिष्ठा प्रथमं कषायमिति यः संसेवते तस्य तु त्वग्दोषाः सुचिरेण यान्ति विलयं कुष्ठानि चाष्टादश ॥ नाशं गच्छति वातरक्तमखिला नश्यन्ति रक्तामया वीसर्पस्त्वचिशून्यता नयनजा रोगाः प्रशाम्यन्ति च ॥

अरिष्ट निम्ब । कलिङ्ग इन्द्रयव. । भृङ्ग भेगरीया । वरी शतावरी । गायत्री खदिरा । आरक्तं ग्राह्यम् । सारिवा साइ । अनन्ता दुरालभा । विशाला इन्द्रवारुणी । जलं नेत्रवाला । इति बृहन्मञ्जिष्ठादि क्वाथ ।

मरिचं त्रिवृता मुस्तं हरितालं मनः शिला । देवदारुहरिद्रे द्वे मांसी कुष्ठं सचन्दनम् ॥ विशाला करवीरं च क्षीरमर्कसमुद्भवम् । गोमयस्य रसं कुर्यात् प्रत्येकं कर्षसंमितम् ॥ विषस्यार्धपलं देयं तैलं प्रस्थमितं कटु । पचेच्चतुर्गुणे नीरे गोमूत्रे द्विगुणे तथा ॥ मरिचाद्यमिदं तैलमभ्यङ्गात् कुष्ठनाशनम् । एतस्याभ्यङ्गतः श्वित्रं विवर्णं तत्क्षणाद्भवेत् ॥ तैलमेतज्जयेत् कण्डू पामां सिध्मं विचर्चिकाम् । पुण्डरीकं तथा दद्रूं शून्यतां नित्यसेविनाम् ।

इति लघुमरिचादितैलम् ॥

मरिचं त्रिवृता दन्ती क्षीरमार्कं शकृद्रस । देवदारुहरिद्रे द्वे मांसी कुष्ठं सचन्दनम् ॥ विशाला करवीरं च हरितालं मनःशिला । चित्रकं लाङ्गली मुस्तं विडङ्गं चक्रमर्दकः ॥ शिरीषः कुटजो निम्बः सप्तपर्णोऽमृता स्नुही । श्यामाको नक्तमालश्च खादिरो बाकुची

वचा ॥ ज्योतिष्मती च पलिका विषं द्विपलिकं भवेत् । आर्द्रकं कटुतैलस्य गोमूत्रं च चतुर्गुणम् । मृत्पात्रे लोहपात्रे च शनैर्मृद्वग्निना पचेत् । मरिचाद्यमिदं तैलं महन्मुनिभिरीरितम् ॥ भिषगेतेन तैलेन लेपयेत्कोष्ठिकान् व्रणान् । पामाविचर्चिकादद्रूकच्छूविस्फोटकानि च ॥ वलयः पलितं छाया नीलं व्यङ्गं तथैव च । अभ्यङ्गेन प्रणश्यन्ति सौकुमार्यं च जायते ॥ प्रथमे वयसि स्त्रीणां यासां नस्यं प्रदीयते । तासामपि जरां प्राप्य न स्यातां स्खलितौ स्तनौ ॥ बलीवर्दस्तुरङ्गो वा गजो वायुप्रपीडितः । त्रिभिरभ्यञ्जनैरस्य भवेन्मारुतविक्रमः ॥

ज्योतिष्मती डडमांजीनी मालकगुनीति लोके । इति महामरिचाद्य तैलम् ।

तालताप्यशिलासूतटङ्कणाः सिन्धुसंयुताः। गन्धको द्विगुणः सूतात् शङ्खचूर्णं च तत्समम् ॥ जम्बीराद्भिर्दिनं घृष्ट्वा त्रिंशदंशं विषं क्षिपेत् । अस्य माषद्वयं खादेन्माहिषीघृतसंयुतम् ॥ मध्वाज्यैर्वाकुचीबीजकर्षं लिह्यात् ततः परम् । तालकेश्वरनामायं सर्वकुष्ठहरो रसः ॥

तालकेश्वरो रस. ॥

रसो बलिस्ताम्रमयः पुरोऽग्निः शिलाजतु स्याद्विषतिन्दुकश्च । वरा च तुल्यं गगनं च सर्वैः करञ्जबीजांशचतुष्टयं च ॥ संमर्द्य सर्वं मधुना घृतेन घृतस्य पात्रे निहितं प्रयत्नात् । कर्षं भजेत्प्रत्यहमस्य पथ्यं शाल्योदनं दुग्धमधुत्रयं च ॥ विशीर्णकर्णाङ्गुलिनासिकोऽपि भवेदनेन स्मरतुल्यमूर्तिः । दारापरिग्रह इह प्रदिष्टो जलौदनं तत्र निबद्धमूले॥

ताम्रमयः मारित पुरो गुग्गुलु । अग्निश्चित्रकम् । विषतिन्दुक' कुचिला । वरात्रिफला । रसादित्रिफलान्तं सर्वं तुल्यम् । गगनमभ्रकम् । करञ्जबीज च पृथक् चतुर्गुणं रसात् । तत्र कुष्ठे बद्धमूले सति जलौदनमेव पथ्यम् । गलितकुष्ठारिरस ॥

कुष्ठं मूलकबीजं प्रियङ्गवः सर्षपास्तथा रजनी । एतत्केशरषष्ठं निहन्ति चिरकालजं सिध्मम् ॥ इति केशरषट्कम् ॥

शिखरिरसेन पिष्टं मूलकबीजं प्रलेपतः सिध्मम् । क्षारेण वा कदल्या रजनीमिश्रेण नाशयति ॥ दार्वीमूलकबीजानि तालकं सुरदारु च ताम्बूलपत्रं सर्वाणि कार्षिकाणि पृथक् पृथक् ॥ शङ्खचूर्णं तु शाणं स्यात् सर्वाण्येकत्र वारिणा । प्रलेपयेत् प्रलेपोऽयं सिध्मनाशन उत्तमः ॥

सिध्मस्य चिकित्सा ॥

सलिले चाम्रपेशी तु किञ्चित् सैन्धवसंयुता । ताम्रपात्रे विनिघृष्टा लेपाच्चर्मदलापहा ॥ आम्रपेशी आमचुर ॥

सलिलेन तु शुष्काणि घृष्ट्वा धात्रीफलानि च । लेपनात् सुखमाप्नोति नरश्चर्मदलान्वितः ॥

जीरकस्य पलं पिष्टं सिन्दूरार्धपलं तथा। कटुतैले पचेदाभ्यां सर्वपामाहरं परम् ॥

जीरकाद्य तैलम् ॥

मञ्जिष्ठात्रिफलालाक्षालाङ्गली रात्रिगन्धकैः। चूर्णितैस्तैलमादित्यपाकं पामाहरं परम्॥

आदित्यपाकतैलम् ॥

सैन्धवं चक्रमर्दश्च सर्षपाः पिप्पली तथा। आरनालेन संपिष्टाः पामाकण्डूहराः पराः॥

अर्कपत्ररसे पक्व हरिद्राकल्कसंयुतम्। नाशयेत् सार्षपं तैलं पामाकच्छूविचर्चिकाः॥

अर्कतैलम्॥

मनःशिलालं कासीसं गन्धाश्म सिन्धुजन्म च। स्वर्णक्षीरी शिलाभेदी शुण्ठीकुष्ठं च मागधी॥ लाङ्गली करवीरं च दद्रुघ्नं क्रिमिहानलः। दन्ती निम्बदलं चैभिः पृथक्कर्षमितैर्भिषक्॥ कल्कीकृत्य पचेत्तैलं कटुप्रस्थद्वयोन्मितम्। अर्कसेहुण्डदुग्धेन पृथक् पलमितेन च॥ गोमूत्रस्याढकेनापि शनैर्मृद्वग्निना पचेत्। अभ्यङ्गेन हरेदेतत् कच्छूदुःसाध्यतामपि॥ पामानं च तथा कण्डूं त्वग्व्याधिरुधिरामयान्। कच्छूराक्षसनामेदं तैलं हारीतभाषितम्॥

इति कच्छूराक्षसनामतैलम्॥

कृतमालस्य पत्राणि नक्तमालदलानि च। द्रोणपुष्पीपलाशानि सर्षपाराजिका निशा॥ कुटजो मधुकं मुस्तं नागरं रक्तचन्दनम्। धात्री यवानिका दारु कल्क एष प्रकल्पितः॥ उद्वर्तनादयं कल्कः कटुतैलसमन्वितः। कण्डूं पामां हरत्येव शीतपित्तादिकान् गदान्॥

कुष्ठं क्रिमिघ्नो दद्रुघ्नो निशासैन्धवसर्षपाः। अम्लपिष्टः प्रलेपोऽयं दद्रुकुष्ठनिषूदनः॥ दूर्वा निशा सैन्धवचक्रमर्दकुठेरकाः काञ्जिकतक्रपिष्टाः त्रिभिः प्रलेपैरपि बद्धमूलं दद्रूं च कुष्ठं च विनाशयन्ति॥

कुठेरक. बावची इति लोके।

गण्डिलकाख्यं तृणमपि सिद्धार्थश्च स्नुहीपत्रम्। त्रयमपि समभागं स्यादेषां द्विगुणस्तु दद्रुघ्नः॥ अष्टगुणे गोतक्रे तानि प्रकृतानि सन्दध्यात्। दिवसत्रितयादूर्ध्वं सम्यङ्निष्पेषयेत्तानि॥ वन्योपलेन घृष्ट्वा दद्रूमालेपयेत्तेन। सप्ताहाल्लेपोऽयं दद्रूमचिराद्विनाशयति॥

इति दद्रूचिकित्सा॥

बिभितकत्वङ्मलयूजटानां क्वाथेन पीतं गुडसंयुतेन। अवल्गुजं बीजमपाकरोति श्वित्राणि कृच्छ्राण्यपि पुण्डरीकम्॥

मलयू काकोदुम्बरिका। अवल्गुज सोमराजी॥

कुडवमवल्गुजबीजं हरितालचतुर्थभागसम्मिश्रम्। मनःशिला तोलकार्धं गुञ्जाफलमग्निमूलं च॥ मूत्रेण गवां पिष्टं सवर्णताकारकं श्वित्रे। श्वेतं कुष्ठं व्रजत्यस्तं पक्षार्धेनाधिकेन वा॥ गिरिकर्ण्यास्तु कृष्णाया मूलेन परिलेपितम्॥

गिरिकर्णी नीला अपराजिता॥

क्वाथः प्रवाकुचीचूर्णो धात्रीखादिरसारयोः। शङ्खेन्दुकन्दधवलं श्वित्रं संसेवितो हरेत्॥ मथितेन पिबेच्चूर्णं काकोदुम्बर्यवल्गुजम्। तैलाक्तो घर्मसेवी स्यात्तक्राशी श्वित्रहृद्भवेत्॥

मथितं निर्जलं विलोडितं दधि। तक्रं चतुर्थांशजलयुत वस्त्रपूतं दधि॥

चतुःपलं सोमराज्याःखदिरस्य पलं तथा। पटोलमूलं त्रिफला त्रायमाणा दुरालभा॥ कल्कार्थं कटुकं चापि कार्षिकान् सूक्ष्म पेषितान्। पलद्वयं कौशिकस्य शुद्धस्यात्र प्रदा-

पयेत् ॥ सिद्धं सर्पिरिदं श्वित्र हन्यादभ्र इवानलम् । अष्टादशानां कुष्ठानां परमं चैतदौषधम् ॥ सोमराजीघृतं नाम निर्मितं ब्रह्मणा पुरा । लोकानामुपकाराय श्वित्रकुष्ठादिरोगिणाम् ॥ सोमराजीघृतम् ॥

इति कुष्ठनिदानचिकित्साधिकार ॥

વાયુના કોઢમા ઘીનો ઉપયોગ કરવો, કફમા વમન, અને પિત્તમા લેપ, સેચન, તથા રક્તસ્રાવ કરાવવો, એ ઠીક છે.

પથ્યાદિ લેપ

હરડે, કરંજ, સર્ષવ, હળદર, બાવચી, સૈંધવ,અને વાવડિંગને ગોમૂત્રમાં વાટીને લેપ કરવાથી કોઢ મટી જાયછે.

સોમરાજ્યુદ્વર્त्तન.

બાવચી તથા આદાંને વાટીને લેપ કરવાથી ઉગ્ર અને જામી ગયેલો કોઢ પણ હણાઈ જાયછે.

પંચનિંબકાવલેહ.

અનેક રોગોનો નાશ કરનારૂં બ્રહ્મા એ કહેલું રસાયન કહું છુ, માર્કંડેયાદિ મહામુનિઓએ પણ તેનો ઉપયોગ કરેલો છે. લીમડાનાં ફળ, ફુલ, છાલ, મૂળ, અને પાન સમ ભાગે લેઈને ચૂર્ણ કરી તેને ભાગરાના સ્વરસની સાત ભાવનાઓ દેઈ ત્રિફળા, બ્રાહ્મી, ગોખરૂ, ભીલામો, ચિત્રક, વાવડંગનો સાર, લોહ ચૂર્ણ, વારાહીકંદ, હળદર, દારુહળદર, બાવચી, ગરમાળો, સાકર, કઠ ઈંદ્રજવ, અને કાળીપાડને સમભાગે લઈ ચૂર્ણ કરવા, અને તેને ખેર, બીબલો, અને લીમડાના ઘાટા ક્વાથની ભાવના દેવી. પછી આ ત્રિફળાદિ ચૂર્ણનો એક ભાગ, અને લીમડાના પંચાંગના ચૂર્ણના બે ભાગ એકઠા કરીને તેને મધ અથવા પંચ તિક્ત નામના ઘીમા, અથવા ખેર અને બીબલાના ક્વાથમાં, અથવા, ઊના પાણીમાં શુભ દિવસે ચાટવું રોજ અરધો અરધો તોલો વધતા જઇ ચાર તોલા જેટલો થાય ત્યા સુધી આ અવલેહ ચાટવો. પ્રથમ વિરેચનાદિથી શરીરને શુદ્ધ કરવું, પછી સ્નેહનક્રિયાથી શરીરને સ્નિગ્ધ કરવું, અને પછી બુદ્ધિમાને આ અવલેહ વાપરવો. આ અવલેહ પચી ગયા પછી સ્નિગ્ધ, હલકુ, અને હિતકારી અન્ન જમવું. એથી વિચર્ચિકા, ઔદુંબર, પુંડરીક, કપાલ, દદ્રુ, કિટભ અલસક, શતારૂ, વિસ્ફોટક, વિસર્પ, ગડમાલા, કફપ્રકોપ, ત્રણ પ્રકારના શ્વિત્રો, ભગંદર, શ્લીપદ, વાતરક્ત, જડતા, અંધત્વ, નાડીવ્રણ, માથાના રોગો, સર્વે પ્રમેહો, સર્વે પ્રદરો, દાઢનુ ઝેર, અને વનસ્પતિનું ઝેર હણાઈ જાયછે આ અવલેહ મધમા ચાટવાથી જાડા પેટવાળો માણસ સિંહનાદ જેવા પાતળા પેટવાળો થાયછે, તથા મજબુત સાધાઓ વાળો થાયછે. હમેશાં આ અવલેહ વાપરનારને જો સર્પ વગેરે કરડેછે તો તે સર્પ વગેરેજ તુરત મરી જાયછે, આ અવલેહથી લાંબા કાળ સૂધી જીવાય છે. વ્યાધિઓ તથા વૃદ્ધાવસ્થા પ્રાપ્ત થતા નથી. અને ચંદ્રના જેવી કાંતિ થવાથી શરીરની શોભા પણ બહુ વધી જાય છે.

સ્વાયંભુવ ગુગ્ગુલુ.

વીસ વીસ તોલા બાવચી તથા શિલાજિત, ચાળીસ તોલા ગુગળ, બાર તોલા સોનામુખી, બે તોલા લોહભસ્મ, અને બે બે તોલા ગોરખમુંડી, વાવડંગ, મોથ, ત્રિફળા, કરંજના પાન, ખેર, ગળો, નસોતર, નેપાળો,

હળદર, કડાછાલ, લીમડો, ચિત્રક, એને ગરમાળો, એની ગોળી મધ સાથે, પ્રાત કાળમા ગોમૂત્રમા ખાવાથી કોઢ અને વાતરક્ત તુરત મટી જાયછે. આ સ્વાયભૂવ ગુગળથી વળિયા, શ્વિત્ર, પાંડુરોગ, ઉદરના વિષમ રોગો, પ્રમેહો, ગુલ્મો, પણ નષ્ટ થાય છે.

એકવિંશતિક ગુગ્ગુલુ.

ચિત્રક, ત્રિફળા, ત્રિકટુ, જીરૂં, કલોંજી જીરૂ, વજ, સૈંધવ, અતિવિષ, કઠ, ચવક, એળચી, જવાસો, વાવડંગ, અજમોદ, મોથ, અને દેવદાર, તથા એ સર્વના જેટલા ગુગળને ઘીમાં વાટી ગોળી વાળવી પ્રાત કાળે ભોજનના સમયમા આ ગોળી અગ્નિના બળને અનુસરીને ખાવાથી અઢારે પ્રકારના કોઢો, કૃમિઓ, દુષ્ટ વ્રણો, ગ્રહણી, અર્શના વિકારો, મુખના રોગો, ગલગ્રહ, ગૃધ્રસી, ભગ્ન, અને ગુલ્મનો નાશ થઈ જાય છે. વિષ્ણુ અસુરોને જીતેછે તેમ આ ગુગળ ઉપરના વ્યાધિઓને, તથા કોઠામા રહેલા વ્યાધિઓને પણ જીતેછે.

કૈશોર ગુગ્ગુલુ.

વાતરક્તાધિકારમા કહેલો કૈશોરક ગુગ્ગુલુ ખાવાથી કોઢ અને વાતરક્ત અત્યત મટી જાયછે.

અમૃત ભલ્લાતકાવલેહ.

૧૨૮ તોલા ભીલામા તથા ૧૨૮ તોલા ગળોને કૂટીને ૧૦૨૪ તોલા પાણીમાં ક્વાથ કરવો. ચોથો ભાગ પાણી રહે એટલે ઉતારી ગાળીને તેમાં ૩૨ તોલા ઘી, ૨૫૬ તોલા દૂધ, ૬૪ તોલા સાકર, અને ૩૨ તોલા મધ નાંખીને કોમળ અગ્નિથી ધીરેથી પકાવવું ઘાટું થાય એટલે ઊતારીને તેમાં બીલી, અતિવિષ, ગળો, બાવચી, કુંવાડિયો, લીમડો, ત્રિફળા, ત્રિકટુ, મજીઠ, અજમા, સૈંધવ, મોથ, તજ, એળચી, નાગકેસર, ખડસલિયો, તમાલપત્ર, વાળો, કાળો વાળો, ચદન, ગોખરૂનાં બીજ, કચૂરો, અને રતાંજળી એ સર્વ બે બે તોલા જેટલાં નાંખવાં. આ અમૃત ભલ્લાતકાવલેહ પ્રાત:કાળે ચાર તોલા જેટલો પાણી સાથે નિત્ય ખાઈને પથ્ય અન્ન જમવાથી કોઢ વાતરક્ત, અને સર્વ જાતના અર્શો નષ્ટ થઈ જાયછે. ભીલામો ખાનારે કસરત, તડકો, અગ્નિ, ખટાઈ, માસ, દહિં, મૈથુન, તૈલાભ્યંગ, અને પથનો ત્યાગ કરવો જોઈએ.

મહા ભલ્લાતકાવલેહ.

લીમડો, ધોળી ઉપલસરી, અતિવિષ, બાવચી, કડુ, ત્રાયમાણ, ત્રિફળા, મોથ, ખડસલિયો, રાતો ધમાસો, વજ, ખેર, ચંદન, કાળીપાડ, સૂંઠ, કચૂરો, ભારંગી અથવા ભોરીંગણીનુ મૂળ, અરડુસી, કરિયાતું, ઈંદ્રજવ, કાળી ઉપલસરી, ઇંદ્રવારણાં, પીલુડી, વાવડંગ, કડાની છાલ, ચિત્રક, હસ્તીકદ, ગળો, બકાન, કડવા પરવળ, હળદર, દારૂહળદર, પીપર, ગરમાળો, સાત્વિન, નસોતર, જળજાંબવાં, ધોળી ચણોઠીના ફળ, મજીઠ, ગજપીપર, રાસ્ના, કરજ, સાટોડી, નેપાળો, બીબલાનો સાર, ભાંગરો, કાંટાશરિયો, અંકોલ, અને સાગ, એ દરેક આઠ આઠ તોલા લેઈ તેનો ૧૦૨૪ તોલા પાણીમાં ક્વાથ કરી, ચોથો ભાગ પાણી રહે એટલે ઉતારી ગાળી લેઈને તે ક્વાથને જૂદો રાખી મુકવો. પછી ૧૦૦૦ ભીલામાં લેઈને તેનો ૩૦૭૨ તોલા પાણીમા ક્વાથ કરી આઠમે ભાગે પાણી રહે એટલે ઊતારી ગાળી લેવો.

પછી બને કવાથોને ભેળા કરી દેઈને તેમાં ૪૦૦ તોલા ગોળ નાંખીને પાક કરવો. શીરા જેવું થાય એટલે તેમા ૧૦૦૦ ભીલામાનો ગર્ભ, તથા ત્રિફળા, ત્રિકટુ, મોથ, વાવડંગ, ચિત્રક, સૈંધવ, ચંદન, કઠ, અને અજમાનાં ચૂર્ણો ચાર ચાર ચાર તોલા ભાર નાંખવા. પછી સુગધ માટે ચાર ચાર તોલા તજ, તમાલપત્ર, એળચી, અને નાગ કેશરનાં ચૂર્ણો નાંખવા. પ્રાણીઓનુ હિત કરવાની ઈચ્છાથી મહાદેવજીએ આ મહા ભલ્લાતકાવલેહ કહેલોછે, તે ખાવાથી શ્વિત્ર, ઔદુંબર, દાદર, ઋક્ષજિહ્વ, કાકણક, પુડરીક, ચર્મદલ, ગજચર્મ, વિસ્ફોટક, રક્તમંડળ, ચળ, કપાલક, પામા વિપાદિકા, વાતરક્ત, છ પ્રકારના અર્શો, પાંડુરોગ, વ્રણ, કૃમિ, રક્તપિત્ત, ઉદાવર્ત્ત ઉધરસ, શ્વાસ, અને ભગંદર તુરત મટી જાય છે હમેશાં આ અવલેહના સેવન ની વળિયા, તથા અતિ ભયકર આમવાત પણ મટી જાય છે આ અવલેહ ખાનારને આહાર, વિહાર, કે મૈથુનની પરહેજી રાખવાની જરૂર નથી. તે કાંતિ તથા જઠરાગ્નિને વધારે છે. આ અવલેહ ઊપર ગળોના હિમનુ કે દૂધનું અનુપાન કરવુ, તથા ભોજનમાં વિશેષે કરીને ખટાઈ તથા ગરમ પદાર્થનો ત્યાગ કરવો.

લઘુ મંજીષ્ઠાદિ કવાથ.

મજીઠ, ત્રિફળા, કડુ, વજ, દારૂહળદર, કઠ, અને લીમડો, આનો ક્વાથ નિત્ય પીવાથી સર્વ જાતના કોઢો નાશ પામી જાય છે એ પીવાથી વાતરક્ત, ચળ ખસ, રક્તમડળ, દાદર, વિસર્પ, અને વિસ્ફોટકનો પણ નાશ થઈ જાયછે.

મધ્યમંજીષ્ઠાદિ કવાથ.

મજીઠ, બાવચી, કુંવાડીયો, લીમડો, હરડે, હળદર, આમળાં, અરડુસી, શતાવરી, બળદાણા, નાગબલા, જેઠીમધ, ગોખરૂ, પરવળની લતા, વાળો, ગળો, અને રતાંજળીનો કવાથ પીવાથી કોઢ, વાતરક્ત, ચળ, અને મડળનો અત્યત નાશ થઈ જાય છે.

બૃહન્મંજીષ્ઠાદિ કવાથ.

મજીઠ, બમણા ઇદ્રજવ, ગળો, મોથ, વજ, સૂંઠ, હળદર, દારૂહળદર, ભોરીંગણી, પરવળ, લીમડો, કડુ, ભારગી, વાવડગ, જળજાંબવાં, પીલુડી, દેવદાર, ભાગરો, પીપર, ત્રાયમાણ, કાળીપાડ, શતાવરી, ખેર, ત્રિફળા, કરિયાતું, બકાન, બીબલો, ગરમાળો, ધઉલો, બાવચી, રતાજળી, વાયવરણાં, નેપાળો, સાગ, ખડસલિયો, ઉપલસરી, અતિવિષ, રાતો ધમાસો, ઇંદ્રવારણાં, અને વાળો, આનો કવાથ પીવાની ટેવ રાખવાથી લાંબા કાળના ચામડીના દોષો, અઢારે પ્રકારના કોઢો, વાતરક્ત, સર્વ રક્તરોગો, વિસર્પ ચામડીની જડતા, અને નેત્રરોગો નાશ પામી જાય છે

લઘુ મરિચાદિ તૈલ.

મરી, નસોતર, મોથ, હરતાળ, મણશીળ, દેવદાર હળદર, દારૂહળદર, જટામાંસી, ચંદન, ઇંદ્રવારૂણી, કણેર, આકડાનું દૂધ, અને ગાયના છાણનો રસ, એ દરેક એક એક તોલો, વછનાગ બે તોલો, અને સરસિયુ તેલ ૬૪ તોલા, આ સર્વને ચોગણા પાણીમાં તથા બમણા ગોમૂત્રમાં પકાવી, એ તેલનો અભ્યંગ કરવાથી કોઢનો નાશ થાયછે, શ્વિત્રનો વર્ણ તુરતજ બદલાઈ જાય છે.

આ તેલના નિત્ય સેવનથી ચળ, ખસ, સિધ્મ, વિચાર્ચિકા, પુંડરીક, દાદર, અને શૂન્યતા મટી જાય છે.

મહામરિચાદ્ય તેલ.

મરી, નસોતર, નેપાળો, આકડાનુ દૂધ, છાણુનો રસ, દેવદાર, હળદર, દારૂહળદર, જટામાસી, કઠ, ચંદન, ઇંદ્ર વારૂણી, કણેર, હરતાળ, મણુશીળ, ચિત્રક, કલગારી, મોથ, વાવડગ, કુંવાડિયો, ઇંદ્ર જવ, લીમડો, સાત્વિન, ગળો, થોર, શામો, કરજ, ખેર, બાવચી, વજ, અને માલકાંકણી, એ ચાર ચાર તોલા ભાર, વછ નાગ આઠ તોલા ભાર, સરસિયુ તેલ ૨૫૬ તોલા ભાર, અને સર્વથી ચોગણું ગોમૂત્ર, આને લોઢાના કે માટીના વાસણુમા પકાવી, મુનિઓએ કહેલા આ મહામરિચાદ્ય તેલનો લેપ વૈદે કોઢનાં વ્રણો ઉપર કરવો. આ તેલના અભ્યંગથી ખસ, વિચાર્ચિકા, દાદર, ચળ, વિસ્ફોટક, વળીઆં, પળિયા, છાયા, તિલ તથા વ્યંગ મટી જાયછે. તથા સુકુમારતા આવે છે. જે સ્રીને પ્રથમાવસ્થામા આ તેલનુ નસ્ય આપવામાં આવે છે, તેના સ્તનો વૃદ્ધાવસ્થામા પણ લચી જતાં નથી. બળદ, ઘોડો, કે હાથીને પણ વાયુ થયેલ હોય તો તેને આ તેલનો ત્રણવાર અભ્યંગ કરાવવાથી તે વાયુના જેવા વેગથી ચાલનાર થાય છે.

તાલકેશ્વર રસ.

હરતાળ, સોનામખી, મણુશીળ, પારો, ટંકણુ, સૈંધવ, પારાથી બમણો ગંધક, અને એટલુજ શખનું ચૂર્ણ એક દિવસ સુધી લીંબુના રસમાં વાટીને તેમા તેના ત્રીસમા ભાગ જેટલો વછનાગ નાંખવો. આ તાલકેશ્વર રસ સેંધના ઘીમાં બાર રતિભાર ખાઇને ઉપર એક તોલા ભાર બાવચીનાં બીજ મધ તથા ઘીમાં ચાટવાથી સઘળી જાતના કોઢો મટી જાયછે.

ગલિત કુષ્ઠારિ રસ.

પારો, ગંધક, તામ્રભસ્મ, લોહ ભસ્મ, ગુગળ, ચિત્રક, શિલાજિત, એરંડોચલાં, ત્રિફળા એ સર્વે સમભાગ; અને અભ્રક તથા કરજના બીજો પારાથી ચોગણું લેવા; આ સર્વને મેળવીને ઘી તથા મધની ભાવનાઓ આપીને ઘીના વાસણુમા પ્રયત્નથી રાખવા. આ ગલિત કુષ્ઠારિ રસ નિત્ય એક તોલા તોલા ભાર ખાઇને રાતા ચોખા દૂધ, અને મધનુ પથ્ય કરવાથી કાન, આંગળી, નાક, એ ગલિત થઈ ગયાં હોય, તે માણુસનું શરીર પણુ કામદેવ જેવું થાય છે. આ રસ ખાનારાએ મૈથુન છોડી દેવું, અને કોઢ દૃઢ મૂળવાળો થઇ ગયો હોય તો આ રસ ઉપર જળ તથા ભાતનુંજ પથ્ય કરવું.

સિધ્મની ચિકિત્સા.

કઠ, મૂળાના બીજ, કાગ, સર્ષપ, હળદર, અને નાગકેશર, એ છ પદાર્થોનો લેપ કરવાથી ઘણા કાળનો સિધ્મ પણુ, મટી જાયછે. આ લેપને કેસરષટ્ક કહેછે.

અંઘેડાનો રસ, હળદર, કેળનો ક્ષાર, અને મૂળાના બીજોને વાટીને લેપ કરવાથી સિધ્મનો નાશ થાય છે.

દારૂહળદર, મૂળાનાં બીજ, હરતાળ, દેવદાર, અને નાગરવેલનાં પાન, એ દરેક એક એક તોલા ભાર; તથા શખનુ ચૂર્ણ પા તોલાભાર લઇ; એ સર્વને પાણીમા વાટીને લેપ કરવાથી સિધ્મનો નાશ થઇ જાયછે. સિધ્મનો નાશ કરવામા આ પ્રલેપ ઉત્તમ છે.

ચર્મદલની ચિકિત્સા.

આંબાની ગોટલીને ત્રાંબાના વાસણ ઉપર ઘસીને તેમા જરાક સૈંધવ નાંખીને ચો પડવાથી ચર્મદલ મટી જાય છે

સૂકાં આમળાને પાણીમાં ઘસીને ચોપડાથી ચર્મદલ વાળાને સુખ મળે છે

પામાની ચિકિત્સા—જીરકાદ્ય તૈલ.

ચાર તોલા વાટેલું જીરૂં તથા બે તોલા સિંદૂરને સરસિયા તેલમાં પકાવીને ચોપડવાથી સઘળી ખસ છેક મટી જાય છે

આદિત્યપાક તૈલ.

મજીઠ, ત્રિફળા, લાખ, કલગારી, હળદર, અને ગંધકનાં ચૂર્ણોથી પકાવેલુ તેલ આદિત્યપાક કહેવાય છે, તેથી ખસ છેક મટી જાય છે.

સૈંધવાદિ લેપ.

સૈંધવ, કુંવાડિયો, અને સર્ષવ, તથા પીપરને આરનાલમા વાટીને ચોપડવાથી ખસ તથા ચળ છેક મટી જાય છે.

કચ્છૂની ચિકિત્સા.—અર્કતૈલ.

આકડાનાં પાનના રસમાં હળદરના કલ્ક સાથે પકાવેલું સરસિયુ તેલ ખસ, કચ્છૂ, અને વિચર્ચિકાને નષ્ટ કરી નાંખે છે

કચ્છૂરાક્ષસ તૈલ.

મણશીળ, હરતાળ, હીરાકસી ગંધક, સૈંધવ, દારૂડી, સૂઠ, પાષાણભેદ, કઠ, પીપર, કલગારી, કણેર, કુવાડિયો, વાવડગ, ચિત્રક, નેપાળો, અને લીમડાના પાન એક એક તોલો લેઈ, તેમના કલ્ક સાથે ૧૨૮ તોલા સરસિયુ તેલ પકાવવુ પછી તેને પાછુ ચાર તોલા થોરના ખીરમાં, અને ૨૫૬ તોલા ગોમૂત્રમાં પકાવવું, આ કચ્છુરાક્ષસ તેલના અભ્યગથી અસાધ્ય કચ્છુ પણ મટી જાય છે હારીત મુનિએ કહેલુ આ તેલ ખસ, ચળ, ચામડીના રોગો અને લોહીના રોગોને પણ મટાડે છે.

કૃતમાલાદિ કલ્ક

ગરમાળાના, કરજનાં, અને કૂબાનાં પાન, સર્ષપ, રાઈ, હળદર, ઇંદ્રજવ, જેઠીમધ, મોથ, સૂઠ, રતાંજળી, આમળા, અજમો, અને દેવદારના કલ્કને સરસિયા તેલમા કાલવીને સારીપેઠે ચોળવાથી ચળ, ખસ, અને શીતપિત્તાદિક રોગો અવશ્ય મટી જાય છે.

દાદરની ચિકિત્સા.

કઠ, વાવડંગ, કુવાડિયો, હળદર, સિંધવ, અને સરસવને લીંબુના રસમાં વાટીને ચોપડવાથી દાદર તથા કોઢ મટી જાય છે.

દૂર્વા, હળદર, સૈંધવ, કુંવાડિયાનાં બીજ, અને બાવચીને કાંજી તથા ઘાટી છાશમા વાટીને ત્રણવાર લેપ કરવાથી દૃઢ મૂળવાળી દાદર તથા કોઢ નાશ થઈ જાય છે

અંડલિક નામનુ ખડ, સરસવ, અને થોરના પાન સમ ભાગે લેઈ, તે સર્વથી બમણો કુવાડિયો, અને સર્વથી આઠગણી ઘાટી છાશ, એ સર્વને મેળવી રાખી ત્રણ દિવસ સુધી આથી મૂકવું. પછી તેને ખુબ વાટીને, અડાયાથી દાદરને ઘસીને તેની ઉપર લેપ કરવાથી સાત દિવસની અંદર દાદરનો નાશ તુરત થઈ જાય છે.

શ્વિત્રની ચિકિત્સા.

બેડાની છાલ તથા કાળા ઊંબરાનો ક્વાથ, બાવચીનાં બીજોનો કલ્ક તથા ગોળ

નાંખીને પીવાથી કષ્ટકારી શ્વિત્ર (ધોળો કોઢ) તથા પુંડરીક પણ નાશ પામી જાય છે.

બાવચીનાં બીજ સોળ તોલા, હરતાળ ચાર તોલા, તથા અરધો તોલો મણશીળ, ચિત્રક, અને ચણોઠી, એ સર્વને ગોમૂત્રમાં વાટીને લેપ કરવાથી શ્વિત્ર મટી જઇને ચામડી પાછી મૂળ રંગની થઈ જાય છે.

કાળી ગરણીનાં મૂળનો કલ્ક ચોપડવાથી આઠ દિવસે કે કઇંક વધારે દિવસે ધોળો કોઢ મટી જાય છે.

આમળા તથા ખેરસારનો કવાથ બાવચીનું ચૂર્ણ નાખીને નિત્ય પીવાથી શંખ, ચંદ્ર, અને ડોલરના જેવો ધોળોકોઢ મટી જાય છે.

કાળો ઊંબરો તથા બાવચીનું ચૂર્ણ પાણી વગર વલોવેલા દહિની સાથે પીવાથી તથા તેલનો અભ્યંગ કરવાથી, તડકો સેવવાથી, અને ચોથો ભાગ પાણી નાખીને વસ્ત્રથી ગાળેલી છાશ ખાવાથી શ્વિત્ર (ધોળો કોઢ) મટી જાય છે.

સોમરાજી ઘૃત.

બાવચી સોળ તોલા, ખેરસાર ચાર તોલા, અને એક તોલો કડવા પરવળના મૂળ, હરડે, બેડાં, આમળાં, ત્રાયમાણ, રાતોધમાસો, અને કડુને ઝીણા વાટીને તેમાં આઠ તોલા શુદ્ધ ગુગળ મેળવી દેવો. પછી એ કલ્કથી પકાવેલ સોમરાજી ઘૃત, જેમ પાણી અગ્નિને હણે છે તેમ તે શ્વિત્રને હણી નાંખેછે. અઢારે પ્રકારે કોઢોનું આ ઉત્તમ ઔષધ છે. શ્વિત્ર તથા કોઢવાળાનું હિત કરવાની ઇચ્છાથી આ સોમરાજી ઘૃત પૂર્વે બ્રહ્માએ બનાવ્યું છે.

શીતપિત્તનો અધિકાર.

શીતપિત્તનાં નિદાનો તથા સંપ્રાપ્તિ

शीतमारुतसम्पर्कात्प्रदुष्टौ कफमारुतौ ।
पित्तेन सह सम्भूय बहिरन्तर्विसर्पतः ॥

शीतमारुतसम्पर्कात् पित्तेन स्वहेतुदुष्टेन सम्भूय सङ्गम्य बहिः त्वचि अन्त. रुधिरादौ विसर्पत. प्रसरतः ॥

ટાઢા પવનના સંપર્કથી વધેલા કફ અને વાયુ, પિત્તની સાથે મળીને બહાર અને અંદર પ્રસરે છે. તેથી શીતપિત્ત થાય છે.

શીતપિત્તનું પૂર્વરૂપ.

पिपासारुचिहृल्लासदेहसादाङ्गगौरवम् ।
रक्तलोचनता तेषां पूर्वरूपस्य लक्षणम् ॥

તરશ, અરૂચિ, મોળ, દેહમાં પીડા, અંગોમાં ભાર અને નેત્ર રાતાં, એ શીતપિત્તના પૂર્વ રૂપો છે.

શીતપિત્તનું લક્ષણ.

वरटीदंष्टसंस्थानः शोथः सञ्जायते बहिः।
सकण्डूतोदबहुलश्छर्दिज्वरविदाहवान् ॥
वाताधिकतमं विद्याच्छीतपित्तमिमं भिषक्॥

ભમરીના ડંખ જેવો, ચળ તથા પીડાવાળો, ઊલટી તથા જ્વરવાળો, બળતરાવાળો બહાર સોજો થાય છે તેને શીતપિત્ત કહે છે, અને તે વાયુની અધિકતાવાળો હોય છે.

ઉદર્દનું લક્ષણ.

सोत्सङ्गैश्च सरागैश्च कण्डूमद्भिश्च मण्डलैः ।
शैशिरः श्लेष्मबहुल उदर्द इति कीर्तितः ॥

सोत्सङ्गैः मध्यनिम्नैः । शैशिर शिशिरर्तुभवः ।

મધ્યમાં નમેલાં, રતાશવાળાં, અને ચળવાળા મડળોવાળો સોજો શિશિર ઋતુમાં થાય છે, તે ઉદર્દ કહેવાય છે, અને તેમાં કફની અધિકતા હોય છે

કોઠ તથા ઉત્કોઠનાં લક્ષણ.

असम्यग्वमनोदीर्णपित्तश्लेष्मान्ननिग्रहैः । मण्डलानि सकण्डूनि रागवन्ति बहूनि च ॥ स कोठ. ॥

सानुबन्धस्तु स प्राज्ञैरुत्कोठ इति कथ्यते ॥

બરોબર ઊલટી ન થઇ શકવાથી પિત્ત તથા કફ વધવાથી ઉછળેલુ અન્ન રોકાઈ જતા ચળ અને રતાશવાળા ઘણા મડળો (ઢીંમણા) થાય છે, તેને કોઠ કહે છે, અને એક ઢીંમણુ મટીને બીજા થતાં આવે તેને ઉત્કોઠ કહે છે.

શીતપિત્તાદિકની ચિકિત્સા.

शीतपित्ते तु वमनं पटोलारिष्टवासकैः । त्रिफलापुरकृष्णाभिर्विरेकश्च प्रशस्यते ॥ अभ्यङ्ग कटुतैलेन सेकश्चोष्णेन वारिणा । त्रिफलां क्षौद्रसंयुक्तां खादेच्च नवकार्षिकम्॥

त्रिफलापुरकृष्णानां त्रिपञ्चैकांशयोजिता । गुटिका शीतपित्तार्शोभगन्दरवतां हिता ॥ सिता त्रिकटुसंयुक्ता गुडमामलकैः सह । यवानीं खादयेच्चापि सव्योषक्षारसंयुताम् ॥ आर्द्रकस्य रसः पेयः पुराणगुडसंयुतः । शीतपित्तापहः श्रेष्ठो वह्निमान्द्यविनाशनः ॥ सिद्धार्थरजनीकल्कैः मपुन्नाटतिलैः सह । कटुतैलेन संमिश्रमेतदुद्वर्तनं हितं ॥ सगुडं दीप्यकं यस्तु खादेत्पथ्याशभुक् नरः । तस्य नश्यति सप्ताहादुदर्दः सर्वदेहजः ॥ घृत पीत्वा महातिक्तं शोणितं मोक्षयेत्तथा । स्निग्धस्विन्नस्य संशुद्धिमादौ कोठे समाचरेत् ॥ उत्कोठे शुद्धदेहस्य कुष्ठघ्नीं कारयेत् क्रियाम् । निम्बस्य पत्राणि सदा घृतेन धात्रीविमिश्राणि वरः प्रयुञ्ज्यात् ॥ विस्फोटकण्डूक्रिमिशीतपित्तमुदर्दकोठौ च कफं च हन्यात् । आर्द्रकं प्रस्थमेकं स्यादाज्यघृतं कुडवद्वयम् ॥ गोदुग्धं प्रस्थयुगलं तदर्धं शर्करा मता । पिप्पली पिप्पलीमूलं मरिचं विश्वभेषजम् ॥ चित्रकं च विडङ्गं च मुस्तकं नागकेशरम् । त्वगेलापत्रकर्चूरं प्रत्येकं पलमात्रकम् ॥ विधाय पाकं विधिवत् खादेत्तत्पलसम्मितम् । इदमार्द्रकखण्डाख्यं मातर्भुक्तं व्यपोहति ॥ शीतपित्तमुदर्दं च कोठमुत्कोठमेव च । यक्ष्माण रक्तपित्तं च कासं श्वासमरोचकम् ॥ वातगुल्ममुदावर्तं शोथं कण्डूं क्रिमीनपि । दीपयेदुदरे वह्निं बलं वीर्यं च वर्धयेत् ॥ वपुः पुष्टं प्रकुरुते तस्मात्सेव्यमिदं सदा ॥

इत्यार्द्रकखण्डम् । इति शीतपित्तोदर्दकोठोत्कोठचिकित्सा ॥

કડવાં પરવળ, લીમડો, અને અરડુસીનુ વમન, તથા હરડે, બેડાં, આમળા, ગુગળ, તથા પીપરનુ વિરેચન દેવું, એ શીતપિત્તમાં ગુણકારી થાય છે.

સરસિયા તેલનો અભ્યગ, ઊના પાણીનું સેચન (સેક.) મધ સાથે ત્રિફળા ખાવાં, તથા

નવકાર્ષિક ગુગ્ગુલુ ખાવાથી શીતપિત્ત મટી જાય છે.

નવકાર્ષિક ગુગ્ગુલુ.

ત્રિફળા ત્રણ ભાગ, ગુગળ પાંચ ભાગ, અને એક ભાગ પીપર એઓની ગોળી શીતપિત્ત, અર્શ, અને ભગંદરવાળાને હિતકારી છે

ત્રિકટુ, અને સાકર, આમળાં અને ગોળ, ત્રિકટુ અને જવખાર સહિત અજમો ખાવાથી શીતપિત્ત મટી જાય છે

આદાના રસમા જૂનો ગોળ ખાવાથી શીતપિત્ત છેક મટી જાયછે, તથા મંદાગ્નિપણું મટેછે

સરસવ, હળદર, કુંવાડિયો, અને તલનો કલ્ક સરસિયા તેલમાં મેળવીને ચોળવાથી શીતપિત્ત મટી જાયછે.

મહાતિક્તક ઘી પીને લોહી કઢાવવાથી ઉદર્દ મટી જાયછે.

ગોળ સહિત અજમો ખાઇને પથ્ય જમનારને આખા શરીરમા થયેલ ઉદર્દ પણ સાત દિવસમા મટી જાયછે

કોઠ વાળાને પ્રથમ સ્નેહન તથા સ્વેદન કરીને પછી વિરેચનથી શોધન કરવું, અને ઉત્કોઠ હોય તો વિરેચનથી શોધન કરીને પછી કોઠની ચિકિત્સાઓ કરવી.

લીમડાના પાન તથા આમળાં વાટીને નિત્ય ઘી સાથે ખાવાથી વિસ્ફોટક, ચળ, કૃમિ, શીતપિત્ત, ઉદર્દ, અને કફનો નાશ થાય છે.

આર્દ્રક ખંડક.

આદું તોલા ૬૪, ગાયનુ ઘી તોલા ૩૨, ગાયનું દૂધ તોલા ૧૨૮, અને સાકર તેથી અરધી, પીપળીમૂળ, મરી, સુંઠ, ચિત્રક, વાવડિંગ, મોથ, નાગકેશર, તજ, એળચી, તમાલપત્ર, અને કચૂરો, ચાર ચાર તોલા, આનો વિધિવત્ પાક કરવો. આ આર્દ્રક ખંડક સવારમાં ચાર તોલા ખાવાથી શીતપિત્ત, ઉદર્દ, કોઠ, ઉત્કોઠ, ક્ષય, રક્તપિત્ત, ઉધરસ, શ્વાસ, અરૂચિ વાતગુલ્મ, ઉદાવર્ત્ત, સોજો, ચળ, અને કૃમિઓનો નાશ થાય છે, જઠરાગ્નિ વધેછે; બળ તથા વીર્ય વધીને શરીર પુષ્ટ થાયછે; માટે આ પ્રયોગનું હંમેશાં સેવન કરવું જોઈએ.

વિસર્પનો અધિકાર.

નિદાન, સંખ્યા, તથા નિરૂક્તિ.

लवणाम्लकटूष्णादिसेवनाद्दोषकोपतः ।
विसर्पः सप्तधा ज्ञेयः सर्वतः परिसर्पणात् ॥

आदिशब्दाच्चरकोक्तहरितशाकशाण्डाकीप्रभृतीना ग्रहणम् ॥

ખારૂં, ખાટુ, તીખુ, ગરમ, વગેરે સેવવાથી દોષ કોપે છે. તેથી ચારી કોર ફરી વળે છે એવા સાત પ્રકારના વિસર્પો થાય છે. ચરક કહે છે કે લીલાં શાક અને શંડાકીથી પણ વિસર્પ થાય છે.

વિસર્પના સાત પ્રકારો.

वातिकः पैत्तिकश्चैव कफजः सान्निपातिकः।
चत्वार एते विसर्पा वक्ष्यन्ते द्वन्द्वजा त्रयः॥
अग्नेयो वातपित्ताभ्यां ग्रंथ्याख्यः कफवातजः।
यस्तु कर्दमको घोरः स पित्तकफसम्भवः ॥

વાત, પિત્ત, કફ, સનિપાત, તથા ત્રણ દ્વન્દ્વજ, એટલા સાત વિસર્પો છે, વાતપિત્તનો વિસર્પ આગ્નેય, કફવાતનો ગ્રંથાખ્ય, અને પિત્તકફનો ઘોર એવો કર્દમક કહેવાય છે.

વિસર્પમાં દૂષક તથા દૂષ્યો.

रक्तं लसीकात्वङ्मांसं दूष्यं दोषास्त्रयो मलाः । विसर्पाणां समुत्पत्तौ हेतवः सप्तधातवः ॥

त्रयो मलाः वातपित्तकफाः दोषा दूषका इत्यर्थः । अन्यथा दोषा मला इत्यत्र पुनरुक्तिदोषो लगिष्यते ॥

રક્ત, લસીકા, ચામડી, અને માંસ દૂષિત થાય છે માટે તે દૂષ્ય કહેવાય છે. અને વાત, પિત્ત, કફ, એ દોષો દૂષિત કરે છે માટે તેમને દૂષક કહે છે. વિસર્પોની ઉત્પત્તિનાં કારણમા એ સાત ધાતુઓ છે.

વાયુના વિસર્પનાં લક્ષણ.

तत्र वातात्परीसर्पो वातज्वरसमव्यथः । शोफस्फुरणनिस्तोदभेदायामार्तिहर्षवान् ॥

परीसर्पो विसर्प । वातज्वरसमव्यथ शिरोहृद्गात्रोदरशूलादियुक्त. । भेद विदारणेनेव व्यथा ॥ आयामः आकर्षणेनेव व्यथा ॥

વાયુનો વિસર્પ થાય તો વાતજ્વર જેવી પીડા થાય છે, તથા સોજો, સ્ફુરણ, વ્યથા, ભેદન, આયામ, વેદના, અને રોમોદ્ગમ થાય છે

પિત્તના વિસર્પનાં લક્ષણ.

पित्ताद्द्रुतगतिः पित्तज्वरलिङ्गोऽतिलोहितः । द्रुतगतिः शीघ्रप्रसरणशीलः ॥

પિત્તના વિસર્પમા ઝડપવાળી ગતિ હોય છે, તથા પિત્તજ્વરનાં લક્ષણો સહિત બહુ રાતો વિસર્પ હોય છે.

કફના વિસર્પનાં લક્ષણ

कफात्कण्डूयुतः स्निग्धः कफज्वरसमानरुक् ॥

કફથી ચળવાળો સ્નિગ્ધ અને કફજ્વર જેવી પીડાવાળો વિસર્પ હોય છે

સાંનિપાતિક વિસર્પનાં લક્ષણ.

सन्निपातसमुत्थश्च सर्वरूपसमन्वितः ॥

સાંનિપાતિક વિસર્પમાં સર્વ ચિન્હો જણાય છે

આગ્નેય વિસર્પનાં લક્ષણ

वातपित्ताज्ज्वरच्छर्दिमूर्च्छातीसारतृड्भ्रमैः । अस्थिभेदोऽग्निसदनतमसारोचकैर्युतः ॥ करोति सर्वमङ्गं च दीप्ताङ्गारावकीर्णवत् । यं यं देशं विसर्पश्च विसर्पति भवेत्स सः ॥ शीताङ्गारासितो नीलो रक्तो वाशूपचीयते । अग्निदग्ध इव स्फोटैः शीघ्रगत्वाद्द्रुतं च सः ॥ मर्मानुसारी वीसर्पः स्याद्वातातिबलस्ततः । व्यथेताङ्ग हरेत्संज्ञां निद्रां च श्वासमीरयेत् ॥ हिध्मां च स गतोऽवस्थामीदृशीं लभते न सः । क्वचिच्छर्मारतिग्रस्तो भूमिशय्यासनादिषु ॥ चेष्टमानस्ततः क्लिष्टो मनोदेहसमुद्भवाम् । दुःप्रबोधोऽश्नुते निद्रां सोऽग्निवीसर्प उच्यते ॥

स्फोटै उपचीयत इत्यन्वय. । मर्मानुसारी उदरहृदयानुसारी हरेद्विसर्प इत्यन्वयः । हिध्माहिक्काम् । ईरयेत् उपर्युपरि प्रेरयेत् । मनोदेहसमुद्भवां निद्रां मरणरूपाम् । अश्नुते प्राप्नोति ॥

વાત પિત્તના વિસર્પથી જ્વર, ઉલટી, મૂર્છા, તૃષા, ભ્રમ, અતિસાર, હાડભંગ, મંદાગ્નિ, તમસ, અરોચક, અને સર્વ અંગોમાં બળતા અંગારા જેવુ થાય છે. વિસર્પ જે જે અંગમા જાય છે તે ભાગ લીલો, રાતો, કે ઠરી ગયેલા કોયલા જેવો કાળો થઇ જાય છે,

અને અગ્નિથી બળેલા જેવા ઝળઝળીયા ફોલ્લા ઉઠે છે. એ વિસર્પ તુરતજ ઉદર તથા હૃદયમાં જાય છે, તેથી વાયુના પ્રબળવાળો ગણાય છે એ વિસર્પથી અગમાં પીડા, સન્નાનુ હરણુ, નિદ્રા, ઉતાવળો શ્વાસ, અને ઉપરાઉપરી હેડકી થાય છે. આથી કયાય સુખ વળતું નથી અને પૃથ્વી, પલગ કે આસન વગેરેમાં પણુ ચેન પડતું નથી, તરફડે છે, કલેશ પામે છે, કેમે કરી જાગતો નથી અને અતે મરણુ પામે છે. આ આગ્નેય વિસર્પ કહેવાય છે.

ગ્રંથી વિસર્પનાં લક્ષણુ.

कफेन रुद्धः पवनो भित्त्वा तं बहुधा कफम् । रक्त च रुद्धरक्तस्य त्वक्शिरास्नायुमामगम् ॥ दूषयित्वा तु दीर्घाणां वृत्तस्थूलखरात्मनाम् । ग्रन्थिनां कुरुते मालां रक्तानां तीव्ररुज्ज्वराम् ॥ श्वासकासातिसाराश्च शोषहिक्कावमिभ्रमैः । मोहवैवर्ण्यमूर्छाङ्गभङ्गाग्निसदनैर्युतः ॥ इत्ययं ग्रन्थिवीसर्पो वातश्लेष्मप्रकोपजः ॥

कफेन स्वहेतुदुष्टेन । पवनोऽपि स्वहेतुदुष्ट' । तेनायं वातश्लैष्मिक. । त कफ बहुधा भित्वा रक्तं वा दूषयित्वेत्यन्वयः । त्वगादिगमिति रक्तस्य विशेषणम् ॥

કફથી રોકાયલો પવન તે કફને બહુ રીતે ભેદીને વધેલા લોહીવાળાનાં ત્વચા, શિરા, માંસ, અને સ્નાયુમા ગયેલા રક્તને દૂષિત કરીને લાબી, ગોળ, સ્થૂળ, અને ખરસટ ગાઠોની માળા ઉત્પન્ન કરે છે, તેથી તીવ્ર વેદના, જ્વર, શ્વાસ, ઉધરસ, અતિસાર, શોષ હેડકી, ઉલટી, ભ્રમ, મોહ, વિવર્ણુતા, મૂર્ચ્છા, અંગભગ, અને અગ્નિની પીડા થાય છે. આ વાયુ તથા કફના પ્રકોપથી થયેલો ગ્રંથિ વિસર્પ છે.

કર્દમક વિસર્પનાં લક્ષણુ.

कफपित्ताज्ज्वरः स्तम्भो निद्रातन्द्राशिरोरुजाः । अङ्गावसादविक्षेपप्रलापारोचकभ्रमाः ॥ मूर्च्छाग्निहानिर्भेदोऽस्थ्नां पिपासेन्द्रियगौरवम् । आमोपवेशनं लेपः स्रोतसां च विसर्पति ॥ प्रायेणामाशयं गृह्णन्नेकदेशं न चातिरुक् । पीडकैरवकीर्णोऽति पीतलोहितपाण्डुरै' ॥ स्निग्धोऽसितो मेचकाभो मलिनः शोफवान् गुरुः । गम्भीरपाकः प्राज्योष्मास्पृष्टः क्लिन्नोऽवदीर्यते ॥ पङ्कत्वक्शीर्णमांसश्च स्पृष्टस्नायुशिरागणः । शवगन्धी च वीसर्पः कर्दमाख्यमुशन्ति तम् ॥

स च सर्पति एकदेशमित्यन्वय । पडिकै. पीडाकारिभि । अवकीर्ण व्याप्त । असित कृष्ण । मेचक. रूक्षकृष्णः । प्राज्योष्मा प्रचुरोष्मा । स्पृष्टः क्लिन्नोऽवदीर्यते स्पृष्ट' सन्नार्दीभवति विदीर्यते । पङ्कत्वक् कर्दमवर्णा त्वक् यत्र स । शीर्णमांस गलितमासः । अत एव स्पृष्टस्नायुशिरागण. ॥

કફ તથા પિત્તથી જ્વર, સ્તબ્ધતા, નિદ્રા, ઘેન, માથું દુઃખવું, અંગોમાં પીડા, વિક્ષેપ, પ્રલાપ, અરોચક, ભ્રમ, મૂર્છા, મદાગ્નિ, હાડભંગ, તૃષા, ઇદ્રિયોનું ભારેપણું, ઝાડામા આમનુ પડવું, અને સ્રોતોનુ લેપન થાય છે એક પ્રદેશનુ ઘણું કરીને ગ્રહણ કરતો કરતો આ વિસર્પ આમાશયમાં ફેલાય છે. બહુ પીડા થતી નથી, પણ ફોલ્લા પીળા, રાતા, અને પોળા હોયછે. સ્નિગ્ધ, કાળો, મેલો,

સોજાવાળો, ભારે, ઊંડા પાકવાળો, બહુ ભિનાશવાળો, સ્પર્શથી ભીનો થનારો, ચીરાતો, ચામડીને કાદવ જેવી કરનારો, માંસને ખેરવનારો અને શિરા તથા સ્નાયુનો સ્પર્શ કરીને શબ જેવા ગંધવાળો બનતો આ વિસર્પ છે, અને તેને કર્દમક કહે છે.

આઠમા ક્ષતના વિસર્પનાં લક્ષણ.

बाह्यहेतोः क्षतात् क्रुद्धः सरक्तं पित्तमीरयन् । विसर्पं मारुतः कुर्यात् कुलत्थसदृशैश्चितम् ॥ स्फोटैः शोथज्वररुजा दाहाढ्यं श्यावशोणितम् ।

बाह्यहेतो शस्त्रप्रहारव्यालदन्तनखाद्यागन्तुहेतो । श्यावशोणित कृष्णवर्णरक्तम् ॥

બહારના કારણોથી થયેલા ક્ષતથી કોપ પામેલ વાયુ રક્ત તથા પિત્તને પ્રેરીને વિસર્પ કરેછે, તે કળથી જેવા ફોલ્લાવાળો, કાળા રક્તવાળો, અને સોજા તથા જ્વરની વેદના અને બળતરાવાળો હોય છે.

વિસર્પનાં ઉપદ્રવો.

ज्वरातिसारौ वमथुस्त्वङ्मांसदरणक्लमाः। अरोचकविपाकौ च विसर्पाणामुपद्रवाः ॥

જ્વર, અતિસાર, ઉલટી, ચામડી તથા માંસનું ફાટવું, ગ્લાનિ, અરૂચિ, અને પાકવું એ વિસર્પોના ઉપદ્રવો છે.

વિસર્પની સાધ્યાસાધ્યતા.

सिद्ध्यन्ति वातकफपित्तकृता विसर्पाः सर्वात्मकः क्षतकृतश्च न सिद्धिमेति । पित्तात्मकोऽञ्जनवपुश्च भवेदसाध्यः कृच्छ्राश्च मर्मसु भवन्ति हि सर्व एव ॥

पित्तात्मकोऽञ्जनवपु पित्तज स च कज्जलवर्णः । सर्व एव साध्या अपि । इति विसर्पनिदानम् ।

વાત, પિત્ત, અને કફના વિસર્પો સાધ્ય છે, ત્રણે દોષના તથા ક્ષતના વિસર્પો અસાધ્ય છે; પિત્તનો વિસર્પ કાળા રંગનો હોય તો તે અસાધ્ય છે, અને સાધ્ય વિસર્પો જો મર્મસ્થાનોમાં થયા હોય તો તેઓ કષ્ટસાધ્ય હોય છે

વિસર્પની ચિકિત્સા

विरेकवमनालेपसेचनास्रविमोक्षणैः । उपाचरेद्यथादोषो विसर्पानविदाहिभिः ॥ रास्ना नीलोत्पलं दारु चन्दनं मधुकं बला। घृतक्षीरयुतो लेपो वातवीसर्पनाशनः ॥

चन्दनमत्र रक्त प्रयोज्यम् ॥

कशेरुशृङ्गाटकपद्मगुन्द्रैः सशैवलैः सोत्पलकर्दमैश्च । वस्त्रान्तरैः पित्तकृते विसर्पे लेपो विधेयः सघृतः सुशीतः ॥ त्रिफलापद्मकोशीरसमङ्गाकरवीरकम् । नलमूलमनन्ता च लेपः श्लेष्मविसर्पके ॥

समङ्गा लज्जालू. ॥

वातपित्तप्रशमनमग्निवीसर्पणे हितम् । वात श्लेष्महरं कर्म ग्रन्थिवीसर्पणे हितम् ॥ पित्त श्लेष्मप्रशमनं हितं कर्दमसञ्ज्ञके । त्रिदोषजे क्रियां कुर्याद्विसर्पे त्रितयापहाम् ॥ शिरीषयष्टीनतचन्दनैलामासीहरिद्राद्वयकुष्टवालैः लेपो दशाङ्गः सघृतः प्रयोज्यो विसर्पकुष्ठज्वरशोथहारी ॥

नत तगरम् । चन्दन रक्त ग्राह्यम् । इति दशाङ्गो लेपः ॥

परिषेकः प्रलेपाश्च शस्यन्ते पञ्चवल्कलैः। पद्मकोशीरमधुकैश्चन्दनैर्वा विसर्पणे ॥ भूनिम्बवासाकटुकापटोलीफलत्रयं चन्दननिम्ब-

सिद्धः । विसर्पदाहज्वरशोथकण्डूविस्फोटतृ-ष्णावमिहृत्कषायः ॥ कुष्ठेषु यानि सर्पींषि व्रणेषु विविधेषु च । विसर्पे तानि योज्यानि सेकालेपन भोजनैः ॥ करञ्जसप्तच्छदलाङ्गलीकस्नुह्यर्कदुग्धानलभृङ्गराजैः। तैलं निशामूत्रविषैर्विपक्वं विसर्पविस्फोटविचर्चिकाघ्नम् ॥

इति कारञ्जतैलम् ।

कुष्ठामयस्फोटमसूरिकोक्तचिकित्सयाप्याशु हरेद्विसर्पान् सर्वान्विपक्वान्परिशोध्य धीमान् व्रणक्रमेणोपचरेद्यथोक्तम् ॥

इति विसर्पचिकित्सा ॥

બળતરા ન થાય તેવા વિરેચનો, વમનો, લેપનો સેચનો, અને લોહી કઢાવવાના ઉપાયો વિસર્પોના દોષો સમજીને કરવા.

રાસ્ના, નીલકમળ, દેવદાર, રતાજળી, જેઠીમધ, અને બળદાણાને વાટીને ઘી તથા દૂધ સાથે લેપ કરવાથી વાયુથી થયેલ વિસર્પ મટી જાય છે.

કસેલાં, શીંગોડાં, પદ્મકાષ્ઠ, ગોંદરોખડ, શેવાળ, અને કાદવને વાટી ઘી સાથે મેળવી આડું લૂગડુ રાખીને થંડો લેપ કરવાથી પિત્તથી થયેલ વિસર્પ મટી જાય છે.

ત્રિફળા, પદ્મકાષ્ઠ, વાળો, રીસામણી કણેર, બરૂનાં મૂળ, અને રાતો ધમાસો, એના લેપથી વિસર્પ કફનો હોય તો મટી જાય છે.

વાયુ તથા પિત્તનુ વમન કરવુ તે આગ્નેય વિસર્પમાં હિતકારી છે.

વાયુ તથા કફનુ શમન કરવું તે ગ્રંથિ વિસર્પમા હિતકારી છે.

પિત્ત તથા કફનુ શમન કરવું તે કર્દમક વિસર્પમાં હિતકારી છે.

ત્રિદોષના વિસર્પમાં ત્રણે દોષના શમનની ક્રિયાઓ કરવી.

સરસડિયાની છાલ, જેઠીમધ, તગર, રતાંજળી, એળચી, જટામાસી, હળદર, દારૂહળદર, કઠ, અને વાળો, એ દશેને વાટીને ઘી સાથે લેપ કરવાથી વિસર્પ, કોઢ, જ્વર, અને સોજા મટી જાય છે. આ "દશાંગલેપ" કહેવાય છે.

પંચવલ્કલ, સુખડ, અથવા પદ્મકાષ્ઠ, વાળો, અને જેઠીમધના સેચનો તથા જાડા લેપો કરવાથી વિસર્પો મટી જાય છે.

કરિયાતું, અરડુસી, કડુ, કડવા પરવળ, ત્રિફળા, રતાજળી, અને લીમડાનો ક્વાથ પીવાથી વિસર્પ, બળતરા, જ્વર, સોજો, ચળ, વિસ્ફોટક, તરશ અને ઉલટી મટી જાય છે

કરંજતૈલ

કરજ, સાત્વિન, કલગારી, થોર તથા આંકડાનુ દૂધ, ભાંગરો, ચિત્રક, હળદર, વછનાગ, અને ગોમૂત્રથી પકાવેલા તેલનો અભ્યંગ કરવાથી વિસર્પ, વિસ્ફોટક, અને વિચર્ચિકા મટી જાય છે

સ્નાયુ(વાળા)નો અધિકાર.

વાળાનું નિદાન તથા લક્ષણ.

शाखासु कुपितो दोषः शोथं कृत्वा विसर्पवत् । भित्त्वैव तं क्षते तत्र सोष्ममांसं विशोष्य च ॥ कुर्यात्तन्तुनिभं सूत्रं तत्पिण्डैस्तत्क्षसत्तुजे । शनैः शनैः क्षताद् याति छेदा-

तत्कोपमावहेत् ॥ तत्पाताच्छोथशान्तिः स्यात्पुनः स्थानान्तरे भवेत् । स स्नायुरिति विख्यातः क्रियोक्तात्र विसर्पवत् ॥ बाह्वोर्यदि प्रमादेन त्रुट्यते जङ्घयोरपि । सङ्कोचं खञ्जतां चापि छिन्नो नून करोत्यसौ ॥

स्नायुरोगनिदानम् ॥

શાખાઓમાં કોપેલો દોષ વિસર્પના જેવો સોજો કરીને તેને ભેદીને ક્ષતમા ગરમ માંસને સૂકવીને તતુમય દોરો ઉત્પન્ન કરે છે તેને વાળો કહે છે. છાશમા વાટેલા સાથવાની લોપરીઓ બાંધવાથી એ વાળો ધીરે ધીરે બહાર નીકળે છે. તે કપાઈ જાયતો સોજો કરે છે અને બધો નીકળી જાય તો સોજો શાંત થઈ જાય છે. આ રોગ એક જગોએ મટીને વળી બીજી જગોએ પણ થાય છે. આની ચિકિત્સા વિસર્પ જેવી કરવી એ વાળો બાહુમા કે પગની પીંડીમાં તૂટી જાય છે તો હાથને ટુકો અને પગને લૂલો કરી નાંખે છે.

વાળાની ચિકિત્સા.

स्नेहस्वेदप्रलेपादि कर्म कुर्याद्यथोचितम् । रामठं शीततोयेन पीतं स्नायुकरोगनुत् ॥ स्वेदात्स्नायुकमत्युग्रं भेकः काञ्जिकसाधितः॥ तद्वद्बब्बूलजं बीजं पिष्टं हन्ति प्रलेपनात् ॥ गव्य सर्पिस्त्र्यहं पीत्वा निर्गुण्डीस्वरसं त्र्यहम्। पिबेत्स्नायुकमत्युग्रं हन्त्यवश्यं न संशयः ॥ मूलं सुपव्या हिमवारिपिष्टं पानादिदं तन्तुकरोगमुग्रम् । शान्तिं नयेत् स व्रणमाशु पुंसा गन्धर्वगन्धेन घृतेन पीत्वा ॥

गन्धर्वगन्धेन । गन्धर्वगन्धोऽस्यास्तीति स गन्धर्वगन्धः अश्वगन्ध. तेन ॥

अतिविषमुस्तकभार्ङ्गी विश्वौषधपिप्पलीविभीतकयः । चूर्णमिदं तन्तुघ्नं पुंसामुष्णेन वारिणा पीतम् ॥ शिग्रुमूलदलैः पिष्टैः काञ्जिकेन ससैन्धवैः । लेपनं स्नायुकव्याधेः शमनं परमं मतम् ॥ अहिंस्रामूलकल्केन तोयपिष्टेन यत्नतः । लेपसम्बन्धनात्तन्तुर्निःसरेन्नैव संशयः ॥

स्नायुकस्य चिकित्सा ॥

આ રોગ ઉપર સ્નેહન, સ્વેદન, અને જાડા લેપો કરવા. ટાઢા પાણીમાં વાટેલી હિંગ પીવાથી વાળો મટી જાય છે.

દેડકાંને કાંજીમાં પકાવીને તેનો શેક કરવાથી વાળાનુ ઉગ્ર દરદ પણ મટી જાયછે.

બાવળનાં બીજો વાટીને લેપ કરવાથી પણ વાળો મટી જાય છે.

ત્રણ દિવસ સૂધી ગાયનુ ઘી પીને પછી બીજા ત્રણ દિવસ સૂધી નગોડનો રસ પીવાથી અત્યત ઉગ્ર વાળાનો રોગ પણ જરૂર મટી જાયછે, તેમા સંશય નથી

કારેલીનાં મૂળને ટાઢા પાણીમા વાટીને આસોંદથી પકાવેલા ઘીની સાથે પીવાથી વ્રણ સહિત ઉગ્ર વાળાનો રોગ તુરત શાત થાય છે.

અતિવિષ, મોથ, ભારંગી, સૂંઠ, પીપર, અને બેડાનુ ચૂર્ણ ઊના પાણીમાં પીવાથી માણસનો વાળો મટી જાય છે.

સરગવાનાં મુળ તથા પાનને સૈંધવ સહિત કાંજીમાં વાટીને ચોપડવાથી વાળો અવશ્ય શાંત થઈ જાય છે.

કટાળાના મુળને પાણીમાં વાટીને તેનો યત્નથી લેપ કરવાથી વાળો નીકળી જાય છે. તેમાં કંઈજ સશય નથી

વિસ્ફોટકનો અધિકાર.

વિસ્ફોટકનાં નિદાનો તથા સંપ્રાપ્તિ.

कट्वम्लतीक्ष्णोष्णविदाहिरूक्षक्षारैरजीर्णाध्यशनातपैश्च । तथर्तुदोषेण विपर्ययेण कुप्यन्ति दोषाः पवनादयस्तु ॥ त्वचमाश्रित्य ते रक्तं मांसास्थीनि प्रदूष्य च । घोरान् कुर्वन्ति विस्फोटान् सर्वान् ज्वरपुरःसरान्॥

ऋतुदोषेण ऋतुहेतुकशीतोष्णादीनामतियोगेन । विपर्ययेण ऋतूचिताहारविहारवैपरीत्येन । त्वचमाश्रित्य त्वचि विस्फोटान् कुर्वन्तीत्यर्थः । ज्वरपुरःसरान् ज्वरपूर्वान् ॥

કડવા, ખાટા, તીક્ષ્ણ, ઉષ્ણ, વિદાહી રૂક્ષ, અને ખારા પદાર્થોથી, તથા અજીર્ણથી, તડકો તથા ઋતુના અતિયોગથી અહારવિહારના વિપરીતપણાથી, વાયુ આદિ દોષો કોપ પામે છે તેથી તેઓ ત્વચામાં રહીને માંસ, રક્ત, અને હાડકાંને દૂષિત કરીને સર્વ જ્વરો સહિત ઘોર વિસ્ફોટકો ઉત્પન્ન કરેછે.

વિસ્ફોટકનું સામાન્ય રૂપ.

अग्निदग्धा इव स्फोटाः सज्वरा रक्तपित्तजाः । क्वचित्सर्वत्र वा देहे विस्फोटा इति ते स्मृताः ॥

रक्तपित्तजाः । एतेन सर्वेषु विस्फोटकेषु रक्तपित्तयोः प्रधानकारणत्वम् । यथा शूलेषु वातस्य' तथा वातानुगतिरपि बोद्धव्या । तथा च भोज.— 'यदा रक्तं च पित्तं च वातेनानुगतं त्वचि । अग्निदग्धनिभान्स्फोटान् कुरुतः सर्वदेहगान्' ॥

રક્ત અને પિત્તથી અગ્નિથી બળેલાના જેવા ફોલ્લાઓ જ્વરો સહિત થાય છે. કોઇવાર તે ફોલ્લાઓ આખા શરીર ઉપર પણ થાય છે. જેમ સઘળા પ્રકારનાં શૂળોમાં વાયુની પ્રાધાન્યતા હોય છે તેમ સઘળા પ્રકારનાં વિસ્ફોટકોમા રૂધિર તથા પિત્તની પ્રાધાન્યતા છે. વળી ભોજ કહેછે કે—રૂધિર અને પિત્તને વાયુનો સબંધ થાયછે, ત્યારે શરીરના એક અંગની અથવા આખા શરીરની ચામડીમાં અગ્નિથી દાઝેલાના જેવા ફોલ્લા ઉઠી આવે છે.

વાયુના વિસ્ફોટકનું લક્ષણ

शिरोरुक्शूलभूयिष्ठं ज्वरतृट्पर्वभेदनम् । सकृष्णवर्णता चेति वातविस्फोटलक्षणम् ॥

शूलं तोदरूपम् ॥

માથું દુઃખવું, ભોકાયા જેવી પીડા, જ્વર, તરશ, સાંધાનું ભેદાવું, અને કાળા વર્ણના ફોલ્લા, એ વાયુના વિસ્ફોટકનું લક્ષણ છે.

પિત્તના વિસ્ફોટકનું લક્ષણ.

ज्वरदाहरुजापाकस्रावतृष्णासमन्वितम् । पीतलोहितवर्णं च पित्तविस्फोटलक्षणम् ॥

જ્વર, દાહ, વેદના, પાક, સ્રાવ, તરશ સહિત પીળા રાતા રંગના ફોલ્લા થાય, એ પિત્તનું લક્ષણ છે.

કફના વિસ્ફોટકનું લક્ષણ

छर्द्यरोचकजाड्यानि कण्डूकाठिन्यपाण्डुताः । यस्मिन्नरुक् चिरात् पाकः स विस्फोटः कफात्मकः ॥ जाड्य जडत्वमज्ञानाम् ॥

ઉલટી, અરૂચિ, અંગોની જડતા, ચળ, કઠણતા, પાડુતા, વેદના ન થવી, અને લાંબે કાળે પાકવું, એ કફના વિસ્ફોટકનું લક્ષણ છે

કફ તથા પિત્તના વિસ્ફોટકનું લક્ષણ

कण्डूर्दाहो ज्वरश्छर्दिरेतैश्च कफपैत्तिकः॥

ચળ, દાહ, જ્વર, ઉલટી, એ કફપિત્તના વિસ્ફોટકથી થાય છે.

વાત તથા પિત્તના વિસ્ફોટનું લક્ષણ.

वातपित्तकृतो यस्तु तत्र स्याचीव्रवेदना ॥

વાતપિત્તનો હોય તો વેદના બહુ થાય છે.

વાત તથા કફના વિસ્ફોટકનું લક્ષણ

कण्डूस्तैमित्यगुरुभिर्जानीयात्कफवातिकम् ॥

ચળ, ઝળાશ, અંગોની જડતા, અને ભારે પણુ, એ વાત તથા કફથી થાય છે.

સાંનિપાતિક વિસ્ફોટકનું લક્ષણ.

मध्ये निम्नोन्नतान्तश्च कठिनः स्वल्पपाकवान् । दाहरागतृषामोहच्छर्दिमूर्च्छारुजाज्वराः । प्रलापो वेपथुर्मूर्च्छा सोऽसाध्यश्च त्रिदोषजः ॥

मोहो विपरीतं ज्ञानम् । मूर्च्छा सर्वथा ज्ञानशून्यता ॥

મધ્યમાં નમેલો, અંતમાં ઊંચાઈવાળો, કઠણ; થોડા પાકવાળો, દાહ, રતાશ, તૃષા, મોહ, ઉલટી, મૂર્ચ્છાયુક્ત, એવો ત્રણે દોષોનો વિસ્ફોટક અસાધ્ય છે

રક્તના વિસ્ફોટકનું લક્ષણ.

वेदितव्याश्च रक्तेन पैत्तिकेन च हेतुना । गुञ्जाफलसमारक्ता रक्तस्रावा विदाहिनः ॥ न ते सिद्धिं समायान्ति सिद्धैर्योगशतैरपि ।

पैत्तिकेन हेतुना पित्तस्य हेतुना कट्वादिना रक्तपित्तस्य तुल्यत्वात् सिद्धैर्योगशतैरपि ते सिद्धिं न समायान्ति ॥

પિત્ત જેથી કોપ પામે છે તેજ કારણોથી રક્ત પણ કોપ પામે છે. એ રક્તના વિસ્ફોટકો ચણોઠી જેવા રાતા, રાતા સ્રાવવાળા, અને દાહ કરનારા છે. આ વિસ્ફોટક સિદ્ધ કે સેંકડો યોગીઓથી પણ મટતા નથી

વિસ્ફોટકના ભેદો

एते चाष्टविधा बाह्या आन्तरोऽपि भवेदयम् । तस्मिन्नन्तर्यथा तीव्रा ज्वरयुक्ताभिजायते ॥ यस्मिन् बहिर्गते स्वास्थ्य न वातस्य बाहिर्गतिः । तत्र वातिकविस्फोटक्रिया कार्या विजानता ॥

ઉપર કહ્યા તે આઠ પ્રકારના વિસ્ફોટકો બહારના છે, નવમો અદર પણ થાય છે, તેથી અદર તીવ્ર વ્યથા અને સાથે જ્વર પણ હોય છે. એ વિસ્ફોટક જો બહાર નીકળે તોજ સ્વસ્થતા થાય છે, પણ વખતે તે બહાર નથી નીકળતો તો તેની ચિકિત્સા સમજુ વૈદ્યે વાયુના વિસ્ફોટકના જેવી કરવી

વિસ્ફોટકના ઉપદ્રવો.

तृट्श्वासमांससंकोचदाहहिक्कामदज्वराः ॥ विसर्पमर्मसंरोधास्तेषामुक्ता उपद्रवाः ॥

मांससंकोच' मांसस्य शटितत्वम् । मर्मसंरोधो मर्मव्यथा ॥

हिक्का श्वासोऽरुचिस्तृष्णा साङ्गमर्दो हृदि व्यथा । विसर्पज्वरहृल्लासा विस्फोटानामुपद्रवाः ॥

તૃષા, શ્વાસ, માંસનો સંકોચ, દાહ, હેડકી, મદ, જ્વર, વિસર્પ, મર્મસંરોધ, એ વિસ્ફોટકના ઉપદ્રવો છે બીજા કેટલાક કહે છે કે–હેડકી, શ્વાસ, અરૂચિ, તરશ, અંગમાં મરડાટ, હૃદયમાં પીડા, વિસર્પ, જ્વર, અને મોળ, એ વિસ્ફોટકોના ઉપદ્રવો છે.

વિસ્ફોટકની સાધ્યાસાધ્યતા.

एकदोषोत्थितः साध्यः कृच्छ्रसाध्योद्विदोषजः । सर्वरूपान्वितो घोरो ह्यसाध्यो भूर्युपद्रवः ॥ विस्फोटनिदानम् ॥

એક એક દોષથી થયેલા વિસ્ફોટક સાધ્ય છે, બે બે દોષનો કષ્ટસાધ્ય છે, અને ત્રણે દોષોનો વિસ્ફોટક ઘણા ઉપદ્રવોવાળો અને ઘોર એવો અસાધ્ય છે.

વિસ્ફોટકની ચિકિત્સા.

विस्फोटे लङ्घनं कार्यं वमनं पथ्यभोजनम् । यथादोषबलं वीक्ष्य युक्तमुक्तं विरेचनम् ॥ जीर्णशालियवा मुद्गा मसूराश्चाढकी तथा । एतान्यन्नानि विस्फोटे हितानि मुनयोऽब्रुवन् ॥ द्वे पञ्चमूल्यौ रास्ना च दार्व्युशीरं दुरालभा । गुडूची धान्यकं मुस्तमेषां क्वाथं पिबेन्नरः ॥ विस्फोटान्नाशयत्याशु समीरणनिमित्तकान् । द्राक्षाकाश्मर्यखर्जूरपटोलारिष्टवासकैः ॥ कटुकालाजदुःस्पर्शैः सितायुक्तं तु पैत्तिके । भूनिम्बवचावासा त्रिफलेन्द्रजवत्सकैः ॥ पिचुमर्दपटोलाभ्यां कफजे मधुयुङ्मतम् । किराततिक्तकारिष्टयष्ट्याह्वाम्बुदवासकैः ॥ पटोलपर्पटोशीरत्रिफलाकौटजान्वितैः । कथितैर्द्वादशाङ्गं तु सर्वविस्फोटनाशनम् ॥ विस्फोटव्याधिनाशाय तण्डुलाम्बुप्रयोजितैः । बीजैः कुटजवृक्षस्य लेपः कार्यो विजानता ॥ छिन्ना पटोलभूनिम्बवासकारिष्टपर्पटैः । खदिराब्दयुतैः क्वाथो हन्ति विस्फोटकज्वरम् ॥ चन्दनं नागपुष्पं च सारिवा तण्डुलीयकम् । शिरीषवल्कलं जातीलेपः स्याद्दाहनाशनः ॥ उत्पलं चन्दनं लोध्रमुशीरं सारिवाद्वयम् । जलपिष्टेन लेपेन स्फोटदाहार्तिनाशनम् ॥ पुत्रजीवस्य मज्जानं जले पिष्ट्वा प्रलेपयेत् । कालस्फोटं विषस्फोटं सद्यो हन्ति सवेदनम् ॥ कक्षग्रन्थिं गलग्रन्थिं कर्णग्रन्थिं च नाशयेत् । हन्याच्च स्फोटकं ताम्रं पुत्रजीवो विलेपितः ॥

इति विस्फोटस्य चिकित्सा ।

વિસ્ફોટકમાં લંઘન અને વમન કરી પથ્ય ભોજન આપવું, અને દોષનું બળ જોઈને યોગ્ય વિરેચન દેવું તે હિતકારી છે.

જૂના રાતા ચોખા, જવ, મગ, મસૂર, અને તુવેર એ અનાજ વિસ્ફોટકવાળાને હિતકારી છે, એમ મુનિઓએ કહેલું છે.

બૃહત્પંચમૂળ, લઘુપંચમૂળ, રાસ્ના, દારૂહળદર, ગળો, વાળો, રાતો ધમાસો, ધાણા, અને મોથનો ક્વાથ પીવાથી વાયુના વિસ્ફોટકોનો તુરત નાશ થઈ જાય છે.

દ્રાક્ષ, સીવણ, ખજૂર, પરવળ, લીમડો, અરડુસી, કડુ, શાળની ધાણી, અને ધમાસાનો ક્વાથ સાકર નાંખીને પીવાથી પિત્તના વિસ્ફોટકો મટી જાય છે.

કરિયાતું, વજ, અરડુસી, ત્રિફળા, ઇંદ્રજવ, ધોળા ઇંદ્રજવ, લીમડો અને કડવા પરવળનો ક્વાથ મધ નાંખીને પીવાથી કફના વિસ્ફોટક મટી જાય છે.

દ્વાદશાંગ ક્વાથ

કરિયાતું, લીમડો, જેઠીમધ, મોથ, અરડુસી, કડવાં પરવળ, ખડસલિયો, વાળો, ત્રિફળા, અને ઇંદ્રજવ, એ બાર વાનાંનો ક્વાથ પીવાથી સર્વ પ્રકારના વિસ્ફોટકોનો નાશ થઈ જાય છે.

ઇંદ્રજવનાં બીજોને ચોખાના ધોવરામણમા વાટીને લેપ કરવાથી વિસ્ફોટક નાશ પામે છે.

ગળો, કડવા પરવળ, કરિયાતું, અરડુસી, લીમડો, ખડસલિયો, ખેર, અને મોથનો કવાથ પીવાથી વિસ્ફોટકનો જ્વર મટી જાય છે

રતાંજળી, નાગકેશર, ઉપલસરી, તાલીસપત્ર, હળદર, સરસડિયાની છાલ, અને ચંબેલીનો લેપ કરવાથી વિસ્ફોટકની બળતરા મટી જાય છે.

કમળ, રતાંજળી, લોધર, વાળો, અને બે જાતની ઉપલસરીને પાણીમા વાટીને લેપ કરવાથી વિસ્ફોટકનો દાહ નાશ પામે છે.

જીયાપોતાના ગર્ભને પાણીમાં વાટીને તેનો લેપ કરવાથી કાળા ફોલ્લા, તથા તેમની વેદના તુરત નાશ પામેછે. જીયાપોતાના લેપથી કાખની ગાઠ, ગળાની ગાઠ, કાનની ગાઠ, અને રાતા ફોલ્લા તુરત મટી જાયછે.

ફિરંગ રોગનો અધિકાર.

ફિરંગ નામનું કારણ

फिरङ्गसंज्ञके देशे बाहुल्येनैव यद्भवेत् । तस्मात् फिरङ्ग इत्युक्तो व्याधिर्व्याधिविशारदैः ॥

ફિરંગ નામના દેશમાં બહુ લાગે થતો હોવાથી વ્યાધિ જાણનારા કુશળ વૈદ્યોએ એ રોગને ફિરંગ કહેલો છે

ફિરંગનું દૂરનું નિદાન.

गन्धरोगः फिरङ्गोऽयं जायते देहिनां ध्रुवम् । फिरङ्गिनोऽङ्गसंसर्गात् फिराङ्गिण्याः प्रसङ्गतः ॥ व्याधिरागन्तुजो ह्येषदोषाणामत्र संक्रमः । भवेत्तल्लक्षयेत्तेषां लक्षणैर्भिषजां वरः ॥

फिराङ्गिण्या प्रसङ्गत इति विशेषार्थम् ।

ફિરંગી લોકોના સસર્ગથી તથા તેમની સાથેના પ્રસગથી માણસને ગધવાળો ફિરંગ રોગ થાય છે આ વ્યાધિ આગતુક છે, તેમા દોષોનો સબધ પછીથી થાય છે ઉત્તમ વૈદ્યે દોષનું લક્ષણ ઓળખી લેવું.

ફિરંગનું સ્વરૂપ.

फिरङ्गस्त्रिविधो ज्ञेयो बाह्य आभ्यन्तरस्तथा । बहिरन्तर्भवश्चापि तेषां लिङ्गानि च ब्रुवे ॥ तत्र बाह्यः फिरङ्गः स्याद्विस्फोटसदृशोऽल्परुक् । स्फुटितो व्रणवद्वैद्यैः सुखसाध्योऽपि स स्मृतः सन्धिष्वाभ्यन्तरः स स्यादामवात इव व्यथाम् । शोथं च जनयेदेष कष्टसाध्यो बुधैः स्मृतः ॥

ફિરંગરોગ ત્રણ પ્રકારનો છે, બાહ્ય, ફિરગ વિસ્ફોટક જેવો અને થોડી પીડા વાળો થાય છે, તથા તે વ્રણની પેઠે ફૂટે છે. વૈદ્યોએ તેને સાધ્ય ગણેલો છે આભ્યતર ફિરગ સાધાઓમાં થાય છે, તેમા આમવાતના જેવી પીડા થાય છે, તેમા સોજો થાય છે, અને વિદ્વાનોએ તેને કષ્ટસાધ્ય કહેલો છે, બાહ્યાભ્યતર ફિરગમાં આ બંને લક્ષણો એકઠાં હોય છે

ફિરંગના ઉપદ્રવો.

कार्श्यं बलक्षयो नासाभङ्गो वह्नेश्च मन्दता । अस्थिशोषोऽस्थिवक्रत्वं फिरङ्गोपद्रवा अमी ॥

કૃશતા, બળનો ક્ષય, નાકનું બેસી જવુ, અગ્નિનીમદતા, અને હાડકાઓનુ શોષણ તથા વાકાં વળી જવુ, એ ફિરગના ઉપદ્રવોછે.

ફિરંગની સાધ્યાસાધ્યતા

बहिर्भवो भवेत् साध्यो नवीनो निरुपद्रवः । आभ्यन्तरस्तु कष्टेन साध्यः स्यादयमामयः ॥ बहिरन्तर्भवश्चापि क्षीणस्योपद्रवैर्युतः । व्याप्तो व्याधिरसाध्योऽयमित्याहुर्मुनयः पुरा ॥ फिरङ्गनिदानम् ॥

નવો થયેલો તથા ઉપદ્રવો વગરનો બાહ્યફિરંગ સાધ્ય છે. આભ્યંતર ફિરંગ પીડાવાળો અને કષ્ટસાધ્ય છે, ઉપદ્રવો સહિત નબળા માણસને થયેલ વ્યાપ્ત પીડાવાળો બાહ્યાભ્યંતર ફિરંગરોગ પૂર્વના મુનિઓએ અસાધ્ય કહેલો છે

ફિરંગની ચિકિત્સા

फिरङ्गसंज्ञकं रोगं रसःकर्पूरसंज्ञकः । अवश्य नाशयेदेतदूचुः पूर्वचिकित्सकाः ॥ लिख्यते रसकर्पूरप्राशने विधिरुत्तमः । अनेन विधिना खादेन्मुखे शोथं न विन्दति ॥ गोधुमचूर्णं सन्नीय विदध्यात् सूक्ष्मकूपिकाम् । तन्मध्ये निःक्षिपेत्सूतं चतुर्गुञ्जा मितं भिषक् ॥ ततस्तु गुटिकां कुर्याद्यथा न दृश्यते बहिः । सूक्ष्मचूर्णे लवङ्गस्य ता वटीमवधूलयेत् ॥ दन्तस्पर्शो यथा न स्यात् तथा तामम्भसा गिलेत् । ताम्बूलं भक्षयेत्पश्चाच्छाकाम्ललवणांस्त्यजेत् ॥ श्रममातपमध्वानं विशेषात् स्त्रीनिषेवणम् ॥

इति रसकर्पूररस ॥

पारदष्टङ्कमानः स्यात् खादिरष्टङ्कसंमितः। आकारकरभश्चापि ग्राह्यष्टङ्कद्वयोन्मितः ॥ टङ्कत्रयोन्मितं क्षौद्रं खल्वे सर्वं विनिःक्षिपेत् ॥ संमर्द्य तस्य सर्वस्य कुर्यात् सप्तवटीर्भिषक् ॥ स रोगी भक्षयेत्प्रातरेकैकामम्बुना वटीम् । वर्जयेदम्ललवणं फिरङ्गस्तस्य नश्यति ॥ सप्तशालिवटी ॥

पारदः कर्षमात्रः स्यात्तावानेव हि गन्धकः । तण्डुलाश्चाक्षमात्राः स्युरेषां कुर्वीत कज्जलीम् ॥ तस्याः सप्त वर्टीः कुर्यात्ताभिर्धूमं प्रयोजयेत् । दिनानि सप्त तेन स्यात् फिरङ्गान्तो न संशयः ॥ धूमप्रयोगः ॥

पीतपुष्पबलापत्ररसैष्टङ्कमितं रसम् । हस्ताभ्यां मर्दयेत्तावद्यावत् सूतो न दृश्यते ॥ ततः संस्वेदयेद्धस्तावेवं वासरसप्तकम् । त्यजेल्लवणमम्लं च फिरङ्गस्तस्य नश्यति ॥ चूर्णयेन्निम्बपत्राणि पथ्यानिम्बाष्टमांशिका । धात्री च तावतीरात्री निम्बषोडशभागिका॥ शाणमानमिदं चूर्णमश्नीयादम्भसा सह । फिरङ्ग नाशयत्येव बाह्यमाभ्यन्तरं तथा ॥ चोपचीनीभवं चूर्णं शाणमानं समाक्षिकम् । फिरङ्गव्याधिनाशाय भक्षयेल्लवणं त्यजेत् ॥ लवणं यदि वा त्यक्तु न शक्नोति यदा जनः। सैन्धवं स हि भुञ्जीत मधुरं परमं हितम् ॥ पारदः कर्षमात्रः स्यात् तावन्मात्रं तु गन्धकम् । तावन्मात्रस्तु खदिरस्तेषां कुर्यात् तु कज्जलीम् ॥ रजनीकेशरं त्रुट्यौ जीरयुग्मं यवानिका । चन्दनद्वितयं कृष्णा वासी मासी च पत्रकम् ॥ अर्धकर्षमितं सर्वं चूर्णयित्वा च निःक्षिपेत् । तत्सर्वं मधुसर्पिर्भ्यां द्विपलाभ्यां पृथक् पृथक् ॥ मर्दयेदथ तत्खादेदर्धकर्षमितं नरः । व्रणः फिरङ्गरोगोत्थ-

स्तस्यावश्यं विनश्यति ॥ अन्योऽपि चिरजातोऽपि प्रशाम्यति महाव्रणः । एतद्भक्षयतः शोथो मुखस्यान्तर्न जायते ॥ वर्जयेदत्र लवणमेकविंशति वासरान् ॥

फिरङ्गस्य चिकित्सा ॥

ફિરંગરોગ રસકપૂર ખાવાથી અવશ્ય મટી જાય છે, એમ પૂર્વનાવૈદ્યોએ કહેલુ છે. રસકપૂર ખાવાનો ઉત્તમવિધિ એવો છે કે.– તે પ્રમાણે ખાવામાં આવે તો મુખમા સોજો ન થાય. ઘઉંના લોટની પાણીમાં કણક બાંધીને તેની કુલડી કરીને તેમાં ચાર રતિભાર રસકપૂર ભરી કુલડી ગોળ કરી બંધ કરી દેવી પછી તે ગોળીને લવંગના ચૂર્ણમા ખરડીને દાતને ન અડે એવી રીતે પાણીથી ગળી જવી, ઉપર નાગરવેલનુ પાન ખાવું રસકપૂર ખાનારાએ શાકો, ખારૂં, ખાટું, શ્રમ, તડકો, પંથ, અને મૈથુન એનો ત્યાગ કરવો જોઇયે

સપ્તશાલિ વટી.

પા તોલો પારો, પા તોલો કાથો, અરધો તોલો અકલકરો, અને પોણો તોલો મધ, એ સર્વને મર્દન કરીને વૈદ્યે તેની સાત ગોળીઓ કરવી. એક એક ગોળી સવારમા પાણીથી ખાવી, તથા ખારૂ ખાટું ન ખવાય તો ફિરંગરોગ મટી જાય છે

એક એક તોલો પારો, ગંધક, અને ચોખાની કજ્જલી કરીને તેની સાત ગોળી બનાવીને સાત દિવસ સુધી તેનો ધુમાડો પીવાથી ફિરંગરોગ મટી જાય છે. એમા સંશય નથી

પા તોલો પારાને પીળા ફૂલવાળી બલાના પાનના રસમાં પારો અદૃશ્ય થાય ત્યા સૂધી હાથવતે ચોળીને પછી બને હાથોને અગ્નિમા શેકવા આમ સાત દિવસ સૂધી કરવાથી, તથા ખટાઇ, ખારાશ છોડી દેવાથી ફિરંગરોગનો નાશ થઈ જાય છે.

લીમડાના પાનના ચૂર્ણમા તેથી આઠમે ભાગે હરડેનુ ચૂર્ણ, આઠમે ભાગે આમળાનું ચૂર્ણ, તથા સોળમે ભાગે હળદરનુ ચૂર્ણ નાખીને, તે ચૂર્ણ નિત્ય પા તોલા જેટલુ પાણીમા ખાવાથી બહારનો તથા અંદરનો ફિરંગ રોગ મટી જાય છે

પા તોલો ચોપચીનીનુ ચૂર્ણ મધમા ચાટવાથી, તથા લવણુ નહિ ખાવાથી, ફિરંગનો નાશ થઈ જાય છે લવણુ વગર નજ ચાલે તો સૈંધવ ખાવો, કેમકે તે સ્વાદિષ્ટ તથા બહુ હિતકારી છે

એક એક તોલાભાર પારો, ગંધક, અને કાથાની કજ્જલી કરીને તેમા હળદર, નાગકેશર, ઝીણી એળચી, જાડી એળચી, જીરૂ, શાહજીરૂં, અજમો, ચંદન, રતાજળી, પીપર, વંશલોચન, જટામાંસી, અને તમાલપત્રનુ ચૂર્ણ અરધો તોલો મેળવવું. પછી એ સર્વને આઠ તોલા મધમાં ખૂબ વાટીને પછી આઠ તોલા ઘીમાં વાટવું, પછી તેમાથી અરધો અરધો તોલો ખાવાથી ફિરંગના વ્રણો જરૂર મટા જાય છે. લાંબા કાળથી થયેલાં બીજા પ્રકારના વ્રણો પણ આથી મટી જાય છે આ દવા ખાનારને મુખમા સોજો થતો નથી આ ઔષધ એકવીસ દિવસ ખાવું અને ત્યાં સૂધી લૂણનો ત્યાગ કરવો

મસૂરિકાનો અધિકાર.

મસૂરિકાનું નિદાન.

कट्वम्ललवणक्षारविरुद्धाध्यशनाशनैः ।

दुष्टनिष्पावशाकाद्यैः प्रदुष्टपवनोदकैः ॥ क्रूरग्रहेक्षणाच्चापि देशे दोषसमुद्भवाः । जायन्ते हि शरीरेऽस्मिन् दुष्टरक्तेन सगताः ॥ मसूराकृतिसंस्थानाः पिडकाः सा मसूरीका॥

क्षारो यवक्षारादि । विरुद्धाशनै कट्वम्लादिविरुद्धान्नाशनै । अथच अध्यशनाक्षनम् अधिकमशनमध्यशनम् । दुष्टनिष्पावशाकाद्ये दुष्टैर्निष्पावशाकम आद्यशब्दान्मच्चालुकादि तै । प्रदुष्टपवनोदकै सविषकुसुमादिससर्गात् । क्रूरग्रहेक्षणाच्चापि देशेदेशे क्रूरग्रहा राहुशनैश्चरादयस्तेषामीक्षणाद्दृष्टे । यस्मिन् देशे क्रूरग्रहदृष्टिस्तत्रापि मसूरिकोत्पत्तिरित्यर्थः । मसूराकृतिसस्थान मसूरस्य या आकृतिस्तद्वत्सस्थानमाकृतिर्यासा ता ॥

વિરૂદ્ધ એવા કડવા, ખાટા, ખારા, અતિભોજનોથી, અતિક્ષારોથી બગડેલા વાલ વગેરે શાકોથી, ખરાબ પવન તથા પાણીથી, અને જે જે દેશો ઉપર ક્રૂરગ્રહોની દૃષ્ટિ પડેલી હોય તે તે દેશમા પણ દોષો ઉત્પન્ન થઈને આ શરીરની અદર દુષ્ટ રક્તમા મળીને મસૂર જેવા આકારની ફોલ્લીઓ કરે છે, તેને મસૂરિકા કહે છે

મસૂરિકાનું પૂર્વરૂપ

तासा पूर्वं ज्वरः कण्डूर्गात्रभङ्गोऽरतिर्भ्रमः । त्वचि शोथः सवैवर्ण्यो नेत्ररागस्तथैव च ॥

મસૂરિકા થવાની હોય તે પહેલા જ્વર ચળ, ગાત્રભગ, અણગમો, ભ્રમ, વિવર્ણતા સહિત ચામડીમાં સોજો, અને નેત્રોમા રતાશ થાય છે.

વાતિક મસૂરિકાનું લક્ષણ.

स्फोटाः कृष्णारुणा रूक्षास्तीव्रवेदनयान्विताः । कठिनाश्चिरपाकाश्च भवन्त्यनिलसम्भवाः ॥

વાયુની મસૂરિકાના ફોલ્લાઓ કાળા, રાતા, રૂક્ષ, તીવ્ર વેદનાવાળા, કઠણ, અને લાબે કાળે પાકનારા થાય છે

પિત્તની મસૂરિકાનું લક્ષણ.

सन्ध्यस्थिपर्वणा भेदः कासः कम्पोऽरतिर्भ्रमः । शोषस्ताल्वोष्ठजिह्वाना तृष्णा चारुचिसंयुता ॥ रक्ताः पीताः सिताःस्फोटाः सदाहास्तीव्रवेदनाः भवन्त्यचिरपाकाश्च पित्तकोपसमुद्भवाः ॥

પર્વો, અસ્થિઓ, તથા સાધાઓમા તુટ, ઉધરસ, કપ, અણગમો, ભ્રમ, તાળવું, હોઠ, અને જીભમા શોષ, તરશ અને અરૂચિ, અને રાતી, પીળી, શીતળ, દાહ તથા તીવ્ર વેદનાવાળી, અને તુરત પાકનારી ફોલ્લીઓ, એ પિત્તથી થાય છે.

રક્ત મસૂરિકાનું લક્ષણ.

विड्भेदश्चाङ्गमर्दश्च दाहतृष्णारुचिस्तथा । मुखपाकोऽक्षिपाकश्च ज्वरस्तीव्रः सुदारुणः ॥ रक्तजायां भवन्त्येते विकाराः पित्तलक्षणाः॥

વિષ્ટાનો ભેદ, અગભગ, દાહ તરસ, અરૂચિ, મુખ અને નેત્રોને પાક, અને તીવ્ર અતિદારૂણ જ્વર, આપિત્તના લક્ષણના વિકારો રક્તની મસૂરિકામા થાય છે

કફની મસૂરિકાનુ લક્ષણ

श्वेताः स्निग्धा भृशं स्थूलाः कण्डुरा मन्दवेदना । मसूरिकाः कफोद्भुताश्चिरपाकाः प्रकीर्तिताः ॥

ધોળી, ચીકણી, અત્યંત જાડી, ચળ-

વાળી, અને મદ વેદનાવાળી મસૂરિકા કફની છે, અને તે લાંબે કાળે પાકે છે

ત્રિદોષની મસૂરિકાનું લક્ષણ.

नीलाश्चिपिटविस्तीर्णा मध्ये निम्ना महारुजः । पूतिस्रावाश्चिरात्पाकाः प्रभूताः सर्वदोषजाः ॥

નીલી, ચપટી, વિસ્તીર્ણ, મધ્યમાથી નમેલી, બહુ પીડાવાળી, માસના સ્રાવવાળી, અને લાંબે કાળે પાકનારી મસૂરિકા ત્રણે દોષની જાણવી

રસગત મસૂરિકાનુ લક્ષણ.

मसूरिकास्त्वचं प्राप्तास्तोयबुद्बुदसन्निभाः। स्वल्पदोषाः प्रजायन्ते भिन्नास्तोयं स्रवन्ति च ॥ त्वच प्राप्ता । त्वक्शब्देनात्र रस उच्यते रसाश्रयत्वात् ॥

રસમાં રહેલી મસૂરિકા પાણીના પરપોટા જેવી, અલ્પદોષવાળી, અને અંદરથી પાણીને સ્રવનારી હોય છે.

રક્તગત મસૂરિકાનુ લક્ષણ

रक्तस्था लोहिताकाराः शीघ्रपाकास्तनुत्वचः । साध्या नात्यर्थदुष्टास्तु भिन्ना रक्त स्रवन्ति च ॥

साध्या रक्तस्था इत्यर्थः । नात्यर्थदुष्टास्तु अत्यर्थं दुष्टशोणिताः पुनर्न साध्या किन्तु कष्टसाध्या ॥

રક્તમા રહેલી મસૂરિકા લોહીના રગજેવી, તુરત પાકનારી, પાતળી ચામડીવાળી, ભેદાયાથી રક્તનો સ્રાવ કરનારી છે, તેમાં જો રક્ત અત્યત દૂષિત થયુ ન હોય તો તે સાધ્ય છે.

માંસગત મસૂરિકાનુ લક્ષણ.

मांसस्थाः कठिनाः स्निग्धाश्चिरपाकास्तनुत्वचः । गात्रशूलाऽनिशं कण्डूमूर्च्छादाहतृषान्विताः ॥

માંસમા રહેલી મસૂરિકા કઠણ, સ્નિગ્ધ, મોડી પાકનારી, પાતળી ત્વચાવાળી, ગાત્રોમા શૂળ તથા નિરંતર ચળવાળી, અને મૂર્ચ્છા તથા દાહ અને તૃષા કરનારી હોય છે.

મેદોગત મસૂરિકાનુ લક્ષણ.

मेदोजा मण्डलाकारा मृदवः किञ्चिदुन्नताः । घोरज्वरपरीताश्च स्थूलाः स्निग्धाः सवेदनाः ॥ संमोहाऽरतिसन्तापाः कश्चिदाभ्यो विनिस्तरेत् ॥

મેદમા રહેલી મસૂરિકા મડળના આકારની, કોમળ, કંઈક ઉંચી, ઘોર જ્વરવાળી, સ્થૂળ, સ્નિગ્ધ, વેદનાવાળી, સમોહ તથા અણગમો કરનારી, અને સતાપ આપનારી હોય છે, તેથી કોઇકજ બચી શકે છે

અસ્થિ મજ્જાગત મસૂરિકાનાં લક્ષણ.

क्षुद्रा गात्रसमा रूक्षाश्चिपिटाः किञ्चिदुन्नताः । मज्जोत्था भृशसंमोहा वेदनारतिसंयुताः ॥ भ्रमरेणेव विद्धानि कुर्वन्त्यस्थीनि सर्वतः । छिन्दन्ति मर्मधामानि प्राणानाशु हरंति च ॥

गात्रसमा गात्रतुल्यवर्णा । चिपिटा चिपिटाकारा । मज्जाग्रहणेनास्थ्नोऽपि ग्रहण तदाधारत्वात् । अत एवाग्रे 'भ्रमरेणेव विद्धानि कुर्वन्त्यस्थीनि सर्वत ' इति ॥ मर्मधामानि मर्मस्थानानि ।

ક્ષુદ્ર, ગાત્રજેવા વર્ણવાળી, રૂક્ષ, ચપટી કંઈક ઊંચી, તથા મોહ અને વેદના કરનારી

અને અણુગમો કરનારી અસ્થિગત તથા મજ્જાની મસૂરિકાઓ હાડકાંને ભમરાઓથી વીંધાયાં જેવા કરી નાંખેછે, અને મર્મસ્થળોને છેદીને પ્રાણ તુરત લેઇ લેછે.

વીર્યગત મસૂરિકાનું લક્ષણ.

पक्वाभाः पिडकाः स्निग्धाः श्लक्ष्णाश्चात्यर्थवेदनाः । स्तैमित्याऽरतिसंमोहदाहोन्मादसमन्विताः । शुक्रगायां मसूर्यां तु लक्षणानि भवन्ति हि । निर्दिष्टं केवलं चिह्नं जीवनं न तु दृश्यते ॥

पक्वाभा पक्वाकारा न तु पक्वा । श्लक्ष्णा. कोमला । निर्दिष्ट केवलं चिह्न न त्वस्याश्चिकित्सा युक्ता । यतो जीवन न दृश्यते ॥

પાકેલી જેવા દેખાવની સ્નિગ્ધ, કોમળ, અત્યંત વેદના વાળી, સ્તબ્ધતા તથા અણુગમો કરનારી, સમોહ અને દાહ કરનારી, અને ઉન્માદ કરનારી ફોલ્લીઓ વીર્યમાંની મસૂરિકામા થાય છે. આ ચિન્હો થાય તો તે કદી પણ જીવવા દેતી નથીજ

દોષોની પરીક્ષા વિષે.

दोषमिश्रास्तु सप्तैता द्रष्टव्या दोषलक्षणैः।

દોષોથી મિશ્ર એવી આ સાત પ્રકારની મસૂરિકાઓની દોષનાં લક્ષણો ઊપરથી પરીક્ષા કરી લેવી.

ત્વચાગત મસૂરિકાઓનું લક્ષણ.

कण्ठरोधोऽरुचिस्तन्द्रा प्रलापाऽरतिसंयुताः । दुश्चिकित्स्याः समुद्दिष्टाः पिडकाश्चर्मसंश्रिताः ॥

કંઠનોરોધ, અરૂચિ, તદ્રા, અને અણુગમા સહિત પ્રલાપવાળી ત્વચામાંની મસૂરિકાઓની ચિકિત્સા બહુ કષ્ટસાધ્ય છે.

રોમાંતિકા મસૂરિકાનાં લક્ષણ.

रोमकूपोन्नतिसमा रागिण्यः कफपित्तजाः कासारोचकसंयुक्ता रोमान्त्यज्वरपूर्विकाः ॥

પ્રથમ જ્વર આવીને રૂંવાડાં ઊભાં થ જાય એવી, રૂવાડાંના ખાડા જેટલી ઊંચી રતાશવાળી, અને ઉધરસ તથા અરૂચિ કરનારી મસૂરિકા રૂંવાડાનાં અંત સૂધી પહોંચેલ જાણવી, તે કફ અને પિત્તથી થાય છે.

મસૂરિકાની સાધ્યાસાધ્યતા.

त्वग्गता रक्तगाश्चैव पित्तजाः श्लेष्मजस्तथा । श्लेष्मपित्तकृताश्चैव सुखसाध्या मसूरिकाः ॥ एता विनापि क्रियया प्रशाम्यन्ति शरीरिणाम् । त्वग्गता रसगताः ॥

वातजा वातपित्तोत्था वातश्लेष्मकृताश्च याः । कष्टसाध्याः स्मृतास्तास्तु यत्नादेता उपाचरेत् ॥

असाध्याः सन्निपातोत्थास्तासां वक्ष्यामि लक्षणम् । प्रवालसदृशाः काश्चित्काश्चिज्जम्बूफलोपमाः ॥ लोहजालसमाः काश्चिदतसीफलसन्निभाः । आसां बहुविध वर्णा जायन्ते दोषभेदत ॥

प्रवालसदृशा इत्यादि । आसां प्रवालजम्बूफललोहगुटिकातसीफलसादृश्यं वर्णेन । अनुक्तवर्णप्रहार्थमाह । आसां बहुविधा वर्णा इति ।

कासो हिक्का प्रमेहश्च ज्वरस्तीव्रः सुदारुणः । प्रलापारतिमूर्च्छाश्च तृष्णा दाहोऽतिघूर्णता ॥ दाहोतिघूर्णता इत्यस्य स्थाने दौर्गन्ध्यघूर्णते इति च पाठ. ।

मुखेन प्रस्रवेद्रक्तं तथा घ्राणेन चक्षुषा ।

कण्ठे घुर्घुरकं कृत्वा श्वसित्यत्यर्थदारुणम् ॥ मसूरिकाभिभूतस्य यस्यैतानि भिषग्वरैः । लक्षणानीह दृश्यन्ते न देयं तस्य भेषजम् ॥

अतिघूर्णता अतिनिद्रा ॥

ત્વચામાંની, રક્તની, પિત્તની, કફની, અને કફપિત્તની મસૂરિકાઓ સુખસાધ્ય છે, એ વિનાની પણ ઉપાયોથી મટે છે ખરી. વાયુની, વાતપિત્તની, અને વાત કફની મસૂરિકાઓ કષ્ટસાધ્ય છે; તેના ઉપાયો યત્નથી કરવા. સન્નિપાતની મસૂરિકા અસાધ્ય છે, તેનાં લક્ષણો કહું છું. તેમાની કેટલીક પરવાળાં જેવી, કેટલીક જાંબુ જેવી, કેટલીક લોહજાળ જેવી, અને કેટલીક અળસીના ફળ જેવી, એમ દોષ ભેદથી તેના ઘણા વર્ણો હોય છે, ઉધરસ, હેડકી, પ્રમેહ, તીવ્ર અને અતિ દારૂણ જ્વર, પ્રલાપ, અણગમો, મૂર્છા, તરશ, દાહ, અને કંઠમાં બહુ ઘુરઘુરાટ, મુખમા થી રક્ત નીકળતું હોય, નાક તથા નેત્રોમાંથી પણ લોહી પડતું હોય, અને કંઠમાં ઘુરઘુરાટ કરીને કષ્ટથી શ્વાસ ચાલતો હોય, તો આ સર્વ લક્ષણો જોઇને વૈદે તે મસૂરિકાવાળાને કંઇ ઉપાય કરવા નહિ.

મસૂરિકાનું અરિષ્ટ.

मसूरिकाभिभूतो यो भृशं घ्राणेन निःश्वसेत् । स भृशं त्यजति प्राणान् तृष्णार्त्तो वायुदूषित. ॥ वायुदूषित. अपतानकादिवातव्याधिदूषित ।

મસૂરિકાવાળો નાકથી ઉતાવળો શ્વાસ લેતો હોય, તરશ્યો રહેતો હોય, અને વાયુ દૂષિત થયો હોય તો તે તુરત પ્રાણ ત્યાગ કરેછે.

મસૂરિકાના સોજા વિષે.

मसूरिकान्ते शोथः स्यात् कूर्परे मणिबन्धके । तथांसफलके वापि दुश्चिकित्स्य सुदारुणः ॥ दुश्चिकित्स्य सुदारुण । दुश्चिकित्स्य कष्टसाध्यः । दु शब्दोऽत्र निषेधार्थस्तेनासाध्य इत्येके ।

હાથની કોણી તથા કાંડા ઉપર મસૂરિકાની અંતે સોજો થાય છે, તથા ખભા ઉપર પણ થાય છે. તે અતિદારૂણ હોવાથી માંડ માંડ ચિકિત્સા થઇ શકે તેવો હોય છે.

મસૂરિકા વિષે સામાન્ય વિચાર.

काश्चिद्विनापि यत्नेन सिध्यन्त्याशु मसूरिकाः । दुष्टाः कृच्छ्रतरा काश्चित् काश्चित् सिद्ध्यन्ति वा न वा ॥ काश्चिनैव तु सिध्यन्ति साध्यमाना प्रयत्नत ।

इति मसूरिकानिदानम् ॥

કેટલીક મસૂરિકાઓ વગર ઉપાયે પણ મટે છે, કેટલીક વધારે કષ્ટસાધ્ય પણ થાય છે, અને કેટલીક તો બહુ યત્નથી પણ નજ મટે તેવી હોય છે,

મસૂરિકાની ચિકિત્સા

मसूरिकाया कुष्ठेषु लेपनादिक्रिया हिता । पित्तश्लेष्मविसर्पोक्ता क्रिया चात्र प्रशस्यते ॥ श्वेतचन्दनकल्काढ्यं हिलमोचीभवं द्रवम् । पिबेन्मसूरिकारम्भएव वा केवलं रसम् ॥ हिलमोचिका शाकविशेष. । हुरहुरेति लोके ॥

द्वे पञ्चमूल्यौ रास्ना च धान्युशीरं दुरालभा । सामृत धान्यकं मुस्तं जयेद्वातमसू-

रिकाम् ॥ मञ्जिष्ठावहुपारलुक्षशिरीषोदुम्बरत्वचः । वातजाया मसूर्यां स्यात् प्रलेपः सर्वतो हितः ॥ वाह्नुपादूटः ॥

गुडूची मधुकं द्राक्षा मोरटं दाडिमैः सह । पाककाले प्रदातव्यं भेषजं गुडसंयुतम् ॥ तेन कुप्यति नो वायुः पाकं यान्ति मसूरिकाः । मोरटं ऐक्षव मूलम् ।

मसूरिकासु भुञ्जीत शालीन्मुद्गमसूरिकान् । रसं मधुरमेवाद्यात् सैन्धवं चाल्पमात्रकम् ॥ पटोलमूलं कथितं मोरटस्वरसं तथा ॥।

पटोलमूल कथितमित्यत्र पटोलं कथित चैवेति वा पाठ ॥

आदावेव मसूर्यां तु पित्तजायां प्रयोजयेत् । निम्बः पर्पटकःपाठा पटोलश्चन्दनद्वयम् ॥ उशीरं कटुका धात्री तथा वासा दुरालभा । एषां पानं शृतं शीतमुत्तमं शर्करान्वितम् ॥ मसूर्यां पित्तजायां तु प्रयोक्तव्यं विजानता । दाहे ज्वरे विसर्पे च व्रणे पित्ताधिकेऽपि च ॥ मसूर्यो रक्तजा नाशं यान्ति शोणितमोक्षणैः । वासामुस्तकभूनिम्बत्रिफलेन्द्रयवासकम् ॥ पटोलारिष्टकं चापि क्वाथयित्वा समाक्षिकम् । पिबेत्तेन प्रशाम्यन्ति मसूर्यः कफसम्भवाः ॥

इन्द्र इन्द्रयव. ॥

शिरीषोदुम्बरत्वग्भ्यां खदिरारिष्टजैर्दलैः । कफोत्थासु मसूरीषु लेपः पित्तोत्थितासु च ॥ निम्बः पर्पटकः पाठा पटोलः कटुरोहिणी । चन्दने द्वे उशीरं च धात्री वासा दुरालभा ॥ एष निम्बादिकः क्वाथ पीत शर्करयान्वित । मसूरीं सर्वजां हन्ति ज्वरवीसर्पसंयुताम् ॥ उत्थिता प्रविश च तां पुनर्बाह्यतो नयेत् । काञ्चनारत्वच क्वाथस्ताप्यचूर्णविचूर्णितः ॥

ताप्य सुवर्णमाक्षिकम् ।

धात्रीफलं समधुकं कथितं मधुसंयुतम् मुखे कण्ठे व्रणे जाते गण्डूषार्थं प्रशस्यते अक्ष्णोः सेकं प्रशंसन्ति गवेधुमधुकाम्बुना

गवेधुर्गवेधुका । गवडुया इति लोके ।

मधुकं त्रिफला मूर्वा दार्वी त्वङ्नीलमुत्लम् । उशीरलोध्रमञ्जिष्ठाः प्रलेपाश्च्योत हिताः ॥ नश्यन्त्यनेन दृग्जाता मसूर्यो भवन्ति च । प्रलेपं चक्षुषोर्दद्यादुदुम्बर वल्कलैः ॥ पञ्चवल्कलचूर्णेन क्लेदिनीमव लयेत् । भस्मना केचिदिच्छन्ति केचिद्गो यरेणुना ॥ सुषवीपत्रनिर्यूहं हरिद्राचूर्णसं तम् ॥ रोमन्तीज्वरवीसर्पव्रणानां शान्त पिबेत् ॥

કોઢ઼ ઉપર કહેલાં લેપનો વગેરે (ક્રિત્સા મસૂરિકામાં પણ હિતકારી થાયછે.

પિત્ત તથા કફથી થતા વિસર્પની ચિકિત્સા કહેલી છે. તે મસૂરિકામા પ કરવી.

મસૂરિકા શરૂ થાય ત્યાંજ હિલમો(કાનો સ્વરસ સુખડનો કલ્ક નાંખીને પીવ અથવા એકલો એ સ્વરસજ પીવો.

બૃહત પંચમૂળ તથા લઘુપંચમૂળો, ર રના, આમળાં, વાળો, રાતો ધમાસો, ગળે ખાણુ, અને મોથને વાટીને પીવાથી વાયુ મસૂરિકા મટી જાય છે.

મજીઠ, વડ, મોટી પીપર, સરસડિયો, અને ઊંબરાની છાલો વાટીને તેનો લેપ કરવાથી વાયુની મસૂરિકામાં ઠીક થાયછે

મસૂરિકા પાકવા માંડે ત્યારે ગળો, જેઠીમધ, દ્રાક્ષ, શેરડીનાં મૂળ અને દાડમને વાટીને તેમા ગોળ નાખીને પીવાથી વાયુ પ્રકોપ નહિ પામતા મસૂરિકા પાકી જાય છે.

મસૂરિકા વાળાએ રાતા ચોખા, મગ, મસુર, મધુરરસ, અને થોડોક સિંધવ ખાવો

પિત્તની મસૂરિકા હોયતો પ્રથમથીજ કડવાં પરવળના મૂળનો ક્વાથ, અથવા એ ક્વાથમા શેરડીનાં મૂળનો સ્વરસ નાંખીને પીવો

લીમડો, ખડસલિયો, કાળીપહાડ, કડવાં પરવળ, સુખડ, રતાંજળી, વાળો, કડુઆમળા, અરડુસો, અને રાતા ધમાસાને વાટીને તેમા સાકર નાંખીને શીતળ પાન પીવાથી પિત્તની મસૂરિકા મટી જાય છે, તથા દાહ, પિત્તજ્વર, પિત્તવ્રણ, અને પિત્ત વિસર્પ ઉપર પણ સમજુ વૈદ્યે આ ઉપાય કરવો.

લોહીની મસૂરિકા લોહી કઢાવવાથી મટે છે.

અરડુસો, મોથ, કરિયાતું, ત્રિફળા, ઇદ્રજવ, જવાસો, કડવા પરવળ, અને લિંમડો એમનો ક્વાથ મધ નાખીને પીવાથી કફની મસૂરિકા શાંત થઈ જાય છે.

સરસડિયાની તથા ઉંબરાની છાલો, અને ખેર તથા લીમડાના પાનોનો લેપ કરવાથી કફ તથા પિત્તની મસૂરિકાઓ મટી જાય છે.

લીમડો, ખડસલિયો, કાળીપાડ, કડવા પરવળ, કડુ, સુખડ, રતાજળી, વાળો, આમળા, અને અરડુસી, તથા રાતા ધમાસાનો ક્વાથ સાકર નાખીને પીવાથી સર્વ દોષોથી થયેલી અને જ્વર તથા વિસર્પવાળી મસૂરિકા પણ હણાઈ જાય છે.

મસૂરિકા બહાર નીકળ્યા પછી પાછી શરીરમાં પેસી જાય તો કાંચનારની છાલનો ક્વાથ સ્વર્ણમાક્ષિક (સોનામુખી) નાંખીને પીવાંથી તે પાછી બહાર નીકળે છે. મુખ કે ગળામા વ્રણ થયેલ હોય તો આમળાં અને જેઠીમધનો ક્વાથ મધ નાખીને તેના કોગળા કરવાથી તે હિતકારી થાયછે.

ધાવડીનાં ફુલ અને જેઠીમધના ક્વાથમા મધ નાખી તેનુ પાણી મહોડે અને કંઠે થયેલા વ્રણને માટે કોગળા કરવા (સેચવા) માં પ્રસિદ્ધ છે.

શેગી અને જેઠીમધનુ પાણી આખોમાં છાંટવાથી મસૂરિકાને લીધે બગડેલી આખો સારી થાય છે.

જેઠીમધ, ત્રિફળા, મોરવેલ અથવા પીલુડી, દારૂહળદરની છાલ, નીલકમળ, વાળો, લોદર, અને મજીઠનો લેપ નેત્રોઉપર કરવાથી, અથવા તેનાં ટીપા આંખોમાં નાંખવાથી, નેત્રોમા થયેલી મસૂરિકા નાશ પામી જાય છે, તે પછી કદી પણ થતી નથી.

આંખોમા મસૂરિકા થાય તો ગુલ્લીની છાલને વાટીને જાડો લેપ કરવો.

મસૂરિકામાં કલેદ થયો હોય તો તે ઉપર પચ વલ્કલનું ચૂર્ણ ભભરાવવુ. કેટલાક વૈદ્યો તેના ઉપર ભસ્મ ભભરાવવાનું, અને કેટલાક વૈદ્યો છાણાનુ ચૂર્ણ ભભરાવવાનુ પણ કહે છે.

કારેલીનાં પાનનો ક્વાથ હળદરનું ચૂર્ણ નાખીને પીવાથી રૂવાડાં સુધી પહોંચેલી મસૂરિકા, જ્વર, વિસર્પ, અને વ્રણ મટી જાય છે.

શીતળાનો અધિકાર.

શીતળાનું નિદાન તથા લક્ષણ.

देव्या शीतलयाक्रान्ता मसूर्येव हि शीतला । ज्वरयेच्च यथाभूताधिष्ठितो विषमज्वरः ॥ सा च सप्तविधाख्याता तासां भेदान् प्रचक्ष्महे । ज्वरपूर्वा बृहत्स्फोटैः शीतला बृहती भवेत् ॥ सप्ताहान्निःसरत्येव सप्ताहात्पूर्णतां व्रजेत् । ततस्तृतीये सप्ताहे शुष्यति स्खलति स्वयम् ॥ तासा मध्ये यदा काचित् पाकं गत्वा स्फुटेत् स्रवेत् । तत्रावधूलनं कुर्याद्वनगोमयभस्मना ॥ निम्बसत्पत्रशाखाभिर्मक्षिकामपसारयेत् । जलं च शीतलं दद्याज्ज्वरेऽपि न तु तत्पचेत् ॥ स्थापयेत्तं स्थूले पूते रम्ये रहसि शीतले । नाशुचिः संस्पृशेत्तत्तु न च तस्यान्तिकं व्रजेत् ॥ बहवा भिषजो नात्र भेषजं योजयन्ति हि । केचित्प्रयोजन्त्येव मतं तेषामथ ब्रुवे ॥ ये शीतलेन सलिलेन विपिष्य सम्यङ्निम्बाक्षबीज सहितां रजनीं पिबन्ति । तेषा भवन्ति न कदाचिदपीह देहे पीडाकरा जगति शीतलिकाविकाराः ॥ मोचारसेन सहितं सितचन्दनेन वासारसन मधुक मधुकेन चाथ । आदौ पिबन्ति सुमनास्वरसेन मिश्रं तेनाप्नुवन्ति भुवि शीतलीकाविकारान् ॥

मोचारसेन कदलीस्तम्भजलेन । मधुकेन चाथ अथवा मधुना । आदौ पूर्वरूपे ज्वरागमनमात्रे । सुमनास्वरसेन जातीपत्रस्वरसेन ॥

शीतलासु क्रियाकार्या शीतला रक्षयासह । बध्नीयान्निम्बपत्राणि परीतो भवनान्तरे ॥ कदाचिदपिनो कार्यमुच्छिष्टस्य प्रवेशनम् । स्फोटेष्वपि सदाद्येषु रक्षारेणुत्करो हितः ॥ तेन ते शोषमायान्ति प्रपाकं न भजन्ति च ॥

रक्षारेणूत्करः । शुष्कगोमयभस्म चूर्णप्रक्षेप. ।

चन्दनं वासको मुस्तं गुडूची द्राक्षया सह । एषां शीतकषायस्तु शीतज्वरनाशनः ॥

(शीतकषायो हिम) ॥

जपहोमोपहारैश्च दानस्वस्त्ययनार्चनैः । विप्रगोशम्भुगौरीणां पूजनैस्तां शमं नयेत् ॥ स्तोत्रं च शीतलादेव्याः पठेच्छितलिकान्तिके । ब्राह्मणः श्रद्धया युक्तस्तेन शाम्यन्ति शीतलाः ॥

शीतलास्तोत्रम् ।

स्कंदउवाच ॥

भगवन्देवदेवेश शीतलायाःस्तवं शुभम् । वक्तुमर्हस्यशेषेण विस्फोटकभयापहम् ॥

ईश्वर उवाच ॥

ध्यानम् ॥ वन्देऽहं शीतलां देवीं रासभस्थां दिगम्बराम् । यामासाद्य निवर्तेत विस्फोटकभयं महत् ॥ अस्य श्रीशीतलास्तोत्रस्य । महादेव ऋषिः । अनुष्टुप् छन्दः । शीतला देवता । शीतलोपद्रवशान्त्यर्थे जपे विनियोगः ॥ शीतले शीतले चेति यो ब्रूयाद्दाहपीडितः । विस्फोटकभयं घोरं क्षिप्रं तस्य प्रणश्यति ॥ यस्त्वामुदकमध्ये तु धृत्वा संपूजयेन्नरः । विस्फोटकभयं घोरं कुले तस्य न जायते ॥ शीतले ज्वरदग्धस्य पूतिगन्धरातस्य च । प्रणष्टचक्षुषः पुंसस्त्वामाहुर्जीवितौष

घम् ॥ नमामि शीतलां देवीं रासभस्थां दिगम्बराम् । मार्जनीकलशोपेतां शूर्पालंकृतमस्तकाम् ॥ शीतले तनुजान् रोगान्नृणां हरसि दुस्तरान् । विस्फोटकविशीर्णानां त्वमेकामृतवर्षिणी ॥ गलगण्डग्रहा रोगा ये चान्ये दारुणा नृणाम् । त्वदनुध्यानमात्रेण शीतले यान्ति ते क्षयम् ॥ न मन्त्रं नौषधं किञ्चित्पापरोगस्य विद्यते । त्वमेका शीतले धात्री नान्यां पश्यामि देवताम् ॥ मृणालतन्तुसदृशीं नाभिहृन्मध्यसंस्थिताम् । यस्त्वां सञ्चिन्तयेद्देवि तस्य मृत्युर्न जायते ॥ अष्टकं शीतलादेव्या यः पठेन्मानवः सदा । विस्फोटकभयं घोरं कुले तस्य न जायते ॥ श्रोतव्यं पठितव्यं च नरैर्भक्तिसमन्वितैः । उपसर्गविनाशाय परस्वस्त्ययनं महत् ॥ शीतलाष्टकमेतद्धि न देयं यस्य कस्यचित् । किं तु तस्मै प्रदातव्यं भक्तिश्रद्धान्वितो हि यः॥

इति काशीखण्डे शीतलास्तोत्र सम्पूर्णम् ॥

શીતલાદેવીથી મસૂરિકા થાય તો તે રોગ શીતલા કહેવાય છે ભૂતના આવેશથી આવેલા વિષમજ્વર જેવો જ્વર શીતલામા આવે છે તે શીતલાના સાત ભેદો આગળ કહેવાશે. પ્રથમ જ્વર આવીને પછી મોટા ફોલ્લા નીકળેલા હોય તો તેને બૃહત્ શીતલા (મોટી શીતલા) કહે છે એ રોગ પહેલા સાત દિવસમાં નીકળી રહે છે, બીજા સાત દિવસોમાં ભરાઇ જાય છે, અને ત્રીજા સાત દિવસોમાં સૂકાઈને ખરી પડે છે

શીતળાની ચિકિત્સા.

કોઇ શીતલા પાકીને ફાટે છે તથા અવે છે તો તે ઉપર અડાયાંની રાખ ભભરાવવી, તથા લીમડાના સારાં પાંદડાંઓવાળી શાખાઓવડે ઉપરથી માખીઓને ઉડાડવી. જ્વર હોય તો પણ શીતળ જળજ પાવું, પણ ઉનુ પાવું નહિ, રોગીને પવિત્ર, રમણીય, એકાત, અને શીતળ સ્થળમા રાખવો, તથા કોઇ અપવિત્ર માણુસનો તેને સ્પર્શ થવા દેવો નહિ, અને તેની પાસે પણ જવું નહિ, ઘણા વૈદ્યો શીતલાના રોગમા ઔષધ આપતાજ નથી. અને કેટલાક અવશ્ય આપે છે. એ ઔષધ આપનારા વૈદ્યોના મત પ્રમાણે શીતલાની ચિકિત્સા કહું છું.

જગતમાં જે લીમડાનાં તથા બેડાના બીજ અને હળદરને ટાઢા પાણીમાં ખૂબ વાટીને પીએ છે, તેના શરીરમાં પીડા કરનારા શીતલાના વિકારો કદી પણ થતા નથી.

પ્રથમથી જેઓ જ્વર આવે કે તુરતજ કેળનુ પાણી, સુખડનો રસ, અરડૂસીનો રસ, જેઠીમધનો રસ, ચમેલીના પાનનો રસ, એમાંની કોઇપણ એક વસ્તુ મધ નાખીને પીએ, તેને શીતલાના વિકારો થતા જ નથી.

શીતલામાં સર્વ શીતળ ઉપચારોજ કરવા, મત્રાદિકથી ભતાદિકનાં નિવારણ પણ કરવાં, અને ઘરની અદર ચારેમેર લીમડાનાં પાનો બાંધવા તે ઘરમાં ઉચ્છિષ્ટનો પ્રવેશ કદી થવા દેવો નહિ.

શીતલાના ફોલ્લામા બળતરાથતી હોય તો પણ તેમાં છાણાંની રાખ ભભરાવવી તે હિતકારી છે. એથી ફોલ્લા સૂકાઇ જઇને પાકતા પણ નથી.

રતાંજળી, અરડૂસી, મોથ, ગળો, અને દ્રાક્ષનુ હિમ પાવાથી શીતલાનો જ્વર નાશ પામે છે.

જપ, હોમ, બલિદાનો, દાન, સ્વસ્તિવાચનો, પૂજનો, અને બ્રાહ્મણ, ગાય, તેમજ સદાશિવ અને જગદંબાના અર્ચનો કરવાથી શીતલા શાંત થાય છે.

શીતલાવાળા પાસે શ્રદ્ધાપૂર્વક બ્રાહ્મણે સ્તોત્ર પાઠ કરવો, તેથી પણ શીતલા શાંત થાય છે,

(શીતળા સ્તોત્ર)

સ્કંદ પૂછે છે—હે સર્વ દેવોના સ્વામિ! હે મહારાજ હે દેવ, વિસ્ફોટકના ભયને મટાડનારૂં શીતલાનું સ્તોત્ર મને આપે સંપૂર્ણ રીતે કહેવું જોઇએ,

ઈશ્વર કહે છે—"ગધેડા ઉપર બેઠેલાં નગ્ન શીતલાદેવીને હું વંદન કરૂં છું, કેમકે એની કૃપાથી વિસ્ફોટકનો મહાભય મટી જાય છે." એમ પ્રથમ ધ્યાન કરવું. "આ શ્રી શીતલા સ્તોત્રના ઋષિ મહાદેવ છે, અનુષ્ટુપ્ છંદ છે, શીતલા દેવતા છે, તે હું શીતલાનો ઉપદ્રવ શાંત થવા માટે જપું છું. દાહથી પીડાતો જે કોઇ 'હે શીતલે,' એમ બોલે છે, તેનો વિસ્ફોટકનો ઘોર ભય નાશ પામે છે, હે શીતલે, જે તમને જળમાં પધરાવીને તમારૂં પૂજન કરેછે, તેના કૂળમાં વિસ્ફોટકનો ભય ઉત્પન્ન થતો નથી. જ્વરથી બળી જતા, દુર્ગંધીવાન બની ગયેલા, અને જેનાં નેત્રો નાશ પામ્યા છે, એવા માણસના જીવનનું ઉત્તમ ઔષધ, હે શીતલે, તમેજ છો, એમ વિદ્વાનો કહે છે. ઝાડુ કાઢવાનો સાવરણો અને કળશ ધારણ કરનારાં તથા સૂપડાંથી શોભનારાં મસ્તકવાળાં અને ગધેડા ઉપર નગ્ન બેઠેલાં શીતલા દેવીને નમુંછું. હે શીતલે માણસોના દેહોમાં ઉત્પન્ન થયેલા દુસ્તર રોગોને તમે હરી લો છો. વિસ્ફોટકથી અતિશય દુઃખી થતાં લોકો ઉપર અમૃતનો વર્ષાદ વર્ષાવનારાં તમે એકજ છો હે શીતલે, લોકોના શરીરમાં ગડગુમડાં વગેરે બીજા પણ દારૂણ રોગો જે જે થાય છે તેઓ તમારા ધ્યાનમાત્રથી નાશ પામે છે આ દુષ્ટ રોગનું બીજું કાંઇપણ ઔષધ કે મંત્રાદિ નથી હે શીતલે, આ રોગથી બચાવનારા તમે એકજ છો. તમારા વિના આ રોગથી બચાવનાર બીજો કોઈપણ દેવ જોવામાં આવતો નથી. હે દેવિ, કમળના નાળમાંના તંતુ જેવાં અને નાભિ તથા હૃદયના મધ્યમા રહેલાં તમારૂં જે કોઇ ચિંતનકરે છે તેનું મરણ થતું નથી. જે કોઇ શીતલાદેવીના આ આઠ શ્લોકોનો સર્વદા પાઠ કરે તેના કુળમાં વિસ્ફોટકનો તીવ્ર ભય ઉત્પન્ન થતો નથી. આ શીતલાસ્તોત્ર ઉત્તમ છે અને મહાકલ્યાણકારી છે તેનો દુઃખના વિનાશ અર્થે ભક્તિભાવ સહિત પાઠ કરવો, તથા તેનું શ્રવણ કરવું. આ શીતલાષ્ટક નામનું સ્તોત્ર જેને તેને આપી દેવું નહિ પણ ભક્તિ તથા શ્રદ્ધાવાળાનેજ આપવું" એ રીતે કાશીખંડમાં કહેલું શીતલાષ્ટક સ્તોત્ર છે.

શીતલાનો બીજો ભેદ.

वातश्लेष्मसमुद्भूता कोद्रवा कोद्रवाकृतिः। तां कश्चित्माह पकोति सा तु पाकं न गच्छति॥ जलशूक इवाङ्गानि सा विध्यति विशेषतः। सप्ताहाद्वा दशाहाद्वा शान्ति याति विनौषधम्॥ यदि वा भेषजं दद्यात् खदिराष्टकानिर्मितम्। कषायं हि तदा दद्यात् कोद्रवायाः प्रशान्तये॥

कोद्रवा कोदरा इति लोके।

વાત તથા કફથી કોદરાના જેવો શીત-

ળાનો રોગ થાય છે તેને કોદ્રવા કહે છે. એને કોઈ પાકેલ સમજે છે, પણ તેનો પાક થતોજ નથી આ શીતળા પાણીના શૂક નામના કીડાની પેઠે શરીરને વીંધી નાખે છે, અને તે સાત કે દશ દિવસે વગર ઔષધેજ શાંત થઈ જાય છે. જો દવા કરી હોય તો કોદ્રવની શાંતિ માટે ખદિરાષ્ટક ક્વાથ આપવો.

શીતળાનો ત્રીજો ભેદ

ऊष्मणा तूष्मजारूपा सकण्डूः स्पर्शनप्रिया । नाम्ना पाणिसमाख्यातासप्ताहाच्छुष्यति स्वयम् ॥

ऊष्मजारूपा षडूष्मजा राजिकाः । अभीरी इति लोके वदन्ति तद्रूपा । पाणिसहा पनिसहा इति लोके ।

ગરમીને લીધે રાઈ જેવા આકારની, ચળવાળી, તથા સ્પર્શથી ઠીક લાગે એવી શીતળાને પાણીસહા કહે છે. તે સાત દિવસે શાંત થાય છે.

શીતળાનો ચોથો ભેદ.

चतुर्थी सर्षपाकारा पीतसर्षपवर्णिनी । नाम्ना सर्षपिका ज्ञेयाभ्यङ्गमत्र विवर्जयेत् ॥

ચોથી સર્ષવના આકારની, પીળા સર્ષપવા જેવા વર્ણ વાળી સર્ષપિકા નામની શીતળાછે, તેમા અભ્યગનો ત્યાગ કરવો જોઈએ.

શીતળાનો પાંચમો ભેદ.

किञ्चिदूष्मनिमित्तेन जायते राजिकाकृतिः । एषा भवति बालानां मुखे शुष्यति च स्वयम् ॥

एषा दु खकोद्रव इति लोके ख्याता ॥

કંઈક ગરમીને લીધે રાઈના જેવા આકારની શીતળા થાય છે, તે બાળકોના મોઢા ઉપર થાય છે, અને તે એનીમેળે સુકાયછે.

શીતળાનો છઠ્ઠો ભેદ.

कोठवज्जायते षष्ठी लोहितोन्नतमण्डला । ज्वरपूर्वा व्यथायुक्ता ज्वरस्तिष्ठेद्दिनत्रयम् ॥

एषा मगधदेशे दाम इति प्रसिद्धा ।

છઠ્ઠી શીતળ કોઠ રોગ જેવી અને રાતા ઊંચાંસડળો વાળી થાય છે, તેમાં પ્રથમ જ્વર અને પીડા થાય છે જ્વર ત્રણ દિવસ રહે છે. મગધદેશમાં એને 'દામ' કહે છે.

શીતળાનો સાતમો ભેદ.

स्फोटानां मिलनादेषां बहुस्फोटाऽपि दृश्यते ॥

एकस्फोटे च कृष्णा च बोद्धव्या चर्मजाभिधा ॥

चर्मजाभिधा चरगोटि इति लोके ।

ફોલ્લાઓના મળી જવાથી બહુ ફોલ્લાઓ થાય છે. એક ફોલ્લામાં કાળી ફોલ્લી થાય છે તેને ચર્મજા કહે છે.

શીતળાઓની સામાન્ય ચિકિત્સા

एताः सप्तापि बोद्धव्याः शीतलादेव्यधिष्ठिता. । शीतलोचितमाचारमाशु सर्वासु वा चरेत् ॥

આ સાતે શીતળાઓમાં શીતળા દેવીનુ અધિષ્ઠાન હોય છે, માટે તે સર્વમાં શીતળ ઉપચારો કરવા જોઈએ.

શીતળાઓની સાધ્યાસાધ્યતા.

काश्चिद्विनापिः यत्नेन सुखं सिद्ध्यन्ति

शीतला । दृष्टा. कष्टतराः काश्चित् काश्चित् सिध्यन्ति वा न वा ॥ काश्चिनैव तु सिध्यन्ति यत्नतोऽपि चिकित्सिताः ।

इति शीतलाधिकार ।

કેટલીક શીતળાઓ વગર ઉપાયે પણ સુખસાધ્ય થાય છે, કેટલીક કષ્ટસાધ્ય હોય છે, કેટલીક સાધ્યપણ હોય છે અને અસાધ્ય પણ હોય છે, અને કેટલીક યત્નો કર્યા છતા પણ અસાધ્યજ હોય છે.

ક્ષુદ્રરોગોનો અધિકાર.

પલિતનું નિદાન તથા લક્ષણ.

क्रोधशोकश्रमकृतः शरीरोष्मा शिरोगतः । पित्तं च केशान् पचति पलितं तेन जायते ॥

शरीरोष्मा देहाग्निः पित्त च भ्राजकाख्य तच्च शिरोगतं क्रोधात्कुपित पित्त पचति । शोकेन श्रमेण च कुपितो वायु. शरीरोष्माणं शिरो नयति । एक प्रकुपितो दोष इतरानपि कोपयेदिति वचनाद्वातपित्ताभ्या श्लेष्मा च कोपित: । स एव केशानां शौक्ल्य करोति । एवं त्रयोऽपि दोषा पलितस्य हेतव पलितं केशस्य शुक्लता ।

ક્રોધ, શોક, અને શ્રમથી શરીરની ગરમી માથે ચઢી જઇને પિત્ત કોપીને માથાના કેશોને ધોળા કરી નાખે છે.

પલિતની ચિકિત્સા.

लोहचूर्णस्य कर्षं तु दशार्धं चूतमज्जतः। धात्रीफलद्वयं पथ्या द्वे तथैकं बिभीतकम् ॥ पिष्ट्वा लोहमये भाण्डे स्थापयेन्निशि वासयेत् । लेपोऽयमचिराद्धन्ति पलितं नात्र संशयः ॥

दशार्धं पञ्चकर्षाणि ॥

काश्मर्या मूलमादौ सहचरकुसुमं केतकस्यापि मूलं । लौहं चूर्णं सभृङ्गं त्रिफलपल युतं तैलमेभिः पचेद्यः ॥ कृत्वा लौहस्य भाण्डे क्षितितलनिहितं स्थापयेन्मासमेकं केशाः काशप्रकाशा अपि मधुपनिभा अस्य योगाद्भवन्ति ॥ त्रिफला नीलिकापत्रं भृङ्गराजायसोरजः । अविमूत्रेण संपिष्टं लेपात् कृष्णीकरं परम् ॥

એક તોલો મંડુર (લોહભસ્મ), પાંચ તોલા આંબાનો ગર્ભ, બે તોલા આમળા, બે તોલા હરડે, અને એક તોલો બેહેડાને વાટી લોઢાના વાસણમાં રાતવાશી રાખીને તેને લેપ કરવાથી તુરતજ કેશો ધોળા મટી કાળા થાય છે, તેમાં સંશય નથી.

સીવણના મૂળ, આંબાનો મોર, કાંટાશરિયાના મૂળ, કેતકીનાં મૂળ, મંડુર, ભાંગરો અને ચાર તોલા ત્રિફલાના કલ્કથી તેલ પકાવવું એ તેલને લોઢાના વાસણમા ભરીને એક માસ સૂધી જમીનમા દાટી રાખવું પછી એ તેલ લગાડવાથી કાંસડાના ફૂલ જેવા ધોળા કેશ પણ ભમરાના જેવા કાળા થઇ જાયછે

ત્રિફળા, ગળીનાં પાન, ભાંગરો, અને મંડુરને ગાડરના મૂત્રમા વાટીને લેપ કરવાથી ધોળાવાળ કાળા થઇ જાય છે.

ઇંદ્ર લુપ્તનું નિદાન તથા લક્ષણ.

रोमकूपानुगं रक्तं पित्तेन सह मूर्च्छितम्। प्रच्यावयति रोमाणि ततः श्लेष्मा सशोणितः ॥ रुणद्धि रोमकूपांस्तु ततोऽन्येषा-

मसम्भवः । तदिन्द्रलुप्तं खालित्यं रुज्येति च विभावयेत् ॥

રૂવાડાંનાં છિદ્રોમાંનુ લોહી પિત્તસહિત કોપ પામીને રૂવાડાને ખેરવી નાંખે છે, અને પછી તેમાં રક્ત સહિત કફ ભરાઇ રહીને બીજા કેશ ઉગવા દેતો નથી આ રોગને ઇંદ્રલુપ્ત (ઉંદરી), ખાલિત્ય, અને રૂજ્યા કહે છે

ઇંદ્રલુપ્તની ચિકિત્સા.

तिक्तपटोलीपत्रस्वरसैर्घृष्टा शमं याति । चिरकालजापि रुज्या नियतं दिवसत्रयेणापि ॥ गोक्षुरास्तिलपुष्पाणि तुल्ये च मधुसर्पिषी । शिरः प्रलेपितं तेन केशैः समुपचीयते ॥ हस्तिदन्तमषीं कृत्वा छागीदुग्धं रसाञ्जनम् । रोमाण्येतेन जायन्ते लेपात् पाणितलेष्वपि ॥ यष्टीन्दीवरमृद्वीकातैलाज्यक्षीरलेपनैः । इन्द्रलुप्तं शमं याति केशाः स्युश्च घना दृढाः ॥ जातीकरञ्जवरुणकरवीराग्निपाचितम् । तैलमभ्यञ्जनाद्धन्यादिन्द्रलुप्तं न संशयः ॥ स्नुहीपयः पयोऽर्कस्य लाङ्गली मार्कवो विषम् । अजामूत्रं सगोमूत्रं रक्तिका सेन्द्रवारुणी ॥ सिद्धार्थकस्तीक्ष्णगन्धा सम्यगेभिर्विपाचितम् । तैलं भवति नियमात् खालित्यव्याधिनाशनम् ॥ इति स्नुहीदुग्धादितैलम् ।

કડવાં પરવળનાં પાનનો રસ ઘસવાથી દીર્ઘકાળની ઉંદરી પણ ત્રણ દિવસમા નક્કી શાંત થઈ જાય છે

ગોખરૂ, તલના ફૂલ, તથા સરખા વજનના ઘી અને મધનો લેપ માથા ઉપર કરવાથી માથામા વાળ બહુ વધે છે

હાથીદાંતની ભસ્મ, ગાડરનું દૂધ, અને રસવંતીના લેપથી હાથેળીમાં પણ વાળ ઉગેછે.

જેઠીમધ, શ્યામ કમળ, દ્રાક્ષ, તેલ, દૂધ, અને ઘીના લેપથી ઉંદરી મટી જઇને ઘણા મજબુત કેશો ઉગી આવેછે.

ચમેલી, કરંજ, વાયવરણાં, કણેર, અને ચિત્રકના કલ્કથી પકાવેલું તેલ લગાડવાથી ઉંદરી હણાઈ જાય છે, એમાં કંઈપણ શંકા નથી.

સ્નુહી દુગ્ધાદિ તેલ.

થોર તથા આકડાનાં દૂધો, કલગારી, ભાંગરો, વછનાગ, બકરી તથા ગાયના મૂત્રો, ચણોઠી, ઇંદ્રવારણાં, સર્ષવ અને ધોળી વજના કલ્કથી પકાવેલા તેલના અભ્યંગથી માથાની ટાલ અવશ્ય મટી જાય છે.

દારૂણકનુ નિદાન તથા લક્ષણ.

दारुणा कण्डुरा रूक्षा केशभूमिः प्रजायते । मारुतश्लेष्मकोपेन विद्याद्दारुणकं तु तत् ॥ दारुणा कर्कशा दारुणक लोके रुसीति ख्यातम् ।

વાત અને કફના કોપથી દારૂણ ચળવાળી અને રૂક્ષ કેશભૂમિ થઇ જાય છે, તેને દારૂણક કહે છે.

દારૂણકની ચિકિત્સા.

कार्यो दारुणके मूर्ध्नि प्रलेपो मधुसंयुतः। प्रियालबीजमधुककुष्ठमाषैः ससैन्धवैः ॥ आम्रबीजं तथा पथ्याद्वयं स्यान्मात्रया समम् । दुग्धेन पिष्टं तल्लेपो दारुणं हन्ति दारुणम् ॥ दुग्धेन खाखस बीजं प्रलेपाद्दारुणं हरेत् गुञ्जाफलैः शृतं तैलं भृङ्गराजरसेन च ॥ कण्डूदारुणहृत्कुष्ठकपालव्याधिनाशनम् ॥

गुञ्जादितैलम् ॥

ચારોળીનાં બીજ, જેઠીમધ, કઠ, અડદ, અને સૈંધવને મધમા વાટીને માથામાં જાડો લેપ કરવાથી દારૂણુક મટી જાય છે

આંબાની ગોટલી તથા હરડેને સમ ભાગે લેઈ દૂધમાં વાટીને લેપ કરવાથી ઉગ્ર દારૂણુક પણ મટી જાય છે.

ખસખસને દૂધમા વાટીને જાડો લેપ કરવાથી દારૂણુક મટી જાય છે.

ગુંજાદિ તેલ.

ચણોઠીના કલ્ક અને ભાંગરાના રસમાં પકાવેલા તેલથી ચળ, દારૂણુક, કોઢ અને ખોપરીના રોગોનો નાશ થઈ જાય છે.

અરૂંશીકાનું લક્ષણ.

अरूंषि बहुवक्त्राणि बहुक्लेदीनि मूर्धनि । कफासृक्कृमिकोपेन तानि विद्यादरूंषिकाम् ॥

કફ, રક્ત, અને કૃમિના કોપથી બહુ-મોંવાળા તથા ક્લેદવાળાં વ્રણો માથામા થાય છે, તેને અરૂંષિકા કહે છે.

અરૂષિકાની ચિકિત્સા.

निलोत्पलस्य किञ्जल्को धात्रीफलसमन्वितः ॥ यष्टीमधुकयुक्तश्च लेपाद्धन्यादरूंषिकाम् ॥ त्रिफलायसरजोयष्टीमार्कवोत्पलसारिवाः । सैन्धवं पक्वमेतैस्तु तैलं हन्यादरूंषिकाम् ॥

त्रिफलाद्य तैलम् ॥

નીલકમળના કેસરા, આમળાં અને જેઠીમધના લેપથી અરૂષિકા હણાઇ જાયછે.

ત્રિફલાદ્ય તેલ.

ત્રિફળા, મંડુર, જેઠીમધ, કમળ, ઉપલસરી, અને સૈંધવના કલ્કથી પકાવેલું તેલ અરૂંષિકાને હણી નાખે છે.

ઈરિવેલ્લીકાનું નિદાન તથા લક્ષણ.

पिडकामुत्तमाङ्गस्थां वृत्तामुग्ररुजाज्वराम् । सर्वात्मिकां सर्वलिङ्गां जानीयादिरिवेल्लिकाम् ॥

માથામાં ગોળ, ઉગ્ર વેદનાવાળી, જ્વરવાળી, અને ત્રણે દોષોથી થયેલી ફોલ્લીઓને ઇરિવેલ્લિકા કહે છે.

ઈરિવેલ્લીકાની ચિકિત્સા.

पैत्तिकस्य विसर्पस्य या चिकित्सा प्रकीर्तिता । तयैव भिषगेतां च चिकित्सेदिरिवेल्लिकाम् ॥

જે પિત્તના વિસર્પની ચિકિત્સા કહેલી છે તે જ વૈદ્યે ઈરિવેલ્લિકા માટે પણ કરવી જોઇએ.

પનસિકાનું નિદાન તથા લક્ષણ.

कर्णस्याभ्यन्तरे जातां पिडकामुग्रवेदनाम् । स्थिरां पनसिकां तां तु विद्याद्वातकफोत्थिताम् ॥

વાત તથા કફથી કાનની અંદર ઉગ્ર વેદના વાળી, અને સ્થિર ફોલ્લી થાય છે, તેને પનસિકા કહે છે.

પનસિકાની ચિકિત્સા

भिषक् पनसिकां पूर्वं स्वेदयेदथ लेपयेत् । कल्कैर्मनःशिलाकुष्ठनिशातालकदारुभिः ॥ पक्वां विज्ञाय तां भित्त्वा व्रणवत् समुपाचरेत् ।

પનસિકામાં પ્રથમ વૈદ્યે સ્વેદ આપીને પછી મનશીલ, કઠ, હળદર, હરતાળ, અને દેવદારના કલ્કનો લેપ કરવો. પાકેલી જણાય એટલે તેને ફોડીને તેની ચિકિત્સા વ્રણની પેઠે કરવી.

પાષાણગર્દભનું નિદાન તથા લક્ષણ.

वातश्लेष्मसमुद्भूतः श्वयथुर्हनुसन्धिजः । स्थिरो मन्दरुजः स्निग्धो ज्ञेयः पाषाणगर्दभः ॥

स्थिर कठिण ।

વાતકફથી હડપચીના સંધિમાં સ્થિર, થોડી પીડાવાળો, સ્નિગ્ધ સોજો થાય છે. તે પાષાણગર્દભ જાણવો.

પાષાણગર્દભની ચિકિત્સા.

पाषाणगर्दभं पूर्वं स्वेदयेत् कुशलो भिषक् । ततः पनसिकाप्रोक्तैःकल्कैरुष्णैः प्रलेपयेत् ॥ वातश्लेष्मिकशोथघ्नैः कल्कैरन्यैश्च लेपयेत् । परिपाकगतं भित्वा व्रणवच्चमुपाचरेत् ॥ जलौकोभिर्हृते रक्ते स शाम्यति विनौषधम् । एतत्स्थलेषु बहुषु प्रोक्षितं लिखितं ततः ॥

(૧) કુશળ વૈદ્યે પાષાણ ગર્દભમાં પ્રથમ સ્વેદ આપવો અને પછી પનસિકા માટેના કરેલા કલ્કોના ગરમ લેપો કરવા.

(૨) બીજા વાયુ અને કફ હરનારા કલ્કોના પણ લેપો કરવા.

(૩) પાકી ગયા પછી તેને ફોડીને વ્રણની પેઠે ચિકિત્સાઓ કરવી

(૪) જળો મૂકીને લોહી કઢાવવાથી તે વગર ઔષધેજ મટે છે, એમ બહુ સ્થળે જોવામાં આવ્યું છે તેથી અહિં લખ્યું છે.

મુખદૂષિકાનું નિદાન તથા લક્ષણ.

शाल्मलीकण्टकप्रख्याः कफमारुतरक्तजाः॥ जायन्ते पिडका यूनां ज्ञेयास्ता मुखदूषिकाः॥

प्रख्या सदृशा । एता यूवानामेव मुखे भवन्ति स्वभावात् ॥

કફ, વાયુ, અને રક્તથી થયેલી શેમળાના કાંટા જેવી ફોડકીઓ જુવાન માણસોના ચેહેરા ઉપર થાય છે, તેને મુખ દૂષિકા (ખીલ) કહે છે.

મુખદૂષિકાની ચિકિત્સા.

अङ्गुलस्य चतुर्थांशो मुखलेपो विधीयते । मध्यमस्तु त्रिभागः स्यादुत्तमोऽर्धाङ्गुलो भवेत् ॥ स्थितिकालो न शुष्कत्वं शुष्को दूषयति त्वचम् ॥

मुखलेपमात्रा ॥

स्थितिकालोऽपि तस्योक्तो यावत्कल्को न शुष्यति । शुष्कस्तु तृणहीनः स्यात्तथा दूषयति त्वचम् ॥

આંગળના ચોથા ભાગ જેટલો લેપ કનિષ્ટ કહેવાય છે, આંગળના ત્રીજા ભાગ જેટલો જાડો લેપ મધ્યમ ગણાય છે, અને અરધો આગળ જાડો લેપ ઉત્તમ ગણાય છે. એ લેપ સૂકાય નહિ તેટલો વખતજ રાખવો જોઇએ, કેમકે સૂકો લેપ નકામો ચામડીને બગાડી નાંખનારો છે

મુખદૂષિકાની ચિકિત્સા.

लोध्रधान्यवचालेपस्तरुण्यापिडिकापहः । तद्वद्गोरोचनायुक्तं मरिचं मुखलेपितम् ॥ सिद्धार्थकवचालोध्रसैन्धवैश्च प्रलेपनम् ।

वमनं च निहन्त्याशु पिडकां यौवनोद्भवाम् । केवलाः पयसा पिष्टास्तीक्ष्णाः शाल्मलिकण्टकाः । आलिप्तं त्र्यहमेतेन भवेत्पद्मोपम मुखम् ॥

લોદર, ધાણા, અને વજનો લેપ જુવાનીના ખીલોને મટાડે છે.

ગોરોચન અને મરીનો લેપ જુવાનીના ખીલોને મટાડે છે.

સર્ષવ, વજ, લોદર, અને સૈંધવનો લેપ જુવાનીના ખીલો મટાડે છે.

ઉલટી કરવાથી જુવાનીના ખીલ મટી જાય છે.

શેમળાના તીક્ષ્ણ કાંટાઓને દૂધમાં વાટીને તેનો ત્રણ દિવસ સૂધી લેપ કરવાથી ખીલો મટી જઈને ચેહેરો કમળ જેવો સુંદર થાય છે.

વ્યંગનું લક્ષણ.

क्रोधायासप्रकुपितो वायुः पित्तेन संयुतः । मुखमागत्य सहसा मण्डलं प्रसृजत्यतः ॥ नीरुजं तनुकं श्यावं मुखे व्यङ्गमादिशेत्॥

व्यङ्ग छांई इति लोके ।

ક્રોધ તથા શ્રમથી કોપેલો વાયુપિત્ત સાથે મળીને એકદમ મુખમા આવીને મંડલો ઉત્પન્ન કરે છે. તે મંડલો પીડા વગરના, પાતળાં, અને કાળાં મુખપર થાય છે, તેને વ્યંગ કહેવામાં આવે છે

નીલિકાનું લક્ષણ.

कृष्णमेवंगुणं वक्त्रे गात्रे वा नीलिकां विदुः । एवंगुण नीरुजं । तनुकं मण्डलम् ॥

વેદના વગરનું કાળું પાતળું મંડળ ગાત્રમાં કે મુખમા થાય છે, તેને નીલિકા કહે છે.

વ્યંગ તથા નાલિકાની ચિકિત્સા.

शिरावेधैः प्रलेपैश्च तथाभ्यङ्गैरुपाचरेत् । व्यङ्गं च नीलिकां चापि न्यच्छं च तिलकालकम् ॥ वटाङ्कुरा मसूराश्च प्रलेपाद्व्यङ्गनाशनम् । व्यङ्गे मञ्जिष्ठया लेपः प्रशस्तो मधुयुक्तया ॥ अथवा लेपनं शस्तं शशस्य रुधिरेण च । व्यङ्गहृद्वरुणत्वक् स्यादजामूत्रेण पेषिता ॥ जातीफलस्य लेपस्तु हरेद्व्यङ्गं च नीलिकाम् । अर्कक्षीरहरिद्राभ्यां मर्दयित्वा प्रलेपनात् ॥ मुखकार्ष्ण्यं शमं याति चिरकालोद्भवं ध्रुवम् । मसूरैः क्षीरसंपिष्टैर्लिप्तमास्यं घृतान्वितैः ॥ सप्तरात्राद्भवेत्सत्यं पुण्डरीकदलोपमम् ॥ वटस्य पाण्डुपत्राणि मालतीरक्तचन्दनम् ॥ कुष्ठं कालीयकं लोध्रमेभिर्लेपं प्रयोजयेत् । युवास्य पिडिकानां तु व्यङ्गानां तु विनाशनम् ॥ स्यादेतेन मुखं चापि वर्जितं नीलिकादिभिः । कुङ्कुमं चन्दनं लोध्रं पतङ्गं रक्तचन्दनम् । कालीयकमुशीरं च मञ्जिष्ठा मधुयाष्टिका ॥ पत्रकं पद्मकं पद्मं कुष्ठं गोरोचना निशा । लाक्षा दारुहरिद्रा च गैरिकं नागकेशरम् ॥ पलाशकुसुमं चापि प्रियङ्गुश्च वटाङ्कुराः । मालती च मधूच्छिष्टं सर्षपाः सुरभिर्वचा ॥ चतुर्गुणपयः पिष्टैरेतैरक्षमितैः पृथक् । पचेन्मन्दाग्निना वैद्यस्तैलं प्रस्थद्वयोन्मितम् ॥ वदनाभ्यञ्जनादेतद्व्यङ्गं नीलिकया सह । तिलकं माशकं न्यच्छं नाशयेन्मुखदूषिकाम् ॥ पद्मिनीक-

त्कं चापि हरेज्जतुमणिं तथा । विदध्याद्वदनं पूर्णचन्द्रमण्डलसुन्दरम् ॥

पतङ्ग वकमे इति लोके । कालीयकं कदम्बक सुरभिर्वचा । महाभरी इति लोके । इति कुङ्कुमाद्य तैलम् ॥

નસ ખોલવવાથી અને લેપો તથા અભ્યંગોથી વ્યંગ, નીલિકા, ન્યચ્છ, તથા તિલકાલકની ચિકિત્સાઓ કરવી.

વડના અંકુર તથા મસૂરનો લેપ વ્યંગને મટાડે છે.

મજીઠ તથા મધના લેપથી વ્યંગ મટી જાય છે.

સસલાના લોહીના લેપથી વ્યગ મટી જાય છે.

વાયવરણાંની છાલને બકરીના મૂત્રમાં વાટીને તેનો લેપ કરવાથી વ્યંગ મટે છે.

જાયફળના લેપથી વ્યંગ તથા નીલિકા મટી જાય છે.

આકડાના દૂધમાં હળદર વાટી ચોળીને તેનો લેપ કરવાથી લાંબા કાળથી થયેલી મ્હોંડાની કાળાશ પણ અવશ્ય મટી જાય છે

દૂધમાં વાટેલા મસૂરમાં ઘી મેળવીને લેપ કરવાથી સાત દિવસમાં મોઢું કમળપત્ર જેવું થઈ જાય છે, તેમાં સંશય નથી.

વડનાં પીળાં પાન, માલતી, રતાંજળી, કઠ, કદંબ, અને લોદરનો લેપ કરવાથી ખીલ તથા વ્યંગ નાશ થાય છે, આથી મુખ દાઝી ગયુ હોય તે પણ મટી જાય છે.

કુંકુમાદ્ય તૈલ.

કેસર, ચદન, લોદર, પતંગ, રતાંજળી, કદબ, વાળો, મજીઠ, જેઠીમધ, તમાલપત્ર, પદ્મકાષ્ઠ, કમળ, કઠ, ગોરોચન, હળદર, લાખ, દારૂહળદર, સોનાગેરૂ, નાગકેશર, કેસૂડાં, ઘઉંલો, વડના અંકુરો, માલતી, મીણ, સરસવ, અને પાનની જડ, એક એક તોલો લેઈ, ચોગણા દૂધમાં વાટીને તેના કલ્કથી વેદે ૧૨૮ તોલા તેલ મંદાગ્નિથી પકાવવું, આ કુંકુમાદ્ય તૈલ મુખ ઉપર ચોપડવાથી, વ્યંગ, નીલિકા, તિલ, મશક, ન્યચ્છ, મુખદષિકા, (ખીલ) પદ્મિનીકંટક, અને જતુમણિનો નાશ થાય છે, અને પૂનેમના ચદ્રમંડલ જેવું સુંદર મુખ થાય છે.

વલ્મીકનું નિદાન તથા લક્ષણ.

ग्रीवांसकक्षाकरपाददेशे सन्धौ गले वा त्रिभिरेव दोषैः । ग्रन्थिः सवल्मीकवदक्रियाणां जातः क्रमेणैव गतः प्रवृद्धिम् ॥ मुखैरनेकैः स्रुतितोदवद्भिर्विसर्पवत् सर्पति चोन्नताग्रैः । वल्मीकमाहुर्भिषजो विकारं निष्प्रत्यनीकं चिरजं विशेषात् ॥

ग्रीवा कृकाटीका । असः स्कन्धः । कक्षा बाहुमूलम् । वल्मिकवदित्यनेन । प्रचुरशिखरत्वमुन्नत्वमवगाढमूलत्व च सूच्यते । निष्प्रत्यनिक उपचारायोग्यम् ॥

કઠ, ખભા, કાખ, હાથ, અને પગોમાં, સાંધાઓ તથા ગળામાં રાફડા જેવો ઘણાં શિખરોવાળો ઊંચો અને ઊંડા મૂળ વાળો ગ્રંથિ થાય છે ઉપાય કરવામાં ન આવે તો તે વધીને સ્રાવ, વ્યથા, અને ઊંચી અણીઓ વાળાં અનેક મુખોથી વિસર્પની પેઠે ફેલાવ પામે છે. આ રોગ ને વૈદ્યો વલ્મીક કહે છે, આ રોગ લાંબા કાળનો હોય તો ઘણું કરીને તેને ઉપાય લાગુ પડતા નથી.

વલ્મીકની ચિકિત્સા.

શસ્ત્રેણોત્કૃત્ય વલ્મીકં ક્ષારાગ્નિભ્યાં પ્રસાધયેત્ । વિધાનેનાર્બુદોક્તેન શોધયિત્વા ચ રોપયેત્ ॥ વલ્મીકં તુ ભવેદસ્ય નાતિવૃદ્ધમમર્મજમ્ । તત્ર સંશોધનં કૃત્વા શોણિતં મોક્ષયેદ્ભિષક્ ॥ કુલત્થકાનાં મૂલૈશ્ચ ગુડૂચ્યા લવણેન ચ । આરેવતસ્ય મૂલૈશ્ચ દન્તિમૂલૈસ્તથૈવ ચ ॥ શ્યામામૂલૈઃ સપક્લૈઃ સક્તુમિશ્રૈઃ પ્રલેપયેત્ । સુસ્નિગ્ધૈશ્ચ સુખોષ્ણૈશ્ચ ભિષક્ તમુપનાહયેત્ ॥ પક્વે તત્ર વિજાનીયાદ્ગતીઃ સર્વા યથાક્રમમ્ । અભિજ્ઞાય ગતીશ્છિત્વા પ્રદિહ્યાન્મતિમાન્ ભિષક્ ॥ સંશોધ્ય દુષ્ટમાંસાનિ ક્ષારેણ પ્રતિસારયેત્ । વ્રણં વિશુદ્ધં વિજ્ઞાય રોપયેન્મતિમાન્ભિષક્ । મનઃશિલાલભલ્લાતસૂક્ષ્મૈલાગુરુચન્દનૈઃ । જાતીપલ્લવતક્રૈશ્ચ નિમ્બતૈલં વિપાચયેત્ ॥ વલ્મીકં નાશયેત્તદ્ધિ બહુચ્છિદ્રં બહુવ્રણમ્ ॥

વલ્મીકને શસ્ત્રથી કાપીને ક્ષાર તથા અગ્નિથી મટાડવો. અર્બુદની ચિકિત્સામાં કહેલી રીતિથી તેને સાફ કરીને રૂઝાવવો.

વલ્મીક બહુ વધેલો ન હોય તો અને મર્મસ્થાનમાં થયો ન હોય તો વૈદ્યે સંશોધન કરીને તેમાંથી લોહી કઢાવવું.

કળથીનાં મૂળ, ગળો, સિંધવ, ગરમાળો, નેપાળો, અને નસોતરનાં મૂળો; માંસ તથા સાથવો, એનો જરા ગરમ કરીને સ્નિગ્ધ લેપ વલ્મીક ઊપર કરીને પાટો બાંધવો. વલ્મીક પાકી જાય એટલે તેના પરૂની સર્વ ગતીઓ ક્રમસર જાણી લેઇને તેને શસ્ત્રવડે છેદ કરીને બુદ્ધિમાન વૈદ્યે લેપો કરવા. બગડેલા માંસને સાફ કરીને પછી ક્ષાર મુકીને પ્રતિસારણ કરવું જણ સાફ થાય એટલે તેમાં લોંચ લાવીને રૂઝ લાવવી.

મનઃશિલાદ્ય તૈલ.

મણશીળ, હરતાળ, ભીલામો, ઝીણી એળચી, અગરૂ, ચંદન, ચંબેલીનાં પાન, અને છાશ સાથે પકાવેલા લીમડાનું તેલ ઘણાં છિદ્રો તથા ત્રણો વાળા વલ્મીકનો નાશ કરે છે.

અસાધ્ય વલ્મીક.

પાણિપાદોપરિષ્ટાત્તુ છિદ્રૈર્બહુભિરાવૃતમ્ । વલ્મીકં યત્ સશોફં સ્યાદ્વર્જ્યં તદ્ધિ વિજાનતા ॥

ઇતિ મનઃશિલાદ્ય તૈલમ્ ।

હાથ કે પગ ઉપર વલ્મીક ઘણાં છિદ્રોવાળો હોય તથા તેમાં સોજો હોય, તો તેની ચિકિત્સા સમજુ વૈદ્યે કરવી નહી.

કક્ષા તથા ગંધનામાનાં નિદાન લક્ષણ.

બાહુકક્ષાંસપાર્શ્વેષુ કૃષ્ણસ્ફોટાં સવેદનામ્ । પિત્તપ્રકોપસમ્ભૂતાં કક્ષાં તામિતિ નિર્દિશેત્ ॥ એકાં તુ તાદૃશીં દૃષ્ટ્વા પિડકાં સ્ફોટસાભિમામ્ । ત્વગ્જાતાં પિત્તકોપેન ગન્ધનામાં પ્રચક્ષતે ॥

તાદૃશીં બાહ્વાદિષુ કૃષ્ણાં સવેદનાં ચ ॥

બાહુ, કાખ, ખભા, અને પડખાઓમાં પિત્તપ્રકોપથી વેદના વાળા કાળા ફોલ્લા થાય છે, તેને કક્ષા (કખ) કહે છે. એજ સ્થળોની ત્વચામાં પિત્તથી કાળી તથા વેદના વાળી ફોલ્લીઓ થાય છે, તેને ગંધનામા કહે છે.

કક્ષા તથા ગંધનામાની ચિકિત્સા

कक्षा च गन्धनामा च चिकित्सति चिकित्सकः । पैत्तिकस्य विसर्पस्य क्रियया पूर्वमुक्तया ॥

પિત્તના વિસર્પની ચિકિત્સા કહેલી છે તે વૈદ્યે કક્ષા અને ગંધનામા ઉપર પણ કરવી

અગ્નિ રોહણીનું નિદાન તથા લક્ષણ.

कक्षाभागेषु विस्फोटा जायन्ते भृशदारुणाः । अन्तर्दाहज्वरकरा दीप्तपावकसन्निभाः ॥ सप्ताहाद्वा दशाहाद्वा पक्षाद्वा घ्नंति मानवम् । तामग्निरोहिणीं विद्यादसाध्या सान्निपातिकीम् ॥

सप्ताहादि वातपित्तकफापेक्षया बोद्धव्यम् । घ्नन्तीत्यनुप्रकान्ता । उपक्रान्तास्तु साध्या एव । चरकेणाग्निरोहिण्या चिकित्साया उक्तत्वात् ॥

કાખના ભાગોમાં અત્યત બળતરા તથા જ્વર વાળા પ્રદીપ્ત અગ્નિ જેવા દારૂણ ફોલ્લા થાય છે, તેને અગ્નિરોહિણી કહે છે વાયુથી આ રોગ હોય તો તે માણસને સાત દિવસમા મારી નાખે છે, પિત્તથી હોય તો દશદિવસમા, અને કફથી હોય તો પંદર દિવસમાં મારી નાંખે છે ત્રણે દોષોથી થાય તો તે અસાધ્ય છે. ચિકિત્સા કરવાથી આ રોગ સાધ્ય થાય છે.

અગ્નિ રોહિણીની ચિકિત્સા

पित्तवीसर्पविधिना साधयेदग्निरोहिणीम् । रोहिण्या लङ्घनं कुर्याद्रक्तमोक्षणरूक्षणम् । शरीरस्य च संशुद्धिं तान्तु वृद्धा परित्यजेत्॥

અગ્નિરોહિણીની ચિકિત્સા પિત્ત વિસર્પના જેવી કરવી. તેમા લઘન, રક્ત સ્ત્રાવ, અને વિરેચનથી શરીરની સશુદ્ધિ કરવી અને રોગ વધી ગયો હોય તો ચિકિત્સા કરવી નહિ.

વિદારિકાનું નિદાન તથા લક્ષણ.

विदारिकन्दवद्वृद्धां कक्षावंक्षणसन्धिषु । रक्तां विदारिका विद्यात्सर्वजां सर्वलक्षणाम् ॥ अत्र पिडकामिति विशेष्यपदमध्याहरणीयम् ॥

કાખ તથા સાથળના સાંધાઓમાં વિદારીકદના જેવી બધાયલી રાતી ફોલ્લી સર્વ દોષોનાં લક્ષણોવાળી થાય છે, તે વિદારિકા કહેવાય છે.

વિદારિકાની ચિકિત્સા.

विदारिकायां प्रथमं जलौकायोजनं हितम् । पाटनं च विपक्कायां ततो व्रणविधिः स्मृतः॥

વિદારિકામાં પ્રથમ જળો મૂકવી તે હિતકર છે, પાકયા પછી ફોડીને વ્રણની પેઠે તેની ચિકિત્સા કરવી

ચિપ્પનું નિદાન તથા લક્ષણ.

नखमांसमधिष्ठाय वातः पित्तं च देहिनाम् । करोति क्षयपाकौ च तं व्याधिं चिप्यमादिशेत् ॥

चिप्यो वेडवा इति लोके ॥

વાયુ અને પિત્ત નખના માંસમાં રહીને પાક તથા નખનો ક્ષય કરે છે, તેને ચિપ્પ કહે છે.

કુનખનું નિદાન તથા લક્ષણ.

अभिघातात् प्रदुष्टो यो नखो रूक्षः सितः खरः । भवेत् तं कुनखं विद्यात् कुलीनं वाभिधानतः ॥ अभिधानतः नामत ।

વાગવાથી દોષ પામીને નખ રૂક્ષ, ધોળો, અને ખરસટ થઈ જાય છે, તેને કુનખ અથવા કુલીર કહે છે.

ચિપ્પ તથા કુનખની ચિકિત્સા.

चिप्पं रुधिरमोक्षेण शोधनेनाप्युपाचरेत्। गतोष्माणमथैनं तु सेचयेदुष्णवारिणा ॥ शस्त्रेणापि यथायोग्यमुच्छिद्य स्रावयेत्ततः व्रणोक्तेन विधानेन रोपयेत्तं विचक्षणः। स्वरसेन हरिद्रायाः पात्रे कृत्वायसेऽभयाम् । घृष्टा तज्जेन कल्केन लिम्पत् चिप्पं पुनःपुनः ॥ काश्मर्याः सप्तभिः पत्रैः कोमलैः परिवेष्टितः । अङ्गुलीवेष्टकः पुंसां ध्रुवमाशु प्रशाम्यति ॥ श्लेष्मविद्रधिकल्पेन कुनखं समुपाचरेत् । नखकोटिप्रविष्टेन टङ्कणेन न शाम्यति ॥ कुनखश्चेत्तदा शैलः सलिले प्लवतेऽपि च ।

ચિપ્પ માટે લોહી કઢાવવું તથા શોધન કરવું. એમાંથી ઉનાશ જતી રહે એટલે ઉના પાણીનુ સેચન કરવું.

વિદ્વાન વૈદ્યે તેને શસ્ત્રથી કાપીને લોહી કઢાવવું, અને પછી વ્રણની રીતે ચિકિત્સા કરીને રૂઝવીને નવો નખ લાવવો.

લોઢાના વાસણમા હળદરના રસમાં હરડેને પલાળીને તે હરડેને એજ રસમાં ઘસીને તેનો ચિપ્પ ઉપર વારંવાર લેપ કર્યા કરવો.

સીવણનાં કોમળ સાત પાંદડાઓ ચિપ્પ ઉપર વીંટી રાખવાથી તે શાંત થાય છે, એ વાત નિઃસંશય છે.

કફના વિદ્રધિની ચિકિત્સા કહેલી છે તે કરવાથી કુનખ મટી જાય છે. જેમ પર્વત પાણીમાં તરેજ નહિ તેમ ટંકણખારથી કુનખ મટી ગયા વિના રહેજ નહી.

પરિવર્ત્તિકાનું નિદાન તથા લક્ષણ.

मर्दनात् पीडनाद्वापि तथैवाप्यभिघाततः । मेढ्रचर्म यदा वायुर्भजते सर्वतश्चरन् ॥ तदा वातोपसृष्टं तु तच्चर्म परिवर्तते । सवेदनं सदाहं च पाकं च व्रजति क्वचित् ॥ मणेरधस्तात्कोषस्तु ग्रन्थिरूपेण लम्बते । मारुतागन्तुसम्भूतां विद्यात्तां परिवर्तिकाम् ॥ सकण्डुःकठिनां चापि सैव श्लेष्मसमन्विताम्।

अस्या वातजायामपि पित्तानुबन्धो बोद्धव्यो दाहपाकाभावात् । कोषः चर्मकोशः ।

સર્વ શરીરમા ફરતો વાયુ ચોળાવા, દબાવા, કે વાગવાથી લિંગની ત્વચામાં આવે છે તેથી વાયુથી દૂષિત થઇને ચામડી અવળી થઇ જાય છે, તેથી વેદના, બળતરા, અને કોઈવાર પાક પણ થાય છે, આમ થવાથી લિંગના ટોચકાની નીચે એ ચામડી ગાંઠની પેઠે લટકે છે. વાયુ તથા વાગવા વગેરે આગંતુ કારણોથી આ રોગ થાય છે તે 'પરિવાર્ત્તિકા કહેવાય છે, તેમાં કફનો પણ સંબંધ હોય તો ચામડીમાં ચળ તથા કઠણતા પણ હોય છે.

પરિવર્ત્તિકાની ચિકિત્સા.

परिवर्ति घृताभ्यक्तां सुस्विन्नामुपनाहयेत् । त्रिरात्रं पञ्चरात्रं च वातघ्नैः शाल्वणादिभिः ॥ ततोऽभ्यज्य शनैश्चर्म चानयेत् पीडयेन्मणिम् । प्रविष्टे चर्मणि मणौ स्वेदयेदुपनाहनैः ॥ दद्याद्वातहरान्बस्तीन् स्निग्धान्यन्नानि भोजयेत् ।

પરિવર્ત્તિકાને ઘી ચોપડીને સારી પેઠે

શેક દેઇને ત્રણ કે પાંચ રાત્રી સૂધી વાતહર શાલ્વણાદિ કલ્કોનો પાટો બાંધવો, પછી ચામડીને ઘી ચોપડીને ધીરે ધીરે લાબી કરીને લિંગના માથાને દબાવવું માથું ચામડીની અંદર પેસે એટલે પાટાઓથી સ્વેદન કરીને વાતહર પિચકારીઓ દેવી, તથા રોગીને સ્નિગ્ધ અન્નો જમાડવાં.

અવપાટીકાનું નિદાન તથા લક્ષણ.

अल्पीयसीं यदा हर्षाद्बलाद्गच्छेत् स्त्रियं नरः । हस्ताभिघातादथवा चर्मण्युद्वर्तिते बलात् ॥ मर्दनात् पीडनाद्वापि शुक्रवेगाभिघाततः । यस्यावपाट्यते चर्म तां विद्यादवपाटिकाम् ॥ वातेन कर्कशा रूक्षा सूक्ष्मा कृष्णा रुगन्विता । पित्तेन पीता रक्ता वा दाहतृष्णासमन्विता ॥ श्लेष्मणा कठिना स्निग्धा कण्डूमत्यल्पवेदना ।

अल्पीयसीम् अल्पतर योनिच्छिद्र यस्या. ताम् । अवपाट्यते विदीर्यते ।

અતિ કામાતુર થઈને નહાની ઉમરની સ્ત્રીની અત્યંત સાકડી યોનિમાં બળાત્કારે ગમન કરવાથી, હસ્તમૈથુન વગેરે કરવાથી, અથવા વાગવાથી, તેની ચામડી અવળી થઇ જવાથી, અથવા દબાવાથી કે વીર્યના દબાણથી લિંગની ચામડી ચીરાઇ જાય છે, એ અવપાટિકા કહેવાય છે. આ રોગ વાયુથી થયો હોય તો તે ખરસટ, રૂક્ષ, સૂક્ષ્મ, કાળી, તથા પીડા યુક્ત હોય છે, પિત્તની હોય તો પીળી કે રાતી અને દાહ અને તરશવાળી હોય છે, અને કફની હોય તો કઠણ, સ્નિગ્ધ, ચળવાળી, તથા થોડી પીડાવાળી હોય છે.

અવપાટિકાની ચિકિત્સા.

स्नेहस्वेदैरिमां वैद्यश्चिकित्स्येदवपाटिकाम् ।

આ અવપાટિકાની ચિકિત્સા વૈદ્યે સ્નેહો તથા સ્વેદોથી કરવી.

નિરૂદ્ધ પ્રકાશનું નિદાન તથા લક્ષણ.

वातोपसृष्टे मेढ्रं चर्म संश्रयते मणिम् । मणिश्चर्मोपनद्धस्तु मूत्रस्रोतो रुणद्धि च ॥ निरुद्धप्रकशे तस्मिन् मन्दधारमवेदनम् । मूत्रं प्रवर्तते जन्तोर्मणिर्विव्रियते न च ॥ निरुद्धप्रकशं विद्यात् सरुजं वातसम्भवम् ।

निरुद्धप्रकाश इत्यस्य स्थाने निरुद्धप्रकरापद- मार्षत्वात् ।

લિંગમાં વાત પ્રકોપ થવાથી ચામડી ફૂલની આડે આવી જાય છે, તેથી મઢાઇ ગયેલુ ફૂલ મૂત્રને રોકે છે, આ રોગને નિરૂદ્ધ પ્રકશ કહે છે, તેમા મૂત્ર મંદધારથી વગર પીડાએ નીકળે છે, અને ફૂલ ખુલ્લુ થતું નથી. આ રોગ વાયુથી થાય છે

નિરૂદ્ધ પ્રકાશની ચિકિત્સા.

निरुद्धप्रकशे नाडीं लौहीमुभयतो मुखीम् । दार्वीं वा जतुकृतां घृताक्तां सम्प्रवेशयेत् ॥ परिषिञ्चेद्वसामज्जां शिशुमारवराहयोः । चुक्रतैलं तथा योज्यं वातघ्नद्रव्यसंयुतम् ॥ त्र्यहात् त्र्यहात् स्थूलतरां सम्यक् नाडीं प्रवेशयेत् । स्रोतो विवर्धयेदेवं स्निग्धमन्नं च भोजयेत् । भित्वा वा सेवनीं मुक्त्वा सद्यः क्षतवदाचरेत् ॥

આ રોગમા બંને તરફથી ખુલ્લાં મુખવાળી ઘી ચોપડેલી લોઢાની, લાકડાની, કે લાખની નળી નાખવી, ને પછી તે ઉપર શિશુમાર તથા સુવરની ચરબી તથા મજ્જાનુ સેચન કરવું, તથા વાતહર પદાર્થો સહિત ચૂકાના

તેલનું પણ સેચન કરવું ત્રણ ત્રણ દિવસે નળી વધારે વધારે જાડી ખોસતા જવી એથી માર્ગ પહોળો થાય છે, આ સર્વ કરીને રોગીને સ્નિગ્ધ અન્ન જમાડવુ. સેવનીને છોડી દેઇને શસ્ત્રવડે ભેદીને તુરત ક્ષતના જેવી ચિકિત્સા કરવાથી પણ નિરૂદ્ધપ્રકશ મટી જાયછે.

નિરૂદ્ધગુદનું નિદાન તથા લક્ષણ.

वेगसन्धारणाद्वायुर्विहितो गुदसंश्रितः । निरुणद्धि महत्स्रोतः सूक्ष्मद्वारं करोति च ॥ मार्गस्य सौक्ष्म्यात् कृच्छ्रेण पुरीषं तस्य गच्छति । संनिरुद्धगुदं व्याधिमेनं विद्यात्सुदुस्तरम् ॥

વેગોને રોકવાથી હણાયલો વાયુ ગુદમા રહીને તેના મોટા દ્વારને રોકીને ન્હાનુ કરી દેછે. આથી માર્ગ સાકડો થતા વિષ્ટા માંડ માંડ નીકળે છે આ અતિદુસ્તર એવો સનિરૂદ્ધગુદ નામનો રોગ કહેવાય છે.

સંનિરૂદ્ધગુદની ચિકિત્સા.

संनिरुद्धगुदे तैलैः सेको वातहरैर्हितः । तथा निरुद्धप्रकशक्रियाऽपि कथिताऽथवा ॥

વાતહર તેલોના સેચનથી અથવા નિરૂદ્ધપ્રકશની ચિકિત્સા, કહેવામા આવી છે તે કરવાથી પણ સનિરૂદ્ધગુદ મટી જાય છે.

વૃષણકચ્છુનું નિદાન તથા લક્ષણ.

स्नानोत्सादनहीनस्य मलो वृषणसंस्थितः । प्रक्लिद्यते तदा स्वेदात्कण्डूं जनयते तदा ॥ ततः कण्डूयनात् क्षिप्रं स्फोटः स्रावश्च जायते । प्राहुर्वृषणकण्डूं तां श्लेष्मरक्तप्रकोपजाम् ॥

उत्सादन उद्वर्तन । मल मैलि इति लोके । प्रक्लिद्यते आर्द्रो भवति ॥

નહિ ન્હાવાથી તથા શરીર સાફ નહિ રાખવાથી વૃષણ ઉપરનો મેલ પરસેવાથી પલળીને ચળ ઉત્પન્ન કરે છે તેને ખણવાથી ફોલ્લી થાય છે તથા સ્રાવ થાય છે આ રોગને વૃષણકચ્છુ કહે છે, અને તે કફ તથા રક્તના કોપથી થાય છે.

વૃષણકચ્છુની ચિકિત્સા.

सर्जाह्वकुष्ठसैन्धवसितसिद्धार्थैः प्रकल्पितो योगः । उद्वर्तनेन नियतं शमयति वृषणस्य कण्डूतिम् ॥ भिषक् वृषणकच्छूं तु चिकित्सेत्पामरोगवत् । अहिपूतननिर्दिष्टक्रिययापि च तां हरेत् ॥

રાળ, કઠ, સૈંધવ, અને ધોળા સરસવ મેળવીને તેનું ચૂર્ણ વૃષણ ઊપર ઘસીને ચોળવાથી વૃષણકચ્છુ અવશ્ય શાન્ત થઈ જાયછે

વૈદ્યે વૃષણકચ્છુની ચિકિત્સા ખસનપેઠે અથવા અહિપૂતના જેવી કરવી.

અહિપૂતનનું નિદાન તથા લક્ષણ

शकृन्मूत्रसमायुक्तेऽधौतेऽपाने शिशोर्भवेत् । स्विन्नस्यास्नाप्यमानस्य कण्डू रक्तकफोद्भवा ॥ कण्डूयनात्ततः क्षिप्रं स्फोटस्रावश्च जायते । एकीभूतं व्रणैर्घोरं तं विद्यादहिपूतनम् ॥

વિષ્ટા વગેરે વાળી બાળકની ગુદા બરોબર સાફ નહિ કરવાથી, તથા પરસેવો વળ્ય છતાં બાળકને નહિ નવરાવાથી રક્ત તથ કફના પ્રકોપથી ચળ થાય છે, અને તેને ખણવાથી તુરત ફોલ્લી તથા સ્રાવ થાય છે એમાથી થતાં વ્રણો એકઠા થવાથી ભયકર થઈ પડે છે, એ રોગને અહિપૂતન કહે છે.

અહિપૂતનની ચિકિત્સા.

तत्र संशोधनैः पूर्वं धात्रीस्तन्यं विशोधयेत् । त्रिफलाखदिरक्वाथैर्व्रणानां क्षालनं हितम् ॥ शङ्खसौवीरयष्टयाह्वैर्लेपः कार्योऽहिपूतने ॥

અહિપૂતન થાય તો પ્રથમ સંશોધનોથી માતાના દૂધને સુધારવું. ત્રિફળા તથા કાથાના ક્વાથથી વ્રણોને ધોવાં, અને શંખચૂર્ણ, સૌવીર, અને જેઠીમધનો લેપ કરવો.

ગુદભ્રંશ (આમણુ)નું નિદાન તથા લક્ષણ.

प्रवाहणातिसाराभ्यां निर्गच्छति गुदं बहिः । रूक्षदुर्बलदेहस्य गुदभ्रंशं तमादिशेत् ॥

રૂક્ષ તથા દુર્બળ શરીરવાળાની ગુદા દસ્ત સમયે જોર કરવાથી અતિસારથી બહાર નીકળી આવે છે, તેને ગુદભ્રંશ (આમણુ) કહે છે.

ગુદભ્રંશની ચિકિત્સા.

गुदभ्रंशे गुदं स्विन्नं स्नेहेनाक्तं प्रवेशयेत् । प्रविष्टं रोधयेद् यत्नात् गव्यसच्छिद्रचर्मणा ॥ पद्मिन्याः कोमलं पत्रं यः खादेच्छर्करान्वितम् । एतन्निश्चित्य निर्दिष्टं न तस्य गुदनिर्गमः ॥ मूषिकाणां वसाभिर्वा गुदभ्रंशे प्रलेपनम् ॥ सुस्विन्नमूषिकामांसेनाथवा स्वेदयेत् गुदम् ॥ वृक्षाम्लानलचाङ्गेरी बिल्वपाठायवाग्रजम् । तक्रेण शीलयेत् पायुर्भ्रंशार्तोऽनलदीपनम् ॥ मूषिका दशमूलानि गृहीयादुभयं समम् । तयोः क्वाथेन कल्केन पचेत्तैलं यथोदितम् ॥ अभ्यङ्गात्तस्य तैलस्य गुदभ्रंशो विनश्यति । विनश्याति तथानेन गुदशूलं भगन्दरम् ॥

मूषकतैलम् ।

ગુદાને શેક દઈને ઘી અથવા તેલ ચોપડીને અંદર હાથથી પેસાડી દઈને પછી છિદ્રોવાળા ગાયના ચામડાથી યત્ન પૂર્વક તેને રોકી દેવી.

કમલિનીના કોમળ પાન સાકર સાથે ખાનારને આમણુ નીકળતી બંધ પડી જાય છે, એ નકકી છે.

આમણુ ઉપર ઊંદરની ચરબી ચોપડવાથી કે ઊંદરના બાફેલા માંસનો શેક કરવાથી આમણુ નીકળતી બંધ પડી જાયછે.

આમણુવાળાએ કોકમ, ચિત્રક, ખાટી લુણી, બીલાંનો ગર્ભ, અને જવખાર છાશમાં વાટીને પીવાની ટેવ રાખવી. આથી અગ્નિ પણ પ્રદીપ્ત થાય છે

મૂષક તેલ.

ઉંદર તથા દશમૂળનો સમભાગે ક્વાથ કરી તેમાં તેનાજ કલ્ક સાથે પકાવેલા તેલના અભ્યંગથી આમણુનો રોગ મટી જાય છે, અને ગુદશૂલ તથા ભગંદર પણ મટી જાયછે.

सदाहो रक्तपर्यन्तस्त्वक्पाकी तीव्रवेदनः । कण्डूमान् ज्वरकारी च स स्याच्छूकरदंष्ट्रकः ॥ स. गुदभ्रंश ॥

રાતા છેડાવાળો, દાહવાળો, પાકેલી ત્વચાવાળો, તીવ્ર વેદનાવાળો, અને ચળ તથા જ્વરવાળો શૂકરદંષ્ટ્ર નામનો રોગ હોય છે.

શૂકરદંષ્ટ્રની ચિકિત્સા

भृङ्गराजकमूलस्य रजन्या सहितस्य च । चूर्णं तु सहसा लेपात् वाराहद्विजनाशनम् ॥ राजीवमूलकल्कः पीतो गव्येन सर्पिषा

मातः । शमयति शूकरदंष्ट्रं दंष्ट्रोद्भूतं ज्वरं घोरम् ॥ रजनीमार्कवं मूलं पिष्टं शीतेन वारिणा । तल्लेपाद्धन्ति वीसर्प वाराहदशनाह्वयम् ॥

હળદર તથા ભાંગરાના મૂળના ચૂર્ણનું લેપન કરવાથી શુકરદંષ્ટ્ર તુરતજ મટી જાયછે.

પ્રાતઃકાળે કમળનાં મૂળનો કલ્ક ગાયના ઘી સાથે ખાવાથી શુકરદંષ્ટ્ર તથા તેથી થયેલો ઘોર જ્વર પણ શાંત થઈ જાય છે.

હળદર અને ભાંગરાના મૂળને ટાઢા પાણીમાં વાટીને લેપ કરવાથી વિસર્પ અને શુકરદંષ્ટ્ર મટી જાય છે.

અનુશયીનું લક્ષણ.

गम्भीरामल्पशोथां च सवर्णामुपरिस्थिताम् । पादस्यानुशयीं तां तु विद्यादन्तःप्रपाकिनीम् ॥ अत्र पिडिकामिति विशेष्य पदमध्याहरणीयम् । गम्भीरान्त.पाकेन ।

ગંભીર તથા થોડા સોજાવાળી, વર્ણ બદલ્યા વગરની પગ ઉપર ફોલ્લી થાય છે, તે અંદર પાકવાળી અનુશયી કહેવાય છે.

અનુશયીની ચિકિત્સા.

हरेदनुशयीं वैद्यः क्रियया श्लेष्मविद्रधेः।

વૈદ્યે કફ વિદ્રધિની ક્રિયાઓથી અનુશયીનું હરણ કરવું.

અલસનું લક્ષણ.

क्लिन्नाङ्गुल्यन्तरौ पादौ कण्डूदाहसमन्वितौ । दुष्टकर्दमसंस्पर्शादलसं तं विभावयेत्॥ अलसं कन्दई इति लोके ।

ખરાબ કાદવના અડવાથી પગની આંગળીઓ વચ્ચે કલેદ, ચળ અને દાહ થાય છે, તેને અલસ કહે છે.

અલસની ચિકિત્સા.

पादौ सिक्त्वारनालेन लेपनं त्वलसे हितम् । पटोलकुनटीनिम्बरोचनामरिचैस्तिलैः ॥ क्षुद्रास्वरससिद्धेन कटुतैलेन लेपयेत् । ततः कासीसकुनटीतिलचूर्णैर्विचूर्णयेत् ॥ विचूर्णयेदवधूलयेत् ।

करञ्जबीजं रजनीकासीसं पद्मकं मधु । रोचना हरितालं च लेपोऽयमलसे हितः ॥

આરનાલનું પગ ઉપર સેચન કરીને લેપ કરવો, એ અલસ ઉપર હિતકારી છે.

કડવાં પરવળ, મણશીલ, લીમડો, ગોરોચન, મરી, તલ, અને ભોંરીંગણીના સ્વરસથી પકાવેલ તેલ અલસ ઉપર ચોપડીને પછી તે ઉપર હીરાકસી, મણશીલ, અને તલનુ ચૂર્ણ ભભરાવવું

કરંજબીજ, હળદર, હીરાકસી પદ્મકાષ્ઠ, મધ, ગોરોચન, અને હરતાળનો લેપ કરવાથી અલસ મટી જાય છે,

દારીનું લક્ષણ.

परिक्रमणशीलस्य वायुरत्यर्थरूक्षयोः । पादयोः कुरुते दारीं सरुजां तलसंश्रिताम्॥ दारी बिवाई ।

બહુ હરફર કરવાથી અત્યંતરૂક્ષ બની ગયેલા પગોના તળામાં વાયુ બહુ ઉગ્ર વેદના વાળી ફાટ (ચીર) ને ઉત્પન્ન કરે છે, તેને દારી કહે છે.

દારીની ચિકિત્સા.

पाददार्यां शिरां प्राज्ञो मोचयेत्तलशोधिनीम् । स्नेहस्वेदोपपन्नौ तु पादौ वा लेपयेन्मुहुः ॥ मधूच्छिष्टवसामज्जाघृतैः क्षारविमिश्रितैः ॥

अत्र वसा मज्जा च सामान्यतश्छागादीना विशेषानभिधानत. । उक्त च 'मेदोमज्जा वसा ज्ञेया ग्राम्यानूपौदकोद्भवा' । इति मदनपालः ॥ वसा शुद्धमांसभव स्नेहः ।

स्नेहोऽस्थ्नः शुचिरेव स्यात्समज्जा कथितो बुधैः ॥ क्षारो यवक्षार ॥

सर्जाह्वसिन्धूद्भवयोश्चूर्णं घृतमधुप्लुतम् । निर्मथ्य कटुतैलाक्तं हितं पादप्रमार्जने ॥ मधुसिक्थकगैरिकघृतगुडमाहिषाक्षशालनिर्यासैः । गैरिकसहितैर्लेपः पादस्फुटनापहः सिद्धः ॥

मधुसिक्थक मीण । प्रथम गैरिक शिलाजतु । द्वितीय गैरिक गेरू इति लोके । शालनिर्यासः राल ॥

उन्मत्तकस्य बीजेन मानकक्षारवारिणा । विपक्वं कटुतैलं तु हन्यादारीं न संशयः ॥

उन्मततैलम् ॥

પગમા હારી થાય તો સમજુ વૈદ્યે પગના તળાને સાફ કરીને નસ ખોલી લોહી કઢાવવું.

પગોનું સ્નેહન તથા સ્વેદન કરીનેમધ, બકરા વગેરેની ચરબી, મજ્જા અને જવખારનો લેપ વારંવાર કરવાથી હારી મટી જાય છે.

રાળ તથા સિંધવના ચૂર્ણને ઘી તથા મધમા ખૂબ મથીને તેમાં સરસિયુ તેલ નાંખીને પગમાં ઘસવાથી હારી મટી જાય છે

મીણ, શિલાજિત્, ઘી, ગોળ, ભેસોગૂગળ, રાળ, અને સોનાગેરૂના લેપથી પગનુ ફાટવું અવશ્ય મટી જાય છે.

ઉન્મત્ત તૈલ.

ધતૂરાનાં બીજો તથા માનકંદની ભસ્મના જળથી પકાવેલા સરસિયા તેલથી પગનુ ફાટવું મટે છે, એમાં સંશય નથી.

કદરનું લક્ષણ.

शर्करोन्मथिते पादे क्षते वा कण्टकादिभिः। ग्रन्थिः कोलवदुत्सन्नो जायते कदरस्तु सः॥

शर्कराश्च वालुका । कोलवत् क्षुद्रबदरवत् । उत्सन्न उद्गत. ।

રેતીમાં ચાલ્યાથી કે કાંટા વાગવાથી પગમાં નાના બોર જેવડી ઉંચી ગાંઠ થાય છે, તે કદર કહેવાય છે

કદરની ચિકિત્સા.

दहेत्कदरमुद्धृत्य तैलेन दहनेन वा ।

કદર (કપાશિયા) કાપીને ઉના તેલથી કે અગ્નિથી બાળી નાંખવી.

તિલકાલકનું લક્ષણ.

कृष्णानि तिलमात्राणि नीरुजानि समानि च । वातपित्तकफोद्रेकात्तान्विद्यात्तिलकालकान् ॥ समानि अनुद्गतानि अय तिल इति लोके ।

કાળાં, તલ જેવડાં, વેદના વગરનાં, સમ, વાત, પિત્ત તથા કફથી થયેલાં ચાઠાંને તિલકાલક (તલ કહે છે.)

મશક (મસ)નું લક્ષણ.

अवेदनं स्थिरं चैव यस्तु गात्रे प्रदृश्यते । माषवत् कृष्णमुत्सन्नं मशकं दिशेत् ॥ स्थिरमचलम् । अवेदनं वेदनारहितम् मशाक इति लोके ।

વેદના વગરનો અને સ્થિર તથા અડદ જેવો કાળો અને ઉંચો શરીરમાં મેલો મસ થાય છે.

જતુમણિ (લાખા)નું લક્ષણ

સમમુત્સન્નમરુજં મણ્ડલં કફરક્તજમ્ । સહજં લક્ષ્મચૈકેષાં લક્ષ્યો જતુમણિશ્ચ સઃ ॥ કૃષ્ણસ્નિગ્ધો જતુમણિર્જ્ઞેયઃ શ્લેષ્મોત્તરૈસ્ત્રિભિઃ । અરુજં ત્વપરે રક્તં લક્ષ્મેત્યાહુર્ભિષગ્વરાઃ ॥

સમં સમવર્ણમ્ । ઉત્સન્નં કિઞ્ચિદુત્સન્નં સહજ શરીરેણ સહ જાતમ્ । એવં વિધં યન્મણ્ડલં સ જતુમણિર્લક્ષ્યઃ લક્ષ્મચૈકેષામિતિ એકેષામાચાર્યાણાં મતે તન્મણ્ડલં લક્ષ્મસંજ્ઞં ચ લક્ષ્મ લક્ષુન ઇતિ લોકે । અપરે પુનર્જતુમણિલક્ષ્મણોર્ભેદકં લક્ષણમાહુ કૃષ્ણા ઇત્યાદિ ।

શરીરના જેવા વર્ણવાળું, કંઈક ઉંચું, કફ અને રક્તથી થયેલું, સહજ થયેલું, અને કેટલાક જેને લક્ષ્મ (લાખું) કહે છે, તે મંડળ જતુમણિ કહેવાય છે, કફાદિ ત્રણે દોષોથી તે જતુમણિ કાળું અને સ્નિગ્ધ થાય છે. અને પીડા વગરનું તથા રાતું હોય છે તેને કેટલાક લક્ષ્મ કહે છે.

તિલકાલક, મશક, અને જતુમણિની ચિકિત્સા.

ચર્મકીલં જતુમણિં મશકાંસ્તિલકાલકાન્ । ઉત્કૃત્ય શસ્ત્રેણ દહેત્ ક્ષારાગ્નિભ્યામશેષતઃ ॥

ચર્મકીલ, જતુમણિ, મસ, અને તિલકાલકને કાપીને ક્ષાર તથા અગ્નિથી છેક બાળી નાંખવાં.

ન્યચ્છનું લક્ષણ.

મણ્ડલં મહદલ્પં વા શ્યાવં વા યદિ વા સિતમ્ । સહજં નીરુજં ગાત્રે ન્યચ્છં તદભિધીયતે ॥

મોટું કે નાનું, કાળું કે ધોળું, સહજ, પીડા વગરનું, જે મંડળ શરીરમાં થાય છે, તેને ન્યચ્છ કહે છે

ન્યચ્છની ચિકિત્સા.

શિરાવેધૈઃ પ્રલેપૈશ્ચ તથાભ્યઙ્ગૈરુપાચરેત્ । ન્યચ્છં લિમ્પેત્પયઃ પિષ્ટૈઃ કલ્કૈઃ ક્ષીરતરુદ્રવૈઃ ॥ ત્રિભુવનવિજયાપત્રં મૂલં સ્થવિરસ્ય શિંશિપાચૈભિઃ । ઉદ્વર્તનં વિરચિતં ન્યચ્છવ્યઙ્ગાપહં સિદ્ધમ્ ॥

સ્થવિરસ્ય વૃદ્ધદારકસ્ય ।

શિરાને વિધ, પ્રલેપો, અને અભ્યંગોથી ન્યચ્છના ઉપચારો કરવા.

ઝાડમાંથી ઝરતાં દૂધો સાથે વાટેલા કલ્કોના લેપોથી ન્યચ્છ મટી જાય છે.

ભાંગનાં પાન, વરધારાનાં મૂળ અને શીશમને વાટીને તે વડે ચોળવાથી તથા લેપ કરવાથી ન્યચ્છ તથા વ્યંગ મટી જાય છે.

પદ્મિનીકંટકનું લક્ષણ.

કણ્ટકૈરાચિતં વૃત્તં કણ્ડુમત્પાણ્ડુમણ્ડલમ્ । પદ્મિનીકણ્ટકપ્રખ્યૈસ્તદાખ્યં કફવાતજમ્ ॥

આચિત વ્યાપ્ત પદ્મિનીકણ્ટકપ્રખ્યૈઃ પદ્મિનીનાલકણ્ટકસદૃશૈસ્તદાખ્યં પદ્મિનીકણ્ટકનામૈવ ।

કાંટાઓથી વ્યાપ્ત, ગોળ, ચળવાળું, અને પીંગળું મંડળ પદ્મિની કંટક કહેવાય છે, અને તે કફ અને વાયુથી થાય છે.

પદ્મિનીકંટકની ચિકિત્સા.

પદ્મિનીકણ્ટકે રોગે છર્દયેન્નિમ્બવારિણા । તેનૈવ સિદ્ધં સક્ષૌદ્રં સર્પિઃ પાતું પ્રદાપયેત્ ॥ નિમ્બારગ્વધકલ્કૈર્વા મુહુરુદ્વર્તનં હિતમ્ ॥

चतुर्गुणेन निम्बोत्थपत्रक्काथेन गोघृतम् । पचेत्ततस्तु निम्बस्य कृतमालस्य पत्रजैः ॥ कल्कैर्भूयः पचेत् सिद्धं तत् पिबेत्पलसंमितम् । पद्मिनीकण्टकाद्रोगान्मुक्तो भवति नान्यथा ॥ निम्बादिघृतम् ।

પદ્મિની કંટકના રોગમાં લીમડાના પાણીથી ઉલટી કરવી, તથા તેનાજ પાણીથી પકાવેલું ઘી મધ સાથે પીવું.

લીમડાના તથા ગરમાળાના કલ્કે વારવાર ચોળવાથી પદ્મિનીકંટક મટી જાય છે

નિંબાદિ ઘૃત.

ચોગણા લીમડાનાં પાનના કવાથથી ગાયના ઘીને પકાવીને પાછુ તે ઘીને લીમડાના પાન અને ગરમાળાનાં પાનના કલ્કોથી પકાવવું એ ઘી ચાર ચાર તોલા પીવાથી પદ્મિનીકંટક નિઃસંશય મટીજ જાય છે.

અજગલ્લિકાનું લક્ષણ.

स्निग्धा सवर्णा ग्रथिता नीरुजा मुद्गसन्निभा । कफवातोत्थिता ज्ञेया बालानामजगल्लिका ॥

ग्रथिता गुम्फितेव । मुद्गसन्निभा मुद्गाकृतिः ।

મૂળ વર્ણવાળી, સ્નિગ્ધ ગૂંથેલી, પીડા વગરની, મગ જેવી, અને કફ તથા વાયુથી થયેલી બાળકોને થનારી ફોલ્લીઓ અજગલ્લિકા કહેવાય છે.

અજગલ્લિકાની ચિકિત્સા

तत्राजगल्लिकां सामां जलौकोभिरुपाचरेत् । शुक्तिसौराष्ट्रिकाक्षारकल्कैश्चालेपयेन्मुहुः ॥ कठिनां क्षारयोगेन द्रावयेदजगल्लिकाम् ॥

કાચી અજગલ્લિકા ઉપર જળો મૂકાવવી, અને છીપની ભસ્મ, ગોપીચંદન, અને ક્ષારના કલ્કોનો લેપ વારવાર કરવો. અજગલ્લિકા કઠણ હોય તો તેને ક્ષારથી પીગાળવી.

યવપ્રખ્યાનું લક્ષણ.

यवाकारा प्रकठिना ग्रथिता मांससंश्रया । पिडका श्लेष्मवाताभ्यां यवप्रख्येति सोच्यते ॥

यवाकारा मध्ये स्थूला प्रान्ते कृशा ।

જવના જેવી આકારની, કઠણ ગૂંથેલી, માંસમાં રહેલી, અને વાયુ તથા કફથી થયેલી ફોડકીને યવપ્રખ્યા કહેવાય છે.

અંત્રાલજીનું લક્ષણ

घनामवक्त्रां पिडकामुन्नतां परिमण्डलाम् । अन्त्रालजीमल्पपूयां तां विद्यात् कफवातजाम् ॥ घना कठिनाम् । परिमण्डला वर्तुला अल्पपूयाम् ।

ઘાટી, કાચી, સીધી, ઉંચી ગોળ થોડા પરૂવાળી, અને કફ તથા વાયુથી થતી ફોડકી અંત્રાલજી કહેવાય છે.

યવ પ્રખ્યા તથા અંત્રાલજીની ચિકિત્સા.

अन्त्रालजीयवप्रख्यौ पूर्वं स्वेदैरुपाचरेत् । मनःशिलादेवदारुकुष्ठकल्कैः प्रलेपयेत् ॥ पक्वां व्रणविधानेन यथोक्तेन प्रसाधयेत् ॥

યવપ્રખ્યા તથા અંત્રાલજીમાં પ્રથમ સ્વેદો આપવા, મણશીલ, દેવદાર, અને કઠના કલ્કનો લેપ કરવો; પાકે ત્યારે વ્રણની રીતે ક્રિયા કરવી.

વિવૃતાનું લક્ષણ.

विवृतास्या महादाहां पक्वोदुम्बरसन्निभाम् । विवृतामिति तां विद्यात् पित्तोत्था परिमण्डलाम् ॥ परित. शोथवतीम् ।

ફાટેલા મુખવાળી, બહુ દાહવાળી, પાકા ઉંબરાના ફળ જેવી, ગોળ સોજાવાળી, અને પિત્તથી થનારી ફોલ્લી તે વિવૃતા કહેવાય છે.

ઇંદ્રવૃદ્ધાનું લક્ષણ.

पद्मकर्णिकवन्मध्ये पिडकां पिडकाचिताम् । इन्द्रवृद्धां तु तां विद्याद्वातपित्तोत्थितां भिषक् ॥

पद्मिनीकर्णिकवत् पद्मफलाधारोपमां पिडकाचिता किञ्जल्कवल्लघु पिडकाचिता ।

મધ્યમાં કમળકર્ણિકા જેવી, બીજી નાની ફોલ્લીઓના સમૂહવાળી, અને વાત તથા પિત્તથી થતી ફોલ્લીને વૈદ્યે ઇંદ્રવૃદ્ધા જાણવી.

ગર્દભિકાનું લક્ષણ

मण्डलं वृत्तमुत्सन्नं सुरक्तं पिडकाचितम् । रुजाकरीं गर्दभिकां तां विद्याद्वातपित्तजाम् ॥

ગોળ, ઉંચું, બહુ રાતું પીડા કરનારું, ફોલ્લીઓ વાળુ, વાત તથા પિત્તથી થનારું મંડળ ગર્દભિકા કહેવાય છે.

જાલગર્દભનું લક્ષણ.

विसर्पवत्सर्पति यः शोथस्तनुरपाकवान् । दाहज्वरकर पित्तात् स ज्ञेयो जालगर्दभः ॥

अपाकवान् ईषत्पाकवान् । पित्तकृतत्वेन सर्वथा पाकाभावस्यायुक्तत्वात् । अयमग्निवात इति ख्यातः ।

વિસર્પની પેઠે ફેલાતો, પાતળો, થોડા પાકવાળો, દાહવાળો અને જ્વરવાળો સોજો પિત્તથી થાય છે, તેને જાલગર્દભ કહે છે.

વિવૃતા, ઇંદ્રવૃદ્ધા, ગર્દભિકા, તથા જાલગર્દભની ચિકિત્સા.

विवृतामिन्द्रवृद्धां च गर्दभीं जालगर्दभम् । पैत्तिकस्य विसर्पस्य क्रियया साधयेद्भिषक् ॥ पाके तु रोपयेदाज्यैः पक्वैर्मधुरभेषजैः ॥

વિવૃતા, ઇંદ્રવૃદ્ધા, ગર્દભિક, અને જાલગર્દભની ચિકિત્સા વૈદ્યે પિત્તના વિસર્પ જેવી કરવી. પાકે એટલે મધુર ઔષધોથી પકાવેલા ઘીથી તેનું રોપણ (રૂઝાવવું) કરવું.

કચ્છપિકાનું લક્ષણ.

ग्रन्थयः पञ्च वा षट् वा दारुणाः कच्छपोन्नताः । कफानिलाभ्यां पिडका सा स्मृता कच्छपी बुधैः ॥

कच्छपोन्नताः मध्ये प्रोन्नता प्रान्ते नता. ॥

કાચબાના જેવી ઊંચી પાંચ કે છ દારૂણ ગ્રંથિઓવાળી કફ તથા વાયુથી જે ફોલ્લીઓ થાય છે, તેને વિદ્વાનો કચ્છપિકા કહે છે.

કચ્છપિકાની ચિકિત્સા

कच्छपीं स्वेदयेत् पूर्वं तत एव प्रलेपयेत् । कल्कीकृतैर्निशाकुष्ठसितातालदारुभिः ॥ तां पक्वां साधयेच्छीघ्रं भिषग्व्रणचिकित्सया ।

કચ્છપિકાને પ્રથમ સ્વેદન કરીને પછી હળદર, કઠ, સાકર, હરતાળ, અને દેવદારના કલ્કોનો લેપ કરવો, અને પછી પાકે ત્યારે વૈદ્યે તુરત વ્રણની ચિકિત્સા કરવી.

શર્કરાર્બુદનું લક્ષણ.

प्राप्य मांसशिरास्नायुमेदःश्लेष्मा तथानिल'। ग्रन्थिं कुर्वत्यसौ भिन्नो मधुसर्पिर्वसानिभम् ॥ स्रवति स्रावमत्यर्थं तत्र वृद्धिं गतोऽनिलः। मांसं विशोष्य ग्रथितां शर्करां जनयेत्पुनः ॥ दुर्गन्धं क्लिन्नमत्यर्थं नानावर्णं ततः शिरा। स्रवति सहसा रक्तं तं विद्याच्छर्करार्बुदम् ॥

शर्करा वालूकातुल्या।

કફ તથા વાયુ માસ, શિરા, સ્નાયુ, અને મેદમાં રહીને મધ, ઘી, તથા વસાના જેવા સ્રાવ વાળી ગ્રંથિ ઉત્પન્ન કરેછે. બહુ સ્રાવ થઇને વધેલો વાયુ માસને સૂકવીને પછી તેમાં કાંકરી ઉત્પન્ન કરેછે. તે ગુંથેલી હોય છે, તેથી શિરામાથી દુર્ગંધી, ચીકણું, ઘણું, કલેદવાળુ, અને ઘણા વર્ણોવાળુ બહુ લોહી વ્હેવરાવે છે આ રોગને શર્કરાર્બુદ કહેછે.

શર્કરાર્બુદની ચિકિત્સા.

मेदोऽर्बुदविधानेन साधयेच्छर्करार्बुदम् ॥

શર્કરાર્બુદની ચિકિત્સા મેદના અર્બુદના જેવી કરવી.

વિવિધ વિકારો.

शक्तस्य चाप्यनुत्साहः कर्मण्यालस्यमुच्यते। अस्वास्थ्यं चिन्तयात्यर्थमरतिः कथ्यते बुधैः ॥ उत्क्लिश्यान्नं च निर्गच्छेत्प्रसेकष्ठीवनेरितम्। हृदयं पीड्यते चास्य तमुत्क्लेशं विनिर्दिशेत् ॥ वक्त्रे मधुरता तन्द्रा हृदयोद्वेष्टनं भ्रमः। न चान्नं रोचते यस्मै ग्लानिं तस्य विनिर्दिशेत्। ग्लानेरोजःक्षयाद् दुःखादजीर्णाच्च श्रमोद्भवात्। उदानकोपादाहारस्थितत्वाच्च यद्भवेत् ॥ पवनस्योर्ध्वगमनं तमुद्गारं प्रचक्षते। आटोपो गुड्गुडाशब्दः प्रोक्तो जठरसम्भवः ॥ तमःस्यस्येव यत् ज्ञानं तत् तमः कथ्यते बुधैः ॥

इति क्षुद्ररोगाधिकार ॥

શરીરમા શક્તિ છતા કામકાજનો ઉત્સાહ ન રહે તેને આલસ્ય કહે છે ચિંતાથી થતા અત્યત અસ્વસ્થપણાને અરતિ કહે છે. ભોળ તથા થુંકથી પ્રેરિત અને બહુ મુઝવણ સાથે અન્ન બહાર નીકળે, તથા હૃદયમા પીડા થાય, તેને ઉત્કલેશ કહે છે, મુખમાં મીઠાશ, તંદ્રા, છાતીનુ ભીંડાવુ, ભ્રમ, અને અન્ન ઉપર અરૂચિ એ ગ્લાનિનાં લક્ષણો છે. ગ્લાનિથી, ઓજના ક્ષયથી, દુ ખથી, અજીર્ણથી, શ્રમથી, કોપેલા ઉદાન વાયુથી, તથા આહાર જઠરમા સ્વસ્થાને પડયાથી જે પવનની ગતિ ઊંચી ચઢે છે, તેને ઉદ્ગાર (ઓડકાર) કહે છે પેટમાં થતા ગડગડાટને આટોપ કહે છે અધારામા રહ્યા જેવુ જ્ઞાન થાય છે તેને પડિત વૈદ્યો તમ કહે છે.

શિરોરોગનો અધિકાર.

શિરોરોગનાં નિદાન તથા સંખ્યા.

शिरोरोगास्तु जायन्ते वातपित्तकफैस्त्रिभिः। सन्निपातेन रक्तेन क्षयेण क्रिमिभिस्तथा ॥ सूर्यावर्तानन्तवातशङ्खकार्धावभेदकाः। 'एकादशविधस्यास्य लक्षणानि प्रचक्षते ॥

शिरोरोगा'। अत्र शिरोरोगजा शूलरूपा रुगभिधीयते वातपित्तकफैस्त्रिभि। ननु वातपित्त कफै-

रित्युक्तेऽखिलबोध । किमर्थं त्रिभिरिति पदम्? वातपित्तकफानां पृथक् कारणत्वं बोद्धव्यम्। क्षयेण रसादिक्षयेण ॥

વાત, પિત્ત, કફ, સનિપાત, રક્ત, ક્ષય, કૃમિ, એઓથી થનારા, તથા બીજા સૂર્યાવર્ત્ત, અનતવાત, શંખક, અર્દ્ધાવભેદક, મળી એમ કુલ અગિયાર પ્રકારના માથાના રોગો છે. તેના લક્ષણો કહેવાય છે.

વાતના શિરોરોગનું લક્ષણ.

यस्यानिमित्तं शिरसो रुजश्च भवन्ति तीव्रा निशि चातिमात्रम् । बन्धोपतापैः प्रशमो भवेच्च शिरोऽभितापः स समीरणेन ॥

अनिमित्तं अतर्कितविप्रकृष्टनिमित्त निशि चातिमात्र रात्रौ शैत्येन वायोराधिक्यात । उपताप स्वेदन । शिरोऽभिताप शिर.पीडा ॥

ન સમજાય એવા કોઈ દૂરના કારણથી માથામા પીડા થાય, તથા તે રાત્રે બહુ વધારે થાય, અને તે માથું બાંધવાથી કે શેકવાથી શાંત થતી હોય, તો તે માથાનો રોગ વાયુથી થયો છે, એમ જાણી લેવું.

પિત્તના શિરોરોગનું લક્ષણ.

यस्योष्णमङ्गारचितं यथैव भवेच्छिरो दह्यति चाक्षिनासम् । शीतेन रात्रौ च भवेत् क्षमश्च शिरोऽभितापः स तु पित्तकोपात् ॥ दह्यतीत्यार्षत्वात् ॥

અગારાથી વ્યાપ્ત થયાની પેઠે માથુ ગરમ થઈ જાય, નેત્ર તથા નાક બળ્યા કરે, અને રાત્રે શીતને લીધે વેદના ઓછી થાય, તે શિરોરોગ પિત્તનો જાણવો.

કફના શિરોરોગનું લક્ષણ.

शिरो भवेत् यस्य कफोपदिग्धं गुरु प्रतिष्टब्धमथो हिमं च । शूनाक्षिकूटं वदनं च यस्य शिरोभितापः स कफप्रकोपात् ॥

कफोपदिग्धं अन्त कफलिप्त प्रतिष्टब्ध तब्ध शिरः ।

માથું અદર કફથી ખરડાયલુ, ભારે, સ્તબ્ધ, અને ટાઢું થઈ ગયું હોય, તથા નેત્રોના ડોળા અને મુખ સૂજેલું હોય; તો તે રોગ કફથી થયેલો જાણવો.

સાંનિપાતિક શિરોરોગનું લક્ષણ.

शिरोऽभितापे त्रितयप्रवृत्ते सर्वाणि लिङ्गानि समुद्भवन्ति ।

ઉપરનાં ત્રણે દોષોના લક્ષણો ભેળાં હોય તો તે શિરો રોગ સનિપાતનો છે, એમ જાણવું.

રક્તના શિરોરોગનું લક્ષણ.

रक्तात्मकः पित्तसमानलिङ्गः स्पर्शासहत्वं शिरसो भवेच्च ।

पैत्तिकाद्भेदमाह शिरसः स्पर्शासहत्वमिति ॥

લોહીનો શિરોરોગ પિત્તના જેવાં લક્ષણો વાળો હોય છે, તથા વધારામા માથાને કંઈ સ્પર્શ સહન થઇ શકતો નથી.

ક્ષયના શિરોરોગનું લક્ષણ.

वसाबलासक्षतसम्भवानां शिरोगतानामतिसंक्षयेण । क्षयः प्रवृत्तः शिरसोभितापः कष्टो भवेदुग्ररुजोऽतिमात्रम् ॥

क्षतसम्भवं रुधिरम् ॥

संस्वेदनच्छर्दनधूमनस्यैरसृग्विमोक्षैश्च वि-

दृष्टिभ्रमेति । अङ्गं भ्रमति तुद्येत शिरोविभ्रान्तनेत्रता । मूर्च्छा गात्रावसादश्च शिरोरोगे क्षयात्मिके ।। कष्ट कष्टसाध्यः ॥

ચરબી, કફ, અને રક્તના ક્ષયથી માથામા રોગ થાય છે ત્યારે માથામાં અત્યંત અભિતાપ કષ્ટ, અને ઉગ્ર વેદના થાય છે. એ રોગ સ્વેદન, વમન, ધુમાડો, નસ્યો, અને લોહી કઢાવવાથી વધે છે. અગ ભમે છે, માથુ દુખે છે, નેત્રો વિભ્રાત થઈ જાય છે, મૂર્છા તથા ગાત્રોમા પીડા થાય છે. એ સર્વ ક્ષયથી થયેલા શિરોરોગમા થાય છે.

કૃમિના શિરોરોગનું લક્ષણ.

निस्तुद्यते यस्य शिरोऽतिमात्रं सम्भक्ष्यमाणं स्फुरतीव चान्तः । घ्राणाच्च गच्छेद्रुधिरं सपूयं शिरोऽभितापः क्रिमिभिः स घोरः ॥

सम्भक्ष्यमाण । क्रिमिभिरिति शेष । घ्राणाच्चेति चकारेण क्रिमिनिर्गमोऽपि बोध्यते ॥

માથામા અત્યત પીડા થાય છે કીડો ખાતો હોય એમ અ દર સળવળાટ થાયછે, નાકમાથી પરૂસહિત લોહી નીકળે છે, અને માથામાં તાપ થાય છે આ સર્વ ઘોર કૃમિથી થાય છે.

સૂર્યાવર્ત્તનુ લક્ષણ.

सूर्योदयं या प्रतिमन्दमन्दमक्षिभ्रुवोरुक् समुपैति गाढम् । विवर्धते चांशुमता सहैव सूर्यापवृत्तौ विनिवर्तते च ॥ शीतेन शान्तिं लभते कदाचिदुष्णेन जन्तुः सुखमाप्नुयाद्वा । सर्वात्मकं कष्टतमं विकारं सूर्यापवर्तं तमुदाहरन्ति ॥

सूर्योदयं प्रति लक्षीकृत्य आरभ्येतियावत् । सूर्यस्यापवृत्तौ सूर्यस्याधोगतौ ॥

સૂર્યોદય થાય ત્યારથી નેત્ર તથા ભ્રમરોમાં મંદમંદ પીડા થતે થતે આકાશમા સૂર્ય ઊંચો આવે તેમ તેમ એ પીડા અત્યંત વધતી જાય, અને સૂર્ય નમતો જાય તેમ તેમ પીડા પણ શાત થતી જાય, અને કોઈવાર શીતળતાથી તથા કોઈવાર ઉષ્ણુતાથી પણ પીડા શાત થતી હોય, એ રોગ સૂર્યાવર્ત્ત કહેવાય છે અને તે બહુજ કષ્ટસાધ્ય છે તથા તે ત્રણે દોષોથી થાય છે.

અનંતવાતનું લક્ષણ.

दोषास्तु दुष्टास्त्रय एव मन्या सम्पीड्य गाढं स्वरुजां सुतीव्रम् । कुर्वन्ति सोऽक्षिभ्रुवि शङ्खदेशे स्थितिं करोत्याशु विशेषतस्तु ॥ गण्डस्य पार्श्वे तु करोति कम्पं हनुग्रहं लोचनजान् विकारान् । अनन्तवातं तमुदाहरन्ति दोषत्रयोत्थं शिरसो विकारम्॥

एवशब्दोऽत्राप्यर्थे । अव्ययानामनेकार्थत्वात । स्वरुजा स्वस्वरूपा रुजा । व्यथादाहगौरवादिरूपा दोषाः कुर्वन्ति ॥ अनन्तवात अक्ष्यादिषु स्थितिं करोति । विशेषतः गण्डपार्श्वे स्थितिं करोति । पीडाया स्थितिं कृत्वा कम्पादींश्च करोति॥

દુષ્ટ થયેલા ત્રણે દોષો ઓડને પકડીને અત્યંત તીવ્ર અને ગાઢપીડા કરે છે. એ પીડા આખ, ભ્રમર, અને લમણામાં સ્થિતિ કરે છે, અને વિશેષ કરીને ગાલનાં પડખાંઓમા રહીને કપ હનુગ્રહ, તથા નેત્રરોગોને ઉત્પન્ન કરે છે ત્રણેદોષોથી થતો આ રોગ અનતવાત કહેવાય છે.

શંખકનું લક્ષણ.

पित्तरक्तानिला दुष्टाः शङ्खदेशे विमूर्च्छिताः । तीव्ररुग्दाहरागं हि शोथं कुर्वन्ति दारुणम् ॥ सशिरोविषवद्वेगान्निरुद्ध्याशु गलं तथा । त्रिरात्राज्जीवितं हन्ति शङ्खको नाम नामतः ॥ त्र्यहं जीवति भैषज्यं प्रत्याख्यायास्य कारयेत् ॥

पित्तरक्तानिला । अत्र कफोऽपि योज्य । कृतानुयात्र कफपित्तरक्तैरिति सुश्रुतवचनात् । विमूर्च्छिता प्रवृद्धाः सशोथः । त्रिरात्रात् त्रिरात्रमध्येमारयति इति यावत् ॥

દુષ્ટ થયેલા પિત્ત, રક્ત, અને વાયુ લમણાંમાં રહીને તીવ્ર વેદના અને દાહવાળો દારૂણ રાતો સોજો કરે છે વિષ જેવા વેગથી તે માથાને તથા ગળાને રોકી દેઇને ત્રણ રાત્રિમા જીવિતનો નાશ કરે છે. આ રોગનુ નામ શંખક છે. ત્રણ દિવસ જીવાય છે, માટે વૈદ્યે પ્રથમ ના પાડીને પછી તેની ચિકિત્સા કરવી

અર્ધ્ધાવભેદકનું નિદાન તથા લક્ષણ.

रूक्षाशनाध्यशनावश्यमाग्वातमैथुनैः । वेगसन्धारणायासव्यायामैः कुपितोऽनिलः ॥ केवलः स कफो वार्धं गृहीत्वा शिरसो बली । मन्याभ्रूशङ्खकर्णाक्षिललाटार्धेषु वेदनाम् ॥ शस्त्राशनिनिभा कुर्यात्तीव्रां सोर्धावभेदकः । नयनं वाथवा श्रोत्रमभिवृद्धौ विनाशयेत् ॥

अवश्य अवश्याय । आयास प्रतिचलनभारोद्वहनादि । व्यायामः मल्लश्रम । शस्त्राशनिनिभा शस्त्रघातेनेव वज्रपातेनेव वेदनाम् ॥

રૂક્ષ તથા વધુ પડતું જમવાથી, હિમ તથા પૂર્વ દિશાના પવનથી, મૈથુનથી, વેગોને રોકવાથી, અત્યંત ચાલવા તથા ભાર ઉપાડવાથી, કસરત તથા પરિશ્રમથી, કોપેલો બળવાન વાયુ એકલો અથવા કફની મદદથી અરધા માથાને પકડીને બોડ, ભમર, લમણા, કાન, આંખ અને કપાળના અરધા ભાગને શસ્ત્રઘાતના જેવી તથા વજ્રપાતના જેવી તીવ્ર વેદનાથી પીડે છે. આ રોગ અર્દ્ધાવભેદક (આધાશીશી), કહેવાય છે, તે વધે છે તો નેત્રનો અથવા કાનનો વિનાશ કરી નાખે છે.

શિરોરોગોની ચિકિત્સા.

वातजातशिरोरोगे स्नेहस्वेदं विधर्पणम् । पानाहारोपनाहाश्च कुर्याद्वातामयापहान् ॥ कुष्ठमेरण्डमूलं च नागरं तक्रपेषितम् । कदुष्णं शिरसः पीडां भाले लेपनतो हरेत् ॥ रसः श्वासकुठारो यस्तस्य नस्यं विशेषतः । शिरःशूलं हरत्येव विधेयो नात्र संशयः ॥

વાયુના શિરોરોગ ઉપર સ્નેહન, સ્વેદન, તથા તેલો વગેરે ચોળવાની ક્રિયાઓ કરવી, અને પાન, આહાર, તથા દવાના પાટા વગેરે પણ વાતહર કરવાં. કઠ, એરંડાનુ મૂળ, અને સૂંઠને ઘાટી છાશમાં વાટીને જરા ગરમ લેપ કપાળમા કરવાથી વાયુનો શિરોરોગ મટી જાય છે શ્વાસકુઠારરસ કહેવામા આવ્યો છે તેના નસ્યથી માથાનુ શૂળ અવશ્ય મટી જાય છે, માટે વાયુના શિરોરોગ ઉપર તે અવશ્ય દેવુ જોઇએ.

શિરોબસ્તિ વિધિ

आशिरो व्यायतं चर्म षोडशाङ्गुलमुच्छ्रितम् । तेनावेष्ट्य शिरोऽधस्तान्माषक-

ल्केन लेपयेत् ॥ निश्चलस्योपविष्टस्यतैलैः कोष्णैः प्रपूरयेत् । धारयेदारुजः शान्तैर्यामं यामार्धमेव वा ॥ शिरोबस्तिर्हरत्येष शिरोरोगं मरुद्भवम् । हनुमन्याक्षिकर्णार्तिमर्दितं मूर्धकम्पनम् ॥ विनाभोजनमेवैष शिरोबस्तिः प्रयुज्यते । दिनानि पञ्च वा सप्त रुचितोऽग्रे ततोऽपि च ॥ ततोऽपनीतस्नेहस्तु मोचयेद्बस्तिबन्धनम् । शिरोललाटवदनग्रीवांसादीन् विमर्दयेत् ॥ सुखोष्णेनाम्भसा गात्रं प्रक्षाल्याश्नाति यद्धितम् ॥ आमिषं जाङ्गलं पथ्यं तत्र शाल्यादयोऽपि च ॥ मुद्गमाषान् कुलत्थांश्च खादेद्वा निशि केवलान् । कटुकोष्णान् ससर्पिष्कानुष्णं क्षीरं पिबेत्तथा ॥ पित्तात्मके शिरोरोगे शीतानां चन्दनाम्भसा । कुमुदोत्पलपद्मानां स्पर्शाः सेव्याश्च मारुताः । सर्पिषः शतधौतस्य शिरसा धारणं हितम् । रसः श्वासकुठारोऽल्पः कर्पूरः कुंकुमं नवम् ॥ सिता च्छागीपयः सर्वं चन्दनेनानुघर्षयेत् । तस्य नस्यं भिषग्दद्यात् पित्तजायां शिरोरुजि ॥ किंतु मस्तकशूलेषु सर्वेष्वेवं हितं मतम् । गुडनागरकल्कस्य नस्यं मस्तकशूलनुत् ॥ रक्तजे पित्तवत्सर्वं भोजनालेपसेचनम् । कार्यं भिषग्वरैस्तत्र विशेषो रक्तमोक्षणम् ॥ कफजे लङ्घनं स्वेदो रूक्षोष्णैः पाचकात्मकैः । सन्निपातभवे कार्या सन्निपातहरी क्रिया ॥ पुराणसर्पिषः पानं विशेषेण दिशन्ति हि ॥ एरण्डमूलं तगरं शताह्वा जीवन्तिका रास्निक सैन्धवं च । भृङ्गं विडङ्गं मधुयष्टिका च विश्वौषधं कृष्णतिलस्य तैलम् ॥ अजापयस्तैलविमिश्रितं च चतुर्गुणे भृङ्गरसे विपक्वम् । षड्बिन्दवो नासिकया प्रदेयाः सर्वान्निहन्युः शिरसो विकारान् ॥ च्युतांश्च केशान् पतितांश्च दन्तान्निर्बन्धमूलान् प्रकटीकरोति । सुपर्णगृध्रप्रतिमं च चक्षुः कुर्वन्ति बाह्वोरधिकं बलं च ॥ जीवन्तिकात्र हरीतकी शाकविशेषश्च । इति षड्बिन्दुतैलम् ॥

क्षयजे क्षयनाशाय कर्तव्यो बृंहणो विधिः। पाने नस्ये च सर्पिः स्याद्वातघ्नैर्मधुरैर्घृतम् ॥ क्रिमिजे व्योषनक्ताह्वशिग्रुबीजैश्च नावनम् । अजामूत्रयुतं नस्यं कर्तव्यं कृमिनुत्परम् ॥ सूर्यावर्ते विधातव्यं नस्यकर्मादि भेषजम् । कुमार्याः स्वरसे प्रस्थे धत्तूरस्य रसे तथा ॥ भृङ्गराजस्य च रसे प्रस्थद्वयसमायुते । चतुःप्रस्थमिते क्षीरे तैलप्रस्थं विपाचयेत् ॥ कल्कैर्मधूकह्रीबेरमञ्जिष्ठाभद्रमुस्तकैः । नखकर्पूरभृङ्गैलाजीवन्तीपद्मकुष्ठकैः ॥ मार्कवासकतालीससर्जनिर्यासपत्रकैः विडङ्गशतपुष्पाश्वगन्धागन्धर्वहस्तकैः ॥ न्यग्रोधनारिकेलाभ्यां कर्षमानैर्विपाचिते । उत्तार्य वस्त्रपूतं तु शुभे भाण्डे सुभूषिते ॥ त्रिरात्रमथ गुप्तं च धारयेद्विधिवद्भिषक् । ततस्तु तैलमभ्यङ्गे मूर्ध्नि क्षेपे नियोजयेत् ॥ शमयेदर्दितं गाढमन्यास्तम्भशिरोगदान् । तालुनासाक्षियातं तु शोषं मूर्च्छाहलीमकम् ॥ हनुग्रहगदत्वं वा बाधिर्यं कर्णवेदनाम् ॥

इति कुमारीतैलम् ॥

योजयेत् सगुडं सर्पिर्घृतपूयांश्च भक्षयेत्।

नावनं क्षीरसर्पिर्भ्यां पानं च क्षीरसर्पिषोः॥ क्षीरपिष्टैस्तिलैः स्वेदो जीवनीयैश्च शस्यते । भृङ्गराजरसश्छागीक्षीरतुल्योऽर्के तापितः सूर्यावर्तं निहन्त्याशु नस्ये नैव प्रयोगराट् ॥ अर्धावभेदके पूर्वं स्नेहस्वेदौ हि भेषजम् ॥ विरेकः कायशुद्धिश्च धूपः स्निग्धोष्णभोजनम् । विडङ्गानि तिलान् कृष्णान् समान् पिष्टान् विलेपयेत् ॥ नस्यं चाप्याचरेत्तस्मादर्धभेदं व्यपोहति । पिबेत् सशर्करं क्षीरं नीरं वा नारिकेरजम् ॥ सुशीतं वापि पानीयं सर्पिर्वा नस्ततस्तयोः ॥

नस्ततः नासिकया पिबेदित्यन्वय । तयो सूर्यावर्तार्धभेदयो' ।

अनन्तवाते कर्तव्यः सूर्यावर्तहितो विधिः। शिरोवेधश्च कर्तव्योऽनन्तवातप्रशान्तये ॥ आहारश्च प्रदातव्यो वातपित्तविनाशनः । मधुमस्तकसंयावघृतपूपो विशेषतः ॥

सयाव पक्वान्नविशेषः । पेरकिया इति लोके । स च मधुमस्तक मधुनोपलिप्त घृतपूय पूया ॥

पथ्याक्षधात्री रजनीगुडूची भूनिम्बनिम्बैः सगुडः कषायः । भ्रूशङ्खकर्णाक्षिशिरोऽर्धशूलं निहन्ति नासानिहितः क्षणेन ॥ इति पथ्यादिक्वाथ. ॥

'दार्वी हरिद्रा मञ्जिष्ठा सनिम्बोशीरपद्मकम् । एतत्प्रलेपनं कुर्याच्छङ्खकस्य प्रशान्तये ॥ शीततोयाभिषेकश्च शीतलक्षीरसेवनम् । कल्कैश्च क्षीरवृक्षाणां शङ्खके लेपनं हितम् ॥ सर्वेषु शिरोरोगेषु ॥

महिषमधुकमाषः स्यात्तुर्यांशं तु विषं भवेत् । तयोश्चूर्णं सुसूक्ष्मं स्यात्तच्चूर्णं सर्षपोन्मितम् ॥ नासिकाभ्यन्तरे न्यस्तं सर्वां शीर्षव्यथां हरेत् । दृष्टप्रयोगो योगोऽयमनुभाविभिरादृतः ॥ आर्द्रं यच्छुक्तिकाचूर्णं चूर्णितं नवसादरम् । उभये योजिते तस्य गन्धान् नश्यति शीर्षरुक् ॥

इति शिरोरोगाधिकार ॥

માથાને પૂરૂં થાય એવડું લાંબુ અને સોળ આગળ ઊંચુ ચામડું લેઇ માથા ઉપર વીંટીને તે ચામડાની નીચે અડદના કલ્કનો લેપ કરવો પછી રોગીને સ્થિર બેસાડીને જરાક ગરમ તેલ માથા ઉપર એ ચામડામાં ભરવું વેદના મટે ત્યાં સુધી, અથવા એક પહોર કે ચાર ઘડી સુધી એ રીતે રાખવું. આથી વાયુનો શિરોરોગ, હનુગ્રહ, ઓડનું ઝલાવુ, નેત્રની પીડા, કાનની પીડા, અર્દિત; અને માથાનો કંપ મટે છે આ બસ્તિ જમ્યા પહેલાં દેવી પાચ, સાત દિવસ, કે અનુકુળતા પ્રમાણે વધુ દિવસો સુધી આ ક્રિયા કરવી એક પહોર ચાર ઘડી, કે વેદના શાંત થઇ જાય, એટલે બસ્તિ છોડી લેવી, અને માથુ, કપાળ, મોઢું, ડોક, તથા ખભા વગેરેને ચોળવા. પછી સ્હેવાતા ગરમ પાણીથી શરીર ધોઇ નાખીને હિતકારી અન્ન જમવું. જાંગલ પશુનાં માંસો અને સાઠા ચોખા વગેરે પણ આ બસ્તિ ઉપર હિતકારી છે. રાત્રે મગ, અડદ, અને કળથી રાંધી ઘી નાંખી રંધાવી તેમા તીખા પદાર્થો પણ નાંખવા અને તે ગરમા ગરમ ખાવી. અને તે ઉપર ઊનું દૂધ પીવું.

પિત્તના શિરોરોગમા ચંદનના જળથી શીતળ કરેલ પોઅણાં, રક્ત કમળ, અને શ્વેત

કમળનો સ્પર્શ કરવો, તથા શીતળ પવન સેવવો.

સો વાર ધોએલું ઘી માથે ઘસવાથી પિત્તનો શિરોરોગ મટી જાય છે

થોડોક શ્વાસકુઠાર રસ, કપૂર, નવુ કેશર, સાકર, અને બકરીનુ દૂધ, એ સર્વને સુખડના જળ સાથે માથે ઘસવાથી તથા તેનુજ નસ્ય લેવાથી પિત્તનો શિરોરોગ મટી જાય છે

માથાના સર્વ જાતના શૂળોમા પણ ઉપરનો પ્રયોગ હિતકારી મનાયો છે.

ગોળ અને સૂઠના કલ્કનુ નસ્ય લેવાથી પણ માથાનુ શૂળ મટી જાય છે

રક્તના શિરોરોગમાં પિત્તના શિરોરોગના જેવી સર્વ ભોજન, લેપન, અને સેચનની ક્રિયાઓ ઉત્તમ વૈદ્યે કરવી, અને વિશેષે કરીને લોહી કઢાવવાની ક્રિયા પણ કરવી

કફના શિરોરોગમાં લઘન તથા ગરમી ભરેલા રૂક્ષ અને ઉષ્ણ પદાર્થોના સ્વેદો આપવા.

સંનિપાતના શિરોરોગમા સંનિપાત મટાડનારી ક્રિયાઓ કરવી, અને વિશેષે કરીને જૂનુ ઘી પાવુ; એમ વૈદ્યકાચાર્યોએ કહેલું છે.

ષડ્બિંદુ તૈલ

એરંડાનું મૂળ, તગર, શતાવરી, હરડે અથવા મીઠી ખરખોડી, રાસ્ના, સૈંધવ, ભાંગરો, વાવડીગ, જેઠીમધ, સૂઠ, કાળા તલનુ તેલ, અને તેલ તથા બકરીનુ દૂધ, એ સર્વને ચોગણા ભાગરાના રસમાં પકાવી તેનાં ૭ ટીપાં નાકમાં નાખવાથી સર્વ પ્રકારના શિરોરોગો મટી જાય છે, કેશ તથા દાત ગયા હોય તો તે પાછા અત્યત મજબૂત ઉગી નીકળે છે, નેત્રો ગરૂડ તથા ગીધના જેવાં પ્રબળ શક્તિવાળા થાય છે, અને બાહુઓમાં અધિક બળ આવે છે.

ક્ષયના શિરોરોગમાં ક્ષયનો નાશ કરવા માટે બૃહણ પ્રયોગો કરવા, તથા વાતહર પદાર્થોથી પકાવેલ ઘી પાવુ તથા તેને નસ્ય પણ દેવુ.

કૃમિના શિરોરોગમાં સૂઠ, મરી, પીપર, કરજ, અને સરગવાના બીજને બકરીના મૂત્રમાં વાટીને તેનુ નસ્યદેવુ, એથી કૃમિઓનો અવશ્ય નાશ થઈ જાય છે.

સૂર્યાવર્ત્તમાં નસ્ય વગેરેની ચિકિત્સા કરવી

કુમારી તૈલ

ચોસઠ તોલા કુવારનો સ્વરસ, ચોસઠ તોલા ધતુરાનો રસ, ૧૨૮ તોલા ભાગરાનો રસ, અને ૨૫૬ તોલા દૂધ, એમા એક એક તોલો જેઠીમધ, વાળો, મજીઠ, ભદ્રમોથ, નખલો, કપૂર, ભાંગરો, એળચી, હરડે, પદ્મકાષ્ઠ, ધોળો ભાગરો, કઠ, અરડૂસો, તાલીસપત્ર, રાળ, તમાલપત્ર, વાવડીંગ, સૂવા, આસોદ, એરડો, વડ, અને નાળિયેરના કલ્કો નાંખીને તેમાં ચોસઠ તોલા તેલ પકાવવું. પછી અગ્નિપરથી તેલને ઉતારી વસ્ત્રથી ગાળી લેઇને ધૂપ દીધેલા સારા વાસણમાં ભરીને, વિધિપૂર્વક ત્રણ રાત્રિ સુધી વૈદ્યે જમીનમાં દાટી મૂકવું. આ તેલના અભ્યગથી અર્દિત, ઓઠનુ ગલાવુ, શિરોરોગો, તાળવાનો સોજો, નાક તથા આંખના સોજા, મૂર્છા, હલીમક, હનુગ્રહ, બહેરાપણું, અને કાનની વેદનાનો નાશ થાય છે.

ગોળ અને ઘી ખાવાથી, ઘીના માલપુવા ખાવાથી, દૂધ અને ઘીના નસ્યથી, દૂધ

તથા ઘી પીવાથી, અને દૂધમાં વાટેલાં તલ તથા જીવનીયગણનાં ઔષધોના શેકથી સૂર્યાવર્ત મટી જાય છે

ભાંગરાનો રસ અને બકરીનુ દૂધ સમભાગે મેળવી તડકે ગરમ કરીને તેનું નસ્ય લેવાથી સૂર્યાવર્ત્ત મટી જાય છે. સૂર્યાવર્ત માટે આ ઉત્તમ પ્રયોગ છે.

આધા શીશીમા પ્રથમ સ્નેહન, સ્વેદન, વિરેચન, બીજી રીતે પણ દેહનુ સંશોધન, ધૂપ, અને સ્નિગ્ધ તથા ગરમ ભોજનોરૂપી ઉપચારો કરવા.

વાવડીંગ તથા કાળા તલને સમભાગે દૂધમાં વાટીને લેપ કરવાથી, તથા તેનુજ નસ્ય લેવાથી આધાશીશી મટી જાય છે.

સાકર નાંખેલું દૂધ નાકેથી પીવાથી, અથવા નાળિયેરનુ પાણી કે ટાઢું પાણી નાકેથી પીવાથી, અથવા ઘી સૂંઘવાથી સૂર્યાવર્ત તથા આધાશીશી મટી જાય છે.

અનત વાતની ચિકિત્સા સૂર્યાવર્તના જેવીજ કરવી તે હિતકારી છે.

અનંતવાતને શાંત કરવા માટે નસ વીંધીને લોહી કઢાવવુ, તથા વાતહર અને પિત્તહર ખોરાક લેવો.

ઘીથી ચૂતાં અને મધ નાખેલાં ભોજનો ચૂરમું, શીરો, અને માલપુવા વિગેરે વિશેષે કરીને ખાવાં.

પથ્યાદિ ક્વાથ.

ત્રિફળા, હળદર, ગળો, કરિયાતું, અને લીમડો, એનો ક્વાથ ગોળ નાંખીને કરી તેનું નસ્ય લેવાથી ક્ષણ માત્રમાં ભ્રમર, લમણા, કાન, નેત્ર, અને અરધું માથું, એ ઠેકાણેનાં શૂળો મટી જાય છે.

શંખકમાં દારૂહળદર, હળદર, મજીઠ, લીમડો, વાળો, અને પદ્મકાષ્ઠનો લેપ કરવો.

ટાઢા પાણીનું સેચન; ટાઢા દૂધનું સેવન, અને ક્ષીરવાળાં વડ વિગેરે વૃક્ષોના કલ્કોનુ લેપન, એથી શંખક મટી જાય છે.

શિરોરોગોની સામાન્ય ચિકિત્સા.

જેઠીમધ છ રતિભાર તથા તેથી ચોથા ભાગનો વછનાગ, એનું બારીક ચૂર્ણ એક સર્ષવ જેટલું નાકમાં નાખવાથી સર્વ પ્રકારની માથાની પીડા મટી જાય છે, આ પ્રયોગ મોટા અનુભવી વૈદ્યોએ સ્વીકારેલો છે, તથા અમે પણ અનુભવેલો છે.

છીપનું ભીનુ ચૂર્ણ તથા નવસારનું ચૂર્ણ મેળવીને તેની વાસ નાકે લેવાથી માથાની વેદના મટી જાય છે.

।। इति शिरोरोग अधिकार ।।

નેત્રરોગનો અધિકાર.

નેત્રનું પ્રમાણ.

विद्याद्‌द्व्यङ्गुलबाहुल्यं स्वाङ्गुष्ठोदरसम्मितम् । द्व्यङ्गुलं सर्वतः सार्धं भिषङ्‌ नयनमण्डलम् ॥

द्व्यङ्गुलबाहुल्य द्व्यङ्गुलप्रमाणस्थौल्य यस्य तत । अङ्गुलीनां स्थौल्यस्य वैषम्यात्पुनराह । स्वाङ्गुष्ठोदरसम्मितं द्व्यङ्गुलं सर्वत सार्धं दैर्घ्येण ॥

નેત્રમંડળ બે આંગળ જાડુ અથવા પોતપોતાના અંગૂઠાના ઉદર જેટલું જાડું, અને ફરતું બે આંગળની લબાઇવાળુ છે, એમ વૈદ્યે સમજવું.

નેત્રના રોગો.

द्वादश व्याधयो दृष्टौ तत्रैवान्यौ गदावुभौ । कृष्णमार्गे तु चत्वारो दशैकः शुक्लभागजाः ॥ वर्त्मन्येको विंशतिश्च पक्ष्मजौ द्वौ प्रकीर्तितौ । नवसन्धिषु सर्वस्मिन्नेत्रे सप्तदशोदिताः ॥ एवं नेत्रे समस्ताः स्युरष्टसप्ततिरामयाः ॥

तत्र दृष्टौ अन्यौ चरकोक्तौ सुश्रुतोक्तषट्सप्ततिसङ्ख्येभ्योऽधिकौ ॥

वाताद्दश तथा पित्तात्कफाच्चैव त्रयोदश । रक्तात् षोडश विज्ञेयाः सर्वजाः पञ्चविंशतिः॥ बाह्यौ पुनर्द्वौ नयने रोगाः षट्सप्ततिः स्मृताः॥

દૃષ્ટિરોગો બાર, કાળા ડોળાના ચાર, ધોળા ડોળાના અગિયાર, પાંપણોના એકવીસ, પોપચાના બે, સાંધાઓમાં નવ, અને આખા નેત્રના સત્તર રોગો છે, બે બીજા દૃષ્ટિના રોગો સુશ્રુતે નથી કહ્યા પણ ચરકે કહ્યા છે તે એમ કુલ નેત્રરોગો અઠોત્તેર છે. સુશ્રુતના ૭૬ રોગોમાં દસ વાયુના, દસ પિત્તના, તેર કફના, સોળ રક્તના, અને પચીસ આખા નેત્રના, તથા બે નેત્રની બહારના ભાગના, એમ છોતેર રોગો છે.

નેત્રરોગોનાં નિદાનો

उष्णाभितप्तस्य जलप्रवेशाद्दूरेक्षणात् स्वप्नविपर्ययाच्च । स्वेदाद्रजोधूमनिषेवणाच्च छर्देर्विघाताद्वमनातियोगात् ॥ शुक्तारनालाम्लकुलत्थमाषाद्विण्मूत्रवातागमनिग्रहाच्च । प्रसक्तसंरोदनशोकतापाच्छिरोऽभिघातादतिशीघ्रयानात् ॥ तथा ऋतूनां च विपर्ययेण क्लेशाभितापादतिमैथुनाच्च । बाष्पग्रहात् सूक्ष्मनिरीक्षणाच्च नेत्रे विकारं जनयन्ति दोषाः ॥

उष्णाभितप्तस्य जलप्रवेशात् । आतपादिजनितोष्मणा सह बहिर्भूतस्य नयनतेजसो जलावगाहनेनाभिभवात् । दूरेक्षणात् दूरस्थद्रव्यदर्शनात् । स्वेदात् स्विद्यतेऽनेनेति स्वेदोऽग्न्यादिस्तस्मात् । रजोधूमनिषेवणात् नेत्रेण । शोकतापात् शोकजनितात्सन्तापात् । शिरोऽभिघातात् शिरसि प्रहारात् । ऋतूना विपर्ययेण ऋतूक्तचर्याविपरीताचरणेन । क्लेशाभितापात् क्लिश्यतेऽनेनेति क्लेशःकामक्रोधादिदुःख तेनाभिताप पीडा । तत्त बाष्पग्रहात् अश्रुवेगविघातात् ॥

ગરમ તાપ ખમીને જળમાં પ્રવેશ કરવાથી, દૂર નજર કરી જોવાથી, સમયસર નિદ્રા નહી કરવાથી, સ્વેદથી, રજ અને ધૂમાડાના સેવનથી, ઉલટી રોકવાથી, બહુજ ઉલટી થયાથી, શુક્ત કે આરનાલ અને ખટાઈ કે કળથીના સેવનથી, કળથી અને અડદથી, વિષ્ટા મૂત્રવાતાદિના રોકાવાથી, રોકેલા રૂદન તથા શોક અને તાપથી, માથામાં વાગવાથી, ઝડપથી ચાલતા વાહનથી, અને ઋતુઓના બદલાવાથી, કલેશના તાપ તથા બહુ મૈથુનથી ડુસકાં ખાવાથી, અને ઝીણી નજરે જોવાથી, નેત્રની અંદર દોષો (વિકાર) ઉત્પન્ન કરે છે.

નેત્રરોગોની સંપ્રાપ્તિ.

शिरानुसारिभिर्दोषैर्विगुणैरूर्ध्वमाश्रितैः । जायन्ते नेत्रभागेषु रोगाः परमदारुणाः ॥

नेत्रभागेषु नेत्रस्य दृष्टयाद्यवयवेषु ॥

શિરાઓમાં રહેલા દોષો બગડવાથી

તેઓ ઉંચા જાય છે, તેથી નેત્રના ભાગોમાં પરમ દારૂણ રોગો ઉત્પન્ન કરે છે.

દૃષ્ટિ (કીકી) નું લક્ષણ.

मसूरदलमात्रां तु पञ्चभूतप्रसादजाम् । खद्योतविस्फुलिङ्गाभां सिद्धां तेजोभिरव्ययैः॥ आवृतां पटलेनाक्ष्णोर्बाह्येन विवराकृतिम् । शीतसात्म्यां नृणां दृष्टिमाहुर्नयनचिन्तकाः ॥

मसूरदलमात्रा नेत्रगतकृष्णमण्डलमध्यस्थमसूरद्विदलप्रमाणां पञ्चभूतप्रसादजाम् प्रसन्नपञ्चभूतात्मिकाम् खद्योतविस्फुलिङ्गाभा निमेषे कदाचित् खद्योताभा निमेषाभावे विद्योतमानत्वाद्विस्फुलिङ्गाभां अव्ययैश्चिरस्थायिभिस्तेजोभि सिद्धां उत्पन्नां विवराकृतिं सच्छिद्राम् अक्ष्णो. बाह्येन पटलेन रसरक्ताधारभूतेन आवृताम् ॥

કાળા ડોળાની મધ્યમાં મસૂરની દાળ જેવડી પંચભૂતોની બનેલી, ખદ્યોત અને અગ્નિના તણખા જેવી, તેજથી સિદ્ધ થયેલી, છિદ્રવાળી, જેને શીતળતા અનુકુળ છે એવી, અને રસ તથા રક્તના આધારવાળા નેત્રના બાહ્ય પટલથી વિંટાયલી દૃષ્ટિને નેત્રવૈદ્યો માણસોની કીકી (દૃષ્ટિ) કહે છે.

નેત્રનાં પટલો.

तेजो जलाश्रितं बाह्यं तेष्वन्यत्पिशिताश्रितम् । मेदस्तृतीयं पटलमाश्रितं त्वस्थि चापरम् ॥ पञ्चमांशसमं दृष्टेस्तेषां बाहुल्यमिष्यते ॥

तत्र तेजो रक्त जलं रसः तेन रसरक्ताधारमित्यर्थः । तेषु पटलेषु अपरं चतुर्थं स्वाङ्गुष्ठोदरस्थूलस्य नेत्रस्य पञ्चमांशसमं तेषां चतुर्णां पटलानां मिलितानां बाहुल्यं स्थौल्यं इष्यते ॥

તેજ (રક્ત) અને જળ (રસ) નાઆશ્રયવાળું પહેલું બાહ્યપડ છે, બીજું માંસનું છે, ત્રીજું મેદનું, અને ચોથુ અસ્થિના આશ્રયવાળું પડ છે. તે બધાંની જાડાઈ નેત્રની દૃષ્ટિના પાંચમાં ભાગ જેટલી છે.

પ્રથમ પટલના દોષો

प्रथमे पटले यस्य दोषो दृष्ट्यव्यवस्थितः । अव्यक्तानि स्वरूपाणि कदाचिदथ पश्यति॥

प्रथमे पटले पूर्वाभ्यन्तरे न तु बाह्ये । 'दृष्टेरभ्यन्तरे दोषाः पटलेसमधिष्ठिताः ॥ एकैकमनुपद्यन्ते पर्यायात्पटलान्तरम्' इति विदेहवचनात् । व्यवस्थित स्थितः । अव्यक्तानि ईषद्व्यक्तानि ॥ अथ कदाचित्पश्यति व्यक्तान्येवेति शेषः । दोषाल्पतया ॥

જેને દૃષ્ટિના પ્રથમ[1] પટલમાં દોષો રહેલા હોય છે, તેને અસ્પષ્ટરૂપો દેખાય છે, અને કોઈવાર સ્પષ્ટ પણ દેખાય છે.

બીજા પટલના દોષો.

दृष्टिर्भृशं विह्वलति द्वितीये पटले गते । मक्षिकामशकान् केशान् जालकानीव पश्यति ॥ मण्डलानि पताकांश्च मरीचीन् कुण्डलानि च । परिप्लवांश्च विविधान् वर्षमभ्रं तमांसि च ॥ दूरस्थानि च रूपाणि मन्यते च समीपतः । समीपस्थानि दूरे च दृष्टेर्गोचरविभ्रमात् ॥ यत्नवानपि चात्यर्थं सूचीच्छिद्रं न पश्यति ॥

विह्वलति रूपं सम्यक् कृत्वा गृहीतुं न शक्नोति । विह्वलत्वमेव विवृणोति । मक्षिकादीन् जाल-

[1] છેક અંદરનું તે પ્રથમ પટલ ગણવાનું, અને છેક બહારનું તે ચોથું ગણવું; એમ વિદેહ કહે છે.

कानीव मर्कटरचितजालानीव पश्यति मण्डलादीनि असन्त्यपि सन्तीव पश्यति ॥ कुण्डलानि कुण्डलानीव विद्योतमानानि किञ्चित् पश्यति । परिप्लवांश्च विविधान् प्रतिच्छायादीना सञ्चारात् ऊर्ध्वाधस्तिर्यग्गतान् नानाविधान् पश्यति । वर्षे वृष्टि अभ्र मेघ वर्षादीनि असन्त्यपि सन्तीव पश्यति । गोचरविभ्रमात् गोचरोऽत्र रूप तत्र भ्रम अयथाग्रहण तस्मात् ॥

બીજા પટલમાં દોષો હોય તો દૃષ્ટિ રૂપોનું ગ્રહણ સારી રીતે કરી શકતી નથી. માખીઓ, મચ્છરો, તથા કેશો કરોળિયાની જાળો જેવાં દેખાયછે, મડળો પતાકાઓ અને કિરણો ન હોય તો પણ તેઓ હોય એવાં, અને કુંડળની પેઠે કંઈક પ્રકાશતાં જોવામાં આવે છે, પડછાયા વગેરેના સચારો ઊંચે, નીચે તથા આડા રહેલા અનેક પ્રકારના દેખાય છે, વરસાદ વાદળા અને અંધકાર ન હોય તો પણ હોય એમ દેખાય છે, દૃષ્ટિ યથાર્થ દર્શન નહિ કરી શકતી હોવાથી દુરનાં રૂપો સમીપ જણાય છે, અને સમીપનાં રૂપો દુર જણાયછે, અને અત્યંત યત્ન કર્યા છતાં પણ સોઇનું નાકુ જોવામાં આવતું નથી.

ત્રીજા પટલના દોષો.

ऊर्ध्वं पश्यति नाधस्तात्तृतीयं पटलं गते । सुमहान्त्यपि रूपाणि छादितानीव चाम्बरैः । कर्णनासाक्षियुक्तानि विकृतानि च पश्यति । यथादोषं च रज्येत दृष्टिर्दोषे बलीयसि ॥ अधःस्थे तु समीपस्थं दूरस्थं चोपरि स्थिते । पार्श्वस्थिते पुनर्दोषे पार्श्वस्थानि न पश्यति ॥ समन्ततः स्थिते दोषे सङ्कुलानीव पश्यति । दृष्टिमध्यस्थिते दोषे महद्रूपं च पश्यति ॥ दोषे दृष्टिस्थिते तिर्यगेकं वा मन्यते द्विधा । द्विधा स्थिते त्रिधा पश्येद्बहुधा चाऽनवस्थिते ॥

ऊर्ध्वं पश्यति । ऊर्ध्वमपि यादृक् पश्यति तादृगाह । सुमहान्तीत्यादि । अम्बरैः वस्त्रै अधःस्थे तु समीपस्थं न पश्यतीत्यन्वय. । तथा उपरि स्थिते दोषे दूरस्थ न पश्यति । समन्तत उपर्यधः पार्श्वेषु सङ्कुलानि मिलानि अपि रूपाणि मिश्रितानीव पश्यति । अनवस्थिते अनियतावस्थाने बहुधा बहूनि पश्येत ॥

ત્રીજા પટલમાં દોષો હોય તો ઉંચેનું દેખાય છે પણ નીચેનું દેખાતું નથી ઊંચેનાં રૂપો અત્યત મોટાં હોય તો પણ તેઓ વસ્ત્રથી ઢંકાયલાં જેવાં દેખાયછે. કાન, નાક, અને નેત્રો વાળાં શરીરોને તે અવયવ વગરના, અથવા તે કાન વગેરે વિકાર વાળાં દેખાય છે. જો દોષ બળવાન્ હોય તો દૃષ્ટિ દોષના સ્વભાવથી રંગાઈ જાય છે. દોષ નીચેના ભાગમાં હોય તો નજીકના પદાર્થો દેખાતા નથી અને ઉપરના ભાગમા દોષ હોય તો દૂરના પદાર્થો દેખાતા નથી. પડખાંમાં દોષ હોય તો પડખાના પદાર્થો દેખાતા નથી. દોષ ચારે મેર રહેલ હોય તો ચારેમેરના પદાર્થો જુદા જુદા હોય છતાં ભેળા થયેલા દેખાય છે. દોષ જો દૃષ્ટિના મધ્યમાં હોય તો મોટા પદાર્થો નાના દેખાય છે, અને દોષ આડો હોય તો એક પદાર્થ બે જેવો દેખાય છે. દોષ બે ભાગમાં રહેલ હોય તો એક પદાર્થના ત્રણ દેખાય છે, અને દોષ અનિયમિત રહેલ હોય તો એક પદાર્થના ઘણા પદાર્થો દેખાય છે.

ચોથા પટલના દોષો.

तिमिराख्यः स यो दोषश्चतुर्थं पटलं गतः । रुणद्धि सर्वतो दृष्टिं लिङ्गनाश इति कचित् ॥ अस्मिन्नपि तमोभूते नातिरूढे महागदे । चन्द्रादित्यौ सनक्षत्राण्यन्तरिक्षे च विद्युतः ॥ निर्मलानि च तेजांसि भ्राजिष्णूनीव पश्यति । स एव लिङ्गनाशस्तु नीलिकाकाचसंज्ञितः ॥

यो दोषः । दोषोऽत्र रोग. चतुर्थं पटलं बाह्यं पटलं गतः स तिमिराख्यः तिमिरदर्शनेन तिमिरमस्यास्तीति तिमिर । अर्श आदित्वात् अच । तस्य लक्षणमाह । रुणद्धीत्यादि सर्वत. सर्वत्र लिङ्गनाश इति कचित् । तन्त्रान्तरे लिङ्गनाशसञ्ज. । तस्य निरुक्तिश्च लिंग्यते ज्ञायतेऽनेनेति लिङ्ग दृष्टितेज. तस्य नाशोऽस्मिन्निति लिङ्गनाश । अस्मिन्नपि तिमिरेऽपि तमोभूते तमस्तुल्ये । अत्र भूतशब्दस्तुल्यार्थः । 'भूतं प्राप्यतीते समे त्रिष्विष्यमरात्' नातिरूढे अप्रौढे नवे चन्द्रादित्यौ नक्षत्राणि च पश्यति अन्तरिक्षे अन्तरिक्षस्य प्रकाशसमयत्वेन तमोऽभिभावात् तेजांसि अग्न्यादेः भ्राजिष्णूनि रत्नसुवर्णादीनि अस्मिन् प्रौढे चिरजे चन्द्रादीन्यपि न पश्यतीत्याशय । नीलिकाकाचसञ्ज्ञित नीलिका काचेति नामान्तरायां युक्तः ।

ચોથા પટલનો દોષ તિમિર કહેવાય છે તે ચારેમેરથી દૃષ્ટિને રોકી દેછે, અને કેટલાક લિંગનાશ કહે છે. આ પ્રકારમય આ મહા રોગ હજી નવો હોય તો અંતરિક્ષમાં ચંદ્ર, સૂર્ય, નક્ષત્ર, અને વીજળીને દેખે છે. અગ્નિ વિગેરે જેવા નિર્મલ તેજોમય પદાર્થોને પણ દેખે છે. આ રોગને લિંગ નાશ કહે છે તેમ નીલિકા અને કાચ પણ કહે છે.

(દૃષ્ટિરોગો.)

દૃષ્ટિ રોગોનાં નામો.

दृष्ट्याश्रयाः षट् च षडेव रोगाः षड् लिङ्गनाशा हि भवन्ति तत्र । वातेन पित्तेन कफेन सर्वैः रक्तात्परिम्लाय्यमितश्च षष्ठः ॥

दृष्ट्याश्रया रोगा. षट् षट् । द्वादशेत्यर्थः । अत्र लिङ्गनाशाः षट् तान् विवृणोति वातेनेत्यादि ॥

तथा नरः पित्तविदग्धदृष्टिः कफेन चान्यस्तथ धूमदर्शी । यो ह्रस्वजात्यो नकुलान्धसंज्ञो गम्भीरसंज्ञा च तथैव दृष्टिः ॥

पित्तविदग्धदृष्ट्यादयश्च षट् ॥

तत्रैवान्यौ गदौ बद्धौ सनिमित्तानिमित्तकौ ॥

દૃષ્ટિના બાર (ચરકના મત પ્રમાણે ચઉદ) રોગોમાં છ લિંગનાશ કહેવાય છે. તેઓ, વાત, પિત્ત, કફ, સંનિપાત, રક્ત, અને પરિમ્લાયી, એ છે. બીજા છ રોગો પિત્તવિદગ્ધ દૃષ્ટિ, કફવિદગ્ધ દૃષ્ટિ, ધુમદર્શી, હ્રસ્વજાત્ય, નકુલાંધ, અને ગમ્ભીરિકા, એ છે, ચરકના મતમા જે બે વધારે છે તેઓ સનિમિત્તક અને અનિમિત્તક લિંગનાશો છે.

વાતજન્યલિંગનાશનું લક્ષણ

वातेन खलु रूपाणि भ्रमन्तीव च पश्यति । आविलान्यरुणाभानि व्याविद्धानीव मानवः ॥ आविलानि कलुषानि अरुणाभानि अव्यक्तलौहित्ययुक्तानि । आदित्यादिना गुणान् रूपाणि ॥

વાયુને લીધે સર્વ પદાર્થો ભમતા હોય એમ દેખાય છે, તથા મેલા અસ્પષ્ટ તથા

રાતા દેખાય છે, તથા માણુસો ફેરવીને ફેં-કાયા જેવાં દેખાયછે.

પિત્તજન્યલિંગનાશનુ લક્ષણ.

पित्तेनादित्यखद्योतशक्रचापतडिद्गुणान् । शिखिबर्हविचित्राणि नीलकृष्णानि पश्यति॥

પિત્તથી સૂર્ય, પતંગિયો, ઇંદ્રધનુષ્ય, અને વીજળીનાં રૂપો મોરપીંછ જેવાં વિચિત્ર, લીલાં, અને કાળા દેખાય છે.

કફજન્ય લિંગનાશનુ લક્ષણ.

कफेन पश्येद्रूपाणि स्निग्धानि च सितानि च । सलिलप्लावितानीव जालकानीव मानवः ॥

કફથી રૂપો સ્નિગ્ધ, ધોળાં, પાણીમાં ડુબેલા જેવાં, અને કરોળિયાનાં જાળાં જેવાં દેખાય છે.

સંનિપાતિક લિંગનાશનુ લક્ષણ.

सन्निपातेन चित्राणि विप्लुतानि च पश्यति । बहुधापि द्विधा वापि सर्वाण्येव समन्ततः ॥ हीनाधिकाङ्गान्यथवा ज्योतींष्यपि च पश्यति ॥

चित्राणि नानावर्णानि विप्लुतानि विपरीतानि । वैपरीत्य विवृणोति बहुधेत्यादि ॥

સનિપાતથી વિચિત્ર અને ડુબેલાં રૂપો દેખાય છે ઘણાં, બે, અથવા ચારે મેર દેખાય છે. અંગો પણ હીન, અધિક, કે તેજોમય દેખાય છે

રક્તજન્ય લિંગનાશનુ લક્ષણ.

पश्येद्रक्तेन रक्तानि तमांसि विविधानि च । हरितान्यथ कृष्णानि पीतान्यपि च मानवः ॥

રક્તથી રૂપો રાતાં, અંધકાર જેવાં, વિવિધ, લીલાં, કાળાં, પીળાં, એમ દેખાયછે.

પરિમ્લાયીનુ લક્ષણ.

रक्तेन मूर्च्छितं पित्तं परिम्लायिनमाचरेत् । तेन पीता दिशः पश्येदुद्यन्तमिव भास्करम् ॥ विकीर्यमाणान् खद्योतैर्वृक्षांस्तेजोभिरेव हि ॥ विकीर्यमाणान् व्याप्यमानान् तेजोभिःअग्न्यादिभिरिव ॥

રક્તથી કોપ પામેલું પિત્ત પરિમ્લાયી લિંગનાશ કરે છે, તેમા સર્વ દિશાઓ પીળી દેખાય છે, સૂર્ય ઉગતો હોય તેમ દેખાય છે અને વૃક્ષો ખદ્યોત તથા અગ્નિના તેજથી યુક્ત દેખાય છે.

લિંગનાશના બીજા છ પ્રકારો.

वातादि जनितैर्नेत्रवर्णैरपि च षड्विधः । लिङ्गनाशो निगदितो वर्णवातादितो यथा ॥ रागोऽरुणो मारुततः प्रदुष्टो म्लायी तु नीलश्च तथैव पित्तात् । कफात्सितः शोणिततः सरक्तः समस्तदोषप्रभवो विचित्रः ॥

વાયુ વિગેરેથી નેત્રના વર્ણો પણ છ પ્રકારના થઇ જાય છે, તેથી વાતાદિથી થતા એ વર્ણ પ્રમાણે લિંગનાશો પણ થાય છે. વાયુથી નેત્રનો રંગ કંઇક રાતો થાય છે. પિત્તથી તથા પરિમ્લાયીમાં નીલ વર્ણ થાય છે. કફથી ધોળો, રક્તથી કેવળ રાતો, અને સર્વ દોષોથી વિચિત્ર રંગ થઈ જાય છે.

લિંગનાશોથી મંડલનાં રૂપો.

अरुणं मण्डलं वाताच्चलं परुषं तथा । पित्ततो मण्डलं नीलं कांस्याभं वा सपी-

तकम् ॥ श्वेतपीत वा कथमेतत् व्याधिप्रभावात् ।

श्लेष्मणा बहुलं स्निग्धं शङ्खकुन्देन्दुपाण्डुरम् ॥ चलत्पद्मपलाशस्थः शुक्लो बिन्दुरिवाम्भसः । मृद्यमाने तु नयने मण्डलं तद्विसर्पति ॥ बहुलं स्थूलम् ।

मण्डलं तु भवेच्चित्रं लिङ्गनाशे त्रिदोषजे । प्रवालपद्मपत्राभं मण्डलं शोणितात्मकम् ॥

चित्रं वातादिवर्णम् ॥

रक्तजं मण्डलं दृष्टौ स्थूलकाचारुणप्रभम् । परिम्लायिनि रोगे स्यात् म्लानं नीलमथापि वा ॥ दोषक्षयात् स्वयं तत्र कदाचित्स्यात्तु दर्शनम् ॥

रक्तज पित्तानुगामि रक्तजं स्थूलकाचारुणप्रभ स्थूलकाचस्येवारुणा प्रभा यस्य तत् । एतेन स्थौल्यमारुणत्वं च बोध्यते । दोषक्षयादित्यादि तत्र परिम्लायिनि कालान्तरेण दोषक्षयात् कदाचित स्वयमेव दर्शनं स्यात् ॥

વાયુથી નેત્રમંડળ કંઈક રાતું, ચંચળ, અને કઠણ થાય છે, પિત્તથી મંડળ નીલું, કાંસા જેવું, કે ધોળાશ વાળું પીળું થાય છે, કફથી તે જાડું, સ્નિગ્ધ, શંખ જેવું ધોળું ડોલર જેવું શ્વેત, ચંદ્ર જેવું ઊજળું, અને કંપતી કમળની પાંખડી ઉપરના જળના બિંદુ જેવું પ્રકાશિત થાય છે. નેત્રને ચોળવાથી તે મંડળ પ્રસરે છે. ત્રણે દોષોમાં સર્વ વર્ણનું વિચિત્ર મંડળ થાય છે. રક્તના લિંગનાશમાં એ મંડળ કુંપળિયાં કે કમળપત્ર જેવું થાયછે. પિત્ત તથા રક્ત બે હોય તો મંડળ જાડા રાતા કાચ જેવું થાય છે. પરિમ્લાયીમાં મ્હાન કે નીલ વર્ણનું થાય છે. દોષોનો ક્ષય થાયછે ત્યારે એની મેળેજ તે ચોખ્ખું થઇ જાય છે.

દોષોનાં લક્ષણો.

यथास्वं दोषलिङ्गानि सर्वेष्वेव भवन्ति हि ॥

સર્વ પ્રકારના લિંગનાશોમાં દોષોનાં પોતપોતાનાં ચિન્હો હોય છે.

પિત્તવિદગ્ધ દૃષ્ટિનું લક્ષણ.

पित्तेन दुष्टेन गतेन दृष्टिं पीता भवेद्यस्य नरस्य दृष्टिः । पीतानि रूपाणि च तेन पश्येत्स वै नरः पित्तविदग्धदृष्टिः ॥

पित्तेन गतेन दृष्टिं दृष्टावपि प्रथमद्वितीयपटल गतेनेति बोधव्यम् ॥

प्राप्ते तृतीयं पटलं तु दोषे दिवा न पश्येन्निशि वीक्षते सः । रात्रौ स शीतानुगृहीत दृष्टिः पित्ताल्पभावात्सकलानि पश्येत् ॥

दोषेऽत्र पित्ते ॥

દુષ્ટ પિત્તથી દ્રષ્ટિ પીળી થઇ ગઇ હોય, તો તે માણસને સર્વ વસ્તુઓ પીળીજ દેખાય છે. એને પિત્તવિદગ્ધ દ્રષ્ટિ કહે છે. ત્રીજા પટલમા પિત્ત પ્રાપ્ત થાય તો તે માણસ દિવસે નહિ દેખતાં રાત્રે દેખે છે, કેમકે રાત્રે શીતતાથી પિત્ત શમન થઈ જાય છે તેથી દેખાય છે.

કફવિદગ્ધ દૃષ્ટિનું લક્ષણ.

तथा नरः श्लेष्मविदग्धदृष्टिस्तान्येव शुक्लानि हि मन्यते तु ।

तत्रापि श्लेष्मणो दृष्टौ प्रथमद्वितीयपटलगतस्यैतल्लिङ्गं बोधव्यम् ॥

त्रिषु स्थितो यः पटलेषु दोषो नक्तान्ध्यमापादयति प्रसह्य । दिवा स सूर्यानुगृहीतदृष्टिः पश्येत् तु रूपाणि कफाल्पभावात् ॥

दोषोऽत्र कफस्तस्योपक्रान्तत्वात् नक्तान्धस्य श्लेष्मविदग्धदृष्टावन्तर्भूतत्वान्न पृथग्गणना ।

એજ રીતે કફ વિદગ્ધ દૃષ્ટિમાં સઘળું ધોળું દેખાય છે ત્રણે પટલોમાં કફ રહ્યો હોય તો તે બળાત્કારથી રતાંધળા પણું કરે છે, દિવસે સૂર્યના અનુગ્રહથી તે રૂપોને કફ ઓછો થવાથી દેખી શકેછે

ધૂમ્રદર્શીનુ લક્ષણ

शोकज्वरायासशिरोऽभितापैरभ्याहता यस्य नरस्य दृष्टिः । धूमांस्तु यः पश्यति सर्वभावान् स धूम्रदर्शीति नरः प्रदिष्टः ॥

शिरोऽभिताप शिरसि घर्मादीना सन्तापे एतस्य पित्तदोषो बोद्धव्य' ।

શોક, જ્વર, આયાસ, માથાપરનો તાપ એથી હણાયલી માણસની દૃષ્ટિ સર્વ પદાર્થોને ધૂમાડા જેવા દેખેછે, તેને ધૂમ્રદર્શી કહેછે આ રોગ પિત્તદુષિત થવાથી થાયછે.

હ્રસ્વજાત્યનું લક્ષણ.

यो वासरे पश्यति कष्टतोऽथ रूपं महच्चापि निरीक्षतेऽल्पम् । रात्रौ पुनर्यः प्रकृतानि पश्येत् स ह्रस्वजात्यो मुनिभिः प्रदिष्टः ॥

જે દિવસે મહાકષ્ટથી જુએ છે, અને મ્હોટી વસ્તુને પણ જે ન્હાના રૂપમાં જુએ છે, અને રાત્રે પાછુ બરાબર જેવી હોય તેમ વસ્તુઓને જુએ છે, તેને મુનિઓ હ્રસ્વજાત્ય કહે છે.

નકુલાંધનુ લક્ષણ.

विद्योतते यस्य नरस्य दृष्टिर्दोषाभिपन्ना नकुलस्य यद्वत् । चित्राणि रूपाणि दिवा च पश्येत् स वै विकारो नकुलान्धसञ्ज्ञः ॥

દોષોને લીધે જે માણસની દૃષ્ટિ નોળિયાની દૃષ્ટિ જેવી ચળકે છે અને દિવસે વિચિત્ર રૂપો દેખે છે, તે વિકારને નકુલાંધ કહે છે.

ગંભીરિકાનું લક્ષણ.

दृष्टिर्विरूपा श्वसनोपसृष्टा संकुच्यतेऽभ्यन्तरतः प्रयाति । रुजावगाढा च तमक्षिरोगं गम्भीरिकेति प्रवदन्ति धीराः ॥

विरूपा विकृता । श्वसनोपसृष्टा वातोपहता । रुजावगाढा गम्भीरवेदनान्विता ॥

વાયુથી હણાયલી દૃષ્ટિ વિરૂપ થાય, અને સંકોચાઇને અંદર જતી રહે છે, તથા ઊંડી પીડા થાય છે, તો તે દૃષ્ટિને ધીર પુરુષો ગભીરિકા કહે છે.

ચરકના કહેલા બે નવા રોગો.

बाह्यौ पुनर्द्वाविह सम्प्रदिष्टौ निमित्ततश्चाप्यनिमित्ततश्च । निमित्ततस्तत्र शिरोऽभितापात् ज्ञेयस्त्वभिष्यन्दनिदर्शनैः सः ॥

बाह्यौ सुश्रुतोक्तद्वादशसंख्येभ्योऽधिकौ ।

બીજા બે રોગો વળી બાહ્ય કહેલા છે, તે નિમિત્તથી તથા અનિમિત્તથી, એવા છે. નિમિત્તથી માથામાં અભિતાપ થાય છે તેથી તે અભિષ્યંદનમાં પણ ગણાય છે.

સનિમિત્ત લિંગનાશનું લક્ષણ.

शिरोऽभिताप' शिरोऽभितप्यते येन । विषकुसुमगन्धवहपवनस्पर्शेन शिरोऽभिताप तस्मात् । अभिष्यन्दनिदर्शनै' रक्ताभिष्यन्दलिङ्गैरिति गदाधरः । सन्निपाताभिष्यन्दलिङ्गैरिति कार्तिक. ॥

ઝેરી પુષ્પના ગંધવાળા વાયુના સ્પર્શરૂપી નિમિત્તથી માથામાં અભિતાપ સહિત લિંગનાશ થાય છે, તેને સનિમિત્ત લિંગનાશ કહે છે. તેનાં ચિન્હો અભિષ્યંદ જેવાં હોય છે.

અનિમિત્ત લિંગનાશનું લક્ષણ.

सुरर्षिगन्धर्वमहोरगाणां सन्दर्शनेनापि च भास्वराणाम् । हन्येत दृष्टिर्मनुजस्य तस्य स लिङ्गनाशस्त्वनिमित्तसंज्ञः ॥

अनुपलभ्यमानाना सुरादीना निमित्तमपि अनिमित्त मन्यते ॥

तत्राक्षिविस्पष्टमिवावभाति वैदूर्यवर्णा विमला च दृष्टिः । विदीर्यते सीदति हीयते वा नृणामभीघातहता तु दृष्टिः ॥

विस्पष्ट ज्योतिर्युक्तम् । वैदूर्यवर्णा श्यामा । विमला निर्मला ॥

દેવ, ઋષિ, ગંધર્વ, મોટા નાગો, કે બીજા તેજસ્વી પદાર્થના દર્શનથી માણસની દૃષ્ટિ હણાય છે, તેને અનિમિત્ત લિંગનાશ કહે છે તે થાય તો આંખોમા તેજ ભરાઈ જાય છે, કીકી કાળી અને નિર્મળ હોય છે, તે તેજથી ફાટી જઇને ઓછી તથા પીડાવાળી થાય છે.

(કાળા ડોળાના રોગો.)

કાળા ડોળાના રોગોનાં નામો.

यत्सव्रण शुक्रमथाव्रणं च पाकात्ययश्चाप्यजका तथैव । चत्वार एते नयनामयास्तु कृष्णप्रदेशे नियता भवन्ति ॥

સવ્રણશુક્ર, અવ્રણશુક્ર, પાકાત્યય, અને અજકાજાત, એ ચાર રોગો નેત્રના કાળા ડોળામાં થાય છે.

સવ્રણ શુક્રનું લક્ષણ.

निमग्नरूपं तु भवेद्धि कृष्णे सूच्येव विद्धं प्रतिभाति यद्वै । स्रावं स्रवेदुष्णमतीव चापि तत्सव्रणं शुक्रमुदाहरन्ति ॥

निमग्नरूपमिति शुक्रविशेषणम् । सूच्येव विद्धमिति शुक्रस्य वर्तुलत्व व्यथायुक्त च बोधयति । स्रवेदित्यनेनैव स्रावो बोधित. । स्रावपदाभिरन्तरं स्रावः ॥

કાળા ડોળામાં ડૂબેલા રૂપવાળું, સોઈથી વિંધાયા જેવું, ગોળ તથા પીડાવાળું અને હમેશાં ઉનાં પાણી પાડનારૂ ફુલું સવ્રણશુક્ર કહેવાય છે.

સવ્રણ શુક્રની સાધ્યાસાધ્યતા.

दृष्टेः समीपे न भवेत्तु यच्च न चावगाढ न च संस्रवेद् यत् । अवेदनं यन्न च युग्मशुक्रं तत्सिद्धिमायाति कदाचिदेव ॥

न चावगाढम् एकत्वगगतम् । न च संस्रवेत् इत्यर्थ. । अवेदनमीषद्वेदनम् । न च युग्मशुक्रम् अयुग्मशुक्रं एकमित्यर्थ. । एवंविध कदाचित सिध्यति एतद्विपरीतं न सिध्यति ॥

દૃષ્ટિની નજીકમાં નહિ થનારૂં, ઉંડું નહિ હોનારૂં, સ્રાવ નહિ કરનારૂં, વેદના વગરનું, અને બેવડુ ન હોય એવુ ફુલુ કદાચ સાધ્ય થાય છે. (એથી ઉલટું હોય તે અસાધ્ય છે.)

અવ્રણશુક્રનું લક્ષણ

स्यन्दात्मकं कृष्णगतं तु शुक्रं शङ्खेन्दुकुन्दप्रतिभावभासम् । वैहायसाभ्रप्रतनुप्रकाशमथाव्रणं साध्यतमं वदन्ति ॥

स्यन्दात्मकं अभिष्यन्दहेतुकं सर्वेषामक्षिरोगाणामभिष्यन्दहेतुकत्वे अस्य नियमबोधनार्थं स्यन्दात्मकमिति । शङ्खेन्दुकुन्दप्रतिमावभास शङ्खेन्दुकुन्दसदृशमवभासते । एतेन शुक्लत्व बोध्यते ।

वैहायसाभ्रप्रतनुप्रकाशम् आकाशस्थमेघवत्तनु यथा स्यादेव प्रकाशते यत् ॥

અભિષ્યંદથી થયેલું કાળા ડોળામાંનું ફુલું આકાશમાંના મેઘની પેઠે થોડું થોડું પ્રકાશતું હોય, તથા શંખ, ચંદ્ર, કે ડોલરના પુષ્પ જેવું હોય છે, અને તે બહુ સાધ્ય છે. એ અવ્રણ શુક્ર કહેવાય છે.

અવ્રણ શુક્રની કષ્ટસાધ્યતા.

गम्भीरजातं बहलं च शुक्रं चिरोत्थितं चापि वदन्ति कृच्छ्रम् ॥

गम्भीरजात द्वित्रित्वग्गतम् । बहल पृष्टम् ॥

ઉંડું તથા જાડું તથા લાંબાકાળનું ફુલું કષ્ટસાધ્ય છે

અવ્રણ શુક્રની અસાધ્યતા.

विच्छिन्नमध्यं पिशितावृत च चलं शिरासूतमदृष्टिकृच्च । द्वित्वग्गतं लोहितमन्ततश्च चिरोत्थितं चापि विवर्जनीयम् ॥

विच्छिन्नमध्य विशीर्णमासत्वाच्छिन्नमध्यम् । शिरासूत शिराया जातम् । अदृष्टिकृत् दर्शनाभावकृत् । द्वित्वगत पटलद्वयगतम् । एतद्विच्छिन्नमध्यत्वादिलिङ्गसहितमसाध्य न तु केवल गम्भीर जातस्य कष्टसाध्यत्वाभिधानात् । एव चिरोत्थितमपि ॥

उष्णाश्रुपातः पिडिका च नेत्रे यस्मिन्भवेन्मुद्गनिभं च शुक्रम् । तदप्यसाध्यं भवदन्ति केचिदन्ये तु तत्तित्तिरिपक्षतुल्यम् ॥

मुद्गनिभ च शुक्र आकारेण तत् नेत्रम् । तित्तिरपक्षवच्छदनम्

વીખાયલા મધ્ય ભાગવાળું, માસથી વીટાયલું, ચલિત, શિરામાં થયેલું, જોવા નહિ દેનારૂં, બે ત્વચામાં થયેલું, છેડેથી રાતું, અને લાંબાકાળનું હોય, તો તે ફુલું અસાધ્ય છે.

આંસુ ઉના પડે નેત્રમાં ફોલ્લી થાય, અને તેમાં મગ જેવું ફુલું હોય, તો તેને પણ કેટલાક અસાધ્ય કહે છે, અને વળી કેટલાક તો કહે છે કે નેત્રની પાંપણ તેતર પક્ષીની પાંખો જેવી થઈ હોય તો પણ તે અસાધ્ય છે.

પાકાત્યયનું લક્ષણ.

श्वेतः समाक्रामति सर्वतो हि दोषेण यस्यासितमण्डले तु । तमक्षिपाकात्ययमक्षिकोपं सर्वात्मकं वर्जयितव्यमाहुः ॥

य श्वेत दोषेण कृत इति शेष । तमक्षिकोपम् अक्षिपाकात्ययमाहु । अत्र पाकोऽपि स्यात् अत एव सुश्रुत 'शोफाश्रुपाकार्तियुते च नेत्रे' इति ॥

આખા કાળાડોળામાં દોષને લીધે ધોળાશ પથરાઇ જાય તેને અક્ષિ પાકાત્યય કે અક્ષિકોપ કહે છે, અને તે ત્રણે દોષોથી હોય તો અસાધ્ય છે.

અજકાજાતનું લક્ષણ.

अजापुरीषप्रतिमो रुजावान् सलोहितो लोहितपिच्छिलाश्रुः । विगृह्य कृष्णं प्रचयोऽभ्युपैति तं चाजकाजातमिति व्यवस्येत् ॥

य प्रचय उच्छ्राय स च मेदसो बोद्धव्य । यत एतस्योत्पत्ति. विदेहेन तृतीयपटले कथिता । अलोहित ईषल्लोहितः विगृह्य कृष्णमभ्युपैति महत्त्वेन समस्त कृष्णभाग ग्राहयित्वा आयाति । व्यवस्येत् जानीयात् ॥ इति कृष्णमण्डलजा रोगा ॥

બકરીની લીંડી જેવી, પીડાકારી, રાતી, અને લાલ ચીકણાં આસુવાળી, જે ઊંચાઈ પ્રસરીને કાળા ડોળાને પકડી લેછે, તે અજકાજાત કહેવાય છે

(ધોળા ડોળાના રોગો)

ધોળા ડોળાના રોગોનાં નામો.

प्रस्तारिशुक्लक्षतजाधिमांसस्नाय्वर्मसंज्ञाः खलु पञ्च रोगाः । स्याच्छुक्तिकार्जुनपिष्टकौ च जालं शिराणां पिडकाश्च याः स्युः ॥ रोगा बलासग्रथितेन सार्द्धमेकादशाक्ष्णोः खलु शुक्लभागे ॥

પ્રસ્તાર્યર્મ, શુકલાર્મ, રક્તાર્મ (ક્ષતજાર્મ,) અધિમાંસાર્મ, અને સ્નાય્વર્મ, એમ પાંચ રોગો છે, અને બીજા શુક્તિ, અર્જુન, પિષ્ટક, શિરાજાલ, શિરાજપિડકા, અને બલાસગ્રથિત, એ મળીને કુલ અગિયાર રોગો નેત્રના ધોળા ડોળામાં થાય છે

પ્રસ્તાર્યર્મનું લક્ષણ.

प्रस्तार्यर्मतनुस्तीर्णं श्यावं रक्तनिभं सितम् ॥

પાતળું, વિસ્તીર્ણ, કાળું, રાતું, અથવા ધોળું પ્રસ્તાર્યર્મ થાય છે.

શુકલાર્મનું લક્ષણ.

सश्वेतं मृदु शुक्लार्म शुक्ले तद्वर्धते चिरात् ॥

ધોળું અને કોમળ, શુકલાર્મ ધોળા ડોળામાં થાય છે, તે લાંબા કાળે વધે છે.

રક્તાર્મનું લક્ષણ.

पद्माभं मृदु रक्तार्म यन्मांसं चीयते सिते॥

पद्माभं वर्णेन रक्तमित्यर्थः । चीयते उपचीयते ॥

કમળ જેવું કોમળ રક્તાર્મ થાય છે તેમાં માંસ ધોળા ડોળામાં વધે છે.

અધિમાંસાર્મનું લક્ષણ.

पृथु मृद्वधिमांसार्म बहलं च यकृन्निभम् ॥

पृथु विस्तीर्णं यकृन्निभं ईषत् कृष्णलोहितम् । बहलं पुष्टम् ॥

પોહોળું, કોમળ અને જાડું અધિમાંસાર્મ યકૃત જેવું થાય છે.

સ્નાય્વર્મનું લક્ષણ.

स्थिरं प्रसारि मांसाढ्यं शुष्कं स्नाय्वर्म पञ्चमम् ॥

स्थिरं कठिनम् । शुष्कं स्रावरहितम् ॥

સ્થિર, પ્રસરેલું, પુષ્કળ માંસવાળું, અને સુકું પાંચમું સ્નાય્વર્મ છે.

શુક્તિનું લક્ષણ.

श्यावाः स्युः पिशितनिभाश्च बिन्दवो ये शुक्तिवर्णाः सितनयने स शुक्तिसंज्ञः ॥

ધોળા ડોળામાં કાળા, માસ જેવા કે છીપ જેવાં બિંદુઓ થાય છે, તે શુક્તિ કહેવાય છે.

અર્જુનનું લક્ષણ.

एको यः शशरुधिरप्रभस्तु बिन्दुः शुक्लस्थो भवति तमर्जुनं वदन्ति ॥

श्यावा इत्यादिवर्णत्रये विकल्पो बोद्धव्यः ॥

સસલાંના લોહી જેવું એકજ બિંદુ ધોળા ડોળામાં થાય છે, તેને અર્જુન કહે છે.

પિષ્ટકનું લક્ષણ.

श्लेष्ममारुतकोपेन शुक्ले मांसं समुन्नतम् । पिष्टवत्पिष्टकं विद्धि मलाक्तादर्शसन्निभम् ॥

पिष्टवत् श्वेतम् ॥

કફ તથા વાયુના કોપથી ધોળા ડોળામાં માસ ઊંચું આવે છે, તે લોટ જેવું ધોળુ અને મેલા અરીસા જેવું હોય છે, તેને પિષ્ટક કહે છે.

શિરાજાલનું લક્ષણ.

जालाभः कठिनशिरोऽरुणः शिराणां संतानो भवति शिरादिजालसंज्ञः ॥

शिराजालसंज्ञः ॥

ધોળા ડોળા ઉપર જાળ જેવો કઠણ રાતી શિરાઓ વાળો શિરાઓનો સમૂહ થાય છે, તેને શિરાજાલ કહે છે.

શિરાજ પિડકાનું લક્ષણ.

शुक्लस्थाः सितपीडिकाः शिरावृता यास्ता विद्या दसितसमीपजाः शिराजाः ॥

ધોળા ડોળા ઉપર ધોળી ફોડકીઓ શિરાઓથી વિંટાયલી કાળા ડોળાની નજીકમા થાય છે, તે શિરાજ કહેવાય છે.

બલાસગ્રથિતનું લક્ષણ.

कांस्याभोऽमृदुरथ वारिबिन्दुकल्पो विज्ञेयो नयनसिते बलाससंज्ञः ॥

कास्याभः श्वेत इत्यर्थ । अमृदु कठिनः । वारिबिन्दुकल्प । एतेन मनाक् उन्नतत्व बोध्यते। बलाससञ्ज्ञ बलासग्रथितसञ्ज्ञः । क्वचिदेकदेशेनापि समुदायावगमात् । यथा भीमो भीमसेन इति । अतएव सुश्रुते नामसग्रहे बलासग्रथितपद निर्दिष्टम् ॥ इति शुक्लभागजा रोगाः ॥

કાંસા જેવો, કઠણ, અને જળના બિંદુ જેવો જરા ઊંચો બિંદુ ધોળાડોળા ઉપર થાય છે, તે બલાસગ્રથિત કહેવાય છે.

(પાંપણોના રોગો.)

પાંપણના રોગોનાં નામો.

उत्सङ्गिन्यथ कुम्भीका पोथक्यो वर्त्मशर्करा । तथार्शोवर्त्मशुष्कार्शस्तथैवाञ्जनदूषिका ॥

[१] तत्र वर्त्मनी द्वे यत आह । वर्त्मनी नयनच्छदाविति ॥

[२] बहलं वर्त्म यच्चापि तथान्यो वर्त्मबन्धकः । क्लिष्टवर्त्म तथा वर्त्मकर्दमः श्याववर्त्म च ॥ प्रक्लिन्नवर्त्म चाक्लिन्नवर्त्म वातहृतं च तत् । वर्त्मार्बुदं निमेषश्च शोणितार्शस्तथैव च ॥ लगणो बिसवर्त्मापि कुञ्चनं नाम तत्परम् । एकविंशतिरित्येते विकारा वर्त्मसंश्रयाः ॥

ઉત્સગિની, કુંભીકા, પોથકી, વર્ત્મશર્કરા, અર્શોવર્ત્મ, શુષ્કાર્શ, અંજન દૂષિકા, બહલવર્ત્મ, વર્ત્મબંધક, ક્લિષ્ટવર્ત્મ, વર્ત્મકર્દમ, શ્યાવવર્ત્મ, પ્રક્લિન્નવર્ત્મ, અક્લિન્નવર્ત્મ, વાતહૃતવર્ત્મ, વર્ત્માર્બુદ, નિમેષ, શોણિતાર્શ, લગણ, બિસવર્ત્મ, અને કુચન, એ એકવીશ રોગો પાંપણના છે

ઉત્સગિનીનું લક્ષણ.

अभ्यन्तरमुखी ताम्रा बाह्यतो वर्त्मसंश्रया । सोत्सङ्गोत्सङ्गपिडिका रक्तजा स्थूलकण्डुरा॥

अभ्यन्तरमुखी वर्त्मनोऽभ्यन्तरे मुख यस्या सा । वर्त्मनो बाह्यतस्ताम्रा । सोत्सङ्गा अन्त पूया । उत्सङ्गपीडिका उत्सङ्गेक्रोडो बह्वच पीडिका यस्या सा । स्थूलकण्डुरा स्थूला कण्डुरा चेति कर्मधारय । एषा अधरवर्त्मजा बोद्धव्या । वर्त्मोत्सङ्गेऽधरे जन्तोरिति विदेहवचनात ॥

પાંપણુની અંદર મુખવાળી, તામ્રરંગની, બહારથી પાંપણુને લાગેલી, અંદર પરૂવાળી, પુષ્કળ રક્તાની ફોલ્લીઓ જાડી અને ચળવાળી થાય છે. તેને ઉત્સગિની કહે છે.

કુંભિકાનું લક્ષણ

वर्त्मान्ते पीडिका ध्माता भिद्यन्ते च स्रवन्ति च । कुम्भीकाबीजसदृशाः कुम्भीकाः संनिपातजाः ॥

कुम्भीकाबीजसदृशा कुम्भीका कठोरदेशे दाडिमाकारफला लता तद्बीजतुल्या ॥

પાંપણુને છેડે સુજેલી, ભેદાતી, સ્રવતી, કુંભીકાલતાના બીજ જેવી ફોલ્લી થાય છે, તે સંનિપાતથી થતી કુંભીકા કહેવાય છે.

પોથકીનું લક્ષણ.

स्राविण्यः कण्डुरा गुर्व्यो रक्तसर्षपसन्निभाः । रुजावत्यश्च पिडिकाः पोथक्य इति कीर्तिताः ॥

સ્રવતી, ચળવાળી, ભારે, રાતા સર્ષપ જેવી, અને પીડા કરનારી ફોલ્લી પોથકી કહેવાયછે.

વર્ત્મશર્કરાનું લક્ષણ.

पीडिकाभिः सुसूक्ष्माभिर्घनाभिरभिसंवृता । पीडिका या खरा स्थूला वर्त्मस्था वर्त्मशर्करा ॥

અતિ સૂક્ષ્મ ફોલ્લી ઘાટી ફોલ્લીઓથી વિંટાયલી ખરસટ અને સ્થૂલ પાંપણુમાં થાયછે, તે વર્ત્મશર્કરા કહેવાય છે.

અર્શોવર્ત્મનું લક્ષણ.

उर्वारुबीजप्रतिमाः पीडिका मन्दवेदनाः । श्लक्ष्णाः खराश्च वर्त्मस्थास्तदर्शोवर्त्म कीर्त्यते ॥

उर्वारु कर्कटी । खरा तीक्ष्णाग्राः ॥

કાકડીનાં બીજ જેવી, મંદ વેદના વાળી, લીસી, તથા તીક્ષ્ણ અણીવાળી ફોલ્લી પાંપણુમા થાય છે તે અર્શોવર્ત્મ કહેવાય છે.

શુષ્કાર્શનું લક્ષણ.

दीर्घाङ्कुरः खरस्तब्धो दारुणोऽभ्यन्तरोद्भवः ॥ व्याधिरेषोऽभिविख्यातः शुष्कार्शो नाम नामतः ॥

દીર્ઘ, ખરસટ, સ્તબ્ધ, દારૂણુ, લાંબો, અક્કડ અંકુર પાપણુમા થાય છે, તેને શુષ્કાર્શ કહે છે

અંજન નામિકાનુ લક્ષણ.

दाहतोदवती ताम्रा पीडिका वर्त्मसंभवा । मृद्वी मन्दरुजा सूक्ष्मा ज्ञेया साञ्जननामिका ॥

દાહ અને પીડાકારી રાતી ફોલ્લી પાપણુમાં કોમળ થાય છે તેમાં પીડા મંદ અને સૂક્ષ્મ હોય છે, તેને અંજનનામિકા (આંજણી) કહે છે.

બહલવર્ત્મનું લક્ષણ.

वर्त्मोपचीयते यस्य पीडिकाभिः समन्ततः । सवर्णाभिः स्थिराभिश्च विद्याद्बहलवर्त्म तत् ॥

પાંપણુ ઉપર ચારેમેર મૂળ વર્ણુ વાળી ફોલ્લીઓ સ્થિર થાય છે, તેને બહલવર્ત્મ કહે છે.

વર્ત્મ બંધકનુ લક્ષણ.

कण्डूरेणाप्लुतोदेन वर्त्मशोफेन मानवः । न समं छादयेदक्षि यत्रासौ वर्त्मबन्धकः ॥

પાણીથી ભરેલા અને ચળ વાળા પાંપ-

થુના સોજાથી માણસ બરોબર આંખ મીંચી શકતો નથી, તેને વર્ત્મ બંધક કહે છે.

કિલષ્ટવર્ત્મનું લક્ષણ

मृद्वल्पवेदनं ताम्रं यद्वर्त्म सममेव च । अकस्माच्च भवेद्रक्तं क्लिष्टवर्त्मेति तद्विदुः ॥

एतत् कफजुष्टरक्तजम् ॥

કોમળ, અલ્પ વેદના વાળુ, રાતું, અને એકદમ રતાશ આવી જાય તેને કિલષ્ટ વર્ત્મ કહેછે

વર્ત્મકર્દમનું લક્ષણ.

क्लिष्टं पुनः पित्तयुतं शोणितं विदहेद्यदा । तदा क्लिन्नत्वमापन्नमुच्यते वर्त्मकर्दम ॥ क्लिन्नत्व आर्द्रत्वम् ॥

કિલષ્ટ વર્ત્મના લક્ષણો ઉપરાંત પિત્ત સહિત લોહી બળે છે, ત્યારે ક્લેદ થાય છે, તેને વર્ત્મ કર્દમ કહે છે.

શ્યાવવર્ત્મનું લક્ષણ.

यद्वर्त्म बाह्यतोऽन्तश्च श्यावं शूनं सवेदनम् । सकण्डूकं परिक्लेदि श्याववर्त्मेति तन्मतम् ॥

જે પાંપણુ બહાર તેમજ અંદરથી કાળી, સૂજેલી, વેદના યુક્ત, ચળવાળી, અને ક્લેદવાળી રહે તેને શ્યાવવર્ત્મ કહે છે.

પ્રકિલન્ન વર્ત્મનું લક્ષણ.

अरुजं बाह्यतः शूनं वर्त्म यस्य नरस्य हि । प्रक्लिन्नवर्त्म तद्विद्यात् क्लिन्नमत्यर्थमन्ततः ॥ अरुजम् ईषद्व्यथम् ॥

વેદના સહિત, બહારથી સૂજેલી પાપણુ જે માણુસની હોય, તેને છેડેથી અત્યંત ક્લેદ વાળી હોવાથી પ્રકિલન્નવર્ત્મ કહે છે.

અકિલન્નવર્ત્મનું લક્ષણ.

यस्य धौतान्यधौतानि सम्बध्यन्ते पुनः पुनः । वर्त्मान्यपरिपक्कानि विद्यादक्लिन्नवर्त्म तत् ॥

ધોયા છતાં કે નહિ ધોયાથી પાંપણો સામસામી મળી જાય છે, અને કાચી રહેછે, તેને અકિલન્ન વર્ત્મ કહે છે.

વાતહતવર્ત્મનું લક્ષણ.

विमुक्तसन्धि निश्चेष्टं वर्त्म यस्य निमील्यते ॥ एतद्वातहतं विद्यात् सरुजं यदि वारुजम् ॥

विमुक्तसधि स्वस्थानच्युतसधि । निश्चेष्ट निमेषोन्मेषादिरहितम् ॥

ઠેકાણેથી ખસી ગયેલા સંધિવાળી, બંધઉઘાડ ન થઇ શકે એવી, અને વેદના વાળી કે વેદના વગરની પાંપણુ સંકોચાઇ જાય, તેને વાતહત વર્ત્મ કહે છે.

વર્ત્માર્બુદનું લક્ષણ.

वर्त्मान्तरस्थं विषमं ग्रन्थिभूतमवेदनम् । आचक्षीतार्बुदमिति सरक्तमवलम्बि च ॥

विषमम् अवर्तुल । ग्रन्थिभूतं । कठिनम् । अवेदनमीषद्वेदनम् सरक्तं ईषल्लोहितम् अवलम्बि अस्रस्तम् ॥

પાપણુની અંદર વર્તુલાકાર નહિ એવી, વેદના વાળી, જરાક રાતી, અને ચોંટી રહેલી, કઠણુ ગાંઠ થાય છે તે વર્ત્માર્બુદ કહેવાય છે.

નિમેષનુ લક્ષણ.

निमेषिणीः शिरा वायुः प्रविष्टो वर्त्मसंश्रय । संचालयति वर्त्मानि निमेषः स न सिध्यति ॥

પાંપણને ઉઘાડ અડકાવ કરનારી શિરાનો વાયુ પાંપણમાં પ્રવિષ્ટ થઈ પાંપણને ચલાયમાન કરે, તે નિમેષ કહેવાય છે, અને તે અસાધ્ય છે.

શોણિતાર્શનું લક્ષણ.

वर्त्मस्थो यो विवर्धेत लोहितो मृदुरङ्कुरः । तद्रक्तजं शोणितार्शश्छिन्नं छिन्नं विवर्द्धते॥

પાંપણમાંનો કોમળ અંકુર વધ્યા કરે એ શોણિતાર્શ કહેવાય છે. આ રોગ લોહીથી થાય છે, અને જેમ કપાય છે તેમ વધતો જાય છે.

લગણનું લક્ષણ.

अपाकी कठिनः स्थूलो ग्रन्थिर्वर्त्मभवोऽरुजः । सकण्डूः पिच्छिलः कोलप्रमाणो लगणः स्मृतः ॥

પાક વગરનો, કઠણ, મોટો, થોડી વેદના તથા ચળવાળો, ચીકણો, બોર જેવડો ગાંઠો પાંપણમાં થાય છે, તે લગણ કહેવાય છે.

બિસવર્ત્મનું લક્ષણ.

त्रयो दोषा बहिः शोथं कुर्युश्छिद्राणि वर्त्मनोः । प्रस्रवन्त्यन्तरुदकं बिसवद्बिसवर्त्म तत् ॥

छिद्राणि अन्तश्छिद्राणि च कुर्युरित्यन्वय । बिसवद्बहुछिद्रत्वात् ॥

પાંપણમાં બહાર સોજો ઉત્પન્ન થઈ અંદર છિદ્રોને ઉત્પન્ન કરીને કમળનાં બિસની પેઠે તેમાંથી જળ સવ્યા કરે છે, તેને બિસવર્ત્મ કહે છે.

કુંચનનું લક્ષણ.

वाताद्या वर्त्मसंकोचं जनयन्ति मला यदा । तदा द्रष्टुं न शक्नोति कुञ्चनं नाम तद्विदुः ॥ इति वर्त्मरोगाः ॥

વાતાદિ દોષો પાંપણને સંકોચી દેછે તેથી જોઈ શકાતું નથી, તેને કુંચન કહે છે.

પક્ષ્મ (પાંપણના વાળના) રોગો.

પક્ષ્મરોગોનાં નામો.

पक्ष्मकोपः पक्ष्मशातो रोगौ द्वौ पक्ष्मसंश्रयौ ॥

પક્ષ્મકોપ અને પક્ષ્મશાત એ બે રોગો પાંપણના વાળોના છે.

પક્ષ્મકોપનું લક્ષણ.

प्रचालितानि वातेन पक्ष्माण्यक्षि विशन्ति हि । घृष्यन्त्यक्षि मुहुस्तानि संरम्भं जनयन्ति च ॥ पक्ष्माण्यक्षिलोमानि । संरम्भं शोथम् ॥

असिते सितभागे च मूलकोशात्पतन्त्यपि ॥ पक्ष्मकोपः स विज्ञेयो व्याधिः परमदारुणः ॥

यत्पक्ष्म देहली मुक्त्वा वर्त्मनोऽन्तः प्रजायते ॥ घर्षेत् पक्ष्म सिते श्वेते पक्ष्मकोपः स उच्यते ॥

વાયુથી ચલિત થયેલા પાંપણના વાળો નેત્રમાં પેસેછે, અને નેત્રમાં વારંવાર ઘસાઈને કાળા કે ધોળા ડોળા ઉપર સોજો કરે છે, તથા મૂળસ્થાનથી પડી પણ જાય છે. આ રોગને પક્ષ્મકોપ (પરવાળાં) કહે છે, અને તે બહુ દારૂણ છે. બીજા ગ્રંથમાં પણ કહેલું છે કે—" વાળ થવાની જગોને છોડીને પાંપણોની અંદર વાળો ઊગે છે, તેઓ કાળા તથા ધોળા ડોળામાં ઘસાયા કરે છે; તેને પક્ષ્મકોપ કહે છે.

પક્ષ્મશાતનું લક્ષણ.

वर्त्म पक्ष्माशयगतं पित्तं लोमानि शातयेत् । कण्डू दाहं च कुरुते पक्ष्मशातंतदादिशेत् ॥

शातयेत् स्खलयेत् ॥ इति पक्ष्मरोगौ ॥

પાંપણના વાળોના સ્થાનમા રહેલું પિત્ત વાળોને ખેરવી પાડે છે, અને ચળ તથા બળતરા કરે છે, તેને પક્ષ્મશાત કહે છે.

(સંધિ રોગો.)

સાંધાઓ વિષે.

पक्ष्मवर्त्मगतः सन्धिर्वर्त्मशुक्लगतोऽपरः ॥ शुक्लकृष्णगतश्चान्यः कृष्णदृष्टिगतोऽपि च ॥ मतः कनीनकगतः षष्ठश्चापाङ्गसंश्रितः ॥

પહેલો સાંધો પાંપણોના વાળોમા તથાપાંપણોમાં, બીજો પાંપણોમા તથા ધોળા ડોળામા, ત્રીજો ધોળા ડોળા તથા કાળા ડોળાઓમા, ચોથો કાળા ડોળા તથા કીકીમા, પાંચમો કીકીમા, અને છઠો સાંધો નેત્રના છેડામા છે.

સંધિના રોગોનાં નામો.

पूयालसः सोपनाहः स्रावाश्चत्वार एव च । पर्वणीकालजीजन्तुग्रन्थिः सन्धौ नवामयाः ॥

પૂયાલસ, ઉપનાહ, ચાર પ્રકારના સ્રાવો (પિત્ત, કફ, સંનિપાત, અને રક્ત સ્રાવ) પર્વણી, અલજી, અને જંતુગ્રંથિ, એ નવ રોગો સાંધાના છે.

પૂયાલસનું લક્ષણ.

पक्वः शोथः सन्धिजः संस्रवेद्यः सान्द्रं पूयं पूति पूयालसाख्यः ॥

सन्धिज कनीनकसंधिजो बोद्धव्य' । 'पूयालसं तु त विद्यात्सधौ कानीनके नृणामिति' वचनात् ॥

કીકીના સાંધામાં થઈને પાકેલો, દુર્ગંધી, અને ઘાટા પરૂને સ્રવનારો સોજો પૂયાલસ કહેવાય છે.

ઉપનાહનું લક્ષણ

ग्रन्थिर्नाल्पो दृष्टिसन्धावपाकी कण्डूप्रायो नीरुजश्चोपनाहः ॥

नाल्प. महान् । अपाकी ईषत्पाकी । नीरुजः ईषद्वेदन 'अरुणं कठिन ग्रन्थि जनयत्यल्पवेदनमिति' विदेहवचनात् ॥

મોટો ગાંઠો, થોડા પાક વાળો, ઘણીચળ વાળો, કઠણ, રાતો અને પીડા વગરનો દૃષ્ટિના સાંધામાં થાય છે, તેને ઉપનાહ કહે છે

સ્રાવોની સમાપ્તિ.

गत्वा सन्धीनश्रुमार्गेण दोषाः कुर्युः स्रावॉल्लक्षणैः स्वैरुपेतान् । तं हि स्राव नेत्रनाडीति चैके तस्या लिङ्गं कीर्तयिष्ये चतुर्धा ॥

संधीनिति बहुवचनेन सर्व एव सधयो गृह्यन्ते । एके वदन्तीति शेष. । वातिकस्रावो न भवति । केवलेन वातेन तदसंभवात् ॥

દોષો આંસુના માર્ગેથી સંધિઓમાં જઇને પોતપોતાનાં લક્ષણોથી સ્રાવ કરે છે. તે સ્રાવને કેટલાક નેત્રનાડી કહે છે, અને તે ચાર પ્રકારના છે, તેના લક્ષણો કહું છું.

પિત્તસ્રાવનું લક્ષણ

हारिद्राभं पीतमुष्णं जलं वा पित्तस्रावः संस्रवेत् सन्धिमध्यात् ॥

हरिद्राभ पीतरक्तम् । परतः पीतशब्दप्रयोगात् ।

जल वेति वा शब्दो हरिद्राभं पीतं वेत्यत्र सबध्यते । पित्तस्राव: पित्तात् स्राव । एव श्लेष्मस्रावादय. ॥

હળદર જેવા પીળા ગરમ જળનો સ્રાવ સંધિમાંથી થાય છે. તેને પિત્તનો સ્રાવ જાણવો.

કફસ્રાવનું લક્ષણ.

श्वेतं सान्द्रं पिच्छिलं यः स्रवेत्तु श्लेष्मस्रावोऽसौ विकारः प्रदिष्टः ॥

શ્વેત, ઘાટો, પીછાં વાળો જે સ્રાવ થાય છે તેને કફનો સ્રાવ કહે છે.

સંનિપાત સ્રાવનું લક્ષણ.

शोथः सन्धौ संस्रवेद्यस्तु पक्कः पूयं स्रावः सर्वजः संमतः स्यात् ॥

સંધિમાંથી પાકેલા સોજામાંથી પરૂ સ્રવેછે તે સર્વ દોષથી થાયછે. એમ સર્વ માનેછે.

રક્તસ્રાવનું લક્ષણ.

रक्तास्रावः शोणिताख्यो विकारो गच्छेदूष्णं तत्ररक्तं प्रभूतम् ॥

ગરમ સ્રાવમાં લોહી પણ પડતું હોય તે વિકાર રક્તનો છે, એમ જાણવું.

પર્વણીનું તથા અલજીનું લક્ષણ.

ताम्रा तन्वी दाहपाकोपपन्ना रक्ताज्ज्ञेया पर्वणी वृत्तशोफा । जाता संधौ कृष्णशुक्लेऽलजी स्यात्तस्मिन्नेव व्याहृता पूर्वलिङ्गैः ॥

अलजीमाह । अलजी स्यादित्यादि । तस्मिन्नेव कृष्णशुक्लयोरेव सन्धौ । भेदार्थमाह । पूर्वलिङ्गै प्रमेहाधिकारलिखितैः 'रक्ता सिता स्फोटचिता दारुणात्वलजी भवेत्' इति वचनैर्व्याहृता कथिता ॥

કાળા તથા ધોળા ડોળાના સાંધામાં ગોળ, સોજાવાળી, રાતી, ઝીણી, અને દાહવાળી ફોલ્લી થાય છે, તેને પર્વણી કહેછે, તે રક્તના કોપથી થાય છે. પૂર્વે પ્રમેહના પ્રકરણમાં લખેલી રાતી ધોળી ફોલ્લીઓથી વ્યાપ્ત દારૂણ ફોલ્લી એજ કાળા ધોળા ડોળાઓના સાંધામાં થાય છે, તેને અલજી કહે છે.

જંતુગ્રંથિનું લક્ષણ.

जन्तुग्रन्थिर्वर्त्मनः पक्ष्मणश्च कण्डूं कुर्युर्जन्तवः सन्धिजाताः । नानारूपा वर्त्मशुक्लान्तसन्धौ गच्छन्त्यन्तर्लोचनं दूषयन्तः ॥

वर्त्मन पक्ष्मणश्च सन्धिजाता इत्यन्वयः ॥ इति सन्धिजा रोगाः ॥

પાંપણના તથા તેના વાળોના સાંધામાં ઉત્પન્ન થઇને જંતુઓ ચળ કરે છે, અને તે પાંપણ તથા ધોળા ડોળાના સંધિમાં જઇને અંદર નેત્રને દૂષિત કરી નાંખે છે તેને જંતુગ્રંથિ (તાપોડિયાં) કહે છે.

(સમસ્ત નેત્ર રોગો.)

આખા નેત્રના રોગોનાં નામો.

स्यन्दाश्चतुष्का इह संप्रदिष्टाश्चत्वार एवेह तथाधिमन्थाः । पाकः सशोथः स च शोथहीनो हताधिमन्थोऽनिलपर्ययश्च ॥ शुष्काक्षिपाकस्त्विह कीर्तितश्च तथान्यतो वात उदीरितश्च । दृष्टिस्तथाऽम्लाध्युषिता सिरा णामुत्पातहर्षौ च समस्तनेत्रे ॥ एवं समस्तनेत्रे स्युरामया दश सप्त च । तेषामिह पृथक् वक्ष्ये यथावल्लक्षणान्यपि ॥

ચાર અભિષ્યંદ, ચાર અધિમંથ, સશોથપાક, અશોથપાક, હતાધિમંથ, વાતપર્યય, શુષ્કાક્ષિપાક, અન્યતો વાત, અમ્લાધ્યુષિત, શિરોત્પાત, અને શિરાહર્ષ, એ સત્તર રોગો

આખા નેત્રમાં થાય છે, તેમના સંપૂર્ણ રીતે જુદાં જુદાં લક્ષણો કહુંછુ.

ચાર અભિષ્યંદોનાં નામો.

वातात् पित्तात्कफाद्रक्तादभिष्यन्दश्चतुर्विधः। प्रायेण जायते घोरः सर्वनेत्रभयंकरः ॥

વાત, પિત્ત, કફ અને રક્ત, એમ, ચાર અભિષ્યંદો થાય છે, તે આખા નેત્રનો મહા ભયંકર રોગછે.

વાતાભિષ્યંદનું લક્ષણ.

निस्तोदनस्तम्भनरोमहर्षसंघर्षपारुष्यशिरोऽभितापाः। विशुष्कभावः शिशिराश्रुता च वाताभिपन्ने नयने भवन्ति ॥

संघर्षः करकटीका। शिरोऽभितापः शिरसो व्यथा। विशुष्कभावः दूषिकारहितत्वम्। वाताभिपन्ने वातेनोपद्रुते ॥

સોંઠાયા જેવી પીડા, જડતા, રોમોદ્ગમ, ચળ, રૂક્ષતા, માથામાં પીડા, અને ચીપડાં વગર શીતળ આંસુઓ, એ વાતાભિષ્યંદનાં લક્ષણો છે.

પિત્તાભિષ્યંદનું લક્ષણ.

दाहप्रपाकः शिशिराभिनन्दा धूमायनं बाष्पसमुद्भवश्च। उष्णाश्रुता पीतकनेत्रता च पित्ताभिपन्ने नयने भवन्ति ॥

शिशिराभिनन्दा शीतलेच्छा। धूमायनं नेत्रा द्धूमोद्गम इव। बाष्पसमुद्भव अश्रुस्राव. ॥

દાહ, પાક, શીતતાની ઇચ્છા, નેત્રમાંથી ધુમાડાનુ નીકળવું, ગરમ આંસુ, અને નેત્રોનુ પીળાપણું, એ પિત્તાભિષ્યંદનાં ચિન્હો છે.

કફાભિષ્યંદનું લક્ષણ.

उष्णाभिनन्दा गुरुताक्षिशोथः कण्डूपदेहावतिशीतता च। स्रावो मुहुः पिच्छिल एव चापि कफाभिपन्ने नयने भवन्ति ॥

उपदेहः दूषिकया लिप्तता ॥

ઊના પદાર્થની ઇચ્છા, ભારેપણું, સોજો, ચળ, ચીપડાંઓ, બહુ શીતતા, અને વારંવાર ચીકણો સ્રાવ, એ કફાભિષ્યંદનાં લક્ષણો છે.

રક્તાભિષ્યંદનું લક્ષણ.

ताम्राश्रुता लोहितनेत्रता च राज्यः समन्तादतिलोहिताश्च। पित्तस्य लिङ्गानि च यानि तानि रक्ताभिपन्ने नयने भवन्ति ॥

अनुक्तसंग्रहार्थमाह। पित्तलिङ्गानि पित्ताभिष्यन्दलिङ्गानि ॥

આંસુ તથા નેત્રો અને નેત્રની તમામ રેખાઓ રાતી થવી તથા પિત્તાભિષ્યંદનાં સર્વ લક્ષણોથી રક્તાભિષ્યંદ જાણવો.

અભિષ્યંદમાંથી અધિમંથોનું લક્ષણ.

वृद्धैरेतैरभिष्यन्दैर्नराणामक्रियावताम्। तावन्तस्त्वधिमन्थाः स्युर्नयने तीव्रवेदनाः ॥

ઉપાય ન થવાથી માણસનો અભિષ્યંદ વધી જાય છે તો નયનમા તીવ્ર વેદનાવાળા અધિમંથો થાય છે.

અધિમંથોનું લક્ષણ.

उत्पाट्यत इवात्यर्थं तथा निर्मथ्यतेऽपि च। शिरसोऽर्धं तु तं विद्यादधिमन्थं स्वलक्षणैः ॥

स्वलक्षणै यथोक्तवातादिकृताभिष्यन्दलक्षणैः अधिमन्थ विद्यात्। अभिष्यदेभ्योऽधिमन्थानां

भेदार्थमाह । शिरसोऽर्धमुत्पाटयत इव । तथा निर्मथ्यतेऽपि चेति चतुर्ष्वधिमन्थेषु बोद्धव्यं शिरसोऽर्धवेदना व्याधिप्रभावात् ॥

हन्याद्दृष्टिं श्लैष्मिकः सप्तरात्राद्योऽधीमन्थो रक्तजः पञ्चरात्रात् । षड्रात्राद्वा वातिको वै निहन्यान्मिथ्याचारात्पैत्तिकः सद्य एव ॥

स चाधिमन्थो यदात्मको यावता कालेन मिथ्याचाराद्दृष्टिं हन्ति तां च तमाह । हन्यादिति । अत्र सद्य शब्देन त्रिरात्रमुच्यते तन्त्रान्तरे त्रिरात्रवचनात् ॥

અરધું માથું તૂટી જતું હોય તેમ થાય છે તથા મથન થતું હોય એવી પીડા વધારે થાય છે. આને અધિમંથ કહે- છે. કફાધિમંથ સાત રાત્રીમાં, રક્તાધિમંથ પાંચ રાત્રીમાં, વાતાધિમંથ છ રાત્રીમાં, અને મિથ્યાચારથી થયેલો પિત્તાધિમંથ તુરતજ દૃષ્ટિને હણી નાંખે છે.

સશોથપાકનું લક્ષણ.

कण्डूपदेहाश्रुयुतः पक्वोदुम्बरसन्निभः । संरम्भी पच्यते यस्तु नेत्रपाक सशोथकः ॥

पक्वोदुम्बरसन्निभः लोहितत्वात् ॥

નેત્રમાં ચીપડાં, આંસુ, તથા ચળ થઈને તે ઉંબરાના ફળ જેવાં રાતાં થઇ જાય છે, તથા સોજા અને પાક વાળાં થાય, તેને સશોથપાક કહે છે.

અશોથપાકનું લક્ષણ.

शोफहीनानि लिङ्गानि नेत्रपाके त्वशोथजे ॥

ઉપરનાં લક્ષણોમાંથી માત્ર સોજો ન હોય તો તે અશોથપાક કહેવાય છે.

હતાધિમંથનું લક્ષણ.

उपेक्षणादक्षि यदाधिमन्थो वाताधिकः शोषयति प्रसह्य । रुजाभिरुग्राभिरसाध्य एष हताधिमन्थः खलु नाम रोगः ॥

शोषयति शोषयित्वा नाशयति । अत एव विदेहः 'तत्पक्वमिव सशुष्कमवसीदति लोचनमिति' ॥

અધિમંથનો ઉપાય ન થાય તો તેમાંથી વાયુ વધીને આંખને સૂકવી નાંખીને ઉગ્ર વેદના વધારે છે તે અસાધ્ય જેવો હતાધિમંથ રોગ કહેવાય છે.

વાતપર્યયનું લક્ષણ.

वारं वारं च पर्येति भ्रुवौ नेत्रे च मारुतः । रुजश्च विविधास्तीव्राः स ज्ञेयो वातपर्ययः ॥ पर्येति पर्यायेण यति । कदाचिद्भ्रुवौ कदाचिन्नेत्रे ॥

ભમર તથા નેત્રોમાં વાયુ વારવાર ફર્યા કરીને તીવ્ર વેદના કરે છે તેને વાતપર્યય કહે છે.

શુષ્કાક્ષિપાકનું લક્ષણ.

यत्कूणितं दारुणरूक्षवर्त्म सन्दह्यते चाविलदर्शनं यत् । सुदारुणं यत्प्रतिबोधने च शुष्काक्षिपाकोपहतं तदक्षि ॥

कूणितं सङ्कोचितं । मुद्रितमितियावत् । दारुणरूक्षवर्त्म दारुणं विकृतं रूक्षं च वर्त्म यस्य तत् । इदमक्ष्णोर्विशेषणम । संदह्यते सदाहं भवति । आविलदर्शनं आविलस्य अनघस्य दर्शनं येन तत् । तत्प्रतिबोधने उद्घाट्य सुदारुणं अतिशयेन विकृतम् ॥

પાંપણો દારૂણ, રૂક્ષ, તથા વીંચાયલી રહી બળતરા કરે, સર્વ મેલું દેખાતું હોય; અને આંખ ઉઘાડતાં વિકૃત પદાર્થો દેખાય, તેને શુષ્કાક્ષિપાક કહે છે.

અન્યતો વાતનું લક્ષણ.

यस्यावटू कर्णशिरोहनुस्थो मन्यागतो वाप्यनिलोऽन्यतो वा। कुर्याद्रुजोऽति भ्रुवि लोचने च तमन्यतोवातमुदाहरन्ति ॥

अवटू घाट इति मैथिलादिलोकाः। अन्तो वा पृष्ठादिदेश चागत अन्यतोवात अन्यत्र स्थितोऽन्यत्र रुज करोति इत्यन्यतोवात। विदेहेनाप्युक्तम्। 'मन्यानामन्तरे वायुरुत्थितः पृष्ठतोऽपि वा। करोति भेद निस्तोद शङ्खे चाक्ष्णोर्भुवस्तथा। तमाहुरन्यतोवातं रोग दृष्टिविदो जना ॥

ઘાટી, કાન, માથુ, ડાઢી, ઓડ, કે વાંસા વિગેરે બીજા સ્થળોમાં ઉઠેલો વાયુ ભ્રમર અને નેત્રોમાં વેદના કરે છે, તેને અન્યતોવાત કહે છે.

અમ્લાધ્યુષિતનું લક્ષણ.

श्यावं लोहितपर्यन्तं सर्वमक्षि प्रपच्यते। सदाहशोथं सास्रावमम्लाध्युषितमम्लतः ॥

अम्लत अम्लभोजनात्। तथाच सुश्रुतः 'अम्लेन भुक्तने'त्यादि ॥

ખાટાઈ ખાવાથી નેત્રો કાળાં, રાતા છેડાવાળાં, બળતરા તથા સોજા વાળા, અને સ્રાવવાળા થાય છે, તેને અમ્લાધ્યુષિત કહે છે.

શિરોત્પાતનું લક્ષણ

अवेदना वापि सवेदना वा यस्याक्षिराज्यो हि भवन्ति ताम्राः। मुहुर्विरज्यन्ति च याः समन्ताद्व्याधिः शिरोत्पात इति प्रदिष्टः ॥

अक्षिराज्य अक्षिशिरा.। विरज्यन्ति विकृतवर्णा भवन्ति ॥

વેદનાવાળી કે વેદના વગરની નેત્રની શિરાઓ રાતી થઈને વારવાર ચારેકોર વિકૃત વર્ણવાળી થઈ જાય, તેને શિરોત્પાત કહે છે.

શિરાહર્ષનું લક્ષણ.

मोहाच्छिरोत्पात उपेक्षितस्तु जायेत रोगः स शिराप्रहर्षः। ताम्राक्षिता स्रावयति प्रगाढं तथा न शक्नोत्यभिवीक्षितुं च ॥

ભૂલથી શિરોત્પાતનો ઉપાય કરવામા ન આવે તો તેમાંથી આંખો રાતી થઈ જઈ અત્યંત સ્રાવ થઈ જોઈ શકાતું નથી, તેને શિરાહર્ષ કહે છે.

નેત્રના સામપણાનું લક્ષણ.

उदीर्णवेदनं नेत्रं रागोद्रेकसमन्वितम्। घर्षनिस्तोदशूलाश्रुयुक्तमामान्वितं विदुः ॥

उदीर्णवेदन उद्भटवेदनम्। घर्ष करकटिका। एतल्लक्षण लङ्घनादिविधानार्थमञ्जनानिषेधार्थं चोक्तम्। तथा च तन्त्रान्तरे। 'तत्रोदितानि चत्वारि लङ्घन भोजने रस। स्वादु तिक्तश्च लेपश्च बाष्पस्वेदनमेव च। एतानि नेत्ररोगाणा सामान्याचरणानि हि। अञ्जन सर्पिष पानं कषायं गुरुभोजनम्। नेत्ररोगेषु सामेषु स्नानं च परिवर्जयेत्' ॥

નેત્રમાં અસહ્ય વેદના થાય, બહુજ રતાશ વધી ગઇ હોય, ચળ તથા ભોંકાયા જેવી પીડા અને શૂળ થતાં હોય, અને આંસુ પડયા કરે, તે નેત્ર આમવાળાં જાણવાં.

નેત્રની નિરામતાનું લક્ષણ.

मन्दवेदनता कण्डू संरम्भाश्रुप्रशान्तता। प्रसन्नवर्णता चाक्ष्णोर्निरामेक्षणलक्षणम् ॥

संरम्भ. शोथ । इति समस्तनेत्रजा रोगा ॥

વેદના, ચળ, સોજો, અને આંસુ શાંત હોય; તથા વર્ણ નિર્મળ હોય, તો નેત્ર આમ વગરનાં છે, એમ જાણવું.

નેત્ર રોગોની ચિકિત્સા

द्वे पादमध्ये पृथुसन्निवेशे शिरोगते ते बहुधा हि नेत्रे। ताः प्रोक्षणोत्सादनलेपनादीन् पादप्रयुक्तान् नयनं नयन्ति ॥

प्रोक्षण सेचन । उत्सादनमुद्वर्तनम् ॥

मलोष्मसङ्घट्टनपीडनाद्यैस्ता दूषयन्ते नयनानि दुष्टा भजेत्सदा दृष्टिहितानि तस्मादुपानदभ्यञ्जनधावनानि ॥

मल धूल्यादि । मलादिभि. दुष्टा ताः शिराः नयनानि दूषयन्ते इत्यन्वय ॥

चक्षुष्याः शालयो मुद्गा यवा मांसं तु जाङ्गलम् । पक्षिमांसं विशेषेण वास्तूकतण्डूलीयकम् ॥ पटोलकर्कोटककारवेल्लफलानि सर्पिःपरिपाचितानि । तथैव वार्ताकफलं नवीनमक्ष्णोर्हितः स्वादुरथापि तिक्तः ॥ कट्वम्लगुरुतीक्ष्णोष्णमाषनिष्पावमैथुनम् । मद्यवल्लूरपिण्याकमत्स्यशाकविरूढजम् ॥ विदाहीन्यन्नपानानि न हितान्यक्षिरोगिणे । सेक आश्चोतनं पिण्डी बिडालस्तर्पणं तथा ॥ पुटपाकोऽञ्जनं चैभिः कल्पैर्नेत्रमुपाचरेत् ॥

પગની મોટા કદની બે શિરાઓ માથામાં ગયેલી છે, તથા ઘણી શિરાઓ નેત્રોમા ગયેલી છે, માટે પગ ઉપર કરવામાં આવતા સેચન, મર્દન, અને લેપનની અસર નેત્રોમાં તથા માથે પહોંચે છે. મેલ, ગરમી, સંઘટ્ટન, તથા દબાણ વગેરેથી દુષ્ટ થયેલી શિરાઓ નેત્રને બગાડે છે, માટે જોડા પહેરવા તથા પગે અભ્યંગ અને સ્નાન હમેશાં કરવું જોઇએ, તેથી નેત્રોનું હિત થાય છે.

રાતા ચોખા, મગ, જવ, જંગલી પશુઓનાં તથા પક્ષીઓનાં માંસ, તથા વિશેષે કરીને બથવો, તાંદળજો, પરવળ, કંટોલા, કારેલાં અને નવાં રીંગણાને ઘીમાં પકાવીને ખાવાથી નેત્રોનું હિત થાય છે. મધુર અને કડવો રસ પણ નેત્રોને હિતકારી છે

તીખા, ખાટા, ભારે, તીક્ષ્ણ, અને ઉષ્ણ પદાર્થો, તથા અડદ, ચોળા, મદ્ય, મૈથુન, માછલાં, સુકું માસ, ખોળ, અંકુરવાળા ધાન્યો, તથા દાહક પદાર્થોનું ભોજન નેત્રરોગીને હિતકારી નથી.

સેક, ટીપાં નાંખવા, લોપરી, લેપ, ભરાણ, પુટપાક, અને અંજન, એટલી ક્રિયાઓથી નેત્રરોગોના ઉપચારો કરાય છે.

સેકવિધિ.

सेकस्तु सूक्ष्मधाराभिः सर्वस्मिन्नयनेहितः । मीलिताक्षस्य मर्त्यस्य प्रदेयश्चतुरङ्गुलः॥ स चापि स्नेहनो वाते पित्ते रक्ते च रोपणः । लेखनस्तु कफे कार्यस्तस्य मात्राभिधीयते॥ षड्भिर्वाचांशतैः स्नेहे चतुर्भिस्तैस्तु रोपणे । तैस्त्रिभिर्लेखने कार्ये सेको नेत्रप्रसादने ॥ निमेषोन्मेषणं पुसामङ्गुल्या छोटिकाथवा । गुर्वक्षरोच्चारणं वा वाङ्मात्रेयं स्मृता बुधैः॥

छोटिका चुटकी इति लोके ॥

सेकस्तु दिवसे कार्यो रात्रौ चात्यन्तिके गदे ॥ स यथा । एरण्डदलमूलत्वक्शृतमाजं पयो हितम् । सुखोष्णं नेत्रयोः सिक्तं वाताभिष्यन्दनाशनम् ॥ पथ्याक्षामलकास्वसवल्कलकल्केन सूक्ष्मवस्त्रेण । कृत्वा पोटलिकां तामहिफेनोत्थद्रवेण संयुक्ताम् ॥ निद्धीत लोचने स्यात्सर्वाभिष्यन्दसंक्षयः शीघ्रम् । योगोऽयमृषिभिरुक्तो जगदुपकाराय कारुणिकैः ॥ भुक्त्वा पाणितलं घृष्ट्वा चक्षुषोर्यदि दीयते । अचिरेणैव तद्वारि तिमिराणि व्यपोहति ॥ स्नानं कृष्णतिलैश्चापि चक्षुष्यमनिलापहम् । आमलैः सततं स्नानं परं दृष्टिबलावहम् ॥ त्रिफलायाः कषायस्तु धावनान्नेत्ररोगजित् । कवलान्मुखरोगघ्नः पानतः कामलापहः ॥

રોગીનાં નેત્રો મીંચાવીને તેની ઉપર ચાર આગળ ઉંચેથી ઝીણી ઝીણી ધારાઓ કરવી, એ આખા નેત્રના રોગો ઉપર ઘી વગેરે સ્નિગ્ધ પદાર્થોની ધારા કરવી, તેને સ્નેહન સેક કહે છે, પિત્ત કે રક્તના રોગો ઉપર હરડે વિગેરેના રસની ધારા કરવી, તેને રોપણ સેક કહે છે, કફ રોગ ઉપર મળ ઉખેડનારાં સૂંઠ વગેરેના રસની ધારા કરવી, તેને લેખનસેક કહે છે. હવે એ સેકોની માત્રા કહીએ છીએ. સ્નેહન સેક છસો માત્રા સૂધી, રોપણ સેક ચારસો માત્રા સુધી, અને લેખન સેક ત્રણસો માત્રા સૂધી કરવો, તેથી નેત્રો સાફ થઈ જાય છે. માણસ આંખનુ એક મટકું મારે, અથવા આંગળીની એક ચપટી વગાડાય, અથવા એક ગુરૂ વર્ણનો ઉચ્ચાર કરાય, એટલા સમયને એક માત્રા કહે છે. સેક દિવસેજ કરવો, પણ બહુ પીડા હોવાથી જરૂર જણાય તો રાત્રે પણ કરવો.

એરંડાનાં પાન, મૂળ, અને છાલના કલ્કથી પકાવેલું બકરીનું દૂધ જરા ગરમ હોય ત્યારે નેત્ર ઉપર રેડવાથી હિતકારી થઈ વાતાભિષ્યંદો મટાડી દેછે.

ત્રિફળા, તથા અફીણના ડોડવાના કલ્કમાં અફીણનો રસ નાંખી ઝીણા લુગડાની પોટલી કરી નેત્રોને લગાડવાથી સર્વ પ્રકારના અભિષ્યંદો તુરત નાશ પામે છે. જગતના ઉપકાર માટે દયાળુ મુનિઓએ આ પ્રયોગ કહેલો છે.

જમ્યા પછી હાથનું ભીનું તળું ઘસીને નેત્ર ઉપર અડકાડવાથી તુરતજ તિમિરો ક્ષય પામે છે.

કાળા તલ ચોળીને ન્હાવાથી નેત્રો સાફ થઈ જઇને વાયુના રોગો મટી જાય છે.

નિત્ય આમળાંનો કલ્ક ચોળીને ન્હાવાથી દૃષ્ટિમાં ઉત્તમ બળ આવે છે.

ત્રિફળાના ક્વાથથી નેત્રો ધોવાથી નેત્રના સર્વ રોગો મટી જાય છે, ત્રિફળાના કલ્કના કોગળાથી મુખના રોગો મટી જાય છે; અને ત્રિફળાનો ક્વાથ પીવાથી કમળો મટી જાયછે.

આશ્ચોતનવિધિ.

कायक्षौद्रासवस्नेहबिन्दूनां यत्तु पातनम् । द्व्यङ्गुलोन्मीलिते नेत्रे प्रोक्तमाश्चोतनं हितम् ॥ बिन्दवोऽष्टौ लेखनेषु रोपणे दश बिन्दवः । स्नेहने द्वादश प्रोक्तास्ते शीते कोष्णरूपिणः ॥ उष्णे तु शीतरूपाः स्युः सर्वत्रैवैष निश्चयः । वाते तिक्तं तथा स्निग्धं पित्ते मधुरशीतलम् । कफे तीक्ष्णोष्णरूक्षं स्यात् क्रमादाश्चोतनं हितम् ॥ आश्चोत-

नानां सर्वेषां मात्रा स्याद्वाक्शतोन्मिता ॥ आश्चोतनं न कर्तव्यं निशायां केनचित् कचित् । तद्यथा । बिल्वादिपञ्चमूलेन बृहत्यैरण्डशिग्रुभिः ॥ क्वाथ आश्चोतने कोष्णो वाताभिष्यन्दनाशनः । त्रिफलाश्चोतनं नेत्रे सर्वाभिष्यन्दनाशनम् ॥

બે આંગળીઓથી રોગીની આંખો ઉઘાડી રાખી તેમા ક્વાથ, મધ, કે સ્નેહનાં ટીપાં પાડવાં, તેને આશ્ચોતન કહે છે, અને તે નેત્રને હિતકારી છે. મળ ઉખાડવા હોય તો આઠ, ભરતી કરવી હોય તો દસ, અને સ્નેહન કરવું હોય તો બાર ટીપાં નાંખવાં. શીતકાળમાં કંઇક ગરમ તથા ઉષ્ણ કાળમાં ટાઢાં ટીપા નાખવાં. આશ્ચોતનની સર્વ ક્રિયામાં એ સિદ્ધાંત છે. વાયુ ઉપર કડવાં અને સ્નિગ્ધ, પિત્તમાં મધુર અને શીતળ, અને કફમાં તીક્ષ્ણ તથા ગરમ અને રૂક્ષ ટીપા હિતકારી થાય છે. સર્વ આશ્ચોતનોની માત્રા સો શુરૂ વર્ણોચ્ચાર જેટલા કાળની જાણવી. કોઇ પણ રોગ ઉપર કોઈ પણ વૈદ્યે નેત્રોમા રાત્રે ટીપાં નાંખવાં નહિ.

બીલી વગેરે પંચમૂળ, ભોંરીંગણી, એરંડા, અને સરગવાનાં સ્હેવાય તેવાં ગરમ ટીપાં નાંખવાથી વાતાભિષ્યંદનો નાશ થાય છે.

ત્રિફળાના ક્વાથનાં ટીપાં નાંખવાથી સર્વ પ્રકારના અભિષ્યંદોનો નાશ થાય છે

પિંડીવિધિ.

युक्तभेषजकल्कस्य पिण्डी कवलमात्रया। वस्त्रखण्डेन संबद्धा नेत्राभिष्यन्दनाशिनी ॥ स्निग्धोष्णा पिण्डिका वाते पित्ते सा शीतला मता । रूक्षोष्णा श्लेष्मणि प्रोक्ता विधिरुक्तो बुधैरयम् ॥ सा यथा ॥ एरण्डपत्रमूलत्वग्भिर्निर्मिता वातनाशिनी । धात्रीविरचिता पित्ते शिग्रुपत्रकृता कफे ॥ निम्बपत्रकृता पिण्डी पित्तश्लेष्महरी भवेत् । शुण्ठीनिम्बदलैः पिण्डी सुखोष्णा स्वल्पसैन्धवा ॥ धार्या नेत्रेऽनिलकफे शोथकण्डूव्यथाहरी । त्रिफलापिण्डिका नेत्रे वातपित्तकफापहा ॥ पथ्याक्षामलखास्वसवल्कलकल्कोऽहिफेनजलयुक्तः । तेन विरचिता पिण्डी शमयति सकलानभिष्यन्दान् ॥

યોગ્ય દવાઓના કલ્કની કોળિયા જેવડી ગેપલી નેત્રપર મૂકીને પાટો બાંધવાથી અભિષ્યંદાનો નાશ થાય છે.

વાયુના રોગ ઉપર સ્નિગ્ધ તથા ગરમ ઔષધોની થેપલી મુકવી, પિત્ત ઉપર શીતળ ઔષધોની, અને કફ ઉપર ઉષ્ણ તથા રૂક્ષ ઔષધોની થેપલી મુકવી, એમ વિદ્વાનો કહે છે.

એરડાનાં પાન, મૂળ, તથા છાલની થેપલીથી વાયુનો રોગ મટે છે; આમળાની થેપલીથી પિત્તનો રોગ મટે છે, અને સરગવાનાં પાનની થેપલીથી કફનો રોગ મટેછે.

લીમડાનાં પાનની થેપલીથી પિત્ત તથા કફનો નાશ થાય છે.

સૂંઠ તથા લીમડાનાં પાનને વાટીને તેમાં સિંધવ નાંખીને તેની જરાક ગરમ થેપલી બાંધવાથી વાયુ તથા કફના રોગો મટે છે, અને સોજો, ચળ, તથા પીડાનો નાશ થાયછે.

ત્રિફળાની થેપલી નેત્ર ઉપર બાંધવાથી વાયુ, પિત્ત, અને કફ, એ ત્રણે સંબંધીના નેત્રના રોગો મટી જાય છે.

ત્રિફળા અને અફીણના ડોડવાના કલ્કમાં અફીણનો રસ નાંખી તેની થેપલી બાંધવાથી સર્વ પ્રકારના અભિષ્યંદો મટી જાય છે.

બિડાલકવિધિ.

बिडालको बहिर्लेपो नेत्रे पक्ष्मविवर्जिते । तस्य मात्रा परिज्ञेया मुखलेपविधानवत् ॥ मुखलेपो यथा । अङ्गुलस्य चतुर्थांशो मुखलेपः कनिष्ठकः । मध्यमस्तु त्रिभागः स्यादुत्तमोऽर्धाङ्गुलो भवेत् ॥ स्थितिकालोऽपि तस्योक्तो यावत् कल्को न शुष्यति । शुष्कस्तु गणहीनः स्यात्तथा दूषयति त्वचम् ॥ स यथा ॥ यष्टीगैरिकसिन्धूत्थदार्वीतार्क्ष्यैः समांशकैः । जलपिष्टैर्बहिर्लेपः सर्वनेत्रामयापहः ॥ तार्क्ष्यं रसाञ्जनम् ॥

रसाञ्जनेन वा लेपः पथ्याबिल्वदलैरपि । वचाहरिद्राविश्वैर्वा तथा नागरगैरिकैः ॥

પાંપણના વાળા સિવાય નેત્રના બહારના ભાગમા લેપ કરવો, તેને બિડાલક કહે છે મોઢા ઉપર લેપ કરવાની જે માત્રા કહી છે તેજ માત્રા બિડાલકની પણ વાપરવી મુખ લેપની માત્રામા આંગળના ચોથા ભાગ જેટલો લેપ કનિષ્ઠ માત્રા કહેવાય છે, આગળના ત્રીજા ભાગ જેટલો જાડો થર મધ્યમ માત્રા કહેવાય છે અને અરધા આગળ જેટલો જાડો લેપ ઉત્તમ માત્રા છે કલ્ક સૂકાય નહિ ત્યા સૂધીજ લેપને રાખવો. સૂકાયલો લેપ ગુણ રહિત નિરર્થક થાય છે અને ત્વચાને ખરાબ કરી નાંખે છે

જેઠીમધ, સોનાગેરૂ, સિંધવ, દારૂહળદર, અને રસવતીને સમભાગે જળમા વાટીને નેત્રના બહારના ભાગોમાં લેપ કરવાથી નેત્રના રોગો મટી જાય છે.

રસવતીનો, અથવા હરડે અને બીલીના પાનનો, અથવા વજ, હળદર, અને સૂંઠનો, અથવા સૂંઠ અને સોનાગેરૂનો લેપ કરવાથી નેત્રના રોગો મટી જાય છે.

તર્પણવિધિ.

वातातपरजोहीने वेश्मन्युत्तानशायिनः । आधारौ माषचूर्णेन क्लिन्नेन परिमण्डलौ ॥ समौ दृढावसंबाधौ कर्तव्यौ नेत्रकोशयोः । पूरयेत् घृतमण्डेन विलीनेन सुखोदकैः ॥ सर्पिषा शतधौतेन क्षीरजेन घृतेन वा । निमग्नान्यक्षिपक्ष्माणि यावत् स्युस्तावदेव हि ॥ पूरयेन्मीलिते नेत्रे तत उन्मीलयेच्छनैः । भिषग्भिरेष कथितः पुराणैस्तर्पणो विधिः । यद्रूक्ष परिशुष्कं च नेत्रं कुटिलमाविलम् । शीर्णपक्ष्मशिरोत्पातकृच्छ्रोन्मीलनसंयुतम् ॥ तिमिरार्जुनशुक्राद्यैरभिष्यन्दाधिमन्थकैः शुष्काक्षिपाकशोथाभ्यां युतंपवनपर्ययैः ॥ तन्नेत्रं तर्पयेत्सम्यक् नेत्ररोगविशारदः । तर्पणं धारयेद्वर्त्मरोगे वाचां शतं बुधः ॥ स्वस्थे कफे सन्धिरोगे वाचां पञ्चशतानि च। पित्ते शतानि षट् कृष्णरोगे सप्तशतानि हि ॥ दृष्टिरोगे शतान्यष्टावधिमन्थे सहस्रकम् । सहस्रं वातरोगेषु धार्यमेवं हि तर्पणम् ॥ तर्पणेनागतस्नेहं स्नावयित्वाक्षि शोषयेत् । स्विन्नेन यवपिष्टेन स्नेहवीर्येरितं ततः ॥ यथास्वं धूमपानेन कफमस्य विरेचयेत् । एकाहं वा त्र्यहं वापि पञ्चाहं वापि तर्पयेत् । तर्पणे तृप्तिलिङ्गानि नेत्रस्यैतानि लक्षयेत् । सुखस्वप्नावबोधत्वं वैशद्यं दृष्टिपाटवम् ॥ निर्वृत्तिर्व्याधिशान्तिश्च क्रियालाघवमेव च ॥

क्रियालाघवं नेत्रस्य क्रियायां निमेषोन्मेषादौ लघुताम् ॥

गुर्वाविलमतिस्निग्धमश्रुकण्डूपदेहवत् । घर्षतोदयुतं नेत्रमातितर्पितमादिशेत् ॥ आस्रावशोफरोगाढ्यमुपदेहसमाकुलम् । रूक्षमस्राविं परुषं नेत्रं स्याद्धीनतर्पितम् । अनयोर्दोषबाहुल्यात् प्रयतेत चिकित्सिते । रूक्षस्निग्धोपचाराभ्यामनयोः स्यात् प्रतिक्रिया ॥

अनयो अतितर्पितहीनतर्पितयो ॥

दुर्दिनात्युष्णशीतेषु चिन्तायां संभ्रमेषु च । अशान्तोपद्रवे चाक्ष्णि तर्पणं न प्रशस्यते ॥ संभ्रमोऽत्र भयम् ॥

વાયુ, તડકો કે રજ ન હોય એવા ઘરમા રોગીને ચત્તો સૂવાડીને અડદના લોટની સરખી, મજબૂત અને સાકડી નહિ એવી ફરતી પાળો બને નેત્રો ઉપર કરવી પછી આંખો મીંચાવીને તે પાળના ખાડામા ઉના પાણીથી પાતળુ કરેલુ ઘી, અથવા પાણીથી સો વાર ધોએલુ ઘી, અથવા દૂધમાથી બારોબાર કાઢેલુ ઘી પાંપણના વાળો ડુબી જાય એટલુ ભરવુ. ભરી રહ્યા પછી ધીરે ધીરે રોગીની આંખો ઉઘડાવવી. આ તર્પણવિધિ પ્રાચીન વૈદ્યોએ કહેલો છે. નેત્રો રૂક્ષ, સૂકાં, વાંકા અને મેલા થઈ ગયા હોય, પાંપણના વાળો ખરી પડતા હોય અને તિમિર, અર્જુન, ફુલા, અભિષ્યંદો, અધિમંથ, શુષ્કાક્ષિપાક, સોજો કે વાતપર્યય થયેલ હોય તો ઉત્તમ નેત્ર વૈદ્યે નેત્રોનુ સારી પેઠે તર્પણ કરવું જોઈએ. પાંપણના રોગમાં સો ગુરુ વર્ણના ઉચ્ચારના કાળ સુધી એ તર્પણ નેત્ર ઉપર રહેવા દેવું, સ્વસ્થતા, કફ, તથા સાંધાના રોગોમા પાંચસો ગુરૂ વર્ણોચ્ચારના કાળ સુધી તર્પણ રહેવા દેવું, પિત્તરોગ હોય તો છસો, કાળા ડોળાના રોગમા સાતસો, કીકીના રોગમાં આઠસો, અધિમંથમાં એક હજાર, અને વાયુના રોગોમાં પણ એક હજાર ગુરૂ વર્ણોચ્ચાર થતાં સુધીના કાળ સુધી તર્પણ નેત્રો ઉપર રહેવા દેવું. તર્પણ પુરૂં થઈ રહે એટલે ઘીને નેત્રની પૂછડીને માર્ગેથી બહાર વ્હેવરાવી દેઈ, સેકેલા જવના લોટથી નેત્રોને સાફ કરી નાંખવાં. પછી ઘીના જોરથી કફ વધ્યો હોય તેને યથાયોગ્ય ધુમપાન કરાવીને દૂર કરવો. એક, પાંચ કે સાત દિવસ સુધી તર્પણ કરવું. બરાબર તર્પણ થાય છે તો નિદ્રા સુખથી આવે છે, સુખથી જગાય છે, નેત્રો સ્વચ્છ થઈ તેની શક્તિ વધેછે, સુખ મળે છે, દરદ મટે છે, અને ઉઘાડવા મીંચવા વગેરે કામોમા નેત્રો હલકા થાય છે. આ ઉપરથી તર્પણ બરોબર થયાનુ જાણવું, તર્પણનો અતિ યોગ થાય તો નેત્રો ભારે, મેલા અને અતિશય ચીકણા થઈ જાયછે, આસુ, ચેળ અને ચીપડા આવે છે; અને તેમા ઘર્ષણ કે ભોંકાયા જેવી પીડા થાય છે. તર્પણ ઓછુ થયુ હોય તો નેત્રમાંથી પાણી ઝરે છે, સોજો થાય છે, પીડા થાય છે, ચીપડાં આવે છે, રૂક્ષ થઈ જાય છે, અને કઠણ થઈ જાય છે અતિયોગ કે હીનયોગ થયોહોય તો બહુ હરકત થાય છે, માટે તેની ચિકિત્સા કરવામા કાળજી રાખવી, અતિયોગ ઉપર રૂક્ષ, તથા હીનયોગ ઉપર સ્નિગ્ધ ઉપચારો કરવા. વાદળાં, અત્યંત ગરમી, તથા અત્યંત ઠંડીના સમયોમાં, ચિંતા અને સંભ્રમ હોય ત્યારે, અને ઉપદ્રવો શાંત થયા પહેલાં તર્પણ કરવું યોગ્ય નથી.

પુટપાકવિધિ.

द्वे बिल्वे स्निग्धमांसस्य परं द्रव्यं पलं मतम् । द्रवस्य कुडवोन्मानं सर्वमेकत्र पेषयेत् ॥ तदेकत्र समालोड्य पत्रैः सुपरिवेष्टितम् । पुटपाकविधानेन तत्पक्त्वा तद्रसं बुध ॥ तर्पणोक्तेन विधिना यथावद्विनियोजयेत् । दृष्टिमध्ये निषेक्तव्यो नित्यमुत्तानशायिनः ॥ तेजांस्यनिलमाकाशमातपं भास्करस्य च नेक्षेत तर्पिते नेत्रे यश्च वा पुटपाकवान् ॥

સ્નેહ વાળુ માસ આઠ તોલા બીજા ઔષધો ચાર તોલા ભાર, અને દ્રવ પદાર્થો સાત તોલા નાખી, એ સર્વને વાટીને તેનો લોદો કરી પાદડાઓથી ખુબ વીંટીને પુટપાક પકાવવો પછી તેમાથી રસ નીચોવી લેઈને તે રસનો તર્પણની રીતે નેત્રોમાં ઉપયોગ કરવો, રોગીને ચત્તા સુવાડી તેની આખોમા નિત્ય એ રસ નાખવો. તર્પણ કે પુટપાક વિધિ કર્યા પછી રોગીએ તેજસ્વી પદાર્થો, પવન, આકાશ, કે સૂર્યના તાપને જોવાં નહિ.

અજનવિધિ

अथ संपक्वदोषस्य प्राप्तमञ्जनमाचरेत् । अञ्जनं क्रियते येन तद्द्रव्यं चाञ्जनं मतम् ॥ तद्यथा । वटिकारसचूर्णानि त्रिविधान्यञ्जनानि हि । कुर्याच्छलाकयाङ्गुल्या हीनानि स्युर्यथोत्तरम् ॥ स्नेहनं रोपणं चापि लेखनं तत् त्रिधा पृथक् । मधुरं स्नेहसम्पन्नमञ्जनं स्नेहनं मतम् ॥

तत् त्रिविधम् । पृथगिति तत् वटिकारसचूर्णरूप पृथक् प्रत्येक त्रिधा स्नेहन रोपण लेखनं चेति ॥

कषायतिक्तरसयुक् सस्नेहं रोपणं स्मृतम् । अञ्जनं क्षारतिक्ताम्लरसैर्लेखनमुच्यते ॥ हरेणुमात्रां कुर्वीत वर्तीं तीक्ष्णाञ्जने भिषक् ॥ प्रमाणं मध्यमे सार्धं द्विगुणं तु मृदौ भवेत् ॥ रसक्रिया तूत्तमा स्यात् त्रिविडङ्गमिता मता । मध्यमा द्विविडङ्गा सा हीना त्वेकविडङ्गिका ॥ शलाका स्नेहने चूर्णे चक्षुः प्राहुरञ्जने । रोपणे तास्तु तिस्रः स्युस्ते उभे लेखने स्मृते ॥ मुखयोः कुश्चिता श्लक्ष्णा शलाकाष्टाङ्गुलोन्मिता । अश्मजा धातुजा वा स्यात्कलायपरिमण्डला ॥

अग्रे कलायवत् परिवर्तुला ॥

सुवर्णरजतोद्भूता शलाका स्नेहने स्मृता । ताम्रलोहाश्मसंजाता शलाका लेखने मता । अङ्गुली तु मृदुत्वेन रोपणे कथिता बुधैः ॥

દોષો પાકી ગયા પછી અજન આંજવું, જે વસ્તુ નેત્રમાં આજવામાં આવે છે તેને અજન કહે છે ગોળી, રસ, અને ચૂર્ણ રૂપ, એમ ત્રણ પ્રકારના અંજનો હોય છે, અને તે શળી કે આંગળીથી અજાય છે. ગોળી કરતાં રસરૂપ અને રસરૂપ કરતાં ચૂર્ણરૂપ અજન ઉત્તરોત્તર નિર્બળ છે અંજનોના પણ સ્નેહન, રોપણ, અને લેખન, એવા ત્રણ ત્રણ ભેદો છે ક્ષાર, કડવા, અને ખાટા રસવાળુ અંજન લેખન છે, તુરૂં, કડવુ, અને સ્નેહવાળું અજન રોપણ છે, અને મધુર તથા સ્નેહવાળું અજન સ્નેહન છે તીક્ષ્ણ અંજનની ગોળી વટાણા જેવડી, મધ્યમ હોય તો દોઢ વટાણા જેવડી, અને કોમળ હોય તો બે વટાણા જેવડી ગોળી કરવી રસરૂપ અંજન ત્રણ બાવડીંગના દાણા જેટલું નાંખવું તે

ઉત્તમ, બે વાવડીંગ જેટલું મધ્યમ, અને એક વાવડીંગ જેટલુ કનિષ્ટ માત્રા છે, ચૂર્ણરૂપ અજન સ્નેહનનુ હોય તો તેની ચાર સળીઓ આંજવી, રોપણુ હોય તો ત્રણુ સળીઓ આજવી, અને લેખન હોય તો બે સળીઓ આંજવી. આંજવાની સળી બંને છેડેથી પાતળી, લીસી, આઠ આંગળ લાંબી, વટાણા જેવી ગોળ, અને પથ્થર કે ધાતુની જોઈએ. સ્નેહના અજન માટે સોનાની કે રૂપાની, લેખન અજન માટે ત્રાંબાની, લોઢાની કે પથ્થરની સળી જોઈએ, અને રોપણુઅંજન માટે તો કોમળ હોવાથી આંગળીજ વાપરવી એ યોગ્ય છે.

અજનશલાકા.

દૃષ્ટિપ્રસાદની.

त्रिफलाभृङ्गशुण्ठीनां रसैस्तद्वच्च सर्पिषा॥ गोमूत्रमध्वजाक्षीरैः सिक्तो नागः प्रतापितः। तच्छलाका हरत्येव सकलान्नेत्रजान् गदान् ॥

શુદ્ધ સીસાને વારવાર તપાવી તપાવીને ત્રિફળાના, ભાગરાના, સુઠના રસમાં, ઘીમા, ગોમૂત્રમા, મધમા, અને બકરીના દૂધમા ટાઢું પાડી તેની સળીઓ બનાવીને તે નેત્રમાં ફેરવવાથી નેત્રના સર્વ રોગો નાશ પામે છે

આંજવાની રીતિ.

कृष्णभागादधः कुर्यात् यावन्नयनमञ्जनम् । हेमन्ते शिशिरे चापि मध्याह्नेऽञ्जनमिष्यते ॥ पूर्वाह्ने वाऽपराह्ने वा ग्रीष्मे शरदि चेष्यते ॥ वर्षास्वनभ्रे नात्युष्णे वसन्ते तु सदैव हि ॥ प्रातः सायं तु तत्कुर्यान्न च कुर्यात्सदैव हि । श्रान्ते प्ररुदिते भीते पीतमद्ये नवज्वरे ॥ अजीर्णे वेगघाते च नाञ्जनं संप्रशस्यते ॥

કાળા ડોળાની નીચેના ભાગમા આંખના છેડા સૂધી અંજન આજવું. હેમંત અને શિશિરમા મધ્યાન્હે આંજવુ, ગ્રીષ્મ અને શરદમાં પૂર્વાહ્ન અથવા અપરાહ્ન સમે આંજવુ, વર્ષામાં વાદળાં ન હોય તથા બહુ ગરમી ન હોય ત્યારે આજવું, અને વસંતઋતુમાં ગમે ત્યારે આજવું, પણુ તે હમેશ નહિ. થાકેલો, બહુ રોતો હોય, બીધેલો બહુ દારૂ પીધેલો, નવા જ્વર વાળો, અજીર્ણ વાળો, અને દસ્ત રોકાયો હોય, એવાએ અજન આંજવું નહિ

સ્નેહન વટિકા.

पथ्याक्षधात्रीबीजानि एकद्वित्रिगुणानि च । पिष्ट्वाम्बुना वटीं कुर्यादञ्जनं द्विहरेणुकम् । नेत्रस्रावं हरत्याशु वातरक्तरुजं तथा

હરડે, બેડા, અને આમળાનાં બીજ એક, બે અને ત્રણુ ભાગે ક્રમસર લેઈ, પાણીમાં વાટીને ગોળી કરવી, અને તે બે વટાણા જેટલી આંજવાથી નેત્રસ્રાવ ને એકદમ હરે છે, તથા વાતરક્ત રોગોને પણુ હરે છે.

રોપણુ વટી.

रसाञ्जनं हरिद्रे द्वे मालतीनिम्बपल्लवाः गोशकृद्रससंयुक्ता वटी नक्तान्ध्यनाशिनी एतस्याश्चाञ्जने मात्रा प्रोक्ता सार्धहरेणुका

રસાજન, હળદર, દારૂહળદર, માલતીના પાન, અને લીમડાના પાંદડા, એમ વાટીને ગાયના છાણુના રસમાં ગોળી કરવી તે રતાંધળાપણું મટાડે છે. તેની માત્રા દોઢ વટાણા જેટલી હોય છે.

ચંદ્રોદયાલેખની વટી.

शङ्खनाभिर्बिभीतस्य मज्जा पथ्या मनःशिला ॥ पिप्पली मरिचं कुष्ठं वचाचेति समांशकम् ॥ छागक्षीरेण संपिष्य वर्ती कुर्याद्यवोन्मिताम् । हरेणुमात्रां संघृष्य जलेनाञ्जनमाचरेत् ॥ तिमिरं मांसवृद्धिं च काचं पटलमर्बुदम् । रात्र्यन्धं वार्षिकं पुष्पं वटी चन्द्रोदया जयेत् ॥

શખની નાભિ, બેડાંનો ગર્ભ, હરડે, મનશીલ, પીપર, મરી, કઠ, અને વજને સમ ભાગે લેઇ, બકરીના દૂધમા વાટીને જવ જેવડી ગોળી કરવી એક વટાણા જેટલી તે પાણીમાં ઘસીને આંજવાથી તિમિર, માંસવૃદ્ધિ, કાચ, પડળ, અર્બુદ, રતાંધળાપણું, અને એક વર્ષના ફુલાને આ ચદ્રોદયા જીતી લેછે.

પુષ્પહરિવર્ત્તિ.

पलाशपुष्पस्वरसैर्बहुशःपरिभावितम् ।
करञ्जबीजं तद्वर्तिर्दृष्टेः पुष्पं विनाशयेत् ॥

ખાખરાના પુષ્પો (કેસૂડાં) ના રસની બહુ બહુ ભાવના દીધેલાં કરંજનાં બીજની વાટ બનાવીને આંજવાથી ફૂલાનો નાશ થઇ જાય છે.

સ્નેહન રસક્રિયા.

कतकस्य फलं घृष्ट्वा मधुनानेत्रमञ्जयेत् ॥
ईषत्कर्पूरसहितं तत्स्यान्नेत्रप्रसादनम् ॥

નિર્મળીના ફળને ઘસીને મધ સાથે તેમા જરાક કપૂર મેળવીને નેત્રમાં આંજવાથી નેત્રને તે સ્વચ્છ કરી નાંખે છે.

રોપણ રસક્રિયા.

रसाञ्जनं सर्जरसो जातीपुष्पं मनःशिला ॥ समुद्रफेनं लवणं गैरिकं मरिचं तथा ॥ एतत्समांशं मधुना पिष्टं प्रक्लिन्नवर्त्मनि । अञ्जनं क्लेदकण्डूघ्नं पक्ष्मणां च प्ररोहणम् ॥ दुग्धेन कण्डूं क्षौद्रेण नेत्रस्रावं च सर्पिषा । पुष्पं तैलेन तिमिरं काञ्जिकेन निशान्धताम् ॥ पुनर्नवा हरत्याशु भास्करस्तिमिरं यथा । बब्बूलदलनिःक्वाथो लेहीभूतस्तदञ्जनात् । नेत्रस्रावो व्रजेच्छोषं मधुयुक्तान्न संशयः ॥

રસાંજન, રાળ, જાઇનુ ફૂલ, મનશીળ, સમુદ્રફેન, સૈંધવ, સોનાગેરૂ, અને મરીને સમ ભાગે મધમા વાટીને આંજવાથી પ્રક્લિન્ન વર્ત્મના કલેદ તથા ચળ મટી જાય છે. અને પાંપણના વાળ ઊગે છે.

સાટોડીને તેલમાં વાટીને આજવાથી તિમિર મટે છે, કાંજીમા વાટીને આજવાથી રતાંધળાપણું મટી જાય છે, જેમ સૂર્ય અંધારાને મટાડે છે તેમ સાટોડી તિમિર તથા રતાંધળાપણાને મટાડે છે

બાવળના પાનનો ક્વાથ શીરા જેવો કરી તેમાં મધ નાખીને આજવાથી નેત્રોનો સ્રાવ નિસંશય સૂકાઇ જાય છે.

લેખન રસક્રિયા.

वटक्षीरेण संयुक्तो मुख्यकर्पूरजो रजः ।
क्षिप्रमञ्जनतो हन्ति कुसुमं तु द्विमासिकम् ॥
क्षौद्राश्वलालासंघृष्टैर्मरिचैर्नेत्रमञ्जनात् । अतिनिद्रा शमं याति तमः सूर्योदयादिव ॥

ભીમસેની કપુરના ચૂર્ણને વડના દુધમાં મેળવીને આંજવાથી બે માસનું ફૂલુ તરત નાશ પામી જાય છે

મધ તથા ઘોડાની લાળમાં મરી વાટી-

ને આંજવાથી, જેમ સૂર્યોદયથી અંધકાર નાશ પામે છે તેમ, મોટુ ઘેન શાંત થઇ જાય છે

સ્નેહન ચૂર્ણ

अग्नितप्तं हि सौवीरं निर्षिचेत् त्रिफलारसैः । सप्तवेलं तथा स्तन्यैः स्त्रीणा सिक्त विचूर्णितम् ॥ अञ्जयेत् तेन नयने प्रत्यहं चक्षुषोर्हितम् । सर्वानक्षिविकारांस्तु हन्यादेतन्न संशयः ॥

ધોળા સુરમાને તપાવી તપાવીને સાત સાત વાર ત્રિફળાના રસ તથા સ્ત્રીઓના ધાવણમાં ઠારીને તેનુ ચૂર્ણ કરી નિત્ય આંજવાથી બેશક નેત્રના સર્વ વિકારો મટી જાય છે આ સુરમાનુ ચૂર્ણ નેત્રોને હિતકારી છે.

રોપણ ચૂર્ણ.

शिलायां रसकं पिष्ट्वा सम्यगाप्लाव्यवारिणा।गृह्णीयात्तज्जलं सर्वं त्यजेच्चूर्णमधोगतम्॥ शुष्कं च तज्जलं सर्वं पर्पटीसन्निभं भवेत् । विचूर्ण्य भावयेत्सम्यक् त्रिवेलं त्रिफलारसैः ॥ कर्पूरस्य रजस्तस्य दशमांशेन निःक्षिपेत् । अञ्जयेन्नयने तेन नेत्राखिल गदच्छिदा ॥

કલખાપરિયાને શિલાપર વાટીને પાણીમાં મેળવી દેવો પછી તે પાણીની આછ લઇ લેવી અને તળે બેઠેલા ચૂર્ણને નાખી દેવુ. એ પાણી સૂકાય છે ત્યારે તેની પોપડી થઇ જાય છે. તેનુ ચૂર્ણ કરીને ત્રણવાર તેને ત્રીફળાના રસની ભાવના દેવી. પછી તેમા તેના દશમા ભાગનુ કપૂરનું ચૂર્ણ મેળવીને આંજવાથી નેત્રના સર્વ રોગો છેદાઈ જાય છે.

લેખન ચૂર્ણ.

दक्षाण्डत्वक्शिलाकाचशङ्खचन्दनसैन्धवैः। चूर्णितैरञ्जनं प्रोक्तं पुष्पादीनां निकृन्तनम् ॥

કુકડાના ઇંડાની છાલ, મનશીળ, કાચ, શંખ, ચંદન, અને સૈંધવનુ ચૂર્ણ આંજવાથી ફૂલા વગેરે કપાઇ જાય છે.

સામાન્ય અંજનો.

મુક્તાદિ મહાંજન.

मुक्ताकर्पूरकाचागुरुमरिचकणासैन्धवं चैलवालम् । शुण्ठीकल्लोलकांस्यत्रपुरजनिशिलाशङ्खनाभ्यभ्रतुत्थम् । दक्षाण्डत्वक् च मार्गं क्षतजमथ शिवा क्लीतकं राजवर्तं । जातीपुष्पं तुलस्याः कुसुममभिनवं बीजकं स्यात्तथैव ॥

एलवाल एलवालुकनाम्ना प्रसिद्धम् । कक्कोलम् सुगन्धद्रव्य सुगन्धकोकिलेति प्रसिद्धा तदलाभे जातीपुष्प ग्राह्यम् । तस्याप्यलाभे लवङ्ग कास्य तच्च मारित ग्राह्यम् । त्रपु रङ्ग तच्च मारित ग्राह्यम् । शिला मन शिला । अभ्रमभ्रक तच्च मारित ग्राह्यम् । दक्षाण्डत्वक् दक्ष कुक्कुट तस्याण्डत्वक् अक्ष बिभीतफलम् । क्षतजमत्र कुङ्कुमम् शिवा हरीतकी । क्लीतक यष्टीमधु । राजवर्त रावटी इति लोके ॥

पूतीकनिम्बार्जुनभद्रमुस्तं सताम्रसारं रसगर्भयुक्तम् । प्रत्येकमेषा खलु माषकैकं यत्नेन पिष्येन्मधुनाऽतिसूक्ष्मम् ॥

पूतीक घोराकरञ्ज इति लोके । अञ्जन सुरमा इति लोके । भद्रमुस्तं नागरमुस्तम् । ताम्रसार च मारित ग्राह्यम् । रसगर्भ रसाञ्जनम् ॥

भवन्ति रोगा नयनाश्रिता ये नितान्तमात्रोपचिताश्च तेषाम् । विधीयते शान्तिर-

वश्यमेव मुक्तादिनानेन महाञ्जनेन ॥

इति मुक्तादिमहाञ्जनम् ॥

મોતી, કપૂર, બિડલુણ, મરી, પીપર, સૈંધવ, ચણકબાબ, સુંઠ, મરિચકકોલ અથવા જાઇનાં પુષ્પ, કાસ્યભસ્મ, કથીર ભસ્મ, હળદર, મનશીળ, શંખની નાભિ, અભ્રકભસ્મ, મોરથુથુ, કૂકડાના ઇંડાંની છાલ, બેહા, કેશર, હરડે, જેઠીમધ, રાજાવર્ત્ત, જાઇનાં પુષ્પ, તુળસીની તાજીમાજર, ધોળા સરગવા તથા પુતીકરજના બીજો, લીમડો, આસોંદરો, નાગરમોથ, તામ્રભસ્મ, લોહભસ્મ, અને રસવતી, એ દરેક છ છ રતિભાર લેઈ મધમા ઝીણુ વાટીને આંજવાથી નેત્રના સર્વ રોગો અવશ્ય શમી જાય છે.

નયન શોણાંજન.

कणा सलवणोषणा सहरसाञ्जना साञ्जना सरित्पतिकफः सिता सितपुनर्नवा चापिहि । रजन्यरुणचन्दनं मधु च तुत्थपथ्या शिला अरिष्टदलशाबरस्फटिकशङ्खनाभीन्दवः ॥

लवणं सैन्धव । अञ्जन सुरमा । सरित्पतिकफ समुद्रफेनम् । शिला मन शिला । शाबरो लोध्र. । स्फटिकः षट्करी । इन्दु कर्पूर ॥

इमानि तु विचूर्णयेत्त्रिबिडवाससा शोधयेत्तथायसि विमर्दयेत्समधु ताम्रखण्डेन तत् । इदं मुनिभिरीरितं नयनशोणनामाञ्जनं करोति तिमिरक्षयं पटलपुष्पनाशं बलात् ॥

तिमिरे नूतनकुसुमे नूतनपटले च । इति नयनशोणाञ्जनम् ॥

પીપર, સિંધવ, મરી, રસવંતી, સુરમો, સમુદ્રફીણ, સાકર, ધોળી સાટોડી, હળદર, રતાંજળી, જેઠીમધ, મોરથુથુ, હરડે, મણશીલ, લીમડાનાં પાન, લોદર, ફટકડી, શંખની નાભિ, અને કપૂરનું ચૂર્ણ જાડા લુગડાથી ચાળીને તેમા મધ મેળવીને લોઢાના વાસણમાં ત્રાંબાના કટકાથી ખુબ ઘુટવુ. મુનિઓએ કહેલું આ અંજન તાજુ તિમિર, તાજુ પડળ, અને ફુલાનો બળાત્કારથી નાશ કરી નાખે છે.

ચંદ્રોદયાવટી.

हरितकी वचा कुष्टं पिप्पली मरिचानि च । बिभितकस्य मज्जा च शङ्खनाभिर्मनःशीला ॥ सर्वमेतत्समं कृत्वा गव्यक्षीरेण पेषयेत् । नाशयेत् तिमिरं कण्डूपटलान्यर्बुदानि च ॥ अपि त्रिवार्षिकं शूक्रं मासेनैकेन नाशयेत् ॥ अधिकानि च मांसानि रात्रावन्धत्वमेव च ॥

पुष्पे तिमिरे । इति चन्द्रोदयावटी ॥

હરડે, વજ, કઠ, પીપર, મરી, બેહેડાની મજ્જા (ગર્ભ), શંખની નાભિ અને મનશીળ સમ ભાગે મેળવી ગાયના દુધમાં વાટીને આજવાથી તિમિર, ચળ, પડળો, અર્બુદો, ત્રણ વર્ષનું ફુલુ, એમને એક માસમાં મટાડી દે છે વિશેષમાં માસવૃદ્ધિ તથા રતાંધળાપણાને પણ મટાડે છે.

ચંદ્રપ્રભાવર્તિ

रजनी निम्बपत्राणि पिप्पली मरिचानि च । विडङ्गं भद्रमुस्तं च सप्तमीत्वभया स्मृता ॥ अजामूत्रेण संपिष्य छायायां शोषयेद्वटीम् । वारिणा तिमिरं हन्ति गोमूत्रेण तु पिष्टकम् ॥ मधुना पटलं हन्ति

नारीक्षीरेण पुष्पकम् । एषा चन्द्रप्रभा वर्तिः स्वयं रुद्रेण निर्मिता । कणा छागयकृन्मध्ये पक्त्वा तद्रसपेषिता । अचिराद्धन्ति नक्तान्ध्यं तद्वत्सक्षौद्रमूषणम् ॥

હળદર, લીમડાના પાન, પીપર, મરી, વાવડિંગ, નાગરમોથ, અને સાતમી હરડે ને બકરીના મૂત્રમા વાટીને છાયામાં સૂકવી ગોળી કરવી, પાણીમાં ઘસીને તે આંજવાથી તિમિર મટાડે છે, ગોમૂત્રમાં આંજવાથી પીષ્ટક મટે છે, મધમા આંજવાથી પડળ મટે છે, સ્ત્રીના દુધમા ઘસીને આંજવાથી ફુલુ મટે છે. આ ચંદ્રપ્રભાવર્ત્તિ પોતે શંકરે બનાવેલી છે.

કણા પ્રયોગ

બકરીની લીંડી મધ્યે પીપરને પકાવીને એને લીંડીના રસમા વાટીને આજવાથી તુરતજ રતાંધળાપણુ મટી જાય છે.

મરિચ પ્રયોગ.

ઉપરની પીપરની પેઠેજ મધસહિત મરીના પ્રયોગથી પણ રતાંધળાપણું મટી જાય છે.

ત્રિફલાદ્ય ઘૃત.

त्रिफलाया रसं प्रस्थं प्रस्थं भृङ्गरजस्य च । वृषस्य च रसं प्रस्थं शतावर्याश्च तत्समम् ॥ भृङ्गरज. भृङ्गराज ॥

गुडूच्या आमलक्याश्च रसं छागीपयस्तथा । प्रस्थं प्रस्थं समाहृत्य सर्वैरेभिर्घृतं पचेत् ॥ कल्कः कणा सिता द्राक्षा त्रिफला नीलमुत्पलम् । मधुकं क्षीरकाकोली मधुपर्णी निदिग्धिका ॥

क्षीरकाकोल्या अलाभेऽश्वगन्धामूल ग्राह्यम् । मधुपर्णी अत्र यष्टीमधु चक्षुष्यत्वात् ॥

तत् साधु सिद्धं विज्ञाय शुभे भाण्डे निधापयेत् । ऊर्ध्वं पानमधः पानं मध्ये पानं च शस्यते ॥ यावन्तो नेत्ररोगाः स्युस्तान्पानादपकर्षति ॥ सुरक्ते रक्तदुष्टे च रक्ते वा विस्रुते तथा ॥ नक्तान्ध्ये तिमिरे काचे नीलिकापटलार्बुदे । अभिष्यन्देऽधिमन्थे च पक्ष्मकोपे सुदारुणे ॥ नेत्ररोगेषु सर्वेषु दोषत्रयकृतेष्वपि । परं हितमिदं प्रोक्तं त्रिफलाद्यं महाघृतम् ॥

ત્રિફળાનો રસ ૬૪ તોલા, ભાંગરાનો રસ ૬૪ તોલા, અરડુસીનો રસ ૬૪ તોલા, શતાવરીનો રસ ૬૪ તોલા, ગળોનો રસ ૬૪ તોલા, આમલીનો રસ ૬૪ તોલા, અને બકરીનુ દુધ ૬૪ તોલા, એ સર્વ એકઠા કરીને તેમા પીપર, સાકર, દ્રાક્ષ, હરડે, બેહા, આમળા, નીલકમળ, બમણું જેઠીમધ, આસોંદનું મૂળ, અને ભોરીંગણીના કલ્કો નાખીને તેમાં ઘી પકાવવું. પાકે ત્યારે તેને સારા વાસણમા રાખી મૂકવું. ભોજન પહેલા, કર્યા પછી, અને મધ્યમા આ ઘી ખાવાથી નેત્રના સર્વ રોગો મટી જાય છે. બહુ રતાશ, રક્તદોષો, રક્તસ્રાવો, રતાંધળાપણું, તિમિર, કાચ, નીલિકા, પડળ, અર્બુદ, અભિષ્યંદ, અધિમંથ, મહાદારૂણ પક્ષ્મકોપ, અને ત્રણે દોષોએ કરેલા નેત્રના રોગો ઉપર આ કહેલું ત્રિફલાદ્ય ઘૃત મહા અત્યંત હિતકારી છે.

ત્રિફલાદિ ઘૃત.

शतमेकं हरीतक्या द्विगुणं च बिभीतकम् । चतुर्गुणं त्वामलकं वृषमार्कवयोः समम् ॥ चतुर्गुणोदकं दत्त्वा शनैर्मृद्वग्निना पचेत् । भागं चतुर्थं संरक्ष्य क्वाथं तमवतारयेत् ॥ शर्करा मधुकं द्राक्षा मधुयष्टी निदिग्धि-

का । काकोली क्षीरकाकोली त्रिफला नागकेसरम् ॥

काकोलीयुगलाऽलाभेऽश्वगन्धामूल द्विगुणग्राह्यम् ॥

पिप्पली चन्दनं मुस्तं त्रायमाणा तथोत्पलम्। घृतप्रस्थं समं क्षीरं कल्कैरेतैः शनैः पचेत् ॥ हन्यात् सतिमिरं काच नक्तान्ध्यं शुक्रमेव ॥ तथा स्रावं च कण्डूं च श्वयथुं च कषायताम् ॥ कलुषत्व च नेत्रस्य बिन्द्वर्मपटलानि च बहुनात्र किमुक्तेन सर्वान्नेत्रामयान्हरेत् ॥ यस्य चोपहता दृष्टिः सूर्याग्निभ्यां प्रपश्यतः ॥ तस्यैतद्भेषजं प्रोक्तं मुनिभिः परमं हितम् ॥ मार्जितं दर्पणं यद्वत्परा निर्मलता व्रजेत् तद्वदेतेन पीतेन नेत्रं निर्मलतामियात् ॥

હરડે તોલા ૧૦૦, બેહેડાં તોલા ૨૦૦, આમળા તોલા ૪૦૦, અરડુસો તથા ભાગરો ૪૦૦ તોલા, એમનો ચોગણા પાણીમાં કોમળ અગ્નિથી ધીરેથી ક્વાથ કરવો. ચોથા ભાગનુ પાણી રહે એટલે ઊતારી તેમા સાકર, બમણું જેઠીમધ, દ્રાક્ષ, ભોરીંગણી બમણું આસોદનુ મુળ, ત્રિફળા, નાગકેશર, પીપર, રતાંજળી, નાગરમોથ, ત્રાયમાણ, અને રક્તકમળના કલ્કો નાંખીને, તેમા ધીરે ધીરે ૬૪ તોલા ઘી અને ૬૪ તોલા દૂધ પકાવવુ. કેવળ ઘી રહે એટલે ઉતારવું. આ ઘી તિમિર, કાચ, રતાંધળાપણુ, ફુલુ, સ્રાવ, ચળ, સોજો, કષાયતા, મલીનતા, બિંદુ, અર્મ, અને પડળનો નાશ કરી નાખે છે બહુ કહેવાથી શુ ? ટુંકામાં એટલુજ કહેવાનુ કે આ ઘી નેત્રના સર્વ રોગોને મટાડે છે સૂર્ય કે અગ્નિ સામે જોવાથી જેની દૃષ્ટિ હણાઈ ગઈ હોય તેને માટે આ ઘી સર્વોત્તમ છે, એમ મુનિઓએ કહેલુ છે જેમ વસ્ત્રવડે લુછવાથી દર્પણ અત્યત સ્વચ્છ થાય છે તેમ આ ઘી પીવાથી નેત્રો અત્યત નિર્મળ થાય છે.

વાસકાદિ કવાથ

वासाविश्वामृतादार्वीरक्तचन्दनचित्रकैः । भूनिम्बनिम्बकटुकापटोलत्रिफलाम्बुदैः ॥ निशाकलिङ्गकुटजैः क्वाथः सर्वाक्षिरोगहा । वैस्वर्य पीनस श्वास कासं नाशयति ध्रुवम् ॥

इति नेत्ररोगाधिकार ॥

અરડુસી, સુઠ, ગળો, દારૂહળદર, રતાંજળી, ચિત્રક, કરિયાતું, લીમડો, કડુ, કડવાપરવળ, હરડે, બેહેડા, આમળા, મોથ, હળદર, પીપર, અને ઇંદ્રજવનો ક્વાથ પીવાથી નેત્રના સઘળા રોગો, સ્વરભગ, સળેખમ, શ્વાસ, અને ઉધરસનો નાશ અવશ્ય થઇ જાય છે

કાનના રોગોનો અધિકાર.

કાનના રોગોનાં નામો.

कर्णशूलः कर्णनादो बाधिर्यं क्ष्वेड एव च । कर्णस्रावः कर्णकण्डूः कर्णगूथस्तथैव च ॥ प्रतिनाहो जन्तुकर्णौ विद्रधिर्द्विविधस्तथा । कर्णपाकः पूतिकर्णस्तथैवार्शश्चतुर्विधः ॥ तथार्बुदं सप्तविधं शोफश्चापि चतुर्विधः । एते कर्णगता रोगा अष्टाविंशतिरीरिताः ॥

કર્ણશૂલ, કર્ણનાદ, બ્હેરાટ, ક્ષ્વેડ, કર્ણસ્રાવ, કર્ણકડુ, કર્ણગુથ, પ્રતિનાહ, કૃમિકર્ણ, ક્ષત કે અભિઘાતથી થયેલો વિદ્રધિ, દોષોથી થયેલો વિદ્રધિ, કર્ણપાક, પુતિકર્ણ, ચાર પ્રકારના અર્શ, સાત પ્રકારના અર્બુદ, અને ચાર પ્રકારનો સોજો એમ કાનના અઠાવીશ રોગો છે.

કર્ણશૂળનું લક્ષણ.

समीरणः श्रोत्रगतोन्यथा चरन् समन्ततः शूलमतीव कर्णयोः । करोति दोषैश्च यथा स्वमावृतः स कर्णशूलः कथितो दुराचरः ॥

अन्यथाचरन् समन्ततः प्रतिलोम चरन् । दोषैः पित्तकफरक्तैः । रक्तस्यापि रुजादिकर्तृत्वेन दोषसाम्यात् दोषत्वमत्र । यथा स्व आत्मीयनिदानकुपितै. अथवा यथास्वमिति शूलविशेषणं । दुराचर. दुरुपचारः ।

કાનમાં ચારેમેર ફરતો અને કોપ પામેલાં પિત્ત, કફ, અને રક્તથી વિંટાએલો વાયુ કાનમાં તે તે દોષોથી યુક્ત શૂળને ઉત્પન્ન કરે છે તે કર્ણશૂલ કહેવાય છે, અને તે કષ્ટસાધ્ય છે. રક્ત પણ વેદના વગેરે કરનાર હોવાથી દોષો જેવુંજ ગણાય છે, માટે તેને દોષની પંક્તિમાં અત્ર ગણ્યું છે.

કર્ણશૂળની અસાધ્યતા.

मूर्च्छा दाहो ज्वरः कासः श्वासोऽथ वमथुस्तथा । उपद्रवाः कर्णशूले भवन्त्येते मरिष्यतः ॥

મૂર્ચ્છા, દાહ, જ્વર, ઉધરસ, શ્વાસ, અને વમન, આ ઉપદ્રવો કર્ણશૂલ સાથે હોય તો તે માણસ મરી જાય છે.

કર્ણનાદનું લક્ષણ.

कर्णस्रोतः स्थिते वाते शृणोति विविधान्स्वनान् । भेरीमृदङ्गशङ्खानां कर्णनादः स उच्यते ॥

भेरीमृदङ्गशङ्खादीनामित्युपलक्षणम् । तेन भृङ्गादिकृतशब्दानां ग्रहणम् ।

કોપ પામેલો વાયુ કાનની શબ્દવાહક નાડીમાં ભરાયાથી ભેરી, મૃદંગ, શંખ, અને ભમર વિગેરેના જેવા વિવિધ પ્રકારના શબ્દો સંભળાય છે, તેને કર્ણનાદ કહે છે.

બાધિર્યનું લક્ષણ.

यदा शब्दवहो वायुः स्रोत आवृत्य तिष्ठति । शुद्धः श्लेष्मान्वितो वापि बाधिर्यं तेन जायते ॥

बाधिर्यं बालवृद्धोत्थं चिरोत्थं च विवर्जयेत् ॥

કફ સાથે મળેલો અથવા એકલો વાયુ જ્યારે શબ્દવાહક નાડીને વિંટાઇ રહે છે ત્યારે બહેરાપણું થાય છે. બાળકનું, વૃદ્ધનું, કે લાંબા કાળનું બહેરાપણું અસાધ્ય છે.

ક્ષ્વેડનું લક્ષણ.

वायुः पित्तादिभिर्युक्तो वेणुघोषसमं स्वनम् । करोति कर्णयोः क्ष्वेडं कर्णक्ष्वेडः स उच्यते ॥

क्ष्वेडशब्दार्थं व्यनक्ति । वेणुघोषसम स्वनमिति । यत उक्तम् । क्ष्वेडनं वेणुघोषवत् इति । ननु कर्णनादकर्णक्ष्वेडयो. को भेदः । उच्यते । कर्णनादः केवलेन वातेन जायते । तत्र नानाशब्दांश्च शृणोति । कर्णक्ष्वेडस्तु पित्तादियुक्तेन वातेन जन्यते । तत्र नियमेन वेणुघोषमेव शृणोतीति भेदः ॥

પિત્ત વિગેરેની સાથે મળેલો વાયુ કાનમાં વાંસના જેવો નાદ કરે છે તેને ક્ષ્વેડ કહે છે. કર્ણનાદ કેવળ વાયુથી થાય છે તથા ભેરી વિગેરે જેવા અનેક શબ્દો તેમાં થાય છે, અને ક્ષ્વેડમાં પિત્ત વિગેરેથી મળેલો વાયુ હોઇને તેમાં વાંસ જેવોજ શબ્દ થાય છે, એટલો એ બે રોગોમાં તફાવત છે.

કર્ણસ્ત્રાવનું લક્ષણ.

शिरोऽभिघातादथवा निमज्जतो जले प्रपाकादथवापि विद्रधेः । स्रवेद्धि पूयं श्रवणोऽनिलार्दितः स कर्णसंस्राव इति प्रकीर्तितः ॥

पूय इत्युपलक्षणम् । जलं रसं च स्रवेत् । श्रवणशब्दो पुंलिङ्गोऽप्यस्ति ॥

માથામાં વાગવાથી, પાણીમાં ડુબવાથી, અથવા પાકવાથી કે વિદ્રધિ થવાથી વાયુથી પીડાતો કાન પરૂનો સ્રાવ કરે, અથવા તેમાંથી રસ કે જળનો સ્રાવ થાય; તેને કર્ણસ્રાવ કહેછે.

કર્ણકંડનું લક્ષણ.

मारुतः कफसंयुक्तः कर्णे कण्डूं करोति हि ॥

કફ સાથે મળેલો વાયુ કાનમાં ચળ ઉત્પન્ન કરે છે.

કર્ણગુંથનું લક્ષણ.

पित्तोष्मशोषितः श्लेष्मा कुरुते कर्णगूथकम् ॥

कर्णे गूथयते स कर्णगूथो व्याधिः ॥

પિત્તની ગરમીથી સુકાયલો વાયુ કાનમા મેલ ઉત્પન્ન કરે છે તેને કર્ણગુંથ કહે છે.

પ્રતિનાહનું લક્ષણ.

स कर्णगूथो द्रवतां यदा गतो विलायितो घ्राणमुखं प्रपद्यते । तदा स कर्णप्रतिनाहसंज्ञितो भवेद्विकारःशिरसोऽर्धभेदकृत्॥

घ्राणं च मुखं च घ्राणमुखम् । एकत्व द्वन्द्वे । शिरसोऽर्धभेदकृत् अर्धावभेदकाद्यशिरोरोगकृत् ॥

કાનનો મેલ પીગળીને નાક કે મુખમાં જાય છે તે પ્રતિનાહ કહેવાય છે, તેથી આધા શીશી નામનો માથાનો રોગ પણ થાય છે.

કૃમિકર્ણકનું લક્ષણ.

यदा तु मूर्च्छन्त्यथवा तु जन्तवः सृजन्त्यपत्यान्यथवापि मक्षिकाः तदञ्जनत्वाच्छ्रवणो निरुच्यते भिषग्भिराद्यैः कृमिकर्णको गदः ॥

तदञ्जनत्वात् कृमिलक्षणत्वात् । श्रवणे कृमिकर्णको गदो निरुच्यत इत्यन्वयः ॥

પતંગિયા વિગેરે જીવો કાનમાં પેસે છે, અથવા માખીઓ પોતાનાં બચ્ચાં કાનમાં મુકે છે ત્યારે કાનમાં કીડા થાય છે, તેને કૃમિકર્ણક રોગ કહે છે.

કાનમાં જીવડાં થયાનાં ચિન્હો.

पतङ्गाः शतपद्यश्च कर्णस्रोतः प्रविश्य हि। अरतिं व्याकुलत्वं च भृशं कुर्वन्ति वेदनाम् ॥ कर्णो निस्तुद्यते तत्र तथा फरफरायते । कीटे चलति रुक् तीव्रा निस्पन्दे मन्दवेदना ॥ निस्पन्दः निश्चल ॥

પતંગિયાં કે કાનખજૂરા કાનમાં પ્રવેશ કરે છે તો અણગમો, વ્યાકુળતા, અને અત્યંત વેદના થાય છે. કાનમાં પીડા થાય છે, અંદર ફરફરાટ થાય છે, અને કીડો ચાલે છે ત્યારે અત્યત વેદના થાય છે અને નથી ચાલતો ત્યારે વેદના ઓછી થાય છે.

બન્ને કર્ણ વિદ્રધિઓનું લક્ષણ.

क्षताभिघातप्रभवस्तु विद्रधिर्भवेत्तथा दोषकृतो परः पुनः ॥ स रक्तपीतारुणमस्रमेत्यसौ तोदधूमायनदाहचोषवान् ॥

क्षतप्रभवोऽभिघातप्रभवश्च तयोर्द्वयोरप्यास्रमुत्पादयेत् । अस्रं आस्रावमित्यर्थः ॥

કાનમાં ક્ષત, અભિઘાત, કે દોષથી વિદ્રધિ થાય છે, તેમાંથી રાતો પીળો સ્રાવ થાય છે, અને વ્યથા તથા ધુમ્રાડા નીકળવા જેવું થાય છે. બળતરા તથા અગ્નિ જેવો તાપ થાય છે. આને કર્ણ વિદ્રધિ કહે છે. વિદ્રધિ ક્ષતથી કે અભિઘાતથી થયો હોય, તો પણ તે આગંતુકજ હોવાથી તેને એકજ ગણવામાં આવેલો છે.

કર્ણપાકનું લક્ષણ.

कर्णपाकस्तु पित्तेन कोथविक्लेदकृद्भवेत् ॥

कोथः पूतिभाव. । विक्लेद आर्द्रता ॥

પિત્તથી કાન સડી દુર્ગંધી અને પરૂથી પચપચતો થાય તેને કર્ણપાક કહે છે.

પૂતિકર્ણનું લક્ષણ.

कर्णविद्रधिपाकेन कर्णे वा वारिपूरणात् ।
पूयं स्रवति यः पूति स ज्ञेयः पूतिकर्णकः ॥

कर्णस्रावाद्भेदार्थमाह । पूतीति नियमेन पूतिर्यथा स्यादेवं स्रवति ॥

કર્ણવિદ્રધિ પાકવાથી કે કાનમાં પાણી ભરાવાથી તેમાંથી દુર્ગંધવાળો સ્રાવ થાય છે, તે પૂતિકર્ણ કહેવાય છે. આમાં નિયમિત રીતે દુર્ગંધવાળો સ્રાવજ થાય છે. એટલો કર્ણસ્રાવમાં અને તેમાં ભેદ છે.

સોજા, અર્બુદ, અને અર્શોનાં લક્ષણો.

कर्णशोथार्बुदार्शांसि जानीयादुक्तलक्षणैः ।
कर्णशोथाश्च चत्वारो वातपित्तकफास्रजाः ॥

एवमर्शोऽपि चतुर्विधम् । अन्येषां शोथानामर्शसां चासम्भव. । आधारप्रभावात् । अर्बुदं सप्तविधं वातपित्तकफरक्तमांसमेदःशिरोजम । एते कर्णरोगा अष्टाविंशति. सुश्रुतोक्ताः ॥

વાત, પિત્ત, કફ, અને રૂધિરથી થયેલા એમ કાનના સોજા ચાર પ્રકારના છે, તેમનાં લક્ષણો સોજાના પ્રકરણમાં કહ્યા પ્રમાણે સમજી લેવાં.

વાયુ, પિત્ત, કફ અને રૂધિરથી થયેલા એમ કાનના અર્શો ચાર પ્રકારના છે. તેમનાં લક્ષણો અર્શના પ્રકરણમાં કહ્યા પ્રમાણે સમજી લેવાં. કાનમાં આ ચાર પ્રકાર વિના બીજા અર્શો થતા નથી તે એ સ્થાનનોજ પ્રભાવછે.

વાયુ, પિત્ત, કફ, રૂધિર, માંસ, મેદ, અને શિરાથી થયેલા એમ સાત પ્રકારના અર્બુદો કાનમાં થાય છે, અને તેમનાં લક્ષણો અર્બુદના પ્રકરણમાં કહ્યા પ્રમાણેનાં સમજી લેવાં.

સુશ્રુતે કહેલા કાનના અઠ્ઠાવીશ રોગોનાં લક્ષણો ઉપર કહેવાયાં છે, હવે ચરકે કહેલા ચાર રોગો વિષે કહેવાય છે.

કાનના બીજા ચાર રોગો.

वातपित्तकफसन्निपातकृतमाह ॥

વાત, પિત્ત, કફ અને સંનિપાત કરેલા એમ ચાર પ્રકારના રોગો છે.

વાતકર્ણરોગનું લક્ષણ.

नादोऽतिरुक् कर्णमले तु शोषः स्रावस्तनुश्चाश्रवणं च वातात् ।

કાનમાં નાદ, અતિવેદના, કાનના મળીએ સોસે, પાતળો સ્રાવ, અને બેહેરાપણું થાય, તો તે વાયુથી થયેલો કાનનો રોગ જાણવો.

પિત્ત કર્ણરોગનું લક્ષણ.

शोथः सरागो दरणं विदाहः सपूतिपीतस्रवणं च पित्तात् ।

રતાશ વાળો સોજો, ફાટ, દાહ અને દુર્ગંધવાળો પીળો સ્રાવ થાય તો તે રોગ પિત્તનો જાણવો.

કફથી થયેલા કર્ણરોગનું લક્ષણ.

वैश्रुत्यकण्डूस्थिरशोथशुक्लः स्निग्धस्रुतिः स्वल्परुज कफाच्च ॥

वैश्रुत्यं अन्यथा श्रवणम् ॥

વિપરીત શ્રવણ, ચળ, સ્થિર સોજો શ્વેત ચીકણો સ્રાવ, અને વેદના થોડી હોય, તો તે કફથી થયેલો રોગ જાણવો.

સાંનિપાતિકકર્ણરોગનું લક્ષણ.

सर्वाणि रूपाणि च सन्निपातात् स्रावश्च तत्राधिकदोषवर्णः ॥

कर्णपाल्या. कर्णावयवत्वात्तद्विकारमप्यत्रैवाह ॥

ઉપરના ત્રણે દોષોનાં લક્ષણો સાથે હોય, અને જે દોષ અધિક હોય તેનો સ્રાવ થતો હોય, તો તે રોગ ત્રણ દોષોનો જાણવો.

કર્ણપાલીના રોગો.

પરિપોટકનું લક્ષણ.

सौकुमार्याच्चिरोत्सृष्टे सहसैवातिवर्धिते । कर्णे शोथो भवेत्पाल्यां सरुजः परिपोटवान् ॥ कृष्णारुणनिभस्तब्धः स वातात्परिपोटकः ॥ परिपोटवान् मनाक् विदारणवान् ॥

સુકુમારતાથી લાંબા કાળ સુધી ઘરેણાં ઘાલવામા નહિ આવીને પછી તે કાનને વધારવામાં આવે છે તો તે કાનની પાળમાં વેદના વાળો, જરાક ફાટેલો, કાળાશ સહિત રતાશ વાળો, અને સ્તબ્ધતા વાળો સોજો વાયુથી થાય છે, તેને પરિપોટક કહે છે.

ઉત્પાતકનું લક્ષણ.

गुर्वाभरणसंयोगात् ताडनात् घर्षणादपि । शोथः पाल्यां भवेत् श्यावो दाहपाकरुजान्वितः रक्तो वा रक्तपित्ताभ्यामुत्पातः सगदः स्मृतः ॥

ભારે ઘરેણાં પહેરવાથી, વાગવાથી, કે ઘસાવાથી કાનની પાળમાં કાળાશ કે રતાશ વાળો, દાહ તથા પાક વાળો, અને વેદના વાળો સોજો રક્ત તથા પિત્ત બંનેના પ્રકોપથી થાય છે, તેને ઉત્પાત કહે છે.

ઉન્મંથકનું લક્ષણ.

कर्णं बलाद्वर्धयतः पाल्यां वायुः प्रकुप्यति । कफं संगृह्य कुरुते शोथं स्तब्धमवेदनम् । उन्मन्थकः सकण्डूको विकारः कफवातजः ॥ अवेदनम् ईषद्वेदनम् ॥

કાનને બળાત્કારથી વધારવા જતાં પાળમાં વાયુનો કોપ થવાથી કફની મદદથી તે વાયુ સ્તબ્ધતા વાળા, ચળ અને થોડી વેદના વાળા સોજાને ઉત્પન્ન કરે છે, તે રોગ વાત અને કફથી થયેલો ઉન્મંથક રોગ કહેવાય છે.

દુઃખવર્ધનનું લક્ષણ.

संवर्धमाने दुर्विद्धे कण्डूदाहरुजान्वितः शोथो भवति पाकश्च त्रिदोषो दुःखवर्धनः ॥

संवर्धमाने दुर्विद्धे । कर्णे इति शेष ।

અયોગ્ય રીતે વીંધાયેલો કાન વધે છે ત્યારે ચળ, દાહ, અને પીડાવાળો સોજો તથા પાક થાય છે, તે ત્રણે દોષોથી થતો દુઃખવર્ધન રોગ કહેવાય છે.

પરિલેહિનું લક્ષણ.

कफासृक्कृमयः क्रुद्धाः सर्षपामा विसारिणः । कुर्वन्ति पिडिकाः पाल्यां कण्डूदाहसमन्विताः ॥ कफासृक्कृमिसम्भूतः स विसर्पन्नितस्ततः । लिह्यात्स शष्कुलीं पालीं परिलेही च स स्मृतः ॥

सपिडिकात्मक परिलेहिसंज्ञो गदः । लिह्यात् निर्मांसीकुर्यात् ॥

કફ, રક્ત, અને કૃમિઓ પ્રકોપ પામીને ફેલાતી, ચળવાળી, તથા દાહવાળી સરસવ જેવી ફોલ્લીઓ પાળમાં ઉત્પન્ન કરે છે, આ રોગ ફેલાઇને કાનના છિદ્ર તથા પાળને માંસ વગરનાં કરી નાંખે છે. કફ, રક્ત, અને કૃમિથી થતો આ રોગ પરિલેહિ કહેવાય છે.

કર્ણરોગોની ચિકિત્સા.

कर्णशूले कर्णनादे बाधिर्ये क्ष्वेड एव च । चतुर्ष्वपि च रोगेषु सामान्यं भेषजं स्मृतम् ॥ शृङ्गवेरं सहमधु सैन्धवं तैलमेव च । कदुष्णं कर्णयोर्धार्यमेतत्स्याद्वेदनापहम् ॥ लशुनार्द्रकशिग्रुणां वारुण्या मूलकस्य च । कदल्या स्वरसः श्रेष्ठः कदुष्णः कर्णपूरणे ॥ वारुणी वरुणः ॥

अर्काङ्कुरानम्लपिष्टान् सतैललवणान्वितान् । संनिदध्यात्स्नुषाकाण्डे कोरिते मृत्स्नयावृते ॥ पुटपाकक्रमात् स्विन्नं पीडयेदारसागमात् । सुखोष्णं तद्रसं कर्णे प्रक्षिपेच्छूलशान्तये ॥ अर्कस्य पत्रं परिणामपीतमाज्येन लिप्तं शिखियोगतप्तम् । आपीड्य तस्याम्बु सुखोष्णमेव कर्णे निषिक्तं हरते हि शूलम् ॥ तीव्रशूलातुरे कर्णे सशब्दे क्लेदवाहिनि । छागमूत्रं प्रशंसन्ति कोष्णं सैन्धवसंयुतम् ॥ तैलं श्वेतार्कमूलेन मन्देऽग्नौ विधिना कृतम् । हरेदाशु त्रिदोषोत्थं कर्णशूलं प्रपूरणात् ॥ हिङ्गुसैन्धवशुण्ठीभिस्तैलं सर्षपसम्भवम् । विपक्वं हरतेऽवश्यं कर्णशूलं प्रपूरणात् ॥ कर्णशूले कर्णनादे बाधिर्ये क्ष्वेड एव च । पूरणं कटुतैलेन हितं वातघ्नमौषधम् ॥ शिखरिक्षारजलाभ्यां तत्कृतकल्केन साधितं तैलम् । अपहरति कर्णनादं बाधिर्यं चापि पूरणतः ॥

शिखरी अपामार्गः ॥

गवां मूत्रेण बिल्वानि पिष्ट्वा तैलं विपाचयेत् । सजलं च सदुग्धं च तद्बाधिर्यहरं परम् ॥ इति बिल्वतैलम् ॥

कर्णस्रावे पूतिकर्णे तथैव कृमिकर्णके । सामान्यं कर्म कुर्वीत योगान्वैशेषिकानपि ॥ स्वर्जिकाचूर्णसंयुक्तं बीजपूररसं क्षिपेत् । कर्णस्रावरुजो दाहास्ते नश्यन्ति न संशयः ॥ आम्रजम्बूप्रवालानि मधूकस्य वटस्य च । एभिस्तु साधितं तैलं पूतिकर्णगदं हरेत् ॥ जातीपत्ररसैस्तैलं विपक्वं पूतिकर्णजित् । पिष्टं रसाञ्जनं नार्याः क्षीरेण क्षौद्रसंयुतम् ॥ प्रशस्यते चिरोत्थे तत् स्रावके पूतिकर्णके । कुष्ठहिङ्गुवचादारुशताह्वाविश्वसैन्धवैः ॥ पूतिकर्णापहं तैलं बस्तमूत्रेण साधितम् ॥

कुष्ठादि तैलम् ॥

शम्बूकस्य तु मांसेन कटु तैलं विपाचयेत् । तस्य पूरणमात्रेण कर्णनाडी प्रशाम्यति ॥ चूर्णेन गन्धकशिलारजनीभवेन मुष्टिप्रमाणकेन कटुतैलपलाष्टकं तु । धत्तूरपत्ररसतुल्यमिदं विपक्वं नाडीं जयेच्चिरभवामपि कर्णजाताम् ॥ मुष्टिः पलम् ॥

कृमिकर्णविनाशाय कृमिघ्नीं कारयेत् क्रियाम् । वार्ताकधूमश्च हितः सार्षपस्नेह एव च ॥ पूरणं हरितालेन गव्यमूत्रयुतेन

च । धूपने कर्णदौर्गन्ध्ये गुग्गुलुः श्रेष्ठ उच्यते ॥ चिकित्सां कर्णशोथानां तथा कर्णार्शसामपि । कर्णार्बुदानां कुर्वीत शोथार्शोर्बुदवद्भिषक् ॥

કર્ણુશૂલ, કર્ણુનાદ, બધિરતા, અને ક્ષ્વેડ ઉપર તો એકજ ઔષધ કરવામાં આવે છે.

સૂંઠ, મધ, અને સિંધવનો કલ્ક નાંખીને ઉકાળેલાં સહેવાય તેવા ગરમ તેલનાં કાનમાં ટીપાં નાંખવાથી કાનની વેદના મટી જાય છે.

લસણ, આદુ, સરગવો, વાયવરણાં, મૂળા, અને કેળનો સ્વરસ સહેવાય તેવો ગરમ કરી તેનાં ટીપાં કાનમાં નાંખવાથી કાનની વેદના મટી જાય છે.

આકડાના અંકુરોને ખટાઇમાં વાટીને તેમાં તેલ તથા સિંધવ મેળવી તેને થોરની જાડી ડાંખળીને મધ્યમાંથી કોરીને તેના પોલાણમાં ભરી કપડમટ્ટી કરી પુટપાકની રીતે પકાવી રસ નીકળે ત્યાં સુધી તે ડાખળીને નીચોવીને રસ કાઢી લેવો. એ રસ સહેવાય તેવો ગરમ કરી કાનમાં ટીપાં નાંખવાથી શૂળ મટી જાય છે.

પાકીને પીળાં થયેલાં આંકડાનાં પાનને ઘી ચોપડીને અગ્નિથી તપાવી રસને નીચોવી લેઈ તેનાં સહેવાય તેવાં ગરમ ટીપાં કાનમાં નાંખવાથી કર્ણુશૂળ મટી જાય છે.

કાનમાં શૂળ, અવાજ, અને સ્રાવ થતો હોય, તો બકરાના મૂત્રમાં સિંધવ નાંખી જરા ગરમ કરી ટીપાં કાનમાં નાંખવાથી તે પીડા મટી જાય છે.

ધોળા આંકડાનાં મૂળનાં કલ્કથી મંદાગ્નિ ઉપર વિધિવત્ પકાવેલા તેલનાં કાનમા ટીપાં નાંખવાથી ત્રણે દોષોથી થયેલું કર્ણુશૂળ પણ તુરત મટી જાય છે.

હિંગ, સિંધવ, અને સૂંઠના કલ્કથી પકાવેલું સરસિયું તેલ કાનમાં નાંખવાથી કર્ણુશૂળ અવશ્ય મટી જાય છે.

કર્ણુશૂળ, કર્ણુનાદ, બ્હેરાપણું, અને ક્ષ્વેડ, એ ચાર રોગોમાં કાનમાં સરસિયુ તેલ નાંખવું, તથા વાયુને હણનાર ઔષધો કરવાથી હિત થાય છે.

અંઘેડાની ભસ્મ પાણીમાં અંઘેડાનાજ કલ્ક સાથે નાંખીને તેમાં પકાવેલું તેલ કાનમાં નાખવાથી કર્ણુનાદ અને બહેરાપણું મટી જાય છે.

બિલ્વતૈલ.

બીલીનાં કૂળોને ગોમૂત્રમાં વાટી તેનોજ કલ્ક નાંખીને પાણીમાં તથા દૂધમાં પકાવેલું તેલ કાનમાં નાંખવાથી બેહેરાપણું અવશ્ય મટી જાય છે.

કર્ણુસ્રાવ, પૂતિકર્ણુ, અને કૃમિકર્ણ ઉપર કહેલી સામાન્ય ક્રિયાઓ કરવા ઉપરાંત નીચેની વિશેષ ક્રિયાઓ પણ કરવીઃ—

સાજીખારનું ચૂર્ણ નાંખીને બીજોરાંનો રસ કાનમાં નાખવાથી કર્ણસ્રાવ, પીડા, અને દાહ નિઃસંશય મટી જાય છે.

આંબો, જાંબુ, મહુડાં, અને વડનાં કુળાં કુળાં પાનોનાં કલ્કથી પકાવેલું તેલ કાનમા નાંખવાથી પૂતિકર્ણ મટી જાય છે.

ચમેલીનાં પાનના સ્વરસથી પકાવેલું તેલ કાનમાં નાંખવાથી પૂતિકર્ણ મટી જાયછે.

ચીના ધાવણમાં રસવંતીને વાટીને તેમાં મધ નાંખીને કાનમાં તે રસ નાંખવાથી લાંબા કાળનો કર્ણસ્રાવ તથા પૂતિકર્ણુ મટી જાય છે.

કુષ્ઠાદિ તૈલ.

કઠ, હીંગ, વજ, દેવદાર, સુવા, સૂંઠ, અને સિંધવના કલ્ક સહિત બકરાના મૂત્રમાં પકાવેલું તેલ કાનમાં નાંખવાથી પૂતિકર્ણ મટી જાય છે.

છીપના જીવડાના માંસના કલ્કમાં પકાવેલું સરસિયું તેલ કાનમાં નાંખવાથી કર્ણસ્રાવ તુરતજ મટી જાય છે.

ગંધક, મનશીલ, અને હળદરના ચાર તોલા ભાર ચૂર્ણના કલ્ક સહિત બત્રીસ તોલા ધંતુરાના સ્વરસમાં પકાવેલા બત્રીસ તોલા સરસિયા તેલનાં ટીપાં કાનમાં નાંખવાથી લાંબા કાળનો કર્ણસ્રાવ પણ મટી જાય છે.

કૃમિને હણનારી દવાઓથી કૃમિકર્ણ રોગ નાશ પામે છે.

રીંગણાંનો ધૂમાડો, સરસિયુ તેલ, અને ગોમૂત્રમાં વાટેલી હરતાળનો રસ કૃમિકર્ણ ઉપર હિતકારી થાય છે.

કાનના દુર્ગંધપણા ઉપર ગુગળનો ધૂપ શ્રેષ્ઠ ગણાય છે.

વૈદ્યે કાનના સોજાઓની ચિકિત્સા સોજા પ્રમાણે, અર્શોની ચિકિત્સા અર્શો પ્રમાણે, અને અર્બુદોની અર્બુદો પ્રમાણે કરવી.

કર્ણપાલી રોગોની ચિકિત્સા.

पालीसंशोषणे कुर्याद्वातकर्णरुजः क्रियाम्।
स्वेदयेच्चब्रतस्तां च स्विन्नां संवर्धयेत्तिलैः॥
शतावरीवाजिगन्धापयस्यैरण्डबीजकैः ।
तैलं विपक्वं सक्षीरं पालीं संवर्धयेत् सुखम्॥
*पयस्यात्र क्षीरकाकोली ॥

जीवनीयस्य कल्केन तैलं दुग्धेन पाचयेत्। चिकित्स्येत्तेन तैलेन हतासं परिपोटकम्॥ शीतलेपैर्जलौकाभिरुत्पातं समुपाचरेत्। हलिनीसुरसाभ्यां च गोधाकङ्कवसान्वितम्॥ तैलं च पक्वमभ्यङ्गादुन्मन्थं नाशयेद्ध्रुवम्। दुःखवर्धनकं सिक्त्वा जम्ब्वाम्रबिल्वपत्रजैः॥ काथैस्तैलेन सुस्निग्धं तच्चूर्णैश्चावधूलयेत्। बहुशो गोमयैस्तप्तैः स्वेदितं परिलेहितम्॥ घनसारैः समालिम्पेद्गामूत्रेण कल्कितैः॥

इति कर्णरोगाधिकारः॥

કાનની પાળ સુકાઇ જતી હોય તો વાયુના કર્ણરોગોની ચિકિત્સા કરવી, તથા પ્રયત્નથી તે પાળને શેકવી, અને શેક દેવાયા પછી તલનો કલ્ક ચોપડીને તેને વધારવી.

શતાવરી તૈલ.

શતાવરી, આસોંદ, ક્ષીરકાકોલી, તથા એરંડીના કલ્કથી દૂધમાં પકાવેલું તેલ ચોપડવાથી કાનની પાળ સહજ વધે છે.

પરિપોટક માટે પ્રથમ લોહી કઢાવીને પછી જીવનીયગણનો કલ્ક નાંખીને દૂધમાં પકાવેલું તેલ લગાડવું.

ઉત્પાત માટે શીતળ લેપો તથા જળો મુકાવવી.

કલઆરી તથા શતાવરીના કલ્કો તથા ચંદનઘો અને કંક પક્ષીની ચરબીઓમાં પકાવેલું તેલ ચોપડવાથી ઉન્મંથ તુરત નાશ પામે છે.

દુઃખવર્દ્ધનમાં જાંબુ, આંબો અને બીલીનાં પાનોના કવાથોનું સેચન કરી તેલથી સારી પેઠે સ્નિગ્ધ કરીને તે ઉપર જાંબુ વિગેરેનાં પાનોનાં ચૂર્ણો ભભરાવવાં.

પરિલેહિ ઉપર તપાવેલા છાણાંનો શેક

વારંવાર કરીને બકરીના મૂત્રમાં વાટેલા કપૂરનો લેપ કરવો.

कानना रोगनो अधिकार संपूर्ण

નાકના રોગોનો અધિકાર.

નાસારોગોની સંખ્યા.

आदौ च पीनसः प्रोक्तः पूतिनस्यस्ततः परम् । नासापाकोऽत्र गणितः पूयशोणितमेव च ॥ क्षवथुर्भ्रंशथुर्दीप्तिः प्रतीनाहः परिस्रवः । नासाशोषः प्रतिश्यायाः पञ्च सप्तार्बुदानि च ॥ चत्वार्यर्शांसि चत्वारः शोथाश्चत्वारि तानि च । रक्तपित्तानि नासायां चतुस्त्रिंशद्गदाः स्मृताः ॥

પીનસ, પૂતિનસ્ય, નાસાપાક, પૂયશોણિત, ક્ષવથુ, ભ્રંશથુ, દીપ્ત, પ્રતીનાહ, પરિસ્રવ, નાસાશોષ, પાંચ પ્રકારના પ્રતિશ્યાય સાત પ્રકારના અર્બુદો, ચાર પ્રકારના અર્શ, ચાર પ્રકારના સોજા, ચાર પ્રકારનાં રક્તપિત્ત, એમ ચોત્રીસ રોગો નાકના થાયછે.

પીનસનું લક્ષણ.

आनह्यते शुष्यति यस्य नासा प्रक्लेदमायाति तु धूप्यते च । न वेत्ति यो गन्धरसांश्च जन्तुर्जुष्टं व्यवस्येत्तमपीनसेन ॥

आनह्यते श्वासशोषितकफेन बध्यते । अवरुध्यत इति यावत् । प्रक्लेदं आर्द्रतां गच्छतीति यावत् । धूप्यते सन्ताप्यते । गन्धरसान् गन्धान् सुरभीन् असुरभींश्च न वेत्ति नासाया आनद्धत्व तत्र हेतुः । तथा रसान् मधुरादींश्च न वेत्ति । नासारोगारम्भकदोषेण रसनाया अपि दुष्टेः । व्यवस्येत् जानीयात् । अपीनसपीनसौ द्वावपि शब्दौ स्त 'अवाप्योस्त सलद्धादित्वादिय' इति सूत्रेण विकल्पेनाकारलोपात् ॥

तं चानिलश्लेष्मभवं विकारं ब्रूयात् प्रतिश्यायसमानलिङ्गम् ॥

तं विकारं पीनस प्रतिश्यायसमानलिङ्गं वातश्लेष्मिकप्रतिश्यायतुल्यलक्षणम् ॥

વાયુથી સુકાએલા કફથી નાક રોકાઈ જઈને ભીનું, ગરમ, અને સુગંધ કે દુર્ગંધ ન પારખી શકે તેવું થાય અને એ નાકના રોગને ઉત્પન્ન કરનારા દોષને લીધે જીભ પણ બગડી જઈ મધુરાદિ રસોને સમજી શકે નહિ તેવી થઈ જાય, તે રોગ પીનસ કહેવાય છે. વ્યાકરણના નિયમ પ્રમાણે આ રોગનાં નામો પીનસ તથા અપીનસ પણ છે. વાયુ તથા કફથી થતા આ રોગનાં બીજાં લક્ષણો વાયુ તથા કફથી થતા પ્રતિશ્યાય જેવાંજ હોય છે.

પૂતિનસ્યનું લક્ષણ.

दोषैर्विदग्धैर्गलतालुमूले सन्दूषितो यस्य समीरणस्तु । निरेति पूतिर्मुखनासिकाभ्यां तं पूतिनस्यं प्रवदन्ति रोगम् ॥

दोषैः पित्तकफरक्तैः । अत्र रक्तस्यापि दोषत्व दोषसाहचर्यात् । विदग्धैः दुष्टैः संदूषितः पूतिभाव नीतः । पूतिनस्यं नासाया भवो नस्यः वायु. । पूतिर्नस्यो यत्र स पूतिनस्यः ॥

કંઠ તથા તાળવાના મૂળમાં બગડેલા પિત્ત, રક્ત, અને કફથી દૂષિત થઈને દુર્ગંધી બનેલો વાયુ મુખ તથા નાકમાંથી નીકળે છે, તેને પૂતિનસ્ય કહે છે. દોષોની સાથે રક્ત-

વાને લીધે રક્ત પણ દોષ કહેવાય છે. પૂતિ એટલે દુર્ગંધ વાળો, અને નસ્ય એટલે નાકનો વાયુ, એ ઉપરથી આ રોગ પૂતિનસ્ય કહેવાય છે.

નાસાપાકનું લક્ષણ

प्राणाश्रितं पित्तमरूंषि कुर्याद्यस्मिन् विकारे बलवांश्च पाकः । तं नासिकापाकमिति व्यवस्येद्विक्लेदकोथावपि यत्र दृष्टौ ॥

विक्लेद आर्द्रता । कोथः पूतिभाव. ।

નાકમાંનું પિત્ત ત્રણને ઉત્પન્ન કરે તેથી નાક બહુ પાકે, ભીનું રહે, અને દુર્ગંધીવાળું થાય, તેને નાસાપાક કહે છે.

પૂયશોણિતનું લક્ષણ

दोषैर्विदग्धैरथवापि जन्तोर्ललाटदेशेऽभिहतस्य तैस्तैः । नासा स्रवेत् पूयमसृग्विमिश्रं तं पूयरक्तं प्रवदन्ति रोगम् ॥

દોષોના પ્રકોપથી અથવા લલાટમાં અભિઘાત થવાથી નાકમાંથી લોહી વાળું પરુ સ્રવે છે, તેને પૂયશોણિત કહે છે.

ક્ષવથુનું લક્ષણ.

घ्राणाश्रिते मर्मणि सम्प्रदुष्टो यस्यानिलो नासिकया निरेति । कफानुयातो बहुशोऽतिशब्दस्तं रोगमाहुः क्षवथुं गदज्ञाः ॥

घ्राणाश्रित मर्मणि शृङ्गाटके ॥

तीक्ष्णोपयोगादतिजिघ्रतो वा भावान् कटूनर्कनिरीक्षणाद्वा । सूत्रादिभिर्वा तरुणास्थिमर्मण्युद्घर्षितेऽन्यः क्षवथुर्निरेति ॥

तीक्ष्णोपयोगाद्राजिकादिभक्षणात् । अर्कनिरीक्षणात् सूर्यदर्शनात् । तेन कफविलयनात् तरुणास्थिमर्मणि नासावंशास्थिमर्मणि शृङ्गाटके । अन्यः आगन्तुजः ॥

નાકના તરૂણાસ્થિ અથવા શૃંગાટક મર્મમા રહેલો વાયુ દુષ્ટ થઈ કફ સહિત છીંકો લાવે છે, તે રોગને વૈદ્યો ક્ષવથુ (છીંક) કહે છે. રાઈ વિગેરે તીક્ષ્ણ પદાર્થોના ઉપયોગથી, અથવા સૂર્ય સામે જોવાથી કફ પીગળવાથી, અથવા દોરા વિગેરેથી નાકના તરૂણાસ્થિ નામના મર્મસ્થળનું ઘર્ષણ થવાથી પણ છીંકો આવે છે, તેને વૈદ્યો આગંતુજ છીંકો કહે છે.

ભ્રંશથુનું લક્ષણ.

प्रभ्रश्यते नासिकया तु यस्य सान्द्रो विदग्धो लवणः कफस्तु । प्राक् सञ्चितो मूर्धनि पित्ततप्ते तं भ्रंशथुं व्याधिमुदाहरन्ति ॥

માથામાં પ્રથમજ એકઠો થઈને દુષ્ટ, ઘાટો, તથા ખારો કફ, ગરમીથી માથું તપવાથી પીગળીને નાકેથી નીકળવા લાગે છે, તેને ભ્રંશથુ કહે છે.

દીપ્તકનું લક્ષણ.

घ्राणे भृशं दाहसमन्विते तु विनिःसरेद्धूप इवेह वायुः । नासाप्रदीप्तेव च यस्य जन्तोर्व्याधिं तु तं दीप्तमुदाहरन्ति ॥

प्रदीप्तेव प्रज्वलितेव ॥

નાકમાંથી દાહ સહિત ધૂમાડા જેવો વાયુ નીકળે છે તેથી નાક બળે છે, તે રોગને દીપ્ત કહેવામાં આવે છે.

પ્રતીનાહનું લક્ષણ.

उच्छ्वासमार्गं तु कफः सवातो रुन्ध्यात् प्रतीनाहमुदाहरेत्तम् ॥

વાયુ સહિત કફ શ્વાસમાર્ગને રોકે છે, તેને પ્રતીનાહ કહે છે.

સ્ત્રાવનું લક્ષણ.

घ्राणात्प्रवृत्तः पीतसितस्तनुर्वा दोषःस्रवेत् स्रावमुदाहरेत्तम् ॥

નાંકમાંથી પીળો, ધોળો, ઘાટો, કે પાતળો દોષ સ્રવે છે, તે સ્રાવ કહેવાય છે.

નાસાશોષનું લક્ષણ.

घ्राणाश्रिते श्लेष्मणि मारुतेन पित्तेन गाढं परिशोषितं च । कृच्छ्रात् श्वसित्यूर्ध्वमधश्च जन्तुर्यस्मिन् स नासापरिशोष उक्तः ॥

વાયુ તથા પિત્તથી બહુ સુકાઈ જઈ ને નાંકમાંનો કફ ઊંચા નીચા શ્વાસને કરે છે, તેને નાસાશોષ કહે છે.

પ્રતિશ્યાયનું સામાન્ય નિરૂપણ.

तस्य निदानं द्विविधम् । एकं सद्योजनकम् । तत्प्रबलत्वे क्रमं नापेक्षते । यत उक्तम् । ' न केवलं चयं प्राप्य दोषा कुप्यन्ति देहिनाम् । अन्यदापि हि कुप्यन्ति हेतुबाहुल्यतोरणात् ' ॥ हेतुबाहुल्यतोरणात् हेतूनां बाहुल्येन त्वराकरणात् । अपरं च यत्क्रमेण जनकम् । चयादिक्रमो यथा निदानात् सञ्चय. सञ्चयात्प्रकोप प्रकोपात्प्रसरः प्रसरात् स्थानसंश्रय ततो व्यक्तिस्ततो भेद इति ॥

सन्धारणाऽजीर्णरजोऽतिभाष्यक्रोधर्तुवैषम्यशिरोऽभितापैः । संजागरातिस्वपनाम्बुशीतावश्यायकैर्मैथुनबाष्पसेकैः ॥ संस्त्यानदोषे शिरसि मवृद्धो वायुः प्रतिश्यायमुदीरयेत्तु ॥

संधारणं मूत्रपुरीषधारणम् । रजो धूलिः तच्च नासाप्रविष्टं हेतुः । ऋतुवैषम्यं ऋतुचर्याविपरीताचरणम् । शिरोऽभितापः शिरसोऽभितापो येन धूमादिना स । अवश्यायस्तुषार । बाष्पसेको रोदनम् । संस्त्यानदोषशिरसि संहतकफे ॥

चयं गता मूर्धनि मारुतादयः पृथक् समस्ताश्च तथैव शोणितम् ॥ मकोप्यमाणा विविधैः मकोपणैस्ततः मतिश्यायकरा भवन्ति ।

क्षवमवृत्तिः शिरसोऽभिपूर्णता स्तम्भोऽङ्गमर्दः परिहृष्टरोमता । उपद्रवाश्चाप्यपरे पृथग्विधा नृणां मतिश्यायपुरःसराः स्मृताः॥

शिरसोऽभिपूर्णता शिरसो भारेणेव व्याप्तिः । अपरे पृथग्विधा. घ्राणधूमायनतालुविदरणनासामुखस्रावादयो विदेहोक्ता बोद्धव्या ॥

પ્રતિશ્યાયનાં નિદાન બે પ્રકારનાં છે, એક સદ્યોજનક (તરત ઉત્પન્ન થનાર) અને બીજુ ચયાદિક્રમજનક (ધીરે ધીરે ઉત્પન્ન થનાર) છે, એમાં સદ્યોજનક નિદાન પ્રબળ હોઈને ક્રમની ગરજ વાળું હોતું નથી. કહ્યુ છે કે—" પ્રાણીઓના વાતાદિ દોષો સંચિત થાય ત્યારેજ તે કેવળ કોપ પામે છે એમ નથી, પણ તે દોષોના કારણો પુષ્કળ હોય તો તેના બળને લીધે દોષો સમય પ્રાપ્ત થયા વગર પણ એકદમ કોપ પામી જાય છે. બીજા ચયાદિક્રમજનક નિદાનમાં પ્રથમ નિદાનથી દોષોનો સંચય થાય છે, પછી તેઓ પ્રકોપ પામે છે, તેથી તેઓ ફેલાવ પામે છે, તેથી સ્થાન સશ્રય (રોગોનું તે તે સ્થળોમા આવવું) થાય છે, તેથી વ્યક્તિ (રોગ દર્શન) થાય છે, અને પછી ભેદ (રોગોના પ્રકાર) થાય છે.

સદ્યોજનક નિદાન

મૂત્ર વિષ્ટાદિના વેગોને રોકવાથી, અજીર્ણથી, નાકમાં રજ જવાથી, અત્યંત બોલવાથી કે ક્રોધથી, ઋતુચર્યાદિના નિયમોનો ભંગ કરી વિપરીત આચરવાથી, ધૂમાડા આદિથી માથામાં સંતાપ થવાથી, ઉજાગરો કે બહુ નિદ્રા કરવાથી, જળ કે અતિ શીતળ પદાર્થોના સેવનથી, તુષાર કે અતિ મૈથુનથી, અને અત્યંત રડવાથી માથામાં કફનો એકદમ જમાવ થઈને વાયુ વધવાથી પ્રતિશ્યાય થાય છે.

ચયાદિક્રમજનક નિદાન.

વાત, પિત્ત, કફ, ત્રણેદોષ, અથવા રક્તના સંચયથી તે કોપ પામીને તે તે નિદાનોથી પ્રતિશ્યાય કહે છે.

પ્રતિશ્યાયનું પૂર્વરૂપ.

અતિશય છીંકો, માથામાં ભાર તથા જડતા, અંગોની સ્તબ્ધતા તથા ભાગવું, રૂંવાડાનું ઉભું થવું, અને બીજા અનેક ઉપદ્રવો પ્રતિશ્યાય થવાનો હોય ત્યારે પ્રથમથી થાય છે, નાકમાંથી ધૂમાડા નીકળવા જેવું લાગે, તાળવામાં ફાટ તથા મુખ અને નાકમાંથી સ્રાવ થાય, એ પણ પૂર્વરૂપો વિદેહે કહેલાં છે.

વાત પ્રતિશ્યાયનું લક્ષણ.

आनद्धा पिहिता नासा तनुस्रावप्रसेकिनी । गलताल्वोष्ठशोषश्च निस्तोदः शङ्खयोस्तथा ॥ भवेत् स्वरोपघातश्च प्रतिश्यायेऽनिलात्मके ॥

आनद्धा स्तब्धा। पिहिता आच्छादिता । अतएव तनुस्रावप्रसेकिनी ॥

નાક બંધ કે સજ્જડ થઈ જાય, પાતળો સ્રાવ થયા કરે, અને ગળું, તાળવું, અને હોઠ સૂકાય, લમણા દુઃખે, અને સ્વર તૂટતો જાય, એ વાયુના પ્રતિશ્યાયનાં લક્ષણો છે, એમ જાણવું.

પિત્તપ્રતિશ્યાયનું લક્ષણ.

उष्णः सपीतकः स्रावो घ्राणात् स्रवति पैत्तिके । कृशोऽतिपाण्डुः सन्तप्तो भवेत्तृष्णाभिपीडितः ॥ नासया तु सधूमाग्निं वमतीव स मानवः ।

सपीतक ईषत्पीतकः ॥

નાકમાંથી ગરમ અને કંઈક પીળો સ્રાવ થાય, શરીર દુર્બળ થઈને પાંડુ વર્ણનું તથા સંતપ્ત થઈ જાય, તૃષા બહુ લાગ્યા કરે, અને નાકમાંથી ધૂમાડા સહિત અગ્નિ નીકળતો હોય એમ લાગે, તે સર્વ પિત્તથી થાય છે.

કફપ્રતિશ્યાયનું લક્ષણ.

घ्राणात् कफकृते श्वेतो कफः शीतः स्रवेद्बहु । शुक्लावभासः शूनाक्षो भवेद्गुरुशिरा नरः ॥ गलताल्वोष्ठशिरसां कण्डूभिरतिपीडितः ॥

ધોળો, શીતળ, અને ઘણો કફ નાકમાંથી સ્રવે, દેહ ધોળો થઈ જાય, આંખો સૂજી જાય, માથું ભારે થાય, અને ગળું, તાળવું, હોઠ, અને માથામાં ચળની પીડા બહુ થાય, એ લક્ષણો કફના પ્રતિશ્યાયનાં છે.

સંનિપાતિક પ્રતિશ્યાયનું લક્ષણ.

भूत्वाभूत्वा प्रतिश्यायो योऽकस्मात् सन्निवर्तते । संपक्वो वाप्यपक्वो वा स च सर्वभवः स्मृतः ॥

अत्र यद्यपि दोषत्रयलिङ्गानि नोक्तानि तथापि

तानि ज्ञेयानि त्रिदोषजत्वात् । अयमसाध्यः । अतएवाह 'नृणां दुष्टः प्रतिश्यायः सर्वजश्च न सिद्ध्यति' ।

વારંવાર ઉત્પન્ન થઇને પાકીને કે પાકયા વગરજ બંધ પડી જાય, તે પ્રતિશ્યાય ત્રણે દોષોનો જાણવો. એમાં ત્રણે દોષોનાં લક્ષણો પણ થાય છે અને તેથી તે અસાધ્ય છે. કહ્યું છે કે—"ત્રણે દોષોથી થયેલો તથા દુષ્ટ પ્રતિશ્યાય અસાધ્ય છે.

દુષ્ટપ્રતિશ્યાયનું લક્ષણ.

प्रक्लिद्यते मुहुर्नासा पुनश्च परिशुष्यति । पुनरानह्यते वापि पुनर्विव्रियते तथा ॥ निःश्वासो वापि दुर्गन्धो नरो गन्धान्न वेत्ति च । एवं दुष्टं प्रतिश्यायं जानीयात्कृच्छ्रसाधनम् ॥

आनह्यते विबद्धा भवति । विव्रियते अविबद्धा स्यात् । क्लेदशोषविबन्धाश्च नैककालं भवन्ति, किन्तु यदायदा यद्यत् दोषाधिक्य भवति तदातदा तत्तद्दोषकृत. स स बोद्धव्य. इति न विरोधः । कृच्छ्रसाधन असाध्यम् ॥

વારંવાર નાક ભીનું થયા કરે, બંધાઈ જાય, વારવાર ખુલ્લું થઇ જાય, શ્વાસ દુર્ગંધી યુક્ત નીકળે, અને સારી નરસી વાસની ખબર ન પડે, તે દુષ્ટ પ્રતિશ્યાય કહેવાય છે, અને તે કષ્ટસાધ્ય છે, તથા અસાધ્ય પણ થાય છે નાકની ભીનાશ, સૂકાવું, અને બંધ થઈ જવું, એ બધું સાથે થતું નથી, પણ જ્યારે જ્યારે જે જે દોષોનું અધિકપણું હોય છે, ત્યારે ત્યારે તે તે થાય છે.

રક્તપ્રતિશ્યાયનું લક્ષણ.

रक्तजे तु प्रतिश्याये रक्तस्रावः प्रवर्तते । पित्तप्रतिश्यायकृतैर्लिङ्गैश्चापि समन्वितः ॥ ताम्राक्षश्च भवेज्जन्तुरुरोघातप्रपीडितः । दुर्गन्धोच्छ्वासवक्त्रश्च गन्धानपि न वेत्ति सः ॥ उरोघातप्रपीडितः उरोघातेनैव प्रपीडितः ।

રક્તપ્રતિશ્યાયમાં રક્તનો સ્રાવ થાય છે, અને પિત્ત પ્રતિશ્યાયનાં લક્ષણો પણ મળતાં રહે છે, આંખો રાતી થવી, છાતીમાં વાગવાની પીડા,મુખમાંથી દુર્ગંધી શ્વાસનું નીકળવું, અને સારા માઠા ગંધની ખબર નહિ પડી શકવી. એ લક્ષણો રક્તથી થયેલા પ્રતિશ્યાયનાં છે.

પ્રતિશ્યાયોની અસાધ્યતા.

सर्व एव प्रतिश्याया नरस्याप्रतिकारिणः । दुष्टतां यान्ति कालेन तदाऽसाध्या भवन्ति च ॥

ચિકિત્સા ન કરવામાં આવે તો તે માણસને કાળે કરીને સર્વ પ્રતિશ્યાયો દુષ્ટ થઇ જઇને અસાધ્ય થઈ પડે છે.

પ્રતિશ્યાયોમાં કૃમિઓ થવા વિષે.

मूर्च्छन्ति कृमयश्चात्र श्वेताः स्निग्धास्तथाणवः । कृमिजो यः शिरोरोगस्तुल्यं तेनात्र लक्षणम् ॥

अत्र एषु प्रतिश्यायेषु कफजा एव कृमयो भवन्तीति श्वेता' स्निग्धाश्च ॥

પ્રતિશ્યાયોમાં કફથી ધોળા, સ્નિગ્ધ, અને ઝીણા કીડાઓ થાય છે, માટે એવા પ્રતિશ્યાયોનું લક્ષણ કફથી થતા શિરોરોગના જેવું થાય છે.

પ્રતિશ્યાયોના ઉપદ્રવો.

बाधिर्यमान्ध्यमघ्रत्वं घोरांश्च नयनामयान् । शोफाग्निमान्द्यकासांश्च वृद्धाः कुर्वन्तिपीनसा

चोरांश्च नयनामयान् इति वचनेऽप्यान्ध्यग्रहणं पुनर्विशेषार्थे । अघ्रत्वं न जिघ्रतीत्यघ्रस्तस्य भावोऽघ्रत्वम् ॥

પ્રતિશ્યાયો વધી જાયતો બેહેરાપણું, ગંધ ઓળખવાની અશક્તિ, નેત્રોના ભયકર રોગો, શોષ, મંદાગ્નિ, અને ઉધરસ, એ વિકારો ઉત્પન્ન થાય છે. પ્રતિશ્યાયોથી બીજા કરતાં અંધાપો વિશેષે કરીને થાય છે. તેથી નેત્રના ભયંકર રોગોથી જુદો અંધાપો પણ બતાવેલો છે

નાકના બાકીના રોગો વિષે.

अर्बुदं सप्तधा शोथाश्चत्वारोऽर्शश्चतुर्विधम् चतुर्विधं रक्तपित्तमुक्तं घ्राणेऽपि तद्विदुः ॥

अर्बुदानि सप्त । वातपित्तश्लेष्मसन्निपातरक्तमांसमेदोजानि शोथाश्चत्वारो वातपित्तश्लेष्मसन्निपातजा । अर्शांसि चत्वारि वातपित्तश्लेष्मसन्निपातजानि । रक्तपित्तानि चत्वारि वातपित्तश्लेष्मसन्निपातजानि । एतानि यथोक्तलिङ्गानि घ्राणेऽपि भवन्ति ॥

વાત, પિત્ત, કફ, સન્નિપાત, રક્ત, માંસ, અને મેદના અર્બુદ એમ સાત પ્રકારના અર્બુદો, વાત, પિત્ત, કફ, અને સંનિપાત, એમ ચાર પ્રકારના સોજાઓ, વાત, પિત્ત, કફ, અને સંનિપાત, એમ ચાર પ્રકારના અર્શો, વાત, પિત્ત, કફ, અને સન્નિપાત, એમ ચાર પ્રકારનાં રક્તપિત્ત, એ સર્વ પણ નાકમાં થાય છે, તેમનાં લક્ષણો તે તે પ્રકરણોમાં કહ્યા પ્રમાણેજ સમજી લેવાનાં છે.

અપકવ પીનસનું લક્ષણ..

शिरोगुरुत्वमरुचिर्नासास्रावस्तनुस्वरः । क्षाम ष्ठीवति चाभीक्ष्णमामपीनसलक्षणम् ॥

नासास्राव' तनुवार. क्षाम इत्यन्वयः ।

માથામાં ભાર, અરૂચિ, નાકમાંથી પાતળો સ્રાવ, અને દુષ્ટ સ્વર તથા વારવાર થુંકવું પડે, એ પીનસ કાચો સમજવો.

પકવ પીનસનું લક્ષણ.

आमलिङ्गान्वितः श्लेष्मा घनः खेषु निमज्जति । स्वरवर्णविशुद्धिश्च पक्वपीनसलक्षणम् ॥

आमलिङ्गान्वित' श्लेष्मा आमलिङ्गैः शिरोगुरुत्वादिभिर्युक्तः । पश्चात् घनः निबिडः । अथवा खेषु नासारन्ध्रेषु निमज्जति सक्तो भवति । वर्णविशुद्धि. श्लेष्मण' प्रकृतवर्णता ॥

માથાનો ભાર વગેરે અપકવપણાનાં લક્ષણો સહિત કફ પાછળથી ઘાટો થઇ જાય કે નાકમાં ચોટી રહે, અવાજ સાફ થાય, અને કફનો વર્ણ સ્વાભાવિક થઇ જાય, ત્યારે પીનસ પાકી ગયો જાણવો.

નાકના રોગોની ચિકિત્સા.

सर्वेषु सर्वकालं पीनसरोगेषु जातमात्रेषु । मरिचं गुडेन दध्ना भुञ्जीत नरः सुखं लभते ॥ कट्फलं पौष्करं शृङ्गी व्योषं यासश्च कारवी । एषां चूर्णं कषायं वा दद्यादार्द्रकजै रसैः ॥ पीनसे स्वरभेदे च तमके च हलीमके । सन्निपाते कफे कासे ज्वरे श्वासे च शस्यते ॥ कलिङ्गहिङ्गुमरिचलाक्षासुरसकट्फलैः । कुष्ठोग्राशिग्रुजन्तुघ्नैरवपीडः प्रशस्यते ॥ पीनसादिषु ॥

व्योषचित्रकतालीसतिन्तिडीकाम्लवेत-

सम् । सचव्याजाजितुल्यांशमेलात्वक्पत्रपादिकम् ॥ व्योषादिकमिदं चूर्णं पुराणगुडमिश्रितम् । पीनसश्वासकासघ्नं रुचिस्वरकरं परम् ॥ व्योषादिवटी ।

व्याघ्रीदन्तीवचाशिग्रुसुरसाव्योषसिन्धुजैः । सिद्धं तैलं नासि क्षिप्तं पूतिनासागदापहम् ॥ व्याघ्रीतैलम् ।

शिग्रुसिंहीनिकुम्भानां बीजैः सव्योषसैन्धवैः । बिल्वपत्ररसैः सिद्धं तैलं स्यात्पूतिनस्यनुत् ॥ निकुम्भीदन्ती पूतिस्वनुत् नस्यात् ॥

घृतगुग्गुलुमिश्रस्य सिक्थकस्य प्रयत्नतः । धूमं क्षवथुरोगघ्नं भ्रंशथुघ्नं च निर्दिशेत् ॥ शुण्ठीकुष्ठकणाबिल्वद्राक्षाकल्ककषायवत् । तैलं पक्वमथाज्यं वा नस्यात् क्षवथुनाशनम् ॥ नस्यं हितं निम्बरसाञ्जनाभ्यां दीप्ते शिरःस्वेदनमल्पशस्तु । नस्ये कृते क्षीरजलावसेकान् शंसन्ति भुञ्जीत च मुद्गयूषैः ॥ नासास्रावे घ्राणयोश्चूर्णमुक्तं नाड्यादेयं येऽवपीडाश्च पथ्याः । तीक्ष्णान् धूमान् देवदार्वग्निकाभ्यां मांसं त्वाजं पथ्यमत्रादिशन्ति ॥ प्रतिश्यायेषु सर्वेषु गृहं वातविवर्जितम् । वस्त्रेण गुरुणा तेन शिरसो वेष्टनं हितम् ॥ विडङ्गसैन्धवं हिङ्गु गुग्गुलुः समनःशिला । वचैतच्चूर्णमाघ्रातं प्रतिश्यायं विनाशयेत् ॥ घृततैलसमायुक्तं शक्तुधूमं पिबेन्नरः ॥ सधूमः स्यात् प्रतिश्यायकासहिक्काहरः परः ॥ प्रतिश्याये पिबेद्धूमं सर्वगन्धसमायुतम् ॥ चातुर्जातकचूर्णं वाघ्रेयं वा कृष्णजीरकम् ॥

कृष्णजीरकमत्र कलौंजी ।

पुटपक्वं जयापत्रं तैलसैन्धवसंयुतम् । प्रतिश्यायेषु सर्वेषु शीलितं परमौषधम् ॥

जया विजया । भङ्गेति यावत् । शीलित भुक्तम् ।

पिप्पल्यः शिग्रुबीजानि विडङ्गमरिचानि च । अवपीडः प्रशस्तोऽयं प्रतिश्यायनिवारणे ॥ शिरसोऽभ्यञ्जनैः स्वेदैर्नस्यैर्मन्दोष्णभोजनैः । वमनैर्घृतपानैश्च तान्यथास्वमुपाचरेत् ॥ कृमिघ्ना ये क्रमाः प्रोक्तास्तान्वै कृमिषु योजयेत् । नावनानि कृमिघ्नानि भेषजानि च बुद्धिमान् ॥ रक्तपित्तानि शोथांश्च तथार्शांस्युर्बुदानि च । नासिकायां स्युरेतेषां स्वंस्वं कुर्याच्चिकित्सितम् ॥ गृहधूमकणादारुक्षीरनक्ताह्वसैन्धवैः । सिद्धं शिखरिबीजैश्च तैलं नासार्शसां हितम् ॥

इति नासारोगाधिकारः ॥

સર્વ પ્રકારના પીનસો થાય કે તુરતજ હમેશાં ગોળ અને દહિંની સાથે મરી ખાવાથી માણસને સુખ પ્રાપ્ત થાય છે.

કાયફળ, પુષ્કરમૂળ, કાકડાશીંગી, સૂઠ, મરી, પીપર, જવાસો અને અજમાનું ચૂર્ણ અથવા તેનો કવાથ આદાના રસ સાથે પીવાથી પીનસ, સ્વરભેદ, તમક, શ્વાસ, હડીમક, સન્નિપાત, કફ ઉધરસ, જ્વર અને શ્વાસ એ સર્વ રોગો શાંત થાય છે.

ઇંદ્રજવ, હિંગ, મરી, લાખનો રસ, કાયફળ, વજ, સરગવો અને વાવડીગનું અવપીડ નસ્ય લેવાથી પીનસ વિગેરે રોગો મટી જાય છે.

વ્યોષાદિવટી.

સૂઠ, મરી, પીપર, તાલીસપત્ર, ચિત્રક, આંબલીનાં ફળ, અમ્લવેતસ, ચવક અને

જીરૂં એ સમભાગે લેઇ તેમાં એલચી, તજ, તમાલપત્ર, ચતુર્થાંશ મેળવીને તેની જુના ગોળમાં ગોળી વાળીને ખાવાથી પીનસ, શ્વાસ, તથા ઉધરસ મટી જાય છે; અને રૂચિ ઉત્પન્ન થઈ સ્વર સારો થાય છે.

વ્યાઘ્રી તૈલ.

ભોરીંગણી, નેપાળો, જવ, સરગવો, તુલસી, સૂંઠ, મરી, પીપર અને સિંધવના કલ્કથી પકાવેલા તેલના નસ્યથી પૂતિનસ્ય મટી જાય છે.

શિગ્રુ તૈલ.

સરગવો, ભોરીંગણી અને નેપાળાના બીજો, તથા સૂંઠ, મરી, પીપર, અને સિંધવના કલ્કથી બીલીપત્રના સ્વરસમાં પકાવેલા તેલના નસ્યથી પૂતિનસ્ય મટી જાય છે.

ઘી તથા ગુગળ અને મીણનો ધૂમાડો પ્રયત્નથી પીવાથી ક્ષવથુ તથા ભ્રંશથુ મટી જાય છે.

સૂંઠ, કઠ, પીપર, બીલી અને દ્રાક્ષના કલ્કથી તેમનાજ કવાથમા પકાવેલા તેલ કે ઘીના નસ્યથી ક્ષવથુનો નાશ થાય છે.

લીમડો અને રસવંતીનું નસ્ય તથા માથાને થોડોક શેક કરવાથી દીપ્તરોગ મટી જાય છે. નસ્ય દીધા પછી દુધ અને જળનાં સેચનો અને મગના યુષનું ભોજન કરવું.

નાસાસ્રાવ માટે કહેલાં ઔષધોનું ચૂર્ણ નળીથી નાકમાં નાંખવું, પથ્ય અવપીડો આપવાં, દેવદાર તથા ચિત્રકનો તીક્ષ્ણ ધૂમાડો પીવો, અને બકરાનું માંસ ખાવું.

સર્વ જાતના પ્રતિશ્યાયોમાં વાયુ વગરના સ્થાનમાં રહેવું, તથા જાડું લુગડું માથે વીંટી રાખવું, એ હિતકર છે.

વાવડીંગ, સિંધવ, હિંગ, ગુગળ, મનશીલ, અને વજનું ચૂર્ણ સુંઘવાથી પ્રતિશ્યાયનો નાશ થાય છે.

ઘી તથા તેલ સાથે સાથવાનો ધૂમાડો પીવાથી પ્રતિશ્યાય, ઉધરસ, અને હેડકી અવશ્ય મટી જાય છે.

તજ, એળચી, તમાલપત્ર, આદિ સર્વ સુગંધી પદાર્થોનો ધૂમાડો પીવાથી, અથવા તજ; એળચી, તમાલપત્ર, અને નાગકેશરનું ચૂર્ણ સુંઘવાથી, અથવા કલોંજી જીરાનું ચૂર્ણ સુંઘવાથી, પ્રતિશ્યાય મટી જાય છે.

ભાંગનાં પાનનો પુટપાક પકાવી તેલ અને સિંધવ સાથે ખાવાની ટેવ રાખવાથી સર્વ પ્રકારના પ્રતિશ્યાયો મટી જાય છે.

પીપર, સરગવાનાં બીજ, વાવડિંગ, અને મરીના અવપીડ નસ્યથી પ્રતિશ્યાય મટી જાય છે.

સ્વેદનો, માથાના અભ્યંગો, નસ્યો, થોડાં થોડાં ગરમ ભોજનો, વમનો, અને ઘી પાવા વગેરેના ઉપચારો પ્રતિશ્યાયો ઉપર યોગ્યતા પ્રમાણે કરવા.

પ્રતિશ્યાયમાં કીડા પડયા હોય તો બુદ્ધિમાન્ વૈદ્યે કૃમિઘ્ન ઉપાયો, નસ્યો, અને ઔષધો કહેલા છે તે કરવાં.

નાકમાં રક્તપિત્તો, સોજાઓ, અર્શો, કે અર્બુદો થયેલા હોય તો તે તે પ્રકરણોમા કહેલી ચિકિત્સા કરવી.

ઘરના ધૂમાડાની મેશ, પીપર, દેવદાર, દુધ, કરંજ, સિંધવ, અને અંધેડાનાં બીજથી પકાવેલું તેલ નાકના અર્શો ઉપર હિતકારી થાય છે.

નાકના રોગોનો અધિકાર સંપૂર્ણ.

મોઢાના રોગોનો અધિકાર.

મુખનું સ્વરૂપ.

ओष्ठौ च दन्तमूलानि दन्ता जिह्वा च तालु च । गलो मुखादि सकलं सप्ताङ्गं मुखमुच्यते ॥

ઉપલો હોઠ, નીચલો હોઠ, દાંતનાં મૂળ, દાંત, જીભ, તાળવું, અને ગળું એ સાત અંગો સહિત સઘળું મુખ કહેવાય છે.

મુખરોગોની સંખ્યા.

स्युरष्टावोष्ठयोर्दन्तमूले तु दश षट् तथा । दन्तेष्वष्टौ च जिह्वायां पञ्च स्युर्नव तालुनि ॥ कण्ठे त्वष्टादश प्रोक्तास्त्रयः सर्वेषु च स्मृताः । एवं मुखामयाः सर्वे सप्तषष्टिर्मता बुधैः ।

બંને હોઠોમાં આઠ, દંતમૂળમાં સોળ, દાંતમાં આઠ, જીભમાં પાંચ, તાળવામાં નવ, ગળામાં અઢાર, અને આખા મુખના ત્રણ, એમ મુખરોગો સડસઠ છે.

મુખરોગોનાં નિદાનો.

आनूपपिशितक्षारदधिमाषादिसेवनात् । मुखमध्ये गदान् कुर्युः क्रुद्धादोषाः कफोत्तराः

જળપ્રાય દેશોનાં પ્રાણીઓના માંસો, ક્ષારો, દહીં, અને અડદ વગેરેના સેવનથી પ્રકુપિત કફાદિ દોષો મુખરોગો ઉત્પન્ન કરેછે.

(હોઠના રોગો વિષે.)

હોઠના રોગોનાં નિદાનો.

पृथक् दोषैः समस्तैश्च रक्तजो मांसजस्तथा । मेदोजश्चाभिघातोत्थ एवमष्टौष्ठजा गदाः ॥

વાત, પિત્ત, કફ, ત્રણે દોષ, રક્ત, માંસ, મેદ, અને અભિઘાત એમ હોઠના રોગોના આઠ પ્રકારો છે.

હોઠના વાતરોગનું લક્ષણ.

कर्कशौ परुषौ स्तब्धौ कृष्णौ तीव्ररुगन्वितौ । दाल्येते परिपाल्येते ओष्ठौ मारुतकोपतः ॥

परुषौ रूक्षौ । दाल्येते विदार्येते । परिपाल्येते किञ्चिद्विदीर्णत्वचौ क्रियेते ॥

હોઠો ખરસટ, રૂક્ષ, સ્તબ્ધ, કાળા, તીવ્ર વેદનાવાળા, ચીરાયલા, અને કંઈક ફાટેલી ચામડીવાળા વાયુથી થઇ જાયછે.

પિત્તરોગનું લક્ષણ.

चीयेते पीडिकाभिस्तु सरुजाभिः समन्ततः । सदाहपाकपिडकौ पीताभासौ च पित्ततः ॥

सरुजाभि पैत्तिकरुगन्विताभि ॥

હોઠો ઉપર પીડા કરનારી ફોલ્લીઓ થાયછે, પીળા રંગના હોઠ થાયછે, તથા ફોલ્લીઓમાં દાહ અને પાક થાય છે, તે પિત્તથી થાય છે.

કફરોગનું લક્ષણ.

सवर्णाभिस्तु चीयेते पिडिकाभिरवेदनौ । कण्डूमन्तौ कफात् श्वेतौ पिच्छिलौ शीतलौ गुरू ॥

ચામડી જેવાજ રંગની ફોલ્લીઓ, થોડી વેદના, ચળ, ધોળાશ ચીકાશ, શીતળતા, અને ભારેપણું વાળા હોઠો કફથી થાય છે.

ત્રિદોષ રોગનું લક્ષણ.

सकृत् कृष्णौ सकृत् पीतौ सकृच्छ्वेतौ तथैव च । सन्निपातेन विज्ञेयावनेकपिडकान्वितौ ॥

હોઠો કોઇવાર કાળા, કોઇવાર પીળા, કોઇવાર ધોળા, અને કોઇવાર ફોલ્લીઓવાળા થાય તે ત્રિદોષથી થયા જાણવા.

રક્તરોગનું લક્ષણ.

खर्जूरफलवर्णाभिः पिटिकाभिर्निपीडितौ ।
रक्तोपसृष्टौ रुधिरं स्रवन्तौ शोणितप्रभौ ॥

હોઠો ખજુરીના ફળ જેવા રંગની ફોલ્લીઓથી પીડાયલા, રક્તના સ્રાવવાળા અને રાતા રંગના રક્તદોષથી થઇ જાયછે.

માંસરોગનું લક્ષણ.

मांसदुष्टौ गुरू स्थूलौ मांसपिण्डवदुद्गतौ ।
जन्तवश्चात्र मूर्च्छन्ति नरस्योभयतोमुखात्॥

जन्तव कृमयः। मुर्च्छन्ति वर्धन्ते । मुखादुभयतः सृक्किण्योः ।

હોઠો ભારે, જાડા, અને માંસના પિંડની પેઠે ઊંચા થઇ જઇ અને ગલોફાંઓમાં કીડાઓ થાય, તે માંસથી થાય છે.

મેદરોગનું લક્ષણ.

सर्पिर्मण्डप्रतीकाशौ मेदसा कण्डुरौ मृदू ।
स्वच्छस्फटिकसङ्काशमास्रवं श्रवतो भृशम्॥

હોઠો ઘીના મંડ જેવા, ચળવાળા, કોમળ, અને સ્વચ્છ સ્ફટિક જેવા સ્રાવવાળા મેદથી થઇ જાય છે.

અભિઘાત રોગનું લક્ષણ.

क्षतजाभौ विदीर्येते पीड्येते चाभिघाततः ।
ग्रथितौ च समाख्याताबोष्ठौ कण्डूसमन्वितौ॥

ग्रथितौ मुदिताविव । अत एव क्षतजाभौ रुधिराभाविति सङ्गतम् ।

અભિઘાતથી હોઠો ચોળાઇ ગયા જેવા, લોહીના વર્ણના, પીડા તથા ચળવાળા, અને ચીરાયલા થઈ જાય છે.

હોઠના રોગોની ચિકિત્સા.

गलदन्तमूलदशनच्छदेषु रोगाः कफास्रभूयिष्ठाः । तस्मादेतेष्वसकृद्रुधिरं विस्रावयेदुष्णम् ॥ चतुर्विधेन स्नेहेन मधूच्छिष्टयुतेन च । वातजेऽभ्यञ्जनं कुर्यान्नाडी स्वेदं च बुद्धिमान् ॥

चतुर्विधेन तैलघृतवसामज्जारूपेण ।

वेधं शिराणां वमनं विरेकं तिक्तस्य पानं रसभोजनं च । शीताः प्रदेहाः परिषेचनं च पित्तोपसृष्टेष्वधरेषु कुर्यात् ॥ शिरोविरेचनं धूमः स्वेदः कवल एव च । हृते रक्ते प्रयोक्तव्यमोष्ठकोपे कफात्मके ॥ मेदोजे शोधिते भिन्ने स्वेदिते कवलो हितः । प्रियङ्गुत्रिफलालोध्रं सक्षौद्रं प्रतिसारणम् ॥

दन्तजिह्वामुखानां यच्चूर्णं कल्कावलेहकैः।
शनैर्घर्षणमङ्गुल्या तदुक्तं प्रतिसारणम् ॥

ओष्ठरोगेष्वशेषेषु दृष्ट्वा दोषमुपाचरेत् ।
तेषु व्रणत्वं यातेषु व्रणवत् समुपाचरेत् ॥

ગળું, દંતમૂળો, દાંત અને હોઠોમાં થતા રોગોમાં કફ અને રક્ત પ્રાધાન્ય હોય છે, માટે તેમાં વારંવાર ગરમ રક્ત કઢાવવું.

વાતરોગમા તેલ, ઘી, ચરબી, મજ્જા, અને મીણનો અભ્યંગ તથા નાડી સ્વેદ બુદ્ધિમાન્ વૈદ્યે કરાવવો.

પિત્તના રોગમાં નસો વીંધીને રક્ત કઢાવવું, વમન તથા વિરેચનો દેવાં. તિક્તક ઘૃત પીવું, માંસનો રસ ખાવો, તથા શીતળ લેપ અને સેચનો કરવાં.

કફના રોગમાં લોહી કઢાવીને શિરો વિરેચન, ધૂમપાન, સ્વેદન, અને કોગળાના પ્રયોગ કરવા.

મેદના રોગ ઉપર વિરેચનાદિ શોધન દેવું, શસ્ત્રક્રિયા કરવી, શેક તથા કોગળા દેવા, અને ઘઉંલો, ત્રિફળા, અને લોદરને મધમાં કાલવીને પ્રતિસારણ દેવું.

પ્રતિસારણનો વિધિ.

ચૂર્ણ, કલ્ક, કે અવલેહથી દાંત, જીભ, અને મુખને આંગળીવડે ઘસવાં, તે પ્રતિસારણ કહેવાય છે. હોઠોના સર્વે રોગોમાં દોષ નક્કી કરીને તે દોષને મટાડનારૂં પ્રતિસારણ કરવું; પણ એ રોગો જો વ્રણરૂપ થઈ જાય, તો તેની ચિકિત્સા વ્રણ જેવી કરવી.

इति मुखरोगाधिकारः ॥

(દંતમૂળના રોગો વિષે.)

દંતમૂલ-રોગોનાં નામો.

शीतादो गदितः पूर्वं दन्तपुप्पुटकस्तथा।
दन्तवेष्टः सौषिरश्च महासौषिर एव च ॥
ततः परिदरः प्रोक्तस्ततस्तूपकुशः स्मृतः।
वैदर्भश्च ततः प्रोक्तः खलिवर्धन एव च ॥
अधिमांसकनामा च दन्तनाड्यश्च पञ्च च।
दन्तविद्रधिरप्यत्र दन्तवेष्टेषु षोडश ॥

શીતાદ, દંતપુપ્પુટક, દંતવેષ્ટ, સૌષિર, મહાસૌષિર, પરિદર, ઉપકુશ, વૈદર્ભ, ખલિવર્ધન, અધિમાંસક, પાંચ પ્રકારની દંતનાડીઓ અને દંત વિદ્રધિ, એ સોળ રોગો દાંતના મૂળમાં થનારા છે.

શીતાદનું લક્ષણ.

शोणितं दन्तवेष्टेभ्यो यस्याकस्मात्प्रवर्तते।
दुर्गन्धीनि सकृष्णानि प्रक्लेदीनि मृदूनि च॥
दंतमांसानि शीर्यन्ते पचन्ति च परस्परम्।
शीतादो नाम स व्याधिः कफशोणितसम्भवः ॥

दन्तवेष्टेभ्य दन्तवेष्टनमांसेभ्य । अकस्मात् अभिघातं विना । शीर्यन्ते पतन्ति पचन्ति च परस्पर पाकोष्मणा मांसानि शोणितं पचन्ति ॥

અભિઘાત વગરજ દાંતોનાં પેઢાંમાંથી અકસ્માત લોહી નીકળવા લાગે, તથા તે પેઢાઓ દુર્ગંધી અને કાળાં કચકચતાં થઇ જાય, તે કુણાં થઈ પડવા લાગે, તથા પાકવાની ગરમીથી લોહીને પકવવા લાગે, તે રોગ કફ તથા રક્તદોષથી થતો શીતાદ કહેવાય છે.

દંતપુપ્પુટકનું લક્ષણ.

दन्तयोस्त्रिषु वाप्यत्र श्वयथुर्जायते महान्।
दन्तपुप्पुटको नाम स व्याधिः कफरक्तजः॥

બે કે ત્રણ દાતોમાં મોટો સોજો થાય, તેને કફ અને રક્તદોષથી થતો દંતપુપ્પુટક રોગ કહે છે.

દંતવેષ્ટનું લક્ષણ.

स्रवन्ति पूयं रुधिरं चला दन्ता भवन्ति च।
दन्तवेष्टः स विज्ञेयो दुष्टशोणितसम्भवः ॥

अत्र दन्तमूलानीति कर्तृपदध्याहरणीयम् ॥

પેઢામાંથી લોહી તથા પરૂનો સ્રાવ થાય, તથા દાંત હાલી જાય, તે રોગને રક્તદોષથી થનારો દંતવેષ્ટ કહે છે.

સૌષિરનું લક્ષણ.

श्वयथुर्दन्तमूलेषु रुजावान् कफवातजः।
लालास्रावी कण्डूरश्च स ज्ञेयः सौषिरो-गदः॥

પેઢામાં પીડાકારક, લાળ પાડનાર, અને ચળવાળો સોજો કફ તથા વાયુના કોપથી થાય છે. તેને સૌષિર કહે છે.

મહાસૌષીરનું લક્ષણ.

दन्ताश्चलन्ति वेष्टेभ्यस्तालु चाप्यवदीर्यते । दन्तमांसानि पच्यन्ते मुखं च परिपीड्यते ॥ यस्मिन् स सर्वजो व्याधिर्महासौषिरसंज्ञकः ॥

तालु चाप्यवदीर्यते । चकाराद्दन्तवेष्ट चाप्यवदीर्यते सप्तरात्रान्मारकश्चायम् । यत आह भोज.— ' महासौषिर इत्येष सप्तरात्रान्निहन्त्यसून् ' इति ॥

દાંતો હાલી જાય, તાળવું તથા પેઢાં ફાટે, પેઢાં પાકે, મુખમાં અત્યત પીડા થાય, એ મહાસૌષિર રોગ ત્રણે દોષોથી થાય છે. આ રોગ સાત રાત્રીમાં મારી નાંખે છે, કેમકે ભોજે કહ્યું છે કે—"આ મહાસૌષિર નામનો રોગ સાત રાત્રીમાં પ્રાણ હરે છે.

પરિદરનું લક્ષણ.

दन्तमांसानि शीर्यन्ते यस्मिन् ष्ठीवति चाप्यसृक् । पित्तासृक्कफजो व्याधिर्ज्ञेयः परिदरो हि सः ॥

દાંતોનું માંસ વીખાઈ જવા લાગે, તથા થુંકમાં લોહી નીકળે, એ રોગ રક્ત તથા કફના પ્રકોપથી થતો પરિદર નામનો કહેવાય છે.

ઉપકુશનું લક્ષણ.

वेष्टेषु दाहः पाकश्च ताभ्यां दन्ताश्चलन्ति च । आघट्टिताः प्रस्रवन्ति शोणितं मन्दवेदनम् ॥ आध्मायते स्रुते रक्ते मुखं पूति च जायते । यस्मिन्नुपकुशः स स्यात् पित्तरक्तसमुद्भवः ॥

आघट्टिताः घृष्टाः ॥

પેઢામાં દાહ તથા પાક થાય, તેથી દાંતો હાલી જાય, દાંતને હલાવતાં અલ્પ વેદના સાથે લોહીનો સ્રાવ થાય, અને એ સ્રાવ થવાથી મુખ સૂઝી જઈને દુર્ગંધવાળું થઈ જાય, એ રોગ પિત્ત તથા રક્તથી થતો ઉપકુશ કહેવાય છે.

વૈદર્ભનું લક્ષણ.

घृष्टेषु दन्तमूलेषु संरम्भो जायते महान् । चलन्ति च रदा यस्मिन् स वैदर्भोऽभिघातजः ॥

संरम्भः शोथः । चलन्ति चेति चकाराद्वेदना दाहपाकौ. ॥

પેઢાં ઘસાવાથી મોટો સોજો થાય, દાંતો હાલી જઈ વેદના થાય, અને બળતરા થાય, એ રોગ વૈદર્ભ નામનો કાષ્ઠાદિકના અભિઘાતથી થાય છે.

ખલિવર્દ્ધનનું લક્ષણ.

मारुतेनाधिको दन्तो जायते तीव्रवेदनः । खलिवर्धनसंज्ञोऽसौ सञाते रुक् प्रशाम्यति ॥

सञ्जाते दन्ते ॥

તીવ્ર વેદનાવાળો એક દાંત વધારે ઊગી નીકળીને પછી વેદના ઓછી થાય તે રોગને વાયુથી થતો ખલિવર્દ્ધન કહે છે.

અધિમાંસકનું લક્ષણ.

हानव्ये पश्चिमे दन्ते महाशोथो महारुजः। लालास्रावी कफकृतो विज्ञेयः सोऽधिमांसकः ॥

हानव्ये हनुभवे । पश्चिमे दन्ते अन्त्ये ॥

નીચલી પંક્તિના છેલ્લા દાંતમાં મોટી પીડા તથા લાળ પાડનારો ભારે સોજો કફથી થાય છે, તેને અધિમાંસક કહે છે

પાંચ દંતનાડીઓનાં લક્ષણો.

दन्तमूलगता नाड्यः पञ्च ज्ञेया यथेरिताः ।

यथा नाडीव्रणे वातपित्तकफसन्निपातशल्यनिमित्ता पञ्च नाड्य कथितास्तथात्रापीत्यर्थः ॥

જેવી રીતે નાડીવ્રણમાં વાત, પિત્ત, કફ, સંનિપાત, અને શલ્ય, એમ પાંચ પ્રકારો કહેલા છે, તેજ પાંચ પ્રકારો દંતમૂળની નાડીઓના પણ છે, અને તેનાં લક્ષણો પણ એ પ્રમાણેજ સમજી લેવાં.

દંત વિદ્રધિનું લક્ષણ.

दन्तमांसमलैः सास्रैर्बाह्यतः श्वयथुर्महान्। सदाहरुक् स्रवेद्भिन्नः पूयास्रं दन्तविद्रधिः ॥

दन्तमांसमलैः दन्तवेष्टगतदोषैः. सास्रैः सरक्तैः हेतुभिः ॥

પેઢાંમાં રહેલાં વાત, પિત્ત, કફ અને રક્તને લીધે બહાર બળતરા વાળો તથા પીડા વાળો મોટો સોજો થાયછે, તે ભેદાયાથી પરૂ તથા લોહીનો સ્રાવ થાયછે, તે રોગને દંતવિદ્રધિ કહેછે.

દંતમૂળ રોગોની ચિકિત્સા.

शीतादे हृतरक्ते तु तोये नागरसर्षपान्। निःक्वाथ्य त्रिफलां चापि कुर्याद्गण्डूष धारणम् ॥ कासीस लोध्रकृष्णामनःशिलासप्रियङ्गुतेजोह्वा । एषां चूर्णं मधुयुक् शीतादे पूतिमांसहरम् ॥

तेजोह्वा तेजवल्कल इति लोके ॥

तैलं घृतं वा वातघ्नं शीतादे संप्रशस्यते। दन्तपुप्पुटके कार्यं तरुणे रक्तमोक्षणम् ॥ स पञ्चलवणक्षारः सक्षौद्रः प्रतिसारणम् । शिरोविरेकश्च हितो नस्यं स्निग्धं च भोजनम्। विस्राविते दन्तवेष्टे व्रणं तु प्रतिसारयेत् । लोध्रपतङ्गमधुककाक्षाचूर्णैर्मधुप्लुतैः ॥

प्रतिसारयेदङ्गुल्या घर्षयेत् पतङ्गः प्वोक इति लोके ॥

कवले क्षीरिणो योज्याः सक्षौद्रघृतशर्कराः । चलदन्तस्थिरकरं कार्यं बकुलचर्वणम् ॥ भद्रमुस्ताभयाव्योषविडङ्गारिष्टपल्लवैः । गोमूत्रपिष्टैर्गुटिकां छायाशुष्कां प्रकल्पयेत् ॥ तां निधाय मुखे सुप्याच्चलदन्तातुरो नरः । नातः परतरं किञ्चिच्चलदन्तस्य भेषजम् ॥

तुलाघृतं नीलसदाचरं तु द्रोणाम्भसा संश्रपयेद्यथावत् । ततश्चतुर्भागरसे तु तैलं पचेच्छनैर्धपलप्रमाणैः ॥ कल्कैरनन्ताखदिरेरिमेदजम्बाम्रयष्टीमधुकोत्पलानाम् । ततैलमाज्यं च धृतं मुखेन स्थैर्यं द्विजानां विदधाति सद्यः ॥

नीलसदाचर. नीलपुष्पकटसरैया । अनन्ता दुरालभा । तदलाभे यवासो ग्राह्य. । इरिमेदो दुर्गन्धखदिरः ॥

सौषिरे हृतरक्ते तु लोध्रमुस्तारसाञ्जनैः। सक्षौद्रैः शस्यते लेपो गण्डूषे क्षीरिणो हिताः ॥ क्रियां परिदरे कुर्याच्छीतादोक्तां विचक्षणः । संशोध्योभयतः कार्यं मुखं चोपकुशे तथा ॥ काष्ठोदुम्बरिकापत्रैर्व्रणं विस्रावयेद्भिषक् । लवणैः क्षौद्रयुक्तैश्च सव्योषैः प्रतिसारयेत् ॥ शस्त्रेणोध्धृत्य वैदर्भे दन्तमूलानि शोधयेत् । ततः क्षारं प्रयुंजीत क्रियाः सर्वाश्च शीतलाः ॥ उद्धृत्याधिकदन्तं तु ततोऽग्निमवचारयेत् । कृमिदन्तकवच्चात्र विधिः कार्यो विजानता ॥

इय खलिवर्धनस्य चिकित्सा ॥

छित्वाधिमांसं सक्षौद्रैरेतैश्चूर्णैरुपाचरेत् । वचातेजोवतीपाठास्वर्जिकायावशूकजैः ॥

तेजोवती तेजोवल्कलः स्वर्णजीवन्ती च ॥

क्षौद्रद्वितीयाः पिप्पल्यः कवले चात्र कीर्तिताः । पटोलनिम्बत्रिफलाकषायश्चात्र धावने ॥ नाडीव्रणहरं कर्म दन्तनाडीषु कारयेत् । यद्दन्तमध्ये जायेत नाडीदन्तं तमुद्धरेत् ॥ छित्त्वा मांसानि शस्त्रेण यदि नोपरिजो भवेत् । उद्धृत्य च दहेच्चापि क्षारेण ज्वलनेन वा ॥ भिनत्त्युपेक्षिते दन्ते हनुकास्थिगतिर्ध्रुवम् । समूलं दशनं तस्मादुद्धरेद्भग्नमस्थि च ॥ उद्धृते तूत्तरे दन्ते शोणितं प्रसवेदति । रक्तातियोगात्पूर्वोक्ता घोरा रोगा भवन्ति हि ॥ काणः सञ्जायते जन्तुरर्दितं तस्य जायते । चलमप्युत्तरं दन्तमतो नैवोद्धरेद्भिषक् ॥ धावनं जातिमदनस्वादुकण्टकखादिरैः ॥

कषायैरिति शेषः ॥

कषायैर्जातिमदनकण्टकिस्वादुकण्टकैः । माञ्जिष्ठालोध्रखदिरयष्ट्याह्वैश्चापि यत् कृतम् ॥ तैलं यत् साधितं तत्तु हन्याद्दन्तगतां गतिम् ॥

जात्यादिचतुष्टयस्य कषायेण मञ्जिष्ठादिचतुष्टयस्य च कषायेण तैलमिदं पचेत् । जाती चमेली इति लोके । तस्याः पत्रं ग्राह्यम् । मदनो धत्तूरस्तस्यापि पत्रं ग्राह्यम् । कण्टकी बडीकटैया तस्या मूलं ग्राह्यम् । स्वादुकण्टको गोक्षुरस्तस्य पञ्चाङ्गं ग्राह्यम् । इति जात्यादितैलम् ॥

विद्रध्युक्तं विधिं युक्तं विदध्याद्दन्तविद्रधौ शस्त्रकर्म नरस्तत्र कुशलो नैव कारयेत् ॥

શીતાદમાં લોહી કઢાવીને પછી પાણીમાં સૂંઠ, સરસવ, હરડે, બેડાં અને આમળાંનો કવાથ કરી તેના કોગળા કરવા.

હીરાકસી, લોદર, પીપર, મનશીલ, ધઉંલો, અને તેજબળનું ચૂર્ણ મધમાં કાલવીને ઉપયોગમાં લેવાથી શીતાદનું સડેલું માંસ હરાઇ જાયછે.

વાતહર તેલો તથા ઘીથી શીતાદ મટી જાયછે.

દંતપુપ્પુટક થાય તો તુરતજ લોહી કઢાવી પચલવણ તથા જવખાર મધમા કાલવીને તેનુ પ્રતિસારણ કરવું. માથાને ખાલી કરનાર નસ્ય તથા સ્નિગ્ધ ભોજન પણ હિતકારી છે.

દંતવેષ્ટમાં લોહી કઢાવીને વ્રણ ઉપર આંગળી વડે લોદર, પતંગ, જેઠીમધ, અને લાખનું ચૂર્ણ મધમાં કાલવીને ઘસવું.

વડ વિગેરે પાંચ ક્ષીરીવૃક્ષોનો કવાથ મધ, ઘી તથા સાકર નાંખીને તેના કોગળા કરવાથી, તથા બોલસરી ચાવવાથી હાલી ગયેલા દંતો દૃઢ થઇ જાય છે.

મુસ્તાદિ વટિકા.

ભદ્રમોથ, સૂંઠ, હરડે, મરી, પીપર, વાવડિંગ અને લીમડાના પાનને ગોમૂત્રમાં વાટીને ગોળી કરી છાંયડે સૂકવીને મુખમાં રાખીને સૂઇ જવાથી હાલી ગયેલા દાતો મજબૂત થઇ જાયછે. હાલી ગયેલા દાતો માટે આના જેવી દવા નથી

સહચરા તૈલ.

૪૦૦ તોલા કાળા કાંટાશરિયાનો ૧૦૨૪ તોલા પાણીમાં કવાથ કરી ચોથો ભાગ રહે એટલે તેમાં ધમાસો, ખેર, દુર્ગંધી ખેર, જાબુ તથા આંબાનાં પાન, જેઠીમધ, અને કમળના બે બે તોલા કલ્કો નાંખીને તેમાં

તેલ પકાવવું. ધમાસો ન મળે તો જવાસો લેવો. આ તેલ મુખમાં રાખવાથી તુરતજ દાંતો સ્થિર થઈ જાય છે.

મહુચરાદ્ય ઘૃત.

ઉપર પ્રમાણેજ તૈલને બદલે ઘી પણ પકાવાય છે.

સૌષિરમાંથી લોહી કઢાવીને પછી લોદર, મોથ, અને રસવંતીનું ચૂર્ણ મધમાં કાલવીને તેનો લેપ કરવો. તથા વડ આદિ ક્ષીરી વૃક્ષોના કવાથના કોગળા કરવા. વિચક્ષણ વૈદ્યે પરિદર માટે શીતાદના જેવી ચિકિત્સા કરવી.

વૈદર્ભમાં શસ્ત્રથી કાપીને પેઢાં સાફ કરીને પછી ક્ષાર મુકવો. તથા સર્વ શીતળ ક્રિયાઓ કરવી.

ખલિવર્દ્ધન હોય તો વધારાના દાંતને કાઢી નાંખીને તે ઉપર સમજુ વૈદ્યે ડામ દેવો, તથા કૃમિદંતની ચિકિત્સા કહેવામા આવશે તે કરવી.

અધિમાંસને કાપી નાખીને વજ, તેજબળ, કાળીપાડ, સાજીખાર તથા જવખારના ચૂર્ણને મધમાં કાલવીને વાપરવું; તથા પીપરના ચૂર્ણને મધમા કાલવીને તેના કોગળા કરવા, તથા કડવાં પરવળ, લીમડો, અને ત્રિફળાના કવાથથી ધોવું.

દંતનાડીની ચિકિત્સા નાડી વ્રણના જેવીજ કરવી.

જે દાંતમાં નાડી થઇ હોય તે દાંતનાં પેઢાને શસ્ત્રથી કાપીને તે દાંત કાઢી નાખવો, પણ ઉપરના દાતોમા એમ કરવું નહિં. દાંતને કાઢીને ઉપર ક્ષાર મૂકવો કે ડામ દેવો. આમ ન કરતા ઉપેક્ષા કરવાથી તુરત દાઢીના હાડકામાં પરૂ જાય છે, માટે તે દાતને મૂળ સહિત કાઢી નાંખવો, અને ભાંગેલા હાડકાને પણ કાઢી નાખવું. ઉપરની પંક્તિના દાંતને કાઢવાથી લોહીનો બહુ સ્રાવ થાય છે, તેથી પૂર્વે કહેલા ભયંકર રોગો થાય છે, કાણાપણું અને અર્દિત રોગ પણ થાય છે, માટે ઉપરનો દાંત હાલતો હોય તો પણ વૈદ્યે તેતો કાઢવો નહિજ.

જાત્યાદિ તૈલ

ચમેલી તથા ધંતુરાનાં પાન, ભોંયરીંગણીનાં મૂળ, અને ગોખરૂના સર્વ અંગોના કવાથમા, તથા ખેર, મજીઠ, લોદર, અને જેઠીમધના કવાથમાં પકાવેલું તેલ દાંતમાંની પરૂની ગતિને હણી નાંખે છે.

દંતવિદ્રધિ માટે પ્રવીણ વૈદ્યે વિદ્રધિની ચિકિત્સા કરવી તે વિદ્રધિના પ્રકરણમા કહેવાયેલી છે; પણ તે ઉપર શસ્ત્ર ક્રિયા માત્ર કરવી નહિજ.

(દંતરોગો વિષે.)

દંતરોગોનાં નામો.

दालनः कथितः पूर्वं कृमिदन्तक एव च ।
प्रोक्तो भञ्जनको दन्तहर्षो वै दन्तशर्करा ॥
कपालिकाथ कथिता श्यावदन्तक एव च ।
करालसंज्ञ इत्यष्टौ दन्तरोगाः प्रकीर्तिताः ॥

દાલન, કૃમિદંતક, ભંજનક, દંતહર્ષ, દંતશર્કરા, કપાલિકા, શ્યાવદંતક, અને કરાલ, એ આઠ રોગો દાંતના છે.

દાલનનું લક્ષણ.

दीर्यमाणेष्विव रुजा यत्र दन्तेषु जायते।
दालनो नाम स व्याधिः सदागतिनिमित्तजः।

ચીરાઇ જતા હોય એવી દાંતોમાં પીડા થાય, તે રોગ વાયુ પ્રકોપથી અને દાલન કહેવાય છે.

કૃમિદંતકનું લક્ષણ.

कृष्णच्छिद्रश्चलस्त्रावी ससंरम्भो महारुजः । अनिमित्तरुजो वाताद् स ज्ञेयो कृमिदन्तकः ॥

संरम्भः दन्तमूलशोथयुक्तः । तत्रैव स्त्रावो यो दुष्यः । अनिमित्तरुजः अवघट्टनादिनिमित्तं विनैव महारुजावान् ॥

કાળાં છિદ્રો તથા ચંચલતા વાળો, પેઢાંમાં સોજો તથા સ્ત્રાવવાળો, વેદના તથા વગર હલાવે પણ બહુ વેદનાવાળો કૃમિદંતક નામનો રોગ વાત પ્રકોપથી થાય છે.

ભંજનકનું લક્ષણ.

वक्त्रं वक्रं भवेद्यत्र दन्तभङ्गश्च जायते ।
कफवातकृतो व्याधिः स भञ्जनकसंज्ञकः ॥

મુખવાંકું થઈ જઈ દાંતો ભાંગી પડે છે તે રોગ ભંજનક નામનો કફ તથા વાયુના કોપથી થાય છે.

દંતહર્ષનું લક્ષણ.

शीतरूक्षप्रवाताम्लस्पर्शानामसहा द्विजाः ।
यत्र स्युर्वातपित्ताभ्यां दन्तहर्षः स कीर्तितः ॥

દાંતો શીતળ, રૂક્ષ, પ્રબળ પવન, અને ખટાઈના સ્પર્શનું સહન ન કરી શકે તે રોગ દંતહર્ષ (અંબાઈ જવું) કહેવાય છે, અને તે વાયુ તથા પિત્તના કોપથી થાય છે.

દંતશર્કરાનું લક્ષણ.

मलो दन्तगतो यस्तु कफवातविशोषितः ।
शर्करेव खरस्पर्शा सा ज्ञेया दन्तशर्करा ॥

शर्करा सिकता ॥

દાંતમાંનો મેલ તથા વાયુથી સુકાયેલો કફ રેતી જેવો ખરસટ થઈ જાય, તે રોગ દંતશર્કરા કહેવાય છે.

કપાલિકાનું લક્ષણ.

कपालेष्विव दीर्यत्सु दन्तेषु समलेषु च ।
कपालिकेति विज्ञेया दन्तच्छिद्दन्तशर्करा ॥

कपालानि मृण्मयघटादिखण्डानि तेष्विव समलेषु दन्तेषु मलसहितदन्तावयवेषु दीर्यत्सु सत्सु या दन्तशर्करा सा कपालिकेति निर्दिष्टा । सा कपालिका दन्तच्छित् दन्तनाशिनी ॥

મેલ સહિત દાંતના ભાગો ઠીકરાની પેઠે ભાગવા લાગે, તથા દંતશર્કરા પણ થાય, તો તે રોગ દાંતોનો નાશ કરી નાંખનારો કપાલિકા કહેવાય છે.

શ્યાવદંતકનું લક્ષણ.

योऽसृङ्मिश्रेण पित्तेन दग्धो दन्तस्त्वशेषतः ॥ श्यावतां नीलतां वापि गतः स श्यावदन्तकः ॥ दग्धः दग्ध इव ॥

રક્ત તથા પિત્તથી બળી ગયા જેવો થયેલો દાંત સંપૂર્ણ કાળો તથા નીલ વર્ણનો થઈ જાય, તે શ્યાવદંતક કહેવાય છે.

કરાલનું લક્ષણ.

शनैःशनैः प्रकुरुते यत्र दन्ताश्रितोऽनिलः ।
करालान् विकटान् दन्तान् स करालो न सिध्यति ॥ करालान् भयानकान् ॥

વાયુ ધીરે ધીરે દાંતોને ભયાનક અને વિકટ કરી નાંખે છે, તે રોગ કરાલ કહેવાય છે. તે અસાધ્ય છે.

દંતરોગોની ચિકિત્સા.

લાક્ષાદ્ય તૈલ.

तैलं लाक्षारसं क्षीरं पृथक् प्रस्थमितं पचेत् ।
द्रव्यैः पलमितैरेतैः [illegible] चतुर्गुणैः ॥
लोध्र[illegible] ।

चन्दनोत्पलयष्ट्याह्वैस्तत्तैलं वदने धृतम् ॥
दालनं दन्तचालं च दन्तमोक्षं कपालिकाम् ।
शीतादं पूतिवक्त्रं च विरुचिं विरसास्यताम् ॥
हन्यादाशु गदानेतान्कुर्यान्तानपि स्थिरान् ।
लाक्षादिकमिदं तैलं दन्तरोगेषु पूजितम् ॥

लाक्षाद्य तैलम् ॥

જયેદ્વિસ્રાવણૈઃ स्विन्नमचलं कृमिदन्तकम् ।
तथावपीडैर्वातघ्नैः स्नेहगण्डूषधारणैः ॥ भद्रदार्व्यादिवर्षाभूलेपैः स्निग्धैश्च भोजनैः ।
कृमिदन्तापहं कोष्णं हिङ्गुदन्तान्तरे स्थितम् ॥
बृहतीभूमिकदम्बं पञ्चाङ्गुलकण्टकारिकाक्वाथः । गण्डूषस्तैलयुतः कृमिदन्तकवेदनाशमनः ॥ नीलीवायसजङ्घाकटुतुम्बीमूलमेकैकम् । सञ्चूर्ण्य दशनविधृतं दशनकृमिनाशनं प्राहुः ॥ स्नेहानां केवलाः कोष्णाः सर्पिषस्त्रैवृतस्य च । निर्यूहाश्चानिलघ्नानां दन्तहर्षप्रमर्दनाः ॥

त्रैवृतस्य सर्पिष. । त्रिवृतापकस्य सर्पिष कवल इत्यर्थ ॥

स्नेहिकोऽत्र हितो धूमे नस्यं स्नेहिकमेव च ।
पेयारसयवाग्वश्च क्षीरसन्तानिकाघृतम् ॥
शिरोबस्तिर्हितश्चापि क्रमो यश्चानिलापहः ॥

अत्र दन्तहर्षे ॥

अछिदन्दन्तमूलानि शर्करामुद्धरेद्भिषक् ।
लाक्षाचूर्णैर्मधुयुतैस्ततस्तां प्रतिसारयेत् ॥
दन्तहर्षक्रिया चात्र कुर्यान्निरवशेषतः । कपालिका कृच्छ्रतमा तत्राप्येषा क्रिया मता ॥

एषा क्रिया दन्तहर्षक्रिया ॥

फलान्यम्लानि शीताम्बुरूक्षान्नं दन्तधावनम् । तथातिकठिनं भक्ष्यं दन्तरोगी न भक्षयेत् ॥

ચોસઠ તોલા લાખનો રસ; ચોસઠ તોલા લોદર, અને દૂધ, કાયફળ, મજીઠ, કમળકેસર, પદ્મકાષ્ઠ, ચંદન, રક્તકમળ, તથા જેઠીમધના ચોગણા ક્વાથમાં એજ ઔષધોનાં ચાર ચાર તોલા કલ્કો નાખીને તેમાં ચોસઠ તોલા તેલ પકાવીને તે મોઢામાં રાખવાથી દાલન, દાંતોનુ હાલવું તથા પડવું, કપાલિકા, શીતાદ, પૂતિ વક્ત્ર, અરૂચિ, તથા મુખની વિરસતા તુરત હણાઇ જાય છે, તથા દાતો મજબુત થાય છે. આ લાક્ષાદિ તેલ દંતરોગો ઊપર બહુ સારૂ ગણાય છે

સ્થિર થઈ ગયેલા કૃમિદંતક રોગને સ્વેદન દેઈ, લોહી કઢાવીને, વાતહર અવપીડો, સ્નેહના કોગળાઓ, ભદ્રદારૂ આદિગણના તથા સાટોડીના લેપો, અને સ્નિગ્ધ ભોજનો આપીને મટાડવો.

હિંગને જરાક ગરમ કરીને દંતમૂળમાં રાખવાથી કૃમિદંતક મટી જાય છે.

ઊભી ભોરીંગણી, ભોંયકદંબ, ધોળો એરડો, અને બેઠી ભોરીંગણીના ક્વાથમાં તેલ નાખી તેનો કોગળો રાખવાથી કૃમિદંતકની વેદના શાંત થઈ જાય છે.

ગળીનું, રાતી ચંઘેડીનું, કે કડવી તૂંબડીના મૂળનું ચૂર્ણ દાંતોમાં રાખવાથી કૃમિદંતકનો નાશ થાય છે, એમ કહેવામાં આવે છે

સ્હેવાય તેવા સ્નેહોના ગરમ કોગળા, નસોતરથી પકાવેલા ઘીના કોગળા, અને વાતહર પદાર્થોના ક્વાથો દંતહર્ષને મટાડે છે.

સ્નેહના ધૂમાડા તથા નસ્યો, પેયા, રસવાળી યવાગુઓ, દૂધની તર, ઘી, શિરોબસ્તિ,

અને વાતહર ક્રિયાઓ દંતહર્ષ ઊપર હિત-કારી થાય છે

દંતશર્કરા માટે વૈદ્યે દંતમૂલોનું છેદન નહિ કરતા માત્ર શર્કરાને શસ્ત્રથી કાપીને મધથી કાલવેલી લાખનુ ચૂર્ણ તેમાં ઘસવું

દંતહર્ષની ક્રિયાઓ દંતશર્કરા ઉપર પણ કરવી

અત્યંત કષ્ટસાધ્ય હોવા છતાં પણ કપાલિકામાં દંતહર્ષની ચિકિત્સા પણ કરવી.

દાતના રોગીએ ખટાઈ ખાવી નહી, શીતળ પાણી પીવું નહી, રૂક્ષ અન્ન જમવું નહિ, દાતણ કરવુ નહિ, અને બહુ કઠણ પદાર્થ ખાવા નહિ.

જીભના રોગો વિષે.

જીભના રોગોનાં નિદાન તથા નામો.

वातजः पित्तजश्चापि कफजोलाससंज्ञकः। उपजिह्विका च गदा जिह्वायां पञ्च कीर्तिताः॥

વાત, પિત્ત અને કફથી થયેલા, તથા અલાસ, અને ઉપજિવ્હિકા, એ પાચ જીભના રોગો છે.

વાતરોગનું લક્ષણ.

जिह्वानिलेन स्फुटिता प्रसुप्ता भवेच्च शाकच्छदनप्रकाशा ॥

स्फुटिता मनाग्विदीर्णा । प्रसुप्ता रसानामनभिज्ञतया सुप्तेव । शाकच्छदनप्रकाशा शाको मरुभूमिजद्रुमस्तद्वत् कण्टकाचिता ॥

જીભ જરાક ફાટી જાય, ખાટા વિગેરે રસાસ્વાદ ઓળખે નહિ, અને નિર્જળ દેશમાં થતા શાક નામના વૃક્ષના પાન જેવી કાંટાથી ભરેલી હોય, તે વાયુથી થયેલો જીભનો રોગ છે.

પિત્ત રોગનું લક્ષણ.

पित्तात् सदाहैरुपचीयते च दीर्घैः सरक्तैरपि कण्टकैश्च ॥

अय लोके जली इति ख्यात. ॥

બળતરાવાળા, લાંબા અને રાતા કાંટાઓ જીભમાં પિત્તથી થાય છે.

કફરોગનું લક્ષણ.

कफेन गुर्वी बहुलाचिता च मांसोच्छ्रयैः शाल्मलिकण्टकाभैः ॥

बहुला स्थूला । मांसोच्छ्रयैः मासजकण्टकैः ॥

જીભ ભારે, જાડી, અને શેમળાના કાંટા જેવા માંસના કાંટાવાળી થાયછે, તે કફથી થાય છે,

અલાસનું લક્ષણ.

जिह्वातले यः श्वयथुः प्रगाढः सोऽलाससंज्ञः कफरक्तमूर्तिः । जिह्वां स तु स्तम्भयति प्रवृद्धो मूले च जिह्वा भृशमेति पाकम्॥

प्रगाढः प्रकर्षेण गाढो दारुणः । कफरक्तमूर्तिं कफरक्ताभ्यां मूर्तिर्यस्य सः । कफरक्तज इत्यर्थः जिह्वास्तम्भेन वायुरप्यत्र बोद्धव्यः । भृशं-पाकेन पित्त च । अतस्त्रिदोषजोऽयम् असाध्यत्व चास्य ॥

કફ તથા રક્તના પ્રકોપથી જીભના તળામા અતિદારૂણ સોજો થાય છે એ અલાસ કહેવાય છે. તે વધી જીભને અટકાવીને જીભનુ મૂળ પકવેછે. જીભ અટકે છે તે વાયુથી થ.યછે અને તેનું મૂળ પાકેછે તે પિત્તથી થાયછે એ રીતે ત્રણે દોષો તથા રક્તથી આ રોગ થાય છે, માટે તે અસાધ્ય ગણાય છે.

ઉપજિહ્વિકાનું લક્ષણ.

जिह्वाग्ररूपः श्वयथुर्हि जिह्वामुन्नम्य जातः कफरक्तयोनिः । प्रसेककण्डूपरिदाहयुक्तः प्रकथ्यतेऽसावुपजिह्विकेति ॥

जिह्वाग्ररूप जिह्वाग्राकृति ॥

કફ તથા રક્તના પ્રકોપથી જીભને ઊંચી કરીને સોજો થાય છે તે જીભની અણી જેવા આકારનો અને લાળ ઝરવાથી તથા ચળથી યુક્ત દાહવાળો હોયછે તેને અપજિહ્વિકા કહેવામા આવે છે.

જીભના રોગોની ચિકિત્સા.

जिह्वागतविकाराणां शस्तं शोणितमोक्षणम् । गुडूचीपिप्पलीनिम्बकवलः कटुभिः मुखः ॥ ओष्ठप्रकोपेऽनिलजे यदुक्तं प्राक् चिकित्सितम् । कण्टकेष्वनिलोत्थेषु तत्कार्यं भिषजा खलु ॥ पित्तजे परिघृष्टे तु निःसृते दुष्टशोणिते । प्रतिसारणगण्डूषनस्य च मधुरं हितम् ॥ कण्टकेषु कफोत्थेषु लिखितेष्वसृजः क्षये । पिप्पल्यादिर्मधुयुतः कार्यस्तु प्रतिसारणे ॥ उपजिह्वा तु संलिख्य क्षारेण प्रतिसारयेत् । शिरोविरेकगण्डूषधूमैश्चैनामुपाचरेत् ॥ व्योषक्षाराभयावह्निचूर्णमेतत् प्रघर्षणम् । उपजिह्वाप्रशान्त्यर्थमेभिस्तैलं च पाचयेत् ॥

જીભના રોગ માટે લોહી કઢાવવું, તથા તીખા પદાર્થો સહિત પીપર, ગળો, અને લીમડાનો કોગળો રાખવો, તે હિતકારી છે.

વાયુથી થયેલા હોઠના રોગો ઉપરની કહેલી ચિકિત્સાઓ વાયુથી થયેલા જીભના રોગના કાટાઓ ઉપર વૈદ્યે કરવી.

પિત્તના રોગ ઉપર જીભને ઘસીને અગ ઉહુ લોહી કાઢયા પછી મધુર પ્રતિ સારણુ, મધુર કવલો, અને મધુર નસ્યો હિતકારી થાય છે

કફથી થયેલા જીભના કાટાઓને કાઢીનાંખીને પછી પિપ્પલ્યાદિ ગણુનુ મધ મેળવીને પ્રતિસારણુ કરવુ

ઉપજિહ્વિકાને ખોતરીને ક્ષારનુ પ્રતિસારણુ, શિરોવિરેચન, કવલ, તથા ધૂમાડા દેવા.

સૂંઠ, મરી, પીપર, જવખાર, હરડે, અને ચિત્રકનુ ચૂર્ણ ઘસવાથી, અથવા એ ચૂર્ણના કલ્કથી પકાવેલા તેલના કોગળાથી ઉપજિહ્વિકા શાંત થઈ જાય છે

(તાળવાના રોગો વિષે)

તાળવાના રોગોનાં નામો

गलशुण्डीतुण्डकेर्यध्रूषः कच्छप एव च ।
ताल्वर्बुदश्च कथितो मांससङ्घात एव च ।
तालुपुप्पुटनामा च तालुशोषस्तथैव च ।
तालुपाकश्च कथितस्तालुरोगा अमी नव ॥

ગલશુંડી, તુંડકેરી, અધ્રૂષ, કચ્છપ, તાલ્વર્બુદ, માંસ સંઘાત, તાલુપુપ્પુટ, તાલુશોષ, અને તાલુપાક, એમ તાળવાના નવ રોગોછે.

ગલશુંડીનુ લક્ષણુ.

श्लेष्मासृग्भ्यां तालुमूलात् प्रवृद्धो दीर्घः शोथो ध्मातबस्तिप्रकाशः । तृष्णाकासश्वासकृत्तं वदन्ति व्याधिं वैद्याः कण्ठशुण्डीति नाम्ना ॥

ध्मातबस्तिप्रकाश वातपूरितचर्मपुटतुल्य ॥

કફ તથા રક્તના પ્રકોપથી તાળવાના મૂળમા વધેલો, લાંબો, વાયુથી ભરેલા ચામડાના

ઢડા જેવો સોજો થઇને તરશ, ઉધરસ, અને શ્વાસને ઉત્પન્ન કરે છે, તેને વૈદ્યો ગલશુંડી કહે છે.

તુંડકેરીનું લક્ષણ.

शोथं स्थूलस्तोददाहप्रपाकी श्लेष्मास्रग्भ्यां कीर्तिता तुण्डिकेरी ।

तुण्डकेरी वनकार्पासीफल तत्तुल्या ।

કફ તથા રક્તના પ્રકોપથી તાળવામાં ભોંકાયા જેવી પીડા વાળો જાડો અને દાહ તથા પાક વાળો સોજો થાય છે તેને તુંડકેરી કહે છે

અધ્રૂષનું લક્ષણ

शोथः स्तब्धो लोहितः शोणितोत्थोज्ञेयोऽध्रूषः सज्वरस्तीव्ररुक्च ।

રક્તના કોપથી તાળવામાં અક્કડ, રાતો, જ્વરવાળો, અને તીવ્ર વેદના વાળો સોજો થાય છે, તે અધ્રૂષ કહેવાય છે.

કચ્છપનું લક્ષણ.

कूर्मोत्सन्नोऽवेदनः शीघ्रजन्मा रोगो ज्ञेयः कच्छपः श्लेष्मणः स्यात् ।

कूर्मोत्सन्न मध्ये प्रोच्च प्रान्ते नत ॥

કફના પ્રકોપથી તાળવામા કાચબાની પેઠે મધ્યેથી ઊંચો અને છેડેથી નીચો અને થોડી વેદના વાળો સોજો થાય છે તે કચ્છપ કહેવાય છે.

તાલ્વર્બુદનું લક્ષણ

पद्माकारं तालुमध्ये तु शोथं विद्याद्रक्तादर्बुदं पित्तलिङ्गम् ।

पद्माकार पद्मकर्णिकावत् केसरैरिव पार्श्वतो दीर्घैर्मांसाङ्कुरैर्वेष्टितम् ॥

રક્ત પ્રકોપથી તાળવાની મધ્યમાં કમળ કેશરા જેવા લાંબા માંસના અંકુરોથી પડખાંમાં વીંટાયલો તથા સર્વ પિત્તનાં લક્ષણો વાળો સોજો થાય છે, તે તાલ્વર્બુદ કહેવાય છે.

માંસસંઘાતનું લક્ષણ.

दुष्टं मांसं श्लेष्मणा नीरुजं च ताल्वन्तरस्थं मांससंघातमाहुः ।

કફ પ્રકોપથી તાળવામા પીડા વગરનુ બગડેલુ માસ એકત્ર થાય છે તેને માસસઘાત કહે છે.

તાલુ પુપ્પુટનું લક્ષણ.

नीरुक् स्थायी कोलमात्रः कफात्मा मेदोयुक्तः पुप्पुटस्तालुदेशे ।

તાળવામાં કફના પ્રકોપથી પીડા વગરનો, સ્થિર, મેદવાળો અને બોર જેવો ગ્રંથિ ઉત્પન્ન થાય છે તેને તાલુ પુપ્પુટ કહે છે.

તાલુશોષનું લક્ષણ.

शोषोऽत्यर्थं दीर्यते चापि तालु श्वासो वातात्तालुशोषोऽयमुक्तः ।

વાયુના કોપથી તાળવામા અત્યત શોષ પડે, અથવા તાળવું ફાટયા કરે અને શ્વાસ થાય, તે રોગ તાલુશોષ કહેવાય છે.

તાલુપાકનું લક્ષણ.

पित्तं कुर्यात्पाकमत्यर्थघोरं तालुन्येवं तालुपाकं वदन्ति ॥

પિત્ત પ્રકોપથી તાળવુ બહુ ભયકર રીતે પાકે છે તેને તાલુપાક કહે છે.

તાલુરોગની ચિકિત્સા.

कुष्ठोषणवचासिन्धुकणापाठाप्लवैः सह ।
सक्षौद्रैर्भिषजा कार्यं गलशुण्डीप्रघर्षणम् ॥

प्लवः केवटी मोथा गुडतजो इति लोके ।

अङ्गुष्ठाङ्गुलिसन्दंशेनाकृष्य गलशुण्डिकाम्। छेदयेन्मण्डलाग्रेण जिह्वोपरि तु संस्थिताम्॥

मण्डलाग्रेण शस्त्रविशेषेण ।

अत्यादानात् स्रवेद्रक्तं ततः स म्रियते नरः । हीनच्छेदात्स्रवेच्छोथो लालास्रावो भ्रमस्तथा ॥ तस्माद्वैद्यः प्रयत्नेन दृष्टकर्मा विशारदः । गलशुण्डीं तु संछिद्य कुर्यात्सम्यगिमं क्रमम् ॥ पिप्पल्यतिविषाकुष्ठवचामरिचनागरैः । क्षौद्रयुक्तैः सलवणैस्तस्तां प्रतिसारयेत् ॥ वचामतिविषापाठारास्नाकटुकरोहिणी । निःक्वाथ्य पिचुमर्दं च कवलं तत्र कारयेत् ॥ तुण्डिकेर्यध्रुषे कूर्मे संघाते तालुपुप्पुटे । एष एव विधिः कार्यो विशेषः शस्त्रकर्मणि ॥ तालुपाके तु कर्तव्यं विधानं पित्तनाशनम् । स्नेहस्वेदौ तालुशोषे विधिश्चानिलनाशनः ॥

કઠ, મરી, વજ, સિંધવ, પીપર, કાળીપાડ, અને કેવડીમોથનું ચૂર્ણ મધમાં મેળવીને ઘસવાથી ગલશુંડી મટી જાય છે.

ગલશુંડી જીભ ઉપર હોય તો અંગુઠો તથા આંગળીના ચીપીઆથી ખેંચીને મંડલાગ્ર નામના તરવાર જેવા શસ્ત્રથી કાપી નાંખવી. તે બહુ કપાઈ જાય તો વધારે લોહી જવાથી મરણ થાય છે, અને થોડી કપાય તો સોજો, લાળનો સ્રાવ, અને ભ્રમ થાય છે; માટે એવાં છેદનો જેણે બહુ કરેલાં હોય એવા પ્રવીણ વૈદ્યે બહુ સંભાળથી તે કાપવી. કાપ્યા પછી પીપર, અતિવિષ, કઠ, મરી, વજ, અને સૂંઠના ચૂર્ણમાં મધ તથા સિંધવ નાખીને પ્રતિસારણ કરવું, તેમજ વજ, અતિવિષ, કાળીપાડ, રાસ્ના, કડુ, અને લીમડાના ક્વાથનો કવલ પણ કરાવવો.

તુંડકેરી, અધ્રુષ, કચ્છપ, માંસસંઘાત, અને તાલુપુપ્પુટ ઉપર પણ એજ પ્રકાર કરવો, પણ તેની ઉપર શસ્ત્રક્રિયા કરવામા (સુશ્રુતમા કહ્યા પ્રમાણે) ફેરફાર કરવો.

તાલુપાક ઉપર પિત્ત નાશક ચિકિત્સાઓ કરવી.

તાલુશોષ ઉપર સ્નેહન, સ્વેદન, અને વાતહર બીજી ક્રિયાઓ પણ કરવી.

(ગળાના રોગો વિષે.)

ગળાના રોગોનાં નામો.

रोहिणी पञ्चधा प्रोक्ता कण्ठशालूक एव च । अधिजिह्वश्च वलयो बलासश्चैकवृन्दकः ॥ ततो वृन्दः शतघ्नी च गिलायुः कण्ठविद्रधिः । गलौघं च स्वरघ्नश्च मांसतानस्तथैव च ॥ विदारी कण्ठदेशे तु रोगा अष्टादश स्मृताः ।

પાચ પ્રકારની રોહિણી, કઠશાલૂક, અધિજિહ્વ, વલય, બલાસ, એકવૃંદક, વૃંદ, શતઘ્ની, ગિલાયુ, કઠવિદ્રધિ, ગલૌઘ, સ્વરઘ્ન માંસતાન, અને વિદારી, એ રીતે ગળાના રોગો અઢાર છે.

રોહિણીઓનાં નિદાનો.

गलेऽनिलः पित्तकफौ च मूर्च्छितौ प्रदूष्य मांसं च तथैव शोणितम् । गलोपसंरोधकरैस्तथाङ्कुरैर्निहन्त्यसून् व्याधिरियं च रोहिणी ॥

अनिलः मूर्च्छित प्रवृद्धः । कफपित्तौ च मूर्च्छितौ पित्त वा मूर्च्छित कफो वा मूर्च्छित । नतु त्रयोऽपि मूर्च्छिता । पृथक् पृथक् दोषजाया अपि वक्ष्यमाणत्वात् ।

ગળામાં વધેલો વાયુ અથવા પિત્ત કે કફ અથવા એ ત્રણે દોષો, કે રક્ત, (એ પાંચમાનાં) માંસ તથા રક્તને દૂષિત કરીને ગળાનો રોધ કરનારા અંકુરોથી પ્રાણનો નાશ કરે છે, એ રોગ રોહિણી કહેવાય છે.

વાતરોહિણીનું લક્ષણ.

जिह्वासमन्तात् भृशवेदनास्तु मांसाङ्कुराः कण्ठनिरोधनाः स्युः । सा रोहिणी वातकृता प्रदिष्टा वातात्मकोपद्रवगाढजुष्टा ॥

जिह्वा समन्तात् जिह्वायाः सर्वत वातात्मकोपद्रवगाढजुष्टा स्तम्भादिभिरतिशयेन युक्ता ॥

જીભની ચારેમેર અત્યંત વેદનાવાળા અને ગળાને રોકી દેનારા માંસના અંકુરો થાય છે, તેની સાથે વાયુ સંબંધી સ્તબ્ધતા વિગેરે ઉપદ્રવો પણ બહુ થાય છે, તેને વાતરોહિણી કહે છે.

પિત્તરોહિણીનું લક્ષણ.

क्षिप्रोद्गमा क्षिप्रविदाहपाका तीव्रज्वरा पित्तनिमित्तजाता ।

ગળામાં માંસના અંકુરો જલદી થઈ, જલદી દાહ થઈ પાકેછે, અને તીવ્ર જ્વર આવેછે, તે પિત્તરોહિણી કહેવાયછે.

કફરોહિણીનું લક્ષણ.

स्रोतोनिरोधिन्यपि मन्दपाका गुर्वी स्थिरा सा कफसम्भवा तु ।

स्रोतोऽत्र कण्ठस्रोत ।

ગળાની શિરાઓ રૂંધાઇને માંસના અંકુરો થાયછે તે મંદપાકવાળા, ભારે, અને સ્થિર હોયછે, તે કફ રોહિણી કહેવાયછે.

ત્રિદોષજ રોહિણીનું લક્ષણ.

गम्भीरपाकिन्यनिवार्यवीर्या त्रिदोषलिङ्गा त्रिभवा भवेत् सा ।

ઉપર કહેલા ત્રણે દોષોના લક્ષણોવાળા ઊંડાપાકવાળા, અને ન અટકાવી શકાય એવા બળવાળા માંસના અંકુરો ગળામાં થાયછે, તે ત્રિદોષજ રોહિણી છે

રક્તરોહિણીનું લક્ષણ.

स्फोटैश्चिता पित्तसमानलिङ्गा साध्या प्रदिष्टा रुधिरात्मिका तु ।

ફોલ્લાઓ તથા પિત્તના લક્ષણો વાળી રોહિણી રક્તથી થાયછે, અને તે સાધ્યછે.

મારી નાંખવાનો અવધિ.

सद्यस्त्रिदोषजा हन्ति त्र्यहात्कफसमुद्भवा । पञ्चाहात्पित्तसम्भूता सप्ताहात्पवनोत्थिता ॥

ત્રિદોષજ રોહિણી તુરત મારી નાખેછે, કફની રોહિણી ત્રણ દિવસમા મારી નાખેછે, પિત્તની પાચ દિવસે, તથા વાયુની રોહિણી સાત દિવસે મારી નાંખેછે.

કંઠશાલૂકનું લક્ષણ.

कोलास्थिमात्रः कफसम्भवो यो ग्रन्थिर्गले कण्ठकशूकभूतः । खरः स्थिरः शस्त्रनिपातसाध्यस्तं कण्ठशालूकमिति ब्रुवन्ति ॥

कण्टकशूकभूत कण्टकवत् शूकवच्च वेदनाजनक ॥

કાંટા તથા ધાન્યની અણીની પેઠે ગળામાં વેદના વાળો, ખરસટ, સ્થિર, બોરના ઠળિયા જેવડો, અને શસ્ત્રક્રિયાથીજ મટાડી શકાય એવો ગ્રંથિ થાયછે, તે કંઠશાલૂક કહેવાયછે, અને તે કફના પ્રકોપથી થાયછે

અધિજિહ્વિકનું લક્ષણ.

जिह्वाग्ररूपः श्वयथुः कफात्तु जिह्वोपरिष्टादसृजैव मिश्रात् । ज्ञेयोऽधिजिह्वः खलु रोग एष विवर्जयेदागतपाकमेनम् ॥

असृजा मिश्रादेवेत्यन्वय ॥

જીભની અણી જેવા આકારનો જીભ ઉપર થતો સોજો અધિજિહ્વક કહેવાયછે. તે પાકે છે તો તેનો ઉપાય કરવોજ નહિ. તે રક્ત તથા કફથી થાયછે.

વલયનું લક્ષણ.

बलास एवायतमुन्नतं च शोथं करोत्यन्नगतिं निवार्य । तं सर्वथैवाप्रतिवार्यमेव विवर्जनीयं वलयं वदन्ति ॥

પ્રકોપ પામેલો કફ અન્નની ગતિને અટકાવીને ગળામાં લાંબો ઊંચો સોજો કરેછે. ઊંચો સોજો કરેછે આ વલય મટે તેવો નથી, માટે ઉપાય કરવોજ નહિ.

બલાસનું લક્ષણ.

गले तु शोथं कुरुतः प्रवृद्धौ श्लेष्मानिलौ श्वासरुजोपपन्नम् । मर्मच्छिदं दुस्तरमेनमाहुर्बलाससंज्ञं भिषजो विकारम् ॥

मर्मच्छिद् हृदयमर्मणि छेदेनेव वेदनाजनकम् ॥

કફ તથા વાયુ વધવાથી શ્વાસ, પીડા, અને હૃદયના મર્મમા છેદન જેવી પીડા કરનારો સોજો ગળામા થાયછે વૈદ્યલોકો આ આ બલાસને કષ્ટસાધ્ય કહેછે

એકવૃંદનું લક્ષણ.

वृत्तो नतोऽन्तःश्वयथुः सदाहः सकण्डुरोऽपाक्यमृदुर्गुरुश्च । नाम्नैकवृन्दः परिकीर्तितोऽसौ व्याधिर्बलासक्षतजप्रसूतः ॥

अन्तः गलमध्ये । अपाकी ईषत्पाकी । अमृदुः ईषन्मृदु ॥

કફ તથા રક્તના પ્રકોપથી ગોળ, ચળવાળો, નમેલો, જરાક પાકનારો જરાક કોમળ અને મોટો સોજો ગળામાં એકવૃંદ નામનો થાયછે.

વૃંદનું લક્ષણ.

समुन्नतं वृत्तममन्ददाहं तीव्रज्वरं वृन्दमुदाहरन्ति । तच्चापि पित्तक्षतजप्रकोपाद्विद्यात्सतोदं पवनात्मकं तु ॥

પિત્ત તથા રક્તના પ્રકોપથી અત્યંત ઊંચો, ગોળ, બહુ દાહ અને તીવ્ર જ્વરવાળો વૃંદ નામનો સોજો ગળામાં થાયછે તેમાં વાયુ હોયતો શૂળ પણ થાયછે.

શતઘ્નીનું લક્ષણ

वर्तिर्घना कण्ठनिरोधनी तु चितातिमात्रं पिशितप्ररोहैः । अनेकरुक्प्राणहरी त्रिदोषा ज्ञेया शतघ्नीसदृशी शतघ्नी ॥

घना कठिना । अनेकरुक्वातपित्तकफजतोददाहकण्ड्वादियुक्ता । शतघ्नीसदृशीलोहकण्टकसञ्छन्ना । शतघ्नी महती शिलातुल्या । यत्त प्राणहरी ॥

વાત પિત્ત તથા કફથી વ્યથા, દાહ, અને ચળવાળી, કઠણ માંસના અંકુરોથી બહુ વ્યાપ્ત અને કંઠને રોકી દેનારી વાટ થાયછે, આ શતઘ્ની ત્રણેદોષોથી થાયછે, તેથી (લોઢાના કાંટાઓથી ઢંકાયલી શિલાની પેઠે) પ્રાણ લેનારી હોવાથી તે શતઘ્ની કહેવાયછે.

ગિલાયુનું લક્ષણ.

ग्रन्थिर्गले त्वामलकास्थिमात्रः स्थिरोऽ-

ल्परुक्स्यात्कफरक्तमूर्तिः । संलक्ष्यते सक्तमिवाशितं च स शस्त्रसाध्यस्तु गिलायुसंज्ञः॥

કફ તથા રક્તના કોપથી ગળામા આમળાના ઠળિયા જેવડો, સ્થિર, થોડી વેદનાવાળો, અને ગળામા અન્ન અટકી રહ્યું હોય એમ લાગણી કરતો ગિલાયુ નામનો ગ્રંથિ થાયછે, તે શસ્ત્રક્રિયાથી મટેછે

ગલવિદ્રધિનું લક્ષણ.

सर्वं गलं व्याप्य समुत्थितो यो शोफो रुजः सन्ति च यत्र सर्वाः । स सर्वदोषो गलविद्रधिस्तु तस्यैव तुल्यः खलु सर्वजश्च ॥

સર્વ દોષોના પ્રકોપથી સર્વ પ્રકારની પીડાવાળો આખા ગળામાં થયેલો સોજો થાયછે, તે પૂર્વે કહેવાયલા ત્રિદોષજન્ય વિદ્રધિ જેવોજ છે.

ગલૌઘનું લક્ષણ.

शोथो महानन्नजलावरोधी तीव्रज्वरो वायुगतेर्निहन्ता । कफेन जातो रुधिरान्वितेन गले गलौघः परिकीर्तितोऽसौ ॥

वायुगतेर्निहन्ता उदानवायुगतिरोधक. ॥

કફ તથા રક્તના પ્રકોપથી ગળામા અન્ન જળને રોકનાર, તથા ઉદાનવાયુની ગતિને રોકનાર તીવ્રજ્વર વાળો મોટો સોજો થાયછે, તેને ગલૌઘ કહેછે.

સ્વરઘ્નનું લક્ષણ.

यस्ताम्यमानः श्वसिति प्रसक्तं भिन्नस्वरः शुष्कविमुक्तकण्ठः । कफोपदिग्धेष्वनिलायनेषु ज्ञेयः स रोगः श्वसनात्स्वरघ्नः ॥

ताम्यमान तम पश्यन् । शुष्कविमुक्तकण्ठ शुष्को विमुक्तोऽस्वाधीनश्च कण्ठो यस्य स. । अस्वाधीनता मुक्तं गिलितुमशक्यत्वात् । अनिलायनेषु वायुवर्त्मसु । श्वसनाद्वातात् ॥

વાયુના માર્ગો કફથી દુષ્ટ થવાથી અંધારૂ દેખાય, હાફોટો થાય, કંઠસૂકાય, અન્નાદિક ગળી ન શકાય, તથા સ્વર બગડી જાય તે રોગને સ્વરઘ્ન કહેછે, અને તે વાયુથી થાયછે.

માંસતાનનું લક્ષણ.

प्रतानवान्यः श्वयथुः सुकष्टो गलोपरोधं कुरुते क्रमेण । स मांसतानः कथितोऽवलम्बी प्राणप्रणुत्सर्वकृतो विकारः ॥

प्रतानवान् विस्तारवान् । सुकष्ट. अतिशयित कष्ट यत्र स ॥

ગળામા વિસ્તાર વાળો, લટકતો, અને બહુ દુઃખ દેનારો સોજો થઇને કંઠને રૂંધી દેછે. એ માંસતાન નામનો રોગ ત્રણે દોષથી થતો હોવાથી પ્રાણ લેનારો છે.

વિદારીનું લક્ષણ.

सदाहतोदं श्वयथुं सुताम्रमन्तर्गले पूतिविशीर्णमांसम् । पित्तेन विद्याद्वदने विदारीं पार्श्वे विशेषात्स तु येन शेते ॥

स पुरुषो येन पार्श्वेण विशेषाद् बाहुल्येन शेते तस्मिन् पार्श्वे । सा विदारी भवतीत्यर्थ ॥

પિત્તના પ્રકોપથી ગળામાં દાહ અને તીવ્રવેદના વાળો અત્યંત રાતો અને દુર્ગંધિવાળો ખરીજતામાંસવાળો, વિદારી નામનો સોજો થાયછે માણસ જે પડખે વધારે સૂવે છે તે પડખે તે થાય છે.

ગળાના રોગોની ચિકિત્સા.

रोहिणीनां तु साध्यानां हितं शोणितमोक्षणम् । वमनं धूमपानं च गण्डूषो नस्य-

कर्म च ॥ वातजा तु हृते रक्ते लवणैः प्रतिसारयेत् । सुखोष्णान्स्नेहगण्डूषान्धारयेच्चाप्यभीक्ष्णशः ॥ विस्राव्य पित्तसंभूतां सिताक्षौद्रप्रियङ्गुभिः । घर्षयेत्कवलो द्राक्षापरूषैः कथितो हितः ॥ आगारधूमकटुकैः कफजां प्रतिसारयेत् ।

आगारधूम कोल इति लोके । कटुकानि शुण्ठीपिप्पलीमरिचानि ॥

श्वेताविडङ्गदन्तीषु तैलं सिद्धं ससैन्धवम् । नस्यकर्मणि दातव्यं कवलश्च कफोच्छ्रये ॥

श्वेता पराजिता ॥

पित्तवत्साधयेद्वैद्यो रोहिणीं पित्तसम्भवाम् । विस्राव्य कण्ठशालूकं साधयेत्तुण्डिकेरिवत् ॥ एककालं यवान्नं च भुञ्जीत स्निग्धमल्पशः । उपजिह्विकवच्चापि साधयेदधिजिह्वकम् ॥ एकवृन्दं तु विस्राव्य विधिं शोधनमाचरेत् । एकवृन्दमिव प्रायो वृन्दं च समुपाचरेत् ॥ गिलायुश्चापि यो व्याधिस्तं च शस्त्रेण साधयेत् । अमर्मस्थं सुसंपक्वं छेदयेद्गलविद्रधिम् ॥

સાધ્ય રોહિણી માટે તો લોહી કઢાવવુ તે સારૂ છે વમન, ધૂમપાન, કોગળા, અને સહેવાય તેવા ગરમ સ્નેહોના કોગળા પણ કરવા.

પિત્તરોહિણીમા લોહી કઢાવીને સાકર, મધ અને ઘઉંલાનુ પ્રતિસારણુ કરવું અને દ્રાક્ષ તથા ફાલસાનો કવલ કરવો

કફ રોહિણીમા ધુમાડાની મેંશ, સૂઠ, મરી, અને પીપરના ચૂર્ણનુ પ્રતિસારણુ કરવું, અને ધોળીગરણી, વાવડીંગ, તથા નેપાળાના કલ્કથી પકાવેલા તેલનુ તેમા સૈંધવ નાખીને નસ્ય દેવુ, તેમજ ધોળીગરણી, વાવડીંગ, અને નેપાળાનો કવલ (કોગળો) પણ આપવો.

પિત્તરોહિણીની ચિકિત્સા પિત્તહર ઉપાયોથી કરવી.

કંઠશાલુકમા વૈદ્યે લોહી કઢાવ્યા પછી તુંડીકેરીના જેવી ચિકિત્સા કરવી તથા ચોવીસ કલાકમાં એકવારજ જવનુ થોડુંક સ્નિગ્ધ ભોજન આપવું.

અધિજિહ્વકની ચિકિત્સા ઉપજીહ્વિક જેવી કરવી.

એકવૃંદમા લોહી કઢાવીને પછી શોધન વિધિ કરવો.

વૃંદ માટે એકવૃંદના જેવાજ ઉપાયો કરવા

ગિલાયુને શસ્ત્રથી કાપીને મટાડવો.

કંઠવિદ્રધિ મર્મમા ન હોય તથા બહુ પાકયો હોય તો કાપી કાઢવો.

ગળાના રોગોની સામાન્ય ચિકિત્સા.

कण्ठरोगेष्वसृङ्मोक्षैस्तीक्ष्णैर्नस्यादिकर्मभिः । चिकित्सकाश्चिकित्सा तु कुशलोऽत्र समाचरेत् ॥ क्वाथं दद्याच्च दार्वीत्वङ्निम्बतार्क्ष्यकलिङ्गकम् । हरीतकीकषायो वा हितो माक्षिकसंयुतः ॥ कटुकातिविषादारुपाठामुस्तकलिङ्गकाः । गोमूत्रकथिताः पीताः कण्ठरोगविनाशनाः ॥ मृद्वीका कटुका व्योषा दार्वीत्वक् त्रिफला घनम् । पाठा रसाञ्जनं मूर्वा तेजोह्वेति सुचूर्णितम् ॥ क्षौद्रयुक्तं विधातव्यं गलरोगे महौषधम् । योगाश्चैते त्रयः प्रोक्ता वातपित्तकफापहाः ॥ यवाग्रजं तेजवतीं च पाठां रसाञ्जनं दारु निशां सकृष्णाम् । क्षौद्रेण कुर्याद्गुटिकां सुखेन तां धारयेत्सर्वगलामयेषु ॥

ગળાના રોગની ચિકિત્સા પ્રવીણ વૈદ્યે લોહી કઢાવી તથા તીક્ષ્ણ નસ્યો આપીને કરવી.

દારુહળદર, તજ, લીંમડો, રસવંતી, અને ઇંદ્રજવનો કવાથ, અથવા મધ નાખીને હરડેનો કવાથ આપવાથી ગળાંના સર્વ રોગો મટે છે. આ ઉપાય વાયુથી થયેલા ગળાના રોગ માટે ઉત્તમ છે.

કડુ, અતિવિષ, દેવદાર, કાળીપાડ, મોથ, અને ઇંદ્રજવનો કવાથ ગોમૂત્રમાં પીવાથી ગળાના સર્વ રોગો મટી જાય છે. આ ઉપાય પિત્તજ ગલરોગ માટે ઉત્તમ છે.

દ્રાક્ષ, કડુ, સૂંઠ, મરી, પીપર, દારૂ હળદર, પાતળી તજ, ત્રિફળા, મોથ, કાળી પાડ, રસવંતી, પ્રો, અને તેજબળનુ બારીક ચૂર્ણ મધમાં ખાવાથી કફથી થયેલો ગલરોગ મટી જાય છે

જવખાર, તેજબળ, કાળીપાડ, રસવંતી, દારૂહળદર, અને પીપરની મધમાં ગોળી કરી મુખમાં રાખવાથી ગળાના સર્વ રોગો મટી જાય છે.

(સમસ્ત મુખરોગો વિષે.)

સમસ્ત મુખરોગોનાં નિદાનો તથા નામો.

पृथक् दोषैस्त्रयो रोगाः समस्तमुखजाः स्मृताः ॥

વાત, પિત્ત, અને કફથી થયેલા એમ આખા મુખમા ત્રણ જાતના રોગો થાય છે.

વાયુના મુખરોગનું લક્ષણ.

स्फोटैः सतोदैर्वदनं समन्ताद्यस्याचितं सर्वसरः स वातात् ॥

આખા મોઢામાં ચારેમેર પીડાકારક ફોલ્લાઓ થઇ જાય છે, તેને વાત સર્વસર રોગ કહે છે, અને તે વાયુથી થાય છે.

પિત્તના મુખરોગનું લક્ષણ.

रक्तैः सदाहैस्तनुभिः सुपीतैर्यस्याचितं चापि स पित्तकोपात् ॥

દાહવાળા તથા બહુજ પીળા ઝીણા ફોલ્લા આખા મુખમાં થાય છે તેને પિત્ત સર્વસર કહે છે, અને તે પિત્તથી થાય છે.

કફના મુખરોગનું લક્ષણ.

अवेदनैः कण्डुयुतैः सवर्णैर्यस्याचितं चापि स वै कफेन ॥

यत्त उक्तं सुश्रुतेन । अल्पवेदनैरिति ॥

થોડી પીડા તથા ચળ વાળા અને મુખની ચામડી જેવા વર્ણ વાળા ફોલ્લા આખા મોઢામા થાય છે તેને કફ સર્વસર કહે છે, અને તે કફથી થાય છે.

અસાધ્ય મુખરોગો.

ओष्ठप्रकोपे वर्ज्यास्तु मांसरक्तत्रिदोषजाः । दन्तवेष्टेषु वर्ज्यौ तु त्रिलिङ्गगतिसौषिरो ॥ त्रिलिङ्गगतिः त्रिदोषजा नाडी ॥

दन्तेषु च न सिध्यन्ति श्यावदालनभञ्जनाः । जिह्वारोगेष्वलासस्तु तालुजेष्वर्बुदं तथा ॥ स्वरघ्नो वलयो वृन्दो बलासश्च विदारिकाः । गलौघो मांसतानश्च शतघ्नी रोहिणी गले ॥ असाध्याः कीर्तिता ह्येते रोगा दश नवोत्तराः । तेषु चापि क्रियां वैद्यः प्रत्याख्याय समाचरेत् ॥

માંસ, રક્ત, તથા ત્રિદોષથી થયેલા હોઠના રોગો અસાધ્ય છે. ત્રિદોષથી થયેલી નાડી

તથા સૌષિર, એ બે પેઢાંના રોગો અસાધ્ય છે દંતરોગોમા શ્યાવદંતક, દાલન, અને ભંજનક, એ ત્રણ રોગો અસાધ્ય છે. જીભના રોગોમાં અલાસ અસાધ્ય છે. તાલુ રોગોમાં તાલ્વર્બુદ અસાધ્ય છે ગળાના રોગોમાં સ્વરઘ્ન, વલય, વૃંદ, બલાસ, વિદારી, ગલૌઘ, માંસતાન, શતઘ્ની, અને રોહિણી (ત્રણ દોષોની ત્રણ પ્રકારની,) એ નવ રોગો અસાધ્ય છે. આ ઓગણીસ અસાધ્ય રોગોની ચિકિત્સા વૈદ્યે પ્રથમ ના પાડીને પછી કરવી.

આખા મુખના રોગોની ચિકિત્સા.

वातात्सर्वसरं चूर्णैर्लवणैः प्रतिसारयेत् । तैल वातहरैः सिद्धं हित कवलनस्ययोः ॥ पित्तात्मके । सर्वः पित्तहरः कार्यो विधिर्मधुरशीतलः ॥ प्रतिसारणगण्डूषधूमसंशोधनानि च । कफात्मके सर्वसरे क्रमं कुर्यात्कफापहम् ॥ मुखपाके शिरावेधः शिरसश्च विरेचनम् । मधुमूत्रघृतक्षीरैः शीतैश्च कवलग्रहः ॥ जातीपत्रामृताद्राक्षायासदार्वीफलत्रिकैः । क्वाथः क्षौद्रयुतः शीतो गण्डूषो मुखपाकनुत् ॥ कार्यं च बहुधा नित्यं जातीपत्रस्य चर्वणम् । कृष्णाजीरककुष्ठेन्द्रयवचर्वणतस्त्र्यहात् ॥ मुखपाकव्रणक्लेददौर्गन्ध्यमुपशाम्यति । पटोलनिम्बजम्बाम्रमालतीनवपल्लवैः ॥ पञ्चपल्लवजः श्रेष्ठः कषायो मुखधावने । पञ्चवल्कलजः क्वाथस्त्रिफलासम्भवोऽथवा ॥ मुखपाके प्रयोक्तव्यः सक्षौद्रो मुखधावने । स्वरसः कथितो दार्व्या घनीभूतो रसक्रिया ॥ स-क्षौद्रा मुखरोगासृग्दोषनाडीव्रणापहा ॥ सप्तच्छदोशीरपटोलमुस्तहरीतकीतिक्तकरोहिणीभिः । यष्ट्याह्वराजद्रुमचन्दनैश्च क्वाथं पिबेत्पाकहरं मुखस्य ॥

राजद्रुम घनवहेरा इति लोके ॥

तिला नीलोत्पलं सर्पिः शर्करा क्षीरमेव च । क्षौद्राढ्यो दग्धवक्त्रस्य गण्डूषो मुखपाकनुत् ॥ आस्वादिता सकृदपि मुखगन्धं सकलमपनयति । त्वग्बीजपूरफलजा पवनमपाच्यं च वारयति ॥ हरिद्रा निम्बपत्राणि मधुकं नीलमुत्पलम् । तैलमेभिर्विपक्तव्यं मुखपाकहरं परम् ॥ यष्टी मधु पलमेकं त्रिंशन्नीलोत्पलस्य तैलस्य ॥ प्रस्थं तद्द्विगुणपयो विधिना पक्वं तु नस्येन ॥ निशि वदनस्य स्रावं क्षपयति गात्रस्य दोषसंघातम् । कचघर्षत्वमवश्यं क्रमशोऽभ्यङ्गेन जन्तूनाम्

इति मुखरोगाधिकार ॥

ખારાં ચૂર્ણોનુ પ્રતિસારણ તથા વાતહરપદાર્થોથી પકાવેલા તેલના કવલ અને નસ્યોથી વાતસર્વસર મટી જાય છે

શરીરનુ વિરેચન વિગેરેથી સંશોધન કરીને સર્વ પિત્તહર મધુર તથા શીતળ વિધિ કરવાથી પિત્તસર્વસર મટી જાય છે. પિત્ત સર્વસર ઊપર કવલો, પ્રતિસારણો ધૂમપાનો અને સશોધનો પણ પિત્ત હરનારાં કરવા.

કફહર વિધિથી તથા પ્રતિસારણો વિગેરે કફહર હોય તે પણ કરવાથી કફ સર્વસર મટી જાય છે

નસ વીંધીને લોહી કઢાવવાથી, શિરો વિરેચનથી, અને મધ, મૂત્ર, ઘી, દૂધ તથા બીજા શીતળ પદાર્થોના કવલોથી મુખપાક મટી જાય છે.

જાવત્રી, ગળો, દ્રાક્ષ, ધમાસો તથા ત્રિફળાનો કવાથ ટાઢો પાડી મધ નાંખી કોગળા કરવાથી મુખપાક મટી જાય છે.

હમેશાં વારવાર જાવંત્રી ચાવ્યા કરવાથી મુખપાક મટી જાય છે.

કાળીજીરી, કઠ, તથા ઈદ્રજવને ચાવવાથી મુખપાક મટી જાય છે

કાળીજીરી, કઠ, તથા ઈદ્રજવને ચાવવાથી મુખપાક, મુખવ્રણ, મુખનો કલેદ, અને મુખની દુર્ગંધી મટી જાયછે.

કડવા પરવળ, લીમડો, જાબુ, આંબો અને માલતીનાં નવા પાનોના કવાથથી મુખ ધોવું તે બહુ સારૂં છે

મુખપાક ઉપર પચવલ્કલ અથવા ત્રિફળાના કવાથમાં મધ નાખીને તેથી મોઢું ધોઇને સાફ કરવું.

દારૂહળદરના ઘાટા સ્વરસમા મધ નાખીને લેવાથી મુખરોગો, લોહીનો બગાડ, તથા નાડીવ્રણો મટી જાય છે.

સાત્વિન, વાળો, કડવાં પરવળ, મોથ, હરડે, કડુ, જેઠીમધ, ગરમાળો, અને રતાંજલીનો કવાથ પીવાથી મુખપાક મટી જાયછે

તલ, નીલકમળ, ઘી, સાકર, દુધ, અને મધના કોગળા કરવાથી મુખપાક મટી જાય છે. આ ઉપાય બળવાથી થયેલા મુખપાકનો છે. બીજોરાંના ફળની છાલ એકજવાર ખાવાથી પણ મુખની દુર્ગંધ તથા અપાનવાયુ મટી જાય છે

હળદર, લીમડાના પાન, જેઠીમધ અને નીલકમળ એ ચાર પદાર્થોથી પકાવેલા તેલના કોગળા વિગેરે કરવાથી મુખપાક અવશ્ય મટી જાય છે.

જેઠીમધ ચારતોલા તથા ૧૨૦ તોલા નીલકમળના કલ્કથી ૧૨૮ તોલા મધમાં પકાવેલા તેલના નસ્યથી રાત્રે થતો મુખસ્રાવ અને શરીરના પુષ્કળ દોષો નાશ પામેછે. આ તેલના અભ્યંગથી જૂ વિગેરે જતુઓથી થતો વાળનો નાશ પણ અટકી જાય છે.

વિષ (ઝેર)નો અધિકાર.

વિષના બે પ્રકારો.

स्थावरं जङ्गमं चैव द्विविधं विषमुच्यते। दशाधिष्ठानमाद्यं तु द्वितीयं षोडशाश्रयम्॥

સ્થાવર અને જગમ એમ ઝેર બે પ્રકારનુ કહેવાય છે. સ્થાવરના દશ અને જગમના સોળ આશ્રયો છે.

સ્થાવર ઝેરના દશ આશ્રયો.

मूलं पत्रं फलं पुष्पं त्वक् क्षीरं सारमेव च। निर्यासो धातवः कन्दः स्थावरस्याश्रया दश॥

तद्यथा मूलविष करवीरादि। पत्रविष लवादि। फलविष कर्कोटकादि। पुष्पविषं वेत्रादि। त्वक्सारनिर्यासविषाणि करम्भादीनि। क्षीरविष स्नुह्यादि। धातुविष हरिताळादि। कन्दविष वत्सनाभशक्तुकादि॥

મૂળ, પાન, ફળ, ફુલ, છાલ, ક્ષીર, સાર, ગુદર, ધાતુ; તથા કદો, એમ દશ પ્રકારનાં સ્થાવર વિષોછે. કણેર વિગેરેના મૂળો, કડવી દૂધી વિગેરેનાં પાનો, કુકડવેલ વિગેરેના ફળો; નેતર વિગેરેના ફુલો, ધોળી ચણોઠી વિગેરેની છાલ, સાર, તથા ગુદરો, થોર વિગેરેનાં દૂધો, હરતાળ વિગેરે ધાતુઓ તથા વછનાગ અને શકતુક વિગેરેના કદો ઝેરી છે.

જંગમ ઝેરના સોળ આશ્રયો.

दृष्टिनिःश्वासदंष्ट्राश्च नखमूत्रमलानि च । शुक्रं लालामुखं स्पर्शःसदंशश्चाविशर्दितम् ॥ गुदास्थिपित्तशूकानि दश षट् जङ्गमाश्रयाः॥

तद्यथा । दृष्टिनिःश्वासविषा दिव्या सर्पा । दंष्ट्राविषा भौमसर्पा । दंष्ट्रानखविषा व्याघ्रादय । मुत्रपुरीषविषा गृहगोधिकादय. । शुक्रविषा मुषिकादय. । लालाविषा. लुतादय । लालास्पर्शमूत्रपुरीषशुक्रमुखसदंशावशर्दितगुदविषाश्चित्रशीर्षादय । अस्थिविषा सर्पादय । पित्तविषा शकुलमत्स्यादय. । शूकविषा भ्रमरादयः ॥

દૃષ્ટિ, નિશ્વાસ, દાઢ, નખ, મૂત્ર, વિષ્ઠા, વીર્ય, લાળ, મુખ, સ્પર્શ, આકડો, અધોવાયુ, ગુદા, અસ્થિ, પિત્તો, અને મુખની અણી, એમ સોળ પ્રકારના જગમ વિષો છે. દિવ્ય સર્પોની દૃષ્ટિ તથા નિઃશ્વાસમાં ઝેર છે પૃથ્વિના સર્પોની દાઢમાં, વાઘ વિગેરેની દાઢ તથા નખોમાં, ઢેઢગરોળી વિગેરેનાં મૂત્ર તથા વિષ્ઠામા, ઊંદર વિગેરેના વીર્યમાં, કરોળિયા વિગેરેની લાળમાં; ચિત્રશિર્ષ પ્રાણી વિગેરેની લાળ, સ્પર્શ, મૂત્ર, વિષ્ઠા, વીર્ય, મુખ, આંકડો, અધોવાયુ તથા ગુદામા, સર્પો વિગેરેના અસ્થિઓમા, શકુલવિગેરે મત્સ્યોનાં પિત્તાઓમા, અને ભ્રમર વિગેરેના મુખની અણીઓમા ઝેર હોય છે.

(સ્થાવર વિષોનાં સામાન્ય કાર્યો).

ઝેરી મૂળના વિષનું કાર્ય.

उद्वेष्टनं मूलविषैर्मोहः प्रलपनं तथा ॥

મૂળના ઝેરથી ગોટલીઓ ચઢેછે. મોહ અને પ્રલાપ થાય છે.

ઝેરી પત્રના વિષનું કાર્ય.

जृम्भणं वेपनं श्वासो नृणां पत्रविषैर्भवेत् ॥

ઝેરી પાંદડાના ઝેરથી બગાસા, કંપ, અને શ્વાસ થાય છે.

ઝેરી ફળના વિષનું કાર્ય.

मुष्कशोथः फलविषैर्दाहोद्वेषश्च भोजने ॥

ઝેરી ફળના વિષથી વૃષણોમા સોજો, દાહ, અને ભોજન ઊપર અરૂચિ થાય છે

ઝેરી ફૂલના વિષનુ કાર્ય.

भवेत्पुष्पविषैश्छर्दिराध्मानं मूर्च्छनं तथा ॥

ઝેરી ફૂલના વિષથી ઉલટી, આફરો અને મૂર્ચ્છા થાય છે.

છાલ, સાર, તથા ગુદરનાં વિષોનાં કાર્ય.

त्वक्सारनिर्यासविषैरुपभुक्तैर्भवन्ति हि । आस्यदौर्गन्ध्यपारुष्यशिरोरुक्कफसंस्रवाः ॥

ઝેરી છાલ, સાર, અને ગુંદરના વિષોથી મુખમા દુર્ગંધ, માથામા વેદના, શરીરમાં રૂક્ષતા, અને કફનો સ્રાવ થાય છે.

ઝેરી ક્ષીરના વિષનું કાર્ય.

फेनागमः क्षीरविषैर्विड्भेदो गुरुजिह्वता ॥

ઝેરી ક્ષીરના વિષથી મુખમા ફીણ આવેછે, રેચ લાગેછે, અને જીભ ભારે થઇ જાય છે.

ઝેરી ધાતુનાં વિષનુ કાર્ય.

हृत्पीडनं धातुविषैर्मूर्च्छा दाहश्च तालुनि ।

ઝેરી ધાતુના વિષથી હૃદયમા પીડા, મૂર્ચ્છા, અને તાળવામા દાહ થાય છે.

ઊપરનાં નવ વિષોનાં મરણનો અવધિ.

प्रायेण कालघातीनि विषाण्येतानि निर्दिशेत् ॥

एतानि मूलादिविषाणि नव कालघातीनि कालान्तरमारकाणि ॥

ઉપર લખેલાં મૂલાદિનવ વિષો ઘણું કરીને કાળાંતરે મારી નાંખનારાં છે.

કંદવિષનું કાર્ય

कन्दजैर्वेपथुस्तम्भशिरोरोगादयः स्मृताः ।

કંદવિષથી કંપ, સ્તબ્ધતા, માથામાં પીડા, પેટનો વધારો, ઉલટી, હેડકી, અને સોજો, વિગેરે થાય છે

કંદવિષના મરણનો અવધિ.

कन्दजान्युग्रवीर्याणि यान्युक्तानि त्रयोदश ।

સુશ્રુતાદિમાં કહેલાં તેર પ્રકારનાં કંદવિષો ઉગ્ર શક્તિવાળાં (તરત મારી નાખનારાં) છે.

વિષની પરીક્ષા.

सर्वाण्येतानि कुशलैर्ज्ञेयानि दशभिर्गुणैः ॥
स्थावरं जङ्गमं वापि कृत्रिमं चापि यद्विषम् ।
सद्यो निहन्ति तत्सर्वं गुणैश्च दशभिर्युतम् ॥

ઝેરોના દશગુણો ઉપરથી હુશિયાર વૈદ્યે સર્વ વિષોની પરીક્ષા કરવી, સ્થાવર, જંગમ, કે કૃત્રિમ ઝેર જો એ દસે ગુણો વાળુ હોય તો તે તરત મારી નાંખે છે

ઝેરના દશ ગુણો.

रूक्षमुष्णं तथा तीक्ष्णं सूक्ष्ममाशु व्यवायि च । विकाशि विशदं चैव लघ्वपाकि च ते दश ॥ तद्रौक्ष्यात्कोपयेद्वायुमौष्ण्यात्पित्तं सशोणितम् । तैक्ष्ण्यान्मतिं मोहयति मर्मबन्धांश्छिनत्ति हि ॥ शरीरावयवान् सौक्ष्म्यात्प्रविशेद्विकरोति च । आशुत्वादाशु तन्मोक्तं व्यवायात्प्रकृतिं हरेत् ॥ विकाशित्वात् क्षपयति दोषान् धातून्मलानपि । अतिरिच्यते च वैशद्यात् दुश्चिकित्स्यं च लाघवात् ॥ दुर्जरं चाविपाकित्वात् तस्मात् क्लेशयते चिरम् ।

રૂક્ષતા, ઉષ્ણતા, તીક્ષ્ણતા, સૂક્ષ્મતા, આશુતા, વ્યવાયિતા, વિકાશીતા, વિશદતા, લઘુતા અને અપાકીપણું એ દશ ગુણો ઝેરોનાછે. ઝેર રૂક્ષતાથી વાયુને કોપાવે છે, ઉષ્ણતાથી પિત્ત તથા રક્તને કોપાવે છે, તીક્ષ્ણતાથી બુદ્ધિને મુગ્ધ કરે છે તથા મર્મોના બંધોને કાપી નાખે છે, સૂક્ષ્મતાથી શરીરના અવયવોમાં પેસી જાય છે. આશુતાથી શરીરમાં તુરત ફરી વળીને વિકારો કરેછે, અને વ્યવાયિતાથી પ્રકૃતિને ફેરવી નાખેછે; વિકાશિતાથી દોષો, ધાતુઓ અને મળોનો ક્ષય કરી નાખેછે; વિશદતાથી બારેજોર દેખાડેછે, અને લઘુતાથી ચિકિત્સા માડમાંડ થવા દેછે. આવાગુણોથી ઝેરો લાબા દિવસ સુધી દુ:ખકર થઇ પડેછે.

ઝેરી શસ્ત્રનું લક્ષણ.

सद्यः पाकं याति यस्य क्षतं तत्स्रवेद्रक्तं पच्यते चाप्यभीक्ष्णम् । कृष्णीभूतंक्लिन्नमत्यर्थपूति क्षतान्मांसं शीर्यते यस्यवापि ॥ तृष्णातापौ दाहमूर्च्छे च यस्यादिग्धैर्विद्धं तं मनुष्यं व्यवस्येत् ॥

पच्यते चाप्यभीक्ष्ण पुन. पुन पाकमेति । तापः बहि स्थित. । दाहोऽभ्यन्तरे । यः कुर्यादित्यत्र क्षत कर्तृपद बोद्धव्यम् ॥

જખમ તુરત પાકે, તેમાથી લોહી નીકળ્યા કરે, વારવાર પાકયા કરે, તેમાથી કાળુ અતિ દુર્ગંધી માંસ પડયા કરે, બહારથી તાપ

લાગ્યા કરે, અંદર પણ દાહ થાય અને મૂર્છા થાય, તો તેને ઝેર પાયેલું શસ્ત્ર વાગ્યું છે એમ જાણવું.

ઝેર ખવાડનારની પરીક્ષા.

इङ्गितज्ञो मनुष्याणां वाक्चेष्टामुखवैकृतैः ।
जानीयाद्विषदातारमेभिर्लिङ्गैश्च बुद्धिमान् ॥
न ददात्युत्तरं पृष्टो विवक्षुर्मोहमेति च ।
अपार्थं बहुसङ्कीर्णं भाषते चापि मूढवत् ॥
अङ्गुलीः स्फोटयेदुर्वीं विलिखेत्प्रहसेदपि ।
वेपथुश्चास्य भवति त्रस्तश्चैकैकमीक्षते ॥ वि-
वर्णवक्त्रोध्यामश्च नखैः किञ्चिच्छिनत्ति च ।
आलभेतासकृद्दीनः करेण च शिरोरुहान् ॥
निर्यियासुरपद्वारैर्वीक्षते च पुनः पुनः ।
वर्तते विपरीतं च विषदाता विचेतनः ॥

इङ्गितमभिप्रायसूचकम् । आकार मुखवैकृत मुखवैवर्ण्यादि । एभिर्लिङ्गैर्वक्ष्यमाणै. । न ददात्युत्तरं पृष्ट । स्वीयासत्कर्मजनितव्यामोहात् सकीर्णत्वम् । अस्फुट भयजनितपर्वव्यथपानोदायाङ्गुली स्फोटयेत् प्रहसेत् । अहेतावपि ध्याम दग्दसमानवर्ण· । आलभेत् स्पृशेत् विपरीत यथा स्यादेव वर्तते ॥

માણસોની સ્વાભાવિક ચેષ્ટાઓ ઉપરથી જનસ્વભાવને જાણી જનારા વિદ્વાન વૈદ્ય વાણી, ચેષ્ટા, તથા મુખના વિકારો રૂપી નીચેના લક્ષણો ઉપરથી ઝેર આપનારને ઓળખી લેવો જે માણસ પૂછયા છતા પોતાના કુકર્મનો જવાબ ભયથી ન આપીશકે, બોલતા ગભરાઈ જાય, મૂઢતાથી ઘણુ નકામુ અને ગડબડીયુ બોલે, ભયથી થતી સાધાની પીડા આગળીના ટચાકા ફોડીને મટાડે, કારણ વગર હસે, પૃથ્વી ખોતરે, ધ્રુજે, ભયથી એક બીજાની સામુ જોયા કરે, મુખનો વર્ણ બગડી જાય, વર્ણ બળેલા જેવો થઈ જાય, નખ ખોતર્યા કરે, રંક બનીને હાથવડે કેશને અડ્યા કરે, બીજા દ્વારોથી નીકળી જવાને વારંવાર જોયાકરે, વિપરીત રીતે વર્તે, તથા ભાન રહિત થઈ જાય, તેને ઝેર આપનારો જાણવો.

જંગમ વિષોનાં સામાન્ય કાર્યો.

निद्रां तन्द्रां क्लमं दाहं सम्पाकं लोमहर्षणम् ।
शोथं चैवातिसारं च कुरुते जङ्गमं विषम् ॥

જંગમ ઝેરો નિદ્રા, તદ્રા, ગ્લાનિ, દાહ, પાક, રોમોદ્ગમ, સોજો તથા અતિસાર કરેછે

અતિ તીક્ષ્ણ સર્પો વિષે.

वातपित्तकफात्मानो भोगिमण्डलिराजिलाः ।
यथाक्रमं समाख्याता द्व्यन्तरा द्वन्द्वरूपिणः ॥ फणिनो भोगिनो ज्ञेयाः संख्यातास्तेऽत्र विंशतिः । मण्डलैर्विविधैश्चित्राः पृथवो मन्दगामिनः । षट् ते मण्डलिनो ज्ञेया ज्वलनार्कविषाः स्मृताः ॥ स्निग्धा विविधवर्णाभिस्तिर्यगूर्ध्वं च राजिभि. । विचित्रा इव ये भान्ति राजिलास्ते हि तेऽपि षट् ॥

एते यथाक्रम वातपित्तकफात्मान । द्व्यन्तरा द्वे अन्तरे भेदौ येपा ते द्व्यन्तरा. यथा भोगिनो मण्डलिन्या जाता इत्यादि ॥

ઘણુ કરીને ભોગીજાતના તથા મડલી અને રાજીલ જાતના, એમ સર્પો ત્રણ જાતના છે તેમા ભોગીસર્પો વાત પ્રકૃતિના, મડલી પિત્તમય, અને રાજિલ કફમય છે. એક જાતનો સર્પ અને બીજી જાતની સર્પિણી, એથી ઉત્પન્ન થતા સર્પો બે બે પ્રકૃતિના હોય-છે ફણાવાળા સર્પોભોગી કહેવાય છે અને તેઓના વીશ ભેદો છે, વિવિધ મડળોથી

વિચિત્ર, પહોળા અને મંદગતિવાળા મંડલી સર્પો અગ્નિ તથા સૂર્ય જેવા અતિ ઉગ્ર ઝેરી હોય છે, તેના છ ભેદો છે, અને સ્નિગ્ધ તથા આડી અને ઊભી વિવિધ વર્ણોની રેખાઓ વાળા વિચિત્ર દેખાતા રાજિલ સર્પોના પણ છ ભેદો છે.

સર્પ દંશોનાં લક્ષણો.

दंशो भोगिकृतः कृष्णः सर्ववातविकारकृत् । पीतो मण्डलिनः शोथो मृदु· पित्तविकारवान् ॥ राजिलोत्थो भवेद्दंशः स्थिरशोथश्च पिच्छिलः । पाण्डुः स्निग्धोऽतिसान्द्रासृक्सर्वश्लेष्मविकारवान् ॥

ભોગીનો દંશ કાળો અને તે સર્વ વાયુના વિકારો કરનારો હોયછે, મંડળીનો દંશ પીળો સોજા વાળો તથા સર્વ પિત્તવિકારો કરનારો હોયછે, અને રાજિલનો દંશ સ્થિર સોજા વાળો, ચીકણો, પાંડુ, સ્નિગ્ધ, અતિશય ઘાટા રૂધિરવાળો, તથા સર્વ કફવિકારો કરનારો છે.

દંશનું અસાધ્યપણું.

अश्वत्थदेवायतनश्मशानवल्मीकसन्ध्यासु चतुष्पथेषु । याम्ये च पित्र्ये परिवर्जनीया ऋक्षे नरा मर्मसु ये च दष्टाः ॥

याम्ये भरण्या । पित्र्ये मघायाम् ॥

પીપળો, દેવમંદિર, સ્મશાન, રાફડો, ચૌટુ એ સ્થાનોમા અને સંધ્યાકાળ, ભરણી નક્ષત્ર, અને મઘા નક્ષત્રમા કરડેલા સર્પનો દંશ અસાધ્યછે. મર્મસ્થળોનો દંશ પણ અસાધ્ય છે

દર્વીકર સર્પો વિષે.

दर्वीकराणां विषमाशु हन्ति मेघानिलोष्णे द्विगुणा भवन्ति ॥ उष्णे उष्णसयोगे ॥

रथाङ्गलाङ्गलच्छत्रस्वस्तिकाङ्कुशधारिणः। ज्ञेया दर्वीकराः सर्पाः फणिनः शीघ्रगामिनः॥

દર્વીકર જાતિના સર્પોનું ઝેર તરત મારી નાખેછે, અને તેઓ વરસાદ, પવન, અને ગરમીના સયોગમા બમણા થાયછે. જે સર્પો ચક્ર, હળ, સાથિયો, કે અંકુશના ચિન્હોવાળા, તથા ફણાવાળા અને ઊતાવળી ગતિવાળા હોય છે; તેઓ દર્વીકર કહેવાય છે.

તરત મારનાર ઝેર વિષે

अजीर्णपित्तातपपीडितेषु बालेषु वृद्धेषु बुभुक्षितेषु । क्षीणे क्षते मेहिनि कुष्ठजुष्टे रूक्षेऽबले गर्भवतीषु चापि ॥ शस्त्रक्षते यस्य न रक्तमस्ति राज्यो लताभिश्च न सम्भवन्ति । शीताभिरद्भिश्च न रोमहर्षो विषाभिभूत परिवर्जयेत्तम् ॥ जिह्मं मुखं यस्य च केशशातो नासावसादश्च सकण्ठभङ्गः । कृष्णश्च रक्तः श्वयथुश्च दंशे हन्वोः स्थिरत्वं च विवर्जनीयम् ॥

केशशातः आकर्षणात् नासावसादः नासाया. नतत्वम् । कण्ठभङ्ग ग्रीवाधारणाशक्ति. । हन्वो स्थिरत्व हनुद्वयस्तम्भ ॥

वान्तिर्घना यस्य निरेति वक्त्राद्रक्तं स्रवेदूर्ध्वमधश्च यस्य । दंष्ट्रानिपातांश्चतुरश्च पश्येद्यस्यापि वैद्यैः परिवर्जनीयः ॥

यस्य च नासामुखलिङ्गगुदादिभ्योरक्त स्रवेत् ॥

उन्मत्तमत्यर्थमुपद्रुतं वा हीनस्वरं वाप्यथवा विवर्णम् । सारिष्टमत्यर्थमवेगिनं च जह्यान्नरं तत्र न कर्म कुर्यात् ॥

अत्यर्थमुपद्रुतं वा ज्वरातिसारादिभिरतिशयेनोपद्रुत । हीनस्वरं वक्तुमक्षम । विवर्णं कृष्णवर्णं

सारिष्टं नासाभङ्गादियुक्तम् । अवेगिन वेगो विषवेग । लहरी इति लोके तद्रहित ॥

અજીર્ણવાળો, પિત્તવાળો, તડકે ચાલેલો, બાળકો, વૃદ્ધો, ભૂખ્યાઓ, નબળાઓ, ક્ષત તથા પ્રમેહવાળા, કોઢીયા અને રૂક્ષ દેહવાળા, નિર્બળો, તથા ગર્ભવતી સ્ત્રીઓ એમને ઝેર તરત મારી નાખેછે ઝેર વાળાને ટાઢુપાણી છાટવાથી રૂવાડાં ઊભા થતા હોય તેની ચિકિત્સા કરવી નહિ જેનુ મુખ વાકું થઇ ગયુ હોય, ખેંચવાથી વાળ નીકળી પડતા હોય, નાક નમી ગયુ હોય, કંઠ સ્થિર રાખવાની શક્તિ જતી રહી હોય, દશમા કાળો કે રાતો સોજો થયો હોય, અને બને જડબા સ્તબ્ધ થઇ ગયાં હોય, તેની પણ ચિકિત્સા કરવી નહિ. મુખમાંથી જાડી ઉલટી થતી હોય, નાક, મુખ, ગુદા અને લિંગમાંથી લોહી સ્રવતું હોય, અને ચારે દાઢો પડી ગયેલી દેખાતી હોય, તેની પણ વૈદ્યે ચિકિત્સા કરવી નહિ. ઉન્મત્ત, જ્વરવાળો, અતિસાર વાળો, બોલી નહિ શકનાર, જેનો વર્ણ કાળો પડીગયો હોય ને નાક નમી ગયેલું વગેરે અરિષ્ટ વાળો, અને ઝેરની લેહેરો વગરનો બની ગયો હોય, તેની પણ ચિકિત્સા નહિ કરતા છોડી દેવો, કેમકે એવા લોકો ઝેરથી તરત મરીજ જાય છે

દૂષી વિષ (ઝેર) વિષે.

जीर्णं विषघ्नौषधिदूषितं वा दावाग्निवातातपशोषितं वा । स्वभावतो वा गुणविप्रहीनं विषं हि दूषीविषतामुपैति ॥

जीर्णम् अतिपुराण विषघ्नौषधिदूषित विषघ्नीभिरोषधीभिर्हीनवीर्यं कृत स्वभावतो वा गुणविप्रहीन स्वभावादेव दशाना गुणाना मध्ये एकद्वित्र्यादिगुणहीनम् ॥

અત્યત જીર્ણ થઇ ગયેલું, અથવા વિષહર દવાઓથી નબળુ પડી ગયેલુ, અથવા દાવાગ્નિ, વાયુ, કે તડકાથી સૂકાઇ ગયેલુ, અથવા દશ ગુણોમાંથી સ્વાભાવિક રીતેજ એક, બે, કે ત્રણ ગુણો ઓછા થઇ ગયેલા હોય, એવુ ઝેર દૂષીવિષ કહેવાય છે.

દૂષી વિષનું કાર્ય.

वीर्याल्पभावान्न निपातयेत्तत्कफान्वितं वर्षगणानुबन्धि । तेनार्दितो भिन्नपुरीषवर्णो तिगन्धि वैरस्ययुतः पिपासी ॥ मूर्च्छां भ्रमं गद्गदवाग्वमिं च विचेष्टमानो रतिमाप्नुयाद्वा ॥

न निपातयेत् न मारयति । कफान्वित कफेन मन्दीकृतोष्णादिगुणम । वर्षगणानुबन्धि कफेनाग्नेर्मान्द्यादपाकाच्चिरस्थायि । तथा दूषीविषार्दितो भिन्नपुरीषवर्णं भिन्नपुरीष उद्गतमल । भिन्नवर्णो विवर्णः विचेष्टमान विरुद्धा चेष्टां कुर्वन् । मूर्च्छादीन् व्याधींल्लभते ॥

થોડી શક્તિવાળું હોવાથી દૂષિવિષ મારી નાખતું નથી, પણ તેના ઉષ્ણુતા વિગેરે ગુણો કફથી મદથવાને લીધે, તથા કફથી મદાગ્નિ થઇને એ ઝેર પાકતું નથી, તેથી તે ઘણાં વર્ષો સૂધી શરીરમા રહેછે. આવા માણસને દસ્ત પાતળો આવેછે, શરીરનો વર્ણ બગડી જાયછે, મુખ વિરસ થાય છે, તરસ લાગ્યા કરે છે. વિરૂદ્ધ ચેષ્ટાઓ થાય છે. ચેન પડતું નથી. તથા મૂર્છા અને ભ્રમ તથા વાણી ગદગદ થાય છે. તથા વમન વિગેરે વ્યાધિઓ થાયછે.

દૂષી વિષનાં સ્થાનો.

आमाशयस्थे कफवातरोगी पक्वाशय-

स्थेऽनिलपित्तरोगी । भवेत्समुद्ध्वस्तशिरोऽङ्गरुट्को विलूनपक्षश्च यथा विहङ्गः ॥

समुद्ध्वस्तशिरोऽङ्गरुट्क समुद्ध्वस्ता शिरोरुहाः केशा. अङ्गरुहाणि लोमानि यस्य सः । एतदपि लिङ्ग पक्वाशयस्थे दूषीविषे बोद्धव्यम् ॥

स्थितं रसादिष्वथ तद्यथोक्तान्करोति धातुप्रभवान्विकारान् ॥

तत्र दूषीविषे यथोक्तान्सुश्रुते व्याधिसमुद्देशीयोक्तान् ॥

દૂષીવિષ આમાશયમાં હોયતો કફ તથા વાતરોગો થાય છે, પકવાશયમાં હોય તો પિત્ત રોગો તથા વાતરોગો થાય છે. વાળ તથા રૂંવાડા ખરીપડેછે, તથા પાંખોકપાઈ ગયેલા પક્ષીના જેવી સ્થિતિ થાયછે, રસાદિ ધાતુમા હોય તો સુશ્રુતમાં સૂત્ર સ્થાનના વ્યાધિસમુદ્દેશીય નામના ચોવીસમા અધ્યાયમા કહ્યા પ્રમાણે ધાતુ સબંધી વિકારો થાય છે.

દૂષીવિષના પ્રકોપના સમયો.

कोपं तु शीतानिलदुर्दिनेषु यात्याशु पूर्वं शृणु तस्य रूपम् ॥

અતિ શીતકાળ, અતિ પવનનો સમય અને અતિવાદળાંના સમયોમાં દૂષીવિષ તુરત પ્રકોપ પામેછે. હવે એ પ્રકોપનુ પૂર્વરૂપ કહું છું તે સાંભળો.

દૂષીવિષના પ્રકોપનું પૂર્વરૂપ

निद्रा गुरुत्वं च विजृम्भणं च विश्लेषहर्षावथ वाङ्गमर्दः ॥

विश्लेष गात्रशैथिल्य । हर्षः रोमाञ्च. ॥

નિદ્રા, શરીરમા ભાર, બગાસાં, ગાત્રોની શિથિલતા, રોમોદ્ગમ, અથવા અંગભંગ, એ દૂષીવિષના પ્રકોપનાં પૂર્વરૂપો છે.

દૂષીવિષના પ્રકોપનું સ્વરૂપ.

ततः करोत्यन्नमदाविपाकावरोचकं मण्डलकोटजन्म । मांसक्षयं पाणिपदे प्रशोथं मूर्च्छां तथा छर्दिमथातिसारम् ॥ दूषीविषं श्वासतृषे ज्वरांश्च कुर्यात्प्रवृद्धिं जठरस्य चापि ॥

अन्ने भुक्ते पूगफलेनेव मद. अविपाक अन्नस्य॥

દૂષિવિષ પ્રકોપ પામેછે ત્યારે સોપારીના જેવો મીણો અન્ન જમતાં ચડે છે, અન્ન પચતું નથી, તથા અરૂચિ, મંડળ તથા ફોલ્લા થાયછે, માંસક્ષય થાયછે, હાથ પગમાં સોજો થાય છે, મૂર્છા તથા ઉલટી અને અતિસાર થાયછે, શ્વાસ થાયછે, તૃષા લાગેછે, જ્વર આવે છે, અને પેટ વધે છે.

દૂષીવિષના વિકારો.

उन्मादमन्यज्जनयेत्तथान्यदानाहमन्येत्क्षपयेच्च शुक्रम् । गाद्गद्यमन्यज्जनयेच्च कुष्ठं तांस्तान्विकारांश्च बहुप्रकारान् ॥

अन्यत् दूषीविषं तांस्तान्विकारान्विसर्पविस्फोटादीन् ॥

કોઇ દૂષીવિષથી ઉન્માદ થાય છે, કોઇથી આનાહ થાયછે, કોઇથી વીર્ય ક્ષીણ થાય છે કોઇ ગદગદ વાણી કરે છે, કોઈ કોઢને તથા કોઇ ઘણી જાતના વિસર્પો તથા વિસ્ફોટકાદિને ઉત્પન્ન કરે છે.

દૂષી વિષનો શબ્દાર્થ

दूषितं देशकालान्नदिवास्वप्नैरभीक्ष्णशः । यस्मात् सन्दूषयेद्धातूंस्तस्माद्दूषीविषं स्मृतम्॥

देशः आनूपादि । कालो दुर्दिनादिः । अन्नं कुलत्थतिलमसुरादि । धातुदूषकत्वाद्दूषीविषम् ॥

દેશ, કાળ, અન્ન તથા દિવસે સૂવાથી વારવાર દૂષિત થઇને ઝેર ધાતુઓને દૂષિત કરેછે, માટે તે દૂષીવિષ કહેવાય છે. જળપ્રાય દેશથી, વાદળાંના સમય અને કાળથી, કળથી, તલ, મસૂર, વગેરે અન્નોથી ઝેર દૂષિત થાય છે.

દૂષી વિષની સાધ્યાસાધ્યતા.

साध्यमात्मवतः सद्योयाप्यं संवत्सरोत्थितम् । दूषीविषमसाध्यं स्यात्क्षीणस्याहितसेविनः ॥

જિતેંદ્રિય માણસનુ દૂષીવિષ સહજ સાધ્ય છે, એક વર્ષ પછી તે કષ્ટસાધ્ય થાયછે, અને ક્ષીણ તથા અપથ્ય કરનારને અસાધ્ય થાય છે.

કૃત્રિમ વિષનું નિરૂપણ.

सौभाग्यार्थं स्त्रियः स्वेदरजोनानाङ्गजान्मलान् । शत्रुप्रयुक्तांश्च गरान्प्रयच्छन्त्यन्नमिश्रितान् ॥

कृत्रिम विष द्विविधम् । एकं सविष दूषीविष सञ्ज्ञम् । अपरमविष तदेव गरसञ्ज्ञम् । तथा च काश्यपसंहितायाम् । सयोगज च द्विविध द्वितीय विषमुच्यते । दूषीविषं तु सविषमविषं गर उच्यते ॥

દૂષીવિષ અને ગર એમ બે પ્રકારનુ કૃત્રિમ વિષ છે. જેમા ઝેરનો સબંધ નથી હોતો તે ગર કહેવાયછે કાશ્યપ સંહિતામાં કહ્યુ છે કે -"સયોગથી બનતા કૃત્રિમ વિષના દૂષીવિષ અને ગર એમ બે પ્રકારો છે. ઝેરના સબધ વાળુ તે દૂષીવિષ અને ઝેરના સંબધ વગર પણ ઝેરનુ કામ કરે તે ગર કહેવાય છે "પતિઓને વશ કરવા માટે સ્ત્રીઓ પરસેવો, રજ, તથા અગોના બીજા અનેક મેલો મેળવીને પતિને અન્નમા ખવરાવેછે, એ મેલ વગેરે પદાર્થો ગર કહેવાય છે.

ગરનું કાર્ય

तैः स्यात्पाण्डुः कृशोऽल्पाग्निर्ज्वरश्चास्योपजायते । मर्मप्रधमनाध्मानं स्यात् क्षयः शोथसम्भवः ॥

तै गरैः स्वेदरज प्रभृतिभि ज्वरश्चास्योपजायत इति अपाकात् । मर्मप्रधमन मर्मव्यथा । क्षयो धातुक्षय ॥

પરસેવો તથા રજ વગેરે ગરોથી પાંડુતા થાયછે, કૃશતા થાયછે, મદાગ્નિ તથા જ્વર થાયછે, મર્મોમા પીડા અને આફરો થાય છે, તથા ધાતુઓનો ક્ષય, અને સોજો થાય છે

લુતા (કરોળીયા) નામના જીવડાં વિષે.

यस्माल्लूनं तृणं प्राप्य मुनेः प्रस्वेदबिन्दवः । तेभ्यो जातास्तथा लूता इति ख्यातास्तु षोडश ॥

विश्वामित्रो नृपवरः कदाचिदृषिसत्तमम् । वसिष्ठं कोपयामास गत्वाश्रमपदं किल ॥ कुपितस्य मुनेस्तस्य ललाटात् स्वेदबिन्दवः। अपतन्दर्शनादेव ह्यधस्तात्तीव्रवर्चसः । लूने तृणे महर्षेस्तु धेन्वर्थे सम्भृतेऽपि च । ततो जातास्त्विमे घोरा नानारूपा महाविषाः ॥ तासामष्टौ कष्टसाध्या वर्ज्यास्तावत्य एव हि।

तत्र त्रिमण्डलप्रभृतयोऽष्टौ कष्टसाध्या । सौवर्णिकप्रभृतयोऽष्टावसाध्या ॥

મુનિના પરસેવાના છાટા કાપી નાંખેલા ખડઉપર પડતા તેમાંથી ઉત્પન્ન થયેલા જીવડાઓ લૂતા કહેવાયછે, તે સોળ જાતના થાયછે "લૂ" ધાતુનો અર્થ "કાપવું" થાયછે, એ ઉપરથી સુશ્રુત કહેછે કે-" સત્તાઓમા

ઉત્તમ વિશ્વામિત્રે કોઈ વેળાએ વસિષ્ઠના આશ્રમમાં જઇને તેમને કચવાવ્યા હતા. તીવ્ર તેજસ્વી વસિષ્ઠને વિશ્વામિત્રના દર્શનથીજ કોપ ચઢતાં તેમના કપાળમાંથી પરસેવાનાં ટીપાઓ ગાય માટે કાપીને એકઠા કરી રાખેલા ખડ ઉપર પડયાં, તેમાંથી ભયંકર ભારે ઝેરી અનેકરૂપી લૂતા નામના જીવો પેદા થયા, તેમાંના ત્રિમડળ વગેરે આઠ કષ્ટસાધ્ય તથા સૌવર્ણિક વગેરે આઠ અસાધ્ય છે.

કષ્ટસાધ્ય લૂતાના દંશનું લક્ષણ.

ताभिर्दष्टे दंशकोथः प्रवृत्तिः क्षतजस्य च। ज्वरो दाहोऽतिसारश्च गदाः स्युश्च त्रिदोषजाः ॥ पिडिका विविधाकारा मण्डलानि महान्ति च। शोथा महान्तो मृदवो रक्ता श्यावाश्चलास्तथा ॥ सामान्यं सर्वलुतानामेतद्दंशस्य लक्षणम् ॥

दशकोथ दशमध्ये पूतिभाव ॥

दंशमध्ये तु यत्कृष्णं श्यावं वा जालकावृतम्। दग्धाकृति भृशं पाकक्लेदशोथज्वरान्वितम् ॥ दूषीविषाभिर्लुताभिस्तद्दष्टमिति निर्दिशेत् ॥

આ લૂતા કરડે છે તો દંશ સડે છે, લોહી નીકળે છે, જ્વર આવે છે, દાહ અને અતિસાર થાય છે, ત્રણે દોષોના રોગો થાયછે, વિવિધાકૃતિની ફોલ્લીઓ તથા મડળો થાયછે, અને કોમળ તથા રાતા મોટા ચપળ અને કંઈક કાળા સોજા થાય છે. લૂતાના દંશનું આ સામાન્ય લક્ષણ છે દંશ જો કાળો કે કાળાશવાળો, જાળા વાળો, બળેલા જેવા આકારનો, અત્યંતપાક તથા ક્લેદવાળો, સોજા તથા જ્વર વાળો હોયતો એ દંશ દૂષીવિષા નામની લૂતાઓનો જાણવો.

અસાધ્ય લૂતાના દંશનું લક્ષણ.

शोथः श्वेता सिता रक्ता पीता च पिडिका ज्वरः। प्राणान्तिकी भवेद्दाहः श्वासहिक्काशिरोग्रहः ॥

અસાધ્ય લૂતા કરડે તો શોષ તથા ધોળી, રાતી, તથા પીળી ફોલ્લીઓ થાય છે, જ્વર આવેછે, તથા પ્રાણ હરે તેવી બળતરા થાય છે, અને શ્વાસ તથા હેડકી થઈ માથું પકડાય છે.

ઊંદરના વિષનું લક્ષણ.

आदंशाच्छोणितं पाण्डुमण्डलानि ज्वरोऽरुचिः। लोमहर्षश्च दाहश्चाप्याखुदूषीविषार्दिते ॥

દંશથી માંડીને લોહી પીળું થઇ જાય તથા ચાંમઠાં, જ્વર, અરૂચિ, રોમોદ્ગમ, અને બળતરા થાયછે. આ લક્ષણો ઊંદરના દૂષી વિષનાં છે.

પ્રાણહર ઊંદરોનાં ઝેરવિષે.

मूर्च्छाङ्गशोथवैवर्ण्य क्लेदशब्दाश्रुतिज्वराः। शिरोगुरुत्वं लालासृक् छर्दिश्चासाध्यमूषकात् ॥

अङ्गशोथोऽत्र मुषकाकारो बोद्धव्य इति तन्त्रान्तरे।

અસાધ્ય ઊંદરના દંશથી મૂર્છા, અંગોમાં સોજા, વર્ણનું બદલીજવું, ક્લેદ, બેહેરાપણું, જ્વર, માથામાં ભાર, લાળનું પડવું, અને રક્તની ઉલટી થાય છે. બીજા ગ્રંથમાં લખ્યું છે કે–" ઊંદરના દંશથી અંગમાં થયેલો સોજો ઉંદરના જેવાજ આકારનો થાયછે

કાકડાના દંશનું લક્ષણ.

शोथस्य कार्ष्ण्यमथवा नानावर्णत्वमेव च। मोहोऽथ वर्चसो भेदो दष्टस्य कृकलासकैः ॥

કાકીડો કરડેછે તો વિવિધ વર્ણતા, મોહ, તથા પાતળો સોજો થાયછે અને હસ્ત લાગ્યા કરે છે.

વીંછીના દંશનું લક્ષણ.

दहत्यग्निरिवादौ तु भिनत्तीवोर्ध्वमाशु च। वृश्चिकस्य विषं याति पश्चाद्दंशेऽवतिष्ठते ॥

વીંછીનુ ઝેર પ્રથમ તો આગ લાગ્યા જેવી બળતરા કરીને પછી તરત ઊંચુ ચઢીને અંગોને ભેદી નાંખ્યા જેવું કરેછે, અને અમુક સમય પછી પાછું દંશની જગ્યામાં આવી રહે છે

અસાધ્ય વીંછીના દંશનું લક્ષણ.

दष्टोऽसाध्यैस्तु हृद्घ्राणरसनोपहतो नरः। मांसैः पतद्भिरत्यर्थं वेदनार्तो जहात्यसून् ॥

असाध्यैर्वृश्चिकैस्तेषामेवानुवृत्ते हृदादिषु उपहत. हृदादिकार्यरहितो भवति अत्यर्थं वेदनार्त इत्यन्वयः ॥

અસાધ્ય વીંછીના કરડવાથી હૃદય, નાક, તથા જીભ જડ થઈ જાય છે. વેદના થઇ માંસ પડેછે, અને તેથી પ્રાણ નીકળી જાય છે.

કણભના દંશનું લક્ષણ.

विसर्पः श्वयथुः शूलं ज्वरश्छर्दिरथापि वा। लक्षणं कणभैर्दष्टे दंशश्चैवावशीर्यते ॥

कणभ कीटविशेषः ॥

કણભ નામનો કીડો કરડે તો વિસર્પ, સોજો, શૂળ, જ્વર કે ઉલટી થાયછે, અને દંશની જગા વિખાતી હોય એમ લાગે છે.

ચેળના દંશનું લક્ષણ

कृष्णलोमोच्चिटिङ्गेन स्तब्धलिङ्गो भृशार्तिमान्। दष्टः शीतोदकेनैव सिक्तान्यङ्गानि मन्यते ॥ कृष्णलोमा अधिकतरकृष्णरोमा। उच्चिटिङ्गश्चीटा कीटविशेषः ॥

કાળાં તથા મોટાં રૂંવાડા વાળી ચેળ કરડે તો સ્તબ્ધતા, બહુ પીડા, અને સર્વ અંગો ઉપર ટાઢું પાણી પડતું હોય, એમ જણાય છે.

ઝેરી દેડકાના દંશનું લક્ષણ.

एकदंष्ट्रार्दितः शूनः सरुजः पीतकः सतृट्। सनिद्रश्छर्दिमान्दष्टो मण्डूकैः सविषैर्भवेत् ॥

एकदंष्ट्रार्दित स्वभावादेकयैव दंष्ट्रयादष्टो भवति ॥

દેડકું કરડે તો દંશમાં એકજ દાઢ ઉઠેછે, વેદના સહિત પીળો સોજો થાય છે. તરશ લાગેછે, ઉંઘ આવેછે, અને ઉલટી થાય છે.

ઝેરી માછલાંના દંશનું લક્ષણ.

मत्स्यास्तु सविषाः कुर्युर्दाहं शोथं रुजं तथा॥

ઝેરી માછલું કરડે તો દાહ, સોજો, અને વેદના થાય છે.

જળોના ઝેરનું લક્ષણ.

कण्डूं शोथं ज्वरं मूर्च्छां सविषास्तु जलौकसः ॥ कुर्युरिति शेष ॥

ઝેરી જળો કરડે તો ચળ, સોજો, જ્વર, અને મૂર્છા થાય છે

ઢેઢગરોળીના ઝેરનું લક્ષણ.

विदाहं श्वयथुं तोदं प्रस्वेदं गृहगोधिकाः॥

कुर्युरिति शेष ॥

ઢેઢગરોળી કરડે તો દાહ, સોજો, ભોંકાયા જેવી પીડા, અને પરસેવો થાય છે.

કાનખજુરાના ઝેરનું લક્ષણ.

दंशे स्वेदं रुजं दाहं कुर्याच्छतपदीविषम्॥

शतपदी गिजाई इति लोके ॥

કાનખજુરો કરડે તો દંશમાં પરસેવો, વેદના, અને દાહ થાય છે

મચ્છરના ઝેરનું લક્ષણ.

कण्डूमान्मशकैरीषच्छोथः स्यान्मन्दवेदनः ।

મચ્છર કરડ્યાથી ચળ અને થોડી વેદનાવાળો જરાક સોજો થાય છે.

અસાધ્ય મચ્છરના ઝેરનું લક્ષણ.

असाध्यकीटसदृशमसाध्यं मशकक्षतम् ॥

असाध्यकीटसदृश असाध्यै कीटैर्लूतादिभि कृत यत् क्षत तत्सदृशवेदनम् ॥

અસાધ્ય મચ્છરનો દંશ અસાધ્ય કરોળિયા વગેરે કીડાઓના દંશ જેવી વેદના કરેછે.

માખીના દંશનું લક્ષણ.

सद्यः संस्राविणी श्यावा दाहमूर्च्छाज्वरान्विता । पिडिका मक्षिकादंशे तासां तु स्थगिकाऽसुहृत् ॥

तासामित्यादि तासा सुश्रुतोक्ताना षण्णा मक्षिकाणा मध्ये स्थगिकानाम्नी शीघ्र प्राण हरतीत्यर्थः ॥

માખી કરડે તો તરત સ્રાવવાળી, કાળાશ તથા બળતરાવાળી, તથા મૂર્ચ્છા અને જ્વરવાળી ફોલ્લી થાય છે. સુશ્રુતે કહેલી છ પ્રકારની માખીઓમાં સ્થગિકા નામની માખી તરત પ્રાણ લેનારી છે.

વાઘ વિગેરેનાં ઝેરવિષે.

चतुष्पाद्भिर्द्विपाद्भिर्वा नखैर्दन्तैश्च यत्कृतम् । शूयते पच्यते तत्तु स्रवति ज्वरयत्यपि ॥

चतुष्पाद्भि व्याघ्रादिभि । द्विपाद्भि वनमनुष्यादिभि शूयते शून भवति ॥

ચોપગા વાઘ વિગેરે અથવા બે પગવાળાં જંગલી માણસો વિગેરેના નખ કે દાંતો વાગે તો સોજો, પાક, સ્રાવ, અને જ્વર થાય છે.

વિષ ઊતર્યાનું લક્ષણ.

प्रसन्नदोषं प्रकृतिस्थधातुमन्नाभिकामं सममूत्रविट्कम् । प्रसन्नवर्णेन्द्रियचित्तचेष्टं वैद्योऽवगच्छेदविषं मनुष्यम् ॥

प्रसन्नदोष प्रकृतिस्थदोष । शेष सुगमम् ॥

વાતાદિ દોષો સ્વસ્થ થાય, ધાતુઓ સ્વાભાવિક સ્થિતિ વાળા થઈ જાય, અન્ન ખાવાની ઇચ્છા થાય, મલમૂત્રાદિ યોગ્ય સ્થિતિવાળાં થાય, અને વર્ણ, ઇંદ્રિય, ચિત્ત, ચેષ્ટા, વગેરે પ્રસન્ન થાય, ત્યારે માણસ ઝેર વિનાનો થઈ ગયોછે, એમ વૈદ્યે માનવુ.

(વિષોની ચિકિત્સા.)

સ્થાવર વિષોની ચિકિત્સા.

स्थावरेण विषेणार्तं नरं यत्नेन वामयेत् ॥ वमनेन समं नास्ति यतस्तस्य चिकित्सितम् ॥ विषमत्यर्थमुष्णं च तीक्ष्णं च कथितं यतः । अतः सर्वविषेषूक्तः परिषेकस्तु शीतलः ॥ औष्ण्यात्तैक्ष्ण्याद्विशेषेण विषं पित्तं प्रकोपयेत् । वमितं सेचयेत्तस्माच्छीतलेन जलेन च ॥ पाययेन्मधुसर्पिर्भ्यां विषघ्नं भेषजं द्रुतम् । भोक्तुमम्लं रसं दद्याद्घर्षयेन्मरिचानि च ॥ यस्य यस्य च दोषस्य पश्येल्लिङ्गानि भूरिशः । तस्यतस्यौषधैः कुर्याद्विपरीतगुणैः क्रियाम् ॥ शालयः षष्टि-

कार्थैव कोरदूषाः प्रियङ्गवः । भोजनार्थे विषार्तानामूर्ध्वं चाधश्च शोधनम् ॥

प्रियङ्गु कङ्गु ॥

मूलत्वक्पत्रपुष्पाणि बीजं चेति शिरीषतः । गवां मूत्रेण सम्पिष्टं लेपाद्विषहरं परम् ॥ दूषीविषार्तं सुस्निग्धमूर्ध्वं चाधश्च शोधितम् । पाययेदगदं मुख्यमिदं दूषीविषापहम् ॥ पिप्पलीध्यामकं मासी लोध्रमेला सुवर्चिका । मरिचं वालकं चैला तथा कनकगैरिकम् ॥ क्षौद्रयुक्तः कषायोऽयं दूषीविषमपोहति ॥

ध्यामक रोहिष तदलाभे उशीर देयम् । कनकगैरिकमत्यन्तमारक्तम् । गैरिकसोनागेरू इति लोके ॥

(૧) સ્થાવર વિષવાળાને યત્નથી ઉલટી કરાવવી કેમકે ઉલટી જેવો એનો બીજો એકે ઉપાય નથી વિષ અત્યંત ઉષ્ણ અને તીક્ષ્ણ હોવાથી સર્વ પ્રકારના વિષોમાં શીતળ સેચનો કરવાં, ઉષ્ણતા તથા તીક્ષ્ણતાને લીધે વિષો ઘણું કરીને પિત્તનો પ્રકોપ કરેછે, માટે ઉલટી કરાવીને પછી શીતળ સેચનો કરવા. પછી વિષહર ઔષધ ઘી તથા મધ સાથે તુરત પાવું. ખટાઈ ખવરાવવી તથા શરીરે મરીનું ચૂર્ણ ચોળવું. જે જે દોષ અધિક જણાય તે તે દોષોના ગુણોથી વિપરીત ગુણોવાળા ઉપચારો કરવા તેને જમવામાં શાલ ચોખા, સાઠીચોખા, કોદરા, અને કાગ આપવા, અને વમન વિરેચનોથી સંશોધન કરવું.

(૨) સરસડિયાના મૂળ, છાલ, પાન, ફુળ, અને બીજ, એ પાંચે પદાર્થો ગોમૂત્રમાં વાટીને લેપ કરવાથી ઝેર હણાઈ જાય છે

(૩) સુગંધી રોહિસખડ, અથવા વાળો, પીપર, જટામાસી, લોદર, એળચી, સાજી-ખાર, મરી; વાળો, ઝીણી એળચી, અને સોનાગેરૂનો ક્વાથ મધ નાખીને પીવાથી દૂષીવિષ ટળી જાયછે દૂષી વિષવાળાને સારીપેઠે, સ્નિગ્ધ કરીને, તથા વમન વિરેચનથી શોધન કરીને પછી આ ઉત્તમ ક્વાથ તેને પાવો.

જંગમ વિષની ચિકિત્સા.

अभयां रोचना कुष्टमर्कपत्रं तथोत्पलम् । नलवेतसमूलानि गरलं सुरसा तथा ॥ सकलिङ्गां समञ्जिष्ठामतन्ता च शतावरीम् । शृङ्गाटकं समङ्गां च पद्मकेशरमित्यपि । कल्कीकृत्य पचेत्सर्पिः पयो दद्याच्चतुर्गुणम् ॥ सम्यक्पकेऽवतीर्णे च शीते तस्मिन्विनिःक्षिपेत् । सर्पिस्तुल्यं भिषक् क्षौद्रं कृतरक्षं निधापयेत् ॥ विषाणि हन्ति दुर्गाणि गरदोषकृतानि च । स्पर्शाद्धन्ति विषं सर्वं गरैरुपहतां त्वचम् । योगजं तमकं कण्डूं मांससादं विसंज्ञताम् । नाशयत्यञ्जनाभ्यञ्जपानबस्तिषु योजितम् ॥ सर्पकीटाखुलूतादिदष्टाना विषहृत्परम् ।

मृत्युपाशछेदिघृतम् ॥

धत्तूरस्य शिफा पेया क्षीरेण परिपेषिता ॥ अङ्कोटवंशजा चापि श्वविषघ्नी प्रयत्नतः । रजनीयुग्मपतङ्गमञ्जिष्ठानागकेशरैः ॥ शीताम्बुपिष्टैरालेपः सद्यो लूता विनाशयेत् । जीरकस्य कृतः कल्को घृतसैन्धवसंयुतः ॥ सुखोष्णो मधुना लेपो वृश्चिकस्य विषं हरेत् । गन्धमाघ्राय मृदित सूर्यावर्तदलस्य तु ॥ काश्चकेन नरो विद्धः क्षणाद्भवति निर्विषः ॥

इति विषाधिकार ॥

મૃત્યુપાશછેદી ઘૃત.

હરડે, ગોરચન, કઠ, આકડાનાં પાન, બરૂનું મૂળ, કમળ, નેતરનાં મૂળ, વછનાગ, ધોળુ નસોતર, મજીઠ, ઈંદ્રજવ, રાતો ધમાસો, શતાવરી, શીંગોડાં, રીસામણી, અને કમળના કેસરાના કલ્કથી ચોગણુ પાણી અથવા દૂધમાં પકાવેલા ઘીમાં તે ઘી જેટલુંજ મધ મેળવીને વૈદ્યે તે મધ રાખી મૂકવું. એ ઘી ઝેરના સર્વ દોષોને તથા ઝેરોને પણ હણી નાખેછે. અંજન, અભ્યંગ, પાન, અને પિચકારીમાં વાપરવાથી આ ઘીના સ્પર્શથી સર્વપ્રકારના ઝેરો હણાઇ જાયછે. ઝેરથી દુષ્ટ થયેલી ચામડી સાફ થાય છે, અને કૃત્રિમવિષ, તમકશ્વાસ, ચળ, માંસસાદ, તથા બેભાનપણુ નાશ પામેછે. સર્પો, કીડાઓ, ઉંદરો, અને કરોળીઆઓના ઝેરમાટે આ ઉત્તમ ઉપાય છે.

પ્રયત્નથી ધતુરાના મૂળને દૂધમાં વાટીને પીવાથી કૂતરાનુ ઝેર મટી જાયછે.

અંકોલના મૂળને દૂધમાં વાટીને પીવાથી પણ કૂતરાંનુ ઝેર મટી જાયછે

હળદર, દારૂહળદર, પતગ, મજીઠ, અને નાગકેશરને ટાઢા પાણીમાં વાટીને તેનો લેપ કરવાથી કરોળિયાનું ઝેર તુરત નાશ પામી જાય છે,

જીરાનો કલ્ક, ઘી તથા સિંધવ નાંખીને જરા ગરમ કરી મધ મેળવી તેનો લેપ કરવાથી વીછીંનું ઝેર તુરત નાશ પામી જાયછે.

કાળા ભાંગરાના પાનને ચોળીને તેનો ગંધ સૂંઘવાથી તો ક્ષણમાત્રમાં વીંછીનુ ઝેર ઊતરી જાય છે.

ઘોડાવજને ચાવીને મુખમાં રાખીને કાનમાં ફુંક મારવાથી વીંછીનુ ઝેર ઊતરી જાયછે

સ્ત્રીઓના રોગોનો અધિકાર.

પ્રદરનાં નિદાન તથા સંખ્યા.

विरुद्धमद्याध्यशनादजीर्णाद्गर्भप्रपातादतिमैथुनाच्च । यानाध्वशोकादतिकर्षणाच्च भाराभिघाताच्छयनाद्दिवा च ॥ तं श्लेष्मपित्तानिलसन्निपातैश्चतुःप्रकार प्रदरं वदन्ति॥

अत्र वातपित्तयोरादौ श्लेष्मणोऽभिधानं श्लेष्मिकेऽतिप्रवृत्तिबोधनार्थम् ॥

વિરૂદ્ધ ભોજનથી, મદ્યપાનથી, ખાધેલુ પચ્યા પહેલાં ખાવાથી, અજીર્ણથી, ગર્ભપાત તથા બહુ મૈથુનથી, વાહનોમાં બેસી બહુ ચાલવાથી, ઘણો પથ તથા કર્ષણ કરવાથી, બહુ ભાર ઉપાડવાથી અભિઘાતથી અને દિવસે સૂવાથી સ્ત્રીઓને પ્રદર રોગ થાય છે કફથી, પિત્તથી, વાયુથી, અને ત્રણે દોષથી થયેલો એમ પ્રદર ચાર પ્રકારનો થાય છે. કફના પ્રદરમાં ધાતુ વધારે વેગથી જાય છે

પ્રદરનું સામાન્ય લક્ષણ.

असृग्दरं भवेत्सर्वं साङ्गमर्दं सवेदनम् ।

असृग्दर असृग्दार्यते च्यव्यतेऽनेनेत्यसृग्दरम् । अच्चप्रत्ययान्तम् । सवेदनं सशूलम् ॥

દુષ્ટ રજનો અત્યંત સ્રાવ તથા અંગભંગ અને શૂળ થાય, તે રોગ પ્રદર કહેવાય છે.

કફના પ્રદરનુ લક્ષણ.

आमं सपिच्छाप्रतिमं सपाण्डु पुलाकतोयप्रतिमं कफात्तु ॥

आमं अपक्करसयुक्तम् । सपिच्छाप्रतिमं सपिच्छा शाल्मल्यादिनिर्यासस्तत्तुल्यम् । पिच्छिलमित्यर्थः। सपाण्डु सहशब्दोऽत्रेषदर्थे । तेनेषत्पाण्डु ।

पुलाकतोयप्रतिम कफात्तु पुलाकस्तुच्छधान्य तद्धावनतोयतुल्य रुधिर स्रवेदित्यर्थ. ॥

કફના પ્રદરમા કાચા રસ વાળું, શેમળા વગેરેના ગુંદર જેવુ ચીકણુ, કઇક પીંગળુ, તથા તુચ્છ ધાન્યના ધોવરામણુ જેવુ લોહી નીકળેછે

પિત્તના પ્રદરનું લક્ષણ

सपीतनिलासितरक्तमुष्णं पित्तार्तियुक्त भृशवेगि पित्तात् ।

सपीतनीलासितरक्त पीतादिवर्णयुक्तम् । पित्तार्तियुक्त दाहादियुक्तम् । भृशवेगि वारंवार प्रवृत्तियुक्तम् ॥

પિત્તના પ્રદરમાં પીળા, નીળા, કાળા, તથા રાતા રંગનુ, ગરમ તથા પિત્તની બળતરા અને વેદના વાળુ લોહી વારવાર સ્રવ્યા કરે છે

વાયુના પ્રદરનું લક્ષણ

रूक्षारुणं फेनिलमल्पमल्पं वातात्सतोदं पिशितोदकाभम् ।

पिशितोदकाभं मासधावनतोयाभम् ॥

વાયુના પ્રદરમા રૂક્ષ, રાતું, ફીણવાળુ, પીડાકારક તથા માસના ધોવરામણુ જેવુ થોડુ થોડું લોહી નીકળ્યા કરે છે.

ત્રિદોષના પ્રદરનું લક્ષણ.

सक्षौद्रसर्पिर्हरितालवर्णं मज्जप्रकाशं कुणपं त्रिदोषम् । तं चाप्यसाध्यं प्रवदन्ति तज्ज्ञा न तत्र कुर्वीत भिषक् चिकित्साम् ॥

सक्षौद्रसर्पि क्षौद्रादिवर्णसहितम् । कुणपं शवगन्धि ॥

ત્રણે દોષોના પ્રદરમાં મધ, ઘી, અને હરતાળ જેવા રંગનુ, મજ્જા જેવું તથા શબ જેવા ગંધવાળુ લોહી સ્રવે છે વિદ્વાન્ વૈદ્યો આ પ્રદરને અસાધ્ય કહે છે, માટે વૈદ્યે તેની ચિકિત્સા કરવી નહી

રક્ત સ્રાવથી થતા વિકારો.

तस्यातिवृत्तौ दौर्बल्यं भ्रमो मूर्च्छा मदस्तृषा । दाहः प्रलापः पाण्डुत्वं तन्द्रा रोगाश्च वातजाः ॥

वातजा रोगाः आक्षेपकादय ॥

બહુ લોહી જવાથી દુર્બળતા, શ્રમ, મૂર્છા, મેદ, તરશ, બળતરા, પ્રલાપ, પાંડુતા, તંદ્રા, અને વાતાક્ષેપક આદિ રોગો થાય છે

કોની ચિકિત્સા નહિ કરવી.

शश्वत्स्रवन्तीमास्रावं तृष्णादाहज्वरान्विताम् । दुर्बला क्षीणरक्ता च तामसाध्या विवर्जयेत् ॥

જેને નિરંતર રક્તસ્રાવ ચાલુ રહેતો હોય, તૃષા, દાહ અને જ્વર રહેતો હોય, નબળી અને ક્ષીણ રૂધિર વાળી હોય, તે સ્ત્રીની ચિકિત્સા કરવી નહિ, કેમકે તેનો રોગ અસાધ્ય હોય છે.

શુદ્ધ રજનુ લક્ષણ.

मासान्निःपिच्छदाहार्ति पञ्चरात्रानुबन्धि च । नैवातिबहु नात्यल्पमार्तवं शुद्धमादिशेत् ॥

नि पिच्छदाहार्ति अपिच्छिलमदाहमशूलम् । एतेन विकृतवातादिलक्षणरहितमित्यर्थ । पञ्चरात्रानुबन्धि प्रभूतप्रवृत्त्या त्रिरात्रानुबन्धि । ततो मध्यमप्रवृत्त्या पञ्चरात्रानुबन्धि । ततः पर कस्याश्चित्स्रवति तदा स्वल्पप्रवृत्त्या षोडशादिनानि यावत्तदपि शुद्धमेव ॥

મહિને દિવસે ચીકણા તંતુઓ વગરનું, દાહ કે શૂળ વગરનું, પાચ રાત્રી સુધીજ રહેનારૂં, તથા બહુ પણ નહીં અને થોડું પણ નહિ એવું, રજ આવે તો જાણવું કે રજ શુદ્ધ છે. આવુ રજ હોય તો પ્રદર મટી ગયો છે, એમ જાણીને ચિકિત્સા બંધ કરવી. જો રજ ઘણું આવે તો ત્રણ રાત્રી સુધી, મધ્યમ આવે તો પાંચ રાત્રી સુધી અને બહુ થોડું આવે તો સોળ રાત્રી સુધી આવે છે, તો પણ ઉપર પ્રમાણે રજ જો શુદ્ધ હોય, તો પ્રદર નથી એમ માનવું.

પ્રદરોની ચિકિત્સા.

दध्ना सौवर्चलं जाजी मधुकं नीलमुत्पलम् ।
पिबेत् क्षौद्रयुतं नारी वातासृग्दरशान्तये ॥

चौहारजीरायष्टीमधुनीलकमलपुष्पाण्येषां प्रत्येकं माषद्वयम् सर्वमेकीकृत्य दध्ना कर्षचतुष्टयेन पिष्ट्वा तत्र माषाष्टक मधु क्षिप्त्वा पिबेत् ॥

मधुकं कर्षमेकं तु कर्षैकां च सितां तथा ।
तण्डुलोदकसम्पिष्टां लोहितप्रदरे पिबेत् ॥
बला कङ्कतिकाख्या या तस्यामूलं सुचूर्णितम् । लोहितप्रदरे खादेच्छर्करामधुसंयुतम् ॥
शुचिस्थाने व्याघ्रनख्या मूलमुत्तरदिग्भवम् ।
नीतमुत्तरफाल्गुन्यां कटिबद्धं हरेदसृक् ॥

व्याघ्रनखी वघनही इति लोके ॥

रसाञ्जनं तण्डुलकस्य मूलं क्षौद्रान्वितं तण्डूलतोयपीतम् । असृग्दरं सर्वभवं निहन्ति श्वासं च भार्ङ्गी सह नागरेण ॥

तण्डुलस्य तण्डुलीयकस्य ।

अशोकवल्कलक्वाथशृतं दुग्धं सुशीतलम् ॥
यथाबलं पिबेत्प्रातस्तीव्रासृग्दरनाशनम् ।

अशोकवल्कलपलं द्वात्रिंशत्पलसम्मितेन जलेन निःक्वाथ्य शेषं रक्षेत्पलाष्टकं क्वाथम् ॥ तेन क्वाथेन सह क्षीरं पलाष्टकमितं विपचेत्तत्र दुग्धावशेषः कर्तव्यः । तन्मध्ये पलचतुष्टयमितं दुग्ध वह्निबलापेक्षया पेयम् ॥

कुशमूलं समुद्धृत्य पेषयेत्तण्डुलाम्बुना ।
एतत्पीत्वा त्र्यहं नारी प्रदरात्परि मुच्यते॥
क्षौद्रयुक्तं फलरसमौदुम्बरभवं पिबेत् । असृग्दरविनाशाय सशर्करपयोऽन्नभुक् ॥

अन्नमोदनम् ॥

अलाबूफलचूर्णस्य शर्करासहितस्य च ।
मधुना मोदकं कृत्वा खादेत्प्रदरशान्तये ॥
दार्वीरसाञ्जनकिराततृषाब्दबिल्वसक्षौद्रचन्दनदिनेशभवप्रसूनैः ॥ क्वाथः कृतो मधुयुतो विधिना निपीतो रक्तं सितं च सरुजं प्रदरं निहन्ति ॥ दार्व्यादिक्वाथः ॥

रक्तपित्ताधिकारोक्तं हितं कूष्माण्डखण्डकम् ॥ इति प्रदरनिदानचिकित्साधिकारः ॥

સંચળ, શંખજીરૂં, જેઠીમધ, અને નીલ કમળનાં પુષ્પ, એ દરેક બાર બાર રતિભાર લેઇ એકત્ર કરીને તેને ચાર તોલા દહિમા વાટીને તેમાં અડતાળીસ રતિભાર મધ નાખીને તે પીવાથી વાયુનો પ્રદર શાંત થઇ જાય છે

એક એક તોલા ભાર જેઠીમધ તથા સાકરને ચોખાના ધોવરામણમાં વાટીને પીવાથી રક્ત પ્રદર મટી જાય છે.

કાંશકીનાં મૂળનું ચૂર્ણ સાકર તથા મધમા ખાવાથી રક્ત પ્રદર મટી જાય છે

પવિત્ર સ્થળમાં ઉગેલી વ્યાઘ્રનખીના ઉત્તર દિશા તરફના મૂળને ઉત્તરાફાલ્ગુની નક્ષત્રમાં લાવીને કમરે બાંધી રાખવાથી પ્રદર મટી જાય છે.

રસવંતી તથા તાંદળજાનાં મૂળને વાટીને મધમાં કાલવી ચોખાના ધોવરામણમાં સાથે પીવાથી સર્વ દોષોથી થયેલો પ્રદર પણ મટી જાય છે.

સૂંઠ તથા ભારંગીને વાટી ચોખાના ધોવરામણમાં પીવાથી પ્રદર તથા શ્વાસ મટી જાયછે.

ચાર તોલા આસોપાલવની છાલનો આઠ ગણા પાણીમાં ક્વાથ કરી તે ક્વાથ બત્રીસ તોલા રહે એટલે તેમાં બત્રીસ તોલા દુધ મેળવીને પકાવવું. કેવળ દુધ રહે તે ટાઢુ પાડી પ્રાતઃકાળમાં સોળ તોલા જેટલું તે પીવું. પાચનશક્તિ ઓછી હોય તો એથી ઓછું પીવું. આમ કરવાથી તીવ્ર પ્રદર પણ શાંત થઇ જાય છે.

કર્લીનાં મૂળને ચોખાના ધોવરામણમાં વાટીને ત્રણદિવસ સુધી પીવાથી સ્ત્રીનો પ્રદર મટે છે.

ઉંબરાના ફળનો રસ મધ નાંખીને પીવાથી, તથા તે ઉપર દુધ સાકર અને ભાત જમવાથી પ્રદર મટી જાયછે.

તૂંબડીના ફળના ચૂર્ણમાં સાકર નાંખી મધમાં લાડુ વાળીને તે ખાવાથી પ્રદર મટે છે.

દાર્વ્યાદિકવાથ.

દારૂહળદર, રસવતી, કરિયાતું, અરડુસો, મોથ, બીલી, મધ, રતાંજળી, અને આકડાના ફુલનો ક્વાથ, મધ નાંખીને વિધિપૂર્વક પીવાથી વેદના વાળો રાતો અને ધોળો પ્રદર મટી જાય છે

રક્તપિત્તના અધિકારમાં કહેલો ખંડ કૂષ્માંડક નામનો અવલેહ સેવવાથી પ્રદર મટી જાય છે.

(સોમરોગનો અધિકાર.)

સોમરોગનું નિદાન તથા સંપ્રાપ્તિ

स्त्रीणामतिप्रसङ्गेन शोकाच्चापि श्रमादपि । अतीसारकयोगाद्वा गरयोगात्तथैव च ॥ आपः सर्वशरीरस्थाः क्षुभ्यन्ति प्रस्रवन्ति च। तस्यास्ताः प्रच्युताः स्थानान्मूत्रमार्गं व्रजन्ति हि ॥

અત્યંત મૈથુન, શોક અને શ્રમથી તથા અતિસાર અને ઝેરના યોગથી સ્ત્રીના આખા શરીરમાંનો પાણીનો ભાગ ક્ષોભ પામીને સ્રવે છે, એ રીતે સ્થાનથી ભ્રષ્ટ થઇને એ પાણી મૂત્રના માર્ગમા જાયછે.

સોમરોગનું લક્ષણ.

प्रसन्ना विमलाः शीता निर्गन्धा नीरुजः सिताः ॥ स्रवन्ति चातिमात्रं ताः सा न शक्नोति दुर्बला । वेगं धारयितुं तासां न विन्दति सुखं क्वचित् ॥ शिरःशिथिलता तस्या मुखं तालु च शुष्यति । मूर्च्छा जृम्भा प्रलापश्च त्वग्रूक्षा चातिमात्रतः ॥ भक्ष्यैर्भोज्यैश्च पेयैश्च न तृप्तिं लभते सदा । सन्धारणाच्छरीरस्य ता आपः सोमसंज्ञिताः ॥ ततः सोमक्षयास्त्रीणां सोमरोग इति स्मृतः ॥

પ્રસન્ન, નિર્મળ, શીતળ, ગધરહિત, ધોળું, અને વેદના વગરનું બહુ પાણી સ્રવેછે. એ પાણીનો વેગ રોકી નહિ શકાવાથી દુર્બળ થયેલી સ્ત્રીને સુખ થતું નથી. માથું શીથિલ થઇ જાય છે. મુખ અને તાળવું સૂકાયછે, મૂર્છા અને બગાસા આવેછે; પ્રલાપ થાય છે, ચામડી બહુ રૂક્ષ થઈ જાયછે, અને ભક્ષ્ય ભોજ્ય કે પીવાના પદાર્થોથી તૃપ્તિ થતીજ નથી. એ પાણી શરીરને ધારણ કરનાર હોવાથી સોમ કહેવાય છે, અને આ

રોગમાં એ સોમનો ક્ષય થાય છે તેથી તે સોમરોગ કહેવાય છે.

સોમ રોગની ચિકિત્સા.

कदलीनां फलं पक्वं धात्रीफलरसं मधु । शर्करासहितं खादेत्सोमधारणमुत्तमम् ॥ माषचूर्णं समधुकं विदारीं मधुशर्कराम् । पयसा पाययेत्प्रातः सोमधारणमुत्तमम् ॥ स एव सरुजः सोमः स्रवेन्मूत्रेण चेन्मुहुः । तत्रैलापत्रचूर्णेन पाययेत्तरुणीं सुराम् ॥ जलेनामलकीबीजकल्कं समधुशर्करम् । पिबेद्दिनत्रयेणैव श्वेतप्रदरनाशनम् ॥ तक्रौदनाहाररता सापिबेन्नागकेशरम् । त्र्यहं तक्रेण संपिष्टं श्वेतप्रदरशान्तये ॥

(૧). પાકેલાં કેળાં, આમળાંનો રસ, મધ અને સાકર મેળવીને ખાવાથી સોમરોગ સારી રીતે મટી જાય છે.

(૨). અડદનો લોટ, જેઠીમધ, બિદારીકંદ, અને સાકર મેળવીને સવારમાં દુધ સાથે ખાવાથી સોમરોગ મટી જાય છે.

(૩). પીડાકારક અને વારંવાર મૂત્રની સાથે સ્રવતો હોય એવા સોમરોગ ઉપર તાજી મદિરામાં એળચીનાં ફોતરાંનું ચૂર્ણ નાખીને તે પીવી.

(૪). પાણીમા આમળાંના ઠળિયાનું ચૂર્ણ વાટી તે કલ્ક મધ તથા સાકર સાથે પીવાથી ત્રણ દિવસમાં ધોળો પ્રદર મટી થાય છે.

છાસની સાથે નાગકેસરનું ચૂર્ણ વાટી ત્રણ દિવસ પીવું અને છાસ તથા ભાતનો આહાર કરવો તેથી ધોળો પ્રદર મટી જાય છે.

મૂત્રાતિસાર વિષે.

सोमरोगे चिरं जाते यदा मूत्रमतिस्रवेत् । मूत्रातीसारं तं प्राहुर्बलविध्वंसनं परम् ॥

લાંબા કાળથી થયેલા સોમરોગમાં જો મૂત્ર બહુ નીકળવા માંડે, તો તે મૂત્રાતિસાર કહેવાય છે. તે બળનો અત્યંત નાશ કરી નાંખે છે.

इति सोमरोगमूत्रातीसाराधिकारः ॥

(યોનિરોગનો અધિકાર.)

યોનિના રોગોનું નિદાન.

मिथ्याहारविहाराभ्यां दुष्टैर्दोषैः प्रदूषितात् । आर्तवाद्बीजतश्चापि दैवाद्वा स्युर्भगे गदाः ॥

મિથ્યા આહારથી, દુષ્ટ થયેલા વાતાદિ દોષોથી, દુષ્ટ થયેલા રજથી, તથા પુરૂષના દુષ્ટ વીર્યથી, તથા વખતે દૈવગતિથી પણ યોનિરોગો થાય છે.

યોનિરોગોનાં નામો.

उदावृता तथा वन्ध्या विप्लुता च परिप्लुता । वातला योनिजो रोगो वातदोषेण पञ्चधा ॥ पञ्चधा पित्तदोषेण तत्रादौ लोहिता क्षरा । प्रस्रंसिनी वामनी च पुत्रघ्नी पित्तला तथा ॥ अत्यानन्दा कर्णिनी च चरणानन्दपूर्विका । अतिपूर्वापि सा ज्ञेया श्लेष्मला च कफाद्दिमाः ॥ षण्ढयण्डिनी च विवृता सूचीवक्त्रा त्रिदोषिणी । पञ्चैता योनयः प्रोक्ताः सर्वदोषप्रकोपतः ॥

ઉદાવૃત્તા, વંધ્યા, વિપ્લુતા, પરિપ્લુતા, અને વાતલા, એ પાંચ યોનિ રોગો વાયુથી થાય છે; લોહિતાક્ષરા, પ્રસ્રંસિની, વામની, પુત્રઘ્ની, અને પિત્તલા, એ પાંચ પ્રકારના યોનિરોગો પિત્તથી થાયછે; અત્યાનંદા, કર્ણિની, આનંદચરણા, અતિચરણા અને શ્લેષ્મલા, એ પાંચ યોનિરોગો કફથી થાય છે. ષંઢી, અંડિની, વિવૃતા, સૂચીવક્ત્રા, અને ત્રિદોષિણી, એ પાંચ યોનિરોગો ત્રણે દોષોથી થાય છે.

યોનીરોગોનાં લક્ષણો.

सफेनिलमुदावर्त्तारजः कृच्छ्रेण मुञ्चति । वन्ध्या निरार्तवा ज्ञेया विप्लुता नित्यवेदना ॥ परिप्लुतायां भवति ग्राम्यधर्मे रुजा भृशम् । वातला कर्कशा स्तब्धा शूलनिस्तोदपीडिता ॥ चतसृष्वपि चाद्यासु भवन्त्यनिलवेदनाः ॥

अनिलवेदनास्तोदादयः । वातलायां त्वतिवातवेदना बोद्धव्या । वातलेत्यन्वर्थात्.

सदाहं क्षरते रक्तं यस्या सा लोहितक्षरा । प्रस्रंसिनी संस्रते च क्षोभिता दुष्प्रजायिनी ॥

क्षोभिता विमर्दिता । स्रसते स्वस्थानाच्च्यवते दुष्प्रजायिनी दुष्टप्रजननशीला ॥

सवातमुद्गिरेद्वीर्यं वामनी रजसा युतम् । स्थितं हि पातयेद्गर्भं पुत्रघ्नी रक्तसंस्रवात् ॥

पुत्रशब्दोऽत्रापत्योपलक्षक ॥

अत्यर्थं पित्तला योनिर्दाहपाकज्वरान्विता । चतसृष्वपि चाद्यासु पित्तलिङ्गोच्छ्रयो भवेत् ॥ अत्यानन्दा न सन्तोषं ग्राम्यधर्मेण विन्दति । कर्णिन्यां कर्णिका योनौ श्लेष्मासृग्भ्यां प्रजायते ॥

कर्णिका मांसस्य कर्णिकाकारो ग्रन्थि· ॥

मैथुने चरणात्पूर्वं पुरुषादतिरिच्यते ॥

अतिरिच्यते रजो मुञ्चतीत्यर्थ. ।

बहुशश्चातिचरणात्तयोर्वीर्यं न तिष्ठति ॥

बहुश वारवारमतिरिच्यते । तयो. चरणातिचरणयो. ॥

श्लेष्मला पिच्छिला योनिः कण्डूयुक्तातिशीतला । चतसृष्वपि चाद्यासु श्लेष्मलिङ्गोच्छ्रयो भवेत् ॥ अनार्तवाऽस्तनी षण्ढी खरस्पर्शा च मैथुने ।

अस्तनी ईषत्स्तनौ यस्या. सा । अत्र लक्ष्या षण्ढी ॥

महामेढ्रगृहीताया बालाया अण्डिनी भवेत् ॥

महामेढ्रः पुरुषस्तेन गृहीतायाः बालाया सूक्ष्मयोनिच्छिद्राया । अण्डिनी अण्डवल्लम्बमाना योनिर्भवति ॥

विवृतातिमहायोनिः सूचीवक्त्रातिसंवृता । सर्वलिङ्गसमुत्थानं सर्वदोषप्रकोपजम् ॥ चतसृष्वपि चाद्यासु सर्वलिङ्गनिदर्शनम् ॥

ઘણા કષ્ટથી ફીણવાળું રજ નીકળે તે ઉદાવૃત્તા યોનિ કહેવાય છે, હમેશાં રજ વગરનીજ રહેતી હોય અથવા રજસ્વલાપણું થતુંજ ન હોય તે યોનિ વંધ્યા કહેવાય છે, જેમાં હંમેશાં વેદના થયા કરે તે યોનિ વિપ્લુતા કહેવાય છે, મૈથુનથી બહુ પીડા થાય તે યોનિ પરિપ્લુતા કહેવાય છે. કઠણ અક્કડ, અને શૂળ તથા ભોકાયા જેવી પીડા વાળી યોનિ વાતલા કહેવાય છે. ઉપરની ચારે પ્રકારની યોનિ પણ વાયુરોગો વાળી હોવાથી તેમા પણ પીડા વગેરે થાય છે, તો પણ આ વાતલામા પીડા વધારે થાય છે. દાહ સાથે લોહી ઝર્યા કરે તે યોનિ લોહીતક્ષરા કહેવાય છે, ચોળવાથી પોતાની જગોએથી ખસી જનારી, તથા ખરાબ બાલકો જણનારી યોનિ પ્રસ્રસિની કહેવાય છે, વાયુની સાથે રજ મિશ્રિત વીર્યને બહાર કાઢી નાંખનારી યોનિ વામની કહેવાય છે, રહેલા ગર્ભને રક્તસ્રાવથી પાડી નાખનારી યોનિ પુત્રઘ્ની કહેવાય છે; દાહ, પાક, અને

જ્વરથી અત્યત યુક્ત રહેનારી યોનિ પિત્તલા કહેવાય છે. ઉપરની ચારે યોનિ પણ પિત્ત રોગો વાળી હોવાથી દાહાદિયુક્ત હોય છે, તો પણ આમાં એ દાહાદિ બહુ હોય છે, માટે તે પિત્તલા જૂદી કહેલી છે. જે યોનિ મૈથુનથી સંતોષ નજ પામતી હોય તે યોનિ અત્યાનંદા કહેવાય છે, કફ તથા રક્તથી માંસની ઝોડી જેવા આકારની ગાઠ જેમાં થઇ હોય તે યોનિ કર્ણિકા કહેવાય છે, પુરુષનું વીર્ય પડયા પહેલાંજ તરત મૈથુનમા રજને છોડનારી યોનિ આનંદચરણા કહેવાય છે, તેમાં વીર્ય રહેતુંજ નથી, પુરૂષની પહેલાજ હમેશાં વારવાર રજ મૂકી દેનારી યોનિ અતિચરણા કહેવાય છે. એમાં પણ વીર્ય રહેતુંજ નથી. ચીકણી, ચળ વાળી અને અતિશીતળ યોનિ શ્લેષ્મલા કહેવાય છે. ઉપરની ચારે યોનિઓ પણ કફ રોગો વાળીજ હોવાથી તેમા ચીકાશાદિ હોય છે, તો પણ આમાં તે વધારે હોય છે. માટે તે જૂદો રોગ કહેલો છે. રજ વગરની તથા મૈથુનમાં ખરસટ સ્પર્શ વાળી રહેતી યોનિ ષંઢી કહેવાય છે, આવી સ્ત્રીઓના સ્તનો બહુ ન્હાના હોય છે, જે યોનિનુ છિદ્ર બહુ સાંકડું હોય તેમા મોટા લિંગવાળો પુરૂષ મૈથુન કરે છે તો તે યોનિ વૃષણની પેઠે લટકતી થઇ જાય છે તેને અંડિનીયોનિ કહે છે, અત્યત મ્હોટા છિદ્રવાળી યોનિ વિવૃતા કહેવાય છે, અત્યત સૂક્ષ્મ છિદ્રવાળી યોનિ સૂચીવક્ત્રા કહેવાય છે; અને સર્વ દોષોના કોપથી સર્વ દોષોના લક્ષણો વાળી યોનિ ત્રિદોષિણી કહેવાય છે. ઉપરની ચારે યોનિઓ પણ ત્રિદોષ વાળીજ હોય છે તેથી તેમાં સર્વ દોષોનાં લક્ષણો હોય છે જ, તો પણ આમાં એ લક્ષણો વધારે જેવામાં આવે છે.

અસાધ્ય યોનિરોગો વિષે.

पञ्चासाध्या भवन्तीह योनयः सर्वदोषजाः ॥ पञ्च षण्ढीप्रभृतयः ॥

ત્રિદોષોથી થતા છેલ્લા ષંઢી આદિ પાંચ યોનિરોગો અસાધ્ય છે.

યોનિકંદનું નિદાન.

दिवास्वप्नादतिक्रोधाद्व्यायामादतिमैथुनात् । क्षताच्च नखदन्ताद्यैर्वाताद्याः कुपिता यथा ॥ यथास्वं निदानं कुपिता वाताद्याः ॥

દિવસે સૂવાથી, અત્યંત ક્રોધ તથા પરિશ્રમથી, અને અત્યત મૈથુન તથા નખ કે દાંતના ક્ષતથી, પોત પોતાના કારણોથી પ્રકોપ પામેલા વાયુ વગેરે દોષો યોનિકંદ નામનો રોગ ઉત્પન્ન કરે છે.

યોનિકંદનું લક્ષણ.

पूयशोणितसङ्काशं लकुचाकृतिसन्निभम् । जनयन्ति यदा योनौ नाम्ना कन्दः स योनिजः ॥

लकुचाकृतिसन्निभ लकुचाकार गुडकमत्र विशेष्यं बोध्यम् ॥

પરૂ તથા લોહી જેવો અને ફણસ જેવા આકાર વાળો ગાંઠો યોનિમાં થાય છે તે યોનિકંદ કહેવાય છે.

યોનિકંદનાં રૂપો.

रूक्षं विवर्णं स्फुटितं वातिकं तं विनिर्दिशेत् । दाहरागज्वरयुतं विद्यात्पित्तात्मकं तु तम् ॥ तिलपुष्पप्रतीकाशं कण्डूमन्तं कफात्मकम् । सर्वलिङ्गसमायुक्तं सन्निपातात्मकं वदेत् ॥

રૂક્ષ તથા ખરાબ વર્ણવાળો તથા ફાટેલો

યોનિકંદ વાયુથી થાય છે, બળતરા, રતાશ, તથા જ્વરવાળો યોનિકંદ પિત્તથી થાય છે, તલનાં ફુલ જેવો અને ચળવાળો યોનિકંદ કફથી થાય છે, અને ઉપરનાં સર્વ લક્ષણો વાળો યોનિકંદ ત્રિદોષથી થાય છે.

યોનિરોગોની ચિકિત્સા.

आर्तवादर्शने नारी मत्स्यान् सेवेत नियमः। काञ्जिकं च तिलान्माषानुदश्विच्च तथा दधि ॥ इक्ष्वाकुबीजदन्ती चपला गुडमदनकिण्वयवशूकैः। सस्नुकक्षीरैर्वर्तिर्योनिगता कुसुमसंजननी ॥

इक्ष्वाकुः कटुतुम्बी। चपला पिप्पली। मदनो मदनफलम्। किण्वं सुराबीजम् ॥

पीतं ज्योतिष्मतीपत्रं स्वर्जिकोग्रासनं त्र्यहम्। शीतेन पयसा पिष्टं कुसुमं जनयेद्ध्रुवम् ॥

ज्योतिष्मती कटभीवृक्षविशेष करही इति लोके। अथवा उमिजिनी मालकगुनी इति च। असन आसनेति लोके विजयसारः इति च। पयसा दुग्धेन ॥

बला सिताढ्या मधुकं बला च शृङ्गं वटोत्थं गजकेशरं च। एतन्मधुक्षीरघृतैर्निपीतं वन्ध्यासु पुत्रं नियतं प्रसूते ॥ अश्वगन्धाकषायेण सिद्धं दुग्धं घृतान्वितम्। ऋतुस्नाताङ्गना प्रातः पीत्वा गर्भं दधाति हि ॥ पुष्योद्धृतं लक्ष्मणया मूलं दुग्धेन कन्यया। पिष्टं पीत्वा ऋतुस्नाता गर्भं धत्ते न संशयः ॥ कुरण्टमूलं धातक्याः कुसुमानि वटाङ्कुराः। नीलोत्पलं पयोयुक्तमेतद्गर्भप्रदं ध्रुवम् ॥

कुरण्टमूल पीतपुष्पकटसरैया ॥

याऽबला पिबति पार्श्वपिप्पलं जीरकेण सहितं हिताशनी। श्वेतया विशिखपुङ्खया युतं सा सुतं जनयतीह नान्यथा ॥

पार्श्वपिप्पलं गजहड इति लोके श्वेतपुष्पया शरपुङ्खया सह ॥

पत्रमेकं पलाशस्य पिष्ट्वा दुग्धेन गर्भिणी। पीत्वा पुत्रं समाप्नोति वीर्यवन्तं न संशयः ॥ शूकरशिम्बीमूलं मध्यं वा दधिफलस्य सपयस्कम्। पीत्वाथो भवलिङ्गी बीजं कन्यां न सूते स्त्री ॥

शूकरशिम्बी सुअरासेवी। दधिफल कैथस्तस्य मज्जा। भवलिङ्गी पञ्चगुरिया।

पुत्रकमञ्जरिमूलं विष्णुक्रान्तेशलिङ्गिनीसहितम्। एतद्गर्भेऽष्टदिनं पीत्वा कन्यां न सर्वथा सूते ॥

पुत्रमञ्जरी पताजिया तस्याः मूलम्। ईशलिङ्गी पञ्चगुलिया ॥

पिप्पलिविडङ्गटङ्कणसमचूर्णं या पिबेत्पयसा। ऋतुसमये न हि तस्या गर्भः सञ्जायते क्वापि ॥ आरनालपरिपेषितं त्र्यहं या जयाकुसुममत्ति पुष्पिणी। सत्पुराणगुडमुष्टिसेविनी सन्दधाति न हि गर्भमङ्गना ॥ तासु योनिषु साध्यासु स्नेहादिक्रम इष्यते। बस्त्यभ्यङ्गपरीषेकप्रलेपपिचुधारणम् ॥

बस्तिरत्रोत्तरबस्तिः। पिचु फाहा इति लोके।

नतं वार्ताकिनीकुष्ठसैन्धवामरदारुभिः। तिलतैलं पचेन्नारी पिचुमस्य विधारयेत् ॥ विप्लुताया सदा योनौ व्यथा तेन प्रशाम्यति ॥

नत तगरम्। वार्ताकिनी वरहंटा ॥

वातलां कर्कशां स्तब्धामपस्पर्शां तथैव च । कुम्भीस्वेदैरुपचरेदन्तर्वेश्मानि संवृते ॥ धारयेद्वा पिचु योनौ तिलतैलस्य सा सदा । पित्तलानां च योनीनां सेकाभ्यङ्गपिचुक्रियाः ॥ शीता पित्तहराः कार्याः स्नेहनार्थं घृतानि च ॥ श्लेष्मसिनीं घृताभ्यक्तां क्षीरस्विन्नां प्रवेशयेत् । पिधाय वेशवारेण ततो बन्धं समाचरेत् । शुण्ठीमरिचकृष्णाभिर्धान्यकाजाजिदाडिमैः ॥ पिप्पलीमूलसंयुक्तैर्वेशवारः स्मृतो बुधैः । धात्रीरसं सितायुक्तं योनिदाहे पिबेत्सदा ॥ सूर्यकान्ताभवं मूलं पिबेद्वा तण्डुलाम्बुना । योन्यां तु पूयस्राविण्यां शोधनद्रव्यनिर्मितैः । सगोमूत्रैः सलवणैः पिण्डैः संपूरणं हितम् ॥

शोधनद्रव्याणि निम्बपत्रादीनि ॥

दुर्गन्धां पिच्छिलां वापि चूर्णैः पञ्चकषायजैः । पूरयेद्धावयेद्वाजवृक्षादिक्वथिताम्बुना ॥

पञ्च कषाया वचावासापटोलप्रियङ्गुनिम्बा । राजवृक्षादिर्यथा घनवहेरा ॥

पिप्पल्या मरिचैर्माषैः शताह्वाकुष्ठसैन्धवैः। वर्तिस्तुल्या प्रदेशिन्या योनौ श्लेष्मविशोधिनी ॥

तुल्या प्रदेशिन्या दैर्घ्येण परिणाहेन च ॥

कर्णिन्यां वर्तयो देयाः शोधनद्रव्यनिर्मिता ॥ गुडूचीत्रिफलादन्तीक्वथितोदकधारया । योनिं प्रक्षालयेत्तेन तत्र कण्डूः प्रशाम्यति ॥ मुद्गयूषं सखदिरं पथ्यां जातीफल तथा । निम्बीं पूगं च संचूर्ण्य वस्त्रपूतं क्षिपेद्भगे ॥ योनिर्भवति संकीर्णा न स्रवेच्च जलं ततः । कपिकच्छूभवं मूलं क्वाथयेद्विधिना भिषक् ॥ योनिः सङ्कीर्णतां याति क्वाथेनानेन धावयेत् । जीरकद्वितयं कृष्णा सुषवी सुरभिर्वचा ॥ वासकः सैन्धवश्चापि यवक्षारो यवानिका । एषां चूर्णं घृते किंचिद्भृष्ट्वा खण्डेन मोदकम् ॥ कृत्वा खादेयथावह्नि योनिरोगाद्विमुच्यते ॥ मूषकक्वाथसंसिद्धतिलतैलकृतो पिचुः । नाशयेद्योनिरोगांस्तान्धृतो योनौ न संशयः ॥ त्रिफलां द्वौ सहचरौ गुडूचीं सपुनर्नवाम् । शुकनासां हरिद्रे द्वे रास्नां मेदां शतावरीम् ॥ कल्कीकृत्य घृतप्रस्थं पचेत्क्षीरे चतुर्गुणे । तत्सिद्धं पाययेन्नारीं योनिरोगप्रशान्तये ॥

त्रिफलाघृतम् ॥

मञ्जिष्ठामधुकं कुष्ठं त्रिफला शर्करा बला । मेदे पयस्याकाकोल्यौ मूलं चैवाश्वगन्धजम् ॥ अजमोदा हरिद्रे द्वे प्रियङ्गुः कटुरोहिणी । उत्पलं कुमुदं द्राक्षा काकोल्यौ चन्दनद्वयम् ॥ एतेषां कार्षिकैर्भागैर्घृतप्रस्थं विपाचयेत् । शतावरीरसं क्षीरं घृताद्देयं चतुर्गुणम् ॥ सर्पिरेतन्नरः पीत्वा स्त्रीषु नित्यं वृषायते । पुत्राञ्जनयते वीरान्मेधाढ्यान् प्रियदर्शनान् ॥ या चैवास्थिरगर्भा स्यात्पुत्रं वा जनयेन्मृतम् । अल्पायुषं वा जनयेद्या च कन्यां प्रसूयते ॥ योनिरोगे रजोदोषे परिस्रावे च शस्यते ॥ प्रजावर्धनमायुष्यं सर्वग्रहनिवारणम् ॥ नाम्ना फलघृतं ह्येतदश्विभ्यां परिकीर्तितम् । अनुक्तं लक्ष्मणा-

मूलं क्षिपन्त्यत्र चिकित्सकाः ॥ जीवद्वत्सैकवर्णाया घृतं तत्र प्रयुज्यते । आरण्यगोमयेनैव वह्निज्वाला च दीयते ॥

मेदामहामेदयोरभावे शतावरी द्विगुणा देया । पयस्यात्र क्षीरकाकोली । युगलाभावे अश्वगन्धा द्विगुणा देया । प्रियङ्गुस्थाने केचिद्धिङ्गु पठन्ति । पयस्याकाकोलीत्युक्त्वा पुनः काकोल्यौ इति काकोलीक्षीरकाकोल्योर्द्वैगुण्यार्थं । एतस्य फलघृतस्य पाठो नानाविधस्तन्त्रेषु । तत्र हिङ्गुवचातगरजीवकर्षभकारवाधिकाः जीवकर्षभयोरभावे विदारीकन्दो द्विगुणो देयः । फलघृत सकलयोनिरोगेषु ॥

गौरिकाम्रास्थि जन्तुघ्नं रजन्यञ्जनकट्फलाः पूरयेद्योनिमेतेषां चूर्णैः क्षौद्रसमन्वितः ॥ त्रिफलायाः कषायेण सक्षौद्रेण च सेचयेत् । प्रमदायोनिकन्देन व्याधिना परिमुच्यते ॥

જેને રજસ્વલાપણું આવતુંજ ન હોય તે સ્ત્રીએ નિત્ય માછલાં, કાંજી, તલ, અડદ, અરધા જળવાળી છાશ, તથા દહિંનું સેવન કરવું.

કડવી તુંબડીનાં બીજ, નેપાળો, પીપર, ગોળ, મીંઢળ, મદિરાનો નીચેનો રગડો, અને જવખારને થોરના દૂધમા વાટીને તેની વાટ બનાવીને યોનિમાં ખોસી રાખવાથી સ્ત્રી રજસ્વલા થાય છે.

માલકાકણીનાં પાન, સાજીખાર, વજ, અને બીબલાને ટાઢા દૂધમાં વાટીને પીવાથી રજ ઉત્પન્ન થાય છે

બળદાણા, સાકર, જેઠીમધ, ખપાટ, વડવાઈના અગ્રનો કૂણો ભાગ, અને નાગકેસરને મધ, દુધ, તથા ઘીમાં વાટીને પીવાથી વાંઝણી સ્ત્રી અવશ્ય પુત્ર પ્રસવે છે.

ઋતુસ્નાતા સ્ત્રી આસોંદના કવાથથી પકાવેલા દુધમાં ઘી નાંખીને પ્રાતઃકાળે પીએ તો તેને ગર્ભ રહે છે.

પુષ્ય નક્ષત્રમાં કાઢેલાં ધોળી રીંગણીનાં મૂળને કુંવારી કન્યાના હાથથી દુધમાં વટાવી જે ઋતુસ્નાતા સ્ત્રી પીએ છે તેને ગર્ભ નિઃસશય રહે છે

પીળા કાંટાશરિયાનાં મૂળ, ધાવડીનાં ફુલ, વડવાઈનાં કુણાં અગ્ર, અને શ્યામ કમળને દુધમાં વાટીને પીવાથી અવશ્ય ગર્ભ રહે છે.

જીરૂં અથવા ધોળા શરપંખા સાથે પારસ પીપળાના ડોડવાને વાટીને પીવાથી તથા પથ્ય ભોજન કરવાથી અવશ્ય પુત્ર પ્રાપ્ત થાય છે.

ગર્ભિણી સ્ત્રી ખાખરાના એકજ પાનને દુધમાં વાટીને પીએ તો નિઃસંશય તેને બલવત્તર પુત્ર અવતરે છે.

કૌચાનુ મૂળ, અથવા કોઠનો ગર્ભ, અથવા શિવલિંગીનાં બીજને દુધમાં વાટીને પીવાથી ગર્ભિણી સ્ત્રીને કદી પણ પુત્રી અવતરતી નથી.

આઠ દિવસ સૂધી જીયાપોતાનાં મૂળ, કાળી ગરણી, તથા શિવલિંગીને વાટીને ગર્ભવતી સ્ત્રી પીએ છે, તો તેને સર્વથા પુત્રી આવતી નથી.

ગર્ભ નહિ રહેવાનાં ઔષધો.

ઋતુ સમયમાં પીપર, વાવડિંગ, અને ટંકણખારનુ સમભાગ ચૂર્ણ દૂધ સાથે પીવાથી સ્ત્રીને ગર્ભ કદીપણ રહેતો નથી.

ઋતુ સમયમાં જાસૂદનાં ફૂલને આરનાલમાં વાટીને ત્રણ દિવસ સૂધી પીવાથી, તથા ચાર તોલા સારા જૂના ગોળનું સેવન કરવાથી સ્ત્રીને ગર્ભ રહેતો નથી.

યોનિરોગોની ચિકિત્સા.

સાધ્ય યોનિરોગો ઉપર સ્નેહન, ઉત્તરબસ્તિ, અભ્યંગ, સેચનો, પ્રલેપો, અને યોગ્ય ઔષધોથી ભીંજવેલાં રૂનાં પુમડાં ખોસવા વગેરે ઉપાયો કરવા.

તગર, ઊભી ભોંરીંગણી, કઠ, સિંધવ, અને દેવદારના કલ્કથી પકાવેલા તલના તેલનું પુમડું યોનિમાં રાખવાથી વિપ્લુતાયોનિની પીડા મટી જાય છે.

વાતલા, કઠણ, સ્તબ્ધ, કે ખરાબ સ્પર્શવાળી યોનિમાટે પડદાથી બંધ કરેલા અંદરના ઘરમાં વાતહર દવાઓનો ક્વાથ માટલામા ભરી, તે માટલાને અરધું કે પોણું જમીનમાં દાટી, ઉપર ધગધગતા લોઢાના કડકાઓ નાંખીને બાફ દેવી; અથવા તલના તેલનુ પુમડું યોનિમાં ખોસી રાખવું.

પિત્તના યોનિરોગો માટે સેચન, અભ્યગ, તથા પુમડું રાખવાં વિગેરેની શીતળ અને પિત્તહર ક્રિયાઓ કરવી, તથા સ્નેહન માટે ઘી બનાવવાં.

પ્રસ્રંસિની યોનિ હોય તો તેને ઘીનો અભ્યંગ કરી, દૂધનો બાફ દેઈને, તેને અંદર પેસાડી દેવી; અને પછી નીચેના વેશવારથી તેનુ મુખ બંધ કરી પાટો બાંધવો:—

વેશવાર (હવેજ).

સુંઠ, મરી, પીપર, ધાણા, જીરૂં, દાડમ, અને પીપળીમૂળનુ ચૂર્ણ વેશવાર કહેવાય છે.

યોનિમાં બળતરા થતી હોય તો નિત્ય આમળાનો રસ સાકર નાંખીને પીવો, અથવા કમલિનીનું મૂળ ચોખાના ધોવરામણમા વાટીને પીવું.

યોનિમાંથી પરૂનો સ્રાવ થતો હોય તો લીમડાનાં પાન વિગેરે શોધન પદાર્થોને સિંધવ સહિત ગોમૂત્રમાં વાટીને કરેલી ગોળીઓ યોનિમાં ભરવી તે હિતકારી છે.

યોનિ દુર્ગંધવાળી કે ચીકણી હોય તો વજ, અરડૂસી, કડવાં પરવળ, લીમડો, તથા ઘણીલાનું ચૂર્ણ યોનિમાં ભરવું, તથા ગરમાળા વિગેરેના ક્વાથ (રાજવૃક્ષાદિ ક્વાથ) થી તે યોનિને ધોવી.

પીપર, મરી, અડદ, સુવા, કઠ, અને સિંધવને વાટીને તર્જની આંગળી જેવી જાડી અને લાંબી વાટ બનાવીને યોનિમાં ખોસી રાખવાથી કફ સંબંધી યોનિરોગો મટી જાયછે.

કફ સંબંધી કર્ણિકા રોગ હોય તો યોનિમાં શોધન પદાર્થોની વાટ ખોસી રાખવી.

ગળો, ત્રિફળા, અને નેપાળાના ક્વાથની ધારાથી યોનિ ધોવાથી તેમાંની ચળ મટે છે.

કાથો, હરડે, જાયફળ, લીમડાનાપાન, અને સોપારીનું ચૂર્ણ, મગના યૂષમાં વાટી વસ્ત્રથી ગાળીને સૂકવવું. પછી તે યોનિમા રાખવાથી યોનિ સાંકડી થઇને જળનો સ્રાવ તેમાંથી થતો નથી.

કૌચાંના મૂળનો વિધિવત ક્વાથ કરીને તેથી યોનિને ધોવાથી તે સાકડી થાય છે

જીરૂં, શાહજીરૂં, કલોંજીજીરૂં, પીપર, અરડૂસો, સુગંધી વજ; સિંધવ, જવખાર, તથા અજમાનું ચૂર્ણ જરાક ઘીમા શેકીને તેમા ખાંડ મેળવી લાડુ કરવા, તે લાડુ પાચનબળ અનુસાર ખાવાથી યોનિના રોગો મટી જાયછે.

ઉંદરના માંસના ક્વાથમાં પકાવેલા તલના તેલનું પોતું યોનિમાં રાખવાથી યોનિના રોગો નિઃસંશય મટીજ જાય છે.

ત્રિફલા ઘૃત.

ત્રિફળા, ધોળો તથા પીળો કાંટા શરિયો,

ગળો, સાટોડી, સીવણ, હળદર, દારૂહળદર, રાસ્ના, અને બમણી શતાવરીના કલ્કથી ચોસઠ તોલા ઘી ચોગણા દૂધમાં પકાવી, પીવાથી યોનિના રોગો મટી જાય છે.

ફલઘૃત

મજીઠ, જેઠીમધ, કઠ, ત્રિફળા, સાકર, બળદાણા, બમણી શતાવરી, ચોગણી આસોદ, આસોંદનાં મૂળ, અજમોદ, હળદર, દારૂહળદર, ઘઊંલો, કડુ, કમળ, પોયણાં, દ્રાક્ષ, સુખડ, અને રતાંજળી, એ દરેકના એક એક તોલા કલ્કથી બમણા શતાવરીના રસમા તથા બમણા દૂધમાં ચોસઠ તોલા ઘી પકાવવું. આ ઘી પીવાથી પુરૂષ મૈથુન કરવામાં બળવાન થઈ વીર, બુદ્ધિમાન્ અને રૂપાળા પુત્રો પેદા કરે છે. ગર્ભો પડી જતા હોય, એવી સ્ત્રી આ ઘી પીએ તો તેને સર્વ હરકતો દુર થાય છે, તથા યોનિનો સ્રાવ, રજનો દોષ, અને બીજા સર્વ યોનિરોગો પણ મટી જાય છે. સંતતિ તથા આયુષ્ય વધારનાર, સર્વ ભૂત પ્રેતાદિક મટાડનાર આ ઘી અશ્વિનીકુમારોએ કહેલુ છે. આમાં ધોળી રીંગણીનુ મૂળ નાંખવાનુ કહેલુ નથી, તો પણ વૈદ્ય લોકો તે નાખે છે જેને વાછડો જીવતો હોય અને જેનો આખા શરીરનો વર્ણ એકજ હોય એવી ગાયના ઘીમાંથી આ ફળઘૃત બનાવવું, અને તેને પકાવવું તે અડાયાના અગ્નિથીજ પકાવવાની રીતિ છે. આ ફલઘૃત બનાવવાના પાઠો ગ્રંથોમાં અનેક પ્રકારના છે, પણ તેઓમાં હિંગ વજ, તગર, અને બમણું વિદારીકંદ, એ વિશેષ હોય છે.

યોનિકંદની ચિકિત્સા.

સોનાગેરૂ, આંબાની ગોટલી, વાવડીંગ, હળદર, રસવતી, અને કાયફળનુ ચૂર્ણ મધમાં કાલવી યોનિમાં ભરવાથી અને ત્રિફળાના કવાથમા મધ નાખીને તેનુ સેચન કરવાથી સ્ત્રીઓનો યોનિકંદ નામનો રોગ મટી જાય છે.

ગર્ભિણીના રોગોની ચિકિત્સા.

ह्रीबेरातिविषामुस्तमोचसञ्जैः शृतं जलम् । दद्याद्गर्भे प्रचलिते प्रदरे कुक्षिरुज्यपि ॥

कुक्षिरुक् उदरव्यथा । चलितगर्भस्थापनेह्रीबेरादिक्वाथ ॥

मधुकं चन्दनोशीरसारिवापद्मपत्रकैः । शर्करामधुसंयुक्तैः कषायो गर्भिणीज्वरे ॥ चन्दनं सारिवालोध्रमृद्वीकाशर्करान्वितम् । क्वाथं कृत्वा प्रदद्याच्च गर्भिणीज्वरशान्तये ॥ पीतं विश्वमजाक्षीरैर्नाशयेद्विषमज्वरम् ॥

गर्भिण्या. ॥

आम्रजम्बूत्वचः क्वाथैर्लेहयेल्लाजसक्तुकम् । अनेन लीढमात्रेण गर्भिणी ग्रहणीं जयेत् ॥ ह्रीबेरारलुरक्तचन्दनबलाधान्याकवत्सादनी । मुस्तोशीरयवासपर्पटविषाक्वाथं पिबेद्गर्भिणी । नानाव्याधिरुजातिसारगदके रक्तस्रुतौ वा ज्वरे । योगोऽयं मुनिभिः पुरा निगदितः सुत्यामयेऽप्युत्तमः ॥

હીબેરાદિ કવાથ.

ગર્ભ પ્રચલિત થાય અથવા પ્રદર કે પેટમાં પીડા થતી હોય તો વૈદ્યે ગર્ભવતીને વાળો, અતિવિષ, મોથ, મોચરસ, અને ઇંદ્રજવનો કવાથ આપવો

જેઠીમધ, રતાંજળી, વાળો, ઉપલસરી, અને કમળપત્રનો કવાથ સાકર તથા મધ નાખીને પીવાથી ગર્ભવતીને આવતો જ્વર શાંત થઇ જાય છે.

બકરીના દૂધમાં સુંઠ પીવાથી ગર્ભિણીનો વિષમજ્વર મટી જાય છે.

આંબાની તથા જાંબુની છાલોનો ક્વાથ ચોખાની ધાણીના સાથવા સાથે ચાટવાથી ગર્ભવતીનો ગ્રહણીરોગ તુરત મટી જાય છે.

વાળો, અરલુ, રતાંજળી, બળદાણા, ધાણા, ગળો, મોથ, વાળો, જવાસો, ખડસલિયો, અને અતિવિષનો ક્વાથ પીવાથી ગર્ભવતીના અનેક પ્રકારના રોગો, પીડા, અતિસાર, રક્તસ્રાવ, અને ગર્ભસ્રાવ પણ મટી જાય છે. આ ઉત્તમ યોગ પ્રાચીન મુનિઓએ કહેલો છે.

(ગર્ભ પ્રકરણ)

ગર્ભસ્રાવ તથા ગર્ભપાતનું નિદાન.

ग्राम्यधर्माध्वगमनपानायासप्रपीडनैः । ज्वरोपवासोत्पतनप्रहाराजीर्णधावनैः ॥ वमनाच्च विरेकाच्च कुन्थनाद्गर्भपातनात् । तीक्ष्णक्षारोष्णकटुकतिक्तरूक्षनिषेवणात् ॥ वेगाभिघाताद्विषमादासनाच्छयनाद्भयात्। गर्भे पतति रक्तस्य सशूलं दर्शनं भवेत् ॥

गर्भपातनं नियमेन गर्भपातनशील द्रव्यम् ॥

મૈથુન, પથ, વાહનપર બેસવું, પરિશ્રમ, અત્યંત દબાણ, જ્વર, ઉપવાસ, ઠેકવું, પ્રહાર, અજીર્ણ, દોડવું, વમન, વિરેચન, કલેશ, ગર્ભ પાડનારા પદાર્થોનો ઉપયોગ, તીક્ષ્ણ ક્ષારો, અને ઉષ્ણ, તીખા, કડવા, તથા રૂક્ષ પદાર્થોનુ સેવન, વેગનો અભિઘાત, વિષમ આસન, વિષમ શયન, અને ભયથી ગર્ભસ્રાવ કે ગર્ભપાત થાય છે.

ગર્ભસ્રાવ તથા ગર્ભપાતનું પૂર્વરૂપ.

गर्भे पतति इत्यादि । पतति स्रावेण पातेन वा पश्यति ॥

ગર્ભસ્રાવ કે ગર્ભપાત થવાનો હોય ત્યારે શૂળ તથા રક્ત સ્રાવ થાય છે.

ગર્ભસ્રાવ તથા ગર્ભપાતનો અવધિ.

आचतुर्थात्ततो मासात्प्रस्रवेद्गर्भविद्रवः । ततः स्थिरशरीरस्य पातः पञ्चमषष्ठयोः ॥

आचतुर्थान्मासाच्चतुर्थमासपर्यन्तं गर्भस्य विद्रवः शोणितरूपः गर्भः स्रवति । शोणितमिति भोजवचनात् । स्थिरशरीरस्य काठिनशरीरस्य ॥

ચોથા માસ સૂધી રક્તરૂપે ગર્ભનો સ્રાવ થાય છે, તેને ગર્ભસ્રાવ કહે છે; કેમકે ભોજે કહ્યું છે કે—"ચોથા માસ સુધીમાં ગર્ભ રક્તરૂપે સ્રવી જાય છે." ચોથા માસ પછી ગર્ભનું શરીર કઠણ થાય છે, અને પાચમા કે છઠા માસમા જો તે પડી જાય, તો તેને ગર્ભપાત કહે છે.

ગર્ભપાતનાં દષ્ટાંત.

गर्भोऽभिघातविषमासनपीडनाद्यैः पक्वं द्रुमादिव फलं पतति क्षणेन ॥

यथा वृन्तलग्नं पक्वं फलमभिघातेनाकाले एव पतति तथा गर्भोऽप्यभिघातादिनाऽकाले पतति ।

જેમ ડાંટીયામાં વળગી રહેલુ ફળ વાગવા વિગેરેથી અકાળે તુટીને પડી જાય છે, તેમ વિષમ આસન, અભિઘાત, અને દબાણ વિગેરેથી અકાળેજ ગર્ભ પણ પડી જાય છે.

ગર્ભસ્રાવની ચિકિત્સા.

गुर्विण्या गर्भतो रक्तं स्रवेद्यदि मुहुर्मुहुः । तन्निरोधाय सा दुग्धमुत्पलादिशृतं पिवेत् ॥

उत्पलं नीलमारक्तं कह्लारं कुमुदं तथा । श्वेताम्भोजं च मधुकमुत्पलादेरयं गणः ॥

संमीलितो हरत्येव दाहं तृष्णां हृदामयम्। रक्तपित्तं च मूर्च्छां च तथा छर्दिमरोचकम्॥

ગર્ભવતીના ગર્ભમાંથી વારંવાર રક્તસ્રાવ થવા લાગે તો તેને રોકવા માટે તે સ્ત્રીએ નીચે લખેલા ઉત્પલાદિગણનો ક્વાથ પીવો:—

ઉત્પલાદિગણનો ક્વાથ.

નીળકમળ, રક્તકમળ, રાત્રિ વિકાસી કુમુદકમળ, ધોળુંકમળ, અને જેઠીમધ, એ ઉત્પલાદિગણ કહેવાય છે. આનો ક્વાથ પીવાનો અભ્યાસ રાખવાથી દાહ, તરશ, છાતીના રોગ, રક્તપિત્ત, મૂર્ચ્છા, ઉલટી, તથા અરૂચિ મટી જાય છે.

ગર્ભપાતના ઉપદ્રવો.

प्रस्रंसमाने गर्भे स्याद्दाहः शूलश्च पार्श्वयोः। पृष्ठरुक्प्रदरानाहौ मूत्रसङ्गश्च जायते॥

प्रस्रंसमाने पतति॥

स्थानात् स्थानान्तरं तस्मिन् मयात्यपि च जायते। आमपक्वाशयादौ तु क्षोमः पूर्वेऽप्युपद्रवाः॥

पूर्वेऽप्युपद्रवा. पार्श्वशूलादय॥

ગર્ભપાત થાય ત્યારે બળતરા, પડખાંમાં શૂળ, પીઠમાં દુ:ખ, પ્રદર, પેડુનું ચઢવું, અને મૂત્રની અટકાયત થાય છે ગર્ભ એક જગાએથી બીજી જગોએ જાય તો આમાશય તથા પક્વાશય વિગેરેમાં ક્ષોભ તથા ઉપર લખેલા ગર્ભપાતના ઉપદ્રવો પણ થાય છે.

ગર્ભપાતની ચિકિત્સા.

स्निग्धशीतक्रियास्तेषु दाहादिषु समाचरेत्। कुशकाशैरुबूकानां मूलैर्गोक्षुरकस्य च॥ शृतं दुग्धं सितायुक्तं गर्भिण्याः शूलहृत्परम्। श्वदंष्ट्रा मधुकक्षुद्राम्लानैः सिद्धं पयः पिबेत्॥ शर्करामधुसंयुक्तं गर्भिणीवेदनापहम्॥

अम्लान. पुष्पजातिः। अयं बाणपुष्प इति गौडादौ प्रसिद्ध॥

मृत्कोष्ठागारिकागेहसम्भवा नवमालिका। समङ्गां धातकीपुष्पं गैरिकं च रसाञ्जनम्॥ तथा सर्जरसश्चैतान्यथालाभं विचूर्णयेत्। तच्चूर्णं मधुना लिह्याद्गर्भपातप्रशान्तये॥

मृत्कोष्ठागारिकागेहसम्भवा कोष्ठागारकारिकिरटी तन्निर्मितगृहभवा मृत्तिका। समङ्गा लज्जालुः॥

कसेरूत्पलशृङ्गाटकल्कं वा पयसा पिबेत्। पक्वं वचारसो नाभ्यां हिङ्गु सौवर्चलान्वितम्। आनाहे तु पिबेद्दुग्धं गुर्विणी सुखिनी भवेत्॥

सौवर्चलं सौहार इति लोके।

तृणपञ्चकमूलानां कल्केन विपचेत्पयः। तत्पयो गुर्विणी पीत्वा मूत्रसङ्गाद्विमुच्यते॥ शालीक्षुकुशकाशैः स्याच्छरेण तृणपञ्चकम्। एषां मूलं तृषादाहपित्तासृङ्मूत्रसङ्गहृत॥

દાહ વિગેરે થાય તો વૈદ્યે સ્નિગ્ધ તથા શીતળ ક્રિયાઓ કરવી.

દર્ભ, કાંસડો, એરંડો, અને ગોખરૂ, એમનાં મૂળોના કલ્કથી પકાવેલા દૂધમાં સાકર નાખીને પીવાથી ગર્ભવતીનું શૂળ મટી જાય છે.

ગોખરુ, જેઠીમધ, ભોંરીંગણી, અને કાંટા-

શરિયો, એમના કલ્કથી પકાવેલું દૂધ સાકર તથા મધ નાંખીને પીવાથી ગર્ભવતીની વેદના મટી જાય છે.

ભમરીના દરની માટી, મોગરો, રીસામણી, ધાવડીનાં ફૂલ, સોનાગેરુ, રસવતી, અને શાળ, એમાથી જેટલાં મળે તેટલાનું ઝીણું ચૂર્ણ મધમાં ચાટવાથી ગર્ભપાતની શાંતિ થાય છે.

કસેલાં, કમળ, અને શીંગોડાનો કલ્ક દુધમાં પીવાથી ગર્ભિણીને સુખ મળે છે.

ગર્ભિણીને પેટ કે પેડુ ચઢી આવે તો તેણે વજ તથા લસણના કલ્કથી પકાવેલા દુધમાં હિંગ તથા સચળ નાંખીને તે પીવું, તેથી તેને સુખ થાય છે.

ચોખા, શેરડી, દર્ભ, કાંસડો, અને પાનબાજરિયાં એ સર્વનાં મૂળોના કલ્કથી પકાવેલું દુધ પીવાથી ગર્ભિણીને મૂત્રની અટકાયત મટી જાય છે આ પચમૂળ તૃષા, દાહ, રક્તપિત્ત તથા મૂત્રાવરોધને મટાડે છે.

ગર્ભિણીને કરવાના માસિક ઉપચારો

मधुकं शाकबीजं च पयस्या सुरदारु च। अश्मन्तकस्तिलाः कृष्णा ताम्रवल्ली शतावरी ॥ वृक्षादनी प्रियङ्गुश्च लता चोत्पलसारिवा। अनन्ता सारिवा रास्ना पद्मा मधुकमेव च ॥ बृहत्यौ काश्मरी चापि क्षीरी शुङ्गास्त्वचो घृतम्। पृष्ठिपर्णी वचा शिग्रु श्वदंष्ट्रा मधुपर्णिका ॥ शृङ्गाटकं बिसं द्राक्षा कसेरु मधुकं सिता। वत्सैते सप्त योगाः स्युरर्धश्लोकसमापनाः ॥ यथासंख्य प्रयोक्तव्या गर्भस्रावे पयोयुताः। एवं गर्भो न पतति गर्भशूलं च शाम्यति ॥

शाकबीजं शाको महावृक्षः कर्कशपत्रस्तस्य बीजम्। पयस्यात्र क्षीरकाकोली। तदलाभेऽश्वगन्धा ग्राह्या। अश्मन्तक. कोविदारसदृशोऽम्लपत्रः। अस्लोना इति लोके। ताम्रवल्ली रामकान्ता। मञ्जिष्ठा इति लोके। प्रियङ्गु कङ्गु। अनन्ता उत्पलसारिवा। पद्मा पद्मचारिणी भार्ङ्गीति केचित्। बृहत्यौ स्थुलफला स्वल्पफला च। क्षारी शुङ्गा। क्षीरिणा वटादीनां शुङ्गा। अविकाशिताः प्रवाला.। मधुपर्णिका गम्भारी पयोयुता प्रतिमासं अर्धश्लोकोक्तौषधमिलिता. कर्षमिता शीततोयेन संपिष्टाः पलमितेन दुग्धेनालोडिताः पातव्या इत्यर्थः ॥

कपित्थबृहतीबिल्वपटोलेक्षुनिदिग्धिकाः। मूलानि क्षीरसिद्धानि दापयेद्भिषगष्टमे ॥

कपित्थादीना मूलानि मिलितानि पलमितानि पलाष्टकमिते क्षीरे द्वात्रिंशज्जलपलयुक्ते क्वाथयित्वा क्षीरमात्रमवशिष्ट पातु दद्यादित्यर्थ. ॥

नवमे मधुकानन्ता पयस्या सारिवाः पिबेत्।

अत्रापि मधुकादीनि मिलित्वा कर्षमितानि शीततोयेन सपिष्टानि पलपरिमितेन दुग्धेनालोडितानि पिबेत् ॥

क्षीरं शुण्ठी पयस्याभ्यां सिद्धं स्याद्दशमे हितम्। सक्षीरं वा हितां शुण्ठीं मधुकं सुरदारु च ॥

दशमे शुण्ठीपयस्याभ्यां पूर्ववत्कथितं पिबेत्। अथवा शुण्ठी मधुकसुरदारूणि शीतलजलपिष्टानि दुग्धेनालोडितानि पिबेत् ॥

क्षीरिकामुत्पलं दुग्धं समङ्गामूलकं शिवाम्। पिबेदेकादशे मासि गर्भिणी शूलशान्तये ॥

अत्र क्षीरिकायाः फल दद्यात । समङ्गामूलक लज्जालुमूलम् ॥

सिता विदारी काकोली क्षीरी चैव मृणालिका । गर्भिणी द्वादशे मासि पिबेच्छूलघ्नमौषधम् ॥

काकाल्यभावेऽश्वगन्धामूलं ग्राह्यम् ॥

एवमाप्यायते गर्भस्तीव्रा रुक् चोपशाम्यति ॥

પહેલે માસે જેઠીમધ, સાગનાંબીજ, આસોંદ, અને દેવદાર, એમાંથી જે મળે તેનો એક તોલો કલ્ક દુધમા ઘોળીને પીવો.

બીજે માસે અશ્મંતક, કાળા તલ, મજીઠ, અને શતાવરી એમાંથી જે મળે તેનો એક તોલો કલ્ક દુધમાં ઘોળીને પીવો.

ત્રીજે માસે ગુદ્દી, કાગ, ઘઉંલો, અને ધોળી ઉપલસરી, એમાથી જેટલાં મળે તેનો એક તોલો કલ્ક દુધમાં ઘોળીને પીવો

ચોથે માસે ધોળી ઊપલસરી, ઉપલસરી, રાસ્ના, ભારગી, અને જેઠીમધ, એમાંથી જે મળે એનો એક તોલો કલ્ક દુધમાં ઘોળીને પીવો.

પાચમે માસે ઊભી તથા બેઠી ભોરીંગણીઓ, સીવણ, વડ વિગેરે પંચક્ષીરી વૃક્ષોના નહિ ઉઘડેલાં કુણા કુણાં કુપળિયા એજ વૃક્ષોની છાલો, અને ઘી, એમાંથી જે મળે તેનો એક તોલો કલ્ક દૂધમાં ઘોળીને પીવો.

છઠ્ઠે માસે નાનો સમેરવો, વજ, સરગવો, ગોખરૂ, અને સીવણ, એમાંથી જે મળે તેનો એક તોલો કલ્ક દધમા ઘોળીને પીવો.

સાતમે માસે સીંગોડા, કમળકદ, દ્રાક્ષ, કશેલા, જેઠીમધ, અને સાકર, એમાથી જે મળે તેનો એક તોલો કલ્ક દૂધમા ઘોળીને પીવો.

આમ કરવાથી ગર્ભનો સ્રાવ કે પાત થતો નથી, અને શૂળ પણ શાંત થાય છે. ઉપરનાં ઔષધોને ટાઢા પાણીમાં વાટીને તેનો કલ્ક દૂધમાં ઊવી દઇને પીવાય છે.

આઠમે માસે વૈદ્યે કોઠ, ઊભી ભોરીંગણીનાં મૂળોને ટાઢા પાણીમાં વાટીને તેનો એક તોલો કલ્ક નાખી ૧૨૮ તોલા પાણી તથા બત્રીસ તોલા દૂધને ઉકાળીને માત્ર દુધ રહે તે ગાર્ભિણીને પાવુ.

નવમે માસે જેઠીમધ, ધોળી ઉપલસરી, આસોંદ, અને રાતા ધમાસાનો પાણીમા કલ્ક કરીને એક તોલો કલ્ક ચાર તોલા દુધમા ઘોળીને પીવો.

દશમે મહિને સૂઠ અને આસોંદને ટાઢા પાણીમા વાટી તેના એક તોલા કલ્કથી ૧૨૮ તોલા પાણી તથા બત્રીસ તોલા દુધને ઉકાળતાં દુધ રહે તે ગાર્ભિણીને પાવું, અથવા સૂઠ, જેઠીમધ, અને દેવદારને ટાઢા પાણીમાં વાટીને તેનો એક તોલો કલ્ક દુધમાં ઘોળીને પાવો.

અગિયારમે માસે રાયણના ફળ, કમળ, રીસામણીનાં મૂળ, અને હરડેને ટાઢા પાણીમા વાટીને તેનો એક તોલો કલ્ક દુધમા ઘોળીને ગાર્ભિણીને પાવો, તેથી શૂળ મટી જાય છે.

બારમે માસે સાકર, વિદારીકંદ, આસોંદનું મૂળ, અને પારશપીપળાનાં ફળ, તથા કમળનુ નાળ, એઓને પાણીમાં વાટીને તેનો કલ્ક એક તોલો પાવો, એથી શૂળ મટે છે, ગર્ભ પોષાય છે, અને તીવ્ર પીડા મટી જાય છે.

સૂકાયેલા ગર્ભની ચિકિત્સા.

गर्भो वातेन संशुष्को नोदरं पूरयेद्यदि ।

सा बृंहणीयैः संसिद्धं दुग्धं मांसरसं पिबेत् ॥ शुक्रार्तवमजाताङ्गं संशुष्कं मरुतार्दितम् । त्यक्तं जीवेन तत्तस्मात्कठिनं चावतिष्ठते ॥ शुक्रार्तवार्दको वायुरुदराध्मानकृद्भवेत् । कदाचिच्चेत्तदाध्मानं स्वयमेव प्रशाम्यति ॥ नैगमेयेन गर्भोऽयं हृतो लोकध्वनिस्तदा ॥

नैगमेय बालग्रह ॥

स एवाल्पप्रस्रुत्या चेल्लघुभूत्वावतिष्ठति । तदा स गर्भो भवति लोके नागोदराह्वयः ॥ धान्यकुट्टनमुख्या स्याच्चिकित्सातूभयोरपि ॥

વાયુથી સૂકાયાને લીધે ગર્ભથી ગાર્ભિણીનુ પેટ મોટું ન થાય, તો જીવનીયગણના ઔષધોનો કલ્ક નાંખીને દૂધ ગાર્ભિણીએ પીવુ. અને માંસનો રસ પીવો અંગોની રચના રચાઈ ન હોય એવો વીર્ય તથા રજનો સંઘાત વાયુથી સૂકાઇને પ્રાણવગરનો કઠણ થઇ રહેછે. એથી એ વીર્ય તથા રજને સુકવી નાખનારો વાયુ કોઇ વાર પેટને ઉપસાવે પણ છે, તો તે ફૂલેલું પેટ એની મેળેજ પાછુ બેસી જાય છે, અને તેથી લોકો કહે છે કે— "આ ગર્ભને નૈગમેશ નામના બાલગ્રહે પકડી લીધો છે. એજ ગર્ભ જો થોડા ચલન વાળો અને ન્હાનો થઇને પેટમાં રહી જાય છે; તો તેને લોકો નાગોર કહે છે. આ બેમાંની કોઇ પણ પ્રકારની ગર્ભની સ્થિતિ થાય તો ગાર્ભિણી સ્ત્રીના હાથથી ધાન્ય ખડાવવા વગેરેના કામો કરાવવાં. તેની એજ ચિકિત્સા છે. અને તેથી તરત પ્રસવ થાયછે.

પ્રસવના મહિના.

नवमे दशमे मासि नारी गर्भं प्रसूयते । एकादशे द्वादशे वा ततोऽन्यत्र विकारतः ॥

ગર્ભવતી સ્ત્રી નવમે, દશમે, અગિયારમે કે બારમે મહિને જણે છે, અને જો કાંઈ વિકાર હોય તો એથી પણ વધારે મુદતે જણેછે.

પ્રસવ ન થતાં ગર્ભ પેટમાં રહી જાય તેની ચિકિત્સા.

वातेन गर्भसङ्कोचात्प्रसूतिसमयेऽपि या । गर्भं न जनयेन्नारी तस्याः शृणु चिकित्सितम् ॥ कुट्टयेन्मुशलेनैषा कृत्वा धान्यमुलूखले । विषमं चासनं यानं सेवेत प्रसवार्थिनी ॥

વાયુથી ગર્ભ સંકોચાઈ જવાથી પ્રસવના મહિના વીતી ગયા છતાં પણ પ્રસવ ન થાય, તેની ચિકિત્સા સાંભળો. એવી સ્ત્રીએ ખાંડણિયામાં ધાન્ય નાખીને સાબેલાથી તે ખાંડવું, તથા વિષમ આસન તથા વાહનપર બેસવું.

કષ્ટ થાય અને પ્રસવ તરત ન થાય તેની ચિકિત્સા.

प्रसवस्य विलम्बे तु धूपयेदभितो भगम् । कृष्णसर्पस्य निर्मोकैस्तथा पिण्डीतकेन वा ॥

निर्मोक. सर्पकञ्चुक. । पिण्डीतक. मदनफल इति लोके ॥

तन्तुना लाङ्गलीमूलं बध्नीयाद्धस्तपादयोः । सुवर्चलां विशल्यां वा धारयेदाशु सूयते ॥

सुवर्चला सूर्यकान्ता । विशल्या पाटला ॥

करङ्कीभूतगोमूर्धा सूतिकाभवनोपरि । स्थापितस्तत्क्षणान्नार्याः सुखं प्रसवकारकः ॥

करङ्कीभूत अस्थिमात्रेण स्थित ॥

पोतकीमूलकल्केन तिलतैलयुतेन च ।

योनेरभ्यन्तरं लिप्त्वा सुखं नारी प्रसूयते ॥

पोतकी पोई इति लोके ॥

कृष्णा वचा चापि जलेन पिष्टा सैरण्डतैला खलु नाभिलेपात् । सुखं प्रसूतिं कुरुतेऽङ्गनानां निपीडितानां बहुभिः प्रमादैः ॥ मातुलुङ्गस्य मूलं तु मधुकेन युतं तथा । घृतेन सहितं पीत्वा सुखं नारी प्रसूयते ॥ इक्ष्वोरुत्तरमूलं निजतनुमानेन तन्तुना बध्वा । कटिविषये गर्भवती सुखेन सूतेऽविलम्बेन ॥ तालस्य चोत्तरं मूलं स्वप्रमाणेन तन्तुना । बध्वा कट्यां तु नियतं सुखं नारी प्रसूयते ॥

જણતી વખતે જણતાં વાર લાગે તો યોનિને ચારેમેર કાળા સર્પની કાંચળીઓની તથા મીંઢળની ધુમાડી દેવી, અથવા દોરા વતે હાથ તથા પગમાં કલગારીનુ મૂળ બાધવું, અથવા સૂરજમુખી કે પાડળ ધારણ કરવું, એથી તરત પ્રસવ થાય છે.

કેવળ હાડકાંજ રહ્યા હોય એવું મરી ગયેલી ગાયનું માથું લાવી સૂવાવડના ઘર ઊપર રાખવાથી સ્રીને તરતજ સુખથી પ્રસવ થાય છે.

પોઈનાં મૂળનો કલ્ક તલના તેલમા મેળવીને તેનો લેપ યોનિની અંદર કરવાથી સ્રીને સુખથી પ્રસવ થાય છે.

ઘણી ઘણી ગફલતોથી સ્રીઓ જણતાં કષ્ટાય છે, તો તેમને પીપર તથા વજને જળમાં વાટીને એરંડિયા તેલમાં મેળવીને તેનો લેપ નાભિ ઊપર કરવો તેથી સુખથી પ્રસવ થાય છે.

બીજોરાનુ મૂળ તથા જેઠીમધને વાટીને ઘી સાથે પીવરાવવાથી સ્રીને સુખથી પ્રસવ થાય છે.

શેરડીનું ઉત્તર તરફનુ મૂળ ગર્ભિણીના શરીર જેવડા લાંબા દોરાથી કમરે બાંધવું, એથી સ્રીને તરત સુખથી પ્રસવ થાય છે.

તાડનુ ઉત્તર તરફનુ મૂળ ગર્ભિણીના શરીર જેવડા લાંબા દોરાથી કમરે બાંધવુ, તેથી તે સ્રીને અવશ્ય સુખથી પ્રસવ થાય છે.

મૂઢગર્ભનું નિદાન તથા લક્ષણ.

मूढः करोति पवनः खलु मूढगर्भं शूलं च योनिजठरादिषु मूत्रसङ्गम् । भुग्नोऽनिलेन विगुणेन ततः स गर्भो संख्यामतीत्य बहुधा समुपैति योनिम् ॥

अस्यायमर्थः. पवन. स्वहेतुभिर्दुष्ट. । ततो मूढो रुद्धगति. । मूढगर्भं रुद्धगतिं गर्भम् । योन्यादिषु शूलं मूत्रसङ्गं च करोति तत तेन अनिलेन विगुणेन रुद्धगतिना स गर्भः भुग्न. कुटिलीकृत । चतुर्भि प्रकारैर्यातीत्येके । अष्टभिरपरे । तत्सङ्ख्यानिरासार्थमाह । सङ्ख्यामतीत्य उक्तां सङ्ख्यामतिक्रम्य बहुधा बहुभि' प्रकारैः ॥

પોતાનાં કારણોથી દુષ્ટ થયેલો અને રોકાયલી ગતિવાળો વાયુ ગર્ભની ગતિને રોકી દઈને યોનિ તથા પેટમાં શૂળ કરે છે તથા મૂત્રને અટકાવેછે. પછી એ ગતિ રોકનારા વાયુથી વાંકો થઈ ગયેલો ગર્ભ કેટલાકના કહેવા પ્રમાણે યોનિમાં ચાર રીતે આવે છે. અને કેટલાકના કહેવા પ્રમાણે આઠ રીતે આવે છે. ખરૂં તો એ છે કે સંખ્યાનો કંઈ ક્રમ નહિ રહેતાં ઘણી રીતે તે યોનિમાં આવે છે.

મૂઢગર્ભ આવવાના ચાર પ્રકારો.

सङ्कीलः प्रतिखुरः परिघोऽथ बीजस्ते-ष्वूर्ध्वबाहुचरणैः शिरसा च योनौ। सङ्गी च यो भवति कीलकवत्सकीलो हस्तैः खुरैः प्रतिखुरः स हि कायसङ्गी॥ गच्छे-द्भुजद्वयशिराः स च बीजकाख्यो योनौ स्थितः सपरिघः परिघेण तुल्यः॥

सशब्दोऽत्र छन्दोऽनुरोधात्। कप्रत्ययोऽपि स्वार्थे। तेन कील इति नाम॥ तस्य लक्षणमाह। ऊर्ध्वबाहुचरणैरिति। उत्थितैः बाहुचरणशिरोभिः योनौ यः सङ्गी भवति स कील. कीलकाख्यो मूढगर्भः। हस्तैर्बहिर्गतैः खुरैः खुरसाधर्म्यात्। खुरशब्देनात्र हस्तौ पादौ च गृह्येते॥ तेन हस्त-द्वयपादद्वयैर्बहिर्गतैः प्रतिखुर. स हि कायसङ्गी हस्तपादेतरकायेन सक्तो भवति। यो गर्भः भुज-द्वयशिरा. भुजद्वयमध्ये शिरो यस्य एतादृक् गच्छेन्निःसरेत्। तच्छेषेण शरीरेण सक्तो भवति स बीजकाख्यः। य. परिघवद्योनौ। सपरिघः॥

હાથ, પગ, તથા માથું યોનિમાં અટકી ગયાં હોય તો મૂઢગર્ભ ખીલા જેવો હોવાથી કીલક કહેવાય છે.

બંને હાથો તથા બંને પગો બહાર નીકળી બાકીનો ભાગ યોનિમાં અટકી ગયો હોય, તે મૂઢગર્ભ પ્રતિખુર કહેવાય છે.

નીકળતાં જેનું માથું બે હાથ વચ્ચે હોય અને બાકીનું શરીર યોનિમાં અટકી ગયેલું હોય તો મૂઢગર્ભ બીજક કહેવાય છે.

ભોગળની પેઠે યોનિમાં આડો રહેલો મૂઢગર્ભ પરિઘ કહેવાય છે.

મૂઢગર્ભ આવવાના આઠ પ્રકારો.

द्वारं निरुध्य शिरसा जठरेण कश्चित् कश्चित् शरीरपरिवर्तनकुब्जकायः॥ एकेन कश्चिदपरस्तु भुजद्वयेन तिर्यग्गतो भवति कश्चिदवाङ्मुखोऽन्यः॥ पार्श्वापवृत्तगति-रेवि तथैव कश्चिदित्यष्टधा भवति गर्भ-गतिः प्रसूतौ॥

अयमर्थः। कश्चित् शिरसा योनिद्वारं निरुध्य सक्तो भवति। कश्चिज्जठरेण तन्निरुध्य। कश्चि-त्कुब्जकायेन स कुब्जेन पृष्ठेन सक्तो भवति कश्चि-देकेन भुजेन योनिनि.सृतेन सक्तो भवति। कश्चित् भुजद्वयेन कश्चित् तिर्यक् भूत्वा सक्तो भवति। अन्यः ग्रीवाभङ्गादधोभूतेन मुखेन सक्तो भवति। कश्चित्पार्श्वेन अपवृत्त्या निरुद्धा गतिर्यस्य एवंविधः योनिद्वार एति याति।

કોઈ મૂઢગર્ભ યોનિના દ્વારને માથાથી રોકી દે છે.

કોઈ મૂઢગર્ભ યોનિદ્વારને પેટથી રોકી દે છે.

કોઈ મૂઢગર્ભ કૂબડી વળેલી પીઠથી યોનિ-દ્વારને રોકી દે છે.

કોઈ મૂઢગર્ભ યોનિમાંથી પોતાનો એક હાથ બહાર નીકળતાં બાકીનો ભાગ અંદર અટકી રહે છે.

કોઈ મૂઢગર્ભના બંને હાથો બહાર નીક-ળતાં બાકીનો ભાગ યોનિની અંદર અટકી રહે છે.

કોઈ મૂઢગર્ભ આડો થઈને અટકી રહે છે.

ડોક ભાંગી જવાથી કોઈ મૂઢગર્ભ નીચા થઈ ગયેલા મોઢાથી અટકી રહે છે.

કોઈ મૂઢગર્ભ પોતાનું પડખું ફરી જવાથી ગતિ રોકાયાથી અટકી રહે છે.

સુશ્રુતે કહેલા બીજા આઠ પ્રકારો.

कश्चिद्द्वाभ्यां सक्थिभ्यां योनिमुखं प्रतिपद्यते । १ कश्चिदाभुग्नैकसक्थिरितरेण सक्थ्ना २ कश्चिदाभुग्नसक्थिशरीरः स्फिग्देशेन तिर्यग्गत ३ कश्चिदुर पार्श्वपृष्ठानामन्यतमेन योनिद्वारं पिधायावतिष्ठते ४ अन्त पार्श्वापवृत्तशिराः कश्चिदेकेन बाहुना ५ कश्चिदाभुग्नशिरा बाहुद्वयेन ६ कश्चिदाभुग्नमध्यो हस्तपादशिरोभिः ७ कश्चिदेकेन सक्थ्ना योनिद्वार प्रतिपद्यते अपरेण पायुमिति ८ ॥

કોઈ મૂઢગર્ભના બન્ને સાથળો યોનિમાં આવે છે

કોઈ મૂઢગર્ભ એક સાથળ વાંકું વાળીને બીજા સાથળથી યોનિના મુખમાં આવે છે.

કોઇ મૂઢગર્ભ સાથળો તથા શરીરને વાળીને કુલાથી આડો થઇને યોનીના મુખમાં આવે છે

કોઈ મૂઢગર્ભ પોતાની છાતી, પડખું, અને પીઠ એમાના એક અગથી યોનિના દ્વારને ઢાકી દેઇને અટકી રહે છે.

કોઇ મૂઢગર્ભ પોતાનું માથું અંદર પડખામા વાકું વળી ગયેલુ હોવાથી એક હાથ વતે યોનિના દ્વારને રોકીને અટકી રહે છે.

કોઇ મૂઢગર્ભ પોતાનુ માથું વાંકુ વળી જતાં બંને હાથથી યોનિના દ્વારને રોકીને અટકી રહે છે.

કોઇ મૂઢગર્ભ પોતાની કમર વાંકી વળી જતા હાથ, પગ, અને માથાથી યોનિના દ્વારમા આવેછે.

કોઇ મૂઢગર્ભ એક સાથળથી યોનિના દ્વારમા આવે છે, અને બીજું સાથળ ગુદા તરફ જાય છે.

મૂઢગર્ભની અસાધ્યતા

अपविद्धशिरा या तु शीताङ्गी निरपत्रपा । नीलोद्धतशिरा हन्ति सा गर्भं स च तां तथा ॥

अपविद्धशिराः अवनतशिरा । शिरोऽपि धारयितुनशक्तेतियावत् । निरपत्रपा लज्जाशून्या । नीलोद्गतशिरा कुक्षौ नीला उद्गता शिरा यस्या सा ॥

જે સ્રી પોતાના માથાનો ભાર પણ ઉપાડી શકવાને અશક્ત હોય, જેના અંગો ટાઢાં થઇ ગયાં હોય, લાજ વિના થઇ ગઈ હોય, અને જેનાં પેટમા લીલા રંગની શિરાઓ ઉપડી આવી હોય, તે સ્રી ગર્ભને, અને તેનો ગર્ભ તે સ્રીને હણી નાખે છે.

મરી ગયેલા ગર્ભનું લક્ષણ.

गर्भास्पन्दनमावीनां प्रणाशः श्यावपाण्डुता । भवेदुच्छ्वासपूतित्वं शूलं चान्तर्मृते शिशौ ॥

गर्भास्पन्दन गर्भस्याचलत्वम् ॥ आवीना प्रणाश इति प्रसववेदनानामभाव । अथवा आवीशब्देन प्रसवलिङ्गानि मूत्रकफप्रसेकादीनि कथ्यन्ते तेषा नाश । शूल अन्तर्मृतस्य मृतस्य शिशोरुच्छूनतया ॥

અંદર ગર્ભ મરી ગયો હોય તો તે ચાલતો નથી, પ્રસવની પીડા થતી નથી, મૂત્ર તથા કફનુ પડવું વિગેરે પ્રસવના ચિન્હો છે તે થતાં નથી, શરીર કાળાશ સહિત પીંગળુ થઇ જાય છે, શ્વાસ દુર્ગંધવાળો થઇ જાય છે, અને મરેલો ગર્ભ સૂણી જવાથી શૂળ થાય છે

ગર્ભના મરણનું કારણ

मानसागन्तुभिर्मातुरुपतापैः प्रपीडितः ।

गर्भो व्यापद्यते कुक्षौ व्याधिभिश्च प्रपीडितः॥

उपतापो दुःख । मानस उपतापो बन्धुधनक्षयादिना । आगन्तुरुपतापः प्रहारादि ॥

માને પ્રહાર વિગેરે વાગવાથી થયેલા અંગના ઉપતાપથી, અથવા બંધુ કે ધનનો ક્ષય થવાથી થયેલા માનસિક તાપથી, અથવા રોગોથી, ગર્ભ પેટમાજ મરી જાય છે

અસાધ્યતાનું બીજું લક્ષણ.

योनिसंवरणं सङ्गः कुक्षौ मक्कल एव च।
हन्युः स्त्रियं मूढगर्भो यथोक्ताश्चाप्युपद्रवाः॥

योनिसवरण व्याधिविशेष ॥

वातलान्यन्नपानानि ग्राम्यधर्मं प्रजागरम् ।
अत्यर्थं सेवमानाया गर्भिण्या योनिमार्गगः॥
मातरिश्वा प्रकुपितो योनिद्वारस्य संवृतिम् ।
कुरुते ऊर्ध्वमार्गत्वात्पुनरन्तर्गतोऽनिलः ॥
निरुणद्ध्याशयद्वार पीडयन्गर्भसंस्थितम् ।
निरुद्धवदनोच्छ्वासो गर्भश्चाशुविपद्यते ॥ उच्छ्वास ऊर्ध्वहृदयान्नाशयत्यथ गर्भिणीम् ।
योनिसंवरण नाम व्याधिमेनं प्रचक्षते ॥

सङ्गः कुक्षौ गर्भस्य लग्नता । अप्रवृत्तिरिति यावत् । कुक्षौ मक्कल. रक्तमारुतज. शूलविशेष । यद्यपि प्रसूताया मक्कलशूलमुक्तम् तथापि सुश्रुते प्रजातायाश्चेति चकारेणाप्रसूताया अपि मक्कलशूल भवति इति बोद्धव्यम् । उपद्रवा. आक्षेपकासश्वासादय. ॥

યોનિસંવરણ નામનો રોગ, ગર્ભ નહિ ચળતાં કુખમાં વળગી રહે, કુખમાં મક્કલ (રક્ત તથા વાયુથી થતું એક જાતનું શૂળ), ગર્ભનુ મૂઢપણું, તથા બીજા આક્ષેપક, ઉધરસ, શ્વાસ, વિગેરે ઉપદ્રવો ગર્ભવતીને મારી નાંખે છે. યોનિસવરણ રોગ વિષે બીજા ગ્રથમાં કહેલું છે કે ગર્ભવતી સ્ત્રી વાયુ કરનારા અન્નપાનો, મૈથુન તથા ઉજાગરાનુ સેવન બહુ કરે તો યોનિના માર્ગમાંનો વાયુ પ્રકોપ પામીને ઊંચો ચાલીને યોનિના દ્વારને બંધ કરી દેછે, અને અંદર રહીને તે વાયુ ગર્ભને પીડીને ગર્ભાશયના દ્વારને પણ રોકી દેછે. આથી મુખનો શ્વાસ રોકાઈ જવાથી તે ગર્ભ મરી જાય છે, અને હૃદયના ઊંચા ભાગથી ચાલતો શ્વાસ તે સ્ત્રીને પણ મારી નાખે છે. એ રોગ યોનિસંવરણ કહેવાય છે. પ્રસવ કર્યો હોય એવી સ્ત્રીને મક્કલ નામનો રોગ થાય છે, એમ કહેલું છે તો પણ સુશ્રુતમાં प्रजातायाश्च એમાં ચકાર મૂકેલો હોવાથી પ્રસવ ન થયો હોય એવી સ્ત્રીને પણ મક્કલ શૂળ થાય છે, એમ સમજવાનું છે.

મૂઢગર્ભની ચિકિત્સા.

याभिः सङ्कटकालेऽपि बह्वयो नार्यः प्रसाविताः । सम्यग्लब्धं यशस्तास्तु नार्यः कुर्युरिमां क्रियाम् ॥ गर्भे जीवति मूढे तु गर्भं यत्नेन निर्हरेत् । हस्तेन सर्पिषाक्तेन योनेरन्तर्गतेन सा ॥ सा जनयित्री ॥

मृते तु गर्भे गर्भिण्या योनौ शस्त्रं प्रवेशयेत । शस्त्रशास्त्रार्थविदुषी लघुहस्ताभयोज्झिता ॥ सचेतनं तु शस्त्रेण न कथंचन दारयेत् । स दीर्यमाणो जननीमात्मानं चापि मारयेत् ॥ नोपेक्षेत मृतं गर्भं मुहूर्तमपि पण्डितः । तदाशु जननी हन्ति प्रभूतान्नं यथा पशुम् ॥

प्रभूतान्न आतिमात्रमन्नम् ॥

સંકટ સમયે પણ ઘણી સ્ત્રીઓને પ્રસવ કરાવ્યો હોય, તથા પુષ્કળ યશ મેળવ્યો

હોય, એવી સૂયાણીએ આ ક્રિયા કરવી. મૂઢ-ગર્ભ જીવતો હોય તો સૂયાણીએ પોતાના હાથને ઘી ચોપડીને યત્નથી યોનિમાં ઓરીને ગર્ભને બહાર કાઢી લેવો. મૂઢગર્ભ જો મરીગયો હોય તો શસ્ત્ર અને શાસ્ત્ર વિદ્યાને જાણનારી, હલકા હાથ વાળી, અને નિર્ભય સૂયાણીએ ગર્ભવતીની યોનિમાં શસ્ત્ર નાખવું ગર્ભમાં જીવ જણાય તો તેને શસ્ત્રથી કાપવો નહિ, કેમકે જીવતા ગર્ભને કાપવાથી તે ગર્ભ તો મરી જાયછે, પણ માતાને પણ મારી નાખેછે, પણ તે મરી ગયો હોય તો વાર નહિ લગાડતાં તેને તરત કાપી નાંખવો, કેમકે મરી ગયેલો ગર્ભ બહુવાર પેટમાં રહે તો બહુ ખાધેલા અન્નની પેઠે તે માતાને મારી નાંખેછે.

ગર્ભને કાપવાની રીતિ.

यद्यदङ्गं हि गर्भस्य योनौ सक्तं तु तद्भिषक् । सम्यक् विनिर्हरेच्छित्वा रक्षेन्नारीं प्रयत्नतः ॥ एवं निर्हृतशल्यांतु सिंचेदुष्णेन वारिणा । ततोऽभ्यक्तशरीराया योनौ स्नेहं विधारयेत् ॥ एवं मृद्वी भवेद्योनिस्तच्छूलं चोपशाम्यति ॥

ગર્ભનું જે જે અંગ યોનિમાં અટકી રહ્યું હોય તે તે અંગને વૈદ્યે સારી રીતે કાપીને કાઢી લેવું, અને પ્રયત્નથી સ્ત્રીનું રક્ષણ કરવું ગર્ભને કાઢી નાંખ્યા પછી તે સ્ત્રીના શરીર ઊપર ગરમ પાણીનું સેચન કરવું. તે પછી શરીરે અભ્યંગ કરીને યોનિમાં ઘી નાંખવું, આથી યોનિ કોમળ થઈને શૂળ પણ મટે છે.

પ્રસવ પછીના રોગોની ચિકિત્સા.

तुम्बीपत्रं तथा लोध्रं समभागं सुपेषयेत् । तेन लेपो भगे कार्यः शीघ्रं स्याद्योनिरक्षता ॥ पलाशोदुम्बरफलं तिलतैलसमन्वितम् । योनौ विलिप्तं मधुना गाढीकरणमुत्तमम् ॥ प्रसूता वनिता वृद्धकुक्षिह्रासाय संपिबेत् । प्रातर्मथितसमिश्रां त्रिसप्ताहात्कणाजटाम् ॥

સમભાગે તુંબડીનાં પાન તથા લોદર લઇ સારી પેઠે વાટીને તેનો લેપ યોનિમા કરવાથી યોનિનુ ક્ષત તરત મટી જાય છે.

ખાખરાનાં તથા ઊંબરાનાં ફળોને તલના તેલમાં વાટીને તેનો લેપ યોનિમાં કરવાથી યોનિ સારી પેઠે મજબુત થાય છે.

પ્રસવ પછી પેટ વધ્યું હોય તો તે બેસાડવા માટે એકવીશ દિવસ પછી પ્રાતઃકાળમાં પીપળીમૂળનું ચૂર્ણ દહિંના ઘોળવામાં મેળવીને પીવું.

ઓર પેટમાં રહી જવાથી થતા ઉપદ્રવો.

प्रसूताया न पतिता जठरादपरा यदि । तदा सा कुरुते शूलमाध्मानं वह्निमन्दताम् ॥

अपरा आम्बर इति लोके ॥

પ્રસવ થયા પછી ઓર બહાર ન પડી હોય તો તેથી શૂળ, આફરો, અને મંદાગ્નિ થાય છે.

પેટમાં રહી ગયેલી ઓરની ચિકિત્સા.

केशवेष्टितयाङ्गुल्या तस्याः कण्ठं प्रघर्षयेत् । निर्मोककटुकालाबुकृतबन्धनसर्षपैः ॥ चूर्णितैः कटुतैलाक्तैर्धूपयेदभितोभगम् ।

निर्मोकः सर्पकञ्चुक । कृतबन्धन कोशातकः ॥

लाङ्गलीमूलकल्केन पाणिपादतलानि हि । प्रलिम्पेत्सूतिका योषिदपरापातनाय वै ॥

-हस्तं छिन्ननखं स्निग्धं सूता योनौ शनैः क्षिपेत् । अपरां तेन हस्तेन जनयित्री विनिर्हरेत् ॥ एवं निर्हृतशल्यां तां सिञ्चे-दुष्णेन वारिणा । ततोऽभ्यक्तशरीराया योनौ स्नेहं निधापयेत् ॥

કેશોથી વીંટેલી આંગળીવડે તે સ્ત્રીના કંઠને ઘસવાથી, તથા સર્પની કાચળી, કડવી તુંબડી, કડવી ઘીલોડી, તથા સર્ષપનુ ચૂર્ણ, સરસિયા તેલમાં ભીંજવીને તેની ધુમાડી યોનિની ચારેમેર દેવાથી ઓર તરત પડી જાય છે

સુવાવડીના હાથ તથા પગનાં તળિયાંઓ ઊપર કલગારીના મૂળનો કલ્ક ચોપડવાથી ઓર તરત પડી જાય છે.

સૂયાણીએ પોતાના નખ ઊતરાવી નાંખીને હાથને ઘી ચોપડીને ધીરે ધીરે સુવાવડીની યોનિમાં નાંખીને હાથથી ઓર કાઢી લેવી.

એ રીતે ઓર કાઢયા પછી સુવાવડીની ઊપર ગરમ પાણી રેડવું, તથા પછી અભ્યંગ કરીને યોનિમાં ઘી નાંખવું.

મક્કલનું નિદાન તથા લક્ષણ.

वनितायाः प्रसूतायाः वातो रूक्षेण वर्धितः । तीक्ष्णौष्णशोणितं रक्तं रुद्ध्वा ग्रन्थिं करोति हि ॥ नाभ्यधः पार्श्वयो-र्वस्तौ वस्तिमूर्धनि वापि वा । ततश्च नाभौ वस्तौ च भवेच्छूलं तथोदरे ॥ भवेत्पक्वाश-याध्मानं मूत्रसङ्गश्च जायते । एतद्भिषग्भि-राख्यातं मक्कल्लामयलक्षणम् ॥

રૂક્ષતાથી વધેલો સુવાવડી સ્ત્રીનો વાયુ તીક્ષ્ણતા તથા ઉષ્ણતાથી સુકાયલા લોહીને રોકીને નાભિની નીચે, પડખાઓમાં, મૂત્રાશયમા અથવા તેની ઉપરના ભાગમાં ગાંઠ ઉત્પન્ન કરે છે, તેથી નાભિ, મૂત્રાશય, તથા પેટમાં શૂળ નીકળે છે, પકવાશય ફૂલી જાય છે. અને મૂત્ર અટકી જાય છે. મક્કલ નામના રોગનાં એ લક્ષણો વૈદ્યોએ કહેલાં છે.

મક્કલની ચિકિત્સા.

सुचूर्णितयवक्षारं पिबेत्कोष्णेन वारिणा । सर्पिषा वा पिबेन्नारी मक्कल्लस्य निवृत्तये ॥ पिप्पली पिप्पलीमूलं मरिचं गजपिप्पली । नागरं चित्रकं चव्यं रेणुकैलाजमोदिकाः ॥ सर्षपो हिङ्गु भार्ङ्गी च पाठेन्द्रयवजीरकाः । महानिम्बश्च मूर्वा च विषा तिक्ता विडङ्ग-कम् ॥ पिप्पल्यादिर्गणो ह्येष कफमारुतना-शनः । क्वाथमेषां पिबेन्नारी लवणेन स-मन्वितम् ॥ गुल्मशूलज्वरहरं दीपनं चाम-पाचनम् ॥ त्रिकटुकचातुर्जातककुस्तुम्बुरु-चूर्ण संयुक्तम् । खादेद् गुडं पुराणं नित्यं मक्कल्लदलनाय ॥

મક્કલની નિવૃત્તિ માટે સુવાવડીએ જવખારનું ઝીણું ચૂર્ણ ગરમ પાણી અથવા ઘીની સાથે પીવું.

પિપ્પલ્યાદિગણ કવાથ.

પીપર, પીપળીમૂળ, મરી, ગજપીપર, સૂંઠ, ચિત્રક, ચવક, મેંદીનાં બીજ, એળચી, અજમોદ, સર્ષપ, હિંગ, ભારંગી, કાળીપાડ, ઇંદ્રજવ, જીરૂ, બકાન, પીલુડી, અતિવિષ, કડુ અને વાવડીંગનો પિપ્પલ્યાદિગણ નામનો કવાથ સિંધવ નાંખીને પીવાથી ગુલ્મ, શૂળ, જ્વર, મક્કલ, મક્કલનુ શૂળ, તથા ગુલ્મ, કફ, અને વાયુ છેક મટી જાય છે; અગ્નિ પ્રદીપ્ત થઈ આમનું પાચન પણ થાય છે.

સૂંઠ, મરી, પીપર, તજ, તમાલપત્ર, એળચી, નાગકેસર, અને ધાણાનું ચૂર્ણ જૂના ગોળમાં મેળવીને નિત્ય ખાવાથી મક્કલ મટી જાય છે.

સુવાવડીને હિતકારી પદાર્થો.

प्रसूता युक्तमाहार विहारं च समाचरेत् । व्यायामं मैथुनं क्रोधं शीतसेवां च वर्जयेत् ॥ मिथ्याचारात्सूतिकाया यो व्याधिरुपजायते । स कृच्छ्रसाध्योऽसाध्यो वा भवेत्तत्पथ्यमाचरेत् ॥

સૂવાવડીએ આહાર વિહાર યોગ્ય કરવાં, પરિશ્રમ, મૈથુન, ક્રોધ, તથા શીતળ પદાર્થોનો ત્યાગ કરવો. મિથ્યા આહાર વિહારાદિ કરવાથી સુવાવડીને થતા વ્યાધિઓ કષ્ટસાધ્ય કે અસાધ્ય પણ થઇ પડે છે, માટે સુવાવડીએ પથ્યજ કરવું

સૂવારોગનું નિદાન.

मिथ्योपचारात्संक्लेशाद्विषमाजीर्णभोजनात् । सूतिकायास्तु ये रोगा जायन्ते दारुणाश्च ते ॥

मिथ्योपचारादनुचिताचरणात् । प्रवातादिसेवनात् सङ्क्लेशात् उत्क्लेश्यन्ते दोषा अनेनेति सङ्क्लेशो दोषजनकमात्र तस्मात् । दारुणाः कष्टसाध्या ॥

અત્યંત પવનવાળી જગોના સેવન વિગેરે અયોગ્ય આચરણથી દોષો પ્રકોપ પામે એમ કરવાથી, વિષમ ભોજનથી, અને અજીર્ણથી, સૂવાવડીને કષ્ટસાધ્ય રોગો ઉત્પન્ન થાય છે.

સૂવા રોગોનાં નામો.

अङ्गमर्दो ज्वरः कासः पिपासा गुरुगात्रता । शोथः शूलातिसारौ च सूतिकारोगलक्षणम् ॥

एतेऽङ्गमर्दादयः प्रायेण सूतिकाया भवन्ति सूतिकारोगत्वेन लक्ष्यन्ते ॥

અંગભંગ, જ્વર, ઉધરસ, તરશ, ગાત્રોનું ભારેપણું, સોજો, શૂળ, અને અતિસાર, એ રોગો ઘણું કરીને સૂવાવડીને થાય છે, તેઓ સૂતિકા રોગ કહેવાય છે.

જ્વરાદિ રોગોનું બીજું નિદાન.

ज्वरातीसारशोथाश्च शूलानाहबलक्षयाः । तन्द्राऽरुचिप्रसेकाद्या वातश्लेष्मसमुद्भवाः ॥ कृच्छ्रसाध्या हि ते रोगाः क्षीणमांसबलाश्रिताः । ते सर्वे सूतिकानाम्ना रोगास्ते चाप्युपद्रवाः ॥

सूतिकाभवत्वेन सूतिकानाम्ना । ते रोगा. आश्रयाश्रितयोरभेदोपचारात् ते चाप्युपद्रवा इति । स एव ज्वरादय । उक्ताना रोगाणामन्यतम प्रधानीकृत्योपद्रवाश्च ॥

જ્વર, અતિસાર, સોજો, શૂળ, પેડુનો આફરો, બળક્ષય, તંદ્રા, અરૂચિ, અને મોળ વિગેરે રોગો સૂવાવડીને માંસના તથા બળના ક્ષયથી થાય છે. આ સૂતિકા રોગ કહેવાય છે અને તે કષ્ટસાધ્ય થઇ પડે છે. આ રોગોમાં કોઇ રોગ મુખ્ય હોય છે, તો જ્વરાદિક બીજા રોગો તેના ઉપદ્રવોરૂપે થાય છે.

સૂતિકા રોગોની ચિકિત્સા

सूतिकारोगशान्त्यर्थं कुर्याद्वातहरीं क्रियाम् । दशमूलकृतं क्वाथं कोष्णं दद्याद् घृतान्वितम् । अमृता नागरसहचरभद्रोत्कटपञ्चमूलक जलदम् । शृतशीतं मधुयुक्तं शमयत्याचिरेण सूतिकातङ्कम् ॥ देवदारु वचा कुष्टं पिप्पली विश्वभेषजम् । भूनिम्बः

कट्फलं मुस्तं तिक्ता धान्यं हरीतकी ॥ गजकृष्णा सदुःस्पर्शा गोक्षुरुर्धन्वयासकः । बृहत्यतिविषा छिन्ना कर्कटः कृष्णजीरकः ॥ समभागान्वितैरेतैः सिन्धुरामठसंयुतम् । काथमष्टावशेषं तु प्रसूतां पाययेत् स्त्रियम् ॥ शूलकासज्वरश्वासमूर्च्छाकम्पशिरोर्तिभिः । युक्तं प्रलापतृड्दाहतन्द्रातीसारवान्तिभिः ॥ निहन्ति सूतिकारोगं वातपित्तकफोद्भवम् । कषायो देवदार्वादिः सूतायाः परमौषधम् ॥

देवदार्वादि क्काथ ॥

जीरकं स्थूलजीरश्च शतपुष्पाद्वयं तथा । यवानी चाजमोदा च धान्यकं मेथिकापि च ॥ शुण्ठी कृष्णा कणामूलं चित्रकं हपुषापि च । बदरीफलचूर्णं च कुष्टं कम्पिल्लकं तथा ॥ एतानि पलमात्राणि गुडं पलशतं मतम् ॥ क्षीरप्रस्थद्वयं दद्यात्सर्पिषः कुडवं तथा पञ्चजीरकपाकोऽयं प्रसूताना प्रशान्तये । युज्यते सूतिकारोगे योनिरोगे ज्वरे क्षये ॥ कासे श्वासे पाण्डुरोगे कार्श्ये वातामयेषु च ॥ पञ्चजीरकपाक ॥

आज्यं स्यात्पलयुग्ममत्र पयसः प्रस्थद्वयं खण्डतः । पञ्चाशत्पलमत्र चूर्णितमथो प्रक्षिप्यते नागरम् । प्रस्थार्धं गुडवद्विपाच्य विधिना मुष्टित्रयं धान्यकात् । मिश्याः पञ्चपलं पलं क्रिमिरिपोःसाजाजिराग्यास्तथा ॥ व्योषम्भोददलोरगेन्द्रसुमनस्त्वग्द्राविडीनां पलं । पक्वे नागरखण्डसंज्ञकमिदं तत्सूतिकारोगहृत् । तृट्छर्दिज्वरदाहशोषशमनं सश्वासकासापहं । प्लीहव्याधिविनाशनं कृमिहरं मन्दाग्निसन्दीपनम् ॥

दल पत्रकम् । उरगेन्द्रसुमन' नागकेशरम् । द्राविडी सूक्ष्मैला । सौभाग्यशुण्ठी ॥

સૂવારોગો ઊપર વાતહર ઉપચારો કરવા.

જરા જરા ગરમ દશમૂળનો કવાથ ઘી નાંખીને પીવાથી સૂવારોગો મટી જાય છે.

દેવદાર્વાદિ કવાથ.

દેવદાર, વજ, કઠ, પીપર, સુઠ, કરિયાતું, કાયફળ, કડુ, ધાણા, હરડે, ગજપીપર, ભોરીંગણી, ધમાસો, ગોખરૂ, ઊભી ભોરીંગણી, અતિવિષ, ગળો, કાકડાશીંગ, અને કાળીજીરી સમભાગે લેઈ તેનો કવાથ કરી, આઠમા ભાગનુ પાણી રહે તેમાં સિંધવ તથા હિંગ નાખીને સૂવાવડીને પાવાથી તેને શૂળ, ઉધરસ, શ્વાસ, મૂર્ચ્છા, કંપ, માથાની પીડા, પ્રલાપ, તૃષા, દાહ, તંદ્રા, અતિસાર, અને ઉલટી સહિત વાયુ તથા કફના સૂવા રોગો મટી જાય છે. આ દેવદાર્વાદિ કવાથ સૂવાવડીને માટે મહૌષધ છે.

પંચજીરકપાક.

જીરૂં, કલોંજીરૂં, સૂવા, વરિયાળી, અજમો, અજમોદ, ધાણા, મેથી, સુઠ, પીપર, પીપળીમૂળ, ચિત્રક, પલાશી, બોરનુ ચૂર્ણ, કઠ, અને કંપીલો, એ દરેક ચાર તોલા; તથા ૪૦૦ તોલા ગોળ; ૧૨૮ તોલા દૂધ, અને ૧૬ તોલા ઘી, એ સર્વને પકાવવાથી પંચજીરકપાક થાય છે. આ પાક સૂવારોગો ઊપર, જ્વર તથા ક્ષય અને ઉધરસ ઉપર, શ્વાસ અને પાંડુરોગ ઊપર તથા કૃશતા અને વાતરોગો ઊપર હિતકારી થાય છે.

સૌભાગ્યશુંઠી.

ઘી આઠ તોલા, દૂધ ૧૨૮ તોલા, અને ખાંડ ૨૦૦ તોલા, એ સર્વને એકઠા કરી,

તેમા બત્રીસ તોલા સુઠનું ચૂર્ણ નાંખવું. પછી તેને ગોળની પેઠે વિધિ પૂર્વક પકાવીને તેમાં બાર તોલા ધાણા, વીશ તોલા વરિયાળી, અને ચાર ચાર તોલા વાવડીંગ, ધોળુ જીરૂં, સુઠ, મરી, પીપર, મોથ, તમાલપત્ર, નાગકેશર, તજ, ઝીણી એળચી નાંખીને રાખવું. આ સૌભાગ્ય શુઠી સૂવારોગો, તૃષા, ઉલટી, જ્વર, દાહ, શોષ, વમન, શ્વાસ, ઉધરસ, બરલનો રોગ, તથા કૃમિનો નાશ કરે છે, તથા મંદ થયેલા અગ્નિને પ્રદીપ્ત કરે છે.

સૂવાવડીએ પરહેજ રાખવાનો અવધિ.

सर्वतः परिशुद्धा स्यात्स्निग्धपथ्याल्पभोजना । स्वेदाभ्यङ्गपरा नित्यं भवेन्मासमतन्द्रिता ॥

सर्वत्र परिशुद्धा निसृताशेषदुष्टरुधिरा । अतन्द्रिता पथ्यादौ सावधाना ॥

प्रसूता सार्धमासान्ते दृष्टे वा पुनरार्तवे । सूतिका नाम हीना स्यादिति धन्वन्तरेर्मतम् ॥ ऊर्ध्वं चतुर्भ्यो मासेभ्यः परिहार विवर्जयेत् ॥

સઘળુ ખરાબ રક્ત નીકળી રહ્યા પછી સૂવાવડી સ્ત્રીએ એક માસ સુધી સ્નિગ્ધ, પથ્ય, અને અલ્પ ભોજન કરવું, નિત્ય શેક તથા અભ્યંગ કરવો, અને પથ્ય માટે કાળજી રાખવી. દોઢ માસ પછી, અથવા રજોદર્શન થાય ત્યારે સ્ત્રીનુ નામ "સૂવાવડી" મટે છે, એમ ધન્વતરિનો મત છે. ચાર માસ થાય ત્યા સુધી કંઇ પણ ઉપદ્રવ નથી, એમ જણાય ત્યારે સૂવાવડની પરહેજી મુકાવવી.

(બીજા સ્ત્રી રોગો વિષે.)

સ્તનના રોગની સંપ્રાપ્તિ.

सक्षीरौ वाप्यदुग्धौ वा दोषः प्राप्य स्तनौ स्त्रियाः । रक्तं मांसं च सन्दूष्य स्तनरोगाय कल्प्यते ॥

अयं रोगः कन्यानां न भवति । यत आह सुश्रुतः 'धमन्यः संवृतद्वारा कन्यानां स्तनसंश्रिता. । दोषविसरणास्तासां न भवन्ति स्तनामया ।' दोषाविसरणाः संवृतद्वारत्वेन दोषाणामविसरणमसञ्चारो यासु ता· ।

तासामेव प्रसूतानां गर्भिणीनां च ताः पुनः । स्वभावादेव विवृता जायन्ते संस्रवन्त्यतः ॥

દૂધવાળા કે દૂધ વિનાના સ્ત્રીના સ્તનોમાં રહીને દોષ રક્ત તથા માંસને દૂષિત કરી સ્તનરોગ ઉત્પન્ન કરે છે. એ રોગ કન્યાઓને થતો નથી, કેમ કે સુશ્રુતે કહ્યુ છે કે— કન્યાઓના સ્તનોની ધમનીઓ બીડાયલા દ્વારોવાળી હોવાથી તેમાં દોષોનો સચ્ચાર હોતો નથી. જેમને પ્રસવ થયો હોય તેવી તથા ગર્ભવતી સ્ત્રીઓની ધમનીઓ સ્વાભાવિક રીતે ખુલ્લી થાય છે, તેથી તેમાંથી સ્રાવ થાય છે.

સ્તનરોગનાં લક્ષણો.

पञ्चानामपि तेषां तु हित्वा शोणितविद्रधिम् । लक्षणानि समानानि बाह्यविद्रधिलक्षणैः ॥

पञ्चानां वातपित्तकफसन्निपातागन्तुजानाम् । आगन्तुजस्तनरोगोऽभिघातेन शल्येन च बोद्धव्यः । रक्तजस्यासम्भवाः स्वभावात् ॥

પાંચે પ્રકારના સ્તનરોગના લક્ષણો રક્ત પ્રકોપથી થયેલા વિદ્રધિ સિવાયના બહારના વિદ્રધિઓના જેવાંજ હોય છે.

આ ઊપરથી સમજાય છે કે વાત, પિત્ત, કફ, સંનિપાત, અને આગંતુક, એમ સ્તનરોગના પાંચ પ્રકારો છે. અભિઘાત કે શલ્યથી થયેલો સ્તનરોગ આગતુક કહેવાય છે. રક્ત કોપથી સ્તનરોગ નથી થતો એવો તેનો સ્વભાવ છે.

સ્તનરોગની ચિકિત્સા.

शोथं स्तनोत्थितमवेक्ष्य भिषग्विदध्याद्विद्रधावभिहितं बहुधा विधानम् ॥ पित्तघ्नानि तु शीतानि द्रव्याण्यत्र प्रयोजयेत् । जलौकाभिर्हरेद्रक्तं न स्तनावुपनाहयेत् ॥

उपनाहयेत्स्वेदयेत् ॥

लेपो विशालामूलेन हन्ति पीडां स्तनोत्थिताम् । निशाकनककल्काभ्यां लेपः प्रोक्तस्तनार्तिहा ॥ विशाला इन्द्रवारुणी । कनकस्य धत्तूरस्य पत्र ग्राह्यम् ॥

लेपान्निहन्ति मूलं वन्ध्याकर्कोटिसंभवं शीघ्रम् । निर्वाप्य तप्तलोहं सलिले तद्वा पिबेत्तत्र ॥ स्त्रीरोगाधिकारः ॥

સ્ત્રીના સ્તનોમાં સોજો દેખાય તો વિદ્રધિના પ્રકરણમાં કહેલા ઘણા ઘણા ઉપચારો વૈદે કરવા. ગમેતેમ હોય તો પણ સ્તનોને શેક વિગેરે સ્વેદન તો દેવું નહિજ.

સ્તનના રોગ ઊપર પિત્તહર શીતળ ઉપચારો કરવા, તથા જળો મુકીને લોહી કઢાવવું. સ્તનોને સ્વેદન તો કદી આપવુંજ નહિ.

ઇંદ્રવારૂણીનાં મૂળનો લેપ કરવાથી સ્તનરોગ મટી જાય છે.

હળદર તથા ધતૂરાનાં પાનનો લેપ કરવાથી સ્તનની પીડા મટે છે.

વાંઝ કંટોલીના મૂળનો લેપ કરવાથી પણ સ્તનની પીડા મટી જાય છે.

તપાવેલો લોઢાને પાણીમાં ઠારીને તે પાણી પીવાથી સ્તનરોગો મટે છે.

इति स्त्रीरोगाधिकार संपूर्ण.

બાળકોના રોગોનો અધિકાર.

बालग्रहा अनाचारात्पीडयन्ति शिशुं यतः । तस्मात्तदुपसर्गेभ्यो रक्षेद्वालं प्रयत्नतः ॥

અનાચારને લીધે બાળકને બાલગ્રહો પીડે છે. માટે બાલગ્રહોની પીડાથી બાળકોનું રક્ષણ કરવું જોઈએ.

બાલગ્રહોનાં નામો.

स्कन्दग्रहस्तु प्रथमः स्कन्दापस्मार एव च । शकुनी रेवती चैव पूतना चान्धपूतना ॥ पूतना शीतपूर्वा च तथैव मुखमण्डिका । नवमो नैगमेयश्च प्रोक्ता बालग्रहा अमी ॥

સ્કંદ, સ્કંદાપસ્માર, શકુની, રેવતી, પૂતના, અંધપૂતના, શીતપૂતના, મુખમંડિકા, અને નૈગમેય, એ રીતે નવ બાલગ્રહો છે.

બાલગ્રહોની ઉત્પત્તિ.

नव स्कन्दादयः प्रोक्ता बालानां ये ग्रहा अमी । श्रीमन्तो दिव्यवपुषो नारीपुरुषविग्रहाः ॥ एते स्कन्दस्य रक्षार्थं कृत्तिकोमाग्निशूलिभिः । सृष्टाः शरवनस्थस्य रक्षितस्य स्वतेजसा ॥ स्कन्दः सृष्टो भगवता देवेन त्रिपुरारिणा । बिभर्ति चापरां संज्ञां कुमार इति स ग्रहः ॥

अथ हि कार्तिकेयादन्य. ॥

स्कन्दापस्मारसंज्ञो यः सोऽग्निना तत्समद्युतिः । स च स्कन्दसखो नाम्ना विशाख इति चोच्यते ॥ ग्रहाः स्त्रीविग्रहा ये तु नानारूपाः प्रकीर्तिताः । गङ्गोमाकृत्तिकानां ते भागा राजसतामसाः ॥ नैगमेयस्तु पार्वत्या सृष्टो मेषाननो ग्रहः । कुमारधारी देवस्य गुहस्यात्मसमोऽस्ति वै ॥ ततो भगवता स्कन्दे सुरसेनापतौ कृते । उपतस्थुर्ग्रहा एते दीप्तशक्तिधरं गुहम् ॥ ऊचुः प्राञ्जलयश्चैनं वृत्तिर्नो दीयतामिति । तेषामर्थे ततः स्कन्दः शिवं देवमचोदयत् ॥ ततो ग्रहांस्तानुवाच भगवान्भगनेत्रहृत् । तैर्यग्योनिं मानुषं च दैवं च त्रितयं जगत् ॥ परस्परोपकारेण वर्तते धार्यते तथा । देवा नरान्प्रीणयन्ति तैर्यग्योनींस्तथैव च ॥ यथाकालं प्रवृत्तैस्तु ऊष्मवर्षहिमानिलैः । इज्याञ्जलिनमस्कारैर्जपहोमैस्तथैव च ॥ सम्यक्प्रयुक्तैश्च नराः प्रीणयन्त्यपि देवताः । भागधेयविभक्तं च शेषं किञ्चिन्न विद्यते ॥ तद्युष्माकं शुभा वृत्तिर्बालेष्वेव भविष्यति ।

સ્કંદ વિગેરે જે નવ બાલગ્રહો કહેવાય છે તેઓ સપત્તિવાળા તથા દિવ્ય શરીરો વાળા છે કેટલાક સ્ત્રીરૂપી અને કેટલાક પુરૂષરૂપી છે એ બાલગ્રહોને કાંસડના વનમા રહેલા અને સ્વાભાવિક તેજથીજ રક્ષણ પામેલા કાર્તિકેયની રક્ષા માટે કૃત્તિકા, પાર્વતી, અગ્નિ અને શકરે ઉત્પન્ન કરેલા છે. આમાનો પહેલો સ્કદ નામનો બાલગ્રહ છે તેને તો મહાદેવે પોતેજ ઉત્પન્ન કરેલો છે, અને તેનુ બીજું નામ કુમાર છે સ્કંદ અને કુમાર એ બને નામો કાર્તિકેયનાં પોતાના પણ છે, તો પણ બને નામો વાળો બાલગ્રહ એથી જુદો પણ છે, એમ સમજવું

સ્કદાપસ્માર નામનો બાલગ્રહ અગ્નિ એ ઉત્પન્ન કરેલો છે તે અગ્નિ જેવી કાતિવાળો તથા સ્કદસખા અને વિશાખ એ નામોથી પણ ઓળખાય છે શકુનીથી તે મુખમંડિકા સૂધીના બાલગ્રહો સ્ત્રીના દેહવાળા, અનેક રૂપોવાળા, તથા ગગા, પાર્વતી, અને કૃત્તિકાના રજોગુણી તથા તમોગુણી ભાગોવાળા છે. નૈગમેય બાલગ્રહને પાર્વતીએ ઉત્પન્ન કર્યો છે, તે ઘેટા જેવા મુખવાળો અને કાર્તિકેયને બહુ પ્રિય છે.

જ્યારે શકરે કાર્તિકેયને દેવોના સેનાપતિ બનાવ્યા, ત્યારે આ સર્વ બાલગ્રહો પ્રદીપ્ત શક્તિવાળા કાર્તિકેયને હાથ જોડીને કહ્યુ કે-"અમને આજીવિકા આપો" ત્યારે કાર્તિકેયે તેઓને માટે શકર ભગવાનની પ્રાર્થના કરતાં મહાત્મા શકરે એ સર્વ બાલગ્રહોને કહ્યુ કે "પશુ, પક્ષી, મનુષ્ય, અને દેવ જાતિમય આ જગત્ છે, તે પરસ્પરના ઉપકારથી વર્તે છે તથા તેથીજ તે ટકી રહેલું છે દેવતાઓ યોગ્ય સમયે ગરમી, વરસાદ, ટાઢ, પવન, વિગેરે ઉત્પન્ન કરીને મનુષ્ય, તથા પશુ પક્ષીઓને તૃપ્ત કરે છે, મનુષ્યો યજન, સ્તુતિ, નમસ્કાર, જપ, તથા હોમ, વિગેરેથી દેવોને તૃપ્ત કરે છે, પશુપક્ષી વિગેરે પોતાનાં દૂધ, માંસ, વિગેરેથી દેવો તથા મનુષ્યોને તૃપ્ત કરે છે, અને પશુ પક્ષીઓને મનુષ્યોપણ પાલન વિગેરેથી તૃપ્ત કરેછે આ પ્રમાણે સર્વ વેંહેચાઈ ગયુ છે અને તેથી કાઇ બાકી રહ્યુ નથી, માટે તમારી સારી રીતે આજીવિકા તો બાળકોની ઉપર ચાલશે."

બાલગ્રહો બાળકોને પકડેછે તેનું કારણ.

कुलेषु येषु नेज्यन्ते देवाः पितर एव च । ब्राह्मणाः साधवो वापि गुरवोऽतिथयस्तथा ॥ निवृत्तशौचाचारेषु तथा कुत्सितवृत्तिषु ॥ निवृत्तभिक्षाबलिषु भग्नकांस्योपभोजिषु ॥ तेषु बालांश्च तांस्तान् हि गृह्णीध्वमविशङ्किताः । तत्र वो विपुला वृत्तिः पूजा चैव भविष्यति ॥ एवं ग्रहाः समुत्पन्ना बालान् हिंसन्ति चाप्यतः । गृहोपसृष्टा बालाः स्युर्दुश्चिकित्स्यतमास्ततः ॥

ભગવાન્ શંકરે બાલગ્રહોને કહ્યું કે–"આમ છે, માટે જે કુળોમા દેવો, પિતૃઓ, વિપ્રો, સાધુઓ, ગુરૂઓ, અને અતિથિઓનું પૂજન થતું ન હોય, તથા જે કુળો અપવિત્ર તથા આચારથી રહિત હોય, કુત્સિત વૃત્તિઓવાળાં હોય, કોઇને ભિક્ષા કે બલિદાન આપતાં ન હોય, અને ભાંગેલાં કાંસાનાં વાસણમાં જમતા હોય, તે કુળોનાં બાલકોને તમે નિઃશંકપણે પકડજો, એટલે તેથી તમારી મોટી આજીવિકા ચાલશે, અને તમે પૂજન પણ પામશો." આ રીતે બાલગ્રહોની ઉત્પત્તિ છે, તથા તેથીજ તેઓ બાળકોને પીડે છે, માટે જેને બાલગ્રહો વળગ્યા હોય તે બાલકોની ચિકિત્સા કરવી બહુ કઠણ થઇ પડે છે.

બાલગ્રહોના વળગાડનું સામાન્ય લક્ષણ.

क्षणादुद्विजते बालः क्षणात्त्रस्य च रोदिति । नखैर्दन्तैर्दारयति धात्रीमात्मानमेव च ॥ ऊर्ध्वं निरीक्षते दन्तान्खादेत्कूजति जृम्भति। भ्रुवौ क्षिपति दष्टौष्ठः फेनं वमति चासकृत् ॥ क्षामोऽतिनिशि जागर्ति शूनाङ्गो भिन्नविट्स्वरः । मत्स्यशोणितगन्धश्च न चाश्नाति यथा पुरा ॥ दुर्बलो मलिनाङ्गश्च नष्टसंज्ञोऽपि जायते । सामान्यग्रहजुष्टस्य लक्षणं समुदाहृतम् ॥

બાળક ક્ષણમાત્રમાં ઉદ્વેગ પામી રડવા લાગે, નખ તથા દાંતોથી પોતાને તથા માતાને તોડવા લાગે, ઊંચે જોઈ દાંતો કરડે, કણકણે, બગાસાં ખાય, ભમરોના ચાળા કરે, હોઠ કરડે, વારંવાર ફીણવાળી ઉલટી કરે, દુબળું થાય, રાતે જાગ્યા કરે, શરીરમાં સોજા તથા ઝાડો પાતળો થાય, સ્વર નબળો થાય, માછલાં તથા લોહી જેવું ગંધાય, પ્રથમની પેઠે ખાય નહિ, નબળાઇ આવે, અંગો મેલાં થાય તથા બેભાન થાય, એ સર્વ બાલગ્રહોના વળગાડના સાધારણ લક્ષણો છે.

બાલગ્રહોના વળગાડનાં વિશેષ લક્ષણ.

शूनाक्षः क्षतजसगन्धकः स्तनद्विट् वक्रास्यो हतचलितैकपक्ष्मनेत्रः । उद्विग्नः ससलिलचक्षुरल्परोदी स्कन्दार्तो भवति च गाढमुष्टिवर्चाः ॥ निःसंज्ञो भवति पुनर्लभेत संज्ञां संस्तब्धः करचरणैश्च नृत्यतीव । विण्मूत्रे सृजति चिरेण जृम्भमाणः फेनं वा सृजति च तत्सखाभिजुष्टः ॥

तत्सखाभिजुष्ट' स्कन्दापस्मारयुक्त' ॥

त्रस्ताङ्गो भयचकितो विहङ्गगन्धिः सास्रावव्रणपरिपीडितः समन्तात् । स्फोटैश्च प्रचिततनुः सदाहपाकैर्विज्ञेयो भवति शिशुः क्षतः शकुन्या ॥ रक्तास्यो हरितमलोऽतिपाण्डुदेहः श्यावो वा ज्वरमुखपाकवेदनार्तः । मृद्गाति व्यथिततनुश्च कर्णनासं रेवत्या गृह-

मभिपीडितः कुमारः ॥ स्रस्ताङ्गः स्वपिति सुखं दिवा न रात्रौ विड् भिन्नं विसृजति काकतुल्यगन्धः । छर्द्यार्तो हृषिततनूरुहः कुमारस्तृष्णालुर्भवति च पूतनागृहीतः ॥ योद्वेष्टि स्तनमतिसारकासहिक्काच्छर्दीभिर्ज्वरसहिताभिरर्द्यमानः । दुर्वर्णः सततमधःशयोऽस्रगन्धिस्तं ब्रूयुर्ननु भिषजोऽथ पूतनार्तम् ॥ आक्रन्दत्यभिचकितं प्रवेपमानः संलीनो भवति तथान्त्रकूजयुक्तः । विस्राङ्गो भृशमतिसार्यते च यस्तं संब्रूयाद्भिषगथ शीतपूतनार्तम् ॥ म्लानाङ्गः सरुधिरपाणिपादवक्त्रो बह्वाशी कलुषसिरा वृतोदरो यः । स ज्ञेयः शिशुरथ वक्त्रमण्डिकार्तः सोद्वेगो भवति च मूत्रतुल्यगन्धिः ॥ यं फेनं वमति विनम्यते च मध्ये सोद्वेगो विहसति चोर्ध्वमीक्ष्यमाणः । कूजेच्च सततमथो वसास्रगन्धिर्निःसंज्ञो भवति स नैगमेषजुष्टः ॥

સ્કંદ નામનો બાલગ્રહ વળગે છે તો નેત્રો સૂજેલાં, લોહી જેવો ગંધ, ધાવવાની અરૂચિ, વાકુંમુખ, ખરાબ તથા ચલિત એક પાંપણવાળું નેત્ર, ઉદ્વેગ, નેત્રોમાં પાણી, થોડું રડવું, મજબૂત મૂઠી વાળવી, અને કઠણ વિષ્ટા, એટલું તે બાળકને થાય છે. સ્કંદાપસ્માર વળગે છે તો બાળક બેભાન થઇને વળી ભાનવાળુ થાય છે, અક્કડ તથા હાથ પગથી નાચતો હોય તેમ થાય છે. વિષ્ટા મૂત્ર કર્યા કરે છે, ઘણીવારે બગાસું ખાય છે, અથવા મુખમાં ફીણો આવે છે.

શકુનીના વળગાડથી બાળકનું અંગ શિથિલ થાય છે, ભયથી ચકિત રહે છે, પક્ષી જેવો ગંધાય છે. ચારેમેર સ્રાવવાળાં વ્રણોથી પીડાય છે, અને શરીરમાં દાહવાળા પાકેલા ફોલ્લાઓ થાય છે.

રેવતીની પીડાથી બાળક રાતા મુખવાળો, લીલીવિષ્ટાવાળો, બહુજ પીંગળા કે કાળાશવાળા શરીરની પીડાથી કાન તથા નાક તોડયા કરનાર થાય છે. પૂતના વળગે છે તો અંગોની શિથિલતા તથા રાત દિવસ નિદ્રાનો નાશ થાય છે. ઝાડો પાતળો, ગધ કાગડા જેવો, ઉલટી, રોમોદ્ગમ, અને વારંવાર તરશ લાગ્યા કરે છે. અંધપૂતનાના વળગાડથી ધાવવાની અરુચિ થાય છે, જ્વર, અતિસાર, ઉધરસ, હેડકી, તથા ઉલટી થાય છે, ખરાબ વર્ણુ થઇ જાય છે, ઉંધો સૂઈ રહે છે, અને લોહીના જેવા ગંધવાળો થાય છે. બાળક ચીસો પાડયા કરે, વારંવાર ભયથી ધ્રૂજે, તાણુ થાય, આંતરડામા અવાજ થાય, અંગો દુર્ગંધ મારે, અને વારંવાર પાતળો દસ્ત આવ્યા કરે, તો વૈદ્યે તેને શીતપૂતનાનો વળગાડ જાણુવો. બાળકનાં અંગોમા ગ્લાનિ થાય; હાથ, પગ તથા મુખમાથી લોહી પડે; ઊદ્વેગ થાય; બહુ ખાધા કરે, પેટ ઉપર મલીન નસો દેખાય, અને શરીર મૂત્ર જેવું ગંધાયા કરે, તો તેને મુખમડિકાનો વળગાડ જાણુવો. ફીણુ વિગરની ઊલટી થયા કરે, કમરેથી વળી જાય, ઉદ્વેગ થાય, ઊંચે જોઇ હસ્યા કરે, બહુ કણુકણ્યા કરે, શરીર ચરબી તથા લોહી જેવું ગંધાય, અને બેભાન થાય, તો તે બાળકને નૈગમેષનો વળગાડ થયો જાણુવો.

વળગાડની સામાન્ય ચિકિત્સા.

सहामुण्डितिकोदीच्यक्काथस्नानं ग्रहापहम् ॥ सहा माषपर्णी ॥

सप्तच्छदामयनिशा चन्दनैश्चानुलेपनम् । सर्पत्वग्लशुनं मूर्वा सर्षपारिष्टपल्लवाः ॥ बिडालविड्जालोम मेषशृङ्गी वचा मधु । धूपः शिशोर्ज्वरघ्नोऽथमशेषग्रहनाशनः ॥ बाला शान्तीष्टिकर्माणि कार्याणि ग्रहशान्तये । वचा कुष्टं तथा ब्राह्मी सिद्धार्थकमथापि च ॥ सारिवा सैन्धवं चैव पिप्पली घृतमष्टमम् । सिद्धं घृतमिदं मेध्यं पिबेत्प्रातर्दिने दिने ॥ दृढस्मृतिः क्षिप्रमेधाः कुमारो बुद्धिमान्भवेत् ॥ न पिशाचा न रक्षांसि न भूता न च मातरः । न भवन्ति कुमाराणां पिबतामष्टमङ्गलम् ॥

अष्टमङ्गल घृतम् ॥

જંગલી અડદ, ગોરખમુંડી, અને વાળાના કવાથથી બાળકને ન્હવરાવવાથી; અને સાત્વિન, કઠ, હળદર, અને ચંદનનો લેપ કરવાથી બાલગ્રહોનો વળગાડ મટી જાયછે.

સર્પની કાચળી, લસણ, પીલુડી, ઘી, લીમડાનાં પાન, બિલાડીની વિષ્ટા, બકરીનાં રૂવાડાં, મરડાશીંગી, વજ, અને મધ એઓની ધુમાડી દેવાથી બાળકનો તાવ ઉતરી જાયછે, અને સર્વ બાલગ્રહોનો વળગાડ મટી જાય છે.

બાલગ્રહોના નિવારણ માટે ગ્રહશાંતિ અને પૂજનાદિક પણ કરવાં.

અષ્ટમંગલ ધૃત.

વજ, કઠ, બ્રાહ્મી, સર્ષપ, ઉપલસરી, સિંધવ, અને પીપરના કલ્કથી પકાવેલું ઘી નિત્ય પ્રભાતમાં પીવાથી બાળકની સ્મરણ શક્તિ દૃઢ અને બુદ્ધિ શીઘ્રગામી થાય છે, અને તે બહુ બુદ્ધિવાન થાય છે. આ ઘી પીનારા બાળકને પિશાચો, રાક્ષસો, ભૂતો, કે માતૃઓ નડતાં નથી.

વળગાડની વિશેષ ચિકિત્સા.

स्कन्दग्रहोपसृष्टस्य कुमारस्य प्रशान्तये । वातघ्नद्रुमपत्राणां क्काथेन परिषेचनम् ॥ देवदारूणि रास्नाया मधुरेषु गणेषु च । सिद्धं सर्पिश्च सक्षीरं पातुमस्मै प्रदापयेत् ॥ सर्षपाः सर्पनिर्मोको वचा काकादनी घृतम् । उष्ट्राजाविगवां चापि रोमाण्युद्धूपनं भवेत् ॥

काकादनी श्वेतगुञ्जा ॥

सोमवल्लीमिन्द्रवृक्षं बन्दाकां बिल्वजं शमीम् । मृगादन्याश्च मूलानि ग्रथितानि-विधारयेत् ॥

सोमवल्ली सोमलताम् । इन्द्रवृक्षं ककुभवृक्षम् । मृगादनी इन्द्रवारुणीम् ॥

रक्तानि माल्यानि तथा पताका रक्ताश्च गन्धा विविधाश्च भक्ष्याः । घण्टा च देवाय बलिर्निवेद्यः सकुक्कुटः स्कन्दगृहे हिताय ॥ स्नानं त्रिरात्र निशि चत्वरेषु कुर्यात्परं शालियवैर्नवैश्च ॥ गायत्रीपूताभिरथाद्भिरग्निं प्रज्वालयेदाहुतिभिश्च धीमान् ॥ रक्षामतः प्रवक्ष्यामि बालानां पापनाशिनीम् । अहन्यहनि कर्तव्या या भिषग्भिरतन्द्रितैः ॥ तपसां तेजसां चैव यशसां वपुषां तथा । निधानं योऽव्ययो देवः स ते स्कन्दः प्रसीदतु ॥ ग्रहसेनापतिर्देवो देवसेनापतिर्विभुः । देवसेनारिपुहरः पातु त्वां भगवान् गुहः ॥ देवदेवस्य महतः पावकस्य च यः सुतः । गङ्गोमाकृत्तिकानां च स ते शर्म प्रयच्छतु ॥

रक्तमाल्याम्बरधरो रक्तचन्दनभूषितः ।
रक्तदिव्यवपुर्देवः पातु त्वां क्रौञ्चसूदनः ॥

સ્કંદ—સ્કંદ વળગ્યો હોય તે બાળકના શરીર ઉપર શાંતિ માટે બોરડીના પાનનો કવાથ સીંચવો; અને દેવદાર, રાસ્ના, જીવનીયગણ, એમના કલ્કથી પકાવેલું ઘી દૂધમાં પાવું, તેમજ સર્ષપ, સર્પની કાંચળી, વજ, ધોળી ચણોઠી, ઘી, ઊંટ તથા બકરીના રૂવાડાં, અને ગાડરનાં રૂવાડાની ધુમાડી દેવી

સોમવલ્લી, ઇંદ્રજવનું ઝાડ, બીલી, અન્યવૃક્ષ, ખીજડી, અને ઇંદ્રવારૂણીનાં મૂળને એક દોરેથી બાધીને બાળકને શરીરે તે બાધવું.

બાળકના હિતને માટે સ્કંદના મંદિરમા રાતાં પુષ્પોના શણગાર કરવા, રાતી પતાકાઓ, રાતાં ચંદનો, વિવિધ ભક્ષ્યો, ઘટા દેવી તથા કૂકડાના માંસનુ બલિદાન, એ આપવાં, નવી શાળ (ડાગર) તથા નવા જવ પાણીમાં નાંખીને તે પાણીને ગાયત્રી મત્રથી મંત્રીને રાત્રે ચોટામાં ત્રણ દિવસ સૂધી બાળકને ન્હવરાવવું, તથા નવી શાળ અને નવા જવની આહુતિઓ અગ્નિમાં હોમવી.

હવે બાળકોની રક્ષાનો પ્રકાર કહું છુ એ રક્ષાથી પાપ નાશ પામે છે આળસ નહિ રાખીને વૈદ્યોએ નિત્ય બાળક પાસે નીચેનો રક્ષાનો પાઠ ભણવો ––

"તપ, તેજ, યશ, તથા શરીર સામર્થ્યના ભંડારરૂપ દેવકાર્તિક સ્વામિ, મહાદેવ, અગ્નિ, ગંગા, પાર્વતી, અને કૃત્તિકાના પુત્ર છે, તે તારૂં શુભ કરજો. રાતા પુષ્પો તથા રાતા વસ્ત્રોને ધારણ કરનારા, રક્તચંદનથી શણગારેલા, અને દિવ્ય રક્ત દેહવાળા દેવ કાર્તિકેય તારૂં રક્ષણ કરજો "

સ્કંદાપસ્માર.

बिल्वः शिरीषो गोलोमी सुरसादिश्च योगणः । परिषेके प्रयोक्तव्यः स्कन्दापस्मारशान्तये ॥ गोलोमी श्वेतदूर्वा ॥

सुरसा श्वेतसुरसा पाठा फञ्जी फणिज्जकः सौगन्धिकं भूस्तृणको राजिका श्वेतवर्वरी ॥ कट्फलं खरपुष्पा च कासमर्दश्च शल्लकी । विडङ्गमथ निर्गुण्डीकर्णिकार उदुम्बरः ॥ बला च काकमाची च तथा च विषमुष्टिका । कफकृमिहरः ख्यातः सुरसादिरयं गणः ॥

सुरसा कृष्णतुलसी । श्वेतसुरसा श्वेततुलसी । फञ्जी भार्ङ्गी । फणिज्जक मरुवकः । सौगन्धिक कह्लार । भूस्तृणक सुगन्धतृण । अनेनैव नाम्ना गौडादौ प्रसिद्ध । खरपुष्पा वर्वरी । कासमर्द. कसौदी अने नैवनाम्ना प्रसिद्ध । विषमुष्टि. वका इति ॥

अष्टमूत्रविपक्वं च तैलमभ्यञ्जने हितम् ॥ गोऽजाविमाहिषाश्वानां खरोष्ट्रकरिणां तथा । मूत्राष्टकमिति ख्यातं सर्वशास्त्रेषु सम्मतम् ॥ क्षीरीवृक्षकषायेण काकोल्यादिगणेन च । विपक्तव्यं ततः पश्चाद्दातव्यं पयसा सह ॥

काकोल्यादिगणेन कल्कीकृतेन घृत पक्तव्यम् ॥

काकोली क्षीरकाकोली जीवकर्षभकौ तथा । ऋद्धिर्वृद्धिस्तथामेदा महामेदा गुडूचिका ॥ मुद्गपर्णी माषपर्णी पद्मकं वंशलोचना । शृङ्गी प्रपौण्डरीकं च जीवन्ती मधुयष्टिका ॥ द्राक्षा चेति गणो नाम्ना काकोल्यादिरुदीरितः । स्तन्यकृद्बृंहणो वृष्यः पित्त-

रक्तानिलापहः ॥ उत्सादनं वचा हिङ्गुयुक्त मत्र मकीर्तितम् । गृध्रोलूकपुरीषाणि केशा हस्तिनखो घृतम् ॥ वृषभस्य च रोमाणि योज्यान्युग्धूपने सदा । अनन्ता कुक्कुटीं बिम्बीं मर्कटीं चापि धारयेत् ॥

अनन्ता यवासा । कुक्कुटी शाल्मली ॥

पकान्यपक्वानि मांसानि प्रसन्ना रुधिरं पयः । मुद्गौदनो निवेद्यश्च स्कन्दापस्मारिणो वटे ॥ वटे वटतले बलिनिवेद्य इत्यन्वय ॥

चतुष्पथे कारयेच्च स्नानं तेन ततः पठेत् ॥

तेन स्कन्दापस्मारिणा स्नान कारयेदित्यन्वयः॥

स्कन्दापस्मारसंज्ञो यः स्कन्दस्य दयितः सखा । विशाखः स शिशोरस्य शिवायास्तु शुभाननः ॥

(૧). સ્કંદાપસ્મારની શાંતિ માટે બીલી, સરસડિયો, ધોળી પ્રે, અને નીચેના સુરસાદિગણના કવાથનું સેચન કરવું:—

સુરસાદિગણ.

કાળી તથા ધોળી તુળસીઓ, કાળીપાડ, ભારંગી, મરવો, કલ્હારકમળ, ભૂસ્તૃણ, રાઈ, ધોળી જંગલી તુળસી, કાયફળ, રામતુળસી, કાસોદરો, શલ્લકી, વાવડીંગ, નગોડ, કચૂર, ઊંબરો, ખપાટ, રાતી આ ઘેડી, અને બકાન, એ સુરસાદિગણ કહેવાય છે, તે કફ તથા કૃમિને મટાડે છે.

(૨) નીચેનાં આઠ મૂત્રોથી પકાવેલા તેલનો બાળકના દેહને અભ્યંગ કરવાથી તે સ્કંદાપસ્મારમાં હિતકારી થાય છે —

ગાય, બકરી, ગાડર, પાડો, ઘોડો, ગધેડો, ઊંટ, અને હાથી, એ આઠના મૂત્રો છે. સર્વ શાસ્ત્રોમાં તેને મૂત્રાષ્ટક કહે છે.

(૩). વડ આદિ ક્ષીરીવૃક્ષોનો ક્વાથ તથા નીચેના કાકોલ્યાદિગણના કલ્કથી પકાવેલું ઘી, દૂધ સાથે બાળકને પાવાથી સ્કંદાપસ્માર મટે છે:—

કાકોલ્યાદિગણ.

કાકોલી, ક્ષીરકાકોલી, જીવક, ઋષભ, ઋદ્ધિ, વૃદ્ધિ, મેદા, મહામેદા, ગળો, જંગલી મગ, જંગલી અડદ, પદ્મક, વંશલોચન, કાકડાશીંગી, પુંડરીકવૃક્ષ, ગળો, જેઠીમધ, અને દ્રાક્ષ, એ કાકોલ્યાદિગણ ધાવણ વધારનાર, ધાતુપૌષ્ટિક, વાજીકરણ, તથા પિત્તહર, વાતહર, અને રક્તદોષહર છે.

(૪). વજ તથા હિંગના કલ્કથી બાળકનું શરીર ચોળવાથી સ્કંદાપસ્મારનો વળગાડ મટે છે.

(૫) ગીધ તથા ઘુવડની વિષ્ટા, કેશ, હાથીનો નખ, ઘી, અને બળદનાં રૂંવાડાંની ધુમાડી નિત્ય દેવાથી સ્કંદાપસ્મારની શાંતિ થાય છે.

(૬) જવાસો, શેમળો, કડવી ઘીલોડી, અને કરંજ ધારણ કરવાથી પણ સ્કંદાપસ્માર મટે છે.

(૭) સ્કંદાપસ્મારની શાંતિ માટે પકવાનો માંસો, મદિરાની આછ, લોહી, દૂધ અને મગભાતનું બળિદાન વડની નીચે મુકવું.

(૮) સ્કંદાપસ્માર વાળા બાળકને ચોટામાં ન્હવરાવીને તેની પાસે નીચેનો મંત્ર બોલાવવો.

"કાર્તિક સ્વામીનો સ્કંદાપસ્માર નામનો પ્રિયમિત્ર વિશાખ નામથી ઓળખાય છે. તથા સુંદર મુખવાળો છે, તે આ બાળકનું ભલું કરજો."

શકુની.

शकुनीग्रहजुष्टस्य कार्यं वैद्येन जानता ।

वेतसाम्रकपित्थाना क्वाथेन परिषेचनम् ॥ ह्रीबेर मधुकोशीरसारिवोत्पलपद्मकैः । लोध्रप्रियङ्गुमञ्जिष्ठागैरिकैः प्रदिहेच्छिशुम् ॥

प्रदिहेत् लिम्पेत् । दिह्यादिति सिद्धे दिहेदिति रूपसिद्धिरार्षत्वात् ।

स्कन्दग्रहोक्ता धूपाश्च हिता अत्र भवन्ति हि । स्कन्दापस्मारशमनं घृतमत्रापि पूजितम् ॥ शतावरी मृगैर्वारुनागदन्तीनिदिग्धिकाम् । लक्ष्मणां सहदेवीं च बृहतीं चापि धारयेत् ॥

मृगैर्वारुवडी इन्द्रवारुणी । नागदन्ती नागद्रुतीति लोके प्रसिद्धा ।

तिलतण्डुलकं माल्यं हरितालं मनःशिला॥ बलिरेषां करञ्जे तु निवेद्यो नियतात्मना । निकटे च प्रयोक्तव्यं स्नानमस्य यथाविधि ॥ श्वेताशिरीषगन्धाष्टपयोगुग्गुलुसर्षपैः। सिद्धमभ्यञ्जने तैलं कारयेत्पूर्वमेव तु । शकुनीग्रहशान्त्यर्थं प्रदेहं कारयेद्धितम् ॥ कुर्याच्च विविधा पूजां शकुन्याः कुसुमैः शुभैः । निकुम्भोक्तेन विधिना स्नापयेच्चं ततः पठेत् ॥

निकुम्भ शिवस्य गणविशेषस्तेनोक्तेन विधिना॥

अन्तरिक्षचरा देवी सर्वालङ्कारभूषिता । अधोमुखी सूक्ष्मतुण्डा शकुनी ते प्रसीदतु ॥ दुर्दर्शना महाकाया पिङ्गाक्षी भैरवस्वरा । लम्बोदरी शङ्कुकर्णी शकुनी ते प्रसीदतु ॥

(૧) શકુનીના વળગાડ ઉપર વિચક્ષણ વૈદ્યે નેતર, આંબો, અને કોઠના ક્વાથથી સેચન કરવું, તથા વાળો, જેઠીમધ, કાળોવાળો, ઉપલસરી, કમળ, પદ્મકાષ્ઠ, લોદર, ઘઉંલો, મજીઠ, અને સોનાગેરૂનો લેપ કરવો. (સસ્કૃત વ્યાકરણની રીતે दिह् ધાતુ અદાદિ ગણનો હોવાથી તેના लिङ्लकारનું રૂપ दिह्यात् થાય, પરંતુ અત્ર મૂળશ્લોકમા दिहेत् રૂપ કર્યું છે, તે વૈદિક પ્રક્રિયાથી કર્યું છે)

(૨) સ્કંદગ્રહના ઉપચારોમાં જે જે ધૂપો કહેલા છે તે સર્વ, તેમજ સ્કંદાપસ્માર ઉપર કહેલુ ઘી શકુનીના વળગાડમાં પણ વપરાયછે.

(૩) શતાવરી, ઇંદ્રવારૂણી, નાગદમણી, ભોરીંગણી, ધોળીરીંગણી, ખપાટ, અને ઊભીભોરીંગણી, એમને ધારણ કરવાં.

(૪) વૈદ્યે સાવધ ચિત્તરાખીને તલ, ચોખા, ફૂલ, હરતાળ, અને મણશીળનુ કરંજના ઝાડ નીચે બલિદાન મૂકવું, અને તેની સમીપમા યથાવિધિ બાળકને સ્નાન કરાવવું.

પ્રથમજ ધોળી પ્રો, સરસડિયો, અષ્ટગંધ, દૂધ, ગૂગળ, અને સર્ષવના કલ્કથી પકાવેલા તેલથી બાળકને ન્હવરાવીને પછી અભ્યંગ કરવો, તેથી શકુનીની શાતિ થાયછે.

સુંદર પુષ્પોથી વિવિધ પ્રકારે શકુનીનુ પૂજન કરીને પછી શંકરના નિકુંભ નામના ગણે કહેલા વિધિ પ્રમાણે બાળકને ન્હવરાવીને તેની પાસે નીચેનો પાઠ કરવો:—

"અંતરિક્ષમાં ફરનારી, સર્વ અલંકારોથી શણગારેલી, અને નીચાંતથા સૂક્ષ્મ મુખવાળી દેવી શકુની તને પ્રસન્ન થાઓ, ભયંકર દેખાવની મહાન્ કાયાવાળી, પીળાં અંગો વાળી, ભયંકર સ્વરવાળી, લાબા પેટ વાળી, અને ખીલા જેવા કાનવાળી, શકુની દેવી તને પ્રસન્ન થાઓ."

રેવતી.

अश्वगन्धाजशृङ्गी च सारिवाथ पुनर्नवा । सहा विदारी ह्येतासां क्वाथेन परिसेचनम् ॥

अजशृङ्गी मेढाशृङ्गी । सहा सेवती पुष्पजाति ॥

तैलमभ्यञ्जने कार्यं कुष्ठे सर्जरसे तथा । पलङ्कषायां नलदे तथा गौरकदम्बके ॥

सर्जरसः राल । पलङ्कषा गुग्गुलु । नलद लामज्जकम् उशीरवत्पीतच्छवि । गौरकदम्बक हारिद्रक हरदुआ कदम्ब इति लोके ।

धवाश्वकर्णककुभशल्लकीतिन्दुकेषु च । काकोल्यादौ गणे चापि सिद्धं सर्पिः पिबेच्छिशुः ॥

अश्वकर्ण साकु इति लोके प्रसिद्धः ।

कुलत्थं शङ्खचूर्णं च प्रदेहः साश्वगन्धिकः । गृध्रोलूकपुरीषाणि यवा यवफलो घृतम् ॥ सन्ध्ययोरुभयोः कार्यमेतदुद्धूपनं शिशोः ।

यवफलो वंशाङ्कुरः ।

शुक्लाः सुमनसो लाजाः पयः शाल्योदनं दधि ॥ बलिर्निवेद्यो गोतीर्थे रेवत्यै प्रयतात्मना ॥ गोतीर्थे गोष्ठे ॥

स्नानं धात्रीकुमाराभ्यां सङ्गमे कारयेद्भिषक् ॥ नानाशस्त्रधरा देवी चित्रमाल्यानुलेपना । चलत्कुण्डलिनी श्यामा रेवती ते प्रसीदतु ॥ उपासते यां सततं देव्यो विविधभूषणाः लम्बा कराला विनता तथैव बहुपुत्रिका ॥ रेवती शुष्कनासा च तुभ्यं देवी प्रसीदतु ।

આસોંદ, ભરડાશીંગી, ઉપલસરી, સાટોડી, ગુલાબ અને વિદારીકંદના ક્વાથનું સેચન કરવું. કઠ, રાળ, ગુગળ, લામજ્જક, અને પીળા કદંબના કલ્કથી પકાવેલા તેલનો અભ્યંગ કરવો. ધાવડો, સાગ, ઈંદ્રજવ, શલ્લકી, ટીંબરવો, અને કાકોલ્યાદિગણુ, એ સર્વના કલ્કથી પકાવેલું ઘી પાવું કળથી, શંખચૂર્ણ, અને આસોંદનો લેપ કરવો, ગીધ અને ઘુવડની ચરકો, જવ, વાંસના અંકુર, અને ઘીની ધુમાડી બન્ને સંધ્યા સમયે બાળકને દેવી. ધોળા પુષ્પો, ચોખાની ધાણી, દૂધ, શાલ ચોખાનો ભાત, અને દહિંનુ બલિદાન રેવતીને ગાયોના વાડામાં સાવધાનપણે વૈદ્ય આપવું. બે નદીના અથવા નદી અને સમુદ્રના સંગમમાં વૈદ્યે બાળકને અને તેની માતાને ન્હવરાવવાં. અને પછી પાઠ ભણવો કે—"વિવિધ શસ્ત્ર તથા પુષ્પોને ધારણ કરનારી, વિચિત્ર લેપો તથા ચલિત કુંડળોવાળી, અને શ્યામ વર્ણની રેવતી દેવી તને પ્રસન્ન થાઓ! લાંબી, વિકાળ, ઘણા પુત્રોવાળી, સૂકાયલા નાક વાળી, અને વિવિધ ભૂષણો વાળી દેવીઓથી સર્વદા સેવાયલી, રેવતી દેવી તને પ્રસન્ન થાઓ."

પૂતના.

कपोतवङ्कास्योनाको वरुणः पारिभद्रकः । आस्फोता चैव योज्याः स्युर्बालानां परिषेचने ।

कपोतवङ्का ब्राह्मी । आस्फोताऽपराजिता ।

नवा पयस्या गोलोमी हरितालं मनःशिला । कुष्ठसर्जरसश्चैव तैलार्थे कल्क इष्यते ॥

नवा पयस्या नूतना क्षीरविदारी । गोलोमी श्वेतदूर्वा ॥

हितं घृतं तुगाक्षीर्यां संसिद्धं मधुकेऽपि च । कुष्ठतालीसखदिराः स्पन्दनोऽर्जुन ए-

व च ॥ पनसः कुकुभश्चापिमज्जानो बदरस्य च । कुक्कुटास्थि घृतं चापि धूपनं सह सर्षपैः ॥

स्पन्दन स्पन्दन इत्येव नाम्ना प्रसिद्ध ।

काकादनी चित्रफला बिम्बीं गुञ्जां च धारयेत् ।

काकादनी श्वेतगुञ्जा । चित्रफला बृहदिन्द्रवारुणी ।

मत्स्यौदनं बलिं दद्यात्कृशरां पललं तथा । शरावसंपुटे कृत्वा बलिं शून्ये गृहे हरेत् ॥ उच्छिष्टान्नाभिषिक्तस्य शिशोः स्नपनमिष्यते । कुष्ठतालीसखादिरं चन्दनं स्पन्दनं तथा ॥ देवदारु वचा हिङ्गु कुष्ठं गिरिकदम्बकम् । एला हरेणवश्चापि योज्या उद्धूपने सदा ॥ मलिनाम्बरसंवीता मलिना रूक्षमूर्धजा । शून्यागाराश्रया देवी दारकं पातु पूतना ॥

બ્રાહ્મી, અરલુ, વાયવરણા, લીમડો, અને ગરણીના કવાથથી બાળકને શરીરે સેચન કરવુ

તાજો વિદારીકંદ, ધોળો ધ્રો (દૂવા) હરતાળ, મનશીલ, કોઠ, અને રાળના કલ્કથી પકાવેલા તેલનો ઉપયોગ કરવો.

વશલોચન અને જેઠીમધના કલ્કથી પકાવેલુ ઘી પણ હિતકારી છે.

કઠ, તાલીસપત્ર, ખેર, અરલુ, આમોદરો, ફણસ, ઇંદ્રજવ, બોરનો ગર્ભ, કુકડાનુ હાડકુ, ઘી, અને સર્ષપની ધુમાડી દેવી

ધોળી ચણોઠી, મોટી ઇંદ્રવારૂણી, કડવી ... ડી અને રાતી ચણોઠી અંગપર ધારણ કરવાં.

મા... ના..., રાતી ખીચડી, અને માંસને કોડિયાંનાં સપુટમાં રાખી ઉજડ ઘરમા પૂતનાને બલિદાન આપવુ

ઉચ્છિષ્ટ અન્નથી બાળકને લેપ કરીને ન્હવરાવવુ.

કઠ, તાલીસપત્ર, ખેર, ચદન, અરલૂ, દેવદાર, વજ, હિંગ, કઠ, પહાડી કદંબ, એળચી, અને હરેણુની હમેશા ધૂમાડી દેવી.

બાળક પાસે પાઠ કરવો કે—"મેલા વસ્ત્રોવાળી, મેલી, રૂક્ષકેશ વાળી, અને ઉજડ ઘરમાં રહેનારી પૂતના દેવી બાળકની રક્ષા કરજો"

અંધપૂતના.

तिक्तकद्रुमपत्राणां क्वाथः कार्योऽभिषेचने ॥ निम्बः पटोलः क्षुद्रा च गुडूची वासकस्तथा । विसर्पकुष्ठतुल्ल्यातो गणोऽयं पञ्चतिक्तकः ॥ पिप्पली पिप्पलीमूलं चित्रको मधुको मधु । शालिपर्णी बृहत्यौ च घृतार्थं च समाहरेत ॥ सर्वगन्धैः प्रदेहश्च गात्रे चाक्ष्णोश्च शीतलैः ॥

सर्वगन्धे कुङ्कुमागुरुकर्पूरकस्तूरीचन्दनै सह । अक्ष्णोस्तु शीतलै चन्दनकर्पूरै । न तु कस्तूरीकुङ्कुमागुरुभि तेषामुष्णत्वात् ॥

पुरीषं कौकुटं केशाश्चर्म सर्पभवं तथा । जीर्णं चाभीक्ष्णशो वासो धूपनायोपकल्पयेत् ॥ कुकुटी मर्कटी बिम्बीमनन्तां चापि धारयेत् । मांसमामं तथा पक्वं शोणितं च चतुष्पथे ॥ निवेद्यमन्तश्च गृहे शिशोस्नपनमिष्यते । कराला पिङ्गला मुण्डा काषायाम्बरसवृता ॥ देवि बालमिमं प्रीता रक्ष त्वमन्धपूतने ॥

લીમડો, પરવળ, ભોરીંગણી, ગળો, અને અરડુસો, એ પચતિક્તગણ કહેવાય છે, વિસર્પ અને કોઢને મટાડે છે. આ ગણના ક્વાથનુ સેચન કરવું

પીપર, પીપળીમૂળ, ચિત્રક, જેઠીમધ, મધ, સમેરવો, ઊભી ભોરીંગણી, અને બેઠી ભોરીંગણીના કલ્કથી પકાવેલું ઘી બાળકને પાવુ. કેશર, અગરૂ, કપૂર, કસ્તુરી, અને ચદનનુ શરીરે લેપન કરવુ, તથા નેત્રો ઊપર ચંદન તથા કપૂરનુ લેપન કરવું કેશર, કસ્તુરી, અને અગરૂ ગરમ છે, માટે તેનુ લેપન નેત્રો ઊપર કરવું નહિ. કુકડાંની ચરક, કેશ, સર્પની કાચળી, અને જુનાં લૂગડાની ધૂમાડી વાર વાર દેવી. શેમળો, કરંજ, કડવી ઘીલોડી અને જવાસો ધારણ કરવા. કાચા તથા પાકા માંસનું અને રક્તનુ બલિદાન ચૌટામા મૂકવું. અદરના ઘરમા બાળકને ન્હવરાવીને પાઠ કરવો કે–"હે અધપૂતના દેવી, વિકાળ અને પીંગળા વર્ણવાળી તું માથે મુડી તથા ભગવા વસ્રોવાળી છે, તે પ્રસન્ન થઈને આ બાળકની રક્ષા કરજે."

શીતપૂતના.

गोमूत्रं चाश्वमूत्रं च मुस्ता चामरदारु च। कुष्ठं च सर्वगन्धांश्च तैलार्थमवधारयेत् ॥

सर्वगन्धान् चन्दनादीन् ॥

रोहिणीनिम्बखदिरपलाशककुभत्वचः । निःक्वाथ्य तस्मिन्निः काथे सक्षीरे विपचेद्‌घृतम् ॥ गृध्रोलूकपुरीषाणि बस्तगन्धामहित्वचम् । निम्बपत्राणि च तथा धूपनार्थं समाहरेत् ॥ धारयेदपि गुञ्जां च बला काकादनीं तथा । नद्यांमुद्गौदनैश्चापि तर्पयेच्छीतपूतनाम् ॥ जलाशयान्ते बालस्य स्नपनं चोपदिश्यते ।

जलाशयान्ते जलाशयतीरे ॥

देव्यै देयश्चोपहारो वारुणीं रुधिरं तथा। मुद्गौदनाशिनी देवी सुराशोणितपायिनी ॥ जलाशयरता नित्यं पातु त्वां शीतपूतना ॥

ગોમૂત્ર, ઘોડાનુ મૂત્ર, મોથ, દેવદાર, કઠ, કેશર, અગર, કસ્તુરી, કપૂર અને ચદનથી પકાવેલા તેલનો અભ્યગ કરવો, કડવો લીમડો, ખેર, ખાખરો, અને કડા છાલના ક્વાથમા દૂધ સહિત પકાવેલુ ઘી બાળકને પાવું. ગીધ તથા ઘુવડની ચરકો, તલવણી, સર્પની કાચળી, અને લીમડાનાં પાન એઓની ધૂમાડી દેવી. ધોળી તથા રાતી ચણોઠી અને ખપાટ ધારણ કરવી મગ ચોખાથી નદીમા શીતપૂતનાને તૃપ્ત કરવી. જળાશયને કિનારે બાળકને ન્હવરાવવુ. શીતપૂતનાને રક્ત તથા મદિરા ચઢાવવા, તથા બાળકની પાસે પાઠ બોલવો કે–"મગ ભાત ખાનારી, રક્ત અને મદ્ય પીનારી, અને જળાશયમાં રહેનારી શીતપૂતના દેવી હમેશા તારી રક્ષા કરજો"

મુખમડિકા.

कपित्थ बिल्वतर्कारी वासा गन्धर्वहस्तकः । कुबेराक्षी च योज्याः स्युर्बालाना परिषेचने ॥

तर्कारी गणियार इति लोके । गन्धर्वहस्तक श्वेत एरण्ड । कुबेराक्षी पाडरि इति लोके ॥

स्वरसैर्भृङ्गवृक्षाणा तथैव हयगन्धया । तैलं वसां च संयोज्य पचेदभ्यञ्जनं शिशोः॥

भृङ्गवृक्ष' भागरा इति लोके ॥

वचा सर्जरसः कुष्टं सर्पिश्चोध्धूपने हितम् । वर्णकं चूर्णकं माल्यमञ्जनं पारदं तथा ॥ मनःशिलां चोपहरेद्गोष्ठमध्ये बलिं ततः । पायसं सपुरोडाशं तद्बल्यर्थमुपाहरेत् ॥ मन्त्रपूताभिरद्भिश्च तत्रैव स्नपनं हितम् । अलङ्कृता कामवती सुभगा कामरूपिणी ॥ गोष्ठमन्यालया यातु पातु त्वां मुखमण्डिका ॥

કોઠ, બીલી, અરણી, અરડુસી, શ્વેત એરંડો અને કાંકચના કવાથથી બાળક ઉપર સેચન કરવુ. ભાંગરાના સ્વરસમા આસોંદના કલ્કથી ચરબી સાથે તેલ પકાવી તેને અભ્યગ કરાવવો. વજ, રાળ, કઠ, અને ઘીની ધુમાડી દેવી. ગુલાલ, હિંગળો, પુષ્પ, આંજણ, પારો, મનશીલ, એમનું અર્પણ મુખમંડિકાને ગાયોના વાડામાં કરી દૂધ તથા પુરોડાશનુ બલિદાન દેવુ, પછી નીચેના મંત્રથી મંત્રિત પાણીથી એજ સ્થળમા બાળકને ન્હવરાવવું, તે હિતકારી છે.

"શણગારેલી, કામનાવાળી, રૂપાળી, યથેષ્ટ રૂપો ધારણ કરનારી અને ગાયોનાવાડામાં રહેનારી મુખમડિકા દેવી તારી રક્ષા કરજો."

નૈગમેય.

बिल्वाग्निमन्थपूतीकैः कार्यं स्यात्परिषेचनम् ॥ पूतिक घोराकरजः ॥

प्रियङ्गुसरलानन्ताशतपुष्पाकुटन्नटैः । पचेत्तैलं सगोमूत्रं दधिमस्त्वम्लकाञ्जिकैः ॥

कुटन्नट वितुन्नकनाम्नो वृक्षविशेषस्य त्वक् गुडतजी इति लोके । मुस्ताकृति स्योनाकं वा ॥

वचा वयस्यां जटिलां गोलोमीं चापि धारयेत् ॥

वयस्या आमलकी गुडूची वा । गोलोमी श्वेतवचा । जटिला जटामासी ॥

उत्सादनं हितं चात्र स्कन्दापस्मारनाशनम् । मर्कटोलूकगृध्राणां पुरीषाणि प्रधूपनम् ॥ धूपः सुप्तजने कार्यो बालस्य हितमिच्छता । तिलतण्डुलकं माल्यं भक्ष्यांश्च विविधानपि ॥ कौमारभृत्ये मेषाय प्लक्षमूले निवेदयेत् ॥

कौमारभृत्ये बालरक्षायाम् । मेषाय नैगमेयग्रहाय ॥

अधस्तात् क्षीरवृक्षस्य स्नपनं चोपदिश्यते । अजाननश्चलाक्षिभ्रूः कामरूपी महायशाः ॥ बालं पालयिता देवो नैगमेयोऽभिरक्षतु ।

બીલી, અરણી, અને પુતિકરંજના કવાથનું બાળક ઉપર સેચન કરવું. ઘઉંલો, સરલ દેવદાર, ઉપલસરી, સૂવા, ભોંઆમલીની છાલ અથવા અરલુ, દહિંનો મઙ, ખાટી કાંજી, અને ગોમૂત્રથી પકાવેલા તેલનો અભ્યંગ કરવો. વજ, આમલી અથવા ગળો, જટામાંસી, અને ધોળીવજ, ધારણ કરવા. સ્કંદાપસ્મારમાં જે ચોળવાનુ કહેલુ છે, તે ચોળવું, એ પણ હિતકારી છે. વાદરાની વિષ્ટા, ઘુવડ તથા ગીધની ચરકો, એની ધૂમાડી દેવી. આ ધૂમાડી જ્યારે ઘરનાં સર્વે માણસો સૂઈ ગયાં હોય ત્યારે બાળકનુ હિત ઇચ્છનારે આપવી. બાળકના હિતને અર્થે પીપરના થડમાં તલ, ચોખા, પુષ્પ, અને વિવિધ અન્નોનું બલિદાન દેવું, દૂધવાળા, વૃક્ષોની નીચે બાળકને ન્હવરાવીને પાઠ કરવો કે–"બકરાના જેવા મુખવાળો, ઇચ્છા

પ્રમાણે રૂપોને ધારણ કરનારો, બાળકનું રક્ષણ કરનારો, અને નેત્રો તથા ભમરો ચલિત થયા કરે છે એવો, નૈગમેય દેવ રક્ષણ કરો."

બાળરોગોનાં નિદાન તથા લક્ષણ.

धात्र्यास्तु गुरुभिर्भोज्यैर्विषमैर्दोषलैस्तथा । दोषा देहे प्रकुप्यन्ति ततः स्तन्यं प्रदुष्यति ॥ मिथ्याहारविहारिण्या दुष्टा वातादयस्त्रयः । दूषयन्ति पयस्तेन जायन्ते व्याधयः शिशोः॥ वातदुष्टं शिशुं स्तन्यं पिबन्वातगदातुरः । क्षामस्वरः कृशाङ्गः स्याद्बद्धविण्मूत्रमारुतः ॥ स्विन्नो भिन्नमलो बालः कामलापित्तरोगवान् । तृष्णालुरुष्णसर्वाङ्गः पित्तदुष्टं पय पिबन्। श्लेष्मदुष्टं पिबन्क्षीरं लालालुः श्लेष्मरोगवान्। निद्रार्दितो जडः शूनो वक्राक्षच्छर्दनःशिशुः॥ ज्वराद्या व्याधयः सर्वे वक्ष्यन्ते महतां तु ये। बालानामपि ते तद्वद्बोद्धव्या भिषगुत्तमैः॥ बालानामेव ये रोगा भवन्ति महतां न च । तालुकण्टकमुख्यांस्तानवधारय यत्नतः ॥

तालुमांसे कफः क्रुद्धः कुरुते तालुकण्टकम्। तेन तालुप्रदेशस्य निम्नता मूर्ध्नि जायते ॥ तालुपातात्स्तनद्वेषः कृच्छ्रात्पानं शकृद्द्रवम् । तृडक्षिकण्ठास्यरुजा ग्रीवादुर्धरता वमिः ॥

पान स्तनस्य । शकृद्द्रव द्रवरूपम् ॥

वीसर्पस्तु शिशोः प्राणनाशनः शीर्षवस्तिजः । पद्मवर्णो महापद्मरोगो दोषत्रयोद्भवः॥ शङ्खाभ्यां हृदयं याति हृदयाच्च गुदं व्रजेत्॥

पद्मवर्ण लोहितवर्णः । तत्र शीर्षजो वीसर्पः । शङ्खाभ्या हृदयं याति हृदयाच्च गुदं व्रजेत । एव बस्तिजो गुद याति । गुदत हृदयं हृदयाच्छिरो याति इति बोद्धव्यम् ॥

कुकूणकं क्षीणदोषाच्छिशूनामेव वर्त्मनि जायते सरुजं नेत्रं कण्डूरं प्रस्रवेद्बहु ॥ शिशुः कुर्याल्ललाटाक्षिकूटनासाप्रघर्षणम् । शक्तो नार्कप्रभां द्रष्टुं न चाक्ष्युन्मीलनक्षमः ॥

कुकूणक कोथुआह इति लोके ॥

वातेनाध्मापिता नाभिः सरुजा तुण्डिरुच्यते । बालस्य गुदपाकाख्यो व्याधिः पित्तेन जायते ॥

शकृन्मूत्रसमायुक्तेऽधौते पाने शिशोर्भवेत् । स्विन्ने चाप्लाव्यमानस्य कण्डू रक्तकफोद्भवा ॥ कण्डूयनात्ततः क्षिप्रं स्फोटाः स्रावश्च जायते । एकीभूतं व्रणं घोरं ते विद्यादहिपूतनम् ॥ स्विन्ने स्वेदिते ॥

स्निग्धा सवर्णा ग्रथिता नीरुजा मुद्गसन्निभा । कफवातोत्थिता ज्ञेया बालानामजगल्लिका ॥

ग्रथिता गुम्फितेव । मुद्गसन्निभा मुद्गाकृति. ॥

मातुः कुमारो गर्भिण्याःस्तन्यं प्रायः पिबन्नपि । कासाग्निसादवमथुतन्द्राकार्श्यारुचिभ्रमैः ॥ युज्यते कोष्ठवृद्ध्या च तमाहुः परिगर्भिकम् । रोगं परिभवाख्यं च तत्र युञ्जीत दीपनम् ॥

पिबन्नपीत्यपिशब्दादपिबन्नपि । परिगर्भिक अहीडीति लोके । परिभवाख्य परिभवेति नामान्तरम्॥

दन्तोद्भेदः शिशोः सर्वरोगाणां कारणं स्मृतम् । विशेषाज्ज्वरविड्भेदकासच्छर्दि

शिरोरुजाम् ॥ अभिष्यन्दस्यपोथक्या विसर्पस्य च जायते ॥

कारणमित्यन्वय । पोथक्या वर्त्मरोगविशेषस्य॥

ભારે, વિષમ, તથા દોષોને વધારનારા ભોજનોથી માતાના શરીરમા દોષો કોપે છે, તેથી ધાવણ દૂષિત થાય છે અયોગ્ય આહાર વિહાર કરનારી સ્ત્રીના દેહમા દૂષિત થયેલા વાતાદિ દોષો ધાવણને દૂષિત કરે છે, તેથી બાળકના શરીરમાં રોગો થાય છે. વાયુથી દૂષિત થયેલુ ધાવણ ધાવનાર બાળકને વાયુના રોગો દુર્બલ સ્વર, દુર્બળ અંગો, અને વિષ્ટા, મૂત્ર તથા વાયુની અટકાયત થાય છે પિત્તદોષવાળુ ધાવણ ધાવનાર બાળકને પરસેવો, પાતળો ઝાડો, કમળો, પિત્ત રોગો, તૃષા, અને સર્વ અંગોમા ગરમી થાય છે કફથી દૂષિતધાવણ ધાવનાર બાળકને લાળ, કફરોગો, નિદ્રા, જડતા, સોજા, વાંકાનેત્રો, અને ઉલટી થાય છે જ્વર વિગેરે રોગો જેમ મ્હોટાને થાય છે તેમ બાળકને પણ એજ રીતે થાય છે, એમ મહાવૈદ્યોએ સમજવુ અત્ર જે તાલુક ટકાદિરોગો બાળકનેજ થાય છે અને મ્હોટાને નથી થતા, તે વિષે જે નિરૂપણ કરેલુ છે,તે સાવધાન થઇને સાભળો.

તાલુકંટક (ગળું પડવું)નું લક્ષણ

તાળવાના માસમા કોપેલો કફ તાલુકટક નામે રોગો ઉત્પન્ન કરે છે, આ રોગથી માથામા તાળવુ બેસી જાય છે, એથી ધાવવામાં અરૂચિ થાય છે, માહમાડ ધાવે છે, દસ્ત પાતળો થાય છે, તરશ લાગેછે, આખો તથા કઠ અને મુખમાં પીડા થાય છે, ડોક સ્થિર રહેતી નથી, અને ઉલટી થાય છે

મહાપદ્મનું લક્ષણ

બાળકને માથામા તથા મૂત્રાશયમા ત્રણે દોષોના પ્રકોપથી પ્રાણનાશક રાતા રગનો વિસર્પ રોગ થાય છે, તે મહાપદ્મ કહેવાય છે માથામાં થયેલો વિસર્પ લમણાઓમાથી હૃદયમા જાય છે, અને ત્યાથી ગુદામા જાય છે મૂત્રાશયમા થયેલો વિસર્પ ગુદામાં જઇને ત્યાથી હૃદયમા અને ત્યાથી માથામા જાય છે. એમ સમજવુ

કુકુણકનું લક્ષણ.

દોષોની અલ્પતાથી બાળકની પાપણમાંજ કુકુણકરોગ થાય છે, તેથી નેત્રમા પીડા, ચળ, અને સ્રાવ થાય છે અને આ રોગથી બાળક પોતાના કપાળને, નેત્રોના ભાગોને, અને નાકને ચોળ્યા કરે છે તે સૂર્યનુ તેજ જોઈ શકતો નથી અને નેત્રો ઉઘાડી શકતો નથી.

તુંડીનું લક્ષણ.

વાયુથી ફૂલેલી નાભિમા પીડા થાય છે, તે તુડી કહેવાય છે.

ગુદપાકનું લક્ષણ.

પિત્તથી બાળકની ગુદા પાકે છે, તેને ગુદપાક કહે છે

અહિપૂતનનું લક્ષણ.

વિષ્ટા મૂત્રવાળી બાળકની ગુદા બરોબર નહિ ધોવાયાથી, તથા પરસેવો થાય તો પણ નહિ ન્હવરાવવાથી, રૂધિર અને કફના પ્રકોપથી, ચળ થાયછે, અને ખણવાથી તુરત ફોલ્લા અને સ્રાવ થાય છે, એ સર્વ પછી એકત્ર મળી જઈને ઘોર વ્રણ થઈ જાય છે, તે અહિપૂતન કહેવાય છે.

અજગલ્લિનું લક્ષણ.

શરીર જેવા વર્ણવાળી, સ્નિગ્ધ, ગુથાયલી હોય એવી, પીડા વિગરની, અને મગ જેવી

ફોલ્લીઓ બાળકના શરીરમા કફ તથા વાયુના પ્રકોપથી થાય છે, તેને અજગલ્લિકા કહે છે.

પરિગર્ભિકનું લક્ષણ

ગર્ભવતી માતાનું ધાવણ બાળક ધાવેછે તો, અને વખતે ન ધાવતો હોય, તો પણ ઘણુ કરીને તેને ઉધરસ, મદાગ્નિ, વમન, તંદ્રા, કૃશતા, અરુચિ, ભ્રમ, અને કોઠાની વૃદ્ધિ થાય છે. એ રોગ પરિગર્ભિક અથવા પરિભવ કહેવાય છે. એમા અગ્નિદીપનના ઉપાયો કરવા જોઈએ.

દંતોદ્ભેદક રોગો.

બાળકને દાંત આવવાનો સમય સઘળા રોગોના કારણ રૂપ કહેવાય છે, અને વિશેષે કરીને જ્વર, પાતળો ઝાડો, ઉધરસ, ઉલટી, માથાની પીડા, ભરાઈ આવવુ, પોથકી નામનો પાપણનો રોગ, અને વિસર્પ થાય છે.

બાલરોગોની ચિકિત્સા

भैषज्यं पूर्वमुद्दिष्टं महतां यज्ज्वरादिषु । तदेव कार्यं बालानां किंतु दाहादिकं विना॥

दाहादिक विना अग्निदाहादिक वमनविरेचनशिराव्यधादिक विना । महाकष्टे चोत्पन्ने वमनविरेकाद्यपि दद्यात् । यत आह सुश्रुत –' विरेकबस्तिवमनान्यृते कुर्याच्च नात्ययादिति ' । अत्ययात् विनाशकरकष्टात् ऋते विना ॥

त एव दोषा दूष्याश्च ज्वराद्या व्याधयश्च ते । अतस्तदेव भैषज्यं मात्रा तत्र कनीयसी॥

विडङ्गफलमात्रं तु जातमात्रस्य भेषजम् । अनेनैव प्रमाणेन मासि मासि प्रवर्धयेत् ॥

विडङ्गपरिमित भेषज चूर्णीकृत्य किंवा कल्कीकृत्याऽथवावलेहीकृत्य दद्यादित्यर्थः । तन्त्रान्तरे त्वन्यथाभिहितम् ॥

प्रथमे मासि बालाय देया भैषज्यरक्तिका । अवलेह्या तु कर्तव्या मधुक्षीरसिताघृतैः ॥ एकैका वर्धयेत्तावद्यावत्संवत्सरो भवेत् । तदूर्ध्वं माषवृद्धिः स्याद्यावत्षोडश वत्सराः ॥

एकैका रक्तिका तदूर्ध्वं वर्षोपरि माषवृद्धि । प्रतिवर्षं पञ्चगुञ्जात्मकस्य माषस्य वृद्धिर्भवतीति ॥ गुञ्जापञ्चाद्यो माषक इत्यमरसिंह ॥

ततः स्थिराः भवेत्तावद्यावद्वर्षाणि सप्ततिः। ततो बालकवन्मात्रा ह्रासनीया शनैः शनैः॥

तत षोडशवत्सरोपरि ॥

चूर्णकल्कावलेहानामियं मात्रा प्रकीर्तिता । कषायस्य पुनः सैव विज्ञातव्या चतुर्गुणा ॥ क्षीरपस्य शिशोर्देयमौषधं क्षीरसर्पिषा । धात्र्यास्तु केवलं देयं न क्षीरेणापि सर्पिषा॥

क्षीरान्नादस्य पूर्ववत्क्षीरसर्पिषा ॥

येषां गदानां ये योगाः प्रवक्ष्यन्ते गदङ्कराः। तेषु तत्कल्कसंलिप्तौ पाययेत्तु शिशुं स्तनौ ॥

अङ्गप्रत्यङ्गदेशे तु रुजा यत्रास्य जायते मुहुर्मुहुः स्पृशति तं स्पृश्यमाने न रोदिति ॥ निमीलिताक्षो मूर्धस्थे रोगे नो धारयच्छिरः । बस्तिस्थे मूत्रसङ्गार्तः क्षुधा तृड्पि गच्छति ॥ विण्मूत्रसङ्गवैवर्ण्याच्छर्द्याध्मानान्त्रकूजनैः । कोष्ठे व्याधीन्विजानीयात्सर्वत्रस्थांश्च रोदनैः ॥

सर्वे निवार्यते बाले स्तन्यं नैव निवार्यते ।

मात्रया लङ्घयेद्धात्रीं शिशोरेतद्धि लङ्घनम् ॥
मात्रया लङ्घयेत् लघु भोजयेत् ॥

भद्रमुस्ताभयानिम्बपटोलमधुकैः कृतः ।
काथः कोष्णः शिशोरेष निःशेषज्वरनाशनः॥
भद्रमुस्तादिकाथ सर्वज्वरेषु ॥

घनकृष्णारुणा शृङ्गी चूर्णं क्षौद्रेण संयुतम् ।
शिशोर्ज्वरातीसारघ्नं कास श्वासं वमिं हरेत् ॥
अरुणा अतिविषा । चतुर्भद्रिका ज्वरातिसारेषु ॥

बिल्वं च पुष्पाणि च धातकीनां जलं सलोध्रं गजपिप्पली च । क्वाथावलेहौ मधुना विमिश्रौ बालेषु योज्यावतिसारितेषु॥
जल बाला बिल्वादिकाथावलेहौ अतिसारेषु ॥

समङ्गाधातकीलोध्रसारिवाभिः शृतं जलम्॥
दुर्धरेऽपि शिशोर्देयमतीसारे समाक्षिकम् ॥
समङ्गा लज्जालुमूलम् समङ्गादिकाथो दुर्धरेऽतीसारे॥

विडङ्गान्यजमोदा च पिप्पली तण्डुलानि च।
एषामालोड्य चूर्णानि सुखतप्तेन वारिणा ॥
आमे प्रवृत्तेऽतीसारे कुमारं पाययेद्भिषक् ।
विडङ्गादिचूर्णमतीसारे ।

मोचारसः समङ्गा च धातकी पद्मकेशरम् ।
पिष्टैरेतैर्यवागूः स्याद्रक्तातीसारनाशिनी ॥
मोचारस । लज्जालुमूलम् । धावेफुल कमलकेशर समुदित तोला १, तण्डुलकी बूदी तोला १, जल तोला ११ सर्वमेकीकृत्य यवागूः साधनीया। मोचरसादि यवागू रक्तातीसारे ॥

नागरातिविषामुस्तबालकेन्द्रयवैः शृतम्।
कुमारं पाययेत्प्रातः सर्वातीसारनाशनम् ॥
नागरादिकाथ सर्वातीसारे ॥

लाजा सयष्टीमधुका शर्करा क्षौद्रमेव च ।
तण्डुलोदकयोगेन क्षिप्रं हन्ति प्रवाहिकाम्॥
लाजादिचूर्ण प्रवाहिकायाम् ॥

रजनी सरलो दारु बृहती गजपिप्पली।
पृश्निपर्णी शताह्वा च लीढं माक्षिकसर्पिषा॥
दीपनं ग्रहणीं हन्ति मारुतार्तिं सकामलाम् ।
ज्वरातीसारपाण्डुघ्नी बालानां सर्वरोगनुत् ॥
रजन्यादि चूर्ण ग्रहण्यादौ ।

मुस्तकातिविषा वासा कणा शृङ्गीरसं लिहेत्।
मधु वा मुच्यते बालः कासैः पञ्चभिरुत्थितैः॥
मुस्तकादिस्वरस. कासेषु ।

व्याघ्रीसुवनसं जातकेशरैरवलेहिका । मधुना चिरसंजातान् शिशोः कासान्व्यपोहति ॥
कासे ।

धान्यं च शर्करायुक्तं तण्डुलोदकसंयुतम् ।
पानमेतत्प्रदातव्यं कासश्वासापहं शिशोः ॥
धान्यादिपान कासश्वासयोः ।

द्राक्षावासाभयाकृष्णाचूर्णं क्षौद्रेण सर्पिषा ।
लीढं श्वासं निहन्त्याशु कासं च तमकं तथा॥
तमक श्वासभेदम् । इति द्राक्षादिचूर्ण कासश्वासयोः ॥

चूर्णं कटुकरोहिण्या मधुना सह योजयेत् । हिक्कां प्रशमयेत्क्षिप्रं छर्दिं चापि चिरोत्थिताम् ॥ हिक्काया छर्द्या च ॥

आम्रास्थि लाजसिन्धूत्थं सक्षौद्रं छर्दिनुद्भवेत् । द्विवार्ताकीफलरसं पञ्चकोलं च लेहयेत् ॥
द्विवार्ताकी बृहतीद्वयम् ॥

पिप्पली पिप्पलीमूलं चव्यचित्रककनागरम् ॥ क्षीरछर्द्याम् ॥

घृतेन सिन्धुविश्वैलाहिङ्गुभार्ङ्गीरजो लिहन्। आनाहं वातिकं शूलं हन्यात्तोयेन वा शिशुः॥ इति आनाहे वातशूले च ॥

कणोषणासिताक्षौद्रसूक्ष्मैलासैन्धवैः कृतः। मूत्रग्रहे प्रयोक्तव्यः शिशूनां लेह उत्तमः ॥ मूत्राघाते ॥

यदा तु दुर्बलो बालः खादन्नपि च वह्निमान्। विदारीकन्दगोधूमयवचूर्णं घृतप्लुतम्॥ खादयेत्तदनु क्षीरं शृतं समधुशर्करम् ॥ कार्श्ये ॥

मुस्तं कूष्माण्डबीजानि भद्रदारु कलिङ्गकान्। पिष्ट्वा तोयेनः संलिम्पेत् लेपोऽयं शोथहृच्छिशोः ॥ शोथे ॥

पटोलत्रिफलारिष्टहरिद्राक्वथितं पिबेत्। क्षतवीसर्पविस्फोटज्वराणां शान्तये शिशुः॥ इति क्षतविसर्पविस्फोटज्वरेषु ॥

गृहधूमनिशाकुष्ठराजिकेन्द्रयवैः शिशोः। लेपस्तक्रेण हन्त्याशु सिध्मपामाविचर्चिकाम्॥ इति सिध्मपामाविचर्चिकायाम् ।

सारिवातिललोध्राणां कषायो मधुकस्य च। संस्राविणि मुखे शस्तो धावनार्थं शिशोः सदा ॥ मुखस्रावे ॥

अश्वत्थत्वग्दलक्षौद्रैर्मुखपाके प्रलेपनम् ॥ मुखपाके ॥

पिप्पली त्रिफला चूर्णं घृतक्षौद्रपरिप्लुतम्। रोदिति यस्तस्मै लीढं दद्यात्सुखावहम् ॥ रोदने ॥

हरीतकीवचाकुष्ठकल्कं माक्षिकसंयुतम्। पीत्वा कुमारः स्तन्येन मुच्यते तालुकण्टकात् ॥ इति तालुकण्टके ॥

फलत्रिकं लोध्रपुनर्नवे च समृङ्गबेरं बृहतीद्वयं च। आलेपनं श्लेष्महरं सुखोष्णं कुकूणके कार्यमुदाहरन्ति ॥ कुकूणके ॥

मृत्पिण्डेनाग्नितप्तेन क्षीरसिक्तेन सोष्मणा। स्वेदयेदुत्थितां नाभिं शोथस्तेनोपशाम्यति ॥ नाभिशोथे ॥

नाभिपाके निशालोध्रप्रियङ्गुमधुकैः शृतम्। तैलमभ्यञ्जने शस्तमेभिश्चाप्यवधूलनम् ॥ दग्धेन छागशकृता नाभिपाकेऽवचूर्णनम्। त्वक् चूर्णैः क्षीरिणां वापि कुर्याच्चन्दनरेणुना ॥ नाभिपाके ॥

गुदपाके तु बालानां पित्तघ्नीं कारयेत्क्रियाम्। रसाञ्जनं विशेषेण पानालेपनयोर्हितम् शङ्खयष्ट्याञ्जनैश्चूर्णं शिशूनां गुदपाकनुत्॥ गुदपाके ॥

शंखसौवीरयष्ट्याह्वैर्लेपो देयोऽहिपूतने ॥ अहिपूतने ।

पारिगर्भिकरोगे तु पूज्यते वह्निदीपनम्॥ पारिगर्भिके ॥

दन्तपालीं तु मधुना चूर्णेन प्रतिसारयेत्। धातकीपुष्पपिप्पल्योर्धात्रीफलरसेन वा ॥ दन्तोत्थानभवा रोगाः पीडयन्ति न बालकम्। जाते दन्ते हि शाम्यन्ति यतस्तद्धेतुका गदाः॥ इति दन्तोद्भेदजरोगेषु ।

सौवर्णं सुकृत चूर्णं कुष्ठं मधु घृतं वचा। मत्स्याक्षकं शंखपुष्पी मधुसर्पिः सकाञ्चनम्॥ अर्कपुष्पी मधु घृतं चूर्णितं कनकं वचा। सहेमचूर्णं कैटर्यं श्वेता दूर्वा घृतं मधु ॥ चत्वारोऽभिहिता योगा अर्धश्लोकसमापनाः।

कुमाराणां वपुर्मेधाबलपुष्टिकराः स्मृताः ॥

सौवर्णं चूर्णम् । चतुर्ष्वपि योगेषु मारितसुवर्णचूर्णम् । मत्स्याक्षक ब्राह्मी इति लोके । वमक इत्येके । अर्कपुष्पी अर्कसदृशपुष्पी लता । दूर्वा श्वेतदूर्वा । कैटर्यं कट्फल । सवत्सरं यावदेते योगाः प्रयोज्या । द्वादशवर्षाणीति केचित् ॥

लाक्षारसे समे तैलं मस्तुन्यथ चतुर्गुणे ।
रास्नाचन्दनकुष्ठाब्दवाजिगन्धानिशायुतैः ॥
शताह्वा दारुयष्ट्याह्वमूर्वातिक्ताहरेणुभिः ।
संसिद्धं ज्वररक्षोघ्नं बलवर्णकरं शिशोः ॥

लाक्षादितैल बालेषु ।

ह्रीवेरं शर्करा क्षौद्रं लीढं तृष्णाहरं परम्॥

तृष्णायाम । इति बालरोगाधिकार ॥

મોટાને માટે જ્વરાદિ રોગોમા જે ઔષધો પ્રથમ કહેલાં છે તે બાળકને પણ કરવા, પરતુ ડામ, ક્ષારક્રિયા, વમન, વિરેચન, કે લોહી કઢાવવું એ કઈ કરવું નહિ મહા પીડા થઈ હોય તો વમન વિરેચનાદિ દેવા, કેમકે સુશ્રુત કહે છે કે–"મરણ થાય એવું સકટ પ્રાપ્ત થયા વિના બાળકોને વિરેચન, બસ્તિ અને વમન આપવા નહિ."

બાળકોને દોષો તથા દૂષ્યો પણ એનાં એજ હોય છે, અને જ્વરાદિરોગો પણ એના એજ હોય છે, માટે બાળકોને પણ તરત રોગના ઉપાયો તે તે રોગોમાં કહેલા છે તેજ કરવા. પણ તેની કનિષ્ટ માત્રા આપવા વિષે વિશ્વામિત્રે કહ્યું છે કે—"બાળકને જન્મ્યા પછી એક માસ સૂધીમાં વાવડીંગ જેટલુ ઔષધ આપવુ, અને પછી મહિને મહિને એજ પ્રમાણે વધારતા જવુ" એટલે કે પ્રથમ મહિનામા એક વાવડીંગ જેટલુ ઔષધ લેઇ ચૂર્ણ કરીને અથવા કલ્ક કે અવલેહ કરીને દેવું, બીજા મહિનામાં બે વાવડીંગ જેટલુ, અને એ રીતે મહિને મહિને વધારવુ

બીજા ગ્રથમાં વળી બીજી રીતે કહ્યુ છે કે—"બાળકને પેહેલે મહિને એક રતિભાર ઔષધ મધ, ધાવણ, સાકર, કે ઘીથી અવલેહ જેવુ કરીને દેવું. પછી પહેલુ વર્ષ પુરૂ થતાં સૂધીમાં મહિને મહિને એક એક રતિ જેટલુ વધારવું એક વર્ષથી સોળ વર્ષ સુધી દર વર્ષે પાંચ પાચ રતિભાર વધારતા જવું સોળમા વર્ષ પછીથી તે સિત્તેર વર્ષ સૂધી માત્રા સ્થિર થાય છે સિત્તેર વર્ષ પછી બાળકની પેઠે ધીરે ધીરે માત્રા ઓછી કરતાં જવુ" એક રતિભાર વિગેરે જે માત્રા કહી છે, તે ચૂર્ણ, કલ્ક કે અવલેહની સમજવી. ક્વાથની માત્રા તો એથી ચોગણી દેવી જે બાળક કેવળ ધાવણ ઉપરજ રહેતો હોય તેને ઔષધ દુધ કે ઘીની સાથે દેવું. માતાને ઔષધ દેવુ હોય તો દુધ કે ઘી સાથે નહિ આપતા જેમ કહેલુ હોય તેમજ આપવું. જે બાળક ધાવણ ધાવેછે તથા અન્ન પાણી ખાય છે, તેને પણ ઔષધ તો દુધ કે ઘીની સાથેજ આપવું સુશ્રુતે બાળકને પ્રકારાતરે ઔષધ દેવાનુ કહેલુ છે કે—"જે જે રોગોને માટે જે જે ઔષધો કહેલા છે તે તે રોગોમાં તે તે ઔષધોના કલ્કનો લેપ માતાના સ્તનો ઉપર કરીને બાળકને ધવરાવવો

ન્હાના બાળકના અંદરના રોગોની પરીક્ષા.

બાળકના જે અગ કે પ્રત્યગમા વેદના થતી હોય તે અ ગને તે બાળક અડયા કરે છે, અને બીજુ કોઈ ત્યાં અડે છે તો તે બાળક રડે છે. માથામાં રોગ હોય તો બાળક નેત્રો મીંચી રાખે છે તથા માથાને અક્કડ રાખી શકતું નથી મૂત્રાશયમા રોગ હોય તો મૂતરી શકાતું નથી, તથા ભૂખ તરશ લાગતાં નથી. દસ્ત તથા મૂત્રની અટકાયત થાય છે,

વિહ્વળતા થાય, ઉલટી થાય, પેટ ચઢે, અને આંતરડાંમાં અવાજ થાય, તો કોઠાનો રોગ જાણવો. બાળક રડયા કરે તો આખા શરીરનો રોગ જાણવો.

બાળકના જ્વરની ચિકિત્સા.

બાળકને સર્વ બાબતનો અટકાવ કરવો, પણ તેને ધાવવાનો અટકાવ તો નજ કરવો બાળકને લંઘન કરાવવુ હોય તો તેની માતાને હલકું ભોજન કરાવવું તેજ બસ છે.

ભદ્ર મુસ્તાદિ ક્વાથ.

ભદ્રમોથ, હરડે, લીમડો, કડવાં પરવળ, અને જેઠીમધનો ક્વાથ જરાક ગરમ હોય ત્યારે બાળકને પાવાથી તેના સર્વ જ્વરો નાશ પામે છે.

ચતુર્ભદ્રિકા.

મોથ, પીપર, અતિવિષ, અને કાકડાશીંગીનુ ચૂર્ણ મધમા ચટાડવાથી બાળકનો જ્વર તથા અતિસાર મટી જાય છે.

બિલ્વાદિ ક્વાથ.

બીલી, ધાવડીનાં ફૂલ, વાળો, અને ગજપીપરનો ક્વાથ મધ નાખીને પાવાથી બાળકનો અતિસાર મટી જાય છે.

બિલ્વાદિ અવલેહ.

બીલી વિગેરે ઉપરની દવાઓના ચૂર્ણને મધમાં ચટાડવાથી પણ બાળકનો અતિસાર મટી જાય છે.

સમગાદિ ક્વાથ.

રીસામણીનાં મૂળ, ધાવડીના ફૂલ, લોદર, અને ઉપલસરીનો ક્વાથ મધ નાંખીને પાવાથી બાળકનો ન રોકાય એવો ભયકર અતિસાર પણ મટી જાય છે.

વિડંગાદિ ચૂર્ણ.

વાવડીંગ, અજમોદ, અને પીપરનું ચૂર્ણ જરાક ગરમ પાણીમાં ઘોળીને બાળકને કાચા અતિસાર ઉપર વૈદે પાવું.

મોચરસાદિ ચવાણુ.

મોચરસ, રીસામણીનાં મૂળ, અને કમળના કેસરા, એ ત્રણે મળીને સવા તોલાભાર લેઇ તેમાં સવા તોલાભાર ચોખાની કણકી મેળવી, તે સર્વની અગિયાર તોલા પાણીમાં ચવાણુ કરી બાળકને પાવાથી તેને રક્તાતિસાર મટી જાય છે.

નાગરાદિ ક્વાથ.

સૂઠ, અતિવિષ, મોથ, વાળો, અને ઈંદ્રજવનો ક્વાથ પ્રાત:કાળમાં પાવાથી બાળકોના સર્વ પ્રકારના અતિસારો મટી જાય છે.

લાજાદિ ચૂર્ણ.

શાળની ધાણી, જેઠીમધ, સાકર, અને મધને મેળવીને ચોખાના ધોવરામણમાં પાવાથી બાળકની પ્રવાહિકા તરત મટી જાય છે.

રજન્યાદિ ચૂર્ણ.

હળદર, દેવદાર, દારૂહળદર, ઉભી ભોરીંગણી, ગજપીપર, નાનો સમેરવો, અને સૂવાનું ચૂર્ણ, મધ અને ઘીમાં ચટાડવાથી બાળકોની ગ્રહણી, વાતરોગો, કમળો, જ્વર, અતિસાર, તથા પાંડુરોગ વિગેરે સર્વ રોગો મટી જાય છે અને જઠરાગ્નિ પ્રદીપ્ત થાય છે.

મુસ્તકાદિ સ્વરસ.

મોથ, અતિવિષ, અરડૂસો, પીપર, અને કાકડાશીંગીનો સ્વરસ મધ નાંખીને ચટાડવાથી બાળકોની પાંચે પ્રકારની ઉધરસો મટી જાય છે.

વ્યાઘ્રીકેસરાવલેહિકા.

ભોરીંગણીના ફૂલોના કેસરાઓને વાટી મધમાં ચટાડવાથી લાંબા કાળથી થયેલી બાળકોની ઉધરસો પણ તુરત મટી જાય છે.

ધાન્યાદિ પાન.

ધાણા તથા સાકરને વાટીને ચોખાના ધોવરામણમાં પાવાથી બાળકોની ઉધરસ તથા શ્વાસ મટી જાય છે.

દ્રાક્ષાદિ ચૂર્ણ.

દ્રાક્ષ, અરડુસી, હરડે, અને પીપરનુ ચૂર્ણ મધમાં ચટાડવાથી બાળકોનો શ્વાસ ,ઉધરસ, અને તમકશ્વાસ, એ તરત મટી જાયછે.

કટુકરોહિણ્યવલેહ.

કડુનું ચૂર્ણ મધમાં ચટાડવાથી બાળકની હેડકી તથા લાંબા કાળની ઉલટી પણ તરત શમે છે.

બીજા અવલેહો.

આંબાની ગોટલી, ચોખાની ધાણી, અને સિંધવનુ ચૂર્ણ મધમાં ચટાડવાથી બાળકની દૂધની ઉલટી મટી જાય છે. તેમજ ઉભી ભોંરીંગણીનાં ફળનો રસ, બેઠી ભોંરીંગણીનાં ફળનો રસ, પીપર, પીપળીમૂળ, ચવક, ચિત્રક, સુંઠને મેળવીને ચટાડવાથી પણ દૂધની ઉલટી મટી જાય છે

સૈંધવાદિ અવલેહ.

સિંધવ, સુંઠ, એળચી, હિંગ, અને ભારંગીનુ ચૂર્ણ ઘી અથવા પાણીમાં ચટાડવાથી પેટનુ ચઢી આવવું તથા વાયુનુ શૂળ મટી જાયછે.

સિતાદિ અવલેહ.

પીપર, સૂંઠ, ઝીણી એળચી, અને સિંધવનો ઉત્તમ અવલેહ ચટાડવાથી બાળકનો મૂત્રાઘાત મટે છે.

કૃશતાનો ઉપાય.

ખાતાં છતાં અને અગ્નિ પ્રદીપ્ત છતાં બાળક દૂબળુ રહેતું હોય, તો તેને વિદારીકંદ, ઘઉં, અને જવનુ ચૂર્ણ ઘીમાં ચટાડવું, અને તે ઊપર મધ અને સાકર નાંખીને કઢેલું દૂધ પાવું.

સોજાનો ઉપાય.

મોથ, કોળાંનાં બીજ, તેલિયો દેવદાર, અને ઇંદ્રજવને પાણીમાં વાટીને લેપ કરવાથી બાળકોનો સોજો મટી જાય છે.

ક્ષતાદિનો ઉપાય.

કડવાં પરવળ, ત્રિફળા, લીમડો, અને હળદરનો ક્વાથ પાવાથી ક્ષત, વિસર્પ, વિસ્ફોટ, અને જ્વર શાંત થાય છે.

કોઢ વિગેરેનો ઉપાય.

ધુમાડાની મેંસ, હળદર, કઠ, રાઇ, અને ઇંદ્રજવને છાશમાં વાટીને લેપ કરવાથી બાળકનાં સિધ્મ, ખસ, અને વિચર્ચિકા વિગેરે મટે છે.

મુખસ્રાવનો ઉપાય.

ઉપલસરી, તલ, લોદર, અને જેઠીમધના ક્વાથથી નિત્ય મુખ સાફ કરવામાં આવે તો મુખનો સ્રાવ મટી જાય છે.

મુખપાકનો ઉપાય.

પીપળાની છાલ તથા પાંદડાંને વાટી મધમાં કાલવી મુખમાં લેપ કરવાથી મુખપાક મટી જાય છે.

રડવાનો ઉપાય.

ત્રિફળા તથા પીપરનું ચૂર્ણ ઘી તથા મધમાં ચટાડવાથી રડયા કરતા બાળકને સુખ થાય છે.

તાલુકંટકનો ઉપાય.

હરડે, વજ, અને કઠનો કલ્ક મધમાં કાલવીને ધાવણ સાથે પાવાથી તાલુકંટક મટી જાય છે.

કુકુણકનો ઉપાય.

ત્રિફળા, લોદર, સાટોડી, સૂંઠ, અને ઉભી તથા બેઠી ભોંરીંગણીઓને પાણીમાં વાટી જરાક ગરમ હોય ત્યારે લેપ કરવાથી કુકુણક મટી જાય છે.

નાભિના સોજાનો ઉપાય.

માટીના પિંડને અગ્નિમાં તપાવીને તેના ઉપર દૂધ રેડીને તે જરા ગરમ હોય ત્યારે તેનો નાભિઊપર શેક કરવાથી નાભિનો સોજો શાંત થઈ જાય છે.

નાભિના પાકનો ઉપાય.

નાભિ પાકે તો હળદર, લોદર, વઉંલો, અને જેઠીમધના કલ્કથી પકાવેલા તેલનો નાભિઊપર અભ્યંગ કરવો.

બકરીની લીંડીઓ બાળીને તેની ભસ્મ નાભિઊપર ભભરાવવાથી, અથવા વડ આદિ પચક્ષીરી વૃક્ષોની છાલનું ચૂર્ણ નાભિ ઊપર ભભરાવવાથી અથવા નાભિઊપર ચદનનુ ચૂર્ણ ભભરાવવાથી નાભિનો પાક મટી જાયછે.

ગુદપાકનો ઉપાય

ગુદપાક ઊપર પિત્તહર ક્રિયાઓ કરવી. વિશેષે કરીને રસવંતી પાવી, રસવતીનો લેપ કરવો. એ ગુદપાક ઊપર હિતકારી છે.

શંખ, રસવંતી અને જેઠીમધનુ ચૂર્ણ પણ ગુદાનાપાકને મટાડનારૂં છે.

અહિપૂતનનો ઉપાય.

શંખ, ધોળો સુરમો, અને જેઠીમધના લેપથી અહિપૂતન નામનો બાળરોગ મટી જાય છે.

પરિગર્ભિકનો ઉપાય.

બાળકને પારૂઘલો થયો હોય તો જઠરાગ્નિને દીપન કરે એવા ઉપાયો કરવા.

દાંત આવવાના રોગોનો ઉપાય

ધાવડીનાં ફૂલ અને પીપરનુ ચૂર્ણ મધમા કાલવીને તેથી, અથવા મધ સહિત આમળાંના રસથી દાંતના પેઢાં ઘસવાં. દાંત આવવાના રોગો બાળકને બહુ પીડતા નથી, કેમકે દાંતો આવી રહે એટલે તેઓ એની મેળે શાંત થઈ જાય છે.

બાળકને શરીરનું સામર્થ્ય આવવાના ઉપાયો.

સુવર્ણભસ્મ, કઠ, મધ, ઘી, અને વજનું ચૂર્ણ એકત્ર કરી ખવરાવવાથી બાળકના શરીરમાં સામર્થ્ય, બુદ્ધિ, બળ, તથા પુષ્ટિ આવેછે.

સુવર્ણભસ્મ, બ્રાહ્મી, શખાવળી, મધ, અને ઘી એકત્ર કરી ખવરાવવાથી બાળકના શરીરમાં સામર્થ્ય, બુદ્ધિ, બળ, તથા પુષ્ટિ આવે છે.

સુવર્ણભસ્મ, સૂરજમુખી, મધ, ઘી, અને વજ એકત્ર કરી ખવરાવવાથી બાળકના શરીરમાં સામર્થ્ય, બુદ્ધિ, બળ, અને પુષ્ટિ આવે છે.

સુવર્ણભસ્મ, કાયફળ, ધોળીધ્રો, ઘી, અને મધ એકત્ર કરી ખવરાવવાથી બાળકના શરીરમાં સામર્થ્ય, બુદ્ધિ, બળ, અને પુષ્ટિ આવે છે.

આ ઉપાયો એક વર્ષ સૂધી દેવા, અને કેટલાક તો બાર વર્ષ સૂધી દેવાનું પણ કહે છે.

તેલ તથા લાખનો રસ સમ ભાગે, તથા તેથી ચોગણું દહિંનું પાણી લેઈ, તેમાં રાસ્ના, ચંદન, કઠ, આસોંદ, હળદર, સૂવા, દેવદાર, જેઠીમધ, મોરવેલ અથવા પીલુડી, કડુ, અને હરેણુનો કલ્ક નાંખીને તેમાં પકાવેલુ તેલ બાળકના જ્વરને તથા ભૂતાદિ વળગાડને મટાડે છે, અને બળ આપી શરીરનો વર્ણ પણ સારો કરે છે.

બાળકની તૃષાનો ઉપાય.

વાળો તથા સાકરનું ચૂર્ણ મધમા ચટાડવાથી બાળકની તરશ મટી જાય છે. તરશની પીડા મટાડવા માટે આ ઉત્તમ ઉપાય છે.

इति बालरोगाधिकार संपूर्ण.

इतिश्री भावप्रकाशे ज्वरादि व्याधिनिदान चिकित्सा प्रकरणं संपूर्णम ।

मध्यखंड समाप्त.

॥ श्रीगणेशाय नमः ॥

॥ अथ भावप्रकाशस्य उत्तरखंडः ॥

વાજીકરણનો અધિકાર.

વાજીકરણનું લક્ષણ.

यद्द्रव्यं पुरुषं कुर्याद्वाजिवत्सुरतक्षमम् ।
तद्वाजीकरमाख्यातं मुनिभिर्भिषजांवरैः ॥

જે ઔષધથી પુરૂષને મૈથુન ક્રિયામાં ઘોડાના જેવું બળ મળે, તે ઔષધને મુનિઓ તથા ઉત્તમ વૈદ્યો વાજીકરણ કહે છે.

નપુસકો વિષે.

क्लीबः स्यात्सुरताशक्तस्तद्भावः क्लैब्यमुच्यते । तच्च सप्तविधं प्रोक्तं निदानं तस्य कथ्यते । तैस्तैर्भावैरहृद्यैस्तु रिरंसोर्मनसिक्षते॥ ध्वजः पतत्यधो नृणां क्लैब्यं समुपजायते । द्वेष्यस्त्रीसंप्रयोगाच्च क्लैब्यं तन्मानसं स्मृतम्॥

तैस्तैर्भावै' भयशोकक्रोधादिभि अहृद्यै. हृदयाहितै दुःखावात् क्षते पीडिते अस्वस्थीकृते इति यावत् । ध्वज शिश्न । तथाच । ' ध्वजं चिह्ने पताकाया मेहने शौण्डिकेऽपि च ' इति विश्वप्रकाश । पतति न तूलमति । संप्रयोगो मैथुनम ।

कटुकाम्लोष्णलवणैरतिमात्रोपसेवितैः ।
पित्ताच्छुक्रक्षयो दृष्टः क्लैब्यं तस्मात्प्रजायते ॥

कटुकादिनातिमात्रेण प्रवृद्धेन ।पित्तेन शुक्रस्य दग्धत्वात क्लैब्य भवति पित्तजमिति द्वितीयम् ॥

अतिव्यवायशीलो यो न च वाजिक्रियारतः।
ध्वजभङ्गमवाप्नोति सशुक्रक्षयहेतुकः ॥

शुक्रक्षयेन तृतीयम् ।

महता मेद्ररोगेण चतुर्थी क्लीवता भवेत् ।
वीर्यवाहि शिराच्छेदान्मेहनानुन्नतिर्भवेत् ॥
बलिनः क्षुब्धमनसो निरोधाद् ब्रह्मचर्यतः।
षष्ठं क्लैब्यं स्मृतं तत्तु शुक्रस्तम्भनिमित्तकम् ॥

बलिनः पुष्टस्य । क्षुब्धमनस कामात्सचलन्मनसो ब्रह्मचर्यं अमैथुन तस्मान्निरोधाच्छुक्रस्य क्लैब्य भवति ॥

जन्मप्रभृति यत्क्लैब्यं सहजं तद्धिसप्तमम् ॥

મૈથુન કરવામા અશક્ત પુરૂષ કલીબ (નપુંસક) કહેવાય છે, અને નપુસકપણુ કલૈબ્ય કહેવાય છે. એ કલૈબ્યના સાત પ્રકારો નિદાનો સહિત નીચે પ્રમાણે છે.

૧. મૈથુન કરવાની ઇચ્છાવાળા પુરૂષનું મન ભય, શોક, અને ક્રોધ વિગેરે દુ ખદ વિકારોથી પીડિત થઈ અસ્વસ્થ થાય, અગર અણુગમતી સ્ત્રીનો સમાગમ થાય તેથી શિશ્ન નમી જાય છે, તેને માનસિક કલૈબ્ય કહે છે

૨ તીખા, ખાટા, ખારા અને ગરમ પદાર્થોનું અતિશય સેવન કરવાથી પિત્ત વધે છે, તેથી વીર્ય બળી જઈને કલૈબ્ય થાય છે, તેને પિત્તજ કલૈબ્ય કહે છે.

૩ જે પુરૂષ અત્યંત મૈથુન કર્યા કરે અને વાજીકરણનો ઉપયોગ બહુ ન કરે તો શિશ્ન નમી જાય છે, તેને "વીર્ય ક્ષયજન્ય કલૈબ્ય" કહે છે.

૪ શિશ્નમાં કોઇ મોટા રોગથી કલૈબ્ય આવે છે તેને "રોગજન્ય કલૈબ્ય" કહે છે.

૫ વીર્યવાહક નસ છેદાવાથી શિશ્ન ઉઠ

વામા અશક્ત બને છે તેને "શિરા છેદજન્ય-કલૈબ્ય" કહે છે.

૬ પુષ્ટ શરીર છતા અને કામાસક્ત અધિક હોવા છતા મનને પરાણે રોકવાથી વીર્ય સ્તંભન થાય છે, તેથી થતા કલૈબ્યને "શુક્રસ્તંભજન્ય કલૈબ્ય" કહે છે.

૭ જન્મથી કલૈબ્ય હોય તેને "સહજ કલૈબ્ય" કહે છે.

અસાધ્ય કલૈબ્ય.

असाध्यं सहजं क्लैब्यं मर्मच्छेदाच्च यद्भवेत्॥

यन्मर्मच्छेदाद्वीर्यवाहि शिराछेदात् ॥

આ સાતેમાં શિરાછેદજન્ય તથા સહજ કલૈબ્ય એ બે કલૈબ્ય અસાધ્ય છે.

કલૈબ્યની ચિકિત્સા પદ્ધતિ.

क्लैब्यानामिह साध्यानां कार्यो हेतुविपर्ययः। मुख्यं चिकित्सितं यस्मान्निदानपरिवर्जनम्॥

સાધ્ય કલૈબ્યો માટે તો તેના જે જે નિદાનો છે તેનો ત્યાગ કરવો એજ મુખ્ય ચિકિત્સા ગણવી.

વાજીકરણનો વિધિ.

नरो वाजीकरान्योगान्सम्यक्शुद्धो निरामयः। सप्तत्यन्तं प्रकुर्वीत वर्षादूर्ध्वं तु षोडशात् ॥ न च वै षोडशादर्वाक् सप्तत्याः परतो न च। आयुष्कामो नरः स्त्रीभिः संयोगं कर्तुमर्हति ॥ क्षयवृद्ध्युपदंशाद्या रोगाश्चातीव दुर्जयाः। अकालमरणं च स्याद्भजतः स्त्रियमन्यथा ॥

स्त्रीभजनविधिर्विस्तरतो रात्रिचर्यायां लिखितोऽस्ति तत्र द्रष्टव्यः ॥

विलासिनामर्थवतां रूपयौवनशालिनाम्। नराणां बहुभार्याणां विधिर्वाजीकरो हितः॥ स्थविराणां रिरंसूनां स्त्रीणां वाल्लभ्यमिच्छताम् ॥ योषित्प्रसङ्गात्क्षीणानां क्लीबानामल्परेतसाम्। हिता वाजीकरा योगाः प्रीणयन्ति बलप्रदाः ॥ एतेऽपि पुष्टदेहानां सेव्याः कालाद्यपेक्षया।

રોગ વગરના પુરૂષોએ વિરેચનાદિથી સારી રીતે શુદ્ધ બનીને પછી સોળથી સિત્તેર વર્ષસુધી વાજીકરણોનો ઉપયોગ કરવો. જીવવાની ઇચ્છાવાળાએ સોળમા વર્ષની પહેલા અને સિત્તેરમા વર્ષ પછી સ્રીનો સંગ કરવો નહિ. અયોગ્ય પ્રકારના સ્રીપ્રસંગથી પુરૂષને ક્ષય, વધરાળ, ચાદી, વિગેરે અસાધ્ય રોગો થાય છે, તથા અકાળ મરણ પણ થાય છે સ્રીસેવનનો વિધિ પ્રથમખંડના રાત્રિચર્યાના પ્રકરણમાં વિસ્તારથી કહેલો છે વિલાસો, ધન, રૂપ, અને યૌવનથી શોભી રહેલા તથા ઘણી સ્રીઓવાળા પુરૂષોને વાજીકરણ હિતકારી થાય છે. વૃદ્ધછતાં રમણની ઇચ્છાવાળા, સ્રીઓના અતિ પ્રેમની ઇચ્છાવાળા, સ્રીઓના પ્રસગથી ક્ષીણ બનેલા, સાધ્ય કલૈબ્યવાળા, તથા અલ્પવીર્ય વાળાઓને હિતકારી તથા બલદાયી વાજીકરણો બહુ ખુશી કરે છે. પુષ્ટ શરીરવાળાઓએ પણ દેશકાળ ઉપર ધ્યાન આપીને વાજીકરણોનુ સેવન કરવું

વાજીકરણો.

भोजनानि विचित्राणि पानानि विविधानि च। वाचः श्रोत्राभिरामाश्चत्वचः स्पर्शाः सुखास्तथा ॥ यामिनी सेन्दुतिलका कामिनी नवयौवना। गीतं श्रोत्रमनोज्ञं च ताम्बूलं मदिराः स्रजः ॥ गन्धा मनोज्ञा रूपाणि चित्राण्युपवनानि च। मनसश्चाप्रतीघातो वाजीकुर्वन्ति मानवम् ॥ माली-

कधातुमधुपारदलोहचूर्णपथ्याशिलाजतुविड-
ङ्गघृतानि लिह्यात् । एकाग्रविंशति दिनानि
गदार्दितोऽपि साशीतिकोऽपि रमयेत्प्रमदां
युवेव ॥ सत्वं गुडूच्या गगनं सलोभ्यमेला-
सितामागधिकासमेतम् । एतत्समेत मधुना-
वलीढं रामाशतं सेवयतीव षण्ढः ॥ गवा
विरूढवत्सानां सिद्धं पयसि पायसम् । गो-
धूमचूर्णं च तथा सितामधुघृतान्वितम् । भु-
क्त्वा हृष्यति जीर्णोऽपि दशदारान्व्रजत्यपि॥
दध्नोऽर्धाढकमीषदम्लमधुरं खण्डस्य चन्द्र-
द्युतेः । प्रस्थं क्षौद्रपल पलं च हविषः शु-
ण्ठ्याश्च माषाष्टकम् ॥ तद्वन्माषचतुष्टय मरि-
चतः कर्ष लवङ्गं तथा । धृत्वा शुक्लपटे शनैः-
करतलेनोन्नाम्य विस्रावयेत् ॥ मृद्भाण्डे मृ-
गनाभिचन्दनरसैः सृष्टेऽगुरूद्धूपिते कर्पूरेण
सुगन्धितं तदखिलं संलोड्य संस्थापयेत् ।
स्वस्यार्थे मकरेश्वरेण रचिता ह्येषा रसाला
स्वयं । भोक्तुर्मन्मथदीपनी सुखकरी कान्तेव
नित्यं प्रिया ॥ गोक्षुरेक्षुरबीजानि वाजि-
गन्धा शतावरी । मुसली वानरीबीजं यष्टी
नागबला बला ॥ एषां चूर्णं दुग्धसिद्धं ग-
व्येनाज्येन भर्जितम् । सितया मोदकं कृत्वा
भक्ष्यं वाजीकरं परम् ॥ चूर्णादष्टगुणं क्षीरं
घृतं चूर्णसमं स्मृतम् । सर्वतो द्विगुणं खण्ड
खादेदग्निबलं यथा ॥ वाजीकराणि भूरीणी
संगृह्य रचितो यतः । तस्माद् बहुषु योगेषु
योगोऽयं प्रवरोमतः ॥ रतिवर्धनम् ॥

चत्वारो व्योमभागास्तदनु निगदितं भा-
गयुग्म च वङ्गं । भागैकं शम्भुबीजं त्रित-
यमपि मृतं तत्समा सिद्धमूली । चातुर्जातं
सजातीफलमरिचकणानागरं देवपुष्पं । जा-
तीपत्रं च भागद्वितयमपि पृथक् सर्वमेकत्र
चूर्ण्यम् ॥ द्व्यंशा सिता स्याद्घृतमधुसहितं
मोदकीकृत्य चैतत्खादेदग्निं समीक्ष्य प्रसभम-
भिनवानन्दसंवर्धनाय । योगो वाजीकरा-
ख्योऽयमिह निगदितो भैरवानन्दनाम्ना
निःशेषव्याधिहन्ता दलितबहुवधूद्दामकंदर्प-
दर्पः ॥ मदनमञ्जरीवटी ॥

पिप्पली लवणोपेते बस्ताण्डे घृतसाधिते ।
कच्छपाण्डं च वा खादेतत्तु वाजीकरं भृश-
म् ॥ पूगं दक्षिणदेशजं दशपलोन्मानं
भृशं कर्तयेत्तत्स्विन्नं जलयोगतो मृदुतरं
सङ्कुट्य चूर्णीकृतम् । तच्चूर्णं पटशोधितं व-
सुगुणे गोशुद्धदुग्धे पचेत् । द्रव्याज्याञ्जलि-
संयुतेऽतिनिबिडे दद्यात्तुलार्धां सिताम् ॥
पक्वं तज्ज्वलनात् क्षितिं प्रति नयेत्तस्मिन्पु-
नःप्रक्षिपेत् । यद्यत्तदुदाहरामि बहुला दृष्ट्वा
दरात् मंहिताः । एला नागबला बला स-
चपला जातीफला लिङ्गजा । जातीपत्रकप-
त्रपत्रकयुतं तद्व त्वचा संयुतम् ॥ विश्वा-
वीरणवारिवारिदवरा वांशी वरी वानरी ।
द्राक्षा सेक्षुरगोक्षुराय महती खर्जूरिका क्षी-
रिका ॥ धान्याकं सकसेरुकं समधुकं शृङ्गा-
टकं जीरकं । पृथ्वीकाथ यवानिका व-
टिका मांसी मिसी मेथिका ॥ कन्देष्वत्र
विदारिकाथ मुशली गन्धर्वगन्धा तथा ।
कर्चूरं करिकेशरं समरिचं चारस्य बीजं न-
वम् । बीजं शाल्मलिसम्भवं करिकणाबीजं
च राजीवजं । श्वेतं चन्दनमत्र रक्तमपि च
श्रीसंज्ञपुष्पैः समम् ॥ सर्वं चेति पृथक्पृथ-

कपलमितं संचूर्ण्य तत्र क्षिपेत्सूतं वङ्गभुजङ्गलोहगगनं सन्मारितं स्वेच्छया । कस्तुरीघनसारचूर्णमपि च प्राप्तं यथा प्रक्षिपेत् । पश्चादस्य तु मोदकान्विरचयेद्बिल्वप्रमाणानथ ॥ तान् भुक्त्वातिमुदा यथानलबलं भुञ्जीत नाम्लं रसं । पूर्वस्मिन्नशिते गते परिणतिं प्राग्भोजनादभक्षयेत् । नित्यं स्त्रीरतिवल्लभाख्यकमिमं पूगस्य पाकं भजेत् । तस्याद्वीर्यविवृद्धिवृद्धमदनो वाजीव शक्तो रतौ ॥ दीप्ताग्निर्बलवान्बली विरहितो हृष्टः सुपुष्टः सदा । वृद्धो योऽपि युवेव सोऽपि रुचिरः पूर्णेन्दुवत्सुन्दरः ॥

वसुगुणोऽष्टगुण । अञ्जलिरर्धशराव. तुलार्धं पञ्चाशत्पलानि । यत.—' द्वि पञ्चाशत् पलाना—मभिदधति तुला संहिता. सुश्रुताद्या ' । नागबला । गुल्शकरी । बला बरिआरा तस्या' मूलम् । जातिपत्रक जाईपत्री । विश्वा शुण्ठी । वीरणमुशीर प्राह्य । बारि सुगन्धवाला । वारिद. मुस्तकः । वरा त्रिफला । वांशी वंशलोचना । वरी शतावरी । वानरी कपिकच्छुः । इक्षुर. कोकिलाक्षस्तस्य बीजं प्राह्यं । गोक्षुरस्य च बीज । महती महाखर्जूरक । क्षीरिका क्षीरी । पृथ्वीका कलौञ्जी वरटी । ' साद्यकमेषां कन्दः स्याद्बीजकोशो वराटिका ' मांसी जटामासी । मिसि सोफ । गन्धर्वगधा अश्वगन्धा तस्या मूलं । श्रीसंज्ञ लवङ्गं । घनसारः कर्पूरः । बिल्वमानात्पलप्रमाणान् । इति रतिवल्लभाख्यपूगपाकः ।

एतस्मिन् रति वल्लभे यदि पुनः सम्यक् सुराम्नाणिका । धत्तूरस्य च बीजमर्ककरभः पोथोऽब्धिशोषस्तथा । सन्माजूफलकं तथा खसफलत्वक्कार्षिकां निःक्षिपेच्चूर्णो विजया तदा स हि भवेत्कामेश्वरो मोदकः ॥ इति कामेश्वरमोदक. ॥

रक्तपित्ताधिकारोक्तखण्डकूष्माण्डको महान् । रक्तपित्तादिरोगघ्नो महावाजीकरः स्मृतः ॥ पक्वाम्रस्य रसद्रोणे सितामाढकसम्मिताम् । घृतं प्रस्थमितं दद्यान्नागरस्य पलाष्टकम् ॥ मरिचं कुडवोन्मानं पिप्पलीं द्विपलोन्मिताम् । सलिलस्याढकं दत्त्वा सर्वमेकत्र कारयेत् ॥ विपचेन्मृण्मये पात्रे दारुदर्व्या प्रचालयेत् । चूर्णान्येषां क्षिपेत्तत्र घनीभूतेऽवतारिते ॥ धान्याकं जीरकं पथ्यां चित्रकं मुस्तकं त्वचम् । बृहज्जीरकमप्यत्र ग्रन्थिकं नागकेसरम् ॥ एलाबीजं लवङ्गं च पृथग्जातीं पलम्पलम् । सिद्धे शीते प्रदद्याच्च मधुनः कुडवद्वयम् ॥ भक्षयेद्भोजनादर्वाक्पलमात्रमिदं नरः । अथवा नियता नात्र मात्रा खादेद्यथानलम् ॥ मानवः सेवनादस्य वाजीव सुरते भवेत् । समर्थो बलवान्पुष्टो नित्य स स्यान्निरामयः॥ ग्रहणीं नाशयेदेष क्षयं श्वासमरोचकम् । अम्लपित्तं महाश्वासं रक्तपित्तं च पाण्डुताम्॥

बृहज्जीरकमद्ररैला । इति आम्रपाकः ।

द्रव्याणि चन्दनादेस्तु चन्दनं रक्तचन्दनम् ॥ पतङ्गमथ कालीयागुरुकृष्णागुरूणि च । देवद्रु सरलं पद्मं पद्मकं तुणिकेऽपि च ॥ कर्पूरो मृगनाभिश्च लता कस्तूरिकापि च ॥ सिह्लकः कुङ्कुमं नव्यं जातीफलकमेव च । जातीपत्रं लवङ्गं च सूक्ष्मैला महती च सा ॥ कङ्कोलफलकं स्पृक्का पत्रकं

नागकेशरम् । बालकं च तथोशीरं मांसी दारुसिताऽपि वा ॥ कृतकर्पूरकश्चापि शैलेयं भद्रमुस्तकम् । रेणुका च प्रियङ्गुश्च श्रीवासो गुग्गुलुस्तथा ॥ लाक्षा नखश्च रालश्च धातकीकुसुमं तथा । ग्रन्थिपर्णं च मञ्जिष्ठा तगरं सिक्थकं तथा । एतानि शाणमानानि कल्कीकृत्य शनैः पचेत् । अनेनाभ्यक्तगात्रस्तु वृद्धोऽशीति समोऽपि सः ॥ युवा भवति शुक्राढ्यः स्त्रीणामत्यन्तवल्लभः । वन्ध्यापि लभते गर्भं शुद्धोऽपि तरुणायते । अपुत्रः पुत्रमाप्नोति जीवेच्च शरदां शतम् ॥ चन्दनादि महातैलं रक्तपित्तं क्षयं ज्वरम् ॥ दाहं प्रस्वेददौर्गन्ध्यं कुष्ठं कण्डू विनाशयेत् ।

पतङ्ग बकम इति लोके । कालीयक कलम्बकटु इति लोके । लता कस्तुरिका मुष्कदाना । कक्कोलफलस्यालाभे जातीपुष्प ग्राह्यं । तदलाभे लवङ्गं ग्राह्यम् । दारुसिता दालचिनी । शैलेय-छरा । श्रीवासः गुग्गुलु । ग्रन्थिपर्णी गठिवनं । अशीतिसम' अशीतिवार्षिक । चन्दनादि तैलम् ॥

दशमूलकणावह्नि कपित्थं च बिभीतकम् । कट्फलं मरिचं विश्वमूलं पिप्पलिसैन्धवम् ॥ रक्तरोहीतकं दन्ती द्राक्षाजाजिनिशाद्वयम् ॥ धात्री शिखरि जन्तुघ्नं भृङ्गीदारु पुनर्नवा ॥ धान्याकं देवकुसुमं राजवृक्षस्त्रिकण्टकम् । वृद्धदारु कुबेराक्षौ मूलं वीरणिकाभवम् ॥ एतेषां पलयुग्मं तु भेषजानां पृथक्पृथक् । आढकं चापि पथ्यायास्तोये पञ्चाढके पचेत् । स्विन्ना पथ्या भवेद्यावत्पश्चान्मधु विनिक्षिपेत् । गुरूपदेशाद्विधिवत्त्रिदिनं च ततः परम् ॥ पुनः क्षिपेत्पञ्चदिनं तथा च दशवासरम् । संसिद्धां चाभयांपश्चाद्घृतभाण्डे निधापयेत् ॥ विमले सुदृढे क्षौद्रपरिपूर्णे प्रयत्नतः । पश्चात्पूर्वोक्तभाण्डे तु क्षिपेद्बुद्धिपरायणः । एतां हरीतकीं चैव धन्वन्तरिकृतां शुभाम् ॥ भक्षयेद्यो नरो नित्यं रोगा नश्यन्ति सर्वशः । श्वासं कासं क्षयं पाण्डु हिक्कां छर्दिं मदभ्रमान् । मुखरोगं तथा तृष्णामरुचिं वह्निमन्दताम् । यकृत्प्लीहोदराणां च वातरक्तं सुदारुणम् ॥ शिरोऽक्षिकर्णजा पीडा तथा बद्धगुदोद्भवम् । ग्रहणीं दुर्विकारां च शोषं दोषत्रयोद्भवम् ॥ मधुपकेति विख्याता हन्ति रोगाननेकशः ।

इति मधुपकहरीतकी ।

बीजानां कपिकच्छाः कुडवं संस्वेदयेच्छनकैः । प्रस्ते गोभवदुग्धे तावद्यावद्भवेद् गाढम् ॥ त्वग्रहितानि च कृत्वा सूक्ष्मं सम्पेषयेत्तानि । पिष्टिकाया लघुवटिकाः कृत्वा गव्ये पचेदाज्ये ॥ द्विगुणितशर्करया ता वटिकाः सम्पक्वया लेप्याः । वटिका माक्षिकमध्ये मज्जनयोग्ये पृथक् पृथक् स्थाप्याः॥ पञ्चटङ्कमितास्तास्तु प्रात सायं च भक्षयेत्। अनेन शीघ्रद्रावी यो यश्च स्यात्पतितध्वजः॥ सोऽपि प्राप्नोति सुरते सामर्थ्यमतिवाजिवत् । नानेन सदृशं किञ्चिद्द्रव्यं वाजिकरं परम् ॥ वानरीवटिका ॥

आकारकरभः शुण्ठी लवङ्ग कुङ्कुमकणा । जातीफलं जातिपुष्पं चन्दनं कार्षिकं पृथक् ॥ चूर्णयेदहिफेनं तु तत्र दद्यात् पलोन्मितम् । सर्वमेकीकृतं माषमात्रं क्षौद्रेण भक्षयेत् ॥ शुक्रस्तम्भकरं पुंसामिदमानन्द-

कारकम् । नारीणां प्रीतिजननं सेवेत निशि कामुकः ॥ वाजीकरणाधिकार ॥

વિચિત્ર ભોજનો, વિવિધપાનો, કર્ણપ્રિય વચનો, ચામડીને સુખ મળે એવા સ્પર્શો, ચંદ્રના તેજથી શોભી રહેલી રાત્રી, નવયૌવનવાળી સ્ત્રી, કાન તથા મનને ગમે એવાં ગાયનો, નાગરવેલના પાન, મદિરાઓ, માળાઓ, સુગંધો, સુંદર રૂપો, બગીચાઓ, અને મનોભંગ ન થયેલી હોય એવી સ્થિતિ, એ સર્વ પુરૂષને વાજીકરણરૂપ છે.

સોનામખી, મધ, પારો, મડુર, હરડે, શિલાજિત્, વાવડીંગ, અને ઘીને મેળવીને ચાટવાથી પુરૂષ રોગી હોય કે એ શીવર્ષનો વૃદ્ધ હોય, તો પણ જુવાનની પેઠે સ્ત્રીને રમાડી શકે એવો થાય છે.

ગળોનું સત્વ, અભ્રક ભસ્મ, હરતાળ, એળચી, સાકર, અને પીપરને મધમાં ચાટવાથી નપુસક પણ સો સ્ત્રીઓને રમાડી શકે એવો થાય છે.

મોટા વાછડાવાળી ગાયોના દૂધમા પકાવેલો દૂધપાક, તથા ઘઉંનો રવો, સાકર, મધ, અને ઘી મેળવીને ખાવાથી વૃદ્ધ પુરૂષ પણ કામાતુર થઇને દશ સ્ત્રીઓને પણ રમાડી શકે એવો થાય છે.

જરાક ખટાશવાળું મીઠું દહિં ૧૨૮ તોલા, ચદ્રમા જેવી સફેદ ખાંડ ચોસઠ તોલા, મધ અને ઘી ચાર ચાર તોલા, સૂઠ ૪૦ રતિભાર, મરી વીશ રતિભાર, અને લવીંગ એક તોલો, આ સર્વને મેળવીને ધોળા કપડામા ઘાલી ધીરે ધીરે હાથથી ચોળીને તેના રસને— કસ્તુરી તથા ચદનના રસથી વાસેલા અને અગર ધુપ દીધેલા માટીના વાસણમાં ભરાવવા. પછી તેમાં ભીમસેની કપૂર નાંખી હલાવીને રાખવું. આને રસાલા (શિખડ) કહેછે, તે કામદેવે પોતાને માટે બનાવેલી હતી, આ રસાલા ખાનારને કામદેવ પ્રદીપ્ત થાય છે, સુખ મળે છે, અને તે કામિનીની પેઠે હમેશા પ્યારી લાગે એવી છે.

રતિવર્દ્ધન.

ગોખરૂ તથા એખરાનાં બીજો, આસોંદ, શતાવરી, ધોળી મુસળી, કૌચાંનાં બીજ, જેઠીમધ, નાગબલા, બલા, આ સર્વના ચૂર્ણને દૂધમાં પકાવીને પછી ગાયના ઘીમાં કીટી કરવી. પછી તેમાં સાકર નાંખીને લાડુ બનાવવા. આ લાડુ ઉત્તમ વાજીકરણ છે. ચૂર્ણથી આઠગણુ દૂધ, ચૂર્ણ જેટલું ઘી, અને એ સર્વનાથી બમણી ખાંડ લેવી તે અગ્નિના બળ પ્રમાણે ખાવા ઘણા ઘણાં વાજીકરણોનો સગ્રહ કરીને આ પ્રયોગ રચેલો છે, તેથી સર્વ યોગોમાં આ યોગ ઉત્તમ મનાય છે.

મદનમંજરી વટી.

અભ્રક ભસ્મ ચાર ભાગ, કલઈ ભસ્મ બે ભાગ, એક ભાગ મારેલો પારો, એ ત્રણેના જેટલી ભાગ (સાત ભાગ), અને બબ્બે ભાગ તજ, તમાલપત્ર, એલચી, નાગકેસર, જાયફળ, મરી, સુઠ, પીપર, લવોંગ, અને જાવંત્રી, તથા એ સર્વ ચૂર્ણથી બમણી સાકર, એ સર્વને મેળવીને તેના મધ તથા ઘીમા લાડુ વાળી અગ્નિના બળ પ્રમાણે ખાવા, એથી તરતજ કામાનંદ પ્રબળ વધી જાય છે,— જગત્માં ભૈરવાનદ નામના યોગીએ કહેલા આ વાજીકરણ સર્વ વ્યાધિઓને હણી નાખેછે, તથા ઘણી ઘણી સ્ત્રીઓના પ્રબળ કામદેવના ગર્વને તોડી નાંખે છે

બસ્તાંડ તથા કચ્છપાંડ.

બકરાના વૃષણો કે કાચબાના ઈંડાને ઘીમાં પકાવી તેમાં પીપર તથા સિંધવનું ચૂર્ણ નાંખીને ખાવાથી મૈથુનમાં પુરૂષ ઘોડા જેવો અત્યંત પ્રબળ થાય છે.

રતિવલ્લભ પુગપાક.

૪૦ તોલા દક્ષિણ દેશની સોપારીનું ઝીણું ચૂર્ણ કરી, પાણીમાં બાફી, બહુજ કોમળ થાય ત્યારે તેને કૂટીને વસ્ત્રથી ચાળી લેવું. પછી આઠગણા (૩૨૦ તોલા) ગાયના દુધમાં સોળ તોલા ગાયનું ઘી નાંખીને તેમાં એ ચૂર્ણને પકાવવું. અત્યંત ઘાટું થઈ જાય એટલે તેમા ૨૦૦ તોલા સાકર નાખવી. ખુબ પાકી જાય એટલે ચુલેથી ઊતારીને તેમાં એળચી, નાગબલા, બળદાણા, પીપર, જાયફળ, લવગ, જાવંત્રી, તમાલપત્ર, તાલીસપત્ર, તજ, સૂંઠ, કાળોવાળો, વાળો, મોથ, ત્રિફળા, વંશલોચન, શતાવરી, કૌચાંના બીજ, દ્રાક્ષ, એખરાના બીજ, ગોખરૂનાં બીજ, મોટું ખજુર, કસેલા, તવખીર, ધાણા, જેઠીમધ, શીંગોડાં, જીરૂ, કલોંજીજીરૂ, અજમા, કમળકાકડીનો ગર્ભ, જટામાંસી, વરિયાળી, મેથી, વિદારીકંદ, કાળીમુસળી, આસોદનાં મૂળ, કચૂરો, નાગકેશર, મરી, નવી ચારોળી, શેમળાના બીજ, ગજપીપર, જેમા કમળ કાકડીઓ થાય છે તે ડુચો, સુખડ, રતાજળી, અને લવગ નાંખવાં. તેમજ સારી રીતે મારેલો પારો, સારી રીતે મારેલી કલાઇ, સારી રીતે મારેલુ સીસુ, મારેલું લોઢુ, અને અભ્રક ભસ્મ ઇચ્છા પ્રમાણે તેમા નાખવાં, અને કસ્તૂરી અને ભીમસેની કપૂર મળે તો તે પણ નાંખવા. પછી તેના ચાર ચાર તોલાના લાડુ બનાવીને બહુ પ્રસન્નતાથી અગ્નિના બળ પ્રમાણે ત ખાવા. પ્રથમ ખાધેલું પચી જાય ત્યારે પાછુ ભોજન કર્યા પ્હેલાં આ લાડુ ખાવા આ લાડુ ખાનારાએ ખટાઈ ખાવી નહિ આ પાકમાં નાખવાના પદાર્થો મેં સુશ્રુતાદિ સંહિતા ગ્રથો જોઇને કાળજીથી કહેલા છે, આ શ્રી રતિવલ્લભ નામનો પૂગપાક (સોપારીપાક) નિત્ય સેવવાથી વીર્ય અને કામદેવ વધે છે, મૈથુનમાં ઘોડા જેટલું બળ આવે છે, જઠરાગ્નિ અને બળ વધે છે. દેહમાં વળીઓ પડતી નથી. હૃષ્ટ પુષ્ટ થવાય છે, અને વૃદ્ધ પણ આ પ્રયોગથી જુવાન જેવો રૂચિ આપનાર અને પૂનમના ચંદ્ર જેવો સુંદર થાય છે

કામેશ્વર મોદક.

ઉપર કહેલો રતિવલ્લભ પૂગપાક તૈયાર થયા પછી તેમાં ચોવીસ રતિભાર મધ, તથા ધંતૂરાનાં બીજ, અકલકરો, બાલછડ, સમુદ્રશોષ, સારૂ માયુ, અને અફીણના ફળની છાલના ચૂર્ણો એક એક તોલા ભાર, અને એ સર્વ ચૂર્ણોથી અર્દ્ધભાગે ભાંગ નાંખવી, એટલે કામેશ્વર મોદક થાય છે.

મહાખંડ કુષ્માંડ.

રક્તપિત્તના અધિકારમાં કહેવાયેલો મહાખંડ કુષ્માંડ નામનો અવલેહ રક્તપિત્ત વગેરે રોગોને હણનારો તથા મોટો વાજીકરણ પણ છે

આમ્રપાક.

પાકેલી કેરીનો રસ ૧૦૨૪ તોલા, સાકર ૨૫૬ તોલા, ઘી ૬૪ તોલા, સૂઠ ૩૨ તોલા, મરી ૧૬ તોલા, પીપર ૮ તોલા, અને પાણી ૨૫૬ તોલા, એ સર્વને એકત્ર કરીને માટીના વાસણમાં પકાવતાં લાકડાની કડછીથી હલાવવું. ઘાટુ થાય એટલે નીચે ઉતારી તેમાં ધાણા, જીરૂ, હરડે ચિત્રક, મોથ, તજ, કલોંજી, જીરૂં, પીપળીમૂળ, નાગકેશર, એળચી, લવગ, અને જાયફળના ચૂર્ણો ચાર ચાર તોલા નાખવાં. ટાઢુ પડયા પછી તેમાં બત્રીસ તોલા મધ નાંખવું, એટલે આમ્રપાક બને છે. આ પાક ભોજન કર્યા પ્હેલાં એક

તોલા જેટલો પુરૂષે ખાવો, અથવા માત્રાનો નિયમ નહિ રાખતાં જઠરાગ્નિના બળ પ્રમાણે ખાવો. તેના સેવનથી પુરૂષ મૈથુનમાં ઘોડા જેવો સમર્થ બલવાન્, પુષ્ટ, અને હંમેશાં રોગ વગરનો થાય છે. આ પાકથી ગ્રહણી, ક્ષય, શ્વાસ, અરોચક, અમ્લપિત્ત, મહાશ્વાસ, રક્તપિત્ત, અને પાંડુરોગ પણ મટી જાય છે

ચંદનાદિ તૈલ.

સુખડ, રતાંજળી, પતંગ, દારૂહળદર, અગરૂ, કાળો અગરૂ, દેવદાર, સરલ દેવદાર, કમળ, પારશપીપળાના પચાંગ, કપૂર, કસ્તુરી, મુસક કસ્તુરી, શિલારસ, નવું કેશર, જાયફળ, લવંગ, જાડી તથા ઝીણી એળચીઓ, જાવંત્રી, કંકોલફળ (અથવા જાવંત્રી અથવા લવંગ), કપૂરી મધુરી, તમાલપત્ર, નાગકેશર, કાળોવાળો, સુગંધીવાળો, જટામાંસી, તજ, વંશલોચન, છડિલો, ભદ્રમોથ, સુગંધી મેંદીનાં બીજ, ઘઉંલો, લોબાન, ગુગળ, લાખ, નખલો, મજીઠ, તગર, મીણ, રાળ, ધાવડીનાં ફૂલ, અને તગર ગઠોડા, એ દરેક ચોવીસ ચોવીસ રતિ લેઇ, તેના કલ્કથી તેલ પકાવી શરીરે અભ્યંગ કરવાથી એંશી વર્ષનો બુઢો માણસ પણ જુવાન, વીર્યવાન, અને સ્ત્રીઓને બહુજ પ્રિય થાય છે એ તેલના અભ્યંગથી વાંઝણીને પુત્ર આવે છે, આયુષ્ય સો વર્ષનું થાય છે, અને પુત્ર વગરનાને પુત્ર થાય છે આ ચદનાદિ મહાતૈલ રક્તપિત્ત, ક્ષય, જ્વર, દાહ, પરસેવો, દુર્ગંધ, કોઢ, અને ચળને મટાડી દેછે.

મધુપકવ હરીતકી.

દશમૂળ, પીપર, ચિત્રક, કોઠ, બેડાં, કાયફળ, મરી, સૂંઠ, પીપળીમૂળ, સિંધવ, રક્ત રોહિડો, નેપાળો, દ્રાક્ષ, જીરૂં, હળદર, આમળા, વાવડિંગ, અંઘેડો, કાકડાશીંગી, દેવદાર, સાટોડી, ધાણા, લવંગ, ગરમાળો, ગોખરૂ, વરધારો, કાકચિયાં, અને કાળાવાળાનું મૂળ, એ દરેક આઠ આઠ તોલા નાંખી ૨૫૬ તોલા હરડેને ૧૨૮૦ તોલા પાણીમાં બાફવી. બફાઇ ગયા પછી ગુરૂના ઉપદેશ પ્રમાણે વિધિપૂર્વક તેમાં મધ નાંખવું. પછી ત્રણ દિવસ ખમીને, પછી પાંચ દિવસ ખમીને, અને પછી દસ દિવસ ખમીને તેમાં મધ નાંખ્યા કરવું. એ રીતે સિદ્ધ થયેલી હરડેને નિર્મળ, મજબુત, અને મધથી ભરેલા ઘીના રીઢા વાસણમાં પ્રયત્નથી રાખી મૂકવી. ઘીના રીઢા વાસણમા એ રીતે રાખ્યા પછી બુદ્ધિમાન્ વૈદ્યે તેમાંથી કાઢીને તેને બીજા યોગ્ય વાસણમાં રાખવી. આ મધુપકવ હરીતકી ધન્વંતરિની રચેલી છે. તે જે માણસ નિત્ય ખાય છે, તેના સર્વ રોગો નાશ પામી જાય છે શ્વાસ, ઉધરસ, ક્ષય, પાંડુરોગ, હેડકી, મદ, ભ્રમ, મુખરોગ, તરશ, અરૂચિ, મંદાગ્નિ, સારણગાઠ, બરલ, ઉદરરોગો, મહાદારૂણ વાતરક્ત, માથાનુ દરદ, આખ તથા કાનનાં દરદો, બદ્ધગુદ, દુષ્ટ વિકારોવાળી ગ્રહણી, ત્રણે દોષોથી થયેલો સોજો, અને બીજા પણ ઘણા ઘણા રોગો આ હરડેના સેવનથી મટી જાય છે.

વાનરી વટિકા.

સોળ તોલા કૌચાનાં બીજોને ૬૪ તોલા ગાયના દૂધમાં દૂધ ઘાટું થાય ત્યાંસુધી ધીરે ધીરે પકાવી તેની છાલો કાઢી નાંખીને ઝીણાં વાટવાં. પછી એ વાટેલા મેંદાની નાની નાની વડીઓ કરીને ગાયના ઘીમાં પકાવીને તેને સાકરની બમણી ચાસણી પાવી. પછી તેને ડુબી જાય એટલા મધમાં જુદી જુદી રાખી મૂકવી. એમાંથી ૧૨૦ રતિભાર જેટલી નિત્ય

સાયંકાળે તથા પ્રાતઃકાળે ખાવી, તેથી જેનું વીર્ય તુરત પડી જતું હોય, તથા શિશ્ન નમી જતું હોય, તે પુરૂષ ઘોડા જેવો મૈથુનશક્તિવાળો થાય છે. આ વાનરી વટિકા જેવો બીજો કોઈ પદાર્થ વાજીકરણ નથી.

આકાર કરભાદિ વટી.

અક્કલકરો, સુંઠ, લવગ, કેશર, પીપર, જાયફળ, જાવંત્રી, અને સુખડ, એ દરેક એક એક તોલો લેઈ તેનુ ચૂર્ણ કરી તેમાં ચાર તોલા અફીણ મેળવીને પાંચ પાંચ રતિભારની ગોળીઓ કરી નિત્ય એક ગોળી રાત્રે મધ સાથે ખાવાથી પુરૂષોને વીર્યનુ સ્તંભન થાય છે. મૈથુનમાં ભારે આનદ પ્રાપ્ત થઇ સ્ત્રીઓ બહુ રાજી થાય છે. કામી પુરૂષે આ ગોળીનું સેવન કરવું જોઇએ.

રસાયનનો અધિકાર.

રસાયનનું લક્ષણ.

यज्जराव्याधिविध्वंसि वयःस्तम्भकरं तथा । चक्षुष्यं बृंहणं वृष्यं भेषजं तद्रसायनम् ॥

વૃદ્ધાવસ્થા તથા રોગોને મટાડનાર, જુવાનીને સ્થિર રાખનાર, નેત્રોને હિતકારક, અને મૈથુનશક્તિ વધારનાર ઔષધ, રસાયન કહેવાય છે.

રસાયનનાં ફળ તથા વિધિ.

दीर्घमायुः स्मृतिं मेधामारोग्यं तरुणं वयः । देहेन्द्रियबलं कान्तिं नरो विन्देद्रसायनात् ॥ नाविशुद्धशरीरस्य युक्तो रासायनो विधिः । न भाति वाससि क्लिष्टे रङ्गो योगाविवाहितः ॥

રસાયનના સેવનથી માણસ લાંબું આયુષ્ય, સ્મરણશક્તિ, શીઘ્રબુદ્ધિ, આરોગ્ય, જુવાની, દેહ તથા ઇંદ્રિયોનુ બળ, અને સુંદર કાંતિ મેળવે છે. વિરેચનાદિથી દેહની શુદ્ધિ કરીને જ રસાયનનો ઉપયોગ કરવો જોઈએ, કેમકે સારા યોગથી ચઢાવેલો રંગ પણ મેલા કપડામાં શોભતો નથી.

રસાયનના ઉદાહરણો.

शीतोदकं पयः क्षौद्रं घृतमेकैकशोद्विशः । त्रिशःसमस्तमथवा प्राक्पीतं स्थापयेद्वयः ॥ मण्डूकपर्ण्याः स्वरसः प्रभाते प्रयोज्य यष्टीमधुकस्य चूर्णम् । रसो गुडूच्यास्तु समूलपुष्पः कल्कः प्रयोज्यः खलु शंखपुष्प्याः ॥ आयुः प्रदान्यामयनाशनानि बलाग्निवर्णस्वरवर्द्धनानि । मेध्यानि चैतानि रसायनानि मेध्याविशेषेण च शङ्खपुष्पी ॥

मण्डूकपर्णी ब्राह्मी । तदलाभे मञ्जिष्ठा ग्राह्या । तस्या अपि रसायनत्वात् ॥

माक्षिकेन तुगाक्षीरी पिप्पल्या लवणेन च त्रिफला सितया वापि युक्ता सिद्धं रसायनम् । सिन्धूत्थशर्कराशुण्ठीकणामधुगुडैः क्रमात् ॥ वर्षादिष्वभया प्राश्या रसायनगुणैषिणा । पुनर्नवस्यार्द्धपलं नवस्य पिष्टं पिबेद्यः पयसार्द्धमासम् । मासत्रयं तत् त्रिगुणं समं वा जीर्णोऽपि भूयः स पुनर्नवः स्यात् ॥ ये मासमेकं स्वरसं पिबन्ति दिने दिने भृङ्गरजः समुत्थम् । क्षीराशिनस्ते बलवीर्ययुक्ताः समाः शतं जीवनमाप्नुवन्ति॥ शतावरी मुण्डितिकागुडूची सहस्तिकर्णा सह तालमूली । एतानि कृत्वा समभागयुक्तान्याज्येन किंवा मधुनावलिह्याद् ॥ जराहजा मृत्युवियुक्तदेहो भवत्यरो वीर्यबला-

विमुक्तः । विभाति देवप्रतिमः स नित्यं प्रभामयो भूरिविवृद्ध बुद्धिः ॥ पीताश्वगन्धा पयसार्धमासं घृतेन तैलेन सुखाम्बुना वा । वीर्यस्य पुष्टिं वपुषो विधत्ते बलस्य सस्यस्य यथाम्बुवृष्टिः ॥ अयःपयं गुग्गुलुरत्र योज्यः पलत्रयं व्योषपलानि पञ्च । पलानि चाष्टौ त्रिफलारश्च कर्षं लिहन्यासमरत्वमेव ॥

इति लोहगुग्गुलः ॥

એક ભાગ ટાઢુ પાણી, એક ભાગ દૂધ, અને એક ભાગ મધ, બે ભાગ ઘી, એ ભોજન પહેલાં મેળવીને પીવાથી, અથવા ત્રણ ત્રણ ભાગ ટાઢું પાણી, દૂધ, મધ, અને ઘી મેળવીને ભોજન પહેલા પીવાથી જુવાની સ્થિર રહેછે.

પ્રભાતમાં બ્રાહ્મી તથા ગળોના સ્વરસો, શંખાવળીનાં મૂળ તથા પાનનો કલ્ક, અને જેઠીમધનુ ચૂર્ણ પીવાથી તે મહા રસાયન છે. આમાં બ્રાહ્મીના સ્વરસ આદિ ચારે પદાર્થો આયુષ્યને વધારનારા, રોગોનો નાશ કરનારા, બુદ્ધિ દેનારા, તથા બળ, અગ્નિ, વર્ણ, અને સ્વર સુધારનારા છે તેથી રસાયન છે. એમા પણ શંખાવળી વિશેષે કરીને બુદ્ધિ દેનારી છે. બ્રાહ્મી ન મળે તો મજીઠ લેવી, કેમકે મજીઠ પણ રસાયન છે.

મધ, પીપર, અને સિંધવથી યુક્ત વંશલોચન, અને સાકરથી યુક્ત ત્રિફળા પણ સિદ્ધ રસાયન છે.

રસાયનના ગુણોને ઇચ્છનારા માણસે વર્ષાઋતુમાં સિંધવ સાથે, શરદ ઋતુમાં સાકર સાથે, હેમંત ઋતુમાં સુંઠ સાથે, શિશિર ઋતુમાં પીપર સાથે, વસંત ઋતુમા મધ સાથે, અને ગ્રીષ્મઋતુમાં ગોળની સાથે હરડે ખાવી. આ પ્રમાણે હરડે ખાવાથી રસાયનના ગુણો પ્રાપ્ત થાય છે.

જે માણસ એક પખવાડિયા સુધી કે ત્રણ માસ સુધી, કે નવમાસ સુધી, કે એક વર્ષ સુધી નવી સાટોડી વાટીને તેનો બે તોલાભાર કલ્ક દુધસાથે પીએ, તે માણસ વૃદ્ધ હોય તો પણ પાછો જુવાન થાય છે.

જે માણસ એક મહિના સુધી નિત્ય ભાંગરાનો સ્વરસ પીને દૂધનું ભોજન કરે તેને બળ તથા વીર્ય વધે છે, અને તે સો વર્ષ સુધી જીવે છે.

શતાવરી, ગોરખમુંડી, ગળો, કસેલાં, અને કાળીમુસળી સમભાગે એકત્ર કરી ઘીમાં કે મધમાં ચાટે તે માણસ વૃદ્ધાવસ્થા તથા રોગવગરનો, અકાળમૃત્યુ વગરનો, વીર્ય તથા બળવાળો, દેવતા જેવો, તેજસ્વી, અને અત્યત બુદ્ધિથી વધેલો થઈ હમેશાં શોભેછે.

એક પખવાડિયા સુધી ઘીની સાથે, તેલ સાથે, કે સ્હેવાય તેવા ગરમ પાણી સાથે આસોંદ પીવાથી, જેમ જળની વૃષ્ટિથી ધાન્યને પુષ્ટિ મળેછે તેમ, એ આસોંદ વીર્ય તથા શરીરના બળની પુષ્ટિ કરેછે.

લોહગુગ્ગુલુ.

મંડુર ચાર તોલા, ગુગળ બાર તોલા, ત્રિકટુ (સૂંઠ, મરી, પીપર,) વીસ તોલા, અને ત્રિફળા (હરડે, બેડાં, આમળા) બત્રીસ તોલા, એમનુ ચૂર્ણ એકત્ર કરી નિત્ય એક તોલો ચાટે તેને અમરપણું પ્રાપ્ત થાય છે

રસાયનનું વિશેષ ફળ

न केवलं दीर्घमिहायुरश्नुते रसायनं यो विधिवं निषेवते । गतिं स देवर्षिनिषेवितां शुभां प्रपद्यते ब्रह्म तथैव चाक्षयम् ॥

इति रसायनाधिकारः ॥

જે માણુસ વિવિધ રસાયનનું સેવન કરે છે તે માણુસ આ લોકમા લાંબું આયુષ્ય ભોગવે છે, એટલુંજ નહિ પણ તે દેવર્ષિની શુભ ગતિને પ્રાપ્ત થાય છે, અને અવિનાશી બ્રહ્મપદ રૂપ મોક્ષને પણ પામે છે.

यावत् व्योमनि विम्बमम्बरमणेरिन्द्रोश्च विद्योतते। यावत्सप्त पयोधयः सगिरयस्तिष्ठन्ति पृष्ठे भुवः ॥ यावच्चावनिमण्डल फणिपतेरास्ते फणामण्डले । तावत्सद्भिषजः पठन्तु परितो भावप्रकाशं शुभम् ॥ ग्रन्थस्याध्याप्यापकानां जनानामध्येतॄणामादरं कुर्वतां च । श्रीसोमेशादित्यविप्रप्रसादादायुर्दीर्घं सौख्यमास्तां सदैव ॥

જ્યાં સુધી સૂર્ય તથા ચંદ્રનાં બિંબ આકાશમાં પ્રકાશે, જ્યા સુધી પૃથ્વી ઊપર સાત સમુદ્રો રહે; જ્યાં સુધી પૃથ્વી ઊપર પર્વતો રહે, અને જ્યાં સુધી પૃથ્વીનું મંડળ શેષનાગની ફણાના મંડળ ઊપર રહે, ત્યાં સુધી દેશો દેશમાં સારા વૈદ્યો આ શુભ ભાવપ્રકાશ નામનો ગ્રંથ ભણજો.

આ ગ્રંથને ભણનારા ભણાવનારા, અને આ ગ્રંથ ઊપર આદર રાખનારા લોકોનુ શ્રી સોમેશ્વર, સૂર્ય નારાયણ, તથા બ્રાહ્મણોના પ્રસાદથી સદાજ લાંબું આયુષ્ય હોજો, અને તે લોકોને અવિચળ સુખ પણ પ્રાપ્ત થજો.

इति श्री भावप्रकाशे उत्तरखंडः समाप्तः ॥

भावप्रकाश भाषांतर

संपूर्ण.

